श्री सिद्ध परमात्माने नमः ।
श्री सद्गुरुदेवाय नमः ।
श्री निजशुद्धात्माने नमः ।

# કલશામૃત ભાગ – 3

**શ્રી કલશટીકાના કર્તા-કર્મ અધિકાર તથા
પુણ્ય-પાપ અધિકાર ઉપરના
શ્લોક ૬૦ થી ૧૧૬ સુધીના
પરમ ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
સ્વાનુભવ મુદ્રિત ૪૦ અક્ષરસઃ પ્રવચનો.**

**પ્રકાશન**
**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,**
૫. પંચનાથ પ્લોટ, શ્રી કાનજી સ્વામી માર્ગ,
રાજકોટ ૩૬૦૦૦૧.
ટેલી નં. ૦૨૮૧ ૨૨૩૧૦૭૩
મો. ૯૪૦૮૦૩૯૫૭૪

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ. સ. |
|---|---|---|---|
| ૩૬ | ૨૫૪૨ | ૨૦૭૨ | ૨૦૧૫ |


**પ્રકાશન**

**રાજકોટ દિગંબર જિન મંદિરના સ્થાપના દિન પ્રસંગે**

**વસંત પંચમી તા.૧૨-૨-૨૦૧૬**

**પ્રાપ્તિસ્થાન**

**(૧) શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ**

**જી. ભાવનગર**–364250, ફોન–(02846) 244334

**(૨) શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, રાજકોટ**

**૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજીસ્વામી માર્ગ, રાજકોટ–૩૬૦૦૦૧**

**ફોન–(0281) 2231073**

**મુદ્રક**

**શાર્પ ઑફસેટ પ્રિન્ટર્સ**

૩૧૨, હિરાપન્ના કોમ્પ્લેક્ષ,

ડૉ. યાજ્ઞિક રોડ,

રાજકોટ-૩૬૦૦૦૧

ફોન નં. ૯૮૨૫૦૭૫૦૬૧

**લેસર ટાઈપ સેટિંગ**

**પૂજા ઈમ્પ્રેશન્સ**

પ્લોટ નં. ૧૯૨૪/બી

૬, શાંતિનાથ બંગલોઝ

શશીપ્રભુ માર્ગ, રૂપાણી સર્કલ પાસે,

ભાવનગર-૩૬૪૦૦૧

ફોન નં. ૯૭૨૫૨૫૧૧૩૧

**જેકેટ અને મલ્ટીકલર ફોટા**

**ડોટ એડ**

રાજકોટ

ફોન નં. (૦૨૮૧) ૬૬૨૬૦૭૩

# પ્રકાશકીય નિવેદન

**'અહો! ઉપકાર જિનવરનો કુંદનો ધ્વનિ દિવ્યનો,**
**જિન કુંદ ધ્વનિ આપ્યા અહો! તે શ્રી ગુરુ કહાનનો.'**

વર્તમાન ચોવીસીના, મોક્ષમાર્ગના આદ્ય પ્રણેતા ભગવાન ૠષભદેવથી મહાવીર સ્વામી પર્યંત સમસ્ત તીર્થંકરોની અચલ તીર્થધરા પર જૈનદર્શનની અણમોલ સંપત્તિને પ્રદત્ત કરનાર, દ્વિતીય શ્રુતસ્કંધને લીપીબદ્ધ કરી અલભ્ય જૈન વાગ્ધારાને જયવંત કરનાર ચારણ ૠદ્ધિધારી આચાર્યવર શ્રી કુંદકુંદદેવ થયા. આ જૈન સંસ્કૃતિની અનાહત પ્રવાહની પરિપાટીમાં આચાર્ય શ્રી અમૃતચંદ્રદેવ થયા. તેમના દ્વારા અવિચ્છિન્ન વહેતી જૈનધારાની શૃંખલામાં પંડિત શ્રી રાજમલ્લજી પાંડે સાહેબ થયા. ઉત્તરોત્તર ચાલી આવતી અસ્ખલિત ધારામાં આપણા મુક્તિદૂત પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી થયા. આ સર્વે સંતોની સ્વાનુભવરૂપ યાત્રાના અંતર્ગત ઉપલબ્ધ પરમાગમોનું પ્રબુદ્ધ દર્શન મળ્યું. આ બહુમુલ્ય આત્મદર્શનની ચરમ સૌખ્યધારા અક્ષુણ વહેતી ભવ્ય જીવોના અંતરાચલમાં સ્થિત થતાંની સાથે જ અનાદિથી ચાલી આવતી વિકૃતિઓનું વિસર્જન થયું.

શ્રી અમૃતચંદ્રદેવે સ્વયં રચેલા્ કાવ્યરૂપ કળશોમાં અધ્યાત્મ ગૂઢ રહસ્યોને સમાવિષ્ટ કર્યા છે. તે ગાંભીર્ય અર્થને ટીકાકારે પંડિત શ્રી રાજમલ્લજી પાંડેએ પોતાની નિજ સ્વાનુભવમયી સૂક્ષ્મ પ્રજ્ઞાના બળથી... સરળ ભાષામાં પ્રકાશિત કર્યા છે.

તેઓશ્રીએ શુદ્ધાત્માની અતિશયતાને તો મુખિરત કરી જ છે પરંતુ તેની સાથે શુદ્ધાત્માને અનુભવવાની સમ્યક્ કલા પણ બતાવી છે. ટીકામાં વાક્યે... વાક્યે... શુદ્ધાત્માને પ્રત્યક્ષ આસ્વાદો... પ્રત્યક્ષ આસ્વાદોનો નાદ પ્રમુખપણે ધ્વનિત થાય છે. અનેક રહસ્યોને વિશદ્‌તાથી ઉદ્‌ઘાટિત કરનારી તેમની ટીકામાં-શુદ્ધ જીવ વસ્તુને આત્મસાત્ કરાવનારી પ્રેરણાત્મક શૈલીના તો સહજ દર્શન થાય છે, તદ્‌ઉપરાંત પ્રયોગાત્મક વિધિને સર્વાંગે હૃદયંગમ કરાવનારી સચોટ, સરલ અને મધુર ટીકાના પણ સ્પષ્ટ દર્શન થાય છે.

બાલાવબોધ ટીકાના રચયિતા દ્રવ્યદષ્ટિવંત, સમ્યક્ પ્રજ્ઞાવંત શ્રી રાજમલ્લજી સાહેબનું ચિત્રપટ શ્રી રાજકોટ દિ. જિન મંદિરના સ્વાધ્યાય હોલમાં અંકિત થયેલ છે તે જ ફોટો આ કલશામૃતમાં લીધેલ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી એટલે નિજ ધ્યેયના ધ્યાની, આત્મજ્ઞાની, અધ્યાત્મના યોગી, અને અતીન્દ્રિય આનંદરસના ભોગી એવા આદર્શ વિશ્વ વિભૂતિ થયા. તેમના દ્વારા જે શુદ્ધાત્મ તત્ત્વનું વાસ્તવિક વિશ્લેષણ થયું છે તે પૂર્વેના સેંકડો સૈકાઓમાં નહોતું થયું તેવું સ્પષ્ટીકરણ મળ્યું છે.

શ્રી કલશટીકાના કર્તાકર્મ અધિકારનું સંક્ષેપમાં અવલોકન કરીએ તો... આચાર્યદેવનો, સંતોનો અભિપ્રાય અત્યંત સ્પષ્ટ છે કે-ચેતન, અચેતન સમસ્ત દ્રવ્યના સ્વયં થતાં પરિણામનો કર્તા, હર્તા, ધર્તા અન્ય પદાર્થ નથી.

વિશ્વના જડ, ચેતન સમસ્ત પદાર્થ સ્વયંથી પરિણમનશીલ છે. આ પ્રકારે વસ્તુ વ્યવસ્થા હોવા છતાં અજ્ઞાની જીવો! કોઈ તો ઈશ્વરને કર્તા માને છે, કોઈ તો જડકર્મને કર્તા માને છે અને કોઈ તો ત્રિકાળી કુટસ્થ આત્માને કર્તા માને છે. આ રીતે કર્તૃત્વના અહંકારથી ગ્રાસિત જીવોને... કર્તૃત્વના ભારથી નિર્ભાર થવાની વિધિ દર્શાવી છે.

કર્તાકર્મ સ્વરૂપની સીમા રેખા અંકિત કરતા સંતો કહે છે કે-કોઈપણ જીવ, ક્યારેય પણ

પરદ્રવ્યની સત્તામાં પ્રવેશી શકતો નથી. સામે બાજુથી.. કોઈપણ પરદ્રવ્ય જીવદ્રવ્યની સત્તામાં પ્રવેશવા અસમર્થ છે. કેમકે દરેક દ્રવ્યને માટે પોતાની અચલિત વસ્તુ સ્વભાવની મર્યાદાનું ઉલ્લંઘન કરવું અશક્ય છે.

ઉપરોક્ત વસ્તુ સ્વભાવની સ્વતંત્રતાનો યથાર્થ નિર્ણય થયા પછી, કળશ નં.૬૯ થી ૯૯ સુધી આચાર્યદેવે કદમ-કદમ પર નયાતિક્રાંત થવાની અપૂર્વ વિધિ બતાવી છે. સ્વાનુભવમાં બાધક એવા અનેક નયપક્ષોનો ઉલ્લેખ કરી એ નયપક્ષોથી અતિક્રાંત થવા માટે મધ્યસ્થ જ્ઞાન સ્વભાવનું રસાયણ આપ્યું છે.

હું નિશ્ચયથી શુદ્ધ છું, અબદ્ધ છું, મુક્ત છું. તેવા વિકલ્પો તે તો અશુદ્ધોપયોગ છે, તે વિષમતા છે, તે મોહ છે, તે ક્ષોભ છે. જીવ, જ્યારે આવા અંતર્જલ્પ વિકલ્પોની શ્રેણીને પાર કરે છે ત્યારે સાક્ષાત્ જ્ઞાનસ્વરૂપ થાય છે. નિર્વિકલ્પ સ્વાનુભવરૂપ જે અભેદજ્ઞાનની ધ્યાનાગ્નિ પ્રગટી છે તેમાં સમસ્ત નય પક્ષના વિકલ્પો સ્વાહાપણાને પ્રાપ્ત થયા છે.

ચૈતન્ય જ્યોતિ જાજ્વલ્યમાન થતી પ્રગટી છે ત્યાં હવે અજ્ઞાનરૂપ કર્તાકર્મ વિભાવ ઊભો રહેતો નથી. શુદ્ધજ્ઞાન પ્રકાશ પ્રગટ થયો છે તે તો ચારે બાજુથી વિભાવરૂપ અંધકારને તોડતો અને વીતરાગભાવમાં વર્ધમાન થતો પ્રગતિમાન થઈ રહ્યો છે. આ રીતે અમૃત સરોવરમાંથી અમૃતને આસ્વાદતો મોક્ષનો અધિપતિ થાય છે.

## પુણ્ય-પાપ અધિકાર

શ્રી કળશટીકામાં સૌથી સુગમ અને સરલ અધિકાર જો કોઈ હોય તો તે છે પુણ્ય પાપ અધિકાર. જેટલો સરળ છે તેટલો કઠિન છે. કઠિન લાગવાનું કારણ એ છે કે તેને પુણ્ય-પાપ તત્ત્વ સંબંધેનું અજ્ઞાન છે. પુણ્ય ને પાપ બંને સમાન કોટિના હોવા છતાં પણ મોહથી આચ્છાદિત જીવોને તેમાં પૃથક્ત્વનું દર્શન થાય છે.

અશુદ્ધબુદ્ધિ જીવ, પુણ્ય અને પાપની વચ્ચે જ ભેદવિજ્ઞાન કરવા લાગ્યો કે-પુણ્ય ઉપાદેય છે અને પાપ હેય છે. પુણ્ય પાપની વચ્ચે ઉપાદેય હેયનું પાર્થક્ય પ્રતીત થવું તે જ મિથ્યાત્વ છે.

જેને પુણ્ય ગ્રહણ કરવા યોગ્ય અને પાપ ત્યાજ્ય લાગે છે તેને પુણ્ય-પાપમાં અવિશેષતા દર્શાવતા આચાર્ય શ્રી કુંદકુંદદેવ પ્રવચનસારની ૭૭ ગાથામાં કહે છે કે-

**ण हि मण्णदि जो एवं णत्थि विसेसो त्ति पुण्णपावाणं।**
**हिंडदि घोरमपारं संसारं मोहसंछण्णो।।**

નિશ્ચયથી પુણ્ય અને પાપ બંને પાપ જ છે. બંનેમાં કોઈ જ વિશેષતા ન હોવા છતાં, જે પુણ્યને હિતકારી અને પાપને અહિતકારી માની બંનેમાં વિશેષતા માને છે.. એવા મોહથી મૂર્છિત પ્રાણીઓ અપાર સંસારમાં ઘોર પરિભ્રમણ પ્રાપ્ત કરે છે.

શ્રી જયસેનાચાર્ય તાત્પર્યવૃત્તિ ટીકામાં પુણ્ય-પાપ અધિકારને પૂર્ણ કરતાં લખે છે કે-'**इति निश्चयनयापेक्षया पापं कृतमिति वा पापाधिकारः**' પુણ્ય પણ નિશ્ચયની અપેક્ષાએ પાપ જ છે, કેમકે પવિત્ર સ્વરૂપથી પતિત થવું તે જ પાપ છે. પુણ્ય-પાપ અધિકાર પૂર્ણ થાય છે તેમ ન લખતાં હવે અહીં પાપ અધિકાર પૂર્ણ થાય છે. આ વાતનું સમર્થન આપતાં યોગીન્દુદેવ યોગસારમાં લખે છે કે-

**'પાપરૂપને પાપ તો જાણે જગ સહુ કોઈ;**
**પુણ્ય તત્ત્વ પણ પાપ છે, કહે અનુભવી બુધ કોઈ.'**

શ્રી નાટક સમયસારમાં કવિવર બનારસીદાસ પુણ્યતત્ત્વની પરમાર્થતા બતાવતાં લખે છે કે-સાધક

થયો તેને સવિકલ્પદશામાં પંચમહાવ્રતાદિના વિકલ્પો આવે છે તે 'જગપંથ' છે. નિશ્ચય રત્નત્રયની સાથે વ્યવહાર રત્નત્રયનો જે રાગ છે તે 'જગપંથ' અર્થાત્ સંસાર છે.

શ્રી પંચાધ્યાયીકર્તા-પુણ્ય તત્ત્વની કડક ભાષામાં મીમાંસા કરતા લખે છે કે- શુભોપયોગ દુષ્ટ પુરુષની પેઠે દુષ્ટ છે. જેમ દુષ્ટ પુરુષમાં કોઈપણ પ્રકારે ભલાપણું નથી તેમ શુભભાવમાં કોઈપણ પ્રકારે ભલાપણું નથી. તેથી સર્વ પ્રકારે શુભભાવ ત્યાજ્ય છે.

પુણ્ય-પાપ અધિકાર અને કર્તાકર્મ અધિકારનો સારાંશ જોતાં બંને વ્યાખ્યા સમાન જ દેખાશે.

(૧) **પુણ્ય-પાપ અધિકારમાં** - દયા-દાન-વ્રતાદિના રાગને સ્થૂળ શુભભાવ કહ્યો છે.

(૨) **કર્તાકર્મ અધિકારમાં** - શુદ્ધાત્માના ચિંતવનનો વિકલ્પ તેને સ્થૂળ શુભભાવ કહ્યો છે. આ રીતે શુભભાવના પણ ત્રણ પ્રકાર છે.

(એ) ક્રિયાનયનો શુભભાવ.

(બી) દયા-દાન-વ્રતાદિનો શુભભાવ.

(સી) ગુણ-ગુણીના ભેદરૂપનો શુભભાવ.

કોઈપણ પ્રકારનો શુભભાવ હો! પરંતુ તે બંધનું જ કારણ છે.

પુણ્ય-પાપ અધિકારનો ઉદ્દેશ્ય માત્ર એટલો જ છે કે-પુણ્યતત્ત્વને ધર્મ ન માનવું. પુણ્યને સંવર, નિર્જરાનું કારણ ન માનવું. શુભભાવ કરતાં-કરતાં મોક્ષતત્ત્વની પ્રાપ્તિ થશે તેવી મિથ્યા માન્યતાને તિલાંજલી આપવી. જે પુણ્યતત્ત્વને મોક્ષમાર્ગનું અને મોક્ષનું નિશ્ચયકારણ માને છે તેને સંવરતત્ત્વની, નિર્જરાતત્ત્વની તેમજ મોક્ષતત્ત્વ સંબંધે ભ્રાંતિ તો છે જ; પરંતુ તેને પુણ્યતત્ત્વ સંબંધે પણ અણસમજણ છે. ટૂંકમાં કહીએ તો તેને સાતેય તત્ત્વો સંબંધી વિપરીતતા છે.

શ્રી પરમાત્મપ્રકાશમાં ૫૫ ગાથામાં યોગીન્દુદેવ કહે છે કે-

**जो णवि मण्णइ जीउ समुपुण्णु वि पाउ वि दोइ।**
**सो चिरु दुक्खु सहंतु जिय मोहिं हिंडइ लोइ।।५५।।**

'જે જીવ પુણ્ય અને પાપ એ બંનેને સમાન માનતો નથી તે જીવ મોહથી મોહિત થયો થકો ઘણાં કાળ સુધી દુઃખને સહતો થકો સંસારમાં ભટકે છે.'

આ રીતે પુણ્ય અને પાપ અનાદિથી બંધુ તરીકે સાથે રહે છે. બંનેમાં કોઈ જ વિશેષાંતર નહિ હોવા છતાં; તેમાં અંતર દેખાવું, દ્વિવિધતા ન હોવા છતાં; તેમાં દ્વૈતતા દેખાવી, બન્નેના ફળમાં સામ્યતા હોવા છતાં; તેમાં તફાવત દેખાવો, બન્નેનાં હેતુ સમાન હોવા છતાં... તેમાં જુદાઈ દેખાવી...બંનેમાં સ્વભાવથી અભેદતા હોવા છતાં... તેમાં જેને ભેદ દેખાય છે તેવા જીવો શુભભાવમાં રંજાયમાન થયા વિના રહેતા નથી. શુભભાવનો મોક્ષમાર્ગમાં નિષેધ હોવા છતાં, તે બંધનું કારણ હોવા છતાં, તે આકુળતાને ઉત્પન્ન કરનારો હોવા છતાં, પુણ્યના પ્રલોભનથી જીવો કેમ પાછા વળતા નથી?

**'कारण अनुविधायी कार्याणि'** ... આ સિદ્ધાંત અનુસાર કારણ જેવું જ કાર્ય હોય છે, આ વિધાનની સમીક્ષા કરતા પુણ્ય-પાપની એકરૂપતાનું ચિત્રણ સ્પષ્ટ થાય છે.

**સ્વભાવ** - પુણ્ય અને પાપમાં કોઈ ભેદ નથી કેમકે તે પુદ્‌ગલની રચના છે. તેથી જડ અને અચેતન છે.

**આશ્રય** - પુણ્ય અને પાપ બંને ભાવો કર્માશ્રિત હોવાથી પરાશ્રિત છે, તેમાંથી કોઈ ભાવ સ્વાશ્રિત નથી.

**ફળ** - પુણ્ય અને પાપ બંને ભાવોથી સંસાર ફળે છે.

**હેતુ** - પુણ્ય અને પાપ બંને બંધનું જ કારણ છે.

**સ્વાદ** - પુણ્ય અને પાપ બંને કલુષિત પરિણામ હોવાથી તેમાં માત્ર આકુળતાનું જ વેદન થાય છે.

આમ બંનેના સ્વભાવ, આશ્રય, ફળ, હેતુ, સ્વાદ વગેરેને દ્રવ્યદષ્ટિની કસોટી ઉપર કસતાં બંને એક સમાન જ પ્રતીત થાય છે. પુણ્યના પરિણામ આમાનો સ્વભાવ તો નથી પરંતુ ખરેખર આત્માનો વિભાવ પણ નથી. આત્માનો વિભાવ અર્થાત્ વિશેષભાવ તો આત્મિકજ્ઞાન ને આનંદ છે.

જિનવાણીમાં શુભભાવને મોક્ષમાર્ગ માનવાનો નિષેધ કર્યો છે પરંતુ ભૂમિકા અનુસાર શુભભાવ આવે છે તેનો નિષેધ નથી કર્યો. મોક્ષમાર્ગ પ્રકાશકમાં પંડિત ટોડરમલજી સાહેબ લખે છે કે-પુણ્ય પાપના પરિણામ ગુણસ્થાન અનુસાર થાય છે. જો મંદકષાય હોય તો પુણ્યના પરિણામ તો સહજ હોય છે.

સાધક ધર્માત્માને અશુભ વંચનાર્થે દેવપૂજા, સ્વાધ્યાય, મહાવ્રતાદિનો શુભભાવ આવે છે. પરંતુ સાધક એ શુભરાગને જડ-અચેતન જાણે છે. ધર્માત્મા પાપાચરણરૂપ પ્રવૃત્તિને તો બુદ્ધિપૂર્વક છોડે છે, જ્યારે શુભભાવ તો નિર્વિકલ્પ દશામાં સ્વયં છૂટી જાય છે. તેથી જ્ઞાનીનો શુભોપયોગ વ્યવહાર નામ પામે છે પરંતુ અજ્ઞાનીના વ્રત, સંયમ, શીલરૂપનો શુભભાવ વ્યવહાર નામ પણ પામતા નથી. કેમ કે નિશ્ચય વિના વ્યવહાર હોતો જ નથી. અંતરમાં એટલું જ કહેવું છે કે-

**'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ,**
**ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ.'**

આધ્યાત્મિક સંતપુરુષ પૂજ્ય કાનજીસ્વામી દ્વારા આ ત્રીજા ભાગના કુલ ૪૦ પ્રવચનો કર્તાકર્મ અધિકાર તથા પુણ્યપાપ અધિકાર ઉપરના અક્ષરશઃ પ્રવચનો પ્રકાશિત કરતા સંસ્થા ધન્યતા અનુભવે છે.

આ સમગ્ર પ્રવચનોને સી.ડી. ઉપરથી કમ્પ્યૂટરાઈઝડ અક્ષરશઃ લખવાનું કાર્ય આત્માર્થી **ભાઈશ્રી નિલેષભાઈ જૈન-ભાવનગર** દ્વારા તથા સમગ્ર પ્રવચનોને સાંભળીને ચેક કરવાનું કાર્ય **આત્માર્થી શ્રી મણીભાઈ ગાલા-દેવલાલી** દ્વારા થયું હોય તથા સમગ્ર પ્રવચનો વાંચીને કૌંસભરવા તથા ચેક કરવાનું કાર્ય આત્માર્થી **ભાઈશ્રી ચેતનભાઈ મહેતા-રાજકોટ** દ્વારા થયું હોય સંસ્થા સર્વનો આભાર વ્યક્ત કરે છે.

આ 'કલશામૃત ભાગ-૩'ના પ્રકાશન પેટે મુખ્ય દાનરાશી **શ્રીમતી નીલાબેન મહેશભાઈ અજમેરા-રાજકોટ** દ્વારા રૂપિયા એક લાખ પ્રાપ્ત થયેલ હોય સંસ્થા તેમનો તથા અન્ય દાનરાશી આપનાર સર્વે મુમુક્ષુઓનો આભાર વ્યક્ત કરે છે.

આ પુસ્તકનું સુંદર પ્રિન્ટીંગ તેમજ બાઈન્ડીંગ કરવા બદલ **શ્રી ધર્મેશભાઈ શાહ-શાર્પ ઓફસેટ-અમદાવાદ**નો સંસ્થા આભાર માને છે. મલ્ટીકલર પેઈજ સુંદર કરવા બદલ **ડોટએડના સંચાલકશ્રી**નો પણ આભાર માને છે.

અંતમાં કર્તાકર્મનું યથાર્થ સ્વરૂપ સમજી, આત્માના અકર્તા સ્વભાવને સ્વીકારી... સાક્ષાત્ અકર્તા થાઓ. વિભાવરૂપ પુણ્ય-પાપનું લક્ષ છોડી... પવિત્ર પુરાણ પુરુષ નિજ પરમાત્મ દ્રવ્ય તેના લક્ષે પવિત્ર આત્મિક આનંદને આસ્વાદો તેવી મંગલ ભાવનાપૂર્વક અસ્તુ.

આ પુસ્તક **http//www.atmadharma.com તથા vitragvani.com** પર મુકેલ છે.

**ટ્રસ્ટીશ્રી**
**- શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, રાજકોટ**

# અનુક્રમણિકા



| પ્રવચન નં. | કળશ નં. | તારીખ | પેઈજ નં. |
|---|---|---|---|
| ૦૭૫ | ૬૦ | ૨૪-૦૮-૧૯૭૭ | ૦૦૨ |
| ૦૭૬ | ૬૦ | ૨૫-૦૮-૧૯૭૭ | ૦૧૩ |
| ૦૭૭ | ૬૧ | ૨૬-૦૮-૧૯૭૭ | ૦૨૪ |
| ૦૭૮ | ૬૧-૬૨ | ૨૭-૦૮-૧૯૭૭ | ૦૩૫ |
| ૦૭૯ | ૬૩ થી ૬૭ | ૨૮-૦૮-૧૯૭૭ | ૦૪૭ |
| ૦૮૦ | ૬૭-૬૮ | ૨૯-૦૮-૧૯૭૭ | ૦૬૨ |
| ૦૮૧ | ૬૯ | ૩૦-૦૮-૧૯૭૭ | ૦૭૨ |
| ૦૮૨ | ૬૯-૭૦ | ૩૧-૦૮-૧૯૭૭ | ૦૮૩ |
| ૦૮૩ | ૭૦ થી ૭૭ | ૦૧-૦૯-૧૯૭૭ | ૦૯૫ |
| ૦૮૪ | ૭૮ થી ૮૦ | ૦૨-૦૯-૧૯૭૭ | ૧૦૪ |
| ૦૮૫ | ૮૧ થી ૮૪ | ૦૩-૦૯-૧૯૭૭ | ૧૧૭ |
| ૦૮૬ | ૮૪ થી ૮૭ | ૦૪-૦૯-૧૯૭૭ | ૧૩૦ |
| ૦૮૭ | ૮૮ થી ૯૦ | ૦૬-૦૯-૧૯૭૭ | ૧૪૪ |
| ૦૮૮ | ૯૦-૯૧ | ૦૭-૦૯-૧૯૭૭ | ૧૫૭ |
| ૦૮૯ | ૯૧-૯૨ | ૦૮-૦૯-૧૯૭૭ | ૧૬૯ |
| ૦૯૦ | ૯૩ | ૦૯-૦૯-૧૯૭૭ | ૧૮૨ |
| ૦૯૧ | ૯૩-૯૪ | ૧૦-૦૯-૧૯૭૭ | ૧૯૩ |
| ૦૯૨ | ૯૫-૯૬ | ૧૧-૦૯-૧૯૭૭ | ૨૦૫ |
| ૦૯૩ | ૯૬-૯૭ | ૧૨-૦૯-૧૯૭૭ | ૨૧૫ |
| ૦૯૪ | ૯૮ | ૧૩-૦૯-૧૯૭૭ | ૨૨૮ |
| ૦૯૫ | ૯૯-૧૦૦ | ૧૫-૦૯-૧૯૭૭ | ૨૪૧ |
| ૦૯૬ | ૧૦૦ | ૧૬-૦૯-૧૯૭૭ | ૨૫૩ |
| ૦૯૭ | ૧૦૧ | ૧૭-૦૯-૧૯૭૭ | ૨૬૫ |

| | | | |
|---|---|---|---|
| ૦૯૮ | ૧૦૨ | ૧૮-૦૯-૧૯૭૭ | ૨૭૮ |
| ૦૯૯ | ૧૦૨ થી ૧૦૪ | ૧૯-૦૯-૧૯૭૭ | ૨૯૦ |
| ૧૦૦ | ૧૦૪-૧૦૫ | ૨૦-૦૯-૧૯૭૭ | ૩૦૪ |
| ૧૦૧ | ૧૦૬ | ૨૧-૦૯-૧૯૭૭ | ૩૧૫ |
| ૧૦૨ | ૧૦૬ થી ૧૦૮ | ૨૨-૦૯-૧૯૭૭ | ૩૨૭ |
| ૧૦૩ | ૧૦૮-૧૦૯ | ૨૩-૦૯-૧૯૭૭ | ૩૩૯ |
| ૧૦૪ | ૧૦૯ | ૨૪-૦૯-૧૯૭૭ | ૩૫૦ |
| ૧૦૫ | ૧૧૦ | ૨૫-૦૯-૧૯૭૭ | ૩૬૧ |
| ૧૦૬ | ૧૧૦ | ૨૬-૦૯-૧૯૭૭ | ૩૭૪ |
| ૧૦૭ | ૧૧૦ | ૨૮-૦૯-૧૯૭૭ | ૩૮૫ |
| ૧૦૮ | ૧૧૧-૧૧૨ | ૨૯-૦૯-૧૯૭૭ | ૩૯૭ |
| ૧૦૯ | ૧૧૨-૧૧૩ | ૩૦-૦૯-૧૯૭૭ | ૪૦૮ |
| ૧૧૦ | ૧૧૩-૧૧૪ | ૦૧-૧૦-૧૯૭૭ | ૪૧૯ |
| ૧૧૧ (૧૦૦) | ૧૧૫ | ૨૦-૧૨-૧૯૬૭ | ૪૩૧ |
| ૧૧૨ | ૧૧૫-૧૧૬ | ૦૩-૧૦-૧૯૭૭ | ૪૪૩ |
| ૧૧૩ | ૧૧૬ | ૦૪-૧૦-૧૯૭૭ | ૪૫૩ |
| ૧૧૪ | ૧૧૬ | ૦૬-૧૦-૧૯૭૭ | ૪૬૫ |

## કલશામૃત ભાગ-૩ના પ્રકાશનાર્થે પ્રાપ્ત થયેલ દાનરાશિ

| | | |
|---|---|---|
| (૧) | નીલાબેન મહેશભાઈ અજમેરા, રાજકોટ | ૧,૦૦,૦૦૧/- |
| (૨) | રતિલાલ એમ. ઘીયા ચેરીટેબલ ટ્રસ્ટ, રાજકોટ<br>હ. નલીનભાઈ, કલાબેન, નિમિષભાઈ, પૂર્વીબેન, અન્વી, પ્રાચી | ૧૮,૦૦૦/- |
| (૩) | ચંદ્રકુમાર જૈન, શિવપુરી | ૧૧,૦૦૦/- |
| (૪) | પૂનમબેન કેતનભાઈ પારેખ, મુંબઈ | ૫,૦૦૦/- |
| (૫) | સુમત પ્રકાશ જૈન, શિવપુરી | ૨૫૦૦/- |
| (૬) | નીલાબેન મહેશભાઈ અજમેરા, રાજકોટ | ૨૦૦૦/- |
| (૭) | સ્વ. વસંતબેન ધીરજલાલ સપાણી | ૫૦૦/- |
| (૮) | ભદ્રેશભાઈ રમણીકલાલ મોદી | ૫૦૦/- |

ॐ

नमः सिद्धेभ्यः

# કલશામૃત

( અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી 'સમયસાર-કળશ' ઉપર અક્ષરશઃ પ્રવચન )

( ભાગ-૩ )

## કર્તા-કર્મ અધિકાર

(મંદાક્રાંતા)

ज्ञानादेव ज्वलनपयसोरौष्ण्यशैत्यव्यवस्था
ज्ञानादेवोल्लसति लवणस्वादभेदव्युदासः।
ज्ञानादेव स्वरसविकसन्नित्यचैतन्यधातोः
क्रोधादेश्च प्रभवति भिदा भिन्दती कर्तृभावम्।।१५-६०।।

ખંડાન્વય સહિત અર્થ : 'ज्ञानात् एव स्वरसविकसन्नित्यचैतन्यधातोः क्रोधादेः च भिदा प्रभवति' ( ज्ञानात् एव ) શુદ્ધ સ્વરૂપમાત્ર વસ્તુનો અનુભવ કરતાં જ ( स्वरस ) ચેતનાસ્વરૂપથી ( विकसत् ) પ્રકાશમાન છે, ( नित्य ) અવિનશ્વર છે, એવું જે ( चैतन्यधातोः ) શુદ્ધ જીવસ્વરૂપ તેનું અને ( क्रोधादेः च ) સમસ્ત અશુદ્ધ ચેતનારૂપ રાગાદિ પરિણામનું ( भिदा ) ભિન્નપણું ( प्रभवति ) થાય છે. ભાવાર્થ આમ છે કે (પ્રશ્નઃ) સામ્પ્રત (હાલમાં) જીવદ્રવ્ય રાગાદિ અશુદ્ધ ચેતનારૂપે પરિણમ્યું છે ત્યાં તો એમ પ્રતિભાસે છે કે જ્ઞાન ક્રોધરૂપ પરિણમ્યું છે તેથી જ્ઞાન ભિન્ન, ક્રોધ ભિન્ન એવું અનુભવવું ઘણું જ કઠણ છે. ઉત્તર આમ છે કે સાચે જ કઠણ છે, પરંતુ વસ્તુનું શુદ્ધસ્વરૂપ વિચારતાં ભિન્નપણારૂપ સ્વાદ આવે છે. કેવું છે ભિન્નપણું? 'कर्तृभावं भिन्दती' ( कर्तृभावं ) 'કર્મનો કર્તા જીવ' એવી ભ્રાન્તિ, તેને ( भिन्दती ) મૂળથી દૂર કરે છે. દૃષ્ટાન્ત કહે છે-'एव ज्वलनपयसोः औष्ण्यशैत्यव्यवस्था ज्ञानात् उल्लसति' ( एव ) જેમ ( ज्वलन ) અગ્નિ અને ( पयसोः ) પાણીના ( औष्ण्य )

ઉષ્ણપણા અને ( शैत्य ) શીતપણાનો ( व्यवस्था ) ભેદ ( ज्ञानात् ) નિજસ્વરૂપગ્રાહી જ્ઞાનથી ( उल्लसति ) પ્રગટ થાય છે તેમ. ભાવાર્થ આમ છે કે-જેમ અગ્નિસંયોગથી પાણી ઊનું કરવામાં આવે છે, કહેવામાં પણ 'ઊનું પાણી' એમ કહેવાય છે, તોપણ સ્વભાવ વિચારતાં ઉષ્ણપણું અગ્નિનું છે, પાણી તો સ્વભાવથી શીતળ છે-આવું ભેદજ્ઞાન, વિચારતાં ઊપજે છે. બીજું દૃષ્ટાન્ત 'एव लवणस्वादभेदव्युदासः ज्ञानात् उल्लसति' ( एव ) જેમ ( लवण ) ખારો રસ, તેના ( स्वादभेद ) વ્યંજનથી ભિન્નપણા વડે 'ખારો લવણનો સ્વભાવ' એવું જાણપણું તેનાથી ( व्युदासः ) 'વ્યંજન ખારું' એમ કહેવાતું-જણાતું તે છૂટ્યું; (આવું) ( ज्ञानात् ) નિજસ્વરૂપના જાણપણા દ્વારા ( उल्लसति ) પ્રગટ થાય છે. ભાવાર્થ આમ છે કે જેમ લવણના સંયોગથી વ્યંજનનો સંભાર કરવામાં આવે છે ત્યાં 'ખારું વ્યંજન' એમ કહેવાય છે, જણાય પણ છે; સ્વરૂપ વિચારતાં ખારું લવણ છે, વ્યંજન જેવું છે તેવું જ છે. ૧૫-૬૦.

## શ્રાવણ સુદ ૧૦, બુધવાર, તા.૨૪-૮-૧૯૭૭
## કળશ - ૬૦, પ્રવચન - ૭૫

'ज्ञानात् एव स्वरसविकसन्नित्यचैतन्यधातोः क्रोधादेः च भिदा प्रभवति' શું કહે છે? મૂળ વાત છે. **'શુદ્ધ સ્વરૂપમાત્ર વસ્તુનો અનુભવ...'** 'ज्ञानात्' ની વ્યાખ્યા. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, એવી જે વસ્તુ, એનો અનુભવ કરતાં જ **'ચેતનાસ્વરૂપથી પ્રકાશમાન છે,...'** શુદ્ધ ચૈતન્યસ્વરૂપની સન્મુખ થઈ, આશ્રય લઈને અનુભવ કરે છે ત્યાં ચૈતન્ય પ્રકાશમાન થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? શુદ્ધ સ્વરૂપમાત્ર, ભાષા એમ છે ને? શુદ્ધ ચૈતન્ય. પુણ્ય અને પાપના વિકલ્પથી પણ ભિન્ન, એવી ચૈતન્ય શુદ્ધ વસ્તુનો અનુભવ કરતાં, એનો આશ્રય લઈને અનુભવ કરતાં ચૈતન્ય પર્યાયમાં પ્રકાશમાન થાય છે. એનું નામ ભેદજ્ઞાન અને સમ્યગ્દર્શન છે. સમજાય છે કાંઈ?

લાખ, ક્રોડ શબ્દોનું જ્ઞાન હોય કે ચાહે તો શુકલલેશ્યાની ક્રિયા દયા, દાન, વ્રતની હોય, એનાથી ભગવાન ચૈતન્યસ્વરૂપ ભિન્ન અંદર છે, એવા શુદ્ધ ચૈતન્યનો, ધ્રુવસ્વરૂપ ભગવાનનો અનુભવ એ પર્યાય છે. શુદ્ધ ચૈતન્યદ્રવ્ય ધ્રુવ છે, એના આશ્રયે અનુભવ થાય એ પર્યાય છે. આહા..! અનુભવ કરતાં... મુદ્દાની રકમ છે. આહાહા..!

એકવાર 'આનંદઘનજી' કહે છે, અહો! મને સ્વરૂપનો વિરહ રહ્યો. 'વિરહ વ્યથા કછુ ઐસી વ્યાપી, માનો કોઈ વારતિ વેજા.' અંદરમાં ઘા પડતા હોય એવું દુઃખ થાય છે. વિરહ વ્યથા. ભગવાન શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, એના વિરહની વ્યથા-પીડા, માનો કોઈ મારના ઘા પડતા હોય. આહા..! **'અંત કો અંત કહાં લે લો પ્યારે, ચાહે તો જીવ તું લે જા'** જીવનું સ્વરૂપ હવે પ્રાપ્ત થાઓ, હવે અમારે બીજી કોઈ વસ્તુ નથી જોઈતી. સમજાય છે કાંઈ? આહાહા..!

(અહીંયા) કહે છે, શુદ્ધ સ્વરૂપમાત્ર. માત્રમાં કોઈ રાગ નહિ, પર્યાય પણ નહિ. શુદ્ધ

સ્વરૂપ માત્ર ત્રિકાળી. આહા..! જેને પરમાર્થ આત્મા કહીએ. પર્યાય એ પરમાર્થ આત્મા નહિ, એ તો વ્યવહારઆત્મા છે. આહાહા..! સમજાય છે કાંઈ? શુદ્ધ સ્વરૂપમાત્ર વસ્તુ. વસ્તુ કહ્યું ને? **'અનુભવ કરતાં જ...'** એ તરફનો-આનંદસ્વરૂપ તરફનો અનુભવ કરતાં ચૈતન્યસ્વરૂપ અનુભવથી પ્રકાશમાન છે. આહાહા..! બીજી કોઈ રીતે આત્મા પ્રકાશમાન નથી થતો. પર્યાયમાં અનુભવ થતાં પર્યાયમાં ચૈતન્ય પ્રકાશમાન થાય છે. આહાહા..! આવી વાત છે.

મુમુક્ષુ :- પ્રકાશશક્તિ છે.

ઉત્તર :- પ્રકાશશક્તિ બપોરે ચાલે છે. અહીંયા પ્રકાશ (એ) ચૈતન્યનો પ્રકાશ લેવો છે. વેદનની અપેક્ષા અહીંયા નથી. બપોરે વેદનની અપેક્ષા છે. અહીંયા પ્રકાશ થાય છે. ચૈતન્ય સ્વરૂપનો અનુભવ કરતાં પ્રકાશ થાય છે. ચૈતન્ય શું છે એનો પ્રકાશ પર્યાયમાં થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..!

**'નિત્ય અવિનશ્વર છે,એવું જે શુદ્ધ જીવસ્વરૂપ...'** હવે ભેદ બતાવે છે. નિત્ય શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ધ્રુવ અને **'क्रोधादेः'** પુણ્ય અને પાપના બધા ભાવ સ્વરૂપથી વિપરીત ક્રોધમાં ગણવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ હોય, તેને અહીંયા ક્રોધમાં ગણવામાં આવ્યા છે. (કેમકે) સ્વભાવથી વિરૂદ્ધ છે. અને એના પ્રેમમાં એને ભગવાન પ્રત્યે ક્રોધ છે. આહાહા..! મુદ્દાની રકમની વાત છે.

કહે છે, પોતાનું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ ધ્રુવનો પ્રેમ છોડી, અંતરની ધુન લગન છોડીને પુણ્ય પરિણામમાં જેની લગની લાગી છે... આહાહા..! આ વાત! એને ચૈતન્ય પ્રત્યે અણગમારૂપી ક્રોધ છે. આહાહા..! આવી વાતું છે. સમજાય છે કાંઈ? **'(क्रोधादेः च) સમસ્ત અશુદ્ધ ચેતનારૂપ રાગાદિ પરિણામનું...'** વ્યાખ્યા કરી. ક્રોધાદિ એટલે શું? જેટલા અશુદ્ધ ચેતનારૂપ રાગાદિ પરિણામ. આહાહા..! **'ભિન્નપણું (प्रभवति)...' અનુભવથી એનું ભિન્નપણું प्रभवति'**. આહાહા..! સમજાય છે કાંઈ? પહેલા એનું જ્ઞાન તો કરે કે માર્ગ તો આ છે. સમજાય છે કાંઈ?

ચોર્યાસી લાખ યોનિમાં રખડતા રખડતા અનંત ભવ કરતાં કરતાં પ્રાણી દુઃખમાં પીલાઈ રહ્યો છે. તો જેને આત્માનો એ દુઃખથી ભિન્ન અનુભવ, સમ્યગ્દર્શન કરવું હોય તો એણે શું કરવું? શુદ્ધ સ્વરૂપ જે ભગવાનઆત્મા, એની પર્યાયમાં જે અશુદ્ધ પરિણમન છે, અશુદ્ધ તો પુણ્ય-પાપ બેયને અશુદ્ધ કહે છે. આહાહા..! એ અશુદ્ધ પરિણામથી ભિન્નપણું થાય છે. હવે જરી કહે છે.

**'ભાવાર્થ આમ છે કે (પ્રશ્નઃ) साम्प्रत જીવદ્રવ્ય...'** વર્તમાન જીવદ્રવ્ય. સાંપ્રત એટલે વર્તમાન. દ્રવ્ય તો શુદ્ધ ત્રિકાળ છે. જીવદ્રવ્ય એ તો શુદ્ધ ત્રિકાળ છે. પણ વર્તમાન પર્યાયમાં **'જીવદ્રવ્ય રાગાદિ અશુદ્ધ ચેતનારૂપે પરિણમ્યું છે...'** સમજાય છે કાંઈ? ભગવાન ચિદાનંદપ્રભુ, અતીન્દ્રિય આનંદનો જ્ઞાયકરસ એ તો ત્રિકાળી શુદ્ધ છે પણ એની પર્યાયમાં-અવસ્થામાં-હાલતમાં-દશામાં એ બધા શબ્દો એક જ છે, અશુદ્ધ ચેતનારૂપ... છે? અશુદ્ધ ચેતનારૂપ પરિણમ્યું છે. પર્યાયમાં મલિનરૂપ પરિણતિ છે. આત્મા શુદ્ધ છે તો પર્યાય પણ

અનાદિથી શુદ્ધ છે એમ નથી. સમજાય છે કાંઈ? એ શુદ્ધ દ્રવ્ય હોવા છતાં વર્તમાન દશામાં, વર્તમાન પર્યાયમાં, અશુદ્ધપણાનું પરિણમન થયું છે. આહાહા..! દુઃખરૂપ દશાનું પરિણમન થયું છે, એમ કહે છે. છે તો આનંદમય પ્રભુ. આહાહા..! એ ચાહે તો રાજા હો કે ચાહે તો શેઠિયા હો કે ચાહે તો દેવ હો, પર્યાયમાં મલિનપણે પરિણમે છે એ દુઃખી છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ અશુદ્ધપણું પરિણમ્યું છે.

**'તેથી જ્ઞાન ભિન્ન, ક્રોધ ભિન્ન એવું અનુભવવું ઘણું જ કઠણ છે.'** આહાહા..! કેમ કઠણ કહ્યું? કે પુણ્ય-પાપપણે પરિણમ્યો છે તો એ પરિણમન એની પર્યાયમાં છે. તો એની ભિન્નતા કરવી મહા કઠણ છે. આ શરીર, વાણી, મન આદિ તો ભિન્ન છે જ, એને ભિન્ન નથી કરવાના. આ તો પોતાની પર્યાયમાં અશુદ્ધ પુણ્ય-પાપના ભાવપણે એની અવસ્થામાં દશામાં પરિણમન થયું છે. આહાહા..! પરને કારણે નહિ. પોતાની પર્યાયમાં પોતાની ભૂલથી, નિજ સ્વભાવનો અનાદર કરવાથી વિકારી પરિણામરૂપે પર્યાય-અવસ્થા થઈ રહી છે. આહાહા..! તેથી અશુદ્ધપણાનું પરિણમન, પુણ્ય-પાપનું પરિણમન પર્યાયમાં છે તેથી. સમજાય છે કાંઈ? શરીર, વાણી, મન ને કર્મ તો એનામાં છે નહિ. એટલે એને જુદા કરવા કઠણ નથી, એ તો જુદા જ છે. સમજાય છે કાંઈ? પણ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના પરિણામ જે છે એ અશુદ્ધપણે પર્યાયમાં છે. છે તેને ભિન્ન કરવા કઠણ છે. સમજાય છે કાંઈ? અને કરવાનું છે ઈ આ કરવાનું છે, બાકી બધી વાતો ફોગટ છે. આહાહા..! એ પરિણમ્યો છે. છે ને?

**'જ્ઞાન ક્રોધરૂપ પરિણમ્યું છે, તેથી જ્ઞાન ભિન્ન...'** **'ત્યાં તો એમ પ્રતિભાસે છે...'** શું કહે છે? જ્ઞાનમાં એમ ભાસ થાય છે. પ્રતિભાસ-જ્ઞાનમાં એવો ભાસ થાય છે કે **'જ્ઞાન ક્રોધરૂપ પરિણમ્યું છે,...'** આહાહા..! ભગવાન જ્ઞાનસ્વરૂપી વિકારરૂપ પરિણમ્યું છે એમ એને ભાસ થાય છે. સમજાય છે કાંઈ? વીતરાગનો માર્ગ અલૌકિક છે, ભાઈ! આહાહા..! પરમાત્મા કહે છે... સંતો કહે છે એ પરમાત્મા કહે છે, પરમાત્મા કહે છે ઈ સંતો કહે છે. સંતો કહે છે એ પણ વસ્તુનું સ્વરૂપ છે ઈ કહે છે. ભગવાન! તું તો શુદ્ધ સ્વરૂપ આનંદકંદ છો ને. એમ હોવા છતાં તારી વર્તમાન દશા-અવસ્થામાં મલિનપણાની દશા પર્યાયમાં પરિણમી છે. એ કર્મથી નહિ અને તારી ચીજ અંદર છે એમાં નથી. તારી પર્યાયમાં-અવસ્થામાં વિકારનું પરિણમન છે. એનાથી ભિન્ન કરવું. આહાહા..!

પર્યાયમાં... અવસ્થા સમજો છો? અવસ્થા-હાલત. એમાં પુણ્ય-પાપના ભાવ છે. પર્યાય પોતાની પરિણમી છે. પર્યાય, હોં! દ્રવ્ય નહિ. 'સુકોશલજી' 'રતનચંદજી'નું કહેતા હતા ને? 'રતનચંદજી' એમ કહે છે, 'પ્રવચનસાર'માં (એમ કહ્યું છે), શુભપણે પરિણમે તો શુભરૂપ થઈ જાય છે. એ તો પર્યાયની વાત છે. સમજાય છે કાંઈ? જ્યારે આત્મા શુભરૂપે પરિણમે છે તો શુભરૂપે પર્યાય તન્મય છે. પરમાં શુભ છે અને પોતાની પર્યાયમાં નથી, એમ નથી. આહા..! અશુભપણે થાય છે તો પર્યાયમાં અશુભપણે તાદાત્મ્ય છે-તદ્રૂપ છે, પર્યાયમાં, હોં! દ્રવ્યમાં નહિ.

મુમુક્ષુ :- એ તો નવો અર્થ આપે કર્યો.

ઉત્તર :- **ના, એમાં છે એવું.** કહે છે ને, આ શું કહ્યું? સામ્પ્રત જીવદ્રવ્ય. છે તો જીવદ્રવ્ય વસ્તુ. રાગાદિ અશુદ્ધ ચેતનારૂપ પર્યાયમાં પરિણમ્યું છે. આહાહા..! બહુ ગડબડ. હજી તો સત્યનો નિર્ણય કરવામાં અસત્ય જ્ઞાનથી કઈ રીતે નિર્ણય થાય?

**'એમ પ્રતિભાસે છે કે જ્ઞાન...'** આત્મા વિકારરૂપ પરિણમ્યો છે. જાણે વિકારરૂપ થઈ ગયો. એ તો પર્યાયમાં વિકાર છે, વસ્તુ એવી થઈ ગઈ એમ અજ્ઞાનીને ભાસે છે. શુદ્ધ ચૈતન્યઘન ભગવાન આનંદકંદ પ્રભુ, અતીન્દ્રિય આનંદનો રસકંદ તો અનાદિઅનંત શુદ્ધ નિર્મળ જ છે. ચાહે તો એકેન્દ્રિયમાં હો, નિગોદમાં હો, નવમી ગ્રૈવેયકે હો, દ્રવ્યલિંગી સાધુ પંચમહાવ્રત પાળતો હોય તો એ અશુદ્ધરૂપ પરિણમનમાં ભગવાન તો અંદર શુદ્ધ ચૈતન્ય છે જ. સમજાય છે કાંઈ? આહાહા..! છે? **'એમ પ્રતિભાસે છે કે જ્ઞાન...'** એટલે આત્મા વિકારરૂપ પરિણમ્યો છે. આત્મા જાણે વિકારરૂપ થઈ ગયો. એમ અજ્ઞાનીને ભાસે છે. પર્યાય... સમજાય છે કાંઈ? કેમકે પર્યાય ઉપર દૃષ્ટિ છે તો એના અસ્તિત્વમાં વિકાર થયો તો આત્મા વિકારરૂપ થઈ ગયો એમ માને છે. દ્રવ્ય તો દ્રવ્ય છે, શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ એ તો ત્રિકાળી જ્ઞાયકભાવપણે જ રહ્યું છે.

મુમુક્ષુ :- તો શું દ્રવ્યથી પર્યાય જુદી છે?

ઉત્તર :- ભિન્ન છે. ક્ષેત્રથી ભિન્ન છે, ભાવથી ભિન્ન છે, શક્તિથી ભિન્ન છે, ફળથી ભિન્ન છે. આહાહા..! સમજાય છે કાંઈ? પર્યાયમાં સંસાર, પર્યાયમાં મોક્ષમાર્ગ, પર્યાયમાં સિદ્ધ. દ્રવ્યમાં દ્રવ્ય તો ત્રિકાળી એકરૂપ છે. સમજાય છે કાંઈ? આહાહા..! આ ભેદજ્ઞાન છે. આહાહા..! અરે..! બાકી કરી કરીને મરી ગયો, વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને.. એ બધો કલેશ છે, રાગ છે, કલેશ છે, દુઃખ છે.

મુમુક્ષુ :- આપ દુઃખ કહો છો પણ અમને તો આનંદ આવે છે.

ઉત્તર :- ધૂળમાંય આનંદ આવતો નથી. માને છે. કહ્યું નહિ? બાળકનું નહોતું કહ્યું? વિષ્ટા ચોપડે તો એમાં આનંદ માને છે. આહાહા..!

અહીં ભગવાન કહે છે, પ્રભુ! એને તો જાણે આત્મા જ વિકારરૂપ થઈ ગયો (એમ લાગે છે). પર્યાયમાં છે પણ જાણે વસ્તુ જ (એવી થઈ ગઈ). કારણ કે વસ્તુની ખબર નથી. આહાહા..! **'તેથી જ્ઞાન ભિન્ન, ક્રોધ ભિન્ન...'** ભગવાન ભિન્ન અને વિકાર ભિન્ન. આહાહા..! કરવાનું આ છે. રાગ અને આત્મા ભિન્ન છે એમાં રાગ ઉપરથી લક્ષ છોડી જ્ઞાયકનું લક્ષ કરવું. ત્યારે રાગ અને આત્મા ભિન્ન થઈ જાય છે. અને એ ભિન્ન થયા એનું નામ સમ્યગ્દર્શન છે. પર્યાયમાં. આહાહા..! સમજાય છે કાંઈ? અહીં તો હજી (એમ કહે છે કે), શુભજોગ એ મોક્ષનો માર્ગ છે. અરે..! પ્રભુ! શું કરે છે? ભાઈ! અહીં તો શુભજોગ અશુદ્ધ પરિણતિ છે એમ કહ્યું. અશુદ્ધ પરિણતિ કહ્યું. શુભજોગ. એનાથી આત્માને જુદો કરવો ઈ છે કઠણ. કારણ કે અશુદ્ધપણે પર્યાયમાં પરિણમન છે અને દૃષ્ટિ પર્યાય ઉપર, રાગ ઉપર છે. પર્યાયની પાછળ આખો ભગવાન ચિદાનંદ સચ્ચિદાનંદ પ્રભુ, જિનસ્વરૂપી વીતરાગમૂર્તિ બિરાજે છે. આહાહા..! 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ, યહી વચન સે સમજ લે જિનપ્રવચન કા મર્મ.' વીતરાગ વાણીનો મર્મ એ છે કે તું તો જિનસ્વરૂપ

છો ને પ્રભુ! મારી નાતની જાતનો તું છો. સમજાય છે કાંઈ? મારી નાતનો તું છો. કજાત નહિ. જડ છે એ કજાત છે. તું તો મારી નાતનો છો ને પ્રભુ! પરમાત્મા એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે કે, એમ પ્રતિભાસે છે કે જાણે આત્મા જ વિકારરૂપ પરિણમ્યો છે. '**તેથી જ્ઞાન ભિન્ન, ક્રોધ ભિન્ન...**' ક્રોધ શબ્દે વિકાર. ચાહે તો દયા, દાનનો વિકલ્પ હો. એ રૂપે પરિણમ્યો છે તો આત્મા ભિન્ન અને અશુદ્ધ ભિન્ન, એમ અનુભવવું... આહાહા..! '**ઘણું જ કઠણ છે.**' ઘણું કઠણ નથી લીધું, ઘણું જ કઠણ છે. આહાહા..! સમજાય છે કાંઈ? '**ઉત્તર આમ છે કે સાચે જ કઠણ છે,...**' તારી વાત સાચી છે. સાચેસાચ કઠણ છે. '**પરંતુ વસ્તુનું શુદ્ધસ્વરૂપ વિચારતાં...**' આહાહા..! શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો વિચાર કરતાં રાગનો વિચાર છોડતાં, આહાહા..! શુભરાગનો વિચાર ને વિકલ્પ છોડતાં, શુદ્ધ ચૈતન્યનો વિચાર કરતાં એ તરફનું શુદ્ધનું જ્ઞાન કરવાથી '**ભિન્નપણારૂપ સ્વાદ આવે છે.**' આહાહા..! રાગથી અને અશુદ્ધપણાથી ભગવાન ભિન્ન ચૈતન્યમૂર્તિ પ્રભુ બિરાજે છે. આહાહા..! 'ચંપાલાલજી' આવ્યા છે? આવ્યા છે? સમજાય છે કાંઈ? 'શોભાલાલજી' 'ચંપાલાલજી' આવ્યા છે? તમારા 'ચંપાલાલ' અહીં બેઠા છે. ઠીક. ઓછું સંભળાય છે? અચ્છા. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીંયા તો પર શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ, લક્ષ્મીને જુદા નથી કરવાના, એ તો ભિન્ન જ છે. એ તો જુદા જ છે. કેમકે આત્મામાં એક એવી શક્તિ છે કે પરદ્રવ્યના ગ્રહણત્યાગથી તો એ શૂન્ય છે. કર્મ, વાણી, શરીર, સ્ત્રી, કુટુંબ-પરિવાર, લક્ષ્મીનું ગ્રહણ અને ત્યાગ, એનાથી તો શૂન્ય છે. ફક્ત પર્યાયમાં અશુદ્ધતાનું પરિણમન છે એ અસ્તિ છે. પેલાની તો નાસ્તિ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એની પર્યાયમાં-અવસ્થામાં-વર્તમાન હાલતમાં ત્રિકાળી દ્રવ્યને છોડીને વર્તમાન હાલતમાં અશુદ્ધ પરિણમન છે. એ અશુદ્ધ પરિણમનથી ભગવાનઆત્માને ભિન્ન કરવો કઠણ છે. કઠણ હોવા છતાં શુદ્ધ સ્વરૂપનો વિચાર કરવાથી આનંદનો સ્વાદ અશુદ્ધતાથી ભિન્ન આવે છે. સમજાય છે કાંઈ? આહાહા..! આવો માર્ગ (છે). આહાહા..! વીતરાગ સિવાય આ ક્યાંય નથી. ઓહોહો..!

પરમાત્માની અકષાય કરુણા. અકષાય કરુણા. એમની વાણી નીકળી અને એ વાણીમાં આ ભાવ આવ્યા. ભગવાન! તારું દ્રવ્ય છે એ તો પવિત્ર છે ને, પ્રભુ! તારી પર્યાયમાં-અવસ્થામાં અંશમાં, અંશીમાં નહિ, અંશી દ્રવ્યમાં નહિ, આહાહા..! એક વર્તમાન અંશમાં અશુદ્ધતા છે એ એક સમયની છે. ત્રણેય કાળમાં જીવની સંસારદશા એક સમયની છે. બીજે સમયે બીજી, ત્રીજે સમયે ત્રીજી, એની મુદ્દત એક સમયની છે. ભગવાનઆત્માની મુદ્દત ત્રિકાળ છે. સમજાય છે કાંઈ? આહાહા..! કઠણ છે પણ ભગવાન! તારા ઘરની વસ્તુ છે ને, એમ કહે છે. રાગથી ભિન્ન કરવું કઠણ છે પણ તું વસ્તુ છો એમ શુદ્ધ ચૈતન્યનું જ્ઞાન કરવાથી, વિચાર કરવાથી તને રાગથી ભિન્ન એ શુદ્ધ ચૈતન્યના આનંદનો સ્વાદ આવે છે ત્યાં જુદા પડી જાય છે. સમજાય છે કાંઈ? આહાહા..!

'**વસ્તુનું શુદ્ધસ્વરૂપ વિચારતાં...**' આહાહા..! એવી ક્રિયા કરવાથી એમ અહીંયા નથી

લીધું, ભાઈ! કે દયા કરવાથી (થાય). એ તો અશુદ્ધ પરિણમન છે. એનાથી તો ભિન્નતા કરવાની છે. સમજાય છે કાંઈ? અશુદ્ધપણાથી જુદો કરવાથી **'વસ્તુનું શુદ્ધસ્વરૂપ વિચારતાં...'** આહાહા..! **'ભિન્નપણારૂપ સ્વાદ આવે છે.'** આહાહા..! રાગથી, અશુદ્ધ પર્યાયથી શુદ્ધ ચૈતન્ય વસ્તુનું જ્ઞાન અને વિચાર કરતાં શુદ્ધ ચૈતન્યનો અતીન્દ્રિય સ્વાદ પર્યાયમાં આવે છે. એનાથી રાગનો સ્વાદ ભિન્ન છે એમ ભાસ થઈ ગયો. સમજાય છે કાંઈ? આહાહા..! આવી કઠણ વાત છે એટલે લોકોને...પણ એનું કોઈ સાધન (છે ખરું)? હવે એમ કહે છે. સાધન જ આ છે. કેમકે આત્મામાં સાધન નામની એક શક્તિ છે. એ ૪૭ શક્તિમાં આવે છે-કરણશક્તિ. કર્તા, કાર્ય, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ-એવી ભગવાનઆત્મામાં છ શક્તિઓ ધ્રુવપણે પડી છે. એમાં કરણ નામની શક્તિ આત્મામાં ધ્રુવપણે બિરાજમાન છે. આહાહા..! એ તરફનું જ્ઞાન અને વિચાર કરવાથી એ કરણશક્તિ જ સાધનરૂપ થઈને પરિણમન થાય છે. સમજાય છે કાંઈ? કરણશક્તિ સાધન થઈને આનંદનો સ્વાદ અને સમ્યગ્દર્શન થાય છે. આહાહા..!

તકરાર આ છે ને કે બીજે લીધું છે ને? 'પંચાસ્તિકાય'માં ભિન્ન સાધ્ય-સાધન ભાવ (લીધો છે ને)? રાગ એ ભિન્ન સાધન છે અને નિશ્ચય સાધ્ય ભિન્ન છે. ભગવાન! એ તો ભિન્ન સાધન રાગ છે એમાં નિશ્ચય સાધનનો આરોપ આપીને સાધનનું જ્ઞાન કરાવ્યું છે. સમજાય છે કાંઈ? આહાહા..! માર્ગ બહુ બાપુ! એવો. આહાહા..!

કહે છે કે (વસ્તુનું શુદ્ધ સ્વરૂપ) વિચારતાં ભિન્નપણારૂપ સ્વાદ આવે છે. કેવું છે ભિન્નપણું? **'कर्तृभावं भिन्दती'** આહાહા..! **( कर्तृभावं ) 'કર્મનો કર્તા જીવ' એવી ભ્રાન્તિ, તેને ( भिन्दती ) મૂળથી દૂર કરે છે.'** કર્મનો કર્તા કહો કે રાગનો કર્તા એ ભ્રાન્તિ દૂર થઈ જાય છે. આહાહા..! શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકભાવનું જ્ઞાન અંતર્મુખ થઈને કરતાં આત્માનો અતીન્દ્રિય આનંદ જે ધ્રુવરૂપે હતો, એનો પર્યાયમાં સ્વાદ આવ્યો તો રાગના કર્તૃત્વની ભ્રાંતિનો નાશ થઈ ગયો. રાગ મારું કાર્ય છે અને રાગ મારું કર્તવ્ય છે, એ ભ્રાંતિ-મિથ્યાત્વનો નાશ થઈ ગયો. આહાહા..! શુભભાવ મારું કર્તવ્ય છે અને મારું કાર્ય છે, એ ભ્રાંતિનો નાશ થઈ ગયો, કહે છે. આહાહા..! આવો માર્ગ છે, ભગવાન! લાગે, કીધું ને, કઠણ છે. બાપુ! કઠણ તો છે ને. કેમકે એની પર્યાયમાં અશુદ્ધતા થઈ છે. પરમાં અશુદ્ધતા થઈ હોય તો જુદું પાડવું (ન પડે). આહાહા..! વર્તમાન દશામાં મલિન પર્યાય શુભ-અશુભરૂપ થઈ છે, પરિણતિ છે, અસ્તિ છે. જેમ દ્રવ્ય અસ્તિ શુદ્ધ ત્રિકાળી છે, જેમ દ્રવ્ય શુદ્ધ ત્રિકાળી પવિત્ર આનંદઘન છે એમ પર્યાયમાં અશુદ્ધતાની અસ્તિ છે. આહાહા..! અસ્તિ સમજ્યા? હયાતી. એ હયાતીમાં પૂર્ણ હયાતીનો વિચાર કરતાં... આહાહા..! એક સમયની અશુદ્ધ હયાતીનું લક્ષ છોડીને ત્રિકાળ હયાતી મોજૂદગી ચીજ ધ્રુવરૂપે આનંદઘનરૂપે પ્રભુ બિરાજે છે, એવી હયાતીનો વિચાર-જ્ઞાન કરવાથી અશુદ્ધતાની કર્તાપણાની ભ્રાંતિ નાશ પામી જાય છે. સમજાય છે કાંઈ? એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. ધર્મની.. શું આવ્યું? મહેલની પહેલી સીઢી. મોક્ષમહેલ કી પહેલી સીઢી. આહાહા..! એ વાત અપૂર્વ છે, ભગવાન!

પોતાનો સ્વભાવ ચૈતન્યઘન ધ્રુવ અકૃત્રિમ અણકરાયેલ અને પરિણમનની પર્યાય

વિનાની ચીજ છે. આહાહા..! એ ચીજનો વિચાર કરતાં, એ પર્યાય થઈ. શુદ્ધ ધ્રુવનો વિચાર કરતાં, જ્ઞાનની પર્યાય એ તરફ ઝુકવાથી રાગથી ભિન્ન પોતાનો સ્વાદ આવે છે એનું નામ આત્માનો પ્રકાશ-આત્મજ્ઞાન કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? ''કર્મનો કર્તા જીવ' એવી ભ્રાન્તિ, તેને મૂળથી દૂર કરે છે.' મૂળથી ઉખાડે છે. '**भिन्दती**' ગાય હોય છે ને? ગાય. એ ઘાસ ખાય એ ઉપર ઉપરથી ખાય, મૂળ રહેવા દે. એનો સ્વભાવ એવો છે. અને ગધેડાનો સ્વભાવ એવો છે એ ઘાસને મૂળમાંથી ઉખાડીને ખાય. એમ સમ્યગ્જ્ઞાનરૂપી ગધેડાની ઉપમા એ નહિ અહીં જ્ઞાનની ઉપમા, જ્ઞાની ધર્માત્મા રાગને મૂળમાંથી ઉખાડી નાખે છે. સમજાય છે કાંઈ? એ કહ્યું, જુઓને! 'મૂળથી દૂર કરે છે.'

'**દૃષ્ટાન્ત કહે છે 'एव ज्वलनपयसोः औष्ण्यशैत्यव्यवस्था ज्ञानात् उल्लसति**' આહાહા..! એ જ્ઞાન ( **एव** ) જેમ ( **ज्वलन** ) **અગ્નિ અને પાણીના ઉષ્ણપણા અને શીતપણાનો...**' ટીકાકારે ગજબ વાત કરી છે. શું કહે છે? જેમ અગ્નિ અને પાણી. અગ્નિનું ઉષ્ણપણું અને પાણીનું શીતપણું, એની '**व्यवस्था**' વ્યવસ્થા નામ ભેદ '**ज्ञानात्**' 'નિજસ્વરૂપગ્રાહી જ્ઞાનથી પ્રગટ થાય છે.' આહાહા..! શું કહે છે? પાણી ઠંડુ છે અને ઉષ્ણતા-ગરમી અગ્નિની છે. એમ જેને સ્વરૂપનું જ્ઞાન થયું છે, નિજ સ્વરૂપનું જ્ઞાન. નિજસ્વરૂપગ્રાહી, છે? આહાહા..! અજ્ઞાનીને એનું વ્યવહારનું જ્ઞાન પણ બરાબર હોતું નથી, એમ કહે છે. સમજાય છે કાંઈ? દૃષ્ટાંત આપશે. સમજાય છે કાંઈ? શાકનું દૃષ્ટાંત. શાકને શું કહે છે? તરકારી. અહીંયા કહે છે... આ તો વીતરાગના પરમાનંદની વાત છે, પ્રભુ! આહાહા..! વીતરાગ દરબારમાં તો ઈન્દ્રો સાંભળે છે, વાઘ, નાગ સાંભળે છે, એ વાણી કેવી હોય? ભાઈ!

પરમાત્મા એમ કહે છે, જેને અશુદ્ધતાના પરિણામથી ભિન્ન થઈને શુદ્ધ ચૈતન્યનો વિચાર-જ્ઞાન થયું તો રાગથી ભિન્ન આત્માના આનંદનો સ્વાદ આવ્યો. એ સ્વાદની સ્થિતિમાં રાગના કર્તાપણાની ભ્રાંતિ નાશ પામી. આહાહા..! અને જેમ.. દૃષ્ટાંત '**અગ્નિ અને પાણી...**' અગ્નિ ઉષ્ણ છે અને પાણી શીત છે. તેનો ભેદ '**નિજસ્વરૂપગ્રાહી જ્ઞાનથી પ્રગટ થાય છે તેમ.**' આહાહા..! અગ્નિ ઉષ્ણ છે અને પાણી ઠંડુ છે એનું જ્ઞાન પણ જેને નિજ સ્વરૂપનું જ્ઞાન છે તેને એના ભેદનું જ્ઞાન છે. અજ્ઞાની એમ કહે કે આ ઉષ્ણ છે અને આ ઠંડુ છે, એ યથાર્થ જ્ઞાન નથી. આહાહા..! વાત ક્યાં લઈ જાય છે? સમજાય છે કાંઈ?

'**ज्ञानात**' શબ્દ છે ને? તો '**ज्ञानात**'નો અર્થ એકલું ક્ષયોપશમજ્ઞાન નહિ. નિજસ્વરૂપગ્રાહી જ્ઞાન. જેણે રાગથી ભિન્ન પડી પોતાના જ્ઞાયકસ્વભાવનું આત્મજ્ઞાન, સ્વનું જ્ઞાન કર્યું છે, નિજસ્વરૂપગ્રાહી-નિજ શુદ્ધ સ્વરૂપને જાણનાર-ગ્રાહી જ્ઞાન (થયું છે) તેને આ ઉષ્ણ છે અને આ ઠંડુ છે એનું વ્યવહાર જ્ઞાન સાચું હોય છે.

મુમુક્ષુ :- વ્યવહારથી ગરમ છે, આમ તો ઠંડુ જ છે.

ઉત્તર :- ઈ ઠંડુ છે પણ નિજસ્વરૂપગ્રાહી જ્ઞાનીને જ એનું જ્ઞાન યથાર્થ હોય છે. અજ્ઞાનીને એ વ્યવહારનું જ્ઞાન પણ સાચું નથી. આહાહા..! સમજાય છે કાંઈ? 'રાજમલજી'એ આવો અર્થ કર્યો છે. '**ज्ञानात्**' છે ને? જ્ઞાનસ્વરૂપી ભગવાન. મૂળ પાઠમાં છે

ને? 'ज्ञानात् एव ज्वलनपयसोः' પહેલી કડી છે. નિજ સ્વરૂપગ્રાહી. રાગથી ભિન્ન પડી પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ સ્વભાવને જાણનારું જ્ઞાન જેને થયું, તેને આ ઉષ્ણતા અગ્નિની છે અને શીતળતા પાણી-જળની છે એનું વ્યવહારું જ્ઞાન નિજસ્વરૂપગ્રાહી આત્મજ્ઞાનીને થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? છે? એમ નથી કહ્યું કે ક્ષયોપશમજ્ઞાન હોય તેને ઠંડા અને ગરમનું જ્ઞાન થાય. એ તો અજ્ઞાન છે. આહાહા..! શું કહે છે?

સ્વપરપ્રકાશક જ્ઞાનનો સ્વભાવ છે તો જેને સ્વપ્રકાશક જ્ઞાન થયું એને પરપ્રકાશક જ્ઞાન યથાર્થ થાય છે. સમજાય છે કાંઈ? આ તો માર્ગ અલૌકિક છે, બાપુ! અત્યારે સાંભળવા મળવો મુશ્કેલ થઈ ગયો. અને સત્ય વાતનો વિરોધ કરે છે. અરે..! પ્રભુ! નિજ અશુદ્ધતાનો સ્વાદ લેવા માટે આ સત્યનો વિરોધ કરે છે. શુભભાવથી ધર્મ થાય છે. અરે..! ભગવાન! એ પર્યાયની અશુદ્ધતા શુદ્ધતાનું કારણ થાય? આહાહા..!

અહીંયા કહે છે, નિજસ્વરૂપ જાણનારું જ્ઞાન. એ જ્ઞાન દ્વારા ઉષ્ણતા અને ઠંડાનું જ્ઞાન પ્રગટ થાય છે. કહેવાનો આશય તો આગળ લઈ જવો છે. એમ નિજસ્વરૂપગ્રાહી જ્ઞાન થયું એને અશુદ્ધતા છે એવું પરપ્રકાશક જ્ઞાન સાચું હોય છે. સમજાય છે કાંઈ? અગિયારમી ગાથામાં કહ્યું છે ને? ભૂતાર્થ ભગવાન ત્રિકાળી આનંદસ્વરૂપ પ્રભુ, એના આશ્રયથી જે જ્ઞાન થયું એ તો નિશ્ચયનો આશ્રય થયો. પછી બારમી ગાથામાં કહ્યું, તકરારી ભાષા દેખાય. વ્યવહાર દેસિદા-વ્યવહારનો ઉપદેશ કરવો. એમ અર્થ નથી. ત્યાં તો ટીકામાં 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે, જે સમયે એને આત્મજ્ઞાન થયું એ જ સમયે જે રાગાદિ ભાવ બાકી રહ્યા એનું જ્ઞાન કરવું એ વ્યવહારે પ્રયોજનવાન છે, જ્ઞાન કરવું એ પ્રયોજનવાન છે. પણ નિશ્ચયનું જ્ઞાન હોય એને વ્યવહારનું જ્ઞાન જાણેલું પ્રયોજનવાન છે. સમજાય છે કાંઈ?

અહીં કહે છે, જેને સ્વરૂપગ્રાહી જ્ઞાન છે, આહાહા..! જ્ઞાનનું જ્ઞાન થયું છે, જ્ઞાનસ્વરૂપી ભગવાનનું જ્ઞાન અંતર્મુખ થઈને થયું છે. એ સ્વરૂપગ્રાહી જ્ઞાન, જલ ઠંડુ છે અને ગરમ અગ્નિ છે, એ પરપ્રકાશકનું વાસ્તવિક જ્ઞાન એને થાય છે. સમજાય છે કાંઈ? અહીં તો ઈ કહ્યું ને, કે ભ્રાંતિનો નાશ થાય છે. પછી રાગનો જ્ઞાતા થાય છે, એમ કહેવું છે. રાગ બાકી છે ને? સમ્યગ્દૃષ્ટિને કંઈ રાગ છૂટી ગયો છે અને વીતરાગ થઈ ગયો એમ નથી. રાગની એકતા છૂટી ગઈ. અને આત્માની એકતા થઈ. પણ હજી સ્થિરતા કરવી બાકી છે. રાગ આવે છે તો કહે છે કે રાગનું જ્ઞાન, નિજ સ્વરૂપગ્રાહીજ્ઞાનવાળાને રાગનું વ્યવહાર જ્ઞાન સાચું છે. આહાહા..! એ રાગને જાણે છે એ વ્યવહારે કહેવાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? બહુ ઝીણી વાતું આમાં.

શુદ્ધ ચૈતન્યઘન નિજ સ્વરૂપ, એનું જેણે જ્ઞાન કર્યું, ગ્રાહ્ય કર્યું, જ્ઞાન કર્યું એને અગ્નિની ઉષ્ણતા અને જળની શીતળતાનું જ્ઞાન થાય છે. એમ નિજસ્વરૂપનું જ્ઞાન થયું એને રાગાદિ ભાવ છે એનું વ્યવહાર જ્ઞાન તેને હોય છે. સમજાય છે કાંઈ? આવી વાતું ભારે, ભાઈ! આહાહા..! પ્રભુ! તારી બલિહારી છે, નાથ! તું કોણ છો? તને તારી કિંમત નથી અને બીજી ચીજની કિંમતની મહત્તામાં તારી મહત્તા ખોઈ બેઠો. આહાહા..! પુણ્ય ને પાપ ને પુણ્ય-પાપના બંધન ને બંધનના ફળ આ બધું, એની મહત્તામાં તારી મહત્તા તું ખોઈ બેઠો. અને જેને પોતાની મહત્તાનું ભાન થયું, ત્યારપછી એને બહારની ચીજનું જ્ઞાન થાય છે તેને યથાર્થ

જ્ઞાન થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! લક્ષ્મી પર છે, સ્ત્રી, શરીર પર છે, એનો આત્મા પર છે, રાગ પણ પર છે. એ નિજસ્વરૂપગ્રાહી જ્ઞાનીને પરનું જ્ઞાન યથાર્થ હોય છે. સમજાય છે કાંઈ? આવો માર્ગ છે. માણસને આકરો પડે. બાપુ! એ તો કહ્યું, અતિ કઠણ છે. પણ પોતાનું શુદ્ધ સ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુની અસ્તિનું જ્ઞાન કરવા જાય છે તો રાગથી ભિન્ન આત્માનો સ્વાદ એ એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? આહાહા..! કહો, પંડિતજી! આવી વાતું છે. માર્ગ તો આવો છે, ભાઈ!

**'ભાવાર્થ આમ છે કે જેમ અગ્નિસંયોગથી પાણી ઊનું કરવામાં આવે છે, કહેવામાં પણ 'ઊનું પાણી' એમ કહેવાય છે, તોપણ સ્વભાવ વિચારતાં ઉષ્ણપણું અગ્નિનું છે,...'** અહીં એનો સ્વભાવ નથી એ બતાવવું છે, હોં! ઉષ્ણપણું થયું છે તો પોતાની પર્યાયમાં. એ વળી તકરાર કરે છે કે અગ્નિથી પાણી ઉનું થયું. અહીં એવી વાત નથી. અહીં તો ઉષ્ણપણું અગ્નિથી થયું છે એમ સિદ્ધ કરવું છે. સ્વભાવમાં ઉષ્ણપણું નથી તો ઉષ્ણતા અગ્નિના નિમિત્તે થઈ તો ઉષ્ણતા અગ્નિની છે એ કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? જેમ પોતામાં વિકાર થયો એ સ્વભાવની દૃષ્ટિથી કર્મના સંબંધે વિકાર થયો છે એમ કહેવામાં આવે. થયો છે તો પોતાના પુરુષાર્થની નબળાઈને લઈને. પણ નિમિત્તના આશ્રયે થયો તો નિમિત્તથી થયો એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'ઊનું પાણી' એમ કહેવાય છે, તોપણ સ્વભાવ વિચારતાં ઉષ્ણપણું અગ્નિનું છે,...'** અગ્નિનું, જુઓ! કઈ અપેક્ષાએ? **'સ્વભાવ વિચારતાં..'** એમ લીધું ને? પર્યાયમાં ઉષ્ણતા છે પણ સ્વભાવ વિચારતાં એ ઉષ્ણતા અગ્નિની છે. એનો સ્વભાવ નથી. એમ ભગવાનઆત્માનો સ્વભાવ વિચારતાં રાગ કર્મનો છે, આત્માનો નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ! આ કંઈ વાર્તા નથી, આ તો તત્ત્વની વાત છે. મૂળ માખણની વાત છે. આહાહા..! કાલે ઈ કહ્યું હતું ને?

ગગનમંડલમેં ગૌઆ વિયાણી વસુધા દૂધ જમાયા,
માખણ થા સો વિરલા રે પાયા, છાશે જગત ભરમાયા
અબધુ સો જોગી ગુરુ મેરા, ઈણ પદકા કરે રે નિવેડા
ઈણ પદકા કરે રે નિવેડા, અબધુ સો જોગી ગુરુ મેરા.

ભગવાનની વાણી જેમ આકાશમાં નીકળે છે, ૐ ધ્વનિ નીકળે છે ને? ગૌઆ. ગૌ શબ્દે વાણી. ગો શબ્દનો અર્થ ભાષા પણ થાય છે અને ગાય પણ થાય છે. સમજાય છે કાંઈ? ગૌ-ગૌ શબ્દ છે ને? તો ભાષા પણ થાય છે. અહીં ભાષા કહેવી છે. ગગનમંડલમેં ગૌઆ-ભાષા ભગવાનની નીકળી. 'વસુધા દૂધ જમાયા' વસુધા દુનિયાને કાને પડી. આહાહા..! 'માખણ થા સો વિરલા રે પાયા સંતો, છાશે જગત ભરમાયા' અજ્ઞાની તો પુણ્યના પરિણામમાં ભ્રમણામાં ઘુસી ગયા. અને જ્ઞાની આ માખણ પામ્યા. રાગથી ભિન્ન મારી ચીજ છે એનો સ્વાદ એને આવ્યો. સમજાય છે કાંઈ? આહાહા..! આવો ઉપદેશ કેવો? સભામાં બહુ માણસમાં (આવો ઉપદેશ ન કરવો). અરે..! માણસ એક હોય કે ઘણા હોય, એ ભગવાન છે ને? આહાહા..! અને એની સમજવાની લાયકાત છે ને.

એ તો એકવાર નહોતું કહ્યું? તૃષા લાગી હોય અને એંસી વર્ષનો ડોસો હોય. ઘરમાં બે હજારનો અશ્વ-ઘોડો અથવા બળદ હોય, એને કહે છે કે પાણી લાવો, તરસ લાગી છે. આઠ વર્ષની દીકરી હોય તો કહે, બેટા! પાણી લાવ. બાપુજી! પાણી તો ઉપર છે ને. નહિ, નહિ. પાણીયારામાં નીચે છે ત્યાંથી લાવ. પાણીયારુ હોય છે ને? પાણીયારાને શું કહે છે? પાણી ભરે. નીચે પાણી રાખે ને પોલાણમાં? નાની બાલિકા હોય તો ઉપર હાથ ન પહોંચે તો નીચેથી લાવે. એ જાણે છે કે હું જે કહીશ ઈ સમજશે. અશ્વ અને બળદ નહિ સમજે. મિંદડી ઘરમાં નીકળી હોય તો મિંદડીને નહિ કહે. મિંદડી સમજ્યા? બિલાડી. કૂતરો બેઠો હોય તો એને નહિ કહે કે ભાઈ! પાણી લાવ. કહે? બેટા! પાણી લાવ.

એમ અહીં પરમાત્મા કહે છે, અમે શરીરને, જડને, રાગને આ વાત નથી કરતા. તું ચૈતન્યમૂર્તિ ભગવાન છો, એને અમે કહીએ છીએ. આહાહા..! સમજવાની લાયકાતવાળા પ્રાણી છે એને અમે કહીએ છીએ. સમજાય છે કાંઈ? આહાહા..! આવી વાતું છે.

**'પાણી તો સ્વભાવથી શીતળ છે...'** જુઓ! અહીં સ્વભાવ લેવો છે ને. નહિતર ઉનું થયું એ પોતાથી થયું છે, એ કંઈ અગ્નિથી ઉનું નથી થયું. પણ અહીં સ્વભાવ લેવો છે. સ્વભાવની અપેક્ષાથી અગ્નિની ઉષ્ણતા છે એમ કહેવામાં આવ્યું છે. પછી આત્મામાં ઉતારશે, હોં! એમ આત્મામાં પર્યાય વિકાર છે એ પોતામાં છે. એ તો પહેલા કહી ગયા. પર્યાય અશુદ્ધતા દયા, દાન, વ્રત, ભક્તિ આદિની પર્યાય પોતામાં છે. કર્મથી નથી થયા, કર્મમાં નથી થયા. પણ જ્યારે સ્વભાવનો વિચાર કરવો હોય તો ત્રિકાળી આનંદકંદ પ્રભુ, એ સ્વભાવની અપેક્ષાએ વિકાર કર્મનો છે એમ કહીને કાઢી નાખવો છે, છોડી દેવો છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભાષા તો સાદી છે, ભાઈ! ભાષા એવી કોઈ સંસ્કૃત ને વ્યાકરણ ને એવી નથી. આહાહા..! સમજવું તો એનું કામ છે, ભગવાન! આહાહા..!

મુમુક્ષુ :- બરોબર સમજાય એવું છે.

ઉત્તર :- ઓહો..! સમજવા માટે તો કીધું છે. કહ્યું છે તો કેમ ન સમજે? આહાહા..! પહેલા આવ્યું ને? દેહ અને આત્મા ભિન્ન કહ્યા તો કોણ પોતાની ચીજને ભિન્ન ન સમજે? કોઈ દીર્ઘસંસારી હોય તો વાત જુદી છે, એવો 'જયચંદ્ર' પંડિતે અર્થ કર્યો છે. કળશમાં આવે છે ને? 'સમયસાર'. દીર્ઘ સંસારી હોય એની વાત નથી. દીર્ઘ સંસારી તો એણે અર્થ કર્યો છે. અહીં સામે સમજનાર આત્મા ભગવાન છે ને! આહાહા..! એનું જ્ઞાન થવું સહજ છે કેમકે જ્ઞાનસ્વરૂપ છે. રાગરૂપ છે એ ચીજ પોતાની નહિ. અહીં જેમ પાણીમાં ઉષ્ણપણું અગ્નિનું કહ્યું એમ વિકારને કર્મનો કહીને ભિન્ન પાડી દીધો. સમજાય છે કાંઈ? કર્તાપણાની ભ્રાંતિનો નાશ થયો તો કર્મનો કર્તા મટી ગયો તો રાગની પર્યાયનો કર્તા પણ મટી ગયો. આહાહા..! આવી વાત છે. કોઈ બૈરા ન આવ્યા હોય અને પછી પૂછે કે તમે શું સમજવા ગયા હતા? કાંઈક કહેતા હતા, ઝીણું. બાપુ! તારા ઘરની વાત છે, ભગવાન! એ તો અમારા 'ભાગચંદજી' કહે છે ને? અહીં તો ભવના અભાવની વાત છે. ભાઈ! વાત તો એવી છે. ભવનો અભાવ ન થાય એ શું ચીજ?

ભવ તો અનંતવાર કર્યા. નરકના, નિગોદના, સ્વર્ગના. આહાહા..! આઠમા સ્વર્ગનો

દેવ, જેનું આયુષ્ય મોટું એ મરીને પશુ ગધેડાની કૂંખે અવતરે. સાંભળ્યું છે? આઠમું સ્વર્ગ છે ને? સહસાર. અઢાર સાગરની સ્થિતિ છે. એક સાગરમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ જાય, એક પલ્યોપમના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ, એવા સ્વર્ગનો દેવ, કોઈ તિર્યંચમાંથી શુભભાવથી આવ્યો હોય. કહ્યું હતું ને? ઘણા ભવ સ્વર્ગના કર્યા છે. તો ઘણા તો તિર્યંચમાંથી આવે છે. પંચેન્દ્રિય તિર્યંચ-પશુની સંખ્યા બહુ છે. એ અઢાર સાગરનું આયુષ્ય પૂરું કરી... આહા..! ક્યાં અઢાર સાગરનું આયુષ્ય અને ક્યાં એ સંપદા! ભગવાન! એ મરીને તિર્યંચ ગધેડાની કૂંખે કે હરણની કૂંખે, ગાયની કૂંખે બચ્ચુ થાય. આહાહા..! આ ભવ. અહીં તો ભવનો છેદ કરવાની વાત છે. ભાઈ કહેતા હતા ને? આહાહા..! સમ્યગ્દર્શન વિના ભવનો છેદ કદી થાય નહિ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ભવનો છેદ વાત કરવાથી થઈ જશે?

ઉત્તર :- વાતોથી નહિ થાય, અંદર ભેદજ્ઞાન કરવાથી થશે, એમ કહે છે. સાંભળવાથી પણ નહિ થાય અને સાંભળવાથી જે પરલક્ષી જ્ઞાન થયું એનાથી પણ નહિ થાય. આહાહા..! સ્વલક્ષી જ્ઞાનથી ભેદજ્ઞાન થશે. આવી વાત છે. સમજાય છે કાંઈ?

કહે છે, પાણી તો સ્વભાવથી લીધું ને? '**પાણી તો સ્વભાવથી શીતળ છે-આવું ભેદજ્ઞાન વિચારતાં ઉપજે છે.**' એક અગ્નિનું દૃષ્ટાંત આપ્યું. હવે બીજો દૃષ્ટાંત. શું કહે છે શાકને? સબ્જી. શાકનો દૃષ્ટાંત આપે છે. શાક કહે છે ને? તરકારી.

'**બીજાું દૃષ્ટાન્ત 'एव लवणस्वादभेदव्युदासः ज्ञानात् उल्लसति'** આહાહા..! '**જેમ ખારો રસ, તેના વ્યંજનથી ભિન્નપણા...**' દૂધી.. દૂધી કહે છે ને? દૂધીનું શાક. એમાં ખારાશ છે એ દૂધીની નથી, એ તો મીઠાની છે, લવણની છે. લવણનું ખારાપણું છે, શાકનું નહિ. સમજાય છે કાંઈ? એકવાર 'શ્રીમદ્ રાજચંદ્ર' 'રાણપુર' રહ્યા હતા. એક ગામ છે. ત્યાં મુમુક્ષુઓ ભેગા થયા હતા. ત્યાં દૂધીનું શાક વાટકામાં આવ્યું. એમણે કહ્યું, ભાઈ! આમાં લવણ બહુ છે. જોઈને, હોં! લોકોને લાગ્યું કે, ચાખ્યા વિના? જુઓ! પાણીમાં જેમ દૂધીને બાફે એ કરતાં લવણ વધારે પડી ગયું છે તો એના રેસા તૂટી ગયા છે. દૂધીના રેસા તૂટી ગયા છે એ જોઈને કહ્યું કે મીઠું વધારે છે, એમાં લવણ વધારે છે. એના રેસા તૂટી ગયા છે. વગર ખાધે. સમજાય છે કાંઈ? દૂધીના ટુકડા હોય ને? આમ સરખા હોય. પાણીમાં બફાય પણ જો મીઠું વધારે પડી જાય તો રેસા તૂટી જાય. ખ્યાલમાં આવી જાય કે મીઠું વધારે છે. લોકોને એમ થયું કે, 'શ્રીમદ્' આમ કેમ કહે છે? જુઓ! ચાખો. ખારુ છે. મીઠું વધારે પડી ગયું છે. જ્ઞાની હતા ને!

અહીં કહે છે કે લવણનું ખારાપણું અને શાકની ભિન્નતા કોને ખ્યાલમાં આવે છે, એ વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ સુદ ૧૧, ગુરુવાર, તા.૨૫-૮-૧૯૭૭
## કળશ - ૬૦, પ્રવચન - ૭૬

'કળશ ટીકા' 'કર્તા-કર્મ અધિકાર'. ૬૬ કળશ ચાલે છે ને? પહેલા દૃષ્ટાંત આપ્યો. પહેલા તો સિદ્ધાંત સિદ્ધ કર્યો હતો કે રાગાદિ વિકલ્પ જે છે એનાથી ભગવાનઆત્માને ભિન્ન કરવો. પહેલો બોલ એ લીધો. બે તો દૃષ્ટાંત છે. જેને સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય આત્મઅનુભૂતિ પ્રગટ કરવી હોય તો કઈ રીતે થાય? કે રાગ જે વિકલ્પ છે, ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ હોય, એ રાગથી જ્ઞાયકસ્વભાવનો ભિન્ન વિચાર કરવો. એ આવ્યું હતું ને? વસ્તુનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં, આવ્યું હતું ને? આહાહા..! વસ્તુ જે ભગવાનઆત્મા છે એ ત્રિકાળી શુદ્ધ છે, એનો વિચાર નામ જ્ઞાન કરવાથી જે અનાદિથી પર્યાયમાં અને રાગ-દ્વેષમાં જ્ઞાન ઢળી ગયું છે એ મિથ્યાદૃષ્ટિપણું છે. આહાહા..! એને છોડીને શુદ્ધ સ્વરૂપનો વિચાર કરતાં (અર્થાત્) શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન કરતાં. એમાં સિદ્ધાંત તો પહેલા લીધો, એના આ બે દૃષ્ટાંત છે. સમજાય છે કાંઈ? ત્યાં સુધી દૃષ્ટિ ફેરવવી કે ચાહે તો સ્ત્રી, કુટુંબ હોય કે ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્ર હોય, એના તરફથી પણ લક્ષ છોડવાનું છે. અને શુભરાગ જે ભક્તિ આદિ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે થાય છે, એ રાગનું પણ લક્ષ છોડવાનું છે. આહાહા..!

અહીંયા તો શુદ્ધ સ્વરૂપ વિચારતાં, એમ આવ્યું ને? એનો અર્થ સૂક્ષ્મ છે. કાલે થોડી સાધારણ વાત કરી હતી. શુદ્ધ સ્વરૂપ જે પોતાનું દ્રવ્ય છે શુદ્ધ અખંડ આનંદ, એ ત્રિકાળી દ્રવ્ય ચૈતન્યવસ્તુ છે. એમાં ભેદ કરવો કે આ આત્મા ગુણી છે અને એમાં આ ગુણ છે, એવો ભેદ કરવો એ પરદ્રવ્ય છે. સમજાય છે કાંઈ? પરદ્રવ્યથી પણ લક્ષ હટાવવાનું છે. શુદ્ધ સ્વરૂપનો વિચાર કરતાં, આવ્યું ને? આહાહા..! પોતાનું દ્રવ્ય જે વસ્તુ છે, શુદ્ધ ધ્રુવ ચૈતન્ય, એમાં એક દ્રવ્યમાં એવો વિકલ્પ ઉઠાવવો કે હું આ દ્રવ્ય છું અને હું ગુણથી ભેદરૂપ છું, એ વિકલ્પ પણ પરદ્રવ્ય છે. આહાહા...! આ તો ચોથો બોલ યાદ આવી ગયો.

અસંખ્યપ્રદેશી એકરૂપ ક્ષેત્ર છે, અસંખ્યપ્રદેશી એકરૂપ ક્ષેત્ર છે એ સ્વક્ષેત્ર છે. અને એમાં ભેદ વિકલ્પ વિચારવો કે આ પ્રદેશ આ છે અને આ પ્રદેશ આ છે, એ પરક્ષેત્ર છે. એ પરક્ષેત્રથી પણ દૃષ્ટિ હટાવવી અને ત્રિકાળી ચીજ છે એ સ્વકાળ છે. ત્રિકાળી શુદ્ધ સ્વરૂપ કહ્યું ને? એકલું ત્રિકાળી શુદ્ધ સ્વરૂપ, એ સ્વકાળ છે. અને એમાં અવસ્થા-પર્યાય થાય છે એ પરકાળ છે. ચાહે તો નિર્મળ પર્યાય હોય તો પણ એ પરકાળ છે. આહાહા..! ત્રિકાળી એક સમયમાં ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ શુદ્ધ ચૈતન્યનો વિચાર કરવામાં, જ્ઞાન કરવામાં વર્તમાન એક સમયની પર્યાય પણ પરકાળમાં જાય છે. પરદ્રવ્યની પર્યાય પરકાળમાં જાય છે એ તો પરકાળ છે પણ પોતાનું ત્રિકાળી ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ વિચારતાં એક સમયની પર્યાય પણ

પરકાળમાં જાય છે અને ત્રિકાળી જ્ઞાયકભાવ એ સ્વકાળમાં આવે છે. આવું છે. એ ૨૫૨ શ્લોકમાં આવે છે. 'કળશટીકા' છે ને? ૨૫૨. આ તો શુદ્ધ સ્વરૂપ વિચારતાં એના ઉપરથી (યાદ આવ્યું). આહાહા..! આવ્યું ને ઈ? ૨૫૨. વચ્ચે છે. એનું લક્ષણ. છે?

**'તેમનું લક્ષણ :'** છે? સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવ. પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ અને પરભાવનું લક્ષણ શું? આહાહા..! **'તેમનું લક્ષણ : સ્વદ્રવ્ય...'** છે? ભાઈ! ભાઈને આવ્યું? 'વેણીપ્રસાદજી'! આ ચોપડા તો બીજી જાતના છે ને તમારા કરતાં. આહા..! **'સ્વદ્રવ્ય એટલે નિર્વિકલ્પમાત્ર વસ્તુ,...'** આહાહા..! અભેદ શુદ્ધ સ્વરૂપ નિર્વિકલ્પ વસ્તુ તે સ્વદ્રવ્ય. આહાહા..! સમજાય છે કાંઈ? 'સ્વક્ષેત્ર એટલે આધારમાત્ર વસ્તુનો પ્રદેશ,...' અસંખ્ય પ્રદેશમાં ભેદ પણ નહિ. એકરૂપ સ્વક્ષેત્ર ત્રિકાળ. **'સ્વકાળ એટલે વસ્તુમાત્રની મૂળ અવસ્થા, સ્વભાવ એટલે વસ્તુની મૂળની સહજ શક્તિ,...'** હવે કહે છે.

**'પરદ્રવ્ય એટલે સવિકલ્પ ભેદ-કલ્પના,...'** આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્ર તો પરદ્રવ્ય, એમની ભક્તિનો ભાવ પણ પરદ્રવ્ય. પણ એક દ્રવ્યમાં (સવિકલ્પ) ભેદ-કલ્પના... **'પરદ્રવ્ય એટલે સવિકલ્પ ભેદ-કલ્પના,...'** છે? પોતાના દ્રવ્ય સ્વરૂપમાં ભેદ-કલ્પનાનો વિચાર થાય એ પરદ્રવ્ય છે. આહાહા..! સૂક્ષ્મ છે. 'રાજમલજી'ની ટીકા... બહુ સૂક્ષ્મ લીધું છે. સમ્યગ્દર્શન અનુભૂતિ કઈ રીતે થાય? કે પોતાનું સ્વદ્રવ્ય નિર્વિકલ્પ ચીજ શુદ્ધસ્વરૂપ અહીં જે કહ્યું ને? શુદ્ધ સ્વરૂપનો વસ્તુ વિચાર. શુદ્ધ સ્વરૂપ તો ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ એ શુદ્ધ સ્વરૂપ છે. એમાં ભેદ કરવો કે આ ત્રિકાળી છે અને ગુણનો ભેદ કરીને વિકલ્પ કરવો એ પણ પરદ્રવ્ય છે. આહાહા..! છે?

**'પરદ્રવ્ય એટલે સવિકલ્પ ભેદ-કલ્પના...'** આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ-પરિવાર આદિ તો પરદ્રવ્ય છે જ. ભક્તિનો રાગભાવ છે એ તો પરદ્રવ્ય છે, પણ અહીંયા એકરૂપ વસ્તુમાં-દ્રવ્યસ્વભાવમાં ભેદ વિચારવો... સમજાય છે કાંઈ? કે આ જ્ઞાયક એકરૂપ છે એમાં આ દ્રવ્ય છે અને આ ગુણ છે, એવો ભેદ વિકલ્પ કરવો એનું નામ પરદ્રવ્ય છે. સમજાય છે કાંઈ? આહાહા..! છે કે નહિ અંદર? ભાઈ! અહીં તો આપણે શુદ્ધ સ્વરૂપનો વિચાર કરતાં આવ્યું હતું ને? એમાં સૂક્ષ્મ ભરી દીધું છે. આહાહા..!

**'પરક્ષેત્ર...'** પરદ્રવ્યનું ક્ષેત્ર તો ભિન્ન છે જ પણ અહીંયા પરક્ષેત્ર કોને કહે છે? **'વસ્તુનો આધારભૂત પ્રદેશ નિર્વિકલ્પ (એકરૂપ) વસ્તુમાત્રરૂપે કહ્યો હતો તે જ પ્રદેશ સવિકલ્પ ભેદ-કલ્પના,...'** આ અસંખ્ય પ્રદેશ છે એવો વિકલ્પ ઉઠાવવો એ પણ પરક્ષેત્ર છે. આહાહા..! સમજાય છે કાંઈ? માત્ર પોતાના સ્વદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અસ્તિ અને પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની નાસ્તિ, એ તો એક સ્થુળ વાત થઈ. હવે અહીંયા પોતાનું દ્રવ્ય જે અખંડ અભેદ શુદ્ધ સ્વરૂપ છે એ સ્વદ્રવ્ય છે. એમાં આ આત્મા, આ ગુણ ને આ પર્યાય એવા ભેદ પાડવા એ પરદ્રવ્ય છે. અસંખ્યપ્રદેશી સ્વક્ષેત્ર એકરૂપ, નિર્વિકલ્પ અસંખ્યપ્રદેશી એકરૂપ નિર્વિકલ્પ એ સ્વક્ષેત્ર. એમાં વિચાર કરવો કે આ અસંખ્ય પ્રદેશ છે, એમાં આ પ્રદેશ છે ને આ પ્રદેશ છે, એના ને એના, હોં! એવો ભેદ કરવો એ પરક્ષેત્ર છે. 'નંદકિશોરજી'! કદી સાંભળ્યું નથી. વકીલ કબુલ તો કરે છે. આહાહા..! અહીં તો હજી પર દેવ-ગુરુ-શાસ્ત્રની

ભક્તિથી સમકિત મળી જશે (એમ માને). આહાહા..! અહીં તો કહે છે કે આત્મા એકરૂપ દ્રવ્ય છે એમાં ભેદ-કલ્પના કરવાથી પણ સમકિત પ્રાપ્ત નથી થતું.

મુમુક્ષુ :- સમકિત પ્રાપ્ત નથી થતું તો શું પ્રાપ્ત થાય છે?

ઉત્તર :- વિકલ્પ ઉઠે છે અને લાભ માને તો મિથ્યાત્વભાવ થાય છે. આહાહા..! આવો માર્ગ છે પ્રભુનો. ભૂતાર્થ અગિયારમી ગાથામાં આવ્યું ને? ભૂતાર્થ આશ્રિત સમ્યગ્દષ્ટિ. ભૂતાર્થ આ. ત્રિકાળ એકરૂપ શુદ્ધ સ્વરૂપ, જેમાં દ્રવ્યનો ભેદ નહિ, ક્ષેત્રનો ભેદ નહિ અને ત્રિકાળ વસ્તુ... આ આવ્યું, જુઓ!

'**બુદ્ધિગોચરરૂપ કહેવાય છે, પરકાળ એટલે દ્રવ્યની મૂળની નિર્વિકલ્પ અવસ્થા એ સ્વકાળ,...**' શું કહે છે? અવસ્થા શબ્દે અહીંયા પર્યાય ન લેવી. દ્રવ્યની મૂળની અભેદ અવસ્થ-ત્રિકાળરૂપ જે કાળ છે એને સ્વકાળ કહે છે. સમજાય છે કાંઈ? બાહ્યમાં તો એક સમયની પર્યાયને સ્વકાળ કહે છે અને પરની પર્યાયને પરકાળ કહે છે. અહીં તો અંદરમાં હવે ભેદ પાડે છે. ત્રિકાળી ચીજ છે એ સ્વકાળ છે. અવસ્થા શબ્દે પર્યાય ન લેવી. અવ-સ્થ, એમ લેવું.

'**પરકાળ એટલે દ્રવ્યની મૂળની નિર્વિકલ્પ અવસ્થા** (ત્રિકાળી) **તે જ અવસ્થાંતર-ભેદરૂપ...**' તેને પર્યાયમાં લક્ષ કરવું, અવસ્થાંતર-ત્રિકાળી દ્રવ્યનું લક્ષ છોડી અવસ્થાનું લક્ષ કરવું એ પરકાળ છે. સમજાય છે કાંઈ? સમજાય છે? ભાષા તો સાદી છે, બાપુ! ભાષા કંઈ એવી (અઘરી) નથી. આહાહા..! ભગવાન! તું અંદર કેવો છો એની વાત ચાલે છે. અને સમ્યગ્દર્શનનો વિષય શું, એ કહે છે. સમજાય છે કાંઈ? અનુભૂતિ, સમ્યગ્દર્શનનો વિષય શું છે?

કહે છે કે, એકરૂપ દ્રવ્ય એ સમ્યગ્દર્શનનો વિષય છે. આ દ્રવ્ય છે ને આ ભેદ છે એવા વિકલ્પ એ પરદ્રવ્ય છે. એ વ્યવહારનયનો વિષય અભૂતાર્થ છે. આહાહા..! ભગવાન અસંખ્યપ્રદેશી ક્ષેત્ર એકરૂપ નિર્વિકલ્પ ક્ષેત્ર છે એને સ્વક્ષેત્ર કહે છે. એ સ્વક્ષેત્રમાં ભેદથી વિચાર કરવો કે આ પ્રદેશ છે ને આ પ્રદેશ છે, એવા ભેદ, એ પરક્ષેત્ર. પરક્ષેત્ર પણ સમ્યગ્દર્શનનો વિષય નથી.

ત્રીજી વાત. ત્રિકાળી જ્ઞાયકભાવ એક સમયમાં ધ્રુવ છે એ સ્વકાળ. અને અવ-સ્થ વસ્તુમાં અવસ્થાંતર, પર્યાયના અવસ્થાંતર ઉપર લક્ષ જવું એ પરકાળ છે. આહાહા..! કહો, 'ડાલચંદજી'! આવી વાતું છે. છે? પછી ચારમાંથી કાઢીને એકરૂપ લેવું છે. સમજાય છે કાંઈ? '**અવસ્થાંતર-ભેદરૂપ કલ્પના...**' આ સમયની પર્યાય છે એવી કલ્પના કરવી એ પરકાળ છે. સ્વકાળ તો ત્રિકાળી વસ્તુને અહીંયા સ્વકાળ કહેવામાં આવે છે. આહાહા..!

'**પરભાવ એટલે દ્રવ્યની સહજ શક્તિના...**' વસ્તુની સહજ શક્તિઓ બપોરે ચાલે છે ને? એ સહજ શક્તિનો પિંડ જે છે એ સ્વભાવ છે. સહજ અનંત શક્તિનો પિંડ એ સ્વભાવ છે. '**પર્યાયરૂપ અનેક અંશ દ્વારા ભેદ-કલ્પના,...**' આહાહા..! અનંત શક્તિમાંથી એક શક્તિનો ભેદરૂપ વિચાર કરવો એ પરભાવ છે. પરભાવના કેટલા ભેદ? પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ પરભાવ. દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ પરભાવ. અહીં તો અનંત શક્તિના પિંડરૂપ વસ્તુમાં એક શક્તિ ભિન્ન પાડીને વિચાર કરવો એ પરભાવ. આહાહા..! આવો વારસો

ભગવાન મુકી ગયા છે, જુઓને! આહાહા..! પરભાવ, દ્રવ્યની સહજ શક્તિ, ત્રિકાળી એકરૂપ શક્તિમાં તેમાં ભેદરૂપ **'અનેક અંશ દ્વારા ભેદ-કલ્પના,...'** આ જ્ઞાનશક્તિ છે, આ દર્શનશક્તિ છે એવી ભેદ કલ્પનાનું નામ પરભાવ છે.

હવે પછી, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જે ચાર છે એ તો દ્રવ્ય છે ઈ જ દ્રવ્ય છે, ક્ષેત્ર છે ઈ જ ક્ષેત્ર છે, કાળ પણ ઈ જ છે અને ભાવ પણ ઈ જ છે (કહે છે). સમજાય છે કાંઈ? જે અખંડ દ્રવ્ય છે એ જ અખંડ સ્વક્ષેત્ર છે, એ જ અખંડ ત્રિકાળ છે, એ જ અખંડ શક્તિનો પિંડ સ્વભાવ છે. ચારનો ભેદ પહેલા સમજાવ્યો. સમજાય છે કાંઈ? પછી કહ્યું, ચાર પણ એક જ વસ્તુ છે. સ્વદ્રવ્ય કહો, સ્વક્ષેત્ર કહો, સ્વકાળ કહો, સ્વભાવ કહો. એ એકરૂપ ચીજ છે. આહાહા..! એની દૃષ્ટિ કરવી અને એનો વિચાર (કરવો). આવ્યું હતું ને? શુદ્ધ સ્વરૂપનો વિચાર-જ્ઞાન કરવું. એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. આહાહા..! કહો, 'વેણીપ્રસાદજી'! કદી ત્યાં સાંભળ્યું નથી. મજૂરી (કરી), સંસારની મજૂરી છે ને. આહાહા...! આવ્યું?

**'દ્રવ્યની સહજ શક્તિના...'** સ્વભાવિક અભેદ અનંત શક્તિ. **'પર્યાયરૂપ અનેક અંશ...'** એક એક શક્તિનો ભેદરૂપ વિચાર કરવો એ પરભાવ છે. એને પરભાવ કહે છે. આહાહા..! **'पशुनष्यति' 'એકાંતવાદી મિથ્યાદૃષ્ટિ જીવ જીવસ્વરૂપને સાધી શકતો નથી.'** એ ભેદને જ પોતાનો માને છે એ એકાંતી મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? અહીં તો એને પશુ કહ્યો. કેમ પશુ કહ્યો? બધ્યતે ઈતિ પશુ, સંસ્કૃતમાં એમ આવે છે. ભાઈ! પંડિતજી! આવે છે ને? આ સંસ્કૃતમાં આવે છે. પશુ કેમ કહ્યો? પશુ-બધ્યતે ઈતિ પશુ. મિથ્યાત્વથી બંધાય છે માટે એને પશુ કહેવાય છે. કેમકે પશુનું મિથ્યાત્વનું ફળ નિગોદ છે. આહાહા..! મિથ્યાત્વનું ફળ તો નિગોદ છે. નિગોદ છે એ પશુ છે, તિર્યંચ છે. એ તિર્યંચનો ભેદ છે ને. એકેન્દ્રિય, બે ઈન્દ્રિય.. આહાહા..! કહે છે કે એ ભેદનો વિચાર કરવામાં રોકાઈ ગયો એ એકાંતી મિથ્યાદૃષ્ટિ પશુ છે. ચારનો ભેદ છોડીને પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ, પરભાવનું પણ લક્ષ છોડી, સ્વદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ચારે એક જ વસ્તુ છે, એ એક જ છે. એને દ્રવ્યથી કહો તો સ્વદ્રવ્ય, ક્ષેત્રથી કહો તો અસંખ્યપ્રદેશી સ્વક્ષેત્ર, કાળથી કહો તો ત્રિકાળી, ભાવથી કહો તો અનંત શક્તિનું એકરૂપ. 'જ્ઞાનચંદજી'! આહાહા..!

અહીંયા આપણે ચાલે છે. આ દૃષ્ટાંત આવ્યું છે એ પહેલા સિદ્ધાંત કહ્યો એનો આ દૃષ્ટાંત છે. સિદ્ધાંત આ કહ્યો, વસ્તુનું સ્વરૂપ-શુદ્ધ સ્વરૂપ વિચારતાં ભિન્નપણારૂપ સ્વાદ આવે છે. આ (સિદ્ધાંત). આહાહા..! સમજાય છે કાંઈ? થોડું મુશ્કેલ પડે પણ પ્રભુ માર્ગ એવો છે. આહાહા..! એના જ્ઞાનમાં-પરલક્ષી જ્ઞાનમાં પણ સત્યતાનો નિર્ધાર ન હોય તો એને સ્વલક્ષી જ્ઞાન ન થાય. સમજાય છે કાંઈ? આહાહા..! 'યશપાલજી'! આવી વાત છે.

ત્રણલોકનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ એકરૂપ અભેદ બિરાજે છે. દ્રવ્ય કહો તો ઈ, ક્ષેત્ર કહો તો ઈ, કાળ ત્રિકાળ ઈ, ભાવ ત્રિકાળ કહો તો ઈ. આહાહા..! એનો આશ્રય કરવો, એનો વિચાર કરતાં-એનું જ્ઞાન કરતાં આત્માનો સ્વાદ આવે છે. એનો શબ્દાર્થ આ છે. સમજાય છે કાંઈ? ત્યારે અનુભૂતિ થાય છે. આહાહા..! અહીં તો હજી લોકો બહારથી કોઈ ગુરુની કૃપા

થઈ જાય ને ગુરુથી મળી જાય ને શાસ્ત્રથી મળી જાય (એમ માને છે). એય..! 'બલુભાઈ'! અને આણે વર્ષીતપ કર્યા હતા. વર્ષીતપ સમજો છો? શ્વેતાંબરમાં. એક દિવસ ખાવું અને એક દિવસ અપવાસ, એને વર્ષીતપ કહે છે. શ્વેતાંબરમાં ચાલે છે. 'ઋષભદેવ' ભગવાનને બાર મહિના આહાર નહોતો મળ્યો તો એનું આ લોકો અનુકરણ કરે છે. બાર મહિના. વર્ષીતપ એટલે? એક દિવસ ખાવું, બીજે દિવસે અપવાસ, ત્રીજે દિવસે ખાવું.. એમ બારે માસ. એ તો કદાચિત્ રાગની મંદતા હોય તો પુણ્યબંધનું કારણ છે અને એને ધર્મ માને તો સાથે મિથ્યાત્વ છે. આહાહા..!

અહીં તો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ચાર જે પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ, પરભાવ ઉપર દૃષ્ટિ રાખે તો પણ મિથ્યાત્વભાવ છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? પરદ્રવ્ય, ભગવાન પરદ્રવ્ય તો ક્યાંય રહી ગયા. દેવ-ગુરુ-શાસ્ત્ર પરદ્રવ્ય તો ક્યાંય રહી ગયા. છે કે નહિ? ભાઈ! 'શિવલાલભાઈ'! 'શિવલાલ' 'બોટાદ'વાળા નથી? એ રહ્યા. (સંવત) ૨૦૧૦ ની સાલમાં... બાવીસ વર્ષ થયા. એમના પિતાજીએ પ્રશ્ન કર્યો હતો. 'વીરચંદભાઈ'એ પ્રશ્ન કર્યો, મહારાજ! આ દેવ-ગુરુ ને શાસ્ત્ર પર? એ તો શુદ્ધ છે. એ શુદ્ધ છે છતાં પર? 'અગાસ' બહુ જાતા. એને એમ કે આહાહા...! દેવ-ગુરુ-શાસ્ત્ર, સર્વજ્ઞદેવ પરમેશ્વર, ગુરુ નિર્ગ્રંથ વીતરાગી સંતો, શાસ્ત્ર સર્વજ્ઞ ભગવાનના કહેલા, એ પર? ભાઈ! એ તો લાખ વાર પર, અનંત (વાર) પર છે. સમજાય છે કાંઈ?

અહીં તો એકરૂપ વસ્તુમાં ભેદ-કલ્પના કરવી એ જ પરદ્રવ્ય છે. આહાહા..! આવી વાત છે. અપૂર્વ વાત છે ને, ભગવાન! આહાહા..! અનંતકાળમાં પૂર્ણાનંદના નાથ ઉપર દૃષ્ટિ કરી જ નથી. સમજાય છે કાંઈ? પરમાત્મસ્વરૂપ પૂર્ણાનંદ અભેદ એકરૂપ નિર્વિકલ્પ વસ્તુ (છે). આહાહા...! દરબાર! આ બધું ક્યા હતું ન્યાં? દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ચાર ભેદ પાડ્યા. પરના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ તો ભિન્ન છે. અનંત દ્રવ્ય તો સિદ્ધ કર્યા. અનંત દ્રવ્ય છે, એક જ દ્રવ્ય છે એમ નહિ. પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ છે એની આમાં નાસ્તિ છે. એના પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં એની અસ્તિ છે. તો અનંત દ્રવ્ય સિદ્ધ થઈ ગયા. એક જ દ્રવ્ય છે એ વાત તદ્દન ખોટી છે. સર્વવ્યાપક એક જ આત્મા છે, એમ વેદાંત કહે છે ને? બિલકુલ પાખંડ દૃષ્ટિ છે. અલિંગગ્રહણમાં આવ્યું છે. અલિંગગ્રહણ છે ને? એમાં આવ્યું છે. અમેહનાકાર, એમ પાઠ છે. અમેહનાકાર-પાખંડીઓને પ્રસિદ્ધ સાધનરૂપ એક જ આત્મા, એને પાખંડીઓનું સાધન કહ્યું છે. અલિંગગ્રહણ. મેહનાકાર-અમેહનાકાર. મેહનાકાર એ ચૌદમો બોલ છે, અમેહનાકાર એ પંદરમો બોલ છે. વીસ બોલ છે ને? અલિંગગ્રહણના વીસ બોલ છે. ત્યાં એમ કહ્યું છે. (શાસ્ત્ર) છે અહીંયા?

**'લિંગનું એટલે કે મેહનાકારનું (-પુરુષાદિની ઇન્દ્રિયના આકારનું) ગ્રહણ જેને નથી...'** પુરુષની અને સ્ત્રીની જે ઇન્દ્રિય છે એનાથી તો ભિન્ન છે. એ તો જડની પર્યાય છે. એ લિંગથી ભિન્ન ભગવાન છે. પુરુષાકાર જે ઇન્દ્રિય છે એનાથી ભગવાન ભિન્ન છે. એ તો જડની પર્યાય છે. આહાહા..! મેહનાકાર-મૈથૂનની ઇન્દ્રિય, એનાથી ભગવાન ભિન્ન છે. આવી વાત છે, ભાઈ! 'પ્રવચનસાર' ભગવાનની દિવ્યધ્વનિનો સાર. ૧૭૨ ગાથા. એમાં આ

ચૌદમો બોલ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

**'આ રીતે આત્મા શુક્રવીર્ય'** અને માતાનું રુતુ, એને અનુસરીને થતો નથી. એ તો જડની પર્યાય છે. આત્મા એનાથી થાય? **'લિંગ વડે એટલે કે અમેહનાકાર વડે જેનું ગ્રહણ એટલે લોકમાં વ્યાપવાપણું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા પાખંડીઓને પ્રસિદ્ધ સાધનરૂપ આકારવાળો-લોકવ્યાપ્તિવાળો નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.'** બધા આત્મા એક જ છે, સર્વવ્યાપક છે. એ પાખંડીઓએ સાધન કરીને એ ઉભું કર્યું છે. આહાહા..! સમજાય છે કાંઈ? શાસ્ત્રમાં તો બધી વાત (આવી ગઈ છે). એ પંદરમો બોલ છે, હોં! છે ને? અમેહનાકાર જેનું. લોકમાં વ્યાપવાપણું-લોકવ્યાપક **'આ રીતે આત્મા પાખંડીઓને પ્રસિદ્ધ સાધનરૂપ આકારવાળો-લોકવ્યાપ્તિવાળો નથી...'** લોકમાં વ્યાપનારો આત્મા નથી. એનું નામ અલિંગગ્રહણ કહેવામાં આવે છે. આહાહા..! અરે..! શાસ્ત્રનો અભ્યાસ ન મળે. શું કહે છે અને શું છે (એ ખબર નથી). અનુભવ તો પછી પણ શાસ્ત્રનો અભ્યાસ તો પહેલા કરવો જોઈએ ને. કે શું કહે છે અને શું સત્ય છે.

મુમુક્ષુ :- એકલા વાંચે તો સમજાય નહિ.

ઉત્તર :- એકલા પણ વાંચે તો ખરા. નિશાળમાં અમારા માસ્તર હતા. એને બૈરા નહોતા. અત્યારે યાદ નથી. બૈરા નહોતા, પોતે રાંધતા. રાંધે સમજ્યા ને? એ વખતે જે છોકરાઓ હોંશિયાર હોય એવા બે-ત્રણ છોકરાને બોલાવે. અમે તો નિશાળમાં હોંશિયારમાં ગણાતા. બે-ત્રણ જણને બોલાવે. એ કામ કરે, રોટલી બનાવે અને છોકરાઓને સમજાવે. પણ ઈ એટલું કહે, ભાઈ! તું વાંચીને આવજે. હું અહીંયા જે સમજાવીશ ઈ વાંચીને આવજો. સમજાણું? વાંચીને આવજો. કેમકે જો તમે વાંચીને આવશો તો તમે શું સમજ્યા અને હું શું અર્થ કરું છું એનો ભેદ તમને ખ્યાલમાં આવશે. તને ખ્યાલમાં આવશે કે મેં તો આવો અર્થ કરેલો. અને માસ્તર તો આનો બીજો અર્થ કરે છે. તને એનો ભેદ સમજાશે. સમજાય છે કાંઈ? વાંચન કરે પછી ભલે એની દૃષ્ટિમાં ઉંધું બેસે. પછી એને સમજાય કે ઓહો હું તો આ શબ્દનો આવો અર્થ સમજતો હતો અને તમે તો બીજો અર્થ કરો છો. સમજાય છે કાંઈ? 'નરોતમ માસ્તર' હતા. બ્રાહ્મણ હતા. આ તો ૭૫ વર્ષ પહેલાની વાત છે. 'નરોતમ માસ્તર' હતા. એ અમને બોલાવે. કણબીવાડ છે એમાં મેડીમાં રહેતા. મેડી સમજ્યા? ઉપર કી મંજિલ. ઉપર રહેતા, ત્યાં રાંધતા. અમે બે-ત્રણ છોકરાઓ જઈએ. (પછી પૂછે) વાંચીને આવ્યા તમે? હા. બોલો શું સમજ્યા એમાં? આ અર્થ છે. અરે..! એનો અર્થ આવો નથી. એ સમજાવતા. આ તો ૭૫ વર્ષ પહેલાની વાત છે.

એમ અહીંયા કહે છે કે તમે શાસ્ત્ર પહેલા વાંચો. તમારી દૃષ્ટિથી એનો અર્થ શું લાગે છે, પછી ગુરુગમથી એનો અર્થ શું છે એ પછી સમજાશે. સમજાય છે કાંઈ? પણ શાસ્ત્ર વાંચે જ નહિ, એને ઉલટી દૃષ્ટિ શું છે અને સુલટી દૃષ્ટિ શું છે એની ખબર જ ન પડે.

અહીંયા કહે છે, આપણે અહીંયા આવ્યું ને? **'વસ્તુનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં ભિન્નપણારૂપ સ્વાદ આવે છે.'** સિદ્ધાંત તો આ સિદ્ધ કરવો છે. પછી દૃષ્ટાંત આપ્યો કે પાણી અગ્નિથી ઉષ્ણ થાય છે અને પાણીનો સ્વભાવ ઠંડો છે. એનું જ્ઞાન કોને થાય છે? કે

નિજસ્વરૂપગ્રાહી જ્ઞાનીને. જેને નિજ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ અભેદનું જ્ઞાન થયું હોય એને આ પાણી ઠંડુ છે અને અગ્નિપણાથી ઉનું થયું છે, એનું વ્યવહારુ જ્ઞાન એને સાચું થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? જેને અભેદ ચૈતન્યસ્વરૂપ ભગવાનઆત્માનું જ્ઞાન થયું હોય... એ કહ્યું ને? નિજસ્વરૂપગ્રાહી જ્ઞાન. એને જ પાણી-જળ ઠંડુ અને ઉષ્ણતા અગ્નિની છે એવો ભેદ નિજ સ્વરૂપનું જ્ઞાન હોય એને જ વ્યવહારનું સાચું જ્ઞાન થાય છે.

હવે આપણે અત્યારે શાકનું આવ્યું છે. શાક.. શાક. શું કહે છે? તરકારી? તમારે શું કહે છે? અહીં આવ્યું છે, જુઓ! '**एव लवणस्वादभेदव्युदासः ज्ञानात् उल्लसति**' છે? ચોથી લીટી છે. કાલે ત્યાં સુધી ચાલ્યું હતું. શું કહે છે? '**लवणस्वादभेदव्युदासः ज्ञानात् उल्लसति**' '**જેમ ખારો રસ,...**' શાકમાં મીઠું હોય છે ને? મીઠું-લવણ. '**ખારો રસ, તેના વ્યંજનથી ભિન્નપણા...**' વ્યંજન એટલે શાક. વ્યંજન સમજ્યા? દૂધીનું, તૂરિયાનું, ઘીસોડાનું શાક, એને વ્યંજન કહેવાય છે. એમાં ખારાપણું છે એ લવણનું છે. 'વ્યંજનથી ભિન્નપણા વડે 'ખારો લવણનો સ્વભાવ' એવું જાણપણું...' ખારાશ છે એ લવણનું સ્વરૂપ છે, શાકનું સ્વરૂપ ખારાશ નથી. દૂધી, ઘીસોડા, ભીંડા. એ ભીંડાનું શાક.. ભીંડો કહે છે ને? ભીંડા આવે છે. ભીંડી. એના શાકનો સ્વાદ ભિન્ન છે અને લવણનો સ્વાદ ભિન્ન છે. એ બેયનો સ્વાદ ભિન્ન છે. શાક ખારું નથી. લવણ ખારું છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

કાલે 'શ્રીમદ્'નું કહ્યું હતું ને? 'શ્રીમદ્'નું. 'શ્રીમદ્ રાજચંદ્ર' 'રાણપુર' રહ્યા હતા. આ 'પ્રેમચંદભાઈ' આવતા હતા ને? 'રાણપુર'. 'નારણભાઈ' અને 'પ્રેમચંદભાઈ', બેય ગુજરી ગયા. 'રાણપુર'. આજે પેલા ભાઈ આવ્યા છે. 'રાણપુર' પાસે ગામ છે, નામ ભૂલી ગયા. નાનું ગામ છે. ત્યાં બધા ભેગા થયા હતા. 'હડમતાળા'. 'હડમતાળા' નામનું એક ગામ છે. ત્યાં બધા મુમુક્ષુઓ ભેગા થયા હતા. 'શ્રીમદ્' પણ આવ્યા હતા. ઘણા વર્ષ પહેલાની વાત છે. સંવત ૧૯૫૭માં સ્વર્ગવાસ થઈ ગયો. એ પહેલાની વાત છે. વાટકામાં શાક આવ્યું. વાટકો સમજ્યા? કટોરી. વાટકામાં શાક આવ્યું. જોઈને કહ્યું, ભાઈ! આમાં મીઠું વધારે છે. જોઈને કહ્યું, હોં! ખાઈને નહિ. કેમ? કે દૂધીના શાકના ટુકડા પાણીમાં બફાય અને એમાં મીઠું વધારે પડી જાય તો એના રેસા તૂટી જાય. તૂટેલા રેસા જોઈને કહ્યું કે આમાં મીઠું વધારે છે. સમજાય છે કાંઈ? ગૃદ્ધિ માણસને તો ખારાપણું શું, એનું ભાન ન હોય. જુઓ ભાઈ! આમાં મીઠું વધારે છે. ચાખ્યું ત્યાં (ખબર પડી). તમે ચાખ્યા વિના કઈ રીતે કહ્યું? પણ જુઓને. દૂધીના ટુકડા પાણીમાં બફાય ત્યાં રેસા ન તૂટે. રેસા સમજ્યા ને? રગ. મીઠું વધારે પડી જાય તો રેસા તૂટી જાય અને આમ ટુકડા ટુકડા લાગે. આમાં ખારાશ વિશેષ છે. આહાહા...! એ ખારાપણું અને શાકનો સ્વાદ ભિન્ન છે, એનું જ્ઞાન કોને થાય છે? છે?

'**નિજસ્વરૂપના જાણપણા દ્વારા...**' આહાહા..! પહેલા નિજસ્વરૂપગ્રાહી કહ્યું હતું. અહીંયા આ લીધું. વાત તો એક જ કરવી છે. '**નિજસ્વરૂપના જાણપણા દ્વારા પ્રગટ થાય છે.**' આહાહા..! આ ખારાશ છે એ મીઠાની છે, શાક ખારું નથી. સમજાય છે કાંઈ? એમ ચુરમું.. ચુરમું હોય છે ને? એમાં ગળપણ છે એ તો ગોળનું છે, લોટ ગળ્યો નથી. ગળપણ છે એ તો ગોળનું છે. એમ ભિન્નપણાના સ્વાદનું યથાર્થ જ્ઞાન નિજ સ્વરૂપનું જેને જ્ઞાન છે તેને

યથાર્થ થાય છે. આહાહા..! વાત તો ઊંચી છે પણ વાત તો સત્ય છે. સમજાય છે કાંઈ?

નિજસ્વરૂપનું. 'ज्ञानात्' શબ્દ છે ને? 'ज्ञानात्'. જ્ઞાન કોને કહીએ? નિજ સ્વરૂપના જ્ઞાનને જ્ઞાન કહેવાય. શાસ્ત્રનું જ્ઞાન અને પરનું જ્ઞાન એ જ્ઞાન નથી, એ તો અજ્ઞાન છે. આહાહા..! સમજાય છે કાંઈ? જ્ઞાનસ્વરૂપ ભગવાનનું જ્ઞાન, જ્ઞાનનું જ્ઞાન. જે સ્વરૂપ ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપી, એનું જ્ઞાન. સ્વ આશ્રય કરી, સ્વસન્મુખ થઈને પોતાની જ્ઞાનની પરિણતિ જ્ઞાનગુણમાંથી આવી તેને અહીંયા 'ज्ञानात्' કહે છે. સમજાય છે કાંઈ? પર્યાયમાં એના જ્ઞાનનો ભેદ થયો એનું નામ જ્ઞાન કહે છે. વસ્તુ તો વસ્તુ છે. ચિદાનંદ સ્વરૂપ ભગવાનઆત્મા તો વસ્તુ છે. એ જ્ઞાનનો પિંડ છે, ધ્રુવ છે પણ એનો આશ્રય કરવાથી, પરનું લક્ષ અને પરનો આશ્રય છોડીને, ત્રિકાળી ભગવાન જ્ઞાનસ્વરૂપનો આશ્રય કરવાથી અથવા એની સન્મુખ થવાથી (જે જ્ઞાન પ્રગટ થયું તેને 'ज्ञानात्' કહે છે). નિમિત્ત, રાગ, પર્યાય, ભેદ-દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એ ચારનું લક્ષ છોડી.. આહાહા..! પોતાની અખંડ વસ્તુ ઉપર દૃષ્ટિ કરવાથી જે જ્ઞાન થાય છે તેને અહીંયા 'ज्ञानात्' કહે છે. સમજાય છે કાંઈ? પ્રભુ! માર્ગ બહુ જુદો છે. લોકો બહારમાં વળીને આખી જિંદગી ચાલી જાય છે. અરેરે..! મનુષ્યપણાનો એક એક સમય 'શ્રીમદ્' કહે છે.. આહાહા..! સ્ફટિક મણિ.. શું કીધું ઈ? કૌસ્તુભ મણિ. કૌસ્તુભ મણિ હોય છે ને? કૌસ્તુભ મણિ બહુ ઊંચી ચીજ છે.

'શ્રીકૃષ્ણ'નો જ્યારે જંગલમાં દેહ છૂટી ગયો ને? શું નામ કીધું? વનનું નામ ભૂલી જઈએ છીએ. કૌશંબી વન. કૌશંબી વનમાં 'શ્રીકૃષ્ણ'ને બહુ ક્ષુધા લાગી હતી, બહુ તૃષા લાગી હતી. કેમકે દ્વારકા સળગી. સોનાના ગઢ ને રતનના કાંગરા. દેવ સહાય કરતા હતા એ બધા ચાલ્યા ગયા. દ્વારિકા સળગી. સોનાના ગઢ સળગે. લાકડા બળે એમ સોનાના ગઢ સળગ્યા. આહાહા..! બળભદ્ર મોટા ભાઈ અને 'શ્રીકૃષ્ણ' નાના. ભાઈ! આપણે ક્યાં જશું? માતા-પિતાને તો નીકાળીયે દ્વારિકા બાર યોજન લાંબી અને નવ યોજન પહોળી સળગે છે. માતા-પિતા અંદર છે. બન્નેએ માતા-પિતાને રથમાં બેસાડ્યા અને બે ભાઈઓએ રથ ખેંચ્યો. જ્યાં બહાર નીકળે છે ત્યાં ગઢના દરવાજા (પડ્યા). દેવે હુકમ કર્યો, નીકળી જાઓ, છોડી દો. તમારા માતા-પિતા નહિ બચે, છોડી દો. આહાહા..! એ બહાર નીકળ્યા અને માતા-પિતા મરી ગયા. અરે..!

'કૃષ્ણ' 'બળદેવ'ને કહે છે, ભાઈ! આપણે હવે ક્યાં જઈશું? આહા..! સ્થાન બળી ગયા. કુટુંબ બળી ગયું. લાખો માણસો, કુંવરો, કુંવરની સ્ત્રીઓ બધા બળી ગયા. મકાન બળી ગયા, જાવું ક્યાં? 'બળદેવ' કહે છે, ભાઈ! આપણે પાંડવ પાસે જઈએ. ભાઈ! પાંડવોને તો આપણે દેશનિકાલ કર્યો છે ને. 'શ્રીકૃષ્ણ' કહે છે, પાંડવોને તો આપણે દેશનિકાલ કર્યો છે. ભાઈ! પાંડવો ખાનદાન છે, આપણને મદદ કરશે. ભલે આપણે કાઢી મુક્યા છે, ચાલો. આહાહા..! ચાલતા ચાલતા જ્યાં કૌશંબી વન આવ્યું.. તૃષા એવી લાગી.. એવી લાગી...

તરસે તરફડે ત્રિકમો, સજ્જાય આવે છે. પહેલા સજ્જાય બહુ કરી હતી. 'તરસે તરફડે

ત્રિકમો...' ત્રણે ત. 'તરસે તરફડે ત્રિકમો' ત્રણ ખંડનો વાસુદેવ તરસે તરફડે. ભાઈ! મને તૃષા લાગી છે. હું એક ડગલું ચાલી નહિ શકું. આહાહા..! 'બળદેવ' કહે છે, ભાઈ! તમે અહીંયા રહો, હું પાણી લઈ લઉં. પાણીનો લોટો પણ સાથે નહોતો. ઝાડના મોટા પાંદડા હતા એનું (પાત્ર) બનાવ્યું. 'બળદેવ' બુદ્ધિવાળા. લોટા જેવું બનાવ્યું અને પાણી લેવા ગયા. ત્યાં પાછળથી 'જરતકુમાર' (આવ્યો). એને ખબર નહિ કે આ 'કૃષ્ણ' છે. 'કૃષ્ણ' તો પુણ્યવંત પ્રાણી, મહા વાસુદેવ હતા ને. એના પગમાં પદમણિ હતી, પદ્મ.. પદ્મ. આ પગ ઉપર ચડાવીને સૂતા હતા. 'જરતકુમાર' લાગ્યું કે આ હરણ છે. પગ ઉપર પગ ચડાવીને સૂતા હતા. પગમાં પદ્મ હતું એટલે આંખ જેવું લાગતું હતું. 'જરતકુમાર'ને એવું લાગ્યું કે આ હરણ છે. બાણ માર્યું. બાણ મારીને જ્યાં નજીક આવે છે, 'કૃષ્ણ' પોકાર કરે છે, નિરપરાધીને મારવાવાળો કોણ છે? દેહ છૂટ્યા પહેલા એટલો અવાજ આવ્યો. આહાહા..! ત્યાં 'જરતકુમાર' આવ્યા. અરેરે..! પ્રભુ! તમે અહીંયા? હું બાર-બાર વર્ષથી તમારા કારણે (દ્વારિકાની બહાર રહ્યો). ભગવાને કહ્યું હતું. બાર વર્ષથી હું જંગલમાં રહેતો હતો. પ્રભુ! તમે અહીંયા ક્યાં આવી ગયા? આંસુની ધારા ચાલે છે. હજી જીવતા છે, મરવાની-દેહ છૂટવાની તૈયારી છે. 'જરતકુમાર'ને કહે છે, ભાઈ! તું અહીંથી ચાલ્યો જા. પાંડવ પાસે જા. મારે તો કૌસ્તુભ મણિનું કહેવું છે. 'કૃષ્ણ' પાસે કૌસ્તુભ મણિ હતું. એ વાસુદેવને હોય, બીજા પાસે ન હોય. અબજો રૂપિયાની કિંમત. કૌસ્તુભ મણિ હોય છે. ઈ 'જરતકુમાર'ને આપ્યું, જા ભાઈ! પાંડવોને બતાવજે, આ વાસુદેવનું કૌસ્તુભ મણિ છે. તો તારી રક્ષા કરશે. એને ઓળખાણ થશે. આહાહા..!

એમ અહીંયા મનુષ્યદેહ કૌસ્તુભ મણિ જેવો એક એક સમય છે. આહાહા..! આત્માનો ધર્મ કરવા માટે કૌસ્તુભ મણિ છે. પાંડવ પાસે કૌસ્તુભ મણિ લઈને જવું છે. એમ આ મનુષ્યપણામાં પોતાના આનંદકંદ પ્રભુ પાસે જવું છે એટલે આ કૌસ્તુભ મણિ કહેવાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીંયા કહે છે, '**નિજ સ્વરૂપગ્રાહી જ્ઞાનથી પ્રગટ થાય છે...**' શું પ્રગટ થાય છે? શાક અને ખારાશ, બેની ભિન્નતા જેને આત્માનું જ્ઞાન થયું છે એને એ બેની ભિન્નતાનો ભાસ થાય છે. જેને રાગની એકતાબુદ્ધિ મિથ્યાત્વ છે, એને તો મીઠું ખારુ અને શાક ભિન્ન, એનો ભેદ પણ યથાર્થ ભાસતો નથી. આહાહા..! જુઓ! પરમાત્માના પંથ તો જુઓ! આહાહા..! છે? 'રાજમલે' ટીકા કરી છે. '**ज्ञानात्**' નો અર્થ કર્યો. ગૃહસ્થ હતા.

મુમુક્ષુ :- કમાલ કરી છે.

ઉત્તર :- કમાલ કરી છે. આહાહા..!

મુમુક્ષુ :- અહીંયા તો આપ...

ઉત્તર :- એમાં છે ને ભગવાન! આહાહા..!

નિજસ્વરૂપનું જ્ઞાન. નિજ સ્વરૂપ શબ્દે અભેદ ત્રિકાળી. આ ચાર ભેદ પણ કાઢી નાખ્યા. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ, ભાવના ભેદ નહિ. અભેદ નિજ સ્વરૂપ ભગવાનઆત્મા, એનું જેને જ્ઞાન છે એ નિજ સ્વરૂપનું જેને જ્ઞાન થયું છે તેને... શું કીધું? શાક. શાકને શું કહે છે?

તરકારી. તરકારી અને ખારાશની ભિન્નતાનું એને ભાન થાય છે. ગૃદ્ધિવાળાને ભાન નથી થતું. સમજાય છે કાંઈ? આ શાક ને ખીચડીમાં મીઠું નાખે છે. બીજા દેશમાં તો ભાતમાં પણ મીઠું નાખે છે. ચોખા.. ચોખા. ભાતમાં પણ મીઠું નાખે, આપણે અહીંયા ખીચડીમાં મીઠું નાખે. ન્યાં ભાતમાં પણ મીઠું નાખે. બીજા પ્રદેશમાં નાખે છે. સાંભળ્યું છે, આપણે ક્યાં..?

મુમુક્ષુ :- આપણા દેશમાં મુસલમાન ચોખામાં નાખે.

ઉત્તર :- હા, ઈ ચોખામાં નાખે, ચોખામાં નાખે. મુસલમાન પણ ચોખામાં મીઠું નાખે. આહા..!

એક વખત એવું થયું કે થાળીમાં ખીચડી આવી. આમ જોતાં જ ખારી લાગી, બહુ ખારી. એણે કહ્યું, અને મહેમાન આવ્યા હતા, સત્તાપ્રિય, દીકરીના સસરા. સત્તાપ્રિય સમજ્યા? ઘરના શેઠિયાને ખીચડીમાં જ્યાં મીઠું વધારે લાગ્યું ત્યાં એને થયું, આ અત્યારે? શેઠને બહુ ખરાબ લાગશે. એટલે પૂછ્યું, કોણે આમાં મીઠું નાખ્યું છે? બે-ચાર બાઈયું કહે, અત્યારે બોલશો નહિ. ખ્યાલ આવી ગયો કે મેં એકવાર મીઠું નાખ્યું હતું, બીજી બાઈએ આવીને પાછું નાખ્યું. બૈરાઓ હોય. ખીચડી રંધાતી હોય એમાં એકવાર તો નાખ્યું હોય. બીજી બાઈને લાગ્યું, નહિ નાખ્યું હોય, એમ કરીને નાખ્યું. એટલે બાઈઓ કહે, બોલશો નહિ. આહાહા..! અહીં કહે છે કે ખારાપણું છે એ ખીચડીનું નથી, એ તો મીઠાનું છે. મીઠાનું અને ખીચડીનું ભેદનું જ્ઞાન નિજ સ્વરૂપનું જ્ઞાન જેને થાય છે તેને પરપ્રકાશક જ્ઞાન યથાર્થ હોય છે. 'બલુભાઈ'! આહાહા..! આવું તમારી દવામાં ક્યાંય આવતું નથી. થોથેથોથા. આહાહા..! છે?

'**ભાવાર્થ આમ છે કે જેમ લવણના સંયોગથી વ્યંજનનો સંભાર કરવામાં આવે છે...**' સંભાર કરે ને? મીઠું નાખીને. '**ત્યાં 'ખારું વ્યંજન' એમ કહેવાય છે,...**' બોલાય એમ કે શાક ખારું, ખીચડી ખારી, રોટલી ખારી, રોટલામાં પણ મીઠું નાખે છે. બાજરાના રોટલા બનાવે એમાં મીઠું નાખે. એ મીઠું છે ઈ ખારી ભિન્ન ચીજ છે અને બાજરાનો લોટ છે એ ભિન્ન ચીજ છે. આહાહા..! તો કહે છે લવણના સંયોગની વ્યંજન... વ્યંજન એટલે શાક. સંભાર (કરે છે). સંભાર હોય ને? સંભાર નથી કરતા? શાકમાં તેલ નાખીને સંભાર નાખે. અમારે કાઠિયાવાડમાં સંભાર કહે છે. એ સંભાર શબ્દ હિન્દીમાં લીધો છે.

'**ત્યાં 'ખારું વ્યંજન'** એમ કહેવાય છે, જણાય પણ છે; સ્વરૂપ વિચારતાં ખારું લવણ છે, વ્યંજન જેવું છે તેવું જ છે.' આહા..! શાક ખારું થયું જ નથી. એમ ભગવાનઆત્મા પુણ્ય-પાપના ભાવ અને ભેદભાવરૂપે થયો જ નથી. સમજાય છે કાંઈ? જેમ શાક ખારું થયું નથી. આહાહા..! એમ ભગવાનઆત્મા દયા, દાન, વ્રતાદિના વિકલ્પ અથવા ભેદ-દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના ભેદરૂપે આત્મા અભેદ થયો જ નથી. અજ્ઞાનીને ભેદ અને રાગરૂપ ભાસે છે એ દૃષ્ટિ મિથ્યાત્વ છે. આહાહા..! ધર્મીને તો આત્મા અભેદ ભાસે છે. આહાહા..! વિચાર કરતાં, એમ કહ્યું ને? જ્ઞાન કરતાં, દ્રવ્યનું જ્ઞાન કરતાં, વસ્તુનું જ્ઞાન કરતાં, અખંડાનંદ નાથ પ્રભુનું જ્ઞાન કરતાં,.. આહા..! આનંદનો સ્વાદ (આવે છે). અનાદિથી રાગનો સ્વાદ હતો એ છૂટીને આનંદનો સ્વાદ આવે છે. એનું નામ અનુભૂતિ અને એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાય છે કાંઈ? આહાહા..! એ કોઈ ગુરુની કૃપા કે ભગવાનની કૃપાથી મળી જાય એવી

ચીજ નથી.

મુમુક્ષુ :- ગુરુની કૃપાથી શું મળે?

ઉત્તર :- એની કૃપા હોય નહિ, એ તો અંદર પ્રગટ્યું ત્યારે કૃપા કહેવાય છે. આહાહા..! એ સાંઈઠમો કળશ પૂરો થયો. સાંઈઠમાં બહુ સરસ વાત કરી. નિજસ્વરૂપગ્રાહી-આવો અર્થ..! આહાહા..! 'રાજમલે' કર્યો.

જેને નિજ સ્વરૂપનું જ્ઞાન નથી એનું શાસ્ત્રનું જ્ઞાન પણ યથાર્થ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! એ શાસ્ત્રના અર્થ પણ ઉલટા કરશે. વ્યવહારથી નિશ્ચય થાય છે, નિમિત્તથી ઉપાદાનમાં થાય... શું થાય?

મુમુક્ષુ :- બહુ પ્રયોજનભૂત વાત આવી.

ઉત્તર :- પ્રયોજનભૂત આવી. અમારા શેઠ ખુશ થયા, લ્યો! સાચી વાત તો આમ છે. આહાહા..! ભાઈ! આહાહા..! પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને પરમાં નાખી દીધા. આહાહા..! નિજસ્વરૂપનો અર્થ અભેદ. આહાહા..! અભેદનું જ્ઞાન થવાથી પરનું યથાર્થ જ્ઞાન તેને થાય છે. બાકી પરનું પણ યથાર્થ જ્ઞાન એને થતું નથી. શાસ્ત્રના અર્થ પણ ઉંધા કરી નાખે એ તો. અજ્ઞાનીને સ્વરૂપનું જ્ઞાન નથી તો શાસ્ત્રના અર્થ પણ ઊંધા કરે. વ્યવહારથી થાય, નિમિત્તથી થાય, ક્રમબદ્ધ નથી.. આહાહા..! સમજાય છે કાંઈ? એ નિજ સ્વરૂપના જ્ઞાનના અભાવમાં વિપરીતતા છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

(અનુષ્ટુપ)

अज्ञानं ज्ञानमप्येवं कुर्वन्नात्मानमञ्जसा।
स्यात्कर्तात्मात्मभावस्य परभावस्य न क्वचित्।।१६-६१।।

**ખંડાન્વય સહિત અર્થ :** 'एवं आत्मा आत्मभावस्य कर्ता स्यात् ' ( एवं ) સર્વથા પ્રકારે ( आत्मा ) આત્મા અર્થાત્ જીવદ્રવ્ય ( आत्मभावस्य कर्ता स्यात् ) પોતાના પરિણામનો કર્તા હોય છે, 'परभावस्य कर्ता न क्वचित् स्यात्' ( परभावस्य ) કર્મરૂપ અચેતન પુદ્‌ગલદ્રવ્યનો ( कर्ता क्वचित् न स्यात् ) ક્યારેય ત્રણે કાળે કર્તા હોતો નથી. કેવો છે આત્મા? 'ज्ञानम् अपि आत्मानम् कुर्वन्' ( ज्ञानम् ) શુદ્ધ ચેતનમાત્ર પ્રગટરૂપ સિદ્ધ-અવસ્થા ( अपि ) તે-રૂપ પણ (आत्मानम् कुर्वन्) પોતે તદ્રૂપે પરિણમે છે. વળી કેવો છે? 'अज्ञानम् अपि आत्मानम् कुर्वन्' ( अज्ञानम् ) અશુદ્ધ ચેતનારૂપ વિભાવપરિણામ ( अपि ) તે-રૂપ પણ (आत्मानम् कुर्वन्) પોતે તદ્રૂપે પરિણમે છે. ભાવાર્થ આમ છે કે-જીવદ્રવ્ય અશુદ્ધ ચેતનારૂપ પરિણમે છે, શુદ્ધ ચેતનારૂપ પરિણમે છે, તેથી જે કાળે જે ચેતનારૂપ પરિણમે છે તે કાળે તે જ ચેતના સાથે વ્યાપ્ય-વ્યાપકરૂપ છે, તેથી તે કાળે તે જ ચેતનાનું કર્તા છે; તોપણ પુદ્‌ગલપિંડરૂપ જ જ્ઞાનાવરણાદિ કર્મ છે તેની સાથે તો વ્યાપ્ય-વ્યાપકરૂપ નથી, તેથી તેનું કર્તા નથી. 'अञ्जसा' સમસ્તપણે આવો અર્થ છે. ૧૬-૬૧,

## શ્રાવણ સુદ ૧૩, શુક્રવાર, તા.૨૬-૮-૧૯૭૭
## કળશ - ૬૧, પ્રવચન - ૭૭

'કળશટીકા' શ્લોક-૬૧.

अज्ञानं ज्ञानमप्येवं कुर्वन्नात्मानमञ्जसा।
स्यात्कर्तात्मात्मभावस्य परभावस्य न क्वचित्॥१६-६१॥

'एवं' '**સર્વથા પ્રકારે...**' એમ પાછું. કર્મના બંધનને સર્વથા પ્રકારે આત્મા કરતો નથી. એમ શરીરની હલનચલનની ક્રિયાને આત્મા સર્વથા પ્રકારે કરતો નથી. કોઈ એમ કહે કે નિશ્ચયથી નથી પણ વ્યવહાર તો છે ને? એ માટે 'एवं' શબ્દ વાપર્યો છે. મૂળ તો 'एवं' એટલે નિશ્ચય છે. નિશ્ચયથી સર્વથા પ્રકારે. 'જીવદ્રવ્ય..' '**आत्मभावस्य कर्ता स्यात्**' '**પોતાના પરિણામનો કર્તા હોય છે,...**' આહાહા..! પર પરિણામનો કર્તા તો ત્રણકાળમાં કદાચિત્ વ્યવહારથી પણ કરતો નથી. આહાહા..! આ બાયડી, છોકરા ને ધંધો કે કાંઈ કરતો નથી, એમ કહે છે. (કરતો હોય એમ માને તો) અજ્ઞાન મિથ્યાભ્રમ છે. બધાને, છોકરાઓને ધંધામાં રસ્તે ચડાવી દઉં પછી નિવૃત્તિ મળે. ભ્રમ છે, અજ્ઞાન છે, કહે છે. આહાહા..!

મુમુક્ષુ :-

ઉત્તર :- નિમિત્તનો અર્થ શું? નિમિત્ત કર્તા થાય છે. એ સમયે જ્યારે પર્યાય થઈ તો અજ્ઞાની રાગ અને યોગનો કર્તા છે એ પરની પર્યાયમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આટલી શરત છે. એ ('સમયસાર') ૧૦૦ મી ગાથામાં છે. પરદ્રવ્યની તો જે સમયે જે પર્યાય થવાની તે થવાની, થવાની ને થવાની. આહાહા..! એમાં પરદ્રવ્ય પણ ફેરફાર ન કરી શકે, એ દ્રવ્ય, આ આત્મા પણ એમાં ફેરફાર ન કરી શકે. ફક્ત અજ્ઞાની રાગ અને જોગનો કર્તા થાય છે એ જીવને એ પર્યાય કાળે અજ્ઞાનીને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આહાહા..!

જ્ઞાની-ધર્મી, જે સમયે જે પર્યાય પરમાં થાય છે તેમાં એ નિમિત્તમાત્ર કહેવામાં આવે છે. નિમિત્ત(માત્ર) નિમિત્તકર્તા નહિ. સમજાય છે કાંઈ? નિમિત્તમાત્ર કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- નિમિત્ત તો છે.

ઉત્તર :- એનો અર્થ શું? પરમાં કંઈ કરતો નથી. એ તો નિમિત્ત છે એમ કહ્યું. છે, બીજી ચીજ છે. નિમિત્ત બીજી ચીજ અને નિમિત્તકર્તા બીજી ચીજ છે. બેમાં મોટો ફેર છે. પર શરીર જેમ ચાલે છે, એની ક્રિયા... કાલે તો એ આવી ગયું ને? જ્ઞાનમાં એ જ્ઞેય છે. આમ થયું એમ જાણ્યું. પણ આમ થયું એમાં હું નિમિત્તકર્તા (છું). ઉપાદાનકર્તા તો તે સમયે તે છે. પણ હું નિમિત્તકર્તા છું એ પણ અજ્ઞાની એના રાગ અને યોગનો કર્તા થાય છે એ પરની પર્યાય થવા કાળે. પરની પર્યાય થવા કાળે ત્યાં તો પર્યાય થઈ છે. અજ્ઞાની નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આહાહા..! જ્ઞાની નિમિત્ત(માત્ર) કહેવાય છે, નિમિત્તકર્તા નહિ. સમજાય છે કાંઈ? અહીં '**સર્વથા પ્રકારે...**' શબ્દ લીધો છે. કથંચિત્ પરનો કર્તા થાય છે અને કથંચિત્

નહિ, એમ નથી. આહાહા..!

મુમુક્ષુ :- જૈનધર્મમાં તો કથંચિત્ હોય.

ઉત્તર :- ઈ જ કહે છે. જૈનધર્મમાં કથંચિત્ ક્યાં લાગુ પડે? તારી પર્યાય અજ્ઞાનપણે કથંચિત્ કર્તા છે અને જ્ઞાનપણે રાગનો કર્તા નથી, એમાં કથંચિત્ લાગુ પડે છે. સમજાય છે કાંઈ? રાગ-દ્વેષનો કર્તા કથંચિત્ અજ્ઞાન ભાવે તું છો. પરનો કર્તા તો છો જ નહિ. આહાહા..! અજ્ઞાન ભાવે રાગ-દ્વેષનો કર્તા કથંચિત્ નામ જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી કર્તા છે. જ્યારે જ્ઞાન થયું કે હું તો રાગથી ભિન્ન આત્મા છું... આહાહા..! એ રાગનો કર્તા પણ નથી. આહા..! એ તો રાગ... બપોરે પરિણમ્ય-પરિણામકત્વ (શક્તિ) ચાલી ને? રાગ જ્ઞેય છે એનું જ્ઞાન કરે છે પણ એનો પરનો કર્તા થાય છે (એમ નથી). આવી વાત ઝીણી. સમજાય છે કાંઈ?

**'परभावस्य कर्ता न कचित् स्यात्' 'જીવદ્રવ્ય પોતાના પરિણામનો કર્તા હોય છે,...'** **'परभावस्य कर्ता न कचित् स्यात्'** અહીં પરભાવ શબ્દે શરીર, કર્મને પરભાવ કહે છે. અહીંયા વિકાર પરિણામની વાત નથી. વિકાર પરિણામનો તો કર્તા જીવ અજ્ઞાન ભાવે છે. સમજાય છે કાંઈ? આ **'परभावस्य'**નો અર્થ જડ શરીર, કર્મબંધન, વાણી, પરદ્રવ્યની ક્રિયાને અહીંયા પરભાવ કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..! **'परभावस्य कर्ता न कचित् स्यात्'** ભાષા દેખો. પરભાવનો **'કર્મરૂપ અચેતન પુદ્ગલદ્રવ્યનો...'** અહીં તો નજીકમાં નજીક જે કર્મ પરિણમે છે, જેટલા પ્રમાણમાં રાગ-દ્વેષ કરે એટલા પ્રમાણમાં કર્મ પરિણમે છે એનો પણ કર્તા નથી તો પછી શરીરની ક્રિયા ને વાણીની ક્રિયા ને કુટુંબની ક્રિયા ને ધંધાની ક્રિયા આત્મા કરી શકે એમ ત્રણકાળમાં નથી. આહાહા..! આ તમે બધા વેપારી છો, કરો છો ને?

મુમુક્ષુ :- રોજ કરે છે અને ત્રણકાળમાં નહિ?

ઉત્તર :- એ તો કહ્યું ને, આપણે આવી ગયું ને? આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે પણ બળજોરીથી રાગનો કર્તા થાય છે, પરનો તો નહિ જ. સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપી ચૈતન્યબિંબ રાગનો કર્તા તો છે નહિ. પરના કર્તા છે એ તો વાત જ નથી પણ રાગનો કર્તા પણ બળજોરીથી, બળજોરીથી (થાય છે), એના સ્વભાવમાં નથી. આહાહા..! ઉલટી દૃષ્ટિથી શુભ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ બળજોરીથી કર્તા થાય છે, એના સ્વભાવમાં ઈ નથી. અને પરનો કર્તા તો બળજોરીથી પણ નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

**'સર્વથા પ્રકારે આત્મા અર્થાત્ જીવદ્રવ્ય પોતાના પરિણામનો કર્તા હોય છે,...'** **'परभावस्य'** પુદ્ગલ દ્રવ્યનો કર્તા **'कचित्'** (થાય છે). **'कचित्'** નામ ત્રણે કાળ. આહાહા..! શરીરની અવસ્થા જુવાન હોય તો આત્મા એ જુવાન અવસ્થાને આમ ચલાવે છે ને આમ (કરે છે), એ ત્રણકાળમાં નથી. આહાહા..! સમજાય છે કાંઈ? અહીંયા તો આટલી વાત લેવી છે. **'परभावस्य कर्ता न कचित् स्यात्'** ત્રણે કાળમાં કર્તા નથી. **'कचित्'** ની વ્યાખ્યા કરી. **'कचित्'** એટલે કોઈ કાળે, એમ લીધું છે. સમજાય છે કાંઈ? શરીરની આ ક્રિયા, વાણીની

ક્રિયા, ધંધામાં પૈસા લેવા-દેવા, તોળીને દેવું.. એ ક્રિયા ત્રણકાળમાં આત્મા કરતો નથી. સમજાય છે કાંઈ? આહાહા..! 'ક્યારેય ત્રણે કાળે કર્તા હોતો નથી.'

'કેવો છે આત્મા? **ज्ञानम् अपि आत्मानम् कुर्वन्**' '**શુદ્ધ ચેતનમાત્ર પ્રગટરૂપ સિદ્ધ-અવસ્થા...**' કરે. એ રૂપે પરિણમે. સિદ્ધ અવસ્થારૂપે આત્મા પરિણમે. એની પણ ભાષા વિશેષ છે. '**શુદ્ધ ચેતનમાત્ર પ્રગટરૂપ સિદ્ધઅવસ્થા...**' શક્તિમાં તો સિદ્ધરૂપ છે જ પણ પ્રગટરૂપ સિદ્ધરૂપ અવસ્થા, '**તે-રૂપ પણ પોતે તદ્રૂપે પરિણમે છે.**' સિદ્ધની અવસ્થા આત્મા કરે છે એ તદ્રૂપ પરિણમીને કરે છે, પરનો કર્તા નથી. આહા..! કર્મનો નાશ કરવો, એનો કર્તા આત્મા નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! આવું અભિમાન જ્યાં હોય ત્યાં (કરે). '**તદ્રૂપે પરિણમે છે.**'

'**વળી કેવો છે?**' કાં તો શુદ્ધ ચૈતન્યમાત્ર પ્રગટ સિદ્ધ અવસ્થારૂપ હો અથવા અજ્ઞાનથી '**आत्मानम् कुर्वन्**' અશુદ્ધ ચેતનારૂપ વિભાવ પરિણામરૂપે પણ થાય. પુણ્ય અને પાપના વિકારરૂપ અજ્ઞાનપણે પરિણમો કે સિદ્ધ અવસ્થાપણે પરિણમો પણ પરની અવસ્થાનો કર્તા ત્રણકાળમાં સર્વથા પ્રકારે પરમાર્થે નથી. સમજાય છે કાંઈ? આહાહા..! આવી વાત ભારે આકરી.

મુમુક્ષુ :- આથી વિરૂદ્ધ જ ચાલ્યા છીએ.

ઉત્તર :- બધું એવું જ ચાલે છે. એમાં તમારે દરબાર બધા ગરાસિયા તો... ઈ પોતે કહે છે, અમે ગરાસિયા આવા. દરબાર! જ્યાં હોય ત્યાં અમે આમ કરીએ છીએ, અમારો ગરાસ...

મુમુક્ષુ :- અમારા બાપ-દાદાએ માથા આપીને જમીન મેળવી છે.

ઉત્તર :- ધૂળમાં. અમારી જમીન છે ને અમે ગરાસદાર છીએ. અજ્ઞાનની ભ્રમણા છે. આહાહા..! જુઓને! આ 'મનસુખભાઈ' ગુજરી ગયા બિચારા. ૫૮ વર્ષની ઉંમરના અગ્રેસર. 'પોરબંદર'માં 'નેમચંદભાઈ' અગ્રેસર હતા. 'નેમિદાસ ખુશાલ' ગુજરી ગયા, હવે આ ગુજરી ગયા. ૫૮ વર્ષની ઉંમર. એવું છે. કરોડપતિ. ચાર ભાઈઓએ પચીસ-પચીસ લાખ વેંચ્યા હતા. ચાર ભાઈઓ છે. ત્યાં આપણા મુમુક્ષુ મંડળમાં અગ્રેસર છે. લ્યો, ૫૮ વર્ષે દેહ છૂટી ગયો. આજે સવારે જ કોઈ કહેતું હતું. ટૂંકી માંદગીમાં દેહ છૂટી ગયો. એ તો દેહની સ્થિતિ જે સમયે છૂટવાની થવાની તે થવાની. લાખ ડોક્ટર આવે કે દવા કરે, મરી જાય. સમજાય છે કાંઈ? 'મનસુખભાઈ' 'પોરબંદર'. 'ભુરાભાઈ'ના મોટા દીકરા. એના મકાનમાં રોકાણા હતા. ચાર છોકરા છે ને. કરોડપતિ. ચારેના પચીસ-પચીસ લાખના ભાગ પાડી દીધા. એમાં આ મરી ગયા. એક છોકરો છે, એનું કરતો હતો. આમ ધ્યાન રાખે. ઠેકાણે પાડું, છોકરો મોટો થાય પછી એને મારો અનુભવ આપીને બરાબર કામ કરે એવો બનાવું. બનાવી શકે છે? આહાહા..!

મુમુક્ષુ :- આપની પાસે બીજું તો શું કહે?

ઉત્તર :- એમ કહે છે, બહાર કરી શકીએ, અહીં ના પડાય. આહાહા..! અહીંયા તો આ વાત આટલી લીધી છે. આહાહા..!

રાત્રે કોઈ ભાઈનો પ્રશ્ન હતો ને? અવ્યક્તના છ બોલ. ૪૯ ગાથા. ત્યાં તો એમ કહ્યું, છ દ્રવ્યસ્વરૂપ જે લોક, છ દ્રવ્યસ્વરૂપ લોકથી પોતાનો આત્મા ભિન્ન છે, સપ્તમ (દ્રવ્ય) ભિન્ન છે. છ દ્રવ્યસ્વરૂપ લોક જ્ઞેય છે. કાલે આવ્યું હતું ને? જ્ઞેય છે, વ્યક્ત છે, બાહ્ય છે. એનાથી ભગવાનઆત્મા ભિન્ન અવ્યક્ત છે. આહાહા...! સપ્તમ (દ્રવ્ય) થઈ જાય છે. એક બાજુ છ દ્રવ્ય જ્ઞેય, એક બાજુ જ્ઞાયક આત્મા ભગવાન જ્ઞાતા. આહા..! સમજાય છે કાંઈ? એ આત્માને અવ્યક્ત કહેવામાં આવે છે. અવ્યક્ત નામ પર્યાયમાં આવ્યો નથી. વસ્તુ તરીકે વ્યક્ત છે. પણ દ્રવ્ય પર્યાયમાં આવ્યું નથી તેથી છ દ્રવ્યસ્વરૂપ લોક વ્યક્ત છે, જ્ઞેય છે, વ્યક્ત છે એનાથી ભિન્ન ભગવાન તે અવ્યક્ત છે. આહાહા..!

પરનો કર્તા તો નહિ, પણ પોતાની પર્યાયનો પણ કર્તા નથી. આહાહા..! અથવા ત્યાં તો જીવનો અધિકાર છે. કર્તા-કર્મ અધિકાર નથી. ૪૯ ગાથા અજીવનો અધિકાર છે. કહે છે કે જીવ તો ખરેખર અમે આને કહીએ છીએ કે પર્યાય જે વ્યક્ત છે અથવા લોકાલોક વ્યક્ત છે અને જ્ઞેય છે એનાથી ભિન્ન સ્વરૂપ ભગવાનઆત્માને, એ અવ્યક્તને અમે ભગવાનઆત્મા કહીએ છીએ. આહાહા..!

પર્યાયમાં અવ્યક્ત દ્રવ્ય જે છે એ જ્ઞાનમાં આવ્યું, પણ દ્રવ્ય છે એ વ્યક્ત પર્યાયને સ્પર્શતું નથી. આહાહા..! સમજાય છે કાંઈ? જીવ અધિકાર છે, અજીવ અધિકાર છે. જીવ એને કહીએ કે ત્રિકાળી જ્ઞાયકભાવ, જે પરનો તો કર્તા નથી પણ જેમાં પર્યાય નથી. કેમકે પર્યાય તો એને વિષય કરે છે. વિષય કરે છે એ ચીજમાં પર્યાય નથી. ઝીણી વાત છે. કાલે રાત્રે કોઈનો અવ્યક્તનો પ્રશ્ન હતો. સમજાય છે કાંઈ?

છ દ્રવ્યસ્વરૂપ લોક એક બાજુ, એ જ્ઞેય અને વ્યક્ત છે. એનાથી ભગવાનઆત્મા સપ્તમ ભિન્ન છે. 'સમ્યગ્જ્ઞાન દીપિકા'માં એમ લીધું છે. 'ધર્મદાસ ક્ષુલ્લક'. આત્મા સપ્તમ થઈ જાય છે. આમાંથી-આ બોલમાંથી કાઢ્યું છે. શું કહ્યું? છે તો છ દ્રવ્યમાં જ. છ દ્રવ્યથી ભિન્ન. આહાહા..! ઝીણી વાત છે. ૪૯ ગાથાનો વિષય બહુ સૂક્ષ્મ વિષય છે. છ બોલનો. છ દ્રવ્યસ્વરૂપ લોક. એમાં સિદ્ધ પણ આવ્યા, અનંત પંચપરમેષ્ઠી પણ આવ્યા, અનંત નિગોદના જીવ આવ્યા, અસંખ્ય સમ્યગ્દ્રષ્ટિ તિર્યંચ છે એ પણ આવ્યા, પંચમ ગુણસ્થાનવાળા શ્રાવક પણ અસંખ્ય છે, એ પણ આવ્યા. છ દ્રવ્યસ્વરૂપ લોક જ્ઞેય, વ્યક્ત છે, ભગવાન એનાથી ભિન્ન અવ્યક્ત છે. સમજાય છે કાંઈ? સ્ત્રી, કુટુંબ-પરિવાર તો જ્ઞેય છે જ પણ અહીંયા તો પંચપરમેષ્ઠી, અનંત સિદ્ધો અને કેવળીઓ. લાખો કેવળીઓ બિરાજે છે, અનંત સિદ્ધ થાય એ બધાને અહીંયા છ દ્રવ્યસ્વરૂપ લોકમાં જ્ઞેય તરીકે નાખ્યા છે. આહાહા..! પોતાનું સ્વરૂપ એ વ્યક્તથી ભિન્ન અવ્યક્ત છે. આહાહા..! પંચપરમેષ્ઠી જ્ઞેય છે, વ્યક્ત છે એનાથી આત્મા અવ્યક્ત ભિન્ન છે. સમજાય છે કાંઈ? માથુ ફરી જાય એવું છે. આહાહા..!

કાલે રાત્રે થોડું કહ્યું હતું ને? 'આનંદઘનજી'ના શબ્દ છે. 'અનુભવ તું હૈ હમારો, આય ઉપાય કરી ચતુરાઈ પરકો સંગ નિવારો, અનુભવ તું હૈ હમારો...' આત્માનું જ્ઞેય પરથી ભિન્ન અવ્યક્તનો અનુભવ કરવો એ અનુભવ ધર્મ છે. આહાહા..! અવ્યક્ત જે ચીજ છે એનો અનુભવ કરવો પર્યાયમાં, દૃષ્ટિનો વિષય તો અવ્યક્ત છે, પણ પર્યાયમાં એનો અનુભવ

કરવો.. આહાહા..! એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ધર્મ છે. સમજાય છે કાંઈ? ઈ એક બોલ થયો. અવ્યક્તનો એક બોલ થયો. બીજો બોલ. આ તો અમારા હંમેશાના સ્વાધ્યાયનો વિષય છે. હંમેશા સવાર-સાંજ કાયમ સ્વાધ્યાય ચાલે છે. ('સમયસાર'ની) સોળ ગાથા, અવ્યક્તના છ બોલ, વીસ બોલ અલિંગગ્રહણના, દસ બોલ 'શ્રીમદ્'ના, સ્વદ્રવ્યના (ધારક ત્વરાથી થાઓ), એવા દસ બોલ આવે છે. એનો સ્વાધ્યાય હોય છે.

બીજા બોલમાં એમ કહ્યું કે, કષાયભાવરૂપ ભાવકભાવ-દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ છે એ કષાયભાવ છે, એ ભાવકભાવ છે. ખરેખર તો કર્મરૂપી ભાવકનો એ ભાવ છે, પોતાનો નહિ. આહાહા..! કષાયરૂપ પુણ્ય-પાપરૂપ ભાવ, ભાવકભાવથી ભગવાનઆત્મા ભિન્ન છે. એ ભાવકભાવ વ્યક્ત છે, પ્રભુઆત્મા એનાથી ભિન્ન અવ્યક્ત છે. સમજાય છે કાંઈ? આહાહા..! ઈ સમ્યગ્દર્શનનો વિષય છે. ઝીણી વાત, ભાઈ! આહા..! અરે..! તત્ત્વની વસ્તુની દૃષ્ટિ ન કરે તો જન્મ-મરણથી કઈ રીતે છૂટશે? જુઓને! હમણા તો કેવું સાંભળીએ છીએ. ક્ષણમાં હાર્ટ ફેઈલ થઈ ગયું, આમ થઈ ગયું. એ તો સ્થિતિ પૂરી થવાનો કાળ હતો તો એમ જ થાય. સમજાય છે કાંઈ? એમાં જો પોતાનું કામ ન કર્યું... આહાહા..! કષાયભાવ જેટલા દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ આદિ શુભ-અશુભભાવ, મિથ્યાત્વ આદિ વ્યક્ત, બાહ્ય છે. ભગવાન એનાથી ભિન્ન અવ્યક્ત છે. આહાહા..! સમજાય છે કાંઈ? બે બોલ થયા.

ત્રીજો (બોલ). ચૈતન્યસામાન્યમાં ચૈતન્યની સમસ્ત વ્યક્તિઓ અંતર્લીન છે માટે અવ્યક્ત છે. શું કહ્યું? અર્થ કરીશું, હોં! એમ ને એમ નહિ (જવા દઈએ). ચૈતન્યસામાન્ય જે ત્રિકાળી વસ્તુ છે એમાં જેટલી પર્યાય વ્યક્ત છે એ ચૈતન્યસામાન્યમાં અંતર્લીન છે. ભૂત અને ભવિષ્યની જેટલી પર્યાય છે અવ્યક્ત વસ્તુ ચૈતન્યસામાન્યમાં ભૂત અને ભવિષ્યની પર્યાય અંતર્લીન છે. વર્તમાન પર્યાય પ્રગટ છે એ તો જ્ઞાન કરે છે. સમજાય છે કાંઈ? શું કહે છે? આ ત્રીજો બોલ છે. ચૈતન્યસામાન્ય વસ્તુ જે એકરૂપ ધ્રુવ સદૃશ ચૈતન્ય, એમાં ભૂત અને ભવિષ્યની જેટલી પર્યાય છે તે બધી અંતર્મગ્ન છે, અંતરમાં પડી છે, શક્તિરૂપ પડી છે, ધ્રુવમાં પડી છે. તેથી તેને અવ્યક્ત કહેવાય છે. જેટલી પર્યાય વ્યક્ત છે, ભૂત-ભવિષ્યની અંતર્મગ્ન થઈ ગઈ. ઝીણી વાત છે, ભાઈ! આ તો.. આહા..!

ચૈતન્યસામાન્ય એકરૂપ ત્રિકાળ, એમાં ભૂત અને ભવિષ્યની અનંતી પર્યાય સામાન્ય ચૈતન્યમાં અંતર્મગ્ન છે, અંતર્લીન છે, બહાર નથી. સમજાય છે કાંઈ? આહાહા..! એક વર્તમાન અવ્યક્તને જાણનારી તે ભિન્ન રહી. બાકી ભૂત અને ભવિષ્યની પર્યાય સામાન્ય ચૈતન્યમાં અંતર્મગ્ન છે, એ વ્યક્ત પર્યાય જે છે એ અંતર્મગ્ન છે તેથી આત્માને અવ્યક્ત કહેવામાં આવે છે. ઝીણી વાત, ભાઈ! આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાત છે.

ભવિષ્યમાં થનારી અનંત પર્યાય અને ભૂતની પર્યાય જે થઈ ગઈ, એ અંદર છે ને? એ બાહ્યમાં નથી. અશુદ્ધ પર્યાય છે એ અનંતી ગઈ પણ એ અંતરમાં મગ્ન છે. અંતરમાં મગ્ન કહેતા અશુદ્ધતા અંતરમાં નથી, પણ એની યોગ્યતા અંતરમાં મગ્ન છે. શું કહ્યું? અશુદ્ધ અનંતી પર્યાય થઈ ને? એ અશુદ્ધ પર્યાય પણ અંતર્મગ્ન છે એનો અર્થ શું? અશુદ્ધતા

અંતરમાં નથી પણ અશુદ્ધતાની યોગ્યતા અંતર્મગ્ન થઈ ગઈ. એવી ભવિષ્યમાં પણ અશુદ્ધ પર્યાય અને શુદ્ધ પર્યાય થશે, એ બધી પર્યાય અંતર્મગ્ન છે. આહાહા..! તેથી વ્યક્ત-અવ્યક્ત અંદરમાં મગ્ન છે તેથી તેને અવ્યક્ત કહેવાય છે. આહાહા..! અરે..! સમજવું કઠણ પડે માણસને. ત્રણ બોલ થયા ને?

ચોથો બોલ. ક્ષણિક વ્યક્તિમાત્ર એ નથી માટે અવ્યક્ત છે. વર્તમાન પર્યાય વ્યક્ત છે એ ક્ષણિક છે. એટલું માત્ર નથી માટે આ ચોથા બોલમાં એને અવ્યક્ત કહે છે. ફરીથી, એક સમયની પર્યાય જે વ્યક્ત છે, પ્રગટ વર્તમાન છે એ ક્ષણિક વ્યક્તિમાત્ર વસ્તુ નથી તેથી તેને અવ્યક્ત કહેવાય છે. ક્ષણિક વ્યક્તિ વર્તમાન પર્યાય છે એટલો જ પદાર્થ નથી. પંડિતજી! આહાહા..! ભગવાનઆત્મા... આ પંચમઆરાના પ્રાણી માટે તો કહ્યું છે. પંચમઆરાના સાધુ હતા. કોઈ કહે કે આ વાત તો ચોથાઆરાની છે. આહાહા..!

કહે છે, ક્ષણિક વ્યક્તિ અનંતગુણની અનંતીપર્યાય એક ક્ષણમાં છે એ તો ક્ષણિક વ્યક્તિમાત્ર છે, ક્ષણિક છે, એનાથી ભિન્ન છે. તેથી આત્માને, જે સમ્યગ્દર્શનનો વિષય છે તેને અવ્યક્ત કહેવામાં આવે છે. આહાહા..! ચાર બોલ થયા.

પાંચમો (બોલ). વ્યક્ત પર્યાય અને અવ્યક્ત દ્રવ્ય, બેયનું એકસાથે મિશ્રિત જ્ઞાન થવા છતાં... શું કહે છે? વ્યક્ત પર્યાય, અવ્યક્ત દ્રવ્ય, બેયનું એકસાથે જ્ઞાન મિશ્રિત હોવા છતાં એ વ્યક્તને સ્પર્શતો નથી. પ્રગટ પર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી તેને અવ્યક્ત કહે છે.

ફરીને, ભગવાનઆત્મા, એમાં ત્રિકાળી દ્રવ્ય અવ્યક્ત, પર્યાય વ્યક્ત. પર્યાય અને અવ્યક્ત દ્રવ્ય, બેયનું એકસાથે જ્ઞાન થાય છે. જ્ઞાન એકસાથે થાય છે. છતાં એ અવ્યક્ત વ્યક્તને સ્પર્શતું નથી. દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી. આહાહા...! ચાહે તો નિર્મળ પર્યાય હો, તો એનું અને ત્રિકાળીનું જ્ઞાન એકસાથે થાય, છતાં વ્યક્તને અવ્યક્ત સ્પર્શતું નથી. પ્રગટ પર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી.

મુમુક્ષુ :- જાણે છે.

ઉત્તર :- જાણવું જુદી વાત છે. જાણે. સમજાય છે કાંઈ? આહાહા..! પર્યાયને અને દ્રવ્યને જ્ઞાન જાણે છતાં એ પર્યાય જે વ્યક્ત છે તેનું જ્ઞાન થાય છે છતાં વ્યક્તને અવ્યક્ત સ્પર્શતું નથી. આહાહા..! એને અવ્યક્તને સમ્યગ્દર્શનનો વિષય કહેવાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? રાત્રે કોઈનો પ્રશ્ન હતો ને? કીધું, કાલે વાત. આ તો અત્યારે આવી ગયું. આહાહા..!

મુમુક્ષુ :- સમ્યગ્દર્શનનો વિષય અવ્યક્ત?

ઉત્તર :- ત્રિકાળી વસ્તુ વિષય છે, પર્યાય વિષય નથી. પર્યાય તો વિષય કરનાર છે. આહાહા..!

મુમુક્ષુ :- સમ્યગ્દર્શનનો વિષય અવ્યક્ત છે તો શું જોઈને શ્રદ્ધા કરી?

ઉત્તર :- આ જોઈને શ્રદ્ધા કરી. પર્યાયમાં આ જોયું, પર્યાયમાં દ્રવ્ય શ્રદ્ધામાં આવ્યું, જ્ઞાનમાં આવ્યું પણ દ્રવ્ય પર્યાયમાં આવ્યું નહિ. અને પર્યાયને દ્રવ્ય અડ્યું નથી. આવો માર્ગ છે, બાપા! આહાહા..! અરે આવું પરમસત્ય... સમજાય છે કાંઈ? અરે..! અશરણ (છે).

અનાદિથી સ્વયં સ્વરૂપ વસ્તુનું શરણ ન લીધું અને ચાર ગતિમાં પરિભ્રમણ કરે છે. આહા..! એક ક્ષણમાં ઉડી જાય, જાઓ... આહાહા..! જાઓ, ચોર્યાસીના ભવાબ્ધિ-ભવરૂપી સમુદ્રમાં ડૂબી ગયો, બૂડી ગયો. આહાહા..! તરવાનો રસ્તો આ છે.

એક સમયની પર્યાય ત્રિકાળી દ્રવ્ય અવ્યક્ત, પર્યાય વ્યક્ત, બેયનું જ્ઞાન એક સમયમાં મિશ્રિત એકસાથે છે. એમ હોવા છતાં એ જ્ઞાન પર્યાયને જાણે, દ્રવ્યને જાણે, છતાં દ્રવ્ય પર્યાયને અડતું નથી. આહાહા..! પર્યાય પર્યાયરૂપ છે, દ્રવ્ય દ્રવ્યરૂપ છે. આહાહા..! પહેલા બોલમાં કહ્યું હતું ને? 'ધર્મદાસ ક્ષુલ્લક' એમ લીધું છે, 'ધર્મદાસ ક્ષુલ્લક' સંવત ૧૯૪૮ની સાલમાં 'ધર્મદાસ ક્ષુલ્લક' થઈ ગયા. 'સ્વાત્માનુભવમનન', 'સમ્યગ્જ્ઞાન દીપિકા' બનાવી છે. આ 'સમ્યગ્જ્ઞાન દીપિકા'ની તકરાર 'ફલટન'માં થઈ ને? અરે..! ભગવાન! એ.. સોનગઢવાળાએ આવું કર્યું. અરે..! ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! એ તો 'ક્ષુલ્લક'ની વાણી છે. 'ધર્મદાસ ક્ષુલ્લક' 'સમ્યગ્જ્ઞાન દીપિકા'માં કહે છે, જેને માથે પતિ છે એ પતિને કારણે કોઈનો એવો સંગ થઈ ગયો હોય તો બહારમાં પ્રસિદ્ધિમાં આવતો નથી. બસ, એટલી વાત છે. દોષ નથી એ વાત નથી. આહાહા..! એમ જેને માથે આત્મા ભગવાન આનંદકંદ છે, શિરછત્ર ભગવાન પર્યાયમાં શિરછત્ર આત્મા છે. બાળકોને નથી કહેતા? અમારા શિરછત્ર પિતાજી. એમ પર્યાયના પિતા દ્રવ્ય શિરછત્ર છે. સમજાય છે કાંઈ? એટલે જેની દૃષ્ટિમાં શિરછત્ર દ્રવ્ય છે, એની પર્યાયમાં કોઈ રાગાદિ કે અશુભ આદિ થઈ જાય તોપણ એ બાહ્ય પ્રસિદ્ધિમાં નથી આવતો, એટલું. દોષ નથી એમ નહિ, દોષ તો દોષ જ છે. ત્યારે એણે એવું લગાવી દીધું, જુઓ! વ્યભિચાર કરો તોપણ દોષ નથી. અરે..! ભગવાન! એ 'ક્ષુલ્લક'નો આશય એવો નથી. અને એ તો 'ક્ષુલ્લક'નું કથન છે, એને ઠેકાણે લગાવી દીધું સોનગઢનું. કંઈ ડર છે? આહાહા..!

'સમ્યગ્જ્ઞાન દીપિકા'માં એમ લીધું છે કે 'સ્વાત્માનુભવમનન'માં ક્યાંક છે. છ દ્રવ્યથી ભગવાન ભિન્ન છે તો એ સપ્તમ દ્રવ્ય થઈ જાય છે. એ ક્યાંથી લીધું? (અવ્યક્તના) પહેલા બોલમાંથી. પહેલો બોલ લીધો ને? એમાંથી એમણે કાઢ્યું છે. છ દ્રવ્ય છે એ વ્યક્ત છે, જ્ઞેય છે. એનાથી ભિન્ન છે એ ભગવાન અવ્યક્ત છે તો એને સપ્તમ કહેવામાં આવ્યું છે. આહાહા..! આમાં તો ઉંઘ ઉડી જાય એવું છે. આહાહા..! આત્મા છે તો છ દ્રવ્યમાં, કંઈ છ દ્રવ્યથી ભિન્ન નથી. પણ એક બાજુ રામ અને એક બાજુ ગામ અર્થાત્ એક બાજુ આતમરામ અને એક બાજુ છ દ્રવ્ય. એ જ્ઞેય છે અને આ જ્ઞાયક છે. તેથી છ દ્રવ્યથી ભિન્ન સપ્તમ દ્રવ્ય થયું એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? આહાહા..! પાંચમો બોલ થયો. છઠ્ઠો બોલ જરી ઝીણો છે.

પોતાના બાહ્ય-અભ્યંતર અનુભવમાં આવનારા પરિણામ છે છતાં એ પરિણામથી ઉદાસીન છે. અર્થાત્ એક સમયના પરિણામમાં ટકતો નથી (-આવતો નથી). સમજાય છે કાંઈ? ન આવ્યું? છઠ્ઠો બોલ છે ને? 'પોતે પોતાથી જ બાહ્ય-અભ્યંતર સ્પષ્ટ અનુભવાઈ રહ્યો...' છે. બાહ્ય-અભ્યંતર પર્યાયમાં અનુભવાઈ રહ્યો છે. '**છતાં પણ વ્યક્તપણા પ્રતિ ઉદાસીનપણે...**' છે. પર્યાયનું વેદન છે પણ પર્યાયથી ઉદાસીન છે. પર્યાયમાં ટકતો નથી,

દ્રવ્ય ઉપર ચાલ્યો જાય છે. સમજાય છે કાંઈ? **'પોતે પોતાથી જ બાહ્ય-અભ્યંતર સ્પષ્ટ અનુભવાઈ રહ્યો...'** આનંદનું વેદન સ્પષ્ટ આવે છે. **'છતાં વ્યક્તપણા પ્રતિ...'** વ્યક્ત જે પર્યાય છે તેના પ્રત્યે ઉદાસીનપણે પ્રકાશમાન છે. ત્યાં રહેતો નથી, અંદર દ્રવ્યમાં ચાલ્યો જાય છે. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ બોલ છે, ભાઈ! પર્યાયમાં ટકતો નથી. એક સમયની પર્યાય છે ને. ઉદાસ (છે). કહ્યું ને? **'ઉદાસીનપણે પ્રકાશમાન છે માટે અવ્યક્ત છે.'** તેથી તેને અવ્યક્ત કહેવામાં આવે છે ભગવાનને. થોડું સૂક્ષ્મ તો છે. રાત્રે પ્રશ્ન થયો હતો.

મુમુક્ષુ :- પર્યાયનું વેદન હોવા છતાં પર્યાયથી ઉદાસ છે?

ઉત્તર :- પર્યાયથી ઉદાસ છે. પર્યાયમાં ટકતો નથી. સમયે સમયે અંદર જાય છે. બાહ્ય-અભ્યંતર પોતાના પરિણામ વેદનમાં આવવા છતાં એક સમયની પર્યાયથી ઉદાસ છે, ત્યાં ટકતો નથી. સમજાય છે કાંઈ? આ તો અગમ્યગમ્યની વાતું છે. ભાઈ! આહા..! સંતોની વાતું, એમાં 'કુંદકુંદાચાર્ય' 'અમૃતચંદ્રાચાર્ય'ની તો ગજબ વાત છે! વનરાવનનું તો કહે છે, વનરાવનનું ગાયન આવે છે ને? **'કુંદકુંદ જૈસે હુએ ન હોંગે'** એવા થયા નથી અને એવા કોઈ થશે પણ નહિ, એવા છે. આવી જાતના. બીજા હશે... પણ આમની જેવા નહિ. 'કુંદકુંદાચાર્ય'.. આહાહા..! આવે છે ને સ્તવનમાં? હુએ ન હૈ ન હોંગે. હુએ ન હૈ ન હોંગે. આહાહા..! ગજબ વાત છે. સાક્ષાત્ ભગવાન પાસે ગયા.. આહાહા..! પવિત્રતા તો કેટલી અને સાક્ષાત્ સદેહે ભગવાનની જાત્રા કરી. સમજાય છે કાંઈ? ભરતક્ષેત્રના માનવી, પરમાત્મા ત્રિલોકનાથ બિરાજે છે એમની સદેહે યાત્રા કરી. આહાહા..! આહાહા..!

મુમુક્ષુ :- તેઓ અહીંથી ગયા અને આપ ત્યાંથી અહીં આવ્યા.

ઉત્તર :- આહાહા..! સમજાય છે કાંઈ? આઠ દિવસ રહ્યા હતા. અહીં આવ્યા અને આ શાસ્ત્ર બનાવ્યા. આહાહા..! આવી વાણી, આવા સિદ્ધાંત ક્યાંય નથી. સમજાય છે કાંઈ? પણ એને સમજવા માટે ઘણી તૈયારી હોવી જોઈએ. બહુ પ્રયત્ન જોઈએ, ભાઈ! આહાહા..!

અંદર જ્ઞાયકભાવ ભગવાન બિરાજે છે, તો કહે છે કે એક બાજુ ગામ નામ છ દ્રવ્ય, એક બાજુ રામ નામ આત્મા. પોતાની જ્ઞાનની પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞાન થાય છે પણ છ દ્રવ્યથી ભિન્ન છે. અનંત સિદ્ધોનું જ્ઞાન પર્યાયમાં થાય છે પણ અનંત સિદ્ધોથી ભગવાન ભિન્ન છે. અથવા પંચપરમેષ્ઠીથી ભિન્ન છે પણ સ્વરૂપ પંચપરમેષ્ઠીસ્વરૂપ જ છે. આવે છે ને? અરિહંતસ્વરૂપ, સિદ્ધસ્વરૂપ છે. સ્વરૂપ એવું છે. 'તત્ત્વાનુશાસન'માં એવો પ્રશ્ન ચાલ્યો છે. પ્રભુ! તમે કહો છો કે અરિહંતનું ધ્યાન કરો. તો અરિહંત તો પર છે અને તમારું ધ્યાનમાં કરીએ તો તમે અરિહંત છો નહિ. એ તો ખોટું ધ્યાન થયું. 'તત્ત્વાનુશાસન'માં લીધું છે. (તો કહે છે), નહિ, નહિ. એકવાર સાંભળ તો ખરો. ભગવાન અરિહંતનું ધ્યાન કરે છે એ પોતે અરિહંતસ્વરૂપ છે, એ અરિહંતસ્વરૂપ જ છે. એનું ધ્યાન કરે છે એ નિષ્ફળ નથી, એના પરિણામમાં આનંદ આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? તમે કહો કે, અરિહંત છે, અરિહંત છે પણ પર્યાયમાં અરિહંત તો છે નહિ. અને તમે અરિહંતનું ધ્યાન કરવાનું કહો તો જૂઠું થાય છે. અરે..! સાંભળ તો ખરો, પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. તારી ચીજ અરિહંતસ્વરૂપ છે. વિકારના અભાવસ્વભાવ સ્વરૂપ તારી વસ્તુ છે, એ અરિહંતસ્વરૂપ જ છે.

તેનું ધ્યાન કરવાથી આનંદ આવે છે તો અરિહંતસ્વરૂપનું ધ્યાન કરવાનું નિષ્ફળ ન ગયું, સફળ થયું. આહાહા..! 'પોપટભાઈ'! આવી વાતું છે, બાપુ! આહાહા..!

સ્તવનમાં-સ્તુતિમાં લીધું છે. 'સ્વામી કાર્તિકેય'એ લીધું છે, પંચપરમેષ્ઠીસ્વરૂપ જ આત્મા છે. અરિહંતસ્વરૂપ છે, સિદ્ધસ્વરૂપ છે, આચાર્યસ્વરૂપ છે, ઉપાધ્યાયસ્વરૂપ છે, સાધુસ્વરૂપ છે. એ તો પાંચે વીતરાગસ્વરૂપ હતા ને? પાંચે પદ વીતરાગસ્વરૂપ હતા ને? તો આત્મા અંદર વીતરાગસ્વરૂપ જ છે. આહાહા..! સમજાય છે કાંઈ? ઝીણી પડે વાત, બાપુ! ભાઈ! માર્ગ આવો છે. જેમાં અનંતા જન્મ-મરણના અંત આવે અને જેના ફળસ્વરૂપે અનંત આનંદ આવે, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય ચતુષ્ટય વ્યક્ત-પ્રગટ થાય. અહીંયા આવ્યું ને?

'ચેતનમાત્ર પ્રગટરૂપ સિદ્ધ-અવસ્થા...' આવ્યું ને આજે? સિદ્ધ શક્તિરૂપે તો છે જ. સમજાય છે કાંઈ? પણ શક્તિનું ધ્યાન કરવાથી પ્રગટ અવસ્થારૂપ સિદ્ધ અવસ્થા થઈ જાય છે. સમજાય છે કાંઈ? આવી વાત છે. અરે..! ભગવાન! શું થાય? ભાઈ! આહાહા..! એ છઠ્ઠો બોલ થયો. એમ છએ બોલમાં અવ્યક્ત કહ્યો. અર્થાત્ પર્યાયમાં આવતો નથી. પર્યાય વ્યક્ત છે. પર્યાયમાં આવતો નથી તો અવ્યક્ત કહ્યું.

એમ કહ્યું કે વ્યક્ત અને અવ્યક્તનું જ્ઞાન થવા છતાં પણ વ્યક્તને સ્પર્શતો નથી માટે અવ્યક્ત કહેવામાં આવ્યો છે. પર્યાય એને શ્રદ્ધામાં લે. 'સમયસાર' ૧૭-૧૮ ગાથામાં આવ્યું છે. જ્ઞાનની પર્યાયમાં પર્યાયનો સ્વભાવ સ્વપરપ્રકાશક હોવાથી અજ્ઞાનીને પણ જ્ઞાનની પર્યાયમાં સ્વજ્ઞેયનું જ જ્ઞાન થાય છે. પણ એનું લક્ષ ત્યાં નથી. અજ્ઞાનીનું લક્ષ પર્યાય અને રાગ ઉપર હોવાથી પર્યાયમાં જ્ઞેય જણાય છે છતાં એને જણાયો નહિ. શું કહ્યું? જ્ઞાનની જે વર્તમાન પર્યાય છે, એ અજ્ઞાનીની પર્યાયમાં પણ સ્વનું જ જ્ઞાન થાય છે. કેમકે જ્ઞાનની પર્યાયનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે. તો એ પરપ્રકાશકને જાણે છે એ એકકોર રાખો, પણ એ પર્યાયમાં સ્વનું જ્ઞાન થાય છે. છતાં અજ્ઞાનીની દૃષ્ટિ એની ઉપર નથી તેથી જ્ઞેયનું એને જ્ઞાન થયું નહિ. સ્વજ્ઞેય, હોં! આહાહા..! થોડું ઝીણું પડે વિશેષ હોય તો રાત્રે પ્રશ્ન કરવા. રાત્રે સમય રાખ્યો છે કે નહિ? રાત્રે પ્રશ્ન કરવા. આહાહા..! આ તો અગમ્યગમ્યની વાતું. આહાહા..! આતમરામ એકલો આત્મરામ બાગમાં રમે. આહાહા..! જેમાં રાગ ને નિમિત્તનો સ્પર્શ નથી, એવી ચીજ છે.

રાગથી માંડી બધી વસ્તુ જ્ઞાનના જ્ઞેયરૂપે છે. એ જ્ઞાન કેટલું મોટું! રાગનું જ્ઞાન, પંચપરમેષ્ઠીનું જ્ઞાન, અનંત નિગોદના જીવનું જ્ઞાન, એ બધાનું જ્ઞાન કરે છે. જ્ઞાનની પર્યાયમાં જ્ઞેયનું જ્ઞાન છે. જ્ઞેયરૂપ થતો નથી અને જ્ઞેયને કારણે જ્ઞાનનું જ્ઞાન થતું નથી. આહાહા..! એવી વાતું છે, ભાઈ! અનંત સંસારનો છેદ કરી અનંત આનંદની પ્રાપ્તિ જે કારણે થાય એ સમ્યગ્દર્શન ચીજ કોઈ અલૌકિક છે. સમજાય છે કાંઈ? એ તો હોય નહિ અને વ્રત કરો ને તપ કરો ને અપવાસ કરો. બાપુ! ભાઈ! તને નુકસાન છે. તને એમ લાગે છે કે... આહાહા..! જન્મ-મરણના માથે વજ્રના ઓલા પડ્યા છે. જન્મ-મરણના ડર માથે પડ્યા છે ભવ. તારી દૃષ્ટિની વિરૂદ્ધતામાં ભવાબ્ધિ પડી છે. આહાહા..! ભગવાન જ્ઞાનસ્વરૂપની પર્યાયમાં છ દ્રવ્યને

જાણે, પરમેશ્વરને જાણે. આહાહા..! એ પર્યાયમાં જાણે છતાં એ પર્યાયમાત્ર આત્મા નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

'સમયસાર' પહેલી ગાથામાં આવ્યું ને? '**वंदितु सव्व सिद्धे**' એનો અર્થ શું કર્યો? વંદન કરું છું એવો અર્થ નહિ કાઢતા, 'અમૃતચંદ્રાચાર્યે' એવો અર્થ કાઢ્યો... '**वंदितु सव्व सिद्धे**' 'સમયસાર'નો પહેલો શબ્દ. આચાર્ય એમ કહે છે કે મારી પર્યાયમાં હું અનંતા સિદ્ધને સ્થાપું છું. આહાહા..! હે શ્રોતાજનો! તમારી જ્ઞાનની પર્યાયમાં હું અનંતા સિદ્ધોની સ્થાપના કરું છું. આહાહા..! સમજાય છે કાંઈ? માણસ દેશ-પરદેશ જાય છે ને? વાર-કવાર હોય તો આગળ કાંઈક મુકી આવે. પસ્તાનું. રસ્તામાં હોય તો પસ્તાનું મુકી આવે. પછી જાવું હોય તો જાય. એમ અહીંયા કહે છે, એકવાર અનંત સિદ્ધોનું પસ્તાનું તો લાવ. '**वंदितु**' નો અર્થ એમ કર્યો કે, પોતાની પર્યાયમાં સિદ્ધની પર્યાય સ્થાપવી એ વંદન છે, એનું નામ સિદ્ધોનો આદર કર્યો. આહાહા..! અને જેની પર્યાયમાં અનંતા સિદ્ધોની સ્થાપના થઈ એની દૃષ્ટિ ગુલાંટ ખાઈને દ્રવ્ય ઉપર જાય છે. 'સમયસાર'ના એક એક શબ્દ...! આહાહા..! ભાગ્ય જગતના 'સમયસાર' રહી ગયું. ઓહોહો..! કેવળીના પડ્યા વિરહ, મનઃપર્યય, અવધિજ્ઞાનીના વિરહ પડ્યા પણ 'સમયસાર', 'પ્રવચનસાર', 'નિયમસાર' જેવા પુસ્તક (રહી ગયા). આહાહા..! કેવળજ્ઞાનીના વિરહને ભૂલાવે એવી ચીજ છે.

એક શબ્દ લો. '**वंदितु सव्व सिद्धे**' ગજબ કામ કરે છે ને. આહાહા..! વંદન કરું છું એમ અર્થ ન કર્યો. એનો અર્થ કે હું આદર કરું છું. આદર કરું છું એનો અર્થ અમારી પર્યાયમાં અને તારી પર્યાયમાં અનંતા સિદ્ધોને સ્થાપું છું. આહાહા..! તારું લક્ષ હવે ફરી જવું જોઈએ. અનંતા સિદ્ધ હું તારી પર્યાયમાં સ્થાપું છું. શ્રોતાઓ! હું 'સમયસાર' કહીશ પણ અનંતા સિદ્ધ તારી પર્યાયમાં સ્થાપ. પછી તારું લક્ષ કરીને સાંભળ. આહાહા..! તું સિદ્ધ થઈ જઈશ. આહાહા...! સમજાય છે કાંઈ? આ ધૂળમાં પાંચ-પચીસ લાખ મળે ત્યાં ખુશી ખુશી થઈ જાય. આહાહા..! કરો લાપસીના આંધણ. શું કહેવાય તમારે? લાપશી કહે છે ને? આજે સટ્ટામાં એક કલાકમાં પચાસ હજાર પેદા થયા છે, લાપશી મૂકો. ધૂળમાંય નથી, લાપશો. આ લાપશી મુકી. અનંતા સિદ્ધને પર્યાયમાં સ્થાપ્યા, હવે અમે અલ્પકાળમાં સિદ્ધ થવાના છીએ. સમજાય છે કાંઈ? શ્રોતાને પણ એમ કહે છે, હું તમારી પર્યાયમાં અનંતા સિદ્ધ સ્થાપું છું. જો બરાબર સ્થાપશો તો અલ્પકાળમાં તમારી સિદ્ધગતિ થઈ જશે. આહાહા..!

એ અહીં છ બોલમાં ઘણું કહ્યું. અવ્યક્તના છ બોલ આવ્યા ને? હવે અહીંયા (ચાલતો વિષય). આત્મા '**તદ્રૂપે પરિણમે છે.**' શેના રૂપે? સિદ્ધની અવસ્થા. આત્મા સિદ્ધની અવસ્થારૂપે પરિણમે છે. સિદ્ધની અવસ્થાનો કર્તા હો, પણ પરનો કર્તા-કર્મનો નાશ કરવો ને ફલાણું કરવું એનો તો કર્તા છે જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

'**વળી કેવો છે? 'अज्ञानम अपि आत्मानम कुर्वन' અશુદ્ધ ચેતનારૂપ વિભાવ પરિણામ તે રૂપે પણ પોતે તદ્રુપ પરિણમે છે,...**' અજ્ઞાની આત્મા વિકારપણે તદ્રૂપ પરિણમે છે. તદ્રૂપ, પર્યાયમાં તદ્રૂપતા છે. ભાઈએ એક પ્રશ્ન કર્યો હતો ને. શુભ-અશુભ 'પ્રવચનસાર'માં છે ને?

તમારા.. શું કહેવાય? 'રતનચંદજી'. ભાઈએ કહ્યું હતું. અરે..! પ્રભુ! ભાઈ! એ તદ્રૂપ તો પર્યાયની વાત છે. આ કહ્યું ને? જુઓ! અશુદ્ધ ચેતના વિભાવ પરિણામપણે 'પોતે તદ્રૂપે પરિણમે છે.' પર્યાયમાં તદ્રૂપ છે, દ્રવ્ય તો શુદ્ધ ત્રિકાળ છે. આહાહા..! અરે..! ભગવાન! અરેરે..! લક્ષ્મી જાય, પિતાજી ગુજરી જાય, છોકરાઓ પાછળ તકરાર કરે. આ મકાન મારું ને હું મોટો છું, પહેલેથી મારું મકાન છે. હવે પાંચ લાખનું છે, બીજાને બે લાખનું છે પણ હું તો પહેલેથી અહીંયા છું. અને પિતાજીએ મને મકાન આપ્યું છે. એમ કેવળજ્ઞાની રહ્યા નહિ, કેવળજ્ઞાનની પર્યાયનો વિરહ પડ્યો અને પાછળ તકરાર થઈ. પેલો કહે, શુભભાવથી ધર્મ થાય, આ કહે, શુભભાવથી નથી થતો. અરે..! પ્રભુ! આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં કહે છે, આત્મા 'તદ્રૂપે પરિણમે છે.' સિદ્ધપણે પરિણમો કે અશુદ્ધપણે પરિણમો, એ તદ્રૂપ પરિણમે છે. પર્યાયમાં તદ્રૂપ, હોં! દ્રવ્ય નહિ. આહાહા..! દ્રવ્ય તો ત્રિકાળ શુદ્ધરૂપે છે, ત્રિકાળ શુદ્ધરૂપે. એકેન્દ્રિયરૂપે થાય તોપણ દ્રવ્ય તો શુદ્ધ જ છે. સિદ્ધપર્યાયરૂપે થાય તોપણ દ્રવ્ય તો શુદ્ધ જ છે. આહાહા..! પૂર્ણ સિદ્ધની પર્યાય પ્રગટી તો શુદ્ધતામાં કમી થઈ ગઈ (એમ નથી). શું કહ્યું? પૂરી નિર્મળ શુદ્ધ પર્યાય વ્યક્ત થઈ ગઈ તો અંદર શુદ્ધતામાં ઓછપ થઈ ગઈ એમ નથી. અને અક્ષરના અનંતમા ભાગે નિગોદમાં પર્યાય થઈ ગઈ તો અંદર શુદ્ધતા વધી ગઈ એમ નથી. શુદ્ધતા તો છે ઈ છે. ઈ શું કહ્યું? નિગોદના જીવને અક્ષરના અનંતમા ભાગે વિકાસ છે. એમાં એટલી અલ્પતા છે તો ત્યાં દ્રવ્યમાં શુદ્ધતા ઘણી છે એમ નહિ. દ્રવ્ય તો શુદ્ધ છે એ એકરૂપ ત્રિકાળ છે અને સિદ્ધરૂપે પર્યાય થઈ, પૂર્ણ શુદ્ધતા પ્રગટી તો અંતર શુદ્ધતામાં ઓછપ થઈ ગઈ એમ નથી. એ તો ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ જ્ઞાયકભાવરૂપે ત્રિકાળી બિરાજમાન છે. આહાહા..! તારી નજરને આળસે તને નિધાન દેખાતું નથી. સમજાય છે કાંઈ? આ ધૂળના નિધાન બાપ પાછળ મુકી જાય તો એકદમ ખોલે. સમજાય છે કાંઈ? એક ઠેકાણે ગૃહસ્થ હતા. ઈ કુંચી-ચાવી અહીં રાખે. અહીં રાખે, આપે નહિ. મરી ગયો ત્યારે ચાવી અહીં હતી. મોટો છોકરો એકદમ ગયો ને લઈ લીધી. બીજા છોકરાને ન ખબર પડે. આમ બને છે.

અહીં કહે છે, પ્રભુ! કાં તું સિદ્ધરૂપે પરિણમે કાં અશુદ્ધરૂપે પરિણમે, પણ પરનું પરિણમન તું કરે એ તો ત્રણકાળમાં નથી. જેમ એ ચાવી વારસો લેવા માટે ખોલે છે, એમ ભગવાનનો વારસો ચૈતન્ય છે તેનું જ્ઞાન કરીને આખો ખજાનો ખોલવાનો છે. ભગવાન આ વારસો મુકી ગયા છે. સમજાય છે કાંઈ? આ પૈસા ને આ.. જાઓ! દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ બધું પલટી જાય. આહાહા..! પશુમાં જાય તો ત્યાં દ્રવ્ય પણ જુદું, ક્ષેત્ર ભિન્ન, કાળ ભિન્ન, ભાવ ભિન્ન. અહીં શેઠિયા કહેવાય. આહાહા..! અરે..! પડદો જ્યાં પડ્યો... એ તદ્રૂપ પરિણમે છે પણ પરની શરીરની વાણીની કોઈ ક્રિયા ત્રણકાળમાં કરે એમ નથી. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ સુદ ૧૪, શનિવાર, તા.૨૭-૮-૧૯૭૭
## કળશ - ૬૧-૬૨, પ્રવચન - ૭૮

'કળશટીકા', 'કર્તા-કર્મ અધિકાર'. ૬૧ મો કળશ ચાલે છે ને? ભાવાર્થ છે. ભાવાર્થ છે ને? **'જીવદ્રવ્ય અશુદ્ધ ચેતનારૂપ પરિણમે છે,...'** ૬૧. અને **'શુદ્ધ ચેતનારૂપ પરિણમે છે,...'** શું કહે છે? ચાહે તો જીવ-આત્મા શુદ્ધ સિદ્ધપણે, મોક્ષમાર્ગપણે પરિણમો કે ચાહે તો અશુદ્ધપણે પરિણમો, પણ પરનો કર્તા તો ઈ છે જ નહિ. સમજાય છે કાંઈ? કર્તા-કર્મ અધિકાર છે ને? પોતાના શુદ્ધ ચૈતન્ય પરિણામ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રપણે હો, અહીંયા તો સિદ્ધપણે હો એમ લીધું છે, પોતાની પર્યાયમાં સિદ્ધપર્યાયપણે પરિણમો તો એ સિદ્ધપર્યાયનો કર્તા અને સિદ્ધપર્યાય કર્મ (છે). એ કર્તાકર્મ છે. એ પણ ઉપચારથી છે. આહાહા..! તેમ આત્મા કર્તા અને શુદ્ધ પરિણતિ કાર્ય એ ઉપચાર વ્યવહાર છે. આહાહા..! પરમાર્થે તો શુદ્ધ પરિણતિ પોતે જ કર્તા અને પોતે જ કર્મ છે. આહાહા..! સમજાય છે કાંઈ? પોતાનો આત્મા પોતાના સ્વભાવના આશ્રયે શુદ્ધ ચેતનારૂપ પરિણમન કરે.

આ ક્રમબદ્ધની મોટી તકરાર છે ને? 'પ્રિયંકરજી' લાવ્યા છે કે એમણે ક્રમબદ્ધ તો કબુલ કર્યું છે. ક્રમબદ્ધ જો છે...

મુમુક્ષુ :- અંતરમાં કબુલ કરે છે.

ઉત્તર :- આ તો બાહ્ય... એમ કે વાત તો એમની સત્ય છે, એટલું તો કહ્યું. પછી 'પ્રિયંકરજી'ને બોલાવવા છે ને, વ્યાખ્યાન પછી. મારે કોઈ વ્યક્તિનું કામ નથી. જો ક્રમબદ્ધનો નિર્ણય થાય તો ચારે અનુયોગનો સાર વીતરાગતા છે. સમજાય છે કાંઈ? 'પંચાસ્તિકાય' ની ૧૭૨ ગાથામાં (કહ્યું કે) ચારે અનુયોગનો સાર વીતરાગતા છે. એ વીતરાગતાની પ્રાપ્તિ થવી, એનો અર્થ એ થયો કે સ્વદ્રવ્યનો આશ્રય કરે તો વીતરાગતા પ્રાપ્ત થાય. એટલે ક્રમબદ્ધના નિર્ણયમાં પણ સ્વદ્રવ્યનો આશ્રય કરવો એ એનો નિર્ણય છે. 'ધન્નાલાલજી'! આહાહા..!

૩૦ વર્ષ પહેલા અહીંયા વિદ્વત પરિષદ ભરી હતી. 'પ્રવચન મંડપ'માં. 'લાલબહાદુરે' કબુલ કર્યું હતું કે ક્રમબદ્ધ છે. હજી એ વખતે 'જગનમોહનલાલજી' ના પાડતા હતા. એને વ્યવહારુ વાત હતી ને. 'લાલબહાદુર' કહે, ક્રમબદ્ધ બરાબર છે. ભાઈ! ઈ કહે છે, જો આપણે ક્રમબદ્ધનો નિર્ણય કરીએ તો એ તો 'સોનગઢ'ની વાત સાચી ઠરશે ને આપણી ખોટી ઠરશે. અરે...! ભગવાન! સત્ય શું છે એ વાત અહીંયા તો છે. કોઈની(વાત) રહે અને કોઈની (વાત) ન રહે, એનું અહીંયા શું કામ છે? પ્રભુ! આહાહા..!

અહીંયા તો કહે છે, કે આત્મા જે શુદ્ધ પરિણમન કરે છે... આહા..! એનો કર્તા આત્મા છે અને શુદ્ધ પરિણમન કાર્ય છે. કર્મનો અભાવ થયો એ શુદ્ધપરિણતિનું કાર્ય છે, એમ નથી. કર્મનો અભાવ થયો, કર્મનો નાશ થયો તો અહીંયા શુદ્ધ પરિણતિ પ્રગટ થઈ એમ નથી. શુદ્ધ પરિણતિનો કર્તા આત્મા છે અને જે શુદ્ધ પરિણમન-ધર્મની પરિણતિ થાય છે તે એનું કાર્ય

છે. એ પણ ઉપચારથી છે. કેમકે દ્રવ્ય અને પર્યાય બે વચ્ચે કર્તા-કર્મ કહેવું એ ઉપચારથી છે. આહાહા..! શરીર, વાણી, પરજ્ઞેયનો તો કર્તા છે જ નહિ. સમજાય છે કાંઈ?

એ તો આપણે પરિણમ્ય-પરિણામકત્વ શક્તિમાં બપોરે આવી ગયું. પરિણમ્ય-પરિણામકત્વ શક્તિ. એનો અર્થ કે આત્મા પરજ્ઞેયને જાણવાના સ્વભાવવાળો, ગ્રહણ કરનારો છે. પરદ્રવ્ય ચાહે તો અરિહંત હો, પંચપરમેષ્ઠી હો કે અનંત નિગોદના જીવ હો, એને પોતાના પ્રમાણજ્ઞાનમાં ગ્રહણ કરવાનો સ્વભાવ છે, જાણવાનો સ્વભાવ છે. આહાહા..! પરદ્રવ્યને કર્તાનો સ્વભાવ નથી, પરદ્રવ્યથી પોતામાં જ્ઞાન થાય છે એનો કર્તા પરદ્રવ્ય છે એ પણ નહિ. આહાહા..! પોતાનો સ્વભાવ પરજ્ઞેયને જાણવાનો એ પ્રમાણ છે. પરિણમ્ય-પરિણામકત્વ શક્તિ બપોરે ચાલે છે ને? પરિણમ્યનો અર્થ પ્રમાણ અને પરિણામકત્વનો અર્થ પ્રમેય. પોતાનો સ્વભાવ પરજ્ઞેયને ગ્રહણ કરવાનો-જાણવાનો છે. અને પોતાનો સ્વભાવ પરજ્ઞાનમાં ગ્રહણ કરાવવાનો સ્વભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

જ્ઞાની, પરમાત્મા અથવા શ્રુતજ્ઞાની કે મતિજ્ઞાનીમાં પોતાનો આત્મા પ્રમેય થઈને એના પ્રમાણજ્ઞાનમાં જણાવાલાયક છે. પરને પ્રમેય તરીકે ગ્રહણ કરાવવા લાયક છે અને પરને ગ્રહણ કરવા લાયક છે. આહાહા..! સમજાય છે કાંઈ? એમાં તો શુદ્ધ પરિણતિ પોતાનું કાર્ય છે અને પોતાનો આત્મા કર્તા છે, એ પણ ઉપચાર વ્યવહાર થઈ ગયો. પરનો કર્તા તો નથી, પરથી પોતામાં કેવળજ્ઞાન કે શુદ્ધ પરિણતિ થાય છે એમ નથી. આહાહા..!

ક્રમબદ્ધના નિર્ણયનો સાર તો વીતરાગતા છે. ક્રમબદ્ધ કહેવામાં પણ વીતરાગતા કહેવી છે. વીતરાગતા ક્યારે પ્રગટે? સ્વદ્રવ્યના આશ્રયે પ્રગટે. જિનની આજ્ઞા તો એ છે, ભૂતાર્થ આશ્રિત સમ્યગ્દર્શન થાય છે. અગિયારમી ગાથા. '**भूदत्थमस्सिदो खलु**' જે સત્યાર્થ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ છે, એનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. એનો અર્થ એ થયો કે ભગવાનની આજ્ઞા ક્રમબદ્ધનો નિર્ણય કરાવવાની છે, એમાં વીતરાગતા બતાવવી છે. એ વીતરાગતા સ્વદ્રવ્યના આશ્રયે પ્રગટ થાય છે. પરદ્રવ્યના આશ્રયે પ્રગટ થતી નથી. પરદ્રવ્ય તો વ્યવહાર પરાશ્રિત છે. પરાશ્રિતમાં તો રાગ ઉત્પન્ન થાય છે. આહાહા..!

નિશ્ચય સ્વઆશ્રિત છે, વ્યવહાર પરાશ્રિત છે. વ્યવહાર તો પંચપરમેષ્ઠી હો કે અનંત નિગોદના જીવ હો, એમ જે બતાવ્યું એ નિગોદના જીવની દયા પાળવા લાયક છે એ કારણે નથી બતાવ્યું. આહાહા..! અનંત નિગોદના જીવ છે એને તારા જ્ઞાનમાં ગ્રહણ કરવાનો સ્વભાવ છે, એમ બતાવવું છે. આહાહા..! સમજાય છે કાંઈ? પરની દયા પાળવા માટે બતાવ્યું છે એમ નથી. સમજાય છે કાંઈ? ફક્ત પોતાના જ્ઞાનમાં-પ્રમાણજ્ઞાનમાં પર અનંત જ્ઞેયો, પરમેષ્ઠી આદિ પદાર્થનું જ્ઞાન કરવાનો સ્વભાવ છે. ગ્રહણ નામ જ્ઞાન કરવાનો. અને પોતાનો સ્વભાવ પરના જ્ઞાનમાં ગ્રહણ કરાવવાનો સ્વભાવ છે. અર્થાત્ પ્રમાણરૂપ પણ આત્મા છે અને પ્રમેયરૂપ પણ આત્મા છે. આપણે એ શક્તિ ચાલી ગઈ. અહીંયા તો ઈ કહેવું છે કે શુદ્ધ પરિણતિનો કર્તા પણ આત્મા નથી એમ સિદ્ધ કરવું છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીંયા તો સિદ્ધ કર્યું કે શુદ્ધ પરિણતિપણે આત્મા પરિણમો કે અશુદ્ધપણે પરિણમો,

પણ એ પોતાની પરિણતિનો કર્તા છે, પરનો તો કર્તા છે જ નહિ. એટલું સિદ્ધ કરવું છે. આહાહા..! અને અશુદ્ધ પરિણતિપણે પરિણમે છે તો એટલા પ્રમાણમાં સામે કર્મનું બંધન થાય છે. એટલા જ પ્રમાણમાં. જેટલા રાગ-દ્વેષ કે અજ્ઞાન છે તેટલા જ પ્રમાણમાં સામે (બંધન થાય છે). છતાં એ બંધની પર્યાયનો કર્તા આત્મા નથી. આહાહા..! તો પછી શરીર ને વાણી ને દેશ ને પરની ક્રિયા આત્મા કરી શકે એમ નથી. પરને ગ્રહણ કરવાનો-જ્ઞાન કરવાનો સ્વભાવ છે. પરનું કર્તાપણું અથવા પરથી પોતામાં કંઈક થાય, એવો કોઈ સ્વભાવ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીંયા એ કહ્યું, ભાવાર્થ. '**જીવદ્રવ્ય અશુદ્ધ ચેતનારૂપ પરિણમે છે,...**' વિકારરૂપે પરિણમે તો પણ વિકારનો એ કર્તા અને વિકાર એનું કર્મ છે. એ પણ પર્યાયમાં છે. દ્રવ્ય અશુદ્ધતાનો કર્તા અને અશુદ્ધતા દ્રવ્યનું કાર્ય છે એમ નથી. ઈ શું કહ્યું? અશુદ્ધ પરિણતિ જે છે એનો કર્તા દ્રવ્ય અને દ્રવ્યનું એ કર્મ છે એમ નથી. કેમ? કે દ્રવ્યમાં એવી કોઈ શક્તિ નથી કે વિકારપણે પરિણમે. અનંત શક્તિઓ છે એ બધી શુદ્ધ છે અને શુદ્ધપણે પરિણમવું એ શક્તિનું કાર્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ!

અશુદ્ધતાનું પરિણમન થાય એ પર્યાયમાં ષટ્કારક પરિણમન છે. એ વાત તો 'વર્ણીજી' સાથે વીસ વર્ષ પહેલા થઈ હતી. 'પંચાસ્તિકાય' ૬૨ ગાથા. અશુદ્ધ પરિણમન, એક સમયમાં ષટ્કારકનું પરિણમન પર્યાયમાં પર્યાયથી છે. દ્રવ્ય-ગુણથી નહિ, પરથી તો નહિ જ. સમજાય છે કાંઈ? ઈ કહે છે, ચાહે તો અશુદ્ધપણે પરિણમો કે ચાહે તો શુદ્ધચેતનારૂપ પરિણમો. આહાહા..! છે? બહુ ગંભીર વાત છે. આહાહા..! આટલી વાત અહીંયા કરી છે કે એ આત્મા પરિણમો. પણ એ પણ વ્યવહારથી છે. દ્રવ્ય પરિણમતું નથી, પર્યાય પરિણમે છે. સમજાય છે કાંઈ? 'નંદકિશોરજી'! ઝીણી વાત છે, ભગવાન!

અશુદ્ધ પરિણતિનો પર્યાય કર્તા, પર્યાય કર્મ, પર્યાય કરણ, કરણ-સાધન પણ ઈ પોતે, પર્યાય સંપ્રદાન, પર્યાય અપાદાન, પર્યાય અધિકરણ. એક સમયની પર્યાયમાં ષટ્કારકનું પરિણમન છે. જેને દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી તો પરની અપેક્ષા છે જ નહિ. આ ઝઘડા છે ને બહુ. 'રતનચંદજી' ગયા. બે જણ ગયા. 'સહરાનપુર'. 'રતનચંદજી' કહે છે, કર્મથી વિકાર થાય છે, કર્મથી વિકાર થાય છે. આહાહા..! અહીંયા ના પાડે છે. અશુદ્ધ પરિણતિ પોતાથી થાય છે. સમજાય છે કાંઈ? પરથી નહિ. એ પણ પોતાના દ્રવ્યથી થાય છે એ પણ વ્યવહાર છે. અશુદ્ધ પરિણતિ પર્યાયમાં ષટ્કારકથી પરિણમે છે એ વસ્તુનો સ્વતંત્ર સ્વભાવ છે. સમજાય છે કાંઈ?

'**શુદ્ધ ચેતનારૂપ પરિણમે છે,...**' મોક્ષમાર્ગરૂપે પરિણમે છે એ જ્ઞાનચેતના. આ અશુદ્ધચેતના ઈ અશુદ્ધપણે પરિણમવું એ કર્મ(ચેતના) અને કર્મફળ ચેતના. સમજાય છે કાંઈ? અને આ શુદ્ધ ચેતનારૂપ પરિણમવું એ જ્ઞાનચેતના. અર્થાત્ જ્ઞાન શબ્દે ભગવાનઆત્મા શુદ્ધ શક્તિ અને શુદ્ધ દ્રવ્ય, એનું જે શુદ્ધ પરિણમન થાય એ તો શક્તિ શુદ્ધ છે તો પરિણમન શુદ્ધ છે. એમ માનવું એ પણ હજી વ્યવહાર છે. આહાહા..! બાકી શુદ્ધ પરિણતિની પર્યાયમાં ષટ્કારકને કારણે શુદ્ધ પરિણતિ કર્તા, શુદ્ધ પરિણતિ કાર્ય, શુદ્ધ

પરિણતિ કરણ, શુદ્ધ પરિણતિ અપાદાન, શુદ્ધ પરિણતિ રાખી એ સંપ્રદાન, શુદ્ધ પરિણતિ આધાર. આહાહા..! એક પર્યાયમાં ષટ્કારકના શુદ્ધ પરિણમનમાં આત્માનો કર્તા છે. આત્મા ભિન્ન છે. 'ધન્નલાલજી'!

મુમુક્ષુ :- અહીંયા તો .. કહ્યું છે.

ઉત્તર :- અહીં કહ્યું પણ વ્યવહારથી કહ્યું છે. ફક્ત પરથી ભિન્ન પાડવા માટે.

મુમુક્ષુ :- પેલું માનવું કે આ માનવું?

ઉત્તર :- બેય યથાર્થ (માનવા). આ માનવાનું ફળ શું? અશુદ્ધ પરિણતિ પોતાથી થાય છે, પરથી નહિ. (એમ માનવાનું) ફળ શું? તાત્પર્ય શું? અશુદ્ધ પરિણતિ તારાથી થાય છે એમ વાક્ય આવ્યું. વીતરાગ તો એમ કહે છે કે અમારા (ચારે) અનુયોગનો સાર તો વીતરાગતા છે. અશુદ્ધ પરિણતિ તારાથી થઈ એનું તાત્પર્ય શું? કે અશુદ્ધ પરિણતિની દૃષ્ટિ છોડી દે. આહાહા..! અને શુદ્ધ ચૈતન્યસ્વરૂપની દૃષ્ટિ કર. એ અશુદ્ધ પરિણતિનું પરિણમન તારાથી છે, એનું તાત્પર્ય આ છે. સમજાય છે કાંઈ? કેમકે એ તો ૧૭૨ ગાથામાં આવી ગયું કે સર્વ શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. ચાહે તો કરણાનુયોગ હો, ચરણાનુયોગ હો, કથાનુયોગ હો કે દ્રવ્યાનુયોગ હોય. એનું સાર, તાત્પર્ય, રહસ્ય વીતરાગતા છે. એ વીતરાગતા કઈ રીતે થાય? શું પરલક્ષે થાય? વ્યવહાર પરાશ્રયથી તો રાગ થાય છે. આહાહા..!

વીતરાગતા સ્વઆશ્રયે થાય છે. છતાં આશ્રય લે છે એમ અહીંયા ન લેવું. ફક્ત સ્વ ઉપર લક્ષ જાય છે. સમજાય છે કાંઈ? તેથી તેને આશ્રય કહ્યું. એ પ્રશ્ન બહુ ચાલ્યો હતો. 'ન્યાલચંદભાઈ સોગાની'. 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં એ પ્રશ્ન બહુ ચાલ્યો હતો. પર્યાયને દ્રવ્યનો આશ્રય હોય તો એ તો પરાધીન થઈ ગઈ. સમજાય છે કાંઈ? 'લાલચંદભાઈ'! ખબર છે? એમણે છપાવ્યું છે ને. 'લાલચંદભાઈ' અને 'શશીભાઈ'એ. એમાં અંદરખાને આ ચર્ચા થઈ હતી કે દ્રવ્યનો આશ્રય? પર્યાય, પર્યાય સ્વતંત્ર છે એને આશ્રય? એનો અર્થ એટલો કે લક્ષ આમ છે ઈ લક્ષ આમ જાય છે એટલું. સમજાય છે કાંઈ? પર્યાયનું લક્ષ પર ઉપર છે, એ પર્યાય તો ત્યાં રહી. એ પર્યાય અંદર લક્ષ નહિ કરી શકે. જે પર્યાય પરલક્ષમાં છે એ અશુદ્ધતા છે, એ તો ત્યાં રહી. હવે એનું તાત્પર્ય (શું)? અશુદ્ધ પરિણમન કરવામાં તું સ્વતંત્ર છે એનું તાત્પર્ય શું? પછીની પર્યાય દ્રવ્યનો આશ્રય લે અને વીતરાગતા પ્રગટ કરવી એ એનું તાત્પર્ય છે. આહાહા..!

મુમુક્ષુ :- કાલે તો આપે ફરમાવ્યું હતું કે દ્રવ્ય પર્યાયને અડતું નથી.

ઉત્તર :- એ તો કહ્યું હતું, હજી કહીએ છીએ. કાલે અવ્યક્તના છ બોલ ચાલેલા. ૪૯ ગાથા. પાંચમા બોલમાં તો એમ કહ્યું કે વ્યક્ત-અવ્યક્ત. વ્યક્ત નામ પર્યાય અને અવ્યક્ત નામ દ્રવ્ય. બેયનું એક સમયે સાથે મિશ્રિત જ્ઞાન થવા છતાં વ્યક્તને અવ્યક્ત અડતું નથી. સમજાય છે કાંઈ? હવે તમારો રાત્રિનો પ્રશ્ન હતો કે અલિંગગ્રહણમાંથી કંઈક કહેવું. એની સામે આ છે. પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી. ત્યાં આવ્યું, દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી. છ બોલમાં પાંચમો બોલ. ભગવાન! સૂક્ષ્મ વાત આવે તો છે સાદી ભાષામાં. ભાવ ભલે ગંભીર હોય પણ ભાષા એવી કોઈ સંસ્કૃત કે એવી નથી, કઠણ નથી. આહાહા..!

કહે છે, એક સમયમાં વ્યક્ત નામ પર્યાય અને અવ્યક્ત નામ દ્રવ્ય, બેયને એક સમયે જાણવા છતાં વ્યક્તને અવ્યક્ત સ્પર્શતું નથી. દ્રવ્ય પર્યાયને અડતું નથી. ઈ આવ્યું. તો વીતરાગતા થઈ. સ્વતંત્ર. હવે અલિંગગ્રહણનો ૧૮-૧૯-૨૦ બોલ. અલિંગગ્રહણના વીસ બોલમાં ૧૮મા બોલમાં એમ છે કે ગુણવિશેષને ગ્રહણ નહિ કરનાર. અર્થાવબોધરૂપ ગુણ.. અર્થાવબોધરૂપ ગુણ વિશેષનો આશ્રય નહિ કરનાર, એવો દ્રવ્ય સ્વભાવ છે. એવું દ્રવ્ય છે. સમજાય છે કાંઈ? શું કહ્યું? ગુણવિશેષને-ભેદને સ્પર્શ નહિ કરનારું એવું દ્રવ્ય છે. આહાહા..! શેઠે કાલે રાત્રે પૂછ્યું હતું. નહિ? થોડું આ કહેવું. સારું પૂછ્યું. સમજાય છે કાંઈ?

અર્થાવબોધરૂપ ગુણવિશેષ. સાંભળો! અર્થાવબોધ શબ્દો પડ્યો છે. અવબોધ-અર્થઅવબોધ. અર્થ નામ પદાર્થનું અવબોધ-જ્ઞાન. અવબોધ કહ્યું તો ત્યાં એકલું જ્ઞાન ન લેવું. અર્થાવબોધ ગુણવિશેષ એમ લેવું. અર્થાવબોધ ગુણવિશેષ અર્થાત્ પદાર્થમાં... અહીં પાઠ તો એટલો લીધો છે-અવબોધ. પણ દ્રવ્યમાં જેટલા ગુણ છે એ ગુણવિશેષ. અર્થાવબોધરૂપ ગુણવિશેષને નહિ સ્પર્શનારું એવું દ્રવ્ય છે. અરે..! એ દ્રવ્ય જ એવું છે કે ગુણને, ભેદને સ્પર્શતું નથી. સમજાય છે કાંઈ? એને અલિંગગ્રહણ કહે છે. વીસ બોલમાં અઢારમો બોલ. આહાહા..! સમજાય છે કાંઈ? ધીમે ધીમે કહીએ છીએ. એને વિચાર કરવા માટે અવસર રહે.

અર્થાવબોધરૂપ ગુણવિશેષ જેને સ્પર્શતું નથી એવું દ્રવ્ય છે. એનો અર્થ એ થયો કે ગુણી અને ગુણનો ભેદ પણ નહિ. આહાહા..! ગુણી દ્રવ્ય અને ગુણ-શક્તિ, એવા ભેદની પણ દૃષ્ટિ નહિ. આહાહા..! ગુણી-ગુણને ગ્રહણ કરે છે એમ નથી. ગુણી તો દ્રવ્ય સ્વભાવ છે. આહા..! ભેદને-અર્થાવબોધને ગ્રહણ નથી કરતો. આહાહા..! સમજાય છે કાંઈ?

ઓગણીસમો બોલ. પર્યાયવિશેષ, અર્થાવબોધરૂપ પર્યાયવિશેષને નહિ સ્પર્શનારું દ્રવ્ય છે. શું કહ્યું? સૂક્ષ્મ વાત છે, ભાઈ! 'પ્રવચનસાર'. પ્ર-દિવ્ય, વચન-દિવ્યધ્વનિ. દિવ્યધ્વનિ કહો કે પ્રવચન કહો. આહાહા..! એનો સાર, દિવ્યધ્વનિનો સાર 'પ્રવચનસાર'માં છે. ત્રિલોકનાથ પરમાત્માની ઓમ ધ્વનિનો સાર. આહાહા..! જ્ઞેય અધિકાર છે ને? ૧૭૨ ગાથા જ્ઞેય અધિકાર છે. ૯૩ થી ૨૦૦ ગાથા સુધી જ્ઞેય અધિકાર છે.

જ્ઞેયનો સ્વભાવ અહીંયા ઈ કહે છે, વાસ્તવિક આત્મજ્ઞેયનો આ સ્વભાવ છે. જ્ઞેય અધિકાર સમકિતનો અધિકાર છે. પહેલો અધિકાર જ્ઞાનનો છે. બીજો જ્ઞેયનો અધિકાર સમકિતનો અધિકાર છે. ત્રીજો ચરણાનુયોગ ચારિત્રનો-ક્રિયાનો અધિકાર છે. અહીંયા જ્ઞેય અધિકારમાં જ્ઞેય એવું છે.. આહાહા...! સમજાય છે કાંઈ? એ તો પહેલા કહ્યું હતું કે જ્ઞેય અધિકારની ૧૦૨ ગાથામાં એમ લીધું છે, કે જ્ઞેય એવું છે કે પોતાની જન્મક્ષણ છે. જે પર્યાય થવાનો કાળ છે એ સમયે ઉત્પન્ન થાય છે. એવો જ્ઞેયનો સ્વભાવ છે. શું કહ્યું? જ્ઞેય જે છએ દ્રવ્ય, હોં! જ્ઞેય જે છએ દ્રવ્ય, એ જ્ઞેયનો એવો સ્વભાવ છે કે જે સમયે જે પર્યાય ઉત્પન્ન થવાની છે એ એનો જન્મક્ષણ છે. એ પર્યાય ઉત્પન્ન થવાનો કાળ છે. સમજાય છે કાંઈ? એક વાત. એ જ્ઞેયસ્વરૂપ. બીજી વાત. (પ્રવચનસાર) ૯૯ ગાથા. પોત પોતાના અવસરે પર્યાય થાય છે એ જ્ઞેયનો અધિકાર-જ્ઞેયનો સ્વભાવ છે. આહાહા..! 'પાટણીજી'! સૂક્ષ્મ આવ્યું. કાલે શેઠે પ્રશ્ન કર્યો હતો. છ અવ્યક્તના બોલ ચાલેલા. આજે થોડું અલિંગગ્રહણનું

લીધું. આહાહા..! શું કહ્યું?

જ્ઞેય છ દ્રવ્યનો સ્વભાવ પોતાની પર્યાયના સ્વકાળમાં જ પર્યાય થાય છે એ જ્ઞેયનો સ્વભાવ છે. બીજી વાત. જ્ઞેયનો સ્વભાવ પોતપોતાના અવસરે પર્યાય થાય છે, આઘીપાછી નથી થતી એ જ્ઞેયનો સ્વભાવ છે. ત્રીજી વાત. જ્ઞેયનો સ્વભાવ ઉત્પાદ ઉત્પાદથી છે, વ્યયથી નથી, ઉત્પાદ ધ્રુવથી નથી, ધ્રુવ ઉત્પાદથી નથી એવો જ્ઞેયનો સ્વભાવ છે. સમજાય છે કાંઈ? એને સમકિત અધિકાર કહ્યો છે. 'જયસેનાચાર્યે' 'પ્રવચનસાર'ના બીજા જ્ઞેય અધિકારને સમકિતનો અધિકાર કહ્યો છે. પંડિતજી! આહાહા..! એમાં ક્રમબદ્ધ આવી ગયું. પોતપોતાના અવસરે થાય છે, એની ઉત્પત્તિનો જન્મક્ષણ છે અને ઉત્પાદ ઉત્પાદથી છે. તે તે સમયનો. જેમ ત્રિકાળી વસ્તુ ત્રિકાળરૂપ છે એમ વર્તમાન પર્યાયનો કાળ, એક સમયનો જે સમયનો કાળ છે તે જ સમયે તે ઉત્પન્ન થાય છે. આહાહા..! સૂક્ષ્મ છે પણ વસ્તુ આવી ગંભીર છે.

અલિંગગ્રહણમાં દ્રવ્ય, ગુણ બેની વાત કરી. અહીં સમકિતના અધિકારમાં આ લીધું. પોતપોતાના અવસરે થાય છે, જન્મક્ષણ છે, ઉત્પાદ ઉત્પાદથી છે. એક વાત. 'કાર્તિકેયાનુપ્રેક્ષા'માં કાળલબ્ધિમાં એમ લીધું કે છએ દ્રવ્યની કાળલબ્ધિ છે. પોતપોતાની પર્યાયના કાળે પર્યાય ઉત્પન્ન થાય છે એ કાળલબ્ધિ છે. આહાહા..! સમજાય છે કાંઈ? અહીંયા પણ ક્રમબદ્ધ થયું. પણ એનું તાત્પર્ય શું? સમજાય છે કાંઈ? ઈ અલિંગગ્રહણમાં કહ્યું. અર્થાવબોધરૂપ પર્યાયવિશેષને નહિ ગ્રહણ કરનારું એવું દ્રવ્ય છે. પર્યાયને સ્પર્શતું નથી, દ્રવ્ય પર્યાયને અડતું નથી. આહાહા..!

હવે ત્રીજો બોલ આકરો છે. પર્યાય દ્રવ્યને અડતી નથી, એ વીસમો બોલ છે. સમજાય છે કાંઈ? શું કહેવાય? પ્રત્યભિજ્ઞાન. પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે ધ્રુવ દ્રવ્ય, એને પર્યાય સ્પર્શતી નથી. સામાન્ય છે એ પર્યાયને અડતું નથી. આહાહા..! અને પર્યાય દ્રવ્યને અડતી નથી. આહાહા..! એવું અહેતુક સત્ છે. ત્રણે સત્ છે ને? ઉત્પાદ, વ્યય અને ધ્રુવ ત્રણે સત્ છે. અને જ્ઞેય અધિકારમાં એ ત્રણેયને સ્વતંત્ર સિદ્ધ કર્યા, ત્રણેયને સ્વતંત્ર સિદ્ધ કર્યા છે. અને એ શ્રદ્ધા-સમકિતનો અધિકાર છે એમ કહ્યું. પંડિતજી! સમકિતનો અધિકાર કહ્યો. આહાહા..!

આમ તો સમકિતમાં તો દ્રવ્યસ્વભાવનો આશ્રય થાય એ સમકિત છે. પણ અહીં જ્ઞાનપ્રધાન અધિકાર છે ને ચરણાનુયોગ ચૂલિકામાં તો એમ લીધું છે કે, જ્ઞેય અને જ્ઞાયકની શ્રદ્ધા એ સમકિતદર્શન છે, એમ લીધું છે. એકલો જ્ઞાયક લઈએ છીએ એ તો દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ. પણ જ્ઞાનપ્રધાન સમ્યગ્દર્શનની જે વ્યાખ્યા છે... આહાહા..! ત્યાં ચરણાનુયોગ ચૂલિકામાં લીધું છે. કઈ ગાથા? ૨૪૨? ૨૪૨ ગાથા છે. જોવું છે? છે અહીંયા 'પ્રવચનસાર'? ૨૪૨ ગાથા છે. '**જ્ઞેયતત્ત્વ અને જ્ઞાતૃતત્ત્વની તથાપ્રકારે (જેમ છે તેમ, યથાર્થ) પ્રતીતિ જેનું લક્ષણ છે તે સમ્યગ્દર્શનપર્યાય છે;...**' અગિયારમી ગાથામાં એમ કહ્યું કે ભૂતાર્થનો આશ્રય, એકલા સ્વદ્રવ્ય ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન છે. એ દૃષ્ટિપ્રધાન કથન છે. અને જ્ઞાનપ્રધાન સમ્યગ્દર્શનના કથનમાં... આહાહા..! '**જ્ઞેયતત્ત્વ...**' જેટલા જ્ઞેય છે એ જ્ઞેયતત્ત્વ અને '**જ્ઞાતૃતત્ત્વ...**' પોતાનો આત્મા, બેની તથા પ્રકારે પ્રતીતિ તે સમ્યગ્દર્શનપર્યાય,

એમ લીધું છે. સમજાય છે કાંઈ? આહાહા..! આવો માર્ગ દેખો તો ખરા. આ 'પ્રવચનસાર'માં જ્ઞાનપ્રધાન કથન છે અને 'સમયસાર'માં દૃષ્ટિપ્રધાન કથન છે. સમજાય છે કાંઈ? તેથી 'સમયસાર'માં ૪૭ શક્તિ લીધી. કેમકે દૃષ્ટિપ્રધાન કથનમાં શક્તિ અને શક્તિવાન (આવે), પર્યાય ન આવે. સમજાય છે કાંઈ? અને જ્ઞાનપ્રધાન કથનમાં જ્ઞેય અને જ્ઞાયકની પ્રતીતિ સમ્યગ્દર્શનપર્યાય છે. સમજાય છે કાંઈ? અને તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યગ્દર્શન (જે કહ્યું) એ પણ જ્ઞાનપ્રધાન સમ્યગ્દર્શન છે. એમાં બેય આવી ગયા ને? એમાં સંવર, નિર્જરા બધું આવી ગયું. આ દર્શનપ્રધાનમાં તો એકલો '**भूदत्थम**'. એકલો ભૂતાર્થ ભગવાનઆત્મા ત્રિકાળ, આહાહા..! એનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. આહા..!

અહીં કહે છે કે જે શુદ્ધ પરિણમન થાય કે અશુદ્ધ પરિણમન થાય, અહીંયા એટલું સિદ્ધ કરવું છે કે એ પોતાનું કાર્ય છે. પરનું કાર્ય આત્મા કરી શકતો નથી. કર્મબંધન થાય, જેટલા પ્રમાણમાં અજ્ઞાન અને રાગ-દ્વેષ કરે તે પ્રમાણે ત્યાં જ્ઞાનાવરણીય, મોહનીય આદિ બંધાય. છતાં એ પર્યાયનો કર્તા આ પર્યાય નહિ. અશુદ્ધ પરિણમન દ્રવ્યકર્મની બંધની પર્યાયનો કર્તા નથી. આહાહા...! શુદ્ધ પરિણતિનો કર્તા આત્મા અને તે એનું કર્મ, એટલું સિદ્ધ કરીને શુદ્ધ પરિણતિમાં કર્મનો અભાવ થાય છે એટલી અપેક્ષા એને નથી, એમ કહે છે. સમજાય છે કાંઈ?

જેમ વિકારનું પોતાના ષટ્કારકથી સ્વતંત્ર પરિણમન છે એમ મોક્ષમાર્ગની પર્યાયનું પણ તેના ષટ્કારકનું સ્વતંત્ર પરિણમન છે. આહાહા..! સમજાય છે કાંઈ? કર્મએ માર્ગ કરી આપ્યો, દર્શનમોહનો અભાવ થયો તો અહીંયા સમ્યગ્દર્શન થાય છે એવી અપેક્ષા ત્યાં નથી. આહાહા..!

મુમુક્ષુ :- 'તત્ત્વાર્થ સૂત્ર'માં છે.

ઉત્તર :- એ તો કહ્યું ને, 'તત્ત્વાર્થ સૂત્ર'માં જ્ઞાનપ્રધાન કથન છે એટલે ત્યાં એમ કહ્યું જ નથી. 'તત્ત્વાર્થ સૂત્ર'માં કહ્યું કે ચાર ઘાતિકર્મનો નાશ થતાં કેવળજ્ઞાન થાય છે. એમ છે.

મુમુક્ષુ :- ઉતરાધ્યયનમાં તો તો અલગ થઈ જાય.

ઉત્તર :- થઈ ગયું છે ઉતરાધ્યયનમાં. એ કઈ અપેક્ષાએ કહ્યું છે? ચાર કર્મની જે કર્મરૂપ અવસ્થા છે એનો નાશ થઈને તો અકર્મરૂપ અવસ્થા થાય છે. એનો નાશ થઈને કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે? અહીં તો મિથ્યાત્વનો નાશ થઈને સમ્યક્ ઉત્પન્ન થાય છે, એટલી અપેક્ષા લ્યો તો હજી વ્યવહાર છે. કર્મનો નાશ થઈને સમકિત થયું એમ નથી. પણ મિથ્યાત્વનો નાશ થઈને સમ્યગ્દર્શન ઉત્પન્ન થયું એ પણ પરની અપેક્ષાનું કથન છે. આહાહા..! સમ્યગ્દર્શનની પર્યાય મિથ્યાત્વનો નાશ થયો તો થઈ, એમ છે નહિ. જેના વ્યયને ઉત્પાદની અપેક્ષા નથી. આહાહા..! સમજાય છે કાંઈ? કઈ નયથી ક્યાં કેવો અર્થ છે એમ નય લગાવવી. એકલું પકડી લેવું નહિ. કઈ નયનું કથન છે (તે જાણવું જોઈએ).

અહીંયા કહે છે, '**જીવદ્રવ્ય અશુદ્ધ ચેતનારૂપ પરિણમે છે,...**' આહાહા..! '**શુદ્ધ ચેતનારૂપ પરિણમે છે, તેથી જે કાળે જે ચેતનારૂપ પરિણમે છે તે કાળે તે જ ચેતના સાથે વ્યાપ્ય-વ્યાપકરૂપ છે,...**' આટલી ભાષા છે. શુદ્ધપણે પરિણમે તો એ વ્યાપ્ય અને આત્મા

વ્યાપક છે. પરથી ભિન્ન એટલું સિદ્ધ કરવું છે. શુદ્ધ ચૈતન્ય પરિણમે, સમ્યગ્દર્શનપણે પરિણમે એ વ્યાપ્ય-પર્યાય અને આત્મા વ્યાપક. અશુદ્ધપણે પરિણમો તો આત્મા વ્યાપક છે. આત્મા શબ્દે ત્યાં પર્યાય લેવી. દ્રવ્ય વ્યાપક થઈને અશુદ્ધપણે પરિણમે છે એ વ્યવહારનું કથન છે. દ્રવ્ય વ્યાપક નથી, એમ કહે છે. દ્રવ્ય તો શુદ્ધ છે, શક્તિ શુદ્ધ છે એ અશુદ્ધપણે વ્યાપ્ય થાય? સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! માર્ગ બહુ ઝીણો. આહાહા..!

અશુદ્ધ પરિણમનના ષટ્કારકો જે છે એ પર્યાયના છે. કારકો દ્રવ્યના નહિ. દ્રવ્યના કારકો, ગુણના કારકો તો ધ્રુવ છે. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ આદિ દ્રવ્યની શક્તિઓ ધ્રુવ છે. એનું પરિણમન નથી. અહીં તો પરિણમનની વાત લેવી છે. ધ્રુવ સદ્દશ છે એ પરિણમનમાં આવતું નથી. આહાહા..! પરિણમનમાં તો પર્યાય પરિણમે છે. પર્યાયનો કર્તા પર્યાયના ષટ્કારક છે. વિકારના હો કે અવિકારના હો, પર્યાય પોતાના ષટ્કારકથી સ્વતંત્ર પરિણમે છે. આહાહા..! 'નંદકિશોરજી'! કદી દરકાર કરી નથી. એમ ને એમ (ચાલ્યો છે). ભગવાન તો વારસો ઘણો મુકી ગયા છે. આહાહા..!

આ તો મોક્ષનો માર્ગ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર (દ્વારા નિરૂપેલો). આહા..! આવી વાત ક્યાં પ્રભુ? અરે..! સમજાય છે કાંઈ? અત્યારે વીતરાગતાનો તો વિરહ છે પણ શાસ્ત્ર વીતરાગતાની પ્રાપ્તિનું નિમિત્ત, કેવળજ્ઞાનના શાસ્ત્ર સિદ્ધ કર્યા છે. આહા..! જે સમજે એને. આહા..!

ઈ કહે છે, **'ચેતના સાથે વ્યાપ્ય-વ્યાપકરૂપ છે,...'** આમાં વિકારની સાથે પણ વ્યાપ્ય-વ્યાપક કહ્યું. પરથી ભિન્ન પાડવું છે એટલી અપેક્ષા. અને 'કર્તા-કર્મ અધિકાર'ની ૭૫-૭૬ગાથામાં એમ કહ્યું કે વિકાર વ્યાપ્ય અને કર્મ વ્યાપક છે. કેમકે ત્યાં સ્વભાવની સિદ્ધિ કરવી છે. અહીં તો એની પરિણતિની સિદ્ધિ કરવી છે. અને ૭૫-૭૬ ગાથામાં એમ લીધું કે ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યશક્તિ અને શુદ્ધ દ્રવ્યનું વ્યાપ્ય તો શુદ્ધ હોય. વ્યાપક દ્રવ્ય અને પર્યાય શુદ્ધ એ એનું વ્યાપ્ય છે. વિકાર છે ને? વિકાર વ્યાપ્ય અને કર્મ વ્યાપક છે. આહાહા..! ક્યાં કથન આ અને ક્યાં કથન આ? કઈ નયથી કથન છે? શાસ્ત્રમાં પાઠ છે કે નહિ?

મુમુક્ષુ :- એક ખીલે બાંધી દો.

ઉત્તર :- આ ખીલે બાંધ્યું ને. જે નયનું જે કથન છે ત્યાં તે સમજવું એ એનો ખીલો છે. કહો, 'ધન્નાલાલજી'!

મુમુક્ષુ :- આની જરૂર શું છે, આપણે તો સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું છે.

ઉત્તર :- આ સમ્યગ્દર્શનની વાત ચાલે છે, ભગવાન! આહાહા..!

અશુદ્ધ પરિણતિ પણ તારાથી છે, સ્વતંત્ર પરિણતિ થાય છે એમ કહેવામાં એનું તાત્પર્ય તો વીતરાગતા લાવવી છે. અશુદ્ધ પરિણમનનું લક્ષ છોડી શુદ્ધ ચૈતન્યદ્રવ્યનો આશ્રય કરવાથી વીતરાગતા ઉત્પન્ન થાય છે. સર્વ શાસ્ત્રનું તાત્પર્ય સ્વનો આશ્રય કરવો એ છે.

મુમુક્ષુ :- અમને વીતરાગતા નથી જોઈતી, સમ્યગ્દર્શન જોઈએ છે.

ઉત્તર :- સમ્યગ્દર્શન કહો કે વીતરાગતા કહો. સરાગ સમ્યગ્દર્શન એ સમ્યગ્દર્શન છે જ

નહિ. હમણાં એ મોટી ચર્ચા ચાલે છે ને. સરાગ સમકિત છે. અરે..! એ તો રાગના દોષની સાથે કહ્યું, સમકિત તો વીતરાગી જ હોય. એક અનંતાનુબંધીનો અભાવ અને મિથ્યાત્વના અભાવથી થાય એ તો વીતરાગપર્યાય છે. આહાહા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન તો વીતરાગી છે. 'પંચાધ્યાયી'માં બહુ લીધું છે. શિષ્યએ પ્રશ્ન કર્યો, સરાગ સમકિત છે ને? નહિ, નહિ. સમકિત સરાગ છે જ નહિ. 'પંચાધ્યાયી'. 'રાજમલ'. બિલકુલ નહિ, સમ્યગ્દર્શન વીતરાગી પર્યાય છે. કેમ? 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ, યહી વચન સે સમજ લે જિનપ્રવચન કા મર્મ.' જિન આત્મા જે વીતરાગસ્વરૂપ છે એનો આશ્રય કરવાથી વીતરાગતા ઉત્પન્ન થાય છે. વીતરાગતા કહો કે સમ્યગ્દર્શન કહો. સમજાય છે કાંઈ? જઘન્ય આશ્રય હોય તો દર્શન, જ્ઞાન આદિ ઉત્પન્ન થાય છે. વિશેષ આશ્રય થાય તો ચારિત્ર ઉત્પન્ન થાય છે, વિશેષ આશ્રય થાય તો કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે.

મુમુક્ષુ :- ફરીવાર.

ઉત્તર :- ફરીથી. એમ કહ્યું કે ભગવાન પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ ધ્રુવ પરમાત્મસ્વરૂપ, જિનસ્વરૂપનો થોડો આશ્રય કરવાથી, જઘન્ય આશ્રય કરવાથી સમ્યગ્દર્શન, જ્ઞાન, સ્વરૂપાચરણ આદિ થાય છે. વિશેષ આશ્રય કરવાથી ચારિત્ર થાય છે. એનાથી પણ ઉગ્ર આશ્રય કરવાથી કેવળજ્ઞાન થાય છે. વાત તો આ છે. સમજાય છે કાંઈ? 'પ્રિયંકરજી'! આ પ્રિય છે, એ પ્રિય કરવાનું છે. પ્રિયંકર છે ને? પ્રિય નામ ભગવાનઆત્મા શુદ્ધ ચિદાનંદનો આશ્રય કરવો એ પ્રિયંકર છે. આહાહા..! આ તો રાત્રે થોડી વાત કરી હતી. પછી મને વિચાર આવ્યો કે થોડું સાંભળો. ભાઈ આવ્યા છે. 'રામજીભાઈ' વ્યાખ્યાન પછી દસ મિનિટ બોલશે. ટેપ રેકોર્ડિંગ ઉતારી લેજો, હોં! એ તો અહીંયા દલાલ થઈને આવ્યા છે ને. આહા..!

'જે કાળે જે ચેતનારૂપ પરિણમે છે તે કાળે તે જ ચેતના સાથે વ્યાપ્ય-વ્યાપકરૂપ છે,...' ભાષા જુઓ! અહીંયા તો વિકારી પરિણામ-મિથ્યાત્વના અને રાગ-દ્વેષના પરિણામને વ્યાપ્ય કહ્યું, અવસ્થા કહી અને આત્મા વ્યાપક અવસ્થાયી કહ્યું. એટલું અહીંયા સિદ્ધ કરવું છે. પણ જ્યાં અંતરની દૃષ્ટિ, સ્વભાવ સિદ્ધ કરવો હોય.. આહાહા..! તો સ્વભાવની કોઈ શક્તિ વિકાર કરે એવી કોઈ શક્તિ અનંત શક્તિમાં નથી. આપણે બપોરે ચાલે છે. અનંત શક્તિમાં ૪૭ લીધી છે. કોઈ શક્તિ એવી નથી કે વિકાર કરે. શક્તિ તો શુદ્ધ ચિદાનંદ આત્મા છે. આહાહા..! અશુદ્ધતા કરે એવી કોઈ શક્તિ નથી. પણ પર્યાયના લક્ષે અશુદ્ધતા ઉત્પન્ન થાય છે. એ શક્તિ અને શક્તિવાનના આશ્રયે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! થોડું લખ્યું જાજું કરીને જાણજો. તમારે લગ્નમાં લખે છે ને? થોડું લખ્યું જાજું કરીને જાણજો. એમ અહીં થોડું લખ્યું ઘણું કરીને જાણવું. આહાહા..!

અહીંયા વ્યાપક-વ્યાપ્ય એમ કહ્યું કે શુદ્ધ ચેતના પણ વ્યાપ્ય અને અશુદ્ધ ચેતના પણ વ્યાપ્ય, બેયનો વ્યાપક આત્મા. બીજે ઠેકાણે ૭૫-૭૬-૭૭માં એમ કહ્યું.. આહાહા..! હવે આવશે, કળશ આવશે કે કર્તા કોણ છે? આત્મા કર્તા નથી તો કર્તા કોણ છે? તેર ગુણસ્થાનના ભાવ છે વિકારી. એ કર્તા-કર્મ છે, આત્મા નહિ. આહાહા..! આમાં જરી સૂક્ષ્મ વાત છે. શું કહે છે? જે નવા કર્મ બંધાય છે એને ત્યાં વ્યાપ્ય કહ્યું અને વિકારી પર્યાયને

વ્યાપક કહ્યું. તેર ગુણસ્થાન. ગુણસ્થાન આત્માના નથી, આત્મામાં ગુણસ્થાન નથી. આત્મા તો ગુણસ્થાન રહિત છે. તેર ગુણસ્થાન છે એ કર્મનો, નવા કર્મનો કર્તા છે. ખરેખર તો નવા કર્મના પરમાણુ ભિન્ન છે અને આ તેર ગુણસ્થાનની પર્યાય ભિન્ન છે. તોપણ નવા કર્મનું આવરણ થવામાં નિમિત્ત તેર ગુણસ્થાનની વિકારી પર્યાયને કર્તા કહીને નવા કર્મની પર્યાયને એનું કર્મ (-કાર્ય) છે એમ કહ્યું છે. નહિતર તો કર્મ ભિન્ન છે, આ વસ્તુ ભિન્ન છે. સમજાય છે કાંઈ? થોડું સૂક્ષ્મ છે. વકીલ જેવા બુદ્ધિવાળા માણસ... આ જાતનો અભ્યાસ નહિ.

પરમસત્ય તત્ત્વજ્ઞાનનો અભ્યાસ હોવો જોઈએ. આ તો તત્ત્વજ્ઞાનની વાત છે. સમજાય છે કાંઈ? આ તો કોલેજ છે તો એણે થોડું તો જાણવું જોઈએ. એને આ લાગુ પડે. કોલેજનો પ્રોફેસર કંઈ પહેલી ચોપડીનું બોલે? સમજાય છે કાંઈ? આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ભગવાન પ્રોફેસર છે. એમની વાણી કહેવામાં વચ્ચે આડતિયા તરીકે સંતો છે. આહાહા..! સમજાય છે કાંઈ? થોડો અભ્યાસ તો હોવો જોઈએ. અરે..! દુનિયામાં એલ.એલ.બી. અને એમ.એ માટે (કેટલા વર્ષ કાઢે છે). આ વકીલ એલ.એલ.બી. ભણ્યા હશે તો દસ વર્ષ નહિ કાઢ્યા હોય? આપણા આ વકીલ જુઓને. વકીલ થવામાં કેટલાક વર્ષ તો કાઢ્યા હશે ને. પછી વકીલાત પાસ થાય ને.

મુમુક્ષુ :- લગભગ બાવીસ વર્ષ લાગે છે.

ઉત્તર :- લ્યો, ભાઈ કહે છે કે બાવીસ વર્ષ તો વકીલાત ભણવામાં જાય અને આ સમજવામાં કંઈ વર્ષ ન જાય? પાપની વકીલાત અને પાપના અભ્યાસમાં બાવીસ વર્ષ (આપે).

મુમુક્ષુ :- ન્યાયની કોર્ટને મદદ કરવા..

ઉત્તર :- એમ કહે છે કે વકીલો કોર્ટમાં મદદ કરવા જાય છે. પૈસાના લોભે જાય છે. આહાહા..! એ મોટા વકીલ હતા, 'પ્રિયંકરજી'! 'રામજીભાઈ' ત્રીસ વર્ષ પહેલા બસ્સો રૂપિયા લેતા હતા. પાંચ કલાક કોર્ટમાં જાતા હતા. એક કલાક સલાહ લેવા આવે તો સો રૂપિયા લેતા. એક કલાક સલાહ લેવા આવે તો. ત્રીસ વર્ષથી છોડી દીધું છે. એમાં શું છે? એક વકીલ તો એમ કહેતા હતા.. ત્યાં 'વઢવાણ' ઓહો..! 'રામજીભાઈ'! એમના વખતમાં તો એ એક જ વકીલ હતા. એવી 'રામજીભાઈ'ની છાપ હતી. વકીલનું નામ શું? 'મંગલભાઈ' વકીલ ન્યાં 'વઢવાણ'માં વ્યાખ્યાનમાં આવતા. 'રામજીભાઈ'નું નામ પડે તો એવો થઈ જાય.. 'રામજીભાઈ' તો એના વખતમાં ઈ એક જ હતા. આહાહા..!

મુમુક્ષુ :-

ઉત્તર :- વાત સાચી. આહાહા..!

'તોપણ પુદ્‌ગલપિંડરૂપ જ જ્ઞાનાવરણાદિ કર્મ છે તેની સાથે તો વ્યાપ્ય-વ્યાપકરૂપ નથી,...' આહાહા..! પોતાની શુદ્ધ કે અશુદ્ધ પર્યાય સાથે વ્યાપ્ય-વ્યાપકપણું છે. વ્યાપ્ય નામ અવસ્થા અને વ્યાપક નામ દ્રવ્ય, એમ વ્યાપ્ય-વ્યાપક છે પણ પુદ્‌ગલબંધ કરે કે આત્મા કર્મ બાંધે એ બિલકુલ નથી. એ વખતે કર્મવર્ગણાની પર્યાય કર્મરૂપે થવાની લાયકાતથી જન્મક્ષણ છે તો કર્મ ઉત્પન્ન થાય છે. એ પરમાણુમાં પણ કર્મપણે થવાની જન્મક્ષણ છે.

આહાહા..! અહીંયા વિકાર થયો તો ત્યાં કર્મપણે પરિણમવું પડ્યું એમ નથી. આહાહા..!

**'તેથી તેનું કર્તા નથી. 'अग्जसा' સમસ્તપણે આવો અર્થ છે.'** અમે તો સમસ્તપણે કહીએ છીએ. પરમાર્થથી કહીએ છીએ, યથાર્થપણે કહીએ છીએ, સમસ્તપણે કહીએ છીએ કે પરનો તો કર્તા છે જ નહિ. હવે આ શ્લોક તમારે ચાલે ઈ. કલાસમાં ચાલે છે ને આ શ્લોક? પહેલા કાયમ બોલે છે ને?

(અનુષ્ટુપ)

आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत्करोति किम्।
परभावस्य कर्तात्मा मोहोऽयं व्यवहारिणाम्।।१७-६२।।

**ખંડાન્વય સહિત અર્થ :** 'आत्मा ज्ञानं करोति' ( आत्मा ) **આત્મા અર્થાત્ ચેતનદ્રવ્ય** ( ज्ञानं ) **ચેતનામાત્ર પરિણામ** ( करोति ) કરે છે. **કેવો હોવાથી?** 'स्वयं ज्ञानं' કારણ કે **આત્મા પોતે ચેતનાપરિણામમાત્રસ્વરૂપ છે.** 'ज्ञानात् अन्यत् करोति किम्' ( ज्ञानात् अन्यत् ) **ચેતનપરિણામથી ભિન્ન જે અચેતન પુદ્‌ગલપરિણામરૂપ કર્મ તેને** ( किम् करोति ) કરે છે શું? **અર્થાત્ નથી કરતો, સર્વથા નથી કરતો.** 'आत्मा परभावस्य कर्ता अयं व्यवहारिणां मोहः' ( आत्मा ) **ચેતનદ્રવ્ય** ( परभावस्य कर्ता ) **જ્ઞાનાવરણાદિ કર્મને કરે છે** ( अयं ) **એવું** જાણપણું, **એવું કહેવું** ( व्यवहारिणां मोहः) **મિથ્યાદૃષ્ટિ જીવોનું અજ્ઞાન છે. ભાવાર્થ આમ છે કે-કહેવામાં એમ આવે છે કે જ્ઞાનાવરણાદિ કર્મનો કર્તા જીવ છે, તે કહેવું પણ જૂઠું છે.** ૧૭-૬૨.

## કળશ-૬૨ ઉપર પ્રવચન

आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत्करोति किम्।
परभावस्य कर्तात्मा मोहोऽयं व्यवहारिणाम्।।१७-६२।।

અહીં પરભાવ શબ્દે વિકાર ન લેવો. અહીં પરભાવ શબ્દે પરદ્રવ્ય લેવા. અહીંયા ઈ અપેક્ષા છે. 'आत्मा ज्ञानं' **'આત્મા અર્થાત્ ચેતનદ્રવ્ય ચેતનામાત્ર પરિણામ કરે છે.'** ચેતનામાત્ર પરિણામ. કર્મચેતના કહો, જ્ઞાનચેતના કહો એ બધા ચેતનાના પરિણામ છે. કર્મચેતના-રાગ આદિ કર્મચેતના અને અરાગ આદિ સમ્યગ્દર્શન એ જ્ઞાનચેતના. એ ચેતનામાત્ર પરિણામને કરે છે, એમ લેવું. ચેતના એટલે એકલા જ્ઞાન પરિણામ એમ ન લેવું. ચેતના એટલે રાગના પરિણામ અને સમ્યગ્દર્શન, જ્ઞાનના પરિણામ. એ બેય ચેતનામાત્ર પરિણામને કરે છે.

**'કેવો હોવાથી?** 'स्वयं ज्ञानं' કારણ કે **આત્મા પોતે ચેતનાપરિણામમાત્રસ્વરૂપ છે.** 'ज्ञानात् अन्यत् करोति किम्' **ચેતનપરિણામથી ભિન્ન જે અચેતન પુદ્‌ગલપરિણામરૂપ કર્મ**

**તેને કરે છે શું? અર્થાત્ નથી કરતો,...'** આહાહા..! તો આ તમારી લાદી-બાદીનું ક્યાં ગયું?

મુમુક્ષુ :- લાદીમાં.

ઉત્તર :- લાદીમાં? આ અમારે 'બલુભાઈ'ને મોટું સીત્તેર લાખનું દવાખાનું હતું. વેંચી નાખ્યું. રોજ દવા બનાવતા હતા.

મુમુક્ષુ :- એક બાજુ આપ કહો કે કાંઈ બનાવે નહિ અને બીજી બાજુ કહો કે દવા બનાવે છે, અમારે માનવું શું?

ઉત્તર :- ઈ માનતા હતા કે અમે બનાવીએ છીએ. અમે તો ત્યાં રહી આવ્યા છીએ. 'રામજીભાઈ' 'નાનુભાઈ' હતા. ત્યાં ભોજન કર્યું છે. ત્યાં દવા જોઈ. ફરે ને અંદર, ગોળી બનાવે ને.. વિલાયતી દવા, અહીંયા દેશી બને. મોટું દવાખાનું હતું. હવે વેંચી દીધું. સીત્તેર લાખનું. અહીંયા તો કહે છે, કોણ બનાવે? પ્રભુ! ઈ ગોળી આમ હલે એ ક્રિયા શું આત્મા કરી શકે છે?

મુમુક્ષુ :- મોટી મોટર હતી આખા ગામમાં ફરતી.

ઉત્તર :- આહા..! અહીંયા કહે છે કે રોટલીના કટકા કરે છે એ શું આત્મા કરી શકે છે? આહાહા..! આત્મા અશુદ્ધપણે પરિણમો પણ રોટલીના કટકા કરે એવો આત્મા નથી. આહા..! દાળ, ભાત બનાવે, એવું કરી શકે કે નહિ? સ્ત્રીનો હાથ હળવો હોય તો બહુ સારું બનાવે. કહો. પાપડ ને વડી ને સેવ.. સેવ.. લાકડા રાખે ને? લાકડા, પાટિયા. ઈ વખતે તો જાણે શું બેઠા હોય.. અભિમાનનો પાર ન મળે. 'મણિભાઈ'! ખાટલો હોય ને? ખાટલામાં પાથરે. મોટું પાટિયું મુકે. સેવ બનાવે સેવ. સેવને શું કહે છે? સેવ કહે છે? ઘઉંની. આ હાથની ક્રિયા આત્મા કરી શકે નહિ, એમ કહે છે. આહાહા..! સારી ડાહી બાઈ હોય તો પાપડ ને વડી બહુ સારી બનાવી શકે. એમ બોલે. લોકો પાગલ છે. સાંભળ તો ખરો. ડાઈ ક્યાંથી આવી?

મુમુક્ષુ :- આખી દુનિયા પાગલ?

ઉત્તર :- આખી દુનિયા પાગલ છે. પાગલના ગામ ભર્યા છે. આહા..!

અહીં ઈ કહે છે, જુઓ! **'અચેતન પુદ્ગલપરિણામરૂપ કર્મ તેને કરે છે શું? અર્થાત્ નથી કરતો, સર્વથા નથી કરતો.'** જુઓ! કથંચિત્ તો નહિ, પણ સર્વથા નહિ. વીતરાગનો માર્ગ તો કથંચિત્ છે ને? એ તો નિત્ય-અનિત્યમાં કથંચિત્ (લાગુ પડે). કથંચિત્ નિત્ય છે અને કથંચિત્ અનિત્ય છે. પરને માટે બિલકુલ સર્વથા કર્તા નથી. આહાહા..! સમજાય છે કાંઈ? **'आत्मा परभावस्य कर्ता अयं व्यवहारिणां मोहः'** ચેતનદ્રવ્ય જ્ઞાનાવરણાદિ કર્મને કરે છે એવું જાણપણું, એવું કહેવું ( **व्यवहारिणां मोहः** ) મિથ્યાદૃષ્ટિ જીવોનું અજ્ઞાન છે.' આહાહા..!

મુમુક્ષુ :- વ્યવહારીનો અર્થ જ મિથ્યાદૃષ્ટિ કર્યો.

ઉત્તર :- આહાહા..! મિથ્યાદૃષ્ટિ કર્યો, વ્યવહારનો અર્થ જ મિથ્યાદૃષ્ટિ કર્યો. આહાહા..! મિથ્યાદૃષ્ટિ પરદ્રવ્યનો કર્તા થાય છે. આહા..! હું મારા દીકરાને કેળવણી આપી શકું છું, મોટો કરી શકું છું, મા-બાપ બાળકને મોટા કરે ને? કોણ કરે? આહાહા..! બધી ભ્રમણા છે. આહા..! પરદ્રવ્યની પર્યાય પર કરે એમ ત્રણકાળમાં બનતું નથી. આહાહા..!

મુમુક્ષુ :- જૂઠી વસ્તુ સાચી થઈ ગઈ.

ઉત્તર :- જૂઠી વાત લોકોમાં ગરી ગઈ છે. જૂઠી ભુતડી ગરી ગઈ છે. જ્યાં હોય ત્યાં મેં કર્યું... મેં કર્યું.. મે કર્યું. અનાજ બરાબર વાપરે. ગરાસિયા જાર વાવે. આમ બનાવે, બાજરા ને.. શું કહેવાય? જુવાર ને ઘઉં ને તલ ને... ઓહોહો...! છોકરાએ પાણી બરાબર પાયું હોય તો કહે, બહુ સારુ થયું. ધૂળેય નથી થયું. દરબાર! આ તો વસ્તુ એવી છે. આહાહા..! મિથ્યાદૃષ્ટિ જીવોનું અજ્ઞાન છે. આહાહા..!

**'ભાવાર્થ આમ છે કે-કહેવામાં એમ આવે છે કે જ્ઞાનાવરણાદિ કર્મનો કર્તા જીવ છે, તે કહેવું પણ જૂઠું છે.'** આહાહા..! આત્માએ કર્મ બાંધ્યા અને આત્માએ કર્મ ભોગવ્યા ઈ કહેવામાત્ર છે.

મુમુક્ષુ :- આઠ કર્મનો નાશ કર્યો.

ઉત્તર :- એ બધું વ્યવહારમાત્ર, નિમિત્તમાત્ર. પંડિતજીએ બહુ લીધું છે. 'તત્ત્વાર્થસૂત્ર'માં તો એમ આવ્યું કે ચાર કર્મનો નાશ થાય તો કેવળજ્ઞાન થાય. તો કહે છે, ચાર કર્મનો નાશ થાય તો શું આ પર્યાય થાય? આત્માની પર્યાય થાય? કર્મની પર્યાય નાશ થાય તો અકર્મરૂપ પર્યાય થાય? કર્મની પર્યાય હતી એનો નાશ થયો, વ્યય થયો તો અકર્મરૂપી પર્યાય ઉત્પન્ન થાય. કેવળજ્ઞાન ઉત્પન્ન થાય એનાથી? આહા..! 'ફૂલચંદજી' 'ખાણિયા ચર્ચા'માં, 'જૈનતત્ત્વ મિમાંસા'માં પંડિતજીએ બહુ લખ્યું છે. એનાથી પણ વિશેષ આ 'હુકમચંદજી' પાક્યા. કહો, સમજાય છે કાંઈ? આહાહા..!

**'કહેવામાં એમ આવે છે કે જ્ઞાનાવરણાદિ કર્મનો કર્તા જીવ છે, તે કહેવું પણ જૂઠું છે.'** ત્યારે કહે છે, કર્તા નથી, કર્તા નથી તો કર્મનો કર્તા છે કોણ? એ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ સુદ ૧૫, રવિવાર, તા.૨૮-૮-૧૯૭૭
## કળશ - ૬૩ થી ૬૭, પ્રવચન - ૭૯

મુનિને એમ રહેવાની કાળની સ્થિતિ હતી તો 'વિષ્ણુકુમાર' મળી ગયા. મંત્રી પાસે આજ્ઞા લીધી ને? વચન (લીધું). પછી રક્ષા થઈ એ તો વ્યવહાર છે. 'વિષ્ણુકુમાર' મુનિએ ૭૦૦ મુનિઓને બચાવવા વેષ પલટી નાખ્યો. એ એમની યોગ્યતા નહોતી. પણ એવો પ્રસંગ બની ગયો તેથી તેમને એવો ભાવ આવ્યો તો પ્રશંસા કરી. નહિતર તો મુનિની એ દશામાં પરને આમ કરવું, વેશ પલટવો (એવું હોય નહિ). સમજાય છે કાંઈ? એ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવ્યું છે. 'વિષ્ણુકુમારે' આવું કર્યું તો એમની પ્રશંસા કરી છે પણ ખરેખર તો મુનિને એ લાયક નથી. આહાહા..! ખરેખર તો પોતાના જીવની રક્ષા કરવાની આ વસ્તુ છે. પુણ્ય અને પાપના ભાવથી પોતાના આત્માને બચાવવો, શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદને દૃષ્ટિમાં લઈ પોતાનો સ્વભાવ જેટલો જે પ્રકારે છે તેવી શ્રદ્ધા કરવી એ પોતાના જીવની રક્ષા છે.

સમજાય છે કાંઈ? પરની રક્ષા તો કરી શકતો નથી. ભાવ થાય પણ પરની રક્ષા કરી શકતો નથી. બળેવના અધિકારમાં તો આ છે. ખરેખર તો વ્યવહાર છે.

(વસંતતિલકા)

जीवः करोति यदि पुद्गलकर्म नैव
कस्तर्हि तत्कुरुत इत्यभिशङ्कयैव।
एतर्हि तीव्ररयमोहनिवर्हणाय
सङ्कीर्त्यते शृणुत पुद्गलकर्मकर्तृ।।१८-६३।।

ખંડાન્વય સહિત અર્થ : 'पुद्गलकर्मकर्तृ संकीर्त्यते' ( पुद्गलकर्म ) દ્રવ્યપિંડરૂપ આઠ કર્મનો ( कर्तृ ) કર્તા ( संङ्कीर्त्यते ) જેમ છે તેમ કહે છે; 'शृणुत' સાવધાન થઈને તમે સાંભળો. પ્રયોજન કહે છે- 'एतर्हि तीव्ररयमोहनिवर्हणायः' ( एतर्हि ) આ વેળા ( तीव्ररय ) દુર્નિવાર ઉદય છે જેનો એવું જે ( मोह ) વિપરીત જ્ઞાન તેને ( निवर्हणाय ) મૂળથી દૂર કરવા માટે. વિપરીતપણું શાથી જણાય છે? 'इति अभिशङ्कया एव' ( इति ) જેવી કરે છે ( अभिशङ्कया ) આશંકા તે વડે ( एव )જ. તે આશંકા કેવી છે? 'यदि जीवः एव पुद्गलकर्म न करोति तर्हि कः तत् कुरुते' ( यदि ) જો ( जीवः एव ) ચેતનદ્રવ્ય ( पुद्गलकर्म ) પિંડરૂપ આઠ કર્મને ( न करोति ) કરતું નથી ( तर्हि ) તો ( कः तत् कुरुते ) તેને કોણ કરે છે? ભાવાર્થ આમ છે કે-જીવના કરવાથી જ્ઞાનાવરણાદિ કર્મ થાય છે એવી ભ્રાન્તિ ઊપજે છે, તેના પ્રતિ ઉત્તર આમ છે કે પુદ્‌ગલદ્રવ્ય પરિણામી છે, સ્વયં સહજ જ કર્મરૂપ પરિણમે છે. ૧૮-૬૩.

(ઉપજાતિ)

स्थितेत्यविघ्ना खलु पुद्गलस्य
स्वभावभूता परिणामशक्तिः।
तस्यां स्थितायां स करोति भावं
यमात्मनस्तस्य स एव कर्ता।।१९-६४।।

ખંડાન્વય સહિત અર્થ : 'इति खलु पुद्गलस्य परिणामशक्तिः स्थिता' ( इति ) આ રીતે ( खलु ) નિશ્ચયથી ( पुद्गलस्य ) મૂર્ત દ્રવ્યનો ( परिणामशक्तिः ) પરિણમનસ્વરૂપ સ્વભાવ ( स्थिता ) અનાદિનિધન વિદ્યમાન છે. કેવો છે? 'स्वभावभूता' સહજરૂપ છે. વળી કેવો છે? 'अविघ्ना' નિર્વિઘ્નરૂપ છે. 'तस्यां स्थितायां सः आत्मनः यम् भावं करोति सः तस्य कर्ता भवेत्' ( तस्यां स्थितायां ) તે પરિણામશક્તિ હોતાં ( सः ) પુદ્‌ગલદ્રવ્ય ( आत्मनः )

પોતાના અચેતનદ્રવ્યસંબંધી ( यम् भावं करोति ) જે પરિણામને કરે છે, ( सः ) પુદ્‌ગલદ્રવ્ય ( तस्य कर्ता भवेत् ) તે પરિણામનું કર્તા થાય છે. ભાવાર્થ આમ છે કે-જ્ઞાનાવરણાદિ કર્મરૂપે પુદ્‌ગલદ્રવ્ય પરિણમે છે અને તે ભાવનો કર્તા પુદ્‌ગલદ્રવ્ય થાય છે. ૧૯-૬૪.

## કળશ-૬૩-૬૪ ઉપર પ્રવચન

હવે અહીંયા આપણે ૬૩ (કળશ). ૬૪ અને ૬૫ નો ઉપરથી અર્થ કરીએ છીએ. ૬૩મા એમ પ્રશ્ન છે કે પ્રભુ! આપ કહો છો કે પુદ્‌ગલકર્મ આત્મા નથી કરતો તો કરે છે કોણ? એવી આશંકા ૬૩માં છે. પુદ્‌ગલકર્મનું કર્મબંધન થાય છે ને? આત્મા રાગ કરે પણ કર્મબંધનની પર્યાય ન કરે. એમ કેમ? એવો પ્રશ્ન ૬૩માં હતો. ૬૪માં એનો જવાબ છે.

પુદ્‌ગલ પોતાની પરિણામ શક્તિથી જ પરિણમે છે. ગાથામાં એનો ખુલાસો બહુ કર્યો છે. આ તો એનો કળશ છે. પુદ્‌ગલ પરિણામ, પુદ્‌ગલ પોતાના પરિણામથી પરિણમે છે. જો પરિણમન ન થાય અને બીજો પરિણમાવી શકે એવી કોઈ શક્તિ પરમાં નથી. અને પરિણમે છે એને બીજો પરિણમાવે, એની જરૂર નથી. એ પુદ્‌ગલની વાત કરી.

(ઉપજાતિ)

स्थितेति जीवस्य निरन्तराया
स्वभावभूता परिणामशक्तिः।
तस्यां स्थितायां स करोति भावं
यं स्वस्य तस्यैव भवेत् स कर्ता।।२०-६५।।

ખંડાન્વય સહિત અર્થ : 'जीवस्य परिणामशक्तिः स्थिता इति' ( जीवस्य ) જીવવસ્તુની અર્થાત્ ચેતનદ્રવ્યની ( परिणामशक्तिः ) પરિણામશક્તિ અર્થાત્ પરિણમનરૂપ સામર્થ્ય ( स्थिता ) અનાદિથી વિદ્યમાન છે- ( इति ) એવું દ્રવ્યનું સહજ છે. 'स्वभावभूता' જે શક્તિ ( स्वभावभूता ) સહજરૂપ છે. વળી કેવી છે? 'निरन्तराया' પ્રવાહરૂપ છે, એક સમયમાત્ર ખંડ નથી. 'तस्यां स्थितायां' તે પરિણામશક્તિ હોતાં 'सः स्वस्य यं भावं करोति' ( सः ) જીવવસ્તુ ( स्वस्य ) પોતાસંબંધી ( यं भावं ) જે કોઈ શુદ્ધ-ચેતનારૂપ અશુદ્ધચેતનારૂપ પરિણામને ( करोति ) કરે છે 'तस्य एव सः कर्ता भवेत्' ( तस्य ) તે પરિણામની ( एव ) નિશ્ચયથી ( सः ) જીવવસ્તુ ( कर्ता ) કરણશીલ ( भवेत् ) થાય છે. ભાવાર્થ આમ છે કે-જીવ દ્રવ્યની અનાદિનિધન પરિણમનશક્તિ છે. ૨૦-૬૫.

## કળશ-૬૫ ઉપર પ્રવચન

એમ જીવ. ૬૫માં જીવની વાત છે. જીવ વિકાર પરિણમન કરે છે એ પોતામાં પરિણમન શક્તિથી કરે છે કે બીજો કરાવે છે? જો પોતાની પરિણમન શક્તિ ન હોય તો બીજો પરિણમન કરાવે એવું ત્રણકાળમાં નથી. વિકાર પણ પોતાના પરિણમનથી કરે છે તો પરની કોઈ અપેક્ષા નથી. સમજાય છે કાંઈ? ગાથાઓમાં તો બહુ સ્પષ્ટ કર્યું છે. જો પોતામાં રાગ અને વિકાર થવાની પરિણમનની યોગ્યતા ન હોય તો કર્મ પરિણમન કરાવે એમ ત્રણકાળમાં નથી. અને પોતામાં રાગ કે વિકાર કરવાની પરિણમન શક્તિ છે તો પરની કોઈ અપેક્ષા નથી. એમ બે ગાથામાં એ આવ્યું છે. એ તો ઉપરથી લીધું. હવે ૬૬.

(આર્યા)

ज्ञानमय एव भावः कुतो भवेद् ज्ञानिनो न पुनरन्यः।
अज्ञानमयः सर्वः कुतोऽयमज्ञानिनो नान्यः।।२१-६६।।

**ખંડાન્વય સહિત અર્થ : અહીં કોઈ પ્રશ્ન કરે છે : 'ज्ञानिनः ज्ञानमयः एव भावः कुतः भवेत् पुनः न अन्यः' ( ज्ञानिनः ) સમ્યગ્દષ્ટિને ( ज्ञानमयः एव भावः ) ભેદવિજ્ઞાનસ્વરૂપ પરિણામ ( कुतः भवेत् ) ક્યા કારણથી હોય છે, ( न पुनः अन्यः ) અજ્ઞાનરૂપ નથી હોતો? ભાવાર્થ આમ છે કે સમ્યગ્દષ્ટિ જીવ કર્મના ઉદયને ભોગવતાં વિચિત્ર રાગાદિરૂપ પરિણમે છે ત્યાં જ્ઞાનભાવનો કર્તા છે, અને (તેને) જ્ઞાનભાવ છે, અજ્ઞાનભાવ નથી; તે કેવી રીતે છે એમ કોઈ પૂછે છે. 'अयम् सर्वः अज्ञानिनः अज्ञानमयः कुतः न अन्यः' ( अयम् ) પરિણામ ( सर्वः ) બધુંય પરિણમન ( अज्ञानिनः ) મિથ્યાદષ્ટિને ( अज्ञानमयः ) અશુદ્ધ ચેતનારૂપબંધનું કારણહોય છે. ( कुतः ) કોઈ પ્રશ્ન કરે છે-આમ છે તે કઈ રીતે છે, ( न अन्यः ) જ્ઞાનજાતિનું કેમ નથી હોતું? ભાવાર્થ આમ છે કે મિથ્યાદષ્ટિના જે કોઈ પરિણામ હોય છે તે બંધનું કારણ છે. ૨૧-૬૬.**

## કળશ-૬૬ ઉપર પ્રવચન

ज्ञानमय एव भावः कुतो भवेद् ज्ञानिनो न पुनरन्यः।
अज्ञानमयः सर्वः कुतोऽयमज्ञानिनो नान्यः।।२१-६६।।

આ સમજવાની વાત છે. પરમાણુનું પરિણમન પોતાથી થઈને કર્મરૂપે થાય છે. એમાં રાગનો ભાવ છે તો કર્મરૂપે પરિણમે છે એમ નથી. અને પોતામાં રાગ વિકાર કરે છે તો પોતાની યોગ્યતાથી વિકાર કરે છે. એમાં કર્મના ઉદયની અપેક્ષા નથી. અને પરિણમન ન કરે

તો બીજો કોઈ કરાવી શકે એવી કોઈ શક્તિ નથી. સમજાય છે કાંઈ? હવે અહીંયા પ્રશ્ન આવ્યો.

**'અહીં કોઈ પ્રશ્ન કરે છે : 'ज्ञानिनः ज्ञानमयः एव भावः कुतः भवेत् पुनः न अन्य' સમ્યગ્દષ્ટિને...'** જેને આત્મા આનંદસ્વરૂપ જ્ઞાયક સ્વભાવભાવની સન્મુખ થઈને, આશ્રય લઈને સમ્યગ્દર્શન થયું, સમ્યક્ નામ સત્યદર્શન. જેવું પરમસ્વરૂપ, પરમસ્વરૂપ સત્ય છે એવું જ દર્શન થયું એને સમ્યગ્દર્શન કહે છે. દર્શન થયાનો અર્થ? અહીંયા દર્શન થયાનો અર્થ જોવું નહિ, શ્રદ્ધા થવી. સમજાય છે કાંઈ? જેવી વસ્તુ એક સમયમાં પૂર્ણાનંદ જિનસ્વરૂપી છે એવો પરમ સ્વભાવભાવ, પરમપારિણામિકભાવ, પરમજ્ઞાયકભાવની જેને દૃષ્ટિ થઈ... આહાહા..! એ સમ્યગ્દષ્ટિને **'ज्ञानमयः' 'ભેદવિજ્ઞાનસ્વરૂપ પરિણામ ક્યા કારણથી હોય છે,...'** એને તો રાગરહિત જ જ્ઞાન પરિણામ થાય છે એમ કઈ રીતે? સાધક છે, રાગ થાય છે અને તમે કહો છો કે જ્ઞાનીને જ્ઞાનમય ભાવ થાય છે, રાગ નહિ. સમજાય છે કાંઈ? 'સમ્યગ્દષ્ટિને ભેદવિજ્ઞાનસ્વરૂપ પરિણામ ક્યા કારણથી હોય છે, અજ્ઞાનરૂપ નથી હોતો?' જેને આત્મા જ્ઞાયક સ્વભાવની ધ્રુવતાની પ્રતીતિ થઈ,..

ધ્રુવનું લીધું છે ને? પંડિતજી! હમણા હિન્દીમાં આવ્યું છે ને? ધ્રુવના ધ્યેયનું ધ્યાન કરે છે... પહેલા આવી ગયું છે, ગુજરાતીમાં પહેલા આવી ગયું. પહેલા આવી ગયું હતું. ફાગણ માસમાં 'ભાવનગર' હતા ને? 'હીરાલાલજી' આવ્યા છે કે નહિ? નથી આવ્યા? 'કોટા' ગયા છે, સાચી વાત. એમના મકાનમાં ઉતર્યા હતા. તાવ આવ્યો હતો એટલે વ્યાખ્યાન બંધ રહ્યા. પછી આ (બનાવ્યું). છે અહીંયા? પહેલા હિન્દીમાં આવ્યું છે, ભાઈ! પંડિતજીએ નાખ્યું છે. ધ્રુવના ધ્યાનને ધ્યેય બનાવીને...આહાહા..! આવ્યું છે ને? 'લાલચંદભાઈ'! તેર બોલ આવ્યા છે. ધગતી ધીખતી પેઢી. ધીરજ ધખતી. પોતાનું ચિદાનંદ સ્વરૂપ ધીરજથી ધ્યેયને, ધ્યાનમાં ધ્રુવને ધ્યેય બનાવીને. આહાહા..! આવ્યું?

ધ્રુવધામના ધ્યેયની... આ સમ્યગ્દષ્ટિને કેવું હોય છે ઈ વાત છે. સમજાય છે કાંઈ? ધ્રુવધામ. ભગવાન ધ્રુવ સ્થાન, ધામ નામ સ્થળ, ધ્રુવ સ્થળ. આહાહા..! એક સમયની પર્યાય વિનાનો. કેમકે પર્યાય તો વિષય કરે છે. વિષય છે ઈ ધ્રુવધામ છે. સમજાય છે કાંઈ? ધ્રુવધામને ધ્યેય બનાવી.. એ રચના છે... શું કહેવાય? 'પરમઅધ્યાત્મ તરંગિણી' એમાં સંસ્કૃતમાં ઘણીવાર આવ્યું છે. ધ્યાનવિષય કુરુ, એવો સંસ્કૃતમાં શબ્દ છે. ધ્યાનવિષય કુરુ. ધ્યાનનો વિષય બનાવ્યો. એ સંસ્કૃત ટીકામાં છે. 'પરમઅધ્યાત્મ તરંગિણી' છે ને? એમાં છે. ત્રણ વાર છે એમ તો જોયું છે.

ધ્રુવધામના ધ્યેયના ધ્યાનની ધધકતી ધુણી.. આહાહા..! પોતાના જ્ઞાયક સ્વભાવમાં એકાગ્રતાની ધધકતી ધુણી. 'પ્રિયંકરજી'! ધૈર્યથી... આ હિન્દી છે એટલે આ શબ્દમાં થોડો ફેર પડ્યો. ... ધૈર્યથી... આપણે શું શબ્દ છે? ધખાવવી. ધૈર્યથી ધખાવવી. ધીરજથી અંદર એકાગ્રતાનું ધ્યાન ધખાવવું. ... એ રૂપ ધર્મનો ધારક-આવા ધર્મને ધરનારા ધર્મી ધન્ય છે. બધા ધ-ધા આવ્યા છે. આ હમણા ફાગણ માસમાં 'ભાવનગર' બનાવ્યું હતું. એકમાં અગિયાર બોલ હતા, એકમાં બાર બોલ હતા. આ તો હમણા બનાવ્યું, ફાગણ માસમાં.

અહીંયા એમ કહે છે, સમ્યગ્દષ્ટિ.. આહાહા..! પ્રશ્ન કરે છે ને? જીવ 'કર્મના ઉદયને

ભોગવતાં...' સમ્યગ્દષ્ટિને હજી રાગ તો છે તો રાગ ભોગવે છે એમ પણ કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભોગવતા છતાં, એમ પ્રશ્ન છે ને? 'વિચિત્ર રાગાદિરૂપ પરિણમે છે ત્યાં જ્ઞાનભાવનો કર્તા છે,...' આહાહા..! આમ હોવા છતાં જ્ઞાનભાવનો કર્તા છે. રાગનો જ્ઞાતા થઈને જ્ઞાયકને જાણે છે. આહાહા..! આવો માર્ગ છે, ભાઈ! છે? 'જ્ઞાનભાવનો કર્તા છે, અને (તેને) જ્ઞાનભાવ છે, અજ્ઞાનભાવ નથી;...' આહાહા..! ધર્મીજીવને રાગ આવે છે છતાં રાગનો કર્તા અને ભોક્તા નથી. દૃષ્ટિપ્રધાન કથન છે ને?

જ્ઞાનપ્રધાન કથન હોય તો એમ કહેવાય કે જેટલું રાગનું પરિણમન છે તેટલો કર્તા છે. પરિણમે તે કર્તા, એ અર્થમાં. અને ભોગવે તે ભોક્તા, એટલો ભોક્તા છે. જ્ઞાનીને બિલકુલ દુઃખ છે જ નહિ, જ્ઞાનની અપેક્ષાએ એમ નથી. દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયની અપેક્ષાએ જ્ઞાનીને રાગ ને દ્વેષ ને દુઃખ છે જ નહિ. સમજાય છે કાંઈ? પણ જ્ઞાનની અપેક્ષા લ્યો તો જ્ઞાનીને જેટલો રાગ છે તેટલું દુઃખ છે. મુનિને છઠ્ઠે ગુણસ્થાને.. સમજાય છે કાંઈ? 'અમૃતચંદ્રાચાર્યે' ત્રીજા શ્લોકમાં કહ્યું ને? મારી પરિણતિ કલ્માષિત છે. આહાહા..! મુનિ છે. હું છું, દ્રવ્ય સ્વભાવે તો શુદ્ધ ચૈતન્યમય છું પણ મારી પરિણતિ અનાદિથી કલુષિત છે. મુનિ થયા તોપણ કહે છે કે એ પરિણતિ તો અનાદિની છે, એ કંઈ નવી નથી. આહાહા..! સમજાય છે કાંઈ? મારી પર્યાયમાં રાગ આવે છે. આહા..! મુનિને પંચમહાવ્રતનો વિકલ્પ આદિનો કલુષિત ભાવ (આવે છે). આહાહા..! 'કલુષિતાયામ.' હું ટીકા કરું છું તો એ ટીકાને કારણે એ કલુષિતતાનો નાશ થાઓ. એનો અર્થ શું? ટીકાના કારણે (શુદ્ધિ નથી થવાની), ટીકાનો તો વિકલ્પ છે, પણ એનો અર્થ ટીકાના કાળમાં મારી દૃષ્ટિમાં જ્ઞાયકનું જોર છે તો ટીકાના કાળમાં... ટીકાથી પાઠ એમ છે. ટીકા એવ. સંસ્કૃત શબ્દ એમ છે. ટીકા એવ. પણ એનો અર્થ, એ ટીકા તો વિકલ્પ છે. પણ ટીકાના કાળમાં મારી દૃષ્ટિમાં જ્ઞાયક ઉપરના જોરથી હું એમાં વધારે એકાગ્ર થઈશ તો મારા કલુષિત ભાવનો નાશ થશે. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીં એ પૂછે છે, એને રાગ છે અને ભોગવતા નથી? **'જ્ઞાનભાવનો કર્તા છે, અને (તેને) જ્ઞાનભાવ છે, અજ્ઞાનભાવ નથી;તે કેવી રીતે છે એમ કોઈ પૂછે છે.'** એટલે પ્રશ્ન કરે છે. **'अयम् सर्वः अज्ञानिनः अज्ञानमयः कुतः न अन्यः' 'પરિણામ બધુંય પરિણમન મિથ્યાદૃષ્ટિને અશુદ્ધ ચેતનારૂપ બંધનું કારણ હોય છે.'** પ્રભુ! અજ્ઞાનીને તો તમે બધા પરિણામ બંધનું જ કારણ કહો છો અને જ્ઞાનીને તો બંધના પરિણામ છે જ નહિ, એમ કહો છો, આનું શું કારણ? આટલો બધો ફેર? દસમા ગુણસ્થાન સુધી છ કર્મ બંધાય છે, છઠ્ઠે આઠ કર્મ બંધાય છે. આયુષ્ય હોય તો, નહિતર સાત. તમે કહો છો કે જ્ઞાનીને તો રાગ જ નથી, બંધ જ નથી. અને અજ્ઞાનીને પૂર્ણ બંધ છે. એ અબંધ બિલકુલ છે જ નહિ. આહાહા..! આ શું? **'કોઈ પ્રશ્ન કરે છે-આમ છે તે કઈ રીતે છે, જ્ઞાનજાતિનું કેમ નથી હોતું?'** અજ્ઞાનીને જ્ઞાન જાતિના (પરિણામ) કેમ નથી હોતા? જ્ઞાનીને અજ્ઞાન જાતિના કેમ નથી હોતા? આ પ્રશ્ન છે. સમજાય છે કાંઈ? આહાહા..!

આત્મા ચૈતન્યમૂર્તિ આનંદકંદનું જ્યાં ભાન થયું તો કહે છે કે જ્ઞાનીને અજ્ઞાનભાવ, રાગભાવ કેમ નથી થતા? અને અજ્ઞાની આટલા પંચમહાવ્રત પાળે, અગિયાર અંગનું જ્ઞાન

કરે, નવ પૂર્વની લબ્ધિ હોય તો પણ એને જ્ઞાનજાતિના ભાવ નહિ? સમજાય છે કાંઈ? તોપણ એને જ્ઞાનજાતિના ભાવ નહિ? આહાહા..!

**'ભાવાર્થ આમ છે કે મિથ્યાદષ્ટિના જે કોઈ પરિણામ હોય છે તે બંધનું કારણ છે.'** હવે એનો ઉત્તર ૬૭માં આપે છે. એનો ઉત્તર.

(અનુષ્ટુપ)

ज्ञानिनो ज्ञाननिर्वृत्ताः सर्वे भावा भवन्ति हि।
सर्वेऽप्यज्ञाननिर्वृत्ता भवन्त्यज्ञानिनस्तु ते।।२२-६७।।

**ખંડાન્વય સહિત અર્થ : 'हि ज्ञानिनः सर्वे भावाः ज्ञाननिर्वृत्ताः भवन्ति' ( हि ) નિશ્ચયથી ( ज्ञानिनः) સમ્યગ્દષ્ટિને ( सर्वे भावाः ) જેટલા પરિણામ છે તે બધા ( ज्ञाननिर्वृत्ताः भवन्ति) જ્ઞાનસ્વરૂપ હોય છે. ભાવાર્થ આમ છે કે સમ્યગ્દષ્ટિનું દ્રવ્ય શુદ્ધત્વરૂપ પરિણમ્યું છે તેથી સમ્યગ્દષ્ટિનો જે કોઈ પરિણામ હોય છે તે જ્ઞાનમય શુદ્ધત્વજાતિરૂપ હોય છે, કર્મનો અબંધક હોય છે. 'तु ते सर्वे अपि अज्ञानिनः अज्ञाननिर्वृत्ताः भवन्ति' ( तु ) આમ પણ છે કે ( ते ) જેટલા પરિણામ ( सर्वे अपि ) શુભોપયોગરૂપ અથવા અશુભોપયોગરૂપ છે તે બધા ( अज्ञानिनः ) મિથ્યાદષ્ટિને ( अज्ञाननिर्वृत्ताः ) અશુદ્ધત્વથી નીપજ્યા છે, ( भवन्ति ) વિદ્યમાન છે. ભાવાર્થ આમ છે કે-સમ્યગ્દષ્ટિ જીવની અને મિથ્યાદષ્ટિ જીવની ક્રિયા તો એકસરખી છે, ક્રિયાસંબંધી વિષય-કષાય પણ એકસરખા છે, પરન્તુ દ્રવ્યનો પરિણમનભેદ છે. વિવરણ-સમ્યગ્દષ્ટિનું દ્રવ્ય શુદ્ધત્વરૂપ પરિણમ્યું છે તેથી જે કોઈ પરિણામ બુદ્ધિપૂર્વક અનુભવરૂપ છે અથવા વિચારરૂપ છે અથવા વ્રત-ક્રિયારૂપ છે અથવા ભોગાભિલાષરૂપ છે અથવા ચારિત્રમોહના ઉદયે ક્રોધ, માન, માયા, લોભરૂપ છે તે સઘળાય પરિણામ જ્ઞાનજાતિમાં ઘટે છે, કેમકે જે કોઈ પરિણામ છે તે સંવર-નિર્જરાનું કારણ છે; એવો જ કોઈ દ્રવ્યપરિણમનનો વિશેષ છે. મિથ્યાદષ્ટિનું દ્રવ્ય અશુદ્ધરૂપ પરિણમ્યું છે, તેથી જે કોઈ મિથ્યાદષ્ટિના પરિણામ તે અનુભવરૂપ તો હોતા જ નથી; તેથી સૂત્ર-સિદ્ધાન્તના પાઠરૂપ છે અથવા વ્રત-તપશ્ચરણરૂપ છે અથવા દાન, પૂજા, દયા, શીલરૂપ છે અથવા ભોગાભિલાષરૂપ છે અથવા ક્રોધ, માન, માયા, લોભરૂપ છે,-આવા સઘળા પરિણામ અજ્ઞાનજાતિના છે, કેમ કે બંધનું કારણ છે, સંવર-નિર્જરાનું કારણ નથી;-દ્રવ્યનો એવો જ પરિણમનવિશેષ છે. ૨૨-૬૭.**

## કળશ-૬૭ ઉપર પ્રવચન

ज्ञानिनो ज्ञाननिर्वृत्ताः सर्वे भावा भवन्ति हि।
सर्वेऽप्यज्ञाननिर्वृत्ता भवन्त्यज्ञानिनस्तु ते।।२२-६७।।

'हि ज्ञानिनः सर्वे भावाः ज्ञाननिर्वृत्ताः भवन्ति' **નિશ્ચયથી સમ્યગ્દષ્ટિને જેટલા પરિણામ છે તે બધા જ્ઞાનસ્વરૂપ હોય છે.**' 'સમયસાર નાટક'માં આનો અર્થ એમ લીધો છે કે જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે. આહાહા..! જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે, એનો આશય શું? જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ? ભોગ તો પાપ છે, નિર્જરાનો હેતુ એને તો સ્વીકાર કરતા નથી. 'સમ્યગ્જ્ઞાન દીપિકા'ની ટીકા... આ તો એની સાથે મેળવણી કરી. 'સમ્યગ્જ્ઞાન દીપિકા'માં એમ કહ્યું તો નાખ્યું સોનગઢના નામે. પણ ઈ તો 'ક્ષુલ્લક ધર્મદાસજી'નું કથન છે અને તે પણ એનો આશય શું છે તે સમજવો જોઈએ. સમજાય છે કાંઈ? 'ફલટન' અને 'લલિતપુર'માં બહુ જોર (કરે છે). એ તો વ્યભિચારની વાત કરે છે. અરે..! ભગવાન! સાંભળ તો ખરો, નાથ! અહીં તો પુણ્યના પરિણામ થાય એ પણ પાપ છે, દુઃખરૂપ છે. આહાહા..! એ ભોગના પરિણામ સુખરૂપ અને હિતકર કઈ રીતે હોય? પરસ્ત્રી અને પરપુરુષનો ભોગ તો પાપ છે પણ સ્વસ્ત્રીનો ભોગ પાપ છે. એને તમે અહીંયા લગાવી દો.. ત્યાં કઈ અપેક્ષાથી કથન છે?

'સમ્યગ્જ્ઞાન દીપિકા'માં તો એમ કહ્યું છે કે માથે પતિ હોય અને કોઈ ભુલ થઈ જાય તો એ બહારમાં પ્રસિદ્ધિમાં નથી આવતી. બહાર લોકો ન જાણી શકે. એમ જ્ઞાનીને માથે પતિ-જ્ઞાયકભાવ-ધણી અંદર છે. 'ઢીંગ ધણી માથે કિયા, કુણ ગંજે નરખેટ' આહાહા..! એ 'આનંદઘનજી'માં આવે છે. 'ઢીંગ ધણી માથે કિયા, કુણ ગંજે નરખેટ, વિમલજિન દીઠા લોયણ આજ.' મારો નાથ વિમલ, એના નાથને મેં આજે જોયો, એમ કહે છે. 'દીઠા લોયણ આજ' આજ મેં વિમલનાથ લોયણ દીઠા. આહાહા..! કહે છે કે એનો હવે કોણ નાશ કરી શકે? કોણ અંદર વિરોધ કરી શકે? આહાહા..!

અહીં ઈ કહે છે, વિમળ નામ ભગવાન ચૈતન્યસ્વરૂપનું જ્યાં જ્ઞાન થયું તો રાગાદિ થાય છે, એ રાગ, ભોગ નિર્જરાનું કારણ કેમ કહ્યું? ભોગ તો રાગ છે, એ તો બંધન છે. પણ જ્ઞાનની દૃષ્ટિના જોરને કારણે, દૃષ્ટિ જ્ઞાયક ઉપર પડી છે એના જોરને કારણે એની નિર્જરા થાય છે, એમ કહેવામાં આવ્યું છે. 'પ્રિયંકરજી'! હવે આ વાત ત્યાં ઊંધી લઈને કરે છે. અરે..! ભગવાન! બાપુ!

અહીં તો પાપ પાપકો તો સૌ કહે, પણ અનુભવીજન પુણ્ય કો પાપ કહે. આવે છે ને? ભાઈ! 'યોગસાર'! આહાહા..! અને 'સમયસાર' 'પુણ્ય-પાપ અધિકાર'માં છેલ્લે આવે છે. 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં. અહીંયા અધિકાર તો પ્રભુ! પાપનો ચાલે છે એમાં વ્યવહાર રત્નત્રયની વાત ક્યાં નાખી? શિષ્યે પ્રશ્ન કર્યો. તો કહે છે, સાંભળ તો ખરો, ભગવાન! એક હિસાબે પુણ્ય એ પવિત્રતાનું કારણ છે, અશુભનો નાશ થાય છે એ અપેક્ષાએ. બાકી તો સ્વરૂપથી પતીત થાય છે, રાગ આવે છે તો પતીત થાય છે તેથી એને અમે પાપ કહીએ છીએ. પાઠ છે. પુણ્ય-પાપ અધિકારમાં છેલ્લે સંસ્કૃતમાં છે. આહાહા..! એની ટીકા કરો કે તમે આમ કેમ કહો છો?

અહીં ઈ કહે છે, જ્ઞાનીને '**નિશ્ચયથી સમ્યગ્દષ્ટિને...**' '**सर्वे भावाः**' સર્વ ભાવમાં શું આવ્યું? ભોગનો ભાવ હોય, વિષયનો હોય... આહાહા..! કેમકે ત્યાં જ્ઞાનની રચના થાય છે.

ભગવાન એમ કહે છે,.. આપણે વીર્યશક્તિ આવી ગઈ, વીર્યશક્તિ. વીર્યશક્તિનું કાર્ય શું? સ્વરૂપની રચના કરવી એ વીર્યનું કાર્ય છે. જ્યારે આત્મા જ્ઞાનમય, વીર્યમય, પૂર્ણાનંદમય દૃષ્ટિમાં આવ્યો તો એ વીર્ય તો નિર્મળતાની જ રચના કરે છે, મલિનતાની રચના નથી કરતું. સમજાય છે કાંઈ? વીર્યશક્તિ આવી ગઈ ને? જીવતર, ચિતિ, દશિ, જ્ઞાન, સુખ, વીર્ય. છઠ્ઠો બોલ છે, છઠ્ઠી શક્તિ. એમાં એમ લીધું છે.. આ તો પરમાત્માની અંદરની વાતું છે, ભગવાન! બહારની સાથે મેળવણી કરે તો મળે નહિ. આહાહા..!

જ્ઞાનીને રાગનો ભાવ આવે છે પણ દુઃખ લાગે છે. જેમ કાળો નાગ આવતો હોય અને જુએ, એમ ધર્મીને રાગ આવે છે પણ કાળા નાગ જેવો ઝેર દેખાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! વિષયનો ભાવ આવે છે, ચક્રવર્તી છ ખંડના ધણી 'ભરત', એને છન્નું હજાર સ્ત્રી. વિકલ્પ આવે છે, વિકલ્પ આવ્યો અને છૂટી ગયો, એ હું નહિ, મારી ભોગ્ય ચીજ એ નહિ. મારી કર્તાની રચનાની એ ચીજ નહિ. આહાહા..! મારી કર્તાની રચના તો નિર્મળની રચના કરે એને વીર્ય કહેવામાં આવે છે. આહાહા..! અને પુણ્ય-પાપની રચના.. થોડો કડક શબ્દ છે, નપુંસકતા છે. ઈ 'પુણ્ય-પાપ અધિકાર'માં કહ્યું છે-ક્લીબ. સંસ્કૃતમાં ક્લીબ છે, બે ઠેકાણે છે. ક્લીબ. પરમાત્મા! તારી ચીજ તો... આહાહા..!

મુમુક્ષુ :- સમજાણું નહિ, આપ શું કહી ગયા.

ઉત્તર :- કહીએ છીએ ને. '**સ્વરૂપની (-આત્મસ્વરૂપની) રચનાના સામર્થ્યરૂપ વીર્યશક્તિ.**' આત્મામાં વીર્ય નામ બળ. આ વીર્ય રેત એ જડની માટી-ધૂળ છે. આત્મામાં એક બળ નામની અનંત અપાર અપરિમિત શક્તિ છે. એક શક્તિમાં પણ અનંત શક્તિ છે. વીર્યશક્તિનું અનંત શક્તિમાં રૂપ છે. વીર્યશક્તિનું કાર્ય શું? કે સ્વરૂપની રચના કરે તે વીર્ય. પાઠ છે, જુઓ! પાઠમાં છે. છઠ્ઠી છે ને? '**स्वरुप निवर्तन सामर्थ्यरूपा वीर्य शक्ति**' આહાહા..! ટૂંકામાં કેટલું કીધું! પ્રભુ! તારું બળ એવું છે કે એ બળ તો શુદ્ધતાની જ રચના કરે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, વીતરાગ આનંદની રચના કરે એને વીર્ય કહીએ. જે વીર્ય પુણ્ય અને પાપની રચના કરે એને નપુંસક વીર્ય કહીએ. જેમ નપુંસકને પુત્ર ન થાય એમ શુભભાવમાં ધર્મપ્રજા ન થાય. સમજાય છે કાંઈ? નપુંસકને વીર્ય નથી હોતું એટલે પુત્ર નથી થતા. હીજડા.. હીજડા કહે છે ને? અહીં તો હીજડો કહ્યો છે. સાંભળ તો ખરો. આહાહા..!

પુરુષ તો એને કહીએ કે જેનું વીર્ય શુદ્ધતાની રચના કરે. આત્મસ્વરૂપની રચના કરે એને પુરુષ કહીએ. વિકારની રચના કરે એ ક્લીબ છે, નપુંસક છે, હીજડા છે, પાવૈયા છે. પંડિતજી! કડક છે, ભગવાન!

મુમુક્ષુ :- સાચું છે.

ઉત્તર :- સાચું છે?

મુમુક્ષુ :- સાતમા ગુણસ્થાનવાળા માટે સાચું છે.

ઉત્તર :- અહીંયા ચોથાની વાત છે. એમ કહે છે, આ તો ઉપરની વાત છે. આહાહા..! આ વીર્યશક્તિ ચોથે સમકિતમાં આવી નહિ? સમ્યગ્દર્શનમાં વીર્યશક્તિવાન આત્મા છે એમ પ્રતીતિમાં-દૃષ્ટિમાં આવ્યું કે નહિ? તો એ વીર્યનું કાર્ય શું? એમ કહે છે. ચોથા ગુણસ્થાને

વીર્યનું કાર્ય શું? સ્વરૂપની રચના. શુદ્ધ સ્વરૂપ આનંદકંદ પ્રભુ,.. આહાહા..! સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને આનંદની પરિણતિની રચના કરે એને અહીંયા વીર્ય કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુનિને પણ પંચમહાવ્રતનો વિકલ્પ ઉત્પન્ન થાય છે તો સંસાર છે, જગપંથ છે. 'સમયસાર નાટક' મોક્ષ અધિકારનો ૪૦મો શ્લોક છે. જગપંથ છે. આહાહા..! શુભરાગ એ સંસાર છે. જગપંથ છે. અને સમ્યગ્દષ્ટિ ભગવાનઆત્માના સ્વરૂપની રચના કરે છે એ મોક્ષનો માર્ગ છે. આહાહા..! હમણા ચર્ચા ચાલી છે ને? 'મખનલાલજી' કહે છે, શુભજોગ તે મોક્ષનો માર્ગ છે. બહાર આવ્યું છે. શુભજોગ મોક્ષમાર્ગ છે. ત્યારે 'કૈલાસચંદજી'એ લખ્યું છે કે, શુભજોગ તો... (મખનલાલજીએ) એમ લખ્યું છે કે શુભજોગને હેય માને ઈ મિથ્યાદષ્ટિ છે. ત્યારે 'કૈલાલચંદજી'એ જવાબ આપ્યો કે, શુભજોગને હેય 'કુંદકુંદાચાર્ય' માને છે. 'પ્રવચનસાર'ની ગાથામાં. તો એ પણ મિથ્યાદષ્ટિ ઠર્યા. બેને ચર્ચા ચાલી. અરે..! ભગવાન! શાંત થા ને, ભાઈ! તારી ચીજ શું છે? ભાઈ! તારું સ્વરૂપ ભગવંતસ્વરૂપ છે, નાથ! આહાહા..! એની દૃષ્ટિ થઈ તો કહે છે કે એનું વીર્ય તો નિર્મળ પરિણતિની જ રચના કરે. આહાહા..! ચોથે ગુણસ્થાનેથી, હોં! એ અહીં કહે છે.

'નિશ્ચયથી સમ્યગ્દષ્ટિને...' '**सर्वे भावाः**' સર્વ ભાવમાં શું આવ્યું? ચાહે તો પુણ્યભાવ હો કે ચાહે તો પાપભાવ હો. આહાહા..! વિકલ્પ આવે છે. 'ભરત' ચક્રવર્તીને છન્નું હજાર સ્ત્રી છે. આહાહા..! પણ ઈ (-ભોગના) વિકલ્પ પછી તરત ધ્યાનમાં બેસે છે તો નિર્વિકલ્પ ધ્યાન થઈ જાય છે. 'ભરતેશ વૈભવ'માં પાઠ છે. 'ભરતેશ વૈભવ' છે ને? એમાં એમ છે કે વિકલ્પ તો આવ્યો અને એનું જ્ઞાન કરવામાં એનો જ્ઞાતા થયો. પછી તરત જ બીજી ક્ષણે ધ્યાન લગાવ્યું ને નિર્વિકલ્પ થઈ ગયા. સમજાય છે કાંઈ? આહાહા..! આટલું સામર્થ્ય સમ્યગ્દર્શનમાં છે. એ વાત લોકોને કઠણ પડે છે.

'સમયસાર નાટક'માં એમ લીધું છે, આ ગાથા, જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે. એની ટીકા કરે નહિ? અરે..! જ્ઞાનીનો ભોગ નિર્જરાનો (હેતુ)? એ પણ ત્યાં કહેતા હતા ને? 'ફલટન'માં. 'બનારસીદાસ' અને 'ટોડરમલ' અધ્યાત્મની ભાંગ પીને નાચ્યા છે. એ લોકોએ કહ્યું કે નહિ? 'લલિતપુર'માં કહ્યું હતું. અરેરે..! ભગવાન! ભાઈ! તને આ કેમ સૂઝ પડી? 'ટોડરમલ' અને 'બનારસીદાસ' અધ્યાત્મની ભાંગ પીને નાચ્યા છે. અર..ર..ર..! 'બનારસીદાસે' તો આમાંથી 'કળશટીકા'માંથી 'સમયસાર નાટક' બનાવ્યું છે. 'સમયસાર નાટક' આમાંથી બનાવ્યું છે. આહાહા..!

'બનારસીદાસ'ને છેલ્લે મૃત્યુકાળે ભાષા બંધ થઈ ગઈ અને જીવ છૂટતા વાર લાગી. લોકો જોતા હતા, નજીકમાં બેઠા હતા એ કહે, પંડિતજીનો જીવ ક્યાંક રોકાઈ ગયો છે, અટકી ગયો છે, નીકળતો નથી. પછી સ્લેટ.. સ્લેટ કહે છે ને? સ્લેટ મગાવી. ભાલા. 'જ્ઞાન કતક ... મારી મોહના, ચલે બનારસીદાસ ફેર નહિ આવના.' આવો દેહ હવે ફરીને અમને નહિ મળે. 'જ્ઞાન કતક ...' જ્ઞાનરૂપી બરછી અમારા હાથમાં છે. કતક છે ને? ભાલા. 'જ્ઞાન કતક ... મારી મોહના...' મોહને મારી નાખીને મારી ચીજ મેં જાગૃત કરી છે. આહાહા..! લોકોને એમ

થાય છે કે પંડિતજીને જીભ નથી એટલે એમનો જીવ ક્યાંક અટકી ગયો છે. 'ચલે બનારસીદાસ..' આવું શરીર હવે ફરીને નહિ મળે, બીજી જાતનું મળશે અને આવા સંયોગ પણ ફરીને નહિ મળે. આહાહા..! સમજાય છે કાંઈ?

એકવાર 'શ્રીમદ્દે' કહ્યું, કે વર્તમાન અમને જે શરીર મળ્યું છે... જરી રોગ હતો ને? શું કહેવાય ઈ? સંઘરણી.. સંઘરણી. તો લોકોને એમ કે આ ક્યાં? એક પત્ર એવો લખ્યો કે આ શરીર મળ્યું એવું શરીર હવે ભવિષ્યમાં નહિ મળે. કેમકે આરાધના કરીને જઈએ છીએ તો પુણ્યને કારણે શરીર પણ જુદી જાતનું મળશે, આવું નહિ મળે. આહાહા..! 'પ્રિયંકરજી'! આવો માર્ગ છે. અને ત્યાં સુધી કહ્યું... સ્ત્રી હતી, પુત્ર હતો, ગૃહસ્થાશ્રમમાં (હતા).

અશેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે...

અંદર રાગ છે બાકી દેખાય છે. અશેષ કર્મનો ભોગ છે, થોડો રાગ, કર્મ બાકી છે.

ભોગવવો અવેશષ રે, તેથી દેહ એક ધારીને,

જાશું સ્વરૂપ સ્વદેશ રે...

એકાદ દેહ બાકી છે, દેહ ધારણ કરીને અમે અમારા સ્વરૂપમાં ચાલ્યા જશું. આહાહા..! મોક્ષ થશે એમ ન કહ્યું, સ્વરૂપમાં ચાલ્યા જઈશું. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીં કહે છે, '**सर्वे भावाः**' ઉપર વજન છે. જ્ઞાનીને સર્વ ભાવ-પુણ્યના ભાવ હો કે ભોગનો હો.. આહાહા..! '**જેટલા પરિણામ...**' એમ લીધું ને? '**सर्वे भावाः**'ની વ્યાખ્યા (કરી) '**જેટલા પરિણામ ज्ञाननिर्वृत्ताः भवन्ति જ્ઞાનસ્વરૂપ હોય છે.**' આહાહા..! એ તો જ્ઞાનસ્વરૂપ હોય છે. આહાહા..! જ્ઞાયકસ્વભાવ ઉપર દૃષ્ટિ હોવાને કારણે એ રાગનું પણ જ્ઞાન થાય છે, '**ज्ञाननिर्वृत्ताः भवन्ति**' છે. રાગ નિપજેલો ભાવ એને નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ભાઈ! સમ્યગ્દર્શન શું ચીજ છે? એની મહિમા કેટલી છે? આહાહા..!

સમ્યગ્દર્શન પર્યાય છે, એ પર્યાયમાં ત્રિલોકનાથ આત્મા, એની પૂર્ણ જેટલી શક્તિ છે એ શક્તિ શ્રદ્ધામાં આવી જાય છે. એ વસ્તુ શ્રદ્ધામાં નથી આવતી. સમ્યગ્દર્શનની પર્યાયમાં વસ્તુ નથી આવતી પણ વસ્તુની જેટલી તાકાત અને સામર્થ્ય છે એટલું શ્રદ્ધા અને જ્ઞાન થઈ જાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? અને એ તો કાલે કહ્યું હતું ને કે પર્યાયને દ્રવ્ય અડતું નથી અને પર્યાય દ્રવ્યને અડતી નથી. આહાહા..! આવી વાત!

અહીં કહે છે કે જ્ઞાનીના સર્વ ભાવ (જ્ઞાનમય છે). કેમકે એની દૃષ્ટિ આનંદમા છે. રાગ આવે છે પણ દુઃખરૂપ, ઝેરરૂપ (અનુભવે છે). રાગમાંથી સુખબુદ્ધિ જ્ઞાનીને ઉડી ગઈ છે. ચાહે તો ઈન્દ્રના ઈન્દ્રાસન અને કરોડો ઈન્દ્રાણી હોય, શક્રેન્દ્ર અત્યારે એકાવતારી છે. સુધર્મ દેવલોકનો ઈન્દ્ર શક્રેન્દ્ર અને એની પત્ની બેય એકભવતારી છે, બેય એકભવતારી છે. એક ભવે મોક્ષ જવાના છે. આહાહા..! આમ બત્રીસ લાખ વિમાન છે, છન્નું હજાર સ્ત્રી તો ચક્રવર્તીને હોય, અહીં તો કરોડો અપ્સરા હોય. કારણ કે અપ્સરાની સ્થિતિ થોડી હોય એક જાય અને બીજી આવે. બે સાગરમાં તો કેટલીય અપ્સરાઓ બદલાઈ જાય, કરોડો. આહાહા..! એ બેય કહે છે કે, આ દેહ દેવનો છેલ્લો છે. હવે મનુષ્યપણું પ્રાપ્ત કરી મોક્ષ જશું. કેમકે જ્ઞાનીના સર્વ ભાવ '**ज्ञाननिर्वृत्ताः**' જ્ઞાનથી નિપજેલા છે, રાગથી નહિ. આહાહા..! જીણી

વાત છે, ભગવાન! આહાહા..! છે?

**'જ્ઞાનસ્વરૂપ હોય છે.' 'ज्ञाननिर्वृत्ताः'** છે ને? જ્ઞાનસ્વરૂપી હોય છે. આહાહા..! 'ભાવાર્થ આમ છે કે સમ્યગ્દષ્ટિનું દ્રવ્ય શુદ્ધત્વરૂપ પરિણમ્યું છે...' આહાહા..! અશુદ્ધ પરિણમન છે જ નહિ એમ અહીં તો કહેવું છે. આહા..! દષ્ટિના જોરની વાત છે ને! 'સમ્યગ્દષ્ટિનું દ્રવ્ય શુદ્ધત્વરૂપ પરિણમ્યું છે...' આહાહા..! પર્યાય, હોં! આહા..! 'તેથી સમ્યગ્દષ્ટિના જે કોઈ પરિણામ હોય છે આહાહા..! તે જ્ઞાનમય શુદ્ધત્વજાતિરૂપ હોય છે,...' જ્ઞાનમય.. જ્ઞાનમય.. આત્મમય. આહાહા..! જુઓ! સમ્યગ્દષ્ટિની બલિહારી! જેને વિષયમાં આખો આત્મા પ્રતીતિમાં આવ્યો, પ્રતીતમાં આવ્યો, આત્મા અંદર આવ્યો નહિ. સમજાય છે કાંઈ? સમ્યગ્દષ્ટિની આ પ્રતીતિમાં એટલું જોર છે.. આહાહા..! **'જ્ઞાનમય શુદ્ધત્વજાતિરૂપ હોય છે,...'** શુદ્ધ જ્ઞાનરૂપ જ એનું પરિણમન છે. આહાહા..! અશુદ્ધ તો છે પણ અહીં તો કહ્યું ને...? મુનિને પણ કલુષિત (પરિણતિ છે). કલુષિત પરિણતિ મને પણ છે. એ ચારિત્રની અપેક્ષાએ અને જ્ઞાનની અપેક્ષાએ કથન કહ્યું છે. અહીં જ્યાં દષ્ટિ અને દષ્ટિના વિષયની અપેક્ષા છે ત્યાં આગળ અશુદ્ધ પરિણામ છે જ નહિ. પણ એમાં એકાંત કરે કે છે જ નહિ, તો એમ નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- શાસ્ત્ર સમ્યગ્દષ્ટિએ રચ્યું છે તો પોતાને માટે સુવિધા રાખી.

ઉત્તર :- નહિ, નહિ, નહિ. ઠીક. વસ્તુનું સ્વરૂપ જ એવું છે તો લખ્યું છે. આહાહા..! રાગ તો ઝેર, ઝેર દુઃખ, દુઃખ, દુઃખ (છે). આહાહા..! સમ્યગ્દષ્ટિની, ભલે ઈન્દ્રને ઈન્દ્રાણીનો વિષય હોય તોપણ સુખબુદ્ધિ નષ્ટ થઈ ગઈ છે. આસક્તિનો રાગ આવે છે પણ સુખબુદ્ધિ, સુખની રુચિ ઉડી ગઈ છે. આહાહા..!

મુમુક્ષુ :- બેય વાત કેવી રીતે બને? સુખબુદ્ધિ નથી અને આવે પણ છે.

ઉત્તર :- આવે છે, નબળાઈ છે ને. નબળાઈ છે તો આવે છે. સાધક છે ને? તો બાધક (ભાવ) આવે છે. સાધ્ય પૂર્ણ થઈ ગયું છે? સાધક છે કે નહિ? સાધક કોને કહે? પૂર્ણ નથી થયા. તો સાધક છે ત્યાં બાધક તો આવે છે. આહાહા..! જુઓ તો ખરા સંતોની બલિહારી! આહાહા..! આટલું સ્પષ્ટ લખ્યું છે તોપણ લોકો વાંચતા નથી, વિચારતા નથી અને પોતાની વાત છોડતા નથી.

મુમુક્ષુ :- ફુરસદ નથી.

ઉત્તર :- ભાઈ કહે છે, ફુરસદ નથી. બીજા કામ માટે તો ઘણી ફુરસદ મળે છે. વેપાર, ધંધો, માયા, કપટ, કુટિલતા કરવી, પરને રાજી કરવા, સ્ત્રી, કુટુંબને રાજી રાખવા આખો દિ' તો ઈ કામ કરે છે, રાજી રહે.. રાજી રહે. તું રાજી રહે છે કે નહિ એની તો ખબર નથી. આહાહા..! પરને રાજી રાખવામાં તારો કાળ જાય છે, પ્રભુ! આહાહા..! બૈરા કેમ ખુશ રહે, દીકરા-દીકરી કેમ ખુશ રહે.. આહાહા..! પ્રભુ! તારો કાળ પરને રાજી રાખવામાં જાય છે, નાથ! આહાહા..! આ ઉપદેશકો પણ (ઈ ચાલે છે) લોકોને ઠીક લાગે ઈ ઉપદેશ કરે છે, પર રાજી થાય તો પોતે ખુશ થાય છે એ પણ પરને રાજી કરવામાં જાય છે. આહાહા..!

અહીંયા તો કહે છે, ધર્મીજીવનું જ્ઞાનમય (પરિણમન છે). જ્ઞાન શબ્દે આત્મા.

આત્મામય એટલે આખો આત્મા જે શુદ્ધ ચૈતન્ય છે, એ જ્ઞાનમય-આત્મામય શુદ્ધત્વ જાતિરૂપ થાય છે. આત્માની શુદ્ધ જાતિરૂપ પરિણામ એને થાય છે. આહાહા..! 'કર્મનો અબંધક હોય છે.' જુઓ! કેમ? કે આત્મા અબદ્ધસ્પૃષ્ટ છે. (સમયસાર) ૧૪-૪૫ ગાથામાં આવ્યું. અબદ્ધસ્પૃષ્ટ-અબદ્ધ એટલે રાગના બંધનથી રહિત છે. એ નાસ્તિથી વાત કરી-અબદ્ધ. અસ્તિથી કહો તો મુકતસ્વરૂપ છે. ભગવાન મુકતસ્વરૂપ જ અનાદિથી છે. દ્રવ્ય મુકતસ્વરૂપ છે, આહાહા..! પર્યાયમાં રાગનો સંબંધ છે તો પર્યાય તો દ્રવ્યમાં છે નહિ. આહાહા..! ચૈતન્યદ્રવ્ય છે એ અબદ્ધ છે. ચૌદમી ગાથામાં લીધું ને? પંડિતજી! 'સમયસાર' પંદરમી ગાથા.

**जो परसदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं।**
**अपदेससंतमज्झं पस्सदि जिणसासणं सव्वं।।१५।।**

જેણે આત્માને અબદ્ધસ્પૃષ્ટ જોયો, માન્યો, અનુભવ્યો... આહાહા..! એણે જૈનશાસન જોયું. ભાષા તો જુઓ! આહાહા..! ભગવાનઆત્મા અબદ્ધ અને અસ્પૃષ્ટ. વિસ્રા પરમાણુ પણ અડ્યા નથી. અને અનન્ય-અનેરી અનેરી ગતિ એમાં નથી. એ તો સદ્દશ સામાન્ય ત્રિકાળ ભાવ છે. અને નિશ્ચય-નિયત (છે), અનિયત નથી. પર્યાયમાં જે હિનાધીકતા છે એ વસ્તુમાં નથી. એ તો એકરૂપ છે. અને અસંયુકત. પુણ્ય-પાપના મલિનભાવથી સંયુક્ત નથી. એનાથી તો રહિત છે. એવા આત્માને જે કોઈ '**पस्सदि**' સમ્યગ્દર્શનથી, સમ્યગ્જ્ઞાનથી '**पस्सदि**', શુદ્ધઉપયોગથી '**पस्सदि**', એ શુદ્ધઉપયોગ જૈનશાસન દેખે. વીતરાગભાવ જૈનશાસન છે. આત્મા અબદ્ધસ્પૃષ્ટ જોયો એને વીતરાગભાવ થયો. આહા..! કેમકે અબદ્ધસ્વરૂપ છે તો એના પરિણામમાં અબદ્ધ પરિણામ થયા. ન્યાય સમજાય છે? ન્યાય-નિ ધાતુ. ન્યાયમાં નિ ધાતુ છે. જેવું સ્વરૂપ છે ત્યાં જ્ઞાનને લઈ જવું તેનું નામ ન્યાય છે. ભગવાનનો માર્ગ ન્યાય છે. સમજાય છે કાંઈ? આહાહા..!

જેણે અબદ્ધસ્પૃષ્ટ આત્માને જોયો... ત્યાં તો બે બોલ લીધા છે. '**अपदेससंतमज्झं**' એમ લીધું છે. '**अपदेस**' એટલે શાસ્ત્રમાં પણ ઈ કહ્યું છે. દ્રવ્યશાસ્ત્રમાં જે પુસ્તક છે, વાણી છે એમાં પણ અબદ્ધસ્પૃષ્ટ કહ્યું અને અબદ્ધસ્પૃષ્ટ છે એમ જેણે જાણ્યું તેને ભાવમાં અબદ્ધસ્પૃષ્ટપણું પ્રગટ થયું. અને અબદ્ધસ્પૃષ્ટપણું થયું ઈ શુદ્ધઉપયોગ થયો. શુદ્ધઉપયોગ થયો એ જૈનશાસન છે. આહાહા..! વચ્ચે રાગ વ્યવહારરત્નત્રય આવે એ કાંઈ જૈનશાસન નથી, એ તો રાગશાસન છે. આહાહા..! એને વ્યવહાર કહેવાય છે. નિશ્ચયને કારણે વ્યવહાર અસત્યાર્થ છે, જૂઠો છે. આહાહા..!

'છ ઢાળા'માં આવે છે ને? નિશ્ચય સત્યાર્થ અને નિયતનો હેતુ... હેતુ નિયતકો હોઈ. પણ નિશ્ચય જ સત્યાર્થ છે. હેતુ નિયતકો હોઈ, એ તો અસત્યાર્થ છે. સત્યાર્થની અપેક્ષાએ અસત્યાર્થ છે. 'છ ઢાળા'. 'જ્ઞાનચંદજી' 'છ ઢાળા' બહુ વાંચે છે. કહો, સમજાય છે કાંઈ? એમ સાંભળ્યું છે, અહીં તો કો'ક વાતું કરે ને. મીઠી ભાષાથી બહુ વાત કરે છે, લોકો પ્રસન્ન થઈ જાય છે. આહાહા..! આ તો વીતરાગનો માર્ગ છે, ભાઈ! 'જબલપુર' ગયા હતા ત્યાં સભામાં દસ હજાર માણસ હતું. એના પંડિત ગામમાં હતા અને આ તો બહાર હતું. ત્યાં દસ

હજાર (માણસ) અને ગામમાં બસો-અઢીસો માણસ, બે પંડિત હતા. 'લાલબહાદુર' અને 'સુમેરુ'. એમ છાપામાં આવ્યું હતું. આહાહા..! અરે..! આત્મા છે, પ્રભુ! આ તો. આહા..! આવી ચીજની પહેલા દૃષ્ટિ તો કર. આહાહા..! અને તે વિના ધર્મની શરૂઆત થતી નથી. 'મોક્ષમહેલ કી પહલી સીઢી', આવે છે ને એમાં? 'છ ઢાળા'માં આવે છે. મોક્ષ મહેલની પહલી સીઢી. પહેલું સોપાન. આહાહા..!

**'તેથી સમ્યગ્દૃષ્ટિનો જે કોઈ પરિણામ હોય છે તે જ્ઞાનમય શુદ્ધત્વજાતિરૂપ હોય છે,...'** આહાહા..! આ એકાંત પકડી લ્યે અને કહે કે અંદર અશુદ્ધતા છે જ નહિ, તો એમ નથી. આ તો અપેક્ષાએ દૃષ્ટિનો વિષય અને દૃષ્ટિ નિર્વિકલ્પ અને એનો વિષય નિર્વિકલ્પ છે તો એના પરિણામ પણ નિર્વિકલ્પ અબંધ હોય, એમ લીધું છે. સમજાણું કાંઈ? એકાંત પકડે કે એને બિલકુલ રાગ જ નથી અને બંધન છે જ નહિ, તો દસમા ગુણસ્થાન સુધી બંધન છે. દસમે છ કર્મ બાંધે છે. આયુષ્ય અને મોહ બે નથી. સમજાય છે કાંઈ? દસમે. આહાહા..! અહીં તો ના પાડી, **'કર્મનો અબંધક હોય છે.'** સમ્યગ્દૃષ્ટિ. સમજાય છે કાંઈ? બંધભાવનો સ્વામી નથી અને બંધભાવ દુઃખરૂપ લાગે છે તેથી એ સ્વસ્વામી અંશ નથી.

એમાં એક સ્વસ્વામીસંબંધ નામની શક્તિ છે. ૪૭ શક્તિ છે ને? ૪૭ સમજ્યા? ચાર અને સાત. સૈંતાલીસ. ખાણિયા ચર્ચામાં સામા પક્ષે ૪૮ શક્તિ છે એમ લખ્યું છે એ ભુલ છે. એમાં લખ્યું છે ૪૮ શક્તિ છે. ખાણિયા ચર્ચા છે ને? એમાં ૪૮ લખ્યું છે, પછી 'ફૂલચંદજી'એ સુધારી નાખ્યું કે ૪૮ નહિ, ૪૭ છે. ચાર અને સાત. એમાં આ શક્તિ છેલ્લી લીધી છે. સ્વસ્વામીસંબંધ. સ્વ કોણ? પોતાનું દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ અને પર્યાય શુદ્ધ એ સ્વ, અને તેનો સ્વામી. ધર્મી રાગનો સ્વામી નથી અને રાગ એનું સ્વ નહિ. સમજાય છે કાંઈ? ૪૭ શક્તિ છે. છેલ્લે છે ને?

બહુ ગજબ! દિગંબર સંતોએ તો થોડા શબ્દોમાં ઘણી ગંભીરતા.. ઘણી ગંભીરતા (ભરી દીધી છે). આહાહા..! મોક્ષગામી જીવો એકાદ ભવ વૈમાનિકનો કરીને મોક્ષ જાશે. 'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય'. સમજાય છે કાંઈ? પંચમઆરામાં હતા, નબળાઈને કારણે રાગ હતો, તો આયુષ્ય બંધાઈ ગયું અને વૈમાનિક સ્વર્ગમાં ગયા છે. એ સ્વર્ગમાં પણ વૈમાનિકમાં જાય. સમજ્યા ને? કોઈ સાધારણ વિરાધક થઈ જાય, એને માટે 'પ્રવચનસાર'માં છે, સમ્યગ્દૃષ્ટિ પણ કોઈ ભવનપતિમાં પણ જાય છે. એમ પાઠમાં, શ્લોકમાં છે. એ કોઈ અંદરમાં સહેજ ફેર પડી જાય અને આયુષ્ય બંધાઈ જાય તો જાય. નહિતર સમ્યગ્દૃષ્ટિ તો વૈમાનિકમાં જ જાય. ગાથા છે ને? ભાઈ! અસુર... નામ કંઈ બધુ આવડે છે? એટલી બધી યાદશક્તિ (નથી). કઈ ગાથા છે?

'પ્રવચનસાર' **'संपज्जदि णिव्वाणं देवासुरमणुयरायविहवेहिं।'** અસુરના વૈભવમાં પણ જાય. મૂળ ગાથા છે, હોં! છઠ્ઠી ગાથા છે. એવો કોઈ વિકલ્પ આવી ગયો અને આયુષ્ય બંધાઈ ગયું તો અસુરમાં જાય છે. નહિતર અહીં તો વાત ચાલે છે આરાધક જીવની, છતાં છઠ્ઠી ગાથામાં આમ લીધું છે. **'संपज्जदि णिव्वाणं'** ધર્માત્મા સંતો નિર્વાણને પ્રાપ્ત થશે. પણ કોઈ દેવ અસુરમાં જશે. નહિતર સમ્યગ્દૃષ્ટિ અસુરમાં જાય નહિ. પણ કોઈ અપવાદથી આવો શબ્દ

લીધો છે. એને એવો ભાવ આવી ગયો. **'देवासुरमणुयरायविहवेहिं।'** રાજાના, અસુરના દેવનો વૈભવ કરી ન્યાંથી મનુષ્ય થઈને મોક્ષ જશે. સમજાય છે કાંઈ? અહીં પાઠમાં અસુર નાખ્યું છે. અહીં ના પાડે છે. એને અશુદ્ધતા છે જ નહિ. જ્ઞાનપ્રધાન કથન છે અને જરી કોઈ ભુલ થઈ ગઈ હોય એવો જીવ લીધો છે. અસુરમાં જાય એ તો મિથ્યાદષ્ટિ જાય અને ત્યાં તો સમકિતીની વાત છે. સમજાય છે કાંઈ? પણ એવા કોઈ પરિણામ થઈ ગયા અને બંધ પડી ગયો તો ત્યાંથી નીકળી મનુષ્ય થઈને નિર્વાણ પ્રાપ્ત કરશે. 'લાલચંદભાઈ'! આહાહા..!

અહીંયા કહે છે, **'કર્મનો અબંધક હોય છે.'** આહાહા..! કોણ? જ્ઞાની. જેને કર્મબંધન છે જ નહિ. આહાહા..! આમ દસમે ગુણસ્થાન સુધી છ કર્મ (બંધાય છે.) અહીં કહે છે નહિ. ઈ કઈ અપેક્ષાએ? દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયમાં બંધ પરિણામ છે જ નહિ. અબંધસ્વરૂપી ભગવાનઆત્માના પરિણામ છે ઈ અબંધ છે. અબંધસ્વરૂપી પ્રભુના શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર થયા એ અબંધ પરિણામ છે. અબંધ પરિણામમાં બંધન થતું નથી એ અહીંયા સિદ્ધ કરવું છે. સમજાય છે કાંઈ? એકાંત માની લે તો આમાં અસુરનો દાખલો આપ્યો. મુનિની વાત છે. નિર્વાણ જશે. **'संपज्जदि णिव्वाणं'** પછી નિર્વાણ પ્રાપ્ત થશે. પણ વર્તમાનમાં અહીંથી દેવ ને અસુરનો વૈભવ પામશે. સમજાય છે કાંઈ? કોઈ વખતે ગુજરાતી આવી જાય છે. આહાહા..!

**'तु ते सर्वे अपि अज्ञानिनः अज्ञाननिर्वृत्ताः भवन्ति'** આહાહા..! આમ પણ છે કે જેટલા પરિણામ શુભોપયોગરૂપ અથવા અશુભોપયોગરૂપ છે તે બધા મિથ્યાદષ્ટિને અશુદ્ધત્વથી નીપજ્યા છે,... આહાહા..! જુઓ! ચાહે તો પંચમહાવ્રતધારી દ્રવ્યલિંગી હો, મિથ્યાદષ્ટિ પંચમહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ પાળતો હોય, નગ્નપણું હોય, હજારો રાણીનો ત્યાગ કર્યો હોય, પણ દૃષ્ટિમાં મિથ્યાત્વ છે કે રાગથી ધર્મ થશે, પુણ્યથી ધર્મ થશે, શુભજોગ ધર્મનું કારણ છે, એવા કષાયના કણમાં ધર્મ માની લીધો કે આ કાયાની ક્રિયા મારાથી થાય છે એમ માની લીધું એ મિથ્યાદષ્ટિ છે. આહાહા..! એ મિથ્યાદષ્ટિ જેટલા પરિણામ કરે, શુભ કે અશુભ, બધા **'अज्ञाननिर्वृत्ताः'** છે. આહાહા..! સમજાય છે કાંઈ? છે? બેય લીધા છે. જુઓ! **'सर्वे अपि' 'सर्वे अपि'** નામ શુભ કે અશુભ, બેય. 'મિથ્યાદષ્ટિને અશુદ્ધત્વથી નીપજ્યા છે,...' આહાહા..! સમ્યગ્દૃષ્ટિને શુદ્ધતાના જ પરિણામ છે, મિથ્યાદષ્ટિને શુભભાવ પણ અશુદ્ધતાના જ પરિણામ છે. આહાહા..! 'વિદ્યમાન છે.'

**'ભાવાર્થ આમ છે કે સમ્યગ્દૃષ્ટિ જીવની અને મિથ્યાદષ્ટિ જીવની ક્રિયા તો એકસરખી છે,...'** ક્રિયા તો એકસરખી હોય છે. આહાહા..! **'ક્રિયાસંબંધી વિષય-કષાય પણ એકસરખા છે,...'** આહાહા..! ક્રિયાસંબંધી વિષય કષાયના પરિણામ પણ બંનેને સરખા છે. **'પરન્તુ દ્રવ્યનો પરિણમનભેદ છે.'** આહાહા..! દ્રવ્યના પરિણમનમાં ભેદ છે. ધર્મીનું દ્રવ્ય પરિણમન શુદ્ધ છે, અજ્ઞાનીનું દ્રવ્ય પરિણમન અશુદ્ધ છે. એ દૃષ્ટિને કારણે બેમાં આટલો ફેર છે. આહાહા..! જુઓ! ક્રિયા સરખી, સરખી શું? સમ્યગ્દૃષ્ટિને તો અશુભભાવની ક્રિયા છન્નું હજાર સ્ત્રીની પણ હો અને મિથ્યાદષ્ટિને સર્વ સ્ત્રીનો ત્યાગ હોય અને બ્રહ્મચર્ય પાળતો હોય. સમજાય છે કાંઈ? છતાં અજ્ઞાનીને તો અજ્ઞાનભાવથી અશુદ્ધતા ઉત્પન્ન થઈ છે. આહાહા..! આવું સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શનની હલકાઈ અને સમ્યગ્દૃષ્ટિની મહત્તા, આ વાત વર્ણવી છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ વદ ૧, સોમવાર, તા.૨૯-૮-૧૯૭૭
## કળશ - ૬૭-૬૮, પ્રવચન - ૮૦

'કળશટીકા' ૬૭ શ્લોક છે. વચ્ચે આવ્યું છે. વિવરણ. ભાવાર્થ થઈ ગયો છે. **'સમ્યગ્દષ્ટિનું...'** આત્મા જ્ઞાયક ચૈતન્ય શુદ્ધ ધ્રુવ જેને અંદરમાં પત્તો લાગી ગયો, સમ્યક્ પર્યાયમાં ધ્યેય બનાવી શુદ્ધ ચૈતન્યના સમ્યગ્દર્શનમાં અનુભવ થયો અને એમાં પ્રતીતિ થઈ એનું નામ સમ્યગ્દર્શન છે. આહા..! એ સમ્યગ્દષ્ટિ સત્ય સ્વરૂપ જે ત્રિકાળ પરમાત્મા, એક સમયની પર્યાય વિનાનો, એક ચૈતન્યમૂર્તિ નિત્યાનંદ પ્રભુ, ધ્રુવ સ્વભાવ જેને અનુભવમાં આવ્યો. અનુભવ પર્યાય છે, સમ્યગ્દર્શન પણ પર્યાય છે, પણ એનું ધ્યેય ધ્રુવ છે. દષ્ટિનો વિષય દ્રવ્ય છે. એ ત્રિકાળી દ્રવ્યને જ્યાં અંતરમાં જ્ઞેય બનાવી પર્યાયમાં જ્ઞાન થયું અને તેમાં પ્રતીતિ થઈ, નિર્વિકલ્પ આનંદ સહિત. અતીન્દ્રિય આનંદના સ્વાદની સાથે પ્રતીતિ થઈ એનું નામ સમ્યગ્દર્શન છે. આહાહા..!

મુમુક્ષુ :- આપે પહેલા જ્ઞાન લીધું અને પછી પ્રતીતિ લીધી.

ઉત્તર :- જ્ઞાન પહેલું લીધું એનું કારણ કે જ્ઞાનમાં જણાયા વિના પ્રતીતિ કોની? સમજાય છે કાંઈ? ૧૭-૧૮ ગાથામાં પહેલા જ્ઞાન લીધું છે. જે ચીજ છે એ જ્ઞાનની પર્યાયમાં આવ્યા વિના પ્રતીતિ કોની?

મુમુક્ષુ :- પ્રતીત તો છે એની.

ઉત્તર :- એમ નહિ. આત્મા છે એવી. સૂક્ષ્મ વાત છે, અનંતકાળમાં કર્યું નથી. આહાહા..! જ્ઞાનની પર્યાયમાં જ્ઞેયરૂપ જણાય છે ત્યારે પ્રતીતિ થઈ, એમ ૧૭-૧૮ ગાથામાં છે. જાણ્યા વિનાની પ્રતીતિ કોની? જે ચીજ જ્ઞાનમાં જ્ઞેયરૂપ, પોતાની પર્યાયમાં જ્ઞેયરૂપ થઈ નહિ તો પ્રતીતિ કોની? સમજાય છે કાંઈ? આહાહા..! જે પર્યાયમાં અનાદિથી પુણ્ય અને પાપ ને પર્યાયનો વિષય ધ્યેય હતું એ તો મિથ્યાબુદ્ધિ હતી.

... ઉછળે છે, બપોરે આવ્યું ને? ભાઈ! જ્ઞાનની એક સમયની પર્યાયમાં અનંત ગુણની પર્યાય ઉછળે છે-ઉત્પન્ન થાય છે. શક્તિના વર્ણનમાં શરૂઆતમાં આવ્યું હતું. શક્તિની શરૂઆતમાં. આહાહા..! કહે છે, **'શુદ્ધત્વરૂપ પરિણમ્યું છે...'** આહાહા..! ધર્મીનું તો શુદ્ધત્વરૂપ પરિણમન છે. અહીં દષ્ટિ અને દષ્ટિના વિષયની અપેક્ષાથી કથન છે. પણ એમાં કોઈ એકાંત લઈ જાય કે એને અશુદ્ધતા છે જ નહિ, એમ નહિ. એની દષ્ટિ અને દષ્ટિના વિષયમાં નથી. પણ પરિણમનમાં અશુદ્ધતા જ નથી, બધું શુદ્ધત્વ જ છે એકલું, એ તો દષ્ટિની પ્રધાનતાથી દષ્ટિનો વિષય શુદ્ધ છે તો શુદ્ધનું પરિણમન શુદ્ધ થયું એમ કહેવામાં આવ્યું. કોઈ દ્રવ્ય અને દ્રવ્યની શક્તિમાં અશુદ્ધતા થવી એવો કોઈ દ્રવ્યમાં અને શક્તિમાં સ્વભાવ નથી. આહાહા..! તેથી અહીંયા દ્રવ્ય અને એની શક્તિનો પિંડ પ્રભુ, એની અંતરદષ્ટિ થઈ એ બધી શક્તિઓ શુદ્ધ છે, આહાહા..! એનો પર્યાયમાં વ્યકત અંશ પ્રગટ થયો, એ શુદ્ધત્વ પરિણમન છે. સમજાય છે કાંઈ? આહાહા..!

**'તેથી જે કોઈ પરિણામ...'** તેથી જે કોઈ પરિણામ. આ કારણે, આ કારણ નામ સમ્યગ્દષ્ટિનું દ્રવ્ય શુદ્ધત્વરૂપ પરિણમ્યું છે તેથી. સમજાય છે કાંઈ? આ તો સિદ્ધાંત છે, બાપુ! અધ્યાત્મ છે. આ કોઈ કથા-વાર્તા નથી. આહાહા..!

મુમુક્ષુ :- આપ કોઈ વાર ફરમાવો છો, ભાગવત્ કથા છે.

ઉત્તર :- ભાગવત કથા છે. 'નિયમસાર'માં છેલ્લી ગાથામાં લીધું છે ને? આ શાસ્ત્ર ભાગવત છે. આ શાસ્ત્ર ભાગવત શાસ્ત્ર છે. એ લોકોના ભાગવત જુદા (અને) આ ભાગવત જુદા. આહાહા..! અને ભગવાન ભાગવતની ભગવતિશક્તિનું અહીંયા વર્ણન છે. ભાગવત કથા-ભગવંતની કથા. આહાહા..!

કહે છે, સમ્યગ્દષ્ટિનું આ કારણે. આ કારણ શું? એનું દ્રવ્ય શુદ્ધત્વરૂપ દ્રવ્યદષ્ટિમાં શુદ્ધરૂપે પરિણમન થાય છે. **'તેથી જે કોઈ પરિણામ બુદ્ધિપૂર્વક અનુભવરૂપ...'** જ્ઞાનપૂર્વક અનુભવ થાય. આવી વાત છે. હવે કોઈ એમ લગાવી દે કે જુઓ! જ્ઞાનીની ભોગાભિલાષ પણ જ્ઞાનજાતિ છે. અરે..! ભાઈ! કઈ અપેક્ષાથી કહેવાય છે? બાપુ! સમજાય છે કાંઈ? વૃત્તિમાં નબળાઈથી આવે છે પણ હેયબુદ્ધિ છે, ઝેરબુદ્ધિ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

કમળો થાય છે ને? કમળો, રોગ. કમળો નથી સમજતા? પીલીયા. પીલીયામાં એક દવા એવી આવે છે કે કૂતરાની વિષ્ટાની ગંધ મારે એવી એક દવા આવે છે. કમળા ઉપર. કૂતરાના વિષ્ટાની ગંધ મારે. પીવે ખરો. પ્રેમ છે? ઈ આવે છે, અમને ખબર છે. એકવાર (સંવત) ૧૯૮૭ ની સાલમાં થોડો કમળો થયો હતો. એક વૈદ્યે દવા એવી આપી. દવા ઔષધ. લાકડાની કાષ્ઠની. પણ ગંધ એટલી મારે, કૂતરાની વિષ્ટાની ગંધ હોય એવી ગંધ. પીવે છે તો પ્રેમ છે? પીવી પડે.

એમ ધર્મીને ભોગનો વિકલ્પ, રાગ આવે છે પણ એને પોતાથી પૃથક્ રાખીને જ્ઞાનજાતિમાં ભેળવે છે. સમજાય છે કાંઈ? વિકારજાતિનું જ્ઞાનજાતિ કરીને જ્ઞાનજાતિમાં ભેળવે છે. આહાહા..! આવી વસ્તુ છે. કારણ.. પહેલા કહ્યું હતું ને? શુદ્ધત્વરૂપ પરિણમન છે. તેથી આ બુદ્ધિપૂર્વક આદિ છે એ બધું જ્ઞાનજાતિમાં ઘટે છે, એમ કહ્યું. **'કેમકે...'** હવે પાછું કારણ લીધું. **'કેમકે જે કોઈ પરિણામ છે તે સંવર-નિર્જરાનું કારણ છે;...'** આહાહા..! આ ગાથામાં ત્યાં 'સમયસાર નાટક'માં છે, ભાઈ! જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે, એમ કહ્યું. બાપુ! એ ભોગને નિર્જરાનો હેતુ કહ્યો પણ ભોગના પરિણામ તો રાગ જ છે પણ જ્ઞાનજાતિમાં એનું જ્ઞાન કરે છે, જ્ઞાતા-દૃષ્ટા (રહે છે). સ્વભાવજાતિની જે ચીજ પ્રગટ થઈ છે એમાં એનું જ્ઞાન કરે છે, એ મારા છે એમ માનતો નથી. અને ઠીક છે એમ માનતો નથી. મારો છે એમ પણ માનતો નથી અને ઠીક છે એમ પણ માનતો નથી. હેયબુદ્ધિએ આવે છે એનો જ્ઞાતા રહી જ્ઞાન કરે છે. આ ધર્મ. આ સમ્યગ્દષ્ટિનો ભાવ. આહાહા..! સમજાય છે કાંઈ?

**'સંવર-નિર્જરાનું કારણ છે...'** ભાષા જુઓ! અશુભભાવ અને વ્રતક્રિયાનો શુભભાવ બેયને અહીંયા સંવર, નિર્જરાનું કારણ (કહ્યું). કેમકે અંદરમાં દૃષ્ટિનું જોર દ્રવ્ય ઉપર છે. ચિદાનંદ ધ્રુવમાં (જોર છે). એકરૂપ સદૃશ સામાન્ય જે આત્મા, એની ઉપર દૃષ્ટિના જોરને

કારણે ભેદના વિકલ્પની રુચિ ઉઠી ગઈ છે. આહાહા..! તેથી તે પરિણામને સંવર, નિર્જરાનું કારણ કહ્યું. શું કહ્યું? ભોગઅભિલાષરૂપ પરિણામ સંવર, નિર્જરાનું કારણ? હેયબુદ્ધિ છે. ઉપાદેયબુદ્ધિ નથી. અને દૃષ્ટિનું જોર ધ્રુવ ઉપર છે, રાગ ઉપર નથી. તેથી ભોગના પરિણામને અને વ્રત, ક્રિયાના શુભભાવને સંવર, નિર્જરાનું કારણ કહ્યું. એ પરિણામ તો બંધનું જ કારણ છે પણ અહીંયા જ્ઞાતા-દૃષ્ટા રહીને અબંધસ્વભાવી ભગવાનની દૃષ્ટિ હોવાથી, અબંધસ્વભાવી ભગવાનની દૃષ્ટિ અને જ્ઞાન થવાથી એના પરિણામમાં અબંધ પરિણામ જ થાય છે. બંધના પરિણામનું જ્ઞાન કરે છે, એ જ્ઞાન અબંધ પરિણામ છે. એનાથી સંવર, નિર્જરા થાય છે. સમજાય છે કાંઈ? આવું આકરું લાગે માણસને.

'સમ્યગ્જ્ઞાન દીપિકા'માં પેલો શબ્દ લખ્યો તો એકદમ મંડી પડ્યા. 'સમ્યગ્જ્ઞાન દીપિકા'. જેને માથે ધણી હોય અને કોઈ દોષ લાગી જાય તો બહારમાં પ્રસિદ્ધિમાં નથી આવતો. એમ સમ્યગ્દૃષ્ટિને ધણી માથે આત્મા છે. આહાહા..! 'ઢિંગ ધણી માથે કિયા રે, કોણ ગંજે નરખેટ' જેણે પર્યાયમાં ધ્રુવ ધણીને ધાર્યો.. આહાહા..! જેની પ્રજા-પર્યાયમાં ઢિંગ ધણી ધ્રુવને ધાર્યો, 'કોણ ગંજે નરખેત' 'આનંદઘનજી' કહે છે. એ ગધેડાથી કે ઘોડાથી કેમ પાછા પડી જાય. આહાહા..!

'જે કોઈ પરિણામ છે તે સંવર-નિર્જરાનું કારણ છે;એવો જ કોઈ દ્રવ્યપરિણમનનો વિશેષ છે.' આહાહા..! ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ અને એની અનંત શુદ્ધ શક્તિઓ અને એ શુદ્ધતાનું એકતારૂપ દ્રવ્ય, એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે તો દ્રવ્યના પરિણામ વિશેષ પ્રકારના શુદ્ધ થાય છે. સમજાય છે કાંઈ? એ દ્રવ્યપરિણમનનો વિશેષ છે. ભોગના પરિણામ સંવર, નિર્જરાનું કારણ એ દ્રવ્યપરિણમનનું વિશેષ છે. એ ભોગના પરિણામ વિશેષ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! અરે..! ભાઈ! જ્યાં વ્યવહાર રત્નત્રયને પણ પાપ કહે ત્યાં આ ભોગના પરિણામમાં લાભ માને, એમ છે ક્યાં?

મુમુક્ષુ :- એટલે જ લોકો કહે છે, પાપને ધર્મ માને છે અને પુણ્યને પાપ કહે છે.

ઉત્તર :- ઈ તો અહીંયા કહીએ છીએ કે એમ નથી. પાપ તો પાપ જ છે પણ અહીંયા દ્રવ્યના વિશેષ પરિણમનને કારણે સંવર, નિર્જરા કહેવામાં આવ્યું છે. 'પાટણીજી'! આહાહા..! વાદવિવાદ કરે સો અંધા. 'સદ્‌ગુરુ કહે સહજ કા ધંધા' 'સમયસાર નાટક'માં આવે છે. એ અમે (સંવત) ૧૯૮૩ની સાલમાં કહ્યું હતું. 'દામોદર શેઠ' હતા ઈ બહુ વાદવિવાદ, ચર્ચા કરતા. દૃષ્ટિ વિપરીત હતી અને બહુ વાદવિવાદ કરે. પછી કહ્યું હતું. ૧૯૮૩ની સાલની વાત છે. પચાસ વર્ષ પહેલાની. 'બનારસીદાસ'માં છે ને? 'સમયસાર નાટક'માં. વાદવિવાદ કરે સો અંધા, એ 'સમયસાર નાટક'માં છે. એ વખતે 'બનારસી વિલાસ' નહોતું જોયું. 'સમયસાર નાટક' જોયું હતું. 'બનારસી વિલાસ' તો અહીંયા (સંવત) ૧૯૯૧માં જોયેલું. સમજાય છે કાંઈ? 'સમયસાર નાટક'માં છે. 'સદ્‌ગુરુ કહે સહજ કા ધંધા,...' આમાં છે. કાઢોને, ભાઈ! બે વસ્તુ છાપો, એક 'પરમાર્થ વચનિકા' અને 'ઉપાદાન-નિમિત્તની ચીઠ્ઠી'. આ બે એમાંથી કાઢ્યા. 'બનારસી વિલાસ'માં ઈ છે. અને 'રહસ્યપૂર્ણ ચીઠ્ઠી' 'ટોડરમલ'ની છે. ત્રણે 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં પાછળ છપાયા છે. 'સદ્‌ગુરુ કહે સહજ કા ધંધા' હશે ક્યાંક,

કેટલો મોટો દરિયો છે.

મુમુક્ષુ :- ખોજી જીવે વાદી મરે...

ઉત્તર :- એ તો અમે તે દિ' (સંવત) ૧૯૮૩માં કહ્યું હતું. ખોજી જીવે વાદી મરે, સાચી કહેવત છે. શેઠ! એમ કહ્યું હતું, હોં! પચાસ વર્ષ પહેલાની વાત છે. 'સમયસાર નાટક'ની વાત છે. ખોજી જીવે, શોધક જીવ સાચું જીવન ગાળે છે. વાદી મરે, વાદ કરવા જાય કે આમ છે ને તેમ છે, તો શાસ્ત્રમાં વ્યવહારના કથન તો ઘણા આવ્યા છે. અગિયારમી ગાથામાં ન કહ્યું? શાસ્ત્રમાં હસ્તાવલંબ તુલ્ય જાણીને વ્યવહારનું કથન ઘણું આવ્યું છે પણ એનું ફળ સંસાર છે. અગિયારમી ગાથામાં ભાવાર્થમાં 'જયચંદ્ર' પંડિતે આવો અર્થ કર્યો છે.

મુમુક્ષુ :- વાદવિવાદ ન કરે, પણ ચર્ચા તો કરે.

ઉત્તર :- ચર્ચા પણ શી રીતે? ચર્ચા તો અહીંયા રાત્રે થાય છે, નથી થતી? રોજ ચર્ચા થાય છે. આહાહા..! એને તો તમારી વાત જૂઠી છે અને અમારી સાચી છે, એ માટે ચર્ચા કરવી છે. કહ્યું હતું ને? શ્વેતાંબરમાં એક 'જીવા' કરોડપતિ છે. કેવા કહેવાય? 'જીવા પ્રતાપ'. એના ભત્રીજાએ દીક્ષા લીધી છે. 'ચંદ્રશેખર'. અમારી પાસે 'લીંબડી' આવ્યા. ઘણા વર્ષ થયા, હોં! પાંચ-સાત વર્ષ થયા. આવ્યા, આવીને કહે, આપણે ચર્ચા કરીએ. હું સમજતો હતો, આને કંઈ (સમજવું નથી). શ્વેતાંબર છે, એની દૃષ્ટિ તો વિપરીત છે, આ ચર્ચા તો એની સાથે બેસે જ નહિ. મેં કહ્યું, અમે તો કોઈની સાથે ચર્ચા કરતા નથી. અરે..! તમારું આટલું નામ પ્રસિદ્ધ છે, તમે ના પાડશો તો તમારું બહારમાં કેવું દેખાશે? દુનિયા માનો, ન માનો, અમારે શું? પછી બે-ચાર જણા બેઠા હતા, એના શેઠિયા હતા. કહે, જુઓ! આ ચશ્મા વિના દેખાય છે? એમ બોલ્યા. મેં કહ્યું, થઈ ગઈ ચર્ચા. ચર્ચા થઈ ગઈ. અરે..! ભગવાન! ચશ્મા જડ છે, જાણનારી પર્યાય તો પોતાની છે. આહા..! નથી જાણતો તો પણ પોતાથી નથી જાણતો અને જાણે છે તોપણ પોતાથી જાણે છે. ચશ્માથી જાણે છે? આહાહા..! અરે..! આંખથી જાણે છે, એમ પણ નથી. ઇન્દ્રિયનું જ્ઞાન એ આત્માનું જ્ઞાન જ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એ અલિંગગ્રહણમાં આવ્યું છે.

ઇન્દ્રિયથી જાણવું એ આત્માનો સ્વભાવ જ નથી. ઇન્દ્રિયથી જાણવું અને બીજાને ઇન્દ્રિય દ્વારા જણાવવું, એ સ્વભાવ નથી. ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય જ આત્મા નથી. આહાહા..! ભગવાનઆત્મા બીજા દ્વારા અનુમાનથી જણાય એવો આત્મા નથી. જેને પ્રત્યક્ષ થયો નથી અને એકલા અનુમાનથી જાણે એ વાત જ નથી, એ અનુમાન વ્યવહાર થઈ ગયો. આહાહા..! આત્મા પણ માત્ર અનુમાનથી પરને જાણે એવો આત્મા નથી. સમજાય છે કાંઈ? એ તો પોતાના જ્ઞાનસ્વભાવથી જણાય છે, રાગથી, વિકલ્પથી, વ્યવહારથી નહિ. એ જ્ઞાનની પર્યાયથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. ઈ છઠ્ઠો બોલ છે. અલિંગગ્રહણના વીસ બોલ. સમજાય છે કાંઈ? આવો માર્ગ છે ને, ભગવાન! આહાહા..!

અહીં કહે છે, **'એવો જ કોઈ દ્રવ્યપરિણમનનો વિશેષ છે.'** ભોગના અભિલાષના વિકલ્પો, વ્રત ક્રિયાના વિકલ્પને અમે સંવર, નિર્જરા કહે છે એ દ્રવ્યપરિણમનની વિશેષતાને કારણે કહીએ છીએ. સમજાય છે કાંઈ? આવ્યું?

મુમુક્ષુ :- મેં ઘણું શોધ્યું 'બનારસી વિલાસ'માં મળ્યું.

ઉત્તર :- 'બનારસી વિલાસ'માં છે જ નહિ. અમે તો 'બનારસી વિલાસ' જોયું છે.એ જોયા પહેલા અમે તો ચર્ચા કરી હતી. આ નહિ. સહજ કા ધંધા, એમ છે. ખોજી જીવે વાદી મરે, પણ એ નહિ. સહજ કા ધંધા, આ નહિ. ઈ તો કહ્યું હતું, ખોજી જીવે, વાદી મરે. આમાં છે. એ તો (સંવત) ૧૯૮૩ની સાલમાં ઘણી ચર્ચા થઈ ગઈ હતી. શું કહ્યું ? 'સદ્ગુરુ કહે સહજ કા ધંધા..' અંદર છે કંઈક. એ ૧૯૮૩ની સાલમાં ચર્ચા થઈ હતી. તે દિ' તો 'બનારસી વિલાસ' જોયું જ નહોતું. 'બનારસી વિલાસ' તો અહીંયા (સંવત) ૧૯૯૧માં જોયું. પરિવર્તન કર્યું ને. (ત્યારપછી) આહાહા..!

અહીંયા તો કહે છે, વ્રતક્રિયા.. છે ને? ભોગાભિલાષ અને '**ચારિત્રમોહના ઉદયે ક્રોધ, માન, માયા, લોભરૂપ છે તે સઘળાય પરિણામ જ્ઞાનજાતિમાં ઘટે છે,...**' આહાહા..!

મુમુક્ષુ :- ઘટે છે એટલે ઓછા થાય છે?

ઉત્તર :- નહિ, નહિ, નહિ. ઘટે એટલે મેળ ખાય છે. બરાબર મેળ ખાય છે. સમજાય છે કાંઈ? યથાર્થ મેળવણી થાય છે, એમ. આહા..! '**એવો જ કોઈ દ્રવ્યપરિણમનનો વિશેષ છે.**' આહાહા..!

'**મિથ્યાદષ્ટિનું દ્રવ્ય...**' હવે મિથ્યાદષ્ટિનું લીધું. '**અશુદ્ધરૂપ પરિણમ્યું છે,...**' આહાહા..! બધી શક્તિઓ પર્યાયમાં અશુદ્ધરૂપે પરિણમી છે. આહાહા...? કેમકે દષ્ટિ પર્યાય અને રાગ ઉપર છે. ત્રિકાળી જ્ઞાયકરૂપ અનંત શક્તિનો પિંડ પ્રભુ છે એવી દષ્ટિનો તો મિથ્યાદષ્ટિને અભાવ છે. તો એક સમયની પર્યાય, અંશ અને રાગ ઉપર દષ્ટિ હોવાથી મિથ્યાદષ્ટિનું દ્રવ્ય અશુદ્ધરૂપ પરિણમ્યું છે. એ બધું અશુદ્ધ પરિણમન છે. ચાહે તો વ્રત ક્રિયા કરે, બધું કરે પણ એનું પરિણમન અશુદ્ધ છે. સમજાય છે કાંઈ? '**તેથી જે કોઈ મિથ્યાદષ્ટિના પરિણામ તે અનુભવરૂપ તો હોતા જ નથી;...**' પહેલામાં કહ્યું હતું ને? બુદ્ધિપૂર્વક અનુભવ, એમ કહ્યું હતું. સમકિતીને બુદ્ધિપૂર્વક અનુભવ કહ્યું હતું એ અહીં લીધું. એને અનુભવ તો છે નહિ. પહેલો બોલ લીધો હતો ને? અહીંયા આ લીધું. મિથ્યાદષ્ટિને અનુભવ તો છે નહિ. '**તેથી સૂત્ર-સિદ્ધાન્તના પાઠરૂપ...**' શાસ્ત્ર વાંચે, ભણે, બોલે, સમજાવો કહે એ તો બધો વિકલ્પ છે. આહાહા..! '**સૂત્ર-સિદ્ધાન્તના પાઠરૂપ...**' ભાષા શું છે? અન્યના નહિ પણ જૈનના સિદ્ધાંતનું પઠન-પાઠન. સૂત્ર સિદ્ધાંત એ લીધા છે. અન્યમતિનું પઠન પાઠન નહિ પણ આ તો જૈન સિદ્ધાંતનું પઠન-પાઠન. આહા..! એ બધું મિથ્યાજાતિમાં જાય છે.

મુમુક્ષુ :- મહિનાના અપવાસ કરે એ બધું?

ઉત્તર :- અપવાસ-બપવાસની વાત પણ ક્યાં છે? ઈ તો સ્થુળ પછી કહેશે. આ તો ભગવાનના સિદ્ધાંત જે જૈનદર્શન, પરમેશ્વરના એનું પઠન-પાઠન એ પણ રાગ છે, એ પણ મિથ્યાદષ્ટિનું અશુદ્ધ પરિણમન છે. આહાહા..! સમજાય છે કાંઈ? પોતાનો ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ શુદ્ધ છે એનો તો આશ્રય અને દષ્ટિ છે નહિ. એનો આશ્રય અને દષ્ટિ તો રાગ ઉપર અને પર્યાય ઉપર છે. એટલે એના બધા વ્રતાદિના વિકલ્પ (મિથ્યાજાતિના છે). આહાહા..! સૂત્ર સિદ્ધાંતનું પઠન '**અથવા વ્રત-તપશ્ચરણરૂપ છે...**' ઈ વ્રત કરે છે, બાર વ્રત,

પંચમહાવ્રત, તપશ્ચરણ કરે છે, મહિના મહિનાના અપવાસ કરે, એ બધું બંધનું કારણ છે, મિથ્યા છે. આહાહા..!

મુમુક્ષુ :- સમ્યગ્દૃષ્ટિ..?

ઉત્તર :- મિથ્યાદૃષ્ટિની વાત છે. સમ્યગ્દૃષ્ટિને નિર્જરાનું કારણ કહ્યું. એ દ્રવ્યવિશેષને કારણે. દ્રવ્યની શુદ્ધતાની વિશેષતાને કારણે. દ્રવ્યની શુદ્ધતાના પર્યાયમાં વિશેષતાને કારણે. શુભ-અશુભ ભાવ છે એને જ્ઞાનજાતિમાં નાખ્યા, જ્ઞાતા-દૃષ્ટામાં. અને આ અજ્ઞાનીના વ્રત ને તપ એ બધું અજ્ઞાનજાતિમાં ગયું. આહાહા..! શ્રદ્ધા જ જ્યાં જૂઠી છે,.. આહાહા..! સમજાય છે કાંઈ?

વ્રત, તપશ્ચરણ, સિદ્ધાંતના પાઠ. આહાહા..! 'મોક્ષમાર્ગ પ્રકાશક' માં તો એમ કહ્યું, અજ્ઞાનીના કોઈપણ જાણપણામાં કાં સ્વરૂપ વિપરીતતા કાં ભેદાભેદ વિપરીતતા કાં કારણ વિપરીતતા (હોય છે) અને કદાચિત્ એ ન હોય પણ શાસ્ત્રજ્ઞાનથી માનનું પ્રયોજન સાધે તોપણ એ જ્ઞાન અજ્ઞાન છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે. સમજાય છે કાંઈ? છે 'મોક્ષમાર્ગ પ્રકાશક'? ચોથા અધિકારમાં છે. આ બાજુના પાને નીચે છે. સ્વરૂપ વિપર્યાસ, કારણ વિપર્યાસ, ભેદાભેદ વિપર્યાસ. મારા પાનામાં લખ્યું છે. અહીં વારંવાર કોણ વાંચે, વાંચેલુ હોય એમાંથી... આ કહ્યું.

**'વ્રત-તપશ્ચરણરૂપ છે અથવા દાન, પૂજા, દયા, શીલરૂપ...'** આહાહા..! મિથ્યાદૃષ્ટિની દૃષ્ટિમાં વિપરીતતા છે. એના દાન,... આહાહા..! છે? આવ્યું ને? આ રહ્યું, જુઓ! ફેર હશે, જૂનામાં ફેર છે. ભેદાભેદ વિપર્યાસ. એ નહિ, મારે તો આ કાઢવું છે. અથવા સત્ય પણ જાણે. શાસ્ત્રને સત્ય પણ જાણે પરંતુ પોતાનું પ્રયોજન અયથાર્થ સાધે છે. આહાહા..! તેથી તેને સમ્યગ્જ્ઞાન કહેવાતું નથી. આહાહા..! પોતાના જાણપણા દ્વારા માન લેવા ઈચ્છે છે. મને જાણપણું છે એની આશ્ચર્યતા બીજાને બતાવવી, એ પ્રયોજન સાચું નથી. પહેલા તો ત્રણ કારણ કહ્યા. કારણ વિપર્યાસ, ભેદાભેદ વિપર્યાસ. મિથ્યાષ્ટિ છે ને? ('મોક્ષમાર્ગ પ્રકાશક' અધિકાર-૪, પૃષ્ઠ-૮૮).

**'પ્રશ્નઃ- મિથ્યાદૃષ્ટિના જીવાદિ તત્ત્વોના અયથાર્થ જાણવાને મિથ્યાજ્ઞાન ભલે કહો, પણ દોરડી-સર્પાદિકના યથાર્થ જાણવાને તો સમ્યગ્જ્ઞાન કહો.'** એમ પ્રશ્ન છે.

**'સમાધાન :- મિથ્યાદૃષ્ટિ જાણે છે ત્યાં તેને સત્તા-અસત્તાનો વિશેષ (ભેદ) નથી. તેથી તે કારણવિપરીતતા, સ્વરૂપવિપરીતતા વા ભેદાભેદવિપરીતતા ઉપજાવે છે.'** કાં એનો કર્તા છે, કાં કોઈક પર્યાય પરથી થાય છે, એમ કારણમાં વિપર્યાસ ભેદ છે તેથી એનું પરનું જાણવું પણ મિથ્યા છે. સમજાય છે કાંઈ? પછી કહ્યું, **'અથવા સત્ય જાણે...'** આ કહેવું હતું. આહાહા..! **'છતાં એ વડે પોતાનું અયથાર્થ પ્રયોજન સાધે છે...'** માન મેળવવા, મને આવડે છે, હું પંડિત છું. આહા..! ગજબ વાત, બાપુ!

મુમુક્ષુ :- ... પૈસા દેવાના હોય તો વાંધો નહિ.

ઉત્તર :- એ બધી વિપરીતતા છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં કહ્યું, પૈસા લેવા માટે વાંચે છે, કાર્ય કરે છે. તો એ વિપરીત છે. અહીંયા આ આવ્યું, પેલું બીજે ઠેકાણે છે. અહીંયા તો સત્ય

પણ જાણે, શાસ્ત્રનું જ્ઞાન ધારણામાં સત્ય પણ હોય, સમજાય છે? આહાહા..! પરંતુ પોતાનું પ્રયોજન અયથાર્થ સાધે છે. પોતાના માન માટે, આબરૂ માટે, કીર્તિ માટે, બહાર પડવા માટે, દુનિયામાં મારી પ્રસિદ્ધિ થાય, એ પ્રયોજન માટે તો એ જ્ઞાન મિથ્યા છે. આહાહા..! આ તો વીતરાગ માર્ગ છે, પ્રભુ! 'પાટણીજી'! આ કહેવું હતું.

મુમુક્ષુ :- સત્ય જાણે તોપણ?

ઉત્તર :- હા. આ કહ્યું ને. સત્ય પણ જાણે. '**છતાં એ વડે પોતાનું અયથાર્થ જ પ્રયોજન સાધે છે...**' આહાહા..!

મુમુક્ષુ :- સત્ય જાણનારો અયથાર્થ પ્રયોજન કઈ રીતે સાધે?

ઉત્તર :- સાધે. વાત ધારણામાં આવી ગઈ.. સમજાય છે? પણ પ્રયોજન અન્યથા છે. માન માટે, આબરૂ માટે કે કીર્તિ માટે (કરે છે). આહાહા..!

અહીં કહે છે, મિથ્યાદૃષ્ટિ જેની દૃષ્ટિમાં પુણ્યથી ધર્મ થાય છે, પર્યાય જેવડો આત્મા છે અને હું પરની ક્રિયા કરી શકું છું, પરથી મને લાભ થાય છે, એવી મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! એના સિદ્ધાંત પાઠ, વ્રત, તપ, દાન, પૂજા, દયા, શીલ, બ્રહ્મચર્ય અથવા ભોગાભિલાષ અથવા ક્રોધ, માન, માયા, લોભ એ બધું માથે લીધું, '**આવા સઘળા પરિણામ અજ્ઞાનજાતિના છે,...**' આહાહા..! કેમકે એ પરિણામમાં પોતાપણું માનીને ત્યાં રોકાણો છે. એ પરિણામથી મારી ચીજ ભિન્ન છે, ઈ હું છું અને એનાથી મને લાભ થાય છે એમ નહિ માનતા રાગથી મને લાભ થાય છે, શાસ્ત્ર ભણ્યો, દુનિયા બહુ માને.. ઓહો..! ઈ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવ્યું છે. દુનિયામાં શ્રોતાની સંખ્યા બહુ દેખાય તો રાજી થાય, એ જ્ઞાન મિથ્યા છે. આહાહા..! અરે..! આ તો વીતરાગ માર્ગ છે, ભાઈ! સમજાય છે કાંઈ?

(આવા સઘળા પરિણામ) '**અજ્ઞાનજાતિના છે, કેમકે બંધનું કારણ છે,...**' મિથ્યાદૃષ્ટિ શ્રદ્ધામાં જ્યાં મિથ્યા છે, પ્રરૂપણા જ મિથ્યા, જૂઠી છે કે વ્રત કરવાથી કલ્યાણ થશે, તપ કરવાથી કલ્યાણ થશે, દાન કે બ્રહ્મચર્ય પાળવાથી, તપ કરવાથી, અપવાસ આદિ કરવાથી એ બધો તો રાગ છે. એનાથી કલ્યાણ થશે, એ દૃષ્ટિ મિથ્યાત્વ છે. આહાહા..! તેથી એના એ બધા પરિણામ અજ્ઞાનજાતિના છે. બંધનું કારણ છે. '**સંવર-નિર્જરાનું કારણ બિલકુલ નથી;...**' એ વ્રત પાળે, પંચમહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ પાળે એ તો બધો આસ્રવ છે, બંધનું કારણ છે. સમજાય છે કાંઈ? આ આકરું પડે છે માણસને. આ લોકો વ્રત, તપ કરે છે ઈ સાધન છે. સાધનથી સાધ્ય છે. 'પંચાસ્તિકાય'માં લખ્યું છે, ભેદ સાધ્ય-સાધન. 'પંચાસ્તિકાય'માં પાછળ છે. ભિન્ન સાધ્ય-સાધન. એ તો બીજી અપેક્ષાએ કહ્યું છે. સાધ્ય તો નિશ્ચય છે. સાધનનો રાગમાં આરોપ કરીને ભિન્ન સાધ્ય-સાધન કહ્યું. સાધન છે નહિ, એને આરોપ દઈને સાધન કહ્યું. આહાહા..! અરે..! આમાં ક્યાં પહોંચે?

'**દ્રવ્યનો એવો જ પરિણમનવિશેષ છે.**' પહેલામાં પણ એમ આવ્યું હતું કે ભોગાભિલાષ, વ્રતાદિના પરિણામ જ્ઞાનજાતિના છે. કેમકે દ્રવ્યના પરિણમનવિશેષને કારણે. દ્રવ્યના વિશેષ શુદ્ધ પરિણામને કારણે. અહીં પણ દ્રવ્યના એવા જ પરિણામવિશેષ છે. અશુદ્ધ પરિણામ છે, દૃષ્ટિની ખબર નથી, વસ્તુની ખબર નથી અને એકલા દાન ને તપ ને

વ્રત ને (ધર્મ માને છે). કહો, 'પ્રિયંકરજી'! આ બધી શાસ્ત્ર પરિષદ ભરીને શું કરો છો? ઈ શાસ્ત્રી છે. .... માયા કરીને એનું હૃદય લઈ લીધું. અરે..! ભગવાન! પ્રભુ! આ તો હિતના માર્ગની વાત છે. આમાં કોઈ ખુશ થાય કે ન થાય, એની વાત નથી. આહાહા..! આત્મા કઈ રીતે રાજી થાય? કે આત્માની શુદ્ધ દૃષ્ટિ કરે તો રાજી-આનંદ થાય છે. પરને રાજી કરવા, એમાં તને શું મળ્યું? આહા..! સમજાય છે કાંઈ? એ ૬૭ શ્લોક પૂરો થયો.

(અનુષ્ટુપ)

अज्ञानमयभावानामज्ञानी व्याप्य भूमिकाः।
द्रव्यकर्मनिमित्तानां भावानामेति हेतुताम्।।२३-६८।।

ખંડાન્વય સહિત અર્થ : એમ કહ્યું છે કે સમ્યગ્દૃષ્ટિ જીવની અને મિથ્યાદૃષ્ટિ જીવની બાહ્ય ક્રિયા તો એકસરખી છે પરંતુ દ્રવ્યનો પરિણમનવિશેષ છે, તે વિશેષના અનુસાર દર્શાવે છે, સર્વથા તો પ્રત્યક્ષ જ્ઞાનગોચર છે. 'अज्ञानी द्रव्यकर्मनिमित्तानां भावानाम् हेतुताम् एति' ( अज्ञानी ) મિથ્યાદૃષ્ટિજીવ, ( द्रव्यकर्म ) જે ધારાપ્રવાહરૂપ નિરન્તર બંધાય છે-પુદ્‌ગલદ્રવ્યના પર્યાયરૂપ કાર્મણવર્ગણા જ્ઞાનાવરણાદિ કર્મપિંડરૂપ બંધાય છે, જીવના પ્રદેશો સાથે એકક્ષેત્રાવગાહી છે, પરસ્પર બન્ધ્ય-બન્ધકભાવ પણ છે,તેમનાં ( निमित्तानां ) બાહ્ય કારણરૂપ છે ( भावानाम् ) મિથ્યાદૃષ્ટિના મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ જે અશુદ્ધ પરિણામ, [ ભાવાર્થ આમ છે કે-જેમ કળશરૂપે મૃત્તિકા પરિણમે છે, જેમ કુંભારના પરિણામ તેનું બાહ્ય નિમિત્તકારણ છે, વ્યાપ્ય-વ્યાપકરૂપ નથી તેમ જ્ઞાનાવરણાદિક કર્મપિંડરૂપ પુદ્‌ગલદ્રવ્ય સ્વયં વ્યાપ્ય-વ્યાપકરૂપ છે, તોપણ જીવના અશુદ્ધ ચેતનારૂપ મોહ-રાગ-દ્વેષાદિ પરિણામ બાહ્ય નિમિત્તકારણ છે, વ્યાપ્ય-વ્યાપકરૂપ તો નથી. ] તે પરિણામોના ( हेतुताम् ) કારણપણે ( एति ) પોતે પરિણમે છે. ભાવાર્થ આમ છે કે-કોઈ જાણશે કે 'જીવદ્રવ્ય તો શુદ્ધ છે, ઉપચારમાત્ર કર્મબંધનું કારણ થાય છે,' પરંતુ એમ તો નથી. પોતે સ્વયં મોહ-રાગ-દ્વેષ-અશુદ્ધચેતનાપરિણામરૂપ પરિણમે છે તેથી કર્મનું કારણ છે. મિથ્યાદૃષ્ટિ જીવ અશુદ્ધરૂપ જે રીતે પરિણમે છે તે કહે છે-'अज्ञानमयभावानाम् भूमिकाः प्राप्य' ( अज्ञानमय ) મિથ્યાત્વજાતિરૂપ છે ( भावानाम् ) કર્મના ઉદયની અવસ્થા તેમની, ( भूमिकाः ) જેને પામતાં અશુદ્ધ પરિણામ થાય છે એવી સંગતિને ( प्राप्य ) પામી મિથ્યાદૃષ્ટિ જીવ અશુદ્ધ પરિણામરૂપે પરિણમે છે. ભાવાર્થ આમ છે કે-દ્રવ્યકર્મ અનેક પ્રકારનું છે, તેનો ઉદય અનેક પ્રકારનો છે. એક કર્મ એવું છે જેના ઉદયે શરીર થાય છે, એક કર્મ એવું છે જેના ઉદયે મન-વચન-કાય થાય છે, એક કર્મ એવું છે જેના ઉદયે સુખ-દુઃખ થાય છે. આમ અનેક પ્રકારનાં કર્મનો ઉદય હોતાં મિથ્યાદૃષ્ટિ જીવ કર્મના ઉદયને પોતારૂપ અનુભવે છે, તેનાથી રાગ-દ્વેષ-મોહપરિણામ થાય છે, તેમનાથી નૂતન કર્મબંધ થાય છે. તેથી મિથ્યાદૃષ્ટિ જીવ અશુદ્ધ ચેતન

**પરિણામનો કર્તા છે. જેથી મિથ્યાદષ્ટિ જીવને શુદ્ધ સ્વરૂપનો અનુભવ નથી તેથી કર્મના ઉદય-કાર્યને પોતારૂપ અનુભવે છે. જેમ મિથ્યાદષ્ટિને કર્મનો ઉદય છે તેમ જ સમ્યગ્દષ્ટિને પણ છે; પરન્તુ સમ્યગ્દષ્ટિ જીવને શુદ્ધ સ્વરૂપનો અનુભવ છે તેથી કર્મના ઉદયને કર્મજાતિરૂપ અનુભવે છે, પોતાને શુદ્ધસ્વરૂપ અનુભવે છે; તેથી કર્મના ઉદયમાં રંજિત થતો નથી, તેથી મોહ-રાગ-દ્વેષરૂપ પરિણમતો નથી, તેથી કર્મબંધ થતો નથી. તેથી સમ્યગ્દષ્ટિ અશુદ્ધ પરિણામનો કર્તા નથી.આવો વિશેષ છે. ૨૩-૬૮.**

## કળશ-૬૮ ઉપર પ્રવચન

अज्ञानमयभावानामज्ञानी व्याप्य भूमिकाः।
द्रव्यकर्मनिमित्तानां भावानामेति हेतुताम्।।२३-६८।।

શ્લોક છે નાનો. પાનું છે મોટુ. આખું પાનું ભર્યું છે. **'એમ કહ્યું છે કે સમ્યગ્દષ્ટિ જીવની અને મિથ્યાદષ્ટિ જીવની બાહ્ય ક્રિયા તો એકસરખી છે પરંતુ દ્રવ્યનો પરિણમનવિશેષ છે,...'** કહ્યું હતું ને? બેયમાં. **'તે વિશેષના અનુસાર દર્શાવે છે,...'** વિશેષ અનુસાર દર્શાવે છે. વિશેષ શું? કેમ વિશેષ છે? એ દર્શાવે છે. **'સર્વથા તો પ્રત્યક્ષ જ્ઞાનગોચર છે.'** સર્વજ્ઞ પ્રત્યક્ષ જાણે છે.

**'अज्ञानी द्रव्यकर्मनिमित्तानां भावानाम् हेतुताम् एति' ( अज्ञानी ) મિથ્યાદષ્ટિજીવ, ( द्रव्यकर्म ) જે ધારાપ્રવાહરૂપ નિરન્તર બંધાય છે...'** આહાહા..! કેમકે એની શુભ પરિણામ ઉપર રુચિ છે તો નિરંતર મિથ્યાત્વનું બંધન કરે છે. વ્રત, તપ, ભક્તિ, દાન, શીલ આદિ ભાવ શુભ છે અને એને એ ધર્મ માને છે, ધર્મનું કારણ માને છે. આહાહા..! સમજાણું કાંઈ? તો કર્મનું બંધન મિથ્યાદષ્ટિને નિરંતર થાય છે. આહાહા..! **'પુદ્ગલદ્રવ્યના પર્યાયરૂપ કાર્મણવર્ગણા જ્ઞાનાવરણાદિ કર્મપિંડરૂપ બંધાય છે,...'** નિરંતર શું બંધાય છે? **'પુદ્ગલદ્રવ્યના પર્યાયરૂપ કાર્મણવર્ગણા જ્ઞાનાવરણાદિ કર્મપિંડરૂપ બંધાય છે, જીવના પ્રદેશો સાથે એકક્ષેત્રાવગાહી છે, પરસ્પર બન્ધ્ય-બન્ધકભાવ પણ છે,...'** બંધ એ છે અને બંધ કરવાની લાયકાત પર્યાયમાં છે. મિથ્યાત્વ આદિ. **'તેમનાં બાહ્ય કારણરૂપ છે મિથ્યાદષ્ટિના મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ જે અશુદ્ધ પરિણામ,'** એ બાહ્ય કારણરૂપ કર્મ છે. સમજાણું? નિમિત્ત.

**'ભાવાર્થ આમ છે કે-જેમ કળશરૂપે મૃત્તિકા પરિણમે છે,..'** દષ્ટાંત આપે છે. માટી કળશરૂપ, ઘટરૂપ પરિણમે છે એ તો માટીના જ પરિણામ છે. **'જેમ કુંભારના પરિણામ તેનું બાહ્ય નિમિત્તકારણ છે,...'** નિમિત્તકારણથી થયું નથી. એ તો 'સમયસાર' ૨૭૨ ગાથામાં આવી ગયું. અમે તો એમ જોતા નથી, કુંભાર ઘડો બનાવે છે એમ અમે તો જોતા નથી. માટી ઘડાને કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! રોટલી સ્ત્રી બનાવે છે એમ તો માનતા નથી.

અહીંયા કહે છે, **'જેમ કુંભારના પરિણામ તેનું બાહ્ય નિમિત્તકારણ છે, વ્યાપ્ય-વ્યાપકરૂપ નથી...'** શું કહે છે? અજ્ઞાનીના વિકાર પરિણામ જે છે એમાં વ્યાપ્ય અવસ્થા છે

અને વ્યાપક જીવ છે. એમ કર્મબંધનની અવસ્થા વ્યાપ્ય અને આત્મા વ્યાપક, એમ નથી. વ્યાપ્ય-વ્યાપક તો કર્મ થાય છે. કર્મની પર્યાય વ્યાપ્ય અને પુદ્ગલ એનું વ્યાપક. કર્મની પર્યાય વ્યાપ્ય અને આત્મા એનો વ્યાપક, એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ભાષા વ્યાપ્ય ને વ્યાપક, કોઈ દિ' નિર્ણય કરવાના ઠેકાણા ન મળે. એમ ને એમ ધર્મ કરો, ધર્મ કરો. દેવદર્શન કરો ને વ્રત પાળો ને ભક્તિ કરો ને પૂજા કરો ને દાન કરો, શરીરથી બ્રહ્મચર્ય પાળો. બસ, થઈ ગયો ધર્મ. એમ નથી, એમ કહે છે. આહા..! ઈ કહ્યું ને?

**'જેમ કુંભારના પરિણામ તેનું બાહ્ય નિમિત્તકારણ છે, વ્યાપ્ય-વ્યાપકરૂપ નથી...'** શું કહે છે? માટીમાંથી ઘડો થાય છે એ ઘડો વ્યાપ્ય છે, અવસ્થા છે, માટી વ્યાપક છે. કુંભાર વ્યાપક છે અને ઘડો વ્યાપ્ય છે, એમ નથી. વ્યાપ્ય નામ અવસ્થા અને વ્યાપક નામ દ્રવ્ય. કાયમ રહેનારી ચીજ વ્યાપક અને ક્ષણિક પર્યાય ઉત્પન્ન થાય એ વ્યાપ્ય. આહાહા..! ઘડાનું વ્યાપક માટી છે અને ઘડો એની વ્યાપ્ય-અવસ્થા છે. કુંભકાર વ્યાપક છે અને ઘડો એની વ્યાપ્ય-અવસ્થા છે એમ નથી. એમ આત્મા રાગ, દ્વેષ કરે છે અને કર્મ બંધાય છે, એ કર્મ બંધન થાય એનું વ્યાપ્ય-વ્યાપક કર્મમાં છે. આત્માએ રાગ કર્યો એ વ્યાપક છે અને કર્મની બંધપર્યાય વ્યાપ્ય છે એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? થોડું સૂક્ષ્મ છે પણ જાણવું તો પડશે કે નહિ લોકોએ? આહાહા..!

**'તેમ જ્ઞાનાવરણાદિક કર્મપિંડરૂપ પુદ્ગલદ્રવ્ય સ્વયં વ્યાપ્ય-વ્યાપકરૂપ છે,...'** લ્યો. કર્મ વ્યાપ્ય-વ્યાપક છે. કર્મની અવસ્થા વ્યાપ્ય છે અને એ કર્મમાં પુદ્ગલ છે એ વ્યાપક છે. પણ આત્મા કર્મની બંધની પર્યાયમાં વ્યાપ્ય-વ્યાપક છે એમ નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

(ઉપેન્દ્રવજ્રા)

य एव मुक्त्वा नयपक्षपातं
स्वरूपगुप्ता निवसन्ति नित्यम्।
विकल्पजालच्युतशान्तचित्ता-
स्त एव साक्षादमृतं पिबन्ति।।२४-६९।।

**ખંડાન્વય સહિત અર્થ :** 'ये एव नित्यम् स्वरूपगुप्ताः निवसन्ति ते एव साक्षात् अमृतं पिबन्ति' ( ये एव ) જે કોઈ જીવ ( नित्यम् ) નિરન્તર ( स्वरूप ) શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુમાં ( गुप्ताः ) તન્મય થયા છે( निवसन्ति ) એવા થઈને રહે છે ( ते एव ) તે જ જીવો ( साक्षात् अमृतं ) અતીન્દ્રિય સુખનો ( पिबन्ति ) આસ્વાદ કરે છે. શું કરીને? 'नयपक्षपातं मुक्त्वा' ( नय ) દ્રવ્ય-પર્યાયરૂપ વિકલ્પબુદ્ધિ તેના ( पक्षपातं ) એક પક્ષરૂપ અંગીકારને ( मुक्त्वा ) છોડીને. કેવા છે તે જીવ? 'विकल्पजालच्युतशान्तचित्ताः' ( विकल्पजाल ) એક સત્ત્વનો અનેકરૂપ વિચાર તેનાથી ( च्युत ) રહિત થયું છે ( शान्तचित्ताः ) નિર્વિકલ્પ

**સમાધાનરૂપ મન જેમનું, એવા છે. ભાવાર્થ આમ છે કે-એક સત્ત્વરૂપ વસ્તુ છે તેને, દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ વિચારતાં વિકલ્પ થાય છે, તે વિકલ્પ થતાં મન આકુળ થાય છે, આકુળતા દુઃખ છે; તેથી વસ્તુમાત્ર અનુભવતાં વિકલ્પ મટે છે, વિકલ્પ મટતાં આકુળતા મટે છે, આકુળતા મટતાં દુઃખ મટે છે. તેથી અનુભવશીલ જીવ પરમ સુખી છે. ૨૪-૬૯.**

## શ્રાવણ વદ ૨, મંગળવાર, તા.૩૦-૮-૧૯૭૭
## કળશ - ૬૯, પ્રવચન - ૮૧

આ 'કળશટીકા' કર્તા-કર્મ અધિકાર. ૬૯ શ્લોક છે. ૬૮ માં થોડું ચાલ્યું છે. ૬૯. ૬૯ કહે છે ને?

> य एव मुक्त्वा नयपक्षपातं
> स्वरूपगुप्ता निवसन्ति नित्यम्।
> विकल्पजालच्युतशान्तचित्ता-
> स्त एव साक्षादमृतं पिबन्ति।।२४-६९।।

આહાહા..! '**ये एव नित्यम् स्वरूपगुप्ताः निवसन्ति ते एव साक्षात् अमृतं पिबन्ति**' જે **કોઈ જીવ નિરન્તર શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુમાં તન્મય થયા છે...**' આહાહા..! શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકઘન ભગવાનમાં જે કોઈ જીવ તન્મય-સ્વરૂપમાં એકાગ્ર થયા છે. આહાહા..! તન્મયનો અર્થ પર્યાય અને દ્રવ્ય એક નથી થઈ જતા. તન્મયનો અર્થ પર્યાય એ તરફ ઢળી ગઈ છે એ અપેક્ષાએ તન્મય કહ્યું છે. સમજાય છે કાંઈ? આ સૂક્ષ્મ વાત છે. કર્તા-કર્મના વીસ બોલ છે. એનો પહેલો શ્લોક આવ્યો છે.

ભગવાનઆત્મા, જેને સમ્યગ્દર્શન થાય છે એ ક્યારે થાય છે? અને કઈ રીતે થાય છે? પોતાનું સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્યઘનમાં '**निवसन्ति**' વાસ કરે છે. આહાહા..! અનાદિ કાળનો પુણ્ય અને પાપ આદિ રાગમાં વાસ-નિવાસ હતો એ પર્યાયબુદ્ધિમાં પુણ્ય અને પાપ અને એક સમયની પર્યાયમાં તન્મય હતો એ પર્યાયબુદ્ધિ છે, મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાય છે કાંઈ? પોતાના સ્વરૂપ સન્મુખ થઈ, આશ્રય લઈને ચૈતન્યઘન આનંદકંદ ચૈતન્યમાં '**જે કોઈ જીવ નિરંતર શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુમાં...**' સ્વરૂપની વ્યાખ્યા કરી. શુદ્ધ ચૈતન્ય પવિત્ર પિંડ પ્રભુ (છે). એક સમયની દશામાં અપવિત્રતા અથવા સંસાર છે. વસ્તુમાં સંસાર નથી અને અલ્પજ્ઞતા પણ નથી. સમજાય છે કાંઈ? વસ્તુ જે શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, સ્વરૂપની વ્યાખ્યા કરીને? સ્વરૂપની વ્યાખ્યા-શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુ. પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુ છે. આહાહા..! એમાં '**गुप्ताः**' તન્મય થયા છે. આહાહા..! વિકલ્પને છોડીને પોતાની ચીજમાં જે

કોઈ આશ્રય લઈને તન્મય થયા.. આહાહા..! એ તિષ્ઠતે છે-એ વસ્તુમાં રહે છે. આનંદકંદ પ્રભુમાં રહે છે. નિરંતર રહે છે, એમ અહીં તો કહ્યું. જેમ વિકલ્પ છૂટીને સ્વરૂપમાં નિવાસ થયો તો નિરંતર દૃષ્ટિ ત્યાં જ પડી છે અને નિરંતર આનંદમય છે. આહાહા..! આવો માર્ગ છે. સમજાય છે કાંઈ?

**'निवसन्ति'** **'તે જ જીવો...'** **'साक्षात् अमृतं पिबन्ति'** સાક્ષાત્ કેમ કહ્યું? સ્વરૂપ તો અમૃત છે જ. કદી જેનું મૃત્યુ નથી, કદી જેનો અભાવ નથી, કદી જેનો નાશ નથી એવી ચીજને અમૃતસ્વરૂપ કહે છે. સમજાય છે કાંઈ? એવો અમૃતસ્વરૂપ ભગવાનઆત્મા અમૃતનું ભોજન કરે છે. આહાહા..! દૃષ્ટિ ત્યાં લાગી અને પર્યાય ને રાગ ઉપરથી દૃષ્ટિ ઉઠાવી લીધી. એ નાસ્તિથી કથન છે. બાકી અંતરમાં ગયા એટલે ઉઠાવી લીધી એમ થઈ જાય છે. સમજાય છે કાંઈ? વાત સૂક્ષ્મ છે પણ વાસ્તવિક તત્ત્વ આ છે. બાકી લાખ દાન ને શીલ ને તપ ને ગમે તે કરે. સમજાય છે કાંઈ? આહાહા..! બહારમાં અનેક પ્રકારના મહોત્સવ મનાવે, એ તો બધી વિકલ્પજાળ-રાગ છે.

અહીંયા તો પરમાત્મા એમ કહે છે કે એકવાર પ્રભુ તારા ધ્રુવધામમાં વસ, નિવાસ તો કર. તારો નિ-વાસ (અર્થાત) વિશેષે વાસ. નિ ઉત્સર્ગ છે ને? આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિનો જે કંઈ શુભરાગ છે એમાં તારો વાસ છે એ તો મિથ્યા ભૂમિકામાં વાસ થયો. તારી ચૈતન્યભૂમિકામાં વાસ ન થયો. આહાહા..! શુભ ને અશુભભાવ. શુભની મુખ્યતા અનાદિથી છે. શુભની મુખ્યતાથી ધર્મ માનીને ત્યાં રુચિ કરીને ત્યાં વાસ કર્યો છે. એકવાર પ્રભુ! તારું અમૃતધામ, અમૃતસ્થળ ચીજ છે. કદી મૃત્યુ પામે નહિ, નાશ પામે નહિ, પલટે નહિ. આહાહા..! એવી અમૃત ચીજ (છે).

**'અતીન્દ્રિય સુખ...'** અમૃતની વ્યાખ્યા કરી. અતીન્દ્રિય સુખ **'साक्षात् अमृतं पिबन्ति'**ની વ્યાખ્યા કરી. સાક્ષાત્ એટલે અતીન્દ્રિય અને અમૃત (એટલે) સુખ. આહાહા..! ભગવાનઆત્મા આનંદસ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ (બિરાજે છે). સત્ નામ શાશ્વત જ્ઞાન અને આનંદનો ભંડાર છે. આહાહા..! કહ્યું હતું ને? સર્વ શક્તિઓનો સંગ્રહાલય છે. આહાહા..! જેમ ગોદામમાં અનેક પ્રકારનો માલ પડ્યો હોય એમ ભગવાનના ગોદામમાં અનેક પ્રકારની શક્તિઓ શુદ્ધ પડી છે. એમાં અહીંયા અમૃત નામની-સુખ નામની એક શક્તિ છે. એ આપણે વ્યાખ્યાન ચાલી ગયું છે. સમજાય છે કાંઈ? અનાકુળ આનંદ સુખસ્વરૂપ છે, પ્રભુ! પર્યાયમાં રાગ અને દ્વેષનું જે દુઃખ દેખાય છે એ તારી ચીજ નહિ. એની રુચિથી તારું મૃત્યુ થાય છે. પુણ્ય ને પાપ, રાગાદિની રુચિથી પોતાના સ્વભાવ પ્રત્યે એને ક્રોધ-દ્વેષ થાય છે. આહાહા..! 'દ્વેષ અરોચક ભાવ'. ભગવાન આનંદસ્વરૂપની રુચિ નથી એ જ આત્મા પ્રત્યે દ્વેષ નામ ક્રોધ કહેવામાં આવે છે. આહાહા..! ઝીણી વાત છે, ભગવાન! આહાહા..!

અહીં કહે છે, સાક્ષાત્ અતીન્દ્રિય સુખ **'पिबन्ति'** ધર્મી જીવ અતીન્દ્રિય આનંદનો સ્વાદ લે છે. આહાહા..! ગન્ના.. ગન્નાનો રસ. ગન્ના ને? શેરડીનો રસ ગટ ગટ પીવે. આહાહા..! એમ ધર્મી પોતાના ચૈતન્ય અમૃતસાગરમાં એકાગ્ર થઈને અમૃતના ઘુંટડા પીવે છે. **'पिबन्ति'**

શબ્દ લીધો છે ને? ભોગવે છે એમ નથી લીધું. **'पिबन्ति'**. કેમ **'पिबन्ति'** (કહ્યું)? એટલી બધી આનંદની પર્યાય પીવે છે તોપણ એમાં તૃપ્તિ નથી. પૂર્ણાનંદના નાથને પૂર્ણઆનંદની તૃપ્તિ જ્યારે પર્યાયમાં થાય છે ત્યારે પૂર્ણ થાય છે. 'ચંદુભાઈ'!

મુમુક્ષુ :- ગટાગટી.

ઉત્તર :- ગટાગટી. ભાઈ લખ્યું ને? 'ન્યાલચંદભાઈ'એ. 'ન્યાલચંદભાઈ' છે ને? 'દ્રવ્યદષ્ટિ પ્રકાશ'માં નાખ્યું છે. શેરડીનો રસ જેમ ગટક ગટક પીવે એમ ધર્મીજીવો પોતાનો અમૃતસાગરની સન્મુખ થઈ અંતરમાં નિવાસ કરે છે તો અમૃતને પીવે છે. આહાહા..! એનું નામ ધર્મ છે. સમજાય છે કાંઈ? ૬૮ શ્લોકમાં અશુદ્ધ ચૈતન્યના પરિણામ નવા બંધનમાં નિમિત્ત છે, નવું બંધન પોતાથી થાય છે એ સિદ્ધ કરવું હતું અને અશુદ્ધ પરિણામમાં નિમિત્ત કર્મ છે પણ અશુદ્ધ પરિણામનો કર્તા પોતાનો આત્મા પોતાથી છે, એ સિદ્ધ કરવું હતું. પછી સાર આ લીધો. સમજાય છે કાંઈ?

આજે તો બેનનો જન્મદિવસ છે ને! આ આવ્યું. એ તો ધર્મરત્ન છે. બહારથી મરી ગયેલા છે. આહાહા..! એને કાંઈ ન મળે. એને હીરે વધાવો તો પણ કાંઈ ન મળે. મડદાની જેમ ઉભા હતા. આમ. આહાહા..! આત્માના આનંદનો જ્યાં સ્વાદ આવ્યો એને પરમાં ઉત્સાહ ને વીર્યની ઉલ્લસિત દશા ચાલી જાય છે. જ્યાં આત્માના આનંદનો સ્વાદ આવ્યો ત્યાં પર તરફનો ઉત્સાહ, વીર્ય છૂટી જાય છે. આસકિત આવે છે પણ ઉલ્લસિત વીર્ય જેમાં સુખબુદ્ધિ હતી એ વાત ઉડી જાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં કહે છે, અતીન્દ્રિય સુખને આસ્વાદે છે. આહાહા..! પીવે છે. જુઓ! આનું નામ સમ્યગ્દર્શન, આનું નામ અનુભૂતિ, આનું નામ અતીન્દ્રિય આનંદનું પીવું, સ્વાદ, આનું (નામ) ધર્મ-મોક્ષનો માર્ગ, આનું નામ સુખસાગરનું પર્યાયમાં ઉછળવું. બપોરે આવે છે ને? શક્તિ. જ્ઞાનની જ્યારે સમ્યક્ પર્યાય ઉત્પન્ન થઈ તો એની સાથે અનંતી પર્યાય ઉછળે છે. ઉછળે છે અર્થાત્ ઉદય પામે છે અર્થાત્ પ્રગટ થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? માર્ગ એવો છે. લોકોને જરી એવો લાગે છે, વિરોધ લાગે છે. એમ કે આ વ્યવહાર કરતાં કરતાં થાય, એમ કહો નહિતર એકાંત છે. એમ કહે છે. 'બાબુભાઈ'ને ત્યાં મોકલ્યા હતા ને. પછી તો બધો બંદોબસ્ત થઈ ગયો હતો, ભાઈએ કીધું. એ પંડિતજીએ કહ્યું હતું, બંદોબસ્ત (થઈ ગયો). અરે..! પ્રભુ! તકરારનું કામ નથી, નાથ! તારા ઘરની ચીજ છે ને, પ્રભુ!

વાસ્તુ કરે છે તો કોઈ મકાન હોય એમાં વાસ્તુ કરે ને? કે ઝાડ ઉપર કરે છે? જંગલમાં કરે છે? એમ તારી વસ્તુમાં વસવું, આહાહા..! વાસ્તુ લેવું, વાસ્તુ કરવું. નિવાસ આવ્યું ને? વસ્તુ એને કહીએ જેમાં અનંત શક્તિઓ વસેલી છે. 'ગોમ્મટસાર'માં આ શબ્દ છે. 'ગોમ્મટસાર'. આત્મવસ્તુ વસ્તુ એને કહીએ કે જેમાં અનંત ગુણ અને અનંત શક્તિ રહેલી, વસેલી છે માટે વસ્તુ કહીએ. એ વસ્તુમાં... શું કહ્યું તમારે મકાનનું? વાસ્તુ. એમ આ વાસ્તુ છે. આહાહા..! તારી ચીજમાં વાસ્તુ કર ને, નાથ! તારી ચીજ આનંદનો નાથ પડી છે ને. તારી દષ્ટિ પલટો મારે એટલી વાત છે. એક સમયાંતર, એક સમયમાં જે દષ્ટિ પર ઉપર છે એ ગુલાંટ ખાયને અંદર જાય, એટલો એક સમયાંતર જોઈએ. કેમકે ભુલ એક સમયની છે,

પર્યાયની એક સમયની ભુલ છે. ભગવાન ત્રિકાળી અમૃતનો સાગર તો પવિત્ર પિંડ પ્રભુ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે, પીવે છે, આસ્વાદે છે. આહાહા..! પહેલા સાર લીધો. '**શું કરીને?**' ક્યા કરકે? શું કરીને એ અમારી ગુજરાતી ભાષા છે. '**नय पक्षपातं मुक्तवा**' **દ્રવ્ય-પર્યાયરૂપ વિકલ્પબુદ્ધિ તેના એક પક્ષરૂપ અંગીકારને છોડીને.**' શું કહે છે? બે વાત કરી. દ્રવ્ય અને પર્યાય. હું બદ્ધ છું, હું અશુદ્ધ છું, હું અનેક છું, હું વેદવા લાયક નથી, જાણવા લાયક નથી એવી પર્યાયબુદ્ધિ (છોડીને). એના વિકલ્પને છોડી, વ્યવહારનો તો નિષેધ કરતા આવ્યા જ છીએ. ભાઈ! આવે છે ને? અહીંયા તો હું શુદ્ધ છું, બુદ્ધ છું, અબદ્ધ છું, પ્રત્યક્ષ થવા લાયક છું, મારી ચીજ પ્રત્યક્ષ થવા લાયક છે, પ્રત્યક્ષ થવા લાયક નથી એ તો પર્યાયબુદ્ધિ અને વિકલ્પ અજ્ઞાનને વ્યવહારનો હતો. એનો તો નિષેધ કરતા આવ્યા જ છીએ. પણ અહીંયા તો હું શુદ્ધ છું, પ્રત્યક્ષ થવાને લાયક છું, હું અબદ્ધ છું, હું શુદ્ધ ચિદ્ઘન છું, હું એકરૂપ છું, હું જાણવાલાયક છું, હું દેખવાલાયક છું, હું વેદવાલાયક છું. હું પ્રત્યક્ષ થવા લાયક છું એવો વિકલ્પ પણ હવે છોડી દે, કહે છે. 'ધન્નાલાલજી'! આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા અંદરમાં નિવાસ કરવો હોય અને વસ્તુની પ્રાપ્તિ કરવી હોય તો વસ્તુ.. વ્યવહારનયના જેટલા કથન છે એનો તો અમે પહેલેથી નિષેધ કરતા આવ્યા છીએ, પણ હવે તો વ્યવહારની સાથે નિશ્ચયના બોલ આવ્યા. હું શુદ્ધ છું, અખંડ છું, અભેદ છું, એક છું, પ્રત્યક્ષ થવાને લાયક છું, આનંદ વેદવા લાયક છું એવા વિકલ્પ જે વૃત્તિ ઉઠે છે એ પક્ષ છે. આહાહા..! એ પક્ષનું આગણું છોડીને અંદરમાં જા.

મુમુક્ષુ :- અંદર જવાની વિધિ બતાવો.

ઉત્તર :- આ કહીએ છીએ ને. આહાહા..! એ પક્ષના વિકલ્પ છોડીને. આવ્યું, જુઓ! '**नयपक्षपातं मुक्त्वा**' દ્રવ્ય-પર્યાય બે કેમ લીધા? નિશ્ચય અને વ્યવહાર. પર્યાય એ વ્યવહાર અને દ્રવ્ય (તે) નિશ્ચય એમ લીધું છે. નય-દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય. બેયનો પક્ષપાત છોડીને. અહીંયા તો પર્યાયનયનો, વ્યવહારનયનો પક્ષપાત તો પહેલેથી છોડાવતા આવ્યા છીએ. આવે છે ને? 'ચંદુભાઈ'! આહાહા..! અહીં તો હવે દ્રવ્યનય (કહે છે). વાત તો બેય સાથે લીધી છે. દ્રવ્ય અને પર્યાય, બદ્ધ-અબદ્ધ, એક-અનેક. પણ એમાં મૂળ નિશ્ચયની ચીજ તો અબદ્ધ, શુદ્ધ અને એક છું એ દ્રવ્યના વિકલ્પ છે એ વિકલ્પ છોડાવવા છે. સમજાય છે કાંઈ? આહાહા..! આવો માર્ગ છે.

મુમુક્ષુ :- પણ અમારે તો ધર્મ કરવો છે.

ઉત્તર :- આ ધર્મની વાત તો ચાલે છે, ભગવાન!

મુમુક્ષુ :- આ કેવો ધર્મ?

ઉત્તર :- આ આત્મા અંદર ધર્મ નામ ધર્મી નામ આત્મા અને ધર્મ નામ આનંદ ને જ્ઞાન ને શાંતિ, એનો ધર્મ નામ સ્વભાવ છે. એ સ્વભાવમાં વિકલ્પ છોડીને એકાગ્રતા થવી એનું નામ ધર્મ છે. ધર્મી દ્રવ્ય અને ધર્મ-શક્તિઓ. એ શક્તિ અને શક્તિવાનના ભેદનું લક્ષ પણ છોડીને. અને અભેદનું લક્ષ પણ છોડીને, અહીં તો કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ભેદ અભેદ બધું છોડી દેશે તો શું રહેશે?

ઉત્તર :- આત્મા જે છે ઈ રહેશે. અભેદનો વિકલ્પ છોડાવવો છે, અભેદ વસ્તુ તો રહી ગઈ. સમજાય છે કાંઈ? હું અભેદ, હું સામાન્ય, હું એક, હું શુદ્ધ એવા વિકલ્પ છોડાવવા છે. વસ્તુ તો રહેશે. વસ્તુ તો અભેદ અને શુદ્ધ છે એ રહેશે. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- વિકલ્પ તો સાધન છે.

ઉત્તર :- સાધન-ફાધન નથી. બાધક છે. વિકલ્પ એ દુઃખ છે, પ્રભુ! તને ખબર નથી. હું શુદ્ધ છું, હું એક છું, હું વેદવા લાયક છું એવા વિકલ્પ દુઃખ છે. એ દુઃખ કંઈ સુખનું સાધન થાય? સમજાય છે કાંઈ? ઈ કહે છે, જુઓ!

'**દ્રવ્ય-પર્યાયરૂપ વિકલ્પબુદ્ધિ...**' એમ કેમ કહ્યું? પર્યાયબુદ્ધિનો, વ્યવહારબુદ્ધિનો તો નિષેધ કરતા આવ્યા છીએ પણ અમે સાથે સાથે દ્રવ્યના વિકલ્પનો પક્ષ છોડાવવા માટે બેયની વાત સાથે કરીએ છીએ. નહિતર તો દ્રવ્યનો વિકલ્પ છોડાવવો છે. પણ બેયના વિકલ્પ સાથે લઈને છોડાવીએ છીએ. આહાહા..! આવો માર્ગ છે. ભાઈએ કહ્યું ને કે વિકલ્પ સાધન છે. સાધન શું?

પોતાના સ્વરૂપમાં સાધન નામની-કરણ નામની શક્તિ પડી છે. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ એવી છ શક્તિઓ અંદર ધ્રુવ સ્વરૂપમાં પડી છે. એના તરફ લક્ષ કરે છે તો સાધન નામની શક્તિનું સાધન થાય છે. સ્વરૂપની નિર્મળતાનું સાધન એ શક્તિ છે, રાગ નહિ. આહાહા..! અહીંયા તો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રને પરમ નિરપેક્ષ કહ્યું છે. ભાઈ! 'નિયમસાર' બીજી ગાથા. પરમ નિરપેક્ષ. એને કોઈ વિકલ્પની, વ્યવહારની અપેક્ષા નથી. આહાહા..! એવો ભગવાનઆત્મા પરમ નિરપેક્ષ રત્નત્રયનો સેવનારો ભગવાનઆત્મા, એ મોક્ષનો માર્ગ છે. મોક્ષના માર્ગમાં પરની કોઈ અપેક્ષા નથી, એવો નિરપેક્ષ છે. એવો પાઠ છે. બીજી ગાથા, 'નિયમસાર'. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીં તો નિશ્ચયથી દ્રવ્યનો આશ્રય (-દ્રવ્ય સંબંધીનો વિકલ્પ) છે એ છોડાવવો છે પણ સાથે બેય લીધા. દ્રવ્ય અને પર્યાય. નિશ્ચય અને વ્યવહાર. દ્રવ્ય એટલે નિશ્ચય અને પર્યાય એટલે વ્યવહાર. સમજાય છે કાંઈ? આહાહા..! ત્રણલોકના નાથની દિવ્યધ્વનિ, જેને ઈન્દ્રો સાંભળતા હોય, ઈન્દ્રો એકાવતારી, એકભવતારી. પતિ-પત્ની બેય એકભવતારી છે. સુધર્મ દેવલોક. ત્રણ જ્ઞાનના ધણી છે. અસંખ્ય દેવ છે. એક એક વિમાનમાં એવા અસંખ્ય. બત્રીસ લાખ તો વિમાન છે. કોઈ વિમાનમાં સંખ્યાત હોય. ઘણા તો અસંખ્ય દેવ વસે એવા વિમાન છે. એનો સ્વામી એમ કહે છે કે હું એનો સ્વામી નથી. મારામાં જરી રાગ આવ્યો એનો પણ હું સ્વામી નથી. આહાહા..! હું તો દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ અને નિર્મળ આનંદની પર્યાય શુદ્ધ, એ મારું સ્વ છે અને એનો હું સ્વામી છું. આહાહા..! ઈન્દ્ર, શક્રેન્દ્ર, સુધર્મ દેવલોક. મેરુ પર્વત ઉપર તરત માથે સુધર્મ દેવલોક છે. ત્રણ તો જ્ઞાન છે, મતિ, શ્રુત, અવધિ. ભગવાનની પાસે મહાવિદેહમાં સાંભળવા જાય છે. આહાહા..! સમ્યગ્દષ્ટિ એકભવતારી, બેય એક ભવે મોક્ષ જવાના. એમને પણ નક્કી થઈ ગયું છે અને ભગવાને કહ્યું છે. એ સાંભળવા જાય એ ધર્મકથા કેવી હોય? આહાહા..!

મુમુક્ષુ :- પૃથ્વીલોકની આ દિવ્યધ્વનિ છે.

ઉત્તર :- દેવ દિવ્યધ્વનિ સાંભળવા આવે છે. મૃત્યુલોક તો મનુષ્યની અપેક્ષાએ, બાકી આ તો અમૃતલોક છે. ભગવાન તો અમૃતલોકમાં બિરાજે છે. એ અમૃતલોક પાસે આવે છે. આહાહા..! અહીં તો દેહના નાશની વાત પરમાં ગઈ પણ રાગનો નાશ કરવો એ પણ આત્માના સ્વભાવમાં નથી. એ તો આપણે આવી ગયું. ત્યાગઉપાદાનશૂન્યત્વશક્તિ. ભાઈ! પરદ્રવ્યના ત્યાગ અને ગ્રહણ તો સ્વરૂપમાં છે જ નહિ. નિશ્ચયથી તો રાગનું ગ્રહણ પણ નથી અને રાગનો ત્યાગ પણ સ્વરૂપમાં નથી. એ ૩૪ ગાથામાં કહ્યું છે. 'સમયસાર'. રાગનો ત્યાગકર્તા આત્મા છે એ નામમાત્ર કથન છે. આહાહા..! અહીં તો હજી બાહ્યનો ત્યાગ કરે ત્યાં અભિમાન થઈ જાય. મેં આટલું છોડી દીધું, સ્ત્રી છોડી, દુકાન છોડી.. પણ શું છે? પ્રભુ! આહાહા..!

અહીંયા તો પરમાત્મા એમ કહે છે કે પ્રભુ! તારી ચીજમાં એક ત્યાગઉપાદાનશૂન્યત્વ શક્તિ છે. ત્યાગ નામ છોડવું અને ઉપાદાન નામ ગ્રહણ કરવું, એ ત્યાગઉપાદાનશૂન્યત્વ શક્તિ તારો સ્વભાવ જ છે. રાગનું ગ્રહણ કરવું અને રાગનો ત્યાગ કરવો એ તારો સ્વભાવ નથી. આહાહા..! તો પરના ત્યાગ-ગ્રહણ કર્યા અને અમે ત્યાગી થઈ ગયા, અરે..! પ્રભુ! એ મિથ્યા અભિમાન છે. આહાહા..! ભગવાન અંદર બિરાજે છે. એમાં શક્તિ તો એવી છે કે રાગનો ત્યાગ ગ્રહણ પણ એમાં નથી. પરચીજનો ત્યાગ કર્યો અને અમે ત્યાગી થયા (એ ક્યાં રહી વાત)?

અલિંગગ્રહણમાં એક શક્તિ એવી છે. સમજાય છે કાંઈ? યતિના આ બાહ્ય ત્યાગગ્રહણ, યતિના બાહ્ય ત્યાગ પંચમહાવ્રત આદિ છે ને? યતિનું બાહ્ય આચરણ સ્વરૂપમાં છે જ નહિ. બાહ્ય આચરણ કોણ? પંચમહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ આદિ. યતિના બાહ્ય આચરણનો જેમાં અભાવ છે એવી વસ્તુ છે. અલિંગગ્રહણ. સમજાય છે કાંઈ? ઈ સત્તરમો બોલ છે. વીસ બોલ છે ને? અલિંગગ્રહણના વીસ બોલ છે, એમાં આ સત્તરમો બોલ છે. સત્તર સમજ્યા? એક અને સાત. પછી અઢારમો બોલ તો એ છે, અર્થાવબોધરૂપ ગુણવિશેષનું જેમાં ગ્રહણ નથી. આહાહા..! ગુણભેદ પણ જેમાં નથી. આહાહા..! અહીંયા કહ્યું કે વિકલ્પનો ત્યાગ કરવો. ગુણભેદનો ત્યાગ કરવો એમાં વિકલ્પનો ત્યાગ કરવો એમ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

કાલે બપોરે કહ્યું હતું ને? ગુણ પરિણતિ જે પરિણતિ ઉત્પન્ન થાય છે એ ગુણમાંથી નથી થતી. દ્રવ્યમાંથી ઉઠે છે. દ્રવ્યની દૃષ્ટિ કરાવવી છે તો દ્રવ્યની પરિણતિ થાય છે. ગુણની પરિણતિ તો જ્ઞાનની પરિણતિ, દર્શનની પરિણતિ ભિન્ન થાય એમ નથી. દ્રવ્ય પરિણમે છે તો ગુણ પરિણમે છે. સમજાય છે કાંઈ? એ 'ચિદ્‌વિલાસ'માં છે. 'ચિદ્‌વિલાસ'માં. વસ્તુમાં પરિણમન શક્તિ, કાલે બતાવ્યું હતું. જ્યાં આત્મામાં ગુણભેદ પણ ગ્રહણ કરવાલાયક નથી (ત્યાં રાગની તો વાત જ ક્યાં રહી?). આહાહા..! આ ગુણી છે અને આ એનો ગુણ છે, એ અર્થાવબોધરૂપ ગુણવિશેષ જેમાં નથી. એટલે જેમાં એ ભેદ નથી. આહાહા..! એવો ભગવાનઆત્મા અભેદ સ્વરૂપ છે પણ અભેદ સ્વરૂપને વિકલ્પનો પક્ષ દુઃખરૂપ છે.

આહાહા..! આ શુભરાગ દયા, દાન ને વ્રત એ તો સ્થુળ રાગ દુઃખરૂપ છે. પણ પોતાનો આત્મા ગુણી જે અનંત ગુણનો પિંડ છે, અરે..! એના અસ્તિત્વની મોજૂદગીની પ્રતીતિ, એ પ્રતીતિ જ્ઞાનની પર્યાયમાં મોજૂદ ચીજ છે એ જ્ઞેયરૂપ થાય તો પ્રતીતિ થાય છે. જણાયા વિના પ્રતીતિ કોની? આહાહા..!

એ અહીં કહે છે કે જ્યારે પર્યાયમાં ગુણભેદની પ્રતીતિ પણ છૂટી જાય છે. આહાહા..! ત્યારે આત્મા એકલો અખંડ અભેદ સ્વરૂપનો અનુભવ થવો એનું નામ સમ્યગ્દર્શન, અનુભૂતિ અને ધર્મ છે. આવો માર્ગ છે. આવો માર્ગ, અમારી ગુજરાતી ભાષા. ઐસા માર્ગ હૈ. સમજાય છે કાંઈ? આહાહા..!

કહે છે, નય. નય શબ્દ પડ્યો છે ને? દ્રવ્ય અને પર્યાય એવો અર્થ કર્યો. 'રાજમલ'ની ટીકા પણ બહુ... આખા શાસ્ત્રમાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક, નિશ્ચય અને વ્યવહાર, નયના અર્થ આ બે નાખી દીધા. નિશ્ચયનયના વિષયનો વિકલ્પ અને વ્યવહારનયનો વિકલ્પ તો છોડાવતા આવ્યા છીએ પણ હવે દ્રવ્યનો (વિકલ્પ), દ્રવ્યાર્થિકનયે શુદ્ધ અભેદ અખંડ આદિ, એનો પક્ષ છે. પક્ષાતિક્રાંત વસ્તુ છે, એ પક્ષમાં વસ્તુ નથી. સમજાય છે કાંઈ? ત્યારે એનો એવો અર્થ નથી કે અભેદ ને અખંડના વિકલ્પનો ત્યાગ કરે તો એ વસ્તુ કંઈક બીજી હશે, એમ નથી. (કોઈ) એમ કહે કે, અભેદના વિકલ્પનો ત્યાગ કરાવે છે તો વસ્તુ કોઈક બીજી હશે. 'ભભુતમલજી'! ઝીણી વાત છે. આ તમારા પૈસા કરતાં જુદી ઝીણી વાત છે. આહા..! 'રતનલાલજી'ના દીકરાને કાંઈક થયું છે. તબીયત ખરાબ છે. સાંભળ્યું હતું. 'રતનલાલજી' 'કલકત્તા'. ઓહોહો..! પૈસા ન્યાં શું કરે? ધૂળ. 'ભભુતમલ'ને પણ અનુભવ થયો છે. એના દીકરાને... આ પણ ગૃહસ્થ છે અને પેલા પણ ગૃહસ્થ છે. ગૃહસ્થ નામ પૈસાવાળાની અપેક્ષાએ ગૃહસ્થ, હોં! ગૃહસ્થ તો એને કહીએ, ગૃહ નામ વસ્તુમાં સ્થ-રહે તેને ગૃહસ્થ કહીએ. એ લીધું 'પરમાત્મ પુરાણ'માં છે. શાસ્ત્રમાં બધા શબ્દો છે.

મુમુક્ષુ :- શાસ્ત્રની બધી ભાષા બદલી જાય છે.

ઉત્તર :- છે એવો થઈ જાય છે. ભાઈ! 'પ્રિયંકરજી'! 'અધ્યાત્મ પંચસંગ્રહ'માં આવ્યું છે. સમજાય છે કાંઈ? એમાં ઉતાર્યું છે. આ છે ને? ગૃહસ્થ, બ્રહ્મચારી, વાનપ્રસ્થ અને ત્યાગી. એ ચારેને આત્મા ઉપર ઉતાર્યા છે. ગૃહસ્થ કોને કહીએ? ગૃહ નામ પોતાનું સ્વરૂપ, ગૃહ નામ પોતાનું ઘર, એમાં સ્થ રહેનાર, એને ગૃહસ્થ કહીએ. આ તમારા બંગલામાં રહેવાવાળાની વાત નથી. સમજાય છે કાંઈ? 'ભભુતમલજી'ને ઓળખો છો ને? ભાઈ! 'બેંગલોર' રહે છે. આઠ લાખ નાખ્યા છે. બાર લાખનું મંદિર બનાવ્યું છે, આઠ લાખ એણે નાખ્યા છે અને ચાર લાખ 'જુગરાજજી'એ નાખ્યા છે. 'જુગરાજજી' સ્થાનકવાસી છે પણ અહીંના, આ શ્વેતાંબર પણ અહીંના. બનાવ્યું બંનેએ દિગંબર (મંદિર).

મુમુક્ષુ :- કન્નડમાં આત્મધર્મ પ્રકાશિત કરે છે.

ઉત્તર :- હા, ઈ પ્રકાશિત કરે છે, સાંભળ્યું છે. કન્નડ ભાષામાં. એને અહીંનો બહુ પ્રેમ છે. આહાહા..! અરે..! આવા ટાણા, ક્યારે સમય મળે? બાપુ! અરે..! ભવભ્રમણમાંથી નીકળવાનો આ તો કાળ છે. આ ભવ ભવભ્રમણનો અભાવ કરવાનો કાળ છે. સમજાય છે

કાંઈ? ઈ કેમ થાય? એ વાત તો ચાલે છે. આહાહા..!

કહે છે, '**દ્રવ્ય-પર્યાયરૂપ વિકલ્પબુદ્ધિ...**' આહાહા..! એટલે કે નિશ્ચયનયનો પક્ષ અને વ્યવહારનયનો પક્ષ, એને અહીંયા નય કહે છે. એને અહીંયા નય કહે છે. સમજાય છે કાંઈ? આમ તો (એમ આવે છે કે) 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની'. ત્યાં વિકલ્પ નહિ. ત્યાં નિશ્ચયનયાશ્રિત મુનિવરો અભેદના આશ્રયે મુક્તિને પ્રાપ્ત કરે છે. પણ અહીંયા નય છે ઈ વિકલ્પવાળી નય લેવી છે. અભેદ છું, એક છું, શુદ્ધ છું, એ વિકલ્પવાળી નય અહીંયા છે. અને જ્યાં ૨૭૨ માં કહ્યું કે, 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની' ત્યાં વિકલ્પ ન લેવો, ત્યાં વસ્તુ વિષય (લેવી). અભેદ અખંડનો આશ્રય કરવાથી મુક્તિ થાય છે.

મુમુક્ષુ :- નિશ્ચયનયના વિષયભુત વસ્તુ છે.

ઉત્તર :- વસ્તુ છે, વસ્તુ જ એવી છે. અગિયારમી ગાથામાં ન કહ્યું? ભાઈ! '**ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ**' ત્યાં નય અને નયના વિષયનો ભેદ નથી કર્યો. સાંભળો! અગિયારમી ગાથા જૈનશાસનનો પ્રાણ! આહાહા..! પર્યાયમાત્ર અસત્ય છે. ગૌણ કરીને અસત્ય કહી છે. પર્યાય નથી એમ નહિ. પર્યાય ન હોય તો વેદાંત થઈ જાય છે. પર્યાયમાત્ર અભુતાર્થ નામ અસત્યાર્થ છે. કેમ? કે પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કહીને નથી એમ કહ્યું છે. પર્યાયનો અભાવ કરીને નથી એમ નથી કહ્યું. સમજાય છે કાંઈ? ત્યાં તો '**भूदत्थो देसिदो दु सुद्धणओ**' એમ કહ્યું. સત્યાર્થ વસ્તુ છે એ જ શુદ્ધનય છે. નહિતર નય અને નયનો વિષય, એમ બે છે. નય તો જ્ઞાનનો વિષય છે અને એનો વિષય અભેદ પૂર્ણ છે. પણ અહીંયા તો કહ્યું કે '**भूदत्थो देसिदो दु सुद्धणओ**' સત્યાર્થ વસ્તુ ત્રિકાળ છે એને જ અમે શુદ્ધનય કહીએ છીએ. વિષયી અને વિષયનો ભેદ પણ ત્યાં નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! પછી લીધું. પર્યાયમાત્ર અસત્યાર્થ છે. ગૌણ કરી, વ્યવહાર કહીને અસત્ય કહ્યું છે. અને ત્રિકાળને મુખ્ય કરીને નિશ્ચય કરીને (સત્યાર્થ કહ્યું). નિશ્ચય કરીને, મુખ્ય કરીને નિશ્ચય કરીને ભૂતાર્થને સત્યાર્થ કહ્યું. સમજાય છે કાંઈ? ત્યાં તો ભૂતાર્થને જ નય કહ્યું છે. વસ્તુ એ જ શુદ્ધનય છે. આહાહા..!

નિર્વિકલ્પ નય નિશ્ચય, એનો વિષય ત્રિકાળી, એવો ભેદ નહિ કરતાં ભૂતાર્થ સત્યાર્થ વસ્તુ ત્રિકાળી ભગવાનઆત્મા પૂર્ણ અમૃતનો સાગર, એને જ અમે શુદ્ધનય કહીએ છીએ. અગિયારમી ગાથામાં એમ કહ્યું. પછી ત્રીજા પદમાં લીધું, '**भूदत्थमस्सिदो खलु**' સત્યાર્થ વસ્તુ છે, ત્રિકાળી છે એનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! આ તો ધર્મની પહેલી સીઢી. મોક્ષમહેલની... આવે છે ને? 'છ ઢાળા'માં. પ્રથમ સીઢી. મોક્ષમહેલની પ્રથમ સીઢી. અરે..! મૂળ વાતની ખબર ન મળે અને પાધરી વાત કરે મોટી. વ્રત ને તપ ને.. શેના તપ ને વ્રત? બાપુ! આહા..! અહીંયા તો પરમાત્મા એમ કહે છે, તારી ચીજ જે અભેદ શુદ્ધ એકરૂપ છે, એના આશ્રયથી સમ્યગ્દર્શન થાય છે, એના ઉગ્ર આશ્રયથી ચારિત્ર થાય છે, એના ઉગ્ર આશ્રયથી કેવળજ્ઞાન થાય છે. કોઈ વ્યવહારથી થાય છે, એવી વાત ક્યાંય નથી.

અહીંયા કહે છે, જ્યાં નિશ્ચયને આશ્રયે મુક્તિ કહી,.. અહીં તો નિશ્ચયના પક્ષમાં રોકાઈ જાય છે, હું શુદ્ધ છું, અભેદ છું, અખંડ છું, એવા વિકલ્પની ભૂમિકામાં રાગની ભૂમિમાં રોકાઈ જાય છે એ દુઃખરૂપ છે. ત્યાં તો એમ કહ્યું કે અહીં સુધી તું આવ્યો તેથી શું? એવો પાઠ છે. સમજાય છે કાંઈ? તેથી શું? આ શ્લોક પહેલા જ છે. ઈ જ પાનું નીકળ્યું. તેથી શું? શું તેથી શું? પાનું ઉઘાડતા ઈ નીકળ્યું. આહાહા..! ઈ શું કહ્યું? આત્મા વ્યવહારે બદ્ધ છે અને નિશ્ચયથી અબદ્ધ છે, એવા વિકલ્પ થાય તેથી શું? એમ કહે છે. તેથી શુંને તમારે શું કહે છે? ઉસમેં ક્યા? છે? સંસ્કૃતમાં છે, હોં! '**तत किम**' સંસ્કૃત છે. શું કહે છે? આહાહા..! પ્રભુ! તું અભેદ ને શુદ્ધ ને એક ને.. ત્યાં સુધી વિકલ્પમાં આવ્યો, તેથી શું? એનાથી તને શું લાભ છે? આહાહા..! 'ધન્નાલાલજી'!

મુમુક્ષુ :- કુછ સમજમેં નહીં આયા.

ઉત્તર :- નહીં આયા? અચ્છા. શેઠિયા સ્પષ્ટ કરાવે છે. એમ કહ્યું કે ભગવાનઆત્મા પર્યાયવંત છે, રાગવાળો છે એ વ્યવહારનો તો અમે નિષેધ કરતા આવ્યા જ છીએ પણ નિશ્ચયમાં જે આત્મા અભેદ છે, એકરૂપ છે, શુદ્ધ છે. છે ખરો પણ એનો વિકલ્પ કરે છે કે હું આવો છું ને આવો છું એનાથી તને શું લાભ છે? 'ડાલચંદજી' આવી વાત છે, ભાઈ! પૈસાથી લાભ નહિ, દીકરાથી લાભ નહિ, પાપથી લાભ નહિ, પુણ્યથી લાભ નહિ, ગુણભેદના વિકલ્પથી લાભ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- લાભ છે જ નહિ?

ઉત્તર :- લાભ નથી, દુઃખ છે. લાભ છે, દુઃખનો. ભગવાન દુઃખસ્વરૂપ તો છે નહિ. આહાહા..! સાંભળવામાં પણ વિકલ્પ તો છે, ભાઈ! ભગવાન! કહેવામાં પણ વિકલ્પ તો છે. આહાહા..! વાણી તો વાણીને કારણે નીકળે છે. કહેવામાં પણ વિકલ્પ તો છે પણ એ વિકલ્પથી ભગવાન ભિન્ન છે. એનું ભાન થયું પછી વિકલ્પ આવ્યો તોપણ એનો જ્ઞાતા-દૃષ્ટા રહે છે. ઈ કાલે આવ્યું હતું. નહિ? જ્ઞાતા-દૃષ્ટા આવ્યું હતું ને? અકર્તામાં આવ્યું હતું. અકર્તાશક્તિ આવી હતી ને? ધર્મીજીવ રાગનો અકર્તા છે. કેમકે જ્ઞાયકસ્વભાવ ઉપરની દૃષ્ટિને કારણે એ જ્ઞાતા-દૃષ્ટા થયો છે. જ્ઞાનીને રાગ આવે છે પણ રાગ સંબંધી પોતાનું જ્ઞાન પોતાથી ઉત્પન્ન થાય છે એવો જ્ઞાતા-દૃષ્ટા છે. ઈ શું કહ્યું? રાગ આવ્યો તો રાગનું જ્ઞાન અહીંયા એ સમયે થયું એમ પણ નથી. તે સમયે જાણેલો પ્રયોજનવાન છે. પોતાની પર્યાયમાં પોતાને કારણે સ્વપરપ્રકાશક પર્યાય ઉત્પન્ન થાય છે એમાં રાગ જાણ્યો એમ વ્યવહારથી કહેવાય છે. આહાહા..! રાગનો કર્તા તો નથી પણ રાગને જાણે છે એ પણ સદ્ભુત ઉપચારનય છે. એને છોડીને પોતાની પર્યાયને જાણવી એ પણ એક ભેદ છે. એ આપણે પાછળના અધિકારમાં આવી ગયું છે. પોતાનો આત્મા પોતાને જાણે છે એ પણ ભેદ છે. આહાહા..! આત્મા આત્મા જ્ઞાયકરૂપ છે, બસ. આહાહા..!

મુમુક્ષુ :- તેથી શું, એ કઈ ગાથા છે?

ઉત્તર :- ગાથા-૧૪૧. ૧૪૧ પૂરી થઈ પછી ૧૪૨ શરૂ કરવામાં આ લીધું. ૧૪૧ પૂરી થઈ. '**तत किम**' 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે, અહીં સુધી આવ્યો તેથી શું? 'પાટણીજી'!

આહાહા..! પછી ૧૪૨ ગાથા શરૂ કરે છે. સમજ્યા ને? અને આપણે અહીં એ ગાથા છે. ૧૪૨નો આ શ્લોક છે. '**य एव मुक्त्वा नयपक्षपातं**' એ ૧૪૨નો કળશ છે. ૧૪૨ પહેલા આ કહ્યું. તને અશુભ તો છૂટી ગયું, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ વ્યવહાર છૂટી ગયો પણ અહીં સુધી આવ્યો કે હું અભેદ છું, શુદ્ધ છું, એક છું એવા વિકલ્પમાં આવ્યો તેથી શું? ભાઈ! તારા આત્માને એમાં શું લાભ થયો? આહાહા..! આવી વાત છે. કુદરતે ઈ જ પાનું નીકળ્યું, ખુલતા એ નીકળ્યું. '**तत किम**' સંસ્કૃત છે. આહાહા..! ઈ શું કહ્યું?

અહીંયા ઈ ચાલે છે ને? કે નયપક્ષપાતથી રહિત છે. પક્ષમાં આવ્યો કે હું શુદ્ધ છું, અબદ્ધ છું, એકરૂપ છું એવા નિશ્ચયના પક્ષમાં આવ્યો તોપણ શું થયું? વસ્તુ તો પક્ષાતિક્રાંત છે. સમજાય છે કાંઈ? માખણ ચીજ છે આ તો. આહાહા..! 'ભભુતમલજી'! બહુ પરિચય કરે ત્યારે સમજાય એવું છે, એવી વાત છે. પૈસાવાળા છે.

મુમુક્ષુ :- પરિચય કરવાનો ઉપાય શું?

ઉત્તર :- નિવૃત્તિ લેવી. કેમ ભાઈ?

મુમુક્ષુ :- ક્યારે લેવી?

ઉત્તર :- હમણા લેવી. મરણ આવે ત્યારે ક્યારે લેવી, એ મરણ કહી જાય છે કે હું હવે આવું છું. મરણ એક વાર આવે છે કે બે વાર? પહેલા કહી જાય છે કે હું આવું છું? એમ આ અવસર એણે એક જ વાર લેવાનો છે. અને શાસ્ત્ર તો ત્યાં સુધી કહે છે, સમજાય છે? 'પ્રવચનસાર'માં છેલ્લા શ્લોકમાં (એમ કહ્યું), આજે જ કર, એવો પાઠ છે. બે શ્લોક છે. 'પ્રવચનસાર'માં છેલ્લા શ્લોક છે. 'અમૃતંચદ્રાચાર્ય' (કહે છે), આજે જ કર. વાયદા વાફળ કરે. વાફળ એટલે અજ્ઞાની વાયદા કરે છે કે હમણા નહિ, હમણા નહિ, હમણા નહિ. હમણા દીકરાના લગ્ન કરવાના છે, દીકરીને વળાવવી છે, વેપારની વ્યવસ્થા સરખી કરવી છે એટલે હમણા નહિ. હમણા નહિ તો હમણા ક્યારે આવશે? વાત નથી સાંભળી?

વાણિયાને ત્યાં ભોજન હતું. ભોજન હતું તો એણે લખ્યું, આજ જમે વાણિયા, કાલ જમે બારોટ. (બીજા દિવસે) બારોટ આવ્યા. (એને કહ્યું), આ શું લખ્યું છે? બારોટ કાલે જમે. બીજે દિવસે આવ્યા, આ શું લખ્યું છે? તારી કાલ આવે નહિ ને બારોટ કદી જમે નહિ. ભાઈ! એમ હમણા નહિ, હમણા નહિ તો હમણા કદી આવે નહિ ને કાર્ય એનું થાય નહિ. આહાહા..! અહીં કહે છે...

મુમુક્ષુ :- ઘણી મુશ્કેલીઓ હોય.

ઉત્તર :- મુશ્કેલી ધૂળમાં. મરે ત્યારે મુશ્કેલી પડે. કેટલાક વેપારી વાણિયા એમ પણ કહે છે, વેપારી.. વાણિયા એટલે વાણિયા જ એમ કંઈ નહિ. ખોજો હોય, મુસલમાન વેપારી એમ કહે, હમણા તો મરવાની પણ નવરાશ નથી. એમ કહે છે ને ભાઈ? મરવાની ફુરસદ નથી. અરે..! મરવા વખતે ટાંગા પડ્યા રહેશે ન્યાં. ફુરસદ નથી શું. મરવાની ફુરસદ નથી, એમ કહે છે. આહાહા..! પાગલના ગામ કાંઈ જુદા હોય છે? આહાહા..!

અહીં કહે છે, પ્રભુ! એકવાર સાંભળ તો ખરો, નાથ! આહાહા..! તારા ઘરમાં જવું હોય તો અબદ્ધનો પક્ષ છોડવો પડશે, ભાઈ! આહાહા..! વ્યવહાર તો ઠીક છોડવો પડે, નિમિત્તને

તો છોડવાનું જ નથી, એ નિમિત્ત તો પરમાં રહી ગયું, પણ વિકલ્પ જે હું શુદ્ધ છું, અખંડ છું, મન સાથે જે સંબંધ કર્યો, અસંગનો મન સાથે સંગ કરી વિકલ્પ ઉઠાવ્યો એ પણ તારે છોડવો પડશે. આહાહા..! સમજાય છે કાંઈ? 'જ્ઞાનંચદજી'!

'**દ્રવ્ય-પર્યાયરૂપ વિકલ્પબુદ્ધિ...**' બેયની વિકલ્પબુદ્ધિ. નિશ્ચયની વિકલ્પબુદ્ધિ અને પર્યાયની વિકલ્પબુદ્ધિ એમ લેવું. '**તેના એક પક્ષરૂપ અંગીકારને...**' બેમાંથી એક પક્ષને અંગીકાર કરવો. ચાહે તો વ્યવહારનો, ચાહે તો નિશ્ચયનો. એને છોડીને. આહાહા..! ભારે આ. વિકલ્પ જે વૃત્તિ ઉઠે છે એ દુઃખરૂપ છે. આહાહા..! શુભ-અશુભભાવ તો દુઃખરૂપ છે જ પણ પોતાનો આત્મા અબદ્ધ ને અસ્પૃષ્ટ ને પ્રત્યક્ષ થવા લાયક છે,.. છે તો એવો, એ તો આપણે આવી ગયું. પ્રકાશશક્તિ. ૪૭ શક્તિમાં બારમી શક્તિ. પ્રકાશશક્તિ. પ્રકાશશક્તિનો અર્થ એ છે કે પોતાનું સ્વરૂપ સ્વસંવેદનમાં પ્રત્યક્ષ થાય એ પ્રકાશશક્તિનું કાર્ય છે. પ્રત્યક્ષ થઈ જાય. મતિ-શ્રુતજ્ઞાનમાં પણ આત્મા પ્રત્યક્ષ થઈ જાય એવો એનો સ્વભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? પરોક્ષ રહે એ એનો સ્વભાવ નથી. સ્વભાવની ખબર નથી એટલે પરોક્ષ રહ્યો છે. આહાહા..! સમજાય છે કાંઈ?

જ્યાં સ્વભાવ પ્રકાશશક્તિ નામનો ગુણ છે તો પ્રકાશરૂપ સ્વસંવેદનરૂપ થઈ જાય છે. પોતાની પર્યાયમાં પ્રત્યક્ષ મતિ-શ્રુતજ્ઞાન દ્વારા સ્વ નામ પોતાને, સં નામ પ્રત્યક્ષ વેદન થાય એ એનો સ્વભાવ છે, આહાહા..! એ એનો ગુણ છે. દ્રવ્યમાં-આત્મદ્રવ્યમાં એ ગુણ છે, એ શક્તિ છે. આહાહા..! આમાં પણ છેલ્લે આવ્યું છે. ભાત અભાત એક કહે છે કે પ્રત્યક્ષ થવા લાયક છે, એક કહે છે કે પ્રત્યક્ષ થવા લાયક નથી. પ્રત્યક્ષ થવા લાયક નથી એ વ્યવહારનો પક્ષ છે. પ્રત્યક્ષ થવા લાયક છે એ નિશ્ચયનો પક્ષ છે. છેલ્લો બોલ છે ને? વીસમો બોલ. એમાં છેલ્લું છે. ભાવાર્થમાં છે. ભાત-અભાત. ભાત નામ પ્રત્યક્ષ થવા લાયક છે, અભાત નામ પ્રત્યક્ષ થવા લાયક નથી. થવા લાયક નથી એ વ્યવહારનો પક્ષ છોડાવ્યો પણ પ્રત્યક્ષ થવા લાયક છે એવા નિશ્ચયનો વિકલ્પ અહીંયા છોડાવે છે. સમજાય છે કાંઈ? આહાહા..! આવો માર્ગ છે. સાંભળવા મળે નહિ એ ક્યારે પ્રયોગ કરે? અરેરે..! અને આ બધા (પોકાર કરે છે), વ્યવહારથી થાય, વ્યવહારથી થાય. વ્યવહાર કેવો હોય એ પણ હજી તારે સમજવા જેવો છે. બાપુ! આહાહા..! સાધુ માટે ચોકા કરીને ભોજન બનાવે, એમ છાપામાં આવે કે ચોકા કરવા આવો. અરરર..ર..! આ શું માર્ગ? ભાઈ!

મુમુક્ષુ :- એની કમિટિ બને છે.

ઉત્તર :- કમિટિ બને છે, ખબર છે ને. પૈસા ભેગા થાય છે. અરે..! પ્રભુ! એક વ્યકિત માટે વાત નથી, હોં! પણ વસ્તુનું સ્વરૂપ આમ છે. આહાહા..! મુનિરાજને ખ્યાલ આવી જાય કે પાણીનું બિંદુ આવ્યું ક્યાંથી? બે માણસ છે, ઘરમાં પતિ-પત્ની બે છે અને પાણી દસ શેર છે. એમ કેમ? બિલકુલ ન લે. પ્રાણ જાય તોપણ ન લે. આહાહા..! સમજાય છે કાંઈ? પાણી.. પાણી. ઉષ્ણ કરે ને? ઘરના માણસ બે હોય અને પાણી અધ મણ બનાવ્યું, વીસ શેર. આ પાણી ક્યાંથી આવ્યું?

અમારે પણ એવું થયું હતું. અમે તો પહેલા એવું પાળતા હતા. પંદર વર્ષ પાળ્યું. ભિક્ષા

માટે જતા હતા, પાણી જોઈએ કે આટલું બધું પાણી કેમ? તો કહે, મહારાજ! અમે સ્નાન કરવા માટે બનાવ્યું હતું. તો દસ શેર કેમ વધ્યું? સ્નાન કર્યા પછી એટલું ન વધે. અમે નહોતા લેતા. એ વખતે એ બધું માનતા હતા ને. સમજાય છે કાંઈ? કેટલાય દિવસ પાણી વિના ચલાવ્યું છે. મઠો, મઠો સમજ્યા? છાશ. કાઠી લોકો, ગરાસિયા હોય ત્યાં જઈએ તો એ લોકો બિચારા બહુ ખુશી થાય. ઓહોહો..! મહારાજ! છાશ પડી હોય ત્યાં. અધમણ. દરબાર! ગરાશિયામાં અમે ગયા છીએ, કાઠીમાં (ગયા છીએ). 'પાળીયાદ'માં કાઠી બહુ હતા. કાઠીમાં જઈએ એટલે બિચારી બાઈઓ ઉભી થઈને કહે, મહારાજ! પધારો.. પધારો.. પધારો. અમારે ઘરે મહારાજ ક્યાં? છાશ દસ શેર, પાંચ શેર જેટલી જોઈએ તેટલી મળે. નિર્દોષ. પાણી વિના ચલાવીએ. અહીં તો એના માટે ચોકા કરીને લે. ભગવાન! આ તે માર્ગ છે? ભાઈ! વ્યવહારના પણ ઠેકાણા નથી. અહીં તો વ્યવહાર પર્યાયનો પક્ષ કરે તોપણ છોડાવે છે, નિશ્ચયનો પક્ષ પણ છોડાવે છે તો એ વાત આવી ગઈ. આહાહા..!

**'કેવા છે તે જીવ? 'विकल्पजालच्युतशान्तचित्ताः' એક સત્ત્વનો અનેકરૂપ વિચાર...'** ઈ શું કહે છે? એક સત્ત્વ નામ વસ્તુ ભગવાનઆત્મા. એકરૂપ વસ્તુ છે એમાં અનેક વિચાર. હું વ્યવહારે આવો છું, નિશ્ચયથી આવો છું એ અનેક વિચાર. વસ્તુ અંદર એકરૂપ સત્ત્વ છે, ભગવાન! સમજાય છે કાંઈ? એવી વાત છે. આહાહા..! એક સત્ત્વ. સત્ત્વ નામ વસ્તુ. વસ્તુ એક છે, અભેદ છે, નિશ્ચય છે. એમાં અનેકરૂપ વિચારો ઉઠાવવા કે પર્યાય છે ને દ્રવ્ય છે ને અભેદ છે ને ભેદ છે. હું વ્યવહારે બંધાયો છું, નિશ્ચયથી હું અબદ્ધ છું એમ એકરૂપ સત્ત્વમાં અનેક વિચાર ઉઠાવવા, વિકલ્પ ઉઠાવવા. આવો માર્ગ છે, આહાહા..! પછી બિચારા વિરોધ કરે. અમારે 'જ્ઞાનચંદજી' અને 'પાટણીજી' એમ કહેતા હતા, લોકો હવે સાંભળવા માગે છે. બન્ને જણા એમ કહેતા હતા. લોકો સાંભળવા માગે છે. 'જ્ઞાનચંદજી' 'જબલપુર' ગયા હતા ને? દસ-દસ હજાર માણસ. ત્યાંના બે મોટા પંડિત હતા. 'લાલબહાદુર' અને 'સુમેરચંદ' એમાં બસો માણસ, અઢીસો માણસ. 'બાબુભાઈ' જાય ત્યાં પાંચ-પાંચ હજાર માણસ, દસ-દસ હજાર આવે. આ તો એમ કે લોકો હવે સાંભળવા માગે છે, વાત એટલી. લોકોને એમ થાય છે કે સત્ય શું છે? ૪૩-૪૩ વર્ષથી એકધારી વાત ચાલે છે. આહાહા..! પહેલાના પુસ્તક જોવે કે હમણાના જોવે, બધામાં એક જ વાત છે. સમજાય છે કાંઈ?

અહીં કહે છે, **'અનેકરૂપ વિચાર તેનાથી રહિત થયું છે...'** એ વિકલ્પથી રહિત થતાં શું થાય છે, એ વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## શ્રાવણ વદ ૩, બુધવાર, તા.૩૧-૮-૧૯૭૭
## કળશ - ૬૯-૭૦, પ્રવચન - ૮૨

૬૯ કળશ છે. 'કળશટીકા' 'કર્તા-કર્મ અધિકાર'. અહીંયા આવ્યું છે. **'કેવા છે તે જીવ?'** થોડું ફરીને લઈએ. **'જે કોઈ જીવ નિરન્તર શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુમાં તન્મય થયા છે...'**

આહાહા..! આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ આત્મામાં જે કોઈ જીવ તન્મય થયા છે. સ્વરૂપ સન્મુખ થઈને, સ્વરૂપમાં તન્મય-તે મય (થયા છે). જે આનંદસ્વરૂપ છે તો અંદર આનંદમય પર્યાયમાં તન્મય થયા છે. એમાં '**निवसन्ति**' તિષ્ઠે છે. આહાહા..! નિજઘરમાં રહે છે. બહારચલો જેમ વ્યભિચારમાં જાય છે, એમ આત્માનું ઘર છોડીને પુણ્ય-પાપના વિકલ્પમાં જાય છે એ વ્યભિચાર છે. એને છોડીને નિજઘરમાં જાય છે, '**निवसन्ति**' આહાહા..! ચૈતન્યઘન આનંદકંદ ધ્રુવ એક સમયની પર્યાયથી પણ પાર, એ ચીજમાં પર્યાયને તન્મય કરે છે. તે પોતામાં વસે છે. આહા..!

'**તે જ જીવો અતીન્દ્રિય સુખનો આસ્વાદ કરે છે.**' આહાહા..! અહીં તો સારમાં સાર વાત છે. અતીન્દ્રિય ભગવાનઆત્મા અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ તરફના ઝુકાવથી પોતાનો અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદનો સ્વાદ લે છે. આહાહા..! એનું નામ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપઆચરણ (છે). સ્વરૂપઆચરણ-પોતાના સ્વરૂપનું આચરણ (છે). દયા, દાન, વ્રતાદિના વિકલ્પ એ સ્વરૂપઆચરણ નહિ. એ વિભાવઆચરણ છે. આહા..! સ્વરૂપ જ્ઞાન અને આનંદ છે એનું આચરણ. સમ્યગ્દર્શન, જ્ઞાન સહિત આચરણ થાય એ મોક્ષનો માર્ગ છે. આવો માર્ગ છે. છે?

'**શું કરીને?**' નિવાસ કરે છે, સ્વાદ લે છે. '**नयपक्षपातं मुक्त्वा**' '**દ્રવ્ય-પર્યાયરૂપ વિકલ્પબુદ્ધિ...**' આહાહા..! છેલ્લી વાત છે. દ્રવ્યાર્થિકનયનો વિષય જે શુદ્ધ ચૈતન્ય અખંડ અભેદ છે તેનો વિકલ્પ એ દ્રવ્યાર્થિકનયનો પક્ષપાત છે.

મુમુક્ષુ :- એનો વિકલ્પ?

ઉત્તર :- વિકલ્પ. સમજાય છે કાંઈ? એ દ્રવ્ય લીધું.

હવે પર્યાય. એક સમયની પર્યાય અથવા રાગબુદ્ધિ એ પણ વિકલ્પ છે, વ્યવહારનયનો વિકલ્પ છે. પેલો દ્રવ્યાર્થિક દ્રવ્યનો વિકલ્પ હતો. હું શુદ્ધ છું, અખંડ છું, અભેદ છું અહીંયા સુધી આવ્યો તોપણ વિકલ્પનો પક્ષ છે. કાલે કહ્યું હતું, પંડિતજી! '**तत किम**' આહાહા..! તેથી શું? ભાઈ! આહાહા..! અહીંયા સુધી આવ્યો અને અખંડ, અભેદ, શુદ્ધ છું એવો વિકલ્પ થયો, દ્રવ્યાર્થિકનયનો પક્ષ આવ્યો તો એનાથી શું લાભ થયો? આહાહા..! એ વિકલ્પમાં તો દુઃખનો લાભ છે. આહા..! આવો માર્ગ છે એના નિર્ધારમાં નિર્ણયમાં પણ ઠેકાણા નહિ, એ અંતરમાં અનુભવ કઈ રીતે કરે? સમજાય છે કાંઈ? અને એ અનુભવ વિના ધર્મ નથી.

આવે છે ને? 'અનુભવ રત્ન ચિંતામણી, અનુભવ હૈ રસકૂપ, અનુભવ માર્ગ મોક્ષનો,' કાલે તો એક છોકરો બોલતો હતો. 'વજુભાઈ'ની દીકરીનો દીકરો. આપણા 'વજુભાઈ' 'વાંકાનેર'વાળા, એની દીકરીનો દીકરો નાનો. બે વર્ષનો કે અઢી વર્ષનો હશે. એ બોલતો હતો. 'અનુભવ રત્ન ચિંતામણી, અનુભવ હૈ રસકૂપ,' બાળક આવ્યો છે કે નહિ? નહિ આવ્યો હોય. 'વજુભાઈ' 'વાંકાનેર'વાળા. ગયા? દીકરીનો દીકરો છે. ચપળ છે અને બોલે એવું... આદમી જેમ ધીરો હોય એવી રીતે બોલે. કાલે બોલ્યો હતો. 'અનુભવ રત્ન

ચિંતામણી, અનુભવ હૈ રસકૂપ,' બે વર્ષનો હશે. 'અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ' વાહ, ભાઈ! આહાહા..!

દ્રવ્યપક્ષનો વિકલ્પ, પર્યાયપક્ષના વિકલ્પને તો છોડતા આવ્યા છીએ. પહેલેથી છોડતા આવ્યા છીએ. વ્યવહાર અભૂતાર્થ છે. અહીંયા તો ભૂતાર્થ જે વસ્તુ ત્રિકાળી છે એનો પણ વિકલ્પનો પક્ષ (છોડાવ્યો છે). એ વિકલ્પ દુઃખરૂપ છે, હમણા કહેશે. એનો પક્ષ છોડીને. આહાહા..! આત્મા અતીન્દ્રિય આનંદનો સ્વાદ લે એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન-ધર્મની પહેલી સીઢી છે. 'મોક્ષમહેલકી પહલી સીઢી' 'છ ઢાળા'માં આવે છે. પ્રથમ સીઢી. આહાહા..! આ ચીજની તો ખબર નહિ ને વ્રત ને તપ ને નિયમ ને આ ને તે. આહાહા..! એ બધો કલેશ છે. 'નિર્જરા અધિકાર'માં કહે છે, કલેશ કરો તો કરો. આવે છે ને? 'નિર્જરા અધિકાર'માં છે. એ વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને... એ ભાવ કલેશ છે, રાગ છે, દુઃખ છે. કલેશ કરો તો કરો, પણ પોતાના જ્ઞાનના આનંદ વિના તને ધર્મ નહિ થાય. આહાહા..! સમજાય છે કાંઈ? એની શ્રદ્ધામાં પહેલા નિર્ણય તો કરે. આહા..! પછી અનુભવ (થશે).

જેવી ચીજ છે એવો અનુ-અનુસરીને ભવવું-થવું. નિમિત્તને અનુસાર થવું એ તો વિકાર છે. આહાહા..! ભગવાનઆત્માને અનુસરીને, અનુભવ થવો, એ આનંદના આસ્વાદનું કારણ છે. આહાહા..! 'શુદ્ધતા વિચારે ધ્યાવે શુદ્ધતામેં કેલિ કરે, શુદ્ધતામેં મગન રહે, અમૃતધારા વરસે' આહાહા..! શુદ્ધતાનો વિચાર અને ધ્યાન. પૂર્ણાનંદનો વિચાર અને ધ્યાન. શુદ્ધતાનો વિચાર, ધ્યાન 'શુદ્ધતામેં કેલિ કરે' પોતાના શુદ્ધ સ્વભાવમાં રમત માંડે. અંદરમાં આનંદની રમતું કરે. આહાહા..! અને 'શુદ્ધતામેં મગન રહે' એ શુદ્ધ ચૈતન્યઘનમાં લીન રહે. 'અમૃતધારા વરસે' અમૃતની ધારા, પર્યાયમાં અમૃતનું વેદન આવે છે. આહાહા..! આવો માર્ગ છે. ભવનો અભાવ કરવાની ચીજ તો આ છે. સમજાય છે કાંઈ? લોકોને એકાંત લાગે, નિશ્ચયાભાસ લાગે પણ વાત તો આ છે. માનો, ન માનો પ્રભુનો માર્ગ તો આ છે. પ્રભુ તું, હોં! આહા..!

**'કેવા છે તે જીવ? 'विकल्पजालच्युतशान्तचित्ताः' 'એક સત્ત્વનો અનેકરૂપ વિચાર...'** શું કહે છે? વસ્તુ તો એકરૂપ સત્ત્વ સત્તા છે. આનંદ અને ચૈતન્યની સત્તા એકરૂપ વસ્તુ છે. **'તેનાથી રહિત થયું છે'.** અનેકરૂપ વિચાર. દ્રવ્ય, ગુણ, પર્યાય, ઉત્પાદ્, વ્યય અને ધ્રુવ. આહાહા..! એકરૂપ વસ્તુમાં પણ ત્રણ પ્રકારનો વિચાર (કરવો). આ દ્રવ્ય છે ને આ ગુણ છે ને આ પર્યાય છે. આ ઉત્પાદ, વ્યય પર્યાય છે અને ધ્રુવ ગુણ છે. એવો વિકલ્પ જે ઉઠાવવો એ કલેશ અને દુઃખ છે. આહાહા..! પોતાના આત્મામાં દ્રવ્ય, ગુણ, પર્યાયનો ભેદ વિચારવો એનાથી પણ પ્રાપ્તિ નથી. આ તો વ્યવહાર ક્રિયા કરતાં કરતાં પ્રાપ્ત થશે (એમ માને છે). સમજાય છે કાંઈ? બહુ ફેર છે, બહુ ફેર છે.

અહીંયા તો એક સત્ત્વ વસ્તુ છે એમાં અનેક વિચાર થાય **'તેનાથી રહિત થયું છે, નિર્વિકલ્પ સમાધાનરૂપ મન જેમનું,...'** 'शान्तचित्ताः' 'शान्तचित्ताः'ની વ્યાખ્યા કરી. શાંત.. શાંત. નિર્વિકલ્પ સમાધાનરૂપ મન. વિકલ્પ છૂટી ગયા. એટલો મનનો સંગ છૂટી ગયો, મનનો સંગ છૂટી ગયો અને અસંગ તત્ત્વનો સંગ થયો. આહાહા..! સમજાય છે કાંઈ? મનના વિકલ્પ

જે દ્રવ્યે હું શુદ્ધ છું, અખંડ છું એવા મનના સંગમાં વિકલ્પ હતા એ છૂટીને અસંગ ભગવાનઆત્માનો સંગ થયો. વિકલ્પનો સંગ હતો એને છોડીને નિર્વિકલ્પ ભગવાનનો સંગ થયો. આહાહા..! એમાં લીન થવું એ પોતાનો સંગ છે. સમજાય છે કાંઈ? નિર્વિકલ્પ **'शान्तचित्ताः'**.

**'ભાવાર્થ આમ છે કે એક સત્ત્વરૂપ વસ્તુ...'** ભગવાન તો એકરૂપ સત્તા છે. આનંદ અને શાંતિરૂપ એકરૂપ છે, અનેકરૂપ નથી. ગુણ અનેક છે છતાં વસ્તુ તો એકરૂપ છે. સમજાય છે કાંઈ? શક્તિ ભલે અનંત હો પણ વસ્તુ તો એકરૂપ છે. ગુણની સંખ્યા અનંત કહેવાય છે. દ્રવ્ય તો એક છે, શક્તિ અનંત છે. પણ અનંત શક્તિનું રૂપ દ્રવ્ય એક છે. એક સત્ત્વરૂપ છે. એક માલરૂપ, એક કસરૂપ. આહા..! એવો ભગવાનઆત્મા, એમાં 'દ્રવ્ય-ગુણ-પર્યાયનો,...' વિચાર. આહાહા..! ગજબ વાત છે. દયા, દાન ને વ્રત ને ભક્તિ તો ક્યાંય રહી ગયા. એ તો બંધના કારણ છે પણ એકરૂપ વસ્તુમાં દ્રવ્ય, ગુણ ને પર્યાયના (વિચાર). 'નિયમસાર'માં આવે છે, એકરૂપમાં દ્રવ્ય, ગુણ, પર્યાયનો વિચાર આવવો એ પણ પરવશતા છે. 'ચંદુભાઈ'! શું કહ્યું?

એકરૂપ વસ્તુ ચિદાનંદ ભગવાન, એમાં દ્રવ્ય, ગુણ, પર્યાયનો વિકલ્પ આવવો એ પરવશતા છે, એ આવશ્યક નથી. આવશ્યક અધિકારમાં (આવે છે). સમજાય છે કાંઈ? આ આવશ્યક કહે છે ને? સામાયિક આદિ. કહે છે કે દ્રવ્ય, ગુણ, પર્યાયનો વિચાર આવશ્યક નથી. એ તો પરાધીન છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવશ્યક તો અવશ્યસ્વરૂપ ભગવાન એક સત્ત્વ, એનો નિર્વિકલ્પપણે અનુભવ કરવો એ આવશ્યક છે. અવશ્ય કરવાલાયક હોય તો એ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એકમાં ત્રણનો વિચાર કરવો. સત્ત્વ એક અને વિચાર ત્રણનો કરવો, એ દુઃખ છે. આહાહા..! ભારે ઝીણી વાત, ભાઈ!

હજી તો બહારના શુભજોગ તે મોક્ષનો માર્ગ (એમ) 'મખનલાલજી'એ લખ્યું છે ને? શુભજોગ મોક્ષનો માર્ગ છે. ત્યારે 'કૈલાસચંદજી' કહે છે, શુભજોગ હેય છે. પેલા ભાઈ કહે, શુભજોગ હેય માને એ મિથ્યાદૃષ્ટિ છે. 'મખનલાલજી' એમ કહે છે. અરે..! તકરાર ક્યાં...? પ્રભુ! શુભજોગ હેય માને ઈ મિથ્યાદૃષ્ટિ છે. 'કૈલાશચંદજી' કહે છે, શુભજોગને 'કુંદકુંદાચાર્ય' હેય માને છે, તો એ મિથ્યાદૃષ્ટિ થયા? આ ચર્ચા હમણા ચાલી છે, સોનગઢને કારણે. નહિતર બધું એમ ને એમ પડ્યું હતું. આહાહા..! ચેલેન્જ આપી છે. 'મખનલાલજી'એ 'કૈલાસચંદજી'ને ચેલેન્જ આપી છે. શુભભાવ મોક્ષનો માર્ગ છે એમ અમે ચેલેન્જ આપીએ છીએ. લાવો ચર્ચા. અરે..! ભગવાન!

મુમુક્ષુ :- એમણે લખ્યું છે, સોનગઢવાળા તો ભણેલા-ગણેલા નથી એટલે ચર્ચા કરતા નથી, તમે તો ભણેલા-ગણેલા છો, કરો ચર્ચા.

ઉત્તર :- અહીંયા વ્યાખ્યાન કરવું... એમ કે સંસ્કૃત અને વ્યાકરણ કાંઈ ભણ્યા નથી. આત્માની વાતું કરે છે, લ્યો. ભાઈ! ત્યાં સંસ્કૃત વ્યાકરણનું ક્યાં કામ છે. આહાહા..! તિર્યંચ સમકિત પામે છે. ન્યાં ભાષા પણ જાણતા નથી. નવ તત્ત્વના નામેય નથી આવડતા. એની સાથે શું સંબંધ છે?

ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ, એ આનંદ તરફ ઢળવું એ પંડિત છે. બાકી પંડ્યા પંડ્યા પંડ્યા ફોતરા ખંડ્યા. ફોતરા સમજ્યા? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં પહેલા ભાગમાં આવે છે. આ શબ્દ આવે છે. પંડ્યા પંડ્યા પંડ્યા, ફોતરા-તુસ.. તુસ, છિલકા તેં ફોતરા ખાંડ્યા, ભાઈ! અનંત આનંદના નાથના તને સ્પર્શ ન થયો. તેં એના ભેટા ન કર્યા. અને રાગના ભેટામાં પ્રભુ! તેં સુખ માન્યા. એ ફોતરા ખાંડ્યા. સમજાય છે કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! અંદર ઘરની ચીજ છે. ભજનમાં નથી આવતું? 'અબ હમ કબહુ ન નિજઘર આયે, પરઘર ભમત અનેક નામ ધરાયે' અમે વ્રતધારી, અમે પુણ્યના કરનારા, અમે દયા પાળનારા એવા પુદ્‌ગલના સંગે અનેક નામ ધર્યા. 'અબ હમ કબહુ ન નિજઘર આયે, પરઘર ભમત અનેક નામ ધરાયે'. આહાહા..!

ગૃહસ્થ માણસ કરોડપતિ હોય, એનો દીકરો વ્યભિચારે ચડી ગયો હોય. કોઈ વાઘરણ કે બાવણ તો પૈસા દઈ દઈને આપે. પટારામાંથી પૈસા લે અને દે. પિતાજીને ખબર પડી કે આ ભાઈ તો વ્યભિચારે ચડી ગયો છે. એને કહે, બેટા! ઘરમાં ખાનદાનની દીકરી છે. તારી વહુ. ખાનદાનની દીકરી પર ઉપર નજર ન કરે, અરે..! એને છોડીને તું આ બાવણમાં.. કોળણ સાથે વ્યભિચાર કરે, ભાઈ! આ ઘર નહિ ખમે. આ ઘર નહિ રહી શકે. એમ ત્રણલોકનો નાથ ધર્મપિતા પોકાર કરે છે, પ્રભુ! તારું આનંદકંદનું ઘર છોડીને, ખાનદાનની દીકરીને છોડીને આ વ્યભિચારમાં ક્યાં ગયો? ભાઈ! આહાહા..! ભગવાન ખાનદાન- આનંદકંદ પ્રભુનું ઘર છોડીને તું પુણ્ય-પાપના વ્યભિચારમાં કેમ ગયો? તારું ઘર સહન નહિ કરે. ધર્મપિતા પોકાર કરે છે. આહાહા..! એ અહીં કહે છે, જુઓ!

ભગવાન! તું એકરૂપમાં દ્રવ્ય, ગુણ ને પર્યાય, ઉત્પાદ, વ્યય અને ધ્રુવને 'વિચારતાં વિકલ્પ થાય છે,...' આહાહા..! અહીં તો હજી એના ઠેકાણા ન મળે અને વ્રત ને તપ ને (કરીને માને કે) અમે મોક્ષમાર્ગમાં છીએ, ભાઈ! એનો સરવાળો આવશે ત્યારે દુઃખી થઈશ, ભાઈ! વર્તમાન દુઃખનો તને ખ્યાલ નથી આવતો. પણ એ પુણ્ય અને પાપના ફળ સ્વર્ગ અને નરક દુઃખી છે. ચારે ગતિ પરાધીન છે. 'પંચાસ્તિકાય' પ્રથમ ગાથા. સ્વર્ગની ગતિ પરાધીન છે, પ્રભુ! એ દુઃખરૂપ છે. આહાહા..! આનંદના નાથને ભુલીને પરમાં સુખ માનીને વ્યભિચારી થઈ ગયો છો, નાથ! આહાહા..! વ્યભિચારનો અર્થ સંયોગ અને પરસ્ત્રી આદિનો સંયોગ એ વ્યભિચાર. એમ વિભાવની સાથે સંયોગ કરવો એ વ્યભિચાર છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીંયા તો એકરૂપ વસ્તુમાં ત્રણ પ્રકારના વિચાર આવવા એ વ્યભિચાર છે. ગજબ વાત છે. એકને ત્રણરૂપે વિચારવો. દ્રવ્ય, ગુણ, પર્યાય અને ઉત્પાદ, વ્યય, ધ્રુવ. આહાહા..! પ્રભુ! એ વિકલ્પ છે. છે? **'વિચારતાં વિકલ્પ થાય છે,...'** આહાહા..! માખણ વાત છે. સમ્યગ્દર્શન એનાથી નથી થતું. આહાહા..! એનાથી તો વિકલ્પ થાય છે, એમ કહે છે. આહાહા..! એક વસ્તુને ત્રણ પ્રકારે વિચારવામાં તને વિકલ્પ થાય છે, રાગ થાય છે. ઈ કહે છે, **'તે વિકલ્પ થતાં મન આકુળ થાય છે,...'** આહાહા..! **'આકુળ થાય છે, આકુળતા દુઃખ છે;...'** આહાહા..! આવી વાત છે, પ્રભુ!

મુમુક્ષુ :- દ્રવ્ય, ગુણ, પર્યાયના વિચાર ન કરવા.

ઉત્તર :- વિકલ્પ આવે છે તો દુઃખ છે, એમ કહે છે.

મુમુક્ષુ :- તો શું કામ કરવા?

ઉત્તર :- દ્રવ્યના સ્વભાવની દૃષ્ટિ કરવી. એકરૂપ સત્ત્વનો અનુભવ કરવો. ત્રણ પ્રકારનો વિચાર કરવામાં પણ વિકલ્પ આકુળતા છે. આહાહા..! એમાં છે ને? આ તો બસો વર્ષ પહેલાની 'રાજમલ'ની ટીકા છે. મૂળ શ્લોક તો 'અમૃતચંદ્રાચાર્ય'ના હજાર વર્ષ પહેલાના છે. આ અભિપ્રાય તો અનંતકાળથી છે. અભિપ્રાય અનંતકાળનો છે. શાસ્ત્ર હજાર વર્ષ પહેલાનું છે. અર્થ બસો વર્ષ પહેલા થયા છે. આહાહા..!

મુમુક્ષુ :- અભિપ્રાય અનાદિનો છે?

ઉત્તર :- અનાદિનો છે. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' ત્રણકાળમાં પરમાર્થનો પંથ તો એક છે.

એક સ્વરૂપ સત્ત્વ.. આહા..! ગજબ વાત છે! અહીં તો હજી પરની દયા પાળવી ને વ્રત કરવા ને ભક્તિ ને પૂજા... એ ધર્મ છે અને ધર્મનું કારણ છે. દુઃખ છે એ ધર્મનું કારણ છે. અહીં તો કહે છે, એકરૂપ સત્ત્વમાં ત્રણ પ્રકારનો વિચાર કરવો એ વિકલ્પ છે, આકુળતા છે, દુઃખ છે. દુઃખ એ આત્માના આનંદનું કારણ કઈ રીતે થાય? આહાહા..! સમજાય છે કાંઈ? છેલ્લી વાત છે. આહાહા..!

મુમુક્ષુ :- બહુ ચાલી ગયું, સમજાયું નહિ.

ઉત્તર :- ફરીને, આહાહા..! શબ્દ લીધો ને? જુઓને! **'એક સત્ત્વરૂપ વસ્તુ...'** એમ લીધું ને? વસ્તુ છે તે એકરૂપ સત્તા છે. એમાં કોઈ ભેદ નથી. આહાહા..! એકરૂપ સત્ત્વ વસ્તુ જીવ ભગવાનઆત્મા, સામાન્ય એકરૂપ અભેદ સદૃશ ધ્રુવ એવા એકરૂપ સત્ત્વમાં ત્રણ પ્રકારનો વિચાર કરવો.. આહા..! ગજબ વાત છે! એનાથી વિકલ્પ થાય છે. આહાહા..! **'વિકલ્પ થતાં મન આકુળ થાય છે, આકુળતા દુઃખ છે,...'** છે? એક સત્ત્વનો ત્રણ પ્રકારનો વિચાર કરવો એ દુઃખરૂપ છે. આહાહા..! પંડિતજી! આવો માર્ગ છે.

મુમુક્ષુ :- આપ એવું અમૃત પીવડાવો છે કે દુઃખ નીકળી જાય.

ઉત્તર :- માર્ગ તો આવો છે, ભગવાન! આહા..! હવે આમાં વાદવિવાદ ને ઝઘડા કરવા. 'સદ્‌ગુરુ કહે સહજ કા ધંધા, વાદવિવાદ કરે સો અંધા' આ વાદ વિવાદમાં શું સમજવું. શાસ્ત્રમાં ભિન્ન સાધ્ય-સાધન કહ્યું હોય ઈ પકડે. અહીં તો વિકલ્પને દુઃખરૂપ કહ્યો. એકનો ત્રણ પ્રકારે વિચાર કરવો એ ભેદ છે, રાગ છે, આકુળતા છે અને દુઃખ છે. આહાહા..!

મુમુક્ષુ :- ત્યાં એવું નહોતું લખવું જોઈતું કે ભિન્ન સાધ્ય-સાધન..

ઉત્તર :- ત્યાં નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. પોતાના સ્વરૂપનું સાધન નિર્વિકલ્પથી કર્યું ત્યારે એ કાળે રાગની મંદતા નિમિત્તરૂપે કેવી છે, એનું જ્ઞાન કરાવીને સાધનનો આરોપ કર્યો છે. સાધન છે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? બધા દલીલ એ 'પંચાસ્તિકાય'ની કરે છે. ભિન્ન સાધ્ય-સાધન કહ્યું છે. ૧૭૨ (ગાથા). આહાહા..! ભાઈ! તારા હિતની વાત છે.

અહીં તો પરમાત્મા સંતો એમ કહે છે.. આહાહા..! વીતરાગી મુનિઓ સિદ્ધ સાથે વાતો

કરનારા.. આહાહા..! જંગલમાં (રહીને એમ કહે છે), પ્રભુ! તમે સિદ્ધ છો તો અમે પણ સિદ્ધ છીએ. 'સિદ્ધ સમાન સદા પદ મેરો' આવે છે? 'ચેતનરૂપ અનૂપ અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરો, મોહ મહાતમ આતમ કિયો પરસંગ મહાતમ ઘેરો' પરના મોહને લઈને મહાતમ-અંધકાર ઉભા કર્યા. 'જ્ઞાનકલા ઉપજી અબ મોકૂ, જ્ઞાનકલા ઉપજી અબ મોકૂ, કહુ ગુણ નાટક આગમ કેરો, તાસુ પ્રસાદ સધે શિવમારગ, વેગે મિટે ઘટવાસ વસેરો.' આ ચામડા ને માંસ ને હાડકાં.. આહા..! ગધેડાના સડેલા ચામડામાં મેસુબને વીંટવો. મેસુબ સમજો છો? એક શેર લોટમાં ચાર શેર ઘી પાઈને, ચણાના લોટમાં, એને મેસુબ કહે છે. અને એક શેર ઘઉંનો લોટ અને ચાર શેર ઘી પાઈને બનાવે એને શક્કરપારા કહે છે. અમે તો બધું જોયું છે અને ખાધું પણ છે. હવે તો વીસ વર્ષથી બંધ છે. પહેલાની વાત છે. અત્યારે તો ચાર ફુલકા-રોટલી. આહાહા..!

કહે છે, મેસુબ છોડીને દુઃખ કલેશને (ભોગવે છે). આત્મા મેસુબ સમાન શક્કકરપારા છે. સાકરની મીઠાશનો પિંડ.. કહ્યું હતું ને? શક્કરકંદ. શક્કરકંદ છે એની છાલ ન જુઓ તો શક્કર, શક્કર નામ સાકરનો ઈ પિંડ છે. તેથી તેને શક્કરકંદ કહે છે. આપણે શક્કરિયા કહે છે. લાલ છાલની નજર છોડી દે તો અંદરમાં શક્કરકંદ-સાકરની મીઠાશનો પિંડ છે. એમ પુણ્ય અને પાપનો વિકલ્પ, આ ત્રણ ગુણ ને આ ઉત્પાદ, વ્યય ને ધ્રુવ એવા વિકલ્પ છોડી દે તો અતીન્દ્રિય આનંદનો કંદ આત્મા છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- જ્ઞાનકળા કોને કહે છે?

ઉત્તર :- આ જ્ઞાનકળા. પોતાના સ્વરૂપનો અનુભવ થવો એ જ્ઞાનકળા.

મુમુક્ષુ :- કળા એટલે શું?

ઉત્તર :- કળા પર્યાય છે. કેવળજ્ઞાન પૂર્ણ કળા છે, આ અલ્પ કળા છે. કેવળજ્ઞાનને કળા કહી છે. કેવળજ્ઞાનની સાથે મતિ-શ્રુતની કળા રમત કરે છે. આહાહા..! મતિ-શ્રુતજ્ઞાન જે અંતર સમ્યક્જ્ઞાન થયું એ કેવળજ્ઞાન કળા સાથે રમત કરે છે. અને એ મતિ-શ્રુતજ્ઞાનની કળા કેવળજ્ઞાનની કળાને બોલાવે છે. આવો, આવો, આવો. અલ્પકાળમાં મારી પાસે આવો. 'ધવલ'માં છે, 'ધવલ'માં છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- જલ્દી બોલાવવાથી જલ્દી આવશે.

ઉત્તર :- જલ્દી આવશે. થોડા દિવસ છે, થોડો વખત છે. કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાનો વખત થોડો છે. એક-બે ભવ, ચાર ભવ આદિ (રહે). કેવળજ્ઞાન લેવાની તૈયારી છે. આહાહા..! બીજ ઉગી એ (પૂનમ થવામાં) તેર દિવસનો ફેર છે. કે મહિના-મહિનાના, વર્ષનો ફેર છે? બીજથી પૂનમ સુધીનો આંતરો તેર દિવસનો છે. ખરેખર તો બાર દિવસનો છે, તેરમા દિવસે તો કેવળજ્ઞાન (પૂનમ) છે.

એ અહીં કહે છે, પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણનો વિકલ્પ છોડીને પોતાના આત્માનો અનુભવ કરવો એ બીજ ઉગી, સમ્યક્રૂપ બીજ ઉગી. આહાહા..! અને મતિ-શ્રુતજ્ઞાનની કળા જાગી એ કળા કેવળજ્ઞાનને બોલાવે છે, અલ્પકાળમાં કેવળજ્ઞાન આવો. આહાહા..!

શ્રોતા :- આજે જામી ગુરુદેવ!

ઉત્તર :- જામી... આહાહા..! સમકિતી... 'કાર્તિકિયાનુપ્રેક્ષા'માં કહે છે, બીજ ઉગી, સમ્યક્જ્ઞાન થયું પણ એ કેવળજ્ઞાનની અપેક્ષાએ પોતાને પામર માને છે. પર્યાયમાં, હોં! દ્રવ્ય તો પ્રભુ છે જ. આહાહા..! એ પામર પર્યાય પૂર્ણ પ્રભુની પર્યાયને પોકાર કરે છે કે ભાઈ! આવો, આવો.. મારે અહીંથી નીકળવું છે. માર્ગ પૂછે ને? માર્ગ. મારે અહીંથી સિદ્ધપુર જાવું છે તો આ વાડમાંથી જવું કે ખેતરમાંથી જવું? સિદ્ધપુર, હોં!

મુમુક્ષુ :- સિદ્ધપુર આવે છે.

ઉત્તર :- આવે છે? સિદ્ધપુર જવાનો રસ્તો આ થોરની વાડ છે એની વચ્ચેથી જાય છે કે ખેતરમાંથી માર્ગ નીકળે છે? એમ મતિ અને શ્રુતજ્ઞાન પોકાર કરે છે, કેવળજ્ઞાનના પંથ અલ્પકાળમાં મારી પાસે આવો. આહાહા..! ઈ આપણે 'સમયસાર'માં આવે છે, મતિ-શ્રુત કેવળજ્ઞાનની કળા સાથે કળા કરે છે, રમત કરે છે. આવે છે, બધું શાસ્ત્રમાં ભર્યું છે. 'સમયસાર'માં આવે છે.

અહીંયા તો કહે છે, પ્રભુ! એકવાર સાંભળ તો ખરો, નાથ! તારી ચીજ તો અંદર એકરૂપ સત્ત્વ આખું પડ્યું છે. અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય શ્રદ્ધા, અનંતી શાંતિ, સ્વચ્છતા, અનંતી ઈશ્વરતાની એકરૂપ તારી વસ્તુ છે. અનંત એવો ભેદ પણ લક્ષમાં લેવા જેવો નથી. આહાહા..! અભેદ અખંડ આનંદ પ્રભુના આશ્રય સિવાય ત્રણ પ્રકારનો વિચાર કરવો એ તો વિકલ્પ છે. છે?

**'વિકલ્પ થતાં મન આકુળ થાય છે,...'** મનમાં આકુળતા થાય છે. આહાહા..! ગજબ વાત છે, ભાઈ! પોતાના એકરૂપ ઘરમાં ત્રણરૂપનો વિચાર કરતાં, પ્રભુ! તને દુઃખ થશે. આહાહા..! એ દુઃખ સ્વરૂપનું સાધન નથી. આહાહા..! વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા, પ્રભુ! એ સાધન નહિ. આહાહા..!

મુમુક્ષુ :- કષ્ટ સહન કરે તો સાધ્યની સિદ્ધિ (થાય)?

ઉત્તર :- કષ્ટ તો દુઃખ છે, ભગવાન! કષ્ટ તો કલેશ છે, આર્તધ્યાન છે. કષ્ટ તો આર્તધ્યાન છે. આર્તધ્યાનથી આત્માનું ધ્યાન થાય? આહાહા..!

મુમુક્ષુ :- કષ્ટ સહન કર્યા વિના સાધ્ય આત્માની સિદ્ધિ થતી નથી.

ઉત્તર :- કષ્ટ નામ અંદર આનંદમાં પુરુષાર્થથી એકાગ્રતા થવી એને એક અપેક્ષાએ કષ્ટ કહ્યું છે. શુખશિળિયામાં જે આત્મજ્ઞાન થયું, પરિષહ સહન કરવાની તાકાત પ્રગટ ન કરી તો પરિષહ આવશે તો તું ચ્યુત થઈ જઈશ. તો કષ્ટ કરો. કષ્ટ નામ પરિષહ સહન કરવાની તાકાત પ્રગટ કરો. એમ આવ્યું છે. 'સમાધિ શતક.' સમજાણું કાંઈ? 'સમાધિ શતક' 'પૂજ્યપાદ સ્વામી'. અહીં તો દિગંબર શાસ્ત્રોનો ભંડાર ભર્યો છે. આહાહા..! અરે...! આ માર્ગની વાત ક્યાંય નથી. આવી વાત બહાર આવી તો લોકો ભરમાયા. અરે..! આ તો એકાંત છે, એકાંત છે. પ્રભુ! એકાંત જ છે. સમ્યગ્દર્શન પોતાના દ્રવ્યના આશ્રયે એકાંતે પ્રગટ થાય છે. 'શ્રીમદ્' પણ એમ કહે છે, 'અનેકાંત પણ સમ્યક્ એકાંત એવા નિજ પદની પ્રાપ્તિ સિવાય અન્ય હેતુએ ઉપકારી નથી.' સમ્યક્ એકાંત. સ્વભાવ તરફ દૃષ્ટિ કરવી એ સમ્યક્ એકાંત છે. અને

સમ્યક્ એકાંત થયું એને અનેકાંતનું જ્ઞાન સાચું થાય છે. પર્યાયમાં મંદતા છે, પર્યાયમાં અશુદ્ધતા છે એનું જ્ઞાન એને થાય છે. એકાંત દૃષ્ટિથી જેને પોતાનું જ્ઞાન થયું એને અનેકાંતનું યથાર્થ જ્ઞાન થાય છે. સમજાય છે કાંઈ? આવી વાત છે.

અહીં તો કહે છે, **'મન આકુળ થાય છે, આકુળતા દુઃખ છે;...'** આહાહા..! એ આકુળતા દુઃખ છે. આહાહા..! 'છ ઢાળા'માં પણ કહ્યું ને? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, એ તો ઠીક. પૈ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો'. એ પંચમહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ દુઃખ છે. એમાં આવ્યું કે નહિ? પંડિતજી! 'છ ઢાળા'માં આવ્યું. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પૈ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એમાં આત્માનો આનંદ ન આવ્યો, એ તો દુઃખ છે. આહાહા..! આ દુઃખ કહ્યું ને? એકમાં ત્રણનો વિચાર કરવો એ આકુળતા, દુઃખ છે. પંચમહાવ્રતના પરિણામ, અઠ્યાવીસ મૂળગુણ, વ્યવહાર સમિતિ, ગુપ્તિ બધો રાગ એ દુઃખ છે. આહાહા..! સમજાય છે કાંઈ? 'કોટા' ગયા હતા? પાછા આવ્યા? ઠીક.

**'તેથી વસ્તુમાત્ર અનુભવતાં વિકલ્પ મટે છે,...'** છે? ત્રણ પ્રકારનો વિકલ્પ મટવો. અંતર સ્વરૂપનો અનુભવ કરતાં એ વિકલ્પ મટે છે. બીજો કોઈ ઉપાય નથી. આહાહા..! એ પ્રશ્ન થયો હતો. રાગ કેમ ઘટે? 'વર્ણીજી' સાથે. (એમણે કહ્યું), કર્મ પ્રતિબદ્ધ કારણ ઘટે તો ઘટે. અહીં તો કહે છે, અનુભવ કરતાં વિકલ્પ મટે છે. સમજાય છે કાંઈ? એક ભાઈ તો એવી વાત લાવ્યો હતો. ઉત્તર પ્રદેશ. રાગ કેમ ઘટે એવો અધિકાર શાસ્ત્રમાં છે જ નહિ. એવો એક આવ્યો હતો. 'રાજકોટ' કોઈ દિગંબર આવ્યો હતો. રાગ કેમ ઘટે એ શાસ્ત્રમાં છે જ નહિ. અરેરે..! પ્રભુ! આ શું કહે છે?

મુમુક્ષુ :- આ તો હમણા સોનગઢથી છપાયું છે.

ઉત્તર :- આ તો બસ્સો વર્ષ પહેલા છપાયું છે. હિન્દીમાં.. કેવી હિન્દી કહેવાય ઈ? ઢુંઢારી. ઢુંઢારી હિન્દીમાં આ પુસ્તક હતું. અમારી પાસે છે. ઢુંઢારી હિન્દીમાં અમારી પાસે પુસ્તક છે. એકવાર 'નવનીતભાઈ'ને વિચાર થયો. 'નવનીતભાઈ' પ્રમુખ ગુજરી ગયા ને? અમે જંગલ ગયા હતા. ... મહારાજ! આ ઢુંઢારી ભાષામાંથી હિન્દી થાય (તો સારુ). 'ફૂલચંદજી'એ કર્યું ને? મૂળ ઢુંઢારી ભાષા કડક છે. ઢુંઢારી ભાષા બહુ કડક છે. એનું હિન્દી કર્યું છે. સમજાય છે કાંઈ? 'નવનીતભાઈ'ને આખી 'છ ઢાળા' કંઠસ્થ હતી. 'છ ઢાળા' કંઠસ્થ હતી. બહુ ફેરવતા હતા. 'છ ઢાળા' ઉપર એમને બહુ પ્રેમ હતો. અને 'છ ઢાળા'ના વ્યાખ્યાન એમના તરફથી મફત છપાવ્યા છે. 'છ ઢાળા'. એમને 'છ ઢાળા'નો બહુ પ્રેમ હતો.

'છ ઢાળા'માં આ આવ્યું છે. સમજાય છે કાંઈ? શું આવ્યું 'છ ઢાળા'માં? પંચમહાવ્રત પાળીને પણ તને સુખ ન મળ્યું. એનો અર્થ એ થયો કે પંચમહાવ્રતના પરિણામ, એ બધા વિકલ્પ છે, રાગ છે, એ તો દુઃખ છે. હવે દુઃખથી આત્માનો આનંદ પ્રાપ્ત થાય? વ્યવહાર કરતાં કરતાં, દુઃખ કરતાં કરતાં સુખ થાય? લસણ ખાવાથી કસ્તુરીનો ઓડકાર આવે? પણ ક્યાંથી આવે? બાપા! એ તો લસણનો ઓડકાર આવે એમ દુઃખનું વેદન કરવાથી અંદર સમ્યગ્દર્શનનો આનંદ આવે છે? એમ છે? આહાહા..!

મુમુક્ષુ :- અર્થ કઠણ કરો છો.

ઉત્તર :- એમાં લખ્યું છે કે નહિ? તમે તો શરાફ છો, નજર કરો, જુઓ! આ અમારા શરાફ શેઠ છે. 'જ્ઞાનચંદજી' શરાફની બજાર ચલાવો. આહાહા..!

**'વસ્તુમાત્ર અનુભવતાં વિકલ્પ મટે છે,...'** બીજી કોઈ ક્રિયાકાંડથી વિકલ્પ મટે છે, એમ નથી. આહાહા..! **'વિકલ્પ મટતાં આકુળતા મટે છે,...'** આહાહા..! માથે કહ્યું હતું ને? **'વિકલ્પ થતાં મન આકુળ થાય છે, આકુળતા દુઃખ છે;...'** હવે ગુલાંટ ખાઈને વાત કરી. અનુભવ થતાં વિકલ્પ મટે છે. **'વિકલ્પ મટતાં આકુળતા મટે છે, આકુળતા મટતાં દુઃખ મટે છે.** આહાહા..! **તેથી અનુભવશીલ જીવ પરમ સુખી છે.'** આહાહા..! 'સુખિયા જગતમેં સંત, દુરીજન દુઃખિયા રે... સુખીયા જગતમેં સંત, દુરીજન દુઃખીયા રે..' ભગવાનઆત્માનો અનુભવશીલ સ્વભાવ, એ જગતમાં સુખી છે. બાકી આ રાજા, મહારાજા, કરોડોપતિ બધા ભિખારા દુઃખી છે. ભિખારા વરાંકા શબ્દ શાસ્ત્રમાં છે. વરાંકા એવો શબ્દ છે. ભિખારી છે, રાંકો છે, રાંકો. સ્વરૂપલક્ષ્મીની ખબર નથી ને આ લાવ, આ લાવ, આ લાવ... લાવ.. લાવ લાવા, અગ્નિના લાવા (છે). આહાહા..!

અંદર ભંડાર ખજાનો ભર્યો છે. અનંતઆનંદ, અનંતજ્ઞાન, અનંતશાંતિ, અનંતસ્વચ્છતા આદિ શક્તિ છે એ તો અપરિમિત છે. શક્તિ પરિમિતતા મર્યાદા નથી હોતી. એવી શક્તિઓનો ભંડાર ભગવાન, એનો અનુભવ થતાં વિકલ્પ મટે છે. વિકલ્પ મટવાનો બીજો કોઈ ઉપાય નથી. આહાહા..! **'તેથી અનુભવશીલ...'** અનુભવશીલ શબ્દ વાપર્યો છે. અર્થાત્ અનુભવ જેનો સ્વભાવ થઈ ગયો છે. આહાહા..! અનુભવશીલ. આહાહા..! પોતાના આનંદનો અનુભવશીલ **'જીવ પરમ સુખી છે.'** એ પરમ સુખી છે. આહા..! બાકી બધા દુઃખી પ્રાણી છે. એક સત્ત્વનો ત્રણ પ્રકારે વિચાર કરવો એ પણ દુઃખી છે. તો પછી શરીર મારું, પૈસા મારા, ધૂળ સ્ત્રી મારી, મકાન મારું, આબરૂ મારી.. મહાદુઃખી છે, મહાદુઃખી છે. 'મધુભાઈ'! આ 'મધુભાઈ' છે, 'શાંતિભાઈ'ના ભાઈ. પૈસા બહુ પેદા કરે છે, ત્યાં 'હોંગકોંગ'. આપણે ત્યાં હમણા પૈસા આપ્યા ને. સાહિત્યમાં. 'હીરાલાલજી' આવ્યા છે? નથી. સત્ સાહિત્ય (પ્રકાશનમાં) લાખ રૂપિયા આપ્યા. હમણા ૩૨૦ ગાથા ચાલતી હતી, ત્યારે હતા. ૩૨૦ ગાથાના પ્રવચન છપાવવા માટે હમણા વીસ હજાર આપ્યા. ત્યાં બહુ પૈસા પેદા થાય છે. પાપ.

મુમુક્ષુ :- રૂપિયા તો આપની પાસે પણ ઘણા છે.

ઉત્તર :- આ આત્માના રૂપિયા છે. આહાહા..! ૬૯ (કળશ પૂરો) થયો. ૭૦.

(ઉપજાતિ)

एकस्य बद्धो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।२५-७०।।

**ખંડાન્વય સહિત અર્થ :** 'चिति द्वयोः इति द्वौ पक्षपातौ' ( चिति ) ચૈતન્યમાત્ર વસ્તુમાં ( द्वयोः ) દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક-બે નયોના ( इति ) આમ ( द्वौ पक्षपातौ ) બંને પક્ષપાત છે. 'एकस्य बद्धः तथा अपरस्य न' ( एकस्य ) અશુદ્ધ પર્યાયમાત્રગ્રાહક જ્ઞાનનો પક્ષ કરતાં ( बद्धः) જીવદ્રવ્ય બંધાયું છે; [ ભાવાર્થ આમ છે કે-જીવદ્રવ્ય અનાદિથી કર્મસંયોગ સાથે એકપર્યાયરૂપ ચાલ્યું આવ્યું છે, વિભાવરૂપ પરિણમ્યું છે-એમ એક બંધપર્યાયને અંગીકાર કરીએ, દ્રવ્યસ્વરૂપનો પક્ષ ન કરીએ, તો જીવ બંધાયો છે; એક પક્ષ આ રીતે છે; ]( तथा ) બીજો પક્ષ ( अपरस्य ) દ્રવ્યાર્થિકનયનો પક્ષ કરતાં ( न ) બંધાયો નથી. ભાવાર્થ આમ છે કે-જીવદ્રવ્ય અનાદિનિધન ચેતનાલક્ષણ છે, આમ દ્રવ્યમાત્રનો પક્ષ કરતાં જીવદ્રવ્ય બંધાયું તો નથી, સદા પોતાના સ્વરૂપે છે; કેમ કે કોઈ પણ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપે પરિણમતું નથી, બધાંય દ્રવ્યો પોતાના સ્વરૂપે પરિણમે છે. 'यः तत्त्ववेदी' જે કોઈ શુદ્ધ ચેતનામાત્ર જીવના સ્વરૂપનો અનુભવનશીલ છે જીવ, 'च्युतपक्षपातः' તે જીવ પક્ષપાતથી રહિત છે. ભાવાર્થ આમ છે કે-એક વસ્તુની અનેકરૂપ કલ્પના કરવામાં આવે છે તેનું નામ પક્ષપાત કહેવાય છે, તેથી વસ્તુમાત્રનો સ્વાદ આવતાં કલ્પનાબુદ્ધિ સહજ જ મટે છે. 'तस्य चित् चित् एव अस्ति' ( तस्य ) શુદ્ધ સ્વરૂપને અનુભવે છે તેને '( चित् ) ચૈતન્યવસ્તુ ( चित् एव अस्ति ) ચેતનામાત્ર વસ્તુ છે' એવો પ્રત્યક્ષપણે સ્વાદ આવે છે. ૨૫-૭૦.

## કળશ-૭૦ ઉપર પ્રવચન

एकस्य बद्धो न तथा परस्य  
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।  
यस्तत्त्ववेदी च्युतपक्षपात-  
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।२५-७०।।

'चिति' '**ચૈતન્યમાત્ર વસ્તુમાં દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક...**' જુઓ! આવ્યું. ઉપર હતું ને? દ્રવ્ય અને પર્યાય. હતું ને? દ્રવ્ય અને પર્યાયનય. નયમાં દ્રવ્ય અને પર્યાય હતું ને? એ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક છે. 'ચંદુભાઈ'! નય શબ્દમાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકની વાત હતી. એનો અહીં ખુલાસો કર્યો. '**ચૈતન્યમાત્ર વસ્તુમાં દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક બે નયોના...**' આહાહા..! '**આમ બંને પક્ષપાત છે. 'एकस्य बद्धः तथा अपरस्य न'** શું કહે છે? '**અશુદ્ધ પર્યાયમાત્રગ્રાહક જ્ઞાનનો પક્ષ કરતાં...**' અશુદ્ધ પર્યાયમાત્ર ગ્રહણ કરવાનો જ્ઞાનનો પક્ષપાત કરતાં '**જીવદ્રવ્ય બંધાયું છે;...**' વ્યવહારનયનો પક્ષ કરતાં જીવ બંધાયો છે. સમજાય છે કાંઈ? કર્મનો સંબંધ નિમિત્ત છે. વ્યવહારનય એટલે એમ કહ્યું કે અશુદ્ધ પર્યાયમાત્ર જાણવાનો જ્ઞાનનો પક્ષ કરતાં વ્યવહારનયથી બંધાયો છે.

'**ભાવાર્થ આમ છે કે-જીવદ્રવ્ય અનાદિથી કર્મસંયોગ સાથે એકપર્યાયરૂપ ચાલ્યું આવ્યું**

છે,...' આહા..! વિભાવની પર્યાય, નિમિત્તના સંબંધમાં ચાલ્યો આવ્યો છે. '**વિભાવરૂપ પરિણમ્યું છે...**' જુઓ! છે? વિકારરૂપે પરિણમ્યો છે. વિકારરૂપ નથી એમ નથી. પર્યાય, હોં! દ્રવ્ય નહિ. પર્યાયમાં વિકારરૂપ છે. પર્યાયમાં વિકાર છે તો દ્રવ્યમાં વિકાર થઈ જાય છે એમ નથી.

હમણા એ પ્રશ્ન પણ ચાલ્યો છે ને. 'મખનલાલજી'નો. 'રતનચંદજી'નો હતો કે પર્યાય અશુદ્ધ છે તો દ્રવ્ય પણ અશુદ્ધ થઈ જાય છે. 'પ્રવચનસાર'ની ગાથા નવ. શુભ અને અશુભમાં તન્મય થાય છે. તન્મય તો પર્યાયની અપેક્ષા છે. દ્રવ્ય તો ત્રિકાળ આનંદનો કંદ પ્રભુ શુદ્ધ ચિદાનંદ છે. એમાં કદી આંચ નથી આવતી. આહાહા..! ત્રિકાળમાં વિકાર તો નહિ પણ અલ્પજ્ઞતા નથી રહેતી. આહાહા..! એવો ભગવાન તો ત્રિકાળ (શુદ્ધ છે). નિગોદની પર્યાયમાં પણ ભગવાન તો ત્યાં ત્રિકાળ શુદ્ધ જ છે. આહાહા..! અને એકેન્દ્રિય, બેઈન્દ્રિય, ત્રણઈન્દ્રિય, ચૌઈન્દ્રિય, પંચેન્દ્રિય એ બધો આત્માનો સ્વભાવ નથી. એ તો ભેદ છે. અંતરમાં જે ચૈતન્ય છે એ તો એકલો જ્ઞાનના પૂર્ણ સ્વભાવથી ભરેલો છે. એમ ન જુઓ કે આટલું નાનું શરીર છે ને એકેન્દ્રિય ને એક શરીરમાં અનંત જીવ, એક એક જીવને કાર્મણ, તૈજસ બે (શરીર), અક્ષરને અનંતમેં ભાગે નિગોદમાં વિકાસ રહ્યો, એ તો પર્યાયની વાત છે. દ્રવ્ય તો પૂર્ણ ભગવાનસ્વરૂપ પૂર્ણાનંદ ભરેલો છે. સર્વ જીવો સર્વ સ્વરૂપે સર્વ કાળે સર્વ ક્ષેત્રે પરિપૂર્ણતાથી ભરેલા છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**એમ એક બંધપર્યાયને અંગીકાર કરીએ, દ્રવ્યસ્વરૂપનો પક્ષ ન કરીએ, તો જીવ બંધાયો છે;...**' દ્રવ્યનો પક્ષ ન કરે તો પર્યાયની અપેક્ષાએ બંધાયો છે. એ વ્યવહારનયથી. પણ એનો તો અમે નિષેધ કરતા આવ્યા છીએ, એમ કહે છે. પહેલા અબદ્ધસ્પૃષ્ટ આવ્યું ને? '**એક પક્ષ આ રીતે છે.**'

'**બીજો પક્ષ ( अपरस्य ) દ્રવ્યાર્થિકનયનો પક્ષ કરતાં બંધાયો નથી.**' દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ... અહીંયા વિકલ્પ છે, હોં! ત્રિકાળી દ્રવ્ય જે ભગવાન પૂર્ણાનંદનો નાથ તો મુકતસ્વરૂપ જ છે. બંધાયો છે ને પર્યાયમાં મુક્તિ થશે એ એને નહિ. પર્યાયમાં રાગનો બંધ અને પર્યાયમાં રાગનો અભાવ-મુક્તિ એ તો પર્યાયમાં છે. વસ્તુ તો ત્રિકાળ શુદ્ધ આનંદકંદ મુકતસ્વરૂપ જ છે. આહાહા..! પણ એ દ્રવ્યાર્થિકનયનો પક્ષ કરવાથી પણ વિકલ્પ થાય છે. પક્ષ કરતાં. આશ્રય કરતાં અનુભવ થાય છે. પક્ષ કરતાં વિકલ્પ થાય છે. આહાહા..! આવો માર્ગ. કેટલાકે તો સાંભળ્યો પણ ન હોય અને બહારથી આ કડાકૂટમાં પડ્યા. આહા..! જિંદગી ચાલી જાય છે, ભાઈ! એનો ભાવાર્થ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ વદ ૪, ગુરુવાર, તા.૦૧-૦૯-૧૯૭૭
## કળશ - ૭૦ થી ૭૭, પ્રવચન -૮૩

કળશ ૭૦ છે, એનો ભાવાર્થ. '**જીવદ્રવ્ય અનાદિનિધન ચેતનાલક્ષણ છે,...**' શું કહે છે? છે ૭૦? તમારે સીત્તેર કહે છે? એમાં વચ્ચે ભાવાર્થ છે. આ ભગવાનઆત્મા જીવદ્રવ્ય અનાદિઅનંત, અનાદિનિધન અન-આદિ, અ-નિધન. આદિ નહિ, અંત નહિ. બેય ઠેકાણે અ શબ્દ લગાવવો. અનાદિ અનિધન. આદિ નહિ અને અંત નહિ. એવું ચેતનાલક્ષણ છે. ચેતનામાં દર્શન, જ્ઞાન બેય આવ્યા. ચેતનાલક્ષણથી લક્ષિત થાય છે. ચેતનાલક્ષણથી એનો અનુભવ થાય છે. આહાહા..! કર્તા-કર્મ અધિકાર છે ને?

'**આમ દ્રવ્યમાત્રનો પક્ષ કરતાં...**' હું ચેતનાલક્ષણ છું, એમ વિકલ્પનો પક્ષ કરવા છતાં '**જીવદ્રવ્ય બંધાયું તો નથી,...**' એ અપેક્ષાએ બંધન નથી. છે? '**સદા પોતાના સ્વરૂપે છે;...**' સદા ચૈતન્યસ્વરૂપ અનાદિઅનંત પવિત્ર છે. '**કેમ કે કોઈ પણ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપે પરિણમતું નથી,...**' કોઈ પણ પદાર્થ અન્યની પર્યાયપણે, અન્યના દ્રવ્ય-ગુણપણે તો નથી પરિણમતું પણ અન્યની પર્યાયપણે-વર્તમાન અવસ્થાપણે પણ પરિણમતું નથી. કોઈ દ્રવ્ય પરની પર્યાયપણે તો પરિણમતું નથી. 'બધાંય દ્રવ્યો પોતાના સ્વરૂપે પરિણમે છે.'

'**જે કોઈ શુદ્ધ ચેતનામાત્ર જીવના સ્વરૂપનો અનુભવનશીલ છે જીવ,...**' પહેલા બોલ આવી ગયો છે કે આત્મા કર્મના સંબંધે બંધ પર્યાયરૂપે છે એવો એક વ્યવહારનયનો પક્ષ છે તેનો તો અમે નિષેધ કરતા આવ્યા છીએ. આહાહા..! કર્મના સંબંધે રાગની પર્યાયનો સંબંધ-બંધ છે. એ વ્યવહારનયનો વિષય છે. એનો તો અમે નિષેધ કરતા આવ્યા છીએ, આચાર્ય કહે છે. હવે તો જીવ ચેતનાલક્ષણ અબંધ છે... આહાહા..! છે? એ પણ વિકલ્પનો એક પક્ષ છે. આહાહા..! હું અબદ્ધ છું. છે અબદ્ધ પણ અબદ્ધ છું એવો નયનો પક્ષ, વિકલ્પનો પક્ષ કરીને હું અબદ્ધ છું ત્યાં સુધી આવ્યો તેથી શું? તેથી લાભ શું છે? એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? હું પર્યાયમાં રાગના સંબંધે બંધાયો છું એ વ્યવહારનયના પક્ષનો તો અમે પ્રથમથી જ નિષેધ કરતા આવ્યા છીએ. પણ અહીંયા બે નય સાથે લીધી છે. નિશ્ચયથી તો હું અબદ્ધ છું. આવે છે ને? '**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं**' ૧૪-૧૫ ગાથા. અબદ્ધ છું, '**अबद्धपुट्ठं**' છે ખરો એવો. પણ અબદ્ધના વિકલ્પના પક્ષમાં ઉભો રહે એનાથી તને શું લાભ છે? આહાહા..! સમજાય છે કાંઈ? નિમિત્તથી તારામાં લાભ થાય એમ તો છે નહિ અને વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ છે એનાથી તને લાભ છે એમ તો છે જ નહિ, બંધનો વિકલ્પ વ્યવહાર છે એનો તો નિષેધ છે પણ ભગવાન અબદ્ધસ્વરૂપ છે એવા પક્ષમાં, નયપક્ષમાં ઉભો હોય તો એ પણ રાગ છે. આહાહા..! સમજાય છે કાંઈ? કાલે કહ્યું હતું ને? 'તત કિમ.' તેથી શું? અહીંયા સુધી આવ્યો તેનાથી તને શું લાભ થયો? આહાહા..! સમજાય છે કાંઈ?

'**तत्त्ववेदी**' 'જે કોઈ શુદ્ધ ચેતનામાત્ર જીવના સ્વરૂપનો અનુભવનશીલ છે જીવ, તે જીવ

પક્ષપાતથી રહિત છે.' આહાહા..! આવી વસ્તુ છે. હું અબદ્ધ છું, એવો જે વિકલ્પ નયપક્ષ છે, જે કોઈ તત્ત્વવેદી-તત્ત્વને વેદનાર, ચૈતન્યનો અનુભવ કરનાર, ચૈતન્યનો પર્યાયમાં આનંદનો અનુભવ કરનાર, એ જીવને અબદ્ધ પક્ષનો વિકલ્પ છૂટી જાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે. અપૂર્વ વાત અનંતકાળમાં કદી કરી નથી. શાસ્ત્ર પણ ભણ્યો, વ્રત, નિયમ એવા કર્યા કે ચામડી ઉતરડીને ખાર છાંટે તોપણ ક્રોધ ન કરે એવી ક્રિયા અનંતવાર કરી. આહા..!

અહીંયા તો આચાર્ય મહારાજ એમ ફરમાવે છે, પ્રભુ! તું આંગણે આવીને હું અબદ્ધ છું, આંગણે આવીને હું અબદ્ધ છું એવા પક્ષમાં રહીને આંગણુ છોડીને અંદર ગયો નહિ તો લાભ નથી. આહાહા..! 'જિનેશ્વરદાસજી'! આવી વાત છે. ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપના આંગણે આવીને હું અબદ્ધ છું, એમ આંગણે આવ્યો પણ આંગણે આવ્યા પછી અંદર પ્રવેશ ન કર્યો. સમજાય છે કાંઈ? અત્યારે તો તકરાર હજી બહારની કરે છે. શુભજોગથી ધર્મ થાય છે, શુભજોગ મોક્ષનો માર્ગ છે. આહાહા..! પ્રભુ! એ વાત તો ઘણી ઘણી દૂર રહી ગઈ. સમજાય છે કાંઈ? દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા આદિ શુભભાવ મોક્ષમાર્ગ છે, એમ કહેનાર તો ઘણો દૂર રહી ગયો.

અહીંયા તો હું અબદ્ધ છું, બદ્ધ નથી ને અબદ્ધ છું, છે અબદ્ધ પણ અબદ્ધમાં નહિ જતાં, આંગણામાં પર્યાયમાં ઉભો રહીને, હું અબદ્ધ છું, એવા નયના વિકલ્પમાં ઉભો છે એથી પ્રભુ! તને શું લાભ છે? આહાહા..! એવું અનંતવાર થયું, પ્રભુ! આવો માર્ગ, 'પ્રિયકંરજી'! લોકો વિરોધ કરે છે. શું કરે? સાંભળો તો ખરા, પ્રભુ! આહાહા..! પ્રભુ! તારો માર્ગ જ એવો છે ને, નાથ! તારા હિતની વાત ચાલે છે એમાં તું વિરોધ કરે. તારું હિત તો એમ થાય છે કે શુભભાવ દયા, દાન, વ્રત એ તો ક્યાંય દૂર રહો પણ હું અબદ્ધ છું એવા વિકલ્પના પક્ષમાં ઉભા રહેવાથી પણ તને સમ્યગ્દર્શન નહિ થાય. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાત છે. ઈ કહે છે ને, જુઓ!

**'तत्त्ववेदी'** તત્ત્વવેદી-ચૈતન્યનો અનુભવ કરનાર. બસ. આહાહા..! **'જે કોઈ શુદ્ધ ચેતનામાત્ર જીવના સ્વરૂપનો અનુભવનશીલ છે જીવ, 'च्युतपक्षपातः' તે જીવ પક્ષપાતથી રહિત છે.'** આહાહા..! અહીંયા તો શાંતિનો માર્ગ છે, ભગવાન! તત્ત્વવેદી ભગવાન ચૈતન્ય તત્ત્વ છે એને વેદનાર અનુભવશીલ જીવ જેનો અનુભવશીલ સ્વભાવ થઈ ગયો છે. આહાહા...! એવો તત્ત્વવેદી જીવ, હું અબદ્ધ છું, એવા પક્ષથી ચ્યુત થઈ ગયો છે. 'ધન્નાલાલજી'! આહાહા..! અરે..! એમાં વિખવાદ ક્યાં? વાદવિવાદ ક્યાં? પ્રભુ! તારી સંપદા, નિર્વિકલ્પ સંપદા અંદર પડી છે ને. આહાહા..! અતીન્દ્રિય આનંદનો કંદ ચૈતન્ય રત્નાકર છે ને ભગવાન! તારામાં તો ચૈતન્યના રત્નનો સાગર તું છોં. એમાં હું અબદ્ધ છું, એવા વિકલ્પને પણ અવકાશ નથી. આહાહા..! અહીંયા તો બહારમાં ઈ ચાલે છે, શુભજોગ મોક્ષનો માર્ગ છે. એમ હમણા આવ્યું છે. 'મખનલાલજી' તરફથી છાપામાં આવ્યું છે. શુભજોગ મોક્ષનો માર્ગ છે. પ્રભુ! આ શું કરે છે તું? ચૈતન્યસ્વભાવ અમૃતનો સાગર ભગવાન છે એમાં શુભજોગ તો ઝેર છે. આહાહા..! એ ઝેરને મોક્ષમાર્ગ કહેવો પ્રભુ! કલંક છે, કલંક

છે. ચૈતન્યને કલંક લગાવે છે. સમજાય છે કાંઈ? શું છે?

તત્ત્વવેદી **'પક્ષપાતથી રહિત છે.'** **'च्युतपक्षपातः'** **'च्युतपक्षपातः'** વિકલ્પથી ભ્રષ્ટ થયો છે. આહાહા..! ભગવાન અનંત આનંદસ્વરૂપ પ્રભુ છે. એ તત્ત્વને વેદનાર સમ્યગ્દષ્ટિ જીવ... આહાહા..! પોતાના ચૈતન્યના આનંદને વેદનાર, હું અબદ્ધ છું એવા પક્ષથી એ ભ્રષ્ટ થઈ ગયો છે. 'ભભૂતમલજી'! આહાહા..! ચ્યુત શબ્દ છે. આહા..! સંતોની વાણી, દિગંબર સંતોની વાણી રામબાણ છે. એક એક શબ્દમાં અંદર પરમાત્મા ભરેલા છે. શબ્દ તો વાચક છે પણ વાચ્ય પરમાત્માને બતાવે છે. આહાહા..! અરે..! ભગવાન! તું તો પરમાત્મસ્વરૂપ છો ને, નાથ! હું પરમાત્મા છું એવો વિકલ્પ તને તારા સ્વભાવમાં પ્રવેશ કરતાં રોકે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'च्युतपक्षपातः'. 'ભાવાર્થ આમ છે કે એક વસ્તુની અનેકરૂપ કલ્પના કરવામાં આવે છે તેનું નામ પક્ષપાત કહેવાય છે,...'** પક્ષપાતની વ્યાખ્યા કરી. ભગવાન તો ચૈતન્યસ્વરૂપે એકરૂપ આનંદરૂપ ધ્રુવસ્વરૂપ, એકરૂપ ચીજમાં અનેકપણાની કલ્પના કરવી એનું નામ પક્ષપાત છે. હું બદ્ધ છું કે અબદ્ધ છું એકરૂપમાં એવો વિકલ્પ ઉઠાવવો.. આહાહા..! આવો માર્ગ. ભગવાન એકરૂપે અંદર ચૈતન્યસ્વભાવ બિરાજમાન છે. એમાં અનેક કલ્પના ઉઠાવવી એ પક્ષપાત છે. વસ્તુ પક્ષપાતથી રહિત છે. આહાહા..! છે? 'પક્ષપાત કહેવાય છે,...' છે ને?

**'તેથી વસ્તુમાત્રનો સ્વાદ આવતાં...'** આહાહા..! વસ્તુ જેમાં અનંતગુણ વસેલા છે, વસ્તુ છે ને? એમાં વસેલા છે, અનંતગુણ વસ્તુમાં વસેલા છે. એમાંથી આનંદનો સ્વાદ આવવો. આહાહા..! છે? **'વસ્તુમાત્રનો સ્વાદ આવતાં...'** પોતાની ચીજમાં પ્રવેશ કરતાં. પ્રવેશનો અર્થ પર્યાયને તેની સન્મુખ ઢાળતાં. પ્રવેશનો અર્થ એવો નથી કે પર્યાય દ્રવ્યમાં પ્રવેશ કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ? પર્યાય દ્રવ્યમાં પ્રવેશ નથી કરતી પણ પર્યાયમાં દ્રવ્યની પૂર્ણ શક્તિનું સામર્થ્ય પર્યાયમાં વેદનમાં, શ્રદ્ધામાં, જ્ઞાનની પર્યાયમાં આખી ચીજ આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! તેનો સ્વાદ આવતા **'કલ્પનાબુદ્ધિ સહજ જ મટે છે.'** સહજ મટે છે, મટાડવી નથી પડતી, એમ કહે છે. અંતર્મુખ જ્યાં દષ્ટિ થઈ ત્યાં અબદ્ધ આદિ પક્ષની કલ્પના હતી એ સહજ છૂટી જાય છે. આહાહા..! સહજ કા ધંધા. 'સદ્ગુરુ કહે સહજ કા ધંધા, વાદવિવાદ કરે સો અંધા'. 'ડાલચંદજી'! આ વાદવિવાદ કરે છે ને. ચર્ચા કરો, ચર્ચા કરો.. અરે..! પ્રભુ! ચર્ચા શું કરે? નાથ! પ્રભુ! તું તો ભગવાન છો ને, નાથ! આહાહા..!

એક સમયની પર્યાયમાં ભુલ છે. એક સમયની પર્યાયમાં મિથ્યાત્વની ભુલ છે. ત્રિકાળી સ્વરૂપ તો ભગવાન પૂર્ણાનંદનો નાથ ભુલ રહિત છે. એની ચીજ છે એ તો ત્રિકાળ ભુલરહિત છે. એક સમયની પર્યાયમાં ભુલ છે. પ્રભુ! તું ભગવાન થઈને એ ભુલને ભાંગી નાખ, છોડી દે.

મુમુક્ષુ :- આપના વિરોધીઓને આપ ભગવાન કહો છો?

ઉત્તર :- એ ભગવાન છે. વિરોધી એ ભગવાન છે. વિરોધી કોણ છે?

મુમુક્ષુ :- એક સમયની ભુલ છે એ ચર્ચા કરીને કાઢી નાખો.

ઉત્તર :- ચર્ચા..? પંડિતજી ઠીક (કહે છે). કોની ચર્ચા કરે? ભાઈ! જ્યાં ચર્ચા કરનારા

પહેલેથી તમે જૂઠા છે અને અમે સાચા છીએ, એ સાબિત કરવા માટે એને ચર્ચા કરવી છે. આહાહા..! કાલ, પરમ દિવસે નહોતું કહ્યું?

એક શ્વેતાંબર સાધુ આવ્યા હતા. 'જીવા પ્રતાપ' એક કરોડપતિ છે. એના ભત્રીજાએ શ્વેતાંબર દીક્ષા લીધી છે. એ અમારી પાસે 'લીંબડી' આવ્યા. બે-ચાર શેઠિયા લઈને આવ્યા. બે-ચાર શેઠિયા નરમ બિચારા. કારણ કે અમારું નામ બહારમાં પ્રસિદ્ધ તો બહુ છે. એ લોકો બિચારા નરમ હતા. અમે ચર્ચા કરવા આવ્યા છીએ. આપણે ચર્ચા કરીએ. મેં કહ્યું, ભાઈ! હું તો કોઈની સાથે ચર્ચા કરતો નથી. તો એમણે કહ્યું, આપની આબરૂ આટલી બધી છે, આપ ચર્ચાની ના પાડશો તો શું થશે? જે થવું હોય તે થાઓ, અમારે શું? દુનિયા માને કે એમને ચર્ચા કરતા નથી આવડતી, તો એ તો બરાબર છે. સમજાય છે કાંઈ? એમ બોલ્યા, તમે સિંહ છો, અમે સિંહના બચ્ચા છીએ. ભાઈ! અમે તો સિંહ નથી કહેતા. અમે તો સિંહ પણ નથી ને માણસ પણ નથી. એણે એમ કહ્યું કે તમે સિંહ છો તો અમે સિંહના બચ્ચા છીએ. એક સાધુ છે.

મુમુક્ષુ :- અમે પણ કંઈક છીએ.

ઉત્તર :- અમે પણ કંઈક છીએ. પછી છેલ્લે કહ્યું, અમે કોઈની સાથે ચર્ચા નથી કરતા, વાદવિવાદ અમને પસંદ નથી. પછી એણે એમ કહ્યું કે, આ ચશ્માથી દેખાય છે ને? જુઓ! કીધું, ચર્ચા થઈ ગઈ, ભાઈ! ચશ્મા જડ છે એનાથી દેખાય છે? કે પોતાની જ્ઞાનની પર્યાયથી દેખાય છે? આહાહા..! ચશ્મા તો જડ અજીવ છે, એનો પોતાની પર્યાયમાં અભાવ છે. જ્ઞાનની પર્યાયમાં ચશ્માનો અભાવ છે. ચશ્માથી જ્ઞાન થાય છે? કીધું, ચર્ચા થઈ ગઈ. આહાહા..! અમે તો કરતા નથી. પછી ચાલ્યા ગયા. આહાહા..! ભાઈ!

અહીંયા તો ત્યાં સુધી કહે છે કે હું અબદ્ધ છું, છે અબદ્ધસ્વરૂપ.

**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं।**
**अपदेससंतमज्झं पस्सदि जिणसासणं सव्वं।।१५।।**

જેણે ભગવાનઆત્માને અબદ્ધ જોયો, સામાન્યપણે જોયો, કષાયના વિકલ્પથી, દુઃખથી ભિન્ન જોયો, એણે જિનશાસન જોયું. એ પંદરમી ગાથા છે. '**अपदेससंतमज्झं**' અને ચારે અનુયોગમાં '**अपदेस**' નામ શાસ્ત્રમાં પણ અબદ્ધ છે એમ કહ્યું છે. અને ભાવમાં પણ અબદ્ધ છે. આહાહા..! દ્રવ્યસૂત્રમાં પણ અબદ્ધ કહ્યું છે અને ભાવશ્રુતમાં અબદ્ધ જણાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ અબદ્ધ જણાયો એ તો વસ્તુની સ્થિતિ છે. પણ અબદ્ધ છું, એમ નયનો પક્ષ કરી ત્યાં રોકાઈ જાય તો તત્ત્વનું વેદન નહિ થઈ શકે. આહાહા..! ચૈતન્યના આનંદનો આસ્વાદ આવવો જોઈએ એ આસ્વાદ નહિ આવે, પ્રભુ! કેમકે વિકલ્પ છે એ આકુળતા છે. આહાહા..! ગજબ છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચમહાવ્રત, શાસ્ત્ર આદિ ભણવાનો રાગ એ તો આકુળતા અને દુઃખ છે. આહાહા..!

અહીંયા તો હું અબદ્ધ છું, અબદ્ધ નાસ્તિથી કહ્યું. અસ્તિથી કહીએ તો ભગવાનઆત્મા મુકતસ્વરૂપ છે. દ્રવ્ય તો મુકતસ્વરૂપ જ છે. આહાહા...! પણ એવા વિકલ્પનો પક્ષ કરવો એ

દુઃખરૂપ છે. આહાહા..! ત્યાં દુઃખનું વેદન છે. તત્ત્વવેદી એ દુઃખના વેદનથી છૂટી ગયો છે. આહાહા..! સમજાય છે કાંઈ? માર્ગ આવો છે, ભાઈ! આહા..! 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ વીતરાગદેવ, એમનો તો ત્રણે કાળે એકરૂપ માર્ગ છે. એમાં કોઈ ફેરફાર નથી. અહીંયા ઈ કહે છે.

**'સ્વાદ આવતાં કલ્પનાબુદ્ધિ સહજ જ મટે છે.'** આહાહા..! વસ્તુ ભગવાન જ્ઞાતા-દૃષ્ટા ને આનંદ, અનંત ચૈતન્ય રત્નાકર, અનંત અનંત ગુણનું ગોદામ પ્રભુ, અનંત શક્તિનો ગોદામ પ્રભુ છે. આહાહા..! અનંત શક્તિનો સંગ્રહાલય, અનંત શક્તિના સંગ્રહનું આલય-સ્થાન છે અને અનંત સ્વભાવનો એ સાગર પ્રભુ છે. આહાહા..! એની ઉપર જ્યાં દૃષ્ટિ પડી તો તત્ત્વનો વેદનાર કલ્પનાથી છૂટી જાય છે. આ માર્ગ છે, ભાઈ! આહાહા..!

**'શુદ્ધ સ્વરૂપને અનુભવે છે...'** છે? શુદ્ધ સ્વરૂપને તત્ત્વવેદી અનુભવે છે. **'तस्य चित् चित् एव'** ધર્મીને તો જ્ઞાનસ્વરૂપ તે જ્ઞાનસ્વરૂપ જ છે. જ્ઞાનની અસાધારણ શક્તિથી વર્ણન કર્યું છે. એ તો ચિદ્રૂપ તે ચિદ્રૂપ છે. હું ચિદ્રૂપ છું એવો વિકલ્પ પણ એમાં નથી. આહાહા..!

મુમુક્ષુ :- વિકલ્પ છે એ આત્માનો ઘાતક છે.

ઉત્તર :- ઘાતક છે, ઝેર છે, દુઃખ છે. આહાહા..! આવો માર્ગ છે. વિકલ્પ ઉઠાવવો એ અમૃતસાગરથી તો વિરૂદ્ધ છે. જેને મોક્ષ અધિકારમાં વિષકુંભ કહ્યું છે, ઝેરનો ઘડો છે. આહાહા..! ભગવાન અમૃતનો સમુદ્ર છે. રાગનો વિકલ્પ એ ઝેરનો ઘડો છે. ઘડો સમજ્યા? ઘટ. આહાહા..! મોક્ષ અધિકારમાં છે. આ તકરારમાં આત્મા શું ચીજ છે, એને શોધવા જતો નથી અને તકરારમાં ઉતરી જાય છે. અંતર શોધનમાં જા, નાથ! અંદર પ્રભુ પડ્યો છે. આહાહા..!

કહે છે, **'શુદ્ધ સ્વરૂપને અનુભવે છે તેને ચૈતન્યવસ્તુ ચેતનામાત્ર વસ્તુ છે એવો પ્રત્યક્ષપણે સ્વાદ આવે છે.'** આહાહા..! આનંદ પરોક્ષ રહે એમ નથી, એમ કહે છે. અલિંગગ્રહણમાં એમ કહ્યું છે. વીસ બોલ છે ને? એમાં છઠ્ઠા બોલમાં. ભગવાનઆત્મા પોતાના સ્વભાવથી જણાય છે એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. અલિંગગ્રહણના વીસ બોલ. 'પ્રવચનસાર' ૧૭૨ ગાથા. અલિંગગ્રહણ, એમાં વીસ બોલ ઉતાર્યા છે. એક અલિંગગ્રહણમાં વીસ બોલ. એમાં છઠ્ઠા બોલમાં એમ લીધું છે.

પહેલા એમ લીધું છે કે પ્રભુ ઈન્દ્રિયથી જણાતો નથી. ઈન્દ્રિયથી જાણતો પણ નથી આત્મા. જણાતો તો નથી પણ ઈન્દ્રિયથી જાણતો પણ નથી. અને ભગવાનઆત્મા ઈન્દ્રિય પ્રત્યક્ષનો વિષય નથી. આહાહા..! અને બીજાથી અનુમાનથી જણાય એવો આત્મા નથી. આહાહા..! આત્મા માત્ર અનુમાન કરે એવો પણ આત્મા નથી. આહાહા..! ભગવાનઆત્મા પોતાના શુદ્ધ આનંદ અને જ્ઞાનસ્વભાવથી જણાય છે. આહા..! રાગથી ને વિકલ્પના પક્ષથી અને વ્યવહારથી તો જણાતો જ નથી. આહાહા..! આવી વાત છે. એકાંત લાગે, શું કરે? એકાંત છે.. એકાંત છે. વ્રત, તપ, કાયક્લેશ કરે છે એ તો તમારે કરવું નથી અને એને તમે ઉડાવો છે. એમ કહે છે. અરે..! ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! એ ચીજમાં વિકલ્પ જ નથી ને. વિકલ્પ નથી તો એને વિકલ્પથી લાભ થશે? વિકલ્પથી લાભ થાય તો એનો અર્થ એ

થયો કે વિકલ્પ એનું સ્વરૂપ છે. પોતાના સ્વરૂપથી લાભ થયો તો વિકલ્પથી લાભ થયો તો વિકલ્પ એનું સ્વરૂપ થઈ ગયું. આહાહા..! સમજાય છે કાંઈ? પ્રથમ એની શ્રદ્ધામાં નિર્ધાર-નક્કી તો કરે કે આત્મા તો વિકલ્પથી રહિત થાય છે ત્યારે આનંદનું વેદન આવે છે. ત્યારે સમ્યગ્દર્શન થાય છે. આહાહા..! ચારિત્ર તો ક્યાંય રહ્યું, પ્રભુ! એ તો અલૌકિક વાતું છે. અહીંયા તો સમ્યગ્દર્શન તત્ત્વવેદીની વાત ચાલે છે. આહાહા..! પ્રત્યક્ષપણે સ્વાદ આવે છે.

વિકલ્પ આવ્યો કે હું શુદ્ધ છું, બુદ્ધ છું. એને છોડીને પછી નિર્વિકલ્પ થાય છે. એ સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થયો, એમ એનો અર્થ છે. છે, ખબર છે, બધાની ખબર છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં રહસ્યપૂર્ણ ચીઠ્ઠીમાં આવ્યું છે. સમજાય છે કાંઈ? સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થાય છે. એનો અર્થ સમ્યગ્દૃષ્ટિ જીવ જ્યારે ધ્યાન કરવા બેસે છે ત્યારે પહેલા આવા વિકલ્પ આવે છે કે હું શુદ્ધ છું, પૂર્ણ છું, અબદ્ધ છું. બસ એટલું. પછી સોહમ્ હું પરમાત્મા છું, એ પણ વિકલ્પ છે. એ વિકલ્પથી છૂટી પોતાના નિર્વિકલ્પ સ્વરૂપનો અનુભવ કરે છે તો વિકલ્પને છોડીને અનુભવ કર્યો, તેને વિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થયો એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :-

ઉત્તર :- ખબર છે, બધી ખબર છે. એ તો ઘણી વાર બતાવ્યું છે. અહીં તો ૪૩ વર્ષથી ચાલે છે. ચાલીસ અને ત્રણ. સમજાય છે કાંઈ? એક એક શબ્દનો અર્થ થઈ ગયો છે.

મુમુક્ષુ :- દ્વારનો અર્થ દરવાજો થાય છે?

ઉત્તર :- દરવાજો છોડીને જાય તો દરવાજો કહેવાય. દરવાજામાં ઉભો રહે ... દરવાજો છોડીને અંદર જાય છે. એમ વિકલ્પ છોડીને નિર્વિકલ્પ ભગવાનઆત્મામાં જાય છે ત્યારે એને તત્ત્વવેદી સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. આહાહા..! પૈસાવાળાનું તો આમાં કાંઈ આવતું નથી. નહિ? ત્રણે જોડે બેઠા છે. ત્રણે કરોડપતિ બેઠા છે. 'પોપટભાઈ', 'શોભાલાલજી' અને 'ભભુતમલ'. ત્રણે કરોડપતિ છે. ધૂળમાં કરોડ, એ તો જડ માટી ધૂળ છે.

અહીંયા તો હું મૂઢ નથી, અમૂઢ એવો વિકલ્પ પણ પોતાનો નથી. આહાહા.! અનંત જન્મ-મરણનો છેદ કરવાનો ઉપાય તો આ છે, નાથ! આહાહા..! ભવછેદ વિના ભવ મટતા નથી. અને ભવછેદ ક્યારે થાય? કે જેમાં ભવ અને ભવના ભાવનો અભાવ છે એવા સ્વભાવનો અનુભવ કરતાં ભવછેદ થાય છે. બાકી બધી વાતું છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ અહીંયા કહ્યું.

રાગી. વ્યવહારનયનો પક્ષ છે કે હું રાગી છું. નિશ્ચયનો પક્ષ કે હું રાગી નથી. એ પણ એક વિકલ્પ, કલ્પના છે. આહાહા..! તેને છોડીને તત્ત્વવેદી વિકલ્પથી ચ્યુત થાય છે. આહાહા..! અને નિજ સ્વરૂપનું વેદન કરે છે એમાં વિકલ્પનો અવકાશ નથી. વિકલ્પની એમાં સહાય નથી, વિકલ્પની એમાં મદદ નથી. આહાહા..! તેને અહીંયા પક્ષપાત રહિત ચિદાનંદસ્વરૂપનું વેદન કહેવામાં આવે છે. આહાહા..! આવો માર્ગ.

૭૩. '**एकस्य दुष्टो**' એકનો પક્ષ છે કે હું દ્વેષી છું એ વ્યવહારનયનો પક્ષ છે. એક કહે છે કે હું દ્વેષી નથી, એ નિશ્ચયનયનો પક્ષ છે. આહાહા..! એ પણ વિકલ્પ છે. દ્વેષી નથી એ

પણ એક વિકલ્પ છે, પક્ષ છે, પક્ષપાત છે. એકરૂપ ચીજમાં અન્ય કલ્પના ઉભી કરવી એ પક્ષપાત છે. આહાહા..! એને છોડીને તત્ત્વવેદી, દુષ્ટ નથી, એવા વિકલ્પથી પણ ચ્યુત થઈ જાય છે અને પોતામાં તલ્લીન થઈ જાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**एकस्य कर्ता**' છે? ૭૪. વ્યવહારનયવાળો એક જીવ એમ માને છે કે હું રાગનો કર્તા છું. વ્યવહારનયવાળો એમ માને છે કે હું રાગ, વિકલ્પ છે એનો કર્તા છું. '**न तथा परस्य**' નિશ્ચયનયનો પક્ષ છે કે હું રાગનો કર્તા નથી. રાગનો કર્તા નથી, એ વાત સાચી છે પણ રાગનો કર્તા નથી, એવો વિકલ્પ ઉઠાવવો એ પક્ષપાત છે. આહાહા..! વસ્તુ પક્ષાતિક્રાંત છે. પક્ષથી અતિક્રાંત વસ્તુ અંદર ભિન્ન પડી છે. આહાહા..! અરે..! આવી વાત સાંભળવા મળે નહિ, એ ક્યારે વિચાર કરે, ક્યારે પ્રયોગ કરે અને ક્યારે અનુભવ કરે? આહાહા..! કરવાનું તો આ છે. બાકી તો બધી વાતું છે. આહાહા..! અકર્તા છે, એ બધામાં લઈ લેવું.

'**एकस्य भोक्ता**' ૭૫. હું રાગનો ભોકતા છું, એવો વ્યવહારનયનો પક્ષ છે. એ તો આપણે અભોકતા શક્તિ ચાલી ગઈ. આત્મા રાગનો ભોકતા નથી, એવી અભોકતા શક્તિ છે. આત્મામાં અકર્તા શક્તિ આવી ગઈ. આત્મા રાગનો કર્તા છે એમ કદી છે જ નહિ. એમાં તો કર્મના નિમિત્તે ઉત્પન્ન થયેલા રાગાદિથી ઉપરમ-નિવૃત્તસ્વરૂપ અકર્તા આત્માનો સ્વભાવ છે. આહાહા..! વ્યવહારરત્નત્રયનો વિકલ્પ છે તેનો પણ કર્તા આત્મા નથી. આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ અને.. સમજાય છે કાંઈ? શાસ્ત્રવાંચનનો.. શાસ્ત્ર તરફ બુદ્ધિ જાય છે એ વ્યભિચારી છે. આહાહા..!

મુમુક્ષુ :- એના તો કલાસ ચાલે છે.

ઉત્તર :- એ વિકલ્પ હો પણ છે વ્યભિચાર. એમાં આ શીખડાવે છે, શીખવાનું ઈ છે. સમજાય છે કાંઈ? એ તો ગયા, 'કેશુભાઈ' આવ્યા હતા, ગયા? 'વઢવાણવાળા'. 'કેશુભાઈ'ને એક જણાએ પૂછ્યું, 'કેશુભાઈ' કાલે બૈરા, છોકરાઓને લઈને આવ્યા હતા. કોઈએ પૂછ્યું કે તમે નિમિત્તને માનતા નથી તો સોનગઢ શા માટે જાઓ છો? વારંવાર નિમિત્ત પાસે જાઓ છો અને કહો છો, નિમિત્તથી કાંઈ થતું નથી. એવો પ્રશ્ન કર્યો. 'કેશુભાઈ' કાલે હતા. તો એણે એવો જવાબ આપ્યો કે અમે ત્યાં જઈએ છીએ, એ નિમિત્તથી નથી થતું એ દઢ કરવા જઈએ છીએ. સમજાય છે કાંઈ? જૂનીનો દીકરો છે, નવી પરણ્યા છે.

મુમુક્ષુ :- શાસ્ત્રમાં બુદ્ધિ જાય છે એ વ્યભિચારિણી છે..

ઉત્તર :- કાલે બતાવ્યું હતું. 'ઉજ્જૈન'થી આવ્યા હતા. છે ને સેઠી? 'સત્યેન્દ્રકુમાર સેઠી'. એનું તો બહારમાં બહુ છે ને. ઈ કહે, જુઓ! 'પદ્મનંદી પંચવિંશતિ'માં શાસ્ત્રમાં જતી બુદ્ધિ વ્યભિચારી કહ્યું છે. પાઠ બતાવ્યો હતો. 'પદ્મનંદી પંચવિંશતિ'. 'પદ્મનંદીઆચાર્ય' કૃત 'પદ્મનંદી પંચવિંશતિ'. છે ૨૬ અધિકાર, પણ નામ રાખ્યું છે, 'પદ્મનંદી પંચવિંશતિ'. ૫-૫ા લાગુ પડે એટલે 'પદ્મનંદી પંચવિંશતિ', છે તો ૨૬ અધિકાર. એમાં એમ લીધું છે કે શાસ્ત્રમાં જતી બુદ્ધિ વ્યભિચારિણી છે. આહાહા..! કેમકે પરદ્રવ્ય છે અને પરદ્રવ્ય ઉપર લક્ષ જતાં રાગ ઉત્પન્ન થાય છે. અને રાગ એ વ્યભિચાર છે. આહાહા..! આવો માર્ગ છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- આ પણ શાસ્ત્રમાં લખ્યું છે?

ઉત્તર :- 'પદ્મનંદી પંચવિંશતિ' કહ્યું ને. બતાવ્યું હતું. અને 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં પણ લીધું છે.

મુમુક્ષુ :- બહુ કડક છે.

ઉત્તર :- વસ્તુ એમ જ છે. કડક હો કે ન હો. સમજાય છે કાંઈ? આહાહા..! અને ભગવાન 'કુંદકુંદાચાર્યે' કહ્યું ને, 'મોક્ષ પાહુડ' ૧૬ ગાથા. 'મોક્ષ પાહુડ'માં ૧૬મી ગાથા. **'परदव्वादो दुग्गइ'** આહાહા..! 'કુંદકુંદાચાર્ય' કહે છે, અમે તારાથી પરદ્રવ્ય છીએ અને પરદ્રવ્ય ઉપર તારું લક્ષ જશે તો તારી દુર્ગતિ છે. દુર્ગતિ નામ ચૈતન્યની ગતિ નહિ. રાગ થશે અને રાગથી તો તને સ્વર્ગાદિ ગતિ મળશે, એ તો દુર્ગતિ છે. સિદ્ધ સિવાય ચાર ગતિ દુર્ગતિ છે. સમજાય છે કાંઈ? 'કુંદકુંદાચાર્ય' 'મોક્ષ પાહુડ' (માં કહે છે). આઠ પાહુડ છે ને? મોક્ષપાહુડની સોળમી ગાથા. **'परदव्वादो दुग्गइ सदव्वा हु सुग्गइ'** આહાહા..!

પોતાનો ભગવાન, જેના તળિયામાં, જેના અંતરમાં અનંત ચૈતન્યરત્ન પડ્યા છે. એવા સ્વદ્રવ્યનો આશ્રય લે અને અનુભવ કરે તો એને સુગતિ થશે-મોક્ષ થશે. સમજાય છે કાંઈ? અર્થકાર 'જયચંદ્ર પંડિતે' એમ લીધું છે, સુગતિનો અર્થ બે લીધો છે. મોક્ષ પણ છે અને થોડો વિકલ્પ રહી ગયો છે તો એને સ્વર્ગ મળશે. સુગતિના એવા બે અર્થ કર્યા છે. મોક્ષપાહુડમાં ૧૬ ગાથામાં બે અર્થ કર્યા છે. ખબર છે. સમજાય છે કાંઈ?

કહ્યું હતું ને?

**ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः।**
**कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः।।**

સમ્યગ્દર્શન સહિત અનુભવથી મુક્તિ થશે પણ વચ્ચે રાગ આવે છે ઈ કામ દેનારો, સ્વર્ગ દેનારો એ રાગ છે. આવે છે ને? **'कामदं मोक्षदं चैव'** પુણ્યાનુબંધી પુણ્યના રાગથી સ્વર્ગ આદિ મળે છે.

મુમુક્ષુ :- બહુ સારો છે.

ઉત્તર :- રાગ સારો-બારો કાંઈ નથી. આ તો રાગનું ફળ શું આવે છે એ બતાવ્યું. આહાહા..! 'પંચાસ્તિકાય'માં ચાર ગતિને પરાધીન કહી છે. બીજી ગાથા, ત્રીજી ગાથા. પરાધીન, ચાર ગતિ પરાધીન છે. સ્વર્ગના દેવ દુઃખી છે. અશુભરાગમાં રંગાઈ ગયા છે. દુઃખી છે. આહાહા..! આ પૈસાવાળા શેઠિયાઓ કરોડપતિ ને અબજપતિ, રાજા ને દેવ દુઃખી છે. આહાહા..! કેમકે આત્મા આનંદસ્વરૂપ છે એમાં બહારનો વિકલ્પ ઉઠાવવો એ બધું દુઃખ છે. કોઈ કહે છે કે આ કરોડપતિ અને અબજોપતિ સુખી છે. અહીં કહે છે કે દુઃખી છે. 'ડાહ્યાભાઈ'! આહાહા..!

'ડાહ્યાભાઈ ધોળશા' છે ને? નાટક પાડતા હતા. 'ડાહ્યાભાઈ ધોળશા' 'વાંકાનેર'વાળા. (સંવત) ૧૯૬૪ની સાલની વાત છે. ત્યારે અમારી ઉંમર ૧૮ વર્ષની હતી. અમારી દુકાન પાલેજ હતી. ત્યાં અમે બેસતા. સાધુ આવે, કારણ કે અમે તો સ્થાનકવાસી હતા, શ્વેતાંબર હતા. પિતાજી એમાં હતા, એમાં અમારો જન્મ થયો. સ્થાનકવાસી સાધુ આવે

આજુબાજુમાંથી તો અમે ધ્યાન રાખતા. ત્રીસ માણસ હતા, દુકાન ચાલતી હતી. ત્યાં જતા. સાધુ આવ્યા હોય ત્યારે અમે લેવા જતા. પરનું ધ્યાન રાખતા હતા. સમજ્યા? એ તો રાગ હતો. સમજાય છે કાંઈ? વિકાર છે. શું કહેતા હતા? 'ડાહ્યાભાઈ ધોળશા' ઈ કહેવું હતું.

'ડાહ્યાભાઈ ધોળશા'નું નાટક હતું. અમે જોવા ગયા. ૧૯૬૪ની વાત. મોટું નાટક હતું. આઠ દિવસમાં બે વાર પાડતા હતા. પંદરસો રૂપિયા લેતા. તે વખતે, ૧૯૬૪ની સાલમાં એક રાતના પંદરસો લેતા. એ જ્યારે મરવા પડ્યા, દેહ છૂટવાનો કાળ હતો તો એમ બોલ્યા, ડાહ્યા તારું ડહાપણ ક્યારે કામ આવે? તેં બધા નાટક બનાવ્યા ને આ બનાવ્યું.. 'ડાહ્યાભાઈ' 'ડાહ્યા તારું ડહાપણ...' ડહાપણ સમજ્યા? હોશિયારી ત્યારે કામ કે અત્યારે શાંતિથી મરણ કર ત્યારે. નાટક બનાવ્યા. (સંવત) ૧૯૬૪ની સાલ. આઠ દિવસમાં બે વાર નાટક પાડતાં. એક એક રાતના ૧૫૦૦-૨૦૦૦ રૂપિયા, એ વખતે. ૧૯૬૪ની સાલ. કેટલા વર્ષ થયા? સમજાય છે કાંઈ?

અમે નાટક જોવા ગયા હતા. મીરાબાઈનું નાટક હતું. નિવૃત્તિ હતી. સાધુ માટે ગયા હતા. સાધુ મળી ગયા. મીરાબાઈ નાટકમાં મીરાબાઈ .. હતી. અને રાવણે લગન ... .. કહી દે મીરા! તું મારા ઘરમાં આવ. તને પટરાણી બનાવીશ. આહાહા..! આ તો એ વખતે. અત્યારે તો ફિલ્મ અને .. થઈ ગયા છે. અનીતિના આચરણ બધા. એ વખતે મીરાબાઈ કહે છે. સમજાય છે? આહાહા..! 'પરણી મારા પીયુજીની સાથ બીજાના લગન રે નહિ કરું.' મેં મારા પરમેશ્વરની સાથે લગન મેં કર્યા છે. આહાહા..! એવું ચાલતું હતું નાટકમાં. 'ચંદુભાઈ'! આહાહા..! એ વખતે તો વૈરાગ્ય હતો ને. ધૂન ચડી હતી. ધૂન ચડી હતી. ઉંઘ ન આવે. ઉત્તરાધ્યયન વાંચતા. ૬૪ની સાલ. ૧૮ વર્ષની ઉંમર હતી. ૭૦ વર્ષ પહેલાની વાત છે. ૭૦ વર્ષ પહેલાની. આ તો ૮૮ થયા અત્યારે.

એ બોલતી હતી અંદરમાં .. 'પરણી મારા પીયુજીની સાથ રે બીજાના મીંઢોળ રે નહિ રે બાંધુ.' આ મીંઢોળ નથી હોતા? ... આ તો ૭૦ વર્ષ પહેલાની વાત છે. 'પરણી મારા પીયુજીની સાથ એ બીજાના મીંઢોળ નહિ રે બાંધું.' એમ સમકિતી કહે છે 'લગની લાગી સમકિતની સાથ એ રાગના મીંઢોળ હવે નહિ રે બાંધુ.' સમજાણું કાંઈ? એ રાગને મારો નહિ માનું. રાગનો સ્વામી નથી. સ્વામી હોય છે ને? આહાહા..! એ વખતે સભા મોટી ભરાતી હતી નાટકમાં. પણ એ મરતા બિચારો લખી ગયો હો એમ. અરે..! ડાહ્યા! તે ડહાપણ ઘણા કર્યા. નાટક બનાવ્યા. પણ આ મરતા શાંતિથી દેહ છૂટે તો ડાહ્યાના ડહાપણ છે ને? નહિતર તારા ડાહ્યાના ડહાપણ ઉપર પાણી ફરી જશે. આહાહા..! પંડિતજી!

એમ અહીં કહે છે. અહીં આવ્યું ને? ભોક્તા નથી. આહાહા..! હું તો મારા આનંદનો ભોક્તા છું. એવો પણ વિકલ્પનો પક્ષ છોડી દે કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? રાણીને એ મીરાબાઈ છે ને 'ચિત્તોડગઢ'માં. 'ચિત્તોડ' અમે ગયા હતા. ત્યાં જોયું. મીરાબાઈનું ત્યાં સ્થાન છે. આહાહા..! ગઈ નહિ ધણી પાસે. હું તો મારા પરમેશ્વરની સાથે... એ તો પરમેશ્વર માને ને? એની સાથે મારો પ્રેમ છે. અહીં કહે છે.. આહાહા..! મારો પ્રેમ ચૈતન્યના આનંદમાં લાગ્યો છે હવે હું રાગનો પ્રેમ નહિ કરું. મારા આત્માના આનંદનો ભોક્તા હું થયો. એ રાગનો

ભોક્તા હું નહિ થાઉં. આહાહા..! આ આત્માની રમતું આવી છે. સમજાણું કાંઈ? સમકિતી ગૃહસ્થાશ્રમમાં હો, છન્નું હજારી સ્ત્રી હો, પણ સુખબુદ્ધિ ઊડી ગઈ છે. આહાહા..!

ઈન્દ્ર એકાવતારી, કરોડો અપ્સરાઓ, સુધર્મ દેવલોક સુખબુદ્ધિ ઊડી ગઈ છે. આહાહા..! આસક્તિનો રાગ થાય છે તો કાળા નાગની જેમ ઝેર જેવો દેખે છે. આહાહા..! સમજાણું કાંઈ? અહીં કહે છે હું ભોક્તા નથી. એ પણ એક વિકલ્પ છે. છોડી દે એ વિકલ્પને. એમ કહે છે. સમજાણું કાંઈ? આકરી વાત છે, ભાઈ! આહા..! આમાં આવ્યું છે. **'एकस्य जीवो न तथा परस्य'** એક કહે છે કે જીવ છે એ નિશ્ચય છે. બીજો કહે જીવ નથી. એ નય નાસ્તિનો પક્ષ છે. નથી તો છોડી દે. પણ હું આનંદકંદ પ્રભુ જીવ છું એવો વિકલ્પ પણ છૂટી જશે. આહાહા..! તારા ઘરમાં વાસ કરવો હોય, વાસ્તુ લેવું હોય તો અંદરમાં નહિ રહી શકે. વિકલ્પ અંદરમાં છે. હું જીવ છું, હું પ્રભુ છું, હું પરમાત્મા છું... આહાહા..! એ વિકલ્પ પણ છોડી દે. એ વિકલ્પ પણ તારો છૂટી જશે. આહાહા..! ગજબ વાત છે. 'ડાહ્યાભાઈ'! આવી વાતું છે, ભાઈ! આહાહા..! એક કહે કે હું જીવ છું અને બીજો કહે હું જીવ નથી. નથી તો છોડી દે. છે એનો પણ વિકલ્પ છોડી દે. છે એ છે. સમજાણું કાંઈ?

જીવ આવ્યું. **'एकस्य सूक्ष्मो न तथा परस्य'** એક કહે કે હું સૂક્ષ્મ છું. આવ્યું હતું ને ભાઈ કાલે નહોતું આવ્યું? જ્ઞાન સૂક્ષ્મ, દર્શન સૂક્ષ્મ, ચારિત્ર સૂક્ષ્મ, સૂક્ષ્મ ગુણ છે એ બધા ગુણની પર્યાય સૂક્ષ્મ છે. જ્ઞાન-દર્શન બધું સૂક્ષ્મ કહ્યું. 'ચિદ્‌વિલાસ'માંથી બતાવ્યું હતું. છે તો સૂક્ષ્મ. સ્થૂળ શુભરાગથી ભિન્ન ભગવાન દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ સ્થૂળ શુભ છે. એનાથી ભગવાનઆત્મા સૂક્ષ્મ ભિન્ન છે. તો સૂક્ષ્મ ભિન્ન છું. સૂક્ષ્મ નથી, ઈન્દ્રિયગ્રાહ્ય છું એ વાત તો છોડી દે. પણ હું અણીન્દ્રિય ગ્રાહ્ય સૂક્ષ્મ છું. આહાહા..! એવા વિકલ્પની માળા જપવી છોડી દે. આહાહા..!

ત્યારે તત્ત્વનું વેદન થશે. ત્યારે તત્ત્વનો અનુભવ થશે. જ્યાં સુધી હું આવો છું, સૂક્ષ્મ છું ત્યાં સુધી તત્ત્વનું વેદન થશે નહિ. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ વદ ૫, શુક્રવાર, તા.૨-૦૯-૧૯૭૭
## કળશ - ૭૮ થી ૮૦, પ્રવચન - ૮૪

(ઉપજાતિ)

एकस्य हेतुर्न तथा परस्य<br>
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।<br>
यस्तत्त्ववेदी च्युतपक्षपात-<br>
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।३३-७८।।

**અર્થ : જીવ હેતુ (કારણ) છે એવો એક નયનો પક્ષ છે અને જીવ હેતુ (કારણ) નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ ષિ બે નયોના બેપક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૩૩-૭૮.**

---

૭૭ કળશ આવી ગયો છે. ૭૮ કળશ છે.

एकस्य हेतुर्न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।३३-७८।।

એક પક્ષ એવો છે કે જીવ કારણ છે. પરદ્રવ્યની પર્યાયનું જીવ કારણ છે અથવા રાગનું કારણ છે. એવું એક વ્યવહારનયના પક્ષનું કથન છે. એનો તો નિષેધ કરતા આવ્યા જ છીએ. પણ જીવ હેતુ નથી. એ નિશ્ચય. ભગવાનઆત્મા પરદ્રવ્યની પર્યાયનું કારણ નથી એમ વ્યવહારરત્નત્રયના કારણથી પોતામાં કાર્ય થાય, એ કાર્યમાં આવશે. વ્યવહારરત્નત્રયનું પણ ખરેખર ભગવાનઆત્મા કારણ નથી. સમજાય છે કાંઈ?

એમ તો 'છ ઢાળા'માં કહ્યું ને? નિયતકો હેતુ. હેતુ નિયતકો. એ વ્યવહારથી છે. આવે છે ને 'છ ઢાળા'માં? હેતુ નિયતકો, નિશ્ચયનો હેતુ તો વ્યવહારથી કથન છે. યથાર્થમાં... વ્યવહાર હેતુ નિયતકો હોઈ. પણ એ શબ્દ આવ્યો ને? હેતુ એ વ્યવહાર છે. નિયતકો હેતુ, એ હેતુ વ્યવહાર છે. સત્યાર્થનો હેતુ વ્યવહાર છે. નિશ્ચય સત્યાર્થ છે. એનો વ્યવહાર હેતુ કહેવામાં આવ્યું. ઈ વ્યવહાર કથનશૈલી છે. વસ્તુસ્થિતિ તો... એ પહેલા ૭૨ ગાથામાં આવી ગયું છે. આ તો ૧૪૨ ગાથાના શ્લોક છે.

જે શુભભાવ આદિ ભાવ છે એ દુઃખરૂપ છે. એ દુઃખનું કારણ આત્મા નહિ. આહાહા..! સૂક્ષ્મ વાત છે, ભાઈ! ભગવાન પરમાનંદસ્વરૂપ પ્રભુ, એ દુઃખ નામ આસ્રવ પુણ્ય અને પાપના ભાવ, વ્યવહારરત્નત્રયનો ભાવ, એ દુઃખરૂપ છે. દુઃખનું કારણ ભગવાન નહિ. આહાહા..! તેમ દુઃખનું કાર્ય નહિ. એ પછીના શ્લોકમાં આવશે. આસ્રવ છે તો સ્વઆશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાન પ્રગટ થયા એમ નથી. ઝીણી વાત છે, ભાઈ! અનંતકાળમાં ચૈતન્ય સ્વયંસિદ્ધ પ્રભુ અનંત ચૈતન્ય રત્નાકર છે એવી અભેદ દૃષ્ટિ કદી કરી નહિ. અભેદનો પક્ષ વિકલ્પ પણ... એ તો બપોરે ચાલે છે ને? હું અભેદ છું એવો વિકલ્પનો પક્ષ પણ દુઃખરૂપ છે. આહાહા..! આહાહા..! અભેદના પક્ષનો વિકલ્પ દુઃખરૂપ છે તો દુઃખ કારણ અને અભેદ દૃષ્ટિ એનું કાર્ય, એમ છે નહિ. અને આત્મા એ દુઃખનું કારણ પણ નથી. આહાહા..! ભગવાનઆત્મા તો શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ, દુઃખ નામ આસ્રવ, દુઃખ નામ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ આસ્રવનું કારણ ભગવાનઆત્મા નહિ. 'ધન્નાલાલજી'! તોફાન તો અત્યારે એ ચાલે છે. વ્યવહારથી થાય છે, વ્યવહારથી થાય છે. નિશ્ચય સત્યાર્થ છે... આવે છે ને? વ્યવહાર હેતુ કહ્યો પણ એ તો અસત્યાર્થ છે. સમજાય છે કાંઈ? આ તો

જેને પોતાનું કાર્ય કરવું હોય એને માટે વાત છે. દુનિયામાં પંડિતાઈ બતાવીને વ્યવહારને સિદ્ધ કરવો, વ્યવહારથી થાય છે. હો, વ્યવહારથી કથન છે પણ એનાથી થાય છે એમ નથી.

મુમુક્ષુ :- વ્યવહારના અભાવથી થાય છે.

ઉત્તર :- એનો તો અભાવ છે. અહીંયા તો ભાવ જે કારણપરમાત્મા છે, ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ કારણપરમાત્મા છે, એ પર્યાયનું કારણ છે અને પર્યાય કાર્ય છે એ પણ વ્યવહાર છે. સમજાય છે કાંઈ? કેમ? કે નિર્મળ પર્યાય જે છે એ સ્વયં કારણ અને સ્વયં કાર્ય છે. 'ચંદુભાઈ'! નિર્મળ સમ્યગ્દર્શનની પર્યાય અભેદના આશ્રયે, અભેદના લક્ષે ઉત્પન્ન થાય છે છતાં એ પર્યાયનું કારણ અભેદ લક્ષમાં લીધો એ કારણ નથી. આહાહા..! નિર્મળ સમ્યગ્દર્શનની પર્યાય એ પોતે પોતાનું કારણ છે અને પોતે પોતાનું કાર્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અગિયારમી ગાથામાં એમ તો કહ્યું, '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवा**' ભગવાન સત્યાર્થ ભૂતાર્થ પરમાર્થ પારિણામિક જ્ઞાયકભાવ ત્રિકાળ, એનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. આવ્યું ને? '**भूदत्थमस्सिदो खलु**' એ અપેક્ષિત વાત છે. બાકી નિશ્ચયથી તો સમ્યગ્દર્શનની પર્યાય પોતાનું કારણ અને પોતાનું કાર્ય છે. પર્યાયમાં કરણ, કાર્ય, સંપ્રદાન, અધિકરણ બધું પર્યાયમાં છે. આહાહા..!

મુમુક્ષુ :- આશ્રયનું શું થયું?

ઉત્તર :- આશ્રયનું થયું. પરમાં લક્ષ જાય છે એટલો આશ્રય. એ આશ્રય દેતું નથી. 'ચંદુભાઈ'! આહાહા..!

મુમુક્ષુ :- આશ્રય એટલે સન્મુખતા.

ઉત્તર :- અંદર આમ લક્ષ ગયું એટલું. એ અપેક્ષાએ આશ્રય કહ્યું. બાકી એ પણ પર્યાયના સામર્થ્યથી લક્ષ ગયું છે. દ્રવ્યનું સામર્થ્ય છે તો પર્યાયનું લક્ષ એ તરફ ગયું (એમ નથી). સમજાય છે કાંઈ? શું કહ્યું? પર્યાય પોતાનું સ્વતંત્ર સામર્થ્ય રાખે છે. આખા દ્રવ્યનું જ્ઞાન થવામાં પોતાની પર્યાયની તાકાત છે. એ દ્રવ્ય છે તો દ્રવ્યનું જ્ઞાન થયું એમ પણ નથી. આહાહા..! પર્યાયની સ્વતંત્રતા એટલી છે.

જેમ લોકાલોક છે તો કેવળજ્ઞાન છે એમ નથી. એમ દ્રવ્ય છે તો પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન થયું એમ પણ નથી. આહાહા..! પર્યાયનું સામર્થ્ય એટલું છે કે આખું દ્રવ્ય પૂર્ણાનંદના નાથનું જ્ઞાન અને શ્રદ્ધા કરી લે છે. છતાં એ દ્રવ્યમાં પ્રવેશ કરતી નથી અને દ્રવ્ય પર્યાયમાં પ્રવેશ કરતું નથી. સમજાય છે કાંઈ? આવો માર્ગ છે પણ લોકોને સત્ય બહાર આવતાં સમજાયું નહિ તો એનો વિરોધ કરે છે. નિશ્ચયથી તો પોતાનો વિરોધ કરે છે. આહાહા..!

અહીં તો ભગવાન એમ કહે છે, કે જે કારણપરમાત્મા પર્યાયના કાર્યનો કહ્યો, એ નહિ, કહે છે. હેતુ પરહેતુ તો નથી પણ કારણપરમાત્મા (પણ હેતુ નથી). ખરેખર પર્યાયનો હેતુ સ્વતંત્ર સત્ પર્યાય છે. સત્ છે એ અહેતુક છે. હેતુ આવ્યું ને? હેતુ ન. વ્યવહાર હેતુ કહેવામાં આવ્યું પણ નિશ્ચયથી હેતુ નથી. આહાહા..! આવી વાત છે. એક સમયની પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન પૂર્ણ થાય છે છતાં પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. દ્રવ્યને પર્યાય અડતી નથી, પર્યાય

દ્રવ્યને સ્પર્શતી નથી. છતાં પર્યાયમાં દ્રવ્યનો હેતુ છે તો પર્યાય થઈ, એમ નથી. આહાહા...!

મુમુક્ષુ :- તો પછી લક્ષ..

ઉત્તર :- એ પર્યાયનું સામર્થ્ય એટલું છે કે આમ ઢળી જાય છે, બસ! એટલું. એ પોતાના સામર્થ્યથી ઢળે છે. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ! ત્યાં 'સમયસાર' ૭૨ ગાથામાં કહ્યું ને? આત્મા દુઃખનું કારણ નથી અને દુઃખનું કાર્ય નથી. એમ છઠ્ઠા બોલમાં આવ્યું છે. છ બોલ છે ને? આસ્રવ જે વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ કારણ નથી, સ્વયંની મોક્ષમાર્ગની પર્યાયમાં એ કારણ નથી. કેમકે એ દુઃખ છે. આત્માના આનંદનું પરિણમન સ્વના આશ્રયે થાય છે એ આનંદના પરિણામનું કારણ એ દુઃખ, આસ્રવ નહિ. અને દુઃખ આસ્રવનું કાર્ય આત્માની પર્યાય નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! નિર્મળ સમ્યક્ પર્યાયે દ્રવ્યસ્વભાવનો આશ્રય લીધો. આશ્રયનો અર્થ એ તરફ ઢળી, બસ. સમજાય છે કાંઈ? નિર્મળ સમ્યગ્દર્શન, જ્ઞાનની પર્યાય અને સ્વરૂપાચરણના આનંદની પર્યાય ઉત્પન્ન થઈ એ પર્યાયમાં આસ્રવ કારણ નથી અને એ પર્યાય આસ્રવનું કાર્ય નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? અને એ પર્યાયમાં કારણપરમાત્મા (કારણ છે એમ) કહેવું એ પણ ભેદ અપેક્ષાથી કથન છે. છે?

જીવ હેતુ છે એ વ્યવહાર. એ વ્યવહારનો પક્ષ છે. અને જીવ હેતુ નથી. એ વાત સાચી છે પણ હેતુ નથી એવો વિકલ્પનો પક્ષ કરવો એ પણ દુઃખદાયક છે. પક્ષની વાત છે. અહીંયા પક્ષની વાત ચાલે છે ને? સમજાય છે કાંઈ? પક્ષ નામ શુદ્ધ ચિદાનંદ ભગવાન પરમાત્મસ્વરૂપ, એની પર્યાયમાં કોઈ કારણ નથી અને એ પર્યાય કોઈનું કાર્ય નથી, એવો વિકલ્પ ઉઠાવવો (એ પણ પક્ષ છે). હું કોઈ હેતુ નથી, હેતુ છે એ તો વ્યવહારમાં ગયું, એનો તો નિષેધ કરતા આવ્યા છે પણ હું રાગનો, વ્યવહારનો હેતુ નથી એવો વિકલ્પનો પક્ષ છે એ પક્ષ છે. ભગવાનઆત્મા પક્ષાતિક્રાંત છે. આહાહા...! સમજાય છે કાંઈ? પક્ષમાં તો વિકલ્પ ઉઠે છે, એ રાગ છે, એ આસ્રવ છે, દુઃખ છે, ઝેર છે. આ કેવી વાત છે? તેને કારણે આત્મામાં ધર્મની પર્યાય ઉત્પન્ન થાય છે, એમ નથી. આહાહા..! સૂક્ષ્મ વાત છે, બાપુ! ક્યાં લોકોને ગરજ પડી છે અંદર? અરેરે..! હું ક્યાં જઈશ આંખ વીંચીને? દેહ તો છૂટી જશે, બાપુ! દેહના તો પરમાણુ છે. એક ક્ષેત્રે આવ્યા છે. એક ક્ષેત્રે નામ આકાશના એક ક્ષેત્રે. પોતાના ક્ષેત્રમાં શરીરનું ક્ષેત્ર નથી અને શરીરના ક્ષેત્રમાં આત્માનું ક્ષેત્ર નથી. એક આકાશની અપેક્ષાએ આત્મા ત્યાં શરીર એમ કહેવામાં આવે છે. એ પણ આકાશના પ્રદેશમાં પણ આત્માના શરીરના ક્ષેત્ર એમ પણ નથી. આત્માનું ક્ષેત્ર આકાશના પ્રદેશમાં છે એમ પણ નથી. આહાહા..! ભગવાન સ્વતંત્ર નિરાલંબી પરનું જેને આલંબન નથી. આહાહા...! સમજાય છે કાંઈ?

સમવસરણ (સ્તુતિમાં) આવ્યું છે ને! પંડિતજીએ સમવસરણ સ્તુતિ કરી છે ને! જેવો આત્મા નિરાલંબ એમ સર્વજ્ઞ ભગવાનનું શરીર અંતરીક્ષમાં નિરાલંબ રહે છે. સમવસરણ સ્તુતિ બનાવી છે ને પંડિતજીએ! એવો નિરાલંબ આત્મા, એવા નિરાલંબ ભગવાન. શરીર પરમ ઔદારિક પાંચ હજાર ધનુષ ઊંચે કમળ ઉપર પણ શરીર નથી. આહાહા..! અને

સિંહાસન ઉપર પણ શરીર નથી. શરીર અંતરીક્ષ (રહે છે). અંતરીક્ષમાં આ તકરાર હતી ને? અંતરીક્ષ કોનું છે? પણ અંતરીક્ષપણું દિગંબરમાં જ છે, બીજે છે જ નહિ. શ્વેતાંબરમાં એ અંતરીક્ષપણું તો છે જ નહિ. એ તો નીચે ઉતરે છે, પ્રતિશીલા પાટ ઉપર ને.. એવો પાઠ છે.

અહીંયા તો ભગવાનને જ્યાં સર્વજ્ઞપદ પ્રાપ્ત થયું તો પાંચ હજાર ધનુષ ઊંચું શરીર અને તે પણ નીચે સિંહાસન અને કમળ ઉપર એમ પણ નહિ. આહાહા..! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ, શરીરને પણ નીચે આલંબન નહિ. આહાહા..! એને પરમાત્મા સર્વજ્ઞ કહે છે. શરીરને આલંબન નથી તો આત્માને ક્યાં રહ્યું? અધ્ધર રહે છે. આહાહા..! ભગવાનઆત્મા તો રાગના આલંબન વિનાની ચીજ છે. આહા..! એક ભાવ પણ યથાર્થ બેસે તો બધા ભાવ યથાર્થ બેસે. એક ભાવના પણ જ્યાં ઠેકાણા નથી... સમજાય છે કાંઈ?

અહીંયા કહે છે, એક હેતુનયનો પક્ષ છે અને જીવ હેતુ નથી, એવો બીજા નયનો પક્ષ છે. પક્ષની વાત ચાલે છે. તેનો પણ અહીંયા નિષેધ કરવો છે. આહાહા..! વ્યવહારથી નિશ્ચય થાય છે એ વાત તો ક્યાંય રહી ગઈ. પણ હું બીજાનું કારણ નથી, મારું કારણ પરમાં નથી એવા પક્ષના વિકલ્પને પણ છોડી દેવાનો છે. એ પક્ષમાં રહે છે એને આકુળતા રહે છે. આહાહા..! માર્ગ બહુ, બાપુ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર.. આત્મા જ સર્વજ્ઞ અને સર્વદર્શી પરમેશ્વર શક્તિથી ભરેલો છે. ભગવાન સર્વજ્ઞ અને સર્વદર્શીથી ભરિત અવસ્થ (છે). આવે છે? આહાહા..! અવસ્થ નામ ત્યાં અવસ્થા ન લેવી. અવ નામ નીચે સ્થ.

સર્વજ્ઞ સર્વદર્શી સ્વભાવ. એ સર્વને દેખે માટે સર્વદર્શી એમ નહિ. પોતાનો આત્મજ્ઞ સ્વભાવ જ એવડો છે. આહાહા..! પોતામાં રહીને પરને અડ્યા વિના અને પરની સત્તા છે તો સર્વજ્ઞપણું પ્રગટ થયું એમ પણ નથી. આહાહા..! એવો ભગવાનઆત્મા કોઈનું કારણ નથી. કારણ નથી એ પક્ષ પણ પક્ષાતિક્રાંત થવાથી છૂટી જાય છે. આહાહા..! માર્ગ એવો છે, બાપુ! છે?

**'આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે.'** આહાહા..! વ્યવહારનો પક્ષ તો અમે છોડાવતા આવ્યા છીએ પણ નિશ્ચય હેતુ નથી એવો નિશ્ચયનો પક્ષ પણ છોડાવીએ છીએ. આહાહા..! ભગવાન જ્ઞાતા-દૃષ્ટા આનંદસ્વરૂપ પ્રભુ, એમાં હું હેતુ નથી એવો પક્ષ પણ વિકલ્પ છે, એ પણ ખટકે છે. આંખમાં જેમ કણિયો ખટકે, નાનો કણ હોય તો આંખમાં ખટક ખટક (થયા કરે). એમ હું હેતુ નથી એવો વિકલ્પ પણ ખટકે છે. 'ધન્નાલાલજી'! તકરાર (કરે). આમાં વાદવિવાદ શી રીતે કરવો? વસ્તુનું સ્વરૂપ જ એવું છે. આહાહા..!

સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા દેવાધિદેવ એમ વર્ણન કરે છે ઈ સંતો આડતિયા થઈને સર્વજ્ઞનો માલ જગતને બતાવે છે. પ્રભુ! એકવાર સાંભળ તો ખરો, નાથ! તારી ચીજ બીજાને કારણ નથી એવો વિકલ્પ પણ ખટકે છે, દુઃખ છે. આહાહા..! ધર્મીને.. છે? **'જે તત્ત્વવેદી...'** જુઓ! પક્ષપાત છોડીને તત્ત્વવેદી. પોતાના ચૈતન્યતત્ત્વનો વેદી જાણનાર, અનુભવનાર. આહાહા..! તત્ત્વવેદી પક્ષપાત રહિત છે. પહેલા પક્ષપાત કહ્યું હતું, હવે આ તત્ત્વવેદી. ચૈતન્યસ્વરૂપ ભગવાન આનંદસ્વરૂપનો વેદનાર તત્ત્વવેદી સમકિતી જીવ. આહાહા..! સમજાય છે કાંઈ?

'છ ઢાળા'માં પણ આવે છે ને? ધ્યાતા, ધ્યાન ને ધ્યેય. જ્યાં વચનનો વિકલ્પ પણ નથી. એ 'છ ઢાળા'માં આવે છે. વિકલ્પ જરીએ નથી. આહાહા..! હું ધ્યાન કરનાર છું, હું ધ્યેય છું અને હું ધ્યાતા છું, એ પણ એક વિકલ્પ છે. આહાહા..! તત્ત્વવેદી એમ કહ્યું ને? પક્ષપાત છોડી દીધો. તત્ત્વ ચૈતન્યમૂર્તિ ભગવાન, આનંદના તત્ત્વને વેદનાર, વીતરાગભાવને વેદનાર પક્ષાતિક્રાંત થઈ ગયો. આહાહા..!

**'તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.' 'च्युत पक्षपात'** છે ને? એટલે રહિત કહ્યું. પક્ષપાતથી ચ્યુત થઈ ગયો, ભ્રષ્ટ થયો. પાઠમાં છે ને? પાઠમાં છે. **'च्युत पक्षपात'** આહાહા..! પોતાનું ભગવાન આનંદસ્વરૂપ, એના અનંતગુણની અનંતી વ્યકત પર્યાયને વેદનાર. તત્ત્વવેદી એટલે ઈ. તત્ત્વ નામ ભગવાનઆત્મા, એની અનંત શક્તિઓ. અમાપ શક્તિ, અમાપ શક્તિ. અને એક એક શક્તિનું અમાપ સામર્થ્ય. પર્યાયમાં અનંત શક્તિનો અંશ વ્યકતરૂપ પ્રગટપણે વેદનાર. આહાહા..! સમજાય છે કાંઈ? પર્યાયમાં વેદનાર. દ્રવ્ય અને ગુણ તો વેદનમાં આવતા નથી. આહાહા..! તત્ત્વવેદી પક્ષપાત રહિત છે, પક્ષપાતથી ચ્યુત છે. એને નિરંતર... આહાહા..! અંતર વિના ચિત્સ્વરૂપ જીવ ભગવાન આનંદનું વેદન નિરંતર-અંતર પડ્યા વિના (વેદે છે). આહાહા..! વચ્ચે વિકલ્પનું વિઘ્ન આવ્યા વિના. નિરંતર છે ને? આહાહા..! નિરંતર ચિત્સ્વરૂપ જીવ. એ તો જ્ઞાનસ્વરૂપી તે જ્ઞાનસ્વરૂપ જ છે. આહાહા..! જ્ઞાન જ્ઞાનને જાણે છે એવો ભેદ પણ જેમાં નથી. આહાહા..! એ તો ચિત્સ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ (છે). જ્ઞાનપ્રધાનતાથી કથન છે, બાકી તો સર્વ ગુણસંપન્ન સ્વરૂપ (છે). ગુણસંપન્ન તે ગુણસંપન્ન સ્વરૂપ જ છે, બસ. આહાહા..! આ સમ્યગ્દર્શનનો વિષય અને સમ્યગ્દર્શનની પર્યાયનું વેદન. સમજાય છે કાંઈ

સમ્યગ્દર્શનની પર્યાયનો વિષય પૂર્ણાનંદનો નાથ છે અને વેદનમાં પર્યાય છે. વેદનમાં દ્રવ્ય-ગુણ નથી આવતા. દ્રવ્ય-ગુણનું જ્ઞાન થાય છે પણ વેદનમાં તો એક સમયની પર્યાયને વેદે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- એક સમયની પર્યાયને વેદે છે. વેદે છે એટલે શું?

ઉત્તર :- પર્યાય અનુભવે છે. વેદે છે એટલે પર્યાય અનુભવે છે. આહાહા..! અલિંગગ્રહણમાં વીસમા બોલમાં આવ્યું છે. વીસ બોલ છે એમાં વીસમા બોલમાં આવ્યું છે. આહાહા..! પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે દ્રવ્ય, તેને અડ્યા વિના આત્મા શુદ્ધ પર્યાયસ્વરૂપ છે. આહાહા..! કેમકે વેદનમાં પર્યાય આવે છે ને, એ અમારું સ્વરૂપ, બસ. ધ્રુવ વેદનમાં આવતું નથી. ભલે એનું લક્ષ કર્યું હતું પણ વેદન તો પર્યાયનું છે. ઈ શું કહ્યું? પ્રત્યભિજ્ઞાનનું કારણ જે ત્રિકાળી દ્રવ્ય સામાન્ય. એ સામાન્યને અડ્યા વિના વર્તમાન પોતાની નિર્મળ પર્યાયને વેદે છે તો એ આત્મા શુદ્ધ પર્યાયસ્વરૂપ જ છે. એમ ત્યાં કહ્યું છે. અમારે તો વેદનમાં આવ્યો એ આત્મા. આહાહા..! વીસમો બોલ છે. અલિંગગ્રહણનો વીસમો બોલ છે ને?

અઢારમો બોલ ઈ છે કે ગુણી અને ગુણનો વિશેષ જેમાં નથી. અર્થાવબોધરૂપ ગુણવિશેષનું જેમાં ગ્રહણ નથી. એ અઢારમો બોલ છે. શું કહ્યું? ભગવાન અનંત ગુણી છે

અને એમાં અનંત આનંદ ગુણ છે, એવા અર્થાવબોધરૂપ પદાર્થનું જ્ઞાન અને પદાર્થના ગુણો, એવો ગુણભેદ જેમાં નથી. અર્થાવબોધરૂપ ગુણવિશેષ જેમાં નથી એવી એકરૂપ વસ્તુને દ્રવ્ય કહે છે. સમજાય છે કાંઈ? દૃષ્ટિનો વિષય દ્રવ્ય, ગુણભેદ વિના બનાવ્યો.

ઓગણીસમા બોલમાં એમ કહ્યું, અર્થાવબોધરૂપ પર્યાયવિશેષ જેનું ગ્રહણ નથી એવું દ્રવ્ય. ઓગણીસમો બોલ છે. પર્યાયવિશેષનું જેમાં ગ્રહણ નથી. અર્થાવબોધરૂપ પર્યાયવિશેષનું જેમાં (ગ્રહણ નથી). શબ્દ તો અર્થાવબોધ લીધો છે, પદાર્થનું જ્ઞાન પણ ત્યાં એકલું જ્ઞાન ન લેવું. ત્યાં જ્ઞાન શબ્દે કરીને અનંત ગુણો લેવા. સમજાય છે કાંઈ? પાઠ તો એવો છે. ૧૮-૧૯ બેયમાં પાઠ એમ છે. અર્થાવબોધરૂપ ગુણવિશેષ જેને નથી એવું દ્રવ્ય છે. અર્થાવબોધરૂપ પર્યાયવિશેષ જેમાં નથી એવું દ્રવ્ય છે. અવબોધની પ્રધાનતાથી કથન છે પણ પદાર્થના જેટલા ગુણ છે એ ગુણ અને ગુણીના ભેદ રહિત ભગવાનઆત્મા છે, એ દૃષ્ટિનો વિષય છે. એમ પર્યાયમાં પણ શબ્દ એમ લીધો છે. ગંભીર શબ્દ, શાસ્ત્રના (શબ્દો) ગંભીર બહુ. સંતો વીતરાગી મુનિઓ દિગંબર.. ઓહોહો..! પરમાત્માનું પદ એમણે ખોલી નાખ્યું. શું કહે છે? આહાહા..!

અર્થાવબોધરૂપ પર્યાયવિશેષ જેમાં નથી. આહાહા..! પર્યાયનો ભેદ નથી એવું દ્રવ્યસ્વરૂપ સમ્યગ્દર્શન, એને સમ્યગ્દર્શનનો વિષય કહે છે. એ તો ઠીક, પણ પાછું વીસમાં બોલમાં તો.. આહાહા..! જે દ્રવ્યને સ્પર્શતી નથી એવી પર્યાય પોતાનું વેદન કરે છે તો એ પર્યાયને જ આત્મા કહ્યું, બસ. કેમકે વેદનમાં મને આનંદ આવ્યો, અનંતગુણની શક્તિની વ્યક્તતાનો અંશ પ્રગટમાં વેદનમાં આવ્યો એ આત્મા. અલિંગગ્રહણના વીસમા બોલમાં એમ લીધું છે. સમજાણું કાંઈ?

અહીં તો ઈ કહ્યું, હેતુ નથી એવો પક્ષપાત પણ છોડી દે. આહાહા..! અહીં તો કારણ પર છે ને.. એ વ્યવહારના કથન આવે છે. બે કારણનું કાર્ય, એમ 'તત્ત્વાર્થ રાજવાર્તિક'માં આવે છે ને? પંડિતજી! 'તત્ત્વાર્થ રાજવાર્તિક'માં બહુ આવે છે. બે કારણનું કાર્ય. બાહ્ય અને અભ્યંતર, બેય. એ તો બાહ્યનું જ્ઞાન કરાવ્યું છે. એ પ્રમાણનું જ્ઞાન કરાવ્યું છે. પ્રમાણજ્ઞાન પણ સાચું ક્યારે કહેવાય? કે એણે નિશ્ચય તો રાખ્યું જ છે એ ઉપરાંત નિમિત્તનું જ્ઞાન કરાવવા બાહ્ય, અભ્યંતર પ્રમાણ કારણ કહ્યું છે. પ્રમાણે નિશ્ચયનો નિષેધ કરીને નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે એમ નથી.

મુમુક્ષુ :-

ઉત્તર :- હા. નહિંતર એ પ્રમાણ નથી રહેતું. નિશ્ચયથી તો આત્મા કોઈનો વેદક નથી, પોતાની પર્યાયનો જ વેદક છે. આહાહા..! સમજાય છે કાંઈ? નિશ્ચયમાં તો પરનું કારણ આત્મા બિલકુલ નથી. રાગનું કારણ નથી. અરે..! પર્યાયનું નિશ્ચય દ્રવ્ય કારણ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એવી પર્યાય વેદનરૂપ છે તે આત્મા છે, એમ ત્યાં કહ્યું. ઈ આત્મા છે. અમારે તો વેદનમાં આવ્યો એ આત્મા. ધ્રુવ વેદનમાં આવતું નથી, ભલે લક્ષ ત્યાં હતું. સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! આ તો વીતરાગ માર્ગ છે, બાપુ! સંતો ... વાત કરે એ તો અલૌકિક હોય. સમજાય છે કાંઈ? દિગંબર સંતો અને પરમેશ્વર એની વ્યાખ્યા

કરે એ તો અલૌકિક...! સાધારણ જીવનું ઈ ગજુ નહિ.

મુમુક્ષુ :- ... કપાટ ખુલી જાય.

ઉત્તર :- ખુલી જાય એવી ચીજ જ છે, ભગવાન! એ શ્લોક પૂરો થયો. બીજો શ્લોક.

(ઉપજાતિ)

एकस्य कार्य न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।३४-७९।।

**અર્થ : જીવ કાર્ય છે એવો એક નયનો પક્ષ છે અને જીવ કાર્ય નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૩૪-૭૯.**

## કળશ-૭૯ ઉપર પ્રવચન

एकस्य कार्य न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।३४-७९।।

'पातः' લેવું. સ આ બાજુ છે ને? સ છે ને? સ નો વ્યુત્સર્ગ છે. 'च्युतपक्षपातः' એમ લેવું. આ બાજુ સ નો વ્યુત્સર્ગ લેવો. અમે કંઈ સંસ્કૃત જાણતા નથી, હોં! એ તો શબ્દાર્થ કરવામાં એ પ્રમાણે ખુલી જાય છે. સમજાય છે કાંઈ? સંસ્કૃત તો અમે થોડુ ભણ્યા છીએ. સંસારમાં. શું કહેવાય ઈ? પંચ સંધિ. પાંચ સંધિનું ભણ્યા હતા. ઈ નામ શું કહેવાય? વ્યાકરણ. સારસ્વત વ્યાકરણ. સારસ્વત વ્યાકરણ આવે છે. એમાં પાંચ સંધિ એક બ્રાહ્મણને પૈસા આપીને રાખેલો એની પાસે ભણ્યા હતા. દુકાન છોડીને. પાંચ સંધિ. પછી મેં એને એક પ્રશ્ન કર્યો. મેં કીધું, આ સંસ્કૃત ભણી-ભણીને બરાબર અર્થ કરી શકે છે કે નહિ? (સંવત) ૧૯૬૯ની સાલની વાત છે. સંવત ૧૯૭૦માં દીક્ષા લીધી. આ તો ૧૯૬૯ની વાત છે. ૬૯ સમજ્યા? સીત્તેરમાં એક ઓછો. મેં પ્રશ્ન કર્યો, પંડિતજી! દસ અઠ્ઠ ઠાણા... એવો એક શબ્દ 'દશવૈકાલિક'માં છે. આ દસ અઠ્ઠ ઠાણા... એ અઢાર બોલ સાધુના છે. ત્યાં દસ અઠ્ઠ એટલે દસ ને આઠ અઢાર એમ લેવું છે. ... જે અજ્ઞાની અઢારમાંથી એક બોલ પણ છોડી દે છે એ સાધુ નથી. મેં પ્રશ્ન કર્યો કે, આ દસ અને આઠનો અર્થ શું કરવો? દસમાં આઠ મેળવવા

કે દસમાંથી આઠ... શું કરવું? સંસ્કૃત ભણવાવાળાને પણ શાસ્ત્રના અર્થ બરાબર બેસે નહિ. દસ અને આઠ, એવો શબ્દ છે. તો દસ ને આઠ અઢાર કે દસ ગુણ્યા આઠ એંસી, શું લેવું? ૧૯૬૯ની વાત છે. જે સંસ્કૃત ભણાવતા હતા એને મેં પૂછેલું. આમ તો અમને બરાબર ન બેસે. એ તો ગુરુગમે સિદ્ધાંતની પદ્ધતિનો ખ્યાલ હોય... સમજાય છે કાંઈ?

એકવાર એક પ્રશ્ન કરેલો. આ ૧૯૬૯ની સાલની વાત છે. દીક્ષા લીધા પછી એક વ્યાકરણવાળો 'બનારસ'નો આવેલો. ત્યાં ભણેલો મોટો પંડિત. બિચારો સાંભળવા આવ્યો. મેં કહ્યું, પંડિતજી! આનો અર્થ કરો. હું કહું એનો અર્થ કરો. સંયોગી કેવળી, આનો અર્થ કરો. સંજોગી, એમ શબ્દ લીધો. કીધું, સંજોગી કેવળી. એણે કહ્યું, સં-જોગી, જોગવાળા સંજોગી, એ કેવળી. મેં કીધું, સં શબ્દ જ ખોટો છે. સજોગી કેવળી એમ છે. અમારે તો ઘણા પરિચયમાં આવી ગયા. સંજોગી નહિ, સંજોગી હોય જ નહિ. સજોગી કેવળી. માથે મીંડુ ખોટુ છે. જોગ સહિત કેવળી એનો અર્થ સજોગી કેવળી છે. સંજોગી કેવળી નહિ. આ (સંવત) ૧૯૮૦ની વાત છે. 'બનારસ'થી મોટા પંડિત આવ્યા હતા. 'માણેકચંદજી' હતા એનો ભાણેજ હતો. એને પૂછ્યું, આ વ્યાકરણ બહુ જાણે છે તો શબ્દાર્થમાં જોગ સહિત કેવળી લે છે કે સંજોગી કેવળી લે છે? ઈ કહે, ખબર નથી. અમે તો સંજોગી એમ લઈએ છીએ. મેં કીધું, ભાઈ! એમ નથી. સજોગી કેવળી. જોગ સહિત કેવળીને સજોગી કહે છે. અને ચૌદમા ગુણસ્થાને અજોગી કેવળી. આ તો (સંવત) ૧૯૮૦ની વાત છે, ભાઈ! તમારા જન્મ પહેલાની વાત છે. કેટલા વર્ષ થયા? ૫૩ વર્ષ થયા. કીધું, માલ આવે છે કે નહિ? કે એકલા વ્યાકરણ અને શબ્દાર્થ કરે એમાં શું? સમજાય છે કાંઈ?

અહીં ઈ કહે છે, જુઓ! '**જીવ કાર્ય છે એવો એક નયનો પક્ષ છે...**' પરનું કાર્ય છે. રાગ છે તો ધર્મનું કાર્ય થયું એમ એક નયનો પક્ષ છે. વ્યવહાર છે, રાગ ધર્મનો હેતુ છે તો કાર્ય થયું એમ એક નયનો પક્ષ છે. એનો તો અમે નિષેધ કરતા જ આવ્યા છીએ. વ્યવહારનો તો નિષેધ કરતા આવ્યા છીએ. 'અને જીવ કાર્ય નથી...' એ કોઈનું કાર્ય છે જ નહિ. આહાહા..! વ્યવહાર રત્નત્રય છે તો નિશ્ચય કાર્ય સમ્યક્ થયું એમ છે જ નહિ. છે નહિ એ વાત સત્ય છે પણ એનો પક્ષ વિકલ્પ છે એ અસત્ય છે. આહાહા..! કહો, 'કપૂરચંદજી'! સમજાય છે કાંઈ? છે?

'**જીવ કાર્ય નથી...**' ભગવાન કોનું કાર્ય? આહાહા..! કાર્ય શબ્દે એકલા દ્રવ્ય-ગુણ નહિ. એના દ્રવ્ય, ગુણ ને પર્યાય કોઈનું કાર્ય નહિ. સમજાય છે કાંઈ? પોતાનું સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનું કાર્ય વ્યવહારે કારણપરમાત્મા છે એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? પણ વ્યવહાર રત્નત્રયનું એ કાર્ય છે એમ નથી. આહાહા..! આવી વાતું છે, 'ડાહ્યાભાઈ'! લોકોને પછી એમ લાગે કે આ.. બાપુ! માર્ગ તો આ છે, ભગવાન! અરે..! જન્મ-મરણનો છેદ કરીને... સમજાય છે કાંઈ? આત્માને દૃષ્ટિમાં લેવો એ કોઈ અલૌકિક વાતું છે. ચારિત્રની તો વાત શું કરવી, એ તો અલૌકિક વાતું છે. એ ચારિત્ર તો પરમેશ્વરપદમાં ભળી ગયું. એ ચારિત્ર એટલે શું? આ વ્રત, તપ એ ચારિત્ર નથી. આહાહા..!

ભગવાનઆત્માના આનંદસ્વરૂપનું વેદન થયું, એ વેદન કોઈનું કાર્ય નથી, એમ કહે છે. પછી એ આનંદમાં લીન થવું, અતીન્દ્રિય આનંદમાં લીન થઈને, અતીન્દ્રિય આનંદની વૃદ્ધિ

થવી એનું નામ ચારિત્ર છે. આવી વ્યાખ્યા. અહીં તો પંચમહાવ્રતને (ચારિત્ર માને), એના પણ ક્યાં ઠેકાણા છે. પંચમહાવ્રત (પાળી) નવમી ગ્રૈવેયક ગયો. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' એ ચીજ તો અત્યારે છે પણ નહિ. શુકલલેશ્યા. નવમી ગ્રૈવેયક જાય. અભવી અને ભવી. અનંત પુદ્ગલ પરાવર્તન કર્યા. નવમી ગ્રૈવેયકના પણ અનંત પુદ્ગલ પરાવર્તન ભવ કર્યા. એટલી વાર અનંત વાર દ્રવ્યલિંગ ધારણ કર્યા. પંચમહાવ્રત આદિ દ્રવ્યલિંગ. આહાહા..! પણ ભગવાનઆત્મા અંદર રાગથી ભિન્ન છે. સમ્યગ્દર્શનમાં કોઈની અપેક્ષા નથી. અપેક્ષા કહેવી હોય તો ભગવાન કારણપરમાત્માની વ્યવહારે અપેક્ષા કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'જીવ કાર્ય નથી એવો બીજા નયનો પક્ષ છે;...'** એમ લીધું ને? કાર્ય નથી એવો પક્ષ. એ પણ દુઃખરૂપ છે, પ્રભુ! છોડી દે. આહાહા..! સમજાય છે કાંઈ? 'જામનગર' દરબાર ગુજરી ગયા ને? 'જામનગર' દરબાર. 'રણવીરસિંહ'. એણે લગ્ન કર્યા હતા પણ જ્યોતિષે કહ્યું હતું કે તને સ્ત્રીનો મેળાપ થશે તો તારું મૃત્યુ થશે. એટલે સ્ત્રી સાથે લગ્ન ન કર્યા. એને પુત્ર નહોતો, ભત્રીજો હતો. એણે પહેલેથી કહ્યું હતું કે મારો દેહ છૂટી જાય તો એને રાજ આપશો. શું નામ કીધું? 'દિગ્વિજય'. 'દિગ્વિજય' એનો ભત્રીજો હતો. 'દિગ્વિજય' મુંબઈ હતા, અહીં એના કાકા ગુજરી ગયા. તાર કર્યો, આવો. કેમકે એને રાજ આપવાનું હતું ને. રાજ દેવાનું હતું. ત્યાં સુધી તો એને હું રાજા થવાનો છું, રાજા થવાનો છું, રાજા થવાનો છું એવો વિકલ્પ રહેતો હતો. રાજા થઈ ગયા પછી રાજા થવાનો છું, એમ વિકલ્પ આવે ખરો? સમજાય છે કાંઈ? એમ અહીંયા શું લેવું છે? એ 'દિગ્વિજય' હતા એમની પાસે હું ગયો હતો. એના બંગલા પાસે દિશાએ જંગલ જાતા હતા. 'દિગ્વિજય'. 'જામનગર' બહાર બંગલો છે. અડધો માઈલ દૂર અમે દિશાએ જતા હતા. એના બંગલાથી થોડે છેટે હતા. એને ખબર પડી કે મહારાજ અહીંયા જંગલ આવે છે. એને આંખની પીડા હતી. એણે કહ્યું, મહારાજ! મારે દર્શન કરવા છે. આપ મારા બંગલા પાસે આવો છો તો મારા બંગલે દર્શન દેવા આવો. એની રાણી બહુ હોંશિયાર હતી. ઘણા કરોડો રૂપિયા, કરોડો પેદા કરે છે. ઈ અને આ બેય હતા. અમે ગયા. મોટો બંગલો હતો. ત્યાં રંગોળી કરી હતી. રંગોળી સમજ્યા ને? મકાન સુધી ઠેઠ. બાઈ બહાર ઉભી રહી અને દરબાર ત્યાં ઉભા હતા. અમે ગયા અને સંભળાવ્યું. કીધું, આ રાજ નહિ. અનંત આનંદસ્વરૂપ ભગવાનઆત્મા રાજતે શોભતે એ રાજા. એને સામ્રાજ્ય કહે છે, આ ધૂળના રાજા નહિ. અમારે ક્યાં કંઈ લેવું હતું. બિચારાએ સાંભળ્યું, હોં! રાણી તો બોલી. રાણી એના કરતાં બહુ હોંશિયાર હતી. મહારાજ! સાચી વાત છે. એક હજાર રૂપિયા મૂક્યા. દસ મિનિટ બેઠા હતા. ફકત દસ મિનિટ. અમે તો જંગલ ગયા હતા ને.

મુમુક્ષુ :- દસ મિનિટના એક હજાર.

ઉત્તર :- હજાર ન ગણો તો... અમે તો જંગલ ગયા હતા. પછી વ્યાખ્યાન વાંચવાનો ટાઈમ થઈ ગયો. એટલે પા કલાક માંડ રહ્યા હશું. પછી ત્યાંથી તંબોલીના ઘરે ગયા હતા. તંબોલી છે ને આપણે? છબલબેન. ફૂલચંદભાઈની બેન, એના ઘરે ગયા. પછી વ્યાખ્યાનનો ટાઈમ થઈ ગયો. એણે એક હજાર રૂપિયા મૂક્યા. આપણે 'મોક્ષશાસ્ત્ર'માં નાખ્યું ને.

'મોક્ષશાસ્ત્ર'માં મોઢા આગળ. દરબારે એક હજાર આપ્યા છે. પુસ્તકમાં આપ્યા. એમાં શું? હજાર, લાખ, કરોડની કિંમત શું? આહાહા..!

અહીં કહે છે, હું રાજા છું, હું રાજા છું, હું રાજા છું એમ વિકલ્પ થતો હતો. જ્યાં સુધી રાજા ન થયો ત્યાં સુધી. (સિંહાસને) બેસી ગયા પછી રાજા છું, એવો વિકલ્પ છે? એમ હું અભેદ છું, હું કોઈનું કાર્ય નહિ, એવો વિકલ્પ હતો. પણ ગાદીએ બેસી ગયો, અંદર વેદનમાં આવી ગયો તો એ વિકલ્પ છૂટી ગયો. 'પ્રિયંકરજી'! આપણે તો એ દૃષ્ટાંતનું અહીં કામ છે ને. આહાહા...! એમ થયું હતું ત્યાં.

મુમુક્ષુ :- બહુ સ્પષ્ટ દૃષ્ટાંત છે.

ઉત્તર :- હા. એના કાકા ગુજરી ગયા ત્યારે અહીં નહોતો. કાકા કહી ગયા હતા કે એને રાજ આપવું. દીકરો તો હતો નહિ એને. આ મુંબઈ હતો, અને અકસ્માત થઈ ગયું. એમ અંદર થયું હતું. કોઈએ ઝેર આપ્યું હતું. એમાં દેહ છૂટી ગયો. એવી વાત હતી, લાંબી છે. કોઈ ડોકટરે ઝેરનું ઈંજેકશન આપ્યું. દેહ છૂટી ગયો. ભત્રીજો તો મુંબઈ હતો. પછી અમદાવાદ આવ્યા. ત્યાં એનો તાર ગયો, જલ્દી આવો. દેહ છૂટી ગયો છે. રાજગાદીએ બેસાડે પછી મડદાને કાઢી જાય.

એમ અહીંયા આત્મા આનંદનો નાથ પ્રભુ.. આહાહા..! હું કોઈનું કાર્ય નહિ અને હું કોઈનું કારણ નહિ. એ યથાર્થ વાત છે. પણ એ પણ જ્યાં સુધી વિકલ્પના પક્ષમાં રહે છે ત્યાં સુધી રાજગાદી નથી મળતી. રાજ્યતે શોભતે ઈતિ રાજા. ભગવાન આનંદ અને શાંતિથી શોભે એ આત્મરાજા. આહાહા..!

મુમુક્ષુ :- રાજને માટે ઝેરનું ઈંજેકશન આપ્યું?

ઉત્તર :- રાજ શબ્દનો અર્થ એમ છે, રાજ્યતે શોભતે ઈતિ રાજા. અમારા પંડિતજી સમજી ગયા. રાજતે આવે છે ને? ૧૭-૧૮ ગાથામાં આવે છે. ૧૭-૧૮ ગાથામાં. રાજાને જાણે કે આ ચિહ્ન છે, પુણ્યવંત છે, એમ જોવે ને? કે આ રાજા. પછી રાજાની સેવા કરે. રાજા છે એમ બરાબર નક્કી કરે. ૧૭-૧૮. આ રાજા છે. પુણ્યવંત દેખાય. રાજા કાંઈ સાધારણ નમાલા હોય? એ તો પુણ્યવંત દેખે, અંદર તેજ દેખે, એના કપડા દેખે. તો આ રાજા છે (એમ નક્કી કરે). પછી એની સેવા કરે. શ્રદ્ધા કરે અને પછી સેવા કરે. એવો ભગવાનઆત્મા એ ૧૭-૧૮ ગાથામાં દૃષ્ટાંત આપ્યું છે. એમ જીવરાજા.

એમ ભગવાનઆત્મા ચૈતન્યમૂર્તિ અનંત ગુણથી રાજ્યતે શોભતે (રાજા છે). પ્રભુ! આહાહા..! એ આવ્યું રાજયતે પહેલી પ્રતીત કરે, અનુભવ કરીને પ્રતીત કરે પછી એની સેવામાં જોડાય જાય. ભગવાનઆત્માની સેવા, હોં! રાજ્યતે ઈત. એ ચારિત્ર. એનો મોક્ષ થશે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં કહે છે, '**તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.**' આહાહા..! વિકલ્પથી પાર થઈને વેદન આવ્યું. એ વેદનમાં પછી ભેદજ્ઞાન કરવું નથી પડતું, એમ કહે છે. શું કહ્યું? આ નિરંતર શબ્દનો અર્થ છે. વિકલ્પથી ભિન્ન પડીને ભેદજ્ઞાનમાં આત્માનું વેદન થયું પછી ભેદજ્ઞાન કરવું નથી પડતું કે આ વિકલ્પ છે અને આ હું

છું, એ તો ભેદજ્ઞાન થયું ઈ થયું એ નિરંતર રહે છે. સમજાય છે કાંઈ? આહાહા..! આવો માર્ગ છે. આ દુનિયામાં બહારમાં રચ્યાપચ્યા (રહે). ધંધા, વેપાર અને ધર્મને બહાને ક્રિયાકાંડમાં રચ્યાપચ્યા રહે એને આ વાત આકરી પડે. શું થાય? બાપુ! માર્ગ તો આ છે, ભાઈ! જન્મ-મરણ કરી કરીને થોથા નીકળી ગયા છે, બાપા! એક શ્વાસમાં અઢાર ભવ નિગોદના. એક શ્વાસમાં અઢાર ભવ નિગોદના. એમ અનંતવાર કર્યા છે. અને માતાના પેટમાં એકવાર કહ્યું હતું ને? એકવાર (માતાના પેટમાં) રહે તો બાર વર્ષ રહે. એવો પાઠ છે. સવા નવ મહિના સાધારણ નિયમ છે. અમારી કાઠિયાવાડીમાં ભાષામાં એને છોડ કહે છે. પેટમાં બાળક રહે તો ઉત્કૃષ્ટ બાર વર્ષ રહે. એને કેટલું દુઃખ હશે? ઊંધે માથે લટકે. આહાહા..! શ્વાસ લેવાનું સ્થાન નહિ. આહા..! માતા ખાય એનું એંઠું (ખાય). એંઠાને શું કહે છે? જૂઠા. એંઠ અંદર પડે. આહાહા..! પ્રભુ તો એમ કહે છે એકવાર એમ થાય અને બીજી વાર પણ એમ થાય કે દેહ છૂટીને પાછો ત્યાં ને ત્યાં બીજી વાર આવે. બીજા બાર વર્ષ અથવા બીજી સ્ત્રીની કૂંખે. ચોવીસ વર્ષની કાયસ્થિતિ ગર્ભમાં રહેવાની છે. એવું તો અનંતવાર કર્યું છે. એકવાર નહિ, અનંતવાર. આહાહા...! એમાંથી નીકળવાનો ઉપાય તો આ એક છે. આહાહા..! સમજાય છે કાંઈ?

હું શુદ્ધ ચિદાનંદ પ્રભુ કોઈનું કાર્ય નહિ અને કોઈથી મારામાં કાર્ય થતું નથી. આહાહા..! એ કેટલામો થયો? ૭૯? ૭૯. હવે ૮૦.

(ઉપજાતિ)

एकस्य भावो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।३५-८०।।

**અર્થ : જીવ ભાવ છે (અર્થાત્ ભાવરૂપ છે) એવો એક નયનો પક્ષ છે અને જીવ ભાવ નથી (અર્થાત્ અભાવરૂપ છે) એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૩૫-૮૦.**

## કળશ-૮૦ ઉપર પ્રવચન

एकस्य भावो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।

यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।३५-८०।।

એ તો આત્મા તે આત્મા જ છે. આનંદ તે આનંદ છે, જ્ઞાન તે જ્ઞાન જ છે. આહાહા..! એકનો પક્ષ છે કે ભાવરૂપ આત્મા છે. ભાવ.. ભાવ. વાત સાચી કે ભાવરૂપ છે ખરો. પણ એ પક્ષનો વિકલ્પ છે એ જૂઠો છે. ભાવરૂપ છે. બીજા નયનો પક્ષ છે કે ભાવ નથી, અભાવરૂપ છે. પરની અપેક્ષાએ અભાવરૂપ છે, સ્વની અપેક્ષાએ ભાવરૂપ છે. પણ એ અભાવરૂપ છે ઈ વ્યવહારનયનો પક્ષ છે. ભાવરૂપ છે એ નિશ્ચયનો પક્ષ છે. સમજાય છે કાંઈ? પણ ભાવ.. ભાવ.. ભાવ.. ભાવ.. ભવન.. ભાવ એવો વિકલ્પ છે એ પક્ષ છે. આહાહા..! એ આવ્યું ને?

**'જીવ ભાવ નથી (અર્થાત્ અભાવરૂપ છે) એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે...'** જ્ઞાનસ્વરૂપ ભગવાન તો આત્મા (છે). એ જાણનાર-દેખનાર છે. વિકલ્પ-ફિકલ્પ એમાં છે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? **'આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે.'** બે નયોના બે વિકલ્પ છે, પક્ષપાત છે. **'જે તત્ત્વવેદી...'** આહાહા..! એ પણ એક મત છે, હોં! (સંવત) ૧૯૮૯નું ચોમાસુ હતું ને? 'રાજકોટ'માં. એક 'રાણપુર'વાળો વીસાશ્રીમાળી દેરાવાસી આવ્યો હતો. મને આમ થયું છે ને અનુભવ છે. વસ્તુ છે કે નહિ? તો કહે, વસ્તુ નથી. કાંઈ ખબર નહિ અને ચડાવી દીધા. વસ્તુ નથી. વસ્તુ નથી તો ભાવ છે કે નહિ? તો કહે, ભાવ-બાવ નથી. આહાહા..!

બે મહિના પહેલા એક આવ્યો હતો. કહ્યું હતું ને? હું તીર્થંકર છું. અચ્છા! 'ચાંદમલજી' 'પ્રતાપગઢ'વાળા આવ્યા હતા. નથી સાંભળ્યું? એક મહિના પહેલા પત્ર આવ્યો હતો કે હું તીર્થંકર છું. સલાકાપુરુષના સંઘ સાથે જન્મ્યો છું. ચોવીસ તીર્થંકરની ચોવીશી અમારાથી થઈ ગઈ છે. હું ત્યાં આવવાનો છું તો મારી સગવડ કરી રાખશો. અહીં આવ્યા. અહીં તો સગવડ છે નહિ. એણે કહ્યું કે આશ્રમ બનાવો. અમારા જેવા આવે એના માટે આશ્રમ બનાવો. હું તીર્થંકર છું. ચાર ઘાતિકર્મનો નાશ થયો છે. હું સાચું કહું છું. અરે..! ભગવાન! આ ક્યાં આવી પડ્યા? કહો, આવા પણ માણસ છે. આવી સ્થિતિ બહાર આવી. આટલું આટલું તત્ત્વ (બહાર આવ્યું)..

મુમુક્ષુ :- પૈસા નહોતા.

ઉત્તર :- ભગવાન પાસે ક્યાં પૈસા હતા ભગવાનને અઘાતિકર્મ હતા તો પૈસા નહોતા. મારે અઘાતિકર્મ બાકી છે તો પૈસા નથી. 'ચંદુભાઈ'! સાંભળ્યું હતું કે નહિ?

મુમુક્ષુ :- ડોકટર પાસે મોકલી દેવા જોઈએ.

ઉત્તર :- આમ પાછો દાંત કાઢે. મેં કીધું કે, ભાઈ! તું મિથ્યાદૃષ્ટિ છો. તો પણ પાછો ઉભો થઈને પગે લાગે, સ્પર્શ કરે. મેં કીધું, બાપુ! આવો હોય? અરે..! બાપા! સમ્યગ્દર્શન કોને કહેવું એની હજી ખબર નહિ અને કેવળી થઈ ગયા. પાત્ર સહિત કેવળી! વસ્ત્રનો ટુકડો હોય તોપણ મુનિ ન હોઈ શકે. છે દિગંબર પણ કાંઈ ભાન નહિ. મગજફેર. આહાહા..! એવી

આ જગતમાં ચીજ છે.

અહીં કહે છે, ભાવ. એ 'રાણપુર'નો આવ્યો હતો. ભાવ વળી શું? વસ્તુ કેવી? અરે..! જીવવસ્તુ? નહિ. અહીં તો કહે છે, ભાવ વસ્તુ છે. અનંત ભાવસંપન્ન પ્રભુ છે પણ વિકલ્પ કરવો એ પક્ષ નહિ. એને છોડીને તત્ત્વવેદી તો પોતાના આનંદનો અનુભવ કરે છે, પક્ષમાં રહેતા નથી. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ વદ ૬, શનિવાર, તા.૦૩-૦૯-૧૯૭૭
## કળશ - ૮૧ થી ૮૪, પ્રવચન - ૮૫

'કળશટીકા' ૮૦ ચાલ્યો ને? એક ભાઈનો પ્રશ્ન હતો કે આ બોલ સૂક્ષ્મ છે. સૂક્ષ્મ આવી ગયું ને? '**एकस्य सूक्ष्मो**' ૭૭. સૂક્ષ્મ એ આત્માનો સ્વભાવ છે. એક સૂક્ષ્મ કહે છે, બીજો કહે છે સૂક્ષ્મ નથી. એ તો સ્થુળ વ્યવહારનયના વિષયવાળા (કહે છે). એનો તો નિષેધ કરતા આવ્યા છીએ. અહીંયા તો આત્મામાં સૂક્ષ્મ નામનો ગુણ છે. એની પર્યાય કહેવામાં આવે તો અનંતી પર્યાય છે. જ્ઞાન સૂક્ષ્મ, દર્શન સૂક્ષ્મ, આનંદ સૂક્ષ્મ, અનંતગુણ સૂક્ષ્મ. હિન્દી ભાઈ આવ્યા હતા. 'ભાનુભાઈ'. સૂક્ષ્મ એ.

'ચિદ્‌વિલાસ'માં લીધું છે અને 'અધ્યાત્મ પંચસંગ્રહ'માં 'સવૈયા'માં સૂક્ષ્મ લીધું છે. એમાં ઘણી સૂક્ષ્મ વાત લીધી છે. સૂક્ષ્મ ગુણ છે. જ્ઞાન, દર્શનમાં સૂક્ષ્મતા છે એ સૂક્ષ્મતા છે એ સૂક્ષ્મગુણની પર્યાય છે, એમ લીધું છે. ભેદ છે. સમજાય છે કાંઈ? ત્યાં શબ્દ તો પર્યાય વાપર્યો છે. સૂક્ષ્મગુણની પર્યાય. પણ એનો અર્થ ઈ. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ ગુણ છે. જ્ઞાનમાં સૂક્ષ્મતા, દર્શનમાં સૂક્ષ્મતા, અનંતગુણમાં સૂક્ષ્મતા છે. એમ હોવા છતાં હું સૂક્ષ્મ છું અને અનંતગુણ સૂક્ષ્મ છે એવો વિકલ્પ ઉઠાવવો એ બંધનું કારણ છે. આહાહા..! સ્થુળ છું, સૂક્ષ્મ નથી એ વાત તો અહીંયા છે જ નહિ. એ તો કાઢી નાખી. પણ સૂક્ષ્મ વસ્તુ છે અને અનંતગુણની સૂક્ષ્મતા, સૂક્ષ્મની અનંતગુણની પર્યાય છે, ભેદ છે. એવો પાઠ છે. સવૈયામાં 'ચિદ્‌વિલાસ'માં પાઠ છે. વાંચ્યું છે ને? ભાઈ તમે વાંચ્યું છે ને? નથી વાંચ્યું? એમને તો ... ઘણું વાંચે છે, આ નહિ વાંચ્યું હોય. સવૈયામાં લીધું છે.

ગુણ સૂક્ષ્મ કે અનંત પર્યાય. પર્યાયનો અર્થ ભેદ. 'દીપચંદજી'એ લીધું છે. એવી જ વાત 'ચિદ્‌વિલાસ'માં લીધી છે. એક સૂક્ષ્મ ગુણની અનંત પર્યાય. જ્ઞાન સૂક્ષ્મ, દર્શન સૂક્ષ્મ, વીર્ય સૂક્ષ્મ, સુખ સૂક્ષ્મ, સર્વ ગુણ સૂક્ષ્મ. તો સૂક્ષ્મ ગુણના પર્યાય અનંત ઠર્યા. આહાહા..! અનંતગુણમાં સૂક્ષ્મનો વિસ્તાર થયો છે.

મુમુક્ષુ :- સૂક્ષ્મ ગુણમાં અનુજીવીને પ્રતિજીવી ગુણ...

ઉત્તર :- એ ખ્યાલમાં છે. એ ખ્યાલ તો આવી ગયો છે. હમણાં પહેલો વહેલો આવી ગયો છે. નામકર્મનો અભાવ એ સૂક્ષ્મ પ્રતિજીવી (ગુણ) છે. એ પ્રશ્ન આવી ગયો છે પણ

કીધું બહાર ન મુકવો બહુ. નામકર્મના અભાવમાં અમૂર્તને સૂક્ષ્મમાં નાખ્યું છે. એ પ્રતિજીવી છે અને આ જીવ તો મુખ્ય વસ્તુ છે. સમજાય છે કાંઈ? ભાઈનો પ્રશ્ન સ્થાને છે. મારા મગજમાં પહેલું આવ્યું હતું. ભાઈએ પ્રશ્ન કર્યો ત્યારથી આવ્યું હતું. 'ભાનુભાઈ'એ.

સૂક્ષ્મ નામકર્મનો અભાવ એ અભાવ પ્રતિજીવી સૂક્ષ્મગુણ છે અને આ.. જેમ અગુરુલઘુ ગોત્રકર્મનો નાશ થવાથી (પ્રગટ થાય) એ પ્રતિજીવી ગુણ છે. અને અસ્તિત્વ, વસ્તુત્વ આદિ છ સામાન્ય ગુણમાં અગુરુલઘુ છે એ અનુજીવી ગુણ છે. સમજો, સમજાય એટલું સમજો. આ તો અગાધ દરિયો છે. આહાહા..! ભગવાનઆત્મા... 'જિનેશ્વરદાસજી' ત્યાં બેઠા છે. ઠીક. રસ છે. આહાહા..! કેટલામો આવ્યો? ૭૭.

**'एकस्य सूक्ष्मो न तथा परस्य'** એ સૂક્ષ્મ ગુણ લેવો. જેમ જ્ઞાનગુણ છે એવો સૂક્ષ્મગુણ છે. સમજાય છે કાંઈ? અને એ સૂક્ષ્મગુણની પર્યાય ગણવામાં આવી છે. અહીંયા અને 'ચિદ્‌વિલાસ' બેયમાં, હોં! અહીંયા પણ કહ્યું ને? જુઓ! ગુણ સૂક્ષ્મ કે અનંત પર્યાય. જ્ઞાન સૂક્ષ્મ, દર્શન સૂક્ષ્મ, વીર્ય સૂક્ષ્મ, સુખ સૂક્ષ્મ, સર્વ ગુણ સૂક્ષ્મ. સૂક્ષ્મગુણ કા પર્યાય સૂક્ષ્મ અનંત ફૈલા. આવો વિસ્તાર 'દીપચંદજી' સિવાય કોઈએ કર્યો નથી. શક્તિનું અને ગુણનું વર્ણન.. ઘણો ક્ષયોપશમ, ઘણો ક્ષયોપશમ. કેટલીક વાત તો પકડાય નહિ. એટલો ક્ષયોપશમ ઓછો છે. એમનો ક્ષયોપશમ તો ઘણો છે. ત્યાં પણ એ લીધું છે. આ 'ચિદ્‌વિલાસ' પણ એમનું છે. આ લ્યો, ઈ આવ્યું, હોં! મેં કીધું, ક્યાં હશે?

એક સૂક્ષ્મગુણકી અનંત પર્યાય હૈં. 'ચિદ્‌વિલાસ'માં પાનું ૭ છે. 'એક સૂક્ષ્મગુણકી અનંત પર્યાયેં હોતી હૈં. જ્ઞાન સૂક્ષ્મ હૈ, દર્શન સૂક્ષ્મ ઔર ઈસી પ્રકાર સભી ગુણોંકો ઐસે હી સૂક્ષ્મ જાનના. સૂક્ષ્મકી પર્યાયે (ભી સૂક્ષ્મ) હૈં.' આહાહા..! 'સૂક્ષ્મગુણકા જ્ઞાન સૂક્ષ્મ પર્યાય...' આવી વાત બીજે ક્યાંય લીધી નથી. એનો ભેદ. અહીંયા તો કહે છે કે હું સૂક્ષ્મ છું... છે સૂક્ષ્મ પણ હું સૂક્ષ્મ છું એવો વિકલ્પ ઉઠાવવો એ પક્ષ છે. એ સૂક્ષ્મનો પક્ષ છે. વસ્તુ પક્ષાતિક્રાંત છે. આહાહા..! સમજાય છે કાંઈ? ઈ શું કહ્યું?

હું સૂક્ષ્મ છું એવી જે વિકલ્પ વૃત્તિ ઉઠે છે... એ તો પહેલા કહ્યું હતું. પંડિતજીને બતાવ્યું હતું, તેથી શું? તત્ કિમ? હું સૂક્ષ્મ છું એવા વિકલ્પમાં આવ્યો, બીજી વાત તો ક્યાંય રહી ગઈ, ઇન્દ્રિય, શરીર ને વાણી ને પર, તો રાગ પરમાં રહી ગયો, એ તો પહેલા આવી ગયું છે. પણ હું સૂક્ષ્મ છું અને અનંતગુણ સૂક્ષ્મ છે, છે ઈ બરાબર છે, પણ એમાં વૃત્તિ ઉઠાવવી કે હું સૂક્ષ્મ છું એનાથી શું લાભ છે? આહાહા..! સમજાય છે કાંઈ? બન્ને ગ્રંથમાં છે. 'ચિદ્‌વિલાસ' અને 'અધ્યાત્મ પંચસંગ્રહ'. બધું જોયું છે ને. ઘણી વાર જોયું છે ઈ તો. અહીં તો ધંધો જ આ એક છે. આહાહા..?

એનો નિચોડ શું છે? બધું જાણે, જ્ઞાનમાં આવે, હોય પણ હું સૂક્ષ્મ છું એવા વિકલ્પનો પણ પક્ષ છોડી દે. આહાહા..! ભગવાન આનંદરસનું વેદન કર તો એ સૂક્ષ્મનું ફળ આવ્યું. સમજાય છે કાંઈ? અને કરવાલાયક હોય તો આ કરવાલાયક છે, બસ. આ એક જ છે. લાખ જાણપણું હો, બીજા અનેક પ્રકાર હોય, ક્ષયોપશમ બહુ હોય.. 'પ્રવચનસાર'માં 'અમૃતચંદ્રાચાર્યે' કહ્યું ને? અલમ. આવે છે? વિશેષ જ્ઞાનના ક્ષયોપશમથી અલમ-બસ

થાઓ. અમે તો પૂર્ણાનંદના નાથના દૃષ્ટિ અને અનુભવમાં રહીએ એ અમારી ચીજ છે. કરવાલાયક હોય તો આ છે. આહાહા..! લાખ વાતની વાત, આવે છે ને 'છ ઢાળા'માં? 'લાખ બાતકી બાત નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ ફંદ નિજ આતમ...' નિજ આતમ, ભગવાન પણ નહિ. આહાહા..! ભગવાન અનંત આનંદકંદ પ્રભુના વિકલ્પનો પક્ષ છોડી 'નિજ આતમ ધ્યાવો'. આહાહા..! વસ્તુ તો આ છે. લાખ શાસ્ત્ર ભણે અને દુનિયાને સમજાવવામાં વિકલ્પ ઉઠે અને સમજાવે પણ કરવાનું તો આ છે. આહાહા..! જેમાં જન્મ-મરણનો અંત આવી જાય અને જેના ફળમાં અનંત અનંત આનંદની પ્રાપ્તિ થાય, એ નિર્વિકલ્પ વેદન કરવું એ ચીજ છે. સમજાય છે કાંઈ? આહાહા...! એ સૂક્ષ્મનો બોલ ભાઈએ પૂછ્યો હતો. ઈ આ છે.

હવે આપણે અહીંયા, ૮૧. ૮૧ આવ્યો ને?

(ઉપજાતિ)

एकस्य चैको न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।३६-८१।।

**અર્થ : જીવ એક છે એવો એક નયનો પક્ષ છે અને જીવ એક નથી (અનેક છે) એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૩૬-૮૧.**

## કળશ-૮૧ ઉપર પ્રવચન

एकस्य चैको न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।३६-८१।।

'**જીવ એક છે...**' સર્વ જીવ તરીકે એક એમ નહિ. જીવમાં અનંતગુણ છે, અનંતી પર્યાય છે પણ વસ્તુ તરીકે એક છે. એ અસ્તિ નિશ્ચયનયનો વિષય (થયો). જીવ એક છે. આહાહા..! સર્વ જીવ તરીકે એક છે એમ નહિ. વેદાંત સર્વવ્યાપક કહે છે એમ છે જ નહિ. અહીં તો આત્મા એક ભગવાનઆત્મા ગુણ અને પર્યાયના ભેદ વિનાનો અભેદ સત્તાસ્વરૂપ પ્રભુ એક છે ત્યાં સુધી આવ્યો અને વિકલ્પ ઉઠાવ્યો, અહીંયા સુધી આવ્યો કે હું એક છું.

શરીર, વાણી, મન તો નહિ સ્ત્રી, કુટુંબ, પરિવાર તો મારા નહિ એ અનેક તો નહિ પણ નિશ્ચયમાં ગુણની અનંતી શક્તિ અને અનંતી પર્યાયનો ભેદ પણ હું નહિ. હું તો એક છું. આહાહા..! સમજાય છે કાંઈ?

એક છું એવો જે વિકલ્પ.. આગળ શ્લોક કહેશે. સ્વેચ્છા વિના વિકલ્પ ઉઠે છે, સ્વભાવમાં નથી. આ પૂરું થશે ને. શ્લોક છે. ૯૦. ૯૦ શ્લોક છે ને? આ બધા શ્લોક પૂરા થયા પછી ૯૦ શ્લોક આવશે. સ્વેચ્છા. સ્વેચ્છા એ શબ્દ પડ્યો છે. ૯૦ શ્લોક. ૯૦ નથી સમજતા? નબ્બે. આ તો હજી પક્ષપાતની વાત છે. પછી એ બધાનો સરવાળો લે છે. '**स्वेच्छासमुच्छलदनल्पविकल्पजालम**' કલ્પનાથી વિકલ્પ ઉઠે છે, સ્વભાવમાં નથી. આહાહા..! સમજાય છે કાંઈ? હું એક છું, એવા વિકલ્પની વૃત્તિના આંગણે આવ્યો પણ એ આંગણું છોડ્યા વિના અંદર પ્રવેશ નહિ થાય. સમજાય છે કાંઈ? 'આ ઝવેરીની દુકાન છે' એમ આંગણે ઉભો ઉભો બોલે, પણ અંદર પ્રવેશ કર્યા વિના ઝવેરીની દુકાનનો ખ્યાલ નહિ આવે. આહાહા..! એમ વિકલ્પના આંગણે આવ્યો કે હું એક છું, એવો એક નયનો પક્ષ છે. આહાહા..! છે? એક 'એક છે એવો એક નયનો પક્ષ છે...'

'**અને જીવ એક નથી...**' અનંતગુણ અને અનંતીપર્યાય તો અનેક છે. એ વ્યવહારનયનો પક્ષ છે. આહાહા..! આને વ્યવહાર કહીએ. સમજાય છે કાંઈ? ગુણ અનંત છે અને પર્યાય અનંત છે એ અપેક્ષાએ જીવ અનેક છે. એ તો વ્યવહાર થયો. એને તો અમે પહેલેથી છોડાવતા આવ્યા છીએ પણ જીવ એક છે, એવો વિકલ્પ જે ઉઠે છે... આહાહા..! એ વિકલ્પ પણ છોડી દે. હું એક છું એવા વિકલ્પમાં આવ્યો, તેથી શું? એનાથી તારા આત્મામાં શું લાભ થયો? આહાહા..! આ તો પૈસા મળ્યા ને બાયડી અનુકૂળ ને આબરૂ મોટી... ધૂળમાં પણ નથી, સાંભળને. ગાંડો થઈ ગયો છે.

અહીંયા તો પરમાત્મા ત્યાં સુધી વાત કરે છે, પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. હું અનંત ગુણના પિંડરૂપ એક છું. ગુણ અનેક છે, દ્રવ્ય એક છે, દ્રવ્ય અનેક નથી. ગુણ અનેક છે. પર્યાય અનંત છે, દ્રવ્ય તો એક જ છે. એમ દ્રવ્ય ઉપર દૃષ્ટિ દેતાં હું એક છું એમાં પણ રાગની વૃત્તિ ઉઠી, વિકલ્પ ઉઠે છે એનાથી તને શું લાભ છે? આહાહા..! વ્યવહાર રત્નત્રયથી તો તને શું લાભ છે? એ તો રાગ છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, ભક્તિ, પૂજાનો ભાવ આવે છે, હોય, પણ તે હેય છે. તેનાથી આત્માને શું લાભ થયો? એમ કહે છે. વ્યવહાર રત્નત્રયમાં આવ્યો એમાં આત્માને શું લાભ થયો? એ તો એક કોર રહી ગયું. પણ નિશ્ચયના પક્ષમાં વિકલ્પ આવ્યો તેથી તને શું લાભ થયો? આહાહા..! 'ધન્નાલાલજી'! આવો માર્ગ છે, પ્રભુ! આહાહા..!

જીવ '**(અનેક છે) એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે.**' આહાહા..! હવે '**તત્ત્વવેદી...**' તત્ત્વ નામ ચિદાનંદ ભગવાનને વેદનાર, અનુભવનાર સમ્યગ્દૃષ્ટિ. આહાહા..!

બેનનું પુસ્તક વાંચ્યું, ભાઈ! બહુ સરસ.. બહુ સરસ! આહા..! આ તો 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'થી પણ પુસ્તક ચડી જાય એવી બેનની વાણી અંદર છે. ૧૪૪ પાના વાંચ્યા છે હજી.

થોડા બાકી છે. મેં તો 'રામજીભાઈ'ને કહ્યું, બહુ સરસ પુસ્તક. આ પુસ્તક તો ઘણા ખપી જશે અને આનો પ્રચાર જેમ થાય એમ કરવા જેવો છે. હિન્દી ભાષામાં (થાય). એ કહ્યું હતું, ભાઈએ કહ્યું હતું. 'પદમચંદજી'. હિન્દીમાં બનાવવું. વાત તો એવી છે. હિન્દીમાં આખું પુસ્તક બનાવવું. કાલે વાંચીને એમ થયું. એકલું માખણ છે. અતીન્દ્રિય આનંદ... અતીન્દ્રિય આનંદ.. અતીન્દ્રિય આનંદ... વસ્તુ તો આ છે. આહાહા..! ભાષા સાદી. 'રામજીભાઈ'એ કહ્યું, ભાષા તદ્દન ચાલતી સાદી ભાષા અને માલ ઊંચો!

અહીં કહે છે, '**તત્ત્વવેદી...**' પહેલા પક્ષ કહ્યો. હવે તત્ત્વવેદી પક્ષ છોડી દે છે. એને તત્ત્વવેદી કહ્યો. ચૈતન્યતત્ત્વ ભગવાનઆત્મા અનાકુળ આનંદસ્વરૂપ, એવા તત્ત્વને વેદનાર, અનુભવનાર આસ્વાદ લેનાર પક્ષથી અતિક્રાંત છે. આહા..! આ વાત આવી લોકોને એવી લાગે... લોકો વિરોધ કરે. અરે..! પ્રભુ! વિરોધ ન કરવો, નાથ! તારી ચીજ એવી છે, ભગવાન! તારામાં વિકલ્પ ઉઠે છે એને કળશમાં સ્વેચ્છા કહેશે. સ્વેચ્છા વિના સ્વભાવમાં એવી વૃત્તિ ઉઠે છે, બધા વિકલ્પ છે. આહા..! એ પણ તને લાભદાયક નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- તત્ત્વવેદી સમ્યગ્દૃષ્ટિ છે કે સમ્યગ્જ્ઞાની છે?

ઉત્તર :- સમ્યગ્દૃષ્ટિ અને સમ્યગ્જ્ઞાની, બેય છે. વેદનાર લેવો છે ને? તો સમ્યગ્દૃષ્ટિ પણ છે અને સમ્યગ્જ્ઞાની પણ છે, ચારિત્રમાં સ્થિરતાવાન પણ છે. પ્રશ્ન ઠીક કર્યો. ત્રણેય આવ્યા. તત્ત્વ ચૈતન્ય ભગવાન અનાકુળ આનંદકંદ પ્રભુ, આહાહા..! તત્ત્વવેદી શબ્દ અંદર છે. તત્ત્વને વેદનાર, તત્ત્વની પ્રતીતિ કરનાર, તત્ત્વનું જ્ઞાન કરનાર અને તત્ત્વને વેદનાર. ત્રણે એક સમયમાં છે. આહાહા..! આવો માર્ગ. આહાહા..!

'**તત્ત્વવેદી પક્ષપાતરહિત છે...**' છે શબ્દ? હું એક છું એવા વિકલ્પના પક્ષપાતથી પણ રહિત છે. આહાહા..! આને જાણ્યું એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને વેદન છે. આહાહા..! ગમે એટલો ક્ષયોપશમ હોય.. 'અમૃતચંદ્રાચાર્ય' 'પ્રવચનસાર'માં કહે છે, અમારી ચીજ એવી પૂર્ણાનંદનો નાથ, એની દૃષ્ટિ થઈ છે. આહાહા..! સંત તો ચારિત્રવંત હતા. રમણતા પણ અમને થઈ છે, હવે વિશેષ ક્ષયોપશમથી અલમ. આહાહા..! વિશેષ જ્ઞાનનો વિકાસ હો ન હો, બસ થાઓ. આહાહા..! 'ડાહ્યાભાઈ'! વિશેષ આવડત હો ન હો, સમજાવતા આવડે ન આવડે, બસ થાઓ. અમારી ચીજ પૂર્ણાનંદનો નાથ દૃષ્ટિમાં આવ્યો છે અને એમાં સ્થિરતા છે, બસ. અમારે વિશેષ ક્ષયોપશમ જ્ઞાનની જરૂર નથી.

મુમુક્ષુ :- આનંદ ચાહિયે.

ઉત્તર :- અતીન્દ્રિય આનંદ એક બસ છે. આહાહા..! ભગવાનમાં રસકસ થયો, રસબોળ (થયો). જેમ પૂરણપોળી કરે છે ને? શું કહે છે? પુરણપોળી નથી કરતા? એને ઉની ઉની કરીને ઘીમાં નાખે. ઘીની તપેલીમાં નાખે. ઊંચી કરે ત્યાં ઘી નીતરે.

અમારા ઘરમાં (સંવત) ૧૯૫૭માં મોટા ભાઈ ગુજરી ગયા હતા. ૧૯૫૭ની સાલ. નાની ઉંમરમાં ગુજરી ગયા હતા એટલે પકવાન તો કરી શકાય નહિ. મહેમાન આવે એટલે. રોટલી કરતાં. પણ રોટલી એવી અપાય.. તે દિ' તો ઘી ૧૯-૨૦ રૂપિયાનું મણ હતું.

ઉતારીને એમાં નાખે અને ઈ રોટલી પીરસે. ગોળ પીરસે એમાં ઘી કેટલું જાય. કારણ કે મરણ આવું થયું છે તો પકવાન નહિ આપવું. રોટલી ઘીમાં (બોળે). ઉનું ઉનું હોય... શું કહેવાય પેલું? પકડવાનું. પકડવાની સાણસી. સાણસીથી પકડીને ઊંચું કરે ત્યારે ઘી ટપકે. એ નાખે. અહીં આનંદનો રસ ટપકે એને અનુભવે. આહાહા..!

ભગવાન આનંદથી ભરેલો છે. એને વિકલ્પાતીત થઈને તત્ત્વવેદી થા. આહાહા..! કરવાનું આ છે. અને એમાં કૃત્યકૃત્યતા છે. દ્રવ્ય તો કૃત્ય કૃત્ય છે જ પણ વેદન આવ્યું એમાં કૃત્યકૃત્ય થઈ ગયા. આહાહા..! સમજાય છે કાંઈ? આવો માર્ગ છે, ભગવાન!

મુમુક્ષુ :- સુખડીમાં જેવો આનંદ આવે એવો જ આનંદ તત્ત્વવેદીને આવે?

ઉત્તર :- એનાથી તો અનંતગુણો. એ તો ધૂળમાં આનંદ નથી, ન્યાં તો માને છે. આ તો મેં જોયું હતું. નાની ઉંમર હતી, અગિયાર વર્ષની ઉંમર હતી. મોટાભાઈ ગુજરી ગયા હતા. આઠ વર્ષના લગન હતા. એક જ દીકરો હતો. મહેમાન આવે. જુવાન માણસ મરી ગયા એટલે સુખડી કરીને દેવાય નહિ. પણ એના કરતાં ખર્ચ આમાં વધી જાય. પણ લોકની પ્રથા બધી એવી. 'પોપટભાઈ'! તમારી વાણિયાની પ્રથા બધી એવી કે એને પકવાન ન દેવાય. અને ઘીમાં બોળીને દેવામાં ખર્ચ વધી જાય. અને ઘર સાધારણ હોય.

મુમુક્ષુ :- આપને ઘણું યાદ છે.

ઉત્તર :- ૧૯૫૭ની સાલનું યાદ છે. સમજાય છે કાંઈ?

અહીં કહે છે, પ્રભુ! એકવાર રસબોળ આત્મામાં થઈ જાય. આહાહા..! એનું નામ વીતરાગ શાસન છે, એનું નામ વીતરાગ ધર્મ છે, એનું નામ મોક્ષનો માર્ગ છે. આહાહા..! સમજાય છે કાંઈ? જેને પર્યાયમાં રસબોળ વેદન થઈ ગયું. આહાહા..! સ્વસંવેદન આવી ગયું ને? સ્વસંવેદન-સ્વ નામ પોતાનું, સં નામ પ્રત્યક્ષ આનંદનું વેદન થવું એને તત્ત્વવેદી કહેવામાં આવે છે. પક્ષમાં રાગનું વેદન થાય એ તો દુઃખનો વેદનાર છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભાષા! ગાથા તો જુઓ! આહાહા..! 'અમૃતચંદ્રાચાર્યે' અમૃત રેડ્યા છે. આહાહા..!

મુમુક્ષુ :- સ્પષ્ટીકરણ આપનું આવ્યું તેથી માલૂમ પડે છે.

ઉત્તર :- અંદર છે ને. કહ્યું હતું ને? ૯૬ ગાથામાં. મૃતક કલેવરમાં અમૃતસાગર મૂર્છાઈ ગયો છે. આહાહા...! અમૃતનો સાગર ભગવાન આ મૃતક કલેવર-મડદામાં, આ પરમાણુ તો મડદું છે, એ મડદામાં એમૃત સાગર મૃતક કલેવરમાં મૂર્છિત (થઈ ગયો છે). ત્રણે મ.મ. આવ્યા. આ અમૃતસાગર. મૃતક કલેવર અને મૂર્છા. એમ રાગમાં મૂર્છિત થઈ ગયો છે, કહે છે. આહાહા..! હું એક છું એવા વિકલ્પમાં મૂર્છિત થઈ ગયો. ખરેખર તો વિકલ્પ એ મડદું છે. કેમકે ચૈતન્યના પ્રકાશનો એમાં અભાવ છે. આહાહા..!

હું એક છું એવો વિકલ્પ, રાગ અચેતન છે. એ ચેતન નહિ. એ અજીવ છે, જીવ નહિ. એ જડ છે, ભગવાનઆત્મા નહિ. આહાહા..! '**પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.**' આહાહા..! જ્ઞાનસ્વરૂપી. જ્ઞાનના વેદનમાં જ્ઞાન જ છે, એમાં કોઈ રાગાદિ નથી. ૮૧ થયો ને? ૮૨.

(ઉપજાતિ)

एकस्य सांतो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।३७-८२।।

**અર્થ : જીવ સાન્ત (અન્ત સહિત) છે એવો એક નયનો પક્ષ છે અને જીવ સાન્ત નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૩૭-૮૨.**

## કળશ-૮૨ ઉપર પ્રવચન

एकस्य सांतो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।३७-८२।।

'**જીવ સાન્ત (અન્ત સહિત) છે એવો એક નયનો પક્ષ છે...**' પર્યાય છે ને? પર્યાય સાંત છે તો જીવ સાંત છે એવો એક વ્યવહારનો પક્ષ છે. સમજાય છે કાંઈ? એના ચાર પ્રકાર છે. એક તો વસ્તુ અનાદિઅનંત છે. એક વાત. અનાદિ છે અને પર્યાયનો અંત આવે છે તેથી અનાદિસાંત છે અને સાદિઅનંત છે. નિર્મળ પર્યાયની સાદિ-ઉત્પત્તિ થઈ, અનંતકાળ દ્રવ્યમાં રહે છે તેથી સાદિઅનંત છે. એક ભંગ અનાદિઅનંત થયો, એક ભંગ અનાદિસાંત થયો, એક સાદિઅનંતનો થયો. એક ભંગ (એ છે કે) એક સમયની પર્યાય ઉત્પન્ન થઈ અને સાંત છે. એક સમયની પર્યાય ઉત્પન્ન-ધ્વંસી છે. તેથી તે સાંત છે. એકલી સાંત છે. પર્યાય એકલી સાંત છે. સાદિસાંત અને એકલી સાંત. એક જ સમયની પર્યાય, બસ. આદિ પણ એ અને અંત પણ એ, બીજો કોઈ સમય નથી એમાં. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ચારમાંથી એક લીધો.

ઉત્તર :- એક લેવો, બસ. તેથી કહ્યું. એક સમયની પર્યાય લેવી. અનાદિસાંત અહીંયા ન લેવું. સાદિઅનંત પણ ન લેવું, અનાદિઅનંત પણ ન લેવું, એક સમયની પર્યાય સાંત, એ લેવું. એ વ્યવહારનો પક્ષ છે. એનો તો નિષેધ કરતા આવ્યા જ છીએ, કહે છે. આહાહા..! આપણે 'ચિદ્‌વિલાસ'માં આવે છે. 'ચિદ્‌વિલાસ'માં ચાર બોલ આવે છે. 'ચિદ્‌વિલાસ' છે ને? 'દીપચંદજી'એ બહુ સ્પષ્ટ કર્યું છે. એટલું સ્પષ્ટ કર્યું છે કે સવૈયામાં ગુણના બોલ એટલા સ્પષ્ટ કર્યા છે, એ સમજાવી શકાય નહિ, પકડી શકાય નહિ. બહુ.. બહુ 'દીપચંદજી'એ બહુ કામ

કર્યું છે. ગૃહસ્થાશ્રમી હતા, તેથી શું થયું? સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન તો જેવું કેવળીને છે એવું સમ્યગ્દર્શન આ છે. દર્શનમાં કંઈ ફેર છે? સ્થિરતામાં ફેર છે. એ તો હોય. સમજાય છે કાંઈ? આહા..! સ્થિરતામાં અલ્પપણું છે તેથી તો સમ્યગ્દૃષ્ટિ પોતાને પર્યાયમાં પામર માને છે. વસ્તુએ (ભગવાન માને છે), પર્યાયમાં પામર માને છે. અરે..! મારી પર્યાય ક્યાં.. અને ચારિત્રની અને અનંત કેવળજ્ઞાનની પર્યાય ક્યાં..! હું બહુ પામર છું. પર્યાયમાં, હોં! દ્રવ્યમાં તો પૂર્ણ પ્રભુતા છે. ઈ કહે છે, જુઓ!

'**જીવ સાન્ત નથી...**' બીજો નય. આ નિશ્ચયનય છે. સાંતનયે અનાદિઅનંત છે. જેની શરૂઆત પણ નથી અને જેનો અંત પણ નથી. અનાદિનિધન, અનાદિનિધન. અણ આદિ-અ નિધન. આદિ નહિ અને અનિધન-અંત નહિ. એવો શબ્દ આવે છે ને? અનાદિનિધન. એ હું અનાદિનિધન છું. સાંત નથી. એવો વિકલ્પ આવ્યો... આહાહા..! હવે અહીં તો (એમ પ્રરૂપણા કરે) શુભજોગ તે મોક્ષનો માર્ગ છે. અરેરે..! પ્રભુ! શું કરે છે? ભાઈ! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- કોઈ નય લગાવી દે...

ઉત્તર :- વ્યવહારનય હેય છે. વ્યવહારનય છે. નય લગાવી ને. હેય છે. પોતાનું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ઉપાદેય છે તો રાગ હેય છે. અને રાગ જ્યારે ઉપાદેય છે તો આત્મા હેય છે. અજ્ઞાનીને રાગ ઉપાદેય છે, વસ્તુ ભગવાનઆત્મા હેય છે. એ 'પરમાત્મ પ્રકાશ'માં (આવે છે). સમજાય છે કાંઈ? અને જેને ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અનંત સંપદા, અનંત સંપદાથી ભરેલો પ્રભુ ઉપાદેય છે અથવા એની સન્મુખ થઈ એનો આશ્રય કરવો એ ઉપાદેય છે તો રાગ હેય છે. આ વિકલ્પ પણ હેય છે. હું અનાદિઅનંત છું, એવો વિકલ્પ પણ હેય છે. આહાહા..! આવો માર્ગ છે. એ ૮૨ થયો ને?

'**જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી...**' છે? પહેલામાં તત્ત્વવેત્તા કહ્યું હતું ને? તત્ત્વવેતા-તત્ત્વનો જાણનાર. વેતા એટલે. વેતા. વાસ્તવિક જ્ઞાયકતત્ત્વનો જાણનાર વિકલ્પથી રહિત છે. આહાહા..! પાઠમાં તો ઈ છે ને? તત્ત્વવેદી. એનો અર્થ તત્ત્વવેતા કર્યો છે. સમજાય છે કાંઈ? દરેક પાઠમાં તો તત્ત્વવેદી શબ્દ છે. એનો અર્થ તત્ત્વવેતા કર્યો. તત્ત્વને જાણનાર, તત્ત્વને જાણનાર. એને જ્ઞેય બનાવીને જ્ઞાન થયું એ તત્ત્વને જાણનાર. રાગને અને પર્યાયને જ્ઞેય બનાવે એ તત્ત્વનો જાણનાર નથી. આહાહા..! તત્ત્વ ભગવાન પૂર્ણાનંદનો નાથ અનંત અનંત આનંદ ને શાંતિની સંપદાનું સરોવર, દરિયો, સાગર...! એનો વેદી-વેતા પક્ષપાતથી રહિત છે. આહાહા..! પછી એમ નથી, હોં! કે... શું કહ્યું? સાંત છે, સાંત નથી એવો વિકલ્પ ખોટો છે. સાંત નથી એ ચીજ ખોટી નથી. એ વળી પાછુ બીજું કાંઈક હશે. બીજી ચીજ તો હેય છે. અનાદિઅનંત ભગવાન પૂર્ણાનંદનો નાથ ધ્રુવસ્વરૂપ તો ભગવાન જ છે પણ એનો વિકલ્પ છોડવાલાયક છે. વિકલ્પ છૂટ્યા માટે અંદર કોઈ બીજી ચીજ હશે એમ નથી. સમજાય છે કાંઈ? કેટલાક કહે છે, આ તો એક પક્ષ છે માટે સર્વવ્યાપક એક ચીજ છે. આહાહા..! એમ નથી. આહા..!

'શ્રીમદ્'માં એક વાક્ય આવે છે એનો અર્થ કરે છે. 'ગોંડલ'માં એક હતો. શું નામ

ભાઈ? 'ગોંડલ'માં એના ભગત હતા, એની દીકરી અહીં રહેતા. 'બનારસીભાઈ' હતા. એની દીકરી 'બાબુભાઈ'ના મકાનમાં નીચે રહેતા હતા. એની દીકરી. એના બાપ હતા. એ સમજે નહિ કાંઈ પછી એવો અર્થ કર્યો, 'દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે' 'અપૂર્વ અવસર'માં એ શબ્દ આવ્યો છે. એનો અર્થ એવો કર્યો કે દર્શનમોહ નામ ગમે તે દર્શન હો, એનો મોહ છોડી દે. જૈનદર્શનને પણ છોડી દે. આવા અર્થ કરે. '**દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે...**' કોઈપણ દર્શનનો પક્ષપાત નહિ. પક્ષપાત નહિ એ તો વિકલ્પ નહિ (એમ કહેવું છે). સમજાય છે કાંઈ? પણ જૈનદર્શન એ તો વસ્તુનું સ્વરૂપ છે. એ કોઈ પક્ષ નથી, કોઈ કલ્પના નથી, કોઈ એક સમયની દશા નથી. આહાહા..! ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ.... નિત્ય પછી આવશે, કર્તા આવશે. એ તો ત્રિકાળી જ્ઞાયકભાવ અનાદિઅનંત પ્રભુ (છે). અનાદિઅનંત એ તો કાળની અપેક્ષાએ કહ્યું. બાકી વસ્તુ એક સમયમાં આખી પૂર્ણ છે. સમજાય છે કાંઈ? એને વેદનાર, એનો આશ્રય લઈ સન્મુખ થનાર તત્ત્વવેતા,... એ તત્ત્વવેતા (છે). આહાહા..! આમ શાસ્ત્રવેતા ને એ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- તત્ત્વવેદી..

ઉત્તર :- એ તત્ત્વવેદી કહ્યું ને. તત્ત્વવેદીનો અર્થ તત્ત્વવેતા કહ્યો. આહા..! જાણનારો, તત્ત્વનો જાણનારો. પક્ષ છોડી દે. વસ્તુ ચિદાનંદ ભગવાન છે એનું જ્ઞાન થયું, બસ પક્ષપાત રહિત છે. હું એક છું, અનાદિઅનંત છું, સાંત નહિ એવો વિકલ્પ પણ ત્યાં નથી. આહાહા..! ત્યાં જવું એનું નામ ધર્મ છે. આવી વાત છે, ભાઈ! પહેલા શ્રદ્ધામાં તો એણે નિર્ણય કરવો પડશે કે ભગવાનઆત્મા વિકલ્પાતીત છે. એનો અનુભવ થાય એનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન છે. એ ૮૨ (કળશ પૂરો થયો). ૮૩.

---

(ઉપજાતિ)

एकस्य नित्यो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।३८-८३।।

**અર્થ : જીવ નિત્ય છે એવો એક નયનો પક્ષ છે અને જીવ નિત્ય નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૩૮-૮૩.**

## કળશ-૮૩ ઉપર પ્રવચન

एकस्य नित्यो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।३८-८३।।

**'જીવ નિત્ય છે એવો એક નયનો પક્ષ છે...'** નિત્ય છે એ તો યથાર્થ છે. ત્રિકાળની અપેક્ષાએ. પણ એનો વિકલ્પનો પક્ષ છે. વસ્તુ પક્ષાતિક્રાંત છે. પક્ષ છોડી દેવો, એમ કહે છે. **'અને જીવ નિત્ય નથી એવો બીજા નયનો પક્ષ છે;...'** અનિત્ય છે, પર્યાયે અનિત્ય છે. પણ પર્યાયે અનિત્ય એ તો વ્યવહારનયનો વિષય થયો. ત્રિકાળી નિત્ય છે એ નિશ્ચયનયનો વિષય છે. સમજાય છે કાંઈ?

એકવાર કહ્યું હતું. (સંવત) ૧૯૯૯ ની સાલમાં 'રાજકોટ' ચોમાસુ હતું. અહીંની અધ્યાત્મની વાત ચાલતી હતી. એક વેદાંતી બાવો સાધુ હતો. જૈનની છાપ તો બહારમાં એવી થઈ ગઈ કે વ્રત ને તપ ને અપવાસ ને ક્રિયા કરે એ જૈન. એણે સાંભળ્યું કે એક મહારાજ છે એ આત્માની, ધર્મની, અધ્યાત્મની વાત કરે છે. અરે..! જૈનમાં વળી આવું ક્યાં આવ્યું? સાંભળવા આવ્યો, ચર્ચામાં આવ્યો. વાંકાનેરના ઉતારે, ૧૯૯૯ ની સાલ. ચર્ચા કરતાં એમ આવ્યું કે જુઓ! ભાઈ! ભગવાનઆત્મા નિત્ય પણ છે અને અનિત્ય પણ છે. અનિત્ય? (આટલું સાંભળ્યું ત્યાં) ચાલ્યો ગયો.

પર્યાયે અનિત્ય (છે). અનિત્ય ન હોય તો નિર્ણય કરવો શેમાં? ધ્રુવમાં નિર્ણય કરવાનો છે? સમજાય છે કાંઈ? અનિત્ય ન હોય અને નિત્ય જ હોય તો નિર્ણય શું નિત્યમાં કરવાનો છે? નિર્ણય જે મિથ્યા છે એનો સમ્યક્ નિર્ણય કરવો એ તો પર્યાયમાં થાય છે, અનિત્યમાં થાય છે. અનિત્યથી નિત્યનો નિર્ણય થાય છે. અનિત્યથી નિત્ય જણાય છે, નિત્યથી નિત્ય નથી જણાતો. એ પણ 'ચિદ્‌વિલાસ'માં છે. સમજાય છે? 'ચિદ્‌વિલાસ'માં છે. ક્યાંક હશે, શી ખબર પડે. ગુણમાં જણાય છે? પર્યાયમાં જણાય છે. એ કહ્યું ને? આ બાજુના પાને છે.

એક 'મોતીલાલજી' કરીને વૈષ્ણવ હતા. દશાશ્રીમાળી રેલના ઉપરી હતા. સાંભળવા આવતા હતા પણ બેસે નહિ. વેદાંત બેસી ગયેલું. પરમહંસ થઈ ગયા. પછી અમારી પાસે આવ્યા. અહીં આવ્યા. ચર્ચા થઈ. આત્મા એક જ હોય, પર્યાય ન હોય તો નિર્ણય કોણ કરે? નિર્ણય ધ્રુવ કરે? અને ભુલ ન હોય તો ભુલ ટાળવાનો ઉપદેશ ક્યાં રહ્યો? ભુલ શું છે? ભુલ નિત્ય છે? વેદાંત એમ તો કહે છે ને કે આત્યંતિક દુઃખથી મુકત થાઓ. એનો અર્થ શું થયો? આત્યંતિક દુઃખ. દુઃખ છે એ અનિત્ય છે, ક્ષણિક છે. એનાથી મુકત થાઓ. એ તો પર્યાયમાં મુકત થવાનું છે, વસ્તુ તો વસ્તુ છે. પણ એ છે નહિ, વસ્તુની ચર્ચા જ નથી. આત્મા અનિત્ય? વ્યવહારે અનિત્ય પર્યાય છે. અનિત્યથી નિત્ય જણાય છે અને અનિત્યમાં આનંદનું વેદન છે. ધ્રુવમાં ક્યાં વેદન છે. સમજાય છે કાંઈ? આવી વાત વેદાંતમાં નથી. છેવટે

પછી બિચારાએ કબુલ કર્યું. પરમહંસ થઈને અહીં આવ્યા હતા. 'રાજકોટ'માં હતા. કબુલ તો કર્યું, છે કંઈક ફેર છે. ભુલ ન હોય તો સુધારવું, નિર્ણય કરવો કે એક આત્મા છે, એમ ક્યાંથી આવ્યું? તો ભુલ છે. એ તો પર્યાયમાં ભુલ છે, ત્રિકાળીમાં ક્યાં ભુલ છે. અને ભુલ કબુલ કરો તો પર્યાય છે એમ નક્કી થાય છે. સમજાય છે કાંઈ? પણ એ પર્યાય અનિત્ય છે અને ક્ષણિક છે એ વ્યવહારનયનો વિષય છે.

અહીં કહે છે, જીવ... છે? નિત્ય છે. '**અને જીવ નિત્ય નથી એવો બીજા નયનો પક્ષ છે;...**' અનિત્ય છે એમ. અનિત્ય છે એ વ્યવહારનયનો પક્ષ છે. પણ છે અનિત્ય. અનિત્ય નથી એમ નથી. પણ એનો વિકલ્પ છે અને અનિત્યપણાની દૃષ્ટિ છોડાવવી છે. અનિત્યથી નિત્ય જણાય છે, એમ પાઠ છે. અનિત્યથી નિત્ય જણાય છે. છે બધું, નીકળે ત્યારે નીકળે. તે દિ' એકદમ પાનામાં નીકળ્યું. એકપ્રદેશી, 'પંચાસ્તિકાય'માં. અસંખ્યપ્રદેશી એકપ્રદેશી. આમ અસંખ્ય પ્રદેશી એ તો પ્રદેશનો નિશ્ચય કરવા માટે છે. બાકી એક અભેદ વસ્તુ છે. બસ. અસંખ્ય પ્રદેશ એક અભેદ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં કહે છે, '**આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી...**' તત્ત્વનો જાણનાર હું નિત્ય છું એવા વિકલ્પને પણ છોડી દે છે. અનિત્ય છું એવો પર્યાયનો આશ્રય તો છોડી દે છે. પર્યાયે અનિત્ય છું એનો આશ્રય તો છોડી દે છે પણ નિત્ય છું એવા વિકલ્પને પણ છોડી દે છે. આહાહા..! આવો માર્ગ. વિકલ્પ છે એ દુઃખ છે, આકુળતા છે. સ્વરૂપમાં ક્યાં છે? સ્વરૂપમાં વિકલ્પ હોય તો વિકલ્પનો નાશ કેમ થાય? સમજાય છે કાંઈ? જેનો નાશ થાય છે એ સ્વરૂપમાં હોય તો કેવી રીતે નાશ પામે? તો તો સ્વરૂપનો નાશ થઈ જશે. આહાહા..! વિકલ્પ છે પણ વિકલ્પના સ્થાનમાં છે, દુઃખ છે. આહા..! તત્ત્વવેદી એ વિકલ્પથી પાર 'પક્ષપાતરહિત છે...' એમાં પક્ષપાત નથી.

'**નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.**' આહાહા..! ઈ શું કહે છે? વિકલ્પથી ભિન્ન પડ્યો અને નિર્વિકલ્પ અનુભવ થયો પછી ભેદ કરવો નથી પડતો. એ નિરંતર ભેદ વર્તે જ છે, એમ કહે છે. નિરંતર શબ્દનો (ઈ અર્થ છે). સમજાય છે કાંઈ? પહેલા ભેદ કર્યો વિકલ્પથી રહિત થઈને, પણ પછી અંદર વિકલ્પ છે જ નહિ. પછી ભેદ કરવો (એમ નથી રહેતું), એ તો ભેદ ચાલુ જ છે.

મુમુક્ષુ :- બહેનશ્રી કહે છે, ગોખવું ન પડે.

ઉત્તર :- ગોખવું ન પડે. સમજાય છે કાંઈ? પછી ભેદ કરવો ન પડે. ભેદ પડી ગયો એ ચાલતો જ રહે છે. ઈ કહે છે, જુઓ!

(તત્વવેતા, તત્તવવેદી) '**નિરંતર ચિત્સ્વરૂપ જીવ...**' નિરંતર. આહાહા..! જ્ઞાનના આનંદનું વેદન નિરંતર રહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? પછી હું રાગનો કર્તા નથી, અકર્તા છું એમ ત્યાં ગોખવું નથી પડતું. એ શબ્દ લીધો છે. નિરંતર. આહાહા..! જ્ઞાયકભાવ ભગવાનઆત્મા પક્ષથી અતિક્રાંત થઈ ગયો તો નિરંતર એમ રહે છે. આહાહા..!

એમાં તો એમ પણ લીધું છે કે જે ભેદજ્ઞાન થયું, હવે કોઈ દિવસ રાગની એકતા નહિ થાય, એમ કહે છે. છદ્મસ્થ છે પણ પોતાની દશામાં ભેદજ્ઞાન થયું એ નિરંતર એમ જ રહેશે.

હવે કદી રાગની એકતા નહિ થાય. આહાહા..!

મુમુક્ષુ :- ભેદજ્ઞાનનો અભ્યાસ ચાલુ જ છે.

ઉત્તર :- ભેદ થઈ જ ગયો છે. એમ ને એમ પ્રયાસ અંતરમાં જ વળે છે, અંતરમાં ઢળે છે, અંતરમાં ઢળે છે, અંતરમાં ઢળે જ છે. એમ કરતાં કરતાં ચારિત્ર થઈ જશે. અંતર ઢળતા ઢળતા કેવળજ્ઞાન થઈ જશે. સમજાય છે કાંઈ? આહાહા..! કોઈ ક્રિયા કરતાં કરતાં ચારિત્ર થશે અને કોઈ ક્રિયા કરતાં કરતાં કેવળજ્ઞાન થશે એમ નથી.

મુમુક્ષુ :- અધ્યાત્મ ...

ઉત્તર :- ક્યાં કાંઈ ખબર ન મળે. આહાહા..! '**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।**' સંવર અધિકારમાં આવ્યું ને? અત્યાર સુધી જેટલા મુક્તિ પામ્યા, અનંત સિદ્ધો (થયા એ) ભેદવિજ્ઞાનથી પામ્યા છે. રાગથી ભિન્ન પાડીને પોતાના આનંદમાં ભેદજ્ઞાન થયું એનાથી સિદ્ધ થયા. જે કોઈ બંધાયા એ કર્મના ઉદયને કારણે બંધાણા છે એમ ત્યાં નથી લીધું. '**अस्यैवाभावतो बद्धा**' ભેદજ્ઞાનના અભાવથી અને એકતાબુદ્ધિથી બંધાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ સંવર અધિકારનો શ્લોક છે.

એ અહીં કહે છે. આહાહા..! નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. આહાહા..! શું પણ ટીકા! શું કળશ! સમયસાર સમયસાર.. 'ધન્નાલાલજી'એ નહોતું કહ્યું? વાત તો એવી છે. આહાહા..! ભાવમાં સમયસાર, વાણીમાં સમયસાર, મનમાં સમયસાર, વિકલ્પમાં સમયસાર... આહાહા..! ભગવાન ત્રણલોકના નાથ પરમાત્મા પૂર્ણ સંપદા અને પૂર્ણ રત્નાકર ભગવાન... આહાહા..! સ્વયંભુરમણ સમુદ્ર અસંખ્ય જોજનમાં છે. તળિયામાં રત્ન પડ્યા છે. રેતી.. રેતી નહિ. રત્ન. આ ભગવાન અસંખ્ય યોજનમાં નથી, પહોળો તો પોતાના અસંખ્ય પ્રદેશ પ્રમાણે છે પણ અંદર તળિયામાં-અસંખ્ય પ્રદેશમાં અનંત ચૈતન્ય રત્નાકર દરિયો ભર્યો છે. આહાહા..! ત્યાં પુણ્ય અને પાપના વિકલ્પની રેતી નથી. આહાહા..! 'ડાહ્યાભાઈ'! આવી વાતું છે. લોકોએ સાંભળ્યું ન હોય એટલે એકાંત લાગે, એકાંત લાગે. એકાંત છે. વ્યવહારથી થાય છે ને નિમિત્તથી થાય છે. અરે..! પ્રભુ! તું એકવાર ક્રમબદ્ધનો નિર્ણય કર તો તારી બધી વાત ઉડી જશે.

ક્રમબદ્ધનો નિર્ણય તો હમણા 'કૈલાસચંદજી'એ (કબુલ) કર્યું છે. પહેલા નહોતો. વર્ણીજી સાથે ચર્ચા થઈ ત્યારે, પણ અત્યારે તો કબુલ કર્યું છે. બે બોલ લીધા છે. ક્રમબદ્ધ છે અને નિમિત્ત છે પણ નિમિત્તથી થતું નથી, એમ સોનગઢવાળા કહે છે. ક્રમબદ્ધ છે તો જે સમયે જે પર્યાય ઉત્પન્ન થવાની (તે થવાની) પણ એની દૃષ્ટિ ક્યાં હોય છે? દૃષ્ટિ જ્ઞાયક ઉપર હોય છે. તો ક્રમબદ્ધનો નિર્ણય (સાચો). ક્રમબદ્ધ છે તો વ્યવહારથી નિશ્ચય થયું એમ વાત પણ રહી નહિ અને નિમિત્તથી ઉપાદાનમાં થયું (એમ કોઈ કહેતું હોય તો) ક્રમબદ્ધ પર્યાય પોતાથી થાય છે ત્યાં નિમિત્તથી થયું ને વ્યવહારથી થાય એ સવાલ છે જ ક્યાં. સમજાય છે કાંઈ? અરે..! પણ ક્યાં નવરાશ છે? ફુરસદ ક્યાં છે ફુરસદ. પોતાનું હિત કરવાની ફુરસદ નથી. આ જગતની જંજાળ.. આહાહા..! એ ૮૩ (કળશ પૂરો થયો). ૮૪.

(ઉપજાતિ)

एकस्य वाच्यो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।३९-८४।।

અર્થ : જીવ વાચ્ય (અર્થાત્ વચનથી કહી શકાય એવો) છે એવો એક નયનો પક્ષ છે અને જીવ વાચ્ય (વચનગોચર) નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૩૯-૮૪.

## કળશ-૮૪ ઉપર પ્રવચન

एकस्य वाच्यो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।३९-८४।।

જ્ઞાન તે જ્ઞાનસ્વરૂપ જ છે, આનંદ તે આનંદસ્વરૂપ જ છે. આહાહા..! તત્ત્વવેદીને આમ જણાય છે, એમ કહે છે. ('ચિદ્વિલાસ'માં) મળ્યું? ૬૮ પાને છે. '**પર્યાય અનિત્ય હૈ જો નિત્યકા કારણ હૈ...**' પર્યાય અનિત્ય છે, '**નિત્યકા કારણ હૈ ઔર નિત્યાનિત્ય વસ્તુ હૈ. પર્યાયરૂપી ચંચલ તરંગે દ્રવ્યરૂપી ધ્રુવ સમુદ્રકો દર્શાતી હૈં.**' દ્રવ્ય સમુદ્ર, એમ લીધું ને? દ્રવ્ય ધ્રુવ સમુદ્રને પર્યાય ચંચળ તરંગ દ્રવ્ય ધ્રુવસ્વરૂપને દર્શાવે છે. આહા..! 'ચિદ્વિલાસ', 'અધ્યાત્મ પંચસંગ્રહ' બધામાં ઘણું છે. 'દીપચંદજી'એ ઘણું કામ કર્યું છે. અનિત્ય નિત્યને જાણે છે. નિત્ય નિત્યને જાણે છે?

મુમુક્ષુ :-

ઉત્તર :- પણ નિત્ય તો ધ્રુવ છે. ધ્રુવમાં જાણવું કે પલટવું એવું તો કાંઈ છે નહિ. વેદાંતે આ ભુલ મોટી કરી છે. 'શ્રીમદ્' કહે છે, વેદાંત નિશ્ચયાભાસી છે. એણે પર્યાય માની નથી, એમ 'શ્રીમદ્'માં પાઠ છે. સર્વવ્યાપક છે ને એક છે ને આમ છે ને તેમ છે... પણ સર્વવ્યાપક છે એ તું નહોતો માનતો એ હવે માન્યું, એ શેમાં માન્યું તેં? એ તો પર્યાય થઈ ગઈ. અનિત્યમાં નિત્યને જાણીને નક્કી કર્યું. અનિત્ય નથી માનતો તો તારા નિત્યના નિર્ણયના ઠેકાણા નથી. સમજાય છે કાંઈ?

'**જીવ વાચ્ય (અર્થાત્ વચનથી કહી શકાય એવો) છે...**' ૪૭ નય છે ને? એમાં નામ

નિક્ષેપ, સ્થાપના નિક્ષેપ આવે છે. નામ નિક્ષેપ-વચનથી કહેવાય એવી યોગ્યતા. નામનિક્ષેપ. ૪૭ નયમાં નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ એ ચાર નય લીધી છે. જ્ઞાનપ્રધાન કથન છે ને. નામ નિક્ષેપ અને વચનથી કહી શકાય એવી યોગ્યતા છે, પણ એ વ્યવહારે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ વદ ૭, રવિવાર, તા.૪-૯-૧૯૭૭
## કળશ - ૮૪ થી ૮૭, પ્રવચન - ૮૬

'કળશટીકા', 'કર્તા-કર્મ અધિકાર'. ૮૪ છે ને? ૮૪. જીવ વાચ્ય છે. નયપક્ષની વાત ચાલે છે. પક્ષાતિક્રાંત એનું સ્વરૂપ છે. સમજાય છે કાંઈ ? એ કહે છે. '**જીવ વાચ્ય (અર્થાત્ વચનથી કહી શકાય એવો) છે એવો નયનો પક્ષ છે.**' શું કહે છે? 'પ્રવચનસાર' ૪૭ નયમાં આવ્યું છે. નામ.. નામ. નામનિક્ષેપ, સ્થાપનાનિક્ષેપ, દ્રવ્યનિક્ષેપ અને ભાવનિક્ષેપ. તો નામ દ્વારા કહી શકાય એવું એનું વ્યવહારકથન છે. નામનિક્ષેપ. નામ દ્વારા કહી શકાય એવું વાચ્ય. વાચક. એટલો એક વ્યવહાર છે.

પ્રથમ ગાથામાં લીધું છે ને? ભાઈ! અભિધેય. અભિધેય-કહેવાનું વાચ્ય આત્મા. અભિધાન-વાચક શબ્દ. અભિધેય-અભિધાન. પહેલી ગાથામાં આવે છે. અભિધેય વાચક શબ્દ છે. એ વ્યવહાર છે. અને તેનું અભિધેય આત્મા કહેવો છે, એ પરમાર્થ છે. સાકર શબ્દ છે એ વાચક છે. સાકર પદાર્થ છે એ એનું વાચ્ય છે. એટલો નિમિત્ત-નિમિત્ત સંબંધ છે. શબ્દને અને ભગવાનઆત્માને વાચ્ય-વાચક સંબંધ છે. આત્મા આનંદસ્વરૂપ (છે), એવો વાચક શબ્દ આવ્યો. એનું વાચ્ય આત્મા આનંદસ્વરૂપ. વાચ્યમાં વાચક નથી, વાચકમાં વાચ્ય નથી. ઝીણી વાત છે. છતાં નામનિક્ષેપથી વાચ્ય કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

આત્મા. આત્મા શબ્દ છે એ કંઈ આત્મપદાર્થમાં છે? એ તો નિર્લેપ ચિદાનંદસ્વરૂપ છે, એમાં આત્મા શબ્દ જ નથી. એ વાત તો ચાલે છે. વાચ્ય શબ્દથી કહેવાય છે, એવો એક વ્યવહાર છે. નિશ્ચયથી જીવ વાચ્ય નથી. વચનાતીત છે. એ વચનથી કહી શકાય એવી ચીજ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એ તો વિકલ્પથી પણ જણાતો નથી, એવી એ અવાચ્ય ચીજ છે. સમજાય છે કાંઈ?

આચાર્ય પણ કહે છે ને? 'અમૃતચંદ્રાચાર્ય' (કહે છે), હું કહેનાર છું, તમે સાંભળનાર છો, એવો મોહ છોડી દીધો. છેલ્લા શ્લોકમાં છે. મોહમાં ન નાચો. આહાહા..! અથવા વાચક શબ્દ તને જ્ઞાન કરાવી દે, એમ ન નાચ. પ્રભુ! તારી ચીજ ભિન્ન છે. આહાહા..! સમજાય છે કાંઈ?

કાલે એક શબ્દમાં, બેનનું વાંચતા હતા એમાં એક શબ્દ આવ્યો હતો. કનકને કાટ નથી, અગ્નિને ઉધઈ નથી. ઉધઈ સમજો છો? જીવાંત થાય છે. પોચી, પોચી, બહુ પોચી. અમે તો

એકવાર નજરે જોયું છે. (સંવત) ૧૯૭૫ માં. ઘણા વર્ષ થયા. ૫૮ (વર્ષ થયા). 'પાળિયાદ' ચોમાસુ હતું. જંગલ ગયા હતા. ત્યાં ઉધઈ (જોઈ). બહુ સુંવાળી ને પોચી, પોલી. ધૂળમાંથી નીકળી, નીકળ્યા ભેગી સૂર્યનો તડકો (લાગતા) સડસડાટ ખલાસ થઈ ગઈ. સડસડાટ સમજો છો? (તુરત જ).

શ્રોતા :- હિન્દીમાં ઉધઈને દીમક કહે છે.

ઉત્તર :- દીમક તો ઘણી જાતની છે. પણ આ એક દીમક જુદી જાતની છે. બહુ ઝીણી, ધોળી, પાતળી, પોચી. સૂર્યનું કિરણ અડે તોપણ ખલાસ થઈ જાય. નજરે જોયું છે. ૧૯૭૫ની સાલમાં બહાર (જંગલ માટે) બેઠા હતા. આમ નીકળી અને તડકો લાગ્યો ત્યાં ખલાસ થઈ ગઈ. આહા..! તડકો સમજ્યા? ધૂપ.. ધૂપ. એટલી સુંવાળી હોય છે. સમજાય છે કાંઈ?

બેનના શબ્દમાં ઈ એક શબ્દ આવ્યો હતો. અગ્નિમાં ઉધઈ નથી. એમ ભગવાનઆત્મામાં.. આહાહા..! ઉધઈ સમજ્યા ને? બહુ ઝીણી, ધોળી ધોળી હોય છે. બસ, એક સૂર્યનું કિરણ જરી અડે ત્યાં (મરી જાય). મેં નજરે જોયું હતું. નજરે (જોવાની) બહુ અમને ટેવ પડી ગઈ છે. એમ ભગવાનઆત્મા... આહાહા..! અગ્નિમાં ઉધઈ નથી, એમ ભગવાનમાં વિકલ્પ નથી. બેને તો ત્રણ શબ્દ લીધા છે. બધા અ, આ. અગ્નિમાં ઉ નહિ. ઉ આવ્યો ને? અ, આ, ઈ, ઈ, ઉ. એમ ભગવાનઆત્મામાં ઉણપ નથી, આવરણ નથી, અશુદ્ધતા નથી. 'હિંમતભાઈ'! આપણે અહીં તો.. કાલે વાંચ્યું એમાંથી (વિચાર આવ્યો). આમ તો નજરે ઘણી વાર જોયેલું પણ હવે અગ્નિની સાથે બેને ઉધઈનો મેળ કર્યો. બહુ સરસ કર્યો છે, બહુ સરસ! આહાહા..!

ભગવાન આનંદનો નાથ પ્રભુ! કહે છે, શુદ્ધ ચિદાનંદ પાસે રાગ ને અશુદ્ધતા અને ઉણપ એમાં છે જ નહિ. એ બધા અ, આ આવ્યા. અગ્નિમાં ઉધઈ નથી. એમ આત્મામાં ઉણપ નથી. ઉણપ સમજ્યા? કમી. ઉણપ નામ ઓછપ નથી હોતી. આવરણ નથી હોતું. તો એમાં 'આ' (અક્ષર) આવ્યો. આવરણ નહિ, ઉણપ નહિ. મારે તો પેલા અ, આ, ઈ ના શબ્દ (મેળવ્યા). અને અશુદ્ધતા નથી. બેને ત્રણ શબ્દ એમાં લખ્યા છે. આ તો હજી છપાઈને આવ્યું નથી. છપાઈને.. શું કહેવાય? બાઈન્ડીંગ. બાઈન્ડીંગ થઈને નથી આવ્યા. ખલાસ થઈ ગયા છે. બેનનો તો પ્રચાર ઘણો. હિન્દી કરે છે. હવે તો હિન્દી પણ થશે. એ પુસ્તક બહુ સારું નીકળ્યું છે. બેનને બહાર પડવું નથી અને બેનનું આ પુસ્તક બહાર પડી ગયું. એવી ચીજ છે. આહા..!

એમાં આ જ્યાં વાંચ્યું, અગ્નિને ઉધઈ નથી. એમ ત્રણલોકનો નાથ આનંદકંદ પ્રભુ, એમાં આવરણ નથી, ઉણપ નથી. કમી શબ્દમાં ઉણપ શબ્દ વાપર્યો છે. આપણી ગુજરાતી ભાષા સાદી ભાષા. ઉણપ. અને અશુદ્ધતા નથી. પૂર્ણાનંદનો નાથ, એને વાચક શબ્દથી કઈ રીતે કહેવાય? વ્યવહારથી નામ કહ્યું. નિશ્ચયથી તો કહી શકાતું નથી. એ તો વેદનમાં આવે ત્યારે ખબર પડે. આહા..! સમજાય છે કાંઈ?

એ અહીંયાં કહે છે. અભિધેય કહ્યું. ભાઈ! 'ચંદુભાઈ'! અભિધેય પહેલી ગાથામાં છે ને?

અભિધેય-અભિધાન. અને અહીંયાં (પ્રવચનસારમાં) નામવાળો (કહ્યું). નામથી કહેવામાં આવે છે એટલું. આત્મા. પણ એ આત્મા શબ્દ કંઈ એમાં નથી. આત્મા તો એક 'અતતિ ગચ્છતિ ઈતિ આત્મા'. એટલો શબ્દ લાગુ પડે છે. ફક્ત 'અતતિ ગચ્છતિ'. પોતાના સ્વરૂપમાં પરિણમન કરે છે. અતતિ ગચ્છતિ ઈતિ આત્મા. 'દ્રવ્યસંગ્રહ'માં એ શબ્દાર્થ છે. 'દ્રવ્યસંગ્રહ'માં. તો એટલો જે શબ્દનો અર્થ છે, એટલો જ આત્મા નથી. ગચ્છતિ ઈતિ આત્મા. આહાહા..! સમજાય છે કાંઈ? 'દ્રવ્યસંગ્રહ'માં છે. 'અતતિ્ ગચ્છતિ ઈતિ આત્મા'.

અથવા આઠમી ગાથામાં આવ્યું છે ને? શિષ્યને બ્રાહ્મણે કહ્યું-સ્વસ્તિ. તો સ્વસ્તિ શબ્દ સાંભળીને ટગટગ જોયા કરે છે. આ કહે છે એનો કંટાળો નથી લાવતો. બ્રાહ્મણે સ્વસ્તિ કહ્યું. અનાર્ય માણસને (કહ્યું), સ્વસ્તિ. આ શું કહે છે? ટગટગ ટગટગ જોયા કરે છે. એણે અર્થ કર્યો, એણે અર્થ કર્યો કે બીજાએ કર્યો, એવો પાઠ છે. એણે કહ્યું અથવા બીજાએ કહ્યું કે સ્વસ્તિ. સ્વ-તારા આત્માની અસ્તિ છે, એમ કલ્યાણ થાઓ! 'સમયસાર' આઠમી ગાથામાં છે. સ્વસ્તિ-સ્વ-જેવું સ્વ અસ્તિપણે છે, એમ તને ભાન થાઓ, એ તારું કલ્યાણ છે. સમજાય છે કાંઈ? એ ટગટગ જોતો હતો. કંટાળો નહોતો લાવતો. આ શું કહે છે? આ શું કહે છે?

એમ આચાર્યે આત્મા, એમ શબ્દ કહ્યો. આવે છે ને? ભાઈ! 'ચંદુભાઈ'! આઠમી ગાથા. 'સમયસાર' આઠમી ગાથા. ઘણી ગંભીરતા એક એક ગાથામાં ભરી છે. આત્મા, એમ કહ્યું. તો સાંભળનારને કંટાળો ન આવ્યો. આ શું કહે છે? એમ નહિ. આ શું કહે છે? એ મને સમજાયું નહિ. મારે સમજવું છે. એમ આત્મા, શબ્દ કાને પડયા પછી અર્થ કર્યો. ભગવાન! આત્મા અચતિ. એટલે પોતાના દર્શન, જ્ઞાન, ચારિત્રને હંમેશા પ્રાપ્ત હોય એ આત્મા. ફક્ત એટલું કહ્યું. આત્મા સદા દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત હોય. એ વ્યવહાર થયો. દર્શન, જ્ઞાન, ચારિત્ર એવા ત્રણ ભેદ પડ્યા એ વ્યવહાર થયો. ભેદથી સમજાવ્યું. સમજાય છે કાંઈ? તો સમજનાર અને કહેનારને, એ વ્યવહાર કહે છે પણ અનુસરવા લાયક નથી. આહાહા..! શું કહ્યું ઈ? સમજાવવામાં વ્યવહાર આવે છે કે આત્મા દર્શન, જ્ઞાન, ચારિત્રને સદા પ્રાપ્ત હોય તે આત્મા. આહાહા..! રાગ અને પુણ્યને પ્રાપ્ત હોય તે આત્મા, એમ ત્યાં વ્યવહારથી પણ અર્થ નથી કર્યો. સમજાય છે કાંઈ? એ વ્યવહાર થયો ને? ભેદ કરીને કહ્યું. પણ વ્યવહાર એટલો.

ભગવાનઆત્મા, પોતાના દર્શન, જ્ઞાન, ચારિત્રની નિર્મળ અવિકારી પર્યાયને સદા પ્રાપ્ત હોય તે આત્મા. પછી કહ્યું કે, હું ભેદથી કહું છું. એ મારે પણ અનુસરવા લાયક નથી અને સાંભળનારે પણ ભેદ અનુસરવા લાયક નથી. સમજાય છે કાંઈ? ભગવાન અભેદ ચિદાનંદ સ્વરૂપ.. આહા..!

૪૭ નયમાં એક નય લીધી છે ને? ભાઈ! અશુદ્ધ અને શુદ્ધ. છેલ્લે. જરી સૂક્ષ્મ વાત આવી ગઈ. માટી છે ને? માટી. એમાં ઘડો, કુંડું.. કુંડું. કુંડું સમજો છો? કુંડું થાય છે એ માટીની અશુદ્ધતા છે. એ અશુદ્ધનયનો વિષય થયો. ૪૭ નયમાં આવે છે. ભેદ પડ્યો એ અશુદ્ધ થઈ ગયું, વ્યવહાર થઈ ગયો, મેચક થઈ ગયું. ૧૬મી ગાથામાં મેચક કહ્યું. પછી કહ્યું, એકલી માટી છે એ શુદ્ધનયનો વિષય છે.

એમ ભગવાનઆત્મામાં ત્રણ પ્રકાર કહેવા.. આહાહા..! જ્ઞાન, દર્શન, ચારિત્રને પ્રાપ્ત

હોય એમ ત્રણ પ્રકાર કહેવા, એ પણ અશુદ્ધ વ્યવહાર થઈ ગયો. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભગવાન! એ મહા મણિરત્ન, અનંત ચૈતન્ય રત્નાકર દરિયો-સમુદ્ર, પ્રભુ, એને ક્યા વિકલ્પથી, ક્યા વચનથી કહીએ? એ તો અવાચ્ય છે. નિશ્ચયથી તો અવાચ્ય છે, કહી શકાય એવી ચીજ નથી. એ તો અનુભવી શકાય એવી ચીજ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

લોકોને આત્મા શું છે (એની ખબર નથી). ધર્મ.. ધર્મ તો કરે છે પણ ધર્મ કેમ થાય, એની ખબર નથી. અહીં તો ધર્મપણે પરિણમવું એ પણ વ્યવહાર છે. આહાહા..! સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રપણે પરિણમવું.. આહાહા..! એને સોળમી ગાથામાં મેચક કહ્યું છે, મેલ કહ્યું છે. મેચક શબ્દ પડ્યો છે ને. ભેદ કરવો એ મેચક છે, મેલ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એને મેચક, મેલ કહેવાનો વ્યવહાર છે. એમ અર્થકાર 'જયચંદ્રજી' પંડિતે કહ્યું છે.

એમ ભગવાનઆત્મા વચનથી કેમ કહ્યો જાય? વચન તો એક અર્થને કહેશે. અને અંદરમાં તો અનંત અનંત ગુણનો રત્નાકર સાગર આખો પડ્યો છે. એમાં દૃષ્ટિ કરવાથી વેદનમાં આવે ત્યારે ખબર પડે કે આ ચીજ આવી છે. 'જિનેશ્વરદાસજી'! આ વસ્તુ આવી છે. આહાહા..! લોકોને હજી બહારમાં વ્યવહાર ક્રિયાકાંડમાં ઠેકાણા નહિ એમાં ઘુસી ગયા. આહા..!

અહીં તો પરમાત્મા તો ત્યાં સુધી કહે છે કે, ભગવાન! તું એકરૂપ છો. એમાં ત્રણરૂપનું પરિણમન કરવું એ પણ વ્યવહાર અને મેલ છે. આહાહા..! કેમકે એના ઉપર લક્ષ જશે તો રાગ જ ઉત્પન્ન થશે. 'ધન્નાલાલજી'! અહીં કહે છે કે વાચક.. વ્યવહારથી છે. નામનિક્ષેપની અપેક્ષાએ. અભિધેયની અપેક્ષાએ. અભિધેય અને અભિધાન દ્વારા, શબ્દ દ્વારા. અભિધાન એટલે શબ્દ. અભિધેય એટલે શબ્દથી કહેવામાં આવતો વાચ્ય પદાર્થ. એ અપેક્ષાએ અભિધાન-અભિધેય સંબંધ છે. વ્યવહાર, એ વ્યવહાર છે. નિશ્ચયમાં વાચ્ય-વાચક કાંઈ નથી. આહાહા..! એવો વચનાતીત ભગવાનઆત્મા (છે). છે?

'**એવો બીજા નયનો પક્ષ છે. આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી...**' પાઠમાં '**तत्त्ववेदी**' છે. અર્થમાં તત્ત્વવેત્તા કહ્યું છે. તત્ત્વને જાણનાર, એમાં તો આ હું અવાચ્ય છું એવા વિકલ્પનો પણ પક્ષ ત્યાં નથી. વાચ્ય છું એ તો નથી, એનો તો નિષેધ કરતા આવ્યા છીએ. પણ અવાચ્ય છું, વચનાતીત છું, વચનથી કહેવામાં નથી આવતો, એવા વિકલ્પનો પણ પક્ષ, અંતરમાં વિકલ્પને છોડી ચૈતન્યનો સ્પર્શ કરવા જાય છે, તત્ત્વવેદી ચૈતન્યનો સ્પર્શ કરવા જાય છે, એ તત્ત્વનો વેત્તા છે, એ તત્ત્વનો વેત્તા છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાત. ગંભીર વાત છે, પ્રભુ! તારી વાતું ગંભીર ઘણી. અનંતકાળથી બહારની પ્રવૃત્તિ અને બહુ તો અંદરમાં વિકલ્પની પ્રવૃત્તિ (કરી છે).

કાલે કોઈએ-'ચંદુભાઈ'એ પ્રશ્ન કર્યો હતો. નહિ? પ્રવૃત્તિ-નિવૃત્તિ. ખબર છે. એક ન્યાયે આત્મા વિકલ્પથી નિવૃત્તસ્વરૂપ છે પણ નિર્વિકલ્પ પરિણતિથી પ્રવૃત્તિસ્વરૂપ છે. પરિણતિ છે ને. આહાહા..! અને એ પણ ત્રણેયને ૧૬મી ગાથામાં એમ કહ્યું, '**दंसणणाणचरित्ताणि सेविदव्वाणि साहुणा णिच्चं।**' સાધુએ દર્શન, જ્ઞાન, (ચારિત્ર)ની ત્રણ પ્રકારની સેવા કરવી.

'अप्पाणं चेव णिच्छयदो' એ ત્રણેય પણ એક આત્મા જ છે. ૧૬મી ગાથા.

दंसणणाणचरित्ताणि सेविदव्वाणि साहुणा णिच्चं।
ताणि पुण जाण तिण्णि वि अप्पाणं चेव णिच्छयदो।।१६।।

એ વ્યવહાર થઈ ગયો. દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણ પ્રકારની સેવા પર્યાયથી (કરવી) એ વ્યવહાર થઈ ગયો. આહા..! 'ताणि पुण जाण तिण्णि वि अप्पाणं चेव णिच्छयदो'. એકરૂપ આત્માનો અનુભવ કરવો એ નિશ્ચય છે. આહાહા..! સમજાય છે કાંઈ? માર્ગ બહુ સૂક્ષ્મ છે, ભાઈ! અત્યારે તો બહુ વિંખાય ગયું છે. લોકોએ કંઈના કંઈ રસ્તે ચડાવી દીધા.

આ જિંદગી ભવના અભાવ માટે મળેલો ભવ (છે). આહાહા..! ભવના અભાવ માટે મળેલો ભવ (એમાં) ભવનો અભાવ ન કરે... અરે...! તો એણે શું કર્યું? ભવાબ્ધિ-મોટો દરિયો રખડવાનો પડ્યો છે. આહાહા..! એકેન્દ્રિય નિગોદ, બેઈન્દ્રિય, ત્રણઈન્દ્રિય, ચૌઈન્દ્રિય, ચોર્યાસી લાખ યોનિ (છે). એક એક યોનિ ભવાબ્ધિ (છે). ભવરૂપી સમુદ્ર. જેમાં ડૂબકી મારી અનાદિકાળથી દુઃખી છે. આ બધા પૈસાવાળાને સુખી કહે છે એ મૂર્ખાઓ સુખી કહે છે. સમજાય છે કાંઈ ?

શ્રોતા :- કહેવાવાળા મૂર્ખ છે..

ઉત્તર :- એ સુખ માને છે તો પોતે મૂર્ખ છે. આ પૈસાવાળા છે. આ પાંચ કરોડ ને દસ કરોડ ને ધૂળ કરોડ. ધૂળમાં નથી. એ તો જડ માટી છે. તારા ક્યાંથી થયા? અને એ તો... આહાહા..! ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે એને છોડીને.. રાત્રે થોડું કહ્યું હતું. નહિ? બહારમાં ભીખ માંગે છે. શરીરથી સુખ મળશે, સ્ત્રીથી સુખ મળશે, પૈસાથી સુખ મળે. અરે...! સુખ ક્યાં છે? પ્રભુ! પણ સુખ તો અહીં છે ને. સુખનો સાગર અંદર છલોછલ ભર્યો છે. છલોછલ કહે છે ને? લબાલબ.

શ્રોતા :- છલોછલ ભી બોલતે હૈં.

ઉત્તર :- છલોછલ પણ કહે છે? આનંદસ્વરૂપ ભગવાન લબાલબ ભરેલો છે. એ આનંદ ત્યાં નહિ શોધીને ભિખારી બહારમાં ગોતે છે. પૈસામાં મળે છે, સ્ત્રીથી મળે છે, કુટુંબથી મળે છે, આબરૂથી મળે છે. ભિખારી, મોટો ભિખારી. માગણ છે. શેઠ! અહીં તો આ વાત છે.

શ્રોતા :- કરવું શું?

ઉત્તર :- કરવાનું આ છે. ઈ કરવું, બાયડીનું, બીડીયું ને પૈસાનું. ઈ જાણવા માટે પૂછે છે. ઈ કરે શકે છે ક્યાં? ખરેખર તો વિકલ્પ છે એ પોતામાં-વસ્તુમાં નથી. વિકલ્પને કરવું એમ માનવું એ પણ મિથ્યાદૃષ્ટિનો ભાવ છે. આહાહા..! કરવું-ફરવું છે ક્યાં તમારી બીડીનું ને પૈસાનું. ક્યાં ગયા શેઠ? કરવું શું, એમ ભાઈ પૂછે છે. આખો દિ' આ નહિ કરવું તો કરવું શું? ઈ કરી શકે છે કે દિ'? ધૂળમાં પણ કંઈ કરી શકતો નથી. એક આંગળી હલાવી શકે કે એ પાંપણ હલાવી શકે, ત્રણકાળમાં આત્મા કરી શકે નહિ. મૂઢ માની લે છે. શરીર-બરીર આમ ઠીક હોય. આમ ચાલે. લાડવા-બાડવા ખાય, પત્તરવેલિયાને શું કહે છે? અળવીના પાન નથી આવતા? અળવીના પાન હોય છે ને? ચણાનો લોટ લગાડી, કટકા કરીને (કરે). અમારે તો

પત્તરવેલિયા કહે છે. તમારે શું કહે છે? અળવી કા પત્તા. મોટા આવે છે ને? એમાં ચણાનો લોટ લગાવી બનાવે. આમ કટકા કરી તેલમાં તળે અને ઈ ખાય. આ..હા..! અરે..! મૂઢ! શું છે? શરીર ને શરીરનો ખોરાક એ જડની ક્રિયા (છે). એને પોતાની માને છે (એ) મૂઢ છે મોટો.

શ્રોતા :- આપ કહો છો પણ ખાતી વખતે આનંદ આવે છે.

ઉત્તર :- ધૂળમાં પણ આનંદ નથી. એ તો માને છે. આહા..! ઈ નહોતું કહ્યું? બાળકનું નહોતું કહ્યું? એક બાળક હતો. વર્ષ-દોઢ વર્ષનું બાળક હતું. દૂધ વધારે પી લીધું તો શેરણું થયું. નગ્ન શરીર, વર્ષ-દોઢ વર્ષનું. નગ્ન શરીર. બાળકને શેરણું થયું શેરણા સમજ્યા? પાતળો (ઝાડો). ગરમી બહુ હતી. ત્યાં હાથ લગાવે તો ઠંડું લાગે. ઠંડુ લાગે અને પછી ચાટે. એમ અજ્ઞાની રાગને બાળકની પેઠે ચાટે છે. આહાહા..! પરને તો ભોગવી શકતો નથી. સ્ત્રીના શરીરનો ભોગ આત્માને છે જ નહિ. એ તો જડ છે. એ તરફ લક્ષ કરીને, ઠીક છે, એવો વિકલ્પ-રાગ ઉઠાવે છે. વિષ્ટા સમાન, ઝેર સમાન રાગ છે. એ રાગનું વેદન કરે છે. અને માને છે કે હું શરીરનો ભોગ લઉં છું અને સુખી છું. અરે..! મૂઢ! સાંભળ તો ખરો. આહાહા..! ‘પોપટભાઈ’! આ બધા સુખી કહેવાય છે. આ કરોડોપતિ. ધૂળના પતિ. જાણો છો ? ભાઈ! બે કરોડ રૂપિયા છે એની પાસે. છ છોકરા છે. મોટો ધંધો આરંભનો પાપનો. એમનો દીકરો લાવ્યો હતો. આ સંચો લાવ્યા છે ને? એનાથી લખાય છે. ‘સ્વીટઝર્લેન્ડ’થી. એ તો ક્રિયા થવાવાળી થાય છે. લાવનારો એમ માને કે હું લાવ્યો, એ વાત પણ સાચી નથી. આહાહા..!

મુમુક્ષુ :- આપ ફરમાવી રહ્યા છો...

ઉત્તર :- નિમિત્તનું જ્ઞાન કરાવે છે. આહાહા..!

અહીં કહે છે, ભગવાન અવાચ્ય છે. આહાહા..! એ વાણી દ્વારા શું વસ્તુ છે એ કઈ રીતે કહેવાય? સાકરનો સ્વાદ ગુંગો લ્યે છે. ગુંગો હોય છે ને? ગુંગો. એ બોલી શકતો નથી. (કોઈ પૂછે કે) કેવો સ્વાદ છે? ભાઈ! આમ (ઈશારા) કરે. બોલી શકે નહિ.

એમ અવાચ્ય ભગવાનઆત્મા વાણી દ્વારા કઈ રીતે કહેવાય? ઓહોહો..! એ તો સમ્યગ્દર્શનમાં શુદ્ધઉપયોગમાં, મતિ અને શ્રુતજ્ઞાન દ્વારા પ્રત્યક્ષ થાય છે, એનો પ્રત્યક્ષ સ્વાદ આવે તે જાણે. સમજાય છે કાંઈ? આહાહા..! એ કહ્યું.

---

(ઉપજાતિ)

एकस्य नाना न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।४०-८५।।

**અર્થ : જીવ નાનારૂપ છે એવો એક નયનો પક્ષ છે અને જીવ નાનારૂપ નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૪૦-૮૫.**

## કળશ-૮૫ ઉપર પ્રવચન

एकस्य नाना न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।४०-८५।।

આહા..! એકનો મત છે જીવ નાનારૂપ છે (એટલે) અનેકરૂપ છે. એ વ્યવહાર છે. ગુણ-પર્યાય ભેદે અનેકરૂપ તો આવી ગયું છે પણ નાનારૂપ લઈને બીજી વાત સમજાવી છે. ભગવાન અનેકરૂપ છે. ગુણરૂપ છે. જ્ઞાનરૂપ છે, દર્શનરૂપ છે, પર્યાયરૂપ છે. એવો વ્યવહારનયનો પક્ષ છે. એ તો છોડાવતા આવ્યા છે.

બીજો કહે છે કે નાનારૂપ નથી-અનેકરૂપ નથી. એ તો એકરૂપ ચિદાનંદ પ્રભુ છે. આહાહા..! એ નિશ્ચયનો પક્ષ છે. પણ છે પક્ષ. હું અભેદ એકરૂપ ચિદાનંદ અનાકુળ આનંદકંદ (છું). આહાહા..! સમજાય છે કાંઈ? પેલો દૃષ્ટાન્ત ઘણી વાર આપીએ છીએ ને? શક્કરકંદ હોય છે ને? શક્કરકંદ. શક્કરિયા કહે છે ને? શક્કરકંદ. એની લાલ છાલ છે એટલું ન જુઓ તો આખો શક્કરકંદ (છે). શક્કર નામ સાકરની મીઠાશનો પિંડ છે. તેથી તેને શક્કર કહ્યું છે. એ સાકર છે. આખો સાકરની મીઠાશનો પિંડ છે. એ લાલ છાલ વિનાનો.

એમ આત્મા વિકલ્પની છાલ વિના આનંદનો કંદ છે, પ્રભુ! પૂર્ણ આનંદનું દળ છે. આહાહા..! ખબર નથી. પોતાની નજરું નિધાન ઉપર ગયા વિના નિધાનના પત્તા નહિ લાગે. બહારમાં નજર ફેરવ્યા કરે. શાસ્ત્રમાં ને બહારમાં ને આમ ને તેમ. એમાં આત્મા નથી કે એમાંથી પત્તો લાગે. આહાહા..! જ્યાં ભગવાનઆત્મા એકરૂપ છે.. આ એકરૂપ ચાલે છે ને? એકરૂપ ધ્રુવ ચિદાનંદ અંદર સામાન્યસ્વરૂપ (છે). આહાહા..! એનો પક્ષ (થાય કે) હું એકરૂપ છું, સામાન્ય છું, એવો વિકલ્પ પણ દુઃખરૂપ છે. આહાહા..! એ પક્ષાતિક્રાંત '**ચિત્સ્વરૂપ જીવ વિષે નયોના બે પક્ષપાત છે, જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે...**' આહાહા..! '**તેને નિરંતર...**' કાલે ભાષા આવી ગઈ છે. નિરંતર ચેતન.. ચેતન.. ચેતન.. આહાહા..! પક્ષપાતરહિત તત્ત્વને જાણનાર તત્ત્વને નિરંતર જાણે છે. આહાહા..! એકરૂપતા છે, એવા વિકલ્પને છોડીને એકરૂપતાનું વેદન નિરંતર છે, નિરંતર છે. આહાહા..! એને પછી હું આવું તત્ત્વ છું, રાગથી ભિન્ન છું એમ કરવું પડતું નથી. એ કહે છે. નિરંતર (વેદે છે). આહાહા..!

વિકલ્પથી ભિન્ન પડ્યો, નિર્વિકલ્પ ભગવાનનો જ્યાં પત્તો લીધો, એનું તળિયું લીધું તો

નિરંતર તત્ત્વવેદી તત્ત્વસ્વરૂપ જ છે. બસ! આહાહા..! ધર્મી તો તત્ત્વનું વેદન કરનાર એકલો તત્ત્વવેત્તા જ છે. શાસ્ત્રવેત્તા કે એવું કંઈ અહીંયાં કહ્યું નથી. આહાહા..! ઈ તત્ત્વવેત્તા છે. તત્ત્વ ભગવાન આનંદકંદ જ્ઞાયકભાવ, એનો એ વેત્તા નામ જાણનાર છે. આહા..! એને પક્ષપાત નથી. આવી વાત છે. હજી તો અહીં તો વ્યવહારથી ધર્મ-મોક્ષમાર્ગ થાય (એમ કહે). ગજબ વાતું, શું થાય?

હમણાં આવ્યું છે ને? 'મખ્ખનલાલજી'નું. શુભજોગ તે મોક્ષનો માર્ગ છે. શુભજોગને હેય માને તે મિથ્યાદષ્ટિ છે. તો પછી 'કૈલાશચંદજી'એ સામે લખ્યું, શુભજોગને હેય 'કુંદકુંદાચાર્ય' માને છે. તો 'કુંદકુંદાચાર્ય' મિથ્યાદષ્ટિ છે? એ 'જૈનસંદેશ'માં આવ્યું છે. અરે..! પણ તારે આ ચર્ચા ક્યાંથી નીકળી? આ 'સોનગઢ'નું નીકળ્યું ત્યારથી આ ચર્ચા ચાલી છે. નહિતર બધી પડી હતી. આહાહા..! એ કહે છે કે, શુભજોગ મોક્ષનો માર્ગ છે. અહીં કહે છે કે, શુભજોગ તો ક્યાંય રહી ગયો, પણ હું એકરૂપ છું, એવો વિકલ્પ પણ ઝેર અને દુઃખરૂપ છે. આહાહા..! સમજાય છે કાંઈ? દયા, દાન, વ્રત, તપ, અપવાસ આદિના વિકલ્પ શુભજોગ છે એ તો દુઃખરૂપ છે. એ તો બપોરે ચાલે છે. એ આત્મામાં નથી, ઈ જ અનેકાંત છે. આહાહા..! સમજાય છે કાંઈ?

એ એકરૂપતાનું વેદન નિરંતર ચાલે છે તેને અહીંયાં સમ્યગ્દષ્ટિ અને ધર્મી કહે છે. સમજાય છે કાંઈ? બહુ ઝીણી વાત,બાપુ! અહીં તો હજી બહારમાં કાંઈક સામાયિક કરી ને પોષા કર્યા ને પડિકમણા કર્યા ને ભક્તિ કરી ને પૂજા કરી ને દાન કર્યા.. થઈ ગયો ધર્મ. ધૂળમાં પણ ધર્મ નથી. સાંભળ તો ખરો. ધૂળમાં અર્થાત્ પુણ્યાનુબંધી પુણ્ય પણ નથી.

મુમુક્ષુ :- 'અજમેર'માં મહાસભા ભરાણી હતી. ...

ઉત્તર :- હા, ઈ આવ્યું હતું. વાત થઈ હતી. અરે..! બાપુ! ભાઈ! ભગવાન! આ કોઈ પક્ષ નથી. આ કોઈ વાડો નથી. આ તો વસ્તુનું સ્વરૂપ છે, નાથ!

તારી ચીજ આનંદકંદ વિકલ્પાતીત છે. એના અનુભવ પહેલા શ્રદ્ધા તો કરો કે આ વસ્તુ છે તેનો અનુભવ કરવો તે ધર્મ છે. સમજાય છે કાંઈ? બાકી બધા થોથા. બધા મરી જશે, હાલ્યા જશે. બધા કરોડપતિ ને અબજોપતિ ને.. પતિ.. પતિ બધા જડના પતિ છે. આહાહા..! અહીં તો કહે છે કે, ભગવાન તો એકરૂપ છે ને, નાથ! એવો વિકલ્પ પણ છોડી દે. એ આવ્યું ને? એ બે થયા.

(ઉપજાતિ)

एकस्य चेत्यो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।४१-८६।।

**અર્થ :- જીવ ચેત્ય (ચેતાવાયોગ્ય) છે એવો એક નયનો પક્ષ છે અને જીવ ચેત્ય નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૪૧-૮૬.**

## કળશ-૮૬ ઉપર પ્રવચન

एकस्य चेत्यो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।४१-८६।।

એક જીવ જાણવાયોગ્ય છે, એમ કહે છે. એ યથાર્થ છે, પણ વિકલ્પ છે. જાણવાયોગ્ય છે, એવો એક વિકલ્પ છે. એ નિશ્ચયનો પક્ષ છે. બીજો કહે છે, જાણવાયોગ્ય નથી. એ તો વ્યવહારનો પક્ષ છે. પોતાનું સ્વરૂપ જાણવાયોગ્ય નથી. એ અજ્ઞાનીનો વ્યવહારનો પક્ષ છે. એ તો છોડવાલાયક છે જ. પણ હું જાણવાયોગ્ય છું, જાણવાયોગ્ય છું. પોતાના મતિ-શ્રુત સમ્યક્જ્ઞાનથી પૃથક-જાણવાયોગ્ય છું, એવો જે વિકલ્પ ઊઠે છે એ પણ પક્ષ છે, કહે છે. આહાહા..! પક્ષાતિક્રાંત છે એ તો સીધો પ્રત્યક્ષ થાય છે. વિકલ્પની અપેક્ષા છોડીને પોતાના મતિ-શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ થાય છે. એમાં હું પ્રત્યક્ષ જાણવાયોગ્ય છું, એવા વિકલ્પનો પણ ત્યાં અવકાશ નથી ત્યાં. આહાહા..! 'જ્ઞાનચંદજી'! આજે પ્રશ્ન લાવ્યા હતા. આ બ્રહ્મચારી નહિ? લાવ્યા હતા ને? હમણાં લાવ્યા હતા ને? મતિ-શ્રુત પ્રત્યક્ષ થાય છે. આહા..! હમણાં એક પ્રશ્ન લાવ્યા હતા. આહાહા..!

અહીં તો કહે છે, પ્રકાશશક્તિ છે ને એમાં? ૪૭ શક્તિમાં આપણે પ્રકાશશક્તિ ચાલી ગઈ. એ તો સ્વસંવેદન પ્રત્યક્ષ થવા લાયક જ છે. એમાં એ ગુણ છે. એમાં પ્રકાશ નામનો એક ગુણ છે, જેનું કાર્ય સ્વસંવેદન પોતાનું, પોતાથી પ્રત્યક્ષ વેદન થવું એ એનો ગુણ છે. બારમી શક્તિ આવી હતી ને? બારમી. જીવતર, નહિ? જીવતર, ચિતિ, દશિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ, સર્વદર્શીત્વ, સર્વજ્ઞત્વ, સ્વચ્છત્વ, પ્રકાશત્વ. બારમી. ૪૭ શક્તિ છે. પ્રકાશશક્તિ આત્મામાં છે. ભગવાન કહે છે, પ્રભુ! તારામાં એવો એક ગુણ છે... આહાહા..! તારામાં એવી એક શક્તિ છે કે પર્યાયમાં તું પ્રત્યક્ષ થાય એવી તારી શક્તિ છે. પરોક્ષ રહેવું એ તારો સ્વભાવ જ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

પ્રત્યક્ષ પ્રત્યક્ષ, મતિ-શ્રુતજ્ઞાનથી પ્રત્યક્ષ (થાય છે). મતિ-શ્રુતજ્ઞાન પોતાને જાણે છે એ પ્રત્યક્ષ થઈ જાય છે. 'કર્તા-કર્મ (અધિકાર)'ની ૧૪૪ (ગાથા)માં આવ્યું ને? આ એનો શ્લોક છે. મતિ-શ્રુત જે પરસન્મુખ છે, એને વિકલ્પાતીત કરી સ્વસન્મુખ (કરવું). ૧૪૪. આ ૧૪૨ ના શ્લોક છે. શું કહ્યું? જે મતિજ્ઞાન છે, એ પરને જાણવામાં ઢળેલું છે, એ મતિને-બુદ્ધિને અંતર્મુખ કર. આહાહા..! તારી ચીજ ત્યાં પ્રત્યક્ષ જાણવાલાયક પડી છે.

આહાહા..! સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ! લોકોએ ધર્મને નામે સ્થૂળ કરી નાખ્યું, વિપરીત કરી નાખ્યું.

ભગવાનઆત્મા જ્ઞાનમાં પ્રત્યક્ષ જાણવાલાયક છે, એવો વિકલ્પ પણ છોડવાલાયક છે. આહાહા..! અરે..! જિંદગી ચાલી જાય છે. જે જે ક્ષણ જાય છે તે મૃત્યુની સમીપ જાય છે. દેહની સ્થિતિ જ્યારે છૂટવાની એ તો નિર્ણય નિશ્ચય છે. સમજાય છે કાંઈ? હમણાં ગાયું ને? 'જે જે દેખી વીતરાગને, તે તે હોસી વીરા'. તે જ સમયે તે થશે. જે સમયે દેહ છૂટવાનો, જે ક્ષેત્રે, જે સંયોગે, જે નિમિત્તે (તે સમયે જ) છૂટશે. 'સ્વામી કાર્તિકેય'. એ નિશ્ચય છે. અને જેટલી પળ-ક્ષણ જાય છે એ મૃત્યુની સમીપ જાય છે. આહાહા..! આ જાણે કે હું વધતો જાઉં છું. તો ભગવાન કહે છે કે મૃત્યુની સમીપ જાય છે. તું તો અંદર છો ઈ છો. અંદર અમૃતનો સાગર પડ્યો છે.

એ અહીં કહે છે કે પોતામાં પોતાથી જાણવાલાયક છે. એના પક્ષનો વિકલ્પ છોડી દે. જાણવાલાયક તો પોતાથી જાણવાલાયક છે. સમજાય છે કાંઈ? પક્ષ છોડી દે તો પોતાથી જાણવાલાયકનો પક્ષ છોડી દે તો કોઈ બીજાથી જાણવાલાયક છે એમ એનો અર્થ છે? એમ નથી. આહાહા..! જાણવાલાયક નથી, એ પ્રશ્ન તો છોડી દે. ભગવાન ચિદાનંદમૂર્તિ જાણવાલાયક છે. નથી જાણવાલાયક એ વાત તો છોડી દે તારા જ્ઞાનમાંથી. પણ હું મને મારા જ્ઞાનસ્વભાવથી (જાણવાલાયક છું). અલિંગગ્રહણમાં છઠ્ઠો બોલ આવ્યો છે. અલિંગગ્રહણમાં. પોતાના સ્વભાવથી જાણવાલાયક પ્રત્યક્ષ જ્ઞાતા છે. એ અલિંગગ્રહણ છે. પરથી જણાતો નથી. પોતાનો સ્વભાવ શુદ્ધ ચિદાનંદ પ્રભુ.. આહા..! એનાથી જણાય એવો એ પ્રત્યક્ષ જ્ઞાતા છે. પ્રત્યક્ષ જ્ઞાતા જ એનું સ્વરૂપ છે. આહાહા..! આવી વાતું માણસને (આકરી લાગે). સમજાણું કાંઈ? માર્ગ આ છે, ભાઈ! એનો પહેલા પક્ષ તો કરે. વિકલ્પથી પક્ષ તો કરે કે આ ચીજ આવી છે. પછી વિકલ્પાતીત થવું એ તો અંદરની ચીજની ચીજ છે. અહીં તો હજી વિકલ્પના પક્ષમાં પણ વ્યવહારથી થાય છે અને આનાથી થાય છે. વિપરીત દૃષ્ટિ છે, ભાઈ! અરેરે..!

આ શરીર ને વાણી ને કર્મ ને આ બધા ભપકા દેખાય એ બધા મસાણના હાડકાના ફાસફૂસ છે. આ મસાણના હાડકા હોય છે ને? સ્મશાનમાં. બાળક જાય ને તો ત્યાં આમ ચમક ચમક થાય. એટલે લોકો કહે કે ઈ ભૂત છે. ભૂત ક્યાં ન્યાં હતા? મસાણમાં માણસને બાળી નાખ્યા પછી હાડકા પડ્યા હોય ને? તો હાડકામાં ચમક થાય. ફાસફૂસ... શું કહેવાય ઈ? ફોસ્ફરસ. ફોસ્ફરસ થાય. બાળકને એમ સમજાવી દે કે ત્યાં ભૂત છે. ભૂત કાંઈ નથી, એ હાડકાની ફાસફૂસ છે. એમ આ બધી હાડકાની ફૂસફાસ દેખાય છે. બહારની વસ્તુઓ એ મસાણની ફૂસફાસ છે. આહાહા..!

ભગવાન અમૃતનો સાગર અંદર જાણવાલાયક પડ્યો છે. આહાહા..! એના ઉપર નજર નથી, એ તરફ વલણ નથી, એ તરફ ઝુકાવ નથી. અને મતિ ને શ્રુતજ્ઞાનનો ઝુકાવ પર ઉપર છે. કહે છે કે, જાણવાલાયક છે. એ નિશ્ચયથી લીધું. એ પહેલો બોલ લીધો. પરંતુ એ નયનો પક્ષ છે. વિકલ્પનો એક પક્ષ છે.

**'આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી...'** એ જાણવાલાયક છે, એવા વિકલ્પને પણ છોડીને. આહાહા..! આ ક્રિયા તો જુઓ! એ વિકલ્પનો પક્ષ પણ છોડીને. તત્ત્વ જે ચૈતન્યસ્વરૂપ જ્ઞાયક છે, તેનો વેદી, તેનો જાણનાર થાય છે. સમજાય છે કાંઈ? એનું નામ સમ્યક્જ્ઞાન ને સમ્યગ્દર્શન ને ધર્મ કહેવામાં આવે છે. બાકી બધું થોથા છે. આહા..! કાંઈ ખબર ન મળે. આ સામાયિક કરી, પોષા કર્યા, પડિકમણા (કર્યા). ધૂળેય નથી સામાયિક. સાંભળ તો ખરો! વસ્તુ શું છે એની દૃષ્ટિની તો ખબર નથી. તારે સામાયિક ક્યાંથી આવી? 'ડાહ્યાભાઈ'! સ્થાનકવાસીમાં તો સામાયિક બહુ હોય. સામાયિક કરે ને પોષા કરે ને પડિકમણા (કરે). ધૂળમાંય કાંઈ નથી.

મુમુક્ષુ :- પોષા એટલે શું?

ઉત્તર :- પૌષધ.. પૌષધ. ચોવીસ કલાક આહાર-પાણી છોડી દે. સવારથી બીજી સવાર સુધી (આહાર-પાણી ન લે). જેમ ચણો હોય છે ને? ચણો.. ચણો. પાણીમાં નાખીને પોઢો થાય છે ને? એમ આત્માને ગુણ દ્વારા પોષણ કરવું. વાત તો એમ છે. પણ આ તો ભાન નથી એટલે ચોવીસ કલાક આહાર ન ખાય, પાણી ન પીવે એ પૌષધ. ધૂળમાંય પૌષધ નથી.

મુમુક્ષુ :- લોકમાં ..

ઉત્તર :- લોકમાં બધા એવા હોય. ગાંડા, ગધેડા જેવા. એની પાસે શું વાતું હોય? શેઠ! ગધેડા ભૂંકે ને? એમ ભૂંકે. આને સામાયિક કહેવાય ને આને પડિકમણા કહેવાય. તત્ત્વની તો કાંઈ ખબર નથી. ક્યાંથી એ વસ્તુ આવી? આહાહા..!

સામાયિકમાં તો સમ-આય. વીતરાગતાનો લાભ થાય છે. સામાયિકનો અર્થ એ છે. વીતરાગતાનો લાભ તને ક્યારે થાય? ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં કરેમિ ભંતે કરીને બેસી ગયા (એટલે) થઈ ગઈ સામાયિક? ધૂળમાંય નથી. શુભરાગ હોય કદાચિત્ હોય તો પુણ્ય છે-અધર્મ છે.

કહ્યું હતું ને? સંપ્રદાયમાં કહ્યું હતું. (સંવત) ૧૯૮૫માં સંપ્રદાયમાં (કહ્યું હતું). 'બોટાદ' મોટી સભા. ત્યાં તો ૩૦૦ ઘર ને. મોટી સભા. ૧૯૮૫ની વાત કાલે કહી હતી ને? ત્યાં કહ્યું, મહાવ્રતનો ભાવ એ આસ્રવ છે અને જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ ધર્મ નહિ, અધર્મ છે. પણ એમાં હતા ને. લોકોને વિશ્વાસ. એય..! બોટાદ.. બોટાદ. ૩૦૦ ઘર. હવે તો ઘર વધી ગયા. ૩૫૦ ઘર છે. માણસ બહુ આવે. અમે જ્યારે વ્યાખ્યાન આપવા બેસીએ (અને ખબર પડે કે) કાનજીસ્વામી બેઠા છે એટલે માણસ તો આખો અપાસરો ભરાઈ જાય અને બહાર ગલી ભરાઈ જાય, એટલું માણસ. ૧૯૮૦ની સાલની વાત છે. ૫૩ વર્ષ થયા. એ પહેલા પણ અમે તો (સંવત) ૧૯૭૪ની સાલથી વ્યાખ્યાન કરતા. ૧૯૭૪ સાલ. હજારો માણસ.. હજારો માણસ. કેટલા વર્ષ થયા? ૫૯. સાંઈઠમાં એક ઓછો. ત્યારે તો અમારું નામ પ્રસિદ્ધ બહુ હતું ને! પુણ્ય પણ દેખાય. દુકાન પણ સારી ચાલતી હતી ને છોડી છે, બ્રહ્મચારી છે. એટલે લોકોમાં પ્રસિદ્ધિ બહુ હતી. અને જાણપણાની વાત કરીએ એટલે લોકો બિચારા સાંભળે, એકધારા સાંભળે. આ અમારે ગાંધી રહ્યા. હસમુખ ને એના બાપ ને એ બધા ત્યાં હતા. .... આહા..!

અહીંયા કહ્યું કે, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય, પ્રભુ! એ ભાવ ધર્મ નહિ. ધર્મથી બંધ થતો નથી અને જે ભાવે બંધ થાય એ ધર્મ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! સમ્યગ્દષ્ટિને તો એ શુભભાવ આવે છે પણ હેય છે. 'ષોડશકારણ ભાવના ભાય...' આવે છે કે નહિ? 'સોલહ તીર્થંકરપદ પાય'. અમારે અહીં 'શ્રીચંદજી' છે એ બહુ બોલતા હતા, પૂજા કરતા હતા ત્યારે. પહેલા પૂજારી હતા ને? પહેલા પૂજારી હતા. 'શ્રીચંદજી' છે ને? 'ષોડશકારણ ભાવના ભાય, તીર્થંકરપદ પાય'. જાણે મોટું તીર્થંકરપદ એટલે શું હશે જાણે.

અહીં તો આત્મપદ પામે એની વાત છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ અધર્મ છે, રાગ છે. નિશ્ચયથી તો પાપ છે.

મુમુક્ષુ :- આવું માનનારને તીર્થંકરગોત્ર બંધાય.

ઉત્તર :- એવો વિકલ્પ એને આવે છે. દૃષ્ટિમાં નિષેધ છે અને દૃષ્ટિ શુદ્ધ ચૈતન્ય ઉપર છે. એને એવો વિકલ્પ આવે છે. અજ્ઞાનીને એવો વિકલ્પ હોય નહિ. સમજાય છે કાંઈ?

અહીં કહે છે, જાણવાલાયક છે. આહાહા..! જાણવાયોગ્ય અને જાણવા લાયક હોય તો એક આત્મા જ છે. બીજું જાણવાલાયક છે, એ વાતને તો અહીં છોડી દીધી. સમજાય છે કાંઈ? પણ આ આત્મા જાણવાલાયક છે, એવો જે વિકલ્પ છે, વૃત્તિ ઊઠે છે, તેથી શું? એમ કહે છે. ત્યાં સુધી આવ્યો તોપણ શું? આહાહા..! સંતોની વાણી તો જુઓ! દિગંબર સંતોની. અહીં સુધી આવ્યો કે આ જ જાણવાલાયક છે, બીજું જાણવાલાયક નથી. એવા વિકલ્પમાં આવ્યો, વૃત્તિ ઊઠી તો તેથી શું? તને એનાથી શું લાભ થશે? ભગવન્! આહા..! વિકલ્પાતીત થઈને.... છે? '**તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.**' આહાહા..! જાણવાલાયક છે એ જાણવાલાયક થઈ ગયો. સમજાય છે કાંઈ? પોતાનું સ્વરૂપ જ જાણવાલાયક છે. આહાહા..! દેવ, ગુરુ ને શાસ્ત્ર ને પર એને જાણવું એ તો બધો વ્યવહાર છે. એ પરસત્તાવલંબી જ્ઞાન છે. આહાહા..! પોતાની નિજ સત્તા જ્ઞાયકજ્યોત આનંદસ્વરૂપ, એ જ જાણવાલાયક છે એમ વેદનમાં આવવું તેને અહીંયાં તત્ત્વવેદી, તત્ત્વવેત્તા કહેવામાં આવે છે. એને અહીંયાં સમ્યગ્દષ્ટિ અને ધર્મની પહેલી સીઢીવાળો કહેવામાં આવે છે. આહાહા..!

---

(ઉપજાતિ)

एकस्य दृश्यो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।४२-८७।।

અર્થ :- જીવ દૃશ્ય (-દેખાવાયોગ્ય) છે એવો એક નયનો પક્ષ છે અને જીવ દૃશ્ય નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૪૨-૮૭.

## કળશ-૮૭ ઉપર પ્રવચન

एकस्य द्वश्यो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।४२-८७।।

આહાહા..! એ 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર'માં આવે છે ને? માતા પાસે રજા માંગે છે. 'પ્રવચનસાર' ચરણાનુયોગચૂલિકા. આત્માના આનંદનો અનુભવ થયો, પછી એ આનંદમાં વિશેષ રમણતા કરવા માટે સાધુપદ લે છે. જંગલમાં જાય છે. આહાહા..! માતાને કહે છે, જનેતા! માતા! મારી આનંદરૂપી માતા તો મારી પાસે છે. તું તો શરીરની જનેતા છે. શરીરને ઉત્પન્ન કરનારી છો, મારા આત્માની જનેતા તું નથી. આહાહા..! મારે જોવાલાયક ચીજ તો મારામાં છે. મેં જોઈ છે અને હવે એમાં લીન થવા માટે હું જાઉં છું. માતા! આહાહા..! માતા રડે છે. જનેતા! એકવાર રડી લે. પણ અમે કોલકરાર કરીએ છીએ, બા! અમે હવે ફરીને જનેતા નહિ કરીએ. ફરીને માતા નહિ કરીએ. અમે અશરીરી થઈ જઈશું.

મુમુક્ષુ :- આ તો ગુજરાતીમાં થયું.

ઉત્તર :- ગુજરાતીમાં થયું? અમે ફરીને અવતાર નહિ લઈએ. માતાને એમ કહે છે. તું મને રજા આપ. અમારા આનંદરૂપી માતા પાસે અમે જઈએ. આનંદ એ અમારી જનેતા છે. આહાહા..! આનંદની ઉત્પત્તિ થનાર મારો આત્મા છે, ત્યાં હું જાઉં છું. ત્યાં મારો આનંદ છે. માતા! એકવાર રજા દે ને! રડવું હોય તો રડી લે. ફરીને અમે જનેતા-માતા નહિ કરીએ. પછી (રજા) આપે છે. એ વખતે (સંવત) ૧૯૮૦માં બોલતા હતા ત્યારે તો લોકો આમ..

'ઉત્તરાધ્યયન'ની એ ગાથા છે. 'અજૈવ ધમ્મમ પડિવજ્જ્યામો, જહિં પવન્નાણ પુનઃ ભવામો, અણાગયં એવ યતકિંચી, ... વિણહિ તુરાગં' આ ગાથા જ્યારે સંપ્રદાયમાં આવતી હતી (ત્યારે) લોકો.. શું કહે છે? માતાને એમ કહે છે, 'અજૈવ ધમ્મમ પડિવજ્જ્યામો,' હે માતા! હું આ જ મારા આનંદની દશા-ચારિત્ર અંગીકાર કરવા જાઉં છું. 'જહિં પવન્નાણ પુનઃ ભવામો,' માતા! મારા આનંદસ્વરૂપને ગ્રહણ કરવા હું જાઉં છું. અને જેને ગ્રહણ કરવાથી માતા! 'ન પુનઃ ભવામો' બીજો ભવ અમે નહિ કરીએ. આહાહા..!

'અજૈવ ધમ્મમ પડિવજ્જ્યામો' શબ્દ સહેલા છે. આજે જ ધર્મ 'પડિવજ્જ્યામો' અંગીકાર કરવા જાઉં છું. 'પડિવજ્જ' એટલે અંગીકાર. 'જહિં પવન્નાણ પુનઃ ભવામો,' મારા આનંદની રમણતા અંગીકાર કરવાથી માતા! ફરીને અમે ભવ ધારણ નહિ કરીએ. અમે તો અશરીરી સિદ્ધ થવાને લાયક થઈ ગયા છીએ. 'અણાગયં એવ યતકિંચી' માતા! જગતમાં અણપામેલ કઈ ચીજ રહી ગઈ છે? બધી ચીજ, આત્મા સિવાય બધી ચીજ અનંતવાર મળી ગઈ છે. એ પૈસા ને બાયડી ને છોકરા ને ધૂળધાણી તારા. 'અણાગયં એવ યતકિંચી' અણાગયં એટલે? અણપામેલ કઈ ચીજ માતા! રહી છે કે જે અમને અપૂર્વ લાગે? 'શ્રદ્ધા.. વિણહિ તુરાગં'.

માતા! શ્રદ્ધા કરીને અમારા પ્રત્યેનો રાગ છોડીને અમને રજા દઈ દે. હું એકલો જંગલમાં ચાલ્યો જઈશ. આહાહા..! જુઓ! આત્મસાધન. બાપા! મુનિપણા એને હોય. બહારની ક્રિયા એ મુનિપણા નહિ, ભાઈ! તને ખબર નથી. આનંદના ધામમાં વસવું. આહાહા..! એ આનંદના ધામમાં ધ્રુવના ધામમાં વસવું, એનું નામ મુનિપણું છે. એ દશા કોઈ અલૌકિક છે. આહાહા..!

અહીં કહે છે કે, આત્મા દેખવાલાયક છે. વાત સાચી છે પણ દેખવાલાયક છે એ પક્ષનો ત્યાગ કરવો પડશે. બીજો પક્ષ છે કે દેખવાલાયક નથી. એ તો છે જ નહિ. એમ કે બીજું દેખવાલાયક છે, બીજું દેખવું. આત્મા દેખવાલાયક નથી. આ જોયું ને પેલું જોયું. ધૂળ ને ધાણી બહારના પદાર્થ જોવાલાયક છે, એમ અજ્ઞાની કહે છે એનો તો નિષેધ કરી દીધો. પણ પોતાનો આત્મા જોવાલાયક છે, એવા વિકલ્પનો પક્ષ પણ છોડી દે, નાથ! આહાહા..! સમજાય છે કાંઈ?

ઈ કહે છે, '**એક નયનો પક્ષ છે અને જીવ દશ્ય નથી એવો બીજા નયનો પક્ષ છે. આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે...**' આહાહા..! હું દેખવાલાયક છું, એવો ગોખણ ને વૃત્તિ-વિકલ્પ છે, એનાથી રહિત તત્ત્વવેત્તા છે. એને જ્ઞાન ને દર્શન ને ચારિત્ર કહેવાય છે. એ '**નિરંતર ચિત્સ્વરૂપ...**' આહાહા..! પોતાની દર્શનપર્યાયથી નિરંતર પોતાને દેખે છે. નિરંતર દેખે છે. આહાહા..!સમજાય છે કાંઈ? એનું નામ ધર્મ અને સમ્યગ્દર્શન ને જ્ઞાન છે. બાકી બધી વાતું છે.(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

(ઉપજાતિ)

एकस्य वेद्यो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।४३-८८।।

**અર્થ :- જીવ વેદ્ય (વેદાવાયોગ્ય, જણાવાયોગ્ય) છે એવો એક નયનો પક્ષ છે અને જીવ વેદ્ય નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૪૩-૮૮.**

## શ્રાવણ વદ ૯, મંગળવાર, તા.૬-૯-૧૯૭૭
## કળશ - ૮૮ થી ૯૦, પ્રવચન - ૮૭

'સમયસાર-કળશ' 'કર્તા-કર્મ અધિકાર', ૮૮ કળશ છે. ૮૮.

एकस्य वेद्यो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।૪૩-૮૮।।

ભગવાનઆત્મામાં બે પક્ષ છે. શુભાશુભ ભાવ તો દૂર રહો, એ તો આત્મામાં છે જ નહિ, પણ અહીંયાં વસ્તુસ્વરૂપ જેવું છે, એવાનો પક્ષ કરવો એ પણ એક વિકલ્પ છે. આહહા..! અહીંયાં આવ્યું ને? **'જીવ વેદ્ય (-વેદાવાયોગ્ય, જણાવાયોગ્ય) છે...'** જાણવા યોગ્ય છે. જાણવાલાયક છે અને જાણવાલાયક નથી, એ તો પહેલા આવી ગયું. ૮૬માં પહેલા (આવી ગયું). જાણવાયોગ્ય છે અને જાણવાયોગ્ય નથી. જાણવાયોગ્ય નથી, એ વ્યવહારપક્ષ છે. જાણવાયોગ્ય છે એ નિશ્ચયપક્ષ છે. પણ એ બેય વિકલ્પના પક્ષ છે. જ્યાં સુધી એ જાણવાલાયક છે અથવા જણાવાલાયક છે, એવા વિકલ્પમાં આવે છે તોપણ તેથી આત્માને શું લાભ? એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ તો વિકલ્પ, રાગ છે. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિના રાગની વાત તો અહીંયાં કરી જ નથી.

ભગવાન ચૈતન્યસ્વરૂપ જાણવાલાયક છે કે જણાવાલાયક છે, આ જણાવાલાયકનો પ્રશ્ન ચાલે છે. વેદ્યમાં. સમજાય છે કાંઈ? જાણવાલાયક છે એ પહેલા ૮૬ કળશમાં આવી ગયું. ૮૬. બેમાં ફેર શું છે? પહેલા એ આવ્યું કે જાણવાલાયક છે. તો બીજો (પક્ષ) કહે છે કે જાણવાલાયક નથી. તો એ બેય વિકલ્પ પક્ષ છે. વ્યવહાર પક્ષને તો છોડાવતા આવ્યા છે પણ જાણવાલાયક છે, એવા વિકલ્પનો પક્ષ પણ છોડાવે છે. આહાહા..! ત્યારે આત્માનો સમરસીભાવ વેદનમાં આવે છે. આત્માનો સમરસીભાવ-વીતરાગભાવ. નયપક્ષથી છૂટવાથી વીતરાગભાવ વેદનમાં આવે છે. આહાહા..! એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને મોક્ષનો માર્ગ કહીએ.

કર્તા-કર્મ અધિકાર છે ને? હું જણાવાલાયક છું અથવા જણાવાલાયક નથી, બેય રાગ છે. જણાવાલાયક છે એ વ્યવહારપક્ષ છે. જણાવાલાયક નથી. એ ચીજ તો અલૌકિક છે. આહાહા..! સમજાય છે કાંઈ? ચૈતન્યબિંબ પ્રભુ, એને પકડવામાં હું જણાવાલાયક છું કે જાણવાલાયક છું, એવો વિકલ્પ પણ ત્યાં કામ કરતો નથી. આહાહા..! આવો માર્ગ ઝીણો છે એટલે લોકોને કઠણ પડે. શું થાય? ભાઈ!

એ તો એમાં આવ્યું ને? આપણે આવી ગયું છે. પહેલા ક્યાંક આવી ગયું છે. કઠણ છે.

કેટલામાં આવ્યું? કેટલામો? ૯૦ કળશ. **'તેથી જ્ઞાન ભિન્ન, ક્રોધ ભિન્ન-એવું અનુભવવું ઘણું જ કઠણ છે.'** છે? પંડિતજી! ૯૦...૯૦. અંદર ટીકામાં. પાંચ-છ લીટી પછી. તેથી જ્ઞાન ભિન્ન, ક્રોધ શબ્દે વિકલ્પ ભિન્ન (એવું અનુભવવું ઘણું કઠણ છે). એ તો જવાબ આપે છે.

**'ઉત્તર આમ છે કે સાચે જ કઠણ છે.'** પોતે-સ્વયં પ્રશ્ન મૂક્યો કે કઠણ છે ને. ઓહો..! વિકલ્પથી ભિન્ન પાડવું, નયપક્ષથી પક્ષાતિક્રાંત થવું.. આહાહા..! અને એ ધર્મની શરૂઆત છે. આહાહા..! બીજી વાત તો ક્યાંય રહી ગઈ. પણ એનો પક્ષ (કરે કે) હું આ જણાવાલાયક છું અથવા જાણવાલાયક છું. તો કહે છે કે એ રાગથી ભિન્ન પાડવું અતિ કઠણ છે. શિષ્યનો પ્રશ્ન છે. **'ઉત્તર આમ છે કે સાચે જ કઠણ છે.'** છે? સાચે જ કઠણ છે. **'પરંતુ વસ્તુનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં ભિન્નપણારૂપ સ્વાદ આવે છે.'** આહાહા..! સૂક્ષ્મ છે, ભગવાન! તારી ચીજ તો ભગવતસ્વરૂપ વીતરાગસ્વરૂપ બિરાજમાન છે. આહાહા..! અંદર સચ્ચિદાનંદ પ્રભુ, સત્ નામ શાશ્વત જ્ઞાન અને આનંદના સ્વભાવથી ભરેલો પ્રભુ બિરાજે છે. એ શુદ્ધ સ્વરૂપનો... શું કહ્યું? **'વસ્તુનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં...'** વિચારતાનો અર્થ-શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન કરતાં. ભગવાન શુદ્ધ સ્વરૂપ છે, એ તરફ ઝુકવાથી, એનું જ્ઞાન કરતાં. આહાહા..! રાગ અને વિકલ્પ ને પરનું જ્ઞાન તો અનાદિથી કરે છે. એ પરપ્રકાશકજ્ઞાન એ મિથ્યાજ્ઞાન છે. આહાહા..! જેમાં સ્વપ્રકાશક આત્મા ન મળે, એકલું પરનું જાણવું એ તો મિથ્યાજ્ઞાન છે. આહાહા..!

પોતાનું સ્વરૂપ શુદ્ધ વિચારતાં અર્થાત્ શુદ્ધનું જ્ઞાન કરતાં. વિચારનો અર્થ વિકલ્પ એક ઠેકાણે કર્યો છે. એમાં આગળ છે. નહિ? વિચાર આદિ વિકલ્પ. આગળ વિચારને વિકલ્પમાં નાખ્યા છે. કંઈ બધું યાદ રહે છે? ખ્યાલ હોય કે આ ઠેકાણે છે. આ બાજુ ક્યાંક છે. વિચાર પણ વિકલ્પ છે. એ તો વિકલ્પવાળો વિચાર. અહીંયાં તો વિચારતાનો અર્થ જ્ઞાન કરતાં. છે ને? ભાઈ! ક્યાંક. ક્યાંક આ બાજુ છે. શું કહ્યું ઈ? શુદ્ધ સ્વરૂપનો વિચાર પણ હેય છે. એમ આવ્યું છે. આ બાજુ ક્યાંક આવ્યું છે. એટલો બધો કાંઈ ક્ષયોપશમ છે નહિ. એટલું યાદ નથી રહેતું. ભાવ યાદ રહે છે. ક્યાંક છે. આ બાજુ છે, આ બાજુ. આહાહા..!

અહીંયાં કહે છે, ભગવાનઆત્મા જણાવાયોગ્ય છે એ પણ એક વિકલ્પ છે, રાગ છે. અને જણાવાયોગ્ય નથી, એ પણ એક વિકલ્પ છે. જણાવાયોગ્ય નથી, એ તો વિકલ્પાતીત વસ્તુ છે, વચનાતીત છે. એવો વિકલ્પ પણ છોડવા લાયક છે. અહીં કહ્યું ને? **'વસ્તુનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં ભિન્નપણારૂપ સ્વાદ આવે છે.'** ૯૦. આહાહા..! વસ્તુ જે શુદ્ધ સ્વરૂપ પિંડ પ્રભુ, એનું જ્ઞાન કરતાં, પર્યાયમાં એનું જ્ઞાન કરતાં. વસ્તુ છે એ પર્યાયમાં નથી આવતી. પણ પર્યાયમાં એનું જ્ઞાન આવે છે. એ જેટલી તાકાતવાળો આત્મપદાર્થ છે, પર્યાયમાં એનું જ્ઞાન આવે છે. વસ્તુ પર્યાયમાં નથી આવતી. આહાહા..! સમજાય છે કાંઈ? તો કહે છે, **'વિચારતાં ભિન્નપણારૂપ સ્વાદ આવે છે.'** ૯૦ કળશ. અહીં પણ એ લેવું.

જણાવાયોગ્ય (છે) અને એક નયનો પક્ષ છે કે જીવ જણાવાયોગ્ય નથી. **'આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે.'** આહાહા..! તત્ત્વવેત્તા. પાઠમાં તત્ત્વવેદી છે. મૂળ પાઠ. તત્ત્વવેત્તા. આહાહા..! ચૈતન્યસ્વરૂપ જ્ઞાયકભાવનો જાણનાર, એ વિકલ્પથી રહિત.. આહાહા..! પક્ષપાત રહિત છે. એ સમરસીભાવમાં લીન છે. આહાહા..! વિકલ્પ છે

એ વિષમભાવ છે. હું જણાવાયોગ્ય છું કે જણાવાયોગ્ય નથી, એમ જાણવાલાયક છું, એ પણ એક વિકલ્પ વિષમભાવ છે. આહાહા..! દુઃખરૂપ ભાવ છે. ધર્મીજીવ એ વિકલ્પને છોડી.. આહાહા..! સમરસીભાવનું વેદન કરે ત્યારે એને નિર્વિકલ્પદશા કહેવાય છે. આવી વાત છે. સમજાય છે કાંઈ? આ ઝઘડા તો હજી બહારના. આ ઝઘડા. શુભજોગ ઈ મોક્ષનો માર્ગ (છે). ઈ તમારા પંડિતમાંથી કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ જુદી જાતના પંડિત છે. પણ એ પંડિત... મેં તો ફક્ત પંડિતની જાતની વાત કરી. કારણ કે એ તો તમારા ગુરુ છે. આ પંડિત જુદી જાતના છે. આહાહા..! અરે..! પ્રભુ! શું કરે છે?

ભાઈ! ધર્મ તો વીતરાગભાવે થાય કે રાગભાવે થાય? પ્રભુ! વીતરાગનો માર્ગ તો વીતરાગભાવથી થાય છે કે રાગભાવથી? તો તો એ વીતરાગમાર્ગ જ નથી. આહાહા..! ભગવાનઆત્મા વેદાવાયોગ્યનો અર્થ અહીંયાં જણાવાયોગ્ય કર્યો. પણ બીજી ભાષાએ કહીએ તો આનંદનું વેદન કરવાલાયક છે અને વેદન કરવાલાયક નથી, એવા બે પક્ષ છે. સમજાય છે કાંઈ? આહાહા..! આવી વાત. આ તો ધીરાના કામ છે, બાપુ! 'નિભ્રત' શબ્દ આવે છે ને આપણે? ભાઈ! 'નિભ્રત' શબ્દ કળશમાં આવે છે. ચિંતા વિનાના જીવનું આ કામ છે, પ્રભુ! નિભ્રત. આહાહા..!

અહીંયાં કહ્યું કે, તત્ત્વવેત્તા તો પક્ષપાત રહિત છે. આહાહા..! **'તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.'** નિરંતર. આહાહા..! રાગ ને વિકલ્પથી ભિન્ન પ્રભુ (છે) એવું સમ્યગ્દર્શનમાં, શુદ્ધોપયોગમાં ભાન થયું. આ વિકલ્પનો પક્ષ છે એ અશુદ્ધઉપયોગ છે. સમજાય છે કાંઈ? વિકલ્પનો પક્ષ છે એ અશુદ્ધઉપયોગ છે અને આ વિકલ્પાતીત છે એ શુદ્ધઉપયોગ છે. આહાહા..! હવે કેટલાક તો એમ કહે છે કે અત્યારે શુદ્ધઉપયોગ હોય નહિ. શુદ્ધઉપયોગ તો સાતમે-આઠમે (ગુણસ્થાને) હોય. અરે..! પ્રભુ! પહેલી વસ્તુ જ શુદ્ધઉપયોગમાં પ્રાપ્ત થાય છે. આહાહા..! આ શું કહ્યું? તત્ત્વવેત્તા. એ તત્ત્વવેત્તા ઈ શુદ્ધઉપયોગ છે. તત્ત્વનો જાણનાર એ શુદ્ધઉપયોગથી તત્ત્વને જાણે છે. વિકલ્પને છોડીને. આહાહા..! આમ એક બાજુ કહે કે, વાત તો એની સાચી છે પણ આપણાથી ન છોડાય. અરે...! પ્રભુ! આવો માર્ગ.

અહીં કહે છે, બાપુ! માર્ગ તો આ છે, ભાઈ! વીતરાગસ્વરૂપી... ચારે અનુયોગનું તાત્પર્ય તો વીતરાગતા છે. ૧૭૨ ગાથા, 'પંચાસ્તિકાય'. ચારે અનુયોગનું તાત્પર્ય તો વીતરાગતા છે. તો ચારે અનુયોગમાં બીજા અનુયોગમાં બીજું કહ્યું હોય અને ત્રીજા અનુયોગમાં બીજું કહ્યું હોય, એવી વાત નથી. એ વીતરાગતા તો ક્યારે થાય છે? આહાહા..! કે વિકલ્પને છોડીને વીતરાગ સમભાવમાં જ્યારે આત્માને જાણે છે ત્યારે વીતરાગતા થાય છે. આહાહા..! ઝીણી વાત, પ્રભુ! તારી પ્રભુતાની બલિહારી છે, નાથ! આહાહા..! એ વીતરાગભાવથી ભરેલો છે. 'જિન સો હી આત્મા, અન્ય સો હી હૈ કર્મ, યહી વચન સે સમઝ લે જિનપ્રવચન કા મર્મ.' ચારે અનુયોગનો મર્મ તો આ છે, ભગવાન! આહાહા..! તારી વસ્તુ

આનંદને વેદવાલાયક છે. એ વાત બરાબર છે. પણ વિકલ્પનો પક્ષ છે એ વિષમભાવ છે. અને આનંદ વેદવાલાયક નથી, દુઃખ વેદવાલાયક છે, એ પક્ષ તો તદ્દન જૂઠો છે. આહાહા..!

ભગવાન અતીન્દ્રિય આનંદસ્વરૂપ પ્રભુ (છે). એ અતીન્દ્રિય આનંદની પર્યાયથી જ જણાય છે. ઈ સમરસ છે-વીતરાગભાવ છે. સમ્યગ્દર્શન એ વીતરાગભાવ છે. કોઈ કહે કે ચોથે ગુણસ્થાને તો સરાગ સમકિત જ હોય. એ ચર્ચા પણ બહુ ચાલે છે. એમ નથી, ભગવાન! સરાગ સમકિત કહ્યું એ તો ચારિત્રના દોષવાળી સમકિતદશાનું વર્ણન કર્યું છે. સમકિત તો સરાગ છે જ નહિ. સમ્યગ્દર્શન તો વીતરાગી જ છે, ભાઈ! આહાહા..! કેમકે સમ્યક્ સત્ય પૂર્ણાનંદના નાથની પ્રતીત જ્યાં અંદર અનુભવ થઈને થઈ તો ત્યાં સમરસ વીતરાગભાવ જ આવે છે. એ શુદ્ધઉપયોગ છે એ વીતરાગભાવ છે. આહાહા..! સૂક્ષ્મ છે, ભાઈ! ધર્મ એ ચીજ એવી છે કે જેનાથી ભવના અંત આવી જાય. આહાહા..! આ ભવાબ્ધિમાં રખડે છે. ચોર્યાસીના અવતારમાં દુઃખી.. દુઃખી છે. ઘાણીમાં જેમ તલ પીલાય એમ દુઃખમાં પીલાય છે. આહા..! એને ખબર નથી.

મુમુક્ષુ :- જેના ભવના અંત આવી ગયા એને સમજાય.

ઉત્તર :- ભવના અંતની વાત અહીંયાં છે. આહાહા..!

મુમુક્ષુ :- જેને સમજાશે એના ભવના અંત આવશે.

ઉત્તર :- અંત આવશે. એ દૃષ્ટિ થઈ તો અંત આવશે જ. જેને આ દૃષ્ટિ થઈ એના ભવના અંતનો કાળ આવી ગયો. કાળલબ્ધિ પાકી ગઈ. આહાહા..! આ ભાવ જેના લક્ષમાં આવ્યો, એને તો પાંચે સમવાય એક સમયમાં સાથે આવી ગયા. આહાહા..! સમજાય છે કાંઈ?

એ તો અમારે (સંવત) ૧૯૭૨ (સાલમાં) એ મોટી ચર્ચા થઈ હતી. અમારા સંપ્રદાયના ગુરુ હતા એ તો ભદ્રિક હતા. કષાય મંદ હતો. બ્રહ્મચારી બહુ સારા હતા, પણ આ વસ્તુની ખબર નહિ. ચર્ચા થઈ કે ભગવાને દીઠું એમ થશે, એમ સંપ્રદાયના અમારા બીજા ગુરુભાઈ હતા એ બહુ કહેતા. તો કીધું, દીઠું એમ થાશે, એ વાત પછી. પણ એ ભગવાન છે, કેવળજ્ઞાની છે. એ કેવળજ્ઞાનની એક પર્યાયમાં ત્રણકાળ ત્રણલોક જણાય છે, એવી પર્યાયની સત્તાનો સ્વીકાર કરે ત્યારે કેવળીએ દીઠું એમ થાશે, એમ એને પ્રતીતમાં આવે. ૧૯૭૨ની સાલ. ૬૧ વર્ષ થયા. ૬૧ વર્ષ પહેલાની વાત છે. પછી અમારા સંપ્રદાયના ગુરુ હતા ને, બીજે દિવસે એણે એમ કહ્યું, પહેલા મારો પક્ષ લીધો કે કાનજી વાત કરે છે એ ઠીક કરે છે. આ તો ૧૯૭૨ની સાલની વાત છે. પણ બીજે દિવસે બોલ્યા, 'મૂળચંદજી'ની સામે. મારો તો પક્ષ કરતા હતા. પણ 'મૂળચંદજી' સામે બોલ્યા કે, 'મૂળચંદજી'! તમે આમ કહેશો તો પાંચ સમવાય સિદ્ધ થશે. એમ બોલ્યા. પાંચ સમવાય સમજ્યા ને? કાળ, સ્વભાવ, ભવિતવ્ય, પુરુષાર્થ અને નિમિત્તનો અભાવ. એમ બોલ્યા. તો એ પાંચ સમવાય માનતા નહોતા. સમજાય છે કાંઈ?

પાંચ સમવાય સાથે હોય છે. જ્યારે વિકલ્પથી રહિત પોતાનો અનુભવ થયો તો સ્વભાવ આવ્યો, પુરુષાર્થ આવ્યો, કર્મનો એટલા નિમિત્તનો અભાવ પણ આવ્યો, કાળલબ્ધિ

પણ આવી અને ભવિતવ્યનો ભાવ થવાવાળો હતો એ ભાવ પણ આવ્યો. આહાહા..! પણ એ એવું ન હતું, ભાઈ! હિરાજીમહારાજને 'રામજીભાઈ'એ જોયા નહિ હોય? ભાઈ! જોયા હતા?

મુમુક્ષુ :- 'રાજકોટ'માં જોયા હતા ને.

ઉત્તર :- હા, હા. 'રાજકોટ'. ૧૯૭૧.. ૭૧. ભાઈ હતા. ચોમાસાની માગણી કરી હતી. ચોમાસાની માગણી. સાચી વાત. ૧૯૭૧ની સાલ. ૧૯૭૧. કેટલા વર્ષ થયા?

મુમુક્ષુ :- 'ઠાકરશીભાઈ' એ કરી હતી.

ઉત્તર :- હા, 'ઠાકરશીભાઈ'એ કરી. ત્યારે 'ઠાકરશીભાઈ' હતા.. શું કહેવાય ઈ? પ્રમુખ.. પ્રમુખ. 'ઠાકરશીભાઈ' પ્રમુખ હતા. 'ઠાકરશીભાઈ'ના દીકરા અહીં 'ભાવનગર' છે ને? શું નામ? 'નૌતમભાઈ'. 'ભાવનગર' રહે છે ને? 'નૌતમભાઈ' અહીં આવે છે ને. અહીં તો ઘણા વર્ષની વાતું છે. એ વખતે ત્યાં 'હિરાજીમહારાજ' આવ્યા હતા. એની સાથે હું પણ હતો. ત્યાં આગળ આ પ્રશ્ન તો નહોતો. પણ આમ જ (વાત) ચાલતી હતી. એણે વિનંતી કરી કે,.. અમારાથી તો અહીં રહી નહિ શકાય. ચોમાસુ અહીંયાં રહી નહિ શકાય. કેમકે બે શિષ્યોમાં ગડબડ થતી હતી. કષાય થતા હતા. પોતે મંદ કષાયી હતા. પણ શિષ્યોમાં કષાય હતો. તો કહ્યું, અહીં નહિ રહી શકાય. ત્યારે કેટલાકે તો એમ કહ્યું, જેમ થવાનું હશે એમ થશે. પણ થવાનું હશે તેમ થશે એ પુરુષાર્થથી થશે કે એમ ને એમ થશે? સમજાય છે કાંઈ? થવાનું હશે એમ થશે, એ તો એમ જ છે. એમાં ફેરફાર નથી. પણ થવાનું છે, એનો નિર્ણય કોણે કર્યો? અને કોની સન્મુખ થઈને એ નિર્ણય થાય છે? સમજાય છે કાંઈ? સ્વસન્મુખ ભગવાન આનંદસ્વરૂપ જ્ઞાયક, એ તરફ મુખ કરવાથી, બહિર્મુખ જે છે એ અંતર્મુખ (થાય ત્યારે થાય). જે રાગ અને પર્યાય ઉપર દૃષ્ટિ છે એ બહિર્મુખ છે. આહાહા..! સમજાય છે કાંઈ? બહિર્મુખ છે, એ બહિરાત્મા છે. અને અંતર્મુખ દૃષ્ટિ કરનાર અંતરાત્મા છે.

ભગવાનઆત્મા.. અહીં કહ્યું ને? વેદવાયોગ્ય છે. અનુભવ કરવાલાયક આત્મા છે. આહાહા..! એટલી વાત ત્યાં રાખો. હવે અહીંયાં છેલ્લો ૮૯.

---

(ઉપજાતિ)

एकस्य भातो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।४४-८९।।

અર્થ :- જીવ 'ભાત' (પ્રકાશમાન અર્થાત્ વર્તમાન પ્રત્યક્ષ) છે એવો એક નયનો પક્ષ છે અને જીવ 'ભાત' નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે

(અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરન્તર અનુભવાય છે).

ભાવાર્થ :- બદ્ધ અબદ્ધ, મૂઢ અમૂઢ, રાગી અરાગી, દ્વેષી અદ્વેષી, કર્તા અકર્તા, ભોક્તા અભોક્તા, જીવ અજીવ, સૂક્ષ્મ સ્થૂલ, કારણ અકારણ, કાર્ય અકાર્ય, ભાવ અભાવ, એક અનેક, સાન્ત અનન્ત, નિત્ય અનિત્ય, વાચ્ય અવાચ્ય, નાના અનાના, ચેત્ય અચેત્ય, દૃશ્ય અદૃશ્ય, વેદ્ય અવેદ્ય, ભાત અભાત ઈત્યાદિ નયોના પક્ષપાત છે. જે પુરુષ નયોના કથન અનુસાર યથાયોગ્ય વિવક્ષાપૂર્વક તત્ત્વનો વસ્તુસ્વરૂપનો નિર્ણય કરીને નયોના પક્ષપાતને છોડે છે તે પુરુષને ચિત્સ્વરૂપ જીવનો ચિત્સ્વરૂપે અનુભવ થાય છે.

જીવમાં અનેક સાધારણ ધર્મો છે પરંતુ ચિત્સ્વભાવ તેનો પ્રગટ અનુભવગોચર અસાધારણ ધર્મ છે તેથી તેને મુખ્ય કરીને અહીં જીવને ચિત્સ્વરૂપ કહ્યો છે. ૪૪-૮૯.

## કળશ-૮૯ ઉપર પ્રવચન

एकस्य भातो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।४४-८९।।

આહાહા..! છેલ્લો કળશ તો ગજબ છે! એક કહે કે વર્તમાન પ્રત્યક્ષ છે. શું કહે છે? આત્મા પ્રત્યક્ષ થવાલાયક નહિ, પ્રત્યક્ષ જ છે. આહાહા..! બારમી પ્રકાશશક્તિ આવી ને? પ્રકાશશક્તિ. એ પ્રકાશક્તિનું કાર્ય એ છે કે સ્વસંવેદન પ્રત્યક્ષ થવું. આહાહા..! સમજાય છે કાંઈ? ૪૭ શક્તિ છે ને? 'ડાહ્યાભાઈ'! આપણે બપોરે ચાલે છે ને? એની બારમી શક્તિ છે. પહેલેથી આવી ને? જીવતર, ચિતિ, દશિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ, સર્વદર્શિત્વ, સર્વજ્ઞત્વ, સ્વચ્છત્વ, પ્રકાશશક્તિ. એ પ્રકાશનો ગુણ-શક્તિ ગુણ સ્વભાવનું કાર્ય શું? આત્મા પ્રત્યક્ષ આનંદના વેદનમાં આવે એ પ્રકાશનો સ્વભાવ છે. અહીં તો કહે છે કે વર્તમાન પ્રત્યક્ષ વેદનમાં આવે છે, એવો વિકલ્પ છે... આહાહા..!

મુમુક્ષુ :- એ પણ નયપક્ષ છે.

ઉત્તર :- એ નયપક્ષ છે. આહાહા..! પ્રત્યક્ષ થવાયોગ્ય તો છે જ. વર્તમાન પ્રત્યક્ષ છે. પ્રત્યક્ષ છે. આહાહા..! અલિંગગ્રહણના છઠ્ઠા બોલમાં કહ્યું ને? વીસ બોલમાં. અલિંગગ્રહણ. આત્મા પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. આ વીસ બોલમાં છઠ્ઠો બોલ છે. અલિગંગ્રહણ, ૧૭૨ ગાથા, 'પ્રવચનસાર'. એમાં વીસ બોલમાં છઠ્ઠો બોલ છે. સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા ઈન્દ્રિયથી જણાતો નથી. એ પહેલો બોલ છે. ઈન્દ્રિયથી જાણતો નથી, એ બીજો બોલ છે. ઈન્દ્રિયપ્રત્યક્ષનો વિષય ભગવાનઆત્મા નથી, એ ત્રીજો બોલ છે. પર દ્વારા અનુમાનથી જણાય એવો આત્મા નથી. પોતાના માત્ર અનુમાનથી પરને જાણે એ આત્મા નથી. આહાહા..! સમજાય છે કાંઈ? છઠ્ઠા બોલમાં આવ્યું. છઠ્ઠીના લેખ. આપણે

છઠ્ઠી ગાથા-જ્ઞાયક. છઠ્ઠીના લેખ નથી કહેતા? જન્મ થયા પછી. છઠ્ઠીના લેખ તો લખીને આવ્યો છે. છઠ્ઠીના લેખ શું લખે? આહાહા..! ભગવાનઆત્મા પ્રત્યક્ષ સ્વભાવથી જાણવાલાયક (છે). એ વિકલ્પથી નયપક્ષથી જાણવાલાયક નથી. આહાહા..!

મુમુક્ષુ :- વર્તમાનમાં પ્રત્યક્ષ છે, એ છઠ્ઠીના લેખ છે?

ઉત્તર :- છઠ્ઠીના લેખ છે. આપણે પણ છઠ્ઠી ગાથા એ છે ને? ભગવાન! '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो**' ભગવાન જ્ઞાયકસ્વરૂપ શુભાશુભભાવરૂપે થયો નથી. શુભાશુભભાવ જડ છે, અચેતન છે. આહાહા..! ચેતન ભગવાન ત્રિકાળી જ્ઞાયકભાવ.. રાત્રે છઠ્ઠી ગાથામાં બતાવ્યું ને? જડરૂપ થયો નથી. કૌંસમાં હતું, કૌંસમાં હતું. સમજાય છે કાંઈ? આહાહા..! અમૃત રેડ્યાં છે પ્રભુએ તો.

તારો અમૃતનો સાગર ભગવાન.. આહાહા..! અમૃતનો સાગર હું વેદીને પ્રત્યક્ષ થવાલાયક. અહીંયા તો થવાલાયક પણ નથી લખ્યું. આ તો પ્રત્યક્ષ છે, એમ લખ્યું છે. પ્રગટ વસ્તુ પ્રત્યક્ષ અંદર છે. આહાહા..! એક નયનો પક્ષ છે. અન્યમતીમાં કહે છે, 'મારી નયનને આળસે રે, મેં નીરખ્યા ન નયણે હરિ.' હરિ એટલે આત્મા, હોં! 'પંચાધ્યાયી'માં આવે છે, પંડિતજી! 'પંચાધ્યાયી'માં હરિ આવે છે. હરિ કેમ કહ્યું? અજ્ઞાન અને રાગ-દ્વેષને હરે તે હરિ. તો ભગવાન હરિ છે. આહાહા..! તો નિજ નયનને આળસે રે, પોતાના જ્ઞાનના નયનને આળસે મેં નીરખ્યા ન નયને હરિ. મારી જ્ઞાનની પર્યાયમાં મેં ભગવાનને જોયા નહિ. સમજાય છે કાંઈ? 'રતનલાલજી'! આવી વાત છે અહીંયાં. આહાહા..! ધર્મની વાતું, બાપા!

ભગવાન! તું કોણ છો? ક્યાં છો? અહીં તો કહે છે, પ્રત્યક્ષ છે. એ વાત સાચી છે પણ પ્રત્યક્ષ છે, એવો વિકલ્પ છે એ છોડવાલાયક છે. આહાહા..! એ વિકલ્પ છે એ વિષમતા છે અને ભગવાન પ્રત્યક્ષ છે એ સમતા છે. વીતરાગભાવથી પ્રત્યક્ષ થાય છે. સમજાય છે કાંઈ? ઈ વિકલ્પથી પ્રત્યક્ષ થતો નથી. આહાહા..! આવો માર્ગ એટલે માણસને ફૂરસદ નહિ, નવરાશ નહિ. કલાક, બે કલાક ફૂરસદ હોય તો દેવદર્શન કરે ને એકાદ પાનું વાંચી જાય. અહીંયાં ઘણા માણસ આવે છે. બાયું આવે ને પ્રતિજ્ઞા હોય (એટલે) પુસ્તક લઈ બે લીટી વાંચે એટલે સ્વાધ્યાય કરી લીધો. અરે..! ભગવાન! બાપુ! સ્વાધ્યાય તો સ્વનો-પોતાનો અધ્યાય એ સ્વાધ્યાય છે. આહાહા.!

કહે છે, જુઓને! આચાર્યોએ કામ કર્યા છે! આહાહા..! પ્રભુ! તું તો પ્રત્યક્ષ છો ને નાથ! વસ્તુ એ પરોક્ષ કેમ હોય? સમજાય છે કાંઈ? આહાહા..! પણ એ પક્ષનો વિકલ્પ છે એ વિષમભાવ છે. આહાહા..! '**ભાત**' (**પ્રકાશમાન અર્થાત્ વર્તમાન પ્રત્યક્ષ**) **છે એવો એક નયનો પક્ષ છે...**' નિશ્ચયનયનો. '**જીવ 'ભાત' નથી...**' પ્રત્યક્ષ થવાલાયક છે જ નહિ. કોઈ દિ' પ્રત્યક્ષ થાય છે? એવો અજ્ઞાનીનો પક્ષ છે. એ તો દૂર કરવા લાયક છે. વ્યવહારને તો છોડવાલાયક છે એમ કહેતા આવ્યા છે. અહીંયાં તો નિશ્ચયનો પક્ષ પણ છોડવો. આહાહા..! છે? '**એવો બીજા નયનો પક્ષ છે...**'

'**આમ ચિત્સ્વરૂપ...**' ભગવાન. ભગવાન તો ચિત્સ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ (છે). એકલો પ્રજ્ઞા-જ્ઞાનનો પૂંજ પ્રભુ. આહાહા..! જેમ રૂના ધોકડા હોય છે ને? શું કહે છે?

બોરી. ૨૫ મણની રૂની બોરી. બોરી, રૂની બોરી. અમારે ધોકડા કહે છે. એમ આ ભગવાન જ્ઞાનનો ધોકડો છે-જ્ઞાનની બોરી છે. આહાહા..!

મુમુક્ષુ :- શબ્દ નથી મળતા.

ઉત્તર :- શબ્દ નથી મળતા. એ ચીજના શબ્દો...

એ અહીં કહે છે ને, જુઓ! **'ચિત્સ્વરૂપ જીવ...'** એમ લીધું ને? એ વિકલ્પસ્વરૂપ જીવ નથી. આહાહા..! એ તો જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા ચૈતન્યજ્યોતિ ચૈતન્યચમત્કારના ભંડારથી ભરેલો પરમાત્મા (છે). એનું વેદન કરનાર, વિકલ્પને છોડીને એનું વેદન કરનારો, શુદ્ધઉપયોગમાં આત્માને વેદનારો. વેદન તો પર્યાયનું થાય છે, ધ્રુવનું વેદન નથી થતું. પણ ધ્રુવ ઉપર દૃષ્ટિ પડવાથી પર્યાયમાં આનંદનું વેદન થયું તો એ ધ્રુવનું વેદન થયું એમ કહેવામાં આવે છે. ધ્રુવ તો કંઈ વેદનમાં આવતો નથી. વેદનમાં તો પર્યાય આવે છે. ધ્રુવનું વેદન થતું જ નથી. સમજાય છે કાંઈ?

એ કહે છે, **'બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે...'** ચિત્સ્વરૂપ વિષે બે પક્ષ છે. આહાહા..! અહીંયાં સુધી આવ્યો. આંગણામાં આવ્યો પણ અંદર ગયો નહિ. ઝવેરાતની દુકાનમાં આંગણા સુધી આવ્યો. ઊભો રહીને (વિચારે છે કે) આ ઝવેરાતની દુકાન છે, અહીંયાંથી માલ લેવો છે, આમ લેવો છે. પણ અંદર પ્રવેશ ન કર્યો. સમજાય છે કાંઈ? એક તો ઝવેરાત લેવા ગયો હતો. આ વાત બનેલી છે. ઝવેરાતની દુકાનમાં. દસેક હજાર રૂપિયા લઈને માલ લેવા ગયો હતો. દુકાનદારે ઝવેરાત કાઢ્યું. કાઢતા, કાઢતા એની જરી નજરફેર થઈ ગઈ તો એક ઝવેરાત લઈને, મીણ સાથે લાવ્યો હતો, મીણ.. મીણ, મીણ સમજો છો? ઈ સાથે લાવ્યો હતો. ત્યાં લાકડાની પાટ હતી. બતાવતો હતો એમાંથી એક હીરો લઈ લીધો. લાખ-સવા લાખ રૂપિયાનો હીરો લઈને મીણ ઉપર લાકડાની પાટ નીચે દાબી દીધો. લઈ ન ગયો, ન્યાં દાબી દીધો. હીરો લઈને મીણમાં દાબી દીધો. પેલો તપાસે કે હીરો ક્યાં ગયો? પેલાને તપાસ્યો તો એની પાસે હતો નહિ. આમાં નથી. કારણ કે ઓલાની નજર ફરી ત્યાં એકદમ મીણમાં પાટ નીચે દાબી દીધો. હીરો ગયો. પછી થોડો ઘણો માલ લીધો. પાછો ફરીને માલ લેવા આવ્યો. ભાઈ! તમારો હીરો તે દિવસે ગયો. મારે દસ હજારનો માલ લેવો છે. એમ કરીને પેલો હીરો ચોંટાડ્યો હતો એ લઈ ગયો. ઝવેરીની નજર ન રહી અને લઈ ગયો. દસ હજારનો માલ લીધો પણ લાખ રૂપિયાનો હીરો લઈ ગયો. આહાહા..!

એમ આ ઝવેરાત અંદર પડી છે, ભગવાન! આહાહા..! થોડી કાઢ તો ખરો. સમજાય છે કાંઈ? ત્યાં એણે ચોરી કરી. અહીં કાઢવી એ શાહુકારી છે. આહાહા..! ચૈતન્યહીરલો અનંત હીરાના પાસાથી ભરેલો, અનંત શક્તિઓના પાસા છે, પાસા. હીરાને પાસા હોય છે ને? પહેલ.. પહેલ. એમ આત્મામાં અનંત પાસા છે. આહાહા..! એ ચિત્સ્વરૂપ જીવ, એક જ શબ્દ કહ્યો છે. બાકી તો અનંત ગુણસ્વરૂપ છે. પણ જ્ઞાનની પ્રધાનતાથી કથન છે.

**'નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે...'** આહાહા..! સમકિતીને તો નિરંતર જ્ઞાનસ્વરૂપી આત્મા જ્ઞાનસ્વરૂપ જ રહે છે. વિકલ્પ આવે છે તોપણ એના જ્ઞાતા-દૃષ્ટા રહીને જ્ઞાનસ્વરૂપમાં રહે છે. આહાહા..! આવો માર્ગ છે. સમજાય છે કાંઈ? નિરંતર શબ્દ લીધો છે

ને? એકવાર જે ભાન થયું પછી અહીં તો આચાર્યને એ જ લેવું છે કે નિરંતર રહેશે. આહાહા..! પડવાની વાત અહીંયાં છે જ નહિ. અપ્રતિહતની વાત છે. નિરંતર શબ્દમાં એમ કહે છે. એકવાર વિકલ્પથી ભિન્ન પડીને ભગવાન પ્રત્યક્ષ થયો, વેદનમાં નિરંતર એમ જ રહેશે. ક્ષાયિક સમકિત થઈને કેવળજ્ઞાન થાય ત્યાં સુધી નિરંતર રહેશે. સમજાય છે કાંઈ? પડી જશે ને ફડી જશે, એની અહીં વાત નથી. આહાહા..!

**ભાવાર્થ :-** આ વીસ બોલ આવ્યા ને, એનું કહે છે. '**બદ્ધ અબદ્ધ,...**' એક વ્યવહારનયવાળા કહે છે કે બદ્ધ છે, નિશ્ચય કહે છે, અબદ્ધ છે. બંને પક્ષપાત છોડાવે છે. '**મૂઢ અમૂઢ, રાગી અરાગી, દ્વેષી અદ્વેષી, કર્તા અકર્તા, ભોક્તા અભોક્તા, જીવ અજીવ,...**' એક કહે છે, જીવ છે. એક કહે છે, જીવ નથી. '**સૂક્ષ્મ સ્થૂલ,...**' કોઈ સૂક્ષ્મ કહે છે, કોઈ સૂક્ષ્મ નથી એમ કહે છે. '**કારણ અકારણ, કાર્ય અકાર્ય, ભાવ અભાવ, એક અનેક, સાન્ત અસાન્ત,...**' જુઓ! એક અનેક આવી ગયું, હોં! '**નિત્ય અનિત્ય, વાચ્ય અવાચ્ય, નાના અનાના,...**' એક છે, બીજો કહે, એક નથી. અહીં નાનારૂપ છે, બીજો કહે, નાનારૂપ નથી. '**ચૈત્ય અચૈત્ય, દશ્ય અદશ્ય, વેદ્ય અવેદ્ય, ભાત અભાત ઈત્યાદિ નયોના પક્ષપાત છે. જે પુરુષ નયોના કથન અનુસાર...**' નયના કથન અનુસાર '**યથાયોગ્ય વિવક્ષાપૂર્વક...**' લાયક કથનની અપેક્ષાથી. જે અપેક્ષાએ કથન કર્યું હોય તે અપેક્ષાથી.

'**યથાયોગ્ય વિવક્ષાપૂર્વક તત્ત્વનો-વસ્તુસ્વરૂપનો નિર્ણય કરીને નયોના પક્ષપાતને છોડે છે...**' આહાહા..! પહેલા નિર્ણય તો કરવો પડે, કહે છે. નિશ્ચયનયથી આ છે, વ્યવહારથી આમ છે, પર્યાયથી આ છે, દ્રવ્યથી આ છે એમ (નિર્ણય કરવો પડે). પણ નિર્ણય કર્યા પછી પક્ષપાતને છોડે છે. છે ને? '**નિર્ણય કરીને નયોના પક્ષપાતને છોડે છે તે પુરુષને ચિત્સ્વરૂપ જીવનો (વીતરાગ) ચિત્સ્વરૂપે અનુભવ થાય છે.**' આહાહા..! સમતારસનો પ્રેમ, સમતારસ ઝરે છે. વિકલ્પ છોડીને સમતારસ ઝરે છે. વિકલ્પમાં વિષમભાવ થાય છે. આહાહા..! હું શુદ્ધ પ્રત્યક્ષ છું, એવો વિકલ્પ પણ વિષમભાવ છે. આહા..! એ વીતરાગમાર્ગ નહિ.

અહીંયાં તો શુદ્ધ ચૈતન્યનો, વીતરાગસ્વરૂપનો વિકલ્પથી રહિત થઈને વેદન કરે છે,... આહાહા..! તે ચિત્સ્વરૂપ જીવનો અનુભવ કરે છે. જ્ઞાનનું વેદન કરે છે, આનંદનું વેદન કરે છે. વીતરાગભાવમાં આવીને વીતરાગી સ્વરૂપનું જાણવું કરે છે. આહાહા..! ભારે વાતું આવી આકરી. 'જિનેશ્વરદાસજી'! આ તો માર્ગ, બાપા! ભવના અભાવની વાતું છે, નાથ! આહાહા..! અરે..! 'શ્રીમદ્' કહ્યું ને? 'તોયે અરે..! ભવચક્રનો આંટો નહીં એક્કે ટળ્યો.' 'શ્રીમદ્' ૧૬ વર્ષે કહે છે. 'શ્રીમદ્ રાજચંદ્ર'. 'બહુ પુણ્ય કેરા પુંજથી શુભદેહ માનવનો મળ્યો, તોયે અરે..! ભવચક્રનો આંટો નહીં એક્કે ટળ્યો.' એક આંટો ટળે તો બધા ટળી જાય છે. શું (કહ્યું)? માણસ ફેરફુદરડી ફરે છે ને? (ફુદડી ફર્યા પછી) આમ ઊભો રહેવા જાય તો ઊભો ન રહી શકે. એક ગુલાંટ મારે તો ઊભો રહી શકે. શું કહ્યું સમજાણું? આમ ચક્કર મારે, ૨૫-૫૦ ચક્કર મારે તો ઊભો ન રહી શકે, પડી જાય. પણ આમ ચક્કર મારતા મારતા મારતા એક ઊંધું ચક્કર મારે તો ઊભો રહી જાય. એમ મિથ્યાત્વના પરિણામથી ચક્કર મારતા મારતા અનાદિકાળથી પરિભ્રમણ કરે છે. એકવાર ગુલાંટ ચક્કર મારીને સમ્યગ્દર્શન પ્રગટ કર્યું...

આહાહા..! (તો) ભવનો અંત આવી જાય. સમજાય છે કાંઈ? ૧૬ મે વર્ષે 'શ્રીમદ્ રાજચંદ્ર' ભવના અંતની વાત કરતા હતા. એમનો બહુ ક્ષયોપશમ હતો. એ વખતે એમના ક્ષયોપશમની તોલે આવે એવું કોઈ હતું નહિ. એટલો ક્ષયોપશમ.

અહીં કહે છે, આહાહા..! પક્ષપાતને છોડી જીવ અનુભવ કરે છે. આહાહા..! એ રાગનું લક્ષ છોડી પૂર્ણાનંદના લક્ષમાં જ્યાં ગયો, ત્યાં આનંદનું વેદન રહ્યું (અને) વિકલ્પ છૂટી ગયો. એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહે છે. સમજાય છે કાંઈ? ૧૪૪ ગાથામાં એ લીધું. ૧૪૪ ગાથા છે ને? ભાઈ! એને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન (થયું). હજી ચારિત્રની વાત અહીંયાં નથી. સમજાય છે કાંઈ? ૧૪૨નું ચાલે છે. સમજ્યા? શું કહ્યું? '**જે ખરેખર સમસ્ત નયપક્ષો વડે ખંડિત નહિ થતો હોવાથી જેનો સમસ્ત વિકલ્પોનો વ્યાપાર અટકી ગયો છે એવો છે, તે સમયસાર છે; ખરેખર આ એકને જ કેવળ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું નામ મળે છે.**' વ્યપદેશ શબ્દ પડ્યો છે. '**लहदि त्ति णवरि ववदेसं**' ત્યારે એને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન નામ મળે છે. સમજાય છે કાંઈ? શું કહ્યું? અહીં તો સમ્યગ્દર્શન-જ્ઞાનની વાત છે, અહીંયાં ચારિત્રની વાત નથી. છે? '**સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું નામ મળે છે. (સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન સમયસારથી જુદાં નથી).**' પ્રતીતિ અને અનુભવ એ સ્વરૂપથી કોઈ ભિન્ન ચીજ નથી. આહાહા..! આવો માર્ગ એટલે લોકોને પસંદ પડે નહિ. એટલે ચડાવી દીધા, વ્રત કરો ને અપવાસ કરો ને મંદિર બનાવો ને પૂજા, ભક્તિ (કરો) ને રથયાત્રા કાઢો. એય..! અને આ શેઠિયાઓને મોટા ગજરથ કરવાનું કહે. શેઠ! 'રતનલાલજી'! ગજરથ, ગજરથ. હાથીનો રથ કાઢવો મોટો અને (પૈસા ખર્ચવાવાળાને) મોટી સંઘવીની પદવી મળે. ધૂળમાંય નથી. આહાહા..!

મુમુક્ષુ :- પદવી તો મળે છે.

ઉત્તર :- ધૂળની પદવી છે. આત્માની પદવી નહિ.

અહીં તો આત્માની પદવી છે ને. વિકલ્પને છોડીને ભગવાનઆત્માની પ્રતીત અને જ્ઞાન જ્યારે અનુભવમાં થાય છે, એને અહીંયાં આત્મા કહે છે. એને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહે છે. આ તો બહારથી દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વના ભેદની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન, હવે વ્રત લઈ લ્યો. અહીંયાં તો કહે છે, વિકલ્પને છોડી સ્વરૂપના અનુભવમાં જે પ્રતીત અને જ્ઞાન થયા એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. આહાહા..! સમજાય છે કાંઈ? હજી તો આ પહેલી ભૂમિકાની વાત ચાલે છે. આહા..! શેઠ! શું કહે છે? માર્ગ તો આ છે. આહાહા..! તમારું તો નામ પણ ભગવાન છે. અને વસ્તુ ભગવાન અંદર છે. ભગવાન કહ્યું ને ૭૨ ગાથામાં? ભગવાનઆત્મા. સંસ્કૃતમાં 'અમૃતચંદ્રાચાર્યદેવે' લીધું-ભગવાનઆત્મા. આહાહા..! અરે..! જાગ રે જાગ, નાથ! તને ભગવાન કહીને બોલાવે. આચાર્યો તને ભગવાન કહીને બોલાવે અને તું જાગ નહિ, નાથ! 'અમૃતચંદ્રાચાર્ય' વીતરાગી સંતો આનંદના ઝુલે ઝુલનારા ટીકામાં ભગવાનઆત્મા, એમ કહે છે. ત્રણવાર આવ્યું. ૭૨ ગાથામાં. આહાહા..! એ ભગવાનઆત્માનો અનુભવ (થાય) એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. લ્યો. આહાહા..!

'**જીવમાં અનેક સાધારણ ધર્મો છે પરંતુ ચિત્સ્વભાવ તેનો પ્રગટ અનુભવગોચર...**'

ચિત્સ્વભાવ કહ્યું ને? ચિત્સ્વભાવ કેમ કહ્યું? જીવ ચિત્સ્વભાવ છે, એમ કેમ કહ્યું? કે પ્રગટ અનુભવગોચર અસાધારણ ધર્મ છે. જ્ઞાન એ અસાધારણ ધર્મ છે. અસ્તિત્વ, વસ્તુત્વ એ બધા સાધારણ ધર્મ છે. પોતામાં પણ છે અને પરમાં પણ છે. તેથી તેને મુખ્ય કરીને અહીંયાં જીવને ચિત્સ્વરૂપ કહ્યો છે. હવે ૯૦ કળશ. આ ઘણા દિવસથી ૨૦ (બોલ) ચાલતા હતા.

(વસંતતિલકા)

स्वेच्छासमुच्छलदनल्पविकल्पजाला-
मेवं व्यतीत्य महतीं नयपक्षकक्षाम्।
अन्तर्बहिः समरसैकरसस्वभावं
स्वं भावमेकमुपयात्यनुभूतिमात्रम्।।४५-९०।।

ખંડાન્વય સહિત અર્થ :- 'एवं (सः तत्त्ववेदी) एकम् स्वं भावम् उपयाति' ( एवं ) પૂર્વોક્ત પ્રકારે ( सः ) સમ્યગ્દષ્ટિ જીવ ( तत्त्ववेदी ) શુદ્ધસ્વરૂપનો અનુભવશીલ ( एकम् स्वं भावम् उपयाति ) એક શુદ્ધસ્વરૂપ ચિદ્રૂપ આત્માને આસ્વાદે છે. કેવો છે આત્મા? 'अन्तः बहिः समरसैकरसस्वभावं' ( अन्तः ) અંદર અને ( बहिः) બહાર ( समरस ) તુલ્યરૂપ એવી ( एकरस ) ચેતનશક્તિ તે છે ( स्वभावं ) સહજ રૂપ જેનું એવો છે. શું કરીને શુદ્ધસ્વરૂપ પામે છે? 'नयपक्षकक्षाम् व्यतीत्य' ( नय ) દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક ભેદ, તેનો ( पक्ष ) અંગીકાર, તેનો ( कक्षाम् ) સમૂહ છે-અનન્ત નયવિકલ્પો છે, તેમને ( व्यतीत्य ) દૂરથી જ છોડીને. ભાવાર્થ આમ છે કે-અનુભવ નિર્વિકલ્પ છે, તે અનુભવકાળે સમસ્ત વિકલ્પો છૂટી જાય છે. (નયપક્ષકક્ષા) કેવી છે? 'महतीं' જેટલા બાહ્ય-અભ્યન્તર બુદ્ધિના વિકલ્પો તેટલા જ નયભેદ, એવી છે. વળી કેવી છે? 'स्वेच्छासमुच्छलदनल्पविकल्पजालम्' ( स्वेच्छा ) વિના ઉપજાવ્યે જ ( समुच्छलत् ) ઊપજે છે એવી જે ( अनल्प ) અતિ ઘણી ( विकल्प ) નિર્ભેદ વસ્તુમાં ભેદકલ્પના, તેનો ( जालाम् ) સમૂહ છે જેમાં એવી છે. કેવું છે આત્મસ્વરૂપ? 'अनुभूतिमात्रम्' અતીન્દ્રિય સુખસ્વરૂપ છે. ૪૫-૯૦.

## કળશ-૯૦ ઉપર પ્રવચન

स्वेच्छासमुच्छलदनल्पविकल्पजाला-
मेवं व्यतीत्य महतीं नयपक्षकक्षाम्।
अन्तर्बहिः समरसैकरसस्वभावं
स्वं भावमेकमुपयात्यनुभूतिमात्रम्।।४५-९०।।

જોયું? નયપક્ષ એ વિષમભાવ છે. નયપક્ષ છોડીને સમરસ એકરસ સ્વભાવં. 'સમભાવઃ એકમં ઉપયંતિ અનુભૂતિ માત્રમં' આહાહા..!

**ખંડાન્વય સહિત અર્થ :-** ''**एवं (सः तत्त्ववेदी) एकम् स्वं भावम् उपयाति' ( एवं ) પૂર્વોક્ત પ્રકારે ( सः ) સમ્યગ્દષ્ટિ જીવ...'** ધર્મીજીવ-ધર્મના મહેલના સોપાનનું પહેલું સોપાન. મોક્ષમહેલની પહેલી સીઢી. છઢાળામાં આવે છે ને? છઢાળામાં આવે છે. 'જ્ઞાનચંદજી'એ છઢાળા બહુ વાંચી છે. સાંભળ્યું છે. લોકો વાત કરે. સમજાય છે કાંઈ? મોક્ષમહેલની પહેલી સીઢી. મોક્ષમહેલમાં જાવાનું પહેલું પગથિયું. પગથિયું સમજ્યા? સીઢીનું. આહા..!

**'સમ્યગ્દષ્ટિ જીવ શુદ્ધસ્વરૂપનો અનુભવશીલ...'** આહાહા..! તત્ત્વવેદીની વ્યાખ્યા કરી. ત્યાં તત્ત્વવેદીની વ્યાખ્યા તત્ત્વવેત્તા અંદર અર્થમાં કહ્યું હતું. અહીં હવે તત્ત્વવેદી (કહ્યું). આહાહા..! શું કહે છે? અર્થ કરે છે ને? શુદ્ધ સ્વરૂપનો અનુભવ. આહાહા..! **'શુદ્ધ સ્વરૂપનો અનુભવશીલ...'** આહાહા..! જેનો સ્વભાવ જ શુદ્ધ અનુભૂતિનો સ્વભાવ થઈ ગયો છે. આનંદનું વેદન અને અનુભવશીલ. અનુભવનો શીલ નામ સ્વભાવ થઈ ગયો છે. જે અનાદિનો રાગ અને પુણ્ય-પાપના ભાવનો, વિકારનો શીલ નામ સ્વભાવ હતો એ સમ્યગ્દષ્ટિ અનુભવશીલ થઈ ગયો. આહાહા..! 'ધન્નાલાલજી'! ઝીણી વાતું છે. થોડા વખતમાં મળે એવું નથી. બહુ નિવૃત્તિ લેવી જોઈએ. આ કંઈ બે-ચાર દિ' સાંભળીએ એટલે થઈ જાય એવું નથી.

મુમુક્ષુ :- અંતર્મુહૂર્તમાં થઈ જાય.

ઉત્તર :- અંતર્મુહૂર્તમાં થાય, કોણ ના પાડે છે. એનો પ્રયત્ન જોઈએ ને. આહાહા..! શીતળ પાણી ભર્યું છે. અગ્નિથી ઉષ્ણ થયું પણ એ ઉષ્ણતાને પાણીનો ઘડો.. ઘડો સમજ્યા? વાસણ. ઘડો કહે છે? ઉષ્ણ પાણીથી ભર્યો હોય. એ પાણી ગુલાંટ મારે તો અગ્નિને ગારો કરી નાખે-કાદવ કરી નાખે. ગરમ પાણીમાં પણ શીતળતા પડી છે. તો ગરમ પાણી તો ઠરી જાય પણ અગ્નિ પણ ઠરી જાય. એમ ભગવાનમાં વીતરાગતા, શીતળતા પરિપૂર્ણ ભરી છે. એવી દૃષ્ટિ કરવાથી વિકારના અગ્નિનો એ નાશ કરી નાખે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

આ 'અધ્યાત્મ પંચ સંગ્રહ' છે ને? એમાં પુરાણ છે ને? એમાં યતિ લીધું છે, યતિ. યતિ કોને કહીએ? કે પોતાના સ્વરૂપની યત્નામાં અયત્ના આવવા ન દે. વિકાર આદિ ભાવ આવવા ન દે, એને યતિ કહે છે. પોતાનું સ્વરૂપ આનંદકંદની યત્ના કરનાર, અયત્ના વિકાર પરિણામ આવવા ન દે, એને યતિ કહે છે. સમજાય છે કાંઈ? સાધુ-સાધે. આનંદના સ્વભાવને સાધે એને સાધુ કહે છે. આહા..! મુનિ... દરેકમાં ઉતાર્યું છે ત્યાં. એક એક ગુણ ઉપર (ઉતાર્યું છે). જ્ઞાન સાધુ, જ્ઞાન મુનિ, જ્ઞાન યતિ, જ્ઞાન ઋષિ. એ ચાર બોલમાં ઉતાર્યું છે. અને પહેલા ગૃહસ્થ, બ્રહ્મચારી, વાનપ્રસ્થમાં ઉતાર્યું છે. ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપ છે એ જ્ઞાનસ્વરૂપ શું છે? એ ગૃહસ્થ છે. ગૃહસ્થ છે અર્થાત્ ગૃહ નામ પોતાના ઘરમાં સ્થિર રહેનાર છે માટે ઈ ગૃહસ્થ છે. એ રાગમાં રહેનાર નથી. એ ગૃહસ્થ, હોં! આ ગૃહસ્થ પૈસાવાળા ને ધૂળવાળા એ ગૃહસ્થ નહિ. આહાહા..! પોતાના જ્ઞાન અને આનંદઘરમાં સ્થ, ગૃહ-સ્થ. પોતાના આનંદઘરમાં સ્થ-રહેનારને ગૃહસ્થ કહે છે. 'જિનેશ્વરદાસજી'!

એને બ્રહ્મચારી કહે છે. બ્રહ્મ નામ આનંદને ચરનાર-અનુભવ કરનાર, એને બ્રહ્મચારી

કહે છે. શરીરથી બ્રહ્મચર્ય પાળે તો બ્રહ્મચારી એ તો વિકલ્પ, રાગ છે. આહાહા..! બ્રહ્મ નામ આનંદનો નાથ પ્રભુ, એનું બ્રહ્મ નામ આચરણ કરે. અતીન્દ્રિય આનંદનું ચરવું, એમાં રમવું એને અહીંયાં બ્રહ્મચારી સમકિતીને, જ્ઞાનને, સમકિતને, ચારિત્રને, પ્રમેયને, પ્રમાણને, આ રીતે એને ગૃહસ્થ કહેવાય છે. સમજાય છે કાંઈ? એ રીતે બ્રહ્મચારી (કહે છે).

વાનપ્રસ્થ. પોતાના સ્વરૂપમાં રહેનાર, બીજાનું સ્વરૂપ આવવા ન દે એનું નામ વાનપ્રસ્થ છે. આવે છે ને? ગૃહસ્થ, બ્રહ્મચારી, વાનપ્રસ્થ, ચોથો બાલ સન્યાસ. સન્યાસના ચાર બોલ. સાધુ, મુનિ, યતિ અને ઋષિ. ચાર બોલ લીધા છે. કુલ સાત બોલ લીધા છે. આહા..! ભાઈ 'દીપચંદજી'એ બહુ કામ કર્યું છે. 'અધ્યાત્મ પંચ સંગ્રહ'માં બહુ કામ કર્યું છે. એક એક શબ્દમાં ઉતાર્યું છે. એક એક ગુણમાં એક એક ઋષિ, મુનિ, યતિ (ઉતાર્યા છે). ઋદ્ધિ. પોતાની ઋદ્ધિમાં રહે છે તેને ઋષિ કહે છે. ઋષિ આ મોટા બાવા લાગે, મોટી જટા લગાવે (એ ઋષિ નહિ). ઋષિ તો એને કહીએ કે પોતાની સંપદા ઋદ્ધિ, જે આનંદની ઋદ્ધિ, જ્ઞાનની ઋદ્ધિ, એવી સમૃદ્ધિ પર્યાયમાં વસાવે એનું નામ ઋષિ કહેવાય છે. સમજાય છે કાંઈ?

અહીં કહે છે, આહા..! '**સમ્યગ્દૃષ્ટિ જીવ શુદ્ધસ્વરૂપનો અનુભવશીલ...**' આહાહા..! '**એક શુદ્ધસ્વરૂપ ચિદ્રૂપ આત્માને આસ્વાદે છે.**' 'उपयाति'ની વ્યાખ્યા કરી. 'एकम् स्वं भावम् उपयाति' એક સ્વભાવ નામ શુદ્ધ સ્વરૂપ ચિદ્રૂપ 'उपयाति'. એવા '**આત્માને આસ્વાદે છે.**' આહાહા..! 'उपयाति'નો અર્થ કર્યો. આત્માને પ્રાપ્ત કરે છે એટલે આત્માના આનંદનો આસ્વાદ લે છે. આહાહા..! ચોથે ગુણસ્થાને, હોં! આહાહા..! સમ્યગ્દૃષ્ટિ. પાંચમા ગુણસ્થાનમાં તો શાંતિ બહુ વધી જાય છે. મુનિદશા તો પ્રચુર સ્વસંવેદન. આનંદનું પ્રચુર પ્રચુર સ્વસંવેદન. એને મુનિ કહે છે. બાપુ! કંઈ બહારની ક્રિયા કરે અને નગ્ન થઈ જાય માટે મુનિ છે (એમ નથી). આહાહા..! સમજાય છે કાંઈ?

એ અહીં કહે છે, '**શુદ્ધસ્વરૂપ ચિદ્રૂપ...**' એ ખુલાસો કર્યો. '**આત્માને...**' આત્મા કેવો છે? '**શુદ્ધસ્વરૂપ ચિદ્રૂપ...**' એક આસ્વાદે છે, એકને આસ્વાદે છે. વિકલ્પ જે અનેક હતા તેને છોડીને. આહાહા..! અતીન્દ્રિય આનંદસ્વરૂપને ધ્યેય બનાવી પોતાની પર્યાયમાં આનંદનો આસ્વાદ લ્યે છે. સમજાય છે કાંઈ? 'કેવો છે આત્મા? 'अन्तः बहिः समरसैकरसस्वभावं' આહાહા..! અંદર શક્તિ પણ આનંદ છે, શુદ્ધ છે, સમરસ છે. પર્યાયમાં પણ સમરસ છે. આહાહા..! શક્તિ અને આનંદસ્વરૂપ ભગવાન અંતરમાં શુદ્ધ સમરસ છે અને અનુભવ કરતાં પર્યાયમાં પણ સમરસ આવ્યો. એ 'बहिः'. પર્યાય 'बहिः' છે અને વસ્તુ અંતર ધ્રુવ છે. સમજાય છે કાંઈ? આવો માર્ગ. અરે..! આવો માર્ગ એને કાને ન પડે, સાંભળવા ન મળે એ ક્યારે પ્રયોગ કરે? આહાહા..!

મુમુક્ષુ :- બહારમાં પર્યાય છે?

ઉત્તર :- પર્યાય છે. અંદરમાં ધ્રુવ છે.

મુમુક્ષુ :- બહારમાં છે તો તો છૂટી જ ન શકે.

ઉત્તર :- આ જ બાહ્યની અપેક્ષા છે. પર્યાયને જ બાહ્ય કહે છે. રાગની વાત અહીંયાં છે જ નહિ. અંદરમાં ધ્રુવ અને બહારમાં પર્યાય, બેય વીતરાગ સમભાવે છે. સમજાય છે કાંઈ? છે?

**'અંદર અને બહાર તુલ્યરૂપ એવી...'** સમરસ. તુલ્ય એટલે પેલો વિકલ્પ વિષમ હતો ને? એની સામે તુલ્ય કહ્યું. તુલ્ય એટલે સમરસ. વિકલ્પમાં હતો એ વિષમરસ હતો. અને આ તુલ્યરસ. જેવો સ્વભાવ છે એવો સમરસ આવ્યો. વિકલ્પરહિત અનુભવ કરતાં સમરસ આવ્યો. એ સમરસનું વેદન એ વીતરાગનું વેદન છે. છે? **'ચેતનશક્તિ તે છે...'** 'एकरस'નો અર્થ કર્યો. 'एकरस' ચૈતન્યશક્તિ એવો 'स्वभावं' **'સહજ રૂપ જેનું એવો છે.'** આહાહા..! ચૈતન્યશક્તિ એનો સ્વભાવ. સ્વભાવનું ભાન થયું. પર્યાયમાં પણ ચૈતન્યશક્તિનું વેદન થયું. એનું નામ ધર્મની પહેલી સીઢી. પહેલી સીઢી. વિશેષ કહેશે...(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ વદ ૧૦, બુધવાર, તા.૭-૯-૧૯૭૭
## કળશ - ૯૦-૯૧, પ્રવચન - ૮૮

'કળશટીકા', 'કર્તા-કર્મ અધિકાર'. ૯૦ કળશ ચાલે છે. ફરીને.

'एवं (सः तत्त्ववेदी) एकम् स्वं भावम् उपयाति' છે? 'પૂર્વોક્ત પ્રકારે...' અર્થાત્ હું શુદ્ધ છું, અભેદ છું, એક છું, એવા વિકલ્પનો જ્યાં સુધી કર્તા થાય છે ત્યાં સુધી તો મિથ્યાદષ્ટિ છે. સમજાય છે? વ્યવહારનો પક્ષ તો પહેલા છોડાવ્યો છે. હવે અહીંયાં નિશ્ચય જ્ઞાયક પરમાત્મસ્વરૂપ ચિદ્રૂપ આનંદઘન, એવી સ્થિતિમાં જે વિકલ્પ ઊઠે છે, એ વિકલ્પનું જ્યાં સુધી કર્તવ્ય છે, ત્યાં સુધી એ વિકલ્પ કાર્ય છે અને કર્તા જીવપર્યાય છે. ત્યાં સુધી મિથ્યાત્વ છે. આહા..! કર્તા-કર્મ અધિકાર છે ને? જ્યારે એ વિકલ્પ છોડીને નિર્વિકલ્પ ચૈતન્યસ્વરૂપનો અનુભવ કરવાના કાળે 'પૂર્વોક્ત પ્રકારે...' આ કહ્યું એ પ્રકારે. સમજાય છે કાંઈ?

વસ્તુનું સ્વરૂપ જે શુદ્ધ ચિદ્ આનંદ, એ તરફના ઝુકાવથી વિકલ્પનો નાશ થવાથી, વિકલ્પ મારું કાર્ય અને હું કરું, એ બુદ્ધિનો નાશ થાય છે. આહાહા..! ત્યારે ચિદાનંદ સ્વભાવનો અનુભવ થાય છે. એનું નામ સમ્યગ્દષ્ટિ છે. આવી વાત છે. એ સમ્યગ્દષ્ટિ જીવ.. છે? 'પૂર્વોક્ત પ્રકારે સમ્યગ્દષ્ટિ જીવ...' અનંતકાળમાં કદી આ કર્યું નથી. ધર્મને નામે પણ વિકલ્પ ને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ કર્યા. સંસારના નામે તો પાપ, પ્રપંચ કર્યા. એ તો પાપના પરિણામ. એનો કર્તા અને એ મારું કાર્ય, એ તો મિથ્યાત્વભાવ છે. આહાહા..!

અહીંયા તો અંતરમાં દયા, દાન, વ્રતના પરિણામ આવે છે, એ પણ મારું કાર્ય અને હું એનો કર્તા, એ પણ મિથ્યાત્વભાવ છે. આગળ જતાં હું શુદ્ધ છું, એક અભેદ છું, એવો વિકલ્પ ઊઠે છે એ વિકલ્પ ઊઠે છે ત્યાં સુધી વિકલ્પનો કર્તા (થાય છે). આગળ આવશે. એ વિકલ્પ કર્તા અને વિકલ્પ કાર્ય, એ મિથ્યાત્વભાવ છે. આહાહા..! 'પૂર્વોક્ત પ્રકારે સમ્યગ્દષ્ટિ

જીવ શુદ્ધસ્વરૂપનો અનુભવશીલ...' ધર્મ ચીજ બહુ અલૌકિક છે. એ કોઈ બાહ્ય શાસ્ત્રજ્ઞાનથી, ક્રિયાકાંડથી મળી જાય એવી એ ચીજ નથી.

અહીંયાં કહે છે કે, સમ્યગ્દૃષ્ટિ જીવ અનુભવશીલ, 'શુદ્ધસ્વરૂપનો અનુભવશીલ...' અનાદિ અજ્ઞાની અશુદ્ધનો અનુભવ (કરે છે). પુણ્ય અને પાપના મલિન ભાવનો અનુભવશીલ હતો. અહીંયાં તો અનુભવશીલ (થયો), શુદ્ધ સ્વરૂપનો અનુભવશીલ (થયો). આહા..! અંતર આનંદનો નાથ પ્રભુનો અનુભવ, એને અનુસરીને આનંદની પર્યાયનું વેદન કરવું, એ અનુભવશીલ સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. આ તો હજી ધર્મની પહેલી સીઢી. આહાહા..!

'એક શુદ્ધસ્વરૂપ ચિદ્રૂપ આત્માને આસ્વાદે છે.' છે? 'एकम् स्वं भावम् उपयाति' એક શુદ્ધસ્વરૂપનો 'स्वं' 'ચિદ્રૂપ આત્માને આસ્વાદે છે.' બહુ ધીરાના કામ છે, બાપા! અંતરમાં આનંદના સ્વાદમાં આવ્યો ત્યારે અતીન્દ્રિય આનંદનું વેદન-સ્વાદ આવ્યો. જ્યાં સુધી વિકલ્પનો કર્તા હતો ત્યાં સુધી દુઃખનો સ્વાદ હતો. સમજાય છે કાંઈ? આ સ્ત્રી, કુટુંબ, પરિવાર, રળવું, કમાવું એ બધા તરફનું લક્ષ તો પાપભાવ, મહાદુઃખનું વેદન (છે). અને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પણ શુભભાવ દુઃખવેદન (છે). પણ અહીંયાં તો નયપક્ષનો વિકલ્પ પણ દુઃખવેદન (છે). આહાહા..! ઝીણી વાત બહુ, બાપુ! ધર્મ બહુ સૂક્ષ્મ છે. આહાહા..! જેનાથી જન્મ-મરણ મટે, ભવનો છેદ થાય અને અભવભાવનો ભાવ પ્રગટ થાય, એ બહુ સૂક્ષ્મ ચીજ છે, ભાઈ!

કહે છે, પોતાનું 'એક શુદ્ધસ્વરૂપ ચિદ્રૂપ...' શું? ચિદ્ જ્ઞાનરૂપ. જ્ઞાનના પ્રકાશરૂપ આત્મા, એને આસ્વાદે છે. નિર્વિકલ્પ અનુભવકાળમાં અતીન્દ્રિય શુદ્ધ સ્વરૂપ આનંદનો એકલો સ્વાદ આવે છે. આહાહા..! આવી વાતું. સમજાય છે કાંઈ? ત્યારે કેટલાક કહે છે કે એ શુદ્ધપયોગ તો અત્યારે છે નહિ. માટે શુભ કરો. તો ધર્મ જ નથી, એનો અર્થ એ થયો. પુણ્ય કરો, એટલે અધર્મ કરો.

મુમુક્ષુ :- પુણ્ય અધર્મ છે?

ઉત્તર :- પુણ્ય એ અધર્મ છે. આહા..! અહીં તો હું શુદ્ધ, અખંડ, અભેદ (છું), એ તરફના ઝુકાવનો વિકલ્પ પણ જ્યાં અધર્મ છે.. આહાહા..! સમજાય છે કાંઈ? અરે..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વ્યવહારધર્મ તો ત્યારે થાય છે કે જ્યારે નિશ્ચયધર્મ થાય ત્યારે રાગ આવે છે, એને વ્યવહારધર્મનો આરોપ કરવામાં આવે છે. આ શર્ત. નિશ્ચય આત્માના આનંદનો સ્વાદ આવે છે એ નિશ્ચયધર્મ. અને એની સાથે રાગની મંદતા બાકી રહી જાય છે એને વ્યવહારધર્મનો આરોપ આપવામાં આવે છે. ધર્મ નથી, છે અધર્મ. સમજાય છે કાંઈ? પણ એને નિશ્ચયનો આરોપ કરીને (ધર્મ કહેવામાં આવે છે). જેમ નિશ્ચય સમ્યગ્દર્શન છે, પોતાના શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ, અનુભવમાં પ્રતીતિ થઈ એ નિશ્ચય સમ્યગ્દર્શન છે અને સાથે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, નવ તત્ત્વની શ્રદ્ધાનો રાગ, શાસ્ત્ર ભણવાનો વિકલ્પ રાગ (આવે), એ રાગ છે તો વિકાર, ચારિત્રનો દોષ છે, પણ એને અહીંયાં નિશ્ચય સમકિત છે તો એને

વ્યવહાર સમકિતનો આરોપ કર્યો. આહાહા..! એ સમકિતની વ્યવહાર પર્યાય નથી, છે તો એ રાગની પર્યાય. આવી ઝીણી વાતું, બાપા!

સમ્યગ્દર્શન છે એ આત્માની અરાગી પર્યાય (છે). સાથે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, શાસ્ત્ર ભણવા આદિ. મહાવ્રતનો ભાવ છે તો રાગ, ચારિત્રનો દોષ અને બંધનું કારણ છે. પણ અહીંયાં નિશ્ચય સમ્યગ્દર્શન અને મોક્ષનો માર્ગ નિજના આશ્રયે થયા, એમાં વ્યવહાર આરોપ કરીને વ્યવહાર મોક્ષમાર્ગ કહ્યું. છે તો બંધનો માર્ગ.

મુમુક્ષુ :- કરવું કે ન કરવું?

ઉત્તર :- કરવું-ફરવું નથી, વચ્ચે આવે છે. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી શુદ્ધ સ્વરૂપના અનુભવની દૃષ્ટિ હોવા છતાં પર્યાયમાં નબળાઈને લીધે શુભભાવ આવે છે. પણ છે બંધનું કારણ. જ્ઞાની-ધર્મીને પણ શુભભાવ હેયબુદ્ધિએ આવે છે. હેયબુદ્ધિએ જ્ઞેય છે. ભગવાન ઉપાદેયબુદ્ધિએ જ્ઞેય છે. આહાહા..!

વસ્તુ ચિદાનંદ સચ્ચિદાનંદ પ્રભુ ઉપાદેયબુદ્ધિએ જ્ઞેય છે અને રાગ હેયબુદ્ધિએ જ્ઞેય છે. વાત આવી છે, બાપુ! પહેલા એને જ્ઞાનમાં આ સત્ય આવું છે, એવો નિર્ધાર-નક્કી તો કરવું પડે ને! આહાહા..! બાકી તો રખડીને મરી ગયો છે. અવતાર કરીને ભૂલી ગયો. જન્મ-મરણ કરી કરીને થોથા નીકળી ગયા છે, બાપુ! એને ખબર નથી, ભાઈ! ઘાણીમાં જેમ તલ પીલાય એમ દુઃખમાં અનાદિથી પીલાઈ ગયો છે. આનંદનો નાથ અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ, પોતાની દૃષ્ટિ વિના રાગની રુચિના પ્રેમમાં દુઃખમાં પીલાઈ ગયો છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં તો કર્તા-કર્મ ત્યાં સુધી લઈ ગયા. પરનો કર્તા તો નથી, વ્રતાદિનો કર્તા-ફર્તાની વાત પણ છોડી દીધી, પણ હું અભેદ શુદ્ધ ચૈતન્ય છું, આનંદ છું, ચિદ્રૂપ છું એવો જે વિકલ્પ ઊઠે છે એ પણ કર્તા-કર્મ છે. અજ્ઞાની કર્તા અને વિકલ્પ એનું કાર્ય છે. આહાહા..! આવો માર્ગ છે.

અરે..! એણે કોઈ દિ' દરકાર કરી નથી. પોતાની દયા કરી નથી, હોં! પોતાની દયા ખાધી નથી કે મારું શું થશે? હું ક્યાં જઈશ અને મારી શું દશા થશે? દેહ છોડીને ક્યાં જઈશ? પ્રભુ! આહાહા..! એકલા રાગ અને દ્વેષની પર્યાયમાં એકાકાર થયો. દુઃખી થઈને અહીંયાંથી નીકળશે અને જાશે ત્યાં પણ રાગ, દ્વેષ દુઃખમાં પીલાશે. આહાહા..! પોતાની દયા ત્યારે કરી કહેવાય કે હું તો વિકલ્પથી રહિત શુદ્ધ ચૈતન્ય છું, એવી ચીજની પ્રતીતિ (થવી), જ્ઞાનમાં વેદન થવું ત્યારે એણે જીવ આત્માની દયા કરી. સ્વદયા કરી. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં એ કહે છે, શુદ્ધસ્વરૂપ આત્માને આસ્વાદે છે. '**કેવો છે આત્મા? અંદર અને બહાર તુલ્યરૂપ એવી ચેતનશક્તિ તે છે.**' આહાહા..! શક્તિ ધ્રુવ પણ ચૈતન્ય છે અને એની પર્યાય પણ ચેતન થઈ. જે રાગનો વિકલ્પ છોડીને આત્માના આનંદના સ્વાદની નિર્વિકલ્પ દૃષ્ટિમાં આવ્યો ત્યારે એને પર્યાયમાં પણ આનંદ આવ્યો. સ્વભાવમાં આનંદ તો છે જ, આ તો પર્યાયમાં આનંદ આવ્યો. અંતર-બાહ્ય બેય આનંદ વીતરાગતા થઈ. અંતર વસ્તુ તો વીતરાગસ્વરૂપ છે જ, પણ વિકલ્પનું કર્તૃત્વ છોડીને જ્યારે આનંદના વેદનમાં આવ્યો ત્યારે

વીતરાગની પર્યાય (થઈ). 'बहिः' પર્યાયમાં વીતરાગતા થઈ ગઈ. આ પર્યાય ને દ્રવ્ય કદી (સાંભળ્યા ન હોય). 'ધન્નાલાલજી'! કદી ધ્યાન કર્યું નથી. આ રળવું ને આ મારો છોકરો આવો છે ને ઢીકણો આવો છે ને વિલાયતમાં રહે છે ને મહિને દસ હજાર પેદા કરે છે. મરી ગયો. કે દિ' તારે દીકરા કેવા? આત્માને દીકરા કેવા? આત્માને બાપ કોનો? વિકલ્પ પણ જ્યાં આત્માનો નથી, ત્યાં બહારની ચીજ તો ક્યાંય રહી ગઈ. આહાહા..! સમજાય છે કાંઈ? અહીં સુધી તો કાલે આવ્યું હતું. આવ્યું હતું ને?

'સહજ રૂપ જેનું એવો છે.' ચૈતન્યશક્તિ. એકલું ચૈતન્ય સામર્થ્ય. જાણવા-દેખવારૂપી સામર્થ્ય. એ જેનો ભાવ સહજરૂપ છે. એવી દશા પ્રગટ થઈ. સમ્યગ્દર્શનમાં વિકલ્પનું કર્તૃત્વ છોડીને સ્વભાવનો સ્વાદ આવ્યો ત્યારે એ સમ્યગ્દષ્ટિ, સહજરૂપ જેની દશા થઈ. જે વિકારની દશા હતી તેને છોડીને સ્વભાવની દૃષ્ટિ કરી તો સહજરૂપ દશા (થઈ). વસ્તુમાં વીતરાગતા અને પર્યાયમાં વીતરાગતા આવી. અંતર-બાહ્ય બેય સમરસ છે. આહાહા..! સૂક્ષ્મ છે, ભાઈ! આ અધ્યાત્મનો અધિકાર સૂક્ષ્મ છે.

'नयपक्षकक्षाम् व्यतीत्य' 'શું કરીને શુદ્ધસ્વરૂપ પામે છે? દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક ભેદ...' એ ૨૦ બોલ આવ્યા ને? દ્રવ્યાર્થિકમાં હું શુદ્ધ છું અને અભેદ છું. પર્યાયાર્થિકમાં અશુદ્ધ છું અને અનેક છું. આદિ. એ બેયના-દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક. વીસ ભેદ દ્રવ્યાર્થિકના અને વીસ ભેદ પર્યાયાર્થિકના. એ આવી ગયા. 'તેનો ( पक्ष ) અંગીકાર, તેનો સમૂહ છે અનન્ત નય વિકલ્પો છે,...' આહાહા..! હું જ્ઞાન છું ને હું દર્શન છું, હું ચારિત્ર છું ને અસ્તિ છું ને વસ્તુત્વ છું ને.. એવા એક એક ગુણના વિકલ્પ, એવા અનંત વિકલ્પ ઊઠે છે, એમ કહે છે. આહાહા..! એ અનંત વિકલ્પનો સમૂહ, 'તેમને દૂરથી જ છોડીને.' દૂરથી છોડીને. કરીને નહિ, દૂરથી છોડીને. એ ઉપદેશની શૈલી છે. બાકી અંતરમાં અનુભવમાં ગયો તો વિકલ્પ ઊઠતો નથી, એને દૂરથી છોડ્યો એમ કહેવામાં આવે છે. આહાહા..! અરેરે..! ક્યાં જાવું એણે? બહારના ભપકા બધા મહાણિયા, મહાણ.. મહાણ. મસાણ હોય ને? સ્મશાન.

આત્માના સમ્યગ્દર્શનમાં જે અનુભવ થાય છે એ રાગરહિત થાય છે. નિર્વિકલ્પ છે. આહાહા..! છે? 'અનુભવ નિર્વિકલ્પ છે, તે અનુભવકાળે સમસ્ત વિકલ્પો છૂટી જાય છે.' રાગનો વિકલ્પમાત્ર બુદ્ધિપૂર્વકથી છૂટી જાય છે અને અંતર અનુભવમાં આવે છે ત્યારે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે. આહાહા..! આવી વાત છે. કેટલાક લોકો એમ કહે છે, સોનગઢવાળાએ સમ્યગ્દર્શન મોંઘું કરી નાખ્યું. એમ કહે છે.

મુમુક્ષુ :- મોંઘું કરી નાખ્યું કે સસ્તુ કર્યું?

ઉત્તર :- આ વિકલ્પ છોડે ત્યારે નિર્વિકલ્પ દૃષ્ટિ થાય, એ મોંઘું કરી નાખ્યું. અને અમારે તો સોંઘું સમકિત હતું. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામની શ્રદ્ધા કરવી એ સમકિત. આહાહા..! અરે..! ભાઈ! એ તો મિથ્યાત્વભાવ છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાભાવ એ રાગ છે. એ મિથ્યાત્વ નહિ, પણ રાગને ધર્મ માનવો એ મિથ્યાત્વ છે. એ ચર્ચા પણ 'મખ્ખનલાલજી'ની ચાલી. 'મખ્ખનલાલજી' એમ કહે છે કે આ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાને સોનગઢવાળા મિથ્યાત્વ કહે છે. એવું આવ્યું છે. એમ નહિ. દેવ-ગુરુ-શાસ્ત્ર પરદ્રવ્ય

છે, એની શ્રદ્ધા તે રાગ છે પણ રાગમાં સમ્યગ્દર્શન થયું અને ધર્મ માનવો એ મિથ્યાત્વ છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ મિથ્યાત્વ નથી. સમજાય છે કાંઈ? એ પ્રશ્ન ચાલ્યો છે, 'મખ્ખનલાલજી'એ ચલાવ્યો છે. 'ખાણિયા ચર્ચા'માં. ભાઈ 'રતનચંદજી'એ ચલાવ્યો છે. તમારા ગામમાં. એ 'જિનેશ્વરદાસ'ના ગામના છે. 'રતનચંદ'. એણે એ ચલાવ્યું છે.

મુમુક્ષુ :- શું પ્રશ્ન ચલાવ્યો છે?

ઉત્તર :- પ્રશ્ન એ હતો કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાને સોનગઢવાળા મિથ્યાત્વ કહે છે. એવું અમે કહેતા જ નથી. કદી કહ્યું જ નથી.

મુમુક્ષુ :- તો શું કહો છો?

ઉત્તર :- દેવ-ગુરુ-શાસ્ત્ર પરદ્રવ્ય છે, એની શ્રદ્ધાનું નામ રાગ છે. રાગને ધર્મ માન્યો એ મિથ્યાત્વ છે. એની શ્રદ્ધા એ રાગ, એ મિથ્યાત્વ નથી. ખાણિયા-ચર્ચામાં ચર્ચા થઈ હતી. આહાહા..! અરે..! ભાઈ! કંઈનું કંઈ કરી નાખે. બિચારા શું કરે? આહાહા..!

અહીં કહે છે, અનુભવના કાળમાં સમસ્ત વિકલ્પ છૂટી જાય છે. આહાહા..! વિકલ્પ છે એ મિથ્યાત્વ નથી, વિકલ્પ મારો છે, એવી માન્યતા એ મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? રાગ આવે છે એ રાગ મિથ્યાત્વ નથી, પણ રાગ મારો છે અને રાગથી મને ધર્મ થશે એ માન્યતા મિથ્યાત્વ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**(નયપક્ષકક્ષા) કેવી છે? 'महतीं' જેટલા બાહ્ય-અભ્યન્તર બુદ્ધિના વિકલ્પો તેટલા જ નયભેદ,...**' છે ને? અહીંયાં બુદ્ધિપૂર્વકની વાત છે, હોં! છે ને બુદ્ધિ? '**બુદ્ધિના વિકલ્પો તેટલા જ નયભેદ,...**' છે. બુદ્ધિ છે ને? ભાઈ! શું કહ્યું? બુદ્ધિપૂર્વક જેટલા વિકલ્પ ઊઠે છે એ બધા છૂટી જાય છે. અબુદ્ધિપૂર્વકના વિકલ્પ રહે છે. અનુભવમાં અબુદ્ધિપૂર્વકના વિકલ્પ રહે છે. પણ બુદ્ધિપૂર્વક હું આ કરું, આ મારું કર્તવ્ય છે એવા બુદ્ધિપૂર્વકના વિકલ્પ ઊઠે '**તેટલા જ નયભેદ,...**' છે, એ બધા છૂટી જાય છે. આહાહા..! અરે..! હજી તો શું કહે છે એ સમજવામાં (આવે નહિ). ભાઈ! જન્મ-મરણના અંત.. બાપુ! આહાહા..!

એક નિગોદમાં એક શ્વાસમાં અઢાર ભવ. કાલે કહ્યું હતું ને? 'બ્રહ્મદત્ત'નું નહોતું કહ્યું? આહાહા..! ભાઈ! એણે વિચાર કે દિ' કર્યા છે (કે) પોતાનું શું થશે? 'બ્રહ્મદત્ત' ૭૦૦ વર્ષ રહ્યો. જેટલા શ્વાસ થયા એટલામાં એક શ્વાસમાં આટલા લાખ પલ્યોપમનું (દુઃખ). એક શ્વાસમાં એટલા પલ્યોપમ. કેટલા? અગિયાર લાખ છપ્પન હજાર પલ્યોપમ. આહાહા..!

મુમુક્ષુ :- એક શ્વાસનું ફળ?

ઉત્તર :- એક શ્વાસનું ફળ. ૭૦૦ વર્ષ કંઈ ચક્રવર્તીપદ નથી રહેતું. આયુષ્યની સ્થિતિ ૭૦૦ વર્ષની હતી. તો એ ૭૦૦ વર્ષના જેટલા શ્વાસ થાય, એ શ્વાસમાં એણે સંસારનું કલ્પનાનું સુખ માન્યું કે અમે સુખી છીએ, દેવો સેવા કરે છે. હજાર તો દેવ છે. એક સ્ત્રીની હજાર દેવ સેવા કરે એવી તો એક સ્ત્રી હતી. એવી છન્નું હજાર સ્ત્રી બીજી. એની દેવ ન સેવા કરે. એક સ્ત્રી રત્ન છે, એક પટરાણી (છે, એની દેવ સેવા કરે). આહાહા..! એટલી સુખની કલ્પનામાં ૭૦૦ વર્ષ ગયા. તો એક શ્વાસના ફળમાં.. કેટલા કહ્યા? અગિયાર છપ્પન હજાર પલ્યોપમ. પ્રભુ! તું વિચાર તો કર. અરે..! આહાહા..! અગિયાર લાખ છપ્પન હજાર

પલ્યોપમ. એક શ્વાસનું ફળ એટલું. કોઈ કહે કે આ તે કંઈ... સમજાય છે કાંઈ? શું કહે છે?

મુમુક્ષુ :- કકડી કે ચોર કે કટાર મારની.

ઉત્તર :- હા, એવું તો નથી ને? કાકડીના ચોરને ફાંસી? એમ નથી, ભગવાન! તારી ચીજ આનંદનો નાથ (છે). આહાહા..! તેં પુણ્યના કે પાપના ભાવ કર્યા, એમાં પોતાપણું માન્યું. 'બ્રહ્મદત્ત'ને તો ત્યાં એકલા પાપ જ હતા. સમજાય છે કાંઈ? ચક્રવર્તીપદ. સોળ હજાર દેવ સેવા કરે. છન્નું હજાર સ્ત્રી, બોંત્તેર હજાર નગર, અડતાલીસ હજાર પાટણ અને છન્નું કરોડ ગામ. છન્નું કરોડ ગામ. આહાહા..! એની એક શ્વાસની કલ્પના કે હું સુખી છું, મને ઠીક છે. આહા..! એના ફળમાં અગિયાર લાખ (છપ્પન હજાર પલ્યોપમનું દુઃખ). પલ્યોપમ કોને કહે? ભાઈ! એક પલ્યના અસંખ્યમા ભાગમાં અસંખ્ય અબજ વર્ષ. એક પલ્યોપમ કાળનું માપ છે. કાળનું માપ પલ્યોપમ છે. એના અસંખ્યમા ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય છે. એવો એક પલ્યોપમ અને એવા અગિયાર લાખ પલ્યોપમ એક શ્વાસના ફળમાં (જાય). બાપુ! સમજાય છે કાંઈ? અરે..! 'ડાહ્યાભાઈ'! આહાહા..! અરેરે..! એણે વિચાર ક્યાં કર્યો છે? રાજી રાજી થઈ ગયો બહારથી. બહારથી ખુશી ખુશી થઈ ગયો. બસ, આમ.. અરે..! પ્રભુ! શું છે? ભાઈ! તારા આનંદના નાથનો અનાદર કરી અને બહારથી ખુશીપણું થાય છે, એ મહા મિથ્યાત્વભાવ છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- આ દુઃખથી બચવાનો શું ઉપાય છે?

ઉત્તર :- આ ઉપાય કહે છે ને. આ ઉપાયની વાત તો ચાલે છે. વિકલ્પને છોડીને નિર્વિકલ્પ દૃષ્ટિ અને અનુભવ કરવા એ છૂટવાનો ઉપાય છે.

મુમુક્ષુ :- એક તો આ ઉપાય છે.

ઉત્તર :- એક જ ઉપાય છે. બીજું એમાં ઠરવું એ ઉપાય છે. બીજો કોઈ ઉપાય નથી. નિશ્ચય આ છે અને વ્યવહાર કોઈ ઉપાય છે એમ નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- આ તો એકાંત થઈ ગયું.

ઉત્તર :- એકાંત, સમ્યક્ એકાંત છે. સમ્યક્ એકાંત અને મિથ્યા એકાંત. સમ્યક્ અનેકાંત અને મિથ્યા અનેકાંત. એમાં આ સમ્યક્ એકાંત છે. અરે..! ઝીણી વાત, બાપુ! અરે..! જગતને મળે નહિ આ વાત અને જિંદગી નીકળી જાય. આહાહા..!

અહીં કહે છે, વિકલ્પ એટલા નયભેદ છે. એ વિકલ્પ કેવા છે? બાહ્ય-અભ્યંતર બુદ્ધિના વિકલ્પ. એ કહ્યું ને? ઈ શું કહ્યું? બુદ્ધિપૂર્વકના વિકલ્પની અહીંયાં વાત છે. જેટલા બુદ્ધિપૂર્વકના (વિકલ્પ છે કે) આ હું આવો છું, તેવો છું, અભેદ છું, શુદ્ધ છું, એક છું, એવા બુદ્ધિપૂર્વકના જેટલા રાગ, વિકલ્પ હતા એ બધા છૂટી જાય છે. સમજાય છે કાંઈ? અનુભવના કાળમાં સમ્યગ્દર્શનની ઉત્પત્તિના કાળમાં બુદ્ધિપૂર્વકના વિકલ્પ છૂટી જાય છે, અબુદ્ધિપૂર્વકના વિકલ્પ રહે છે. જો એ ન રહે તો વીતરાગ થઈ જાય. સર્વથા પૂર્ણ વીતરાગ (થઈ જાય). સમ્યગ્દૃષ્ટિ વીતરાગ તો થયો છે પણ પૂર્ણ વીતરાગ નથી એટલે અબુદ્ધિપૂર્વકનો રાગ અંદર છે, પણ બુદ્ધિપૂર્વકના વિકલ્પ છૂટી જાય છે. એક એક શબ્દને સમજવો કઠણ. દુનિયાને મારી નાખ્યા છે. આહાહા..! સાધુ પણ એ પ્રરૂપણા કરે કે આ કરો. વ્રત કરો ને

અપવાસ કરો ને તપ કરો ને એનાથી તમારું કલ્યાણ થશે. એ પ્રરૂપણા જ મિથ્યાત્વ છે. આહાહા..!

અહીં તો વિકલ્પ (આવે કે) હું આવો છું, અભેદ અખંડાનંદ છું. એવા વિકલ્પને પણ પોતાનો માનવો એ મિથ્યાત્વ છે. આહાહા..! કેમકે સ્વરૂપમાં નથી. એ કહે છે, જુઓ! **'નયભેદ, એવી છે. વળી કેવી છે? વિના ઉપજાવ્યે જ...'** આહાહા..! એ સ્વરૂપમાં નથી. હું શુદ્ધ છું, અભેદ છું, એક છું, અખંડ છું એવા વિકલ્પ પણ સ્વરૂપમાં નથી. બહારથી વિના ઉપજાવ્યે ઊપજે છે. અંદર સ્વભાવમાં નથી. આહાહા..! આકરી વાત, બાપુ! એ તો કહ્યું ને? બતાવ્યું ને? કઠણ માર્ગ છે. એમાં બતાવ્યું હતું. કઠણ તો છે, ભાઈ! પણ પોતાનું જ્ઞાન કરવાથી સ્વરૂપનું જ્ઞાન કરવાથી પત્તો લાગી જાય છે. એ આવ્યું હતું ને? શુદ્ધસ્વરૂપનો વિચાર કરતાં. એ આવ્યું હતું. સમજાય છે કાંઈ? એક એક શ્લોક તો અલૌકિક અમૃતનો સાગર ઊછળ્યો છે. શું કહે છે?

**'વિના ઉપજાવ્યે જ...'** એનો અર્થ? સ્વભાવમાં નથી. પણ વિકલ્પમાં એકદમ ઉત્પન્ન થઈ જાય છે. એવા વિકલ્પો છે એ **'અતિ ઘણી...'** આહા..! **'अनल्प'** શબ્દ છે ને? **'अनल्प'** એટલે અલ્પ નહિ, પણ **'अनल्प'** ઘણા વિકલ્પ. **'નિર્ભેદ વસ્તુમાં ભેદકલ્પના...'** આ વિકલ્પની વ્યાખ્યા. શું કહ્યું ઈ? વસ્તુ તો નિર્ભેદ અભેદ અખંડાનંદ પ્રભુ છે, એમાં ભેદકલ્પના (કરવી કે) હું આવો છું ને તેવો છું, એવી ભેદકલ્પના એ વિકલ્પ રાગ છે. આહાહા..! લોકો રાગ એને કહે છે કે, આ સ્ત્રી, કુટુંબ, પરિવારના ભોગ ને વિષય ને આબરૂ ને કીર્તિ, ધંધો મોટો એ રાગ છે. પણ આ રાગને તો રાગ તરીકે જાણતા નથી. આહાહા..! અભેદમાં ભેદ ઉઠાવવો એ રાગ છે. આહાહા..! સમજાય છે કાંઈ? છે શબ્દ? વિકલ્પની વ્યાખ્યા-નિર્ભેદ વસ્તુમાં ભેદકલ્પના. આહાહા..! ભગવાન શુદ્ધ ચિદાનંદ જ્ઞાતા-દૃષ્ટા એકરૂપ અખંડ સ્વરૂપ, એમાં એવો વિકલ્પ ભેદરૂપે ઉઠાવવો.. આહાહા..! એનો જે સમૂહ, એ વિકલ્પનો રાગનો સમૂહ. છે? **'છે જેમાં એવી છે. કેવું છે આત્મસ્વરૂપ?'** નિર્ભેદ વસ્તુમાં એનો સમૂહ છે, એમ કહે છે. વિકલ્પનો સમૂહ ઉત્પન્ન કર્યો.

**'કેવું છે આત્મસ્વરૂપ?' 'अनुभूतिमात्रम्'.** આહાહા..! **'અતીન્દ્રિય સુખસ્વરૂપ છે.'** પ્રભુ તો અતીન્દ્રિય સુખસ્વરૂપ છે. આહાહા..! ઈન્દ્રિયસુખની કલ્પના એ તો ઝેર છે. પાંચ ઈન્દ્રિયની સુખની કલ્પના, ભોગમાં, સ્ત્રીની રમતમાં રાગ એ તો ઝેર છે, કાળો નાગ છે. સમજાય છે કાંઈ? સમકિતીને રાગ આવે છે પણ કાળા નાગ જેવું દુઃખ લાગે છે. સમજાય છે કાંઈ? અહીંયા તો એ કહ્યું કે આત્મા અતીન્દ્રિય સુખસ્વરૂપ થયો. વિકલ્પને છોડ્યો તો વિકલ્પ દુઃખરૂપ હતો, એને છોડીને અંતર નિર્વિકલ્પમાં આવ્યો તો અતીન્દ્રિય સુખરૂપ થયો. આહાહા..! એનું નામ આત્મજ્ઞાન અને એનું નામ સમ્યગ્દર્શન. સમજાય છે કાંઈ? છે કે નહિ અંદર? પાઠ તો પડ્યો છે. આ સોનગઢનો પાઠ નથી.

એક જણે ઘણા વર્ષ પહેલાં એમ કહ્યું કે, સોનગઢે સમકિત બહુ મોંઘું કરી નાખ્યું. અમે માનતા હતા ઈ સહેલું હતું. પણ તમે માનતા ઈ સમકિત જ નહોતું, એ તો મિથ્યાત્વ હતું.

આહાહા..! અમને દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા છે, અમે મુનિઓને માનીએ છીએ, તીર્થંકરને માનીએ છીએ, પ્રતિમાને માનીએ છીએ, બસ! અમારી શ્રદ્ધા સાચી છે. હવે અમારે વ્રતાદિ કરીએ એ અમારે સંવર અને નિર્જરા છે. આહા..! વ્રત કરવા એ સંવર છે અને અપવાસ કરવા એ નિર્જરા છે. 'રતનલાલજી'!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીંયાં જ યથાર્થ તપ છે. જેને તપ કહીએ. 'પ્રતપન ઈતિ તપઃ.' જેમાં આનંદનો નાથ પર્યાયમાં તપે અને આનંદની દશા ઉજળે એનું નામ તપ છે. આહા..! એ અપવાસ આદિનો વિકલ્પ તો આકુળતા છે. આહાહા..! 'નિયમસાર'માં લીધું છે. 'પ્રતપંતે ઈતિ તપઃ.' આત્મા પોતાની પર્યાયમાં, જેમ સોનું-સુવર્ણ ગેરુ લગાવતા ઓપે છે, ગેરુ સમજો છો? સોનું-સુવર્ણ ગેરુ લગાવે તો ઓપે છે-શોભે છે. એમ ભગવાનઆત્મા પોતાની પર્યાયમાં અતીન્દ્રિય આનંદથી શોભે એનું નામ તપ છે. આહાહા..! સમજાય છે કાંઈ? બાકી તો બધી લાંઘણું છે. આહાહા..! આવી વાતું આકરી લાગે માણસને. ભાઈ! આ તો આખો જન્મ-મરણનો ઉથલો મારવો છે. આહા..! અનાદિઅનંત જન્મ-મરણ કરતો આવ્યો છે. આહા..! એમાંથી ગુલાંટ ખાયને એ વિકલ્પ પણ હું નહિ (એમાં આવવાનું છે). આહાહા..! અતીન્દ્રિય આનંદસ્વરૂપ હું છું, એવો વિકલ્પ પણ એમાં નથી. આવી વાત છે.

પ્રગટ થયું એ '**કેવું છે આત્મસ્વરૂપ?**' '**अनुभूतिमात्रम्**'. એટલે? '**अनुभूतिमात्रम्**' એટલે? એટલે સમજ્યા? અર્થાત્ '**અતીન્દ્રિય સુખસ્વરૂપ છે.**' આહાહા..! અનુભૂતિ અર્થાત્ આત્મા વિકલ્પને છોડીને આત્માની અનુભૂતિ કરે છે એ અનુભૂતિ અર્થાત્ અતીન્દ્રિય સુખ પ્રાપ્ત થયું. આહાહા..! જે શક્તિરૂપે સુખ હતું, એ તો સુખનો સમુદ્ર છે. ઓહોહો..! જ્યારે એનો સ્વીકાર થયો અને અનુભવ થયો, તો પર્યાયમાં અતીન્દ્રિય સુખ આવ્યું, એને અનુભૂતિ કહે છે. એને અનુભૂતિ કહે છે. આહાહા..! સમ્યગ્દર્શન થતાં જે અનુભવ થાય છે એ અનુભૂતિ અતીન્દ્રિય સુખને કહે છે. આહાહા..! આ તમારા પૈસા-બૈસામાં-ધૂળમાં બધામાં તો દુઃખ છે.

મુમુક્ષુ :- પૈસામાં દુઃખ હોય?

ઉત્તર :- પૈસા દુઃખનું નિમિત્ત છે. એ.. શેઠ! દુઃખ નહિ. એ મારા છે, એવી માન્યતા દુઃખ છે, એમાં એ નિમિત્ત છે. જડ પોતે દુઃખ નથી, જડ દુઃખમાં નિમિત્ત છે. અંદરમાં સુખ માને છે કે હું સુખી છું. હજી ઘણા મળે છે. પાંચ-પાંચ, દસ-દસ લાખ એક દિવસની પેદાશ છે. મોટા ગૃહસ્થ હોય છે ને, મોટી પેદાશ હોય, એમાં શું? ધૂળમાં શું છે? આહાહા..! અમે સુખી છીએ. પહેલું સુખ તે જાતે નર્યા. ચોપડીમાં આવતું હતું.

મુમુક્ષુ :- ઝાઝા રૂપિયાવાળો હોય એને શરીરનું સુખ હોય જ નહિ, માંદો જ હોય.

ઉત્તર :- પણ કોઈ વળી શરીરે ઠીક પણ હોય. આપણે 'શોભાલાલ' શેઠ તો શરીરે ઠીક છે. બધા દુઃખી (છે). ઘણા શેઠિયા શરીરના ઠીક હોય, પણ એમાં શું થયું? શેઠ તો દવા બહુ રાખે છે. એક વાર ઈ સૂતા હતા ત્યારે હું નીકળ્યો હતો. એના મકાનમાં ઉતર્યા હતા ને. ત્યારે બહાર ઘણી દવા હતી. શેઠ! તમારે સૂવાની જગ્યા હતી ને? ત્યાં બહાર પડી હતી. એ તો

લોકો રાખે. અરે..! દવા તો આ દવા છે. જેનાથી જન્મ-મરણ મટી જાય. 'આત્મભ્રાંતિ સમ રોગ નહિ'. આત્મામાં ભ્રાંતિ છે કે રાગ મારી ચીજ છે અને રાગ એ સુખ છે, એ મોટો રોગ છે. આહાહા..! એ 'શ્રીમદ્'નું વાક્ય છે ને.

આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્ગુરુ વૈદ્ય સુજાણ,
ગુરુઆજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન.

એ ઔષધ અને વિચાર ને ધ્યાન ઔષધ છે. આહાહા..! આત્માનું જ્ઞાન અને આત્માનું ધ્યાન એ જન્મ-મરણ મટાડવાનું ઔષધ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે, વિકલ્પ છૂટતાં અનુભૂતિ થઈ. એ અનુભૂતિની વ્યાખ્યા શું? અમને સમજાવો. અનુભૂતિ એટલે અતીન્દ્રિય સુખનો સ્વાદ. આહાહા..! સમજાય છે કાંઈ? ત્યારે એને સમ્યગ્દર્શન અને ધર્મ થયો. આહાહા..! આવી ચીજ હવે, માણસે એવી કરી નાખી કે પરની દયા પાળવી ને.. પરની દયા પાળી તો શકતો નથી. પરની દયાનો ભાવ થાય એ રાગ છે, હિંસા છે. 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય'માં કહ્યું છે, 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય'માં. રાગ હિંસા છે. પરની દયા પાળું, એવો શુભભાવ આવ્યો. એ શુભભાવ સ્વરૂપની હિંસા છે. આહાહા..! અહીં (કહે), દયા ધર્મનું મૂળ છે. કઈ દયા? બાપુ! સ્થાનકવાસીમાં તો એ જ ચાલે. દયા ધર્મનું મૂળ છે, પાપમૂળ અભિમાન. તુલસી દયા.. એ તો ઠીક. દયા તે સુખની વેલડી. એમાં ઈ છે. દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ, અનંતા જીવ મુક્તિએ ગયા, દયા તણા પરમાણ. એ વ્યાખ્યા છે. એ દયા, બાપુ! એ દયા નહિ, ભાઈ! તને ખબર નથી.

પરદ્રવ્યની દયા પાળી શકે છે, એ વાત જ આત્મામાં નથી. પરદ્રવ્યની પર્યાયને, એના જીવનને કરી શકે, રાખે અને પરજીવને મારી શકે? ભાવ છે કે પરને મારું. એ દ્વેષ છે. પરને જીવાડું, દયા પાળું એ રાગ છે. પણ છે તો વિકાર. આહાહા..! અને એ આત્માના સ્વરૂપની (હિંસા છે). ગજબ વાત છે! એની ટીકા કરી છે. એ લોકો તો દયાના ભાવને હિંસા કહે છે. ક્યો ભાવ? બાપુ! પરની દયાનો વિકલ્પ ઊઠે છે એ રાગ છે અને રાગ એ સ્વરૂપની-અરાગી પ્રભુની હિંસા છે. આહાહા..! એની ટીકા કરી છે. 'અમૃતચંદ્રાચાર્યદેવ' 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય'માં કહે છે. પણ એ કાંઈ વાંચન ન મળે, પોતાનો આગ્રહ છોડીને શાસ્ત્રનું વાંચન કરવું, શાસ્ત્ર શું કહે છે, એવી દૃષ્ટિ રાખવી. પોતાની દૃષ્ટિ પ્રમાણે શાસ્ત્રનો અર્થ માનવો એમ નહિ. શાસ્ત્રનો અભિપ્રાય શું છે, એવી દૃષ્ટિ કરવી. પોતાના અભિપ્રાય પ્રમાણે શાસ્ત્રને વાળવું (એમ નહિ). 'પાટણીજી'! આહાહા..! એ શ્લોક પૂરો થયો, લ્યો! હવે ૯૧. એ ૯૦ શ્લોક થયો.

(રથોદ્ધતા)

इन्द्रजालमिदमेवमुच्छलत्
पुष्कलोच्चलविकल्पवीचिभिः।
यस्य विस्फुरणमेव तत्क्षणं
कृत्स्नमस्यति तदस्मि चिन्महः।।४६-९१।।

**ખંડાન્વય સહિત અર્થ :-** 'तत् चिन्महः अस्मि' હું એવા જ્ઞાનપુંજરૂપ છું કે 'यस्य विस्फुरणम्' જેનો પ્રકાશમાત્ર થતાં 'इदम् कृत्स्नम् इन्द्रजालम् तत्क्षणं एव अस्यति' ( इदम् ) વિદ્યમાન અનેક નયવિકલ્પ ( कृत्स्नम् ) કે જે અતિ ઘણા છે, ( इन्द्रजालम् ) ઈન્દ્રજાળ છે અર્થાત્ જૂઠા છે, પરંતુ વિદ્યમાન છે તે ( तत्क्षणं ) જે કાળે શુદ્ધ ચિદ્રૂપ અનુભવ થાય છે તે જ કાળે ( एव ) નિશ્ચયથી ( अस्यति ) વિનષ્ટ થઈ જાય છે. ભાવાર્થ આમ છે-જેમ સૂર્યનો પ્રકાશ થતાં અંધકાર ફાટી જાય છે તેમ શુદ્ધ ચૈતન્યમાત્રનો અનુભવ થતાં જેટલા વિકલ્પો તે બધાય મટે છે-એવી શુદ્ધ ચૈતન્યવસ્તુ છે તે મારો સ્વભાવ; અન્ય સમસ્ત કર્મની ઉપાધિ છે. કેવી છે ઈન્દ્રજાળ? 'पुष्कलोच्चलविकल्पवीचिभिः उच्छलत्' ( पुष्कल ) અતિઘણી, ( उच्चल ) અતિ સ્થૂલ એવી જે ( विकल्प ) ભેદકલ્પના, એવી જે ( वीचिभिः ) તરંગાવલી તેના વડે (उच्छलत् ) આકુલતારૂપ છે; તેથી હેય છે, ઉપાદેય નથી. ૪૬-૯૧.

## કળશ-૯૧ ઉપર પ્રવચન

ઈन्द्रजालमिदमेवमुच्छलत्
पुष्कलोच्चलविकल्पवीचिभिः।
यस्य विस्फुरणमेव तत्क्षणं
कृत्स्नमस्यति तदस्मि चिन्महः।।४६-९१।।

**ખંડાન્વય સહિત અર્થ :-** 'तत् चिन्महः अस्मि' ધર્માત્મા-સમ્યગ્દષ્ટિ જીવ પોતાને આવો માને છે અને અનુભવે છે. '**હું એવા જ્ઞાનપુંજરૂપ છું...**' 'चिन्महः' છે ને? 'ज्ञानमहः' ચૈતન્યનો પુંજ-તેજ. આહાહા..! ચૈતન્યના પ્રકાશનો પુંજ હું છું. એ વિકલ્પમાત્ર મારી વસ્તુમાં નથી. આહાહા..! અહીં તો હજી બાયડી, છોકરા મારા ને પૈસા મારા ને બંગલા-હજીરા મારા. હજીરા સમજો છો? લોટિયાઓ દાઢી નથી રાખતા? 'જામનગર'માં નદીને કાંઠે એનો મોટો હજીરો છે. ત્યાં એ લોકોને દાટે. દાટે છે. એને હજીરો કહે છે. નદીને કાંઠે મોટા હજીરા.

મુમુક્ષુ :- તાજીયા.

ઉત્તર :- નહિ, તાજીયા નહિ, મકાન. એમાં લઈ જઈ મડદાને દાટે એને હજીરો કહે છે. વ્હોરા લોકો દાઢી રાખે ને ટોપી ઓઢે. એનો ત્યાં હજીરો છે. 'જામનગર' નદીને કાંઠે મોટું મકાન છે. મરી જાય એને ત્યાં દાટે. એમ આ પણ મોટા હજીરામાં દટાઈ ગયો છે. પાંચ લાખ ને દસ લાખના મકાન ને આજે વાસ્તુ કર્યું, આજે તો મોટા મોટા કાર્યકર્તાઓને બોલાવ્યા ને અધિપતિ મોટા હોય એને બોલાવે પછી રાજી રાજી થઈ જાય. ધૂળમાં પણ નથી, સાંભળને! ભાઈ! તને વાસ્તુ કરતાં આવડતું નથી. વાસ્તુ તો પોતાના આનંદકંદમાં રહેવું-વસવું એનું નામ વાસ્તુ છે. 'પદમચંદજી'!

અહીંયાં એ કહે છે, 'चिन्महः' હું તો જ્ઞાનપુંજરૂપ છું. '**એવા જ્ઞાનપુંજરૂપ છું કે..**'

'यस्य विस्फुरणम्' 'જેનો પ્રકાશમાત્ર થતાં...' શું કહે છે? આહાહા..! ચૈતન્યનો પ્રકાશ જ્યાં થયો, એના સ્ફૂરણમાત્રથી વિકલ્પનું અંધારૂ નાશ થઈ જાય છે. આહાહા..! છે? પ્રકાશ થવાથી 'इदम् कृत्स्नम् इन्द्रजालम् तत्क्षणं एव अस्यति' 'વિદ્યમાન અનેક નયવિકલ્પ...' નયવિકલ્પ છે. નયવિકલ્પ નથી એમ નહિ. સમજાય છે કાંઈ? 'इदम्' નયવિકલ્પ વિદ્યમાન છે. 'कृत्स्नम्' 'અતિ ઘણા...' 'कृत्स्नम् 'નો અર્થ ઘણા. 'इन्द्रजालम्' ઈન્દ્રજાળની પેઠે. જાદુગર ઈન્દ્રજાળ કરે છે ને? જાદુ બતાવે અને એકદમ સંકેલી લે. આહાહા..! કેરી દેખાડે.

અમે નાની ઉંમરમાં જોયું હતું. નાની ઉંમરની વાત છે, હોં! દસ વર્ષની ઉંમર હશે. અંદર આંબો કરીને આમ કેરી બતાવે. બધું જાદુગર. 'ઉમરાળા' જન્મગામ. નહિ? નાની ઉંમરમાં જોયા હતા. કેવી રીતે બતાવતો હશે અંદર? આમ પડદો આડો રાખે. અંદરમાં આંબો બતાવે. આંબો સમજ્યા ને? આમ.. આમ. અને કેરી પીળી આમ બતાવે. ખબર છે. અત્યારે દેખાય. એ ઈન્દ્રજાળિયા કેરી છે.

એમ આ વિકલ્પ બધા ઈન્દ્રજાળના જૂઠા વિકલ્પ છે. છે ખરા. આહાહા..! જૂઠા વિકલ્પ છે. આત્માની શાંતિને રોકનારા છે. આહાહા..! ઈન્દ્રજાળ કહ્યું ને? જૂઠા છે પણ વિદ્યમાન છે. આત્માના સ્વરૂપની અપેક્ષાએ જૂઠા છે. પણ વિકલ્પ છે ખરા. ઓલા વેદાંતની પેઠે નથી કે વિકલ્પ છે જ નહિ, કોઈ બીજી વસ્તુ જ નથી. એમ નથી. સમજાય છે કાંઈ? દ્રવ્ય છે, ગુણ છે, પર્યાય છે, વિકલ્પ છે, રાગની જાળ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! નયવિકલ્પ વિદ્યમાન").

'જે કાળે શુદ્ધ ચિદ્રૂપ અનુભવ થાય છે...' આહાહા..! ચૈતન્યના પ્રકાશ તરફ ઝુકાવ થઈને વિકલ્પ છૂટીને ચૈતન્યના પ્રકાશના વેદનમાં આવ્યો, 'તે જ કાળે નિશ્ચયથી વિનષ્ટ થઈ જાય છે.' વિકલ્પ બધા નાશ થઈ જાય છે. સૂર્યનો પ્રકાશ જ્યાં થયો ત્યાં અંધકારનો નાશ થાય છે. આહાહા..! એમ ભગવાનઆત્મા ચૈતન્યના પ્રકાશનું નૂરનું પૂર, એ જ્યાં પર્યાયમાં પ્રકાશ આવ્યો ત્યાં વિકલ્પરૂપી અંધકાર નષ્ટ થઈ જાય છે. આનો ઉદય થાય છે, વિકલ્પ અસ્ત થાય છે. શું કહ્યું ઈ? આહાહા..!

ચૈતન્યસ્વરૂપ ભગવાનઆત્મા પોતાના પ્રકાશમાં જ્યાં આવ્યો, પર્યાયમાં વિકલ્પબુદ્ધિ છૂટીને પર્યાયમાં પ્રકાશ થયો તો એ પ્રકાશનો ઉદય થયો, પ્રગટ થયો અને વિકલ્પરૂપી બુદ્ધિપૂર્વકનો અંધકાર હતો એનો નાશ થયો. 'अस्यति' છે ને? 'अस्यति' આથમી ગયા. આથમી ગયા એટલે નષ્ટ થઈ ગયા. આહાહા..! સૂક્ષ્મ વાત છે, બાપુ! આ તો વીતરાગનો માર્ગ છે. આહાહા..! ચૈતન્યના નૂર-પ્રકાશ જ્યાં આવ્યા, સૂર્યના કિરણ જ્યાં બહાર આવ્યા ત્યાં અંધકારનો નાશ થઈ જાય છે. એમ ભગવાનઆત્મા, બુદ્ધિપૂર્વકના વિકલ્પનો નાશ થાય છે તો ચૈતન્યનો પ્રકાશ બહાર આવે છે. ચૈતન્યનો પ્રકાશ બહાર આવ્યો તો વિકલ્પનો અંધકાર નાશ થઈ ગયો. આહાહા..! આવો ધર્મ હવે. હજી સમ્યક્‌ના ઠેકાણા નહિ અને બહારમાં લૂગડાં ફેરવીને પડિમા લીધી. બે લીધી ને પાંચ લીધી ને દસ લીધી ને અગિયાર લીધી. અરે..! બાપુ! ભાઈ! માર્ગ તારા હિતના બીજા છે, ભાઈ! આહાહા..! એને હિતનો

માર્ગ કહીએ તો એકાંત લાગે. કેમકે આ વ્રત-બ્રત કરીએ એનાથી પણ કલ્યાણ થાય (એમ કહો) તો તમારું અનેકાંત કહેવાય. 'પાટણીજી'!

મુમુક્ષુ :- એણે માનેલું અનેકાંત.

ઉત્તર :- માનેલું અનેકાંત. અરે..! બાપુ! એ તો એકાંત છે. મિથ્યા અનેકાંત છે. સમ્યક્ એકાંત તો પોતાના સ્વરૂપથી જ લાભ થાય છે અને રાગથી નહિ, એ અનેકાંત છે. આહાહા..! સમજાય છે કાંઈ? એક તો સંસાર આડે નિવૃત્તિ મળી નહિ અને એમાં નિવૃત્તિ મળે થોડી, કલાક-બે કલાક સંભળાવનારા એવા મળે. બસ! આ વ્રત કરો ને અપવાસ કરો. તમારું કલ્યાણ (થઈ જશે). ભગવાનની પ્રતિમા સ્થાપો ને બે-ચાર મંદિર દસ-દસ લાખના, વીસ-વીસ લાખના બનાવો, જાઓ! ધર્મ ધુરંધર.

મુમુક્ષુ :- સહેલું લાગે ને.

ઉત્તર :- એ જ કહ્યું ને. એને સહેલું લાગે. પૈસા તો એની પાસે પાંચ-પચાસ લાખ હોય. એમાં પાંચ લાખ ખર્ચે, દસ લાખ ખર્ચે તો ધર્મ ધુરંધરનું બિરૂદ (આપે).

મુમુક્ષુ :- આપે પણ ઘણા મંદિર બંધાવ્યા છે.

ઉત્તર :- અહીં કોઈએ બનાવ્યા નથી. અમે તો કોઈને કહ્યું નથી. આ મકાનનું પણ કહ્યું નથી. અમે તો ક્યારેય કોઈને કહ્યું નથી. એક આ પુસ્તક માટે હમણાં થોડા વખતથી કહીએ છીએ. સમજાય છે કાંઈ? આ બેનનું પુસ્તક આવ્યું એને માટે કાલે તો કહ્યું હતું કે, આ પુસ્તક દસ હજાર છપાવવા જોઈએ. હિન્દી અને ગુજરાતી આત્મધર્મને ભેટ આપવા જોઈએ. બેનને તો બહાર નહોતું પડવું પણ પુસ્તક બહાર આવી ગયું. એ.. 'હિંમતભાઈ'! રાત્રે કહ્યું હતું. દસ હજાર છપાવો, કીધું. આપણે તો ક્યારેય (કહ્યું નથી). એ તો 'રામજીભાઈ' બધું કરતા હતા. આ મંદિર બનાવો, એમ અમે કોઈ દિ' કહ્યું ન હતું. આ મકાન માટે પણ અમે કોઈ દિ' કહ્યું નથી. થાય છે તો કહીએ. સમજાય છે કાંઈ? આ પુસ્તક માટે તો મારી લાગણી એવી થઈ ગઈ. સમજાય છે કાંઈ? અરે..! એકવાર વિરોધી પણ જો જરી શાંતિથી જોવે.. બાપુ! એકલું માખણ છે. વસ્તુની સ્થિતિ જ એવી છે. આહાહા..! મોંઘી તો છે. એક પુસ્તક સાત રૂપિયે પડ્યું. એક પુસ્તક સાત રૂપિયે પડ્યું છે. ત્રણ રૂપિયામાં દઈએ છીએ. દસ હજારમાં તો સીત્તેર હજાર થશે. અહીં સીત્તેર હજાર હોય કે ન હોય, કાંઈ નહિ. કીધું, પણ એકવાર તો બનાવો. હિન્દી અને ગુજરાતીને આપો. સાંભળે (-વાંચે) તો ખરા.

મુમુક્ષુ :- બની શકે છે.

ઉત્તર :- બની શકે છે. લ્યો, અમારે પંડિતજી (કહે છે). દસ હજાર કહ્યું. સીત્તેર હજાર તો એક દસ હજારમાં થશે. એ સિવાય કોઈ... શું કહેવાય? વેંચાણ ખાતે. વેંચાણ ખાતે બે-ત્રણ હજાર રાખવા પડશે ને પાછા. વેંચાણ ખાતે. પેલા તો ભેટ ખાતે. પણ આવો ભાવ આવ્યો છે. આહાહા..!

મુમુક્ષુ :- દાતાર મળી જાય..

ઉત્તર :- 'રામજીભાઈ' પાસે દાતાર ઘણા છે.

મુમુક્ષુ :- દસ હજાર ને એક રૂપિયા હીરાભાઈની બા તરફથી.

ઉત્તર :- અહીં પૈસાનો ક્યાં તૂટો છે. આહાહા..!

અહીંયાં કહે છે, આહાહા..! જે કાળે ચૈતન્યનો પ્રકાશ બહાર આવ્યો.. કઈ રીતે બહાર આવ્યો? વિકલ્પ છૂટીને જ્યાં નિર્વિકલ્પનો અનુભવ થયો.. આહાહા..! એ ચૈતન્યનો ઉદય થયો. એવો શબ્દ વાપર્યો છે. નહિ? 'શ્રીમદ્'માં. ચારિત્રનો ઉદય થાય છે, નથી આવતું? 'ઉદય થાય ચારિત્રનો'. એ ઉદય શબ્દ છે. આહાહા..! ચારિત્રનો ઉદય થાય છે. ઉદય નામ પ્રગટ થાય છે. એવી ભાષા 'શ્રીમદ્'માં છે. એમ આત્મા જ્યાં આનંદનો નાથ જાગીને ઉઠે ક્ષણમાં.. આહાહા..! વિકલ્પનો અંધકાર અસ્ત થઈ જાય છે. સમજાય છે કાંઈ? લ્યો. **'નિશ્ચયથી નષ્ટ થાય છે...'**

**'ભાવાર્થ આમ છે-જેમ સૂર્યનો પ્રકાશ થતાં અંધકાર ફાટી જાય છે...'** ફાટી જાય છે. **'તેમ શુદ્ધ ચૈતન્યમાત્રનો અનુભવ થતાં જેટલા વિકલ્પો તે બધાય મટે છે...'** બુદ્ધિપૂર્વકના. **'એવી શુદ્ધ ચૈતન્યવસ્તુ છે તે મારો સ્વભાવ...'** છે. આહા..! એ તો મારો સ્વભાવ જ છે. બહારથી એ ચીજ આવતી નથી. ચૈતન્યપ્રકાશનો સ્વભાવ. **'અન્ય સમસ્ત કર્મની ઉપાધિ છે...'** આહાહા..! એ વિકલ્પ ઉઠે છે કે હું શુદ્ધ છું ને અભેદ છું, એ પણ કર્મની ઉપાધિ છે. નિરૂપાધિ ભગવાનઆત્માના સ્વભાવમાં એ ઉપાધિ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? **'જેટલા વિકલ્પો તે બધાય મટે છે-એવી શુદ્ધ ચૈતન્યવસ્તુ છે તે મારો સ્વભાવ; અન્ય સમસ્ત કર્મની ઉપાધિ છે.'** હવે થોડું કહે છે. **'કેવી છે ઈન્દ્રજાળ?'** એ વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## શ્રાવણ વદ ૧૧, ગુરુવાર, તા.૮-૯-૧૯૭૭
## કળશ - ૯૧-૯૨, પ્રવચન - ૮૯

અહીં સુધી આવ્યું છે. **'કેવી છે ઈન્દ્રજાળ?'** 'पुष्कलोच्चलविकल्पवीचिभिः उच्छलत्' 'पुष्कल' **'અતિ ઘણી,...'** શું કહે છે? ભગવાન આનંદ અને જ્ઞાયકસ્વરૂપ હોવા છતાં અનાદિકાળથી અંતરમાં વિકલ્પ ઉઠે છે. હું આવો છું, હું આવો છું. હું શુદ્ધ છું ને અભેદ છું. વ્યવહારનો તો નિષેધ કરતા આવ્યા જ છે. આહાહા..! પણ હું ચિદાનંદ જ્ઞાયકસ્વરૂપ (છું), મને અનંતકાળમાં અંતર નજરમાં ન આવ્યો. એ ચીજ શું છે? અંતરમાં અનુભવ થતાં પહેલાં વિકલ્પ આવે છે કે હું આવો છું, આવો છું. એ બધી ઈન્દ્રજાળ છે, કહે છે. આહાહા..! એ કહ્યું ને?

**'અતિ સ્થૂળ એવી જે ભેદકલ્પના,...'** એ બધા વિકલ્પ છે. આહાહા..! હવે અહીંયાં દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ તો ક્યાંય રહી ગયો, ભાઈ! આહાહા..! સમજાય છે કાંઈ? અહીંયાં તો આત્મા પૂર્ણાનંદનો નાથ શુદ્ધ ચૈતન્યધાતુ અખંડ આનંદકંદ તરફ સન્મુખ નહિ થઈને વિકલ્પ ઉઠાવવો.. આહાહા..! હું આવો શુદ્ધ છું, અખંડ છું ને અભેદ છું, એ

વિકલ્પની જાળ છે. એમાં આત્માનો પત્તો નથી લાગતો, એમ કહે છે. સૂક્ષ્મ છે. આહા..!

**'वीचिभिः'** **'તરંગાવલી...'** તરંગ ઊઠે છે, વિકલ્પની જાળ (ઊઠે છે). સમુદ્રમાં જેમ તરંગ ઊઠે છે, એમ ભગવાન અતીન્દ્રિય આનંદસાગર પ્રભુ, એમાં વિકલ્પના તરંગ ઊઠે છે. આહાહા..! એ તરંગાવલી **'આકુળતારૂપ છે...'** આહાહા..! હું આત્મા શુદ્ધ છું, અખંડ છું, એક છું, અભેદ છું એવા વિકલ્પ પણ દુઃખરૂપ અને આકુળતા છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ ભેદકલ્પના આકુળતારૂપ છે. આહાહા..! **'તેથી હેય છે,...'** એ વિકલ્પ ઊઠે છે તે હેય છે, એમ કહે છે. આહાહા..!

અહીં તો શુભજોગને હેય માનવામાં પરસેવા ઊતરે છે. શુભજોગ હેય નહિ, શુભજોગ મોક્ષનો માર્ગ છે, એમ કહે છે. અરે..! ભગવાન! એ શુભભાવ તો નિગોદમાં પણ અનંતવાર થયો. નવમી ગ્રૈવેયક ગયો તોપણ શુભભાવ એટલો થયો કે અત્યારે એવો થઈ શકે નહિ. શુક્લલેશ્યાના શુભભાવ. અને નિગોદમાં પણ સિદ્ધાંત-પરમાગમ તો એમ કહે છે કે ક્ષણમાં અશુભ અને ક્ષણમાં શુભ (થાય છે). આહાહા..! એકેન્દ્રિય જીવને પણ ક્ષણમાં શુભ અને ક્ષણમાં અશુભ નિરંતર ચાલે છે. એ કોઈ નવી ચીજ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ, એમાં વિકલ્પ ઊઠાવવો.. આહાહા..! એ આકુળતા અને દુઃખરૂપ છે. એનાથી આત્માની પ્રાપ્તિ થતી નથી. આહાહા..! જરી સૂક્ષ્મભાવ છે. લોકોને તો હજી બહારમાં શુભક્રિયા કરીને, દયા, દાન, વ્રત ને ભક્તિ ને પૂજા કરતાં કરતાં કલ્યાણ થઈ જશે (એમ માનવું છે). આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં તો પરમાત્મા વસ્તુની મર્યાદામાં વિકલ્પ ઊઠે છે એ અમર્યાદિત છે, એમ કહે છે. હું તો શુદ્ધ ચિદાનંદનું ધ્યાન કરનારો. આહા..! એમાં આ વિકલ્પ કેવો? એમ કહે છે. સમજાય છે કાંઈ ? હું તો શુદ્ધ ચૈતન્ય (છું). એ વિકલ્પ ઊઠે છે એ હેય છે, **'ઉપાદેય નથી.'** છે? આહાહા..! તો શુભ ક્રિયાકાંડનો ભાવ તો ક્યાંય હેય છે. સમજાય છે કાંઈ? એ ૯૧ શ્લોક થયો.

---

(સ્વાગતા)

चित्स्वभावभरभावितभावा-
भावभावपरमार्थतयैकम्।
बन्धपद्धतिमपास्य समस्तां
चेतये समयसारमपारम्।।४७-९२।।

ખંડાન્વય સહિત અર્થ :- **'समयसारम् चेतये'** સમયસારનો અર્થાત્ શુદ્ધચૈતન્યનો અનુભવ કરવો કાર્યસિદ્ધિ છે. કેવો છે? **'अपारम्'** અનાદિ-અનન્ત છે. વળી કેવો છે? **'एकम्'** શુદ્ધસ્વરૂપ છે. શા વડે શુદ્ધસ્વરૂપ છે? **'चित्स्वभावभरभावितभावाभाव-भावपरमार्थतया एकम्'** ( चित्स्वभाव ) જ્ઞાનગુણ તેનો ( भर ) અર્થ ગ્રહણવ્યાપાર તેના વડે

( भावित ) થાય છે ( भाव ) ઉત્પાદ ( अभाव ) વિનાશ ( भाव ) ધ્રૌવ્ય એવા ત્રણ ભેદ તેમના વડે ( परमार्थतया एकम् ) સાધ્યું છે એક અસ્તિત્વ જેનું. શું કરીને? 'समस्तां बन्धपद्धतिम् अपास्य' ( समस्तां ) જેટલી અસંખ્યાત લોકમાત્ર ભેદરૂપ છે ( बन्धपद्धतिम् ) જ્ઞાનાવરણાદિ કર્મબંધરચના તેનું ( अपास्य ) મમત્વ છોડીને. ભાવાર્થ આમ છે કે- શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં જેમ નયવિકલ્પો મટે છે તેમ સમસ્ત કર્મના ઉદયે જેટલા ભાવ છે તે પણ અવશ્ય મટે છે એવો સ્વભાવ છે. ૪૭-૯૨.

## કળશ-૯૨ ઉપર પ્રવચન

૯૨. (સ્વાગતા)

चित्स्वभावभरभावितभावा-
भावभावपरमार्थतयैकम्।
बन्धपद्धतिमपास्य समस्तां
चेतये समयसारमपारम्।।४७-९२।।

આહાહા..! પહેલો જ એ લીધો છે. જે છેલ્લું પદ છે એનો અર્થ પહેલો લીધો.

**ખંડાન્વય સહિત અર્થ :-** 'समयसारम् चेतये' આહાહા..! '**સમયસારનો (અર્થાત્) શુદ્ધ ચૈતન્યનો અનુભવ કરવો કાર્યસિદ્ધિ છે.**' આહાહા..! પોતાના ધર્મની કાર્યસિદ્ધિ તો ત્યારે છે. પોતાનો ભગવાન શુદ્ધ ચૈતન્યસ્વરૂપ... આવ્યું ને? શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો અનુભવ, નિર્વિકલ્પ દૃષ્ટિમાં અનુભવ કરવો એ કાર્યસિદ્ધ છે. સંસ્કૃત ટીકાકારે તો ત્યાં 'चेतये'માં એવો શબ્દ લીધો છે. 'चेतये' ધ્યાન શબ્દ આવ્યો ને. વિષય કુરુ. એ શબ્દ બહુ આવે છે, ભાઈ! આહાહા..!

એક વાર 'આનંદઘનજી' કહેતા હતા, શ્વેતાંબરમાં થયા છે. 'દેખણ દે રે સખી દેખણ દે, મારો સુખકંદ પ્રભુ ચંદ્રપ્રભુ, મુખ ચંદ્ર સખી મુને દેખણ દે.. દેખણ દે સખી દેખણ દે, ચંદ્રપ્રભુ..' ચંદ્રપ્રભુ ભગવાન, હોં! 'ચંદ્રપ્રભુ મુખચંદ સખી મુને દેખણ દે..' શુદ્ધ પરિણતિને એમ કહે છે. મારો નાથ મને જોવા દે, સખી! એ વનસ્પતિ અનંત નિગોદમાં હું રહ્યો. 'દેખ્યો નહિ રે દેદાર સખી રે મુને દેખણ દે' એ નિગોદમાં અનંત ભવ કર્યા, સખી! મેં આત્માના દેદાર કર્યા નહિ. આહાહા..! અપર્યાપ્તમાં અનંતકાળ હું રહ્યો પણ 'ચતુર ન ચડિયો રે હાથ.' ચતુર ન ચડિયો હાથ. ચતુર-આનંદનો નાથ મને હાથ ન આવ્યો. હિન્દી ભાષામાં થોડી ગુજરાતી આવે છે. થોડી આવી જાય. આહાહા..! 'દીઠો નહિ રે મેં દેદાર...' મેં વિકલ્પમાં આવીને દેદાર ન જોયા. મારી ચીજનો અનુભવ મેં ન કર્યો. સમજાય છે કાંઈ? અપર્યાપ્ત કાળમાં પણ એ ચતુર ન ચઢ્યો હાથ. એમાં પર્યાપ્તમાં આત્મા હાથ આવતો નથી. ચતુર ન ચઢ્યો હાથ. ચતુર-આનંદનો નાથ મારા ધ્યાનના વિષયમાં મેં ન બનાવ્યો. ત્યાં ન બન્યું. આહાહા..! હવે મને પ્રસંગ બન્યો છે, પ્રભુ! કહે છે કે એ વિકલ્પની જાળ હેય છે. છોડી દે,

નાથ! તારા દર્શન તારે કરવા હોય તો એ વિકલ્પની જાળ છોડી દે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં તો વિકલ્પ છે એને હેય કહે છે. 'જિનેશ્વરદાસજી'! તો શુભજોગ તો ક્યાં રહ્યો? પ્રભુ! હવે એની તકરાર (માંડી). અરે..! ભગવાન! પ્રભુ! તને શું થયું? તારે ક્યાં જાવું છે? નાથ! તું કોણ છો? શુભજોગ તો પરસન્મુખનો ભાવ છે. અને ધ્યાન અને સમ્યગ્દર્શન તો સ્વસન્મુખનો ભાવ છે. સમજાય છે કાંઈ? શુભજોગ આદિ છે એ તો પરલક્ષી ભાવ છે, પરસન્મુખના લક્ષમાં થાય છે. અને સમ્યગ્દર્શનભાવ તો સ્વસન્મુખમાં થાય છે. બરાબર છે? આહાહા..! 'ધન્નાલાલજી'! આ બધું રૂપિયા ને પૈસામાં ને છોકરામાં બિચારો મુંઝાઈ ગયો. આ છોકરો રળે છે ને ફલાણું આમ છે, બે લાખ પગાર મળે છે. ધૂળમાં પણ નથી, સાંભળને! ક્યાં સલવાઈ ગયો? સલવાઈ ગયો, સમજ્યા? રોકાઈ ગયો. અટક ગયા. આહાહા..!

અહીં કહે છે, શું કહે છે? જુઓ! 'चेतये' સમયસાર. પ્રભુ! એકવાર સમયસારને ચેત. આહાહા..! ભગવાન આનંદનો નાથ પ્રભુ, એને ધ્યાનમાં વિષય બનાવ. તારી પર્યાયરૂપી ધ્યાનમાં એ વિષય બનાવ. વર્તમાન જ્ઞાનની પર્યાયરૂપી ધ્યાન, એમાં એને વિષય-ધ્યેય બનાવ. આહાહા..! સમયસાર પૂર્ણાનંદનો નાથ. આહા..! એ તારી ત્યાં કાર્યસિદ્ધિ છે. બાકી કાર્યસિદ્ધિ બીજે ધૂળમાં ક્યાંય નથી. આહાહા..! છે? 'પોપટભાઈ'! કાર્યસિદ્ધિ ત્યાં છે, એમ કહે છે. આ પૈસા ને છ છોકરા ને ધૂળમાં કાર્યસિદ્ધિ નથી. ત્યાં પાપની કાર્યસિદ્ધિ છે. આહાહા..!

ભગવાન! અહીં તો પરમાત્મા એમ કહે છે, હે નાથ! પ્રભુ! તું ભગવત્‌સ્વરૂપ છો ને! એ વિકલ્પની જાળમાં તારો પત્તો નહિ લાગે. આ શુભ વિકલ્પ, હોં! હું નિશ્ચય શુદ્ધ છું, અખંડ છું, એ ભાવ શુભ છે. શુભ છે કે નહિ? વસ્તુ આનંદકંદ પ્રભુ શુદ્ધ ચૈતન્યઘન સમયસાર લીધું છે ને? સમયસાર શબ્દ પડ્યો છે ને? એ સમયસાર એટલે ચૈતન્યવસ્તુ ઘન આનંદકંદ પ્રભુ. એમાં હું આવો છું, એવો વિકલ્પ પણ હેય છે. આહાહા..! ભાઈ! તારી કાર્યસિદ્ધિ ત્યારે થશે. સમજાય છે કાંઈ?

સમયસાર. ભગવાન! સમય નામ પદાર્થ. સાર નામ કર્મ-દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ રહિત એવો સમયસાર 'चेतये'. પ્રભુ! 'चेतये'. એને ચેતનને ચેતન કર. ચેતનને વિષય બનાવ. આહાહા..! ધર્મની ધ્યાનની પર્યાયમાં એને ધ્યેય બનાવ. આહાહા..! સમજાય છે કાંઈ? બાકી ક્યાંય કાર્યસિદ્ધિ બીજી રીતે થતી નથી, એમ કહે છે.

મુમુક્ષુ :- શું કાર્યસિદ્ધિ?

ઉત્તર :- આત્મા ચૈતન્યમૂર્તિ આનંદઘનનો અનુભવ કરવો એ કાર્યસિદ્ધિ છે. આહાહા..! એ એના વાસ્તવિક કાર્યની સાબિતી છે. એણે આત્માનું કાર્ય કર્યું. બાકી તો બધું થોથા છે. આહાહા..! સમજાય છે કાંઈ? ત્યાં સુધી લીધું છે કે આ વિકલ્પ ઊઠે છે કે હું શુદ્ધ છું, અખંડ અભેદ છું. એ હેય છે. ભગવાન સમયસાર શુદ્ધ ચૈતન્યઘન એ 'चेतये' નામ ઉપાદેય છે. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- 'चेतये' ઉપાદેય એક જ વાત છે?

ઉત્તર :- એક જ ઉપાદેય છે. ત્યારે સંવર, નિર્જરાની પર્યાય ચૈતન્યને ઉપાદેયમાં અનુભવ કરે છે. એ અનુભવ સંવર, નિર્જરાની પર્યાય છે. આહાહા..! સૂક્ષ્મ વાત ઘણી. અપૂર્વ વાત છે, ભગવાન! આહાહા..! તેં તારા દેદાર કદી જોયા નહિ, નાથ! સમજાય છે કાંઈ? એકમાં આવે છે, 'હરતા ફરતા પ્રગટ હરિ દેખું રે..' મારો નાથ હરિ. અજ્ઞાન અને રાગ-દ્વેષનો હરનાર. એને 'હરતા ફરતા પ્રગટ પ્રભુ દેખું રે, મારું જીવવું રે સફળ તવ લેખું રે...મુક્તાનંદનો નાથ વિહારી રે, ઓધા જીવનદોરી અમારી રે.' આત્મા એમ પોકારે છે કે મારી અનુભવદશા એ મારી જીવનદોરી છે. આહાહા..! મારું જીવન અને જીવનની દોરી એ છે. 'મુક્તાનંદનો નાથ...' મુક્તાનંદ પ્રભુ. મોક્ષના આનંદસ્વરૂપ પ્રભુ છે. આહાહા..! એને હું હરતા ફરતા મારી દૃષ્ટિમાં એ ભગવાન રહે. સમજાય છે કાંઈ? ત્યારે મારું જીવન સફળ. બાકી દુનિયાના કાર્યમાં અફળ જિંદગી ચાલી જાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? અરે..! હું જ્યાં જવા માંગુ છું ત્યાં મારી સફળતા છે. આહાહા..! વાત જરી ઝીણી છે, પણ પ્રભુ! અંતરના ઘરની મૂળ વાત છે. ન્યાં બહારની પંડિતાઈ કામ કરે નહિ. ક્રિયાકાંડના ભાવ કામ કરે નહિ. હું શુદ્ધ અખંડ અભેદ એ વિકલ્પ કામ કરે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં કહે છે કે સમયસાર 'चेतये'. આહાહા..! જ્યાં પ્રભુ છે ત્યાં નજર કર ને! રાગમાં આત્મા ક્યાં છે? રાગમાં આત્મા ક્યાં? એ વિકલ્પમાં ક્યાં આવ્યો? આહાહા..! હવે આ લોકોને એવું લાગે છે કે આ એકાંત છે, એકાંત છે. અહીં તો આ કાર્યસિદ્ધિ એક જ વાત છે.

એમાં પણ આવ્યું ને? 'છઢાળા'માં. 'લાખ વાતની વાત નિશ્ચય ઉર ઉણો, છોડી જગત દ્વંદ્વ ફંદ નિજ આતમ ધ્યાવો'. એ આ સમયસાર 'चेतये'. પહેલાના પંડિતો તો બહુ સરસ કહી ગયા, પણ એનો અર્થ કરનારા ફેરફાર ફેરફાર કરે છે. સમજાય છે કાંઈ? છોડી જગત દ્વંદ્વ. દ્વંદ-ભેદનો વિકલ્પ પણ છોડી દે. હું આવો છું ને તેવો છું, એવો વિકલ્પ છોડી દે. આહાહા..! 'નિજ આતમ ઉર ધ્યાવો.' નિજ આત્મા આ. સમયસાર નિજ આત્મા. ધ્યાવો નામ 'चेतये'. સમયસારમાં સંસ્કૃત ટીકામાં 'चेतय'નો અર્થ ધ્યાન વિષય કુરુ કર્યો છે. ઘણે ઠેકાણે લખે છે. 'અધ્યાત્મ તરંગિણી'. ધ્યાન વિષય અધ્યાત્મ નહિ. આ કળશટીકા. 'चेतये चिंतयामी ध्यानविषयकरोमि इति अर्थः' 'चेतये'નો અર્થ. 'समयसारचेतये'. છે શબ્દ? 'समयसारचेतये'નો અર્થ. 'चेतये चिंतयामी' ચિંતવું એટલે વિકલ્પ નહિ. 'ध्यानविषयकरोमिइति अर्थः समयसारं सम्यक्तिगच्छंतिइति निजगुणपर्याय समयसार' 'પરમઅધ્યાત્મ તરંગિણી.' સમજાય છે કાંઈ? આહાહા..!

જ્યાં નિજ સ્થળમાં આનંદધામ પડ્યું છે, અતીન્દ્રિય આનંદનું સ્થળ જ્યાં છે ત્યાં ધ્યાન કરને પ્રભુ! આહાહા..! એની સન્મુખ દેખ ને! વ્યવહાર આદિ ક્રિયામાં તો એનાથી વિમુખ છે. આહાહા..! આ વિકલ્પ હું આવો છું, એ પણ વિમુખ છે. સમજાય છે કાંઈ? માર્ગ બાપુ! બહુ ઝીણો. લોકોને તેથી એકદમ (લાગે છે કે) આ ક્યાંથી કાઢ્યું નવું? નવું નથી, ભગવાન! અનાદિનું તારું સ્વરૂપ જ એ છે. સમજાય છે કાંઈ ?

અહીં કહે છે, 'समयसारचेतये'. સમયસારની વ્યાખ્યા કરી. શુદ્ધ ચૈતન્ય. 'चेतये'ની વ્યાખ્યા કરી-અનુભવ કરવો. આહાહા..! ભગવાન આનંદનો નાથ, એનો નિર્વિકલ્પ અનુભવ કરવો એ સમ્યગ્દર્શન છે, એ સમ્યગ્જ્ઞાન છે, એ સ્વરૂપાચરણ છે, એ મોક્ષનો માર્ગ છે. એ સમ્યગ્દર્શન મોક્ષના માર્ગનો અવયવ છે. સમજાય છે કાંઈ? આવી ચીજ છે. અરે..! ભગવાન! તું પરનું દેખે છે. પરને જોઈ જોઈને તો તારો અનંત કાળ ગયો. તારો દેદાર તેં કદી જોયો નહિ, નાથ! આહાહા..! અંદર ચૈતન્ય ચિંતામણિ રત્ન (છે), જેની કથની સર્વજ્ઞના મુખમાં પણ પૂરી ન આવી. સમજાય છે કાંઈ? 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો'. જે સ્વરૂપ સર્વજ્ઞે જોયું એ વાણી દ્વારા પૂર્ણ ક્યાંથી આવે? આહા..! 'તે સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?' સર્વજ્ઞની વાણીમાં પણ એના નાથની વાણી પૂર્ણ ન આવી, તો અનેરા અલ્પજ્ઞાનીની વાણીમાં એ કેવી રીતે આવે? 'અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો'. એ તો અનુભવગમ્ય રહી વાત. આહાહા..! સમજાય છે કાંઈ? એ આ 'चेतये'. આહાહા..! શબ્દ થોડા, ભાવની ગંભીરતાનો પાર ન મળે. આહાહા..!

ભગવાન! તારા સંસારનો ઉચ્છેદ કરવામાં કારણ તો આ છે. આહા..! બાકી પરિભ્રમણ કરી કરીને.. (સોથા નીકળી ગયા) આહાહા..! નિગોદના શરીરમાં અનંત (ભવ કર્યા). આ જુઓને! હમણાં લીમડામાં ફૂલ પાકે છે ને? ફૂલ. કોર કહે છે ને? કોર-ફૂલ. ત્યાં રસોડે જઈએ તો ત્યાં પગથિયા ઉપર ફૂલ (પડ્યા હોય). આહાહા..! એ અનંત જીવ, હોં! અનંત ભગવાન અંદર પડ્યા છે. કોર કહે છે? ફૂલ... ફૂલ. નીમ કા ફૂલ. અમારે કોર કહે છે. આટલી એક કટકીમાં તો અસંખ્ય શરીર અને એક શરીરમાં અનંત જીવ.

મુમુક્ષુ :- એક જીવમાં અનંત શક્તિ.

ઉત્તર :- અને એક એક જીવમાં અનંત શક્તિ અને એક એક શક્તિનું અનંત સામર્થ્ય. આહાહા..! કાલે નહોતું કહ્યું? આપણે ચડ્યા ને આહાર વ્હોરવા વખતે. જુઓ આ! આહાહા..! ભગવત્‌સ્વરૂપ અંદર બિરાજે છે. ક્ષેત્ર મોટું ન હોય, એની સાથે કાંઈ સંબંધ નથી. અંગૂલના અસંખ્ય ભાગમાં અસંખ્ય શરીર અને એક એક શરીરમાં અનંત જીવ અને એક એક જીવમાં અનંત શક્તિ અને એક એક શક્તિનું અનંત સામર્થ્ય. આહાહા..! જીવને ભરોસે આવવું કઠણ. અને એ ભરોસો અંદરમાંથી સમ્યગ્દર્શનનો આવ્યા વિના કાર્યસિદ્ધિ નહિ થાય. આહાહા..! લાખ વાત કરે કે દાન ને પૂજા ને ભક્તિ ને મંદિર.. સમજાય છે કાંઈ? વાત તો (આ છે).

પહેલા જ ઉપાડ્યું, જુઓ! છેલ્લું પદ છે ને? 'चेतये समयसारमपारम्' છેલ્લું પદ છે ને કળશનું? એનો અર્થ પહેલા લીધો. 'समयसारम् चेतये' નાથ! તું તો અતીન્દ્રિય આનંદસ્વરૂપ છો ને, પ્રભુ! વિકલ્પ ઊઠે છે એ તો દુઃખરૂપ છે ને, નાથ! આહાહા..! એ દુઃખને છોડી દે. બહારમાં ક્યાંય તને મીઠાશ લાગતી હોય તો એ તો દુઃખ છે. પણ અંદરમાં વિકલ્પ ઊઠે છે એ દુઃખ છે. આહાહા..! સમજાય છે કાંઈ? પાંચ-પચીસ લાખ કે બે-પાંચ કરોડ પૈસા હોય, સ્ત્રી ઠીક હોય, શરીર સુંદર હોય, છોકરા છ-આઠ હોય, એક એક છોકરો બે-બે લાખ કમાતા

હોય. જાણે અમે શું! ધૂળેય નથી. મરી જઈશ, સાંભળને!

મુમુક્ષુ :- ફસાઈ ગયા એમાં ત્યારે શું થાય?

ઉત્તર :- ફસાઈ ગયા તો નીકળી શકે છે કે નહિ? 'ચીમનભાઈ' નથી આવ્યા, નહિ? 'ચીમન ઠાકરશી' નથી આવ્યા. એ તો એના બનેવી ઉપર કાલે વિચાર આવ્યો હતો. કાલે દર્શન કરવા આવ્યા હતા. આઠ તો છોકરા છે એને. પૈસા છે પચીસ-ત્રીસ લાખ કે ચાલીસ લાખ, એમ કાંઈક છે. પગે લાગવા આવ્યા હતા. 'મુંબઈ' જાવું છે. મારી નાખ્યા. એય..! ઓળખો છો ને? 'કેશુભાઈ' નહિ? 'ચીમન ઠાકરશી' ના બનેવી. પૈસા ઘણા લાખો છે. છોકરા આઠ-આઠ છે. રળે છે બધા, પણ પાછું અંદર જાય ત્યારે એને હખ આવે. ભારે ભાઈ! પોતાનો અનુભવ... એ.. 'ચીમનભાઈ'! સાંભળ્યું હોય ને. 'જેઠાભાઈ' છે કે નહિ તમારા? ક્યાં છે? એને પણ સાત છોકરા છે. સાત છે કે નહિ? ઈ ત્યાં રહેતા હતા ને એટલે કહ્યું હતું. ત્યાં રહેતા હતા એની સાથે સંબંધમાં. એને આઠ છે અને મારે સાત છે. આહાહા..!

મુમુક્ષુ :- આઠ-આઠ છોકરા છે, મજા છે-આનંદ છે.

ઉત્તર :- ધૂળમાંય નથી. બાપા! આહાહા..! એ તો બધા દુઃખના નિમિત્તો છે. એ દુઃખરૂપ નથી. દુઃખ ઉત્પન્ન કરે છે, 'આ મારા' એના એ નિમિત્ત છે. આહાહા..! મારો દીકરો ને મારી બાયડી.. આહાહા..! બાયડીવાળો ને છોકરાવાળો ને પૈસાવાળો. એક વાળો પગમાં નીકળે ત્યાં રાડ નાખે છે. રાડ નાખે. પીડા તે પીડા. આ કેટલા વાળા! બાયડીવાળો, પૈસાવાળો, મકાનવાળો, આબરૂવાળો, ધૂળવાળો. ધૂળ આ દાગીના-ઝવેરાત. ઝવેરાત હોય ને? પાંચ-પાંચ લાખની ઝવેરાત ઘરે હોય. દીકરા આઠ હોય. બધા પરણેલા હોય. એક એકને બે-બે લાખનો દાગીનો હોય. કપડાં હોય તો આહાહા..! શું છે પણ આ તને? આ ભૂતાવળ ક્યાંથી વળગી? પ્રભુ! તું વિકલ્પમાં આવે છે તો આકુળતા-દુઃખ છે, તો નાથ! આ બહારમાં.. આહાહા..! તારે ક્યાં જાવું છે? દુઃખના ડુંગરમાં તારે માથા ફોડવા છે. આહા..! આનંદનો નાથ પ્રભુ અંદર બિરાજે છે એના સમીપમાં જા ને! આહાહા..! 'મણિભાઈ'! આવી વાતું છે, બાપુ! અહીં તો.

મુમુક્ષુ :- અંદરનો નાથ દેખાતો નથી.

ઉત્તર :- દેખાતો નથી, એ જ દેખાય છે. દેખાતો નથી, કોણ કહે છે? કોણે કહ્યું ઈ? કોણે જાણ્યું? દેખાતો નથી, એવું જાણ્યું કોણે? દેખાતો નથી એવું જાણ્યું કોણે? એ જાણે છે, દેખે છે. આહાહા..! અહીં તો આ વસ્તુ છે. 'પાટણીજી'! આહાહા..! અરેરે..! ચોર્યાસીના અવતાર કરતાં કરતાં કદી વિસામો લીધો નહિ. વિસામાનું સ્થાન તો પ્રભુ અંદર છે. વિશ્રામ.. વિશ્રામ.. વિશ્રામ. અનુભવ એ વિશ્રામ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

એકવાર કહ્યું હતું. (સંવત) ૧૯૭૫ની સાલમાં. અમારું 'પાળિયાદ'માં ચોમાસુ હતું. અમે ત્યારે તો અપવાસ કરતા. આઠમ, પાખીના ચોવિહારા અપવાસ કરતા. ચોવિહારા એટલે પાણી નહિ, પાણી નહિ. જંગલ ગયા હતા એકવાર. બાર વાગે ભોજન કરીને બહાર (ગયા). અપવાસ કર્યો હતો. અને બીજે દિવસે બહાર નીકળ્યા તો ત્યાં ઉધઈ નીકળી. ઉધઈ નથી થતી? સૂક્ષ્મ જીવાંત. આ બેને લખ્યું નથી? અગ્નિને ઉધઈ ન હોય. એ ઉધઈ આમ બહાર

નજરે જોઈ હતી. નીકળી અને તડકો (હતો). સડસડાટ મરી ગઈ. એટલી સુંવાળી ઉધઈ. આહાહા..!

અહીં કહે છે કે, ભગવાન! એ રાગના વિકલ્પ બધા ઉધઈ સમાન છે. આહાહા..! એ ચૈતન્યમાં નથી, નાથ! તું આનંદનો નાથ પ્રભુ, એમાં આ ઉધઈ કેવી? આહાહા..! એને તો નાશ કરવાનો એનો સ્વભાવ છે. એ પણ વ્યવહાર છે. રાગનો નાશ કરવાનો સ્વભાવ કહેવો એ પણ વ્યવહાર છે. એ તો વીતરાગસ્વરૂપ છે એમાંથી નીકળ્યો છે ક્યાં કે રાગનો નાશ કરે. સમજાય છે કાંઈ? આવી વાત છે. મૂળની વાત તો આ છે. ઈ કહ્યું ને?

'**શુદ્ધ ચૈતન્યનો અનુભવ કરવો કાર્યસિદ્ધિ છે.**' ત્યાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપી કાર્યસિદ્ધિ થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? બાકી બધી વાતું છે. જગતમાં ફાલ્યું ફૂલ્યું બધું દેખાય. આહાહા..! ધાણી.. ધાણી હોય ને? જુવારની ધાણી આમ ફૂલેલી હોય. એમ આ બધું ફૂલેલું બહારનું ધાણી જેવું દેખાય. અંદર ભગવાન બિરાજે છે એને ખોલ ને. આહા..! એ કમળને ખીલવ. એમાં અનંતા આનંદ આદિ છે એની દૃષ્ટિ લગાવતાં એ ખીલી જાય છે. આહાહા..!

એ અહીં કહે છે, '**समयसारम् चेतये**' ભગવાન સંત મુનિ એમ પોકાર કરે છે, પ્રભુ! તું એકવાર આત્માને ચેત ને, નાથ! એને ધ્યાનનો વિષય બનાવને. આહાહા..! કદી તેં તારા દેદાર દેખ્યા નહિ, નાથ! રાગ ને પુણ્ય ને એના ફળ ને ધૂળના બધા દેદાર તેં દેખ્યા. આહાહા..! પણ અંદર ચૈતન્યનો દેદાર, વસ્તુનું સ્વરૂપ, એનો તેં કદી અનુભવ ન કર્યો. તો એ અનુભવ કર, પ્રભુ! તારી કાર્યસિદ્ધિ ત્યાં છે. સમજાય છે કાંઈ? બાકી બધી ધૂળધાણી. આટલા કાર્ય બહારમાં કર્યા ને... 'રતનલાલજી' આવ્યા છે. પૈસાવાળા બહુ છે. તમારા કરતાં એની પાસે પૈસા ઘણાં છે. સમજાય છે કાંઈ? એમાં શું થયું? પૈસા હોય તો શું થયું? પૈસા તો જડ છે, ધૂળ છે. અહીં તો વિકલ્પ ઊઠાવે છે એ જડ અચેતન છે. એમાં ચૈતન્ય ભગવાનનો અંશ આવ્યો નહિ. એ અચેતન છે માટે દુઃખરૂપ આકુળતા છે. હું શુદ્ધ છું, અભેદ અખંડ છું એવો વિકલ્પ ઉઠાવવો એ પણ અચેતન દુઃખરૂપ છે. આહાહા..!

મુમુક્ષુ :- વિકલ્પ અચેતન?

ઉત્તર :- અચેતન, જડ, અજીવ. પુદ્ગલના પરિણામ કહ્યા છે. પહેલા પરિણામ કહીને પછી પુદ્ગલ કહ્યા છે. ૭૫-૭૬ ગાથા, 'કર્તા-કર્મ અધિકાર'. પહેલાં પુદ્ગલના પરિણામ કહ્યા, પછી કહ્યું પુદ્ગલ છે. એ ભગવાનઆત્મા નહિ. આહાહા..! એ સમયસાર નહિ. અને '**चेतये**' સમયસારનું ચેતવું એમાં વિકલ્પ નથી. આહાહા..! આવી ચીજ છે, ભાઈ! પહેલા જ્ઞાનમાં નિર્ધાર તો એ કરે. મારે જ્યાં જાવું છે એ વિકલ્પરહિત ચીજ છે. સમજાય છે કાંઈ? એવો નિર્ધાર કરે તો અંતર્મુખનો પ્રયોગ કરશે, પણ નિર્ધારના ઠેકાણા ન હોય એ પ્રયોગ ક્યાંથી કરે? સમજાય છે કાંઈ?

'**चेतये**' 'अपारम्' '**અનાદિઅનંત છે.**' આત્મા 'अपारम्'. આહાહા..! અનાદિઅનંત પ્રભુ બિરાજે છે. આહાહા..! જેની આદિ નહિ, જેનો પાર નહિ, અંત નહિ. એવો આનંદકંદ નાથ, અનંત ગુણનો સાગર ભગવાન અનાદિઅનંત બિરાજે છે. આહાહા..! '**વળી કેવો છે?**'

'एकम्' '**શુદ્ધસ્વરૂપ છે.**' એકનો અર્થ કર્યો. એક એટલે શુદ્ધ. શુદ્ધસ્વરૂપ. આહાહા..! જેમાં પર્યાયનો પણ સમાવેશ નથી એવો શુદ્ધસ્વરૂપ ભગવાનઆત્મા છે. વિકલ્પનો તો અવકાશ છે જ નહિ, પણ પર્યાય પણ અંદર શુદ્ધસ્વરૂપમાં નથી. એ બહાર બહાર ઉપર ઉપર, શુદ્ધ સ્વરૂપની ઉપર પર્યાય અનિત્ય રહે છે. શુદ્ધપર્યાય પણ અનિત્ય છે. એ ઉપર ઉપર રહે છે. એ અંદર પેસતી નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

ફરીને, એ પહેલા આવી ગયું છે, પહેલા કળશમાં આવી ગયું છે. પર્યાય ઉપર ઉપર રહે છે, અંદર નથી પેસતી. ધ્રુવમાં એ કેવી રીતે પેસે? શુદ્ધ નિર્મળ પર્યાય, હોં! અનુભવપર્યાય. એ ધ્રુવની ઉપર તરે છે. અંદર પેસતી નથી. પર્યાય તો પરિણમન છે અને ધ્રુવ તો કૂટસ્થ એકરૂપ ચીજ છે. એમાં પ્રવેશ ક્યાંથી કરે? આહાહા..! 'પાટણીજી'! આવી વાતું છે. આહા..! એકવાર તો બધાનો અહંકાર ઊડી જાય એવું છે. ફડાક દઈને. આવી અમારી પેઢી ને અમે આવા વેપાર કરનારા. અરે..! ભગવાન! શું કરે છે તું? વિકલ્પ કરે તોપણ કર્તા થઈને મિથ્યાદૃષ્ટિ થાય છે. આહાહા..! મિથ્યા નામ અસત્ય દૃષ્ટિ છે.

હું શુદ્ધ ચૈતન્ય છું, એવો વિકલ્પ મારો એ પણ મિથ્યાત્વભાવ છે. આહાહા..! 'કર્તા-કર્મ અધિકાર' છે ને? આવશે. વિકલ્પ એ કર્મ અને વિકલ્પ એ કર્તા. એ શ્લોક આવશે. પાછળ આવશે. ૯૫. 'विकल्पकः परं कर्ता विकल्पः कर्म केवलम्।' છે? ૯૫..૯૫. વિકલ્પ એ જ કર્તા અને વિકલ્પ એ જ કર્મ. આહાહા..! અહીંયાં તો ચૈતન્ય ભગવાનમાં હું શુદ્ધ છું, અભેદ છું, અખંડ છું એવા વિકલ્પ ઉઠાવવા એ વિકલ્પ જ કર્તા અને વિકલ્પ જ કાર્ય છે. આત્મા કર્તા-ફર્તા નથી. વિકલ્પ કર્તા અને વિકલ્પ કર્મ. આહાહા..! છે? ૯૫. આહાહા..! 'न जातु कर्तृकर्मत्वं सविकल्पस्य नश्यति' સવિકલ્પવાળાને એ કર્તા-કર્મપણું જાતું નથી. આહાહા..! વિશેષ આવશે ત્યારે (લઈશું).

અહીં તો અત્યારે વિકલ્પ પોતે કર્તા અને વિકલ્પ કર્મ (છે). પર્યાયમાં વિકલ્પ જે છે એ ષટ્કારકના પરિણમનથી ઉત્પન્ન થયો છે. હું શુદ્ધ છું, અખંડ છું એવો વિકલ્પ પણ ષટ્કારકના પરિણમનથી વિકલ્પ કર્તા, વિકલ્પ કર્મ, વિકલ્પ અપાદાન, પોતાથી વિકલ્પ કરીને રાખ્યો અને વિકલ્પનો આધાર વિકલ્પ. આહાહા..!

મુમુક્ષુ :- એ જ્ઞાતાનું કાર્ય નહિ.

ઉત્તર :- બિલકુલ નહિ. ઝેર એ અમૃતનું કારણ થાય? એ તો ઝેર છે. લસણ ખાતા ખાતા કસ્તૂરીના ઓડકાર આવે? લસણ. એમ રાગ કરતાં કરતાં આનંદનો ઓડકાર આવે? આનંદનો અનુભવ થાય? આહાહા..! ઘણો માર્ગ (ઝીણો), બાપુ! પ્રભુ તારા પંથ, પ્રભુનો પંથ અને તારો પંથ એ કોઈ અલૌકિક છે. આહાહા..! તારી પ્રભુતાથી ભરેલો ભગવાન, એનો અનુભવ, એમાં વિકલ્પ એ દુઃખરૂપ છે. આહાહા..! એનો અનુભવ આનંદરૂપ છે, એનો અનુભવ આનંદરૂપ છે. આહાહા..! એક ભાવ પણ યથાર્થ સમજે બધા ભાવ ખ્યાલમાં આવી જાય. પણ એક ભાવ પણ યથાર્થ સમજે નહિ અને મોટા શાસ્ત્રના ભણતર (કરે). અગિયાર અંગ અને નવ પૂર્વ અનંતવાર ભણ્યો. આહાહા..! સમજાય છે કાંઈ ?

મુમુક્ષુ :- આપ તો અમારે પ્રેક્ટિકલ પ્રયોગ કઈ રીતે કરાય એ બતાવો.

ઉત્તર :- કઈ રીતે કરાય એ કહીએ છીએ ને. વિકલ્પને છોડીને અંદર અનુભવ કરવો એ કરવું. 'રતનલાલજી'! કઈ રીતે કરવું કહીએ છીએ કે નહિ?

મુમુક્ષુ :- એમ પૂછે છે કે આંખ બંધ કરીને કે ખોલીને...?

ઉત્તર :- આંખ બંધ કરવામાં શું આવ્યું? આંધળાને આંખો નથી તો બંધ જ છે. આંધળાને. એમાં શું થયું? અંદરમાં પર્યાયમાં વિકલ્પ કરવા બંધ કરી દે. આહાહા..! એટલે પછી લોકોને એવું લાગે છે ને કે આ એકલી નિશ્ચયની વાત કરે છે. પણ વ્યવહાર છે એ તો રાગ છે, દુઃખ છે, આકુળતા છે. એનાથી આત્માનો અનુભવ, સમ્યગ્દર્શન થાય છે? નહિતર એકાંત છે, એમ કહે છે. અત્યારે બધા એકાંત કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભાઈ! પ્રભુ! એકાંત છે, નાથ! એકસ્વરૂપી ભગવાન છે ત્યાં જવું એનું નામ એકાંત છે. જુઓ! એકની વ્યાખ્યા છે ને? એકનો અર્થ શું કર્યો? શુદ્ધસ્વરૂપ. આહાહા..! શુદ્ધસ્વરૂપ ત્રિકાળ અનાદિઅનંત એ જ એક છે, એ જ શુદ્ધસ્વરૂપ છે. સમજાય છે કાંઈ? આહાહા..! અરે..! આ ચીજ સાંભળવા મળે નહિ. એ બિચારા શું કરે? ક્યાં જાય?

નાથ અનાથ. 'સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી..' 'શ્રીમદ્' ૧૬ વર્ષે કહે છે. 'શ્રીમદ્ રાજચંદ્ર' બહુ સંસ્કારી જીવ થયા. આત્મજ્ઞાન અને અલ્પકાળમાં મુક્તિ. 'સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી' આહાહા..! સર્વજ્ઞસ્વભાવી આ ભગવાન. એ ધર્મ કે સર્વજ્ઞનો ધર્મ બધું એક જ છે. 'સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી, અનાથ એકાંત સનાથ થાશે,' અનાથ અનાદિનો પ્રાણી. આહા..! 'અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાહ્ય સ્હાશે.' એના વિના કોઈ તારો હાથ નહિ પકડે, નાથ! સમજાય છે કાંઈ? આહાહા..!

શ્વેતાંબરમાં એક 'અનાથિમુનિ'નો અધિકાર આવે છે. 'અનાથિમુનિ'નું એક અધ્યયન 'ઉત્તરાધ્યયન'માં છે. 'શ્રેણિક'રાજા આમ નીકળે છે. 'શ્રેણિક' રાજા બૌદ્ધધર્મી હતા. હાથી ને મોટું રાજપાટ. રાજાઓ ચામર ઢાળતા હતા. હાથી ઉપર નીકળ્યા. ત્યાં એ મુનિ ધ્યાનમાં બેઠા હતા. બબુલ-બાવળ નીચે. બબુલ કહે છે ને? બાવળ નીચે. અને સુંદર શરીર. મોટા શેઠિયાનો દીકરો. દીક્ષા લીધેલી. સુંદર શરીર આખું. સોનાના જેમ કળશ હોય એવું તો શરીર ચમકતું હતું. આમ બાવળની નીચે બેઠા હતા. 'શ્રેણિક' રાજા નીકળ્યા. નીચે ઉતર્યા. પ્રભુ! આપ અહીંયાં કેમ બેઠા છો? અહીંયા ન શોભે. આપ તો મારા રાજમાં આવો. આ તમારું સુંદર શરીર ક્યાં અને ક્યાં આ બાવળ નીચે બેઠા છો? તમે મારા રાજમાં આવો. તો મુનિ કહે છે, હે અનાથ શ્રેણિક! કોનો નાથ બનાવવા તું આવ્યો છો? મહારાજ! તમે મને ન ઓળખ્યો. હું રાજા છું, અનાથ નથી. મોટું રાજ છે, ઘરે હજારો રાણીઓ છે. સેંકડો રાજાઓ ચામર ઢાળે છે. હીરાના સિંહાસન ઉપર બેસું છું. અનાથ નથી, નાથ!

(મુનિરાજ કહે છે), રાજન્! તું અનાથ છો. તને કોઈ શરણ નથી. તું મારો નાથ થવા આવ્યો કે મારા રાજમાં આવો, નાથ થાઉં. તું અનાથ છો. '.. મહારાયા.' એ શાસ્ત્ર તો કંઠસ્થ છે. છ-સાત હજાર શ્લોક છે. અનાથ છો, મહારાજા! મને ઓળખ્યા નહિ. પણ તને કહ્યું

નહિ? અનાથ છો, મહારાજા. એમ કહ્યું હતું. ઓળખતા નથી? તારા શરીરના દેદાર દેખીએ છીએ કે આ રાજા છે. અનાથ છો, તને કોઈ શરણ નથી. નાથ! કેવું શરણ એ બતાવો, પ્રભુ! આપણે યશોધર મુનિમાં આવે છે. સર્પ નાખ્યો હતો. આમાં અનાથી મુનિની વાત આવે છે. બધું કલ્પિત બનાવ્યું છે ને. પછી ઉપદેશ આપ્યો ને સમ્યગ્દર્શન પામ્યા. આપણે યશોધરમાં આવે છે. ત્યાં સમ્યગ્દર્શન પામ્યા. 'શ્રેણિક' રાજા. હજારો રાણીઓ અને મોટું રાજ હતું. રાજ ઘરે રહ્યું, એના ઘરે રહી ગયું. આહાહા..! મારી ઋદ્ધિ સમૃદ્ધિનો હું રાજા છું. આ પરનો રાજા હું નહિ. સમ્યગ્દર્શન ત્યાં પ્રાપ્ત કર્યું. ભગવાનના સમવસરણમાં ગયા. ત્યાં તીર્થંકરગોત્ર બાંધ્યું. સમજાય છે કાંઈ? પહેલાં સાતમી નરકનું આયુષ્ય બંધાઈ ગયું હતું. મુનિને સર્પ નાખ્યો હતો ને? તો સમકિત પામ્યા ત્યાં નરકની ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિ થઈ ગઈ. આહાહા..! સ્થિતિ તોડી નાખી. નરકગતિ ન ફરે. ગતિની સ્થિતિ રસ ઘટાડી નાખ્યો. સાતમી નરકનું આયુષ્ય ચોર્યાસી હજાર વર્ષનું રહી ગયું. તીર્થંકરગોત્ર બાંધ્યું. છે નરકમાં. સમકિતી છે, ક્ષાયિક સમકિતી છે, આનંદમાં છે. જેટલો રાગ છે એટલું દુઃખ છે. સમજાય છે કાંઈ? આહાહા..! ત્યાંથી નીકળીને તીર્થંકર ત્રણલોકના નાથ, સો ઈન્દ્રના પૂજનિક તીર્થંકર નરકમાંથી નીકળીને થશે. એ સમ્યગ્દર્શન અનાથના નાથને હાથ આવી ગયું અંદરથી. આહાહા..! 'શ્રેણિક' રાજા અત્યારે તો ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિમાં છે. ૨૫૦૦ વર્ષ ગયા. હજી સાડી એક્યાશી હજાર વર્ષ બાકી છે. ત્યાંથી નીકળીને તીર્થંકર થશે. એ બધો સમકિતનો અનુભવનો પ્રતાપ છે.

'શીલપાહુડ'માં તો કહ્યું છે, કે નરકમાં પણ સમકિતીને શીલ છે. એવો પાઠ છે. 'શીલપાહુડ'. 'અષ્ટપાહુડ' છે ને? શીલપાહુડમાં એમ છે કે નરકમાં પણ સમકિતીને શીલ છે. શીલનો અર્થ પોતાનો અનુભવ છે અને અનંતાનુબંધીનો અભાવ થયો, એ એની પાસે શીલ છે. એવો પાઠ છે. ત્યાંથી નીકળીને તીર્થંકર થશે. આ શીલના પ્રતાપથી. આહાહા..! ક્યાં અહીંયાં બાદશાહની પેઠે મોટા બંગલામાં રાજાઓ બિરાજે અને ક્યાં એ અત્યારે દુઃખી છે. ત્યાંથી નીકળીને મોટા તીર્થંકર (થશે). ઈન્દ્રો જેના તળિયા ચાટે. આહાહા..! એ બધો પ્રતાપ આત્માના અનુભવનો છે. સમજાય છે કાંઈ? સમકિતનો પ્રતાપ છે. એમાં રાગ આવ્યો તો તીર્થંકરગોત્ર બંધાયું. પણ એને પણ હેય માનતા હતા. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીંયા કહે છે, એક છે. શુદ્ધસ્વરૂપ (છે). **'શા વડે શુદ્ધસ્વરૂપ છે?'** **'चित्स्वभावभरभावितभावाभाव-भावपरमार्थतया एकम्'** **'चित्स्वभाव'** જ્ઞાનસ્વભાવ. ભગવાન તો જ્ઞાનસ્વરૂપી પ્રભુ ચૈતન્યસૂર્ય. જ્ઞાનનો સૂર્ય છે. જ્ઞાનનો નૂરના તેજનો સૂર્ય છે. જ્ઞાનનો સૂર્ય છે. આ પ્રકાશના પરમાણુ એ તો જડ સૂર્ય છે. આ જ્ઞાનસૂર્ય પ્રભુ અંદર (છે). આમાં તો હજાર કિરણ છે, આમાં અનંત કિરણ છે. અનંત શક્તિ (છે). આહાહા..! એવો ભગવાન ચૈતન્યસૂર્ય અંદર બિરાજે છે. કહે છે, **'જ્ઞાનગુણ તેનો...'** **'भर'** અતિશય અર્થ ગ્રહણ વ્યાપાર તેના વડે વિશેષતા. પદાર્થને જાણવાની શક્તિવાળું જ્ઞાન છે. પદાર્થને ઉત્પન્ન કરવો કે નાશ કરવો, એમ નહિ પણ પદાર્થને જાણવો એવી એની શક્તિ છે. છે? એના દ્વારા સધાય છે. શું? ભાવ ઉત્પાદ થાય છે, વિનાશ થાય છે. નવી પર્યાય ઉત્પન્ન થાય છે, જૂની પર્યાયનો

વ્યય થાય છે અને ધ્રુવ છે. **'એવા ત્રણ ભેદ તેમના વડે...'** ત્રણ ભેદ છે.

'परमार्थतया एकम्' છે. 'परमार्थतया' **'સાધ્યું છે એક અસ્તિત્વ જેનું.'** એકરૂપ ચૈતન્યનું સાધન કર્યું. સાધન કરવાથી નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય છે, પૂર્વપર્યાયનો વ્યય થાય છે અને સ્વરૂપની દૃષ્ટિ છે. આહાહા..! કહે છે કે સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થઈ, પૂર્વપર્યાયનો વ્યય થયો અને એ પર્યાયે સાધન શું કર્યું? કે ધ્રુવનું. આહાહા..! સમજાય છે કાંઈ? આકરી વાતું, બાપુ! આહાહા..! આખા જન્મ-મરણનો અંત લાવવો એ કંઈ સાધારણ વાત છે? આહાહા..!

સમ્યગ્દર્શન અને સમ્યગ્દર્શનનો વિષય અલૌકિક વાતું છે, ભાઈ! એ વાત મૂકીને બધી વાત કરે કે વ્રત કરો ને અપવાસ કરો ને તપસ્યા કરો ને ધૂળ કરો. આહા..! ભાઈ! એમાં તારા જન્મ-મરણના અંત નહિ આવે. આહાહા..! જન્મ-મરણના અંત તો આ. ધ્રુવ ઉપર પોતાની દૃષ્ટિ હોવાથી સમ્યગ્દર્શન આદિનો ઉત્પાદ થાય છે અને પૂર્વપર્યાયનો વ્યય થાય છે અને ધ્રુવ છે તે ધ્યેય છે. છે ત્રણરૂપ, છતાં દૃષ્ટિમાં એકરૂપ છે. ઉત્પાદ-વ્યયની દૃષ્ટિમાં ધ્રુવ એકરૂપ છે. સમજાય છે કાંઈ? આ તો 'કળશટીકા' છે. એમાં વળી 'રાજમલજી'એ ટીકા કરી છે. આહાહા..!

**'એક અસ્તિત્વ જેનું. શું કરીને?'** 'समस्तां बन्धपद्धतिम् अपास्य' **'જેટલી અસંખ્યાત લોકપ્રમાણ ભેદરૂપ છે જ્ઞાનાવરણાદિ કર્મબંધરચના...'** એનો તો નાશ કરી નાખે છે. અનુભવશક્તિ આઠ કર્મના બંધનો નાશ કરી નાખે છે. આહાહા..! સમજાય છે કાંઈ? જેમાં કર્મ તો નથી, રાગ નથી પણ ઉત્પાદ-વ્યયની પર્યાય જેમાં-ધ્રુવમાં નથી. એ ધ્રુવનું ધ્યાન કરવાથી ઉત્પાદ-વ્યય જે થયા છે, નિર્મળ ઉત્પાદ-વ્યયની વાત છે, એ આઠ કર્મનો નાશ કરી નાખે છે. આહાહા..! સમજાય છે કાંઈ? નવાને એવું લાગે, આ તો એકલી નિશ્ચયની વાતું કરે છે. પણ અમારે કરવું શું? જાત્રા કરવી, ભક્તિ કરવી, પૂજા કરવી, વ્રત પાળવા, અપવાસ કરવા એ તો કાંઈ આવતું નથી.

મુમુક્ષુ :- આવી ગયું. એના કર્મ બંધાય એ તો આવી ગયું.

ઉત્તર :- એ તો આવી ગયું ને. આહાહા..! જ્ઞાનીને હોય છે, પણ એ બંધનું કારણ છે. ધર્મીને પણ વીતરાગતા જ્યાં સુધી ન થાય, ત્યાં સુધી એ શુભભાવ આવે છે, પણ છે બંધનું કારણ. આહાહા..!

કહે છે, 'समस्तां बन्धपद्धतिम् अपास्य' 'अपास्य' એટલે નાશ કરે છે. 'अपास्य' એટલે મમત્વ છોડીને નાશ કરે છે. મૂળ તો. જ્ઞાનાવરણી બંધનું મમત્વ છોડીને. એટલે જે પરિણામ આઠ કર્મ બંધાય છે એની મમતા સમકિતીને હોય નહિ. એ ચીજ મારી નહિ. આહાહા..! શું કહે છે? પોતાના શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતાં ધર્મીને જે બંધના પરિણામ અંદર થાય છે, પણ એની મમતા નથી. એ મારા છે, એવી માન્યતા નથી. એ શુભભાવ આવે છે પણ મારા છે, એવી માન્યતા નથી. આહાહા..! સમજાય છે કાંઈ? 'समस्तां बन्धपद्धतिम्' **'મમત્વ છોડીને...'** જોયું? નાશ કર્યો, એમ નથી લીધું. 'अपास्य' એટલે મમત્વ છોડીને, એવો અર્થ લીધો છે.

'**ભાવાર્થ આમ છે કે-શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં જેમ નયવિકલ્પો મટે છે...**' શું કહે છે? જે શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરતાં, હું શુદ્ધ છું ને અખંડ છું, એવા વિકલ્પો છૂટી જાય છે તો એવા કર્મબંધ પણ છૂટી જાય છે. એમ કહે છે. વિકલ્પ ભાવ છૂટે છે તો દ્રવ્યકર્મનો બંધ પણ છૂટી જાય છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? આવું ઝીણું લાગે માણસને. પણ કરવું શું? શેઠ કહે ને, કરવું શું? કરવું આ-અંદરમાં જાવું. આહાહા..! જ્યાં ભગવાન ત્યાં જવું. પામરતા છે ત્યાંથી ખસી જવું. વિકલ્પ છે એ પામર ભિખારો છે. દુઃખ, દુઃખની દશાથી ખસવું અને પોતાના સ્વરૂપમાં આવવું, એ કાર્યસિદ્ધિ છે. આવ્યું ને? પહેલા આવ્યું ઈ તો. પહેલી લીટીમાં આવ્યું-કાર્યસિદ્ધિ.

'**જેમ નયવિકલ્પો મટે છે તેમ સમસ્ત કર્મના ઉદયે...**' થનારા. જોયું? જેટલા ભાવ છે. વિકલ્પ તો મટે છે પણ કર્મના નિમિત્તે જેટલા બીજા ભાવ છે '**તે પણ અવશ્ય મટે છે એવો સ્વભાવ છે.**' રાગ થાય છે પણ એ મારો નથી, એ તો નાશ થઈ જાય છે. એવો આત્માનો-સમયસારનો 'चेतये'-અનુભવ કરતાં આ કાર્યસિદ્ધિ થઈ. વિકલ્પ મટે છે તો કર્મબંધ પણ મટી જાય છે. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

(શાર્દૂલવિક્રીડિત)

आक्रामन्नविकल्पभावमचलं पक्षैर्नयानां विना
सारो यः समयस्य भाति निभृतैरास्वाद्यमानः स्वयम्।
विज्ञानैकरसः स एष भगवान्पुण्यः पुराणः पुमान्
ज्ञानं दर्शनमप्ययं किमथवा यत्किञ्चनैकोऽप्ययम्।।४८-९३।।

ખંડાન્વય સહિત અર્થ :- 'यः समयस्य सारः भाति' ( यः ) જે ( समयस्य सारः ) શુદ્ધસ્વરૂપ આત્મા ( भाति ) પોતાના શુદ્ધ સ્વરૂપે પરિણમે છે. જે રીતે પરિણમે છે તે કહે છે 'नयानां पक्षैः विना अचलं अविकल्पभावम् आक्रामन्' ( नयानां ) દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક એવા જે અનેક વિકલ્પો તેમનો ( पक्षैः विना ) પક્ષપાત કર્યા વિના, ( अचलं ) ત્રણે કાળ એકરૂપ છે એવી ( अविकल्पभावम् ) નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યવસ્તુ તે-રૂપ ( आक्रामन् ) જે રીતે શુદ્ધસ્વરૂપ છે તે રીતે પરિણમતો થકો. ભાવાર્થ આમ છે કે-જેટલા નય છે તેટલા શ્રુતજ્ઞાનરૂપ છે; શ્રુતજ્ઞાન પરોક્ષ છે, અનુભવ પ્રત્યક્ષ છે; તેથી શ્રુતજ્ઞાન વિના જે જ્ઞાન છે તે પ્રત્યક્ષ અનુભવે છે. તેથી પ્રત્યક્ષપણે અનુભવતો થકો જે કોઈ શુદ્ધસ્વરૂપઆત્મા 'सः विज्ञानैकरसः' તે જ જ્ઞાનપુંજ વસ્તુ છે એમ કહેવાય છે, 'सः भगवान्' તે જ પરબ્રહ્મ પરમેશ્વર એમ કહેવાય છે, 'एषः पुण्यः' તે જ પવિત્ર પદાર્થ એમ પણ કહેવાય છે, 'एषः पुराणः' તે જ અનાદિનિધન વસ્તુ એમ પણ કહેવાય છે, 'एषः पुमान्' તે જ અનંત ગુણે બિરાજમાન પુરુષ એમ પણ કહેવાય છે, 'अयं ज्ञानं दर्शनम् अपि' તે જ સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન એમ પણ

કહેવાય છે. 'अथवा किम्' બહુ શું કહીએ? 'अयं एकः यत् किञ्चन अपि' ( अयं एकः) આ જે છે શુદ્ધચૈતન્યવસ્તુની પ્રાપ્તિ ( यत् किञ्चन अपि ) તેને જે કાંઈ કહીએ તે જ છે, જેવી પણ કહેવામાં આવે તેવી જ છે. ભાવાર્થ આમ છે કે-શુદ્ધચૈતન્યમાત્રવસ્તુપ્રકાશ નિર્વિકલ્પ એકરૂપ છે, તેનાં નામનો મહિમા કરવામાં આવે તો અનન્ત નામ કહીએ તેટલાં પણ ઘટે, વસ્તુ તો એકરૂપ છે. કેવો છે તે શુદ્ધસ્વરૂપ આત્મા? 'निभृतैः स्वयं आस्वाद्यमानः' નિશ્ચલ જ્ઞાનીપુરુષો વડે પોતે સ્વયં અનુભવશીલ છે. ૪૮-૯૩.

---

## શ્રાવણ વદ ૧૨, શુક્રવાર, તા.૯-૯-૧૯૭૭
## કળશ - ૯૩, પ્રવચન - ૯૦

'કળશટીકા', 'કર્તા-કર્મ અધિકાર'. ૯૩.

आक्रामन्नविकल्पभावमचलं पक्षैर्नयानां विना
सारो यः समयस्य भाति निभृतैरास्वाद्यमानः स्वयम्।
विज्ञानैकरसः स एष भगवान्पुण्यः पुराणः पुमान्
ज्ञानं दर्शनमप्ययं किमथवा यत्किञ्चनैकोऽप्ययम्।।४८-९३।।

શું કહે છે? **'यः समयस्य सारः भाति'** સમયસાર નામ શુદ્ધ સ્વરૂપ, ત્રિકાળી શુદ્ધ સ્વરૂપ, ધ્રુવ સ્વરૂપ, દ્રવ્ય સ્વરૂપ. એને અહીંયાં શુદ્ધ સ્વરૂપ કહેવામાં આવ્યું છે. સમયસારની વ્યાખ્યા. એક સમયની વિકારી પર્યાયથી પણ ભિન્ન અને નયવિકલ્પથી પણ ભિન્ન. આહાહા..! એ ચીજને અહીંયાં શુદ્ધ સ્વરૂપ અથવા સમયસાર કહે છે. એ સમયસાર **'પોતાના શુદ્ધ સ્વરૂપે પરિણમે છે.'** 'भाति' 'भाति'ની વ્યાખ્યા ઈ. પોતાના શુદ્ધ સ્વરૂપે શોભે છે. છે?

ભગવાન શુદ્ધ સ્વરૂપ પોતાની પર્યાયમાં શુદ્ધપણે શોભે છે. અર્થાત્ શુદ્ધ સ્વરૂપે પરિણમે છે, એવી ભાષા લીધી છે. 'भाति' ભગવાન દ્રવ્ય શુદ્ધ જે ત્રિકાળી છે, એ વર્તમાનમાં શુદ્ધરૂપે પરિણમે છે, એ શુદ્ધની 'भाति' નામ શોભા છે. આહાહા..! નયના વિકલ્પમાં રહેવું એ એની શોભા નથી, એમ કહે છે. આહા..! આવી વાત છે. સમજાય છે કાંઈ? આહાહા..! એ **'પોતાના શુદ્ધ સ્વરૂપે પરિણમે છે.'** 'भाति'ની વ્યાખ્યા કરી. ભગવાન ત્રિકાળી આનંદસ્વરૂપ પ્રભુ, એ આનંદસ્વરૂપે પરિણમે છે એ એની શોભા અને 'भाति'-પ્રસિદ્ધ થયું. આહાહા..! શુદ્ધ સ્વરૂપ નયના વિકલ્પથી રહિત.. આહાહા..! પંચમહાવ્રત, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, એ તો ક્યાંય દૂર રહ્યા. અહીંયાં તો હું શુદ્ધ અખંડ અભેદ (છું), એવા શ્રુતજ્ઞાનના નયના ભેદરૂપ વિકલ્પ, આહાહા..! એનાથી આ આત્મા શોભતો નથી. સમજાય છે કાંઈ? એમાં તો આત્માને કલંક છે. આહાહા..! હું શુદ્ધ છું, અખંડ એકરૂપ

છું એવો વિકલ્પ એ પણ આત્માને કલંક છે. આત્માની અશોભા છે. 'ધન્નાલાલજી'! આહાહા..! આવી વાત છે, ભાઈ!

તેથી એમ કહ્યું કે, '**શુદ્ધ સ્વરૂપે પરિણમે છે.**' વસ્તુ જેવી શુદ્ધ છે એવા નયના વિકલ્પથી ખસીને-દૂર થઈને પોતાના શુદ્ધ સ્વરૂપે પરિણમે એનું નામ મોક્ષનો માર્ગ છે. આહાહા..! એ પરિણમે છે એ મોક્ષનો માર્ગ છે. શુદ્ધ તો ત્રિકાળી છે. આહાહા..! ભગવાન આનંદનો પિંડ પ્રભુ, આનંદદળ, ચિદ્દ્ઘન, ચિદ્રૂપો અહં એ તો ત્રિકાળી છે. પણ એને પ્રતીતમાં, અનુભવમાં લેવો એ એનું પરિણમન છે. આહાહા..! શું? શેઠ! મોડા આવો છો એટલે નજર ગઈ. કીધું, થોડા મોડા આવે છે. અમારા આ શેઠ તો વહેલા આવે છે. ઈ વળી પાછળથી આવે. દિવસે પણ પાછળથી આવે અને અહીં પણ પાછળથી આવે. એટલે નજર ગઈ. આ છે કે નહિ? આવ્યા કે નહિ? આહાહા..! ગજબ વાત છે, ભાઈ!

તારી ચીજની પ્રાપ્તિ માટે, નાથ! વિકલ્પનો પણ આધાર નથી. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો આધાર નહિ, દેવ-ગુરુ-શાસ્ત્રનો આધાર નહિ, પણ એ શ્રુતજ્ઞાનના ભેદરૂપ જે વિકલ્પ છે, હું આવો શુદ્ધ છું, અખંડ છું, એવા પક્ષપાતમાં રહેવું એ પણ તારી શોભા નહિ. આહાહા..!

મુમુક્ષુ :- બંધમાર્ગ છે.

ઉત્તર :- બંધમાર્ગમાં રહેવું એ શોભા નહિ, નાથ! આહાહા..! આવી વાત હવે લોકોને કઠણ પડે. શું થાય?

મુમુક્ષુ :- ધર્મમાં પણ પક્ષપાત ચાલે છે.

ઉત્તર :- ચાલે છે ઊંધાઈમાં. શેઠ! ઊંધાઈમાં ચાલે છે ને. જે સત્ય છે એ તો સત્ય જ છે. આહાહા..! ધર્મને નામે પક્ષપાત ચાલે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

ભાઈ! તું કોણ છો? તારી વસ્તુની પ્રાપ્તિ કરવા માટે પ્રભુ! તારે વિકલ્પનો, નયનો, રાગનો વિકલ્પનો પણ આધાર લેવો નથી પડતો. આહાહા..! એ તો ત્રિકાળી આનંદકંદ છે, પ્રભુ! કહ્યું ને? '**જે રીતે પરિણમે છે તે કહે છે...**' '**नयानां पक्षैः विना अचलं अविकल्पभावम् आक्रामन्**' આહાહા..! ગજબ કામ કરે છે ને! આચાર્યો દિગંબર સંતોએ રામબાણ માર્યા છે. રામનું બાણ ન ફરે, એમ આના વાચ્ય ભાવ ફરે નહિ. આહાહા..! ટૂંકા શબ્દોમાં તો ગંભીરતાનો પાર નહિ.

કહે છે કે કેવી રીતે પરિણમ્યો? વર્તમાન દશામાં શુદ્ધરૂપે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે પરિણમ્યો, અવસ્થા થઈ એ એની શોભા કઈ રીતે પરિણમી? આહાહા..! '**नयानां पक्षैः विना अचलं अविकल्पभावम् आक्रामन्**' '**દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક એવા જે અનેક વિકલ્પો**' જુઓ! પર્યાયાર્થિકમાં હું અનેક છું ને ભેદરૂપ છું ને અશુદ્ધ છું, એ તો પર્યાયાર્થિકનયનો વિષય (થયો). એ તો છોડી દીધો. પણ દ્રવ્યાર્થિકનયનું દ્રવ્ય સ્વરૂપ ભગવાન, એના જે વિકલ્પ છે એનાથી પણ પાર. આહાહા..! '**દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક એવા જે અનેક વિકલ્પો...**' રાગ, '**તેમનો પક્ષપાત કર્યા વિના,...**' એના પક્ષપાતમાં રોકાયા વિના. આહાહા..! અંતરમાં

ભગવાન આનંદસ્વરૂપ છે, એ નયના પક્ષને ઓળંગીને અંદરમાં પ્રવેશ કરે છે ત્યારે નયના પક્ષનો આધાર નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- જેને ઉલ્લંઘવું છે એનો આધાર કેવો?

ઉત્તર :- જેને છૂટો કરવો છે, ભિન્ન કરવો છે, એનો આધાર? એ તો ઘણીવાર કહીએ છીએ, આ વ્યવહાર રત્નત્રય સાધક છે અને નિશ્ચય સાધ્ય છે, તો પ્રભુ! જેને ભિન્ન કરવા છે એ સાધક કઈ રીતે થાય? પંડિતજી! આહાહા..! ભાઈ! એ રાગ વ્યવહારરત્નત્રય છે એને સાધક કહ્યું છે, એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા કહ્યું છે. બાકી જેને ભિન્ન કરવા છે એ સાધક કઈ રીતે થાય? 'જિનેશ્વરદાસજી'! આહાહા..! સમજાય છે કાંઈ?

'नयानां पक्षैः विना अचलं अविकल्पभावम् आक्रामन्' અસ્તિ-નાસ્તિ બેય કહ્યું. શું કહ્યું? નયનો '**પક્ષપાત કર્યા વિના...**' એ નાસ્તિથી વાત થઈ. નયના પક્ષરહિત. હવે 'अचलं' '**ત્રણે કાળ એકરૂપ છે એવી નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યવસ્તુ...**' આહાહા..! સમજાય છે કાંઈ? આ તો શાંતિથી સમજવાની વસ્તુ છે. આ કોઈ વિદ્વત્તાની વસ્તુ નથી. સમજાય છે કાંઈ? 'સમયસાર' (૧૫૬ ગાથા)માં કહ્યું ને? 'વિદ્વજજનો ભૂતાર્થ ત્યજી વ્યવહારમાં વર્તન કરે' એ વિદ્વાન નહિ. આહાહા..! 'વિદ્વજજનો ભૂતાર્થ..' ભૂતાર્થ આ. કોણ? ત્રિકાળી એકરૂપ છે એવી નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યવસ્તુ. આ ભૂતાર્થ. સમજાય છે કાંઈ? એ સત્યાર્થ પ્રભુ, સત્ય સાહેબો, ત્રિકાળી સત્ય સાહેબ. 'કબીર'માં સાહેબ બહુ કહે છે. આ સાહેબ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

નિર્વિકલ્પ.. છે? ત્રિકાળી એકરૂપ છે. ભેદ નથી '**એવી નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યવસ્તુ તે-રૂપ...**' 'आक्रामन्' '**જે રીતે શુદ્ધસ્વરૂપ છે તે રીતે પરિણમતો થકો.**' 'आक्रामन्'નો અર્થ પરિણમતો થકો. પણ જેવો શુદ્ધ ત્રિકાળી છે એવો જ શુદ્ધરૂપે પરિણમતો થકો. સમજાય છે કાંઈ? આહાહા..! આંગણામાં ભગવાન પધાર્યા. પર્યાયમાં ભગવાન પધાર્યા. આહાહા..! આહાહા..! પોતાના પરિણમનમાં પ્રભુ પધાર્યા. 'ઉપયોગભૂમિ પાવન કરવા પધારજો...' એક 'ભાઈચંદજી' થઈ ગયા છે એણે (કહ્યું છે). એક 'ભાઈચંદજી' કરીને સ્થાનકવાસી હતા. પછી દિગંબર થઈ ગયા, સંપ્રદાય છોડી દીધો હતો. લીંબડી સંપ્રદાયમાં (હતા). એમણે આ બનાવ્યું હતું. 'ઉપયોગભૂમિ પાવન કરવા પધારજો.' મારી ઉપયોગભૂમિ વિકલ્પ વિનાની, ત્યાં પ્રભુ! પધારજો, આવજો. આત્મા, હોં! આહાહા..! સમજાય છે કાંઈ? વાત, બાપુ! ધર્મ બહુ સૂક્ષ્મ છે અને એના ફળ પણ અનંત આનંદ અને અનંત દુઃખનો અંત (છે). જેનું પરિણમન શુદ્ધ સ્વરૂપ જેવું છે એવું વીતરાગી શુદ્ધ પરિણમન થવું એનું ફળ અનંત આનંદ અને અનંત દુઃખનો અંત છે. આહાહા..! નાસ્તિથી અનંત દુઃખનો અંત અને અસ્તિથી અનંત આનંદની પ્રાપ્તિ. આહાહા..! એનો ઉપાય તો અલૌકિક હોય ને, ભાઈ! સમજાય છે કાંઈ?

'શાંતિનાથ' ભગવાન જ્યારે દીક્ષિત થાય છે, પુરાણમાં આવે છે, ત્યારે ૯૬ હજાર સ્ત્રી પાછળ.. અને આ ચક્રવર્તી, કામદેવ, તીર્થંકર ત્રણ તો પદવી. 'શાંતિનાથ' ચક્રવર્તી હતા, તીર્થંકર હતા અને કામદેવ હતા. એના જેવું સુંદર રૂપ (કોઈનું ન હોય). ૯૬ હજાર સ્ત્રીને

ખબર પડી કે દીક્ષિત થાય છે. પાછળ આવીને જંટિયા તાણે છે. ભગવાન કહે છે, હે સ્ત્રીઓ! હું તમારી પાસે રહ્યો હતો એ તમારે કારણે નહિ. મારી રાગની આસક્તિ હતી તેથી રહ્યો હતો. માતા! મારો રાગ હવે મરી ગયો છે. એ કહ્યું હતું ને?

'પીંગળા'નું એકવાર નહોતું કહ્યું? 'ભર્તૃહરિ' જ્યારે દીક્ષિત થાય છે. 'ભર્તૃહરિ' રાજા એ તો અન્યમતિ છે. એ દીક્ષા લ્યે છે. જ્યારે રાણી 'પીંગળા' એવી નીકળી. અમે તો નાટક જોયું છે ને. પીંગળારાણી એક વેશ્યા પાસે કોઈ અમરફળ લાવ્યું હતું. હશે કોઈ ઊંચું. એ રાજાને દીધું. રાજાએ પોતાની રાણી પીંગળાને આપ્યું. બહુ પ્રેમી ને. એ રાણીએ અશ્વપાળ એક ઘોડાનો પાળનાર હતો, એને દીધું. અશ્વપાળે વેશ્યાને દીધું. વેશ્યાએ 'ભર્તૃહરિ'ને આપ્યું. અરે..! આ શું થયું? મારી પાસે હતું. મેં રાણીને આપ્યું હતું. આ ક્યાંથી આવ્યું? પત્તો લાગ્યો કે અશ્વપાળ એનો પતિ છે. અશ્વપાળ વ્યભિચારી. આહાહા..! 'દેખ્યા નહિ કુછ સાર, જગત મેં દેખ્યા નહિ કુછ સાર. રાણી મારી પ્યારી પીંગળા અશ્વપાળકુ યાર.' નાટકમાં આવતું. આહાહા..! મારે તો બીજું કહેવું હતું.

જ્યારે દીક્ષિત થાય છે ત્યારે એના ગુરુ કહે છે, જાઓ! રાણી પાસેથી આહાર લાવો. મહારાજ! રાણી પાસે જાઓ અને આહાર લાવો. ગુરુએ (કહ્યું). એ વખતે 'ભર્તૃહરિ' રાજાનો ગુરુ પણ કેવો હશે? રાજા, ૯૨ લાખ માળવાનો અધિપતિ. વિક્રમ સંવત જે નીકળ્યો એનો ભાઈ. આ વિક્રમ સંવત (ચાલે છે ઈ). એના ગુરુ પણ મોટા હશે ને. એ જાતના પુણ્યમાં. ધર્મ તો ક્યાં હતો. સમજ્યા? એણે 'ભર્તૃહરિ'ને હુકમ કર્યો. લાવો આહાર, જાઓ રાણી પાસે. પ્રભુ! રાણી તો શોકમાં-દુઃખમાં છે. જાઓ, ત્યાં જા. 'ભીક્ષા રે દેને મૈયા પીંગળા' 'ભર્તૃહરિ' જાય છે. હે માતા! રાણી કહે છે, મને માતા ન કહો, પ્રભુ! મને આ શોક છે. મારી વાત બહાર પડી ગઈ. આપ દીક્ષિત થાઓ છો. 'ભીક્ષા દે ને મૈયા પીંગળા'. હે માતા! મને ભીક્ષા દે. આહાહા..! ૯૨ લાખ માળવાનો અધિપતિ રાજા પત્નીને માતા કહે છે. આ તો માતા શબ્દ આવ્યો ને. આહાહા..! ત્યારે રાણી કહે છે, પ્રભુ! હું તો આ શોકમાં છું. મેં કાંઈ બનાવ્યું નથી. 'ખીર રે બનાવું ક્ષણ એકમાં જમતા જાઓ જોગીરાજજી...' પ્રભુ! મારી પાસે રોટલી આજે નથી. ક્ષણમાં ખીર બનાવી દઉં, ખીર. દૂધ.. દૂધ હોય ને? દૂધ અને ચોખાની. 'ક્ષણ એકમાં બનાવું ખીર'. ખીર બનાવું ક્ષણ એકમાં. 'જમતા જાઓ જોગીરાજજી...' માતા! મને ગુરુની આજ્ઞા રહેવાની નથી. હું તો જાઉં છું. ભોજન વિના મારી જમાત ચાલી જાય છે અને મારે જાવું તેની સાથમાં. આહાહા..! એ વૈરાગ્ય કેવો! પણ સમ્યગ્દર્શન વિનાનો, હોં! સમજાય છે કાંઈ? આહાહા..!

અહીં 'શાંતિનાથ' જ્યારે દીક્ષા લ્યે છે, ૯૬ હજાર રાણી. એની એક રાણી તો હજાર દેવ જેની સેવા કરે. આહાહા..! પ્રભુ! તમે જાઓ છો, અમને મહાદુઃખ થાય છે. સ્ત્રીઓ! હું તમારે કારણે નહોતો રહ્યો. મને રાગની આસક્તિ હતી. રાગ મારું સ્વરૂપ મારું નહિ, એમ હું જાણતો હતો. રાગનો સ્વામી નથી. પણ રાગ આવતો હતો. તેથી હું તમારી પાસે અટક્યો હતો, રોકાયો હતો. માતા! એ રાગ મારો મરી ગયો છે. હવે એ રાગને જીવતો કરનારી સ્ત્રીઓ નથી. સમજાય છે કાંઈ?

એમ અહીંયાં વિકલ્પનો રાગ અંદર અનુભવમાં જતાં મરી જાય છે. બાદશાહનો-ભગવાનનો જ્યાં ભેટો થાય છે... આહાહા..! સમજાય છે કાંઈ? ભગવાન આનંદસ્વરૂપ.. એ કહે છે, જુઓ! શું કહ્યું? 'नयानां पक्षैः विना' પક્ષ કર્યા વિના, એમ છે ને? આહાહા..! હું શુદ્ધ ને અભેદ છું, એવો વિકલ્પ પણ ત્યાં કલંક અને વિઘ્ન કરનાર છે. આહાહા..! સમજાય છે કાંઈ? તો કહે છે, કેવી ચીજમાં હું જાઉં છું? ત્યાંથી-પક્ષમાંથી તો હું છૂટું છું. 'अचलं' ત્રિકાળી એકરૂપ. અચલની વ્યાખ્યા કરી. ચળે નહિ. ત્રિકાળી આનંદનો નાથ મારો પ્રભુ અચળ છે, અંદર બિરાજમાન છે એની પાસે હું જાઉં છું. આહાહા..! 'માંગીલાલજી'! આવી વાતું છે, બાપુ! આહાહા..!

નયનો પક્ષ છોડીને પણ.. ભાઈ! આહાહા..! હવે અહીં તો હજી તકરાર (કરે કે) સમકિત પામે ને અનુભવ થાય એ વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા કરવાથી થાય. અરે..! પ્રભુ! એ વસ્તુની સ્થિતિ નથી, નાથ! તને તારી ખબર નથી. આહાહા..! તું તો પ્રભુ! અંદર અચળ છો ને! કદી ચળે નહિ એવી ત્રિકાળી ધ્રુવ ચીજ છે. આહાહા..! એક આવ્યું? અચળ.

બીજું, 'अविकल्पभावम्' એ ભગવાન તો નિર્વિકલ્પ ભાવસ્વરૂપ છે. આહાહા..! છે? એ તો '**નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યવસ્તુ...**' છે. આહા..! 'आक्रामन्' આહાહા..! અચળ, નિર્વિકલ્પ ચીજને 'आक्रामन्' પરિણમતો થકો. અચળ, નિર્વિકલ્પપણે પરિણમતો થકો. 'आक्रामन्' નો અર્થ પરિણમતો થકો છે. પણ આ પછી ખુલાસો કર્યો, '**જે રીતે શુદ્ધસ્વરૂપ છે તે રીતે પરિણમતો થકો.**' ખુલાસો કર્યો. મૂળ તો 'आक्रामन्' (એટલે) પરિણમતો થકો. પણ કેવો પરિણમતો થકો? જેવી શુદ્ધ વસ્તુ છે તે રીતે પરિણમતો થકો. આહાહા..! સંતોએ જંગલમાં રહીને.. આહા..! સિદ્ધ સાથે વાતું કરી છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો' ઈ અચળમાં ઈ. અચળ એક અવિકલ્પમ્ સિદ્ધ સમાન સદા મારું ત્રિકાળી સ્વરૂપ છે. શક્તિએ હોં! પર્યાયે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- પરિણમતો થકો એટલે અંદર ઝુકતો થકો?

ઉત્તર :- ઝુકતો થકો. પરિણમતો થકો એટલે જેવું શુદ્ધ સ્વરૂપ છે એ રીતે વર્તમાનમાં પરિણમતો થકો.

મુમુક્ષુ :- 'દીપચંદજી'એ લખ્યું છે, .. થકો.

ઉત્તર :- હા, ઈ તો ભાષા ભિન્ન ભિન્ન. પરિણમતો થકો, શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરતો થકો, આનંદનો સ્વાદ લેતો કહો, એ અનેક પ્રકારે ભાષા છે.

મુમુક્ષુ :- ભગવાનને પર્યાયમાં બોલાવ્યા.

ઉત્તર :- હા, પર્યાયમાં ભગવાન આવ્યા. જે પર્યાયમાં રાગ આવતો હતો, એના સ્થાને ભગવાન પર્યાયમાં આવ્યા. આહાહા..! સમજાય છે કાંઈ? શુદ્ધઉપયોગરૂપી પર્યાયમાં શુદ્ધ આત્માનું સ્થાપન થયું. આહાહા..! એ બીજી ગાથામાં આવે છે ને? 'સમયસાર'. 'जीवो चरित्तदंसणणाणठिदो' જીવ દર્શન, જ્ઞાન, ચારિત્રમાં આવે છે, સ્થિર થાય છે. જ્ઞાન, દર્શન જીવમાં સ્થિર થાય છે એમ નહિ લેતા, આમ લીધું છે. 'સમયસાર', બીજી ગાથા. 'जीवो

चरित्तदंसणणाणठिदो' ભગવાનઆત્મા પોતાના નિર્મળ દર્શન, જ્ઞાન, ચારિત્રમાં આવે છે, સ્થિર થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભાઈ! આ વીતરાગમાર્ગ છે, પ્રભુ! બહુ અલૌકિક માર્ગ છે આ. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે કે, **नयानां पक्षैः विना નયના પક્ષ વિના.** અચળ નિર્વિકલ્પને, જેવી નિર્વિકલ્પ અને અચળ વસ્તુ શુદ્ધ છે એ રીતે પરિણમતો થકો. '**आक्रामन्**' કરતો થકો. આહાહા..! ભાષા તો સાદી છે. જરી વસ્તુ તો ઝીણી છે ઈ છે. આહાહા..! (મુમુક્ષુ :- અદ્‌ભૂત વાત છે.) આવી વાતું છે, ભાઈ! આહાહા..! સમ્યગ્દર્શન પ્રાપ્ત કરતો થકો, એમ કહે છે. સમજાય છે કાંઈ? '**आक्रामन्**' કરતો. અચળ નિર્વિકલ્પ ભગવાનઆત્માને સમ્યગ્દર્શનમાં પ્રાપ્ત કરતો થકો. સમજાય છે કાંઈ?

'**ભાવાર્થ આમ છે કે જેટલા નય છે...**' જરી ખ્યાલ રાખજો. જરી જુદી જાત આવે છે. '**જેટલા નય છે તેટલા શ્રુતજ્ઞાનરૂપ છે;...**' શું કહે છે? અહીં પરોક્ષ સિદ્ધ કરવું છે ને? શ્રુતજ્ઞાનને પરોક્ષ સિદ્ધ કરવું છે અને અનુભવને પ્રત્યક્ષ સિદ્ધ કરવો છે. નહિતર ભાવશ્રુતજ્ઞાન જે અંદર છે એ તો પ્રત્યક્ષ જ છે. પણ અહીંયાં શ્રુતજ્ઞાન નયવાળું લેવું છે. શ્રુતજ્ઞાનથી આત્મા પરોક્ષ છે અને અહીંયાં તો અનુભવમાં પ્રત્યક્ષ લેવો છે. તો શ્રુતજ્ઞાનના નયના વિકલ્પની ત્યાં કોઈ અપેક્ષા નથી. આહાહા..!

મુમુક્ષુ :- અનુભવ મતિજ્ઞાનમાં થાય છે?

ઉત્તર :- મતિ-શ્રુત બેયમાં (થાય છે). પણ ઈ શ્રુત ક્યુ? પ્રત્યક્ષ. આ વિકલ્પવાળું શ્રુત જે પરોક્ષ છે ઈ નહિ. બે-ત્રણ ઠેકાણે લીધું છે. આ ન્યાય લીધો છે, બીજામાં આવ્યું છે, એક ૧૯ ગાથામાં છે. ત્રીજે ઠેકાણે છે. ગુજરાતી (પુસ્તકમાં) લખ્યું છે. કેટલામું છે આ? ૯૩. બે ઠેકાણે આ શ્રુતની વાત છે. શ્લોક-૧૯ અને ૧૨૪. બે ઠેકાણે અહીંયાં વાત છે. ૧૯ અને ૧૨૪. જુઓ! ૧૯. ભાવાર્થની પાંચમી લીટી છે. ૧૯ શ્લોકની પાંચમી લીટી-પંક્તિ.

'**ભાવાર્થ આમ છે કે શ્રુતજ્ઞાનથી આત્મસ્વરૂપ વિચારતાં ઘણા વિકલ્પો ઊપજે છે;...**' આમ લીધું છે. '**શ્રુતજ્ઞાનથી આત્મસ્વરૂપ વિચારતાં ઘણા વિકલ્પો ઊપજે છે; એક પક્ષથી વિચારતાં આત્મા અનેકરૂપ છે. બીજા પક્ષથી વિચારતાં આત્મા અભેદરૂપ છે..**' એ શ્રુતજ્ઞાન આમ લીધું છે. પક્ષવાળું. ભાવશ્રુતજ્ઞાન અંદર વેદનવાળું નહિ. ૧૨૪માં છે.

'**ભાવશ્રુતજ્ઞાન વડે પ્રત્યક્ષપણે અવલંબે છે.**' પહેલા ઈ લેવું. નયવિકલ્પવાળું શ્રુત છે એ પરોક્ષ છે એમ લેવું છે. અને અંદર ભાવશ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ છે. અહીંયાં પ્રત્યક્ષમાં પરોક્ષ શ્રુતજ્ઞાનનો અભાવ બતાવવો છે. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- અનુભવવાળું પ્રત્યક્ષ, નયવાળું પરોક્ષ.

ઉત્તર :- હા. એ. નયવાળું પરોક્ષ.

'**ભાવાર્થ આમ છે કે જેટલા નય છે...**' આહાહા..! '**તેટલા શ્રુતજ્ઞાનરૂપ છે;...**' ભાષા એમ લીધી છે, જુઓ! નહિતર નય છે એ શ્રુતજ્ઞાનનો ભેદ છે. શ્રુતજ્ઞાન પ્રમાણ છે એ અવયવી છે અને નય છે એ અવયવ છે. સમજાય છે કાંઈ? અને નય અવયવ છે. પણ

અહીંયાં વિકલ્પવાળી નય લેવી છે. નહિતર નિશ્ચયનય નિર્વિકલ્પ પણ છે અને સવિકલ્પ પણ છે. પ્રમાણ પણ વિકલ્પ સહિત છે અને નિર્વિકલ્પ છે. બે પ્રકાર છે. પ્રમાણ-નય બે પ્રકારના છે. 'નયચક્ર' માં છે. સમજાય છે કાંઈ? 'નયચક્ર'માં લીધું છે. અહીંયાં વિકલ્પવાળું કહીને નયના વિકલ્પ છોડાવે છે. કેમકે શ્રુતમાં વિકલ્પમાં પરોક્ષ રહે છે અને વસ્તુનો અનુભવ પ્રત્યક્ષ છે. ત્યાં પરોક્ષનો અભાવ થઈ જાય છે. સૂક્ષ્મ છે, ભાઈ! આહાહા..!

ભગવાનના દરબારમાં જાવું, એના માટે કેટલી તૈયારી જોઈએ! આહાહા..! અહીં પરમાત્મા અંદર સાક્ષાત્ પ્રભુ બિરાજે છે. અનંત ચૈતન્યરત્નથી ભરેલો ભગવાનનો નયના વિકલ્પથી પત્તો નથી લાગતો. એમાં નહિ જઈ શકે. આહાહા..! **'અનુભવ પ્રત્યક્ષ છે;..'** આવ્યું? **'જેટલા નય છે તેટલા શ્રુતજ્ઞાનરૂપ છે; શ્રુતજ્ઞાન પરોક્ષ છે,...'** આ અપેક્ષાએ, હોં! પેલું ભાવશ્રુત છે એ તો અંદરમાં છે, એ ૧૨૪માં લઈ લીધું. **'અનુભવ પ્રત્યક્ષ છે; તેથી શ્રુતજ્ઞાન વિના જે જ્ઞાન છે...'** શ્રુતજ્ઞાન વિનાનો અર્થ-નયવિકલ્પવાળું પરોક્ષ શ્રુતજ્ઞાન વિનાનું જ્ઞાન. આહાહા..!

મુમુક્ષુ :- શ્રુતજ્ઞાન વિનાનું જ્ઞાન અર્થાત્...

ઉત્તર :- પ્રત્યક્ષ બતાવવું છે.

**'જે જ્ઞાન છે તે પ્રત્યક્ષ અનુભવે છે.'** જોયું? શ્રુતજ્ઞાન વિના જે જ્ઞાન છે એ શ્રુતજ્ઞાન પરોક્ષ નયવાળું લીધું. તેને છોડીને પ્રત્યક્ષ અનુભવે છે. આહાહા..! સમ્યગ્દર્શનની ઉત્પત્તિના કાળમાં ભાવશ્રુત જે પ્રત્યક્ષ છે તેના વડે અનુભવ થાય છે. આ વિકલ્પવાળું શ્રુત છે એ પરોક્ષ છે, એમ કહે છે. આહાહા..! બીજી રીતે કહો તો શાસ્ત્રનું જ્ઞાન ઘણું હોય અને વિકલ્પવાળું હોય કે આ આમ છે ને તેમ છે, એ દ્વારા અનુભવ થતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, પ્રભુ!

તારી પ્રભુતાની મહિમા શું કહે? આહાહા..! તારી પ્રભુતા એક શક્તિમાં પ્રભુતા છે. તો એ શક્તિએ સર્વ શક્તિમાં પ્રભુતા આપી છે. રૂપ.. રૂપ. સમજાય છે કાંઈ? તારી એક શક્તિમાં પ્રભુતા છે. પ્રભુ. તો સર્વ શક્તિમાં પ્રભુતાનું રૂપ આવ્યું છે. આહાહા..! એવી અનંત શક્તિ પ્રભુતાથી ભરેલી છે, ભગવાન! સમજાય છે કાંઈ? આકરું લાગે લોકોને એવું (લાગે), દયા, દાન, વ્રતને ધર્મ નથી કહેતા. નરક, નિગોદમાં જશે, એમ કોઈએ લખ્યું છે. અરે..! પ્રભુ! આહાહા..! ભાઈ! એને એ બેઠું છે ને. બીજું. એ જાણે કે આ શુભભાવ નહિ રહે. એનાથી તો મોક્ષમાર્ગ છે. નહિ કરે તો પાપ કરશે. માટે શુભભાવ કરવા.

મુમુક્ષુ :- સાંભળવાનો તો ભાવ નથી.

ઉત્તર :- ભાવ નથી, વાત સાચી. ભાઈ! આ તો સર્વજ્ઞ વીતરાગ ત્રિલોકનાથની દિવ્યધ્વનિનો સાર છે. આહાહા..! તારી ચીજ પ્રાપ્ત કરવામાં વ્રત, તપ, ભક્તિનો ભાવનો આધાર તો નથી પણ હું શુદ્ધ ને અભેદ અખંડાનંદ ચૈતન્યરત્ન છું, એવો વિકલ્પનો પક્ષ પણ ત્યાં આધારભૂત નથી. એમાં તારા આનંદનું ભોજન નહિ મળે. વિકલ્પના પક્ષમાં દુઃખનું ભોજન મળે છે. અને શ્રુતજ્ઞાન પરોક્ષના વિકલ્પને છોડી અનુભવ પ્રત્યક્ષ થાય છે ત્યાં આનંદનું ભોજન છે. ભોક્તા કહો, ભોજન કહો. અજ્ઞાનમાં રાગનો ભોક્તા હતો. આહાહા..!

પોતાનું પરોક્ષપણું છોડી... આહાહા..! સીધો ભગવાનને ભેટે છે, અનુભવમાં સીધો પરમાત્માને પ્રત્યક્ષ કરે છે.

'**તેથી પ્રત્યક્ષપણે અનુભવતો થકો જે કોઈ શુદ્ધસ્વરૂપઆત્મા...**' 'સઃ **विज्ञानैकरसः**' આહાહા..! જેના અનુભવમાં તો વિજ્ઞાન એક રસ છે. છે? શું? ૯૩ શ્લોક છે ને? ૯૩. આપણે ચાલે છે તે. ઓલા તો આધાર બતાવ્યા હતા. કર્તા-કર્મનો ૯૩. સમજાય છે કાંઈ? શું કહ્યું? જુઓ! '**પ્રત્યક્ષપણે અનુભવતો થકો જે કોઈ શુદ્ધસ્વરૂપઆત્મા...**' 'સઃ **विज्ञानैकरसः**'. ત્યારે છે કેવો? વિકલ્પના પરોક્ષપણાથી ભિન્ન છે તો છે કેવો? જેમાં વિજ્ઞાન એકરસ છે. વિજ્ઞાન એક આનંદ ને વિજ્ઞાન એક સુખ ને વિજ્ઞાન એક અનાકુળ આનંદનો કંદ છે. એની પર્યાયમાં આનંદનો અનુભવ આવે છે, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાત એટલે આકરી પડે ને? વ્યવહારથી થતું નથી એમ લાગે તો લોકો બિચારા.. અત્યારે તો મોક્ષ નથી માટે વ્યવહાર કરો, એનાથી પુણ્ય બંધાશે.

મુમુક્ષુ :- લાખો કોસ દૂર છે.

ઉત્તર :- ઘણા દૂર છે, ઘણા દૂર છે. આહાહા..! ભાઈ! તારી સમીપ જાવું એમાં નયપક્ષનો પણ જ્યાં આધાર નથી, ત્યાં વ્રત ને તપ ને ભક્તિના સ્થૂળ શુભભાવ એ તો, આ તો સૂક્ષ્મ જરી, છે તો એ પણ સ્થૂળ, એ સ્થૂળ કરતાં આ જરી અંદરમાં અભેદ, વિજ્ઞાન આનંદકંદ છું, એવા વિકલ્પને પણ સ્થૂળ શુભઉપયોગ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? કાંઈ નહિ, એ તો આવે છે. સૂર્યનો તડકો હોય ને માથે (આવે છે). આહાહા..! એમ ભગવાનના આનંદના કિરણો અંદરમાં ફાટે, કહે છે. ત્યારે એને મુખ ઉપર આવે. મુખ-પર્યાયમાં (આવે). સમજાય છે કાંઈ? ઝીણી વાત તો છે, પ્રભુ!

ચાલતી વાતથી બહુ ફેર છે એટલે નિશ્ચયાભાસ જેવું લાગે. જ્ઞાનીને આવું હોવા છતાં વચ્ચે વ્યવહાર આવે છે. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી અનુભવ હોવા છતાં દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ, જાત્રાનો ભાવ આવે છે. પણ હેયબુદ્ધિએ આવે છે. આહાહા..! હેય છે તો કરો છો કેમ? અરે..! પ્રભુ! આવ્યા વિના રહે નહિ. જ્યાં સુધી વીતરાગદશા પૂર્ણ ન થાય ત્યાં સુધી વચ્ચે વ્યવહાર આવે છે, પણ મમતા ન કરવી. સમજાય છે કાંઈ? એ વ્યવહાર મને લાભદાયક છે એમ દૃષ્ટિ ન કરવી. આહાહા..! આવો માર્ગ છે.

'સઃ **विज्ञानैकरसः**' નયના વિકલ્પનો પક્ષપાત છૂટતાં શું થાય છે? કહે છે. જેની પર્યાયમાં એકલા વિજ્ઞાનરસનો આનંદનો જ સ્વાદ આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? વિજ્ઞાન એક પાછું, એકરસ, ભેદ નહિ. આહાહા..! જ્ઞાનની પર્યાય પણ પાંચ ભેદરૂપ છે એ નહિ. અહીં તો એકરૂપ વિજ્ઞાન છે એનો રસ પર્યાયમાં છે, એમ કહે છે. 'હુકમચંદજી'! આવી વાત છે. મેળ ન ખાય એટલે પછી શું થાય? આહાહા..! એકવાર આઠ દિ', પંદર દિ' મધ્યસ્થ થઈને સાંભળે ને તો ખ્યાલ આવે કે ભાઈ! આ શું ચીજ છે? આ કોઈ અદ્ધરની ઉઠેલી વાત નથી. આહાહા..!

કહે છે, સમ્યગ્દર્શન થવા કાળે નયનો પક્ષ છૂટી જાય છે અને વિજ્ઞાન એકરસ

અનુભવમાં આવે છે. આહાહા..! હજી એને તો સમ્યગ્દર્શન કહીએ. સમજાય છે કાંઈ? આવી વાત છે. **'તે જ જ્ઞાનપુંજ વસ્તુ છે એમ કહેવાય છે,...'** **'विज्ञानैकरसः'**નો અર્થ કર્યો. **'તે જ જ્ઞાનપુંજ...'** એકલો જ્ઞાનનો પુંજ છે, ઢગલો છે. આહાહા..! ભર છે, ભર. ભર શબ્દ આવ્યો હતો આપણે. બહારમાં લોકો નથી કહેતા? ગાડાં ભરે ત્યારે ભર ભરે કહેવાય. ઘાસના ગાડા ભરે ને? ભર ભર્યો કહેવાય, ભર. મોટું ઠેઠ સુધી. આખુ ગાડું ઊંચું. એમ આ ભર છે. છે? **'તે જ જ્ઞાનપુંજ વસ્તુ છે એમ કહેવાય છે,...'**

**'सः भगवान्'** એને ભગવાન કહે છે. આહાહા..! અનુભવમાં જ્યારે ભગવાન આવ્યો તો અનુભવને ભગવાન કહે છે. આહાહા..! ભગવાન પોતાની પર્યાયમાં પધાર્યા. દ્રવ્ય અને ગુણમાં તો હતા. આહાહા..! હજી એના જ્ઞાનમાં નિર્ણયના ઠેકાણા નહિ, એ વિજ્ઞાનરસમાં ક્યારે જશે? સમજાય છે કાંઈ? **'सः भगवान्'** **'તે જ પરબ્રહ્મ પરમેશ્વર એમ કહેવાય છે,...'** આહાહા..! નયના પક્ષને છોડી ભગવાન વિજ્ઞાનરસ જ્ઞાનપુંજનું વેદન (થવું) એને પરમાત્મા કહે છે. વસ્તુ પરમાત્મા છે તો પર્યાયમાં પણ પરમાત્મા કહેવાય છે, એમ કહે છે. આહાહા..! એને પરમબ્રહ્મ કહે છે. છે? તેને **'પરમેશ્વર એમ કહેવાય છે.'** આહાહા..!

**'एषः पुण्यः'** જુઓ! પુણ્ય શબ્દમાં પવિત્રતા આવ્યું છે. અહીં પુણ્ય શબ્દમાં પવિત્રતા આવ્યું છે. પુણ્ય એટલે પેલું પુણ્ય નહિ. પાઠ પુણ્ય છે. **'एषः पुण्यः'** પુણ્ય એટલે પવિત્ર. શુદ્ધ સ્વરૂપનો અનુભવ એ ભગવાન પરમબ્રહ્મ એ પવિત્રતા. પુણ્યનો અર્થ પવિત્રતા છે. પેલું પુણ્ય નહિ. 'પુનાતિ ઈતિ પુણ્યઃ.' પવિત્ર કરે તે પુણ્ય. આહાહા..! એ અર્થ પેલામાં લઈ જાય છે કે પુણ્ય છે 'પુનાતિ ઈતિ પુણ્યઃ.' એમ નથી, ભાઈ! એ પુણ્ય તો ઝેર છે. એ પુનાતિ નહિ-પવિત્ર નહિ, અપવિત્ર છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ આત્માના આનંદનો લુંટારો છે. આ તો આનંદસ્વરૂપ પુણ્ય પવિત્ર છે. આહાહા..! અરે..! ભાઈ! ઘણું ધીરું (થવું) પડશે એણે. ધીરું થવું પડશે. ઈ કહેશે. પેલામાં કહેશે, નિભ્રત.. નિભ્રત છે ને? નિભ્રત આવ્યું છે? નિભ્રત ક્યાંક આવશે. એમાં છે? હા, ઈ. ઘણી વાર કહીએ છીએ. વારંવાર. નિભ્રત. નિશ્ચિંત પુરુષોનું આ કામ છે. નિભ્રત નિશ્ચિંત પુરુષોનું કામ છે, ભાઈ! આહાહા..! વિકલ્પની જાળમાં રોકાવાથી પત્તો નહિ ખાય, નાથ! એ નિર્વિકલ્પ ચીજ છે. સમજાય છે કાંઈ? આહાહા..! નિભ્રત. નિભ્રત છેલ્લો શબ્દ છે ને? **'निभृतैः स्वयं आस्वाद्यमानः'** એ નિભ્રતનો અર્થ **'નિશ્ચલ જ્ઞાનીપુરુષો'** ચળ્યા વિના, વિકલ્પ વિના. એવા ધર્માત્માને એ નિભ્રત સ્વયં આસ્વાદ્યમાન છે. એ છેલ્લો શબ્દ છે. આસ્વાદ્યમાનનો એક અર્થ એવો પણ કર્યો છે કે સ્વયં અનુભવ થાય છે અને સંસ્કૃતમાં એમ લીધું છે, આસ્વાદ્યમાન ધ્યાન વિષય કુરુ. કાલે બીજું બતાવ્યું હતું. એ બીજે ઠેકાણેથી બતાવ્યું હતું. આ આમાં છે, આ શ્લોકમાં. બે-ચાર ઠેકાણે છે. વિષયકુરુ. એ બીજે ઠેકાણેથી બતાવ્યું હતું, હોં! પહેલા બતાવ્યું હતું ને? એ બીજે ઠેકાણે.

**'आस्वाद्यमानः'** છે ને? **'आस्वाद्यमानः'** છેલ્લો શબ્દ છે ને? **'ध्यानविषयक्रियमाणः'** **'ध्यानविषयकुरु'** હતું. **'ध्यानविषयक्रियमाणः'** પોતાની પર્યાયમાં ધ્યાનનો વિષય બનાવીને અનુભવ કરે છે, એમ કહે છે. ટીકાકારે બહુ... આ અમારે શબ્દના પ્રોફેસર છે ને? એમાં

લખ્યું છે. મેં પ્રશ્ન કર્યો હતો. બીજો પણ આવશે. 'विकल्पकः' શબ્દ છે ને? ૯૫. એ કરવાવાળો. પણ વિકલ્પ કરવાવાળા દ્રવ્ય-ગુણ ન લેવા. એમ મારે તો અહીં છે. 'कः' છે ને? ભાઈ! કરવાવાળા (નહિ). દ્રવ્ય ને ગુણ તો શુદ્ધ છે. પર્યાયમાં કરવાવાળો. પર્યાય જ કર્તા અને પર્યાય કર્મ છે. 'विकल्पकः' શબ્દ છે ને? એ સંસ્કૃતના પ્રોફેસર.. 'विकल्पकः' 'कः' અધ્યાહાર લઈ લીધો. વિકલ્પકર્તા છે, બસ! દ્રવ્ય-ગુણ નહિ. એ જરી સૂક્ષ્મ ચીજ છે. અમે તો એક એક શબ્દ ઉપર વિચાર કર્યા છે ને.

ખરેખર તો વિકલ્પ જ કર્તા અને વિકલ્પ જ કર્મ છે. દ્રવ્ય-ગુણ વિકલ્પના કર્તા છે એમ વસ્તુમાં છે જ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! સમજાય એટલું સમજો, પ્રભુ! આ તો માર્ગ વીતરાગનો... આહાહા..! અલૌકિક માર્ગ છે. લૌકિકથી પાર છે. વ્યવહારનયને 'દ્રવ્યસંગ્રહ'માં લૌકિક કહ્યું છે. લૌકિક. આહાહા..! કથનમાત્ર. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા ને વ્રત, નિયમ એ બધા વ્યવહારનયના કથનમાત્ર છે. સમજાય છે કાંઈ? એમાં કહ્યું હતું ને? હમણાં બતાવ્યું હતું ને? વ્યવહારનું. પાંચમો શ્લોક. વ્યવહારનયનો અર્થ જેટલા કથન, બસ! પાંચમો શ્લોક. વ્યવહારનય છે ને? પાંચમો શ્લોક. પહેલો શબ્દ. પહેલી લીટી. વ્યવહારનય જેટલા કથન. બસ! વ્યવહારનયની વ્યાખ્યા આટલી-કથન. 'નિયમસાર'માં આવ્યું છે ને? વ્યવહારરત્નત્રય કથનમાત્ર છે. એવું અનંતવાર કર્યું છે. 'નિયમસાર'માં છે. આ શબ્દ-વ્યવહારરત્નત્રય કથનમાત્ર છે, એ તો અનંતવાર કર્યું છે. આહાહા..! 'ધન્નાલાલજી'! એ 'નિયમસાર'માં છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રત, શાસ્ત્રનું જ્ઞાન એ વ્યવહાર. એ તો કથનમાત્ર વ્યવહાર છે, એમ કહે છે. એ તો અનંતવાર કર્યું છે. 'નિયમસાર'માં છે. પણ એનાથી પાર ભગવાનઆત્મા વિકલ્પથી ભિન્ન (છે). આહાહા..! સમજાય છે કાંઈ? ભાષા તો સાદી છે, પ્રભુ! છે તો બહુ સૂક્ષ્મ, પણ સમજાય એવી વાત છે. ન સમજાય એવી વાત નથી. આહાહા..!

અહીં એ કહ્યું, એ પુણ્ય છે. **'પવિત્ર પદાર્થ એમ પણ કહેવાય છે,...'** જુઓ! કોને? પોતાના શુદ્ધ નિર્વિકલ્પ અચળ સ્વરૂપનો અનુભવ, એને પુણ્ય પણ કહે છે. પુણ્ય શબ્દે પવિત્રતા. પુણ્ય એટલે જે વ્યવહારરત્નત્રયનો રાગ, એ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! અને બીજામાં આવે છે. ભાઈ કહે છે ઈ. પુનાતિ ઈતિ પુણ્યઃ. પવિત્ર કરે. પણ ઈ આ. આ પુણ્ય. સમજાય છે કાંઈ? **'પવિત્ર પદાર્થ એમ પણ કહેવાય છે,...'** આહાહા..! વિજ્ઞાન એકરસ ત્રિકાળી છે એને પણ પવિત્ર કહો અને એની પરિણતિને પણ પુણ્ય-પવિત્ર કહો. વસ્તુ ભગવાનસ્વરૂપ છે તો એના પરિણમનને પણ ભગવાન કહો. વસ્તુ પવિત્રસ્વરૂપ છે, તો પર્યાયને પણ પવિત્ર-પુણ્ય કહો. આહાહા..! સમજાય છે કાંઈ? અરે..! વીતરાગ ત્રિલોકનાથનો ધર્મ, બાપુ! ચૈતન્યભગવાન એનો ધર્મ, એ કોઈ સાધારણ ચીજ (નથી). અત્યારે તો લોકોએ બહુ સાધારણ કરી નાખી. એક દયા પાળે તો ધર્મ થઈ ગયો, દયા પાળે એ ભગવાનનો ધર્મ. ભગવાને દયાનો ધર્મ કીધો છે. દયા તો આત્માનો સ્વભાવ છે, એમ વળી કહે છે. 'ધવલ'માં આવે છે. પણ એ દયા તો અરાગી દયાની વાત છે. 'ધવલ'માં આવે છે. સમજાય છે કાંઈ? દયા અકષાય ભાવ છે. એની દયા કહે છે. પરની દયા તો રાગ છે, એ તો હિંસા છે. બહુ ફેર.

'एषः पुराणः' એને પુરાણપુરુષ કહીએ. જે અનાદિઅનંત વસ્તુ છે ને? **'અનાદિનિધન વસ્તુ એમ પણ કહેવાય છે,...'** જેનો અનુભવ થયો એ ચીજને પુરાણપુરુષ પણ કહે છે. ત્રિકાળી પુરાણ. પુરાણ નામ એ જૂની ચીજ છે. સમજ્યા?

મુમુક્ષુ :- પર્યાય..

ઉત્તર :- અહીંયાં તો ત્રિકાળી લીધો છે. પછી પર્યાયને પણ (કહો). એ અનાદિની પવિત્ર વસ્તુ છે. વસ્તુની અપેક્ષા લઈને. અન્યમતિમાં એક કહે છે. અન્યમતિમાં એક ભજન છે. અમે તો પહેલા બહુ વાંચ્યું છે ને! 'જૂનો ધર્મ લ્યો જાણી મારા સંતો, જૂનો ધર્મ લ્યો જાણી રે.. જી. જૂનો ધર્મ..' જૂનો સમજો છો? પુરાણો. અહીં પુરાણ આવ્યું ને? 'જૂનો ધર્મ લ્યો...' જૂનો અનાદિઅનંત ભગવાન. 'જૂનો ધર્મ લ્યો જાણી મારા સંતો, જૂનો ધર્મ લ્યો જાણી.' આહાહા..! અનાદિઅનંત ભગવાન જૂનો. અનાદિ પુરાણપુરુષ આવ્યું ને? પુરાણ કહ્યું ને? પુરાણ કહો કે જૂનું તત્ત્વ અનાદિઅનંત જૂનું (કહો). એના અનુભવને પણ એ શબ્દ લાગુ પડે છે. આહાહા..! **'અનાદિનિધન વસ્તુ એમ પણ કહેવાય છે,...'**

'एषः पुमान्' એને પુરુષ કહીએ. આહાહા..! આત્માને પુરુષ કહીએ. છે? 'एषः पुमान्' **'તે જ અનંત ગુણે બિરાજમાન પુરુષ એમ પણ કહેવાય છે,...'** એ પુરુષ છે. આ બહારના શરીર પુરુષ ને સ્ત્રીના (શરીર) તો હાડકા, માંસ તો જડના છે. આહાહા..! સમજાય છે કાંઈ? અનંતગુણ સંપન્ન પ્રભુને પુરુષ કહેવાય છે. પ્રભુ એટલે આ આત્મા, હોં! આહા..! દૃષ્ટિમાં, વેદનમાં જ્યાં આવ્યો તો એ પુરાણપુરુષને જૂનો અનાદિઅનંત કહેવામાં આવે છે. અને પુરુષ કહેવાય છે. એ પુરુષ છે. આહાહા..!

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય'માં આવ્યું છે. 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય'માં. પુરુષ-પોતાની ચેતનાસત્તામાં સૂવે છે તેને પુરુષ કહીએ. પુરુષે ઈતિ પુરુષ. 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય'માં છે. જે પોતાના આનંદની ચેતનાની પર્યાયમાં રમે છે તેને પુરુષ કહીએ. 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' છે ને? 'અમૃતચંદ્રાચાર્યદેવ'નું. સમજાય છે કાંઈ? રાગમાં રમે તે નપુસંક પાવૈયા-હીજડા છે. એ પુરુષ નહિ. 'જ્ઞાનચંદજી'! શુભભાવમાં-રાગમાં રમે તે પુરુષ નહિ. અહીંયાં તો અનંત આનંદનો નાથ પ્રભુ એ પુરુષ છે અને એમાં રમે તે પુરુષ છે. સમજાય છે કાંઈ? પુરુષ કહ્યું ને? **'તે જ અનંત ગુણે બિરાજમાન પુરુષ એમ પણ કહેવાય છે,...'**

'अयं ज्ञानं दर्शनम् अपि' **'તે જ સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન એમ પણ કહેવાય છે.'** જુઓ! પાછું પર્યાયમાં લીધું. ત્રિકાળીમાં લે તો પર્યાયમાં લેવું. આહાહા..! જુઓ! અહીંયાં ચારિત્ર ન લીધું. આ તો હજી નયપક્ષ વિનાનો અનુભવ (થયો) તેને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન લીધું. બસ. ૧૪૪માં પણ એ છે. 'सम्यग्दर्शनज्ञानव्यपदेशं किल लभते' એનું નામ-સંજ્ઞા પામે છે. આહાહા..! **'સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન એમ પણ કહેવાય છે.'** 'अथवा किम्' **'બહુ શું કહીએ?'** 'अयं एकः यत् किश्चन अपि' **'આ જે છે શુદ્ધચૈતન્યવસ્તુની પ્રાપ્તિ...'** પ્રાપ્તિ.. પ્રાપ્તિ, હોં! **'તેને જે કાંઈ કહીએ તે જ છે, જેવી પણ કહેવામાં આવે તેવી જ છે.'** ભાવાર્થ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ વદ ૧૩, શનિવાર, તા.૧૦-૯-૧૯૭૭
## કળશ - ૯૩-૯૪, પ્રવચન - ૯૧

'કળશટીકા'. 'કર્તા-કર્મ અધિકાર'. ૯૩ શ્લોકનો છેલ્લો ભાવાર્થ. ૯૩ શ્લોકનો ભાવાર્થ છે ને? છેલ્લી પાંચ લીટી છે.

**'ભાવાર્થ આમ છે કે શુદ્ધચૈતન્યમાત્રવસ્તુપ્રકાશ નિર્વિકલ્પ એકરૂપ છે,...'** શું કહે છે? જે આ વસ્તુ ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યરૂપ નિર્વિકલ્પ એકરૂપ વસ્તુ છે. ત્રિકાળ. શુદ્ધ ચૈતન્ય વસ્તુ નિર્વિકલ્પ એકસ્વરૂપી છે. એનો અનુભવ કરવાથી પર્યાયમાં પણ નિર્વિકલ્પતા શુદ્ધતા એકરૂપતા પ્રગટ થાય છે. જે પુણ્ય અને પાપના અનેક વિકલ્પો પ્રગટ થાય છે એ તો સંસાર છે. આહાહા..! આ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ એકરૂપ વસ્તુ, એનો અનુભવ કરવાથી પર્યાયમાં પણ શુદ્ધતા, એકરૂપતા, નિર્વિકલ્પતા પ્રગટ થાય છે. એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'તેના નામનો મહિમા કરવામાં આવે તો અનંત નામ કહીએ...'** પહેલા કહ્યું હતું ને? વસ્તુ શુદ્ધ ચૈતન્યને બ્રહ્મ કહો, પરમાત્મા કહો, ઈશ્વર કહો, ચિદાનંદ કહો, સમ્યગ્દર્શન કહો, સમ્યગ્જ્ઞાન કહો, જે કહો તે એ વસ્તુ અંદર છે. આહાહા..! કદી પોતાના ચૈતન્યસ્વરૂપનું લક્ષ કર્યું નહિ. જે એમાં નથી એવા પુણ્ય-પાપના ભાવનું લક્ષ કરી, એમાં પોતાની રુચી કરી ચાર ગતિમાં પરિભ્રમણ કર્યું. તો કહે છે, જેને પરિભ્રમણ મટાડવું હોય અને વસ્તુની પ્રાપ્તિ કરવી હોય તો ભગવાન નિર્વિકલ્પ શુદ્ધ એકરૂપ છે એના ઉપર દૃષ્ટિ લગાવો. આહાહા..! જે વસ્તુના સ્વભાવથી વિપરીત ભાવ અનાદિકાળથી છે, એનાથી ખસી શુદ્ધ ચૈતન્ય આનંદસ્વરૂપ પવિત્ર એકરૂપ ઉપર દૃષ્ટિ લગાવ તો તમારું કલ્યાણ થશે. આવી વાત છે. વસ્તુ તો એકરૂપ છે. નામ અનંત કહો પણ વસ્તુ તો શુદ્ધ ચિદાનંદ (છે). નિર્વિકલ્પ વસ્તુ (છે) એવી દૃષ્ટિ પણ નિર્વિકલ્પ વસ્તુ. સમ્યગ્દર્શન પણ નિર્વિકલ્પ વસ્તુ. આહાહા..! એના ચાહે જેટલા નામ કહો તો લાગુ પડે છે. આહાહા..!

**'કેવો છે તે શુદ્ધસ્વરૂપ આત્મા?'** 'निभृतैः स्वयं आस्वाद्यमानः' 'निभृत' નિશ્ચળ. ચિંતા કર્યા વિના નિશ્ચિંત પુરુષો દ્વારા. આહાહા..! નિશ્ચિંત પુરુષો દ્વારા. નિશ્ચિંત પુરુષો દ્વારા (અર્થાત્) **'જ્ઞાનીપુરુષો વડે...'** આહાહા..! **'પોતે સ્વયં અનુભવશીલ છે.'** કાલે સંસ્કૃતમાં બતાવ્યું હતું ને. 'ध्यानक्रियमाणं' સંસ્કૃતમાં એવો શબ્દ છે. 'आस्वाद्यमानः'નો અર્થ. વસ્તુ ત્રિકાળી પરમાત્મા મહાનિધાન ઉપર દૃષ્ટિ દેવાથી. ધ્યાનની પર્યાયને 'ध्यानक्रियमाणं' એ ચીજનું ધ્યાન કરવાથી. રાગ અને પુણ્ય-પાપનું ધ્યાન તો અનંતકાળથી કર્યું. આહાહા..! પણ એ ભગવાનઆત્માને 'ध्यानक्रियमाणं' ધ્યાન કરતાં અને ધ્યાનમાં વિષય કરતાં. આહાહા..! સમજાય છે કાંઈ? 'ખીમચંદભાઈ' આવ્યા નથી. તાવ છે. નહિ? તાવ આવ્યો છે. સમજાય છે કાંઈ?

'निभृतैः स्वयं आस्वाद्यमानः' આહાહા..! વિકલ્પની ચિંતાથી જેનું જ્ઞાન રોકાઈ ગયું છે. અને 'निभृत' સ્વયં. પોતાથી આસ્વાદ્યમાન છે. ત્યાં કોઈની અપેક્ષા નથી. આહાહા..! રાગની કે નિમિત્તની કે દેવ-ગુરુ-શાસ્ત્રની પણ ત્યાં અપેક્ષા નથી. સ્વયં આસ્વાદ્યમાન છે. પોતાનું સ્વરૂપ પોતાથી જ સ્વાદ કરવાલાયક-અનુભવ કરવાલાયક છે, એમ કહે છે. આવી વસ્તુ છે. લોકોને ઝીણી પડે ને. માર્ગ તો આ છે, ભગવાન! આખો ચિદ્બ્રહ્મ પરમાત્મા પડ્યો છે. બ્રહ્મ નામ આનંદ. જ્ઞાન અને આનંદસ્વરૂપ એ તો ત્રિકાળ (છે). એ તરફનું ધ્યાન કરવાથી, એનું લક્ષ કરવાથી, એનો આશ્રય લેવાથી, રાગ અને પર્યાયનો લક્ષ, આશ્રય છોડવાથી. તો એમાં વ્યવહારથી થાય છે એમ રહ્યું નહિ. વ્યવહારનું પણ લક્ષ છોડવાથી. સમજાય છે કાંઈ? તેથી તો 'निभृत' કહ્યું છે. એ વ્યવહારના વિકલ્પથી રહિત. આહાહા..! આવો માર્ગ.

'स्वयं' છે ને પાઠ? 'स्वयं' શબ્દ છે ને? પોતાથી. આનંદની પર્યાયથી અનુભવમાં આવનારી વસ્તુ છે. કોઈ રાગ ને વ્યવહારથી અનુભવ થાય છે એવી વસ્તુ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એ ૯૩ શ્લોક થયો.

---

(શાર્દૂલવિક્રીડિત)

दुरं भूरिविकल्पजालगहने भ्राम्यन्निजौधाच्च्युतो
दुरादेव विवेकनिम्नगमनान्नीतो निजौधं बलात्।
विज्ञानैकरत्स्तदेकरसिनामात्मानमात्मा हरन्
आत्मन्येव सदा गतानुगततामायात्ययं तोयवत्।।४९-९४।।

ખંડાન્વય સહિત અર્થ :- 'अयं आत्मा गतानुगततां आयाति तोयवत्' ( अयं ) દ્રવ્યરૂપ વિદ્યમાન છે એવો ( आत्मा ) આત્મા અર્થાત્ ચેતનપદાર્થ ( गतानुगतताम् ) સ્વરૂપથી નષ્ટ થયો હતો તે, પાછો તે સ્વરૂપને પ્રાપ્ત થયો એવા ભાવને ( आयाति ) પામે છે. દૃષ્ટાન્ત ( तोयवत् ) પાણીની માફક. શું કરતો થકો? ' आत्मानम् आत्मनि सदा आहरन्' પોતાને પોતામાં નિરન્તર અનુભવતો થકો. કેવો છે આત્મા? 'तदेकरसिनाम् विज्ञानैकरसः' ( तदेकरसिनाम् ) અનુભવરસિક છે જે પુરુષો તેમને ( विज्ञानैकरसः ) જ્ઞાનગુણ-આસ્વાદરૂપ છે. કેવો થયો છે? 'निजौघात् च्युतः' ( निजौघात् ) જેમ પાણીનો શીત, સ્વચ્છ, દ્રવત્વ સ્વભાવ છે, તે સ્વભાવથી ક્યારેક ચ્યુત થાય છે, પોતાના સ્વભાવને છોડે છે, તેમ જીવદ્રવ્યનો સ્વભાવ કેવળજ્ઞાન, કેવળદર્શન, અતીન્દ્રિય સુખ ઈત્યાદિ અનંત ગુણસ્વરૂપ છે, તેનાથી ( च्युतः ) અનાદિ કાળથી ભ્રષ્ટ થયો છે, વિભાવરૂપ પરિણમ્યો છે. ભ્રષ્ટપણું જે રીતે છે તે કહે છે 'दूरं भूरिविकल्पजालगहने भ्राम्यन्' ( दूरं ) અનાદિકાળથી ( भूरि ) અતિ બહુ છે ( विकल्प ) કર્મજનિત જેટલા ભાવ તેમનામાં આત્મરૂપ સંસ્કારબુદ્ધિ, તેનો ( जाल ) સમૂહ, તે જ છે ( गहने ) અટવી-વન, તેમાં ( भ्राम्यन् ) ભ્રમણ કરતો થકો. ભાવાર્થ આમ

છે કે જેમ પાણી પોતાના સ્વાદથી ભ્રષ્ટ થયું થકું નાના વૃક્ષોરૂપે પરિણમે છે તેમ જીવદ્રવ્ય પોતાના શુદ્ધસ્વરૂપથી ભ્રષ્ટ થયું થકું નાના પ્રકારના ચતુર્ગતિપર્યાયરૂપે પોતાને આસ્વાદે છે. થયો તો કેવો થયો? 'बलात् निजौधं नीतः' ( बलात् ) બળજોરીથી ( निजौधं ) પોતાની શુદ્ધસ્વરૂપલક્ષણ નિષ્કર્મ અવસ્થા ( नीतः ) તે-રૂપ પરિણમ્યો છે. આવો જે કારણથી થયો તે કહે છે 'दूरात् एव' અનંતકાળ ફરતાં પ્રાપ્ત થયો છે એવો જે 'विवेकनिम्नगमनात्' ( विवेक ) શુદ્ધસ્વરૂપનો અનુભવ એવો જે ( निम्नगमनात् ) નીચો માર્ગ, તે કારણથી જીવદ્રવ્યનું જેવું સ્વરૂપ હતું તેવું પ્રગટ થયું. ભાવાર્થ આમ છે કે-જેવી રીતે પાણી પોતાના સ્વરૂપથી ભ્રષ્ટ થાય છે, કાળ નિમિત્ત પામી ફરીને જળરૂપ થાય છે. નીચા માર્ગથી ઢળતું થકું પુંજરૂપ પણ થાય છે, તેવી રીતે જીવદ્રવ્ય અનાદિથી સ્વરૂપથી ભ્રષ્ટ છે, શુદ્ધસ્વરૂપલક્ષણ સમ્યક્ત્વગુણ પ્રગટ થતાં મુક્ત થાય છે. આવો દ્રવ્યનો પરિણામ છે. ૪૯-૯૪.

## કળશ-૯૪ ઉપર પ્રવચન

दुरं भूरिविकल्पजालगहने भ्राम्यन्निजौधाच्च्युतो
दुरादेव विवेकनिम्नगमनान्नीतो निजौधं बलात्।
विज्ञानैकरस्तदेकरसिनामात्मानमात्मा हरन्
आत्मन्येव सदा गतानुगततामायात्ययं तोयवत्।।४९-९४।।

ખંડાન્વય સહિત અર્થ :- 'अयं आत्मा गतानुगततां आयाति तोयवत्' ભગવાન 'अयं' 'દ્રવ્યરૂપ...' પ્રભુ. આહાહા..! 'अयं' શબ્દ છે ને? વસ્તુ જે આનંદઘન ભગવાનઆત્મા વિદ્યમાન છે, મોજૂદ છે. આહાહા..! પણ એ રાગના પ્રેમ અને પર્યાયના પ્રેમમાં મોજૂદ ચીજની દૃષ્ટિ થતી નથી. સમજાય છે કાંઈ? 'अयं' આ દ્રવ્ય જે છે પ્રત્યક્ષ પ્રગટ છે એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો નિભ્રતપુરુષોનું કામ છે, એમ આવ્યું હતું ને?

મુમુક્ષુ :- નિભ્રતપુરુષો એટલે શું?

ઉત્તર :- એ પહેલા કહ્યું ને? નિશ્ચિંત પુરુષોનું કામ છે. ચિંતામાં પડ્યા હોય એનું આ કામ નથી. અનેક પ્રકારની ચિંતા. દયા, દાન, વ્રત, ભક્તિ આદિની. અશુભની ચિંતા તો એક કોર રાખો. આહાહા..! પણ આ વ્યવહારની ચિંતામાં પડ્યા હોય એ પુરુષને નિશ્ચિંતપણું નથી આવતું. નિભ્રત શબ્દ પડ્યો છે ને? નિભ્રતનો અર્થ નિશ્ચળ છે અથવા ચિંતારહિત છે અથવા નિશ્ચિંત પુરુષો-જ્ઞાનીપુરુષો દ્વારા. જેમાં વિકલ્પની ચિંતાનો અભાવ છે. સમજાય છે કાંઈ? એ પોતાના અંતર સ્વરૂપમાં પોતાના પૂર્ણાનંદને જ્ઞેય, ધ્યેય બનાવીને, જ્ઞેય બનાવીને જ્ઞાન કરવું, ધ્યેય બનાવીને ધ્યાન કરવું. આહાહા..! આવી વસ્તુ. કદી કર્યું નથી, સાંભળવા મળે નહિ. આહાહા..!

એક તો સંસાર આખો દિ' ચોવીસ કલાક, બાવીસ કલાક. પાપમાં પીંજણ. પીંજણ

આવે છે ને? 'પંચાસ્તિકાય'માં. ભાઈ! ચોંટે છે. પીંજણ હોય ને? પીંજણ. રૂ.. રૂ. ઉપર રૂની પીંજણ ચોંટે છે. એમ આ રાગ અને દ્વેષની પીંજણ અનાદિથી ચોંટે છે. એ 'પંચાસ્તિકાય'માં પાઠ છે, ભાઈ! પીંજણ સમજ્યા? રૂ.. રૂ. રૂને પીંજે ને? તો રૂના ઝીણા ઝીણા ભાગ ચોંટી રહે. આહાહા..! એમ ભગવાનઆત્મા વિકારની પીંજણ કરતાં કરતાં વિકાર એને ચોંટે છે. આહાહા..! ભગવાનઆત્મા તો નિભ્રંત જ્ઞાનીપુરુષો દ્વારા અનુભવશીલ છે. આહાહા..!

કોઈ પ્રકારના વ્યવહારના વિકલ્પથી રહિત નિશ્ચય નિર્વિકલ્પ ભગવાનઆત્મા પ્રત્યેનો આશ્રય લેતાં એ સ્વયં અનુભવશીલ છે. એ સ્વયં પોતાથી જ અનુભવમાં આવે છે. કોઈ પરની અપેક્ષા નથી. ગુરુ અને દેવની પણ અપેક્ષા નથી. આહાહા..! દેવ-ગુરુની શ્રદ્ધાના રાગની પણ અપેક્ષા નથી. આવી વાત છે. આહાહા..! એવા પુરુષો દ્વારા અનુભવશીલ. એટલે? ધ્યાનમાં લેવાલાયક આ ચીજ છે. સમજાય છે કાંઈ? આહાહા..! ભારે કામ પણ. હવે ૯૪.

'अयं' (આત્મા) '**દ્રવ્યરૂપ વિદ્યમાન છે (આત્મા) એવો...**' 'अयं आत्मा' (અર્થાત્) '**ચેતનપદાર્થ...**' ભગવાન તો ચેતન જ્ઞાનસ્વરૂપી આનંદસ્વરૂપી પદાર્થ છે. એ 'गतानुगततां' '**સ્વરૂપથી નષ્ટ થયો હતો તે. પાછો તે સ્વરૂપને પ્રાપ્ત થયો એવા ભાવને પામે છે.**' આહાહા..! 'गतानुगततां' અનાદિથી જે રાગમાં ગતિ કરે છે, પુણ્ય અને પાપના ભાવમાં 'गतानुगततां' (ત્યાંથી) પાછો ફરે છે, પોતાના સ્વરૂપમાં આવે છે. આહાહા..! પાણીનો દૃષ્ટાંત આપશે. જળ. 'तोयवत्' છે ને? 'तोयवत्' પાણી સમાન. શું? 'आत्मानम् आत्मनि सदा आहरन्' '**પોતાને પોતામાં નિરંતર અનુભવતો થકો.**' આહાહા..! ભાષા તો ઘણી ટૂંકી છે પણ ભાવ ગંભીર છે. 'आत्मानम्' '**પોતાને પોતામાં નિરંતર અનુભવતો થકો.**' રાગ વિના નિર્વિકલ્પ આનંદથી આત્માને અનુભવતો થકો. સૂક્ષ્મ વાત છે, ભગવાન! બહારના શાસ્ત્રજ્ઞાનથી પણ પ્રાપ્ત થતો નથી. તેમ એ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવથી પણ પ્રાપ્ત નથી થતો. એ તો બધા વિકલ્પ અને રાગ છે. આહાહા..!

અહીંયાં તો કહે છે, જેમ પાણીની માફક. '**પોતાને પોતામાં...**' પોતાને પોતામાં. આનંદસ્વરૂપ પોતે, એમાં પોતામાં-આનંદસ્વરૂપમાં. આહાહા..! પોતાને પોતામાં. છે? '**નિરંતર અનુભવતો થકો.**' આહાહા..! જેમ અનાદિથી રાગનો મિથ્યાત્વ અને ભ્રાંતિથી નિરંતર અનુભવ કરતો હતો. હવે અહીંયાં રાગથી રહિત ભગવાન પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુનો નિરંતર સ્વાશ્રયથી ઉત્પન્ન થયેલ આનંદ, તેને અનુભવતો થકો. આહાહા..! આવો માર્ગ છે. એ માર્ગની રીતના નિર્ણયની પણ હજી ખબર ન મળે. એ માર્ગમાં કઈ રીતે જાય? આહાહા..! અરે..! ચોર્યાસીના અવતાર કરતાં કરતાં દુઃખી (છે). સમજાય છે કાંઈ? જ્યારે ટાણા મળે ત્યારે ટાણા ચૂકી જાય છે. ભગવાનની કહેલી વસ્તુ સમજવાની વિશેષ લાયકાત તો મનુષ્યપણામાં છે. વિશેષ તરીકે. સામાન્ય તરીકે તો નરકમાં પણ થાય છે. સમજાય છે કાંઈ? ત્યારે એ ટાણા ચૂકી જાય છે. કાંઈક આનું કરવું ને આ કરવું ને આ કરવું ને આ કરવું. કાં આળસમાં, પ્રમાદમાં (ચૂકી જાય છે). આહાહા..! એ ચીજ તરફ સાવધાની થતી નથી.

અહીંયાં કહે છે કે, 'आत्मानम्' આત્મામાં નિરંતર અનુભવ તો. આહાહા..! સમ્યગ્દર્શનમાં આત્મા નિરંતર અનુભવતો થકો, એમ કહે છે. સમજાય છે કાંઈ? '**કેવો છે આત્મા?**' 'तदेकरसिनाम् विज्ञानैकरसः' 'तदेकरसिनाम्' '**અનુભવરસિક છે જે પુરુષો...**' આહાહા..! અનુભવના રસીલા જીવને વિજ્ઞાન એકરસ છે.

ફરીથી, 'तदेकरसिनाम् विज्ञानैकरसः' 'तदेकरसिनाम्' '**અનુભવરસિક છે જે પુરુષો...**' જેને અનુભવનું રસિકપણું છે. રાગનું રસિકપણું છૂટી ગયું છે. આહાહા..! જેને અનુભવરસનો રસ છે, એવા આત્માને. આહાહા..! છે? 'विज्ञानैकरसः' જ્ઞાનના રસિક પુરુષોને તો વિજ્ઞાન એકરસ છે. આહાહા..! સંસારનો રસ એને ઊડી ગયો છે, ફીક્કો પડી ગયો છે. આસક્તિ હોય છે, પણ એમાં રસ નથી. એમાં આશ્રયથી લાભ થશે, એમ નથી. નુકસાન... નુકસાન (છે). શુભભાવ કે અશુભભાવ થાય છે એ અમૃતથી વિરુદ્ધ છે. ભગવાન અમૃતસાગરના અનુભવથી એ શુભાશુભભાવ વિપરીત છે, ઝેર છે. આ લોકોને કઠણ પડે છે. આહાહા..!

'विज्ञानैकरसः' અનુભવરસિક પુરુષોને વિજ્ઞાન એક જ રસ છે. આહાહા..! રાગનો રસ તો એમાં છૂટી ગયો છે. સમ્યગ્દૃષ્ટિને રાગ આવે છે પણ રસિકપણું છૂટી ગયું છે. રસમાં એકાગ્ર થવું અને એ મને સુખરૂપ છે, એ રસ છૂટી ગયો છે. આહાહા..! ચક્રવર્તી સમકિતીને છ ખંડના રાજ હોય તો એ છ ખંડ નથી સાધતા. એ તો અખંડને સાધે છે. 'ન્યાલભાઈ'માં એ શબ્દ આવ્યો છે. 'ન્યાલભાઈ સોગાની', 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'. ચક્રવર્તી છ ખંડને નથી સાધતા, અખંડને સાધે છે, એમ આવ્યું છે. આ બાજુના પાને ઉપર પહેલી લીટીમાં આવ્યું છે. આહાહા..! શું કહ્યું? કે ચક્રવર્તી છ ખંડને નથી સાધતા. સમકિતી છે ઈ, હોં! આહાહા..! ૯૬ હજાર સ્ત્રી, ૯૬ કરોડ પાયદળ, ૯૬ કરોડ ગામ, એનો સાહેબો કહે છે કે એ હું નહિ, એ મારી ચીજ નહિ. આહાહા..! મારી ચીજમાં એ નહિ અને એ ચીજમાં હું નહિ. જ્યાં હું છું ત્યાં એ ચીજ નથી અને એ ચીજ જ્યાં છે ત્યાં હું નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

એ અહીં કહે છે કે, પોતાને પોતામાં નિરંતર અનુભવતો થકો. 'तदेकरसिनाम् विज्ञानैकरसः' આહાહા..! સમ્યગ્દૃષ્ટિ તો એક આત્માના રસના રસિલા છે. સમજાય છે કાંઈ? ભલે ગૃહસ્થાશ્રમમાં હો. એ ગૃહસ્થાશ્રમમાં નથી. એ કહ્યું ને એમાંથી? ઈ ગૃહસ્થ છે, પોતાના ઘરમાં સ્થ છે. 'અધ્યાત્મ પંચ સંગ્રહ'માં ગૃહસ્થની વ્યાખ્યા છે. ગૃહસ્થ. 'જિનેશ્વરદાસજી'! તમે વાંચ્યું છે. પંચસંગ્રહ. એમાં ગૃહસ્થ એટલે શું? ગૃહ-સ્થ. નિજ ઘર એમાં સ્થ. એ ગૃહસ્થ છે. અહીં લોકો પૈસાવાળા ને ધૂળવાળાને ગૃહસ્થ છે, એમ કહે છે. મરી જવાના છે. ક્યાંય પત્તો નહિ ખાય, ભાઈ! આ રાગના રસીલાઓને ચૈતન્યનો રસ નહિ આવે, પ્રભુ! આહાહા..! અને આત્માના રસિકજનોને એક વિજ્ઞાન એ જ રસ છે. એક વિજ્ઞાન જ રસ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'तदेकरसिनाम् विज्ञानैकरसः' પાઠ તો એમ છે. 'तदेकरसिनाम्' સ્વરૂપનો એક જ રસ જેને છે. એક શબ્દ પડ્યો છે ને? એક શબ્દનો અર્થ નથી કર્યો. 'तदेकरसिनाम् विज्ञानैकरसः' બેયમાં એક-એક (શબ્દ) પડ્યો છે. શું કહે છે? 'तदेकरसिनाम्' એક ચૈતન્યઆનંદનો રસિક

જે છે એ એક જ રસિક છે. રાગનો રસ જ્ઞાનીનો છૂટી ગયો. આહાહા..! સર્વાર્થસિદ્ધની પદવી હો કે ચક્રવર્તીની પદવી હો, બધા રાગનો રસ છૂટી ગયો છે. આહા..! સમજાય છે કાંઈ?

'નોઆખલી'માં નહોતું થયું ? 'નોઆખલી'. 'ગાંધીજી' ત્યાં ગયા હતા. 'નોઆખલી' દેશમાં તોફાન બહુ થયા હતા. મુસલમાન લોકોએ હિન્દુ લોકોને બહુ નુકસાન કરતા હતા. શું કર્યું? એક બેન-ભાઈ હોય. પચ્ચીસ વર્ષનો ભાઈ અને અઠ્યાવીસ વર્ષની બહેનને બાંધીને, વસ્ત્ર કાઢીને આમ કરતા હતા. બેયના શરીરને નાગા કરીને ભેટાવતા હતા. આહા..! એના હૃદયમાં (એમ થતું કે) પ્રભુ! આ શું થાય છે? જમીન જો માર્ગ આપે તો સમાઈ જઈએ, પણ આ બહેન અને ભાઈને શું કરે છે? માતા ૪૦ વર્ષની હોય, દીકરો ૨૦ વર્ષનો હોય. એને નાગા કરી (ભેટાવતા હતા). જેમ એમાં રસ ઊડી ગયો. એ ક્રિયાનો રસ ઊડી ગયો છે. એને એમ થાય છે, અરે..! પ્રભુ! જમીન માર્ગ આપે તો સમાઈ જઈએ. આ શું થાય છે?

એમ ધર્મીને ચક્રવર્તીનું રાજ વૈભવનો ભોગ (હોય) એનો રસ ઊડી ગયો છે. આહાહા..! સમકિતીને પરનો રસ (ઊડી ગયો છે). વિજ્ઞાન એક રસ (છે). '**तदेकरसिनाम् विज्ञानैकरसः**'. એમ કહ્યું ને? પંડિતજી! 'એક' શબ્દ (છે). આહાહા..! સમ્યગ્દૃષ્ટિને તો '**तदेकरसिनाम्**'. આનંદનો એક રસ છે, એને એક વિજ્ઞાનનો જ રસ આવે છે, બસ. આહાહા..! ભારે ભાષા, ભાઈ! રામબાણ ભાષા છે. કહો, આ જિનેશ્વરદાસ છે. સર્વજ્ઞના દાસ સમકિતી છે. આહાહા..! '**तदेकरसिनाम्**' '**અનુભવરસિક છે જે પુરુષો...**' એક શબ્દનો અર્થ (નથી કર્યો). પણ એનો અર્થ, અનુભવ થયો ને? એ એકરૂપનો થયો. આહાહા..! શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ પ્રભુ, એનું એકનું જેને રસિકપણું છે તેને એક વિજ્ઞાનનો જ રસ આવે છે. વસ્તુસ્વરૂપના વિજ્ઞાનનો એક રસ છે. આહાહા..!

'**કેવો થયો છે**?' '**निजौघात् च्युतः**' '**જેમ પાણીનો...**' પાણીનો દૃષ્ટાંત આપે છે. '**શીત, સ્વચ્છ, દ્રવત્વ સ્વભાવ છે,...**' પાણીનો. જળ.. જળ. જળનો સ્વભાવ છે... પાણી શબ્દ હિન્દીમાં લીધો છે. તમારામાં પાણી કહે છે. પાણી પણ કહે છે ને? હિન્દીમાં પાણી (કહે છે). અમારે પાણી કહે છે, તમારે પાની (કહે છે). અમારે ગુજરાતીમાં પાણી (કહે છે). તમારે પાની કે જલ (કહે). '**પાણીનો શીત, સ્વચ્છ, દ્રવત્વ સ્વભાવ છે, તે સ્વભાવથી ક્યારેક ચ્યુત થાય છે,...**' પાણી સ્વભાવથી ચ્યુત થાય છે. '**પોતાના સ્વભાવને છોડે છે, તેમ જીવદ્રવ્યનો...**' પાણીનો સ્વભાવ સ્વચ્છ દ્રવત્વ છે. (અર્થાત્) પ્રવાહિત થવું. ઠંડો. ઝાડ ઉપર ચડે તો શીતળતા મટી જાય છે. આહાહા..! ઝાડ સમજ્યા? વૃક્ષ. બાવળનું ઝાડ. પાણી ત્યાં ચડી જાય છે. પોતાનો દ્રવત્વ સ્વભાવ છૂટી જાય છે. પ્રવાહ જે હતો એ બાવળમાં (ચડતાં) છૂટી જાય છે. બબુલ.. બબુલ. આહાહા..! સમજાય છે કાંઈ? પોતાની શીતળતા છૂટી ગઈ, પ્રવાહિતપણું છૂટી ગયું અને સ્વચ્છત્વ છૂટી ગયું. આહાહા..! પાણીનો દૃષ્ટાંત છે.

'**જેમ પાણીનો શીત, સ્વચ્છ, દ્રવત્વ સ્વભાવ છે, તે સ્વભાવથી ક્યારેક ચ્યુત થાય છે, પોતાના સ્વભાવને છોડે છે. તેમ જીવદ્રવ્યનો સ્વભાવ કેવળજ્ઞાન...**' જુઓ! એમાં લીધું ને? શીત, સ્વચ્છ અને દ્રવત્વ. ભગવાનનો સ્વભાવ તો કેવળજ્ઞાન (છે). કેવળ એટલે પર્યાયની

વાત નથી. એકલું જ્ઞાન, પૂર્ણ જ્ઞાન. આહાહા..! '**કેવળદર્શન,...**' એકલું દર્શન. દર્શક.. દર્શક.. દર્શક. કેવળ '**અતીન્દ્રિય સુખ...**' વીર્ય નથી લીધું. પેલા (દષ્ટાંતમાં) ત્રણ બોલ છે ને એટલે ત્રણ નાખ્યા. પાણીના ત્રણ (ગુણ) હતા ને ? શીત, સ્વચ્છ અને દ્રવત્વ. કેવળજ્ઞાન, કેવળદર્શન, અતીન્દ્રિય સુખ '**ઇત્યાદિ...**' પછી બીજા લઈ લેવા. '**અનંત ગુણસ્વરૂપ...**' ભગવાનઆત્મા. ઓહો..! જેમાં બેહદ અપરિમિત જ્ઞાન, અપરિમિત સુખ, અપરિમિત દર્શન અને અપરિમિત વીર્ય (ભરેલાં છે). એવા અનંત ગુણ અપરિમિત મર્યાદા વિનાની શક્તિનો જ્યાં સંગ્રહ પડ્યો છે. એવો ભગવાનઆત્મા, પોતાના આવા સ્વરૂપથી ચ્યુત થઈને. (જેમ) પાણી પોતાના સ્વભાવથી ચ્યુત થઈને બાવળ આદિમાં કે કારેલાં... કારેલાં સમજ્યા? કરેલા. કારેલાંનું ઝાડ હોય ને? ઝાડ. પાણી ત્યાં ચડી જાય તો પોતાની શીતળતા છૂટી જાય છે, સ્વચ્છતા છૂટી જાય છે. આહાહા..! અને દ્રવત્વ-પ્રવાહ પણ જે ચાલે છે એ છૂટી જાય છે. ત્યાં પકડાઈ ગયું. કારેલાંનું ઝાડ હોય ને? કડવું. ત્યાં પાણી કડવું થઈ ગયું. પર્યાયમાં, હોં! આહાહા..!

એમ ભગવાનઆત્મા.. ઈ કહે છે, જુઓ! '**તેનાથી અનાદિ કાળથી ભ્રષ્ટ થયો છે,...**' આહાહા..! પાણી જેમ પોતાના સ્વભાવથી ભ્રષ્ટ થઈને ઝાડના મૂળમાં ચડી જાય છે. આહાહા..! એમ ભગવાનઆત્મા અનંત જ્ઞાન, આનંદસ્વરૂપ છે એ પુણ્ય-પાપના પંથે-રસ્તે ચડી ગયો છે. ઝેરને રસ્તે ચડી ગયો. આહાહા..! સમજાય છે કાંઈ? '**વિભાવરૂપ પરિણમ્યો છે.**' આહાહા..! એ તો વિકારરૂપે પરિણમી ગયો, નિજ સ્વભાવથી ભ્રષ્ટ થઈ ગયો. આહાહા..! જેમ પાણી ભ્રષ્ટ થયું. પાણી ઝાડ ઉપર ચડી જાય છે. આહાહા..! એમ ભગવાનઆત્મા જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત ગુણસ્વરૂપ પ્રભુ, નિજ સ્વરૂપથી ચ્યુત થઈને વિભાવના પરિણામમાં ચડી ગયો છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ વિભાવમાં શુભભાવ પણ લેવો ને? પંડિતજી! આ વિભાવમાં શુભભાવ લેવો કે નહિ? બંને છે. આહાહા..! સમજાય છે કાંઈ? નયનો પક્ષ પણ વિકલ્પ છે એ વિભાવ છે. બપોરે ચાલે છે ને? આહાહા..!

ભગવાન! જેમ પાણી સ્વચ્છ, પ્રવાહીત... સમજાય છે? અને ઠંડું (છે). સ્વચ્છ, ઠંડું અને પ્રવાહિત. એમ ભગવાનઆત્મા અનંત જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંતગુણનું સ્વરૂપ, પાણી જેમ પોતાનું સ્વચ્છત્વ છોડીને વૃક્ષ ઉપર ચડી ગયું, એમ આ આત્મા વિભાવરૂપ ચડી ગયો. આહાહા..!

મુમુક્ષુ :- કારેલાના ઝાડ ઉપર ચડી ગયું.

ઉત્તર :- ઝાડ ઉપર ચડી ગયું. કારેલાં કહે છે ને? કડવા.. કડવા. પાણી છે તો મીઠું. આહાહા..! એમ ભગવાનઆત્મા આનંદકંદ પ્રભુ શીતળ નામ અકષાય શાંત ઉપશમરસનો કંદ, ઉપશમરસનો કંદ! આહાહા..! સ્તુતિમાં આવે છે ને? 'ઉપશમરસ વરસે રે પ્રભુ તારા નયનમાં'. સ્તુતિ આવે છે. 'ઉપશમરસ વરસે રે પ્રભુ તારા નયનમાં.' એમ ભગવાન ઉપશમરસનો કંદ છે. એના નેત્ર સમકિતમાં જાય તો એને ઉપશમરસ ઝરે છે. આહાહા..! બહુ માર્ગ ભાઈ! એવો. સમજાય છે કાંઈ?

અહીંયાં કહે છે કે, **'વિભાવરૂપ પરિણમ્યો છે.'** આહાહા..! ભગવાન અનંત બેહદ અપરિમિત આનંદ, જ્ઞાન, દર્શનના સ્વભાવસ્વરૂપ પ્રભુ! ક્ષણિક વિકૃત વિભાવરૂપે ચડી ગયો છે. આહાહા..! સમજાય છે કાંઈ? પોતાની ઘોડેસવારી છોડીને ગધેડાની સવારી કરી છે. સમજાય છે કાંઈ? પોતાના જ્ઞાન, આનંદ સ્વભાવ ઉપર ચડવું, એનું સ્વામીત્વ કરવું, એનો અનુભવ કરવો છોડીને, પુણ્ય-પાપ ગધેડા જેવા વિકાર ઉપર અનાદિથી ચડી ગયો છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

એક ઠેકાણે એવું થયું હતું. લગ્ન કરીને આવ્યા... શું કહેવાય તમારે? વર? વર. લગ્ન કરવા આવ્યા. થોડી બોલી નક્કી કરી હશે કે આટલા બે-ચાર હજાર રૂપિયા દેવા. અત્યારે આ શું કહેવાય? દહેજ.. દહેજ. એટલું તો એના બાપે કહ્યું હશે. પણ જ્યાં કન્યાના લગ્નનો ટાઈમ આવ્યો. આઠ કે સાડા આઠ. ત્યાં કન્યા આવી નહિ. કેમ કન્યા પહોંચી નહિ? તો આ કહે કે, અમને આટલું આપો પછી કન્યા આવશે. એક સોનાની ઘડિયાળ, એક સોનાનો પેંડલ એક ફલાણું, ઢીકણું. એમ દસ, પંદર, વીસ હજાર રૂપિયા માંગ્યા. એના-કન્યાના પિતા સાધારણ બિચારા. હજાર, બે હજાર કર્યા હશે. એમાં આ માંગણી કરી. યુવાન લોકો આવ્યા. ૨૫-૫૦ જુવાન લોકો એક ગધેડો લઈને ગામમાં આવ્યા. ચાલો તને પરણાવીએ. આ ગરીબ માણસને (હેરાન કરે છે)? એક હજાર-બે હજાર માંડ કર્યા હતા, એને તું પચ્ચીસ હજાર ને વીસ હજાર ને સોનાની ઘડિયાળ ને સોનાના પટ્ટા ને સોનાની આ ને ધૂળ માંગે છે? ગધેડા ઉપર બેસાડ્યો. પાછો ઊંધો બેસાડે, હોં! મોઢા સામું નહિ. ઊંધે (મોઢે) બેસાડી ગામમાં ફેરવ્યા. લે, હવે તું ગધેડાને પરણ. આવા મૂરખાઓ. એવું થાય છે ને? દહેજમાં થાય છે. પછી બિચારા પેલા ખાનદાન માણસો હોય. પછી માંડ માંડ માલ આપે. આબરૂ જતી હોય તો દેણું કરીને પણ આપે. શું કરે? પછી તો જુવાન આવ્યા ને બહાર કાઢ્યા.

એમ અહીં પરમાત્મા કહે છે કે, તું આત્માના લગ્ન કરવા આવ્યો ને. આહા..! એમાં આટલો વિભાવ કરવો, આટલો વિભાવ કરવો, આટલો વિભાવ કરવો પછી હું આવીશ. તારે શું ગધેડા ઉપર ચડવું છે? આહાહા..! સમજાય છે કાંઈ? થોડું આમ કરી લઉં, થોડું આમ કરી લઉં પછી (કરીશ). આહાહા..! ધૂળમાંય નહિ કરે, મરી જશે. ક્યાં ગયા? 'ચીમનભાઈ'! એમના ભાઈ છે. પૈસાવાળા, બધા પૈસાવાળા. ધૂળ.. ધૂળ. આહાહા..! હું થોડું આટલું કરી લઉં પછી વાત, થોડું કરી લઉં પછી વાત. એ પછી પછી રહેશે અને તારે પહેલું ઈ નહિ થાય. આહાહા..!

અહીંયાં કહે છે, તારી વસ્તુને છોડીને વિભાવ ઉપર ચડી ગયો છો. આહાહા..! આનંદનો સાગર ભગવાન ઉપર જાવું છે, એને છોડીને તું વિભાવ ઉપર ચડી ગયો. વિભાવમાં પુણ્ય આવ્યું કે નહિ? 'ધન્નાલાલજી'! દયા, દાન, ભક્તિ, વ્રત એ પણ વિભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'ભ્રષ્ટપણું જે રીતે છે તે કહે છે-'** 'दूरं भूरिविकल्पजालगहने भ्राम्यन्' આહાહા..! 'दूरं' **'અનાદિ કાળથી..'** 'दूरं' **'અનાદિ કાળથી..'** 'दूरं'ની વ્યાખ્યા કરી **'અનાદિ કાળથી...'** (લઈને) 'भूरि' **'અતિ બહુ છે...'** વિકલ્પની જાળ તને બહુ ચડી ગઈ છે, નાથ! તું તને ભૂલી

ગયો. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! આચાર્યોની શૈલી તો જુઓ! પ્રભુ! તું ક્યાં છો? અને તું ક્યાંથી છૂટી ગયો અને તું ક્યાં જાય છે? નિજઘરને છોડીને પરઘરમાં ભ્રષ્ટ થઈને તું વ્યભિચારી થયો. આહાહા..! સમજાય છે કાંઈ? એ પુણ્ય-પાપના ભાવમાં જાવું તો વ્યભિચાર છે. આહાહા..! એવી વાત છે.

**'અતિ બહુ છે...' 'કર્મજનિત જેટલા ભાવ...' 'વિકલ્પ'** ની વ્યાખ્યા કરી. કર્મજનિત જેટલા ભાવ (એમાં) કર્મજનિતમાં શુભ-અશુભભાવ અસંખ્ય પ્રકારના, બધા કર્મજનિત વિકલ્પજાળ છે. આહાહા..! **'તેમનામાં આત્મારૂપ સંસ્કારબુદ્ધિ...'** આહાહા..! એ અસંખ્ય પ્રકારના શુભભાવ અને અસંખ્ય પ્રકારના અશુભભાવ, એમાં આત્મબુદ્ધિ (અર્થાત્) એનાથી મને હિત થશે, મને એમાં મજા છે-એવી આત્મબુદ્ધિ કરીને તું ભ્રષ્ટ થયો છો. આહાહા..! ભગવાન! તારા સ્વરૂપના ઘરથી તું ભ્રષ્ટ થયો છો. આહાહા..! સમજાય છે કાંઈ? **'તેમનામાં આત્મારૂપ સંસ્કારબુદ્ધિ...'** જુઓ! આત્મારૂપ સંસ્કારબુદ્ધિ. એ પુણ્ય, દયા, દાન, વ્રત મારા આત્માના છે અને એ મને લાભદાયક છે (એવી સંસ્કારબુદ્ધિ). આહાહા..! સમજાય છે કાંઈ? એમ પણ નથી કહ્યું કે કર્મને કારણે ભ્રષ્ટ થયો છે. સમજાય છે કાંઈ? એ શબ્દ લીધો જ નથી. તારા સ્વરૂપથી તું ભ્રષ્ટ થયો છે, તારા અપરાધથી. 'અપને કો આપ ભૂલકે હૈરાન હો ગયા.' કર્મને કારણે ભ્રષ્ટ થયો છે, એ વાત તો લીધી જ નથી. આ લોકો તો એ કહે કે કર્મને લઈને આમ થાય છે. અરે..! સાંભળ તો ખરો, પ્રભુ! કર્મ તો બિચારા જડ છે. તારા અપરાધને કરનારો તો તું છો. આહાહા..!

પોતાનું આરાધન છોડીને અપરાધ કરે છે. આરાધન નામ નિજ સ્વરૂપનું સેવન છોડીને, નિજ ભગવાનની સેવા છોડીને તારે પરભગવાનની સેવામાં ધર્મ માનવો છે. સમજાય છે કાંઈ? ભગવાન આનંદસ્વરૂપની સેવા, સેવા નામ એ તરફની એકાગ્રતા છોડીને પરભગવાનની સેવા આદિ છે એ તો બધો રાગ છે, વ્યભિચાર છે. આહાહા..! ધર્મીને એવા શુભભાવ આવે છે પણ છે તો દોષ. ... આહાહા..! 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર સંત વીતરાગી રસ ને આનંદમાં (ઝુલતા કહે છે).

પૂરણપોળી નથી હોતી? પૂરણપોળી સમજો છો? પૂરણપોળી. ઘઉં ને.. પૂરણ હોય ને? પૂરણ. પછી પૂરણપોળી કરે. ઊની કરીને ઘીમાં તરબોળ (કરે). એમ ભગવાનઆત્મા રાગથી ભિન્ન થઈને આનંદના રસમાં તરબોળ થાય છે. આહાહા..! ત્યાં ચૈતન્યનો ચમત્કાર દેખાય છે. ત્યાં ચૈતન્યના પ્રકાશનું વેદન થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! અને વિભાવમાં તો ઝેરમાં ચડી ગયો. પાણી પોતાનો દ્રવત્વ પ્રવાહરૂપી શીત અને સ્વચ્છતા છોડીને કારેલાના ઝાડમાં ચડી ગયું. 'ડાલચંદજી'!

ભગવાન, સંતો જગતને આમંત્રણ આપે છે, પ્રભુ! આવી જા ને અહીંયાં. બહાર ફરે છો (એમાં) તને નુકસાન છે. આહાહા..! સમજાય છે કાંઈ? હજી નિર્ણયમાં પણ ઠેકાણા નહિ કે આનાથી-દયા, દાન, વ્રત, ભક્તિથી મને લાભ થશે. અરેરે..! હજી તો વ્યવહારનિર્ણયના પણ તારા ઠેકાણા નથી. સમજાય છે કાંઈ? એમાં કોઈ રસ નથી આવતો, એ તો ઝેર છે. આહાહા..!

કહે છે, ભ્રષ્ટ થયો. આહાહા..! **'આત્મરૂપ સંસ્કારબુદ્ધિ, તેનો સમૂહ, તે જ છે અટવી-વન, તેમાં ભ્રમણ કરતો થકો.'** આહાહા..! જેમ પેલું પાણી વનમાં ચડી જાય છે, એમ આ પુણ્ય અને પાપના વિકલ્પના વનમાં ચડી જાય છે. પાર નહિ (એવા વનમાં) ચડી જાય છે. આહાહા..! પાયખાનામાં ચડી જાય. પાયખાનું કહે છે ને? ગંગાનું પાણી પાયખાને. ભગવાનઆત્મા નિજ આનંદસ્વભાવ છોડી અસંખ્ય પ્રકારના શુભભાવ અને અસંખ્ય પ્રકારના અશુભભાવના પ્રવાહમાં ભ્રષ્ટ થઈને ચડી જાય છે. આહાહા..!

**'આત્મરૂપ સંસ્કારબુદ્ધિ, તેનો સમૂહ, તે જ છે અટવી-વન,...'** મોટું વન. આહાહા..! અસંખ્ય પ્રકારના શુભભાવ, અસંખ્ય પ્રકારના અશુભભાવ વિભાવ. નિજ સ્વરૂપથી ભ્રષ્ટ થઈને અટવી-વનમાં પાણી ચડી જાય, તેમ તું વિકલ્પના વનમાં ચડી ગયો છો. આહાહા..! **'भ्राम्यन्'** છે ને? **'ભ્રમણ કરતો થકો.'** એ પુણ્ય અને પાપના વિકલ્પના વનમાં ભમતો થકો. ભગવાન એ વનથી ખાલી છે, એમાં જતો નથી અને આ વનમાં ભટકે છે. જ્યાં વસ્તી નથી ત્યાં ભટકે છે. જ્યાં આનંદની વસ્તી છે ત્યાં આવતો નથી. આહાહા..! એ બધું ઠીક છે પણ એનું સાધન શું? એમ (લોકો) કહે છે. એ કરણ-સાધન પોતામાં ગુણ છે એ સાધન છે. એ ષટ્કારક છેલ્લે આવે છે ને? શક્તિમાં આવશે. શક્તિ ચાલે છે ને એમાં કરણ સાધન છે (એમ શક્તિ લીધી છે). પોતાનો કરણ નામનો અંદર ગુણ છે એ જ નિર્મળતાનું સાધન છે. વ્યવહાર-ફ્યવહાર સાધન છે જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? પણ 'પંચાસ્તિકાય'માં કહ્યું છે ને? ભિન્ન સાધ્ય-સાધન ભાવ. એ તો ભિન્ન સાધનનો આરોપ આપીને વાત કરી છે. (ભિન્ન) વસ્તુ સાધન નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

**'ભાવાર્થ આમ છે કે-જેમ પાણી પોતાના સ્વાદથી ભ્રષ્ટ થયું થકું...'** આહાહા..! પાણી પોતાના શીત અને સ્વચ્છતા અને પ્રવાહરૂપતાનો સ્વાદ છોડીને **'નાના વૃક્ષોરૂપે પરિણમે છે...'** નાના એટલે અનેક. નાના આવ્યું હતું ને આપણે? નાના, અનાના. વીસ બોલમાં એ આવ્યું હતું. અમે તો સંસ્કૃત કંઈ બહુ જાણીએ નહિ એટલે આવું હોય એમાંથી લઈ લઈએ. સમજાય છે કાંઈ? સંસ્કૃત થોડું ભણ્યા હતા. પહેલી પાંચ સંધિ. પણ પછી છોડી દીધું. કારણ કે સંસ્કૃત ભણ્યા પછી સંસ્કૃત ભણાવાવાળાને મેં પ્રશ્ન કર્યો કે, આ દસઅઠઈનો અર્થ શું? તો કહ્યું, એ તો ગુરુગમે સમજાય. દસ ને આઠ અઢાર લેવા કે દસ ને આઠ એંસી લેવા? ત્યારે સંસ્કૃતથી કંઈ પત્તો નહિ લાગે. મેં પ્રશ્ન કર્યો હતો. જે સંસ્કૃત ભણાવતા હતા (એને). એક મહિનો કે દોઢ મહિનો પાંચ સંધિ ભણ્યા હતા. સાર્થ વ્યાકરણ ગૃહસ્થાશ્રમમાં. તો થયું, આ ભણી ભણીને ભણેલા છે ઈ અર્થ સમજે છે કે નહિ? પછી ભણીએ. એમણે કહ્યું, અમે તો એનો અર્થ શું છે એ નથી સમજતા. દસ અધ પાઠ આવે છે. પાંચ બોલ, પંચરંગી આવે છે ને? દસ અધ. દસના અડધા પાંચ રંગ. દસ અધ એટલે અમારે કઈ રીતે સમજવું? તો કહે, એ તો ગુરુગમ અને સંસ્કાર વિના નહિ સમજાય. સંસ્કૃતથી નથી સમજાતું. દસ અધ વણાઈનું આવે છે. પાંચ વર્ણ છે ને? તો એનો અર્થ દસ અધ કર્યો છે. દસથી અડધા પંચ વર્ણ.

એ તો એક ફેરી કહ્યું હતું ને? એક મોટો પંડિત 'કાશિ'નો આવ્યો હતો. (સંવત) ૧૯૮૦ ની સાલમાં. ૧૯૮૦-૮૦. ત્યાં 'બોટાદ' આવ્યો હતો. વ્યાખ્યાન સાંભળતો હતો.

બિચારો નરમ માણસ હતો. મેં કીધું, તમે બહુ સંસ્કૃત ભણ્યા છો તો હું એક પ્રશ્ન કરું છું, એનો અર્થ કરો. સંજોગી ભવસ્થ કેવળી. એમ મેં કહ્યું. ૧૯૮૦ની વાત છે. કેટલા વર્ષ થયા? વીસ ને ત્રેવીસ-ત્રેપન. આનો અર્થ કરો. તો એ કહે, મેં (સ) ઉપર મીંડુ ચડાવ્યું. જોઈએ, સયોગી જીવ કેવળી. પણ મેં કહ્યું, સંયોગી ભવસ્થ કેવળીનો અર્થ ખરો. તો કહ્યું, સંજોગવાળા ભવમાં રહેલા કેવળી, એમ અર્થ કર્યો. પણ એ અર્થ એમ છે જ નહિ. એ મીંડું ખોટું છે. ઉપરનું મીંડું. સંજોગી-એમાં મીંડું ખોટું છે. સયોગી ભવસ્થ કેવળી. જોગમાં આવેલા ભવમાં રહેલા કેવળી, એમ અર્થ છે. એ 'બનારસ'નો પંડિત આવ્યો હતો. બિચારો નરમ હતો. વ્યાખ્યાન સાંભળતા હતા. મેં કીધું, તમે બહુ ભણ્યા છો તો આ સંસ્કૃત શબ્દનો અર્થ કરો. તો આમ કર્યો-સંજોગી-સંજોગવાળા ભવમાં રહેલા કેવળી. એમ અર્થ છે જ નહિ. મીંડું ખોટું છે. બાપુ! આ સંસ્કાર. ન કહ્યું? કહ્યું ને?

આત્મિક સંસ્કાર નહિ, રાગમાં સંસ્કાર નાખ્યા. અહીંયાં સંસ્કાર નાખવા જોઈએ એના બદલે સંસ્કાર અહીંયાં નાખ્યા. સમજાય છે કાંઈ? પુણ્ય અને પાપમાં સંસ્કારબુદ્ધિથી ચાર ગતિમાં રખડે છે. અને પોતામાં સંસ્કાર નાખવાથી, હું આનંદ અને જ્ઞાનસ્વરૂપ છું, હું વિકાર નથી. હું શુદ્ધ ચિદાનંદઘન છું, એવા સંસ્કાર નાખવાથી એને અનુભવ થઈને સંસારનો અંત આવી જશે. સમજાય છે કાંઈ? આહાહા..! 'માંગીલાલજી'! અહીં તો આ વાત છે. પૈસા-બૈસાની અહીંયાં વાત નથી. આહાહા..! જોયું?

**'નાના વૃક્ષોરૂપે પરિણમે છે...'** નાના નામ અનેક ઝાડરૂપ પરિણમે છે. કોણ? પાણી. **'તેમ જીવદ્રવ્ય પોતાના શુદ્ધસ્વરૂપથી ભ્રષ્ટ થયું થકું નાના પ્રકારના ચતુર્ગતિપર્યાયરૂપે...'** નાના પ્રકાર. ત્યાં પણ નાના પ્રકાર લીધું. અનેક પ્રકાર. મનુષ્યગતિ, દેવગતિ ને બધી ગતિ. ચારે ગતિ પરાધીન દુઃખરૂપ (છે). આહાહા..! છે? ચારેમાં આવ્યું ને? **'નાના પ્રકારના ચતુર્ગતિપર્યાયરૂપે આસ્વાદે છે.'** જુઓ! ચતુર્ગતિમાં સ્વર્ગની ગતિ પણ આવી. એ દુઃખરૂપ આસ્વાદે છે. ત્યાં પણ દુઃખ જ છે. ધૂળમાં-સ્વર્ગમાં ક્યાંય સુખ નથી. 'પંચાસ્તિકાય'માં પ્રથમ ગાથામાં લીધું છે કે ચારેય ગતિ પરાધીન છે. કોઈ સ્વર્ગમાં સુખ છે, ધૂળેય સુખ નથી. સુખ તો ભગવાનઆત્મામાં છે. સમજાય છે કાંઈ? બહુ વૈભવ અને બહુ ઋદ્ધિ હોય એટલે બહુ સુખી છે (એમ નથી). આહાહા..!

**'ચતુર્ગતિપર્યાયરૂપે આસ્વાદે છે.'** જેમ પાણી ઝાડમાં ચડે છે તો પાણીનો સ્વાદ છૂટી જાય છે. એમ પોતાનો સ્વાદ છોડીને ચાર ગતિ પર્યાયમાં પોતાને આસ્વાદે છે. ત્યાં રાગનો સ્વાદ લ્યે છે. આહા..! નરકમાં તો દ્વેષનો સ્વાદ, સ્વર્ગમાં તો રાગનો સ્વાદ. પણ સ્વાદ વિકારનો સ્વાદ બધે ઠેકાણે છે. નિજ આનંદના સ્વાદથી ભ્રષ્ટ થયો થકો વિકારના સ્વાદમાં ચડી ગયો છે. આહાહા..! એ ચાર ગતિમાં વિકારનો સ્વાદ લ્યે છે. ચારે ગતિમાં વિકારનો સ્વાદ. સ્વર્ગમાં પણ? આહાહા..!

એકવાર એ કહ્યું હતું ને? એમાં છે. જેમ નરકમાં સ્વર્ગના સુખની કલ્પના નથી. સ્વર્ગમાં નરકના દુઃખની સ્થિતિ નથી. સૂર્યમાં અંધારું નથી. એમ ભગવાનઆત્મા ત્રિકાળમાં વિકાર નથી. આહાહા..! પરમાણુમાં પીડા નથી. એક પરમાણુ હોય એમાં ક્યાંય પીડા છે? બે

પરમાણુમાં પીડા તો નથી, પણ ત્યાં વિભાવરૂપ છે. બે પરમાણુથી સ્કંધ થાય એ વિભાવરૂપ છે. અને એક પરમાણુ સ્વભાવરૂપ છે. છતાં એને પીડા નથી. આહાહા...! દુઃખ નથી. તેમ સુખ પણ નથી. એ તો જડ છે. એમ ભગવાનઆત્મામાં પુણ્ય-પાપના વિકલ્પ નહિ, સંસારનો સંબંધ નહિ. આનંદનો નાથ પરમાત્મસ્વરૂપે બિરાજે છે. આહાહા.! એની દૃષ્ટિ કર ને સમ્યગ્દર્શન કર. તારા સંસારનો અંત આવશે. એ વિના સંસારનો અંત આવશે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- પરમાણુમાં પીડા નથી પણ .. પીડા છે?

ઉત્તર :- કોઈમાં પીડા નથી. એ તો કહ્યું ને? આ તો પરમાણુ એક જ છે, નાનો છે, છૂટો છે, સ્વભાવિક છે તો એમાં પીડા નથી. એમ ભગવાનઆત્મામાં પીડા નથી. આહાહા..! સમજાય છે કાંઈ? સ્વર્ગમાં નારકીનું દુઃખ નહિ, નારકીમાં સ્વર્ગનું સુખ નહિ, એમ ભગવાનમાં સંસારની ગંધ નથી. આહાહા..! ભગવાન કોણ? આત્મા, હોં! આહાહા..! સંસાર ઉદયભાવ છે. આહા..! સ્વભાવને છોડી ઉદયભાવમાં જોડાઈ ગયો છે. આહાહા..! એ બધા દુઃખી છે, કહે છે. બહારમાં માને કે સુખી છીએ.

એક જણ ઘણા વર્ષ પહેલા કહેતો હતો, અમારા વેવાઈ સુખી છે. 'નાનાલાલભાઈ' કરોડપતિ છે ને? એના વેવાઈ આવ્યા હતા. 'વઢવાણ'થી આવ્યો હતો. કોઈક 'ચૂડગર' હતો. અમારા વેવાઈ સુખી છે. કીધું, સુખીની વ્યાખ્યા શું? સુખીની વ્યાખ્યા શું? પૈસા ઝાઝા ને બાયડી, છોકરા (સારા હોય) ઈ સુખી? એ વ્યાખ્યા છે? આહા..! અહીંયાં થયું હતું, હોં! નામ ભૂલી ગયા. 'મણિભાઈ'? હા, 'મણિભાઈ'. 'ચૂડગર'. તમારા સાળા થાય ને? એક બીજા આવે છે ઈ જુદા, હોં! તમારા એક સાળા આવે છે ને? 'નારણભાઈ'? ઈ જુદા. પણ એ 'મણિભાઈ' તે દિ' કહેતા હતા. ઘણા વર્ષ થયા. સ્વાધ્યાય મંદિરમાં (વાત થયેલી). અમારા વેવાઈ સુખી છે. કરોડપતિ છે ને? 'નાનાલાલ કાળીદાસ'. અરે..! સુખીની વ્યાખ્યા શું? કીધું. ધૂળના ઢગલા (છે) માટે સુખી છે?

અહીં તો ચાર ગતિમાં દુઃખી છે, એમ કહે છે. આહાહા..! સ્વર્ગમાં પ્રાણી દુઃખી છે. આહાહા..! '**શુદ્ધ સ્વરૂપથી ભ્રષ્ટ થયું થકું નાના પ્રકારના ચતુર્ગતિપર્યાયરૂપે પોતાને આસ્વાદે છે.**' આહાહા..! હું મનુષ્ય છું, હું ક્રોધી છું, હું માની છું ને હું લોભી છું. આહાહા..! હું સ્વર્ગી છું, હું દેવ છું ને હું દેવી છું, એવા વિકારનો સ્વાદ, નિજ સ્વરૂપના સ્વાદથી ભ્રષ્ટ થયો થકો એ સ્વાદને લે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

'**થયો તો કેવો થયો?**' '**बलात् निजौघं नीतः**' હવે સવળો થયો. ઊલટો તો હતો, હવે સવળો થાય છે. સવળો સમજ્યા? નિજ સ્વરૂપમાં (આવ્યો). '**બળજોરીથી પોતાની શુદ્ધસ્વરૂપલક્ષણ નિષ્કર્મ અવસ્થા તે-રૂપ પરિણમ્યો છે.**' આહાહા..! '**बलात् निजौघं नीतः**' આહાહા..! એ રાગ ને વિભાવથી છૂટીને નિજ પુરુષાર્થથી. '**निजौघं**' નિજ ઓઘ. આનંદનો મોટો ઓઘ પડ્યો છે. એમાં આવી જાય છે-પરિણમે છે. આહાહા..! સમજાય છે કાંઈ? જુઓ! '**બળજોરીથી...**' પુરુષાર્થથી. એનો અર્થ ઈ કે કર્મનો અભાવ થયો તો અહીંયાં સમકિતનો પુરુષાર્થ થયો, એમ નહિ. પોતાના પુરુષાર્થથી. પર તરફનું વલણ છોડી, નિજ સ્વભાવ

તરફનું વલણ-ઝુકાવ કર્યો, એ પોતાના પુરુષાર્થથી કર્યો. આહાહા..! સમજાય છે કાંઈ? 'નિષ્કર્મ અવસ્થા' 'निजौधं'ની વ્યાખ્યા કરી. નિજ ઓઘ. **'પોતાની શુદ્ધસ્વરૂપલક્ષણ નિષ્કર્મ અવસ્થા તે-રૂપ પરિણમ્યો છે.'** સમ્યગ્દર્શનરૂપે પરિણમ્યો છે એ પોતાનું 'निजौधं'નું પરિણમન છે. પોતાનું શુદ્ધ આખો ઓઘ-ગંજ પડ્યો છે, એનું એ પરિણમન છે. આહાહા..! આવી વાત હવે ખ્યાલમાં ન આવે એટલે પછી બીજે ચડી જાય અને જિંદગી વ્યર્થ થઈ જાય. આહાહા..!

આના સંસ્કાર રહે તોપણ આગળ વધી જાય. સમજાય છે કાંઈ? રાગથી ભિન્ન મારી ચીજ છે, મારી ચીજમાં તો રાગ છે જ નહિ અને રાગથી મારા કલ્યાણની પર્યાય-પરિણતિ કદી પરિણમતી નથી. આહાહા..! 'निजौधं'માં મારી દૃષ્ટિ થાય તો હું શુદ્ધરૂપે પરિણમું છું. મારા પુરુષાર્થથી. ત્યારે સમ્યગ્દર્શન થાય છે, એમ કહે છે. (વિશેષ લઈશું...)

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

(અનુષ્ટુપ)

विकल्पकः परं कर्ता विकल्पः कर्म केवलम्।
न जातु कर्तृकर्मत्वं सविकल्पस्य नश्यति।।५०-९५।।

ખંડાન્વય સહિત અર્થ :- 'सविकल्पस्य कर्तृकर्मत्वं जातु न नश्यति' ( सविकल्पस्य ) કર્મજનિત છે જે અશુદ્ધ રાગાદિભાવ તેમને પોતારૂપ જાણે છે એવા મિથ્યાદૃષ્ટિ જીવને ( कर्तृकर्मत्वं ) કર્તાપણું-કર્મપણું ( जातु ) સર્વ કાળ ( न नश्यति ) મટતું નથી, કારણ કે 'परं विकल्पकः कर्ता, केवलम् विकल्पः कर्म' ( विकल्पकः ) વિભાવ-મિથ્યાત્વ-પરિણામે પરિણમ્યો છે જે જીવ ( परं ) તે જ માત્ર ( कर्ता ) જે ભાવરૂપ પરિણમે તેનો કર્તા અવશ્ય થાય છે; ( विकल्पः ) મિથ્યાત્વ-રાગાદિરૂપ અશુદ્ધ ચેતનપરિણામ ( केवलम् ) તે જ માત્ર ( कर्म ) જીવનું કાર્ય જાણવું. ભાવાર્થ આમ છે કોઈ એમ માનશે કે જીવદ્રવ્ય સદાય અકર્તા છે; તેનું આમ સમાધાન છે કે જેટલો કાળ જીવનો સમ્યક્ત્વગુણ પ્રગટ થતો નથી તેટલો કાળ જીવ મિથ્યાદૃષ્ટિ છે; મિથ્યાદૃષ્ટિ હોય તો અશુદ્ધ પરિણામનો કર્તા થાય છે, પરંતુ જ્યારે સમ્યક્ત્વગુણ પ્રગટ થાય છે ત્યારે અશુદ્ધ પરિણામ મટે છે, ત્યારે અશુદ્ધ પરિણામનો કર્તા થતો નથી. ૫૦-૯૫.

## શ્રાવણ વદ ૧૩, રવિવાર, તા.૧૧-૯-૧૯૭૭
## કળશ - ૯૫-૯૬, પ્રવચન - ૯૨

વિપરીત માન્યતામાં કેટલું નુકસાન છે અને અવિપરીત માન્યતામાં કેટલો લાભ છે, એ બેયની ખબર નથી. આહાહા..! અહીંયાં 'सविकल्पस्य'ની વ્યાખ્યા છે. સવિકલ્પ એમ શબ્દ

છે. વિકલ્પ સહિત. સીધો અર્થ લઈએ તો. 'सविकल्पस्य' વિકલ્પ સહિત. વિકલ્પ સહિતની વ્યાખ્યા-જે કર્મના નિમિત્તના સંગે ઉત્પન્ન થયેલા પુણ્ય-પાપના ભાવ. એ પોતાના જાણે છે, એ જીવ સવિકલ્પ છે. આહાહા..! સમજાય છે કાંઈ? પરમાત્માના પંથ તો આ છે, ભાઈ! આહાહા..! એ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ ઉત્પન્ન થાય છે, એ પરમાર્થે તો કર્મજનિત છે. આહાહા..! સ્વભાવમાં કોઈ શક્તિ કે ગુણ (એવો) નથી કે વિકૃત થાય. પર્યાયમાં વિકૃત થાય છે એ પર્યાયની યોગ્યતાથી, કર્મના સંગે ઉત્પન્ન થાય છે. આહાહા..! નિજ સંગ છોડીને પરના સંગને કારણે રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ ? આહાહા..!

ભગવાન આનંદની મૂર્તિ પ્રભુ, અનાકુળ આનંદનો રસ ભગવાન, વિજ્ઞાન એકરસ જેનો છે, એ આવ્યું હતું. આહાહા..! એને છોડીને ઉપાધિ, મેલ, ચાહે તો શુભભાવ હો કે અશુભ હો, મૂળ રોકાયો છે શુભભાવમાં. સમજાય છે કાંઈ? દયા, દાન, વ્રત, તપસ્યા, ભક્તિ, જાત્રાનો વિકલ્પ જે છે એ 'सविकल्पस्य'. જે વિકલ્પ છે એ વિકલ્પ મારો છે, એવો 'सविकल्पस्य'. થોડી ઝીણી વાત પડે. સમજાય છે કાંઈ? 'सविकल्पस्य' એક શબ્દમાં આટલું ભર્યું છે. જે રાગાદિ ભાવ વિકલ્પ રાગ છે, જે નિજ સ્વરૂપમાં નથી, એવા રાગને પોતાનો જાણે છે, એ સવિકલ્પ જીવ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાય છે કાંઈ? બહારની વાત તો શું કરવી, કહે છે. શરીર ને સ્ત્રી ને કુટુંબ ને મકાન ને પૈસા મારા, એ તો સ્થૂળ મિથ્યાદૃષ્ટિ (છે). આહાહા..! અરે..! જૂઠો, મોટો જૂઠો છે.

અહીં તો પરમાત્મા એમ કહે છે, 'सविकल्पस्य' આહાહા..! જેણે પોતાને કર્મજનિત વિકાર સહિત માન્યો છે. સવિકલ્પ શબ્દનો (એ અર્થ છે). રાગ સહિત એટલે રાગ તે હું, એ રાગસહિત પોતાને માને છે કે રાગ તે હું છું, એ સવિકલ્પ જીવ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! છે? સૂક્ષ્મ વાત છે, ભગવાન! તારા પંથ કોઈ અલૌકિક છે, ભાઈ! વર્તમાનમાં તો બહુ ગડબડ થઈ ગઈ છે. આ સત્ય બહાર આવ્યું તો ગડબડ થઈ ગઈ. અરે..! ભગવાન!

મુમુક્ષુ :- ગડબડ મટે છે.

ઉત્તર :- હા, પણ આ ગડબડ સાંભળી નહિ? 'કોટા'માં ફરી તોફાન થયા. સાંભળ્યું? આ તમારા ભાઈએ પણ કહ્યું, આવું થાય ત્યારે આપણે શું કરવું? અમારે સહન કરવું પડે. કાલે રાત્રે કહ્યું હતું. નહિ? ભાઈ! આવા તોફાન થાય તો અમારે શું કરવું? સહન કરવું, પ્રભુ! આહાહા..!

મુમુક્ષુ :- સહન ન થાય તો?

ઉત્તર :- સહન ન થાય એમ નહિ. પોતાના જાણનસ્વભાવમાં રહેવું. એમાં શું છે? ચાહે તો જગતમાં ફેરફાર થાઓ. જે સત્ય શ્રદ્ધા છે એનાથી કોઈ ભ્રષ્ટ કરાવે એવી કોઈ ચીજ જગતમાં નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

ભગવાનઆત્મા આનંદસ્વરૂપ પ્રભુ અનાકુળ આનંદમાં વિકલ્પ સહિતપણું એટલે? આનંદ સહિત પ્રભુ છે, એને રાગ સહિત એટલે દુઃખ સહિત જાણવું. આહાહા..! સમજાય છે કાંઈ? સવિકલ્પનો અર્થ ચાલે છે. વિકલ્પ સહિત એમ શબ્દ છે ને? પંડિતજી! સવિકલ્પ-વિકલ્પ સહિત. અર્થાત્ ભગવાનઆત્મા તો આનંદ સહિત છે. એમાં વિકલ્પ સહિત-વિકલ્પ

મારો છે, એમ માનવું. આહાહા..! એ મિથ્યાત્વ છે. એ નિગોદનું બીજ છે. આહાહા..!

મુમુક્ષુ :- એટલો વિકલ્પ...

ઉત્તર :- એટલો જ વિકલ્પ ક્યાં છે? મોટા આનંદના નાથને છોડી દીધો અને કૃત્રિમ ક્ષણિક રાગને પોતાનો માન્યો. એ મોટો.. શું કહે છે તમારે? ચોર. એ કાકડીનો ચોર નથી. રાજદરબારમાં પેસીને લૂંટ કરી છે. આહાહા..! સમજાય છે કાંઈ? કહ્યું હતું ને એકવાર? 'ભાવનગર' દરબારનું. 'ભાવનગર' દરબાર છે. તખ્તસિંહજી હતા. અત્યારે તો ચોથી પેઢી છે. એની પહેલા 'કૃષ્ણકુમાર' હતા, એ અહીંયા આવ્યા હતા. એની પહેલા 'ભાવસિંહજી' અને એની પહેલાં 'તખ્તસિંહજી' (હતા). અમારી નાની ઉંમરમાં 'ઉમરાળા' આવ્યા ને તો 'ભાવનગર'... એની એક રખાત બાઈ હતી. રખાત બાઈ સમજ્યા? રખાત રાખેલી. ત્યાં એ ઓરડામાં સૂતા હતા. ત્યાં એક માણસ આવ્યો. ચોર. સોનાની ઘડિયાળ (હતી), એ તો મોટો રાજા ને. એ વખતે પચીસ લાખની ઊપજ (હતી). અત્યારે એક કરોડની છે. એ અંદર આવ્યો કઈ રીતે? દરવાજામાં તો આરબ લોકો બેસતા હતા અને કાવા પીને. કાવા પીવે તો ઊંઘ ન આવે. દરવાજે (બેઠા હોય). એટલે દરબારનું રખોપુ (થાય). અંદર કોઈ પ્રવેશ ન કરી શકે. આખી રાત જાગે. અને કાવા પીવે. બુંદ.. બુંદ. બુંદ નથી હોતું? શું કહે છે? બુંદદાણા. બુંદદાણા નથી સમજતા? બુંદની કોફી હોય ને? ચા નહિ, બુંદની ચા. બુંદદાણા થાય છે. બુંદ કોફી થાય છે. એ કોફી પીવે તો ઊંઘ ન આવે.

ચોરી કરવી હતી, હવે જાવું કેમ? આ તો મોટો પચીસ-ત્રીસ હાથ ઊંચો ગઢ. એક નિસરણી બનાવી. નિસરણી. શું કહે છે? બહાર નિસરણી રાખી અને નિસરણીથી ગઢ ઉપર ચડી ગયો. નિસરણી અંદર લઈ લીધી. પાછો એમાંથી ઉતરે. પછી અંદર દરબારમાં ગયો. સૂતા હતા ત્યાં. ત્યાં સોનાની ઘડિયાળ હતી એ લઈ લીધી. લઈને પછી નિસરણી ઉપર ચડી, વળી નિસરણી ઊતરીને ચાલ્યો ગયો. વળી લોભ લાગ્યો. આ તો મફત મળ્યું. લાવ ને, ફરીને બીજી વસ્તુ લેવા જાઉં. ફરીને અંદર ઊતરીને ગયો. ગયો ને દરબાર જાગી ગયા. દરબાર હતો ને. ત્યાં તલવાર તો ખુલ્લી રાખે. બંધ ન હોય. કારણ કે દરબાર છે ને. ખુલ્લી તલવાર પડી હતી. દરબારે જોયું કે આ તો ચોર છે. બાઈ કહે, અહંહં...! અરે..! અમારા દરબારગઢમાં એમાં પણ અમે જ્યાં સૂતા ત્યાં ચોર? એ કાકડીનો ચોર નથી, એ મોટા રાજદરબારનો ચોર છે. સમજાય છે કાંઈ? આહાહા..! પછી તો રાણીએ-બાઈએ બચાવી લીધો. મારો નહિ. એ તો .. બિચારો..

એમ અહીંયાં આત્મા આનંદના નાથના દરબારમાં ન જતાં રાગનો વિકલ્પ છે એને પોતાનો માને છે, એ મોટો ચોર છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ આવ્યું હતું ને? 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર'માં આવે છે. 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર'. પ્રતિક્રમણના અધિકારમાં આવે છે. ઈ ચોર છે. ચોર.. ચોર છે. આહાહા..! નિજ નિધિને નહિ સંભાળતાં પોતાના ચૈતન્ય આનંદ અને જ્ઞાનનો અનાદર કરી, કૃત્રિમ ક્ષણિક દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામનો આદર કરી, એ મારા છે, એમ માની મિથ્યાદૃષ્ટિને વિકલ્પ છે તેનો એ કર્તા થાય છે. આહાહા..! બહુ તૈયારી (જોઈએ). શરતું બહુ આકરી, બાપા! આહાહા..!

**'सविकल्पस्य' 'કર્મજનિત છે જે અશુદ્ધ રાગાદિ ભાવ તેમને પોતારૂપ જાણે છે...'** છે ને? સવિકલ્પની વ્યાખ્યા. **'એવા મિથ્યાદષ્ટિ જીવને...'** આહાહા..! રાગને પોતાનો માને છે, એવા મિથ્યાદષ્ટિ જીવને **'कर्तृकर्मत्व' 'કર્તાપણું-કર્મપણું સર્વ કાળ મટતું નથી,...'** આહાહા..! રાગનો કણ-મેલ, ઝેર, દુઃખને પોતાનો માનનારને, રાગ મારું કર્તવ્ય છે અને રાગ મારું કાર્ય છે, એ નાશ નહિ થાય. એને કર્તા-કર્મપણું થશે. આહાહા..! 'મણિભાઈ'! 'સોમચંદભાઈ' ગયા? ઠીક. વેપાર-બેપાર, ધંધા કરવા... આહાહા..! અરે..! આવો ટાઈમ ક્યાં મળે? બાપુ! આ ચીજ અંદર શું છે? ત્રિકાળી આનંદનો નાથ અનાદિઅનંત. અનાદિઅનંત અનંત શક્તિ સંપન્ન પ્રભુ અનંત શક્તિવાન. અનંત શક્તિ સંપન્ન શક્તિવાન અનાદિઅનંત વસ્તુ છે. એની નજરું નહિ કરતાં, એના અસ્તિત્વને શ્રદ્ધામાં નહિ લઈને ક્ષણિક વિકાર મારી ચીજ છે, એમ શ્રદ્ધામાં લેનારને એનું કર્તા-કર્મપણું નાશ નથી થતું. સમજાય છે કાંઈ? આહાહા..! 'ચીમનભાઈ'! આ બધું બહારનું.. તમારે શું કહેવાય? સ્ટીલનું. એ તો કાંઈ કરી શકતો નથી. 'પોપટભાઈ'! તમારે સ્ટીલનું કારખાનું છે ને? ત્યાં એક ફેરી લઈ ગયા હતા. પછી કહે, આ સ્ટીલ લ્યો. એકાદ કળશો. કીધું, અમારે સ્ટીલનું શું કરવું? સ્ટીલ આવે છે ને? સ્ટીલ. એનું કારખાનું. 'વઢવાણ.. વઢવાણ'. સ્ટીલનો એક કળશો લઈ જાઓ. ભાઈ! અમારે સ્ટીલનું શું કરવું છે? આહાહા..!

અહીંયાં તો કહે છે કે એ લોઢું જેમ કાટવાળું છે, એમ રાગ કાટવાળી ચીજ છે, કાટ છે. નિજ ચૈતન્યસૂર્યમાં ચૈતન્યસુવર્ણમાં રાગ કાટ છે. એ રાગ મારો છે, એમ માનનારો. રાગ સહિત **'सविकल्पस्य'** મિથ્યાદષ્ટિ છે, એનું રાગનું કર્તા-કર્મપણું નાશ નહિ પામે. આહાહા..! ટૂંકામાં... સમજાય છે કાંઈ? છે?

**'તેમને પોતારૂપ જાણે છે...'** સવિકલ્પ કહ્યું ને? રાગસહિત-રાગ મારો છે એમ માનનાર. વિકલ્પ સહિતનો અર્થ એ. કે વિકલ્પ ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, નામસ્મરણ આદિનો વિકલ્પ હો, પણ એ રાગ મારો છે, રાગ સહિત હું છું, એમ માનનાર મિથ્યાદષ્ટિ, રાગ મારું કર્તવ્ય છે અને હું કરનારો છે, એવા કર્તા-કર્મપણાનો નાશ કદી થતો નથી. 'નેમચંદભાઈ'! આહાહા..! અહીં તો હજી વ્રત ને તપ ને ભક્તિ કરીએ એનાથી કલ્યાણ થાય, એમ કહે છે. અહીં કહે છે કે એ વ્રત, તપ આદિનો વિકલ્પ ઊઠે છે, એને પોતાનો માનવો, એ મિથ્યાદષ્ટિ છે. બહુ ફેર છે. 'જ્ઞાનચંદજી'! આહાહા..! ભગવાન! તારો માર્ગ તો અલૌકિક છે, નાથ! ઓહોહો..!

ભગવાન અનંત આનંદની ચૈતન્યશક્તિથી ચૈતન્યરત્નાકર ભરેલો છે. એનો સ્વામી નહિ થઈ, એની આસ્તિક્યતા છોડી, રાગની આસ્તિક્યતા કરનારો, રાગનો હું કર્તા અને રાગ મારું કાર્ય (એમ માનનારો) મિથ્યાદષ્ટિ છે. આહાહા..! **'સર્વ કાળ મટતું નથી,...'** 'जातु' છે ને? 'जातु'. એ રાગ સહિત પોતાને માનનારો, એ જીવને રાગનું કર્તાપણું અને કર્મપણું કદી છૂટતું નથી. આહાહા..! ભારે આકરું કામ આવું. સાંભળવામાં પણ કઠણ પડે, ઈ પરિણમે કે દિ'? આહાહા..! જે **'કારણથી...'** **'परं विकल्पकः कर्ता, केवलम् विकल्पः कर्म'** આહાહા..!

'વિભાવ-મિથ્યાત્વ-પરિણામે પરિણમ્યો છે જે જીવ તે જ માત્ર જે ભાવરૂપ પરિણમે તેનો કર્તા...' રાગ સહિત હું છું, તો રાગરૂપ પરિણમે છે. રાગરહિત ભગવાન છે, એનું પરિણમન તો છે નહિ. કારણ કે રાગરહિત છું, એવી દૃષ્ટિ તો થઈ નથી. આહાહા..! રાગસહિત છું (એ માન્યતાને) કારણે રાગનું કર્તાપણું અને રાગ મારું કાર્ય, એ એને છૂટતું નથી. એ તો **'મિથ્યાત્વ-પરિણામે પરિણમ્યો છે...'** આહાહા..! કર્મજનિત વિકાર મારો છે, એમ માને છે એ મિથ્યાત્વરૂપે પરિણમ્યો છે. આહાહા..! છે?

**'જે જીવ તે જ માત્ર જે ભાવરૂપ પરિણમે તેનો કર્તા અવશ્ય થાય છે;...'** રાગરૂપે પરિણમન થયું તો એનો કર્તા છે જ. આહાહા..! સમજાય છે કાંઈ? આવો માર્ગ ભારે, ભાઈ! અહીં તો હજી એક જાત્રા કરે ને ભક્તિ કરે ને કલ્યાણ થઈ જાય. અરે..! પ્રભુ! સાંભળ તો ખરો, નાથ! તું ક્યાં ગયો? પ્રભુ! કહો, શેઠ! શરાફ છે, શરાફ. 'ગ્વાલિયર'. દીકરો કરતો હશે, દીકરો. આહાહા..! ઈ કહે છે. **'ભાવાર્થ આમ છે-કોઈ એમ માનશે કે જીવદ્રવ્ય સદાય અકર્તા છે;...'** એમ કોઈ માને કે જીવ તો સદાય રાગનો અકર્તા જ છે. સદા. એમ નથી. **'તેનું આમ સમાધાન છે કે જેટલો કાળ જીવનો સમ્યક્ત્વગુણ પ્રગટ થતો નથી...'** નિજ આનંદસ્વરૂપના અસ્તિત્વનું ભાન નથી થયું. સમ્યગ્દર્શન એટલે સત્યદર્શન. સત્યદર્શન એટલે ત્રિકાળી ભગવાન સત્યસ્વરૂપ પરમાત્મા ભૂતાર્થ સત્યાર્થ, એની દૃષ્ટિ જ્યાં સુધી ન થાય, ત્યાં સુધી રાગ મારો છે, એવો મિથ્યાત્વભાવ એને પરિણમે છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ?

'કનુભાઈ'! આવી વાત છે. જજ આવ્યા છે ને? ભાઈ! 'હીરાભાઈ'નો 'કનુ'! આપણા 'હીરાભાઈ'નો. જજ 'કનુભાઈ' આવ્યા છે ને. 'અમદાવાદ' જજ છે. ૨૨૦૦નો પગાર છે. ૨૨૦૦ રૂપિયા માસિક. અમે પહેલા એના મકાનમાં રહ્યા હતા ને. સવા ત્રણ વર્ષ. એના પિતાજીનું મકાન હતું. ઈ હવે ૧૭૦૦૦ માં લઈ લીધું છે. 'ધીરૂભાઈ' એ લઈ લીધું છે. અમે ત્યાં રહ્યા હતા ને. (એની) યાદગીરી માટે. ૧૭૦૦૦ માં લઈ લીધું. ૧૭ સમજ્યા? દસ અને સાત. એના મકાનમાં રહ્યા હતા. એ 'અમદાવાદ'માં જજ છે. ૨૨૦૦નો માસિક પગાર છે. આ ભાઈ પાસે બેઠા છે ને. આહાહા..! આ 'સુમનભાઈ'ને આઠ હજારનો પગાર છે. 'રામજીભાઈ'ના દીકરા. માસિક આઠ હજાર. એમાં શું થયું? ધૂળ. આહાહા..! અહીં તો, પૈસા મારા માને એ તો મૂઢ છે પણ રાગ મારો માને એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. કહો, 'રતનચંદજી'! આહા..! આવી વાત, બાપુ! આ તો વીતરાગનો માર્ગ છે, પ્રભુ! વીતરાગનો માર્ગ રાગથી પ્રગટ ન થાય. રાગ રહિત ભગવાન સત્યાર્થ પ્રભુ, વીતરાગમૂર્તિ પ્રભુનો આશ્રય કરવાથી સમ્યક્ સત્યદર્શન થાય છે. સમજાય છે કાંઈ? ત્યારે રાગ મારું કર્તવ્ય અને રાગ કર્મ, એ વાત છૂટી જાય છે. આહાહા..! છે?

**'જેટલો કાળ જીવનો સમ્યક્ત્વગુણ પ્રગટ થતો નથી તેટલો કાળ જીવ મિથ્યાદૃષ્ટિ છે;...'** અર્થાત્ સ્વભાવની દૃષ્ટિ જ્યાં સુધી નથી થઈ ત્યાં સુધી વિભાવની દૃષ્ટિ છે, ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! **'મિથ્યાદૃષ્ટિ હોય તો અશુદ્ધ પરિણામનો કર્તા થાય છે,...'** અસત્યદૃષ્ટિ-જૂઠી દૃષ્ટિ છે, રાગસહિત પોતાને માન્યો એ તો જૂઠી દૃષ્ટિ છે. અને જૂઠી દૃષ્ટિને કારણે કર્તા થાય છે. આહાહા..! **'પરંતુ જ્યારે સમ્યક્ત્વગુણ પ્રગટ થાય છે ત્યારે અશુદ્ધ**

**પરિણામ મટે છે,...**' ભાષા જુઓ! સમ્યગ્દૃષ્ટિને તો અશુદ્ધ પરિણામ મટી જાય છે. એના અશુદ્ધ પરિણામ છે જ નહિ. આહાહા..! અશુદ્ધ પરિણામ આવે છે એ એના નથી. એના સ્વામી નથી. આહાહા..! ઈ શક્તિ આવશે. સ્વસ્વામીસંબંધ. ૪૭ મી શક્તિ છે ને? પંડિતજી! ૪૭મી છેલ્લી. સ્વસ્વામીસંબંધ શક્તિ. ઘણી ગંભીરતા ભરી છે. એનો અર્થ આ કે નિજ દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ અને સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થઈ, એ શુદ્ધ. એ પોતાનું સ્વ અને એનો એ સ્વામી. રાગ સ્વ અને રાગનો સ્વામી સમ્યગ્દૃષ્ટિ નહિ. આહાહા..! તો વળી આ પત્નીનો પતિ ને નરેન્દ્ર-નરનો ઈન્દ્ર ને નરેન્દ્ર ને ભૂપેન્દ્ર ને... આહાહા..! ધૂળમાંય નથી. આહા..!

અહીંયા કહે છે કે '**અશુદ્ધ પરિણામ મટે છે, ત્યારે અશુદ્ધ પરિણામનો કર્તા થતો નથી.**' કેમ? કે જ્યારે વિભાવ પરિણામને પોતાના માનતો હતો ત્યાં સુધી વિભાવ ઉપર દૃષ્ટિ હતી, ત્યાં સુધી વિભાવરૂપ પરિણમન હતું, ત્યાં સુધી વિભાવનું કર્તા-કર્મપણું હતું. જ્યારે વિભાવ પરિણામ મારા નથી, મારી તો શુદ્ધ ચૈતન્યઘન વસ્તુ છે, એવી દૃષ્ટિ થઈ તો અશુદ્ધ પરિણામ મટી ગયા. અશુદ્ધ પરિણમન જ રહ્યું નહિ. આહાહા..! કેમકે દ્રવ્ય અને ગુણ શુદ્ધ છે એનો સ્વીકાર કર્યો તો પરિણામમાં પણ શુદ્ધતાના જ પરિણામ રહ્યા, અશુદ્ધતા રહી નહિ. આહાહા..! અશુદ્ધતા છે એ જ્ઞાનમાં પરજ્ઞેય તરીકે જણાય છે, સ્વ તરીકે નહિ. સમજાય છે કાંઈ?

અજ્ઞાનીને અશુદ્ધતા મારી છે એવી માન્યતાને કારણે કર્તા-કર્મપણું ઊભું છે. અને જ્ઞાનીને અશુદ્ધ પરિણામની દૃષ્ટિ છૂટી ગઈ છે અને શુદ્ધ દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિ થઈ છે તેથી ત્યાં અશુદ્ધ પરિણમન જ નથી, શુદ્ધ પરિણમન જ છે. અશુદ્ધ પરિણમન છે તેનો જ્ઞાતા છે તો એનું શુદ્ધ પરિણમન જ છે. આહાહા..! આવી વાત છે. પેલા કહે, દયા પાળો, વ્રત પાળો (એટલે) થઈ ગયો ધર્મ. અરે..! ભગવાન! એ દયાનો ભાવ રાગ મારો છે, વ્રતનો રાગ મારો છે ત્યાં સુધી તો એ મિથ્યાદૃષ્ટિનું અશુદ્ધ પરિણમન છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીંયાં તો સમ્યગ્દૃષ્ટિ થયો એટલે અશુદ્ધ પરિણમન મટી ગયું, એમ કહે છે. અશુદ્ધ પરિણામ થાય છે પણ તેનો જ્ઞાતા રહ્યો માટે મટી ગયું, એમ કહેવું છે. સમજાય છે કાંઈ? બારમી ગાથામાં આવ્યું ને? વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. તદાત્વે-પ્રયોજનવાન છે. બારમી ગાથા. રાગ થાય છે, પણ એનો જાણનાર રહે છે. તો જે જાણનાર રહે છે એ કર્તા થતો નથી. જાણનાર રહે છે એ શુદ્ધરૂપ પરિણમન કરે છે. અશુદ્ધરૂપ પરિણમન પોતામાં નથી લાવતો. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- જ્ઞાતા રહેવું એ જ પ્રયોજન છે.

ઉત્તર :- ઈ છે. જ્ઞાતાની પર્યાયમાં એનું જ્ઞાન થયું, પણ એ ચીજ ન આવી. સમજાય છે કાંઈ? પરિણામમાં અશુદ્ધતા ન આવી. પરિણામમાં અશુદ્ધતાને જ્ઞાતાના જાણનાર પરિણામ થયા, પણ અશુદ્ધતા ન થઈ. માટે શુદ્ધ પરિણમન જ છે, અશુદ્ધ પરિણમન નથી. આહાહા..! સમજાય છે કાંઈ? જરી કઠણ પડે પણ આ સમજવાની (વસ્તુ છે). એ વિના એના જન્મ-મરણના આરા નહિ મટે, ભાઈ! આહાહા..! કોઈ શરણ નથી. આહાહા..! એકલા પાપ કર્યા, (એકલો) દુઃખ ભોગવે.

એક દૃષ્ટાંત છે. એક નાનો ભાઈ હતો. એના મોટા ભાઈએ એને રોગ થયો તો એની ચાકરી કરી. ચાકરી કરતાં કરતાં ઈંડા પણ લઈ આવ્યો. ઈંડા. ઈંડા સમજ્યા? ઈંડા નથી આવતા? માંસ.. ઈંડા. ઈંડા લાવીને આપ્યા. નાના બાળકને-ભાઈને ખબર નહિ કે આ ઈંડા છે. ભેગા નાખીને આપ્યા. હવે એ મરીને નરકે ગયો. મોટો ભાઈ નરકમાં ગયો. અને નાના ભાઈના પરિણામ જરી ઠીક રહ્યા તો ત્યાં પરમાધામી દેવ થયો. પરમાધામી એને મારતો હતો. નારકીને ખ્યાલ આવ્યો. ભાઈ! મેં તો તારે માટે પાપ કર્યા અને તું મને મારે છે? સમજાય છે કાંઈ? ખ્યાલ આવ્યો કે આ તો પૂર્વનો મારો નાનો ભાઈ છે અને હું મોટો ભાઈ હતો. મેં એને માંસ ખવરાવ્યું હતું. ઈંડા, માછલા. એને ખબર પડ્યા વિના. એના પરિણામમાં જરી ભવનપતિનો દેવ થાય, એવા પરિણામ રહ્યા. આ મરીને નરકે ગયો. નરકમાં એ પરમાધામી મારતો હતો. ભાઈ! મેં તારે માટે પાપ કર્યા અને મારે નરકમાં આવવું પડ્યું. અને તું મને મારે છે? કોણે કહ્યું હતું? મેં ક્યાં કહ્યું હતું તને?

મુમુક્ષુ :- હિન્દીવાળાને ન સમજાયું.

ઉત્તર :- આ ભાષા ગુજરાતી ક્યાં છે, હિન્દી થાય છે ને? છોટા ભાઈ હિન્દી તો છે, એમાં ગુજરાતી ક્યાં આવી? એને પોતાને અંદર એમ છે કે હું નથી સમજ્યો. છોટા લડકા કહ્યું, બડા ભાઈ કહ્યું, દો ભાઈ કહ્યું. મોટા ભાઈએ નાના ભાઈ માટે ઈંડા લાવીને આપ્યા. એ મોટો ભાઈ મરીને નરકમાં ગયો. નાનો હતો એ પરમાધામી થયો. તો પરમાધામી એને-નારકીને મારતો હતો. અરે..! ભાઈ! પણ મેં તારા માટે કર્યું અને તું મને મારે છો? કોણે કહ્યું હતું તને મારે માટે કરવાનું? 'માંગીલાલજી'! આહાહા..! સમજાય છે કાંઈ? પોતાના દીકરા માટે, બાયડી માટે પાપ કરે અને એ લોકોને બહુ ખબર ન હોય અને બિચારાના કોઈકના પરિણામ સારા હોય અને એ પરમાધામી થઈ જાય. અને આ મરીને નરકે જાય. અરે..! ભાઈ! મેં તારે માટે કર્યું. મને ખબર હતી? મને કહ્યું હતું કે હું માંસ આપું છું, ઈંડા આપું છું, માછલા આપું છું. મેં કહ્યું હતું? તેં પાપ કર્યા તો તું ભોગવ. શેઠ!

મુમુક્ષુ :- અમારે શું સમજવું?

ઉત્તર :- સમજી લ્યો ને જે સમજવું હોય ઈ. આહાહા..!

અહીં તો પરમાત્મા કહે છે, પ્રભુ! જ્યાં સુધી પોતાને રાગસહિતપણું માન્યું છે ત્યાં સુધી અશુદ્ધ પરિણમન હતું. ત્યાં સુધી અશુદ્ધનું કર્તા-કર્મપણું હતું. પણ જ્યારે આત્મા જ્ઞાયક છે, અશુદ્ધ પરિણામ ક્ષણિક વિકૃત છે, મારી ચીજ અવિકારી છે, એવા સત્યાર્થની દૃષ્ટિ થઈ, પેલું અસત્યાર્થ હતું, સત્યાર્થની દૃષ્ટિ થઈ ત્યારે શુદ્ધ પરિણમન રહ્યું, અશુદ્ધ પરિણમન ન રહ્યું. અશુદ્ધ છે, પણ તેનો જ્ઞાતા-દૃષ્ટા રહીને શુદ્ધ પરિણમન છે. આહાહા..! આવો માર્ગ છે, ભગવાન! અત્યારે તો મારીને એવો બગાડી માર્યો છે. હવે ચોર કોટવાળને દંડે એવું અત્યારે થયું છે. ઝાઝા ચોર હોય પછી કોટવાળને મુંઝવે. આહાહા..!

અહીંયાં કહે છે, અહીંયા તો '**અશુદ્ધ પરિણામ મટે છે,..**' એમ કહ્યું ને? સમ્યક્ થયું એટલે અશુદ્ધ પરિણામ બિલકુલ થતાં જ નથી? થાય છે પણ એનો જ્ઞાતા રહે છે, એ શુદ્ધ પરિણામનો ઈ કર્તા છે. સમજાય છે કાંઈ? અશુદ્ધ પરિણામ થાય છે, પરિણમન થાય છે પણ

જ્ઞાની એને પોતામાં નહિ માનીને એનો જ્ઞાતા રહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા! જ્ઞાતા-દૃષ્ટાના પરિણામ છે ઈ શુદ્ધ છે અને રાગાદિ અશુદ્ધ છે તો અશુદ્ધતાના જ્ઞાતા રહે છે. અશુદ્ધતાના કર્તા માનતા નથી. આહાહા..! આવો માર્ગ. હવે એ જ આવે છે, જુઓ! ૯૬.

(રથોદ્ધતા)

यः करोति स करोति केवलं
यस्तु वेत्ति स तु वेत्ति केवलम्।
यः करोति न हि वेत्ति स क्कचित्
यस्तु वेत्ति न करोति स क्कचित्।।५१-९६।।

ખંડાન્વય સહિત અર્થ :- આ અવસરે, સમ્યગ્દૃષ્ટિ જીવનો અને મિથ્યાદૃષ્ટિ જીવનો પરિણામભેદ ઘણો છે તે કહે છે 'यः करोति सः केवलं करोति' ( यः ) જે કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ ( करोति ) મિથ્યાત્વ-રાગાદિ પરિણામરૂપ પરિણમે છે ( सः केवलं करोति ) તે તેવા જ પરિણામનો કર્તા થાય છે; 'तु यः वेत्ति' જે કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવ શુદ્ધસ્વરૂપના અનુભવરૂપ પરિણમે છે 'सः केवलम् वेत्ति' તે જીવ તે જ્ઞાનપરિણામરૂપ છે, તેથી કેવળ જ્ઞાતા છે, કર્તા નથી. 'यः करोति सः क्कचित् न वेत्ति' જે કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ મિથ્યાત્વ-રાગાદિરૂપ પરિણમે છે તે શુદ્ધસ્વરૂપનો અનુભવનશીલ એક જ કાળે તો નથી હોતો; 'यः तु वेत्ति सः क्कचित् न करोति' જે કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવ શુદ્ધસ્વરૂપને અનુભવે છે તે જીવ મિથ્યાત્વ-રાગાદિ ભાવનો પરિણમનશીલ નથી હોતો. ભાવાર્થ આમ છે કે-સમ્યક્ત્વ અને મિથ્યાત્વના પરિણામ પરસ્પર વિરુદ્ધ છે. જેમ સૂર્યનો પ્રકાશ હોતાં અંધકાર હોતો નથી, અંધકાર હોતાં પ્રકાશ હોતો નથી, તેમ સમ્યક્ત્વના પરિણામ હોતાં મિથ્યાત્વપરિણમન હોતું નથી. તેથી એક કાળે એક પરિણામરૂપે જીવદ્રવ્ય પરિણમે છે, તે પરિણામનું તે કર્તા હોય છે. માટે મિથ્યાદૃષ્ટિ જીવ કર્મનો કર્તા, સમ્યગ્દૃષ્ટિ જીવ કર્મનો અકર્તા એવો સિદ્ધાંત સિદ્ધ થયો. ૫૧-૯૬.

## કળશ-૯૬ ઉપર પ્રવચન

यः करोति स करोति केवलं
यस्तु वेत्ति स तु वेत्ति केवलम्।
यः करोति न हि वेत्ति स क्कचित्
यस्तु वेत्ति न करोति स क्किचित्।।५१-९६।।

એનો આ હિન્દી શ્લોક 'સમયસાર નાટક'માં છે.

કરૈ કર્મ સોઈ કરતારા,

જો જાનૈ સૌ જાનનહારા.

જો કરતા નહિ જાનૈ સોઈ,

જાનૈ સો કરતા નહિ હોઈ. ૩૩.

ચોપાઈ છે. ચોપાઈ કહે છે ને? દેશી. એનો શ્લોક. આનો શ્લોક છે. 'यः करोति स करोति केवलं' **'કરૈ કર્મ સોઈ કરતારા,'** ઈ પહેલા પદનો અર્થ છે. રાગ કરે તે રાગનો કર્તા થાય છે. આહાહા..! અશુદ્ધ પરિણામ ઉપર જેની દૃષ્ટિ છે, એ અશુદ્ધ પરિણામનો કર્તા છે તો કેવળ કર્તા જ છે. અને 'यस्तु वेत्ति स तु वेत्ति केवलम्।' પણ જાણનાર તો કેવળ જાણનાર જ રહે છે. આહાહા..! પહેલામાં **'કરૈ કર્મ સોઈ કરતારા,'** બીજામાં, **'જો જાનૈ સો જાનનહારા.'** સમજાય છે કાંઈ? આહાહા..! શું કહ્યું? જે કંઈ રાગના પરિણામ થાય છે અને અશુદ્ધ પરિણામ ઉપર જેની દૃષ્ટિ છે તે તો રાગનો કર્તા, કેવળ કર્તા જ છે. અને જે અશુદ્ધ પરિણામનું કર્તૃત્વ છૂટીને અથવા અશુદ્ધપણાની દૃષ્ટિ છૂટીને શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ થઈ તો કેવળ જાણનાર જાણનાર જ રહે છે. એ કર્તા નથી. કર્તા તે જાણનાર નહિ અને જાણનાર તે કર્તા નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? ભાષા તો સાદી છે, બાપા! ભાવ તો છે ઈ છે, ભાઈ! આહાહા..! અરે..! ચોર્યાસી લાખના અવતારમાં ડુબકી મારીને દુઃખી પ્રાણી છે. સમજાય છે કાંઈ? એ રાગના ભાવને પોતાના માનીને, કર્તા થઈને એ દુઃખી થાય છે. અને નરક ને નિગોદમાં જાય છે. આહાહા..!

પહેલા એ કહ્યું, **'આ અવસરે, સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ જીવનો પરિણામભેદ ઘણો છે...'** આવો અર્થ લીધો છે. શું કહે છે? મિથ્યાદૃષ્ટિના પરિણામમાં અને સમ્યગ્દૃષ્ટિના પરિણામમાં ઘણો ફરક છે, ઘણો ભેદ છે. આહાહા..! ભેદ છે ને? તફાવત. 'यः करोति स करोति केवलं' જુઓ! **'જે કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ મિથ્યાત્વ-રાગાદિ પરિણામરૂપ પરિણમે છે તે તેવા જ પરિણામનો કર્તા થાય છે;...'** **'કરૈ કર્મ સોઈ કરતારા,'** એની આ વ્યાખ્યા થઈ. આહાહા..! જ્યાં સુધી એ પુણ્યના પરિણામ મારા છે, એમ માનીને કરે છે ત્યાં સુધી એ મિથ્યાદૃષ્ટિ કર્તાપણે પરિણમે છે. આહાહા..!

આ તો ઝીણી વાતું, બાપુ! એ છે વાતું ઝીણી, લોઢા કાપે છીણી. લોઢાની છીણી હોય છે ને? એ કાપે. આ લાકડી કાપે? લોઢાના બે ટુકડા કરવા હોય તો લાકડી મારે તો ટુકડા થાય? લોઢાની છીણી જોઈએ. એમ અહીંયાં પ્રજ્ઞાછીણી જોઈએ. આહાહા..! પ્રજ્ઞાછીણી અંદરમાં રાગ મારો નથી, હું તો જ્ઞાયકસ્વરૂપ છું, એમ પ્રજ્ઞાછીણી સંધિમાં મારી દીધી. આહાહા..! કેમ કે રાગ અને આત્મા વચ્ચે સંધિ થઈ જ નથી, એકરૂપ કદી થયા નથી. સંધિ છે. વચ્ચે સાંધ છે. ભિન્નતાની સાંધ છે. સમજાય છે કાંઈ? આહાહા..! આવું સાંભળવા પણ મળે નહિ બિચારાને, શું કરે? કહો, 'બાબુભાઈ'! જય નારાયણ! એકવાર ભક્તિ કરી આવ્યા. શેત્રુંજયની જાત્રા કરી આવ્યા, પછી કરો પાપ ગમે તેટલા. થઈ રહ્યું જાઓ.

મુમુક્ષુ :- અમારા ગુરુએ શીખડાવ્યું એમાં અમે શું કરીએ?

ઉત્તર :- શીખડાવ્યું પણ ઊંધુ માન્યું કોણે? કોઈ એમ કહે કે તમારા બાપને મારા બાપે પૂર્વે પાંચ લાખ રૂપિયા આપ્યા છે. લાવો. માનો? તમારા પિતાજીને મારા પિતાજીએ પાંચ લાખ આપ્યા છે. પહેલાના ભવમાં. લાવો આપો. તો માનો? એમ અજ્ઞાનીએ કહ્યું પણ પોતે માન્યું તો પોતાને રુચ્યું છે તો માન્યું છે. આહાહા..! કેમ, 'જિનેશ્વરદાસજી'! આવે છે. શાસ્ત્રમાં આ બધા દાખલા આવે છે. એકેએક. આહા..! દિગંબર શાસ્ત્રોમાં ગંભીરતાના દરિયા ભર્યા છે. આહાહા..! એમ છે. પિતાજીને પૂર્વ ભવમાં એના પિતાજીએ આપ્યા છે, એમ કહે તો માને? આહાહા..! એમ અજ્ઞાનીએ કહ્યું અને અજ્ઞાનીએ માન્યું, એ તો એની રુચિથી માન્યું છે. અજ્ઞાનીએ કહ્યું માટે માન્યું નથી. .. જ્ઞાતા અને જાણનાર રહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભાષા તો સાદી છે, ભગવાન! ભાવ તો જે છે ઈ છે, બાપુ! આહા..! અરે..! એ સત્ય વાત સાંભળવા ન મળે અને અસત્ય વાતને પંથે પડે, પ્રભુ! તારા આરા ક્યારે આવશે? આહાહા..! શું કહ્યું?

બે પદમાં તો એટલું સમાડી દીધું છે. આહાહા..! 'અમૃતચંદ્રાચાર્ય' ગજબ કામ કર્યા છે. હજાર વર્ષ પહેલાં ચાલતા સિદ્ધ! આહાહા..! ભીક્ષા માટે જાતા હોય, ટીકા કરતા હોય.. આહાહા..! તો કહે છે, અમે તો જ્ઞાતા-દ્રષ્ટા છીએ, પ્રભુ! હું તો જ્ઞાન ને દર્શનસ્વરૂપી છું. હું રાગરૂપ નથી. હું તો જ્ઞાન અને દર્શનસ્વરૂપી છું તો મારી પર્યાયમાં પણ જ્ઞાતા-દ્રષ્ટાપણું આવ્યું છે. રાગનું પરિણમન મારામાં આવ્યું જ નથી. આહાહા..! 'સમયસાર' બીજા શ્લોકમાં કહ્યું, '**कल्माषितायाम्**'. એનો તો જાણનાર રહ્યો કે મારી પર્યાયમાં દુઃખ છે. પ્રભુ! આ ટીકા કરવાના કાળમાં મારી દૃષ્ટિમાં દ્રવ્ય સ્વભાવ ઉપર જોર હશે. આ ટીકા કરવાના કાળમાં એ '**कल्माषितायाम्**'નો નાશ થઈ જશે. આહાહા..! અરે..! ભગવાન! અહીં તો સત્ય છે ઈ સત્ય છે અને અસત્ય છે ઈ અસત્ય છે, બાપુ! એ રાગ મારો માનવો એ અસત્યદૃષ્ટિ (છે). અસત્યદૃષ્ટિ કહો કે મિથ્યાદૃષ્ટિ કહો. મિથ્યા નામ અસત્ય દૃષ્ટિ. અને રાગસહિત હું નથી, હું તો આનંદ અને જ્ઞાન સહિત છું, એમ જ્ઞાતા-દ્રષ્ટા થયો તો ત્યાં જ્ઞાતા-દ્રષ્ટાના પરિણામ રહે છે. એ કર્તા થતો નથી અથવા અશુદ્ધરૂપે પરિણમન કરતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આવો અધિકાર છે. આહાહા..!

તારો અધિકાર જ ઈ છે, એમ કહે છે. તારો અધિકાર જ્ઞાતા-દ્રષ્ટાપણાનો છે. સમજાય છે કાંઈ? તારો અધિકાર, અશુદ્ધ પરિણામનો કર્તા થવું એ તારો અધિકાર છે જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! તું જ્ઞાતાપણાનો, દ્રષ્ટાપણાનો અધિષ્ઠાતા છે. અધિકારી પહેલા લીધું, પછી અધિષ્ઠાતા લીધું. આહાહા..! કેમકે ભગવાન! તારી રાગ ઉપરથી દૃષ્ટિ હટી ગઈ અને કૃત્રિમ ક્ષણિક રાગની પર્યાયબુદ્ધિ હતી ત્યાં સુધી અશુદ્ધ પરિણામ હતા. આહાહા..! હવે એ ક્ષણિક બુદ્ધિ છૂટી દ્રવ્યબુદ્ધિ થઈ. આહાહા..! તો એ કેવળ જ્ઞાતા રહે છે. અશુદ્ધ પરિણામરૂપે પરિણમતો નથી. '**જો જાનૈ સો જાનનહારા.**' 'જિનેશ્વરદાસજી'! એ 'સમયસાર-નાટક'માં આવ્યું ને? આહાહા..! ઘણું ભરી દીધું છે. 'બનારસીદાસે' આ શ્લોકમાંથી લીધું છે.

કરૈ કર્મ સોઈ કરતારા,
જો જાનૈ સો જાનનહારા.
જો કરતા નહિ જાનૈ સોઈ,
જાનૈ સો કરતા નહિ હોઈ.

'તુલસીદાસે' ચોપાઈમાં 'રામાયણ'માં બનાવ્યું છે. 'બનારસીદાસે' ચોપાઈમાં બનાવ્યું. એ 'તુલસીદાસ' એમને મળ્યા હતા. એ વખતે 'તુલસીદાસ'ને મળ્યા હતા. પછી ચેતનની રામાયણ આ જોઈએ. ઘટમાં આ રામાયણ છે. એ બનાવ્યું હતું, મળ્યા હતા. 'બનારસીદાસ'ની દશા તો અલૌકિક! કવિ પણ હતા અને સ્થિતિ પણ એવી હતી. હવે એને અત્યારે દિગંબર લોકો કહે છે કે અધ્યાત્મની ભાંગ પીને નાચે છે. અરે..! પ્રભુ! તને શું થયું? અરર..ર..! ભાઈ! અરર..ર..! અધ્યાત્મની ભાંગ હોય? ભગવાન! અધ્યાત્મના તો અંદર પ્યાલા, અધ્યાત્મના નિર્વિકલ્પ પ્યાલા હોય છે. ભાંગ કેવી? આહાહા..! શું કરે? પ્રભુના વિરહ પડ્યા. સાક્ષાત્ ત્રિલોકનાથના ભરતમાં વિરહ પડ્યા અને.. આહાહા..! કેવળજ્ઞાનની ઉત્પત્તિના વિરહ પડ્યા. ભગવાનના તો વિરહ પડ્યા પણ કેવળજ્ઞાનની ઉત્પત્તિ ન થાય. વિરહ પડી ગયા. આહા..! પિતાજી ગુજરી જાય, લક્ષ્મી નાશ પામે પછી છોકરાઓ તકરાર કરે. આઠ છોકરા હોય. આ મકાનમાં હું પહેલેથી રહું છું. હવે મને આપો. પણ ભાઈ! આપણી પાસે પચ્ચીસ લાખની મૂડી અને પાંચ લાખનું મકાન છે. એમાં તને પૈસાનો ભાગ આપવો અને મકાનનો દેવો, કઈ રીતે બને? લડે, તકરાર કરે. આહાહા..!

મુમુક્ષુ :- આ દૃષ્ટાંત લાગુ પડે છે?

ઉત્તર :- એ દૃષ્ટાંત-અહીંયાં ભગવાનનો વિરહ, કેવળજ્ઞાનની ઋદ્ધિનો નાશ અને છોકરાઓ તકરાર કરે, પેલો કહે, રાગથી લાભ થાય છે, પેલો કહે આત્માથી લાભ થાય. બરાબર છે? આહાહા..! વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ વદ ૧૪, સોમવાર, તા.૧૨-૯-૧૯૭૭
## કળશ - ૯૬-૯૭, પ્રવચન - ૯૩

૯૬ કળશ ચાલે છે. ભાવાર્થ. થોડું લીધું છે. ક્યાં સુધી આવ્યું છે? શું કહે છે? સમ્યગ્દૃષ્ટિ જીવ શુદ્ધ સ્વરૂપને અનુભવે છે. વાત સૂક્ષ્મ છે. ધર્મીજીવ નિજ શુદ્ધ ચૈતન્યસ્વરૂપને અનુભવે છે. તેથી અશુદ્ધ દયા, દાન, વ્રતાદિના પરિણામનો એ કર્તા થતો નથી. સમજાય છે કાંઈ? પરિણામ થાય છે પણ કર્તા નથી થતો. આહાહા..! કેમકે જ્ઞાનસ્વરૂપ આત્મા ચિદાનંદ પ્રભુ, એની પ્રભુતા રાગના કરવામાં નથી. રાગને કરવામાં તો એની દીનતા છે, મિથ્યાત્વભાવ છે. આહાહા..! એની પ્રભુતા તો હું જ્ઞાનસ્વરૂપ છું, આનંદસ્વરૂપ છું (એમાં છે). એમાં રાગ આવ્યો તેનો હું જ્ઞાતા છું. મારી ક્રિયા તો જ્ઞાનની અને આનંદની છે.

એમ નિજ સ્વરૂપની પ્રભુતામાં જ્ઞાતા-દૃષ્ટાપણું ભાસે છે એ ધર્મ છે. સમ્યગ્દૃષ્ટિને આમ ભાસે છે. હું જ્ઞાતા-દૃષ્ટા છું, રાગને તો જાણનાર છું. રાગનો કર્તા હું નહિ. આહાહા..! દયા, દાન, વ્રત, જાત્રા, ભક્તિના પરિણામ આવે છે, તોપણ ધર્મી એને જ્ઞાતા-દૃષ્ટા તરીકે જાણે છે. એ મારું કર્તવ્ય છે કે એ મારી ચીજ છે, એમ ધર્મી માનતો નથી. આહાહા..! આવો ધર્મ.

મિથ્યાદૃષ્ટિ જીવ એ રાગ જે અશુદ્ધ પરિણામ, શુભ હો કે અશુભ હો, એના ઉપર દૃષ્ટિ (એની) દૃષ્ટિ હોવાથી એ મારું કર્તવ્ય છે એમ માનીને, એ મારું કાર્ય છે એમ માનીને સ્વરૂપથી ભ્રષ્ટ (થયો) છે. આહાહા..! સમજાય છે કાંઈ? કઠણ પડે. લોકોને હજી વ્યવહાર કરતાં કરતાં નિશ્ચયધર્મ થાય, એ વાત તો બહુ દૂર રહી ગઈ. પણ વ્યવહાર આવે છે એનો કર્તા થાય છે એ પણ મિથ્યાદૃષ્ટિ છે, એમ કહે છે. કેમકે ભગવાનઆત્મા તો શુદ્ધ ચિદ્‌ઘન જ્ઞાનકંદ ચિદ્‌રસ આત્મા છે. જ્ઞાનરસ, આનંદરસ, શાંતરસ, વીતરાગરસથી આત્મા ભરેલો છે. એવી જેને દૃષ્ટિ થઈ એ રાગનો કર્તા થતો નથી. કેમકે પોતાની ચીજમાં રાગ નથી. આહાહા..! આવી વાત ઝીણી પડે લોકોને, શું થાય? શું કહે છે?

મુમુક્ષુ :- છે નહિ તો બહારથી ક્યાંથી રાગ આવે?

ઉત્તર :- આ વાતમાં બહુ ફેરફાર થઈ ગયો. આહાહા..!

ભગવાન અંતઃતત્ત્વ, અંતઃતત્ત્વ શુદ્ધ આનંદકંદનું જ્યાં સમ્યગ્દર્શનમાં ભાન થયું... આહાહા..! એ આનંદકંદનું વેદન થયું, ભાસ થયો, અનુભવ થયો ત્યારે તો એ શુદ્ધ પરિણામનો કર્તા છે એમ કહેવું એ ઉપચારથી છે. આહાહા..! કેમકે રાગનો કર્તા તો નથી. રાગ આવે છે પણ એને જ્ઞાતા તરીકે જાણે છે. તો એ જ્ઞાનપરિણામનો કર્તા આત્મા અને જ્ઞાનપરિણામ કર્મ, એ પણ ઉપચાર કથન છે. કર્તા-કર્મ બે ભેદ થઈ ગયા ને? આહાહા..! સમજાય છે કાંઈ? જ્યારે પોતાની જ્ઞાનપર્યાયમાં રાગ જણાયો તો એ જ્ઞાનની પર્યાયનો કર્તા આત્મા અને એ જ્ઞાનપર્યાય પોતાનું કાર્ય, એ જ્યારે ઉપચાર છે તો પરનો તો કર્તા છે જ નહિ.

મુમુક્ષુ :- રાગનો પણ કર્તા નથી.

ઉત્તર :- રાગ જ પર છે. અહીંયાં પરવસ્તુની (વાત જ નથી). સમજાય છે કાંઈ?

ઈ કહે છે, જુઓ! ભાવાર્થ છે ને? '**સમ્યક્ત્વ અને મિથ્યાત્વના પરિણામ પરસ્પર વિરૂદ્ધ છે.**' છે ભાવાર્થ? છઠ્ઠી લીટી-પંક્તિ. નીચેથી છઠ્ઠી લીટી. ભાવાર્થ. '**સમ્યક્ત્વ અને મિથ્યાત્વના પરિણામ પરસ્પર વિરૂદ્ધ છે. જેમ સૂર્યનો પ્રકાશ હોતાં અંધકાર હોતો નથી.**' આહાહા..! સૂર્યના પ્રકાશ કાળે અંધકાર નથી હોતો. '**અંધકાર હોતાં પ્રકાશ હોતો નથી.**' આહાહા..!

મુમુક્ષુ :- એમ ન થાય કે અડધો પ્રકાશ અને અડધું અંધારું?

ઉત્તર :- એમ હોય જ નહિ. પ્રકાશ અને અંધકાર બેય સાથે રહે જ નહિ. સમજાય છે કાંઈ?

અહીંયાં તો રાગનો કર્તા અને જ્ઞાતાનો કર્તા, એ વાત સિદ્ધ કરવી છે. રાગ થાય છે, એ તો પહેલા આવ્યું. જ્ઞાનધારા અને કર્મધારા બે જ્ઞાનીને પણ હોય છે. ધર્મીને પણ જ્ઞાનધારા

અને કર્મધારા-રાગધારા (હોય છે). બેય આવી ગયું છે. બે હોય છે. પણ રાગધારાનો કર્તા આત્મા નથી. કેમકે આત્મા જ્ઞાનસ્વરૂપ આનંદમૂર્તિ પ્રભુ છે. એમ જેને દૃષ્ટિમાં સૂક્ષ્મ દ્રવ્યસ્વભાવ (આવ્યો).. આહાહા..! સૂક્ષ્મ દ્રવ્યસ્વભાવ દૃષ્ટિમાં આવ્યો એને રાગના કર્તાપણાનું પરિણમન હોય જ નહિ. અહીં તો એ સિદ્ધ કરવું છે. આહાહા..!

એ ચૈતન્યના પ્રકાશમાં રાગના અંધકારનો કર્તા થતો જ નથી. ત્યાં રાગ-અંધકાર હોતો જ નથી, એમ કહે છે. આહાહા..! રાગ થાય છે પણ અહીંયા રાગનું જ્ઞાન થાય છે. સમજાય છે કાંઈ? જ્ઞાનમાં આત્મા છે, રાગમાં આત્મા નથી. આહાહા..! આવી વાત ઝીણી બહુ. એ રીતે '**સમ્યક્ત્વ અને મિથ્યાત્વના પરિણામ પરસ્પર વિરુદ્ધ છે. જેમ સૂર્યનો પ્રકાશ હોતાં અંધકાર હોતો નથી, અંધકાર હોતાં પ્રકાશ હોતો નથી, તેમ સમ્યક્ત્વના પરિણામ હોતાં મિથ્યાત્વપરિણમન હોતું નથી.**' આહાહા..! પોતાનો ચિદાનંદ ભગવાન સૂક્ષ્મ દ્રવ્યસ્વભાવનું જ્યાં ભાન થયું ત્યાં રાગનો અંધકાર હોતો જ નથી. આહા..! સમજાય છે કાંઈ? અને જ્યાં રાગની એકત્વબુદ્ધિમાં રાગનું પરિણમન છે ત્યાં જ્ઞાનના પ્રકાશનો અભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહા..!

અનંત જન્મ-મરણ ચોર્યાસીના કર્યા એ રાગની એકતાબુદ્ધિથી જન્મ-મરણ થયા. ચાહે તો શુભરાગ હો. ભગવાન તો સ્વભાવ શુદ્ધ ચૈતન્યઘન છે. એમાં વિકૃતભાવનું એકત્વ માનવું એ જ સંસાર, મિથ્યાત્વ સંસાર છે. આહાહા..! સમજાય છે કાંઈ? શરીર, વાણી જડ. આ તો માટી-ધૂળ છે. બહુ રૂપાળું સુંદર શરીર હોય ને લઠ જેવું. ભાઈ! એ તો જડ છે, ભગવાન! એ ચીજ માટીની છે. જડની દશા મારી છે, પ્રભુ! આ ભ્રમણા ક્યાંથી લાવ્યો? અહીંયાં તો એથી આગળ વધીને રાગ જે શુભ ઉત્પન્ન થાય છે એ અજીવ છે, જડ છે, અંધકાર છે. એ અજીવ અંધકારનો કર્તા થાય છે એ જ્ઞાન નહિ, એ તો અજ્ઞાન છે. આહાહા..! અને જે કર્તા થાય છે ત્યાં જ્ઞાન નથી અને જ્ઞાતા હોય ત્યાં રાગનો કર્તા નથી. આહાહા..! એ આવ્યું ને?

'**તેથી એક કાળે એક પરિણામરૂપે જીવદ્રવ્ય પરિણમે છે,...**' શું કહ્યું? જીવદ્રવ્ય એક કાળમાં તો એક રૂપે પરિણમે. કાં જ્ઞાતાપણે પરિણમે, કાં રાગપણે પરિણમે. રાગપણે પરિણમે તો અજ્ઞાની છે. જ્ઞાતાપણે પરિણમે તો એ ધર્મી છે. એને ધર્મી કેમ કહ્યો? વળી કોઈ કહે કે, જ્ઞાની છે તો જ્ઞાની તો કોઈ ઊંચે હશે. પણ જ્ઞાની કહો કે ધર્મી કહો, એક જ વાત છે. કોઈ (એમ કહે કે), જ્ઞાની તો (એને કહેવાય કે) બહુ જ્ઞાન ઉત્પન્ન થાય એ જ્ઞાની. એની અહીંયાં વાત નથી. અહીંયાં તો આત્મા આનંદપ્રભુ ચિદ્‌ઘનનું જ્ઞાન થયું એ ધર્મી. એ જ્ઞાની અને એ ધર્મી. અને એ ધર્મી રાગનો કર્તા થતો નથી. કારણ કે પોતાની વસ્તુમાં એ વિકૃત નથી, અસદ્‌ભુત વ્યવહાર છે. આહાહા..! સમજાય છે કાંઈ? વ્યવહાર આવે છે. અસદ્‌ભુત વ્યવહારનયનો વિષય છે. અસદ્‌ભુત નામ મારી ચીજમાં નથી. પણ ધર્મી પરજ્ઞેય તરીકે એને જાણે છે. અજ્ઞાની રાગ મારો છે, એમ સ્વજ્ઞેય તરીકે માને છે. આ બે (વચ્ચે) પૂર્વ-પશ્ચિમનો ફેર છે. આહાહા..!

'**એક કાળે એક પરિણામરૂપે જીવદ્રવ્ય પરિણમે છે, તે પરિણામનું તે કર્તા હોય છે.**'

આહાહા..! '**મિથ્યાદષ્ટિ જીવ કર્મનો કર્તા, સમ્યગ્દષ્ટિ જીવ કર્મનો અકર્તા...**' સરવાળો લીધો. જેની દૃષ્ટિ શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ ઉપર છે એ મિથ્યાદષ્ટિ (છે), એ રાગનો કર્તા થાય છે. 'બાબુભાઈ'! આ બધું ઝીણું છે. તમારે ત્યાં 'અમદાવાદ'માં સાંભળવા મળે એવું નથી. તમારી પોળમાં તો બધું ભેગું થયું. ન્યાં ગયા નહોતા એક ફેરી? એમના ઘરે ગયા હતા. 'ચીમનભાઈ' ગયા? ગયા? ઠીક! દેખાણા નહિ. અહીં બેસતા હતા ને? એમના ભાઈ છે. 'ત્રંબકભાઈ'ના નાના ભાઈ છે. પૈસા બહુ છે. ગયા, અહીં બેસતા હતા. આહાહા..!

મુમુક્ષુ :- જ્ઞાની ક્રોધરૂપે પરિણમતા નથી?

ઉત્તર :- બિલકુલ નહિ.

મુમુક્ષુ :- ક્રોધ થાય તો છે.

ઉત્તર :- થાય છે એનો જાણનાર રહે છે. લડાઈમાં પણ સમકિતી હોય છે. જરી દ્વેષનો અંશ આવે છે પણ એનો જ્ઞાતા-દૃષ્ટા રહીને દ્વેષનો કર્તા થતો નથી. આહાહા..!

મુમુક્ષુ :- એક જ સમય છે?

ઉત્તર :- એક જ સમય છે. રાગ-દ્વેષ થાય છે કે નહિ? કર્મધારા હોય છે, પણ એનો કર્તા થતો નથી. આહાહા..! સૂક્ષ્મ વાત છે, ભાઈ! વીતરાગ સર્વજ્ઞ જિનેન્દ્રદેવ એમના પંથ કોઈ અલૌકિક છે. લોકોએ અજૈનને જૈનપણું માની લીધું છે. સમજાય છે કાંઈ? રાગનો ધર્મ એ અજૈનપણું છે. દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિનો ભાવ એ ધર્મ (માનવો) એ અજૈનપણું છે. આહાહા..! અજૈન છે.

મુમુક્ષુ :- રાગાદિને ધર્મ માને છે.

ઉત્તર :- અધર્મ છે.

મુમુક્ષુ :- કરવું નહિ?

ઉત્તર :- આવે છે, જ્ઞાનીને એ હોય છે, આવે છે પણ કર્તા નથી. મારા છે એમ માનતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? મારગડા પ્રભુના ભિન્ન છે, નાથ! તારી પ્રભુતા..

અહીં તો એમ કહે છે, ચૈતન્ય તારી પ્રભુતા, રાગને કરવામાં તારી પ્રભુતા નથી, ભાઈ! આહાહા..! એ વ્યવહાર રત્નત્રયના કર્તા (થવું) એ તારી પ્રભુતા નહિ, એ તો પામરતા છે. આહાહા..! તારી પ્રભુતા તો રાગના કાળે રાગને જાણવો, નિજ સ્વભાવનો અનુભવ કરવો, એ તારી પ્રભુતા છે. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ! અને આવો અધિકાર સર્વજ્ઞ સિવાય ક્યાંય છે નહિ. માર્ગ આવો છે. એ ૯૬ (કળશ પૂરો) થયો.

---

(ઈન્દ્રવજ્રા)

ज्ञप्तिः करोतौ न हि भासतेऽन्तः
ज्ञप्तौ करोतिश्च न भासतेऽन्तः।
ज्ञप्तिः करोतिश्च ततो विभिन्ने
ज्ञाता न कर्तेति ततः स्थितं च।।५२-९७।।

**ખંડાન્વય સહિત અર્થ :-** 'अन्तः' સૂક્ષ્મ દ્રવ્યસ્વરૂપ દૃષ્ટિથી ' ज्ञप्तिः करोतौ न हि भासते' ( ज्ञप्तिः ) જ્ઞાનગુણ અને ( करोतौ ) મિથ્યાત્વ રાગાદિરૂપ ચીકાશ એમનામાં ( न हि भासते ) એકત્વપણું નથી. ભાવાર્થ આમ છે કે-સંસાર-અવસ્થા(રૂપ) મિથ્યાદૃષ્ટિ જીવને જ્ઞાનગુણ પણ છે અને રાગાદિ ચીકાશ પણ છે; કર્મબંધ થાય છે તે રાગાદિ ચીકાશથી થાય છે, જ્ઞાનગુણના પરિણમનથી થતો નથી; એવું વસ્તુનું સ્વરૂપ છે. તથા ' ज्ञप्तौ करोतिः अन्तः न भासते' ( ज्ञप्तौ ) જ્ઞાનગુણને વિષે ( करोतिः ) અશુદ્ધ રાગાદિ પરિણમનનું ( अन्तः न भासते ) અંતરંગમાં એકત્વપણું નથી. 'ततः ज्ञप्तिः करोतिः च विभिन्ने' ( ततः ) તે કારણથી ( ज्ञप्तिः ) જ્ઞાનગુણ અને ( करोतिः ) અશુદ્ધપણું ( विभिन्ने ) ભિન્ન ભિન્ન છે, એકરૂપ તો નથી. ભાવાર્થ આમ છે કે-જ્ઞાનગુણ અને અશુદ્ધપણું, દેખતાં તો મળેલાં જેવાં દેખાય છે, પરંતુ સ્વરૂપથી ભિન્ન ભિન્ન છે. વિવરણ-જાણપણામાત્ર જ્ઞાનગુણ છે, તેમાં ગર્ભિત એ જ દેખાય છે; ચીકાશ તે રાગાદિ છે, તેથી અશુદ્ધપણું કહેવાય છે. 'ततः स्थितं ज्ञाता न कर्ता' ( ततः ) તે કારણથી ( स्थितं ) આવો સિદ્ધાન્ત નિષ્પન્ન થયો ( ज्ञाता ) સમ્યગ્દૃષ્ટિ પુરુષ ( न कर्ता ) રાગાદિ અશુદ્ધ પરિણામનો કર્તા હોતો નથી. ભાવાર્થ આમ છે કે-દ્રવ્યના સ્વભાવથી જ્ઞાનગુણ કર્તા નથી, અશુદ્ધપણું કર્તા છે; પરંતુ સમ્યગ્દૃષ્ટિને અશુદ્ધપણું નથી, તેથી સમ્યગ્દૃષ્ટિ કર્તા નથી. ૫૨-૯૭.

## કળશ-૯૭ ઉપર પ્રવચન

ज्ञप्तिः करोतौ न हि भासतेऽन्तः
ज्ञप्तौ करोतिश्च न भासतेऽन्तः।
ज्ञप्तिः करोतिश्च ततो विभिन्ने
ज्ञाता न कर्तेति ततः स्थितं च।।५२-९७।।

**ખંડાન્વય સહિત અર્થ :-** 'अन्तः' **'સૂક્ષ્મ દ્રવ્યસ્વરૂપદૃષ્ટિથી...'** જુઓ! ભગવાનઆત્મા સૂક્ષ્મ દૃષ્ટિ સ્વભાવવાળો છે. આહાહા..! જેમાં રાગની રુચિ પણ છૂટી ગઈ, પાપની રુચિ છૂટી ગઈ, દેહ મારો છે એ રુચિ છૂટી ગઈ. એ તો જડની વસ્તુ છે. આહાહા..! લક્ષ્મી અને સ્ત્રી, કુટુંબ-પરિવાર એ પરચીજ છે, એ મારા છે એવી રુચિ છૂટી ગઈ. અને રાગ મારો છે, એ છૂટી ગયું અને પર્યાય જેવડો હું છું, એ રુચિ પણ છૂટી ગઈ. શું કહે છે? જુઓ!

**'સૂક્ષ્મ દ્રવ્યસ્વરૂપદૃષ્ટિ...'** સમજાય છે કાંઈ? ૯૭ કંઈક લખ્યું છે. ૯૭ પાનું છે? ગંભીર. અનંત શક્તિએ બિરાજમાન. ૯૭ પાને હિન્દી. ગંભીર, ભગવાન ગંભીર છે. આહાહા..! ૯૭ની પહેલી પંક્તિ. પાનું.. પાનું.. હોં! આહાહા..! અનંત શક્તિએ બિરાજમાન. એ અહીં તે દિ' વાંચતા વાંચતા વાંચીને લખ્યું છે. અહીંયાં એ કહ્યું, **'સૂક્ષ્મ દ્રવ્યસ્વરૂપદૃષ્ટિ...'** સમજાય છે કાંઈ? અનંત શક્તિએ બિરાજમાન સૂક્ષ્મ પ્રભુ, એ જેની દૃષ્ટિમાં આવ્યો એ સૂક્ષ્મ દ્રવ્યસ્વભાવ દૃષ્ટિ છે. આહા..! એમાં 'ज्ञप्तिः करोतौ न हि भासते'

**'જ્ઞાનગુણ અને મિથ્યાત્વ-રાગાદિરૂપ ચીકાશ એમનામાં એકત્વપણું નથી.'** આહાહા..! જેને સૂક્ષ્મ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ થઈ, એમાં રાગ મારો છે, એમ ભાસતું નથી. આહાહા..! ગજબ વાત છે. અહીં તો હજી શરીર ને આ વાણી ને એની ક્રિયા ને સ્વાહા (બોલે એ મારી ક્રિયા). ભગવાનને (અર્ઘ) સ્વાહા કરે છે ને? એ તો જડની ક્રિયા છે. વાણીમાં સ્વાહા (બોલે) એ જડની (ક્રિયા) છે. આહાહા..! એમાં રાગ થાય છે એ સૂક્ષ્મદૃષ્ટિ સ્વભાવંતને અંતરમાં રાગ ભાસતો નથી. સમજાય છે કાંઈ ? આહાહા..! માર્ગ બાપા! જન્મ-મરણ રહિત (થવું) અને સાદિ અનંત અનંત સમાધિ સુખ. જેના ફળમાં આદિ અનંત આનંદની થાય છે પણ અંત નથી, એવા અનંત આનંદનું અનંત કાળ રહેવું, એનો ઉપાય તો સૂક્ષ્મ જ હોય ને. આહાહા..! સમજાય છે કાંઈ? આ કોઈ પંડિતાઈની ચીજ નથી કે શાસ્ત્ર બહુ ભણ્યા હોય માટે દૃષ્ટિ નિર્મળ થઈ, એમ નથી. આહાહા..!

અહીંયાં તો દ્રવ્ય સૂક્ષ્મદૃષ્ટિથી જોવામાં આવ્યું.. આહાહા..! એ દ્રવ્ય જ સૂક્ષ્મ છે. વિકલ્પથી પણ જણાતું નથી. એ વ્રત ને તપ ને ભક્તિના ભાવ સ્થૂળ શુભભાવ છે, સ્થૂળ શુભભાવ છે. એ 'પુણ્ય-પાપ અધિકાર'માં આવશે. સ્થૂળ શુભભાવ છે. આહાહા..! ભગવાન તો અંદર સૂક્ષ્મ છે. સૂક્ષ્મ દ્રવ્યસ્વરૂપદૃષ્ટિ. ભાષા જુઓ! આહાહા..! અર્થકાર પણ કેટલું કરે છે! પાઠ તો 'अन्तः' લેવો છે. 'अन्तः'માં રાગ ભાસતો નથી, એટલું લેવું છે. 'अन्तः' એટલે શું? 'अन्तः'માં જ્ઞાનીને રાગ ભાસતો નથી. એ 'अन्तः' ની વ્યાખ્યા શું? આહાહા..! આહાહા..!

'अन्तः' અંતરની દૃષ્ટિવાળાને રાગ ભાસતો નથી. એ સિદ્ધ કરવું છે. અને રાગ ભાસે છે તેને અંતઃતત્ત્વ ભાસતું નથી. રાગ સ્થૂળ બહિર્બુદ્ધિ છે, એને-રાગને કરવાવાળાને અંતઃતત્ત્વ ભાસતું નથી. આહાહા..! આવો માર્ગ પ્રભુનો. પ્રભુ એટલે તું, હોં! તારો (માર્ગ). તારી પ્રભુતા તો અંતરમાં દ્રવ્ય સૂક્ષ્મદૃષ્ટિથી જોવાથી રાગ ભાસતો નથી, એ તારી પ્રભુતા છે. મારામાં રાગ નથી, મારામાં તો આનંદ અને જ્ઞાન છે, એમ ભાસવું એ ચૈતન્યની પ્રભુતા છે. એ ચૈતન્યની મોટાઈ છે, એ ચૈતન્યની અધિકતા છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભાષા તો સાદી આવે છે, પણ ભાવ તો જે છે એ છે, ભાઈ! અરેરે..!

મુમુક્ષુ :- ભાવ અત્યંત ગંભીર છે.

ઉત્તર :- ગંભીર છે. પહેલા ગંભીર બતાવ્યો ને? ગંભીર. ૯૭ પાને પહેલી પંક્તિ. ગંભીર. ભગવાન ગંભીર. આહાહા..! પેલું ગુમડું થાય છે ને? ગંભીર, ઊંડો. અંદર લુગડાની વાટ નાખે. ગંભીર ગુમડું છે એમ કહે. એની તો હદ આવે છે, આ તો ગંભીર ભગવાન છે. જેના જ્ઞાન, દર્શન, આનંદ અનંત અનંત ગંભીર શક્તિથી ભરેલો પ્રભુ છે. આહાહા..!

એવી સૂક્ષ્મ દ્રવ્યદૃષ્ટિવંતને અંતઃમાં એટલે સૂક્ષ્મદૃષ્ટિવંતને-જીવને 'ज्ञप्तिः करोतौ न हि भासत' **'જ્ઞાનગુણ અને મિથ્યાત્વ-રાગાદિરૂપ ચીકાશ એમનામાં એકત્વપણું નથી.'** એકપણું નથી. શું કહે છે? સૂક્ષ્મદ્રવ્યદૃષ્ટિથી ભગવાનને જુએ છે એને અંતરમાં રાગની એકતા નથી ભાસતી. સમજાય છે કાંઈ? આહાહા..! આવી ઝીણી વાત (એટલે) લોકોએ પછી ચડાવી

દીધા. ભાઈએ કાલે કહ્યું હતું ને? જુવાન આવ્યો હતો ને? કેવા? 'દાતારામ'. 'વાસગઢ'. ઈ કાલે કહેતા હતા. 'મખ્ખનલાલજી' સાથે ચર્ચા થઈ કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને કરે છે? તો એણે કહ્યું કે, એક દ્રવ્ય અને બીજા દ્રવ્ય વચ્ચે તો અત્યંતઅભાવ છે. શું કરે? અત્યંત અભાવ છે ઈ ભાવ શું કરે? જેમાં અભાવ છે, એ ભાવ પર ક્યાંથી કરે? તો કહે, અધ્યયન કરો, અધ્યયન કરો.

મુમુક્ષુ :- ... પદ તો બતાવ્યું. એનો જવાબ શું?

ઉત્તર :- જવાબ આ-અધ્યયન કરો, અધ્યયન કરો. હવે એ જુવાન માણસ નાની ઉંમરનો અને આ મોટા પંડિત. ભગવાન!

અહીંયાં સૂક્ષ્મ દૃષ્ટિથી જોવાથી પરના કર્તાપણાનો તો પ્રશ્ન છે જ નહિ. આહાહા..! મલિન અવસ્થા એક ક્ષણની એક સમયની વિકારની ભૂલ, જેણે ભગવાનને ભાળ્યા એ ભૂલનો કર્તા થતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એ કહ્યું ને? **'સૂક્ષ્મ દ્રવ્યસ્વરૂપ દૃષ્ટિ...'** એનો અર્થ અંદર ભગવાન-આત્મા અંદર ભાળ્યો. એ આવ્યું હતું ને તમારા ગાયનમાં? 'દેખ્યા હમ અવર ન દેખ્યા, દેખ્યા સો શ્રદ્ધાના' આત્મધર્મ આવ્યું ને? પહેલું ગાયન છે, ઉપર છે. આહાહા..! **'સૂક્ષ્મ દ્રવ્યસ્વરૂપદૃષ્ટિથી...'** એનો અર્થ કે સૂક્ષ્મ દ્રવ્યને જોયું. 'હમ અવર ન દેખ્યા' મેં ત્યાં બીજી ચીજ ન જોઈ. આહાહા..!

મુમુક્ષુ :- રાગ જોયો જ નહિ.

ઉત્તર :- ન જોયો, એમાં છે જ નહિ.

મુમુક્ષુ :- અજ્ઞાનીએ તો જોયો છે.

ઉત્તર :- એ તો મિથ્યાદૃષ્ટિપણે દૃષ્ટિ રાગ ઉપર છે તો જોવે છે. એમાં આત્મા ક્યાં આવ્યો? રાગને જોનારને આત્મા દેખાતો નથી અને આત્માને જોનારને અંદર રાગ દેખાતો નથી. 'જ્ઞાનચંદજી'! આહાહા..!

અહીંયાં તો અંતરની વિવેકદશાની વાત છે, ભગવાન! રાગથી જ્યાં વિવેક થયો-ભેદજ્ઞાન થયું, તો રાગથી ભિન્ન પડ્યો ત્યાં એ ચીજમાં રાગ ક્યાં આવ્યો? સમજાય છે કાંઈ? અંતઃ રાગથી ભિન્ન વસ્તુની જ્યાં દૃષ્ટિ થઈ તો એમાં રાગ ક્યાં છે? રાગ અંદર છે નહિ તો ભાસે ક્યાંથી? આહાહા..! આવો માર્ગ છે. અરે..! સત્પંથના શરણ વિના તારા જન્મ-મરણ નહિ મટે, પ્રભુ! એ દુનિયાની સિફારશ ત્યાં કામ નહિ કરે. મેં ઘણા લોકોને સમજાવ્યું છે ને લાખો માણસો અમારાથી સંપ્રદાયમાં રહી શક્યા, ટકી ગયા. એ ન્યાં કામ નહિ આવે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે કે, અંતર **'સૂક્ષ્મ દ્રવ્યસ્વરૂપ દૃષ્ટિથી...'** 'अन्तः' રાગ ભાસતો નથી. સૂક્ષ્મ દ્રવ્યદૃષ્ટિથી અંતરમાં રાગ ભાસતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? **'જ્ઞાનગુણ અને મિથ્યાત્વ-રાગાદિરૂપ ચીકાશ એમનામાં એકત્વપણું નથી.'** ભાસતું નથી એટલે એકપણું નથી. એમ. અંતર દ્રવ્યદૃષ્ટિથી જોવાથી રાગ અને જ્ઞાન એક નથી. તો અંદર રાગ ભાસતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

**'ભાવાર્થ આમ છે કે-સંસાર-અવસ્થા(રૂપ) મિથ્યાદૃષ્ટિ જીવને જ્ઞાનગુણ પણ છે અને**

**રાગાદિ ચીકાશ પણ છે; કર્મબંધ થાય છે...'** રાગથી. સંસારીજીવને રાગ પણ છે અને આત્મા તો છે, પણ એને ખબર નથી. પણ આત્મા-જ્ઞાન છે તો ખરો ને? રાગ પણ છે અને રાગાદિ ચીકાશ પણ છે. તે ચીકાશથી **'કર્મબંધ થાય છે તે રાગાદિ ચીકાશથી થાય છે,...'** એ રાગને કારણે બંધ થાય છે, જ્ઞાનસ્વભાવને કારણે નહિ. આહાહા..! કેમકે જ્ઞાનસ્વભાવમાં રાગ છે નહિ અને જ્યાં રાગનું કર્તૃત્વ છે ત્યાં જ્ઞાનપણું નથી. આહાહા..! ભારે વાતું આવી છે. **'કર્મબંધ થાય છે તે રાગાદિ ચીકાશથી થાય છે, જ્ઞાનગુણના પરિણમનથી થતો નથી;...'** જ્ઞાનગુણના પરિણમનથી થતો નથી. અજ્ઞાની રાગરૂપે પરિણમે છે તેથી બંધ થાય છે. જ્ઞાનસ્વભાવની દૃષ્ટિથી જ્ઞાનના પરિણમનમાં બંધ નથી. આહાહા..! **'એવું વસ્તુનું સ્વરૂપ છે.'**

'ज्ञप्तौ करोतिः अन्तः न भासते' **'જ્ઞાનગુણને વિષે અશુદ્ધ રાગાદિ પરિણમનનું અંતરંગમાં એકત્વપણું નથી.'** ભાસતું નથી, ભાષા તો એમ છે. 'अन्तः न भासते'. પછી ખુલાસો (કર્યો કે) **'અંતરંગમાં એકત્વપણું નથી.'** શું કહે છે? **'જ્ઞાનગુણને વિષે અશુદ્ધ રાગાદિ પરિણમન...'** ભગવાન જ્ઞાનસ્વભાવમાં રાગાદિ જે પુણ્ય આદિ, દયા, દાન, વ્રતાદિના ભાવ અશુદ્ધપણું (છે)... આહાહા..! તેનું અંતરંગમાં એકપણું નથી. અંતરંગમાં ભાસતા નથી. એકપણું નથી માટે ભાસતા નથી. સમજાય છે કાંઈ? આહાહા..! રાગની રુચિ છોડી જ્ઞ-સ્વભાવ, સર્વજ્ઞ સ્વભાવ, સૂક્ષ્મ દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિ કરવાથી એમાં રાગ ભાસતો નથી. તેથી એને અશુદ્ધ પરિણમન નથી. તેથી એને બંધન પણ નથી. આહાહા..! આવો માર્ગ છે. અરે..! સાંભળવા મળે નહિ, એ ક્યારે જાય આગળ? અરે..! જિંદગી એમ ચાલી જાય છે. આહાહા..! આંખ્યું વીંચી દેહ છૂટી જશે. ક્યાંય ચાલ્યો જશે. નિરાધાર. એકલો આવ્યો, એકલો ચાલ્યો જશે. આહાહા..! એમ 'નિયમસાર'માં છે. 'નિયમસાર'માં ગાથા છે. અને એકલો મોક્ષમાં જાય છે. ત્યાં પણ બીજા કોઈની સહાયતા નથી. આહાહા..! ધર્મીને રાગનો રસ છૂટી ગયો છે. જ્ઞાનનો રસ આવ્યો છે. આહાહા..! જ્ઞાનનો રસનો અર્થ-જ્ઞાનમાં સ્વભાવમાં એકાગ્ર છે તો જ્ઞાનનો આનંદનો રસ આવ્યો, એમાં રાગનો રસ છૂટી ગયો. અજ્ઞાનીને રાગના રસમાં જ્ઞાનના રસનો અભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

બીજી દૃષ્ટિએ કહીએ, ભાષા એમ લીધી હતી ને? **'સૂક્ષ્મ દ્રવ્યસ્વરૂપ દૃષ્ટિ'** રાગરૂપી દૃષ્ટિમાં જ્ઞાનાનંદના રસનો અભાવ છે અને સૂક્ષ્મ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિમાં રાગનો અભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? 'કર્તા-કર્મ અધિકાર'. આવી વાત 'સમયસાર' સિવાય આવી સ્પષ્ટતા ૭૬ ગાથામાં કરી છે. ૬૮મી ગાથા જીવ-અજીવની કહી, ૭૬ થી ૧૪૪ ગાથા લીધી છે. કર્તા-કર્મનું આવું સ્પષ્ટીકરણ બીજે ક્યાંય નથી. એટલું સ્પષ્ટ છે. આહાહા..! એ તો પહેલાં આવ્યું હતું? આમાં પહેલા આવ્યું હતું.

૯૨ કળશમાં. 'समयसारम् चेतये'. છે ને? ૭૫ પાને છે ને? ૭૫. પહેલી લીટી-પહેલી પંક્તિ. 'समयसारम् चेतये' છે? **'શુદ્ધચૈતન્યનો અનુભવ કરવો કાર્યસિદ્ધિ છે.'** આહાહા..! એ તારું કાર્ય છે અને એ કાર્યની સિદ્ધિ છે. આહાહા..! રાગનું કાર્ય અને પરનું કાર્ય એ તો તારામાં છે જ નહિ. આહાહા..! આહાહા..! આવો માર્ગ છે. શું કહ્યું? જુઓ! 'समयसारम्

चेतये' ભગવાનને ચેત. ચેત નામ અનુભવ કર, એ કાર્યસિદ્ધિ છે. આહાહા..! રાગનું કરવું એ કાર્યસિદ્ધિ અજ્ઞાનીની છે. આહા..!

થોડા શબ્દોમાં ઘણું ઘણું ભર્યું છે. કળશ-ટીકામાં બહુ ગંભીરતા. 'અમૃતચંદ્રાચાર્ય' એટલે આહાહા..! જેણે પંચમઆરામાં ગણધર જેવું કામ કર્યું છે. 'કુંદકુંદાચાર્યે' તીર્થંકર જેવું (કાર્ય કર્યું). આવી ટીકા.. આહાહા..! એ ટીકાનું નામ આત્મખ્યાતિ છે. આત્માની પ્રસિદ્ધિ. ટીકાનું નામ એ છે. સમયસારની ટીકા છે ને? આ ટીકાના કળશ છે ને? આત્મખ્યાતિ-આત્મપ્રસિદ્ધિ. ભગવાન આનંદસ્વરૂપ જ્ઞાનસ્વરૂપની પ્રસિદ્ધ કરવી છે. આહાહા..! રાગની પ્રસિદ્ધિ નહિ. રાગની પ્રસિદ્ધિ કરે છે એ મિથ્યાદૃષ્ટિ છે. સમ્યગ્દૃષ્ટિ તો આત્માની પ્રસિદ્ધિ કરે છે.

મુમુક્ષુ :- મુદ્દાની વાત છે.

ઉત્તર :- મુદ્દાની વાત છે, ભગવાન! વાત તો એવી છે. આ તમારા બધા બીડીના ને તમાકુના પૈસા માટે કાનપુર જાઓ છો... શેઠ! નાના શેઠ કાનપુર જાય છે ને? ત્યાંથી બહુ પૈસા લાવે છે. એ એક એક રજકણ પોતાને કારણે આવે છે અને પોતાને કારણે જાય છે. કોઈ લાવે છે અને દે છે, એ વાત છે નહિ. આહાહા..!

અહીંયાં તો પરમાત્મા તારી પ્રભુતાની શક્તિની પ્રસિદ્ધિ કરે છે. પ્રભુ! તારું રાગનું કર્તૃત્વ એ તારી પ્રસિદ્ધિ નહિ. એ તો અજ્ઞાનની પ્રસિદ્ધિ છે, પ્રભુ! આહાહા..! તારી જ્ઞાનની જ્ઞાતાપણાની પર્યાય, રાગ થાય તેને જાણવું, એ જ્ઞાનની પર્યાયમાં તારી આત્માની પ્રસિદ્ધિ છે. આહાહા..! સમજાય છે કાંઈ? 'પોપટભાઈ'! આ બધું બહારનું તો ક્યાંય રહી ગયું. છ છોકરા ને બે કરોડ રૂપિયા ને મોટા બંગલા ને હોળી ને..

મુમુક્ષુ :- એ બધું છોડીને આવ્યા છે.

ઉત્તર :- ઈ તો કહીએ છીએ ને. (બધું) છોડીને અહીં આવ્યા છે. આહા..! અરે..! ભાઈ! ક્યાં જાવું છે? આત્મામાં આવવાનું છે અહીં તો. બહાર જાવાની વાત નથી. સમજાય છે કાંઈ? એ કહ્યું ને? 'समयसारम् चेतये' એ સમયસાર તારું કાર્ય છે. સમયસારનો અનુભવ (થવો) એ તારું કાર્ય છે, એ કાર્યસિદ્ધિ છે. ૯૨માં છે ને? આહાહા..!

અહીંયાં કહે છે, કે '**જ્ઞાનગુણના પરિણમનથી થતો નથી; એવું વસ્તુનું સ્વરૂપ છે.**' શું કહે છે? ભગવાનઆત્મા.. જ્ઞાન શબ્દે આખો આત્મા. આત્માની પરિણતિમાં રાગનું ભાસવું થતું જ નથી. જેને રાગ ભાસે છે ત્યાં આત્મા ભાસતો નથી અને આત્મા ભાસે છે ત્યાં રાગ ભાસતો નથી. જેમાં રાગની પ્રસિદ્ધિ ભાસે ત્યાં આત્માની ખ્યાતિ-પ્રસિદ્ધિ નહિ. અને જ્યાં આત્મા જ્ઞાનની, આનંદની પ્રસિદ્ધિમાં રાગની પ્રસિદ્ધિ નહિ. આહાહા..! હવે અત્યારે રાડેરાડ પાડે છે બિચારા. પેલો 'રામવિજય' એકવાર 'જામનગર' મળેલો. અરે..! તમે આ વ્યવહાર દયા, દાન, વ્રત, ભક્તિને ધર્મ નથી કહેતા. લોકો બિચારા બૂડી જશે, ખોટું કરો છો. એમ કહેતા હતા. શ્વેતાંબરમાં એક 'રામવિજય' છે. આહાહા..!

મુમુક્ષુ :- દિગંબરવાળા પણ એમ જ કહે છે.

ઉત્તર :- એ જ કહે છે. પણ આણે તો સીધું કહ્યું હતું. અમે ગામમાં હતા અને દસ-

પંદર-વીસ માણસો આવ્યા હતા. એણે અમારી પાસે મોકલ્યા હતા. અરે..! આ તમે ખોટું કરો છો. આ વ્રત ને તપ ને ભક્તિ, પૂજાને તમે ધર્મ નથી કહેતા, ઈ ભૂલ છે. અરે..! એક તો પૈસાવાળો આવ્યો હતો. પૈસાવાળો, નહિ? રાજકોટવાળો? 'રતિલાલ'. ઈ મોઢાઆગળ થઈને (આવ્યો હતો). શેઠિયો છે. પૈસા ઘણા હશે. પચ્ચીસ-ત્રીસ-ચાલીસ લાખ. ઈ મોઢા આગળ આવ્યો હતો. પહેલા વૈષ્ણવ કે સ્થાનકવાસી હતો, પછી થયો દેરાવાસી. સ્થાનકવાસી હતો. બધાને લઈને આવ્યા હતા. 'રામવિજયે' મોકલેલા કે આ 'કાનજીસ્વામી' શું કરે છે? વ્રત, તપ, ભક્તિ, પૂજાને ધર્મ (કહેતા) નથી. અરે..! ભગવાન!

મુમુક્ષુ :- તોપણ આપ માન્યા નહિ.

ઉત્તર :- અમે તો કોઈનું માનતા નથી, અમારું માનીએ છીએ. આહાહા..! 'રામવિજય' સાથે ચર્ચા (થઈ હતી). એક 'જેઠાભાઈ' છે. 'અમદાવાદ'ના 'જેઠાભાઈ', નહિ? એ શ્વેતાંબર હતા. 'રામવિજય'ના ભગત હતા. પછી અમારું સાંભળ્યું તો એને એમ થયું કે ઓહો..! આ વાત તો જુદી છે. પછી એણે શ્વેતાંબર સાધુને પૂછવા ૫૦ પ્રશ્નો કાઢ્યા. જવાબ આપો. એક જણાનો જવાબ આવ્યો પણ ઠેકાણા વિનાનો. પછી 'રામવિજય'ને મળ્યા. 'રામવિજય'ને કહે, આપણે ચર્ચા કરીએ. 'જેઠાભાઈ' 'અમદાવાદ'વાળા આવે છે.

મુમુક્ષુ :- અત્યારે નથી આવ્યા?

ઉત્તર :- અત્યારે નથી આવ્યા. .. પાઘડી પહેરે છે. લાલ પાઘડી પહેરે છે. એ પહેલા આવી ગયા છે. એનો દીકરો 'મુંબઈ' છે ત્યાં છે.

'રામવિજય' કહે, ચર્ચા કરીએ પણ પહેલા એ માન્ય છે કે કર્મથી વિકાર થાય છે. એ તમને માન્ય છે? પછી ચર્ચા કરીએ. કર્મ જડથી વિકાર થાય, આ માન્યતા. અરર..ર...! કાળા કેર છે. અરેરે..! શું થશે? પ્રભુ! દુનિયામાં ચલાવવું છે. દુનિયા બિચારી ભોળીભટ જેવી સભા. ભાન ન મળે કાંઈ. એ.. 'બાબુભાઈ'! જ્યાં હોય ત્યાં જી હા.. જી હા.. કર્યા કરે. એ તો કહે, કર્મથી વિકાર થાય છે, એ માન્ય છે? 'જેઠાભાઈ' કહે, એ અમને માન્ય નથી. વિકાર તો પોતાથી થાય છે, કર્મ બિચારા શું કરે? 'કર્મ બિચારે કૌન, ભૂલ મેરી અધિકાઈ' જડ છે એ શું પોતાને વિકાર કરાવે છે? સમજાય છે કાંઈ? પોતાની પર્યાયમાં પર્યાયબુદ્ધિથી વિકાર થાય છે. એ વિકારનું કર્તૃત્વ પણ ત્યારે છૂટે કે જ્યારે દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ થાય તો વિકારનું કર્તૃત્વ છૂટી જાય. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- થોડો પણ નથી થતો?

ઉત્તર :- થોડો પણ નથી થતો. અહીં તો પૂરો થાય છે. આહાહા..! ઈ અહીંયાં કહ્યું ને?

**'જ્ઞાનગુણને વિષે અશુદ્ધ રાગાદિ પરિણમનનું અંતરંગમાં એકત્વપણું નથી.'** તેથી ભાસતું નથી. પાઠ તો એમ છે કે 'न भासते'. ખુલાસો એ કર્યો કે, અંતરંગમાં એકપણું નથી માટે ભાસતું નથી. એ અર્થ કર્યો. સમજાય છે કાંઈ? ભગવાન ચૈતન્યજ્યોત નિર્મળાનંદ મુક્તસ્વરૂપ બિરાજે છે. મુક્તસ્વરૂપ જ ભગવાનઆત્મા તો અનાદિથી છે. પર્યાયમાં નહિ, વસ્તુએ. એ મુક્તસ્વરૂપની જ્યાં દૃષ્ટિ થઈ ત્યાં રાગ ભાસતો નથી. એકપણું નથી માટે રાગ ભાસતો નથી. આહાહા..! લોજીકથી તો કહે છે, ન્યાયથી તો કહે છે. આહાહા..! સમજાય છે

કાંઈ? છે? '**જ્ઞાનગુણને વિષે અશુદ્ધ રાગાદિ પરિણમનનું અંતરંગમાં એકત્વપણું નથી.**' 'अन्तः न भासते'. અંતરમાં ભાસતું નથી. કેમકે અંતરમાં રાગ અને સ્વભાવ એક નથી. માટે અંતરમાં જોનારને રાગની એકતા નથી માટે રાગ ભાસતો નથી. આહાહા..! આવી વાત સાંભળવી કઠણ પડે. અરે..! એને ક્યાં જન્મ-મરણ મટે? બાપા! કોઈ સાથે નથી. આહા..!

તીર્થંકર કહે કે, મારી ઉપર તારું લક્ષ હશે તો તને રાગ થશે. એમ તીર્થંકર કહે. હું પરદ્રવ્ય છું. તારા દ્રવ્યનું લક્ષ છોડી મારી ઉપર લક્ષ કરીશ તો તને રાગ થશે. અને 'મોક્ષપાહુડ'માં એ એમ કહે છે, 'परदव्वादो दुग्गई'. 'મોક્ષપાહુડ'ની ૧૬મી ગાથા. આહાહા..! 'કુંદકુંદાચાર્ય' કહે છે કે અમે તારા દ્રવ્યથી પરદ્રવ્ય છીએ. અને અમારી ભક્તિ અને અમારી ઉપર લક્ષ જશે તો તારી દુર્ગતિ થશે. દુર્ગતિનો અર્થ ચૈતન્યની ગતિ નહિ થાય. ગતિ સ્વર્ગની ભલે મળે પણ એ દુર્ગતિ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવું કઠણ પડે એટલે માણસને, નિશ્ચયાભાસી છે, વ્યવહારને માનતા નથી એમ કહે. કહો. આહા..! બાપુ! માર્ગ આ છે ને, ભાઈ! વસ્તુની મર્યાદા જ આ છે કે વસ્તુને જોવાથી રાગની એકતા નથી માટે મર્યાદામાં રાગ ભાસતો નથી.

મર્યાદા પુરુષોત્તમ પુરુષ. 'રામચંદ્રજી'ને કહે છે ને? મર્યાદા પુરુષોત્તમ પુરુષ. એમ નિજ આત્મા પુરુષોત્તમ પુરુષ મર્યાદા (છે). એને જોવામાં રાગ ભાસતો નથી. એની અંદર રાગ નથી. આહાહા..! એ પુરુષોત્તમ પુરુષ આત્મા છે-રામ. 'નિજપદ રમે સો રામ કહીએ, રાગમેં રમે સો હરામ કહીએ'. 'રતનચંદજી'! આહાહા..!

અહીંયાં તો ઈ કહે છે, '**જ્ઞાનગુણને વિષે અશુદ્ધ રાગાદિ પરિણમનનું...**' 'अन्तः न भासते' પાઠ એમ છે. '**અંતરંગમાં એકત્વપણું નથી.**' માટે ભાસતું નથી. 'ततः ज्ञप्तिः करोतिः च विभिते' કેમ (ભાસતું નથી)? '**તે કારણથી જ્ઞાનગુણ અને અશુદ્ધપણું ભિન્ન ભિન્ન છે, એકરૂપ તો નથી.**' આહાહા..! ભગવાન ચૈતન્યસ્વરૂપ અને રાગ મલિનસ્વરૂપ, બેય એક નથી. આહાહા..! જેને ધર્મી-સમકિતીને સૂક્ષ્મ સ્વભાવદૃષ્ટિથી ભિન્ન ભાસ્યો ત્યાં રાગ અને આત્મા એક નથી તો ત્યાં રાગ ભાસતો નથી. આહાહા..! ભિન્ન છે એમ ભાસે છે. જ્ઞાન કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ? '**તે કારણથી જ્ઞાનગુણ અને અશુદ્ધપણું ભિન્ન ભિન્ન છે, એકરૂપ તો નથી.**' આહાહા..!

જેમ નાળિયેર હોય ને? શ્રીફળ. એમાં ઉપરના છાલા છે એ તો ભિન્ન છે. કાચલી.. કાચલી. તમારામાં શું કહે છે? કાચલી ભિન્ન છે. કાચલી એટલે કર્મ. છાલા એટલે આ શરીર. છોડા ઉપરના. કાચલી એટલે કાર્મણશરીર. અને કાચલી તરફની લાલ છાલ હોય છે. ટોપરાપાક કરવામાં લાલ છાલ કાઢી નાખે. એમ આત્મામાં કર્મ તરફના પુણ્ય-પાપના ભાવ લાલ છાલ છે. એ લાલ છાલની પાછળ જે ભગવાન છે એ શુદ્ધ ચૈતન્યગોળો છે. જેમ શ્રીફળમાં લાલ છાલની પાછળ સફેદ અને મીઠો ગોળો છે એ શ્રીફળ છે. એ શ્રી-ફળ છે.

એમ ભગવાનઆત્મા.. આ શરીર તો ઉપરનું છાલું છે. જડનું માટીનું. અંદર કર્મ છે. કાચલી છે, કાચલી. કાચલીને હિન્દીમાં શું કહે છે? કાચલી કહે છે? કાંઈક બીજી ભાષા કહે છે. નરેટી. ઈ કોઈક કહેતું હતું. નરેટી કહેતા હતા. એ કાચલી કર્મ જડ માટી છે, ધૂળ છે, પર

છે. અને લાલ છાલ પણ પર છે. એ દયા, દાનના વિકલ્પ અંતર સ્વરૂપમાં નથી. આહાહા..! આવો માર્ગ. એક જ દુકાને આ માલ મળે એવો છે. નહિ? આવા ભગવાનની (આ) એક દુકાન (છે). આહાહા..! સમજાય છે કાંઈ?

**'જ્ઞાનગુણ અને અશુદ્ધપણું ભિન્ન ભિન્ન છે...' 'ભાવાર્થ આમ છે કે-જ્ઞાનગુણ અને અશુદ્ધપણું દેખતાં તો મળેલાં જેવાં દેખાય છે,...'** ભાવાર્થ છે ને? ભગવાન ચૈતન્યસ્વરૂપ પ્રભુ, જેમ એ લાલ છાલ અને શ્રીફળ એક જેવા દેખાય. અથવા શક્કરકંદ હોય છે. શક્કરકંદ સમજ્યા? શક્કરકંદ. અમારે શક્કરિયા કહે છે. શક્કરકંદ. એ અધશેર, પોણો શેરનું શક્કરકંદ હોય. ઉપર લાલ છાલ છે એ ભિન્ન છે અને શક્કરકંદ-સાકરની મીઠાશનો પિંડ, એ શક્કર એટલે મીઠાશનો પિંડ, એ ભિન્ન ચીજ છે. મીઠાશના પિંડમાં લાલ છાલ નથી અને લાલ છાલમાં મીઠાશનો પિંડ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! બેય ભિન્ન ભિન્ન છે.

એમ ભગવાનઆત્મા જ્ઞાનગુણ અને અશુદ્ધપણું ભિન્ન ભિન્ન છે. આહાહા..! **'મળેલાં જેવાં દેખાય છે, પરંતુ સ્વરૂપથી ભિન્ન ભિન્ન છે.'** આહાહા..! શક્કરકંદની લાલ છાલ અને શ્રીફળનો લાલ ભાગ, એ ભિન્ન છે અને અંદર ચીજ ભિન્ન છે. આહાહા..! એમ ભગવાન અંદર રાગની છાલથી ભિન્ન છે. રાગની છાલમાં આત્મા નથી અને આત્મામાં રાગની છાલ નથી. આહાહા..! છાલ કહે છે ને? છિલકા.. છિલકા. આહાહા..! રાગની છાલ ભગવાનમાં-આત્મામાં નથી અને આત્મામાં રાગની છાલ નથી. રાગમાં આત્મા નથી. ભિન્ન ભિન્ન છે.

નવ તત્ત્વ છે ને? તો નવ તત્ત્વમાં પુણ્ય-પાપ તત્ત્વ ભિન્ન છે અને આત્મતત્ત્વ ભિન્ન છે. જ્ઞાયકતત્ત્વ તો ભિન્ન છે. નવમાં આવ્યું કે નહિ? નવમાં જ્ઞાયકતત્ત્વ, પુણ્ય-પાપતત્ત્વ, આસ્રવતત્ત્વ, બંધતત્ત્વ એ તો ભિન્ન છે. સમજાય છે કાંઈ? આહાહા..! એ જ્ઞાયકતત્ત્વમાં નથી. જો હોય તો નવ થયા કઈ રીતે? ભિન્ન ભિન્ન છે તો નવ થયા. આહાહા..! માર્ગ તો પ્રભુનો ભાઈ! આવો છે. તારો મોક્ષનો પંથ મુક્તસ્વરૂપ છે એના દૃષ્ટિ-જ્ઞાનમાં રાગ નથી, એ મોક્ષનો પંથ છે. મોક્ષસ્વરૂપ જ ભગવાનઆત્મા છે. એમાં રાગ નથી. તો એની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતામાં પણ રાગ નથી. અને રમણતામાં જ્ઞાન અને આનંદની રમણતા (થાય) એ પર્યાયમાં મોક્ષનો પંથ છે. સમજાય છે કાંઈ? આહાહા..! **'પરંતુ સ્વરૂપથી ભિન્ન ભિન્ન છે.'**

**'વિવરણ-જ્ઞાનપણામાત્ર (જાણપણામાત્ર) જ્ઞાનગુણ છે, તેમાં ગર્ભિત એ જ દેખાય છે.;...'** શ્રીફળમાં તો મીઠાશ અને સફેદાઈ દેખાય છે. ત્યાં એ છાલ દેખાતી નથી. એમ ભગવાનઆત્મામાં તો જ્ઞાન અને શુદ્ધતા જ ભાસે છે. ત્યાં રાગ ભાસતો નથી. આહાહા..! આવો ઉપદેશ. આહાહા..! માર્ગ તો આવો છે, ભાઈ! દુનિયા માને, ન માને. દુનિયા એમ કહે કે આ તો વ્યવહારનો લોપ થઈ જાય છે. એમ કહે. વસ્તુ તો આવી છે. વ્યવહારનો લોપ કર્યા વિના નિશ્ચયની પ્રાપ્તિ થતી નથી. સમજાય છે કાંઈ ? વ્યવહારના પડખે ચડવાથી નિશ્ચયની પ્રાપ્તિ થતી નથી. વ્યવહારની રુચિ છોડવાથી નિશ્ચયની પ્રાપ્તિ થાય છે. આહાહા..!

મુમુક્ષુ :- સાચા વ્યવહારનું સ્થાપન થાય છે.

ઉત્તર :- વ્યવહાર છે, પણ વ્યવહારની રુચિ છોડી દે. વ્યવહાર જતો રહે એ તો સર્વજ્ઞ થાય ત્યારે વ્યવહાર નથી રહેતો. આહાહા..! વ્યવહારને છોડવો એનો અર્થ અશુભમાં આવવું

એમ અર્થ નથી. એ તો પંડિતજીએ એમાં લખ્યું છે. સમજાય છે કાંઈ? અમે તો પહેલેથી ઘણીવાર કહીએ છીએ. આહાહા..! શુભની રુચિ છોડવી. શુભ છોડીને અશુભમાં જવું એ પ્રશ્ન નથી. આહાહા..! શુભની રાગની રુચિ (છોડવી). કેમકે સ્વરૂપમાં રાગ નથી. ઈ ચાલે છે ને? જુઓ!

**'જ્ઞાનપણામાત્ર (જાણપણામાત્ર) જ્ઞાનગુણ છે, તેમાં ગર્ભિત એ જ દેખાય છે.;...'** આત્માને જોવે તો જ્ઞાન અને આનંદ જ દેખાય. એમાં ગર્ભિત જ્ઞાન અને આનંદ દેખાય. એમાં ગર્ભિત રાગ દેખાય છે એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? મનુષ્યપણાના ગર્ભમાં મનુષ્યપણું ભાસે છે. ત્યાં વાંદરો અને કૂતરી નથી ભાસતા. એમ ભગવાનના ગર્ભમાં તો જ્ઞાન અને આનંદ ભાસે છે. ત્યાં રાગરૂપી કૂતરા નથી ભાસતા. આહાહા..! ગર્ભ શબ્દ આવ્યો ને? આહાહા..! સમજાય છે કાંઈ? પેટમાં જે મનુષ્યપણું આવ્યું એ મનુષ્યપણું છે. ભલે ત્યાં નાનું હોય. હજી પંચેન્દ્રિય પણ વિશેષ સ્પષ્ટ ન થઈ હોય, પણ છે તો મનુષ્ય, એ તિર્યંચ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! એમ ભગવાનઆત્મામાં સમ્યગ્દર્શનમાં આખો પરમાત્મા ભાસે છે. ભલે ત્યાં ચારિત્ર અને વીતરાગતા પૂર્ણ ન હોય, પણ પર્યાયમાં ભાસે છે ભગવાન શુદ્ધ ચિદાનંદ. ત્યાં એના ગર્ભમાં રાગ ભાસે છે એમ નથી. આવો માર્ગ છે. ઓહોહો..! એક એક કળશ કેવા બનાવ્યા છે! જુઓ! 'અમૃતચંદ્રાચાર્ય'. વિકલ્પ આવ્યો, કરૂણા થઈ અને ટીકા બની ગઈ. આહાહા..! છતાં એ કહે છે કે વિકલ્પ અમારામાં છે એમ ભાસતું નથી.

મુમુક્ષુ :- કળશમાં સાગર ભરી દીધો.

ઉત્તર :- સાગર ભરી દીધો છે. ગાગરમાં સાગર ભરી દીધો છે. કળશ.. કળશ હોય છે ને? નાની ગાગર. કળશ આટલો (નાનો) હોય એમાં આખો સાગર ભરી દીધો. આહાહા..! સ્વયંભૂરમણ સમુદ્રને એક કળશામાં નાખી દે (એમ). આહાહા..! અરે..! પ્રભુ!

મુમુક્ષુ :- સાગર તો આપે દેખાડ્યો.

ઉત્તર :- આહાહા..! સંતોએ માર્ગ ઘણો સુગમ કરી નાખ્યો. 'અનુભવપ્રકાશ'માં કહ્યું છે. દિગંબર સંતોએ માર્ગ બહુ સહેલો કરી નાખ્યો. સહેલો કહે છે? સરળ.. સરળ કરી નાખ્યો છે. આહાહા..! એમાં એને સમજવામાં સરળ પડે એવો કહ્યો છે. આહાહા..! 'ધન્નાલાલજી'!

**'ચીકાશ તે રાગાદિ છે, તેથી અશુદ્ધપણું કહેવાય છે.'** 'ततः स्थितं' **'તે કારણથી આવો સિદ્ધાંત નિષ્પન્ન થયો-સમ્યગ્દૃષ્ટિ પુરુષ રાગાદિ અશુદ્ધ પરિણામનો કર્તા હોતો નથી.'** કેમકે એમાં ભાસતું નથી તો કર્તા થતો નથી. **'ભાવાર્થ આમ છે કે એ રીતે દ્રવ્યના સ્વભાવથી જ્ઞાનગુણ કર્તા નથી.'** દ્રવ્યના સ્વભાવથી જ્ઞાનસ્વરૂપ ભગવાન રાગનો કર્તા નથી. **'અશુદ્ધપણું કર્તા છે;...'** એ અશુદ્ધપણું અશુદ્ધપણાનો કર્તા છે, જ્ઞાનસ્વરૂપ નહિ. આહાહા..! **'પરંતુ સમ્યગ્દૃષ્ટિને અશુદ્ધપણું નથી.'** એમ લેવું છે ને? અશુદ્ધપણું કર્તા છે તો સમ્યગ્દૃષ્ટિને અશુદ્ધપણું નથી. શુદ્ધપણાની દૃષ્ટિમાં શુદ્ધપણું જ છે. આહાહા..! **'તેથી સમ્યગ્દૃષ્ટિ કર્તા નથી.'** આ કારણે સમ્યગ્દૃષ્ટિ કર્તા નથી. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

(શાર્દૂલવિક્રીડિત)

कर्ता कर्मणि नास्ति नास्ति नियतं कर्मापि तत्कर्तरि
द्वन्द्वं विप्रतिषिध्यते यदि तदा का कर्तृकर्मस्थितिः।
ज्ञाता ज्ञातरि कर्म कर्मणि सदा व्यक्तेति वस्तुस्थिति-
र्नेपथ्ये बत नानटीति रभसा मोहस्तथाप्येष किम्।।५३-९८।।

ખંડાન્વય સહિત અર્થ :- 'कर्ता कर्मणि नियतं नास्ति' ( कर्ता ) મિથ્યાત્વ-રાગાદિ અશુદ્ધપરિણામપરિણત જીવ ( कर्मणि ) જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલપિંડમાં ( नियतं ) નિશ્ચયથી ( नास्ति ) નથી અર્થાત્ એ બંનેમાં એક દ્રવ્યપણું નથી; 'तत् कर्म अपि कर्तरि नास्ति' ( तत् कर्म अपि ) તે જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલપિંડ પણ ( कर्तरि ) અશુદ્ધભાવપરિણત મિથ્યાદષ્ટિ જીવમાં ( नास्ति ) નથી અર્થાત્ એ બંનેમાં એકદ્રવ્યપણું નથી. 'यदि द्वन्द्वं विप्रतिषिध्यते तदा कर्तृकर्मस्थितिः का' ( यदि ) જો ( द्वन्द्व ) જીવદ્રવ્ય અને પુદ્‌ગલદ્રવ્યના એકત્વપણાનો ( विप्रतिषिध्यते ) નિષેધ કર્યો છે ( तदा ) તો ( कर्तृकर्मस्थितिः का ) 'જીવ કર્તા અને જ્ઞાનાવરણાદિ કર્મ' એવી વ્યવસ્થા ક્યાંથી ઘટે? અર્થાત્ ન ઘટે. 'ज्ञाता ज्ञातरि' જીવદ્રવ્ય પોતાના દ્રવ્ય સાથે એકત્વપણે છે; 'सदा' બધાય કાળે આવું વસ્તુનું સ્વરૂપ છે; 'कर्म कर्मणि' જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલપિંડ પોતાના પુદ્‌ગલપિંડરૂપ છે; 'इति वस्तुस्थितिः व्यक्ता' ( इति ) આ રૂપે ( वस्तुस्थितिः ) દ્રવ્યનું સ્વરૂપ ( व्यक्ता ) અનાદિનિધનપણે પ્રગટ છે. 'तथापि एषः मोहः नेपथ्ये बत कथं रभसा नानटीति' ( तथापि ) વસ્તુનું સ્વરૂપ તો આવું છે, જેવું કહ્યું તેવું, તોપણ ( एषः मोहः ) આ છે જે જીવદ્રવ્ય-પુદ્‌ગલદ્રવ્યના એકત્વરૂપ બુદ્ધિ તે ( नेपथ्ये ) મિથ્યામાર્ગમાં, ( बत ) આ વાતનો અચંબો છે કે, ( रभसा ) નિરન્તર ( कथं नानटीति ) કેમ પ્રવર્તે છે?-આ પ્રકારે વાતનો વિચાર કેમ છે? ભાવાર્થ આમ છે કે-જીવદ્રવ્ય અને પુદ્‌ગલદ્રવ્ય ભિન્ન ભિન્ન છે, મિથ્યાત્વરૂપ પરિણમેલો જીવ એકરૂપ જાણે છે તેનો ઘણો અચંબો છે. ૫૩-૯૮.

## શ્રાવણ વદ ૧૫, મંગળવાર, તા.૧૩-૯-૧૯૭૭
## કળશ - ૯૮, પ્રવચન - ૯૪

'કળશટીકા' 'કર્તા-કર્મ અધિકાર' ૯૮ કળશ છે.

कर्ता कर्मणि नास्ति नास्ति नियतं कर्मापि तत्कर्तरि
द्वन्द्वं विप्रतिषिध्यते यदि तदा का कर्तृकर्मस्थितिः।
ज्ञाता ज्ञातरि कर्म कर्मणि सदा व्यक्तेति वस्तुस्थिति-
र्नेपथ्ये बत नानटीति रभसा मोहस्तथाप्येष किम्।।५३-९८।।

શું કહે છે? 'कर्ता कर्मणि नियतं नास्ति' અહીંયાં એ લેવું છે કે આત્મા અજ્ઞાનપણે મિથ્યાત્વભાવમાં રાગ-દ્વેષરૂપે પરિણમો પણ કર્મબંધનની ક્રિયા એ કરે છે એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આત્મા સ્વભાવના ભાન વિના મિથ્યાત્વભાવે રાગાદિ અશુદ્ધ પરિણામરૂપે પરિણમે છે. મિથ્યાત્વભાવે. સમજાય છે કાંઈ? આત્મા પોતાના ચૈતન્યસ્વરૂપનું અસ્તિત્વ છે, એની દૃષ્ટિનો જેને અભાવ છે, પણ પોતામાં મિથ્યાશ્રદ્ધા અને રાગ-દ્વેષરૂપ કરે છે, એવો અજ્ઞાની મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષને કરો પણ એ સમયે જે કર્મબંધન થાય છે, એ કર્મબંધનની ક્રિયા આત્મા કરી શકતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? જ્યારે જેટલા પ્રમાણમાં મિથ્યાભ્રમ અને અજ્ઞાનથી રાગ-દ્વેષ ઉત્પન્ન કરે છે તેટલા પ્રમાણમાં જ્ઞાનાવરણાદિ કર્મ બંધાય છે. છતાં એ જ્ઞાનાવરણી જડ કર્મની પર્યાયનો કર્તા રાગ-દ્વેષ, મિથ્યાત્વભાવ નથી. સમજાય છે કાંઈ?

'कर्ता' 'મિથ્યાત્વ-રાગાદિ અશુદ્ધપરિણામપરિણત જીવ...' એમ લેવું છે ને? નિજ સ્વરૂપની ખબર નથી એવો જીવ અનાદિથી મિથ્યાત્વ, રાગ-દ્વેષરૂપે પરિણમે છે. એ સમયે જ્ઞાનાવરણાદિ નવા કર્મ પણ બંધાય છે, પણ એ કર્મબંધનની પર્યાયનો રાગ-દ્વેષ કર્તા નથી. મિથ્યાદૃષ્ટિ જીવ મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો કર્તા (થાય છે) પણ એ સમયે જે કર્મ બંધાય છે, એ પર્યાયનો કર્તા અજ્ઞાની નથી. આહાહા..! તો જ્યારે કર્મપિંડમાં આત્માનો વિકાર નથી અને આત્માના વિકારમાં કર્મપિંડ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! તો એ આત્માના જે પરિણામ થયા એ રાગ-દ્વેષથી ભલે મલિન હો, પણ એ જડની પર્યાયને કરે એમ નથી. તો સમતોલ જેવા કર્મ બંધાય છે એની ક્રિયાનો એ કર્તા નથી. તો આત્મા દેશસેવા કરી શકે (એ વાત તો ક્યાંય રહી ગઈ).

મુમુક્ષુ :- ગુરુસેવા તો કરે ને?

ઉત્તર :- ગુરુસેવાનો અર્થ શું? શું પગ દાબવા એમ છે? પગ તો આત્માના છે નહિ. સેવા તો એ છે કે એ જે કહે છે એવી માન્યતા કરવી એ સેવા છે. સમજાય છે કાંઈ? આવી વાત છે. આ બાલબચ્ચાને ભણાવવા અને સુધારવા એ ક્રિયા આત્મા નથી કરી શકતો, એમ કહે છે. નથી કરી શકતો

મુમુક્ષુ :- રૂપિયા તો ઘણા ખર્ચી નાખ્યા.

ઉત્તર :- 'રામજીભાઈ'એ તો 'સુમનભાઈ' માટે ૩૫૦૦૦ ખર્ચ્યા હતા. 'અમેરિકા'માં. અહીં કહે છે કે, કાંઈ કર્યું નથી. રાગ-દ્વેષ અને મિથ્યા ભ્રાંતિરૂપે થાઓ, પણ પરની ક્રિયા કરી શકે (એમ નથી). 'બાબુભાઈ'! આ ધંધાની ક્રિયા, વાણીની ક્રિયા, શરીરની ક્રિયા... અહીંયાં તો જેટલા રાગ-દ્વેષ અને મિથ્યાત્વ છે એ પ્રમાણે કર્મ બંધાય છે, છતાં એ કર્મબંધનની ક્રિયાનો કર્તા રાગ-દ્વેષ, મિથ્યાત્વ નથી. આહા..હા...! તો પછી પરદ્રવ્યની, દેશની સેવા કરીએ ને બાળક ને સુધારીએ ને મોટા કરીએ... આહાહા..! સમજાય છે કાંઈ? આ બહુ ઝીણી વાત, બાપુ!

મુમુક્ષુ :- બાળકનું કરવું શું ત્યારે?

ઉત્તર :- કરે શું? અજ્ઞાન ને રાગ-દ્વેષ કરે છે. કરે શું? પર તો પર છે. શેઠ! કહે છે,

'સુમનભાઈ' માટે શું કરવું? પાંત્રીસ હજાર ખર્ચો કરીને ભણાવ્યા. કંઈ ભણાવ્યો નથી, એમ અહીં તો કહે છે. આહાહા..! બાળક, સ્ત્રી, કુટુંબની કોઈપણ ક્રિયા આત્મા કરી શકે, એ ત્રણકાળમાં નથી. આહાહા..! અહીંયાં તો જેટલા મિથ્યાત્વ અને રાગ-દ્વેષપણું થયું એ પ્રમાણે ત્યાં દર્શનમોહ અને ચારિત્રમોહ આદિનો બંધ પડ્યો, એની પર્યાયનો કર્તા મિથ્યાત્વ અને રાગ-દ્વેષ નહિ. આહાહા..! તો પછી પરની દયા પાળી શકે છે અને પરની હિંસા કરી શકે છે એ વાત આત્મામાં નથી. એમ કહે છે. હિંસા કરું, એવો ભાવ કરે, પણ પરની હિંસા કરી શકે એ વાત ત્રણકાળમાં નથી. દયા પાળવાનો શુભરાગ કરે, રાગ મારો છે એમ માનીને અજ્ઞાની રાગ કરે, પણ પરની દયાની ક્રિયા કરી શકે એ ત્રણકાળમાં નથી. આહાહા..! અત્યારે તો એ લેવું છે. રાગનો કર્તા મિથ્યાદૃષ્ટિ, એ અત્યારે લેવું નથી. એ લીધું તો ખરું. પણ રાગ-દ્વેષ કરો, મિથ્યાત્વરૂપે પરિણમો છતાં કર્મબંધનની પર્યાયનો એ મિથ્યાત્વ, રાગ-દ્વેષ કર્તા નથી. 'માંગીલાલજી'! તો પછી આ વેપાર-ધંધાની ક્રિયા કોણ કરે છે? દુકાનને થડે બેઠો હોય. થડે સમજ્યા? શું કહે છે? ગાદી. થડો કહે છે? અચ્છા! થડે બેઠો હોય (અને એમ કહે) આમ કરો, આમ લાવ. પૈસા દો, પૈસા લાવ. એ ક્રિયા ત્રણકાળમાં આત્મા કરી શકતો નથી, એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- વેપાર-ધંધો બંધ કરી દેવો પડશે.

ઉત્તર :- વેપાર-ધંધો ઈ કરતો હતો ક્યાં કે બંધ કરે. એ કરી શકતો નથી ત્યારે બંધ કરવું એ ક્યાં રહ્યું ? બંધ કરવું તો એ રહ્યું કે પરની પર્યાયનો હું કર્તા નથી અને મારા રાગ-દ્વેષનો કર્તા છું તો એ રાગ-દ્વેષ મારી ચીજ નથી, હું જ્ઞાતા-દૃષ્ટા છું, એમ કરવાનું છે. સમજાય છે કાંઈ? આહા..! આવી વાતું. હવે આ લોકો કહે, આમ કરવું, વૈય્યાવચ કરવી, પરની વૈય્યાવચ કરવી. એ વૈય્યાવચનો શુભભાવ હો, પણ પરની સેવાચાકરી કરી શકે, પરદ્રવ્યની પર્યાય, કર્મના પિંડની પર્યાય રાગ-દ્વેષ કરે નહિ તો રાગ થાય અને પરની ક્રિયા રાગ કરે (એમ તો ત્રણકાળમાં નથી). આહાહા..! સમજાય છે કાંઈ? શેઠ! સાચી વાત આમ છે.

મુમુક્ષુ :- એક દ્રવ્યની બીજા દ્રવ્યમાં પહોંચ જ નથી.

ઉત્તર :- અંદરમાં ક્યાં પેસે છે. કહ્યું ને? કર્મપિંડમાં મિથ્યાત્વ, રાગ-દ્વેષ નથી અને મિથ્યાત્વ, રાગ-દ્વેષ પરિણામમાં કર્મપિંડ નથી. આહાહા..! માર્ગ પ્રભુનો ભારે, ભાઈ! લોકો કંઈક કંઈક રસ્તે ચડી ગયા અને માને કે અમે ધર્મ કરીએ છીએ. અરે..! જન્મ-મરણના અંત લાવવાની ચીજ એ સમજે નહિ. અહીં તો હજી પરદ્રવ્યની પર્યાયનો પણ કર્તા માને એ તો બહુ સ્થૂળ મિથ્યાત્વ છે. પોતાના રાગનો કર્તા માને, જાણે તોપણ મિથ્યાત્વ છે. પણ અહીં એ વાત લેવી છે કે મિથ્યાત્વ અને રાગ-દ્વેષ તો અજ્ઞાની કરે છે. સમજાય છે કાંઈ? પોતાની પર્યાયમાં, પોતાના અસ્તિત્વમાં ભ્રાંતિ, ભ્રમણા અને રાગ-દ્વેષ અજ્ઞાની પોતાની પર્યાયમાં કરે છે. પણ એ અજ્ઞાની કર્મબંધની પર્યાયમાં (કંઈ કરતો નથી). આ રાગ-દ્વેષ ત્યાં નથી તો એની પર્યાયનો કર્તા કઈ રીતે થાય ? આહાહા..! સમજાય છે કાંઈ? ભારે કામ.

અહીં તો એક વખત કહ્યું હતું. પંડિતજી આવ્યા હતા. પંડિતજી કહેતા હતા, 'ઈન્દોર'માં પાંચ-સાત વર્ષ પહેલા થયું હતું. પચાસ પંડિત ભેગા થયા હતા. રાત્રે ભાષણ

કર્યું. પરદ્રવ્યનો કર્તા ન માને તે દિગંબર જૈન નહિ. અરે..! ભગવાન! શું કરવું છે તારે? વાત એ કે સોનગઢની સામે વિરોધ કરવો. ભગવાન! તને શોભતું નથી, નાથ! તું કોણ છો? તું તો જ્ઞાનાનંદ સહજાનંદ મૂર્તિ પ્રભુ છો ને! તારા સ્વરૂપને ભૂલીને પરમાં સુખ છે અને રાગથી ધર્મ છે, એવા મિથ્યાત્વભાવને કરવા એ પણ તારી શોભા નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? તો પરનું અજ્ઞાનભાવે કરી શકે (એ તો કલંક છે). આહાહા..!

આ લાકડી ઊંચી થાય છે તો આત્મા કરે છે, એમ નથી, એમ કહે છે. દાળ, ભાત, શાક બને છે તો સ્ત્રીનો આત્મા રાગ કરે, અજ્ઞાની રાગના પરિણમનનો કર્તા થાય, પણ એ દાળ, ભાત, શાકની પર્યાય બનાવે, એમ બિલકુલ નથી. આહાહા..! એમ પૈસા.. નોટ.. નોટ આવે છે? નોટ એની પાસે આવે છે તો એ રાગ કરે કે, હું પૈસા કમાઉં છું. પણ એ પૈસા આવે છે એ રાગ નથી લાવતો. આહાહા..! અને કોઈને પૈસા, નોટ આપી. પચાસ-સો-પાંચસોની નોટ. એમાં રાગ કરનારો રાગ કરે છે પણ એ નોટ દેવાની ક્રિયા કરતો નથી. આરે..! આવી વાતું છે. સમજાય છે કાંઈ?

આ લોચ કરે છે ને? લોચ. એ કહે છે કે, વિકલ્પ હો, અજ્ઞાની વિકલ્પનો કર્તા થાઓ પણ એ લોચની ક્રિયાનો કર્તા તો આત્મા નથી. આહાહા..! જ્ઞાની લોચની ક્રિયા તો કરતો નથી પણ એમાં વિકલ્પ ઉઠ્યો એનો પણ કર્તા નથી. આહાહા..! આવી વાતું છે, બાપુ! માર્ગ.. આહા..! અરે..! એકલો રઝળતો, રખડતો ચોર્યાસીના અવતારમાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષથી દુઃખી છે. એ દુઃખને અજ્ઞાનભાવ કરો, કહે છે. પણ પરનું કરી શકું, કર્મબંધન હું કરું છું (એમ તો નથી).

જ્ઞાનાવરણીય કર્મ છ કારણથી બંધાય છે. જ્ઞાનાવરણીય. એ છ બોલનો અજ્ઞાનભાવે ભાવ કરો, પણ જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે એ ક્રિયા આત્મા કરી શકે છે, એમ નહિ. જે ભાવથી જ્ઞાનાવરણીય બંધાય એ ભાવ જ્ઞાનાવરણીય બંધની ક્રિયાનો કર્તા નથી. એ ભાવનો કર્તા, રાગનો કર્તા અજ્ઞાની થાય છે. આહાહા..! પણ એ જ્ઞાનાવરણીય છ કારણે બંધાય, એવો પાઠ 'તત્ત્વાર્થ સૂત્ર'માં છે. દર્શનાવરણીય બંધાય, વેદનીય બંધાય, આઠ કર્મ છે ને? આયુષ્ય બંધાય, લ્યો! એ આયુષ્ય બંધાવામાં નિમિત્તરૂપે જે રાગ છે, એનો કર્તા અજ્ઞાની છે. અજ્ઞાની, હોં! પણ એ આયુષ્યનું બંધન મેં કર્યું, એ જડ આયુષ્ય (બંધનની) ક્રિયા આત્માની નહિ. આહાહા..! કહો, 'પોપટભાઈ'! તમારી લાદીની ક્રિયા ને 'હસમુખ'ની ક્રિયા તો ક્યાંય બાહ્ય રહી ગઈ.

મુમુક્ષુ :- એ તો નોકરો કરે ને.

ઉત્તર :- નોકર કરે? નોકર પણ રાગ કરે, પણ એ ધંધાની ક્રિયા-ગુણી ઉપાડીને મૂકી ને તોળી, એ ક્રિયા રાગ કરી શકે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- તદ્દનુકૂલ પરિણતિનો જ કર્તા નથી ત્યાં પછી..

ઉત્તર :- નથી. આહાહા..! બહુ ઝીણું તત્ત્વ, બાપુ! અત્યારે લોકોને પરનું કરી દઈએ, પરનું કરી દઈએ, પરનું કરી દઈએ. આહાહા..! સમજાવવાનો વિકલ્પ છે એમાં પણ એમ માને કે હું પરને સમજાવી દઉં, તો એ મિથ્યાત્વપણે, રાગપણે પરિણમો પણ પરને સમજાવી

શકે, એ વાત નથી. આહાહા..!

મુમુક્ષુ :- સમજાવવા માટે

ઉત્તર :- એ સમજાવવા જાય છે એ તો વિકલ્પ છે અને વિકલ્પનો કર્તા ન થાય તો વાસ્તવિક ઉપદેશક કહેવાય. આહાહા..! ઝીણી વાત બહુ, ભાઈ! એક તત્ત્વનો જ્યાં બીજા તત્ત્વમાં અભાવ છે, તો જેમાં છે નહિ એનો કર્તા કઈ રીતે થાય? આહાહા..! સ્ત્રી, કુટુંબ, પરિવાર, મકાન આદિ અરે..! ભગવાનની પ્રતિમા મંદિર બનાવીને મંદિરમાં સ્થાપવી એ ક્રિયા આત્મા કરી શકતો નથી, એમ કહે છે. એ સમયે શુભરાગી પ્રાણીને રાગની મંદતા હોય એનો અજ્ઞાનભાવે કર્તા થાય. એ પણ અજ્ઞાનભાવે, હોં! આહાહા..! ગજબ વાત, બાપુ! સમજાય છે કાંઈ? તીર્થની આત્મા રક્ષા કરી શકે છે. આકરી વાત છે. 'બાબુભાઈ'એ ફંડ બનાવ્યું છે ને. તીર્થરક્ષા. એમાં તો બહુ મોટી તકરાર ચાલે છે. આમ ને તેમ ને સહયોગ ન આપવો. અરે..! ભગવાન! આહાહા..!

અહીં તો પ્રભુ એમ કહે છે, સાંભળ તો ખરો, નાથ! સત્યની સ્થિતિ સત્યની મર્યાદા, સત્યની મર્યાદા એ છે કે તારા અજ્ઞાનભાવે તું રાગ-દ્વેષ કરો, પણ પરની ક્રિયા-એ પૈસા કમાવા ને પૈસા ખર્ચવા, મંદિર બનાવવું ને પ્રતિમા સ્થાપવી (એ ક્રિયા કરી શકતો નથી). ગજબ વાતું, બાપુ!

મુમુક્ષુ :- આત્માની હરરાજી કરે તો હજારો રૂપિયા મળે.

ઉત્તર :- વાત સાચી. 'બાબુભાઈ' બોલે એમાંથી, બરાબર હજાર, બોલો, ઝટ બોલો. એમ બોલે. ઝટ કરો. એ.. 'પોપટભાઈ'! અહીં તો કહે છે, એ વાણીને કાળે વાણી હો, વાણીનો કર્તા આત્મા નથી. એ વખતે રાગ આવે છે તો રાગ ઉપર જેની દૃષ્ટિ છે, તો રાગનો કર્તા છે. દૃષ્ટિ ત્યાં છે તો. આહાહા..! અને જેની દૃષ્ટિ સ્વભાવ ઉપર-જ્ઞાયક ઉપર છે એ તો રાગનો પણ કર્તા નથી, એ તો રાગનો જાણનાર છે. આહાહા..! આવો માર્ગ. દુનિયા પાસેથી માન લેવું ને દુનિયામાં કંઈક ગણતરીમાં આવું એમ ગણાવવું.. આહાહા..! એ પરની ક્રિયા. અરે..! પ્રભુ! શું છે? ભાઈ! મને દુનિયા ગણે, ગણતરીમાં લે કે હું કાંઈક છું. એવી પરની ક્રિયામાં ગણાવું એવો ભાવ કરે. આહાહા..! સમજાય છે કાંઈ?

આ ભગવાન નિજ આત્મામાં સવળી દૃષ્ટિ અથવા અવળી દૃષ્ટિ, નિજ સ્વભાવની દૃષ્ટિ કરી રાગનો પણ જ્ઞાતા રહીને, પરની ક્રિયાનો જ્ઞાતા રહે એ તો વસ્તુસ્થિતિ (છે). પણ કદાચિત્ એ સમયે રહી ન શકે તો અજ્ઞાની રાગ-દ્વેષને, મિથ્યાત્વને કરે છતાં એ રાગને કારણે પરદ્રવ્યની ક્રિયા કરી શકે (એમ વસ્તુસ્થિતિ નથી). આહાહા..! દયાનો ભાવ આવ્યો તો રાગનો કર્તા અજ્ઞાની થાઓ. અજ્ઞાની, હોં! પણ પરની દયાની ક્રિયા કરે એ આત્મામાં નથી. આહાહા..! વાત એવી છે.

એ અહીં કહે છે, જુઓ! શું કહે છે? '**જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલપિંડમાં નિશ્ચયથી નથી...**' કોણ? મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામ જીવ જે કરે છે, એ જ્ઞાનાવરણાદિ કર્મમાં નિશ્ચયથી નથી. આઠ કર્મ જે બંધાય છે એમાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામ છે? સમજાય છે? આહાહા..! '**નથી અર્થાત્ એ બંનેમાં એકદ્રવ્યપણું નથી.**' શું (કહ્યું)? જીવ

નિજ સ્વભાવને ભૂલી મિથ્યાશ્રદ્ધા અને રાગ-દ્વેષ કરે પણ એ રાગ-દ્વેષ અને મિથ્યાત્વમાં કર્મપર્યાય નથી અને એ કર્મની પર્યાયમાં રાગ-દ્વેષ અને મિથ્યાત્વની પર્યાય નથી. છે? '**બંનેમાં એકદ્રવ્યપણું નથી.**' બંને એક ચીજ નથી. કર્મબંધનની ક્રિયા જુદી છે અને રાગ-દ્વેષ કરનાર જીવ જુદો છે. બેય એક નથી. આહાહા..! બે બે રૂપે ભિન્ન છે. આહા..! આવી વાત છે.

'तत् कर्म अपि कर्तरि नास्ति' શું કહે છે? અજ્ઞાની જ્યારે પોતાના પરિણામમાં મિથ્યાશ્રદ્ધા અને રાગ-દ્વેષ કરે છે એ કર્મના પિંડમાં નથી. અને 'तत् कर्म अपि' '**તે જ્ઞાનાવરણાદિ પુદ્ગલપિંડ પણ અશુદ્ધભાવપરિણત મિથ્યાદૃષ્ટિ જીવમાં નથી...**' સમજાય છે? રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિના રાગનો મિથ્યાદૃષ્ટિ કર્તા થયો, તો એ પરિણામ, જે કર્મબંધન થયું એમાં ઈ પરિણામ નથી. અને કર્મની પર્યાય મિથ્યાત્વ, રાગ-દ્વેષના પરિણામમાં નથી. બંને ભિન્ન ભિન્ન છે. આહાહા..! સત્ય વાતનો બહુ ફેરફાર થઈ ગયો. જૈન સંપ્રદાયમાં જન્મ્યા છતાં સત્ય વાત શું છે, (એની ખબરું ન મળે). આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બહુ ફેરફાર થઈ ગયો. આહાહા..!

શું વાત! આચાર્ય પોકાર કરે છે, પ્રભુ! તું અજ્ઞાનભાવે મિથ્યાત્વ અને રાગ-દ્વેષ કરો, પણ એ પરિણામ તારા કર્મબંધનની પર્યાયમાં આ પરિણામ નથી. ત્યાં તો જડની પર્યાયના પરિણામ છે. અને જડની પર્યાય જે પુદ્ગલની બંધાણી, છ કારણ જે જ્ઞાનાવરણીય (બાંધવાના) જે કારણ છે, એ પરિણામનો કર્તા તું અજ્ઞાનભાવે હો. આહાહા..! પણ એ પરિણામ કંઈ જ્ઞાનાવરણીય બંધાણું એમાં ગયા નથી. અને આ પરિણામ જે છ પ્રકારે જ્ઞાનાવરણીય બંધાણા, એ પરિણામમાં કર્મપિંડની પર્યાય આવી નથી. આહાહા..! આ તો છે ને? જ્ઞાનાવરણીય છ પ્રકારે બંધાય, દર્શનાવરણીય એ ભાવ પણ રાગ છે. આહાહા..! એ રાગનો મિથ્યાદૃષ્ટિ-સ્વભાવની દૃષ્ટિ નથી તો એ રાગનો કર્તા પોતાના પરિણામમાં થાઓ. મિથ્યાત્વભાવે. પણ એ પરિણામ જડની પર્યાયમાં જતા નથી. જતા નથી તો જડની પર્યાય કઈ રીતે કરે? અને જડની પર્યાય, રાગ-દ્વેષના પરિણામ કર્યા એમાં એ પર્યાય આવી નથી. તો એ જડની પર્યાય અહીંયા રાગ-દ્વેષને કઈ રીતે કરે? આહાહા..! કર્મનું બંધન થયું એ પર્યાય થઈ. એ પર્યાયમાં અહીંયાં મિથ્યાત્વ, રાગ-દ્વેષના પરિણામ થયા એ એમાં નથી. એમાં નથી તો કરે ક્યાંથી? અને એ પુદ્ગલપિંડની પર્યાય અહીંયાં રાગ-દ્વેષના પરિણામમાં નથી. એ પુદ્ગલપિંડની પર્યાય રાગ-દ્વેષ કઈ રીતે કરે? આહાહા..! સમજાય છે કાંઈ? માર્ગ આવો છે, ભાઈ! અરે..! દુઃખી પ્રાણી ચાર ગતિમાં (રખડે છે).

અહીં તો મિથ્યાત્વના પરિણામવાળો પણ પરના પરિણામ ન કરી શકે એ વાત છે. આહાહા..! સમજાય છે કાંઈ? અને ધર્મીજીવ તો પોતાનો સ્વભાવ જ્ઞાયક અને ચિદાનંદ છે એવા અસ્તિત્વની જ્યાં પ્રતીતિ, ભાન થયું તો મારા અસ્તિત્વમાં એ રાગ-દ્વેષ છે જ નહિ. તો રાગ-દ્વેષના કર્તા જ્ઞાની નથી. આહાહા..! નિજ અસ્તિત્વમાં એ નથી અને એના અસ્તિત્વમાં હું નથી. શું કહે છે?

પહેલા તો આ લીધું કે રાગ-દ્વેષ અને મિથ્યાત્વના પરિણામમાં પુદ્‌ગલ નથી અને પુદ્‌ગલના પરિણામમાં આ પરિણામ નથી. હવે ત્રીજી વાત અંદરથી ભાવથી એ વાત લીધી કે અજ્ઞાની રાગ-દ્વેષનો કર્તા હતો ત્યારે તો પરિણામ નવા બંધનમાં નિમિત્ત કહેવામાં આવતા હતા. હવે અહીંયાં જે રાગ-દ્વેષ, છ કારણે જે જ્ઞાનાવરણીય બંધાણું.. આહાહા..! જ્ઞાનીને દસમા ગુણસ્થાન સુધી હજી છ કર્મ તો બંધાય છે તો એને રાગ પણ નિમિત્ત છે, પણ એ રાગનો કર્તા નથી. આહાહા..! સમજાય છે કાંઈ? રાગતત્ત્વ ભિન્ન છે, અજીવતત્ત્વ ભિન્ન છે, ચૈતન્યતત્ત્વ ભિન્ન છે. રાગતત્ત્વ ભિન્ન છે તો પુદ્‌ગલની પર્યાયને કેમ કરે? એ જડથી તો ભિન્ન છે. અને રાગના પરિણામ પોતામાં છે તો જડની પર્યાય એને કઈ રીતે કરે? લોકો એમ કહે છે ને? કર્મનો ઉદય આવે છે તો આત્મામાં વિકાર થાય છે. તો કહે છે કે, ઉદય તો ઉદયમાં છે. ઉદય તારા રાગ-દ્વેષ પરિણામમાં તો આવ્યો નથી. તો કર્મ રાગ-દ્વેષને કઈ રીતે કરે? આહાહા..! સમજાય છે કાંઈ?

છ પ્રકારે જ્ઞાનાવરણીય બંધાય. દર્શનાવરણીય, મોહનીય, અંતરાય, વેદનીય લઈ લેવા. એ પરિણામ તો જડની પર્યાયમાં જતા નથી અને જડની પર્યાય તારા પરિણામ થયા એમાં આવતી નથી. આહાહા..! પહેલા તો ભેદજ્ઞાન આ પ્રકારે કરવું. પછી અંતરના ભેદજ્ઞાનમાં ભગવાન જ્ઞાનસ્વરૂપી આત્મા.. એ પછીના કળશમાં લેશે. જ્ઞાતાના પરિણામમાં રાગ-દ્વેષ પરિણામ આવતા નથી. નિર્મળ પરિણામ જ્ઞાતાના-સમ્યગ્દૃષ્ટિના... આહાહા..! નિર્મળ પરિણામમાં મલિન પરિણામનું અસ્તિત્વ તો આવતું નથી. અને મલિન પરિણામમાં નિર્મળ પરિણામ જતા નથી. આહાહા..! 'જિનેશ્વરદાસજી'! આવી વાતું બહુ ઝીણી. માર્ગ તો આ છે. આહાહા..!

**'તે જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલપિંડ પણ અશુદ્ધભાવપરિણત મિથ્યાદૃષ્ટિ જીવમાં નથી...'** આહાહા..! જુઓ! આ તો બંધનની પર્યાય એની કહી. પણ બીજી રીતે કહીએ તો જે કર્મનો ઉદય છે એ પર્યાય જડમાં છે. એ કંઈ રાગ-દ્વેષ કરવામાં એ પર્યાય આવતી નથી. આહાહા..! મોટી તકરાર એ છે ને? કર્મના ઉદયથી વિકાર થાય, કર્મના ઉદયથી વિકાર થાય. અહીં તો કહે છે કે કર્મનો ઉદય તો જડપર્યાય છે. રાગ-દ્વેષ પર્યાય તો તારા ચૈતન્યમાં વિપરીત પર્યાય છે. વિપરીત પર્યાયમાં કર્મનો ઉદય આવતો નથી અને કર્મના ઉદયમાં વિપરીત પર્યાય જતી નથી. તો એનો ઉદય કઈ રીતે કરે અને બંધ કઈ રીતે કરે? આહાહા..! બહુ માર્ગ એવો, ભાઈ! વાણિયાને વખત મળે નહિ. આ ધંધા ને બાયડી, છોકરા... એકલા પાપના પોષણ આખા. એમાં સાંભળવા માટે કલાક, બે કલાક મળે તો પેલો કુગુરુ લૂંટી લે. 'શ્રીમદ્' કહે છે. કુગુરુ લૂંટી લે કે તમે આમ કરો તો કલ્યાણ થાશે, આમ કરો તો કલ્યાણ થાશે. મારી નાખે કલાક. થઈ રહ્યું, જાઓ! આહાહા..!

અહીં પરમાત્મા ફરમાવે છે કે એકવાર સાંભળ તો ખરો, નાથ! તારી સંપદામાં શું પડ્યું છે? અરે..! રાગ-દ્વેષ તારા પરિણામ તું કર ભલે પણ કર્મબંધનની પર્યાયને તું કરે (એમ બિલકુલ નથી). અને કર્મનો ઉદય આવે ઈ જડની પર્યાયમાં છે. એ તારા રાગ-દ્વેષ આવે છે અને રાગ-દ્વેષ એ કરાવે છે, એમ નથી. આહાહા..! ભારે કામ, ભાઈ! બાયડી, છોકરા, કુટુંબ

એ બધું ધુતારાની ટોળી છે. તને ધુતારાની ટોળી મળી છે, ભાઈ! હું એનું કરું ને એને રાજી રાખું. મરી ગયો તું, ભાઈ! તારા જ્ઞાતા-દ્રષ્ટાના જીવનમાં તેં ઘા નાખ્યા. તું ઘાયલ થયો. આહાહા..! છરાથી જેમ શરીર ઘાયલ થાય છે, ઘાયલ કહે છે ને? એમ હું પરને રાજી કરું ને પરથી રાજી થાઉં, ભગવાન! તેં ચૈતન્યને ઘાયલ કર્યો. આહાહા..! તારું જીવન તેં ન રાખ્યું. એમાં ચૈતન્ય જ્ઞાતા-દ્રષ્ટાનું જીવન તેં ન રાખ્યું. આહાહા..! એ રાગ કરીને મેં પરનું કર્યું એમ માનવું એ ચૈતન્ય સ્વરૂપને ઘાયલ કર્યું. જેમ ઘાયલ થાય અને લોહી, લોહી નીકળે, એમ ઘાયલ થતાં વિપરીત દશા ઉત્પન્ન થાય છે. આહાહા..! આવો માર્ગ છે, ભાઈ! સમજાય છે કાંઈ?

**'અર્થાત્ એ બંનેમાં એકદ્રવ્યપણું નથી.'** છે ને આ બાજુ? ઉપરની લીટી. રાગ-દ્વેષ મિથ્યાત્વમાં પરદ્રવ્ય નહિ અને પરદ્રવ્યની પર્યાયમાં રાગ-દ્વેષ, મિથ્યાત્વ નહિ. આહાહા..! 'यदि द्वन्द्वं विप्रतिषिध्यते तदा **कर्तृकर्मस्थितिः का**' **'જો જીવદ્રવ્ય અને પુદ્ગલદ્રવ્યના એકત્વપણાનો નિષેધ કર્યો છે...'** જડની કર્મબંધનની પર્યાય અને અજ્ઞાનીના રાગ-દ્વેષના પરિણામ, બેયને ભિન્ન બતાવ્યા. આહાહા..! **'જીવદ્રવ્ય અને પુદ્ગલદ્રવ્યના એકત્વપણાનો નિષેધ કર્યો છે તો...'** **'कर्तृकर्मस्थितिः का'** **'તો જીવ કર્તા અને જ્ઞાનાવરણાદિ કર્મ' એવી વ્યવસ્થા ક્યાંથી ઘટે?'** આ ગજબ વાત છે ને! જ્ઞાનાવરણીય કર્મ તો ચોથે ગુણસ્થાને પણ બંધાય છે, પાંચમે બંધાય છે, છઠ્ઠે બંધાય છે. પણ એ બંધાય છે એ તો જડની પર્યાય છે. અને અહીંયાં વિકાર થયો એનો પણ કર્તા જ્ઞાની નથી. તો એ રાગ થયો એનો પણ જ્ઞાતા છે અને બંધ થયો એનો પણ જ્ઞાતા છે. આહાહા..! સમજાય છે કાંઈ? અજ્ઞાની રાગનો કર્તા થઈને અજ્ઞાનભાવને સેવો પણ કર્મની પર્યાયનું બંધન એ કરે, એમ (ત્રણકાળમાં નથી). કેમકે બે દ્રવ્ય જ્યાં ભિન્ન બતાવ્યા (ત્યાં) ભિન્નમાં ભિન્નની ક્રિયા કઈ રીતે થાય? આહાહા..! અહીં તો કહે, કર્તા છે, કરી શકે છે.

શાસ્ત્રમાં એમ નથી આવતું? એક આંગળી જેવડી પ્રતિમાની પ્રતિષ્ઠા કરે તો સંઘવી કહેવાય. લ્યો! કઈ અપેક્ષાથી? ભાઈ! 'પદ્મનંદિ પંચવિંશતિ'માં આવે છે કે નાની પ્રતિમા પણ કરે અને પધરાવે તો એ મોટો ધર્મી છે. એ તો સમ્યગ્દૃષ્ટિની વાત છે અને એને એવો રાગ આવ્યો એનો કર્તા નથી, પરનો કર્તા નથી. એને પ્રતિષ્ઠા અને પ્રભાવનાના ભાવવાળો કહેવાય છે. આવી વાતું છે.

મુમુક્ષુ :- કહેવું કંઈક અને માનવું કંઈક.

ઉત્તર :- કહેનારની ભાષા બીજી, એનો આશય શું છે? આહાહા..! સમજાય છે કાંઈ?

અહીંયાં તો કહે છે ને, પરદ્રવ્યની પર્યાય, કર્મની પર્યાયમાં રાગ-દ્વેષ જતા નથી. છ કારણે ચોથે, પાંચમે, છઠ્ઠે જ્ઞાનાવરણીય તો બંધાય છે, પણ એ પરિણામનો કર્તા જ્ઞાની નથી. તો ખરેખર એને બંધન પણ છે એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? રાગનો કર્તા પણ જ્ઞાની નથી. છ પ્રકારે જે જ્ઞાનાવરણીય બંધાય એ પરિણામનો કર્તા પણ જ્ઞાની-ધર્મી નહિ. તો એનાથી બંધ થયો એનો કર્તા છે જ નહિ. જ્ઞાતા થયો, ખ્યાલમાં આવ્યું કે આ છ કારણરૂપ ભાવ છે, એ ખ્યાલમાં આવ્યું. અને જ્ઞાનાવરણીય બંધાય છે એનું જ્ઞાન થયું.

ખ્યાલમાં આવ્યું કે આ પ્રકારનો રાગ આ પ્રકારના જ્ઞાનાવરણીયના બંધમાં નિમિત્ત થયો. એનું જ્ઞાન થયું. આહાહા..! આવો માર્ગ છે. આહાહા..!

ત્રણલોકના નાથ જિનેન્દ્રદેવ એમ કહે છે, પ્રભુ! પરદ્રવ્ય અને સ્વદ્રવ્યની ભિન્નતા તને બતાવી તો હવે તું પરદ્રવ્યની ક્રિયા કરે એ ક્યાંથી આવ્યું? સમજાય છે કાંઈ? પછીના શ્લોકમાં અંતરમાં લેશે. ૯૯માં એ લેશે કે જ્યારે રાગ-દ્વેષ અને ચૈતન્ય ભિન્ન બતાવ્યા.. આહાહા..! તો પછી ભિન્ન દ્રવ્ય ભિન્ન દ્રવ્યનું કર્તા કઈ રીતે થાય? આહાહા..! સમજાય છે કાંઈ? શું ભિન્ન દ્રવ્ય? આ શ્લોકમાં ભિન્ન દ્રવ્ય એટલે કર્મ. અને પછીના શ્લોકમાં ભિન્ન દ્રવ્ય રાગ-દ્વેષ. સમજાય છે કાંઈ? આહાહા..! ઈ એ છે, પછી આવશે. જુઓ! '**एतत् ज्ञानज्योतिः तथा ज्वलितम्**' '**વિદ્યમાન શુદ્ધચૈતન્યપ્રકાશ જેવો હતો તેવો પ્રગટ થયો.**' એ પહેલા શબ્દમાં છે. ૯૯ (કળશ). સમજાય છે કાંઈ? આ સમજાવીને પછી સમજાવશે આ. સમજાય છે કાંઈ? આહાહા..!

અરે..! છ કારણે તો દસમે ગુણસ્થાને પણ છ કર્મ બંધાય છે. છ કર્મ બંધાય છે તો કારણ પણ હશે કે નહિ? તો કહે છે, કારણ અને બંધન, બેયનો સમકિતદૃષ્ટિ તો જ્ઞાતા-દૃષ્ટા છે. આહાહા..! આહાહા..! શાસ્ત્રમાં તો એમ આવે, છઠ્ઠે ગુણસ્થાને આઠ કર્મ આયુષ્ય સહિત બંધાય તો આઠ બંધાય. આયુષ્ય ન હોય તો સાત બંધાય છે. આવે છે કે નહિ? જ્યારે આયુષ્ય ન બંધાય ત્યારે સાત (બંધાય). આયુષ્ય બંધાય તો આઠ બંધાય છે. ભગવાન! એ આઠ બંધાય છે એ બરાબર છે. પણ પહેલા ગુણસ્થાનમાં જે મિથ્યાત્વ અને રાગ-દ્વેષ નિમિત્ત પડે અને બંધાય, એ ચીજમાં તો દર્શનમોહનીય આદિ બંધાણા. એની પર્યાયમાં પણ આ રાગ-દ્વેષ ન ગયા તો રાગ-દ્વેષે ત્યાં શું કર્યું? અને બંધનની પર્યાય અહીં આવી નહિ તો આ પર્યાયને બંધને કર્યું શું? સમજાય છે કાંઈ? આહાહા..! પણ એનો સરવાળો લેવો છે, આવો નિર્ણય કરાવીને સરવાળો કરાવવો છે-વીતરાગભાવનો. સમજાય છે કાંઈ?

રાગ-દ્વેષનો કર્તા મિથ્યાદૃષ્ટિ છે તો એ પરિણામ તો તારા છે અને બંધનની પર્યાયમાં તારા પરિણામ નથી. તો પરની પર્યાયને તું કેવી રીતે કરે? એટલું લઈને એમાંથી વીતરાગતા કાઢવી છે. સમજાય છે કાંઈ? કારણ કે શાસ્ત્રનું તાત્પર્ય તો વીતરાગતા છે. આ સિદ્ધ કરીને પણ વીતરાગતા સિદ્ધ કરવી છે. સમજાય છે કાંઈ? આહાહા..! એ મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામ તને થયા અને કર્મબંધનની પર્યાય પરમાં થઈ. એટલું બતાવીને હવે વીતરાગતા બતાવે છે કે જ્યારે એ રાગ-દ્વેષ છે એ તારી ચીજમાં નથી. જેમ પરચીજ તારામાં નથી. તારા મિથ્યાત્વના પરિણામ પરમાં નથી. એમ મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામ એ તારી ચીજમાં નથી. આહાહા..! સમજાય છે કાંઈ? મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામમાં તું નથી. તું તો જ્ઞાનસ્વરૂપમાં છો. આહાહા..! જ્ઞાનસ્વરૂપમાં રાગ-દ્વેષ નથી. રાગ-દ્વેષ રાગ-દ્વેષમાં છે, જ્ઞાયક જ્ઞાયકમાં છે. આહાહા..!

એ કહ્યું ને? કર્મધારા અને જ્ઞાનધારા. શ્લોક આવે છે ને? જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી કર્મધારા છે. કર્મ-રાગધારા છે અને જ્ઞાતા-જ્ઞાનધારા પણ છે. નિજ સ્વભાવ શુદ્ધ ચૈતન્ય છે એવી દૃષ્ટિ, જ્ઞાનનું પણ ભાન છે. તો જ્ઞાનધારા અને રાગધારા (બેય છે).

પણ રાગની કર્તા જ્ઞાનધારા નહિ. એ આ બતાવવાનું તાત્પર્ય છે. મિથ્યાત્વ અને રાગ-દ્વેષ ને કર્મ બંધાય છે કર્મને કારણે ત્યાં રોકવો નથી. સમજાય છે કાંઈ? આહાહા..! હવે તો પ્રભુ! તારી ચીજમાં રાગ-દ્વેષ નથી, ત્યાં તને લઈ જવો છે. પરની પર્યાય તારામાં નહિ અને પરની પર્યાયમાં તું નહિ. અહીંયાં તો ત્યાં સુધી લઈ જવું છે, ભગવાન! આહાહા..!

જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવ જ્ઞાયકભાવ ભગવાનઆત્મા.. એમાં આવ્યું ને? છઠ્ઠી ગાથામાં. શુભભાવ, અશુભભાવ એમાં નથી. એ જ્ઞાયકભાવ શુભ-અશુભભાવરૂપ થાય તો જડ થઈ જાય. આહાહા..! અહીંયાં અજ્ઞાની જ્ઞાયકભાવને છોડીને રાગ-દ્વેષ કરે છે તો એ નિશ્ચયથી તો જડ છે. ચૈતન્ય ન રહ્યો. આહાહા..! સમજાય છે કાંઈ? ચૈતન્ય તો એને કહીએ કે જે ભગવાનઆત્મા રાગ-દ્વેષ થાય છે એને સ્પર્શ્યા વિના રાગનું જ્ઞાન કરે છે. અને શાસ્ત્રમાં એમ સાંભળવામાં આવે કે ચોથે ગુણસ્થાને આયુષ્ય સહિત આઠ કર્મ બંધાય, સાત બંધાય. વાંચન કરવામાં એ ખ્યાલ આવે તોપણ એનું એ જ્ઞાન કરે છે. એના ખ્યાલમાં આવે કે અહીંયાં આમ કહે છે. એ જાણનાર છે. આહાહા..! સમજાય છે કાંઈ? અહીંયાં તો હજી શરીર આટલું સારું હોય, વાણી સારી હોય. મારું શરીર આવું છે, મારી ભાષા આવી છે. અરે..! પ્રભુ! તું કોણ છો? ક્યાં શરીર, ક્યાં તું? ક્યાં વાણી, ક્યાં તું? ક્યાં પૈસા, ક્યાં તું? દ્વંદ્વમાં એકમાં બીજો તો છે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? જુઓ!

**'कर्तृकर्मस्थितिः का' 'જીવ કર્તા અને જ્ઞાનાવરણાદિ કર્મ' એવી વ્યવસ્થા ક્યાંથી ઘટે? અર્થાત્ ન ઘટે.' 'ज्ञाता ज्ञातरि' 'જીવદ્રવ્ય પોતાના દ્રવ્ય સાથે એકત્વપણે છે;...'** અહીંયાં રાગસહિતનો જ્ઞાતા લેવો છે. અશુદ્ધ પરિણામનો કર્તા છે ને? એ દ્રવ્યત્વથી એકપણાને પ્રાપ્ત છે. **'બધાય કાળે આવું વસ્તુનું સ્વરૂપ છે.' 'कर्म कर्मणि' 'જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલપિંડ પોતાના પુદ્‌ગલપિંડરૂપ છે.' 'इति वस्तुस्थितिः व्यक्ता'** આવી વસ્તુસ્થિતિ પ્રગટ છે. વ્યક્ત છે, પ્રગટ છે, ભિન્ન છે. આહાહા..! બસ, કોઈનું કંઈ કરવું નહિ. થઈ રહ્યું. એ કહેતા હતા, તમારા 'આગ્રા'માં. કોણ ઈ? જાડો. 'બાબુલાલ'. ઊંચા. તમારા મકાનની પાછળ વ્યાખ્યાન થયું ને? વ્યાખ્યાન પૂરું થયા પછી (બોલ્યા), કરવું-ધરવું કાંઈ નહિ અને આનંદ બહુ! એમ કરીને એમ કહેવું હતું કે, દયા, દાન, વ્રત, ભક્તિ પણ કરવા નહિ. અરે..! પ્રભુ! સાંભળ તો ખરો! બાપુ! એ 'બાબુભાઈ' પંડિતજી હતા. જાડા, લાંબા. આહાહા..!

ભાઈ! રાગને કરવો એમ માને તો રાગ અને જ્ઞાયક બેય એક થઈ જાય છે. જડની પર્યાય હું કરું છું તો બે દ્રવ્ય એક થઈ જાય છે. એમ રાગનો કર્તા આત્મા થાય તો રાગ અને જ્ઞાયકભાવ એક થઈ જાય છે. અને બે તત્ત્વ તો ભિન્ન છે. આહાહા..! ઝીણી વાતું બહુ, બાપુ! આહાહા..!

ક્યારે અકસ્માતે દેહ છૂટવાનો કાળ આવશે ને? આહાહા..! અકસ્માત (આવશે). એને ખ્યાલ નહિ રહે કે અરે..! આ શું થયું? દુઃખે છે, દુઃખે છે, દુઃખે છે.. એમ કરતાં દેહ છૂટી જાય. ફડાક્ દઈને. અત્યારે તો હાર્ટ ફેઈલ બહુ થાય છે. હાર્ટ ફેઈલ કહે છે ને? આહાહા..! 'એક રે દિવસ એવો આવશે, જાણે જન્મ્યા જ નહોતા જી.. કાઢો રે કાઢો રે એને સહુ કહે,'

આહા..! 'સગી નારી રે તારી કામની, એ ઊભી ટગ ટગ જોવે જી.. આરે.. કાયામાં હવે કાંઈ નથી, એમ ઊભી રોવે જી..' આહાહા..! આંસુની ધારા (ચાલી જાય). અરે..! ક્યાં ચાલ્યા ગયા? અરે..! કૂવામાં ઊતારીને દોરડા કાપ્યા. એમ કહે છે અમારે. રસી કાટી. એવું સાંભળેલું. અમારા મોટાભાઈ ગુજરી ગયેલા. (સંવત) ૧૯૫૭ની સાલની વાત છે. ૧૯૫૭. મોટાભાઈ બહુ હોંશિયાર હતા. આઠ વર્ષનું પરણેતર. એક જ દીકરો હતો. એની વહુ પછી રોવે. સાંભળેલું. ત્યારે મારી ઉંમર તો અગિયાર વર્ષની. ૧૯૫૭ની સાલ. આમ રોતી હતી. અરે..! કૂવામાં ઊતારીને રસી-દોરડી હોય ને? ઊતારીને દોરડી કાપી. કૂવામાં પડ્યા, નાખ્યા. અરે..! સાંભળને! આહાહા..! દુનિયા અજ્ઞાની ક્યાં દુઃખી થઈને પડી છે? કેવું માને છે. આહાહા..!

અહીં તો કહે છે, પ્રભુ! એ રાગ પણ તારી ચીજ નહિ, ત્યાં વળી પતિ ને પત્ની ને આ નરેન્દ્ર ને નરનો ઈન્દ્ર ને... આહાહા..!

મુમુક્ષુ :- એકત્વ જ્ઞાન કામ આવશે.

ઉત્તર :- ત્યાં કામ આવશે. ભાઈ! બીજું કાંઈ કામ નહિ આવે. આહા..! હું તો જ્ઞાનાનંદ સહજાનંદ પ્રભુ (છું). મારા આનંદમાંથી હું નીકળતો જ નથી ને. આહાહા..! નીકળે તો રાગ આવે છે, એ તો દુઃખરૂપ લાગે છે. આહાહા..! તો એને મરણનું દુઃખ નહિ લાગે. દેહ છૂટે તો એ તો છૂટવાની ચીજ છે. એ છૂટી જ હતી. એ આ ક્ષેત્રે એક હતી નહિ, અહીંયાં જ ભિન્ન હતી. પણ ભિન્ન પડી ત્યારે લાગ્યું કે દેહ છૂટી ગયો. પણ છૂટો જ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં એ કહ્યું, અરે..! દ્રવ્યનું સ્વરૂપ તો પ્રગટ ભિન્ન છે ને. **'तथापि एषः मोहः नेपथ्ये बत कथं रभसा नानटीति'** **'વસ્તુનું સ્વરૂપ તો આવું છે, જેવું કહ્યું તેવું, તોપણ આ છે જે જીવદ્રવ્ય-પુદ્‌ગલદ્રવ્યના એકત્વરૂપ બુદ્ધિ...'** 'નેપથ્યે' **'મિથ્યામાર્ગમાં આ વાતનો અચંબો છે કે,...'** મિથ્યામાર્ગ લીધો. 'નેપથ્યે' છે ને? પથ્ય નહિ-પંથ નહિ તે કુમાર્ગ-કુપથ. એમ લીધું. આહાહા..! અરે..! અજ્ઞાની જીવ આવા કુપંથમાં કેમ નાચે છે? મેં કર્મબંધન કર્યું ને મેં પરના કામ કર્યા ને પરને ખુશ કર્યા ને પરને રાજી કર્યા ને પરને દાન દીધા, મેં એનું જીવતર બચાવ્યું ને... આહાહા..! અરે..! ભગવાન! 'નેપથ્યે' જે પંથ નથી, કુપંથમાં કેમ નાચે છે? અથવા પડદા પાછળ અજ્ઞાનમાં તું કેમ આમ નાચે છે? આહાહા..! જુઓને! એક એક શ્લોકમાં 'અમૃતચંદ્રાચાર્ય'... **'આ વાતનો અચંબો છે...'** જોયું? 'નેપથ્યે' નો અર્થ મિથ્યામાર્ગ કર્યો. મિથ્યા-'નેપથ્યે' પથ્ય-પથ નહિ. કેમ તારી નિરંતર પ્રવૃત્તિ છે? આહાહા..! **'આ વાતનો વિચાર કેમ છે?'**

**'ભાવાર્થ આમ છે કે-જીવદ્રવ્ય અને પુદ્‌ગલદ્રવ્ય ભિન્ન ભિન્ન છે.'** ભગવાનઆત્મા દ્રવ્ય ભિન્ન છે. કર્મ પરમાણુ તદ્દન ભિન્ન છે. એ પોતાની પર્યાયે પરિણમી રહ્યા છે, તું તારી પર્યાયે પરિણમી રહ્યો છે. સમજાય છે કાંઈ? અહીં તો રાગ-દ્વેષ સહિત લેવું છે. આહાહા..! એ તરફ વિચાર ક્યાં છે. **'મિથ્યાત્વરૂપ પરિણમેલો જીવ એકરૂપ જાણે છે...'** જુઓ! ભ્રમણાથી

(એમ જાણે છે કે) પુદ્ગલની પર્યાય હું કરું છું અને પુદ્ગલ ને જીવ એક છે, પરદ્રવ્ય અને હું એક છું, એમ મિથ્યાભ્રમણાથી માને છે. આહાહા..! અહીં કહે છે ને? અર્ધાંગના. અમારી અર્ધાંગના છે. અડધું અંગ એ અને અડધું અંગ આ, બે થઈને એક અંગ થયું. મૂર્ખાય છે. અમારી ઘરવાળી છે. ઘર કેવા? ઘર તો તારું અહીં છે. ન્યાં ક્યાંથી ઘરવાળી આવી ગઈ? આહાહા..! સમજાય છે કાંઈ? અમારા ઘરેથી છે, ઘરેથી. અમારા ઘરેથી એટલે શું? અમારે-અમારે ઘરે નહિ, એમ (એનો અર્થ).

'શ્રીમદ્'ને એમ ચાલતું હતું. 'શ્રીમદ્ રાજચંદ્ર' હતા ને? કોઈ પુસ્તક મગાવે, કોઈ કોટ મગાવે તો કહે, અમારો કોટ લાવો. સાહેબ! અમારો કોટ એમ કેમ (કહો છો)? અમારો કોટ (કેમ)? એકવચન જોઈએ કે મારો કોટ. તો એમ કહે કે મારો કોટ. અમારો કેમ (કહો છો)? સાંભળ તો ખરો, ભાઈ! અ-મારો (એટલે) એ કોટ મારો નથી. 'બાબુભાઈ'! એમ કે તમે તો એક છો ને અમારો કોટ એવું બહુવચન કેમ કરો છો? સાંભળ તો ખરો, નાથ! પ્રભુ! સાંભળ. અમારો એટલે મારો નહિ. એમ કહીને કોટનો ખ્યાલ આપ્યો કે એ મારો નહિ, કપડાં અમારા નહિ. એ લાકડી અમારી લાવો. એટલે કે અ-મારી-મારી નહિ. 'રતનચંદજી'! આહાહા..!

અહીંયાં કહે છે કે, બે દ્રવ્ય જ્યાં ભિન્ન છે ત્યાં '**મિથ્યાત્વરૂપ પરિણમેલો જીવ એકરૂપ જાણે છે તેનો ઘણો અચંબો છે.**' આહાહા..! હવે સરવાળો લ્યે છે. '**હવે મિથ્યાદૃષ્ટિ એકરૂપ જાણો તોપણ જીવ-પુદ્ગલ ભિન્ન ભિન્ન છે...**' આહાહા..!

(મંદાક્રાંતા)

कर्ता कर्ता भवति न यथा कर्म कर्मापि नैव
ज्ञानं ज्ञानं भवति च यथा पुद्गलः पुद्गलोऽपि।
ज्ञानज्योतिर्ज्वलितमचलं व्यक्तमन्तस्तथौच्चै-
श्चिच्छत्कीनां निकरभरतोऽत्यन्तगम्भीरमेतत्।।५४-९९।।

ખંડાન્વય સહિત અર્થ :- 'एतत् ज्ञानज्योतिः तथा ज्वलितम्' ( एतत् ज्ञानज्योतिः ) વિદ્યમાન શુદ્ધચૈતન્યપ્રકાશ ( तथा ज्वलितम् ) જેવો હતો તેવો પ્રગટ થયો. કેવો છે? 'अचलं' સ્વરૂપથી ચલાયમાન થતો નથી. વળી કેવો છે? 'अन्तः व्यक्तम्' અસંખ્યાત પ્રદેશોમાં પ્રગટ છે. વળી કેવો છે? 'उच्चैः अत्यन्तगम्भीरम्' અત્યન્ત અત્યન્ત ગંભીર છે અર્થાત્ અનન્તથી અનન્ત શક્તિએ બિરાજમાન છે. શાથી ગંભીર છે? 'चिच्छक्तीनां निकरभरतः' ( चित्शक्तीनां ) જ્ઞાનગુણના જેટલા નિરંશ ભેદ-ભાગ તેમના ( निकरभरतः ) અનન્તાનન્ત સમૂહ હોય છે, તેમનાથી અત્યન્ત ગંભીર છે. હવે જ્ઞાનગુણનો પ્રકાશ થતાં જે કાંઈ ફળસિદ્ધિ છે તે કહે છે-'यथा कर्ता कर्ता न भवति' ( यथा ) જ્ઞાનગુણ એવી રીતે પ્રગટ થયો કે, ( कर्ता ) અજ્ઞાનપણા સહિત જીવ મિથ્યાત્વપરિણામનો કર્તા થતો હતો તે તો

( कर्ता न भवति ) જ્ઞાનપ્રકાશ થતાં અજ્ઞાનભાવનો કર્તા થતો નથી, 'कर्म अपि कर्म एव न' (कर्म अपि) મિથ્યાત્વ-રાગાદિ-વિભાવ કર્મ પણ ( कर्म एव न भवति ) રાગાદિરૂપ થતું નથી; 'यथा च' અને વળી 'ज्ञानं ज्ञानं भवति' જે શક્તિ વિભાવપરિણમનરૂપ પરિણમી હતી તે જ પાછી પોતાના સ્વભાવરૂપ થઈ, 'यथा पुद्गलः अपि पुद्गलः' ( यथा पुद्गलः अपि ) અને જ્ઞાનાવરણાદિ કર્મરૂપ પરિણમ્યું હતું જે પુદ્ગલદ્રવ્ય તે જ ( पुद्गलः ) કર્મપર્યાય છોડીને પુદ્ગલદ્રવ્ય થયું. ૫૪-૯૯.

## કળશ-૯૯ ઉપર પ્રવચન

कर्ता कर्ता भवति न यथा कर्म कर्मापि नैव
ज्ञानं ज्ञानं भवति च यथा पुद्गलः पुद्गलोऽपि।
ज्ञानज्योतिर्ज्वलितमचलं व्यक्तमन्तस्तथौच्चै-
श्चिच्छक्तीनां निकरभरतोऽत्यन्तगम्भीरमेतत्।।५४-९९।।

**ખંડાન્વય સહિત અર્થ :-** 'एतत् ज्ञानज्योतिः तथा ज्वलितम्' '**વિદ્યમાન શુદ્ધચૈતન્યપ્રકાશ જેવો હતો તેવો પ્રગટ થયો.**' આહાહા..! સરવાળો આ લીધો પાછો. પહેલા પરદ્રવ્યથી ભિન્ન બતાવ્યો. હવે તો રાગથી પણ ભિન્ન ચૈતન્યજ્યોતિ હતી તેવી પ્રગટ થઈ. સમજાય છે કાંઈ? હું તો વિજ્ઞાનઘન, વિજ્ઞાનરસ છું. રાગરસ એ મારી ચીજ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? પહેલા બે દ્રવ્યમાં આ પરિણામ એમાં નથી, એમ બતાવ્યું. હવે તો અહીંયાં રાગથી ભિન્ન ચૈતન્યજ્યોતિ પ્રગટ થઈ. જ્યારે પરથી ભિન્ન જાણ્યું ત્યારે રાગથી પણ ભિન્ન જણાયો. સમજાય છે કાંઈ? આહાહા..! આવો ઉપદેશ લાગે માણસને. વ્રત કરો, અપવાસ કરો, જાત્રા કરો, ભક્તિ કરો (એમ તો કહેતા નથી). લ્યો, આ માંડ 'અમદાવાદ'થી આવ્યા તો જાત્રા કરવા ત્યાં જઈએ. તો કહે, તમારી જાત્રા એ ધર્મ નહિ. અરર..ર..! પણ 'શેત્રુંજય' તો શાશ્વત તીર્થ છે ને. ત્યાં તીર્થ જાઈએ તો ધર્મ નહિ? અરે..! સાક્ષાત્ તીર્થંકર ત્રિલોકનાથ સમવસરણમાં હોય એમના દર્શન કરવાથી પણ શુભભાવ થાય છે. આહાહા..!

અહીંયાં તો એ શુભભાવથી ભિન્ન ચૈતન્ય પ્રગટ થાય છે, એમ બતાવવું છે. સમજાય છે કાંઈ? '**વિદ્યમાન શુદ્ધચૈતન્યપ્રકાશ...**' એ તો 'ज्ञानज्योतिः' લીધું ને? '**જેવો હતો તેવો પ્રગટ થયો.**' 'अचलं' '**સ્વરૂપથી ચલાયમાન થતો નથી.**' આહાહા..! ભગવાન પોતાના સ્વરૂપમાં ચલાયમાન થતો નથી, રાગરૂપ થતો નથી. એવી ચીજ છે. આહાહા..! સમજાય છે કાંઈ? '**વળી કેવો છે?**' 'अन्तः व्यक्तम्' '**અસંખ્યાત પ્રદેશોમાં પ્રગટ છે.**' અંતઃ અસંખ્ય પ્રદેશ પોતાના દેશમાં ભગવાન ચૈતન્યસ્વરૂપ પ્રગટ છે. એ રાગમાં નથી, પરમાં નથી. સમજાય છે કાંઈ? આવી વાત એટલે લોકોને નવરાશ ફૂરસદ નહિ અને ફૂરસદ મળે તો મળે બધું અવળું-ઊંધું. હવે એમાંથી આવું સાંભળવું પણ એને કઠણ પડે. આહાહા..! બાપુ! માર્ગ તો આ છે. સમજાય છે કાંઈ? આહા..!

'अचलं' **'સ્વરૂપથી ચલાયમાન થતો નથી.'** 'अन्तः व्यक्तम्' **'અસંખ્યાત પ્રદેશોમાં પ્રગટ છે.'** આહા..! 'उच्चैः अत्यन्तगम्भीरम्' અનંતાઅનંત શક્તિએ બિરાજમાન છે. આહાહા..! એ રાગરૂપે બિરાજમાન નથી, પ્રભુ હવે કહે છે. એ તો અનંત શક્તિએ (બિરાજમાન છે). બપોરે ચાલે છે ને? બપોરે. આહાહા..! અનંત શક્તિ, એનું ગામ-દેશ અસંખ્ય પ્રદેશ. એ દેશમાં અનંત શક્તિ-ગામ, એક એક ગામમાં પ્રજા (હોય) એમ એક એક શક્તિમાં અનંતી તાકાત. સમજાય છે કાંઈ? એવી પ્રજાનું પાલન કરનારો ભગવાન તું છો. રાગનું પાલન અને પરનું પાલન કરનારો તું નહિ. સમજાય છે કાંઈ?

**'શા કારણથી ગંભીર છે?'** 'चिच्छक्तीनां निकरभरतः' આહાહા..! જુઓ! અહીંયાં હવે રાગાદિ કાઢી નાખ્યા. **'જ્ઞાનગુણના જેટલા નિરંશ ભેદ-ભાગ તેમના અનંતાનંત સમૂહ હોય છે,...'** આહાહા..! જ્ઞાનપર્યાયમાં પણ અનંતતા ગંભીર છે. શક્તિ તો ગંભીર છે જ, પણ એની પર્યાયમાં (પણ અનંતી ગંભીરતા) છે. એટલી તાકાતવાળી પર્યાયમાં અનંતા અવિભાગપ્રતિચ્છેદ. ભગવાનઆત્મા રાગરૂપ થયો જ નથી, રાગરૂપ છે જ નહિ. એણે માન્યું છે. તેથી પહેલાં મિથ્યાત્વ લીધું ને? મિથ્યાત્વસહિત રાગરૂપે પરિણમે છે. આહાહા..! અહીંયાં કહે છે કે એકવાર... **'અનંતાનંત સમૂહ હોય છે, તેમનાથી અત્યંત ગંભીર છે.'** વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ભાદરવા સુદ ૨, ગુરુવાર, તા.૧૫-૯-૧૯૭૭
## કળશ - ૯૯-૧૦૦, પ્રવચન - ૯૫

'કળશટીકા' ૯૯ શ્લોક છે. 'કર્તા-કર્મ અધિકાર'નો છેલ્લો છે ને? ૯૯.

कर्ता कर्ता भवति न यथा कर्म कर्मापि नैव
ज्ञानं ज्ञानं भवति च यथा पुद्गलः पुद्गलोऽपि।
ज्ञानज्योतिर्ज्वलितमचलं व्यक्तमन्तस्तथौच्चै-
श्चिच्छत्कीनां निकरभरतोऽत्यन्तगम्भीरमेतत्।।५४-९९।।

૯૯ કળશ. 'एतत् ज्ञानज्योतिः तथा ज्वलितम्' 'एतत' નામ વિદ્યમાન ભગવાન જ્ઞાનસ્વરૂપ. 'एतत' નામ વિદ્યમાન. 'एतत' આ છે. ભગવાનઆત્મા ચૈતન્યસ્વરૂપ ચૈતન્યપ્રકાશનું નૂર. ચૈતન્યપ્રકાશનું પૂર. એ 'एतत' વિદ્યમાન છે. આહાહા..! એ **'વિદ્યમાન શુદ્ધચૈતન્યપ્રકાશ...'** આવો જે શુદ્ધ ચૈતન્યપ્રકાશ વિકારરહિત. એક સમયની પર્યાયની દૃષ્ટિ પણ છોડીને 'एतत' વિદ્યમાન શુદ્ધ ચૈતન્ય ઉપર જ દૃષ્ટિ હોવાથી 'तथा ज्वलितम्' **'જેવો હતો તેવો પ્રગટ થયો.'** આહાહા..! કર્તા-કર્મનો છેલ્લો શ્લોક છે ને. 'कर्ता कर्ता भवति न यथा कर्म कर्मापि नैव' પહેલું પદ છે ને. આહાહા..! ભગવાનઆત્મા રાગનો કર્તા નહિ

હોવાથી પોતાની દૃષ્ટિનો વિષય શુદ્ધ ચૈતન્યપ્રકાશ હોવાથી રાગનો કર્તા થતો નથી. આહાહા..! ઝીણી વાતું બહુ.

'**જેવો હતો તેવો પ્રગટ થયો.**' જ્ઞાયક ચૈતન્ય જ્ઞાતા-દૃષ્ટા રાગનું કર્તૃત્વ પણ છોડીને, નિજ ચૈતન્ય તેજસ્વરૂપ ભગવાન દૃષ્ટિમાં વિદ્યમાન ચૈતન્ય પ્રગટ થયો. આહાહા..! સમજાય છે કાંઈ? વસ્તુ તો હતી, કહે છે. પણ એ રાગ ને વિકલ્પની વિકૃત અવસ્થા ઉપર રુચિ અને કર્તૃત્વને કારણે વિદ્યમાન ચીજને અવિદ્યમાન કરી નાખી હતી. આહાહા..! સમજાય છે કાંઈ? એ રાગ અને પુણ્ય આદિના પરિણામનો કર્તા હતો તો એની રચનામાં રાગાદિ રચના થતી હતી એની વિદ્યમાનતા ભાસતી હતી. પણ અંદર ચૈતન્યજ્યોતિ રાગથી ભિન્ન છે એવી હયાતી-વિદ્યમાન ચૈતન્યનું વિદ્યમાનપણું ભાસતું નહોતું. આહા..! એ વિદ્યમાન ચૈતન્યમૂર્તિ ભગવાન શુદ્ધ દ્રવ્ય-ગુણ સ્વભાવની દૃષ્ટિ થઈ. એનો સ્વીકાર, સત્કાર, આશ્રય લીધો તો એ પ્રગટ થઈ. હતી તો ખરી, પણ પર્યાયમાં એનો જ્વલંત પ્રકાશ થયો. સમ્યગ્દર્શન થતાં ચૈતન્યનું તેજ-પ્રકાશ પર્યાયમાં પ્રગટ થયો. આહાહા..! આવી વાતું છે.

કેવો છે? '**જેવો હતો તેવો પ્રગટ થયો. કેવો છે?**' '**अचलं**' '**સ્વરૂપથી ચલાયમાન થતો નથી.**' ભગવાનઆત્મા પોતાની ધ્રુવતા-સ્વરૂપથી ચલાયમાન થતો નથી. પોતાનું જે ધ્રુવ સ્વરૂપ, ધ્રુવ સ્વરૂપ તેનાથી કદી ચલાયમાન થતો નથી. આહાહા..! '**વળી કેવો છે?**' '**अन्तः व्यक्तम्**' અંતરની વ્યાખ્યા કરી. અસંખ્યાત પ્રદેશમાં પ્રગટ છે. આહાહા..! રાગના કર્તૃત્વમાં રાગની વિદ્યમાનતા ભાસતી હતી. એ રાગની રુચિ છોડીને કર્તાપણાનો અભિપ્રાય છોડીને ચૈતન્યપ્રકાશના પૂર ઉપર દૃષ્ટિ પડતાં અંતઃ અસંખ્ય પ્રદેશમાં અનંત આનંદ પ્રગટ છે.

પોતાના અસંખ્ય પ્રદેશ છે. પ્રદેશ નામ અંશ. એ અસંખ્ય અંશ છે. સર્વજ્ઞ સિવાય એ વાત ક્યાંય છે નહિ. અસંખ્ય પ્રદેશ જીવના છે એ સર્વજ્ઞ સિવાય કોઈએ જોયા નથી એટલે અસંખ્ય પ્રદેશ છે એમ કોઈએ કહ્યું નથી. સમજાય છે કાંઈ? 'શ્રીમદ્'માં એ આવે છે, 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન' શુદ્ધ-પવિત્ર ભગવાન, બુદ્ધ-જ્ઞાનની મૂર્તિ પ્રભુ ચૈતન્યઘન. અસંખ્ય પ્રદેશી ચૈતન્યઘન-સમૂહ. આહાહા..! સમજાય છે કાંઈ? 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ'. સ્વયં ચૈતન્ય પોતાથી જ્યોતિ છે અને આનંદનું ધામ પ્રભુ છે. અતીન્દ્રિય આનંદનું સ્થળ, અતીન્દ્રિય આનંદની ભૂમિકા છે. 'કર વિચાર તો પામ'. છેલ્લા શબ્દો એવા લીધા છે. એ તરફનું જ્ઞાન કર તો તું પામ. 'આત્મસિદ્ધિ'માં આવે છે. સમજાય છે કાંઈ? ત્યાં એમ તો નથી લીધું કે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કર તો પામ. એ તરફનો વિચાર કર તો પામ. આહાહા..!

અનાદિ અભ્યાસ શુભ-અશુભભાવ અને પર્યાયનો અભ્યાસ. એ અભ્યાસ છોડી, અસંખ્યાત પ્રદેશોમાં પ્રગટ છે. આહા..! એનો દેશ-આત્માનો દેશ એટલે ક્ષેત્ર, આત્માનો દેશ એટલે ક્ષેત્ર અસંખ્યપ્રદેશી દેશ છે. એનું ક્ષેત્ર-ભૂમિ અસંખ્યપ્રદેશી ભૂમિ છે. અને એમાં અનંત ગુણ વ્યાપક છે. આહાહા..! '**વળી કેવો છે?**' '**उच्चैः अत्यन्तगम्भीरम्**' '**उच्चैः**'નો અર્થ અનંત કર્યો અને અત્યંતનો પણ અનંત કર્યો. અનંતથી અનંત શક્તિએ બિરાજમાન છે. આહાહા..!

બપોરે શક્તિ ચાલે છે ને? તો કહે છે, અનંત અનંત શક્તિ. અસંખ્ય પ્રદેશમાં અનંત અનંત અપરિમિત જેનું માપ નથી, એટલી શક્તિથી બિરાજમાન ભગવાન અંદર છે. આહાહા..! સમજાય છે કાંઈ? અનંતથી અનંત શક્તિ. ભાષા એમ લીધી છે ને? 'उच्चैः अत्यन्तगम्भीरम्' આહાહા..! જેને અનંતથી અનંત શક્તિથી ભરપૂર હું છું, એવું ભાન સમ્યગ્દર્શનમાં થાય છે ત્યારે તે શુભરાગનો પણ કર્તા થતો નથી. સમજાય છે કાંઈ? કેમકે અનંત અનંત શક્તિનો ભંડાર ભગવાન (છે). એવી કોઈ ગુણ-શક્તિ એવી નથી કે વિકૃત ભાવને કરે. એવી કોઈ શક્તિ નથી. અનંત અનંત શક્તિમાં એક શક્તિ (એવી) નથી. સમજાય છે કાંઈ?

'કળશટીકા'માં એ પ્રશ્ન ચાલ્યો છે. જ્યારે અનંત શક્તિ છે તો એક શક્તિ એવી પણ હોય કે પરનું કરે. અનંત શક્તિ છે ને? સમજાય છે કાંઈ? અનંત અનંત શક્તિ છે તો એક શક્તિ એવી પણ અંદર હોય કે પરનું કરે કે રાગનું કરે. અનંત શક્તિમાં એક શક્તિ એવી પણ હોય. શિષ્યનો પ્રશ્ન છે, અંદર આવી ગયું છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- સર્વ શક્તિ નહિ.

ઉત્તર :- સર્વ શક્તિ કહો તોપણ સર્વ શક્તિમાન પોતે શક્તિમાન. પરના કર્તાપણાની શક્તિ એનામાં નથી. સમજાય છે કાંઈ? લોકો એમ કહે છે ને? કે એક ગાયનો ગોવાળ.. ગોવાળ કહે છે ને? તમારામાં શું કહે છે? ગ્વાલા. એક ગાયને ચરાવે તો ભેગી પાંચ ગાયને ચરાવે. એમાં હરકત ક્યાં છે? એક ગાયને ચરાવે તો પાંચને ચરાવે. એમ આત્માની અનંત શક્તિમાં એક શક્તિ એવી પણ હોય કે પોતાને પણ કરે અને રાગને પણ કરે. એમ નથી. સમજાય છે કાંઈ? અનંત અનંત પવિત્ર શક્તિ પોતામાં ભરી છે. એ પવિત્ર પરિણામને કરે. રાગને કરે એવી કોઈ શક્તિ નથી. આહા..! આવી સ્પષ્ટ વાત (છે).

અહીંયાં તો કહે કે, શુભજોગ એ મોક્ષનો માર્ગ, લ્યો! ચેલેંજ આપી છે. 'મખ્ખનલાલજી'એ 'કૈલાશચંદજી'ને. આટલા વર્ષે બેય પંડિતો જાગ્યા. 'કૈલાશચંદજી'એ કહ્યું કે, 'મખ્ખનલાલજી'એ એમ કહ્યું કે, શુભજોગને હેય માને તે મિથ્યાદષ્ટિ છે. 'મખ્ખનલાલજી'નું છાપામાં આવ્યું છે. આવ્યું છે? છાપામાં આવ્યું છે. તો 'કૈલાશચંદજી'એ કહ્યું કે, શુભજોગને હેય તો 'કુંદકુંદાચાર્ય' પણ માને છે, તો 'કુંદકુંદાચાર્ય' મિથ્યાદષ્ટિ છે? અરે..! ભગવાન! ક્યાં લગાવે છે. આહાહા..! એ ચર્ચા હવે અત્યારે ઊભી થઈ. પછી કહ્યું, 'મખ્ખનલાલજી'એ ચેલેંજ આપી છે. આવો, અમે ચેલેંજ આપીએ છીએ. 'દિલ્હી' આવો. શુભજોગ મોક્ષનો માર્ગ છે, એ અમે સિદ્ધ કરીશું. આહાહા..!

અહીંયાં કહે છે કે, શુભજોગ રાગ છે. એને કરે એવી કોઈ આત્મામાં શક્તિ નથી. સમજાય છે કાંઈ? અનંત અનંત શક્તિએ બિરાજમાન છે. પણ એ અનંત શક્તિમાં કોઈ એવી શક્તિ નથી કે પરનું કરે કે રાગનું કરે એવી કોઈ શક્તિ જ નથી. વ્યવહારને કરે એવી કોઈ શક્તિ નથી, એમ કહે છે. આહાહા..! ગજબ છે. અહીં તો એકલો વ્યવહાર.. વ્યવહાર. દયા, દાન ને વ્રત, તપ ને ભક્તિ, પૂજા, બસ, એ વ્યવહાર અને એ વ્યવહારથી નિશ્ચય થશે. આહા..! દૃષ્ટિની વિપરીતતા ઘણી. અનંત અનંત શક્તિએ બિરાજમાન. આહાહા..!

'**શાથી ગંભીર છે?**' અનંત અનંત શક્તિથી ગંભીર કહ્યું ને? '**શાથી ગંભીર છે?**' '**चिच्छक्तीनां निकरभरतः**' આહાહા..! '**જ્ઞાનગુણના જેટલા નિરંશ ભેદ-ભાગ...**' એક જ્ઞાનગુણમાં અનંતી પર્યાય અને એક એક પર્યાયમાં અનંતા અવિભાગ પ્રતિચ્છેદ-અંશો. આહાહા..! અહીં તો (કહે છે), '**અનંતાનંત સમૂહ હોય છે,...**' જેટલા નિરંશ ભાગ કરો-જેના અંશ ન પડે, ભાગ ન પડે એવા નિરંશ ભાગ કરો તો એના અનંતાનંત સમૂહ હોય છે. આહાહા..!

મુમુક્ષુ :- નિરંશ એટલે અંશ..

ઉત્તર :- અંશ નહિ. નિરંશ એટલે અંશ નહિ. નિરંશ. એકલો અંશી છે. નિરંશ-અંશ. એ અંશનો અંશ નથી. અંશ છે એમાં બીજો અંશ નથી. એવા નિરંશનો અંશ અનંતાઅનંત છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો સિદ્ધાંતની વાણી ગંભીર છે, ભગવાન! આહાહા..! અરે..! પોતાની ચીજ શું છે, એ તરફ કોઈ દિ' લક્ષ આપ્યું નથી. દેખનારને દેખ્યો નહિ, જાણનારને જાણ્યો નહિ. અને પરને જાણવા-દેખવામાં રોકાઈ ગયો. આહાહા..! સમજાય છે કાંઈ?

'**નિરંશ..**' નિરંશ નામ અંશનો પછી ભેદ નહિ. એ નિરંશ ભેદ. અંશ વિનાનો ભેદ, એ અનંતાનંત છે, એમ કહે છે. જ્ઞાનગુણમાં જ્ઞાનની પર્યાયમાં નિરંશ-જેનો બીજો અંશ નથી, એવા નિરંશ અનંત અનંત ભેદ છે. આહાહા..! અહીં તો છેવટનું કેવળજ્ઞાન પણ લઈ લીધું છે. સમજાય છે કાંઈ? અંતરમાં નિરંશ અનંત શક્તિ હતી, એ પર્યાયમાં કેવળજ્ઞાનમાં નિરંશ અનંત શક્તિ પ્રગટ થઈ ગઈ. સમ્યગ્દર્શનમાં પણ અનંત અંશોની પ્રતીત પ્રગટ થઈ ગઈ. સમજાય છે કાંઈ? રાગવાળો હું છું, એ વાત છૂટી ગઈ. આહાહા..! અનંત નિરંશ એવા ભાગ, અનંત ભેદ પ્રગટ થયા. આહાહા..! આરે..! આવી વાતું મોટી. બાપુ! મારગડા જુદા નાથ તારા. તું પ્રભુ છો ને, નાથ! તારી શક્તિમાં તો અનંતી પ્રભુતા પડી છે. એક એક શક્તિ પ્રભુત્વથી ભરેલી છે. સમજાય છે કાંઈ? આ નિરંશ અંશ એ પણ પ્રભુતાથી ભરેલો છે. આહાહા..!

ભગવાનઆત્મા પોતાના સ્વભાવની દૃષ્ટિમાં જાય છે તો રાગનો કર્તા બંધ થઈને અનંત અનંત શક્તિની વ્યક્તતા એને પ્રગટ થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવું ઝીણું પડે એટલે માણસ પછી.. મૂળ ચીજ તો આ છે. સમજવાની અને કરવાની તો આ (ચીજ) છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**અનંતાનંત સમૂહ હોય છે, તેમનાથી અત્યંત ગંભીર છે.**' આહાહા..! જેનું તળ અંતર અનંત ગંભીર છે. આહાહા..! દરિયા-સમુદ્રના તળિયે જેમ મોતી અને હીરા પડ્યા હોય, એમ ભગવાનના તળમાં-ધ્રુવમાં અનંત શક્તિમાં અનંતપણાની ગંભીરતા પડી છે. આહાહા..! આવી વાત છે. સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા ધ્રુવમાં અનંત અનંત શક્તિ હતી એ પર્યાયમાં અનંત અનંત શક્તિ પ્રગટ થઈ ગઈ. આહાહા..! સમજાય છે કાંઈ?

'**હવે જ્ઞાનગુણનો પ્રકાશ થતાં જે કાંઈ ફળસિદ્ધિ છે...**' કહે છે કે નિજ જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છે એવું ભાન થયું, જ્ઞાતાપણાની પ્રતીતથી જ્ઞાતાપણું પ્રગટ થયું. રાગપણાનું કર્તૃત્વ

માન્યું હતું એ કોઈ ગુણ નથી. એ તો અજ્ઞાનથી માન્યતા ઊભી કરી હતી. અને આ તો આત્મામાં અનંત જ્ઞાન હતું એ રાગનું કર્તાપણું છૂટીને જ્ઞાનસ્વભાવની દૃષ્ટિ થઈ તો જ્ઞાનપર્યાય પ્રગટ થઈ. 'જે કાંઈ ફળસિદ્ધિ છે...' આહાહા..! એ પહેલી લીટીનો અર્થ. મૂળ શ્લોકનું પહેલું પદ છે ને? 'कर्ता कर्ता भवति न यथा कर्म कर्मापि नैव' આહાહા..! ભગવાનઆત્મા અનંત જ્ઞાન ગંભીર, એવી ચીજ જ્યાં સમ્યગ્દર્શનમાં, જ્ઞાનમાં પ્રગટ થઈ તો કહે છે કે 'कर्ता कर्ता भवति न' એ ભગવાનઆત્મા રાગનો કર્તા હતો એ હવે કર્તા થતો નથી. આહાહા..! કહો, આ બધા કામ કરીએ છીએ ને આખો દિ'? આ બધા હોંશીયાર માણસ. 'બાબુભાઈ'! નહોતું કરતા? 'ચીમનભાઈ'માં મુખ્ય હતા ને? પ્રમુખ હતા. એ બધા કામ કરતા હતા કે નહિ? આહાહા..! આ કામ તો કરતા નહોતા પણ જે રાગ છે એ પણ એનું કર્તવ્ય નહોતું. આ તો દૃષ્ટાંત છે. દરેક પ્રાણીને (એમ છે). આહાહા..!

ભગવાન! તું તો જ્ઞાનગુણથી ગંભીર છો ને! આહાહા..! તારામાં અપરિમિત જ્ઞાન અને આનંદ ભર્યો છે. એવા અપરિમિત જ્ઞાન અને આનંદનું ભાન થયું, રાગનું કર્તૃત્વ છોડીને, તો કહે છે કે 'कर्ता कर्ता न भवति'-એ રાગનો કર્તા હતો, જ્ઞાન પ્રગટ થયું તો 'कर्ता कर्ता न भवति'. આહાહા..! સમજાય છે કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! અંતર અરૂપી ભગવાન, જેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શનો અભાવ (છે). જેમાં શરીર, રાગાદિનો અભાવ છે. આહા..! જ્યાં જ્યાં અનંત અનંત જ્ઞાન અને આનંદની શક્તિથી ભરપુર (ભરેલો છે). એ ભગવાનની પ્રતીત અને અનુભવ થયા તો કહે છે કે, 'कर्ता कर्ता न भवति'. આહાહા..! એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામમાં અજ્ઞાનપણે હું કરનારો, હું રચનારો એવી માન્યતા હતી એ હવે 'कर्ता कर्ता न भवति'. આહાહા..!

રાગ આવે છે. બપોરે શક્તિમાં કહ્યું હતું ને? નહિ? ષટ્કારકથી પર્યાયમાં વિકૃત અવસ્થા થાય છે. છ કારક. પર્યાયના છ કારક, હોં! બપોરે આવ્યું હતું ને? ૩૯. આહાહા..! ગજબ! પર્યાયમાં અંશમાં ષટ્કારકના કારણે રાગ-દ્વેષની વિકૃત અવસ્થા થતી હતી. મિથ્યાત્વનું ષટ્કારકથી પરિણમન થતું હતું. આહાહા..! સમજાય છે કાંઈ? પણ એનાથી રહિત નિજ શક્તિની સંભાળ લીધી તો એનો ગુણ એવો છે કે રાગથી રહિત પરિણમન કરવું એ એનો ગુણ છે. આહાહા..! 'મીઠાભાઈ'! રાગ હો, કર્તા ન થાય. એટલે કે રાગના અભાવસ્વભાવરૂપ પરિણમન થાય. અરેરે..!

નિરાધાર અશરણ (છે). રાગનું શરણ લેવા જાય છે ત્યાં શરણ નથી. આહાહા..! બાહ્યનું શરણ લેવા જાય છે. શરણ તો ભગવાન અંદર અનંત જ્ઞાનનો ભંડાર શરણ છે, ત્યાં શરણ લીધું તો પહેલા રાગ ને દયા, દાન, વ્રત, ભક્તિના શુભ પરિણામનો કર્તા થતો હતો, એ જ્ઞાનનું ભાન થયું તો 'कर्ता कर्ता न भवति'. સમજાય છે કાંઈ? આવી વાત. અંતરની રમતુંની વાતું છે. એમાં ક્યાંક આવે છે. 'રામની રમતને તે જ લૂંટે, કંચન ને કામિની ચોકી આડી શામની, રામની રમતને તે જ લૂંટે.' શું કહે છે? ભગવાન આનંદનો નાથ ભગવાન, એમાં કંચન અને કામિની. પૈસો-કંચન, કામિની-સ્ત્રી. 'કંચન અને કામિની, ચોકી આડી

શામની'. એના પ્રેમમાં ભગવાનપણું ભૂલી ગયો. આહાહા..! અન્યમતિમાં એ આવે છે. 'કંચન અને કામિની, ચોકી આડી શામની.' શામ ભગવાન, એને પામવામાં વચ્ચે ચોકી છે. એ અંદર નહિ પામી શકે. 'રામની રમતને તે લૂંટે.' આહાહા..! એ કંચન અને કામિનીનો પ્રેમ અને પુણ્ય-દયા, દાન, વ્રતના રાગનો પ્રેમ, એ આત્માની શાંતિને લૂંટે છે. આહાહા..! સમજાય છે કાંઈ? રામની રમતું. નિજપદ ભગવાન. નિજપદ રમે સો રામ કહીએ. આનંદ અને જ્ઞાનની શક્તિનો ભંડાર, એમાં રમવું એ આત્મરામ છે. આહાહા..! એ આતમરામ થયો તો રાગની રમતમાં પહેલાં કર્તાપણું માન્યું હતું એ રામની રમતમાં રાગનું કર્તૃત્વ છૂટી ગયું. આ રામ પોતાનો, હોં! આત્મા આનંદરામ. આહાહા..! સમજાય છે કાંઈ?

'कर्ता कर्ता न भवति' છે ને? '**જ્ઞાનગુણ એવી રીતે પ્રગટ થયો કે, અજ્ઞાનપણા સહિત જીવ મિથ્યાત્વપરિણામનો કર્તા થતો હતો...**' એ રાગાદિ મિથ્યા-જૂઠા પરિણામ હતા. આહાહા..! શુભ-અશુભભાવ એ બધા જૂઠા ભાવ હતા. એ આત્માના સત્ય ભાવ નહિ. આહાહા..! '**જ્ઞાનગુણ એવી રીતે પ્રગટ થયો કે, અજ્ઞાનપણા સહિત જીવ મિથ્યાત્વપરિણામનો કર્તા થતો હતો...**' જૂઠા પરિણામ જે સત્ય નહિ આત્મામાં એવા પરિણામનો મિથ્યાત્વમાં કર્તા થતો હતો. આહાહા..! અથવા મિથ્યા જૂઠા પરિણામમાં કર્તા થતો હતો. આહાહા..!

'**તે તો જ્ઞાનપ્રકાશ થતાં અજ્ઞાનભાવનો કર્તા થતો નથી.**' જ્ઞાનસ્વરૂપી પ્રભુ, હું તો જ્ઞાનપ્રકાશમૂર્તિ છું. એવા જ્ઞાનનો સમ્યક્જ્ઞાનમાં પ્રકાશ થયો તો રાગનો કર્તા થતો નથી. આહાહા..! તો પરના કર્તાપણાની વાત તો દૂર રહી. બહુ દૂર રહી. આહાહા..! '**જ્ઞાનપ્રકાશ થતાં અજ્ઞાનભાવનો કર્તા થતો નથી.**' 'कर्ता कर्ता न भवति'નો અર્થ કર્યો.

હવે 'कर्म कर्मापि नैव' કર્મ પણ હવે કર્મરૂપે થતા નથી. કેમકે અહીંયાં અજ્ઞાનપણે રાગનો કર્તા હતો તો કર્મ કર્મપણે થતું હતું. નિમિત્ત-નિમિત્ત સંબંધ. અહીંયાં રાગનો કર્તા ન થયો અને જ્ઞાતાપણાનું ભાન થયું તો રાગનો કર્તા ન થયો તો કર્મ કર્મપણે પણ ન થયા. સમજાય છે કાંઈ? આહાહા..! આવો માર્ગ છે. એ એને કારણે ન થયા. પણ અહીંયાં રાગનું કર્તાપણું છૂટી ગયું તો નિમિત્તપણું રહ્યું નહિ તો નૈમિત્તિક પુદ્ગલમાં કર્મરૂપ પર્યાય થતી હતી એ પણ રહી નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? વાણિયા ચક્રવર્તી વ્યાજ કાઢે એમાં હોંશિયાર. ચક્રવર્તી વ્યાજ સમજ્યા? પાંચ લાખ રૂપિયા આપ્યા હોય. આઠ આના લેખે. હવે તમારે રૂપિયો, દોઢ રૂપિયો થઈ ગયો. પહેલા આઠ આના વ્યાજ હતું. પાંચ લાખ આપ્યા હોય તો સો રૂપિયે એક મહિનાના આઠ આના. તો દરરોજનું વ્યાજ કાઢે. એ પાંચ લાખનું દરરોજનું વ્યાજ કાઢી અને એ વ્યાજ સહિત પૈસાનું પાછું વ્યાજ ચડાવે. એ ચક્રવર્તી વ્યાજ કહેવાય. શું કહ્યું?

મુમુક્ષુ :- આ નામનો ચક્રવર્તી...

ઉત્તર :- આ ચક્રવત્તી છે ભગવાન અંદર. આહાહા..! એ ભૂલીને રાગનો ચક્રવર્તી (થાય છે). એવું પહેલાં હતું. ગૃહસ્થ માણસ હોય. બે-બે લાખ આપે, બે-બે લાખ આપતા હતા. બે લાખ આઠ આના.. તે દિ' તો આઠ આના બસ હતા. હવે કાંઈક દોઢ ટકો થઈ ગયો છે

એમ કહે છે. દોઢ ટકો, દોઢ ટકો એમ સાંભળ્યું છે. એ આઠ આનાનું દરરોજનું વ્યાજ ચઢે. રોજનું. પાંચ લાખ આપ્યા હોય તો દરરોજનું વ્યાજ કાઢે. એ વ્યાજ સહિત પાછું બીજા દિવસે આઠ આનાનું વ્યાજ ચડાવે. આહાહા..! એમ દરરોજનું મેળવીને વ્યાજ ચડાવે. એનું નામ બાર મહિના સુધી ચક્રવર્તી વ્યાજ લઈ જાય. એમાં વાણિયા હોંશિયાર. વાણિયાનો અર્થ વેપાર કરે તે. વાણિયા તો ખોજા પણ વાણિયા કહેવાય. વેપાર કરે એ અપેક્ષાએ. વાણિયાની નાત ભલે ન હો. સમજાય છે કાંઈ? આહાહા..!

એમ ભગવાન વાણિયો-આત્મવેપારી.. આહાહા..! એ.. વાણિયા! આહાહા..! કહે છે કે પોતાના જ્ઞાનસ્વરૂપનો જ્યાં વેપારી થયો ત્યાં રાગનો કર્તા થતો હતો એ છૂટી ગયું. અને કર્મ પણ કર્મપણે બંધાતા હતા એ રહ્યા નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

**'कर्म कर्मापि नैव'** **'મિથ્યાત્વ-રાગાદિ વિભાવ કર્મ પણ રાગાદિરૂપ થતું નથી.'** કર્મ પણ હવે કર્મપણે થતા નથી. **'અને વળી...'** 'ज्ञानं ज्ञानं भवति' **'જે શક્તિ વિભાવપરિણમનરૂપ પરિણમી હતી...'** જે શક્તિ વિભાવરૂપ પરિણમી હતી. શક્તિ તો શક્તિ છે, પણ પર્યાયમાં વિભાવરૂપ હતી. આહાહા..! **'તે જ પાછી પોતાના સ્વભાવરૂપ થઈ,...'** રાગનો કર્તા વિભાવપણે હતો, એ સ્વભાવનો કર્તા થયો તો જ્ઞાનરૂપ કર્તા થયો. એ આત્મા તો જ્ઞાનની શક્તિનો કર્તા છે. **'પોતાના સ્વભાવરૂપ થઈ...'** જે રીતે **'यथा पुद्गलः अपि पुद्गलः'** **'જ્ઞાનાવરણાદિ કર્મરૂપ પરિણમ્યું હતું જે પુદ્‌ગલદ્રવ્ય તે જ કર્મપર્યાય છોડીને પુદ્‌ગલદ્રવ્ય થયું.'** આહાહા..! ભગવાનઆત્મા જ્યારે રાગનો કર્તા છૂટી ગયો અને સમ્યગ્દર્શનમાં જ્ઞાનનો કર્તા થયો તો કર્તાપણું માનતો હતો એ છૂટી ગયો. રાગનો કર્તા થયો નહિ તો રાગ છે જ નહિ. અહીંયાં રાગ કરતો હતો ત્યારે કર્મ કર્મપણે હતું. રાગનું કર્તૃત્વ છૂટી ગયું તો કર્મ પણ કર્મપણે છૂટી ગયા. કર્મ કર્મપણે રહ્યા નહિ. આહાહા..! નિમિત્ત છૂટી ગયું તો નૈમિત્તિક કર્મની અવસ્થા પણ છૂટી ગઈ. સમજાય છે કાંઈ? આવી વ્યાખ્યા છે. ઓલું તો એવું સીધું હતું..

એક જણો બિચારો કહેતો, અમે દયા પાળીએ, વ્રત કરીએ, સામાયિક, પોષા, પડિકમણા (કરીએ). સ્થાનકવાસીમાં વધારે ઈ. સામાયિક કરો ને પડિકમણા કરો ને પોષા કરો ને અપવાસ કરો. તમે એવું લાકડું વચ્ચે માર્યું કે એ બધી ક્રિયાઓ રાગની છે. જેને અમે ધર્મ માનીને બેઠા એને તમે ધર્મ નહિ એમ કહો (છો). એક જણ આવ્યો હતો. 'વિરમગામ'નો હતો. ઈન્કમટેક્ષ. શું કહેવાય? ઈન્કમટેક્ષનો ઉપરી હતો. દેરાવાસી શ્વેતાંબર હતો. આવ્યો, સ્વાધ્યાય મંદિરમાં વ્યાખ્યાન સાંભળ્યું. વ્યાખ્યાન સાંભળીને (કહ્યું), બહુ સરસ. પછી અંદર આવ્યો ને કહ્યું, મહારાજ! અમે જે કાંઈ કરતા હતા એમાં તમે લાકડી મારી અંદરથી. પૂજા, જાત્રા શેત્રુંજયની કરીએ એમાં ધર્મ નહિ? કેટલું વાતાવરણ ત્યાં ભગવાનનું ને.. કીધું, ધર્મ નહિ ત્રણકાળમાં. એ તો પરલક્ષી ભાવ શુભભાવ છે. સમજાય છે કાંઈ? આહાહા..! ભાવ હો, પણ બંધનનું કારણ છે. સમજાય છે કાંઈ? આવે છે, જ્ઞાનીને પણ ભાવ તો આવે છે, પણ છે બંધનું કારણ. આહાહા..! એટલે કે મોક્ષનું કારણ માનતા હતા, વાત સીધી હતી, એમાં વચ્ચે આડ મારી. આહાહા..!

અહીં કહે છે, ભગવાનઆત્મા ઈ શુભભાવનો પણ કર્તા થતો હતો ત્યાં સુધી તો અજ્ઞાન હતું. અર્થાત્ ચૈતન્ય જ્ઞાનનું જ્ઞાન નહોતું. જે ચૈતન્યપ્રકાશનું પૂર છે, એના જ્ઞાનનું જ્ઞાન નહોતું. રાગનું જ્ઞાન હતું અને રાગ કરતો હતો એ અજ્ઞાન હતું. આહાહા..! સમજાય છે કાંઈ? જ્યારે જ્ઞાનનું જ્ઞાન થયું તો રાગનું કર્તૃત્વ છૂટી ગયું અને કર્મબંધન હતું એ પણ રહ્યું નહિ. આ કર્તા-કર્મનો છેલ્લો શ્લોક, સરવાળો આ લીધો. આહા..! કર્તા-કર્મ તો આપણે ઘણા વખતથી ચાલે છે. વીસ દિવસ ક્લાસમાં, ચૌદ-પંદર દિવસ થઈ ગયા. એ પહેલાનું એ તો ચાલે છે. સમજાય છે કાંઈ? આ 'કળશટીકા'માં.

# -૪-
# પુણ્ય-પાપ અધિકાર

(દ્રુતવિલંબિત)

तदथ कर्म शुभाशुभभेदतो
द्वितयतां गतमैक्यमुपानयन्।
ग्लपितनिर्भरमोहरजा अयं
स्वयमुदेत्यवबोधसुधाप्लवः।।१-१००।।

ખંડાન્વય સહિત અર્થ :- 'अयं अवबोधसुधाप्लवः स्वयम् उदेति' ( अयं ) વિદ્યમાન ( अवबोध ) શુદ્ધજ્ઞાનપ્રકાશ, તે જ છે ( सुधाप्लवः ) ચંદ્રમા, તે ( स्वयम् उदेति ) જેવો છે તેવો પોતાના તેજઃપુંજ વડે પ્રગટ થાય છે. કેવો છે? 'ग्लपितनिर्भरमोहरजा' ( ग्लपित ) દૂર કર્યો છે ( निर्भर ) અતિશય ગાઢ ( मोहरजा ) મિથ્યાત્વ-અંધકાર જેણે એવો છે. ભાવાર્થ આમ છે કે-ચંદ્રમાનો ઉદય થતાં અંધકાર મટે છે, શુદ્ધજ્ઞાનપ્રકાશ થતાં મિથ્યાત્વ પરિણમન મટે છે. શું કરતો થકો જ્ઞાનચંદ્રમા ઉદય પામે છે? 'अथ तत् कर्म एक्यं उपानयन्' ( अथ ) અહીંથી શરૂ કરીને ( तत् कर्म ) રાગાદિ અશુદ્ધ ચેતનાપરિણામરૂપ અથવા જ્ઞાનાવરણાદિ પુદ્ગલપિંડરૂપ કર્મ, તેમનું ( ऐक्यम् उपानयन् ) એકત્વપણું સાધતો થકો. કેવું છે કર્મ? 'द्वितयतां गतम्' બે-પણું કરે છે. કેવું બે-પણું? 'शुभाशुभभेदतः' ( शुभ ) ભલું ( अशुभ ) બૂરું એવો ( भेदतः ) ભેદ કરે છે. ભાવાર્થ આમ છે કે-કોઈ મિથ્યાદષ્ટિ જીવનો અભિપ્રાય એવો છે કે દયા, વ્રત, તપ, શીલ, સંયમ આદિથી માંડીને જેટલી છે શુભક્રિયા અને શુભક્રિયાને અનુસાર છે તે-રૂપ જે શુભોપયોગપરિણામ તથા તે પરિણામોના નિમિત્તથી બંધાય છે જે શાતાકર્મ-આદિથી માંડીને પુણ્યરૂપ પુદ્ગલપિંડ, તે ભલાં છે, જીવને સુખકારી છે; હિંસા, વિષય-કષાયરૂપ જેટલી છે ક્રિયા, તે ક્રિયાને અનુસાર અશુભોપયોગરૂપ સંક્લેશ પરિણામ, તે પરિણામોના નિમિત્તથી થાય છે જે અશાતાકર્મ-આદિથી માંડીને પાપબંધરૂપ

પુદ્ગલપિંડ, તે બૂરાં છે, જીવને દુઃખકર્તા છે. આવું કોઈ જીવ માને છે તેના પ્રતિ સમાધાન આમ છે કે-જેમ અશુભકર્મ જીવને દુઃખ કરે છે તેમ શુભકર્મ પણ જીવને દુઃખ કરે છે. કર્મમાં તો ભલું કોઈ નથી, પોતાના મોહને લઈને મિથ્યાદષ્ટિ જીવ કર્મને ભલું કરીને માને છે. આવી ભેદપ્રતીતિ શુદ્ધસ્વરૂપનો અનુભવ થયો ત્યારથી હોય છે. ૧-૧૦૦.

## કળશ-૧૦૦ ઉપર પ્રવચન

હવે પુણ્ય-પાપ અધિકાર. આ તો મધ્યસ્થતાથી બહુ સમજવા જેવી વાત છે.આ કાંઈ બહુ ઝીણી નથી. સમજાય છે કાંઈ? 'પુણ્ય-પાપ અધિકાર'.

तदथ कर्म शुभाशुभभेदतो
द्वितयतां गतमैक्यमुपानयन्।
ग्लपितनिर्भरमोहरजा अयं
स्वयमुदेत्यवबोधसुधाप्लवः।।१-१००।।

આહાહા..! અધિકાર પલટ્યો હવે. પહેલા કર્તા-કર્મ હતો, હવે પુણ્ય-પાપનો અધિકાર. શાસ્ત્રમાં અહીંયાં શબ્દ તો પ્રકૃતિનો છે. પુણ્ય-પાપ જડ પ્રકૃતિ છે ને? જડ. એમાં એવો પ્રશ્ન કરે છે કે અહીં તો પ્રકૃતિની વાત છે. પુણ્ય-પાપ જડ બેય એકસરખા છે એ તો જડની વાત છે. પણ શુભાશુભ ભાવ એકસરખા છે, એ વાત ક્યાં અંદર છે? આમાંથી કાઢે છે. અર્થમાં તો 'અમૃતચંદ્રાચાર્યે' લીધું છે, કે જે પુણ્ય-પાપના પ્રકૃતિના પરમાણુ છે, વાત તો એની છે, પણ જે ભાવે બંધાય છે એ ભાવ પણ એમાં આવી જાય છે. સમજાય છે કાંઈ? આગળ આવશે હેતુ. 'हेतुस्वभावानुभवाश्रयाणां'. ૧૦૨ કળશ છે ને? આ ૧૦૦ ચાલે છે, પછી ૧૦૨. આ ૧૦૦ મો શ્લોક છે ને? પછી ૧૦૨.

'हेतुस्वभावानुभवाश्रयाणां' એકલી પ્રકૃતિ લેવી એમ નહિ. પુણ્યબંધ અને પાપબંધ બેય સરખા છે બંધમાં, પણ શુભાશુભ બેય સરખા છે, એમ એમાં આવતું નથી. એમ કહે છે. પ્રશ્ન છે. 'જિનેશ્વરદાસ'ના ગામમાંથી 'રતનચંદજી'નો. 'રતનચંદજી' એમ કહે છે. 'રતનચંદજી' નામ ને? 'રતનચંદજી'? આહાહા..! એ કહે છે કે, અહીંયાં તો પ્રકૃતિની વાત છે, પુણ્ય-પાપની, પણ ભાવની વાત નથી. એમ કહે છે. 'અમૃતચંદ્રાચાર્યે' અહીંયાં એકમાંથી ચાર કાઢ્યા છે. સમજાય છે કાંઈ? ઈ ૧૦૨માં આવશે. કારણ શુભાશુભભાવ ભાવ પણ એક, પુણ્યપ્રકૃતિ બંધન એક, એના ફળરૂપે સંયોગ એક અને બંધના આશ્રયે શુભાશુભ ભાવ થાય છે. મુક્તિના આશ્રયે થતા નથી. સમજાય છે કાંઈ? આગળ આવશે. એ તો એમ જ કહે છે, એ તો પ્રકૃતિની વાત છે. પુણ્ય-પાપ જડ તે હેય છે, એમાં શુભભાવ હેય ક્યાં આવ્યું? એમ કહે છે. આહાહા..!

અહીં તો કહે છે, શુભાશુભ ભાવ કહો કે શુભાશુભ પ્રકૃતિ કહો કે શુભાશુભના આશ્રયમાં બંધનું કારણ છે એમ કહો. સમજાય છે કાંઈ? એ બધી એક જ વાત છે. મુખ્યપણે પ્રકૃતિથી

કહ્યું. 'કુંદકુંદાચાર્ય' થોડા શબ્દોમાં કહેવું છે ને? બહુ વિસ્તાર કરવો નથી એટલે થોડા શબ્દમાં કહેવું છે તો પ્રકૃતિથી લીધું. પછી એની ટીકા કરી એમાં (કહ્યું કે) એનું કારણ શુભાશુભ ભાવ પણ એમાં આવી જાય છે. શુભાશુભ ભાવ પણ ચંડાળણીના પુત્રની પેઠે બેય હેય છે. સમજાય છે કાંઈ? પછી શ્લોક આવશે. ચંડાળણીના પેટથી બેય ઉત્પન્ન થયા. એક ચંડાળણીના ઘરે રહ્યો અને એક બ્રાહ્મણના ઘરે ગયો. પણ છે તો બેય ચંડાળણીના પુત્ર. એમ અશુભ અને શુભ પરિણામ બેય ચંડાળણી-વિભાવના પુત્ર છે. સમજાય છે કાંઈ? એ ભગવાન સ્વભાવના પુત્ર નહિ. આહાહા..! આકરું કામ છે. અત્યારે વાંધા એ ઉઠ્યા છે ને. શુભભાવ મોક્ષનો માર્ગ. લ્યો! અહીં કહે, શુભ ને અશુભ બેય બંધનું કારણ છે. એ એક્કે મોક્ષનો માર્ગ નથી. આહાહા..! અત્યારે 'મખ્ખનલાલજી' જેવાએ પણ ચર્ચા ઉઠાવી. અહીં તો કહે છે, શુભભાવ એ બંધનું કારણ છે, ચંડાળણીનો પુત્ર છે.

મુમુક્ષુ :- પરસન્મુખનો ભાવ તે..

ઉત્તર :- પરસન્મુખ પણ એ શુભ છે ને. એમ કહે છે. શુભ છે ને એનું નામ. પણ શુભનો અર્થ શું? એ તો અશુભની અપેક્ષાએ શુભ. બાકી તો બેય અશુદ્ધ છે. સમજાય છે કાંઈ? અરે..! એણે 'પંચાધ્યાયી'માં અર્થ કર્યા છે. 'પંચાધ્યાયી'ના અર્થ 'મખ્ખનલાલજી'એ કર્યા છે ને. તો એમાં એક શ્લોક છે કે શુભભાવ દુષ્ટ પુરુષની પેઠે આદરણીય (નથી). દુષ્ટનું કથન જેમ આદરણીય નથી એમ શુભભાવ આદરણીય નથી. આહાહા..! મૂળ શ્લોક છે, અર્થ કર્યો છે પણ પાછી દૃષ્ટિ ફેરવી નાખી. આહાહા..!

મુમુક્ષુ :- બીજું કહેવા લાગ્યા.

ઉત્તર :- બીજું કહેવા લાગ્યા. આહાહા..!

અહીંયાં કહે છે, '**अयं अवबोधसुधाप्लवः स्वयम् उदेति**' એ અહીંયા આવ્યું પાછું, જુઓ! ત્યાં '**एतत्**' હતું ને? અહીંયાં '**अयं**' (લીધું). '**વિદ્યમાન શુદ્ધજ્ઞાનપ્રકાશ,...**' પુણ્ય-પાપના ભાવ કોઈ ત્રિકાળી વિદ્યમાન નથી. એ તો ક્ષણિક વિકાર ઉત્પન્ન કરે છે. ભગવાન તો વિદ્યમાન ત્રિકાળી આનંદનું ધામ શુદ્ધ ચૈતન્યના પ્રકાશનું પૂર (છે). આહાહા..! સમજાય છે કાંઈ? '**વિદ્યમાન...**' '**अवबोध**' '**શુદ્ધજ્ઞાનપ્રકાશ...**' '**अवबोध**' એટલે જ્ઞાન. શુદ્ધજ્ઞાનપ્રકાશ. વિદ્યમાન ત્રિકાળ છે. '**તે જ છે ચંદ્રમા, તે જેવો છે તેવો પોતાના તેજઃપુંજ વડે પ્રગટ થાય છે.**' શું કહે છે? ચૈતન્યપુંજ પ્રભુ જે વિદ્યમાન છે.. આહાહા..! એ ચંદ્રમા, શુદ્ધ પ્રકાશરૂપી ચંદ્રમા. જોયું? ચંદ્રની ઉપમા આપી. કેમકે પ્રકાશ છે એ અંદર શીતળ પ્રકાશ છે. ચૈતન્યના પ્રકાશમાં શીતળતા અને શાંતિ સાથે છે.

સમ્યગ્દર્શનમાં જે શુદ્ધ ચૈતન્યનો પ્રકાશ પ્રગટ થાય છે એની સાથે શાંતિ પણ પ્રગટ થાય છે. એટલે ચંદ્રનો દૃષ્ટાંત આપ્યો. સૂર્યનો પ્રકાશ તો આતાપ છે. ચંદ્રના પ્રકાશમાં શીતળતા-ઠંડી છે. સમજાય છે કાંઈ? એમ ભગવાનઆત્મા રાગનું કર્તૃત્વ છોડીને જ્યાં નિજ ચૈતન્યપ્રકાશનું પર્યાયમાં વ્યક્તપણું-પ્રગટપણું થયું ત્યાં જ્ઞાનમાં શાંતિ પણ સાથે આવી. એથી જ્ઞાનરૂપી ચંદ્રમા પ્રગટ થયો. આ ચંદ્રમા પ્રગટ થયો તો બીજ થાય તો પગે લાગે છે. આહાહા..! બીજ ઊગે ને લાગે ને? સવારમાં સૂર્યને પગે લાગે અને બીજ ઊગે ત્યારે (ચંદ્રને

પગે લાગે). ખરેખર તો એમાં ભગવાનની પ્રતિમાઓ છે. સૂર્યને પગે લાગવાનો હેતુ તો આ છે. અંદરમાં જિનપ્રતિમા અને મંદિર છે. એને સવારમાં પગે લાગે છે. ચંદ્રમામાં પણ બીજ ઊગી, કાંઈ નહોતું દેખાતું, એમાં ચંદ્રમામાં પણ મણિરત્નની શાશ્વત જિનપ્રતિમા છે. આહાહા..! એટલે એને પગે લાગે છે. પગે લાગે ઓલી બીજને, પણ હેતુ તો અંદર ભગવાનને પગે લાગે એ છે. અહો..! શાશ્વત પ્રતિમાઓ!

મુમુક્ષુ :- સૂર્યમાં પણ મંદિર છે.

ઉત્તર :- બધે મંદિર છે. ચંદ્રમાં, સૂર્યમાં જિનમંદિર જિનપ્રતિમાઓ શાશ્વત છે.

મુમુક્ષુ :- ચક્રવર્તી એના દર્શન કરે છે.

ઉત્તર :- દર્શન કરે. ચક્રવર્તીને બહુ નજીક એને આમ ઉપર ચડીને પગે લાગે. મૂળ તો મંદિરને પગે લાગે છે. આ બહાર દેખાય છે એ તો પત્થર છે. પત્થરનો પ્રકાશ છે. પણ અંદર ભગવાન સર્વજ્ઞ વીતરાગની પ્રતિમા શાશ્વત છે. ચક્રવર્તી સવારમાં પગે લાગે છે. શાશ્વત જિનબિંબ. આહાહા..! અરે..! લોકોને પક્ષ આડે સૂઝ પડતી નથી. શાશ્વત પ્રતિમાઓ છે.

જેમ ત્રિકાળમાં ત્રિકાળ જ્ઞાનીનો વિરહ ન હોય, એમ ત્રિકાળમાં જૈનપ્રતિમા સ્થાપનાનો વિરહ ન હોય. એ સ્થાપના પણ, જેમ ભાવ ત્રિકાળ છે... શું કહ્યું? ત્રિકાળમાં ત્રિકાળને જાણનારનો ભાવ જેમ ત્રિકાળ છે-કાયમ છે. આ ત્રણકાળને જાણનાર અત્યારે થયા એમ નથી. પહેલેથી અનાદિથી ત્રણકાળને જાણનાર અનાદિથી છે. ભાવ જેમ અનાદિથી છે, તેમ એની સ્થાપના પણ અનાદિથી છે. આહાહા..! સમજાય છે કાંઈ? એના વખાણ 'દીપચંદજી'એ બહુ કર્યા છે. 'અનુભવપ્રકાશ'માં. 'દીપચંદજી' થયા ને? બહુ પ્રકાશ કર્યો છે. ત્યાં તો એમ લીધું છે કે જેના નામમાત્રથી પણ ભવના અંત આવે. એમ લીધું છે. સમ્યગ્દર્શન સહિત છે ને ! ભાન સહિત છે ને! જિનેન્દ્રદેવ.. આહાહા..!

ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં. ત્રિકાળવર્તી અરિહંતાણં. એમ નામ લેવાથી પણ કહે છે કે પવિત્ર દશા થઈ જાય છે. એ છે તો વિકલ્પ, પણ લક્ષ આત્મા ઉપર છે તેથી (એમ કહ્યું). સમજાય છે કાંઈ? એ 'અનુભવપ્રકાશ'માં છે, આમાં 'ચિદ્‌વિલાસ'માં પણ છે અથવા પેલું શું કહેવાય? 'અધ્યાત્મપંચ સંગ્રહ'. ત્યાં તો વળી એમ લીધું છે,.. લક્ષમાં આવી ગયું, લ્યો, ઠીક! 'નામ ભગવાન કે સમાન આન કો નહિ, યાતૈં ભવતારી નામ સદા ઉર ભાઈયે.' એ શબ્દ છે હજી, હોં! પેલું બીજે છે. આવ્યું, લ્યો! 'ઉપદેશસિદ્ધાંત રત્નમાળા'માં છે. ક્યાંથી લીધું છે એ ખબર નથી પણ જરી... 'મહિમા હજાર દસ સામાન્ય જુ કેવળી કી,' સામાન્ય કેવળી કરતાં 'મહિમા હજાર દસ સામાન્ય જુ કેવળી કી, તામૈં સમ તીર્થંકરદેવ કી માનિયે,' એક તીર્થંકરની મહિમા દસ હજાર સામાન્ય કેવળી કરતાં પણ વિશેષ છે. હવે પ્રતિમાનું આવશે. 'તીર્થંકરદેવ મિલે દસ હજાર ઐસી' દસ હજાર તીર્થંકર હો, 'ઐસી મહિમાવંત એક પ્રતિમા કી જાનિયે.' 'ઉપદેશસિદ્ધાંત રત્નમાળા'માં છે. આ તો યાદ આવી ગયું. આ તો બધું જોયું છે ને.

મુમુક્ષુ :- ... તીર્થંકર કે બરાબર એક પ્રતિમા...

ઉત્તર :- દસ હજાર તીર્થંકરની વિશેષતા એક પ્રતિમામાં છે. એ.. શેઠ! 'ઉપદેશસિદ્ધાંત

રત્નમાળા' પાનું-૧૯. આ તો હાથમાં આવી ગયું, નહિતર વાર લાગે. આહા..! જુઓ! 'નામ અવિકાર પદ દાતા હૈ, જગતમાંહિ નામ કી પ્રભુતા એક ભગવાન જાની હૈ' પહેલા નામની વાત કરી. હવે સ્થાપનાની. 'મહિમા હજાર દસ સામાન્ય જુ કેવલી કી, તાકૈ સમ તીર્થંકરદેવજી કો માનિયે, તીર્થંકરદેવ મિલૈ દસ હજાર ઐસી મહિમા મહત એક પ્રતિમા કી જાનિયે.' વિરહ પડ્યા ત્યાં ભગવાનની પ્રતિમા દેખાય છે, એમ કહે છે. જ્યાં ભગવાનના વિરહમાં પ્રતિમા જોઈએ છે તો દસ હજાર તીર્થંકર કરતાં એની મહિમા વિશેષ છે. આ તો 'અધ્યાત્મ પંચ સંગ્રહ' છે. 'ઉપદેશસિદ્ધાંત રત્નમાળા'માં પાનું ૧૯ છે. આમાં છે, આમાં લખ્યું નથી. લખી લેવું જોઈએ. કહો, સમજાય છે કાંઈ? છે તો શુભભાવ. પણ શુભભાવમાં આત્માનું લક્ષ અંદર આવે છે કે આ ભગવાન આવા. આહા..! પ્રતિમા જોવે તો શાંત શાંતરસથી ભરેલી જાણે. અક્રિયબિંબ. એવો આત્મા અક્રિયબિંબ-રાગની ક્રિયા વિનાનો બિંબ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

એ આમાં પણ આવે છે ને? 'સમયસાર', નહિ? ભાવાર્થમાં. ભગવાનને શાંત જોઈને શાંતિ આવે છે. આવે છે, 'સમયસાર'ની પહેલી ગાથાઓમાં. ભગવાનની સ્થાપના જોઈને શાંતિ થાય, શાંતિ. છે તો શુભભાવ, પણ અંદર એ શાંતિની યાદ આવે છે કે આ શાંત.. શાંત.. ઉપશમરસથી ભરેલો, હલે નહિ, ચલે નહિ, ક્રિયા નહિ, એવી મારી ચીજ શાંત ચૈતન્યપ્રતિમા હું છું. એમ યાદ આવે છે. એને નિમિત્ત ભગવાનની પ્રતિમા છે, એમ અહીંયાં કહેવું છે. 'સમયસાર'માં છે. સમજાય છે કાંઈ? આહાહા..! અહીં તો વાત જેમ છે તેમ જાણવી જોઈએ, બાપુ! આમાં કોઈ પક્ષ અહીંયાં નથી. સમજાય છે કાંઈ? સંતો પૂર્વે કહી ગયા છે એ વાત છે. આહાહા..! 'બનારસીદાસે' કહ્યું નથી? જિનપ્રતિમા જિનસારખી. 'સમયસાર નાટક'માં આવે છે. 'સમયસાર નાટક', 'બનારસીદાસ'. 'જિનપ્રતિમા જિનસારખી'. સમજાણું કાંઈ? આ 'સમયસાર નાટક' રહ્યું. 'બનારસીદાસ'નું છે ને?

અહીં કહે છે, ચંદ્રમા-જેવો આત્મા (છે તેવો) તેજપુંજ દ્વારા પ્રગટ થાય છે. આહાહા..! રાગનું કર્તૃત્વ, શુભાશુભભાવનું કર્તૃત્વ છોડીને, અહીં તો હવે શુભાશુભભાવ છે ને? એ શુભાશુભભાવની રુચિ છોડીને જેણે ચૈતન્યપ્રકાશની રુચિ કરી, ચંદ્રમા શીતળ જેમ પ્રગટ થાય છે એમ શાંતિથી ચૈતન્યનો પ્રકાશ પ્રગટ થાય છે. આહા..!

**'જાકે ઉર અંતર સુદૃષ્ટિ કી લહર લસી, વિણસી મિથ્યાત્વ મોહ નિદ્રા કી...'** જેનું મિથ્યાત્વ નાશ પામ્યું. 'વિણસી મિથ્યાત્વ મોહ નિદ્રા કી મમારખી શૈલી જિનશાસન કી ફૈલી, જાકૈ ઘટ ભયો, ગર્વ કો ત્યાગી, ષટ્ દ્રવ્ય કો પારખી, આગમ કે અક્ષર પરૈ હૈં જાકે શ્રવનમેં હૃદય ભંડાર મેં સમાની વાની આરખી કહત બનારસી અલ્પ ભવ સ્થિતિ જાકી, સોઈ જિનપ્રતિમા પ્રવાંનૈ જિનસારખી.' એક બીજી વિશેષ વાત છે. વિશેષ આવશે, લ્યો!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૪, શુક્રવાર, તા.૧૬-૯-૧૯૭૭**
**કળશ - ૧૦૦, પ્રવચન - ૯૬**

'કળશટીકા' 'પુણ્ય-પાપ અધિકાર'. ૧૦૦ શ્લોક છે. એનો ભાવાર્થ આ બાજુ. આ બાજુ ભાવાર્થ (છે). **'ભાવાર્થ આમ છે કે...'** છે? **'ચંદ્રમાનો ઉદય થતાં અંધકાર મટે છે,...'** પહેલા દૃષ્ટાંત આપ્યો છે. **'ચંદ્રમાનો ઉદય થતાં...'** ચંદ્રનો દૃષ્ટાંત આપ્યો છે, સૂર્યનો નહિ. કેમકે ચંદ્રનો પ્રકાશ અને શીતળતા બેય સાથે છે. **'ચંદ્રમાનો ઉદય થતાં અંધકાર મટે છે, શુદ્ધજ્ઞાનપ્રકાશ થતાં...'** હવે સિદ્ધાંત. આત્મા પુણ્ય-પાપના રાગથી ભિન્ન, એવો ચૈતન્યનો પ્રકાશ હોવાથી **'શુદ્ધજ્ઞાનપ્રકાશ થતાં...'** શુદ્ધજ્ઞાનપ્રકાશનો અર્થ-શુભ-અશુભભાવ જે વિકાર, વિકલ્પ, રાગ, વિકારથી ભિન્ન હું ચૈતન્યજ્યોત છું, એવો ચૈતન્યનો પ્રકાશ પ્રગટ થતાં **'મિથ્યાત્વપરિણમન મટે છે.'** કર્મ મટે છે એમ નથી લખ્યું. મિથ્યાત્વપરિણામ મટે છે.

શુભભાવ સારો છે અને અશુભભાવ ખરાબ છે, એવો જે મિથ્યાત્વભાવ (એ મટે છે). સમજાય છે કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો શુભભાવ સારો છે અને અશુભભાવ ખરાબ છે, એવો જે મિથ્યાત્વભાવ એ શુદ્ધજ્ઞાનપ્રકાશ થતાં મિથ્યાત્વનો નાશ થાય છે. હું તો શુદ્ધ ચૈતન્ય આનંદ, જ્ઞાનામૃત સૂર્ય છું. જ્ઞાનાનંદ સૂર્ય. જ્ઞાન અને અમૃતથી ભરેલો. આહા..! આવી દૃષ્ટિ થતાં નિજ શુદ્ધજ્ઞાનનો પ્રકાશ થાય છે. ત્યારે પુણ્ય સારું અને પાપ ખરાબ, એ મિથ્યાઅંધકારનો નાશ થાય છે. આહા..! આ તો બહુ સાદો અધિકાર છે. બપોરે શક્તિનો અધિકાર (ચાલે છે) એ જરી સૂક્ષ્મ છે. સમજાય છે કાંઈ?

વર્તમાનમાં આ મોટી ગડબડ છે ને? કે વ્યવહાર સમકિત ને વ્યવહાર વ્રત, તપ કરે તો કલ્યાણ થશે. પણ વ્યવહાર સમકિત જ હોતું નથી. આહા..! રાગને તો (આરોપ અપાય છે). સમ્યગ્દર્શન થયું હોય, શુભાશુભ ભાવથી ભિન્ન ચૈતન્યની અંતર દૃષ્ટિનો અનુભવ થયો હોય, એને યથાર્થ નિશ્ચય સમ્યગ્દર્શન કહે છે. સાથે રાગ છે તેને આરોપ દઈને વ્યવહાર સમકિત કહે છે. એ કોઈ વ્યવહાર સમકિત છે જ નહિ. એ તો રાગભાવને આરોપ દઈને કથન કરવામાં આવ્યું છે. આહાહા..!

અહીંયાં કહે છે, **'મિથ્યાત્વપરિણમન મટે છે.'** એમ લીધું છે. શુદ્ધજ્ઞાનપ્રકાશ થતાં. શુભઅશુભભાવની રુચિ છોડી શુદ્ધ જ્ઞાનસ્વરૂપની દૃષ્ટિ કરવાથી શુદ્ધ જ્ઞાનનો પ્રકાશ થાય છે. આહાહા..! ત્યારે સમ્યગ્દર્શન થાય છે. ત્યારે મિથ્યાત્વ પરિણામનો અંધકાર નાશ થાય છે. સમજાય છે કાંઈ? પાઠમાં મોહરજ છે. ઉપર છે પહેલી લીટી? મોહરજ. એનો મિથ્યાત્વ અંધકાર અર્થ કર્યો. છે? મોહરજ. પાઠમાં મોહરજ છે. છતાં એનો અર્થ કર્યો કે મિથ્યાત્વ અંધકાર.

મુમુક્ષુ :- ભાવમિથ્યાત્વ લીધું.

ઉત્તર :- હા. છે ને? ગુજરાતીમાં ચોથી-પાંચમી લીટી હશે. ગુજરાતીમાં. પાંચમી નહિ પહેલી. સમજાય છે કાંઈ? અહીંયાં આમ કહ્યું, પોતાના તેજપુંજ દ્વારા જ્ઞાન પ્રગટ થયું.

તેનાથી મોહરજ-મિથ્યાત્વ અંધકારનો જેણે નાશ કર્યો છે. મોહરજનો-કર્મરજનો નાશ એમ ન કહ્યું. કર્મરજ તો એને કારણે નાશ પામે છે. અહીંયાં તો સમ્યક્ ચૈતન્યમૂર્તિ, ચૈતન્યસૂર્ય શીતળ ચંદ્ર, શાંત અને આનંદરસ ને જ્ઞાનરસથી, જ્ઞાનામૃતથી રસથી ભરેલા એવા અમૃતનો સ્વાદ આવે છે તો કહે છે કે જ્ઞાનનો પ્રકાશ થયો. એ વસ્તુ હતી તે પ્રકાશિત થઈ. એ પ્રકાશ થતાં મિથ્યાત્વ અંધકારનો નાશ થાય છે. બીજો કોઈ ઉપાય નથી. આટલા વ્રત પાળે ને દયા ને ભક્તિ ને પૂજા ખૂબ કરે તો એનાથી મિથ્યાત્વ અંધકારનો નાશ થાય છે, એમ નથી. આહાહા..! આ તો સાદી ભાષા છે. સાદી સરળ.

બપોરે શક્તિનો અધિકાર જરી સૂક્ષ્મ છે. ગુણનો અધિકાર છે ને, ગુણ. એ પણ આવ્યું કે આત્મામાં એવો કોઈ ગુણ નથી કે જે શુભાશુભ ભાવને ઉત્પન્ન કરે. ગુણ-એવી કોઈ શક્તિ-સત્ત્વ નથી કે દયા, દાન, વ્રતના વિકલ્પ ઉત્પન્ન કરે. એવી કોઈ શક્તિ-ગુણ નથી. આહાહા..! એ તો પર્યાયની યોગ્યતાથી પુણ્ય-પાપના ભાવ ઉત્પન્ન કરે છે અને એનાથી લાભ થશે એમ માને છે. આહાહા..! સમજાય છે કાંઈ? પોતાની પર્યાયની યોગ્યતાથી શુભભાવ પોતાને કારણે ષટ્કારકથી વિકૃત પરિણમનને કારણે એ પર્યાય ઉત્પન્ન થઈ. સમજાય છે કાંઈ? પણ એવો કોઈ ગુણ નથી કે વિકૃત શુભભાવ ઉત્પન્ન કરે. એવી કોઈ આત્મામાં શક્તિ-ગુણ નથી. આહાહા..! તો કહે છે કે પર્યાયમાં જે પુણ્ય-પાપના ભાવ મારા એવો મિથ્યાત્વ અંધકાર ઉત્પન્ન થાય છે.. આહાહા..! એ શુદ્ધ ચૈતન્યપ્રકાશની દૃષ્ટિ કરતાં (મટે છે). ચૈતન્યપ્રકાશનું પ્રગટ થવું અને મિથ્યાત્વ અંધકારનો નાશ થવો એક સમય છે. સમજાય છે કાંઈ?

એ ચૈતન્ય ભગવાનઆત્મા જ્ઞાનનૂર, જ્ઞાનપૂર.. આહાહા..! અમૃતનો સાગર ભગવાનઆત્માનો અનુભવ કરવાથી, દૃષ્ટિ કરવાથી, આશ્રય કરવાથી, સન્મુખ થવાથી પર્યાયમાં સમ્યગ્જ્ઞાન થયું. સમજાય છે કાંઈ? આહાહા..! એ સમ્યગ્જ્ઞાને મિથ્યાત્વ અંધકારનો વ્યય કર્યો. સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિ, મિથ્યાજ્ઞાનનો વ્યય, ધ્રુવપણે કાયમ રહેવું. સમજાય છે કાંઈ? આહાહા..!

એ શલ્ય એટલું કઠણ છે કે જાણે કષાયની મંદતા અને શુભભાવ કરતાં કરતાં સમ્યક્ થશે, મહામિથ્યાત્વ શલ્ય છે. ઝીણી વાત છે, ભાઈ! પ્રભુનો માર્ગ વીતરાગભાવથી ઉત્પન્ન થાય છે અને શુભભાવ છે એ તો રાગ છે. તો રાગથી આત્માનું વીતરાગ સમ્યગ્દર્શન થાય છે? આહા..! પહેલી મૂળમાં ભૂલ છે. મૂળમાં ભૂલ.

અહીંયાં કહે છે કે જ્ઞાનનો પ્રકાશ. ચૈતન્યસત્તા અર્થાત્ ચૈતન્યનું હોવું, એ છે એવો અંદર અનુભવમાં સ્વીકાર કર્યો. આહા..! ત્યારે જ્ઞાનના પ્રકાશની પર્યાય પ્રગટ થઈ. એનાથી મિથ્યાઅંધકાર નાશ પામે છે. ત્યારે સમ્યગ્દૃષ્ટિ થાય છે. આહાહા..! આવી વાત છે. સમજાય છે કાંઈ? **'શું કરતો થકો જ્ઞાનચંદ્રમા ઉદય પામે છે?' 'अथ तत् कर्म एक्यं उपानयन्'** આહાહા..! શું કહે છે? **'અહીંથી શરૂ કરીને રાગાદિ અશુદ્ધચેતનાપરિણામરૂપ...' 'कर्म'** શબ્દ પડ્યો છે, **'कर्म'. 'कर्म'** ના બે અર્થ કર્યા. પુણ્ય-પાપના ભાવ અશુદ્ધ પરિણામ. રાગાદિ અશુદ્ધ એટલે શુભ-અશુભભાવ રાગાદિ ભાવ છે. વ્રત, તપ, દયા, દાનનો ભાવ એ રાગ છે.

તો રાગાદિ એટલે રાગ શુભ, અશુભ દ્વેષ આદિ અશુદ્ધ જીવના પરિણામ, ચેતનાપરિણામ. જુઓ! એ '**રાગાદિ અશુદ્ધચેતનાપરિણામ...**'. આહાહા..! અહીંયાં જડના પરિણામની વાત નથી. એ તો નિમિત્તથી કથન કરે છે. પણ '**तत् कर्म**' પુણ્ય-પાપ આદિ '**અશુદ્ધચેતના પરિણામરૂપ અથવા જ્ઞાનાવરણાદિ પુદ્ગલપિંડરૂપ...**' એ તો નિમિત્તનું કથન છે. અશુદ્ધ ઉપાદાન છે એટલું એનું. એમાં કર્મ તો નિમિત્ત છે. શુદ્ધ ઉપાદાનના આશ્રયથી અશુદ્ધ ઉપાદાન જે અશુદ્ધ મલિન પરિણામ હતા એનો નાશ થયો તો કર્મનો પણ નાશ થયો. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- નિમિત્ત તો...

ઉત્તર :- એ તો નિમિત્ત બતાવ્યું કે આ ઉપાદાનમાં અશુદ્ધતાનો નાશ થયો, શુદ્ધ ઉપાદાનનો આશ્રય કરીને અશુદ્ધ ઉપાદાનનો વ્યય થયો તો કર્મનો વ્યય એને કારણે થયો. આત્મા કર્મનો કર્તા છે અને બાંધે છે એમ નથી. એ તો જડ છે. જડની અવસ્થા આત્મા કેમ કરે? અને છોડે કેવી રીતે? સમજાય છે કાંઈ? આહાહા..! અત્યારે મોટી ધમાલ આ. શુભભાવ.. શુભભાવ ધર્મ છે, ધર્મ છે. શુભભાવથી શુદ્ધતા થાય છે. મોટું મિથ્યા શલ્ય છે. મહા અંધકાર મિથ્યાત્વનો. એમાં શુભભાવનું કારણ ધર્મ છે અને એ ધર્મનું કારણ છે એમ માનવું ભવોદધિનું કારણ મિથ્યાત્વભાવ છે. આહા..! ભવરૂપી સમુદ્રમાં ડૂબવાનું (કારણ) મિથ્યાત્વભાવ છે. આહાહા..! પહેલા એને સુધારવાનું છે અહીં. વ્રત, તપ પછી આવશે. વિકલ્પ છે. પણ આ સમ્યગ્દર્શન થયા વિના અને મિથ્યાત્વનો નાશ કર્યા વિના વ્રત ને પડિમા બધા ફોગટ નિષ્ફળ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

ભાષા કેવી લીધી છે! ઓલામાં મોહરજમાં મિથ્યાત્વ અંધકાર લીધો. અને '**तत् कर्म**'માં પણ પહેલા રાગાદિ અશુદ્ધ પરિણામ લીધા. એ ગાથા આવે છે ને? ૧૬૦ ને? મોહરજ. '**मोहरयेण आच्छादन**' 'હુકમીચંદજી' શેઠ આવ્યા હતા ને? સાથે 'જીવણધરજી' હતા. ભાઈ પણ હતા, 'બંસીધરજી' હતા. આવું 'સમયસાર'ની ગાથામાં આવે છે. આ મોહરજ છે ને? એમ કહ્યું. પણ મોહરજનો અર્થ ટીકાકારે શું કર્યો? સમજાય છે કાંઈ? ૧૬૦ ગાથા છે ને. તે દિ' હતી. અહીંયાં શેઠ આવ્યા હતા ને? ત્યારે એ ગાથા ચાલી હતી. જુઓ! શું છે?

'**सो सव्वणाणदरिसी कम्मरएण णियेणावच्छण्णो**' '**सव्वणाणदरिसी**' ભગવાનઆત્મા તો સર્વજ્ઞાન સર્વદર્શી છે. છતાં '**कम्मरएण णियेणावच्छण्णो**' કર્મરજથી ઢંકાયેલો છે. ત્યારે પેલા કહે, કર્મરજ એટલે જડ. એમ નથી. અર્થમાં લીધું છે, જુઓ! '**જે પોતે જ જ્ઞાન હોવાને લીધે વિશ્વને (-સર્વ પદાર્થોને) સામાન્ય-વિશેષપણે જાણવાના સ્વભાવવાળું છે એવું જ્ઞાન અર્થાત્ આત્મદ્રવ્ય, અનાદિ કાળથી પોતાના પુરુષાર્થના અપરાધથી પ્રવર્તતા એવા કર્મમળ વડે...**' કર્મરજ જડ નહિ. ત્યારે કહે, જુઓ! અહીંયાં કર્મરજ છે. પણ કર્મરજનો અર્થ શું છે? સમજાય છે કાંઈ? એનો અર્થ ઈ કર્યો, જુઓ! '**પોતાના પુરુષાર્થના અપરાધથી પ્રવર્તતા એવા કર્મમળ...**' એટલે રાગ પરિણામ, મિથ્યાત્વ પરિણામ. એને અહીંયાં કર્મમળ કહ્યું છે. રજ જડની પર્યાય એ તો પર કર્મ છે, એની સાથે શું સંબંધ છે? આહા..! સમજાય છે કાંઈ?

એવું અહીંયાં આવ્યું-મોહરજ. રજ એટલે કર્મ પરમાણુ નહિ. સમજાય છે કાંઈ? એ વખતે ચર્ચા થઈ હતી. (સંવત) ૨૦૦૫ની સાલ. ૨૬ વર્ષ થયા. 'હુકમીચંદજી' શેઠ પહેલાવહેલા આવ્યા હતા ને? 'જીવણધરજી' સાથે હતા. જુઓ! અહીંયાં રજ છે, મોહરજ જડ. જડથી આચ્છાદન છે. એ તો નિમિત્તનું કથન છે. અહીંયાં ઈ નથી. અહીંયાં તો મિથ્યાત્વ પરિણામ અને રાગ-દ્વેષ પરિણામ જે ભાવઘાતિ છે, એનાથી આત્મા ઢંકાયેલો છે. જડથી ઢંકાયેલો છે એ તો નિમિત્તનું કથન છે. સમજાય છે કાંઈ? આહાહા..! નિજ ચૈતન્ય સ્વરૂપને ભુલીને પુણ્ય અને પાપમાં પુણ્ય સારું છે, પાપ ખરાબ છે એવો જે મિથ્યાત્વભાવ, એનાથી આત્મા આચ્છાદન છે. એનાથી આત્મા ઢંકાયેલો છે. કર્મથી ઢંકાયેલો છે એ તો નિમિત્તનું કથન, વ્યવહાર છે. આહાહા..! એમ નથી. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે.

અહીંયાં પણ એ લીધું છે, જુઓ! મોહરજ નામ મિથ્યાત્વઅંધકાર. અને અહીંયાં કર્મમાં એ લીધું. કર્મ. રાગાદિ અશુદ્ધપરિણામ. અશુદ્ધચેતના પરિણામ એમ સ્પષ્ટ લીધું છે. કર્મ શબ્દે પુણ્ય ને પાપના ચેતનાના પરિણામ, એને અહીંયાં કર્મ કહેવામાં આવ્યું છે. ભાવકર્મને કર્મ કહેવામાં આવ્યું છે. આહાહા..! સમજાય છે કાંઈ?

કાલે તો કર્મશક્તિ બહુ ચાલી હતી. નહિ? એક તો જડપર્યાય છે. જડ કર્મને કર્મ કહે છે. અરે..! આ નોકર્મની પર્યાય પણ કર્મ-કાર્ય છે. એને પણ એનું કર્મ કહે છે. પુણ્ય-પાપના ભાવને પણ ભાવકર્મ કહે છે. અને નિર્મળ પર્યાય પણ પોતાનું શુદ્ધઉપયોગ કાર્ય છે એને પણ નિર્મળ કર્મ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? 'પ્રવચનસાર'માં ઉપયોગ-શુદ્ધઉપયોગ એ કર્મચેતના (કહ્યું છે). જ્ઞાનની કર્મચેતના. જ્ઞાનરૂપી કાર્ય, એની ચેતના. આહાહા..! અને અહીંયાં કર્મશક્તિ લીધી એ તો ગુણ લીધો છે. સમજાય છે કાંઈ? કર્મશક્તિ આત્મામાં એક ગુણ છે. કર્મશક્તિ નામનો અર્થાત્ કાર્ય કરવાની શક્તિ એવો એક ગુણ છે. નિર્મળ આત્મામાં પર્યાયરૂપી કાર્ય થાય, (એવો) એનો અંદર ગુણ છે. એ ગુણને કારણે (કાર્ય થાય છે). કર્મ નામનો ગુણ. નામ કર્મ શબ્દ છે. પણ કર્મ એટલે જડકર્મ નહિ, ભાવકર્મ નહિ, તેમ નિર્મળ પર્યાય શક્તિ નહિ. શક્તિ તો ત્રિકાળી ગુણ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ ત્રિકાળી કર્મ નામનો એક ગુણ છે. એ ગુણને કારણે કાર્ય થાય છે. અને વિકારી પરિણામ જે થાય છે એ કારણે આત્મામાં આચ્છાદન થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? વિકારી પરિણામ એ ભાવઘાતિ ભાવ છે. જડઘાતિ એ જડ કર્મ છે અને પુણ્ય-પાપના ભાવ એ ભાવઘાતિ કર્મ છે. સમજાય છે કાંઈ? આહાહા..! અહીંયાં પહેલા ભાવઘાતિનું નામ લીધું છે. આહાહા..!

'**અશુદ્ધચેતના...**' રાગાદિ ચેતના પરિણામ. ભાષા પાછી એમ કરી. અશુદ્ધ પરિણામ એમ સીધું નથી લીધું. '**અશુદ્ધચેતના પરિણામરૂપ...**' આહાહા..! રાગાદિ પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, કામ, ક્રોધાદિ. અશુદ્ધચેતનાપરિણમરૂપ. આહાહા..! અને '**જ્ઞાનાવરણાદિ પુદ્ગલપિંડરૂપ...**' નિમિત્તરૂપ. '**તેમનું એકત્વપણું સાધતો થકો.**' શું કહે છે? શુભ અને અશુભભાવ બે છે. એને સમ્યગ્જ્ઞાન એકપણે સાધે છે કે બંને એકરૂપ જ છે. શુભ ઠીક છે અને અશુભ અઠીક છે, એમ નથી. આહાહા..!

મુમુક્ષુ :- એક...

ઉત્તર :- એકપણું સાધે છે. શુભભાવ હો કે અશુભ હો. બંને વિકાર છે, બંને દુઃખ છે, બંને અશુદ્ધ છે, બંને બંધનું કારણ છે. આહાહા..! સમજાય છે કાંઈ? વ્રત પાળવા, દયા પાળવી, ભક્તિ, પૂજા કરવી એ શુભભાવ. કહે છે કે એ દુઃખરૂપ ભાવ છે.

મુમુક્ષુ :- તો ન કરવો શુભભાવ.

ઉત્તર :- આવે છે, પણ છે દુઃખરૂપ એમ જાણવું. જ્ઞાનીને આવે છે પણ એ દુઃખરૂપ છે એમ હેય માને છે. આહાહા..! સમજાય છે કાંઈ? પકડ પકડમાં ફેર છે. સાંભળ્યું નથી? બિલાડી હોય ને? બિલાડી. એ ઉંદરને પકડે છે અને પોતાના બચ્ચાને પકડે છે. બચ્ચાને પકડે ત્યારે પોચા દાંત રાખીને પકડે અને ઉંદરને પકડે (ત્યારે છૂટે નહિ એવી રીતે પકડે). એમ મિથ્યાદૃષ્ટિ જીવ પુણ્ય-પાપના (ભાવને) પકડી લે છે-મારા છે એમ પકડી લે છે. જ્ઞાનીને શુભભાવ આવે છે, એ ઉંદરની પેઠે જેમ માંસ કાપે (પકડે) એમ નહિ, ભિન્ન રાખે છે. નિજ સ્વભાવથી પુણ્ય પરિણામ ભિન્ન છે, મારી ચીજમાં પકડ કરવાની ચીજ નથી. આહાહા..! એને ભિન્ન રાખીને એનો જાણનાર રહે છે. સમજાય છે કાંઈ? બહુ માર્ગ, વીતરાગ માર્ગ જિનેન્દ્ર પંથનો રસ્તો અલૌકિક છે. આહાહા..!

કહે છે, જ્ઞાની એ બંનેને એક માને છે. છે? '**द्वितयतां गतम्**' '**કેવું બે-પણું?**' બેયનું એકપણું કરે છે. કેવી રીતે? '**शुभाशुभभेदतः**'. આહા..! શુભ ભલું, અશુભ ખરાબ એવો ભેદ કરે છે એ અજ્ઞાની છે. જ્ઞાની બેયને એક માને છે. બેય પુણ્ય અને પાપ, શુભ અને અશુભ. આહાહા..! ભગવંતનું સ્મરણ કરવું, ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં એ પણ વિકલ્પ છે. અને જેમ સ્ત્રીના વિષયનો ભાવ અશુભ છે, એમ આ શુભ બંને બંધનું કારણ છે. સમજાય છે કાંઈ? આહાહા..! જ્ઞાની બેયને બે નથી માનતો, બેને એકરૂપ માને છે. અજ્ઞાની બેના બે ભેદ પાડે છે કે પુણ્ય સારું છે અને પાપ ખરાબ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**शुभ**' '**ભલું...**' '**अशुभ**' '**બૂરું એવો ભેદ કરે છે. ભાવાર્થ આમ છે કે-કોઈ મિથ્યાદૃષ્ટિ જીવનો અભિપ્રાય એવો છે...**' છે? '**દયા, વ્રત, તપ, શીલ, સંયમ આદિથી (દેહરૂપ) માંડીને જેટલી છે શુભ ક્રિયા...**' આહાહા..! એક વાત. દયા, વ્રત. પહેલા આ પરની દયાની વાત (છે). '**દયા, વ્રત, તપ, શીલ, સંયમ આદિથી (દેહરૂપ) માંડીને જેટલી છે શુભ ક્રિયા...**' એ જડની ક્રિયા '**અને શુભ ક્રિયાને અનુસાર છે તે-રૂપ જે શુભોપયોગપરિણામ...**' એ જીવના શુભ પરિણામ. આહા..! દેહથી આમ દયાની ક્રિયા થાય છે ને? એ જડની ક્રિયા છે. અને શુભભાવ છે એ જીવના પરિણામ છે. એ શુભ જીવના ચેતનપરિણામ છે અને આ જડની ક્રિયા, એને અનુસાર પરિણામ થવા એ શુભભાવ છે, પુણ્ય છે. આહાહા..!

'**મિથ્યાદૃષ્ટિ જીવનો અભિપ્રાય એવો છે કે દયા, વ્રત, તપ,...**' દેખો! અહીં તો તપ (લીધું). શરીરથી તપ થયું ને? બે-ચાર દિ' ખાધું નહિ, એ શરીરની ક્રિયા. અને ભાવ, વિકલ્પ આવ્યો કે હું તપ (કરું) એ શુભરાગ. '**શીલ,...**' શરીરથી બ્રહ્મચર્ય પાળ્યું, '**સંયમ...**' શરીરથી ઇન્દ્રિયદમન કર્યું '**આદિ (દેહરૂપથી) માંડીને જેટલી છે શુભ ક્રિયા...**' એ જડની શુભક્રિયા. આહાહા..! '**અને શુભ ક્રિયાને અનુસાર છે તે-રૂપ જે શુભોપયોગપરિણામ...**' જે જડની શુભક્રિયા છે એને અનુસાર અહીંયાં શુભપરિણામ (થાય) એ જીવનો વિકારી ભાવ

(છે). ઓલી ક્રિયા જડની. અરેરે..! આવી વાત છે. સમજાય છે કાંઈ? **'શુભ ક્રિયાને અનુસાર છે તે-રૂપ જે શુભોપયોગરૂપપરિણામ...'** એક વાત. **'તથા તે પરિણામોના નિમિત્તથી બંધાય છે જે શાતાકર્મ આદિથી માંડીને પુણ્યરૂપ પુદ્‌ગલપિંડ,...'** ત્રણ વાત લીધી. એક તો દેહની ક્રિયા. દયા, વ્રત આદિની જડની. એક, એને અનુસારે થયેલા શુભપરિણામ અને એનાથી બંધ થયો પુણ્યપ્રકૃતિનો. ત્રણ આવ્યા. દેહની ક્રિયા, શુભપરિણામ અને બંધન પુણ્ય. ત્રણેય ઠીક છે એમ અજ્ઞાની માને છે. સમજાય છે કાંઈ? આ પર્યુષણમાં ધડાધડ પંડિતોને લગાવી દેશે. વ્રત કરો, તપ કરો, આમ કરો.. આ શેઠિયા સાંભળનારા જય નારાયણ કરે એને. હા, બરાબર છે. એ.. 'મફતભાઈ'! એ તો આ ફેરી અહીં રોકાઈ ગયા છે. 'ભાવનગર'માં પંડિત આવે તો દીધે રાખે. બધા રાજી રાજી થઈ જાય. શું કહે છે?

મુમુક્ષુ :- ... ધર્મ કરવાનો છે.

ઉત્તર :- હા, પણ ધર્મ કોને કહેવો? અહીં શું કહે છે?

**'દયા, વ્રત, તપ,...'** શરીરથી બ્રહ્મચર્ય. એ શરીરની ક્રિયાની વાત છે. તપમાં પણ શરીરમાં જે આહાર-પાણી ન આવ્યા, એને લઈને શરીર શોષાણું એ જડની ક્રિયા (થઈ). દયા નામ શરીરથી પરજીવને ન મારવો એમાં શરીરની ક્રિયા થઈ ને? એ લેવું. **'દયા, વ્રત, તપ, શીલ, સંયમ...'** જડ ઇન્દ્રિયોનું દમન. **'આદિ (દેહરૂપથી) માંડીને જેટલી છે શુભ ક્રિયા...'** એ જડ. આહાહા..! એક વાત. એને અનુસાર થયેલા શુભપરિણામ. બે વાત. એને અનુસાર થયેલી પુણ્યબંધ પ્રકૃતિ. ત્રીજી વાત. સમજાય છે કાંઈ?

(જીવને) એ **'પુદ્‌ગલપિંડ, તે ભલાં છે,...'** એમ અજ્ઞાની માને છે. મિથ્યાદૃષ્ટિ જીવ દેહની ક્રિયા-વ્રત, તપ, ઇન્દ્રિય (દમન) આદિ જડની ક્રિયા અને એને અનુસાર (થતાં) શુભપરિણામ અને એને અનુસાર (થતો) પ્રકૃતિનો બંધ, એને મિથ્યાદૃષ્ટિ ભલાં માને છે. આહાહા..! આટલું તો સ્પષ્ટ કથન છે તોપણ મોટી ગડબડ કરે. ચર્ચા કરો, ચર્ચા કરો. 'મખ્ખનલાલજી' કહે, શુભઉપયોગ મોક્ષનો માર્ગ છે. શુભઉપયોગને હેય માને તે મિથ્યાદૃષ્ટિ છે. અરે..! ભગવાન! શું કરે છે? બાપુ! ભાઈ! તને તારા હિતની વાત તો ભૂલી જવાય છે. સમજાય છે કાંઈ?

અહીં તો કહ્યું, જે શરીરની જડ ક્રિયા-વ્રતની, તપની. આ શરીર, શરીર. અપવાસ કર્યો, આહાર ન લીધો એ શરીરની ક્રિયા. વ્રત પણ શરીરથી બ્રહ્મચર્ય પાળ્યું, એ શરીરની ક્રિયા. અને એને અનુસાર થયેલા શુભપરિણામ-પુણ્ય. અને એને અનુસાર થયો પ્રકૃતિ બંધ. ત્રણેયને અજ્ઞાની ભલાં માને છે. આમાંથી ઈ કાઢે છે, અહીં તો કર્મપ્રકૃતિની વાત છે. 'રતનચંદજી' અમારા 'જિનેશ્વરદાસ'ના ગામના છે. એ આમાંથી કહે છે. અહીં તો પ્રકૃતિની વાત છે. પણ આ અર્થમાં શું કહ્યું? સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ચાર દિવસ રોકાઈ જાત તો..

ઉત્તર :- એ વખતે 'દિલ્હી' આવ્યા હતા તો આવી ગયા. આહાહા..! આવો માર્ગ સ્પષ્ટ છે, પ્રભુ! તારે હજી હા પાડવામાં પરસેવા ઊતરે, અરે..! તો પરિણમન કે દિ' (થાય)? આહાહા..! સમજાય છે કાંઈ? કેટલું સ્પષ્ટ કર્યું છે! આહાહા..!

શરીરની બ્રહ્મચર્ય પાળવું એ જડની ક્રિયા છે અને એને અનુસાર બ્રહ્મચર્યનો ભાવ થયો એ શુભભાવ છે. અને એને અનુસાર શાતા આદિની પુણ્યની પ્રકૃતિ બંધાણી એ જડ છે. ત્રણેયને અજ્ઞાની ભલાં માને છે. છે કે નહિ સીધી વાત? શેઠ! આહાહા..! ભાઈ! પ્રભુ! તારો આ માર્ગ તો એ શુભપરિણામથી ભિન્ન છે. સમ્યગ્દર્શનનો માર્ગ, અરે..! બંધનથી છૂટવાનો માર્ગ, નાથ! તારા આત્માના આશ્રયે ભિન્ન છે. તેં કદી આત્માનો આશ્રય લીધો નથી. આ તો પરનો આશ્રય છે. શુભભાવ એ તો પરના આશ્રયની વાત છે. આહાહા..! ત્યાં સંતોષાઈ ગયો કે આપણે બહુ કર્યું, બહુ કર્યું. શરીરથી બ્રહ્મચર્ય પાળ્યું, એને અનુસાર શુભભાવ થયા અને શરીરથી કોઈ દયા, દાનની ક્રિયા થઈ. એને અનુસાર શુભભાવ થયા. એનાથી પુણ્યબંધ થયો. બસ, બહુ સારું કર્યું.

મુમુક્ષુ :- આગામી ભવમાં શાતા મળશે.

ઉત્તર :- ન્યાં શાતાનો આરામ મળે છે, એમ કહે છે. આ ધૂળ મળે એમાં. એમ માને. આહાહા..! ખુલાસો કેટલો કર્યો છે, દેખો!

'**શુભોપયોગપરિણામ તથા તે પરિણામોના નિમિત્તથી બંધાય છે જે શાતાકર્મ આદિ...**' શાતાકર્મ, નામકર્મ, જશ કર્મ આદિ. એ '**આદિથી માંડીને પુણ્યરૂપ પુદ્ગલપિંડ, તે ભલાં છે, જીવને સુખકારી છે,...**' દેખો! એ શુભભાવ જીવને સુખકારી છે અને શુભથી પુણ્યકર્મ બંધાય છે એ પણ સુખકારી છે. શાતાવેદનીયને કારણે પૈસા, લક્ષ્મી-ધૂળ મળે. લ્યો! શેઠાઈ મળે. અજ્ઞાની માને છે કે એ સુખકારી છે. ધૂળેય સુખકારી નથી. સાંભળને. એ.. 'શાંતિભાઈ'! ક્યાં છે? આહાહા..!

'**હિંસા, વિષય-કષાય...**' હવે બીજી વાત. '**હિંસા, વિષય-કષાયરૂપ જેટલી છે ક્રિયા,...**' એ જડની ક્રિયા પહેલા લેવી. શરીરથી જીવને મારે છે ને? એ ક્રિયા જડની લેવી. અને એને અનુસાર થયા હિંસાના પરિણામ એ અશુભ (ભાવ). અને એને અનુસાર અશાતા બંધાણી એ કર્મપિંડ. ત્રણેયને અજ્ઞાની બૂરાં માને છે અને આને ભલાં માને છે. સમજાય છે કાંઈ? '**હિંસા, વિષય-કષાયરૂપ...**' એ પહેલાં જડની ક્રિયા લેવી, હોં! '**જેટલી છે ક્રિયા,...**' એ જડની લેવી. '**તે ક્રિયાને અનુસાર અશુભોપયોગરૂપ...**' એ જીવના પરિણામ લેવા. તેને '**અનુસાર અશુભોપયોગરૂપ સંક્લેશપરિણામ, તે પરિણામોના નિમિત્તથી થાય છે જે અશાતાકર્મ-આદિથી માંડીને...**' અશાતા, અપજશ આદિ નામકર્મ. બંધ આદિ. '**પાપબંધરૂપ પુદ્ગલપિંડ તે બૂરાં છે,...**' એમ અજ્ઞાની માને છે. પેલા ત્રણ ઠીક છે અને આ ત્રણ અઠીક છે. એમ અજ્ઞાની બેય એકરૂપ છે તેના બે ભાગ કરે છે. આહાહા..! બહુ આકરું કામ.

સ્થાનકવાસીમાં તો એ જ ચાલે. આટલા અપવાસ કર્યા, આણે આટલા અપવાસ કર્યા, પચ્ચીસ કર્યા, પચાસ કર્યા, આમ કર્યું. તપસીનો કાઢો વરઘોડો. વરઘોડો-રથ કાઢે ને? અને એની પ્રશંસા કરે. ઓહો..! તમે બહુ કર્યું. તમને તપસીની ઉપમા આપીએ છીએ. આહાહા..! ધૂળમાંય નથી, સાંભળ તો ખરો. આહાહા..! એ શુભભાવ અને શુભના પરિણામે (બંધાણી) પુણ્ય (પ્રકૃતિ) અને શુભને અનુસાર જડની શુભક્રિયા, ત્રણેય મિથ્યા છે, જૂઠા છે. એને અજ્ઞાની એકને ભલાં માને છે અને બીજાને બૂરાં માને છે. આહાહા..! આવી વાત છે. પહેલા

ઈ લેવું, હોં!

'**હિંસા, વિષય-કષાયરૂપ જેટલી છે ક્રિયા,...**' ક્રિયા એટલે જડ. ઈ જડ અજીવની ક્રિયા, હોં! એ ક્રિયાને અનુસાર (થતાં) અશુભ ઉપયોગ સંક્લેશપરિણામ એ જીવના પરિણામ. અને '**તે પરિણામોના નિમિત્તથી થાય છે જે અશાતાકર્મ...**' એ પુદ્ગલ જડ. '**પાપબંધરૂપ પુદ્ગલપિંડ, તે બૂરાં છે, જીવને દુઃખકર્તા છે.**' એમ અજ્ઞાની માને છે. એ બૂરાં છે અને પેલા ભલાં છે, એમ અજ્ઞાની બે ભાગ કરે છે. આહાહા..! '**આવું કોઈ જીવ માને છે તેના પ્રતિ સમાધાન આમ છે કે-જેમ અશુભકર્મ જીવને દુઃખ કરે છે...**' આહાહા..! '**તેમ શુભકર્મ પણ જીવને દુઃખ કરે છે.**' શુભપરિણામ પણ વર્તમાન દુઃખરૂપ છે અને પુણ્યરૂપ બંધન થાય છે એ બંધનું કારણ પણ દુઃખરૂપ છે અને એનું ફળ લક્ષ્મી આદિ મળે છે... આહાહા..! અહીંયાં તો ત્યાં સુધી લીધું છે કે શુભભાવથી પુણ્ય બંધાય અને પુણ્યબંધને કારણે કોઈ વીતરાગ આદિની વાણી મળે. તોપણ એના ઉપર લક્ષ જાશે તો તને રાગ થશે, દુઃખ થશે. આહાહા..! કઠણ વાત. સંયોગ મળશે (અને) સંયોગ ઉપર લક્ષ જશે તો રાગ જ થશે. આહાહા..! સમજાય છે કાંઈ ? એ ૭૪ ગાથામાં કહ્યું છે. 'કર્તા-કર્મ અધિકાર'માં આવી ગયું છે કે શુભભાવ વર્તમાન દુઃખરૂપ છે અને ભવિષ્યમાં દુઃખનું કારણ છે. છઠ્ઠો બોલ છે. ૭૪ ગાથા. દુઃખ અને દુઃખફળ. એ અહીં કહે છે.

શુભભાવ અને અશુભભાવ બેય દુઃખ છે. સમજાય છે કાંઈ? આહાહા..! અને એનું- શુભભાવનું ફળ પણ દુઃખ છે, એમ કહ્યું. અર્થાત્ શુભભાવથી સંયોગી ચીજ મળશે અને સંયોગ ઉપર લક્ષ જશે તો તને રાગ જ થશે. ગજબ વાત છે. સમજાય છે કાંઈ? પૂર્વના કોઈ શુભભાવથી પુણ્ય બંધાણું અને પુણ્યબંધના ઉદયથી એને અનુકૂળ સંયોગ મળ્યા. આહાહા..! પણ એ સંયોગ ઉપર લક્ષ જશે તો રાગ જ થશે. '**परदव्वादो दुग्गई**'. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાત.

કાલે અહીં કહ્યું કે હજાર કેવળીથી એક તીર્થંકરની મહિમા વિશેષ અને હજાર તીર્થંકર કરતાં એક પ્રતિમાની મહિમા વિશેષ. એ તો વ્યવહારની શુભભાવની વ્યાખ્યા કરી. કેમકે ભગવાન તો અમુક ઠેકાણે હોય અને પરમાત્માની પ્રતિમા તો કાયમ બિરાજમાન હોય. કાયમ ચોવીસે કલાક. આહાહા..! અને પચાસ, સો, બસ્સો, પાંચસો વર્ષ એ પ્રતિમા ત્યાં રહે છે. એ અપેક્ષાએ ત્યાં કહ્યું છે. સમજાય છે કાંઈ? ભગવાન તો અમુક ઠેકાણે રહે અને ચાલ્યા જાય. અને પ્રતિમા તો એક સ્થાનમાં (રહે). આહા..! વીતરાગમૂર્તિ ચૈતન્યપ્રતિમા નિમિત્તરૂપે તો કાયમ રહે છે. તેથી તેની મહિમા કરી છે. સમજાય છે કાંઈ? પણ છે તો શુભભાવ. પણ એ વ્યવહારમાં ફેર બતાવ્યો. સમજાય છે કાંઈ? આહાહા..!

સર્વજ્ઞ ભગવાન કેવળી અને તીર્થંકર કેવળી, એ પુણ્ય અને અતિશય ને ઈન્દ્રો ઉપરથી ઊતરે. આમ દેખે. આહા..! એથી એની મહિમા બહાર વિશેષ છે. કેવળજ્ઞાન અને કેવળદર્શન તો બેયના સરખા છે, એમાં કાંઈ ફેર નથી. કેવળીનું અને તીર્થંકરનું કેવળજ્ઞાન. પણ બહારમાં પુણ્યમાં (મહિમામાં) ફેર છે ને? ઈન્દ્રો ઊપરથી ઉતરે સભામાં. વાઘ ને નાગ, સિંહ, સેંકડો સિંહ જંગલમાંથી (આવે), કેસરી સિંહ.

મુમુક્ષુ :- પુણ્યની મહિમા કેવી છે?

ઉત્તર :- અહીંયાં તો કહે છે કે એ કેવળી કરતાં એમાં આટલો પુણ્યનો યોગ છે એ વ્યવહાર છે, એમ કહ્યું. એટલો ફેર છે. બાકી એનો આશ્રય લેનારને તો શુભભાવ જ થશે. આહાહા..! સમજાય છે કાંઈ? ઝીણી વાત, બાપુ! વીતરાગ માર્ગ બહુ સૂક્ષ્મ છે. આહાહા..!

**'આવું કોઈ જીવ માને છે તેના પ્રતિ સમાધાન આમ છે કે-જેમ અશુભકર્મ જીવને દુઃખ કરે છે તેમ શુભકર્મ પણ જીવને દુઃખ કરે છે. કર્મમાં તો ભલું કોઈ નથી.'** આહાહા..! શાતાવેદનીય બંધાઓ કે અશાતા બંધાઓ, બન્ને દુઃખરૂપ છે. આહાહા..! અને એના બે ભાવ છે એ બંને દુઃખરૂપ છે. આ તો સાદી વાત છે. આમાં કોઈ એવું સૂક્ષ્મ નથી. શક્તિનું વર્ણન બપોરે (ચાલે છે) એ અલૌકિક છે. સમજાય છે કાંઈ? એક એક ન્યાય,.. શક્તિનું-ગુણનું વર્ણન છે ને! ગુણીના ગુણનું વર્ણન છે. આહાહા..! ભગવાનઆત્મા, એના અનંતગુણ કેવા છે! આહાહા..! અને એ ગુણનું કાર્ય-પર્યાય શું છે? એનું વર્ણન છે. અલૌકિક વર્ણન! આહાહા...! સમજાય છે કાંઈ? આ તો સમજાય છે એવી ચીજ છે. આમાં કોઈ સૂક્ષ્મતા નથી.

**'કર્મમાં તો ભલું કોઈ નથી. શુભકર્મ પણ જીવને દુઃખ કરે છે.'** શુભથી ભલે કહે છે કે વાણી મળે, તોપણ એ રાગનું નિમિત્ત (છે). અને આ પૈસા-બૈસા, કરોડ, બે કરોડ-ધૂળ કરોડ, દસ કરોડ મળે તો એ તો દુઃખનું નિમિત્ત છે. આહાહા..! એ તો અહીં દુઃખનું જ કારણ કહ્યું. આહાહા..!

મુમુક્ષુ :- આપ મળ્યા એ અમારા પુણ્યોદય..

ઉત્તર :- મળ્યા એમાં શું થયું? એ તો પૂર્વના પુણ્ય હતા તો સંયોગ થયો. પણ એમાં ધર્મ શું થયો? ધર્મ તો પોતાનો આશ્રય કરશે તો થશે. નિજ આશ્રય વિના પરના આશ્રયે કદી ધર્મ થતો નથી. ત્રણલોકના નાથની પૂજા સમવસરણમાં પણ અનંતવાર કરી. આહાહા..! મણિ રત્નના થાળ. હીરાના થાળ, મણિ રત્નના દીવા અને કલ્પવૃક્ષના ફૂલ. સાક્ષાત્ ભગવાન સમવસરણમાં બિરાજતા હતા. મહાવિદેહમાં અનંતવાર ગયો છે. મહાવિદેહમાં અનંતવાર જન્મ લીધો છે. ભગવાન ત્યાં કાયમ બિરાજે છે. એક પછી એક, ભિન્ન ભિન્ન. અનંતવાર (સંયોગ થયો). એમાં શું થયું? એ તો શુભભાવ છે. આહાહા..!

મુમુક્ષુ :- જરાક તો નજીક આવે ને?

ઉત્તર :- જરીયે નજીક ન આવે. દૂર છે એમાં નજીક ક્યાંથી આવે? એને છોડીને દૃષ્ટિ પોતાના આત્માની કરે તો નજીક આવે. આવી વાત છે, બાપુ! લોકોને આકરું પડે છે. વસ્તુનું સ્વરૂપ એવું છે. આહાહા..! તીર્થંકરની વાણી પણ સમવસરણમાં અનંતવાર સાંભળી છે. સમજાય છે કાંઈ? પણ પોતાનો આશ્રય લીધો નહિ તો એ બધું ફોગટ ગયું. આહાહા..! એ આવ્યું ને? 'વિદ્વજ્જનો ભૂતાર્થ તજી વ્યવહારમાં વર્તન કરે.' 'પુણ્ય-પાપ અધિકાર'માં ગાથા આવે છે ને? 'વિદ્વજ્જનો નિશ્ચય તજી, ભૂતાર્થ તજી'. આહાહા..! ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ, એનો આશ્રય છોડી વ્યવહારમાં વર્તન કરે. દયા, દાન, વ્રત, ભક્તિ (કરે). આહાહા..! નિર્વાણ તો નિશ્ચયના આશ્રયે થાય છે. સ્વના આશ્રયે નિર્વાણ થાય છે, પરની ક્રિયાથી

નિર્વાણ થતો નથી. ત્યાં વિદ્વાનોની વ્યાખ્યા કરી છે. વિદ્વાનો શાસ્ત્રમાંથી આવું કાઢે છે. ભૂતાર્થ સત્યાર્થનો આશ્રય છોડી આમ કરો, આમ કરો, આવું પુણ્ય કરો, દયા, વ્રત પાળો, ભક્તિ કરો, દાન બે-પાંચ, દસ લાખ ખર્ચો. બે-પાંચ સારા મંદિર બનાવો. જાઓ! આહાહા..!

'ઈન્દોર'ના એક 'મુન્નાલાલ' હતા ને? નહિ? 'રાજકોટ' આવ્યા હતા ને? 'રાજકોટ' આપણું મંદિર થયું ને? 'નાનાલાલભાઈ'એ મંદિર બનાવ્યું. કરોડપતિ માણસ. મંદિર બનાવ્યું તો માથે સોનાના કળશ (મુકાવ્યા). 'મુન્નાલાલ' પંડિત 'ઈન્દોર'થી આવ્યા હતા. 'મુન્નાલાલ' કહે, શેઠ! તમે તો આઠ ભવે મોક્ષ જશો. આવું મંદિર બનાવ્યું. શેઠ કહે, અમારી એવી માન્યતા નથી. અમારા મહારાજ એવું કહેતા નથી અને અમે પણ એવું માનતા નથી. શેઠે ના પાડી. 'નાનાલાલભાઈ'એ (કહ્યું), અમે એમ માનતા નથી. એ શુભભાવ છે. ભલે મંદિર બન્યું. એ તો એને કારણે (બન્યું), અમારો ભાવ તો શુભ હતો તો પુણ્ય છે. એના આશ્રયે ભવકટિ થશે (એમ અમે માનતા નથી). શેઠ પોતે ના પાડતા હતા. 'નાનાલાલ કાળીદાસ' કરોડપતિ. શ્વેતાંબર હતા. દિગંબર થઈ ગયા ને!

મુમુક્ષુ :- શ્વેતાંબર સંઘના પ્રમુખ હતા.

ઉત્તર :- પ્રમુખ હતા. મોટા કરોડપતિ માણસ અને ખાનદાન માણસ. ઉદ્ધત નહિ. નરમ, નરમ, નરમ. પૈસા આટલા પણ ઘમંડ કાંઈ નહિ. દાન આપે તોપણ (અભિમાન નહિ). નરમ, બહુ નરમ. ત્રણ ભાઈમાં એની સ્થિતિ બહુ... 'રાજકોટ' 'નાનાલાલ કાળીદાસ'. એણે મંદિર બનાવ્યું. દિગંબર મંદિર (સંવત) ૨૦૦૬ની સાલમાં (બનાવ્યું). 'મુન્નાલાલ' પંડિત આવ્યા હતા. માણસ બહુ આવ્યું હતું. બહારથી પણ ઘણા આવ્યા હતા. પંચ કલ્યાણક હતા ને. હિન્દી લોકો આવ્યા હતા. તંબુ નાખ્યા હતા. મોટી વ્યાખ્યાન સભા. એણે (કહ્યું), આહાહા..! આવા મંદિર અને આવી પ્રભાવના. શેઠ! તમારું તો કલ્યાણ થઈ જશે, આઠ ભવે મોક્ષ જશો. એ.. શેઠ! એણે ના પાડી. 'નાનાલાલભાઈ' કહે, ભાઈ! અમે એમ માનતા નથી. પરના આશ્રયના ભાવથી સંસારનો નાશ થાય, એ અમે માનતા નથી. નહિતર શ્વેતાંબર હતા. શ્વેતાંબરના પ્રમુખ હતા. મુખ્ય માણસ હતા. ત્યાં ૮૦૦-૧૦૦૦ ઘર છે. એના અગ્રેસર હતા. છોડીને આ બાજુ આવ્યા છે. શ્વેતાંબરનું છોડીને લગભગ ૩૫૦ ઘર આવી ગયા છે. ત્યાં 'રાજકોટ'માં ૩૫૦ (ઘર). સ્થાનકવાસી અને શ્વેતાંબર છોડીને. અહીં તો કોઈ દિગંબર હતા જ નહિ ને. ૩૫૦ ઘર 'રાજકોટ'માં આવી ગયા. સાડા સાત-આઠ લાખનું તો સમવસરણ, માનસ્તંભ, મંદિર, ધર્મશાળા (બનાવ્યા). મોટા ગૃહસ્થ છે ને. અત્યારે પણ છે. 'રતિભાઈ ધીયા' આવે છે ને ? એ પણ કરોડપતિ છે. કરોડપતિ તો કહીએ છીએ, બાકી તો એથી વિશેષ છે. મંત્રી છે. અહીંયાં આવું (મંદિર) બનાવ્યું તો તમારો તો આઠ ભવે મોક્ષ થઈ જશે. (આ કહે), અમે તો એમ માનતા નથી. એ શુભભાવ છે, પુણ્ય થશે. કહો, પંડિત કહે મોક્ષ જશો, આ કહે, પુણ્ય થશે. આહાહા..! બહારમાં શું? આવા લાખ મંદિર બનાવે તોપણ શું? બનાવે કોણ? એ તો પરની ક્રિયા છે. આ તો પરમાણુની ક્રિયા છે. આત્મા બનાવી શકે છે? આ મંદિર આત્મા બનાવી શકે છે? આ ૨૬ લાખનું મંદિર થયું છે,

લ્યો! કોઈ આત્મા કરી શકે છે? 'રામજીભાઈ'ના પ્રમુખપણા નીચે આ બધું થયું છે. 'વજુભાઈ' તો હજી બે-બે મહિના 'વાંકાનેર' ચાલ્યા જતા હતા અને 'રામજીભાઈ' તો કાયમ અહીં રહેતા. પણ વાત તો નિમિત્તથી કથન એવા આવે. પણ છતાં કોઈથી બન્યું છે એમ નથી. ભાવ હો. સમજાય છે કાંઈ? એ શુભભાવ છે. આહાહા..! એ શુભભાવ પણ ભલો નથી, એમ કહે છે. ગજબ વાત છે. આહા..! કેમકે શુભભાવ રાગ છે, દુઃખરૂપ છે અને એનું ફળ શાતા આદિ બંધાય એ દુઃખરૂપ છે. આહાહા..! આકુળતા છે. આહાહા..! ભગવાન અનાકુળ આનંદનો નાથ પ્રભુ, એમાંથી ખસીને રાગમાં આવવું, એ સ્વરૂપથી પતીત થાય છે. સમજાય છે કાંઈ? એ આગળ અધિકાર છે.

'પુણ્ય-પાપ અધિકાર'ની છેલ્લી ગાથામાં 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં છે. વ્યવહાર રત્નત્રય છે એ પહેલા પવિત્ર કહેવામાં છે, પવિત્રતાનું નિમિત્ત છે માટે, પણ ખરેખર તો એ પાપ જ છે. આહાહા..! ભગવાન આનંદનો નાથ નિષ્ક્રિય-રાગની ક્રિયા વિનાનો, એમાં એ રાગ વ્યવહાર રત્નત્રયનો રાગ આવે એ સ્વરૂપથી પતીત થાય છે. માર્ગ એવા (છે), બાપુ! આહાહા..! સમજાય છે કાંઈ? ન્યાં કોઈ માણસની સંખ્યા (કામ આવતી નથી). એને બહુ માને એ સત્ય છે, થોડા માને તો અસત્ય છે, સત્ય નથી, એવી કોઈ ચીજ નથી. આહાહા..! સત્‌ને ભલે એક જ માને. આહા..! સત્ તો સત્ જ છે. સત્‌માં કોઈ અસત્ કદી આવશે નહિ. આહાહા..!

અહીં કહે છે, આમાં '**ભલું કોઈ નથી.**' આહાહા..! '**પોતાના મોહને લઈને...**' પોતાના મોહને લઈને-મિથ્યાત્વભાવને કારણે. આહાહા..! '**મિથ્યાદષ્ટિ જીવ કર્મને ભલું કરીને માને છે.**' અહીં ઓલા કર્મ લીધાં ને? તો ઓલા એકલા કર્મ કર્મ (કહે છે). પણ પહેલા અંદરનું કારણ પણ લીધું, પરિણામ લીધા, દેહની ક્રિયા લીધી, બધું લીધું છે. એ કર્મ પુણ્યબંધને નીકાળો પણ શુભભાવને નહિ. અરેરે..! ભગવાન શું કહે છે, એ તરફ દૃષ્ટિ નહિ લઈ જતાં, પોતાની દૃષ્ટિથી શાસ્ત્રને ખતવવા, એમ હોય નહિ. શાસ્ત્રનો આશય શું છે, એ તરફ દૃષ્ટિ લઈ જવી. પોતાની દૃષ્ટિ તરફ શાસ્ત્રને ન લઈ જવા. સમજાય છે કાંઈ?

'**પોતાના મોહને લઈને મિથ્યાદષ્ટિ જીવ કર્મને ભલું કરીને માને છે. આવી ભેદપ્રતીતિ શુદ્ધસ્વરૂપનો અનુભવ થયો ત્યારથી હોય છે.**' આહાહા..! શું કહે છે? બેમાં પુણ્ય ભલું છે અને પાપ બૂરું છે, એવી બેમાં ભેદપ્રતીતિ (થવી), બેમાં જુદાપણું છે એવી '**આવી ભેદપ્રતીતિ શુદ્ધસ્વરૂપનો અનુભવ થયો ત્યારથી હોય છે.**' એ બેય ભેદ છે, બેય એકરૂપ છે, ભેદ નહિ, બંને એકરૂપ છે. આવી ભેદપ્રતીતિ શુદ્ધસ્વરૂપનો અનુભવ થયો ત્યારથી છૂટી જાય છે. ભેદપ્રતીતિ નથી રહેતી. બધું એકરૂપ છે. શુભ હો કે અશુભ, બેય બંધના કારણ છે. સમજાય છે કાંઈ?

શુભ ભલું અને અશુભ બૂરું, એ ભેદપ્રતીતિ (છે). એ શુદ્ધસ્વરૂપનો અનુભવ થયો ત્યારથી હોય છે એટલે? ભેદનું ભાન, હોં! શુભાશુભ ભાવ ભિન્ન છે, હું ભિન્ન છું. બેમાં ભેદ છે એમ નહિ. મારાથી એ ચીજ ભિન્ન છે. આહાહા..! '**આવી ભેદપ્રતીતિ શુદ્ધસ્વરૂપનો અનુભવ થયો ત્યારથી હોય છે.**' આહાહા..! શુભરાગથી પણ હું ભિન્ન છું, અશુભથી પણ

ભિન્ન છું. શુભરાગથી પણ દુઃખ છે, અશુભરાગથી પણ દુઃખ છે. એવું પરથી ભિન્નપણું પોતાના સ્વરૂપની પ્રતીતિ થવાથી ભેદ ભાસે છે. પર ભિન્ન છે એમ ભાસે છે. સ્વરૂપની દૃષ્ટિ ન હોય ત્યાં સુધી અજ્ઞાનીને શુભ ભલું અને અશુભ ભૂંડું એમ ભાસે છે. સમજાય છે કાંઈ? આહાહા..! બહુ વાત (આકરી). એટલે પછી લોકો એમ કહે ને કે આ વ્યવહારનો તો લોપ કરે છે. પણ વ્યવહાર છે ક્યાં? તારી પાસે વ્યવહાર પણ નથી. વ્યવહાર તો જ્યારે આત્માનું જ્ઞાન, આનંદ થયા ત્યારે રાગની મંદતાનો શુભભાવ થયો એને વ્યવહાર કહેવામાં આવે છે. છતાં જ્ઞાનીનો વ્યવહાર એ બંધનું કારણ છે. આહાહા..!

મુમુક્ષુ :- અધિકાર બહુ સારો આવ્યો.

ઉત્તર :- સારો અધિકાર છે. સમજાય એવો છે. દસલક્ષણ પર્વમાં.. બરાબર છે. બપોરે શક્તિ છે એ જરી ગંભીર છે. બહુ સારી વાત છે. છ શક્તિ હજી બાકી છે ને. ૪૧ થઈ. અને આ બધા શેઠિયા આવ્યા છે ને. ક્યાંય આઘેથી (આવ્યા છે). 'સહરાનપુર'. બસ્સો માઈલ? કેટલા? ચારસો માઈલ? દૂરથી આવ્યા છે ને. દૂરથી આવ્યા છે. 'સરહાનપુર' ક્યાં આવ્યું? 'દિલ્હી'થી દૂર? 'મેરઠ'થી દૂર. આહાહા..!

ભિન્ન-શુભાશુભની ભિન્નતા પોતામાં, હોં! પોતાથી ભિન્ન. બેય એકરૂપ છે. એવી પ્રતીતિ શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ થાય ત્યારે આવી પ્રતીતિ થાય છે.

**'એમ જે કહ્યું કે કર્મ એકરૂપ છે, તેના પ્રતિ દૃષ્ટાંત કહે છે :-'** શુભ ને અશુભભાવ બેય એકરૂપ છે અને પુણ્ય-પાપ બેય એકરૂપ છે, એનો દૃષ્ટાંત કહે છે. વિશેષ કહેશું...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

(મંદાક્રાંતા)

एको दूरात्यजति मदिरां ब्राह्मणत्वाभिमाना-
दन्यः शूद्रः स्वयमहमिति स्नाति नित्यं तयैव।
द्वावप्येतौ युगपदुदरान्निर्गतौ शूद्रिकायाः
शूद्रौ साक्षादपि च चरतो जातिभेदभ्रमेण।।२-१०१।।

**ખંડાન્વય સહિત અર્થ :-** 'द्वौ अपि एतौ साक्षात् शूद्रौ' ( द्वौ अपि ) વિદ્યમાન બંને ( एतौ ) એવા છે ( साक्षात् ) નિઃસંદેહપણે ( शूद्रौ ) બંને ચંડાળ છે. શાથી? 'शूद्रिकायाः उदरात् युगपत् निर्गतौ' કારણ કે (शूद्रिकायाः उदरात् ) ચંડાલણીના પેટથી ( युगपत् निर्गतौ ) એકી સાથે જન્મ્યા છે. ભાવાર્થ આમ છે કે-કોઈ ચંડાલણીએ યુગલ બે પુત્ર એકી સાથે જણ્યા; કર્મોના યોગથી એક પુત્ર બ્રાહ્મણનો પ્રતિપાલિત થયો, તે તો બ્રાહ્મણની ક્રિયા કરવા લાગ્યો; બીજો પુત્ર ચંડાલણીનો પ્રતિપાલિત થયો, તે તો ચંડાળની ક્રિયા કરવા લાગ્યો. હવે જો બંનેના વંશની ઉત્પત્તિ વિચારીએ તો બંને ચંડાળ છે. તેવી રીતે કોઈ જીવો દયા, વ્રત, શીલ, સંયમમાં મગ્ન છે, તેમને શુભકર્મબંધ પણ થાય છે; કોઈ જીવો હિંસા-વિષય-કષાયમાં મગ્ન છે, તેમને

પાપબંધ પણ થાય છે. તે બંને પોતપોતાની ક્રિયામાં મગ્ન છે, મિથ્યાદૃષ્ટિથી એમ માને છે કે શુભકર્મ ભલું, અશુભકર્મ બૂરું; તેથી આવા બંને જીવો મિથ્યાદૃષ્ટિ છે, બંને જીવો કર્મબંધકરણશીલ છે.કેવા છે તેઓ? 'अथ च जातिभेदभ्रमेण चरतः' (अथ च ) બંને ચંડાળ છે તોપણ ( जातिभेद ) જાતિભેદ અર્થાત્ બ્રાહ્મણ-શૂદ્ર એવા વર્ણભેદ તે-રૂપ છે ( भ्रमेण ) ભ્રમ અર્થાત્ પરમાર્થશૂન્ય અભિમાનમાત્ર, તે-રૂપે ( चरतः ) પ્રવર્તે છે. કેવો છે જાતિભેદભ્રમ? 'एकः मदिरां दूरात् त्यजति' ( एकः ) ચંડાલણીના પેટે ઊપજ્યો છે પરંતુ પ્રતિપાલિત બ્રાહ્મણના ઘરે થયો છે એવો જે છે તે ( मदिरां ) સુરાપાનનો ( दूरात् त्यजति ) અત્યંત ત્યાગ કરે છે, અડતો પણ નથી, નામ પણ લેતો નથી,એવો વિરક્ત છે. શા કારણથી? 'ब्राह्मणत्वाभिमानात्' ( ब्राह्मणत्व ) 'હું બ્રાહ્મણ' એવો સંસ્કાર, તેના ( अभिमानात् ) પક્ષપાતથી. ભાવાર્થ આમ છે કે-શૂદ્રાણીના પેટે ઊપજ્યો છું એવા મર્મને જાણતો નથી, 'હું બ્રાહ્મણ, મારા કુળમાં મદિરા નિષિદ્ધ છે' એમ જાણીને મદિરા છોડી છે તે પણ વિચારતાં ચંડાળ છે; તેવી રીતે કોઈ જીવ શુભોપયોગી થતો થકો-યતિક્રિયામાં મગ્ન થતો થકો-શુદ્ધોપયોગને જાણતો નથી, કેવળ યતિક્રિયામાત્ર મગ્ન છે, તે જીવ એવું માને છે કે 'હું તો મુનીશ્વર, અમને વિષયકષાયસામગ્રી નિષિદ્ધ છે' એમ જાણીને વિષયકષાયસામગ્રીને છોડે છે, પોતાને ધન્યપણું માને છે, મોક્ષમાર્ગ માને છે, પરંતુ વિચાર કરતાં એવો જીવ મિથ્યાદૃષ્ટિ છે, કર્મબંધને કરે છે, કાંઈ ભલાપણું તો નથી. ' अन्यः तया एव नित्यं स्नाति' ( अन्यः ) શૂદ્રાણીના પેટે ઊપજ્યો છે, શૂદ્રનો પ્રતિપાલિત થયો છે, એવો જીવ ( तया ) મદિરાથી ( एव ) અવશ્યમેવ ( नित्यं स्नाति ) નિત્ય સ્નાન કરે છે અર્થાત્ તેને અતિ મગ્નપણે પીએ છે. શું જાણીને પીએ છે? ' स्वयं शूद्रः इति' 'હું શૂદ્ર, અમારા કુળમાં મદિરા યોગ્ય છે' એવું જાણીને. આવો જીવ, વિચાર કરતાં, ચંડાળ છે. ભાવાર્થ આમ છે કે-કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ અશુભોપયોગી છે, ગૃહસ્થક્રિયામાં રત છે-'અમે ગૃહસ્થ, મને વિષય-કષાય ક્રિયા યોગ્ય છે' એવું જાણીને વિષય-કષાય સેવે છે તે જીવ પણ મિથ્યાદૃષ્ટિ છે, કર્મબંધ કરે છે, કેમ કે કર્મજનિત પર્યાયમાત્રને પોતારૂપ જાણે છે, જીવના શુદ્ધ સ્વરૂપનો અનુભવ નથી. ૨-૧૦૧.

## ભાદરવા સુદ ૫, શનિવાર, તા.૧૭-૯-૧૯૭૭
## કળશ - ૧૦૧, પ્રવચન - ૯૭

પર્યુષણનો પહેલો દિવસ છે-ઉત્તમક્ષમા. ઉત્તમક્ષમા એને કહે છે, જેને આત્માનો અનુભવ થયો હોય. સમ્યગ્દર્શન વિનાની ક્ષમા એ ઉત્તમક્ષમા નહિ. લોકો દૃષ્ટાંત આપે છે ને કે આ ઈસુ ખ્રિસ્તે ક્ષમા આપી, મોહમદે ક્ષમા આપી. એવા દાખલા બહુ આવે છે. એ ક્ષમા નહિ. ઉત્તમક્ષમા. ઉત્તમક્ષમા એને કહે છે કે પોતામાં પોતાનો આનંદસ્વરૂપ ભગવાન.. કાલે બેનના શબ્દો કહ્યા હતા ને? જાગૃત જીવ અંદર ધ્રુવ પડ્યો છે. ઊભો છે. એની અંતર દૃષ્ટિ

કરીને પૂર્ણાનંદનો સ્વીકાર, સત્કાર અને સ્વભાવનો આદર કરવો. આહાહા..! સમજાય છે કાંઈ? એનું નામ સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શન વિનાની ક્ષમા એ ક્ષમા ગણાતી નથી. કોઈ રાગાદિ, ક્રોધાદિ અલ્પ કરે તો એ શુભભાવ છે, પુણ્ય બંધાય. ઉત્તમક્ષમા નહિ. આહાહા..! ઉત્તમક્ષમા નિજ આનંદના અનુભવપૂર્વક, પ્રતિકૂળ દેવ, મનુષ્ય, પશુ અને અચેતન કૃત (થાય), દેવ, મનુષ્ય, પશુ, અચેતન એ ચાર કૃત કોઈ પ્રતિકૂળતા આવી જાય તો ત્યાં જ્ઞાતા-દૃષ્ટાપણે રહેવું અને વિકલ્પ ઉઠાવવો નહિ, એનું નામ ઉત્તમક્ષમા છે. આહાહા..! એક સમય પણ ઉત્તમક્ષમા કરે તો એ આત્મજ્ઞાન અને ધર્મ કહેવાય. પણ આ ક્ષમા. સમજાય છે કાંઈ? આહા..!

કોઈ પ્રતિકૂળ શબ્દો કહે, પોતાનો દોષ ન હોય અને દોષ કહે તો જાણવું કે એ તો મારામાં દોષ છે અને કહે છે. અને દોષ મારામાં નથી અને કહે છે તો એ તો અજાણ છે. એને તો દોષની ખબર નથી. અને દોષ મારામાં છે અને એ કહે છે તો એ તો બરાબર કહે છે. સમજાય છે કાંઈ? અને દોષ મારામાં કહે છે, ન હોય અને કહે છે તો એ બાળક છે, અજ્ઞાની છે, એને ખબર નથી. આહાહા..! સમજાય છે કાંઈ? અને દોષ કટુ વચનથી કહે તો એમ જાણવું કે એ મને તાડન તો કરતો નથી. સમજાય છે કાંઈ? તાડન કરે તો (એમ જાણવું કે) એ મારો વધ તો નથી કરતો. વધ કરે તો મારા આત્મપ્રાણનો-આત્મધર્મનો ઘાત તો નથી કરતો. શેઠ! આનું નામ ઉત્તમક્ષમા છે. આહાહા..! એક પણ બોલ યથાર્થ સમજાય તો આખી ચીજ ભાનમાં આવી જાય. આહાહા..!

ભગવાનઆત્મા જાગતી જ્યોત ચૈતન્યબિંબ પ્રભુ, એમાં તો પૂર્ણ અકષાય સ્વભાવ જ ભરેલો છે, આહાહા..! એનું જેને અંતરમાં (ભાન થયું), પરમાનંદનો નાથ બાદશાહ પરમાત્મા પરમાત્મસ્વરૂપ, એનો જેને અંતરમાં સ્વીકાર થયો, દૃષ્ટિમાં અંતર પરમાત્મસ્વરૂપનો પોતાને સ્વીકાર થયો, એનું નામ અનુભવ અને સમ્યગ્દર્શન છે. સમજાય છે કાંઈ? એ સમ્યગ્દર્શન સહિત ક્ષમા હોય તો (તે સાચી ક્ષમા છે). આ તો દૃષ્ટાંત કાલે આવ્યું. શ્વેતાંબરનું ઉત્તમક્ષમાનું આવ્યું ને? ભાઈ! શું કહેવાય? 'જૈન સંદેશ'. અન્યમતિના બધા દાખલા આપ્યા છે. ઈસુ ખ્રિસ્તે આવી ક્ષમા કરી ને મહમદે આમ કર્યું. આ યોગીરાજ આ સ્વામીનારાયણમાં થઈ ગયા છે ને? એને એણે એવી ક્ષમા કરી. એ ક્ષમા ક્યાં છે? એને હજી આત્મજ્ઞાન શું ચીજ છે એની ખબર નથી, ક્ષમા આવી ક્યાંથી? સમજાય છે કાંઈ?

મુનિઓને ઘાણીમાં પીલ્યા. તો મુનિઓ તો આનંદસ્વરૂપમાં રમતા હતા. આહાહા..! ઘાણીમાં પીલ્યા એનો ખ્યાલ પણ નહોતો. આહાહા..! અને પ્રતિકૂળતામાં દ્વેષનો અંશ પણ નહોતો. અને અનુકૂળતાના ગંજ હોય.. આહાહા..! તોપણ રતિનો-રાગનો જેને અભાવ છે. અને નિજ આનંદસ્વરૂપમાં શાંતિથી રહે છે એનું નામ ઉત્તમક્ષમા કહે છે. સમજાય છે કાંઈ? દેશ માટે મારે તેને ક્ષમા કરે છે. એ ક્ષમા નહિ. આ દીકરા મરી નથી જતા? શું કહે છે એને? શહીદ થયા. ધૂળેય શહીદ નથી. સાંભળ તો ખરો. તને ખબર નથી, ભાઈ! આ મારો દેશ છે, એમ માને છે એ જ મિથ્યાત્વભાવ છે. આહા..! એને સહન કરે તો એ ક્ષમા નહિ. 'શાંતિભાઈ'! આવો માર્ગ છે, બાપુ!

સર્વ જીવ પરમાત્મસ્વરૂપ છે, ભગવંતસ્વરૂપ છે. આહાહા..! કોઈ પ્રાણી પ્રત્યે રાગ-દ્વેષ થાય એ એનું સ્વરૂપ નથી. પોતાનું સ્વરૂપ નથી તો એને પણ ચૈતન્યસ્વરૂપ આનંદકંદ છે, એમ જુએ છે. કોની ઉપર દ્વેષ કરવો? સમજાય છે કાંઈ? ભગવાન ચિદાનંદ સ્વરૂપે, જ્ઞાયક સ્વરૂપે બિરાજમાન ભગવત સ્વરૂપે બધા આત્માઓ છે. આહાહા..! એ પર્યાયમાં એક સમયની ભૂલ છે એ તો એક સમયની ભૂલ છે. અનંત પ્રાણીઓ નિગોદથી માંડી મિથ્યાદૃષ્ટિ જીવ એક સેકંડના અસંખ્ય ભાગમાં સમયની ભૂલ છે. બાકી આખી ચીજ ભગવાન છે. લ્યો, 'ભગવાનદાસજી'! ભગવાન છે, અહીં તો કહે છે. એક સમયની ભૂલ. એમાં ચોર્યાસીના અવતાર છે. એક સમયની ભૂલ પર્યાયમાં (છે), એની પાછળ ભગવતસ્વરૂપ પરમાત્મા.. આહાહા..! એમાં ભૂલનો અભાવ છે અને પર્યાયનો અભાવ છે. ભૂલનો તો અભાવ છે, પણ વર્તમાન જે પર્યાય છે. આ જ્ઞાનાદિની ક્ષયોપશમ અવસ્થા છે એનો પણ એમાં અભાવ છે. એવી ચીજને શ્રદ્ધા-જ્ઞાનમાં લઈને.. આહાહા..! પરની અનુકૂળતા અને પ્રતિકૂળતામાં...

અહીં તો એમ કહે છે કે પ્રતિકૂળતા આવે તો જરી દ્વેષ થઈ જાય, પછી જીતવું એમ નહિ. ઈ પરિષહની વ્યાખ્યા જ નથી. પરિષહની વ્યાખ્યા પ્રતિકૂળતાના કાળમાં આનંદની પર્યાય-ક્ષમા ઉત્પન્ન કરવી. પ્રતિકૂળતાનો વિકલ્પ આવ્યો અને પછી જીતવો એ પરિષહની વ્યાખ્યા જ નથી. સમજાય છે કાંઈ? પરિ નામ સમસ્ત પ્રકારે સહન કરવું નામ જ્ઞાતા-દૃષ્ટાપણે જાણવું. આહા..! ભગવતસ્વરૂપ પરમાત્મા કોણ દોષી છે અને કોણ રાગી છે? આહાહા..! સમજાય છે કાંઈ? એવી દૃષ્ટિ કરવી અને એ દૃષ્ટિ સહિત ક્ષમા, શાંતિ કરવી એનું નામ ઉત્તમક્ષમા છે. લ્યો, આ પહેલા દિવસનું. એ થોડી ગાથા લઈ લઈએ. (કાર્તિકેયાનુપ્રેક્ષા).

**कोहेण जो ण तप्पदि सुरणरतिरिएहिं कीरमाणे वि।**
**उवसग्गे वि रउद्दे तस्स खमा णिम्मला होदि।।३९४।।**

**'અર્થ :- જે મુનિ દેવ, મનુષ્ય, તિર્યંચ અચેતન આદિ દ્વારા રૌદ્ર ભયાનક ઘોર ઉપસર્ગ થવા છતાં પણ...'** 'બહુ ઉપસર્ગ કર્તા પ્રત્યે પણ ક્રોધ નહિ'

બહુ ઉપસર્ગ કર્તા પ્રત્યે પણ ક્રોધ નહિ
વંદે ચક્રી તથાપિ ન મળે માન જો

ચક્રવર્તી છ ખંડનો ધણી, ૯૬ હજાર રાણીનો સાહેબો છ ખંડનો સાધક વંદન કરે તોપણ જેમાં.. આહાહા..!

વંદે ચક્રી તથાપિ ન મળે માન જો
દેહ જાય પણ માયા ન થાયે રોમમાં
લોભ નહિં છો પ્રબળ સિદ્ધિ નિદાન જો
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
અપૂર્વ અવસર ઐસા કબ આયેગા?

'રાજમલે' બનાવ્યું છે. 'રાજમલ' છે ને? 'ભોપાલ'. 'પવૈયા''? શું કહે છે? 'રાજમલ પવૈયા' એણે બનાવ્યું છે. 'અપૂર્વ અવસર'ને હિન્દીમાં બનાવ્યું છે. આ તો ગુજરાતી છે, એણે હિન્દીમાં બનાવ્યું છે. પુસ્તક આવ્યું છે. આહાહા..! 'અપૂર્વ અવસર ઐસા કબ

આયેગા?' એમ લીધું છે. આ તમારી હિન્દી ભાષા. 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે? ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો' આહા..! બાહ્ય અને અભ્યંતર નિર્ગ્રંથ. દિગંબર મુનિ. અંતરમાં વિકલ્પ નહિ અને બહારમાં વસ્ત્રનો ટુકડો નહિ. એવી દશા ઉત્તમક્ષમાવંત પ્રાણીની હોય છે. આહા..! સમજાય છે કાંઈ? ઉત્તમક્ષમા-મુનિને લેવા છે ને.

મુમુક્ષુ :- દશ ધર્મ એ મુનિધર્મ છે.

ઉત્તર :- એ મુનિધર્મ છે. દિગંબરમાં ઉત્તમક્ષમા આદિથી લીધું છે. એ ધર્મ પાંચમથી ચૌદશ સુધી લીધા છે. એ યથાર્થ છે. કેમકે કોઈપણ પંચકલ્યાણક કરે છે તો જન્મ થયા પછી એનો આઠ દિવસ કલ્યાણક કરે છે. કેવળ થયા પછી આઠ દિવસ કલ્યાણક કરે છે. ત્યારે શ્વેતાંબરમાં પહેલાં આઠ દિવસ લ્યે છે. લૌકિકમાં જેમ લગ્ન કરે છે તો મંડપમાં ચાર દિ', પાંચ દિ' પહેલા મંડપ નાખે છે. એ તો લૌકિક લાઈન થઈ. આ તો લોકોત્તર શૈલી છે. આહાહા..! સમજાય છે કાંઈ? આજે પાંચમથી શરૂ થઈને પછી નવ દિવસ ને દસ દિવસ પૂરા થશે. આહા..!

એવી ઉત્તમક્ષમા, **'રૌદ્ર ભયાનક ઘોર ઉપસર્ગ થવા છતાં પણ ક્રોધથી તત્પાયમાન ન થાય તે મુનિને નિર્મલ ક્ષમા હોય છે.'** આ તો પા કલાક લીધું. હવે આપણે ચાલતો અધિકાર.

૧૦૧ કળશ. સમજાય છે કાંઈ? ૧૦૧ આવ્યો. સો કળશ પૂરા થયા અને ૧૦૧ કળશ ઉત્તમક્ષમાને દિવસે આવ્યો. સો ઉપર એક.

(મંદાક્રાંતા)

एको दूरात्यजति मदिरां ब्राह्मणत्वाभिमाना-
दन्यः शूद्रः स्वयमहमिति स्नाति नित्यं तयैव।
द्वावप्येतौ युगपदुदरान्निर्गतौ शूद्रिकायाः
शूद्रौ साक्षादपि च चरतो जातिभेदभ्रमेण।।२-१०१।।

**ખંડાન્વય સહિત અર્થ :-** 'द्वौ अपि एतौ साक्षात् शूद्रौ' **'વિદ્યમાન બંને એવા છે-નિઃસંદેહપણે બંને ચંડાળ છે.'** (તેના પુત્ર છે.) એક ચંડાળણીને એકસાથે બે પુત્ર જન્મ્યા. એકસાથે, હોં! પહેલાં અને પછી એમ નહિ. ચંડાળણીને એકસાથે બે પુત્ર જન્મ્યા. એકસાથેમાં વિશેષતા છે. એકસાથ. પુણ્ય-પાપમાં ઘટાવવું છે ને. **'બંને ચંડાળ છે. શાથી?'** 'शूद्रिकायाः उदरात् युगपत् निर्गता' **'કારણ કે ચંડાલણીના પેટથી...'** 'युगपत्' **'એકીસાથે જન્મ્યા છે.'** આહાહા..! આ દૃષ્ટાંત છે.

**'ભાવાર્થ આમ છે કે-કોઈ ચંડાલણીએ યુગલ બે પુત્ર એકીસાથે જણ્યા; કર્મોના યોગથી એક પુત્ર બ્રાહ્મણનો પ્રતિપાલિત થયો,...'** કોઈક બ્રાહ્મણને પુત્ર નહોતો તો ચંડાલણીનો પુત્ર લઈ ગયો અને એ બ્રાહ્મણને ત્યાં ઉછર્યો. ઉછર્યા કહે છે? શું કહે છે હિન્દીમાં? પાલન કિયા. બ્રાહ્મણને ત્યાં પાલન થયું. **'તે તો બ્રાહ્મણની ક્રિયા કરવા લાગ્યો;...'** બ્રાહ્મણની ક્રિયા કરવા લાગ્યો. છે તો ચંડાલણીનો પુત્ર, પણ બ્રાહ્મણને ત્યાં ગયો તો બ્રાહ્મણની ક્રિયા કરવા લાગ્યો. **'બીજો પુત્ર ચંડાલણીનો પ્રતિપાલિત થયો,...'** ચંડાલણીના ઘરે રહ્યો. **'તે તો ચંડાળની ક્રિયા કરવા લાગ્યો.'** આહાહા..! ભારે વસ્તુ છે. **'હવે જો બંનેના વંશની ઉત્પત્તિ વિચારીએ તો બંને**

ચંડાળ છે. તેવી રીતે...' આ તો દૃષ્ટાંત થયો. આહાહા..! પહેલા દિ'એ જ આવો અધિકાર આવ્યો. આહાહા..!

'**કોઈ જીવો દયા,...**' પાળે છે. '**વ્રત,..**' પાળે છે, '**શીલ,...**' બ્રહ્મચર્ય શરીરથી પાળે છે. '**સંયમ...**' ઇન્દ્રિયદમન કરે છે એમાં '**મગ્ન છે.**' એ શુભભાવમાં મગ્ન છે. આહાહા..! જેમ એ બ્રાહ્મણને ત્યાં ગયો તો બ્રાહ્મણની ક્રિયા કરે છે. એમ શુભભાવવાળો વ્રત, તપ, દયા આદિની ક્રિયા કરે છે. આહાહા..! છે તો એ વિભાવિક ચંડાળણીના પુત્ર. આ ગજબ વાત છે. સમજાય છે કાંઈ? '**દયા, વ્રત, શીલ, સંયમમાં મગ્ન છે, તેમને શુભકર્મ બંધ પણ થાય છે;...**' તેથી તેને પુણ્યબંધ થાય છે. '**કોઈ જીવો હિંસા-વિષય-કષાયમાં મગ્ન છે,...**' આહાહા..! ચંડાળણીના ઘરે રહ્યો એ ચંડાલણીના કર્તવ્યમાં મગ્ન છે. એમ આ હિંસા, વિષયમાં મગ્ન છે. '**તેમને પાપબંધ પણ થાય છે. તે બંને પોતપોતાની ક્રિયામાં મગ્ન છે.**'

'**મિથ્યા દૃષ્ટિથી એમ માને છે કે શુભકર્મ ભલું,...**' આહાહા..! 'શાંતિભાઈ'! આ દયા, દાન, વ્રત, તપ, પૂજાથી પુણ્યબંધ થાય એ ભલું છે અને એ ભાવ પણ ભલો છે, એમ માનનાર મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! આકરી વાત. અરે..! સમજાય છે કાંઈ? ભાઈ! કહે છે, ચંડાલણીના પેટમાં બેય એકસાથે ઉત્પન્ન થયા. એમ વિભાવમાંથી બેય ઉત્પન્ન થયા છે. બેય વિભાવ છે. દયા, દાન, વ્રત, શીલ, સંયમ એ પણ વિભાવ છે અને હિંસા, જૂઠું, વિષય કષાયભાવ પણ વિભાવ છે. આહાહા..!

'**બંને જીવો કર્મબંધકરણશીલ છે.**' આહા..! વ્રત, નિયમ પાળનારા, તપ કરનારા અને હિંસા, જૂઠ કરનાર, બેયને કર્મબંધ છે. આહાહા..! આ મોટી તકરાર અત્યારે ચાલે છે. પેલા કહે, શુભજોગ મોક્ષનો માર્ગ છે. અરે..! પ્રભુ! શુભજોગ તો ચંડાલણીનો પુત્ર છે ને-એ તો વિભાવનો પુત્ર છે. ભગવાન સ્વભાવ આનંદનો નાથ, સચ્ચિદાનંદ પ્રભુની એ પ્રજા નહિ. આહાહા..! એ તો વિભાવિક દશા-ચંડાલણીના બે પુત્ર છે. આહાહા..! સમજાય છે કાંઈ? અરે..! હજી સમ્યગ્દર્શનની ખબર ન મળે. સમ્યગ્દૃષ્ટિ તો શુભભાવ અને અશુભભાવ બેયને બંધ માને છે. ધર્મનું કારણ અને ધર્મ તો એને માનતા જ નથી. આહાહા..! આ તો સાદી ભાષા છે. બપોરે જરી કઠણ છે, પણ ધ્યાન રાખે તો સમજાય એવી છે. (બપોરે) શક્તિ (ચાલે છે). આ તો ચાલુ અધિકાર છે. આહાહા..!

કહે છે કે, વ્રત, તપ, નિયમ, શીલ પાળનારો પુણ્યબંધ કરે છે. હિંસા, જૂઠું, વિષય સેવન કરનાર પાપબંધ કરે છે. પણ બેય બંધકરણશીલ છે. બેયને બંધનું કારણ છે. બેયમાં કોઈને ધર્મ છે, સ્વભાવ છે, એમ નથી. આહાહા..! ભગવાન આનંદનો નાથ સ્વભાવ, એ સ્વભાવમાંથી શુદ્ધતા પ્રગટ થાય એ ધર્મ છે. સ્વભાવ ચૈતન્ય જ્ઞાતા-દૃષ્ટા ધ્રુવ ચૈતન્યભાવથી ચૈતન્ય સ્વભાવથી ધ્રુવપણે ભરેલો ભગવાન છે. આહાહા..! એનો આશ્રય લેવાથી જે કંઈ પુણ્ય-પાપના ભાવ રહિત શુદ્ધભાવ ઉત્પન્ન થાય એ ધર્મ છે. આ વાત લોકોને આકરી પડે. સમજાય છે કાંઈ? આહાહા..! જેને પર્યાયમાં આનંદનો સ્વાદ આવવો, પુણ્ય-પાપનો સ્વાદ તો કલુષિત અને આકુળિત છે. એ વ્રત, નિયમ આદિનો ભાવ આકુળિત છે. 'શાંતિભાઈ'! મોટું ભાષણ કરે પછી આવું કરે, આમ છે ને તેમ છે. વ્રતને પાળે ને આ કરે... ધૂળમાંય

એમાં ધર્મ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એમ દાન. કંજૂસ છે એ દાન નથી કરતા, બીજાં કરે છે. પણ એ દાન કરે છે એમાં રાગ શુભ છે એ ચંડાલણીનો પુત્ર છે. ગજબ વાત છે, પ્રભુ! આહા..! ચૈતન્યચમત્કારથી ભરેલો ભગવાન, એ તરફનું લક્ષ અને આશ્રય નથી અને આ પુણ્ય-પાપના ભાવનો આશ્રય બંધનું કારણ છે. આહા..! સમજાય છે કાંઈ? લ્યો, શું કહ્યું?

'**બંને જીવો મિથ્યાદષ્ટિ છે, બંને જીવો કર્મકરણશીલ છે. કેવા છે તેઓ?**' '**अथ च जातिभेदभ्रमेण चरतः**' '**બંને ચંડાળ છે તોપણ જાતિભેદ અર્થાત્ બ્રાહ્મણ-શુદ્ર એવા વર્ણભેદ...**' કરે છે. છે તો બેય ચંડાલના પુત્ર પણ વર્ણભેદ કરે છે, હું બ્રાહ્મણ છું, પેલો કહે, હું શુદ્ર છું, ચંડાલ છું. આહાહા..! છે? '**પરમાર્થશૂન્ય અભિમાનમાત્ર,...**' છે. આહાહા..! પરમાર્થથી તો શૂન્ય છે. અભિમાનમાત્ર (કરે છે કે) હું બ્રાહ્મણ કે શુદ્ર (છું). '**તે-રૂપે પ્રવર્તે છે.**'

'**કેવો છે જાતિભેદભ્રમ?**' '**एकः मदिरां दूरात् त्यजति**' બ્રાહ્મણને ઘરે ઉછર્યો એ મદિરા-દારૂ સામું (જોતો નહિ). નહિ, નહિ, નહિ. એને અડતા નહિ, અડતા નહિ. દારૂને અડતા નહિ. '**ચંડાલણીના પેટે ઊપજ્યો છે પરંતુ પ્રતિપાલિત બ્રાહ્મણના ઘરે થયો છે એવો જે છે તે સુરાપાનનો અત્યંત ત્યાગ કરે છે, અડતો પણ નથી,...**' જુઓ! છે? અડતો પણ નથી, સ્પર્શતો પણ નથી. '**નામ પણ લેતો નથી,...**' મદિરાનું નામ પણ નહિ. આહાહા..! '**એવો વિરક્ત છે.**' એવો વિરક્ત છે.? '**શા કારણથી?**' '**ब्राह्मणत्वाभिमानात्**' હું બ્રાહ્મણ છું, એવા પક્ષપાતથી અભિમાની છે.

'**ભાવાર્થ આમ છે કે-શુદ્રાણીના પેટે ઊપજ્યો એવા મર્મને જાણતો નથી,...**' હું ચંડાલણીના પેટે જન્મ્યો છું એવો મર્મ તો જાણતો નથી અને હું બ્રાહ્મણ છું (એમ કહે છે). આહા..! ગજબ વાત છે. હવે સિદ્ધાંત ઉતારશે. '**હું બ્રાહ્મણ, મારા કુળમાં મદિરા નિષિદ્ધ છે' એમ જાણીને મદિરા છોડી છે તે પણ વિચારતાં ચંડાળ છે;...**' હવે સિદ્ધાંત આવ્યો.

'**તેવી રીતે કોઈ જીવ શુભોપયોગી થતો થકો...**' જુઓ! લ્યો, શુભોપયોગી. હવે એ પ્રશ્ન કરે છે કે શુભઉપયોગ મોક્ષનો માર્ગ છે. આહાહા..! અરેરે..! પ્રભુ! શું કરે છે? ભાઈ! તારા ભગવાનસ્વરૂપમાં સ્વભાવ પડ્યો છે ને. એ સ્વભાવ સામું જોતો નથી અને શુભ-વિભાવ સામે તું જુએ છે. તારા સ્વભાવની મહિમા તને આવી નહિ, નાથ! તું પરમાત્મસ્વરૂપ છો ને, પ્રભુ! અતીન્દ્રિય આનંદનો નાથ, તારામાં વિભાવનો અભાવ છે. એ વિભાવના અભાવને જોતો નથી અને વિભાવને જુએ છે. આહાહા..!

'**શુભોપયોગી થતો થકો-યતિક્રિયામાં મગ્ન થતો થકો...**' દેખો! સાધુની ક્રિયા-અઠ્યાવીસ મૂળગુણ, પંચમહાવ્રત, વ્યવહાર સમિતિ, ગુપ્તિમાં મગ્ન છે. '**શુદ્ધોપયોગને જાણતો નથી,...**' દેખો! મારી ચીજ આનંદનો નાથ પ્રભુ શુદ્ધ ઉપયોગથી જણાય છે, એમ તો જાણતો નથી. આહાહા..! આ તો સમજાય એવી વાત છે. બપોરની (વાત) ધ્યાન રાખે તો (સમજાય એવી છે). વસ્તુસ્થિતિ-તત્ત્વ એવું છે. બપોરે શક્તિનું જે વર્ણન ચાલે છે એ વસ્તુનું તત્ત્વ જ એવું છે. દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેય શુદ્ધ છે. અંતર શક્તિથી પરિણમન કરે

છે. શુદ્ધ છે તો એની મેળવણી ઘણી કઠણ છે. આ તો સાદી ભાષા છે. આહા..!

મુનિ થઈને વ્રત પાળે છે, યતિક્રિયા કરે છે. પંચમહાવ્રત, પાંચ સમિતિ, ગુપ્તિમાં મગ્ન રહે છે. આહાહા..! 'તે જીવ એવું માને છે કે 'હું તો મુનીશ્વર,..' છું. છે? 'કેવળ યતિક્રિયામાત્રમાં મગ્ન છે, તે જીવ એવું માને છે કે 'હું તો મુનીશ્વર, અમને વિષયકષાયસામગ્રી નિષિદ્ધ છે...' વિષયકષાય અમને ખપે નહિ. એમાં શું થયું?એ તો શુભભાવ છે. સમજાય છે કાંઈ? આહાહા..! બ્રાહ્મણને ઘરે (ઉછરેલો) ચંડાળણીનો પુત્ર એમ કહે, અમને દારૂ ખપે નહિ. એમ અહીંયાં શુભઉપયોગમાં આવેલો અજ્ઞાની (એમ કહે), મને વિષયકષાય ખપે નહિ. પણ, વિષયકષાય ખપે નહિ એ ભાવ તો તારો શુભ છે. એ કોઈ ધર્મ-બર્મ નહિ.

મુમુક્ષુ :- બધું ચોખ્ખું કરી નાખ્યું.

ઉત્તર :- એમાં છે ને? ભાઈ! એમાં છે કે નહિ? આહાહા..! એમાંથી જ કાઢ્યું છે. આહાહા..! 'સમયસાર નાટક' બન્યું છે, સમજાય છે કાંઈ? એ આમાંથી બન્યું છે. 'કળશટીકા'માંથી 'સમયસાર નાટક' બન્યું છે. આહાહા..! એ આમાંથી બન્યું છે. આખું 'સમયસાર નાટક' આમાંથી બન્યું છે. 'રાજમલજી'ની ટીકામાંથી બનાવ્યું છે. આહાહા..! હવે એ લોકો એમ કહે છે.. પ્રભુ! તને શોભે નહિ, નાથ! એ 'ટોડરમલ' અને 'બનારસીદાસ' અધ્યાત્મની ભાંગ પીને નાચ્યા છે. અરરર..! એમ કે અધ્યાત્મનું અભિમાન થઈ ગયું છે, એમ કહે છે. અરે..! ભગવાન! આવા પવિત્ર પુરુષો માટે ભાંગ પીને નાચ્યા છે એમ કહેવું એ ન શોભે, ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- અધ્યાત્મના રસને ભાંગ કહે છે.

ઉત્તર :- ભાંગ.. અધ્યાત્મને ભાંગ કહ્યું. આહા..! કેમકે આ વાણી રુચે નહિ. અરર..! શુભઉપયોગની બધી ક્રિયા બંધનું કારણ છે. પંચમહાવ્રત લ્યો, મહિના, મહિનાના, બે મહિનાના અપવાસ કરો.. આહાહા..! અને જાવજીવ રાત્રે આહાર ન કરે, ચોવિહાર કરે એ પણ શુભભાવ છે, એમાં ધર્મ ક્યાં આવ્યો? સમજાય છે કાંઈ? આહાહા..!

અહીં કહે છે કે, જેમ બ્રહ્મણના કુળમાં ઉછરેલો ચંડાળણીનો પુત્ર એમ માને કે, મારે મદિરા ન ખપે. એમ શુભોપયોગી મુનિ અજ્ઞાની એમ માને છે કે અમારે વિષય કષાય ન ખપે. એમાં શું થયું? આહાહા..! સમજાય છે કાંઈ? 'શાંતિભાઈ'! ન્યાં જઈને આ બધા ભાષણ કર્યાં હશે. ગોટા માર્યા હશે બધાએ. બેનને લઈને હવે બધું હળવે હળવે.. આહાહા..!

અરે..! ભગવાન! બાપુ! તારો માર્ગ-ધર્મ જુદી ચીજ છે, નાથ! આહાહા..! અંતર મોટો ધ્રુવ ધણી પડ્યો છે ને! અંદર. આહાહા..! 'ઢીંગ ધણી માથે કિયો રે કોણ ગંજે નર ખેત'. જેણે, આત્મા ધ્રુવ આનંદકંદ પ્રભુ દૃષ્ટિમાં ઢીંગ ધણી ધાર્યો, (એને) 'કોણ ગંજે નર ખેત'. હવે એને નુકસાન કરનારી ચીજ જગતમાં છે? સમજાય છે કાંઈ?

અહીંયાં કહે છે કે 'તે જીવ એવું માને છે કે 'હું તો મુનીશ્ર, અમને વિષયકષાયસામગ્રી નિષિદ્ધ છે...' આહાહા..! 'એમ જાણીને વિષયકષાયસામગ્રીને છોડે છે,...' દેખો! સ્ત્રી ને કુટુંબ ને વેપાર-ધંધાને છોડે છે, આ મારે ખપે નહિ, આ મારે ખપે નહિ. આહાહા..! ગજબ

વાત છે, પ્રભુ! આજ તો બરાબર ઉત્તમક્ષમાને દિવસે આવ્યું છે. આહાહા..! ભાઈ! એ શુભઉપયોગની ક્રિયા, જેમ ચંડાલણીના પુત્ર છે, એમ એ વિભાવનો પુત્ર છે, પ્રભુ! તારા સ્વભાવની પ્રજા નહિ. તારા સ્વભાવની પ્રજા નહિ. તારો સ્વભાવ તો આનંદનો નાથ પ્રભુ (છે). તારી પ્રજામાં તો આનંદની દશા ઉત્પન્ન થાય. એ તારી પ્રજા છે. વિભાવની પ્રજા એ તારી નહિ. આહાહા..!

મુમુક્ષુ :- આજે સંવત્સરી છે.

ઉત્તર :- આજે સંવત્સરી નથી, આજે પહેલો દિવસ છે. સંવત્સરી આપણી છેલ્લી. એ શ્વેતાંબરની સંવત્સરી છે, શ્વેતાંબરની સંવત્સરી છે. શુક્રવારની તો કાલે ગઈ. 'રામવિજય' સિવાયના જે છે એની સંવત્સરી કાલે ગઈ. 'રામવિજય'વાળાની આજે સંવત્સરી છે. એ ક્યાં હતી સંવત્સરી? આહાહા..! અરે..! ભગવાન! બાપુ! આહાહા..!

એ તો એ જ કહેતા હતા. અમે 'જામનગર' ગયા હતા. 'રામવિજય' હતા. અમારી પાસે ૧૫-૨૦ માણસોને મોકલ્યા. આવ્યા. તમે આ વ્રત ને તપ ને ભક્તિ ને પૂજાનો નિષેધ કરો છો કે એ ધર્મ નહિ, તો નુકસાન બહુ થશે. અરે..! ભગવાન! કહે, ચર્ચા કરીએ. મેં કીધું, અમે કોઈની સાથે ચર્ચા કરતા નથી, પ્રભુ! આહાહા..! એ વ્રત કરે ને તપ કરે ને બ્રહ્મચર્ય પાળી જાવજીવ બાળબ્રહ્મચારી રહે. એ તો શુભભાવ છે. એ કોઈ ધર્મ નથી. આહાહા..! એમ પંચમહાવ્રતનું પાલન કરે એ શુભરાગ છે. એ આકુળતાનું કારણ છે, એ સુખ નહિ. આહાહા..! 'મફાભાઈ'! આ જુદી વાત સાંભળવા આ ફેરી અહીંયાં રહ્યા છે. સારું કર્યું પણ. 'વજુભાઈ'ની પાછળ...

મુમુક્ષુ :- સાંભળવા જ રોકાણા છે.

ઉત્તર :- એના માટે રહ્યા છે. આ બાપુ! માર્ગ આવા છે, ભાઈ! આહાહા..! અરે..! જિનવરનો માર્ગ વીતરાગભાવે ઉત્પન્ન થાય છે. શુભરાગ એ તો રાગભાવ છે ને પ્રભુ! એ રાગમાં મગ્ન થવાવાળા માને છે કે અમે મુનિ છીએ. પંચમહાવ્રત પાળીએ છીએ, અમારે વિષય કષાય ખપે નહિ. આહાહા..! અમારે માટે આહારપાણી બનાવે એ ખપે નહિ. એમ માનનારા પણ શુભોપયોગી મિથ્યાદૃષ્ટિ છે. આ તો અત્યારે તો ચોકા કરીને લ્યે છે. ખુલ્લેખુલ્લું. અરરર..! પ્રભુ! માર્ગ..સમજાય છે કાંઈ?

અમારા સંપ્રદાયના ગુરુ હતા. બહુ શાંત હતા, કષાય મંદ હતો. દૃષ્ટિ આખી વિપરીત હતી, પણ બાહ્યમાં એટલી વાત કે, નાનું ગામડું હોય ત્યાં જાય. ત્યાં પાંચ-સાત ઘર હોય. તો ત્યાં પહેલા ગામમાં ન જાય. નવ, સાડા નવ વાગે ગામમાં જાય. ત્યાં સુધી બહાર બેસે. જંગલમાં બેસે. કેમકે જો પહેલા જાશું તો અમારી માટે કંઈક બનાવશે. અથવા બનતું હશે એમાં થોડું નાખશે. ભાત, રોટલી થોડા નાખી દેશે. તો પહેલા નહિ જતા. બહુ સખત ક્રિયા હતી. જંગલમાં રહે. બહાર બેસે. નવ, સાડા નવનો ટાઈમ હોય, દાળ-ભાત થઈ ગયા હોય. રોટલી કરતા હોય ત્યારે જાય. જે નિર્દોષ હોય તે લાવો, બે રોટલી આદિ. પોતાની માટે કરેલો આહાર એ બિલકુલ લેતા નહિ. 'જિનેશ્વરદાસજી'! અમારા સંપ્રદાયના ગુરુ. બહુ સખત ક્રિયા, બહુ સખત. પાણીનું બિંદુ એના માટે બનાવ્યું હોય (તો લ્યે નહિ). અરે..!

અસંખ્ય જીવ. પાણીના એક બિંદુમાં અસંખ્ય જીવ. અમારી માટે તમે બનાવ્યું, એ અમારે ન ખપે. અમારે ન કલ્પે. આહાહા..! સખત ક્રિયા. અને બપોરે વ્યાખ્યાન કરે. સવારે આવ્યા હોય. ભોજન લીધું હોય. એકદમ અજાણ્યા (ઘરે). બપોરે વ્યાખ્યાન કરે. જો કોઈ સાધુ માટે આહાર-પાણી બનાવી દેશે એ ગર્ભમાં ગળશે. ગર્ભમાં સમજ્યા? ગર્ભમાં ગળશે. માતાના પેટમાં મરી જશે.

મુમુક્ષુ :- મહારાજ! આજે ક્યાં ભાવલિંગ પણ છે?

ઉત્તર :- એ તો ખુલ્લી વાત છે. આ તો અમારા સંપ્રદાયના ગુરુ આવા હતા. દૃષ્ટિ વિપરીત-મિથ્યાદૃષ્ટિ. પણ ક્રિયામાં તો એવી (સખત ક્રિયા હતી કે) પાણીનું એક બિંદું પણ કોને માટે બનાવ્યું ? મહારાજ! અમારા સ્નાન માટે બનાવ્યું છે. સ્નાન માટે બનાવ્યું હતું તો દસ શેર ક્યાંથી વધ્યું ? સ્નાન માટે બનાવ્યું હોય તો શેર, બે શેર પાણી વધે. દસ શેર ક્યાંથી વધ્યું? ન ખપે. પાણી ન લે. મઠ્ઠા લઈ આવે પછી. મઠ્ઠા સમજ્યા? છાશ. ગરાશિયાના ઘર હોય ને? કાઠી ગરાશિયા. ત્યાં મઠ્ઠો બહુ પડ્યો હોય. આવો, આવો મહારાજ! દસ શેર છાશ, પાંચ શેર (લે). નિર્દોષ, હોં! એમને માટે બનાવેલી નહિ. પાણી ન લ્યે. હવે અહીં તો પ્રભુ કહે છે કે શુભભાવવાળા સદોષ ન લે તોપણ તે શુભભાવમાં ધર્મ માને છે તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! અમારે માટે બનાવેલો આહાર ન ખપે. એમ શુભોપયોગી એના માટે બનાવેલો આહાર ન લે. પણ છે શુભોપયોગી, દૃષ્ટિ મિથ્યાત્વ છે તો એમાં ધર્મ માને છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ?

**'એવો જીવ મિથ્યાદૃષ્ટિ છે, કર્મબંધને કરે છે,...'** એમ જાણીને **'વિષયકષાયસામગ્રીને છોડે છે, પોતાને ધન્યપણું માને છે, મોક્ષમાર્ગ માને છે...'** આહાહા..! એ વ્રત ને અપવાસ ને શરીરનું બ્રહ્મચર્ય ને છ પરબી આહાર ન લેવો ને કંદમૂળ ન ખાવા. કંદમૂળ સમજ્યા? અનંતકાય. બીજ, પાંચમ, આઠમ આદિ. બ્રહ્મચર્ય પાળે, કંદમૂળનો ત્યાગ કરે. પણ એ તો બધો શુભભાવ છે. અને એમાં ધર્મ અને મોક્ષમાર્ગ માને એ મિથ્યાદૃષ્ટિ છે. શેઠ! કાલે તમે કહેતા હતા ને? કાળલબ્ધિ આવશે ત્યારે થશે. એમ નથી. પોતાના સ્વભાવ તરફનો પુરુષાર્થ કરશે ત્યારે કાળલબ્ધિ પાકી જ જાય છે. સમજાય છે કાંઈ? એ શુભ-અશુભભાવની રુચિ છોડી અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ સચ્ચિદાનંદ આત્મા સત્ સત્ શાશ્વત ચિદ્ જ્ઞાન અને આનંદનો ખજાનો પ્રભુ છે. આહાહા..! એની દૃષ્ટિ કરવાથી શુદ્ધ ભાવ ઉત્પન્ન થાય એ ધર્મ છે. આહાહા..! સમજાય છે કાંઈ? શાસ્ત્રની ભક્તિ કરવી ને ભગવાનની પ્રતિમાની ભક્તિ કરવી એ બધો શુભભાવ છે. એમાં ધર્મ માનવો, મોક્ષમાર્ગ માનવો એ મિથ્યાદૃષ્ટિ છે. આવું કડક છે. 'શાંતિભાઈ'! 'રતલામ'થી આવ્યા છે.

મુમુક્ષુ :- શું કરવું અમારે?

ઉત્તર :- પહેલા શ્રદ્ધાનો તો સુધાર કર કે એ પુણ્ય પરિણામ પણ બંધનું કારણ છે, ધર્મ નહિ. મારી ચીજ આનંદનો નાથ સાગર પડ્યો છે અંદર, એનો સ્વીકાર કરતાં જે શુદ્ધતા પ્રગટ થાય એ ધર્મ છે. આહાહા..! તો કહે, ધર્મ ભલે ન હોય, પણ ધર્મનું કારણ તો છે કે નહિ? બિલકુલ નહિ. એ તો બંધનું કારણ છે. એ કહ્યું ને?

પોતાને ધન્ય માને છે. '**મોક્ષમાર્ગ માને છે, પરંતુ વિચાર કરતાં એવો જીવ મિથ્યાદૃષ્ટિ છે,...**' આહાહા..! મહિનાના અપવાસ કર્યા. પછી અહો..! તપસી થયા, તપસી. વખાણ કરે. બાળબ્રહ્મચારી કન્યા દીક્ષા લે તો આખો સમાજ ભેગો થઈ એની પ્રશંસા કરે. પણ છે શું? એમાં ધર્મ ક્યાં આવ્યો. ભલે બાળબ્રહ્મચારી હો, તોપણ કદાચિત્ દીક્ષા લેવાનો ભાવ હોય તો એ શુભભાવ છે. અને મુનિપણામાં ચારિત્ર તો નથી અને દીક્ષિત થાય છે. દીક્ષા લેવાનો ભાવ છે એ મિથ્યાદૃષ્ટિપણું છે. આહાહા..! સમજાય છે કાંઈ? હું શ્વેતાંબરનો સાધુ છું, હું સાધુપણું લેવા જાઉં છું, એ દૃષ્ટિ મિથ્યાત્વ છે. 'શાંતિભાઈ'! આહાહા..! અહીંયાં તો દિગંબર મુનિ થઈને પણ શુભઉપયોગની ક્રિયામાં મગ્ન છે અને મોક્ષમાર્ગ માને છે એ મિથ્યાદૃષ્ટિ છે, એ જૈન જ નથી. જૈનની એને ખબર નથી. આહાહા..! પણ આવા શેઠિયા હોય ઈ પછી માખણ ચોપડે. ગામમાં મહારાજ આવ્યા છે.

મુમુક્ષુ :- શેઠિયા શું કરે એને ભૂખ્યા મારે?

ઉત્તર :- એમ કહે છે, ભૂખે મરવા દેવા? આહાહા..! એવું મુનિપણું છે જ નહિ ને એને મુનિપણું માનવું એ તો મિથ્યાદૃષ્ટિ છે. માનનાર મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..!

અહીં કહે છે, જુઓ! '**એવો જીવ મિથ્યાદૃષ્ટિ છે, કર્મબંધને કરે છે,...**' વ્રત ને નિયમ ને તપસ્યા ને બાળ બ્રહ્મચારીપણું બધું બંધનું કારણ છે. આહાહા..! એ તો શુભરાગ છે. હું શરીરથી બ્રહ્મચર્ય પાળું છું, જાવજીવ સ્ત્રીનું સેવન નહિ, એ ભાવ તો શુભભાવ છે. એમાં ધર્મ માનવો એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાય છે કાંઈ? '**કાંઈ ભલાપણું તો નથી.**' છે? કાંઈ, એ શબ્દ પડ્યો છે. '**કાંઈ ભલાપણું તો નથી.**' વ્રત પાળે, જાવજીવ બ્રહ્મચર્ય પાળે, દયા પાળે, પંચમહાવ્રત રાખે, જોઈને ચાલવું, નિર્દોષ આહાર (લેવો), પોતા માટે બનાવેલો લેવો નહિ. તોપણ કહે છે, એમાં ભલું શું છે? એ તો શુભભાવ છે. 'મીઠાલાલભાઈ'! આવી વાત છે. 'મીઠાલાલભાઈ'ને એક સાધુ મળ્યા હતા. કીધું હતું. ત્યાં છ સાધુ આવ્યા હતા. 'શીવસાગર' ને ઈ. પછી વાત થઈ કે અમે ભાવલિંગી નથી? ના, ના, ભાવલિંગી નથી. તો અમે દ્રવ્યલિંગી છીએ કે નહિ? ત્યારે આણે કહ્યું, તમે તો દ્રવ્યલિંગી પણ નથી. અરે..! બાપા! દ્રવ્યલિંગી કોને કહે? જેને નગ્નદશા હોય, અઠ્ઠાવીસ મૂળગુણ ચોખ્ખા હોય. એને માટે આહાર બનાવેલો હોય તો લેતા ન હોય, એવા દ્રવ્યલિંગમાં શુભભાવ બહુ ઊંચો હોય એને દ્રવ્યલિંગી મિથ્યાદૃષ્ટિ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ વસ્ત્રસહિતવાળા તો દ્રવ્લિંગી પણ નથી. સમજાય છે? અને એને માટે આહાર બનાવે છે અને લે છે એ દ્રવ્યલિંગી પણ નથી. આહાહા..!

મુમુક્ષુ :- દ્રવ્યલિંગી નથી તો કોણ છે?

ઉત્તર :- મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :- મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી પણ હોય છે?

ઉત્તર :- કીધું ને, મુનિપણું મિથ્યાદૃષ્ટિ છે. મુનિ છે જ નહિ. આવી વાત છે, બાપુ! આ તો પર્યુષણના દિવસ છે. પરમાત્માના પંથની વાત છે, નાથ! આહા..! ભગવંત! તારી ચીજની અંદર બલિહારી છે. બાપુ! ભાઈ! એ શુભભાવથી રહિત તારી ચીજ અંદર

બિરાજમાન છે. સમજાય છે કાંઈ? એ ચીજનો પત્તો લે અને શુભભાવમાં ધર્મની માન્યતા છોડી દે તો તને સમ્યગ્દર્શન થશે. ધર્મની.. શું કહે છે? 'છઢાળા'માં ન આવ્યું? મોક્ષમહેલની પ્રથમ સીઢી. 'છ ઢાળા'માં. મોક્ષમહેલની પહેલી સીઢી. શુભભાવમાં ધર્મ નહિ અને મારી ચીજ આનંદસ્વરૂપ છે એનો મને અનુભવ થાય, એનું નામ ધર્મ છે. એ ધર્મની પહેલી સીઢી છે. આહાહા..! સમજાય છે કાંઈ?

એક શ્વેતાંબર એવો મળ્યો હતો, એ કહે, પહેલા અશુભ છોડવું એ એનો ક્રમ છે. પછી શુભ છોડવું. પણ ક્રમે શુભ છોડવું એ ક્રમ જ નથી. અશુભ છોડવું અને શુભ પણ છોડવું. શુભમાં મારી વસ્તુ છે જ નહિ. એ તો બધી વિભાવિક ક્રિયા છે. પંચમહાવ્રત, નગ્નપણે રહેવું, વસ્ત્રરહિત રહેવું આદિ શુભભાવ તો વિકારભાવ છે. આહાહા..! ભગવાનઆત્મા અંદર નગ્નસ્વરૂપ બિરાજમાન છે, જેમાં વિકલ્પનો પણ અભાવ છે, શુભભાવનો પણ અભાવ છે. એવી નગ્ન ચીજ બિરાજમાન પ્રભુ, એની દૃષ્ટિ અને અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન છે. અને એ સમ્યગ્દર્શન વિના જેટલા કાયક્લેશ આદિ કરે એ બધા નિરર્થક છે. ભવભ્રમણના અભાવ માટે નિરર્થક છે, ભવભ્રમણ માટે સાર્થક છે. આહાહા..! આકરું કામ બહુ પડે માણસને. એમ કહે છે, આવું નહિ હોય તો ધર્મ રહેશે કેવી રીતે? બાહ્ય દ્રવ્યલિંગ હોય, નગ્નપણું હોય તો ધર્મ રહેશે. એ ધર્મ જ નથી. સાંભળને! ધર્મ ક્યાં છે? આહાહા..! છે?

'अन्यः तया एव नित्यं स्नाति' પહેલા શુભઉપયોગનો દૃષ્ટાંત આપ્યો. બ્રાહ્મણીના ઘરે જે ચંડાલપુત્ર ઉછર્યો (એ એમ કહે), મારે મદિરા ન ખપે. એમ શુભભાવવાળો કહે, મારે વિષયકષાય ન ખપે. અમારે વિષયકષાય હોય નહિ. અમારે માટે બનાવેલું ભોજન લેતા નથી. એ બધા શુભભાવવાળા છે. છે તો બધા વિભાવિકભાવ-ચંડાલણીના પુત્ર છે. સમજાય છે કાંઈ? માર્ગ આવો છે, ભાઈ! આહા..!

અગ્નિને ઉધઈ હોય નહિ. એમ બેને લખ્યું છે. એમ ભગવાન ચૈતન્યમૂર્તિમાં પુણ્ય-પાપના ભાવ ઉધઈ જેવા છે. આહાહા..! ઉધઈ સમજો છો? જીવડા નથી થતા? બહુ પોલા, પોચા હોય. દીમક. હા ઈ. મેં એકવાર (સંવત) ૧૯૭૫ની સાલમાં જોયું છે. અમે જંગલ ગયા હતા. ત્યારે ચોવીહારા અપવાસ કરતા તો પારણું કરી બાર વાગે જંગલ ગયા. ધોમ તડકો હતો. બહાર ગયા અને જ્યાં અમે બેઠા હતા ત્યાં ધૂળમાંથી ઉધઈ નીકળી. નીકળી ભેગી તડકો લાગતા મરી ગઈ. બહુ પોચું શરીર હોય. દીમાગ..? શું કહેવાય? દીમાગ એટલે તો મગજ. (દિમક) આહાહા..! એવી ધોળી હોય. લાકડીમાં, ધૂળમાં થાય. આહાહા..!

એમ ભગવાનઆત્મા આનંદસ્વરૂપ પ્રભુ જ્ઞાયકસ્વભાવમાં એ પુણ્ય-પાપના ભાવનો અભાવ છે. આહાહા..! એના સદ્ભાવમાં તો પવિત્રતા અને વીતરાગતા ભરી છે. એવો વીતરાગતાનો નાથ પરમાત્મા પોતે, એનો આશ્રય લેવાથી જે વીતરાગતા ઉત્પન્ન થાય એ મોક્ષનો માર્ગ છે. શુભભાવ એ બંધનો માર્ગ છે. બંધનું કારણ કહ્યું ને? હવે એની તકરાર અત્યારે. અરે..! પ્રભુ! આહાહા..! 'મખ્ખનલાલજી' એમ કહે છે, શુભભાવ મોક્ષનો માર્ગ છે. અને એને હેય માને તે મિથ્યાદૃષ્ટિ છે. અરર..! ત્યારે 'કૈલાસંચદજી'એ લખ્યું, કે શુભભાવને હેય તો 'કુંદકુંદાચાર્ય' માને છે તો એ મિથ્યાદૃષ્ટિ છે? બે પંડિત વચ્ચે એ ચર્ચા ચાલી. અત્યારે

ચાલે છે. 'મખ્ખનલાલજી'એ એને ચેલેંજ આપી કે શુભભાવમાં મોક્ષમાર્ગ છે, અમે ચેલેંજ આપીએ છીએ. ચાલો, દિલ્હી. તમારા ગામમાં. એ 'મખ્ખનલાલજી'એ લખ્યું છે, છાપામાં આવ્યું છે. દિલ્હી આવો, ચર્ચા કરશું. અરે..! પ્રભુ! આહાહા..!

શુભભાવ તો બંધનું કારણ છે, એને તમારે મોક્ષનો માર્ગ ઠરાવવો છે! અરેરે..! ભાઈ! આ સાધારણ પ્રાણીને ઠીક લાગશે પણ એ માર્ગ નથી. વીતરાગ ત્રણલોકનો નાથ જિનેન્દ્રદેવનો માર્ગ તો રાગરહિત વીતરાગપર્યાયથી ઉત્પન્ન થાય છે. આહાહા..! શુદ્ધઉપયોગ એ ધર્મ છે. શુભ અને અશુભ બેય અશુદ્ધઉપયોગ છે, બેય અધર્મ છે. આહાહા..! પંચમહાવ્રતના પરિણામ પણ અધર્મ છે, ધર્મ નહિ. હાય.. હાય..! કહ્યું હતું ને પહેલા?

(સંવત) ૧૯૮૫ની સાલમાં સંપ્રદાયમાં હતા. ૧૯૮૫. કેટલા વર્ષ થયા? પચાસમાં બે ઓછા-૪૮. 'બોટાદ'માં મોટી સભા. ૧૫૦૦-૧૫૦૦ માણસ. સભા મોટી. અમે વ્યાખ્યાન કરવા બેસીએ તો લોકો બહુ આવતા. અપાસરામાં તો સમાતા નહોતા તો બહાર ગલીમાં બેસતા. એટલું માણસ! આ તો પચાસમાં બે ઓછાની વાત છે. સભામાં એમ કહ્યું, સાંભળો! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ ધર્મ નહિ. ધર્મથી બંધ થાય નહિ અને બંધના કારણથી ધર્મ થાય નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? ધ્રુજી ઉઠ્યા. લોકો તો સાંભળતા હતા. અમારી ઉપર પ્રેમ હતો ને. અને એમાં (સંપ્રદાયમાં) હતા ને. (સંવત) ૧૯૮૫ની સાલની વાત છે. પચાસમાં બે ઓછા. અમારા સાધુ એક ગુરુભાઈ હતા એ ધ્રુજી ઉઠ્યા. નહિ, વોસરે.. વોસરે. આ શ્રદ્ધા નહિ. 'જગજીવન' હતા. અરે..! ભગવાન! કોણ માને? અમારી તો પ્રતિષ્ઠા બહુ હતી ને! સમાજમાં કોઈ અમારી સામું બોલી શકે નહિ. અને કોઈને શંકા પણ ન પડે. અમારી પ્રતિષ્ઠા એટલી હતી ને! કોઈએ સાંભળ્યું જ નહિ. મેં કહ્યું, તમારી વાત કોણે સાંભળી? ન બેસે તો બેઠા રહેવું હતું. કોણ તમારી (વાત) માને છે? તમે શું બોલ્યા સભાને ખબર છે? તમને રુચિ નહિ. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ ધર્મ નહિ, એ રુચિ નહિ. (કારણ કે) તમારે ધર્મ માનવો છે. માનો તમે તમારી મેળાએ. પણ આ બહારમાં શેના ...? 'માંગીલાલજી'! આ તો પચાસ વર્ષ પહેલાની (વાત છે). આહાહા..!

પ્રભુ અંદર ચૈતન્યનો નાથ બિરાજે છે. ચૈતન્યસ્વભાવભાવથી ભરેલો ભગવાન, એ ચૈતન્યને જગાડીને ચૈતન્યપર્યાય-જ્ઞાનચેતના પ્રગટ કર. એ રાગ તો કર્મચેતના છે. શુભભાવ એ તો કર્મચેતના છે, બંધનું કારણ છે. આહાહા..! સમજાય છે કાંઈ? કહો, 'સુજાનમલજી'! અત્યારે ઈ ચાલશે બધે. સ્થાનકવાસીમાં ને દેરાવાસીમાં, દિગંબરમાં. આમ છે ને તેમ છે, અપવાસ કરે છે, આણે આઠ અપવાસ કર્યા ને દસ અપવાસ કર્યા. અપવાસ કર્યા છે, ઉપવાસ નહિ. ઉપવાસ તો શુભભાવથી રહિત ભગવાન આનંદમાં ઉપ નામ સમીપમાં વાસ કરવો એનું નામ ઉપવાસ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એનું નામ તપસ્યા છે. શુદ્ધ સ્વરૂપમાં અંદર વાસ કરવો, વાસ્તુ લેવું. ઘરમાં વાસ્તુ લેવું, કદી લીધું નથી. આહાહા..! એવા શુદ્ધઉપયોગને ધર્મ કહે છે. બાકી શુભભાવને તો અધર્મ કહે છે.

કહ્યું હતું ને? એકવાર ઈ કહ્યું અને બીજી વાર એ કહ્યું. બે બોલ કહ્યા હતા. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ધર્મ નહિ અને પંચમહાવ્રત એ આસ્રવ છે, ધર્મ નહિ. સંપ્રદાયમાં કહ્યું

હતું. જે ભાવ પંચમહાવ્રતના છે એ ભાવ ધર્મ નહિ, એ આસ્રવ છે. 'તત્ત્વાર્થસૂત્ર'ના છઠ્ઠા અધ્યાયમાં એને આસ્રવ, પુણ્ય કહ્યું છે. સમજાય છે કાંઈ? આહાહા..! લોકોને ખબર નથી, શ્રદ્ધા શું છે? કોની શ્રદ્ધા આ તો આ લોકો વળી કેટલાક કહે, ભગવાનની ભક્તિ કરો, ગુરુની ભક્તિ કરો, કલ્યાણ થઈ જશે. એ સાધન છે. ધૂળેય સાધન નથી, સાંભળને! ઈ સાધનનો અધિકાર બપોરે આવશે. કરણશક્તિનો. આજે બપોરે. આહા..!

હવે બીજો બોલ લીધો. 'नित्यं स्नाति' **'શુદ્રાણીના પેટે ઊપજ્યો છે, શુદ્રનો પ્રતિપાલિત થયો છે, એવો જીવ મદિરાથી અવશ્યમેવ નિત્ય સ્નાન કરે છે.'** એટલે મદિરાને સ્પર્શે છે-અડે છે. **'શું જાણીને પીએ છે?'** 'स्वयं शूद्रः इति' **'હું શૂદ્ર, અમારા કુળમાં મદિરા યોગ્ય છે'** એવું જાણીને. આવો જીવ, વિચાર કરતાં, ચંડાળ છે.' આહાહા..! **'ભાવાર્થ આમ છે કે-કોઈ મિથ્યાદષ્ટિ જીવ અશુભોપયોગી...'** પહેલા શુભોપયોગી લીધા હતા. **'ગૃહસ્થક્રિયામાં રત છે...'** ગૃહસ્થક્રિયામાં **'અમે ગૃહસ્થ, મને વિષય-કષાય ક્રિયા યોગ્ય છે...'** અમે ગૃહસ્થ છીએ. આહાહા..! પહેલા મુનિ લીધા, અહીં ગૃહસ્થ લીધા. **'વિષય-કષાય ક્રિયા યોગ્ય છે, એવું જાણીને વિષય-કષાય સેવે છે...'** આહાહા..! વિષય-કષાય સેવવા એ તો અશુભભાવ છે, પાપભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'તે જીવ પણ મિથ્યાદષ્ટિ છે, કર્મબંધ કરે છે, કેમકે કર્મજનિત પર્યાયમાત્રને પોતારૂપ જાણે છે...'** આહાહા..! શું કહે છે? એ શુભ-અશુભભાવ અસંખ્ય પ્રકારના કર્મજનિત છે. કર્મના નિમિત્તને આધીન થઈને ઉત્પન્ન થાય છે. કર્મથી નહિ, પણ કર્મના નિમિત્તને આધીન થઈને ઉત્પન્ન થાય છે. સ્વભાવને આધીન થઈને શુભભાવ ઉત્પન્ન થતા નથી. આહાહા..! સમજાય છે કાંઈ? કર્મજનિતની વ્યાખ્યા ઈ છે. કર્મ જેનું નિમિત્ત છે, એને વશ થઈને પુણ્ય-પાપના ભાવ ઉત્પન્ન થાય છે. તો **'કર્મજનિત પર્યાયમાત્રને..'** વિકારભાવ માત્રને **'પોતારૂપ જાણે છે...'** પોતાનું સ્વરૂપ છે એમ માને છે. **'જીવના શુદ્ધ સ્વરૂપનો અનુભવ નથી.'** આહાહા..! ભગવાન ચૈતન્ય પુણ્ય-પાપથી રહિત એવું શુદ્ધ સ્વરૂપ, એની દૃષ્ટિ નથી, અનુભવ નથી. એ ચંડાલણીના પુત્રની જેમ. પેલો ઘરે રહેતો એમ આ શુભ-અશુભભાવમાં આવ્યો એ પણ મિથ્યાદષ્ટિ છે. બેય મિથ્યાદષ્ટિ છે. શુભભાવમાં ધર્મ માનનાર અને અશુભમાં અમારે ખપે, એમ માનનારા, બેય અધર્મી છે, મિથ્યાદષ્ટિ છે. **'શુદ્ધ સ્વરૂપનો અનુભવ નથી.'** ભગવાનઆત્મા શુદ્ધ સ્વરૂપ પુણ્ય-પાપના વિકલ્પથી રહિત એવા શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ નથી, અનુભવ નથી-અનુભૂતિ નથી, આત્માના આનંદનું વેદન નથી. એ બધા મિથ્યાદષ્ટિ છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા સુદ ૬, રવિવાર, તા.૧૮-૯-૧૯૭૭
## કળશ - ૧૦૨, પ્રવચન - ૯૮

આજે દસલક્ષણી પર્વનો બીજો દિવસ છે. માર્દવ.. માર્દવ. ઉત્તમમાર્દવ. આમ તો મિથ્યાદષ્ટિ અપમાન સહન કરે છે, માન નથી રાખતો, પણ એ તો દષ્ટિ મિથ્યાત્વ છે. અહીંયાં તો આત્મા આનંદસ્વરૂપ અનાકુળ આનંદનો નાથ પ્રભુ ધ્રુવ, એના આશ્રયથી સમ્યગ્દર્શન પ્રગટ થયું એને ઉત્તમમાર્દવ ગુણ છે એની વાત છે. મિથ્યાદષ્ટિનો માર્દવ, એને માર્દવ નથી. અહીંયાં એ કહે છે.

'**હવે ઉત્તમમાર્દવ ધર્મ કહે છે :–**'

**उत्तमणाणपहाणो उत्तमतवयरणकरणसीलो वि।**
**अप्पाणं जो हीलदि मद्दवरयणं भवे तस्स।।३९५।।**

આહાહા..! '**જે મુનિ ઉત્તમજ્ઞાનથી તો પ્રધાન હોય...**' સમ્યગ્જ્ઞાનમાં બાર અંગ આદિનું જ્ઞાન હોય. આહાહા..! '**ઉત્તમ તપશ્ચરણ કરવાનો જેનો સ્વભાવ હોય...**' ચરણ નામ મુનિપણામાં વીતરાગભાવ. ઉત્તમ તપશ્ચરણ. તપશ્ચરણ એટલે દીક્ષા. દીક્ષા એટલે ચારિત્ર. ચારિત્ર એટલે ઉત્તમ તપશ્ચરણ. એ ઉત્તમ ચારિત્રમાં ઉત્કૃષ્ટ હોય. જેનો સ્વભાવ એવો થઈ ગયો, એમ કહે છે. અતીન્દ્રિય આનંદમાં રમવું એવો મુનિનો સ્વભાવ થઈ ગયો છે. તે '**પોતાના આત્માને મદરહિત કરે–અનાદરરૂપ કરે...**' આહાહા..! વસ્તુસ્વરૂપ પરમેશ્વર છે એ તો દષ્ટિમાં છે પણ પર્યાયમાં આટલું જ્ઞાન ઉત્કૃષ્ટ થયું, બાર અંગ આદિ અને ચારિત્રની ઉત્કૃષ્ટ રમણતા આનંદની ઘણી થઈ ગઈ, તો પણ પર્યાયમાં પોતાને નીંદે છે. આહાહા..! પોતાની પર્યાયમાં પોતાનો અનાદર કરે છે. અરે..! તું શું.. અવધિ, મનઃપર્યય, કેવળજ્ઞાન દશા છે. સમ્યગ્દર્શન વિનાનું જ્ઞાન એ જ્ઞાન જ નથી. અગિયાર અંગ ભણ્યો હોય કે નવ પૂર્વ ભણ્યો હોય. સમજાય છે કાંઈ?

અહીંયાં તો આત્માનું આત્મજ્ઞાન.. આત્મજ્ઞાન (થયું હોય). નિમિત્તનું નહિ, રાગનું નહિ, પર્યાયનું જ્ઞાન નહિ. આહાહા..! આત્મજ્ઞાન. આત્મદ્રવ્ય જે વસ્તુ, એનું જ્ઞાન. એ જ્ઞાનની ઉત્કૃષ્ટ દશા ઘણી હોય તોપણ પોતાની પર્યાયમાં પોતાની નીંદા કરે છે. અરે..! તું ક્યાં પામર! ક્યાં સર્વજ્ઞ, મનઃપર્યયજ્ઞાની, અવધિજ્ઞાનીની દશા! સમજાય છે કાંઈ? અને ક્યાં તારી બાર અંગ આદિની જ્ઞાનદશા. એમ પોતાનો અનાદર કરે છે. એનું નામ નિર્માની છે. આહાહા..! અહીં તો જ્યાં પાંચ, પચ્ચીસ હજાર શ્લોક કંઠસ્થ કર્યા તો થઈ ગયા જાણે ડાહ્યા ને અભિમાની. સમજાય છે કાંઈ? અમને બહુ આવડે છે. આહાહા..!

અહીં તો પરમાત્મા એમ ફરમાવે છે, જેને ઉત્તમજ્ઞાન, સમ્યગ્જ્ઞાન આત્મજ્ઞાન થયું છે અને ચારિત્રમાં પણ ઉત્કૃષ્ટ દશા થઈ છે. છતાં પર્યાયમાં કેવળજ્ઞાન ને યથાખ્યાતચારિત્રની અપેક્ષાએ પોતાને અલ્પજ્ઞ માને છે. આહાહા..! સમજાય છે કાંઈ? પોતાની પર્યાયમાં...

'કાર્તિકેયાનુપ્રેક્ષા'ની ૩૧૩ ગાથામાં આવ્યું છે કે જેને અંતરમાં મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો અભાવ થયો, સમ્યગ્દર્શન અને સ્વરૂપાચરણ પ્રગટ થયા, એ પણ પોતાની પર્યાયમાં કેવળજ્ઞાન અને મહાશ્રુતજ્ઞાનીની અપેક્ષાએ પોતાને તૃણ સમાન માને છે. તણખલું.. તણખલું. આહાહા..! સમજાય છે કાંઈ? ચૌદ પૂર્વ આદિ બાર અંગનું જ્ઞાન સમ્યગ્જ્ઞાન થયું હોય તોપણ પોતાની પર્યાયમાં પોતાને તણખલા સમાન માને છે. વસ્તુ પ્રભુ છે પણ પર્યાયમાં મારી પામરતા છે, ઘણી પામરતા છે. આહાહા..! મારી જ્ઞાનદશા ક્યાં અને અવધિ, મનઃપર્યય આદિની જ્ઞાનદશા ક્યાં! અને મારી ચારિત્રની દશા ક્યાં અને યથાખ્યાત ચારિત્રવંતની વીતરાગદશા ક્યાં! આહાહા..! સમજાય છે કાંઈ? આ તો સમ્યગ્જ્ઞાનીની વાત છે, હોં! મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન એ તો જ્ઞાન જ નથી. એ તો પરલક્ષી જ્ઞાન બધું અજ્ઞાન છે. આહાહા..! સમજાય છે કાંઈ?

આ તો પોતાનું સ્વરૂપ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, એનું જ્ઞાન થયું અને વિકાસમાં અગિયાર અંગ આદિનો વિકાસ થયો. એક આચારાંગમાં અઢાર હજાર પદ અને એક પદના એકાવન કરોડ ઝાઝેરા શ્લોક. આહાહા..! એવા એવા અગિયાર અંગ કંઠસ્થ હો. સમજાય છે કાંઈ? મિથ્યાદૃષ્ટિને પણ અગિયાર અંગ કંઠસ્થ હોય, એની અહીંયાં વાત નથી.

અહીંયાં તો આત્મજ્ઞાનપૂર્વક જેને અગિયાર અંગનું જ્ઞાન થયું હોય.. આહાહા..! એ પણ પોતાની પર્યાયમાં.. આહાહા..! પોતાનો અનાદર કરે છે. આ નહિ, આ નહિ. આટલું નહિ. ક્યાં કેવળજ્ઞાન ઝળહળ જ્યોતિ, ક્યાં મનઃપર્યયજ્ઞાન, અવધિજ્ઞાન! એની અપેક્ષાએ પોતાને (પામર માને છે).

**'મુનિને ઉત્તમ માર્દવધર્મરત્ન હોય છે.'** છે? ધર્મરત્ન કહ્યું, જુઓ! **'मद्दवरयण'** છે ને? પાઠમાં એ છે. માર્દવરત્ન-ધર્મરત્ન. આહાહા..!

**'ભાવાર્થ :- સકલ શાસ્ત્રને જાણવાવાળો પંડિત હોય તોપણ જ્ઞાનમદ ન કરે. ત્યાં આમ વિચારે કે મારાથી મોટા અવધિ-મનઃપર્યયજ્ઞાની છે, કેવળજ્ઞાની તો સર્વોત્કૃષ્ટ જ્ઞાની છે. હું કોણ છું? અલ્પજ્ઞ છું. વળી ઉત્તમતપ કરે તોપણ તેનો મદ ન કરે.'** છ-છ મહિનાના અપવાસ કરે સમ્યગ્દર્શનપૂર્વક કરે તોપણ તેનો મદ ન કરે. **'પોતે સર્વ જાતિ, કુળ, બળ, વિદ્યા, ઐશ્વર્ય અને તપ આદિ વડે સર્વથી મોટો છે તોપણ પરકૃત અપમાનને પણ સહન કરે છે,..'** મહામુનિ રાજકુમાર હો, ચક્રવર્તી હો, (એ) મુનિ (થયા) હોય. આહાહા..! એનું લોકો અપમાન કરે તો સહન કરે છે. જ્ઞાતાપણે જાણનાર (રહે છે). આહાહા..! સમજાય છે કાંઈ? હું કોણ? **'ત્યાં ગર્વ કરી કષાય ઊપજાવતો નથી. ત્યાં ઉત્તમમાર્દવધર્મ હોય છે.'** આહાહા..!

સજ્ઝાયમાં એક આવે છે, 'ગર્વ ન કરીએ રે ગાત્રનો' ગાત્ર નામ શરીરનો ગર્વ ન કરીએ, પ્રભુ! સજ્ઝાયમાળામાં આવે છે. શ્વેતાંબરમાં ચાર સજ્ઝાયમાળા છે ને. દુકાન ઉપર બધી વાંચેલી ને. (સંવત) ૧૯૬૫-૬૬ ની સાલ. એમાં એ આવે છે. 'ગર્વ ન કરીએ રે ગાત્રનો.' ગાત્ર નામ શરીર. 'શ્રીકૃષ્ણ' જેવા વાસુદેવ મહાપુણ્યવંત બળદેવ, વાસુદેવ કૌસંબી વનમાં એકલા તરસ્યા અને દેહ છૂટી ગયો. સમજાય છે કાંઈ? જેના સોનાના ગઢ અને

રત્નના કાંગરા (હતા), એવી દ્વારિકા પોતાની હયાતીમાં બળદેવ અને વાસુદેવ સામે હળહળ અગ્નિ બળે. દરિયાનું પાણી છાંટે તો ઘ્યાસતેલ થઈને (બળે). આહાહા..! અરે..! ભાઈ!

'શ્રીકૃષ્ણ' બળદેવને કહે છે, ભાઈ! આપણે ક્યાં જાશું? આહાહા..! મા-બાપને અંદરથી કાઢવા ગયા (તો) દેવે ઉપરથી પડકાર કર્યો કે બેય નીકળી જાવ. તમારા મા-બાપ નહિ નીકળે. આખી દ્વારિકા ભસ્મ થઈ જશે. આહાહા..! એકલા બહાર જંગલમાં ચાલ્યા. તૃષા લાગી. ભાઈ! મને તૃષા લાગી છે. બળદેવને (કહે છે). આહાહા..! જેની આઠ-આઠ હજાર દેવ સેવા કરતા, ક્યાં ગયા? આહાહા..! ભાઈ! બળદેવને કહે છે, બંધવ! મને તૃષા લાગી છે. હું ચાલી શકતો નથી. હું એક ડગલું ભરી નહિ શકું. ભાઈ! હું પાણી લઈ આવું. આહાહા..! ન્યાં ક્યાં લોટા-બોટા હતા. વડના પાનના બનાવી પાણી લેવા ગયા. વડના પાન. એ તો બળદેવ હતા. મોટા બુદ્ધિવાળા હતા. પાણી માટે લોટા જેવું બનાવ્યું. ત્યાં પાછળ જરતકુમારે બાણ માર્યું. હરણ જેવું લાગ્યું. વાસુદેવ પુણ્યવંત પ્રાણી છે. જેના પગમાં તો પદ્મમણિ દેખાય. જાણે હરણ હોય. પગમાં પદ્મમણિ (જેવું દેખાયું). પગ આમ ઊંચો કરીને સૂતા હતા. હરણ છે એમ જાણીને માર્યું. કોણ છે આ જંગલમાં મારો અપરાધ કરનાર? 'શ્રીકૃષ્ણે' પોકાર કર્યો. આવ્યા, અરેરે..! પ્રભુ! તમે અહીંયાં ક્યાંથી? તમારે માટે મેં બાર-બાર વર્ષ સુધી વન વેઠ્યું. પ્રભુ! તમારે માટે. આ શું? ભાઈ! આહાહા..! એ શરીર સડ્યું. કીડી પડી, હોં! કીડી સમજ્યા! ચીંટિ. લાખો કીડી. આહાહા..! રત્નના પલંગમાં સૂવાવાળા, આઠ-આઠ હજાર દેવ સેવા કરે, હજારો જેની પદ્મણી રાણીઓ, એ અત્યારે પીડામાં. શરીરમાં કીડીઓ. ગર્વ ન કરશો ગાત્રનો, પ્રભુ! એ શરીર-ગાત્રનો ગર્વ ન કરીશ, નાથ! આહાહા..! શરીરની સ્થિતિ એવી છે. એમ જ્ઞાનનો અને ચારિત્રનો ગર્વ ન કરીશ તું. સમજાય છે કાંઈ? આહાહા..! એ માર્દવધર્મ (વિષે) થોડો પાઠ (લીધો).

(ઉપજાતિ)

हेतुस्वभावानुभवाश्रयाणां
सदाप्यभेदान्न हि कर्मभेदः।
तद्बन्धमार्गाश्रितमेकमिष्टं
स्वयं समस्तं खलु बन्धहेतुः।।३-१०२।।

ખંડાન્વય સહિત અર્થ :- અહીં કોઈ મતાંતરરૂપ થઈને આશંકા કરે છે-એમ કહે છે કે કર્મભેદ છે : કોઈ કર્મ શુભ છે, કોઈ કર્મ અશુભ છે. શા કારણથી? હેતુભેદ છે, સ્વભાવભેદ છે, અનુભવભેદ છે, આશ્રય ભિન્ન છે;-આ ચાર ભેદોના કારણે કર્મભેદ છે. ત્યાં હેતુનો અર્થાત્ કારણનો ભેદ છે. વિવરણ-સંક્લેશપરિણામથી અશુભકર્મ બંધાય છે, વિશુદ્ધપરિણામથી શુભબંધ થાય છે. સ્વભાવભેદ અર્થાત્ પ્રકૃતિભેદ છે. વિવરણ-અશુભકર્મસંબંધી પ્રકૃતિ ભિન્ન છે-પુદ્ગલકર્મવર્ગણા ભિન્ન છે. શુભકર્મ સંબંધી પ્રકૃતિ ભિન્ન

છે-પુદ્દ્ગલકર્મ વર્ગણા પણ ભિન્ન છે. અનુભવ અર્થાત્ કર્મનો રસ, તેનો પણ ભેદ છે. વિવરણ-અશુભકર્મના ઉદયે જીવ નારકી થાય છે અથવા તિર્યંચ થાય છે અથવા હીન મનુષ્ય થાય છે, ત્યાં અનિષ્ટ વિષયસંયોગરૂપ દુઃખને પામે છે; અશુભ કર્મનો સ્વાદ એવો છે. શુભ કર્મના ઉદયે જીવ દેવ થાય છે અથવા ઉત્તમ મનુષ્ય થાય છે, ત્યાં ઈષ્ટ વિષયસંયોગરૂપ સુખને પામે છે; શુભકર્મનો સ્વાદ એવો છે. તેથી સ્વાદભેદ પણ છે. આશ્રય અર્થાત્ ફળની નિષ્પત્તિ એવો પણ ભેદ છે. વિવરણ-અશુભકર્મના ઉદયે હીણો પર્યાય થાય છે, ત્યાં અધિક સંક્લેશ થાય છે, તેનાથી સંસારની પરિપાટી થાય છે; શુભકર્મના ઉદયે ઉત્તમ પર્યાય થાય છે, ત્યાં ધર્મની સામગ્રી મળે છે, તે ધર્મની સામગ્રીથી જીવ મોક્ષ જાય છે, તેથી મોક્ષની પરિપાટી શુભકર્મ છે.-આવું કોઈ મિથ્યાવાદી માને છે. તેના પ્રતિ ઉત્તર આમ છે કે-'कर्मभेदः न हि' કોઈ કર્મ શુભરૂપ, કોઈ કર્મ અશુભરૂપ-એવો ભેદ તો નથી. શા કારણથી? 'हेतुस्वभावानुभवाश्रयाणां सदा अपि अभेदात्' ( हेतु ) કર્મબંધના કારણ વિશુદ્ધપરિણામ-સંક્લેશ પરિણામ એવા બંને પરિણામ અશુદ્ધરૂપ છે, અજ્ઞાનરૂપ છે; તેથી કારણભેદ પણ નથી, કારણ એક જ છે. ( स्वभाव ) શુભકર્મ-અશુભકર્મ એવાં બંને કર્મ પુદ્દ્ગલપિંડરૂપ છે, તેથી એક જ સ્વભાવ છે, સ્વભાવભેદ તો નથી. ( अनुभव ) રસ તે પણ એક જ છે, રસભેદ તો નથી. વિવરણ-શુભકર્મના ઉદયે જીવ બંધાયો છે, સુખી છે; અશુભકર્મના ઉદયે જીવ બંધાયો છે, દુઃખી છે; વિશેષ તો કાંઈ નથી. ( आश्रय ) ફળની નિષ્પત્તિ, તે પણ એક જ છે, વિશેષ તો કાંઈ નથી. વિવરણ-શુભકર્મના ઉદયે સંસાર, તેવી જ રીતે અશુભકર્મના ઉદયે સંસાર; વિશેષ તો કાંઈ નથી. આથી એવો અર્થ નિશ્ચિત થયો કે કોઈ કર્મ ભલું, કોઈ કર્મ બૂરું એમ તો નથી, બધુંય કર્મ દુઃખરૂપ છે. 'तत् एकम् बन्धमार्गाश्रितम् इष्टं' ( तत् ) કર્મ ( एकम् ) નિઃસંદેહપણે ( बन्धमार्गाश्रितम् ) બંધને કરે છે, ( इष्टं ) ગણધરદેવે એવું માન્યું છે. શા કારણથી? કારણ કે 'खलु समस्तं स्वयं बन्धहेतुः' ( खलु ) નિશ્ચયથી ( समस्तं ) સર્વ કર્મ જાતિ ( स्वयं बन्धहेतुः ) પોતે પણ બંધરૂપ છે. ભાવાર્થ આમ છે કે-પોતે મુક્તસ્વરૂપ હોય તો કદાચિત્ મુક્તિને કરે; કર્મજાતિ પોતે સ્વયં બંધપર્યાયરૂપ પુદ્દ્ગલપિંડપણે બંધાયેલી છે, તે મુક્તિ કઈ રીતે કરશે? તેથી કર્મ સર્વથા બંધમાર્ગ છે. ૩-૧૦૨.

## કળશ-૧૦૨ ઉપર પ્રવચન

હવે ચાલતો અધિકાર. ૧૦૨ કળશ.

हेतुस्वभावानुभवाश्रयाणां
सदाप्यभेदान्न हि कर्मभेदः।
तद्बन्धमार्गाश्रितमेकमिष्टं
स्वयं समस्तं खलु बन्धहेतुः।।३-१०२।।

**ખંડાન્વય સહિત અર્થ** :- **'અહીં કોઈ મતાંતરરૂપ થઈને આશંકા કરે છે-'** મિથ્યાદૃષ્ટિ એવી આશંકા કરે છે **'એમ કહે છે : કોઈ કર્મભેદ છે : કોઈ કર્મ શુભ છે, કોઈ કર્મ અશુભ છે.'** અજ્ઞાની એમ માને છે કે કોઈ કર્મ શુભ છે અને કોઈ અશુભ છે. **'શા કારણથી? હેતુભેદ છે, સ્વભાવભેદ છે,...'** આહાહા..! **'અનુભવભેદ છે, આશ્રય ભિન્ન છે-આ ચાર ભેદોના કારણે કર્મભેદ છે. ત્યાં હેતુનો અર્થાત્ કારણનો ભેદ છે.'** એટલે? **'સંક્લેશપરિણામથી અશુભકર્મ બંધાય છે.'** સંક્લેશ અશુભભાવથી અશુભકર્મ બંધાય છે. અને **'વિશુદ્ધપરિણામથી શુભબંધ થાય છે.'** માટે કર્મમાં ભેદ છે. કર્મના કારણમાં ભેદ છે. બંધના કારણમાં ભેદ છે. એક સંક્લેશપરિણામથી પાપ બંધાય છે, વિશુદ્ધપરિણામથી પુણ્ય (બંધાય છે) તો કર્મના બંધનના કારણમાં ભેદ છે. એમ અજ્ઞાનીની દલીલ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

**'સ્વભાવભેદ અર્થાત્ પ્રકૃતિભેદ છે. વિવરણ-અશુભકર્મસંબંધી પ્રકૃતિ ભિન્ન છે-'** હવે કર્મ (લીધું). પહેલા કારણ-ભાવ લીધા હતા. ભાવમાં ભેદ છે, એમ અજ્ઞાની કહે છે. એક સંક્લેશપરિણામ છે, એક વિશુદ્ધપરિણામ છે. હવે એમ કહે છે કે, પ્રકૃતિબંધમાં પણ ભેદ છે. અજ્ઞાની એમ કહે છે. એકમાં પ્રકૃતિ શુભ બંધાય છે અને એકમાં અશુભ બંધાય છે. આહા..! સમજાય છે કાંઈ? **'પુદ્‌ગલકર્મવર્ગણા પણ ભિન્ન છે.'** પુદ્‌ગલકર્મની વર્ગણા એક શુભપણે છે અને એક અશુભપણે પ્રકૃતિમાં છે. એમ અજ્ઞાની પ્રકૃતિના બે ભેદ જાણે છે અને માને છે.

**'અનુભવ અર્થાત્ કર્મનો રસ, તેનો પણ ભેદ છે. વિવરણ-અશુભકર્મના ઉદયે જીવ નારકી થાય છે...'** પાપકર્મથી **'નારકી થાય છે, તિર્યંચ થાય છે અથવા હીન મનુષ્ય થાય છે, ત્યાં અનિષ્ટ વિષયસંયોગરૂપ દુઃખને પામે છે;...'** ત્યાં મહાઅનિષ્ટ દુઃખને નરક, તિર્યંચમાં પામે છે. **'અશુભ કર્મનો સ્વાદ એવો છે. શુભ કર્મના ઉદયે જીવ દેવ થાય છે...'** તમે કહો છો કે એક છે, એક છે. કેટલો ફેર છે. શુભકર્મથી સ્વર્ગમાં દેવ થાય. આ કરોડો, અબજોપતિ શેઠિયા થાય. ધૂળના ધણી. ઈ કહે છે કે ફેર છે. અજ્ઞાની કહે છે કે ફેર છે. અશુભથી નરક આદિમાં જાય છે અને શુભથી સ્વર્ગ અને શેઠાઈ મળે છે. તમે કહો છો કે એકસરખા, એકસરખા છે. સમજાય છે કાંઈ? **'શુભ કર્મના ઉદયે જીવ દેવ થાય છે અથવા ઉત્તમ મનુષ્ય થાય છે, ત્યાં ઈષ્ટ વિષયસંયોગરૂપ સુખને પામે છે...'** ઈષ્ટ અનુકૂળ વિષયોથી એને સુખ મળે છે. **'શુભકર્મનો સ્વાદ એવો છે.** આહાહા..! **તેથી સ્વાદભેદ પણ છે.'**

હવે આશ્રય. આમાં અને મૂળ 'સમયસાર'માં આશ્રયમાં ફેર છે. સમજાય છે કાંઈ? હમણાં પંડિતજીને કહ્યું હતું ને? મૂળ 'સમયસાર'માં આશ્રયમાં અજ્ઞાની કહે છે કે શુભભાવ મોક્ષમાર્ગને આશ્રયે બંધાય છે. અને અશુભ બંધમાર્ગને આશ્રયે બંધાય છે. એવી 'અમૃતચંદ્રાચાર્યદેવ'ની ટીકા છે. સમજાય છે કાંઈ? શું કહ્યું? અજ્ઞાનીની દલીલ છે કે શુભભાવ એ મોક્ષમાર્ગને આશ્રયે બંધાય છે અને અશુભભાવ બંધમાર્ગના આશ્રયે બંધાય છે. એ રીતે આશ્રયમાં ફેર છે. એમ અજ્ઞાની માને છે.

અહીંયાં આશ્રયમાં બીજા પરિણામ લીધા. 'આશ્રય અર્થાત્ ફળની નિષ્પત્તિ...' એ પુણ્ય એ પાપના જે ફળ છે **'અશુભકર્મના ઉદયે હીણો પર્યાય થાય છે, ત્યાં અધિક સંક્લેશ થાય છે, તેનાથી સંસારની પરિપાટી થાય છે;...'** અજ્ઞાની કહે છે, હોં! અશુભભાવથી

સંક્લેશપરિણામ, સંક્લેશપરિણામથી કર્મ અને કર્મથી રખડવાની પરિપાટી મળે છે. '**શુભકર્મના ઉદયે ઉત્તમ પર્યાય થાય છે,...**' મનુષ્યપણું મળે, સંઘયણ મળે. આહા..! અને એક હુકમ કરે ત્યાં એકના હજાર તૈયાર થાય. શું લેવું છે? સાહેબ! મોઢું શું માગે છે? શું જોઈએ? પાણી જોઈએ? બરફ જોઈએ? આહા..! પુણ્યકર્મના ઉદયથી આવી સંયોગ સામગ્રી મળે છે ને! અજ્ઞાનીની દલીલ છે. પુણ્યને કારણે '**ત્યાં ધર્મની સામગ્રી મળે છે, તે ધર્મની સામગ્રીથી જીવ મોક્ષ જાય છે, તેથી મોક્ષની પરિપાટી શુભકર્મ છે.**' અમે તો એમ માનીએ છીએ કે શુભભાવથી શુભકર્મ બંધાય છે એ મોક્ષની પરિપાટીમાં કામ કરે છે. એમ અજ્ઞાનીની દલીલ છે. આહાહા..! '**આવું કોઈ મિથ્યાવાદી માને છે,..**' છે? મિથ્યા-જૂઠું માનનારો. આહાહા..! તને ખબર નથી, નાથ!

'**તેના પ્રતિ ઉત્તર આમ છે કે-**' '**कर्मभेदः न हि**' '**કોઈ કર્મ શુભરૂપ, કોઈ કર્મ અશુભરૂપ-એવો ભેદ તો નથી.**' આહાહા..! '**શા કારણથી?**' '**हेतुस्वभावानुभवाश्रयाणां सदा अपि अभेदात्**' '**કર્મબંધના કારણ વિશુદ્ધપરિણામ-સંક્લેશ પરિણામ એવા બંને પરિણામ અશુદ્ધરૂપ છે, અજ્ઞાનરૂપ છે;...**' આહાહા..! દયા, દાન, ભક્તિ આદિના પરિણામ અશુદ્ધ છે. એ અજ્ઞાનરૂપ છે. અજ્ઞાન નામ એમાં જ્ઞાનસ્વભાવ નથી. આહાહા..! આવી વાત. પેલા કહે છે કે, ફેર છે. અહીં કહે છે કે, બંને અજ્ઞાન છે. સમજાય છે કાંઈ? ભગવાન ચૈતન્યજ્યોત પ્રભુ, એમાં શુભાશુભ ભાવમાં જ્ઞાન, ચૈતન્યનો તો અભાવ છે. આહાહા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવમાં જ્ઞાનસ્વરૂપ ચૈતન્યનો તો અભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? '**તેથી કારણભેદ પણ નથી.**' તું કહે છે કે સંક્લેશપરિણામથી પાપ બંધાય અને વિશુદ્ધપરિણામથી પુણ્ય (બંધાય), એવો કારણભેદ (છે). અમે તો કહીએ છીએ, બેયથી બંધ થાય છે, કારણભેદ નથી. આહાહા..! શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, તપથી પુણ્ય બંધાય છે અને સંક્લેશપરિણામથી પાપ બંધાય, પણ બેયમાં બંધ છે, ફેર કાંઈ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આહા..!

'**કારણ એક જ છે...**' શું કહે છે? શુભ-અશુભ પરિણામ અજ્ઞાનમય અશુદ્ધપણું એક જ છે. એમાં શુભ ઠીક છે અને અશુભ અઠીક છે, એવું છે જ નહિ. આહાહા..! મોટી તકરાર. આ ઝઘડા. શુભભાવથી મોક્ષમાર્ગ છે, એમ કહે છે. અરેરે..! આહાહા..! અહીં કહે છે કે, શુભ અને અશુભ બેય એક પરિણામ બંધનું કારણ છે. અરેરે..! 'પ્રભુનો માર્ગ છે શૂરાનો, કાયરના નહિ કામ.' સમજાય છે કાંઈ? આહાહા..! 'હરિનો માર્ગ છે શૂરાનો, કાયરના નહિ કામ જો ને, પ્રભુનો માર્ગ છે શૂરાનો.' એ શુભ-અશુભ માર્ગ એ પ્રભુનો માર્ગ નહિ, બંધમાર્ગ છે. સમજાય છે કાંઈ? શુભ અને અશુભ બંને. આહાહા..! કાયરના તો કાળજા કંપી ઊઠે એવું છે.

જે ભાવે પુણ્યબંધ થાય એ ભાવ અશુદ્ધ અને અજ્ઞાન છે. આહાહા..! અજ્ઞાન શબ્દે મિથ્યાત્વ નહિ. અજ્ઞાન શબ્દે એમાં જ્ઞાન ચૈતન્યનો અભાવ છે. ચાહે તો પંચમહાવ્રતના પરિણામ હો. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, મંદિર બનાવવા, રથયાત્રા કાઢવી, આ ધર્મશાળા બનાવવી. શેઠ આવી ગયા. શેઠે ત્રણ લાખની ધર્મશાળા બનાવી છે. 'ઈન્દૌર'માં.

'ઇન્દૌર' નહિ, તમારું 'સાગર.. સાગર. સાગર.' એ ધર્મશાળા અને મંદિર ક્રોડ બનાવે પણ એ ભાવ શુભ અને અશુદ્ધ ને અજ્ઞાન છે. આહાહા..! ગજબ વાત છે. સમજાય છે કાંઈ?

**'કારણભેદ પણ નથી, કારણ એક જ છે. શુભકર્મ-અશુભકર્મ એવાં બંને કર્મ પુદ્ગલપિંડરૂપ છે, તેથી એક જ સ્વભાવ છે, સ્વભાવભેદ તો નથી.'** એ પુણ્યબંધ થાય કે પાપબંધ થાય, બેય પ્રકૃતિ પુદ્ગલ જડ છે. ૧૦૨ કળશ. સમજાય છે કાંઈ? આ તો બહુ સાદી વાત છે. આમાં કાંઈ બહુ... બપોરની જરી ઝીણી છે. બપોરમાં શબ્દે શબ્દે ફેર છે. આહાહા..! અહીંયાં તો કહે છે, પ્રભુ! તું કોણ છો? અંદર ચૈતન્યરત્ન હીરલો પડ્યો છે, પ્રભુ! આહાહા..! સચ્ચિદાનંદ નાથ પ્રભુ! તારી ચીજમાંથી બહાર નીકળવું, શુભાશુભ ભાવ પ્રભુ! એ તો દુઃખરૂપ છે. આહાહા..! એ બંને અજ્ઞાન છે. આહાહા..! અને બંનેનું ફળ કર્મબંધન એ પણ પુદ્ગલ છે. ચાહે તો પુણ્યબંધ હો, ચાહે તો પાપબંધ, એ બેય પુદ્ગલ જડ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'સ્વભાવભેદ તો નથી.'** સ્વભાવભેદ નથી. શું કહ્યું? શુભ-અશુભ પરિણામમાં કારણભેદ છે એમ તું કહે છે. અમે તો કહીએ છીએ, બેયથી બંધ થાય છે, કારણભેદ નથી. હવે તું બંધની પ્રકૃતિના સ્વભાવમાં તું ભેદ માને છો. અમે તો કહીએ છીએ, બંને પુદ્ગલ સ્વભાવ છે. સ્વભાવમાં કોઈ ભેદ નથી. આહાહા..! રસભેદ છે. **'રસ તે પણ એક જ છે, રસભેદ તો નથી. વિવરણ-શુભકર્મના ઉદયે જીવ બંધાયો છે, સુખી છે;...'** લોકો માને છે. પૈસાવાળા ને આબરૂવાળા સુખી છે. ધૂળમાંય નથી. સમજાય છે કાંઈ? આહાહા..! **'અશુભકર્મના ઉદયે જીવ બંધાયો છે, દુઃખી છે; વિશેષ તો કાંઈ નથી.'** વિશેષ કાંઈ નથી. આહાહા..! બંને રસ ખરાબ છે. આહા..!

'આશ્રય' **'ફળની નિષ્પત્તિ, તે પણ એક જ છે,...'** બંનેમાં ફળ છે-જડ સંયોગ. **'વિશેષ તો કાંઈ નથી.'** ટીકામાં 'અમૃતચંદ્રાચાર્યે' એમ લીધું છે,... ૧૪૫ ગાથા. એમાં એમ લીધું છે. શિષ્યે એમ કહ્યું કે શુભભાવ તો મોક્ષમાર્ગને આશ્રયે છે અને અશુભભાવ બંધમાર્ગને આશ્રયે છે. જવાબ એમ આપ્યો છે. એમાં બે અર્થ થઈ ગયા છે, મતભેદ થઈ ગયા છે. ત્યાં એમ કહ્યું કે, શુભ મોક્ષમાર્ગ છે, અશુભ બંધમાર્ગ છે. એવો પાઠ છે. પણ એ શુભ મોક્ષમાર્ગ એટલે શુભભાવ નહિ. જે શુદ્ધ મોક્ષનો માર્ગ છે એને ત્યાં શુભ કહેવામાં આવ્યો છે. આહાહા..! જે નિજ શુદ્ધ ચૈતન્ય વસ્તુ, એની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતાના વીતરાગ પરિણામ થાય તેને ત્યાં શુભ કહેવામાં આવ્યા છે. એ શુભ છે. અને પુણ્ય ને પાપ પરિણામ છે તે બંને અશુભ છે. નિશ્ચય મોક્ષમાર્ગ શુભ છે. અને રાગ-શુભ અશુભ પરિણામ બંને અશુદ્ધ અને અશુભ છે. આહાહા..! એ અર્થમાં થોડો ફેર કરે છે, 'ફૂલચંદજી' અર્થમાં ફેર કરે છે કે શુભ તો મોક્ષમાર્ગને આશ્રયે રહે છે. અને પાછો ત્યાં પ્રશ્ન એમ લીધો છે, જીવમય ત્યાં લીધું છે. શુભ મોક્ષમાર્ગને આશ્રયે છે એટલે જીવમય છે. તો જો શુભપરિણામ મોક્ષમાર્ગને આશ્રયે કહો તો શુભપરિણામ જીવમય નથી, એ તો વિકાર પરિણામ છે. જીવમય શુભનો અર્થ પોતાના આશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પરિણામ ઉત્પન્ન થયા એ શુભ છે અને એ જીવમય છે. એ જીવમય છે. સમજાય છે કાંઈ? અરે..! અર્થમાં પણ ફેર. શું કરે? આહા..!

એ મતાંતર કહે છે અને પાઠનો અર્થ પણ લોકોને એમ દેખાય કે શુભાશુભ મોક્ષમાર્ગ, બંધમાર્ગ એવો પાઠ છે. શુભ એ મોક્ષમાર્ગ છે અને અશુભ બંધમાર્ગ છે. પણ એ શુભ પરિણામની વાત નથી. શુભ નામ ત્યાં શુદ્ધ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ શુદ્ધને ત્યાં શુભ કહેવામાં આવ્યું છે. આહાહા..! સમજાય છે કાંઈ? સંસ્કૃત ટીકામાં એમ છે. ૧૪૫ ગાથાની મૂળ ટીકા છે. 'સમયસાર' વાંચે એને મૂંઝવણ થઈ જાય છે. અહીંયાં અર્થ બીજો લીધો છે. આશ્રયમાં ફળ લીધું છે. ત્યાં આશ્રયમાં મોક્ષમાર્ગને આશ્રયે શુભ છે અને બંધમાર્ગને આશ્રયે અશુભ છે, એવી અજ્ઞાનીની દલીલ હતી. તો એના ઉત્તરમાં કહ્યું કે શુભ તો એને કહીએ કે જે આત્માના આશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાનની પવિત્રતા પ્રગટ થાય એને શુભ કહીએ. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- પવિત્રતાને શુભ કહ્યું.

ઉત્તર :- એને શુભ કહે છે. એ શુભ છે. આહાહા..! ભલો એ છે. શુભ-અશુભભાવથી રહિત નિજ આત્મા પવિત્ર ભગવાનના આશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર વીતરાગી પર્યાય ઉત્પન્ન થાય એને ભગવાન મોક્ષમાર્ગને આશ્રયે શુભ કહે છે. શુભ નામ શુદ્ધ. શુદ્ધને શુભ કહ્યું છે. અને પુણ્ય ને પાપ જે શુભાશુભ ભાવ છે એને અશુભ કહ્યું છે. સમજાય છે કાંઈ? અર્થમાં જરી ફેર છે. કારણ કે જો એમ કહો કે શુભભાવ મોક્ષમાર્ગને આશ્રયે મોક્ષમાર્ગ કહો. તો શુભને તો જીવમય કહ્યું છે. તો એ શુભભાવ જીવમય છે જ નહિ. એ તો અશુદ્ધ અને અજ્ઞાનમય છે. આહાહા..! સમજાય છે કાંઈ? અમારા પંડિતજીએ એવો અર્થ કર્યો છે કે શુભ એટલે શુદ્ધ. અને અશુભ એટલે શુભાશુભ ભાવ બેય અશુદ્ધને અશુભ કહ્યું છે. સમજાય છે કાંઈ? એમાં અર્થમાં ફેર છે. 'ફૂલચંદજી' એવો અર્થ કરે છે કે શુભભાવ છે.. પાછા કહે ઈ કે શુભભાવ મોક્ષનું કારણ નથી. પણ શુભભાવ મોક્ષમાર્ગ છે અને અશુભભાવ બંધમાર્ગ છે, એવો અર્થ કરે છે. પણ એમ નથી. સમજાય છે કાંઈ? શુભભાવ તો નિશ્ચયથી એને કહીએ કે શુભ-અશુભભાવથી રહિત ભગવાનઆત્માને ધ્યેય બનાવીને જે શુદ્ધ પરિણામ સમ્યગ્દર્શન, જ્ઞાન વીતરાગતા થઈ એને મોક્ષમાર્ગને આશ્રયે શુભ કહેવામાં આવ્યું છે. અને શુભ ને અશુભભાવ બંધમાર્ગને આશ્રયે અશુભ કહેવામાં આવ્યા છે. 'જિનેશ્વરદાસજી'! એ ટીકામાં એમ છે. ૧૪૫ છે ને?

'**શુભ (સારો) એવો મોક્ષમાર્ગ તો કેવળ જીવમય હોવાથી**...' ૧૪૫ ગાથાનું સંસ્કૃત. '**શુભ (સારો) એવો મોક્ષમાર્ગ તો કેવળ જીવમય હોવાથી અને અશુભ (ખરાબ) એવો બંધમાર્ગ તો કેવળ પુદ્‌ગલમય હોવાથી**...' આવી ટીકા છે પણ એનો અર્થ જુદો છે. '**શુભ (સારો) એવો મોક્ષમાર્ગ તો કેવળ જીવમય હોવાથી**...' સારો નામ શુદ્ધ પરિણામ. શુભાશુભ પરિણામથી રહિત શુદ્ધ પરિણામ. એ '**(સારો) એવો મોક્ષમાર્ગ તો કેવળ જીવમય હોવાથી**...' સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે વીતરાગી પર્યાય તે જીવમયી છે અને શુભાશુભ પરિણામ જીવમય નથી. સમજાય છે કાંઈ? પહેલા અર્થ કરે છે પછી એમ કહે છે કે શુભભાવ પણ બંધનું કારણ છે. પણ મોક્ષમાર્ગ વ્યવહાર છે એમ કહે છે. અહીંયાં એ વાત નથી. વ્યવહાર મોક્ષમાર્ગ છે જ નહિ. અહીંયાં તો મોક્ષમાર્ગ શુભને કહ્યું. જે શુદ્ધ પરિણામ નિજ શુદ્ધ

ચૈતન્યના આશ્રયે નિર્મળ વીતરાગી પરિણતિ મોક્ષમાર્ગની ઉત્પન્ન થાય, એ મોક્ષમાર્ગ છે અને એના આશ્રયથી એને શુભ કહેવામાં આવ્યું છે. પંડિતજી! શુદ્ધને શુભ કહેવામાં આવ્યું છે અને શુભ-અશુભભાવને અશુદ્ધ કહીને બેયને અશુભ કહેવામાં આવ્યા છે. આહાહા..! અશુભ. બેય બંધના કારણ છે. આહાહા..!

મુમુક્ષુ :- 'સમયસાર'... ?

ઉત્તર :- 'સમયસાર' ૧૪૫. પાઠ છે અંદર, જુઓ! અંદર પાઠ છે? સંસ્કૃતમાં એવો પાઠ છે. 'शुभोऽशुभो वा जीवपरिणामः केवलाज्ञानमयत्वादेकः' જોયું! 'तदेकत्वे सति कारणाभेदात् एकं कर्म। शुभोऽशुभो वा पुद्गलपरिणामः केवलपुद्गलमयत्वादेकः... शुभोऽशुभो वा फलपाकः...' એ આવી ગયું. 'शुभाशुभो मोक्षबन्धमार्गो' આવો પાઠ છે. 'शुभाशुभो मोक्षबन्धमार्गो तु प्रत्येकं केवलजीवपद्गलमयत्वादनेकौ' ટીકામાં એમ છે કે શુભ, અશુભ. શુભ મોક્ષમાર્ગ, અશુભ બંધમાર્ગ. 'तु प्रत्येकं केवल' શુભ જીવમય, અશુભ શુભાશુભ પરિણામ પુદ્ગલમય, એથી અનેક છે. બે એક નથી, અનેક છે. આહાહા..! સંસ્કૃત ટીકામાં એમ લીધું છે. પણ શુભનો અર્થ ત્યાં શુદ્ધ લેવો છે. અને શુભાશુભભાવનો અર્થ ત્યાં અશુભ લેવો છે. આહાહા..!

મુમુક્ષુ :-

ઉત્તર :- એ વાત અને અનેક છે, બે એક નથી. ભગવાનઆત્માનો શુભભાવ એને કહ્યો, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે નિર્વિકારી પર્યાય ઉત્પન્ન થઈ એ મોક્ષમાર્ગને અહીંયાં શુભ કહ્યો. અને એનાથી વિરૂદ્ધ જેટલા પુણ્ય અને પાપ શુભ-અશુભભાવ છે એને પુદ્ગલમય કહીને અશુભ કહ્યા. એ પુદ્ગલમય અજ્ઞાનમય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

આણે અર્થ બીજો લીધો છે. આણે આશ્રયનો અર્થ ફળ લીધો. શુભનું ફળ અનુકૂળતા અને અશુભનું ફળ પ્રતિકૂળતા. બસ. પણ બધા પુદ્ગલના સંયોગ છે. એમ કહીને ઊડાવી દીધું. આહા..! સમજાય છે કાંઈ? કોને પડી છે અંદર કે સત્ય શું છે? સમજાય છે કાંઈ? આહા..! નામામાં આઠ આનાનો ફેર પડે તો રૂપિયાનું ગ્યાસતેલ બાળીને નિર્ણય કરે. કેમ આ ફેર પડ્યો? રાત બાળે, રાત આખી ને નામું મેળવે. આહાહા..! પાપનું. આ નામાનો મેળ કઈ રીતે થાય છે એ કાંઈ ખબર ન મળે.

મુમુક્ષુ :- નામાનું તો જ્ઞાન જ નથી.

ઉત્તર :- પણ જેને ધર્મ કરવો હોય એણે મેળવવું પડશે કે નહિ? ધર્મ ખાતામાં ધર્મ શું? અને અધર્મ ખાતામાં અધર્મ શું? શુભાશુભ ભાવ બેય અધર્મ છે, અશુદ્ધ છે, અશુદ્ધ છે. અશુભ છે. અને ભગવાનઆત્માના આનંદ, જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર થયા એ શુદ્ધ છે, શુભ છે, એ મોક્ષનો માર્ગ છે. સમજાય છે કાંઈ? આહાહા..! અરે..! માણસ શું કરે છે? પોતાની દૃષ્ટિ (સાથે મેળવે છે). 'ફૂલચંદજી'ની દૃષ્ટિ એવી નથી. દૃષ્ટિમાં તો રાગ બંધનું કારણ છે. પણ મોક્ષમાર્ગ શબ્દ જે પડ્યો છે ને? તો એ શુભ મોક્ષમાર્ગ એમ અર્થ લીધો. અને બીજા તો શુભભાવને મોક્ષમાર્ગ જ કહે છે. પછી તો હેય કહે છે. 'ફૂલચંદજી' હેય તો કહે છે. સમજાય

છે કાંઈ?

અહીંયાં તો એક વાત છે, પ્રભુ! તારી ચીજ તો જો! ચૈતન્યરત્ન! અનંત શક્તિના રત્નથી ભરેલો પ્રભુ! એવા પ્રભુના અવલંબનથી જે પરિણામ થાય છે એને મોક્ષમાર્ગ કહે છે અને એને શુદ્ધ અને શુભ કહે છે. ભલા એને કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..! અને શુભ ને અશુભભાવ બેય ભુંડા છે, ખરાબ છે, એમ કહે છે. અશુભ છે.

કહે છે કે, 'આશ્રય' **'ફળની નિષ્પત્તિ, તે પણ એક જ છે.'** અહીં એ લીધું છે. બેયનું ફળ એક જ છે-સંયોગ મળે, દુઃખ મળે. બસ! આહાહા..! શુભ-અશુભભાવનું ફળ બંધન અને બંધનનું ફળ સંયોગ. એ દુઃખરૂપ. બધું દુઃખનું કારણ છે. આહાહા..! શુભને કારણે એ લક્ષ્મી મળવી એ દુઃખનું કારણ છે. એના ઉપર લક્ષ જાય છે તો પાપ બંધાય છે. આહાહા..! લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ-પરિવાર ઉપર લક્ષ જાય છે તો એકલા પાપ ઉત્પન્ન થાય છે, પાપબંધન છે. 'શાંતિભાઈ'! અરેરે..! જિંદગી આવી પચીસ-પચાસ વર્ષ જિંદગી ગાળે પછી કાંઈક થોડીઘણી ભગવાનની પૂજા કે શાસ્ત્રવાંચન કરે તો જાણે આપણને ધર્મ થઈ ગયો. આહાહા..! ભાઈ! ધર્મ ચીજ તો અલૌકિક છે, ભાઈ! એવા શુભભાવ તો 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' એ શુભભાવ અશુભ છે. નિશ્ચયથી તો અશુભ છે.

પુણ્ય-પાપ અધિકારમાં છેલ્લે કહ્યું ને? પ્રભુ! અહીં તો પાપનો અધિકાર ચાલે છે ને, એમાં તમે આ દયા, દાન, વ્રતને ક્યાં લાવ્યા? ભાઈ! એ દયા, દાન, વ્રત લાવ્યા એ નિશ્ચયથી તો પાપ છે. લે! ટીકામાં છે. પુણ્ય-પાપ અધિકારની 'જયસેનાચાર્યદેવ'ની ટીકાના પાઠમાં છે. સંસ્કૃત ટીકામાં છે. સમજાય છે કાંઈ? અધિકાર પાપનો ચાલે છે અને તમે વ્યવહાર મોક્ષમાર્ગની વાત અહીંયાં ક્યાંથી કહી? સમજાય છે કાંઈ? વ્યવહાર મોક્ષમાર્ગ તો પુણ્ય છે અને અહીં તો મોક્ષમાર્ગની વાત છે. પાપનો અધિકાર ચાલે છે. ભાઈ! પુણ્ય એ પાપ જ છે. 'યોગસાર'માં 'યોગીન્દ્રદેવે' પણ કહ્યું કે, 'પાપ પાપ કો સહુ કહે, પણ અનુભવીજન પુણ્યને પાપ કહે' આહાહા..! 'યોગસાર'માં આવે છે. 'પાપ પાપને સૌ કહે' પણ ધર્મી અનુભવી જીવ પુણ્યને પણ પાપ કહે. આહાહા..! સમજાય છે કાંઈ? નિજ ચૈતન્ય પવિત્ર સ્વરૂપથી ચ્યુત થવું, એ શુભભાવમાં ચ્યુત થવું એ પાપ છે. આહાહા..! અરે..! માર્ગ એને સાંભળવા મળે નહિ અને ઊંધો માર્ગ મળે, ક્યાં જાય? આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં કહે છે, આશ્રયમાં ફેર છે. મોક્ષમાર્ગને આશ્રયે શુદ્ધતા પ્રગટ થાય છે. બંધમાર્ગને આશ્રયે અશુદ્ધતા પુણ્ય અને પાપ ઉત્પન્ન થાય છે. આહાહા..! એ ટીકાનો અર્થ છે. અહીંયાં આશ્રયનો અર્થ ફળ (લીધો છે). પુણ્ય અને પાપ બેયનું ફળ સંયોગ દુઃખ છે. સમજાય છે કાંઈ? એમાં આત્માની શાંતિ ત્યાં નથી. આહાહા..! જ્યાં શાંતિનો સાગર ભગવાન ડોલે છે. શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતરસથી ભરેલો પ્રભુ! આહા..! પ્રભુની સ્તુતિમાં નથી આવતું? 'ઉપશમરસ વરસે રે પ્રભુ તારા નયનમાં, ઉપશમરસ વરસે રે પ્રભુ તારા નયનમાં.' જેના શરીરમાં ઉપશમરસ દેખાય. ભગવાનને પ્રગટ કેવળજ્ઞાન થયું. ઉપશમરસમાં અંદર ઢીમ થઈ ગયા! આહા..! એમ ભગવાન ઉપશમરસ દ્રવ્યસ્વભાવ તો ઉપશમરસ સ્વરૂપ છે. આહાહા..! એના આશ્રયે ઉપશમ નામ શાંતિ નામ વીતરાગતા ઉત્પન્ન થાય છે. શાંતિ પમાડે તેને સંત

કહીએ. આહા..! એને ચરણે જઈને રહીએ. આ શાંતિ પમાડે એ તો ભગવાન અંદર છે. આહાહા..! શાંતિનો સાગર ઉછળે છે ને, પ્રભુ! એ પુણ્ય-પાપના રાગ વિનાની ચીજ છે ને! આહાહા..! જેને શરણે જતાં તને શાંતિ મળશે. પુણ્ય-પાપને શરણે જતાં પ્રભુ! તને અશાંતિ દુઃખ મળશે. આહાહા..! સમજાય છે કાંઈ? હવે અત્યારે આ મોટી ચર્ચા 'મખ્ખનલાલજી'એ કાઢી. શુભભાવ મોક્ષનો માર્ગ છે. શુભભાવને હેય માને એ મિથ્યાદષ્ટિ છે. અરેરે..! પ્રભુ! શું કરે છે? ભાઈ!

મુમુક્ષુ :- શબ્દની ભ્રાંતિ થઈ ગઈ.

ઉત્તર :- શબ્દની ખબર ન મળે, બાપુ! આહાહા..! એ શુભભાવને નિશ્ચયથી તો અહીંયાં અશુભ કહ્યો. શુભ-અશુભ બેય ભાવને તો અશુભ કહ્યા. અને અશુભ તો બંધમાર્ગને આશ્રયે કહ્યો. જેમ અશુભથી બંધ પડે છે, એમ શુભથી બંધ પડે છે. આહાહા..! મોક્ષમાર્ગ નહિ, એ તો બંધમાર્ગ છે. અરેરે..! સમજાય છે કાંઈ?

'**શુભકર્મના ઉદયે સંસાર...**' છે. દેખો! શુભભાવથી બંધ પડ્યો અને એનું ફળ તો સંસાર છે. ચાર ગતિ મળે. ભલે સ્વર્ગ મળે કે આ શેઠાઈ મળે, એ સંસાર છે. આહાહા..! અબજોપતિ હો, કરોડોપતિ હો. કરોડપતિની તો અત્યારે ગણતરી નથી, હવે અબજોપતિ થઈ ગયા છે. પહેલાં લાખપતિમાં બહુ કહેવાતા. લાખ શું પહેલાં તો દસ હજારમાં બહુ કહેવાતા. અમારા પિતાજીના પિતાજી પાસે દસ હજાર રૂપિયા હતા. ગામમાં રાજા રાજા કહેવાય. રૂપાળું સુંદર શરીર. દસ હજારની મૂડી. ધંધો-બંધો કરી શકે નહિ. રૂનો વેપાર રૂના ધોકડા. માણસને 'ધોલેરા' મોકલે. બે મહિનામાં બે હજાર પેદા કરી લે. બસ, પછી દસ મહિના ધંધો નહિ. અમારા પિતાજીના પિતાજી. બહુ સુંદર રૂપ હતું અને ગૃહસ્થ હતા. મોટું નામાંકિત નામ હતું પણ મૂડી કેટલી? દસ હજાર. હવે અહીં તો પચ્ચીસ-પચ્ચીસ હજારની એક દિ'ની પેદાશવાળા પૈસાવાળા પડ્યા છે. ધૂળના ધણી. જેને ભાન ન મળે કાંઈ. આહાહા..!

અહીં કહે છે કે એ પુણ્યના ફળ તો દુઃખ છે. આહાહા..! પુણ્ય પોતે દુઃખ છે. શુભભાવ.. આહાહા..! એ આકુળતા છે. નિરાકુળતાનું એ કારણ નહિ. નિરાકુળતાનું કારણ તો ભગવાનઆત્મા છે. આહાહા..! ભગવાન સચ્ચિદાનંદ પ્રભુનો આશ્રય લેવાથી નિરાકુળતા પ્રગટ થાય છે. પુણ્ય-પાપનો આશ્રય તો દુઃખરૂપ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાતું છે, શેઠ! દુનિયાથી નિરાળી છે, ભાઈ! આ તો વીતરાગ જિનેન્દ્રનો માર્ગ છે. ઓહો..! અને અત્યારે તો એવી ધમાધમ પર્યુષણમાં ચલાવશે. પંડિતો ને ત્યાગીઓ. આ વ્રત ને અપવાસ ને એ બધો ધર્મ છે. ધર્મ ના પાડે તે નહિ (ચાલે). અરે..! ભગવાન! તારો માર્ગ આટલો છે ને.

બંધનના હેતુમાં તું ફેર કહે છે, પણ અમે તો ના પાડીએ છીએ કે બંધનના હેતુમાં કાંઈ ફેર નથી. શુભ હો કે અશુભ, બેયનું બંધન છે. આહાહા..! વાત સાંભળી જાય નહિ. કઠણ પડે. આહાહા..! આ સમ્મેદશીખરની જાત્રા ને તીર્થરક્ષાના બધા ફંડ કરે. 'બાબુભાઈ' કરે છે ને? તીર્થ રક્ષાનું. પણ એમાં તકરાર ચાલી છે કે એ સોગનઢનું તીર્થ રક્ષા ફંડ છે માટે નહિ. અરે..! ભગવાન! એ તો શુભભાવ હોય છે. બાકી તીર્થરક્ષાનો ભાવ એ કોઈ ધર્મ છે?

આહાહા..! આકરી વાત છે, પ્રભુ! આવું માનશે તો કોઈ નહિ કરે. પણ નહિ કરે, ઈ આવ્યા વિના રહેશે નહિ. જ્યાં સુધી વીતરાગતા નથી ત્યાં સુધી આત્મદૃષ્ટિપૂર્વક શુભભાવ આવે છે. પણ એ શુભભાવનું ફળ બંધ છે.

મુમુક્ષુ :- પણ કોઈ કરશે કે નહિ કરે એ..

ઉત્તર :- એ પ્રશ્ન ક્યાં છે, કરશે કે નહિ કરે. એ આવશે જ એ કાળે એને. જે કાળે જે પર્યાય થવાની, થવાની તે થવાની. 'જે જે દેખી વીતરાગને તે તો હોસી વીરા, અનહોની કબહુ ન હોસે, કાહે હોત અધીરા' 'કાહે હોત અધીરા' આહાહા..! એ તો અશુભભાવના કાળમાં અશુભ જ આવશે, નાથ! પણ એ દુઃખરૂપ છે એમ હેય જાણીને આવશે. અને શુભના કાળે પણ શુભ આવે છે. સંતોને પણ પંચમહાવ્રતનો વિકલ્પ શુભભાવ આવે છે, પણ છે તે હેયરૂપ માને છે. આહાહા..!

સંતો તો અતીન્દ્રિય આનંદના સ્વરૂપમાં મશગુલ થઈ ગયા છે. અતીન્દ્રિય આનંદના.. આહાહા..! પરિપૂર્ણ આનંદના મહેલમાં જેણે પગલા માંડ્યા, પ્રવેશ કર્યો. આહાહા..! શુભાશુભ પરિણામથી ખસીને.. સંતો તો એને કહીએ, જેણે અતીન્દ્રિય આનંદનો નાથ-મહેલમાં પ્રવેશ કર્યો છે. આહાહા..! અર્થાત્ તેની સન્મુખ થયા છે. એવા અતીન્દ્રિય આનંદમાં મસ્ત છે. એને અહીંયાં મુનિ કહે છે. પંચ મહાવ્રતમાં મસ્ત છે અને અતીન્દ્રિય આનંદને ભૂલી જાય છે એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! આવી વાતું (છે). શેઠિયાઓએ પણ અત્યાર સુધી બધું દરકાર વિના કર્યું. અમે મોટા છીએ, મોટા છીએ. શેઠ! ઠપકો મળ્યો.

એક પિતાનો પુત્ર હોય અને બીજાના પિતાનો પુત્ર એમ કહે કે મારા બાપે (તારા બાપને) ગયા ભવમાં પાંચ લાખ આપ્યા છે. માને? ત્યાં વિચાર કરે, નહિ, નહિ. પેલા ભવમાં આપ્યા છે એ કોને ખબર છે. તારા બાપને મારા બાપે પાંચ લાખ ગયા ભવમાં આપ્યા છે. લાવ. ત્યાં ના પાડે. ન્યાં વિચાર કરે નહિ કે એણે માગ્યા માટે દઈ દઉં. એમ માથે પંડિત કહે કે આવા પુણ્યથી ધર્મ થાય છે. તો કહે, હા. ઈજારો છે.

કહ્યું ને ભાઈએ? સાંભળ્યું? 'જિનેશ્વરદાસજી'! એક 'બાબુલાલ જમાદાર' છે, અહીંનો વિરોધ કરે છે. એની સાથે એક આવ્યા હતા. 'પ્રિયંકરજી'. અહીંયાં ભાષણ કર્યું હતું. મારી સાથે એની ઘણી ચર્ચા થઈ છે. એણે ખાનગીમાં કહ્યું કે, વાત તો સોનગઢની સાચી છે. પણ અમે જો સાચી કહીએ... ક્રમબદ્ધ તો ત્યાંથી નીકળ્યું છે. ક્રમબદ્ધનું ઉદ્‌ઘાટન સોનગઢથી થયું છે. સમજાય છે કાંઈ? ક્રમબદ્ધની ભાષા કરનાર તો અમારા પંડિતજી 'હિંમતભાઈ'એ કરી છે. જો ક્રમબદ્ધ અમે નક્કી કરીએ તો સોનગઢનું સાચું ઠરશે, તો લોકો ત્યાં ચાલ્યા જશે. અમારી ઠેકેદારી નહિ રહે. અને ત્યાં સુધી બોલ્યા, અહીં બોલી ગયા હતા, મારી મોઢે કહ્યું હતું, અમે નરક ને નિગોદમાં જશું. અમે સોનગઢનો વિરોધ કરીએ છીએ પણ હવે બીજું શું કરીએ? ઠેકેદાર થયા. એમ બોલ્યા. રેકોર્ડિંગ ઉતાર્યું છે. 'પ્રિયંકરજી' અહીં બોલ્યા. 'પ્રિયંકરજી' છે. ક્યાંના છે? 'મુંબઈ'. ચર્ચા થઈ. 'લાલબહાદુરે' કહ્યું. ક્રમબદ્ધની વાત તો સાચી છે. એક 'સિદ્ધસેન' સાધુ છે. અહીંનો વિરોધ કરવા આવવાના હતા. શાસ્ત્ર જોવાથી તો ક્રમબદ્ધ દેખાય છે. શું કરવું? જો તમે માનશો તો સોનગઢનું સત્ય ઠરશે. માટે તમારે નહિ માનવું.

સાધુ કહે, ન માનવું. લો! અરરર...! અરે..! પ્રભુ! સત્યને સ્વીકારમાં તને શું હરકત છે? બાળક કહે તોપણ શું છે?

આઠ વર્ષનો બાળક કોઈ સમકિતી જ્ઞાની છે. એ કહે તોપણ તમારે માન્ય રાખવું જોઈએ. અમે આટલા સાંઈઠ વર્ષના, એંસી વર્ષના છીએ માટે.. એંસી વર્ષ તો દેહના છે. તારી સ્થિતિ તો અનાદિઅનંત છે. તો અનાદિઅનંત તત્ત્વનું કોઈને ભાન હોય અને કહે અને ભૂલ હોય તો કબુલ કરી લેવી કે વાત સાચી છે, ભાઈ! બાળક કહે છે પણ વાત સાચી છે. આહાહા..!

શ્વેતાંબરમાં એવું આવે છે. એક સાધુ નીકળ્યા હતા. રસ્તામાં એક સ્ત્રી મળી તો એની સાથે વાતચીત કરતા હતા. ત્યાં એક બાળક આવ્યો. અરે..! મહારાજ તમે આ સ્ત્રી સાથે વાત કરો છો! રસ્તામાં ઈર્યાસમિતિ..? તું શું જાણે છે? શાસ્ત્ર કહે છે કે, બાળક કહે તોપણ એનું માની લેવું. રસ્તામાં ચાલતાં સ્ત્રીની સાથે વાત કરે છે, તમારે ઈર્યાસમિતિ નથી, આ શું કરો છો? સ્ત્રીનો સંગ, પરિચય બ્રહ્મચારીને હોય નહિ. બાળક કહે તોપણ સત્ય માની લેવું. 'જિનેશ્વરદાસજી'!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, ઈ. આવ્યું છે. શબ્દ યાદ ન હોય, ભાવ યાદ હોય. આહાહા..!

અહીં એ કહે છે, **'શુભકર્મના ઉદયે સંસાર, તેવી જ રીતે અશુભકર્મના ઉદયે સંસાર;...'** વિવરણ છે ને? વિવરણ. આહાહા..! એ પુણ્યભાવનું ફળ સંસાર. અરે..! પુણ્યભાવ પોતે સંસાર. આહાહા..! **'ગણધરદેવે એવું માન્યું છે.'** છે? **'ઇષ્ટં'** **'ગણધરદેવે એવું માન્યું છે.'** ભગવાનની વાણી ૐ. 'મુખ ૐ(કાર) ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે'. ભગવાનની વાણી મુખમાંથી ૐ ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે. 'રચી આગમ ઉપદેશ ભવિક(જીવ) સંશય નિવારે.' એ ગણધરદેવ એમ કહે છે. વાણીની રચના કરનાર એમ કહે છે કે, પુણ્ય એ સંસાર છે. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ભાદરવા સુદ ૭, સોમવાર, તા.૧૯-૯-૧૯૭૭
## કળશ - ૧૦૨ થી ૧૦૪, પ્રવચન - ૯૯

દસલક્ષણી પર્વનો આજે ત્રીજો દિવસ છે. ઉત્તમઆર્જવ ધર્મ. ક્ષમા થઈ અને માર્દવ-નિર્માનતા થઈ ગયા. આ સરળતા-આર્જવ. સરળતા તો મનથી, વચનથી અને કાયાથી. એ પણ સરળતા છે. એ પુણ્યબંધનું કારણ છે. આ તો સરળતા સમ્યગ્દર્શન શુદ્ધઉપયોગ, પોતાનો જે શુદ્ધોપયોગ, શુભ-અશુભભાવ જે અશુદ્ધઉપયોગથી રહિત થઈ શુદ્ધઉપયોગમાં જ્યારે સમ્યગ્દર્શન થાય છે, પછી સ્વરૂપમાં અરાગી વીતરાગી પરિણતિ ઉગ્રપણે થાય છે, એને આર્જવપણું-સરળપણું કહેવાય છે. સમજાય છે કાંઈ !

(સંવત) ૧૯૮૨ની સાલમાં જ્યારે બહાર નીકળ્યા હતા. ત્યારે 'જામનગર' ગયા હતા. ત્યાં તો 'વીરજીભાઈ'ના પિતાશ્રી શાસ્ત્ર વાંચતા હતા. સાધુ, આર્જિકાઓને વંચાવતા. ૧૯૮૨ની વાત છે. વ્યાખ્યાનમાં કહ્યું, જુઓ! તમારે.. કેવું? જ્ઞાનસાગર. જ્ઞાનસાગર પુસ્તક છે. એમાં એમ લીધું છે, ચાર કારણે શુભ નામકર્મ બંધાય છે. શુભ નામકર્મ ચાર કારણે (બંધાય). એમાં એમ લીધું છે, મનસરળતા, વચનસરળતા, કાયસરળતા. અવિસંવાદીજોગેણ. કોઈને ઠગવા નહિ. એવો ભાવ તો પુણ્યબંધનું કારણ છે. સમજાય છે કાંઈ? એ સરળપણું નથી. જરી ખળભળાટ થઈ ગયો હતો. 'વીરજીભાઈ'ના પિતાશ્રી 'તારાચંદભાઈ' સાધુ, આર્જિકાઓને વંચાવતા. ચાલતા સૂત્ર કહેતા. માણસ નરમ છે. એ વાત પહેલા કહી તો ખળભળાટ થઈ ગયો. અરે..! મહારાજ! આ લોકોને.. ખાનગી એકલા આવ્યા. ચાર પ્રકાર–મનસરળ, વચનસરળ, કાયસરળ એ પુણ્યબંધનું કારણ? તો ધર્મ શું? બાપુ! ધર્મ બીજી ચીજ છે. જુઓ! તમારા 'જ્ઞાનસાગર'માં. 'જામનગર'થી છપાયું છે. 'પુનાતર' તરફથી.

એ મનની સરળતા સમ્યગ્દર્શન વિના, આત્મજ્ઞાન વિના,.. શુદ્ધઉપયોગમાં આત્મજ્ઞાન થાય છે. શુદ્ધઉપયોગમાં સમ્યગ્દર્શન થાય છે. આહાહા..! ત્યાં તો એ શુભાશુભ પરિણામ રહિત નિજ આત્મા પવિત્ર આનંદસ્વરૂપ (છે), એવું ભાન થયા પછી સ્વરૂપમાં આનંદની રમણતા થાય છે, એમાં સરળતા નામ વક્રતાનો અભાવ થાય એને આર્જવધર્મ કહે છે. ઉત્તમઆર્જવ છે ને? ઉત્તમ શબ્દે સમ્યગ્દર્શન સહિતનો લેવો છે. ઉત્તમઆર્જવ એ એકલા આર્જવ, આર્જવ-સરળતા એમ નથી. પછી તો બિચારાને બેઠું. છેલ્લે સાંભળવા આવ્યા હતા. આ તો બીજો માર્ગ છે. અત્યાર સુધી તો અમે એમ કહેતા હતા, આમ છે, આમ છે. મનમાં સરળતા કરવી, વાણીમાં સરળતા, કાયામાં સરળતા (કરવી). બાપુ! એ તો શુભભાવ છે. એ પરલક્ષી શુભભાવ બંધનું કારણ છે. આ જે છે એ તો મોક્ષના કારણની વાત ચાલે છે.

**जो चिंतेइ ण वंकं कुणदि ण वंकं ण जंपए वंकं।**
**ण य गोवदि णियदोसं अज्जवधम्मो हवे तस्स।।३९६।।**

**અર્થ :-** '**જે કોઈ મુનિ મનમાં વક્રતા ન ચિંતવે,...**' આહાહા..! સરળ બાળકની પેઠે પોતાના દોષને જાણે છે અને પોતાના દોષ ગુરુ પાસે કહેવામાં જેનું બાળકપણું છે. આહાહા..! સરળપણું જેનું છે. આત્મજ્ઞાન સહિત નિજ આનંદની ધારા વહે છે. આહાહા..! એને અંદરમાં વક્રતા ન થાય, એનું નામ અહીંયાં આર્જવ-સરળતા ધર્મ કહે છે. આહાહા..! છે? '**મનમાં વક્રતા ન ચિંતવે, કાયાથી વક્રતા ન કરે, વચનથી વક્રતા ન બોલે તથા પોતાના દોષને ગોપવે નહિ-છુપાવે નહિ...**' આહાહા..! જેટલા જેટલા પોતામાં શુભાશુભભાવના દોષ થાય છે તો એ દોષ છે. એ ગુરુ પાસે ખુલ્લા પ્રગટ કરે. મને આટલો ભાવ આવ્યો. એમ સરળતાપૂર્વક ગુરુને દોષ દેખાડે. છે? '**તે મુનિને ઉત્તમ આર્જવધર્મ હોય છે.**' નીચે છે.

'**પોતાનો દોષ છુપાવે નહિ પણ જેવો હોય તેવો બાળકની માફક ગુરુ પાસે કહે ત્યાં ઉત્તમ આર્જવધર્મ હોય છે.**' પોતાના દોષનો બચાવ ન કરે કે આ કારણે મારે કરવું પડ્યું. નહિ. આહાહા..! શુભભાવ આદિ, અશુભભાવ આદિ. બેય. દોષનું કારણ છે. ગુરુ પાસે સરળતાથી જાહેર કરે. પોતામાં વક્રતા એક ક્ષણ પણ રાખે નહિ. એનું નામ સમ્યગ્દર્શન

સહિત ઉત્તમ સરળતા કહેવાય છે. સમજાય છે કાંઈ? એ ત્રીજો બોલ થયો. આપણે અહીંયાં ક્યાં આવ્યું છે? ગણધરદેવે કહ્યું છે ત્યાં સુધી આવ્યુ છે. છે ને?

**'ગણધરદેવે એવું માન્યું છે...'** આહાહા..! શું માન્યું છે? કે વ્રત, તપ, નિયમ, શીલ, તપ એ બધા ભાવ બંધના કારણ છે, એમ ગણધરદેવે કહ્યું છે. સમજાય છે કાંઈ?. **'શા કારણથી?'** ગણધરે શા કારણથી કહ્યું? **'કારણ કે...'** **'खलु समस्तं स्वयं बन्धहेतुः'** **'નિશ્ચયથી સર્વ કર્મજાતિ પોતે પણ બંધરૂપ છે.'** આહાહા..! જેમ અશુભભાવ કર્મજાતિ બંધરૂપ છે, એમ વ્રત, નિયમ, શીલ, તપ એ પણ કર્મની જાત છે એ પણ બંધરૂપ છે. આહાહા..! આકરો માર્ગ બહુ, બાપુ! સમજાય છે કાંઈ?

**'ભાવાર્થ આમ છે કે- પોતે મુક્તસ્વરૂપ હોય તો કદાચિત્ મુક્તિને કરે;...'** પણ શુભભાવ તો બંધસ્વરૂપ છે, એ બંધસ્વરૂપ મુક્તિને કઈ રીતે કરે? આહાહા..! શુભભાવ વ્રત, નિયમ, તપ આદિ બંધરૂપ છે. તો બંધરૂપ છે એ મુક્તિ કઈ રીતે કરે? મુક્તસ્વરૂપ હોય તો મુક્તિ કરે. આહાહા..! ભગવાનઆત્મા શુભ-અશુભભાવથી રહિત મુક્તસ્વરૂપ છે. સમજાય છે કાંઈ? આ આત્મા અંદર વસ્તુ છે એ તદ્દન મુક્તસ્વરૂપ છે. રાગથી અને બંધથી મુક્ત, અબંધ ભિન્ન ચીજ છે. એ મુક્તસ્વરૂપ મુક્તિને કરે. બંધરૂપ છે એ મુક્તિને કઈ રીતે કરે? આહાહા..! ઝીણી વાત.

મુમુક્ષુ :- કદાચિત્ તો મુક્તિને કરે ને?

ઉત્તર :- કદાચિત્ મુક્તિને કરે. મુક્તિસ્વરૂપ હોય તો કદાચિત્ મુક્તિને કરે. મુક્તસ્વરૂપ હોય તો મુક્તિને કરે.

મુમુક્ષુ :- કદાચિત્ કરે.

ઉત્તર :- કદાચિત્ કહ્યું ને, પણ કદાચિત્ એટલે મુક્તસ્વરૂપ હોય એ કદાચિત્ મુક્તિને કરે. મુક્તસ્વરૂપ હોય એ કદાચિત્ મુક્તિને કરે. કદાચિત્ એટલે એ મુક્તિને કરે. પણ બંધસ્વરૂપ છે એ કદાચિત્ મુક્તિને કઈ રીતે કરે? એમ કહેવું છે. સમજાય છે કાંઈ? કદાચિત્નો અર્થ બંધમાં તો મુક્તિ છે નહિ, પણ મુક્તસ્વરૂપ જે ભગવાન છે એ કદાચિત્ નામ જો અંતર આશ્રય લે તો મુક્તિ કરે. આહાહા..!

ભગવાનઆત્મા અંદર અબદ્ધસ્પૃષ્ટ (છે). એ ૧૪-૧૫ ગાથામાં આવ્યું. **'जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं'** આહાહા..! આત્માને અબદ્ધસ્પૃષ્ટ-રાગ અને કર્મના સંબંધથી રહિત અબદ્ધ દેખે અર્થાત્ મુક્ત દેખે. આહાહા..! એણે જૈનશાસન જોયું. ઝીણી વાત, ભાઈ! અત્યારે તો ગડબડ એવી થઈ ગઈ, લોકોને મુશ્કેલી પડી ગઈ.

અહીં તો કહે છે, મુક્તસ્વરૂપ હોય તો કદાચિત્ મુક્તિ કરે એટલે મુક્તસ્વરૂપ હોય તો મુક્તિ કરે. પણ બંધસ્વરૂપ હોય એ કદાચિત્ કોઈ દિ' ન કરે, એમ કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..! **'કર્મજાતિ પોતે સ્વયં બંધપર્યાયરૂપ પુદ્ગલપિંડપણે બંધાયેલી છે,...'** આહાહા..! એ શુભ-અશુભભાવ ખરેખર તો પુદ્ગલપિંડ છે-પુદ્ગલ છે. આહાહા..! આકરું કામ બહુ. **'તે મુક્તિ કઈ રીતે કરશે? તેથી કર્મ સર્વથા બંધમાર્ગ છે.'** ક્રિયાકાંડના જેટલા ભાવ છે એ બધો બંધમાર્ગ છે. આહાહા..!

(સ્વાગતા)

कर्म सर्वमपि सर्वविदो यद्
बन्धसाधनमुशन्त्यविशेषात्।
तेन सर्वमपि तत्प्रतिषिद्धं
ज्ञानमेव विहितं शिवहेतुः।।४-१०३।।

ખંડાન્વય સહિત અર્થ :- 'यत् सर्वविदः सर्वम् अपि कर्म अविशेषात् बन्धसाधनम् उशन्ति' (यत् ) જે કારણથી ( सर्वविदः ) સર્વજ્ઞ વીતરાગ, ( सर्वम् अपि कर्म ) જેટલી શુભરૂપ વ્રત-સંયમ-તપ-શીલ-ઉપવાસ ઈત્યાદિ ક્રિયા અથવા વિષય-કષાય-અસંયમ ઈત્યાદિ ક્રિયા તેને ( अविशेषात् ) એકસરખી દૃષ્ટિથી ( बन्धसाधनम् उशन्ति ) બંધનું કારણ કહે છે, ભાવાર્થ આમ છે કે-જેવી રીતે જીવને અશુભ ક્રિયા કરતાં બંધ થાય છે તેવી જ રીતે શુભ ક્રિયા કરતાં જીવને બંધ થાય છે, બંધનમાં તો વિશેષ કાંઈ નથી; 'तेन तत् सर्वम् अपि प्रतिषिद्धं' ( तेन ) તે કારણથી ( तत् ) કર્મ ( सर्वम् अपि ) શુભરૂપ અથવા અશુભરૂપ ( प्रतिषिद्धं ) નિષિદ્ધ કર્યું અર્થાત્ કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ શુભ ક્રિયાને મોક્ષમાર્ગ જાણીને પક્ષ કરે છે તેનો નિષેધ કર્યો; એવો ભાવ સ્થાપિત કર્યો કે મોક્ષમાર્ગ કોઈ કર્મ નથી. 'एव ज्ञानम् शिवहेतुः विहितं' ( एव ) નિશ્ચયથી ( ज्ञानम् ) શુદ્ધસ્વરૂપ-અનુભવ ( शिवहेतुः ) મોક્ષમાર્ગ છે, ( विहितं ) અનાદિ પરંપરારૂપ એવો ઉપદેશ છે. ૪-૧૦૩.

## કળશ-૧૦૩ ઉપર પ્રવચન

૧૦૩. कर्म सर्वमपि सर्वविदो यद्
बन्धसाधनमुशन्त्यविशेषात्।
तेन सर्वमपि तत्प्रतिषिद्धं
ज्ञानमेव विहितं शिवहेतुः।।४-१०३।।

'यत् सर्वविदः सर्वम् अपि कर्म अविशेषात् बन्धसाधनम् उशन्ति' '**જે કારણથી સર્વજ્ઞ વીતરાગદેવ,...**' ત્રિલોકનાથ જિનેન્દ્ર વીતરાગ એમ ફરમાવે છે કે '**જેટલી શુભરૂપ વ્રત-સંયમ-તપ-શીલ-ઉપવાસ...**' આહાહા..! શુભરૂપ વ્રત કરો, પંચમહાવ્રત, ઈન્દ્રિયદમન, મહિના-મહિનાના, છ-છ મહિનાના અપવાસ આદિ, શીલ-શરીરથી બ્રહ્મચર્ય જાવજીવ પાળો, ઉપવાસ કરો, ઈત્યાદિ ક્રિયા તો શુભભાવ છે. ભગવાન એને તો બંધનું કારણ કહે છે. આહાહા..!

'**વિષય-કષાય અસંયમ ઈત્યાદિ ક્રિયા...**' એ શુભની ક્રિયા (કહી). હવે અશુભ (ક્રિયા

કહે છે). '**વિષય-કષાય અસંયમ ઇત્યાદિ ક્રિયા તેને એકસરખી દૃષ્ટિથી બંધનું કારણ કહે છે,...**' એક જ પ્રકારે બંધનું કારણ છે. કોઈ ફેર જરીયે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? જે કંઈ વ્રત, નિયમ, શીલ અને વિષય-કષાય (ભાવ છે), બેય એકસરખા બંધના કારણ છે. બેયમાં કિંચિત્ ફેર નથી, આહાહા..! એમ કહે છે. એમ '**એકસરખી દૃષ્ટિથી...**' અવિશેષ છે ને? '**अविशेषात्**' (અર્થાત્) ભેદ નહિ, વિશેષ નહિ. બેય ક્રિયા બંધનું કારણ છે. આહાહા..! '**बन्धसाधनम् उशन्ति**' ગણધરદેવો, તીર્થંકરો સર્વજ્ઞ પરમેશ્વર શુભ-અશુભ ક્રિયા એક જ પ્રકારે બંધકારણ કહે છે. આહાહા..!

'**ભાવાર્થ આમ છે કે-જેવી રીતે જીવને અશુભ ક્રિયા કરતાં બંધ થાય છે...**' વિષય-કષાય, આ રળવા-કમાવાનો ભાવ એ બધા બંધના કારણ છે. '**તેવી જ રીતે શુભ ક્રિયા કરતાં જીવને બંધ થાય છે,...**' આહાહા..! '**બંધનમાં તો વિશેષ કાંઈ નથી...**' બંધનમાં તો જરીયે ફેર નથી. આહાહા..! શુભજોગ વ્રતનો, નિયમનો, તપનો, ઉપવાસનો એ બધા અને વિષય-કષાયના પરિણામ, બેય એકસરખી દૃષ્ટિએ બંધના કારણ છે. બેયમાં જરીયે કિંચિત્ બંધના કારણમાં ફેર નથી. આહાહા..! આવું કામ છે.

'**तेन तत् सर्वम् अपि प्रतिषिद्धं**' '**તે કારણથી...**' ક્યા કારણથી? કે શુભભાવ અને અશુભભાવ એક દૃષ્ટિથી બંધનનું જ કારણ છે. બેયની એક જ દૃષ્ટિ છે. બેમાં જરીયે ફેર નથી. '**તે કારણથી...**' આહાહા..! '**तत्**' '**કર્મ શુભરૂપ અથવા અશુભરૂપ નિષિદ્ધ ઠર્યું અર્થાત્ કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ શુભ ક્રિયાને મોક્ષમાર્ગ જાણીને પક્ષ કરે છે...**' આહાહા..! આવી વાત છે. દેશસેવા, ગુરુની વૈયાવચ્ચ આદિ ભાવ શુભભાવ છે, બંધનું કારણ છે. કેટલાક કહે છે, દેશસેવામાં તો બસ, કલ્યાણ થશે. શું કહેવાય? શહીદ થાય છે. ધૂળેય નથી. બધાય ભાવ (બંધના કારણ છે).

મુમુક્ષુ :- શ્વેતાંબર શાસ્ત્રમાં આવે છે.

ઉત્તર :- શ્વેતાંબરમાં તો ક્યાં ઠેકાણા છે. એમાં ઠાણાંગમાં તો પંચમહાવ્રતને નિર્જરાના સ્થાન ગણ્યા છે. એવી વાત છે, શું થાય? એમાં આ વાત છે જ નહિ. સમજ્યા? આહાહા..! એ 'વીરજીભાઈ'ના પિતાજી તો ૩૨ સૂત્રના જાણનાર હતા. 'જામનગર'. બહુ જાણે. ૩૨ સૂત્ર સાધુ આર્જિકાને બધાને વંચાવે. એને જ્યાં આ કહ્યું તો ખળભળાટ થઈ ગયો હતો. (સંવત) ૧૯૮૨ની સાલ. ૫૧ વર્ષ પહેલાંની વાત છે. ખળભળાટ. અરે..! આ શું? ખાનગી આવ્યા. મહારાજ! આ લોકો (નહિ માને). કીધું, શું કરીએ? લોકો માને, ન માને, વસ્તુ તો આવી છે. તમારા છાપેલા 'જ્ઞાનસાગર'માં જુઓ. મેં કીધું. શું છે? ચાર પ્રકારે શુભ નામકર્મ બંધાય. મનમાં શુભભાવ સરળતા, કષાયની મંદતા, એ બધું પુણ્યબંધનું કારણ છે. ધર્મ-બર્મ નહિ. સમજાય છે કાંઈ? નરમ માણસ. આમ ૩૨ સૂત્ર જાણનાર. સાધુ, આર્જિકાને ભણાવે. નરમ માણસ. પછી કહ્યું, હા. 'જામનગર' તો સાંભળ્યું પછી અમે ત્રણ કોસ બીજા ગામ ગયા. ત્યાં આવ્યા, ત્યાં બરાબર સાંભળ્યું. કીધું, માર્ગ તો બાપુ! આવો છે, ભાઈ! અત્યારે તો આખી સત્યની વાત મૂંઢાઈ ગઈ છે. આહાહા..!

અહીંયાં કહે છે, (શુભ ને અશુભ) '**કોઈ મિથ્યાદષ્ટિ જીવ શુભ ક્રિયાને મોક્ષમાર્ગ જાણીને પક્ષ કરે છે તેનો નિષેધ કર્યો;...**' આહાહા..! એનો તો નિષેધ કર્યો. સમજાય છે કાંઈ? પુસ્તક ઉપર હાથ ન રખાય, હોં! પુસ્તક ઉપર કોણી ન રખાય, અશાતના થાય. સમજાય છે કાંઈ? આહાહા..! '**કોઈ મિથ્યાદષ્ટિ જીવ શુભ ક્રિયાને મોક્ષમાર્ગ જાણીને પક્ષ કરે છે તેનો નિષેધ કર્યો;...**' સમજાય છે કાંઈ? '**એવો ભાવ સ્થાપિત કર્યો કે મોક્ષમાર્ગ કોઈ કર્મ નથી.**' કર્મ નામ પુણ્ય ને પાપ આદિ કર્મ છે-ભાવકર્મ (છે). સમજાય છે કાંઈ? તો મોક્ષમાર્ગ કોઈ કર્મ નથી. આહાહા..! હવે આ રાડ નાખે છે ને અત્યારે. શુભભાવ મોક્ષનો માર્ગ છે, શુભજોગ મોક્ષનો માર્ગ છે. ચેલેંજ કરી છે. અરે..! પ્રભુ! શું છે? ભાઈ! કોઈ ઠેકાણે એવું નિમિત્તથી કહ્યું છે, પણ એ તો બંધના કારણને નિમિત્તથી મોક્ષના માર્ગમાં લીધું છે. નિરૂપણ કરવું, કથન કરવું (પણ) માર્ગ નથી. નિરૂપણ બે પ્રકારનું ચાલે છે-નિશ્ચય મોક્ષમાર્ગ અને વ્યવહાર મોક્ષમાર્ગ. તો નિશ્ચયનું જ્યાં ભાન છે ત્યાં રાગ આવે છે એને આરોપથી વ્યવહાર મોક્ષમાર્ગ કહે છે. છે નહિ એને કહેવું એનું નામ વ્યવહાર છે. એ લખાણ મોઢા આગળ મૂકે, જુઓ! અહીંયા લખ્યું છે, જુઓ! સમજાય છે કાંઈ? આહાહા..!

અરે..! જન્મ-મરણથી રહિત ભગવાનઆત્મા આનંદકંદ છે, પ્રભુ! નિજ જ્ઞાનસ્વભાવ, એ જ્ઞાનસ્વભાવને સ્પર્શ્યા વિના કદી મુક્તિનો ઉપાય ઉત્પન્ન થતો નથી. પોતાનું જ્ઞાનસ્વરૂપ જ ચિદ્બ્રહ્મ છે. જ્ઞાનસ્વભાવ. એ જ્ઞાનસ્વભાવમાં દૃષ્ટિ કર્યા વિના મોક્ષનો માર્ગ ઉત્પન્ન થતો નથી. આહાહા..! વસ્તુ આખી પડી છે ને! એ દયા, દાન, વ્રતાદિના વિકલ્પ તો ક્ષણિક વિભાવ છે એ ક્ષણિક છે. ભગવાન તો જ્ઞાનસ્વરૂપી આનંદકંદ સચ્ચિદાનંદ (છે). એવા સ્વભાવમાં દૃષ્ટિ કરવી. આહાહા..! ત્યારે તો એને પ્રથમ સમ્યગ્દર્શન થાય છે. સમજાય છે કાંઈ? વાત જ ભાઈ! આકરી બહુ. શું થાય।

એકકોર આતમરામ અને એક કોર ગામ-પુણ્ય-પાપના ભાવ. એવા પુણ્યભાવ તો નિગોદમાં પણ થાય છે. આ લીમડો છે ને? લીમડો. એનું પાંદડું. એ પાંદડામાં અસંખ્ય તો જીવ છે. એક પાંદડામાં, આટલામાં. એક એક જીવને ક્ષણે ક્ષણે શુભ-અશુભ, શુભ-અશુભ થાય જ છે. કર્મધારા (ચાલે જ છે). આહાહા..! અસંખ્ય જીવના ગંજ પડ્યા છે. અને આલુ, પ્યાજ, લસણની એક કટકીમાં તો અસંખ્ય શરીર છે અને એક શરીરમાં અનંત જીવ છે. અને દરેક જીવને ક્ષણે શુભ, ક્ષણે અશુભ, ક્ષણે શુભ, ક્ષણે અશુભ ચાલે છે. એ કોઈ નવી વસ્તુ નથી. આહાહા..! એમ મુનિ થઈને પંચમહાવ્રત પાળે તો એ તો શુભભાવ છે. એ કોઈ ધર્મ નથી અને ધર્મનું કારણ પણ નથી. આહાહા..!

અહીંયાં એ કહે છે, 'મોક્ષમાર્ગ કોઈ કર્મ નથી.' ત્યારે છે શું? 'एव ज्ञानम् शिवहेतुः विहित' 'एव' '**નિશ્ચયથી...**' 'एव' એટલે નિશ્ચય. '**શુદ્ધસ્વરૂપ અનુભવ...**' આહાહા..! એ શુભ-અશુભભાવથી રહિત ભગવાન શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, એનો અનુભવ. આનંદની દશા, જ્ઞાનની દશા, શ્રદ્ધાની દશા, શાંતિની દશા એ અનુભવ. આહાહા..! શુદ્ધસ્વરૂપનો અનુભવ. ભાષા કેટલી છે? 'एव ज्ञानम्... एव ज्ञानम्' અને એનો અર્થ. 'एव' એટલે નિશ્ચય. 'ज्ञानम्'

એટલે? જ્ઞાન એટલે? '**શુદ્ધસ્વરૂપ અનુભવ...**' જેવો સ્વભાવ શુદ્ધ પવિત્ર ભગવાનઆત્મા, એના અનુભવમાં પવિત્રતા આવવી, એ શુદ્ધનો અનુભવ (થવો), એ મોક્ષનો માર્ગ છે. આહાહા..! સમજાય છે કાંઈ? 'અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ, અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.'

મુમુક્ષુ :- મહારાજ!

ઉત્તર :- ... શું કરે? આહાહા..! અરે..! શું થાય? પ્રભુ! તારી શુદ્ધતાના પંથ, તારી મુક્તિના પંથ કોઈ અલૌકિક છે, ભાઈ!

ઈ અહીંયાં કહે છે, જુઓ! કોણ '**शिवहेतुः**' શુદ્ધ ચૈતન્યસ્વભાવનો અનુભવ, એ શિવહેતુ '**विहितं**' '**અનાદિ પરંપરારૂપ એવો ઉપદેશ.**' છે. 'જિનેશ્વરદાસજી'! '**અનાદિ પરંપરા એવો ઉપદેશ**' છે. 'શાંતિભાઈ'! અત્યાર સુધી બધા ગપ માર્યા. અંદરમાં ભાષણ મોટા કરે. મોઢા આગળ બેસાડે. 'શાંતિભાઈ' જેતપુરના છે, એ કાઠિયાવાડી ભાષણ કરે છે. મારતા હોય ગપેગપ. 'શાંતિભાઈ'! ખબર નહિ. આહાહા..! ત્રણલોકના નાથ, ગણધર અને સંતો, સર્વજ્ઞો શુદ્ધ સ્વરૂપ પવિત્ર દળ આનંદકંદ છે, એના અનુભવને અનાદિ પરંપરામાં એને મોક્ષના માર્ગનો ઉપદેશ કહ્યો છે. એ અત્યારે નવો કાઢ્યો છે એમ નથી, એમ કહે છે. તમે ત્યાં મોટા શેઠિયા છો. ન્યાં 'બુલંદશહેર'.. કેવું કહેવાય? 'સાગર.. સાગર.' એ બુંદેલ... કેવું કહેવાય? 'બુંદેલખંડ' એના તો બેય બાદશાહ કહેવાય. આ નાના અને આ મોટા. ધૂળના (બાદશાહ). આવો માર્ગ. આહાહા..!

પ્રભુ! તું ચીજ છો કે નહિ? અને તારી ચીજ છે તો શું છે? તારી ચીજમાં તો જ્ઞાન ને આનંદ ભર્યા છે. એ જ્ઞાન ને આનંદનો અનુભવ કરવો. આહાહા..! એ જ્ઞાન ને આનંદને અનુસરીને થવું. નિમિત્તને અનુસરીને થવું એ તો પુણ્ય-પાપ ભાવ છે. આહાહા..! આવો માર્ગ. જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ.. માથે આવ્યું હતું ને? ગણધરદેવે એમ કહ્યું છે. આવ્યું હતું ને? અહીં કહે છે, '**અનાદિ પરંપરારૂપ એવો ઉપદેશ**' છે. 'માંગીલાલજી' અનાદિનો આ માર્ગ છે, એમ કહે છે. આહાહા..! સોનગઢવાળાએ નવો કાઢ્યો છે, એમ કહે છે. અરે..! સાંભળ તો ખરો, પ્રભુ! આહાહા..! ક્યાંય નથી, નવો કાઢ્યો, પોતાનો નવો પંથ ચલાવવા. અરે..! પ્રભુ! એમ નથી, નાથ! માર્ગ પ્રભુ! આવો છે.

તારી ચીજ કોઈ છે કે નહિ? પુણ્ય-પાપ એ ચીજ છે? તું કોઈ અંદર વસ્તુ છો કે નહિ? પુણ્ય-પાપ તો ક્ષણિક વિકૃત અવસ્થા એક સમયની છે અને તારી વસ્તુ તો ત્રિકાળી આનંદ ને જ્ઞાનસ્વભાવથી આખી ભરેલી છે. આહાહા..! એ જ્ઞાનસ્વભાવ ને આનંદસ્વભાવનો અનુભવ (થવો) એ શિવ નામ મોક્ષનો હેતુ (છે એમ) અનાદિ પરંપરામાં આ ઉપદેશ ચાલ્યો આવ્યો છે. ગણધરો, તીર્થંકરો, કેવળીઓ અને સંતો અનાદિથી આ માર્ગ કહેતા આવ્યા છે. ભાઈ!

મુમુક્ષુ :- અનુભવમાં ચિંતવન શું કરવું?

ઉત્તર :- ચિંતવન શું કરવું? અંદર અનુભવ કરવો. પહેલા વિકલ્પથી નિર્ણય કરવો. વિકલ્પથી નિર્ણય કરવો કે આ અંતરનો અનુભવ થાય એ મોક્ષનો માર્ગ છે. એવો વિકલ્પથી

નિર્ણય કરવો, પછી વિકલ્પ છોડીને અનુભવ કરવો. પહેલા વિકલ્પથી નિશ્ચય કરવો કે શુભ-અશુભભાવ બંધનું કારણ છે. મારી વસ્તુનો અનુભવ મોક્ષનું કારણ છે, એવો વિકલ્પથી નિર્ણય કરવો. સ્વલક્ષ કરીને. આહાહા..! હજી સ્વલક્ષ કરીને વિકલ્પમાં નિર્ણયના ઠેકાણા નથી, એ અંતરમાં કઈ રીતે જાય? આહાહા..! સમજાય છે કાંઈ? માર્ગ એવો છે, ભાઈ!

જુઓને! શબ્દ કેવો લખ્યો છે! 'विहितं' 'विहितं'. અનાદિ પરંપરા ઉપદેશમાં એમ કહ્યું છે. 'विहितं' નામ કહ્યું છે. અનાદિ અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ, અનંત સંતો, મુનિઓ, અનંત સમકિતીઓ, અનંત પંચમ ગુણસ્થાનવાળા શ્રાવકોએ અનાદિ પરંપરામાં આ ઉપદેશ કર્યો છે. સમજાય છે કાંઈ? આ વિધિ છે. 'विहितं' આ વિધાન તો કહ્યું છે, વિધિ તો આ છે. આહાહા..! આચાર્યોએ તો દુનિયા ઉપર કરૂણા કરીને..

ભાઈ! તું આત્મા છો ને, પ્રભુ! તારામાં તો પુણ્ય-પાપના વિકલ્પનો અભાવ છે ને, નાથ! અને તારામાં સદ્ભાવ છે તો જ્ઞાન અને આનંદનો સદ્ભાવ છે. વિભાવનો અભાવ છે.

એ આપણે ભાવશક્તિમાં આવી ગયું. ભાવશક્તિ. ૪૭ શક્તિમાં આવી ગયું હતું કે ભાવશક્તિને કારણે નિર્મળ પર્યાય વિદ્યમાન હોય છે. મલિનતા હોય એવો કોઈ ગુણ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ભાવશક્તિ, અભાવશક્તિ આવી ગઈ ને? ભાવ, અભાવ, (ભાવઅભાવ) અભાવભાવ, ભાવભાવ, અભાવઅભાવ એવા છ બોલ ચાલી ગયા. આહાહા..! પ્રભુ! તારામાં એક ભાવ નામની શક્તિ-ગુણ એવો છે કે જે ગુણને કારણે ગુણીનો અનુભવ કરવામાં એ ગુણને કારણે નિર્મળ પર્યાયની વિદ્યમાનતા હોય છે. એ વ્યવહારથી નિર્મળ પર્યાય વિદ્યમાન હોય છે કે પૂર્વની પર્યાયથી નિર્મળ પર્યાયની હયાતી હોય છે એમ નથી. આહાહા..! આવું કથન, આવી શૈલી દિગંબર સંતો વિના ક્યાંય નથી. બધે ગડબડ કરી નાખી, માળે! આહાહા..! સમજાય છે કાંઈ?

'विहितं' આહાહા..! અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ, અનંત સંતો, મુનિઓએ આ ઉપદેશ કર્યો છે, કહે છે. તને સાંભળવા ન મળ્યું એટલે કાંઈ વસ્તુ બદલી જાય? આહા..! કહો, 'પોપટભાઈ'! આહાહા..! 'शिव' 'शिव' સમજ્યા ને? 'शिव' એટલે મોક્ષ. 'शिव' આપણે આવે છે ને? નમોત્થુણં આવે છે. 'शिवमलयमरुयम...' નમોત્થુણં.. નમોત્થુણં. આપણામાં પણ આવે છે, પણ દિગંબરમાં બહુ પ્રચલિત નથી. સામાયિકના પાઠોમાં સામાયિકનો પાઠ આવે છે. એમાં 'नमोत्थुणं, अरिहंताणं, भगवंताणं, आईगराणं, तित्थयराणं...' એમ કરતાં કરતાં ઠેઠ 'शिवमलयमरुयमतमक्ख..' શ્વેતાંબરમાં બહુ ચાલે. આપણે સામાયિકનો પાઠ છે પણ ઈ પ્રચલિત નથી. એમાં 'नमोत्थुणं'માં એમ આવે છે, 'नमोत्थुणं' નમોસ્તુ 'अरिहंताणं, भगवंताणं,' પછી છેલ્લો શબ્દ આવો આવ્યો છે. મોટો પાઠ છે.

'नमोत्थुणं, अरिहंताणं, भगवंताणं, आईगराणं, तित्थयराणं, सयंसंबुद्धाणं, पुरिसुत्तमाणं, पुरिससीहाणं, पुरिसवरपुंडरियाणं,...' એમાં ઘણા શબ્દો આવે છે. છેવટે 'शिव' આવે છે. 'शिव' એટલે મોક્ષનું સ્વરૂપ. 'शिवमलयम' હે નાથ! આપ તો શિવસ્વરૂપ છો. અચળ છો, તમે તમારા સ્વરૂપથી ન ચળો એવા છો. અનુપમ-આપને ઉપમા શું આપીએ. એમ

ભગવાનને કહે છે. એવો જ આ આત્મા છે. સમજાય છે કાંઈ? એ 'नमोत्थुणं' આવે છે. સ્થાનકવાસી, શ્વેતાંબરમાં બહુ ચાલે છે. આપણામાં છે પણ સામાયિક ચાલતી નથી. સામાયિકમાં 'नमोत्थुणं' આવે છે. દિગંબર સામાયિક પાઠ અહીંયાં છે. એમાં આવ્યું છે. 'शिव' આપ તો શિવસ્વરૂપ છો ને, પ્રભુ! આહાહા..! એ તો પરમાત્મા માટે કહે છે. પણ શિવસ્વરૂપ આ આત્મા છે.

શિવ નામ શંકર. શંકર નામ સુખસ્વરૂપ. એ સુખસ્વરૂપ ભગવાનનો અનુભવ, એ આનંદનો અનુભવ કરવો એ મોક્ષનો માર્ગ અનંત તીર્થંકરોએ, કેવળીઓએ કહ્યો છે. આહાહા..! અનંત ગણધરોએ શાસ્ત્રમાં એવી રચના કરી છે. આહાહા..! અનંત કેવળીઓએ કહ્યું, ગણધરોએ કહ્યું અને ગણધરોએ શાસ્ત્રમાં રચના એમ કરી કે નિજ આનંદસ્વરૂપના અનુભવથી મોક્ષ થાય છે, એમ શાસ્ત્રમાં (રચના) કરી છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહા..! એવો ઉપદેશ છે. ગજબ વાત છે! જુઓ! આ આર્જવધર્મને દિવસે આ આવ્યું. આહાહા..! ૧૦૩ થયો.

---

(શિખરિણી)

निषिद्धे सर्वस्मिन् सुकृतदुरिते कर्मणि किल
प्रवृत्ते नैष्कर्म्ये न खलु मुनयः सन्त्यशरणाः।
तदा ज्ञाने ज्ञानं प्रतिचरितमेषां हि शरणं
स्वयं विन्दन्त्येते परमममृतं तत्र निरताः।।५-१०४।।

ખંડાન્વય સહિત અર્થ :- અહીં કોઈ પ્રશ્ન કરે છે કે શુભ ક્રિયા તથા અશુભ ક્રિયા સર્વ નિષિદ્ધ કરી, તો મુનીશ્વર કોને અવલંબે છે? તેનું આમ સમાધાન કરવામાં આવે છે- 'सर्वस्मिन् सुकृतदुरिते कर्मणि निषिद्धे' ( सर्वस्मिन् ) આમૂલાગ્ર અર્થાત્ સમગ્ર ( सुकृत ) વ્રત-સંયમ-તપરૂપ ક્રિયા અથવા શુભોપયોગરૂપ પરિણામ, ( दुरिते ) વિષય-કષાયરૂપ ક્રિયા અથવા અશુભોપયોગરૂપ સંક્લેશ પરિણામ-એવાં ( कर्मणि ) કાર્યરૂપ ( निषिद्धे ) મોક્ષમાર્ગ નથી એવું માનતા થકા, 'किल नैष्कर्म्ये प्रवृत्ते' ( किल ) નિશ્ચયથી ( नैष्कर्म्ये ) સૂક્ષ્મ-સ્થૂલરૂપ અંતર્જલ્પ-બહિર્જલ્પરૂપ સમસ્ત વિકલ્પોથી રહિત નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યમાત્રપ્રકાશરૂપ વસ્તુ મોક્ષમાર્ગ છે એવું-( प्रवृत्ते ) એકરૂપ એવો જ છે એવું-નિશ્ચયથી ઠરાવતા થકા, 'खलु मुनयः अशरणाः न सन्ति' ( खलु ) ખરેખર, ( मुनयः ) સંસાર-શરીર-ભોગથી વિરક્ત થઈ ધારણ કર્યું છે યતિપણું જેમણે તેઓ ( अशरणाः न सन्ति ) આલંબન વિના શૂન્યમન એવા તો નથી. તો કેવા છે? 'तदा हि एषां ज्ञानं स्वयं शरणं' ( तदा ) જે કાળે એવી પ્રતીતિ આવે છે કે અશુભ ક્રિયા મોક્ષમાર્ગ નથી, શુભ ક્રિયા પણ મોક્ષમાર્ગ નથી, તે કાળે ( हि ) નિશ્ચયથી ( एषां ) મુનીશ્વરોને ( ज्ञानं स्वयं शरणं ) જ્ઞાન અર્થાત્ શુદ્ધસ્વરૂપનો અનુભવ સહજ જ આલંબન છે. કેવું છે જ્ઞાન? 'ज्ञाने प्रतिचरितम्' જે બાહ્યરૂપ

પરિણમ્યું હતું તેજ પોતાના શુદ્ધસ્વરૂપે પરિણમ્યું છે. શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં કાંઈ વિશેષ પણ છે. તે કહે છે-'एते तत्र निरताः परमम् अमृतं विन्दन्ति' ( एते ) વિદ્યમાન જે સમ્યગ્દષ્ટિ મુનીશ્વર ( तत्र ) શુદ્ધસ્વરૂપના અનુભવમાં ( निरताः ) મગ્ન છે તે ( परमम् अमृतं ) સર્વોત્કૃષ્ટ અતીન્દ્રિય સુખને ( विन्दन्ति ) આસ્વાદે છે. ભાવાર્થ આમ છે કે શુભ-અશુભ ક્રિયામાં મગ્ન થતાં જીવ વિકલ્પી છે, તેથી દુઃખી છે; ક્રિયાસંસ્કાર છૂટીને શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં જીવ નિર્વિકલ્પ છે, તેથી સુખી છે. ૫-૧૦૪.

## કળશ-૧૦૪ ઉપર પ્રવચન

૧૦૪. પ્રભુ! આપ તો શુભ અને અશુભ બધી ક્રિયાકાંડનો નિષેધ કરો છો, તો પછી કરવું શું? જે કંઈ કરવા લાયક છે, અમને ભાસે છે એને તો તમે કહો છો, એ બંધનું કારણ છે. હવે અમારે કરવું શું? મુનિઓએ કરવું શું? કરવાલાયક ક્રિયાનો તો આપ નિષેધ કરો છો. શેઠ! આ પૂછે છે. આહાહા..!

निषिद्धे सर्वस्मिन् सुकृतदुरिते कर्मणि किल
प्रवृत्ते नैष्कर्म्ये न खलु मुनयः सन्त्यशरणाः।
तदा ज्ञाने ज्ञानं प्रतिचरितमेषां हि शरणं
स्वयं विन्दन्त्येते परमममृतं तत्र निरताः।।५-१०४।।

'निशिद्धे सर्वस्मिन्' ગુરુ કહે છે. 'सुकृतदुरिते कर्मणि किल' શુભ-અશુભભાવનો સંપૂર્ણ નિષેધ કર્યો. 'प्रवृत्ते नैष्कर्म्ये न खलु मुनयः सन्त्यशरणाः' નિષ્કર્મ મુનિઓ તો અંદર રાગરહિત ક્રિયા, આનંદની ક્રિયામાં રમે છે. આહાહા..! એ અશરણ નથી. મુનિઓને અંદર આનંદનું શરણ છે, જ્ઞાનનું શરણ છે. પુણ્ય-પાપને છોડીને આનંદમાં રમે છે. એને આત્માનું આલંબન છે, આત્માનું શરણ છે. આહાહા..! 'तदा ज्ञाने ज्ञानं' આહાહા..! સ્વરૂપ જે આત્મા જ્ઞાનસ્વરૂપની પ્રધાનતાથી કથન છે. પણ જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ, શાંતસ્વરૂપ, પ્રભુસ્વરૂપ, ઈશ્વરસ્વરૂપ,.. 'तदा ज्ञाने ज्ञानं प्रतिचरितमेषां हि शरणं स्वयं विन्दन्त्येत' સ્વયં આનંદને અનુભવે છે. આહાહા..! મુનિઓ તો અતીન્દ્રિય આનંદનો અનુભવ કરે છે. પુણ્ય-પાપની ક્રિયાના બોજામાંથી ખસી જાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? અરે..! આ!

આખો મહા ભગવાન અનંત સાગર બિરાજે છે. એનું એને શરણ છે. એને ત્યાં ભગવાન આનંદના નાથનું શરણ છે. આહાહા..! 'ज्ञाने ज्ञानं प्रतिचरित' વસ્તુસ્વભાવમાં સ્વભાવ એકાકાર થાય છે. આહાહા..! પુણ્ય-પાપ, દયા, દાન તો વિભાવ છે. એનું શરણ નથી. અમે નિષેધ કરીએ તો એને આલંબન કોનું? ભગવાન ચિદાનંદ સ્વરૂપ ધ્રુવનું શરણ છે. આહાહા..! એમાં રમે છે. એનો અનુભવ કરે છે. 'परमममृतं तत्र निरताः' મુનિઓ તો અમૃતમાં લીન છે. નિજ અમૃત આનંદસાગરમાં લીન છે. આહાહા..! સમજાય છે કાંઈ? જેમ

અજ્ઞાનમાં પુણ્યપરિણામમાં લીન હતો, એમ જ્ઞાનમાં નિજ સ્વભાવમાં '**निरताः**' લીન (થઈ) અમૃતને પીવે છે. આહાહા..!

ગગનમંડળમેં ગૌઆ વિહાણી, વસુધા દૂધ જમાયા, સૌ રે સુણો રે ભાઈ, વલુણો વલોવે તો તત્ત્વ અમૃત કોઈ પાઈ, અબધુ સો જોગી રે ગુરુ મેરા

'ગગનમંડળમેં ગૌઆ વિહાણી' ગંગનમંડળમાં ભગવાનની આકાશવાણી નીકળી. દિવ્યધ્વનિ. 'વસુધા દૂધ જમાયા' એ જગતના કાને ગઈ. આહાહા..! આહાહા..!

ગગનમંડળ મેં અધબીચ કૂવા, વહાં હૈ અમૃત કા વાસા

સુગુરા હોવે સો ભર ભર પીવે પ્યારે, નુગુરા જાયે પ્યાસા, અબધુ સો જોગી રે ગુરુ મેરા

ઈણ પદ કા કરે રે નિવેડા, અબધુ સો જોગી રે ગુરુ રે મેરા

ગગનમંડળમેં અધબીચ કૂવા...

અમૃતનો કૂવો અંદર પડ્યો છે. 'વહાં હૈ અમી કા વાસા' અમૃત કહ્યું ને? ત્યાં ભગવાનમાં અમૃતનો વાસ છે. આહાહા..! 'સુગુરા હોવે સો ભર ભર પીવે' જેને સદ્‌ગુરુ મળ્યા, એ કહે છે કે તારા આનંદનો અનુભવ કર. શુભાશુભભાવ છોડી દે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! એ આનંદઘનજી કહે છે. શ્વેતાંબરમાં થયા ને. સમજાય છે કાંઈ? આહાહા..! 'ગગનમંડળમેં ગૌવા વિહાણી, વસુધા દૂધ જમાયા, માખણ થા સો વિરલા રે પાયા સંતો, છાશે જગ ભરમાયા, માખણ થા સો વિરલા રે પાયા..' પુણ્ય-પાપથી રહિત ભગવાન આનંદના નાથના અમૃતનો અનુભવ વિરલા પામ્યા. છાશે.. છાશ સમજ્યા? મઠા, મઠા. 'છાશે જગત ભરમાયા' દયા, દાન ને વ્રતની ક્રિયામાં ભ્રમણામાં અજ્ઞાનીઓ ભરમાઈ ગયા. છાશ મળી, મઠો મળ્યો. સમજાય છે કાંઈ? શેઠ! આવી વાત છે. આહાહા..! અરેરે..! મળે નહિ એને. અહીં ઈ કહે છે, જુઓ! '**परमममृतं तत्र निरताः**' આહાહા..! આ તો હજી શબ્દાર્થ કર્યો, હોં!

**ખંડાન્વય સહિત અર્થ :- 'અહીં કોઈ પ્રશ્ન કરે છે કે શુભ ક્રિયા તથા અશુભ ક્રિયા સર્વ નિષિદ્ધ કરી, તો મુનીશ્વર કોને અવલંબે છે?'** અવલંબન કોનું? માંડ કરવાલાયક હતું એનો તમે નિષેધ કરી દીધો. આહાહા..! માંડ દુકાન, ધંધો, બાયડી, કુટુંબ છોડીને વ્રત કરીએ, તપસ્યા કરીએ છીએ, શીલ કરીએ છીએ, તો એનો તો આપ નિષેધ કરો છો કે એ તો શુભક્રિયા છે, બંધનું કારણ છે. ત્યારે એને હવે અવલંબન શું રહ્યું? માંડ બહારમાં પ્રવૃત્તિ કરવામાં શુભભાવ આવતો હતો એનો તો આપ નિષેધ કરો છો. તો પ્રભુ! એને અવલંબન શું રહ્યું? સાંભળ, સાંભળ!

**'તેનું આમ સમાધાન કરવામાં આવે છે...' 'सर्वस्मिन् सुकृतदुरिते कर्मणि निषिद्धे'** આમૂલ. આહાહા..! શું કહે છે? આમૂલ. મૂળમાંથી વ્રતાદિની ક્રિયા બંધનું કારણ છે, ઉખેડી નાખી છે, નિષેધ કરી નાખ્યો છે. સમજાય છે કાંઈ? ગધેડા હોય ને? એ ઘાસ ખાય તો મૂળ ઉખેડીને ખાય. ફરીને ઊગે નહિ એવી રીતે ખાય. અને ગાય જે ખાય એ ગૌચર, ગૌચર. ઉપરથી ખાય, મૂળિયા સાજાં રાખે. એમ ગધેડા જેમ મૂળ ઉખેડી નાખે છે, એમ જ્ઞાની મૂળ ઉખાડી નાખે છે. વ્રત ને નિયમની ક્રિયાને મૂળમાંથી છેદ કરી નાખે છે. છે શબ્દ? આમૂલ.

આમૂલ એટલે મૂળમાંથી. સમસ્ત પ્રકારના વ્રત ને નિયમ ને શીલ ને અપવાસ '**આમૂલાગ્ર...**' મૂળમાંથી ઉખેડી નાખ્યો કે એ બંધનું કારણ છે. 'જિનેશ્વરદાસજી'! આહાહા...! એની શ્રદ્ધા તો કર તું, શ્રદ્ધા તો કર, પ્રભુ! સ્વસન્મુખ થવામાં અમૃતની ધારા વહે છે અને પરસન્મુખમાં તો દુઃખની ધારા છે. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાન! અનંત કેવળીઓએ જે શુભભાવનો નિષેધ કર્યો તો એને શરણ કોણ? એ શરણ ચિદાનંદ ભગવાન શરણ છે. એમાં અમૃત પીવે છે. આહાહા..! એ અમૃત અનુભવ છે ઈ જ ધર્મ છે. અમૃતનો-આનંદનો અનુભવ શુદ્ધોપયોગમાં થાય એ ધર્મ છે. આહાહા..! લોકોને એવું લાગે છે સાધારણ બિચારાને કે આ મૂળમાં ભગવાનની અનાદિની પરંપરામાં તો આ ઉપદેશ છે, આ નવો ઉપદેશ ક્યાંથી કાઢ્યો? આહાહા..!

પ્રભુ! એક બાજુ આખો ભગવાન બિરાજે છે. પૂર્ણાનંદની લક્ષ્મી. જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, ઈશ્વરતાની શક્તિનો મોટો પિંડ છે ને! આહાહા..! તો એ વ્યવહાર વિકલ્પનો તો નિષેધ કર્યો તો ધર્મીજીવને સ્વરૂપનું શરણ છે, સ્વરૂપનું આલંબન છે, સ્વરૂપ ધ્યેય છે. આહાહા..! સમજાય છે કાંઈ? રાગનું ધ્યેય હતું તો મિથ્યાદૃષ્ટિમાં હતું. સમ્યગ્દૃષ્ટિને ધ્યેય આનંદકંદ પ્રભુ છે તેનું ધ્યેય થઈ ગયું. આહાહા..! આવી વાત હવે. છે?

'**આમૂલાગ્ર..**' આમૂલાગ્ર, ભાષા દેખો! પાઠમાં '**सर्वस्मिन्**' છે ને? તો મૂળમાંથી ઉખાડીને છોડી દીધું. શુભક્રિયા ચાહે તો છ માસના અપવાસ હો, સમજાય છે? અને અખંડ બાળબ્રહ્મચારી હોય, એવું બ્રહ્મચર્ય હોય પણ મૂળમાંથી ઉખાડી નાખ્યું છે. એ ક્રિયા રાગ છે, રાગ આત્માનો સ્વભાવ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? આ '**सर्वस्मिन्**'નો અર્થ થયો. સર્વથી છોડી દીધું, સંપૂર્ણપણે છોડી દીધું. એનો અર્થ? આમૂલ-મૂળમાંથી ઉખાડી નાખ્યું. જ્યાંથી શુભ વિકલ્પ ઊઠે છે ત્યાંથી મૂળમાંથી ઉખાડી નાખ્યું, છોડી દીધો (કે) એ ધર્મ નહિ. આહાહા..! અરે..! આવી વાત. વળી પાછા કહે, કે આમ માને તો ખરા અને વ્યવહાર કરે તો ખરા. પણ વ્યવહાર આવે છે એ હેયબુદ્ધિએ આવે છે. સાંભળ તો ખરો. સમજાય છે કાંઈ?

અહીંયાં તો ભગવાન આનંદનો નાથ પ્રભુ બિરાજે છે, અંદર અનંત અતીન્દ્રિય આનંદનો મોટો ગઢ પડ્યો છે. એના અંતરમાં જા ને! તને આલંબન મળશે, પ્રભુનો તને આધાર મળશે. આહાહા..! તારી વીતરાગી અનુભવદશામાં ભગવાનનો આધાર મળશે. આહાહા..! સમજાય છે કાંઈ? હવે આ વાત એને એકાંત લાગે. એકાંત લાગે. એકાંત છે, એકાંત છે. અમે આ બધું વ્રત ને તપ કરીએ છીએ. ધૂળેય નથી તારા વ્રત. સાંભળને! નવમી ગ્રૈવેયક ગયો હતો એવા જે વ્રત છે, એવા વ્રત તો અત્યારે છે જ નહિ. સાધારણ કોઈ દયા, દાનના શુભપરિણામ હોય, એ પણ સાધારણ.

અહીંયાં તો કહે છે, આમૂલ-મૂળમાંથી છોડી દીધા. જરી પણ એ વ્યવહાર વ્રત, તપ સાધન છે. એ સાધન-ફાધન છે નહિ, વિકલ્પ છે. આહાહા..! એ.. શેઠ! શેઠ પણ બધા સાધુને માખણ ચોપડતા હતા. બનાવ્યું હોય એના માટે છતાં (કહે), આહાર શુદ્ધ, પાણી શુદ્ધ, મન શુદ્ધ, વચન શુદ્ધ, કાય શુદ્ધ. ત્રણે જૂઠું. આ બેય શેઠિયા બેઠા. આ તો ભૂતકાળમાં.. બનાવે એને માટે. પાણી, મોસંબી ને કેરીના રસ. (બોલે એમ) આહાર શુદ્ધ.

ક્યાંથી લાવ્યો આહાર શુદ્ધ? પાણી એને માટે બનાવ્યું હોય (અને બોલે), પાણી શુદ્ધ. આહાહા..!

અહીં તો અમીરસ કૂવા ભગવાનઆત્મા. હમણાં ન કહ્યું? 'ગગનમંડળ મેં અધબીચ કૂવા' આમ આલંબન વિના અંદર પડ્યો છે. જેને શરીરને આકાશનો પણ આધાર નથી એવો અમૃતકૂવો અંદર પડ્યો છે. 'વહાં હૈ અમી કા વાસા અમૃત પડ્યા છે.' એ જ અહીંયાં કહે છે. પણ 'માખણ થા સો વીરલા પાયા, છાશે જગત ભરમાયા'. દયા, દાન ને વ્રત, સંયમની ક્રિયામાં જગત-મિથ્યાદૃષ્ટિઓ ભરમાઈ ગયા. સમજાય છે કાંઈ? 'સુજાનમલજી'! 'સાદડી'માં નથી ન્યાં. 'સાદડી'માં સાદડી છે. આ 'મુંબઈ'માં સાદડી નથી કરતા? મરી ગયા પછી સાદડી કરે છે ને. આહાહા..! આવો માર્ગ, પ્રભુ! આહાહા..!

આ ઉપદેશ તો અનાદિનો છે, એમ કહે છે. અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ, અનંત મુનિઓ આ ઉપદેશ કરતા હતા, કરે છે, કરશે. અરેરે..! સમજાય છે કાંઈ? **'વ્રત-સંયમ-તપરૂપ ક્રિયા...'** એ **'सुकृत'**. અથવા એ બહારની જડની ક્રિયા. **'અથવા શુભોપયોગરૂપ પરિણામ,...'** બે પ્રકાર લેવા. વ્રત, સંયમ, તપની ક્રિયા શરીરની અને શુભઉપયોગ જીવના પરિણામ. **'दुरिते'**. પહેલું **'सुकृत'** હતું, આ **'दुरित'**. **'વિષય-કષાયરૂપ ક્રિયા...'** જડની-શરીરની **'અથવા અશુભોપયોગરૂપ સંક્લેશ પરિણામ-એવાં કાર્યરૂપ મોક્ષમાર્ગ નથી...'** **'निषिद्धे'** **'મોક્ષમાર્ગ નથી એવું માનતા થકા,...'** આહાહા..! ધર્મીજીવ મુનિઓ એને ધર્મ નથી માનતા. આહાહા..!

**'किल नैष्कर्म्ये प्रवृत्ते'** **'किल'** નામ **'નિશ્ચયથી સૂક્ષ્મ-સ્થૂલરૂપ અંતર્જલ્પ-બહિર્જલ્પરૂપ સમસ્ત વિકલ્પોથી રહિત...'** કહેવું તો નિષ્કર્મ છે, તો નિષ્કર્મની વ્યાખ્યા કરી. સૂક્ષ્મ-સ્થૂલરૂપ અંતર્જલ્પ વિકલ્પ-રાગ. અંતર્જલ્પ ગુણ-ગુણીના ભેદરૂપ વિકલ્પ પણ અંતર્જલ્પ. બાહ્ય સ્થૂળ જલ્પ. બહિર્જલ્પ. **'સમસ્ત વિકલ્પોથી રહિત...'** આહાહા..! **'નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યમાત્રપ્રકાશરૂપ વસ્તુ...'** **'નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યમાત્રપ્રકાશરૂપ વસ્તુ...'** રાગ વિનાની નિર્વિકલ્પ વસ્તુ. **'શુદ્ધ ચૈતન્યપ્રકાશરૂપ વસ્તુ મોક્ષમાર્ગ છે એવું-એકરૂપ એવો જ છે એવું-નિશ્ચયથી ઠરાવતા થકા,...'** આહાહા..! શુભાશુભભાવથી રહિત નિષ્કર્મ નિર્વિકલ્પ ચૈતન્યસ્વરૂપ ભગવાન, એની એકાગ્રતા. નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યપ્રકાશ મોક્ષમાર્ગ છે. **'એકરૂપ એવો જ છે એવું-નિશ્ચયથી ઠરાવતા થકા,...'**

**'खलु मुनयः अशरणाः न सन्ति'** **'ખરેખર, સંસાર-શરીર-ભોગથી વિરક્ત થઈ...'** મુનિ સંસાર ઉદયભાવ, શરીર, ભોગથી વિરક્ત થઈ **'ધારણ કર્યું છે યતિપણું જેમણે...'** આહાહા..! **'अशरणाः न सन्ति'** એ અશરણ નથી. આહાહા..! **'આલંબન વિના શૂન્યમન એવો તો નથી.'** શૂન્ય છે, એમ નથી. વિકલ્પ છોડીને શૂન્ય થઈ જાઓ, શૂન્ય થઈ જાઓ. આ કહે છે ને ભાઈ? 'રજનીશ'. શૂન્ય થઈ જાઓ, શૂન્ય થઈ જાઓ પણ ક્યાં? આલંબન વિના? કઈ ચીજ છે કે જેના લક્ષે શૂન્ય થઈ જાઓ? અહીંયાં તો એ વાત છે. સમજાય છે કાંઈ? **'खलु मुनयः अशरणाः न सन्ति'** **'ખરેખર, સંસાર-શરીર-ભોગથી વિરક્ત થઈ ધારણ કર્યું છે**

**યતિપણું જેમણે તેઓ આલંબન વિના શૂન્યમન એવા તો નથી. તો કેવા છે?'**

**'तदा हि एषां ज्ञानं स्वयं शरणं'** આહાહા..! જ્ઞાન એટલે આત્મા શુદ્ધ ચૈતન્યઘન, એ ધર્મીને શરણ છે. આવે છે ને ચાર? ચત્તારિ મંગલં. ચાર મંગળ, ચાર ઉત્તમ, ચાર શરણ. ઈ શરણમાં તો આ આત્મા શરણ છે. અરિહંતા શરણં, સિદ્ધા શરણં એ તો વ્યવહાર છે. આહાહા..! સમજાય છે કાંઈ? **'तदा हि एषां ज्ञानं स्वयं शरणं'** ભાષા દેખો! **'જે કાળે એવી પ્રતીતિ આવે છે કે અશુભ ક્રિયા મોક્ષમાર્ગ નથી, શુભ ક્રિયા પણ મોક્ષમાર્ગ નથી,** તે કાળે **નિશ્ચયથી મુનીશ્વરોને...'** **'ज्ञानं स्वयं शरणं'** **'અર્થાત્ શુદ્ધ સ્વરૂપનો અનુભવ સહજ જ આલંબન છે...'** સ્વયંનો અર્થ સહજ કર્યો. અર્થાત્ સ્વયં ભગવાન શરણ છે. એ રાગનું કંઈ પણ શરણ છે અને એનાથી અંદર ગયા છે, વ્યવહાર રત્નત્રય કર્યા તો અંદર ગયા, એમ બિલકુલ નથી, એમ કહે છે. **'स्वयं शरणं'** સહજ શરણં. પોતાનું નિજ સ્વરૂપ આનંદ છે, એ જ સ્વયં શરણ છે. આહાહા..! આવો માર્ગ હવે. સમજાય છે કાંઈ? એક તો વેપાર-ધંધાથી નવરો ન થાય. એમાંથી નવરો થયો તો દયા, દાન ને વ્રતની ક્રિયામાં ઘૂસી ગયો. એનો એ વેપાર છે, પાપનો. ઓલો પાપનો હતો, આ પુણ્યનો હતો, ખરેખર બેય ધંધા ઈ જ છે. આહા..! એય.. 'શાંતિભાઈ'! આહાહા..!

એવી **'શુભ ક્રિયા પણ મોક્ષમાર્ગ નથી, તે કાળે નિશ્ચયથી મુનીશ્વરોને શુદ્ધ સ્વરૂપનો અનુભવ સહજ જ આલંબન છે...'** બસ. આહાહા..! અંતરમાં દૃષ્ટિ લગાવવી, એ ભગવાન એને આલંબન છે. નિર્મળ વીતરાગી પરિણતિમાં આલંબન દ્રવ્યનું છે. આહાહા..! દુનિયા ગમે તે કહો, ગમે તે માનો, માર્ગ તો આ છે. સમજાય છે કાંઈ? બરાબર પર્યુષણના દિવસોમાં તો આ ગાથાઓ આવી. આ તો સાદી ભાષા છે. બપોરે જરી ઝીણી છે. એ પણ ગુણી ને ગુણ વસ્તુ શું છે, એ બતાવે છે. રાગ-ફાગ ભિન્ન છે. આહાહા..!

અહીંયાં કહે છે, **'મુનીશ્વરોને શુદ્ધ સ્વરૂપનો અનુભવ સહજ જ આલંબન છે...'** ઠીક! હવે આત્મા આનંદસ્વરૂપ છે એનું અહીંયાં આલંબન છે, એમ કહે છે. મુનીશ્વરની નિર્મળ વીતરાગી દશામાં ત્રિકાળી આનંદનો નાથ ભગવાન શરણ છે, આલંબન છે. આહાહા..! એ વ્યવહારના આલંબને નિશ્ચયનું આલંબન આવતું નથી. આહાહા..! વ્યવહારનું લક્ષ છોડીને વીતરાગી પર્યાયમાં આલંબન આત્માનું છે. આહાહા..! 'શાંતિભાઈ'! આવો માર્ગ છે. આહાહા..! અરેરે..! આવી વાત. વીતરાગ ત્રિલોકનાથ જિનેન્દ્રદેવે અનાદિ પરંપરામાં આ ઉપદેશ (કર્યો છે). એ ઉપદેશ છોડીને બીજો ઉપદેશ કરવો... આહાહા..! એ અનંત સર્વજ્ઞોનો અપરાધી છે. પુણ્યની ક્રિયાકર્મથી થાય છે, એમાં લખ્યું છે. 'પંચ સંગ્રહ'માં આવ્યું છે. 'જિનેશ્વરદાસજી'! 'પંચ સંગ્રહ'માં આવ્યું છે, પરંપરા માને છે એ મહા મિથ્યાદૃષ્ટિ છે. 'પંચ સંગ્રહ'માં આવ્યું છે, ક્રિયા કરતાં કરતાં પરંપરાએ થશે. મૂઢ છે. એમાં-'પંચ સંગ્રહ'માં આવ્યું છે. આહાહા..!

આ તો પરંપરા અનાદિ તીર્થંકરો, કેવળીઓ, મુનિઓ પુણ્યની ક્રિયાનો નિષેધ કરે છે. તો શરણ શું રહ્યું? કરવું શું? કરવું ઈ કે અંદર સ્વરૂપમાં રમવું, જમવું એ કરવું છે. આહાહા..! વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા સુદ ૮, મંગળવાર, તા.૨૦-૯-૧૯૭૭
## કળશ - ૧૦૪-૧૦૫, પ્રવચન - ૧૦૦

દસલક્ષણી પર્વનો ચોથો દિવસ છે ને. શૌચધર્મ-નિર્લોભતા. એ શૌચધર્મનો અર્થ છે.

**समसंतोसजलेण य जो धोवदि तिह्वलोहमलपुंजं।**
**भोयणगिद्धिविहीणो तस्स सउच्चं हवे विमलं।।३९७।।**

દસ પ્રકારના ધર્મ મુનિની મુખ્યતાથી વાત કરે ને!

'**અર્થ :- જે (ધર્માત્મા) મુનિ સમભાવ અર્થાત્ રાગ-દ્વેષરહિત પરિણામ અને સંતોષ...**' સંતોષ-શાંતિ. એ '**જળથી તૃષ્ણા તથા લોભરૂપ મળસમૂહને ધોવે છે,...**' આહાહા..! તૃષ્ણા (એટલે) ભવિષ્યની ચાહના અને લોભ (એટલે) વર્તમાન પદાર્થની પ્રીતિ. શું કહ્યું? તૃષ્ણા અને લોભની વ્યાખ્યા ભિન્ન છે. તૃષ્ણા એને કહીએ કે ભવિષ્યની ચાહના અને લોભ એને કહીએ કે વર્તમાનમાં ભાવ. પદાર્થમાં પ્રીતિ. એ ભવિષ્યની ચાહના અને વર્તમાનમાં પ્રેમનો જેને ત્યાગ છે, અંદરમાં સ્વભાવના સંતોષમાં. આહાહા..! '**ભોજનની ગૃદ્ધિ...**' ભોજનની ગૃદ્ધિ. બીજી વસ્તુ તો એને છે નહિ. તો ભોજનની ગૃદ્ધિનો પણ ત્યાગ. આહાહા..! '**તે મુનિનું ચિત્ત નિર્મળ છે,...**' વ્યાખ્યા જરી કરી છે.

**ભાવાર્થ :-** (સમભાવ તૃષ્ણા) '**તૃણ-કંચનને સમાન** જાણવું...' તૃણ હોય કે સોનું હોય, બેય પુદ્‌ગલની જડ પર્યાય છે. બેયમાં સમાન ભાવ રાખવો. આહાહા..! '**તથા સંતોષ-સંતુષ્ટપણું-તૃપ્તભાવ અર્થાત્ પોતાના જ સ્વરૂપમાં સુખ...**' પોતાના આનંદસ્વરૂપમાં સુખ છે એમાં રહેવું તે શૌચધર્મ છે. આહાહા..! પુણ્ય-પાપના વિકલ્પથી રહિત પોતાના આનંદસ્વભાવમાં સંતોષથી રહેવું, સુખના સ્વાદમાં રહેવું. આહાહા..! એનું નામ શૌચ-નિર્લોભ ધર્મ છે. આવી વાત છે. આહાહા..! '**ભવિષ્યમાં મળવાની ચાહનારૂપ તૃષ્ણા તથા પ્રાપ્ત દ્રવ્યાદિકમાં અતિ લિપ્તપણારૂપ લોભ, એના** (એ બંનેના) **ત્યાગમાં અતિ ખેદરૂપ મળને ધોવાથી મન પવિત્ર થાય છે. મુનિને અન્ય ત્યાગ તો હોય જ છે, પરંતુ આહારના ગ્રહણમાં...**' ભોજન શબ્દ આવ્યો ને! એના '**ગ્રહણમાં પણ તીવ્ર ચાહના રાખે નહિ, લાભ-અલાભ, સરસ-નીરસમાં સમભાવ રાખે તો ઉત્તમશૌચ ધર્મ હોય છે.**'

લોભના ચાર પ્રકાર : '**જીવનલોભ, આરોગ્ય રાખવાનો લોભ, ઇન્દ્રિયો તાજી રાખવાનો લોભ તથા ઉપભોગનો લોભ...**' પદાર્થનો ઉપભોગ કરવાનો લોભ. આહાહા..! એ ચારે પ્રકારના લોભનો ત્યાગ. '**પોતાસંબંધી તથા પોતાના સ્વજન-મિત્રાદિ સંબંધી એમ બંને માટે ઈચ્છે ત્યારે તેની (લોભની) આઠ ભેદરૂપ પ્રવૃત્તિ થાય છે. જ્યાં આ પ્રમાણે બધોય લોભ ન હોય...**' આહાહા..! પોતાના અતીન્દ્રિય આનંદમાં, શાંતિમાં રહેવું.. આહાહા..! એ અતિ લોભ રહિત સંતોષપણાનો ધર્મ છે. આહાહા..! આવો કઠણ માર્ગ છે. એ શૌચધર્મ. હવે આપણે ચાલતો અધિકાર.

મુમુક્ષુ :- શરીર સ્વસ્થ રહે...

ઉત્તર :- શરીરની રક્ષા, જીવવાનો લોભ, સ્વકુટુંબનું, પોતાનું શરીર અને ઉપભોગનો લોભ. વારંવાર સ્ત્રી આદિ ભોગવવા અને વારંવાર આહાર આદિ લેવા. આત્મા તો આનંદસ્વરૂપ છે, ભગવાન! એ આનંદસ્વરૂપમાં નિવાસ કરવો અને પરપદાર્થનો લોભ મટાડવો, એનું નામ શૌચધર્મ છે. આહાહા..! એ શબ્દ છે, બાપુ! ભાવ કોઈ અલૌકિક છે. એ અનાદિથી સમજાયું જ નથી. મારી ચીજ આનંદસ્વરૂપ સુખનું ધામ (છે). હવે ૧૦૫માં આવશે.

હવે અહીંયાં કહે છે, કેવું છે જ્ઞાન? **'तदा हि एषां ज्ञानं स्वयं शरणं'** શુભ ને અશુભભાવ શરણરૂપ નથી, એ દુઃખરૂપ છે. આહાહા..! દયા, દાન, વ્રત, નિયમ, શીલ, તપ એ બધા વિકલ્પ છે, દુઃખરૂપ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એનાથી રહિતપણું. **'જે કાળે એવી પ્રતીતિ આવે છે કે અશુભ ક્રિયા મોક્ષમાર્ગ નથી, શુભ ક્રિયા પણ મોક્ષમાર્ગ નથી,...'** આહાહા..! હવે આ શુભઉપયોગને મોક્ષમાર્ગ કહે છે. તો અહીં કહે છે કે, શુભ ક્રિયા પણ મોક્ષમાર્ગ નથી. એ તો પુણ્ય છે, રાગ છે. આહા..!

**'તે કાળે નિશ્ચયથી મુનીશ્વરોને...'** **'ज्ञानं स्वयं शरणं'** **'શુદ્ધસ્વરૂપનો અનુભવ સહજ જ આલંબન છે...'** ભાષા કરી. કોઈ આલંબન છે કે નહિ? પુણ્ય-પાપના ભાવ છૂટ્યા તો આલંબન કોનું? જે શુભ-અશુભભાવનું આલંબન લઈને પરિણામ થાય છે, એ તો છૂટી ગયા, તો ધર્મીને આલંબન કોનું? આહાહા..! શબ્દ તો એવો લીધો છે, **'ज्ञानं स्वयं शरणं'** અર્થ એવો લીધો છે **'શુદ્ધસ્વરૂપનો અનુભવ સહજ જ આલંબન છે...'** શુદ્ધ સ્વરૂપનો અનુભવ સહજ જ આલંબન છે. આહાહા..! આ શબ્દમાં ઘણી ગંભીરતા છે. પોતાના આનંદસ્વરૂપનું સહજ આલંબન-આશ્રય છે. આહાહા..! સમજાય છે કાંઈ? માર્ગ.. વ્રત ને નિયમની બધી ક્રિયાકાંડના વિકલ્પ દુઃખરૂપ છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? તો શરણ શું? **'ज्ञानं स्वयं शरणं'** શુદ્ધ સ્વરૂપનો અનુભવ. આહાહા..! અતીન્દ્રિય આનંદના સ્વભાવને અનુસરીને થવું એમાં સહજ સ્વરૂપનું આલંબન છે. આહાહા..! ભાષા જુદી, ભાવ જુદા. કહો! **'શુદ્ધસ્વરૂપનો અનુભવ સહજ જ...'** એવો શબ્દ છે. આહા..! આનંદસ્વરૂપ ભગવાન, જ્ઞાનસ્વરૂપ ભગવાન નિત્યાનંદ પ્રભુ, એનો અનુભવ, એનું અવલંબન લઈને અનુભવ (થવો) એ સ્વભાવિક જ શરણ છે, સ્વભાવિક શરણ છે. સહજ એ સ્વભાવ શરણ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'કેવું છે જ્ઞાન?'** **'ज्ञाने प्रतिचरितम्'** **'જે બાહ્યરૂપ પરિણમ્યું હતું...'** જે શુભ-અશુભ વિકારની પરિણતિમાં પરિણમ્યું હતું. ભગવાન જ્ઞાનસ્વરૂપ.. આહાહા..! **'તે જ પોતાના શુદ્ધસ્વરૂપે પરિણમ્યું છે.'** પુણ્ય અને પાપની પર્યાયમાં જે જ્ઞાન રોકાતું હતું, પરિણમ્યું હતું તે જ્ઞાન સ્વરૂપમાં પરિણમ્યું. આહાહા..! છે? **'શુદ્ધસ્વરૂપે પરિણમ્યું છે. શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં કાંઈ વિશેષ પણ છે.'** **'एते तत्र निरताः परमम् अमृतं विन्दन्ति'** આહાહા..! **'વિદ્યમાન જે સમ્યગ્દૃષ્ટિ મુનીશ્વર શુદ્ધસ્વરૂપના અનુભવમાં મગ્ન છે...'** **'निरताः'** આહાહા..! રતા-

નિરતા. રક્ત છે પણ નિરત છે, વિશેષ મગ્ન છે. આહા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિ છે એ રતા-લીન છે. મુનિ તો 'निरताः'-વિશેષ રક્ત છે. સમ્યગ્દૃષ્ટિ ચોથે ગુણસ્થાને પોતાના આનંદમાં રત છે. મુનિ તો 'निरताः'-વિશેષ રક્ત છે. આહાહા..! આવો માર્ગ. સમજાય છે કાંઈ? આહા..! મગ્ન છે. 'परमम् अमृतं विन्दन्ति' આહાહા...!

'કર્તા-કર્મ'માં પહેલા આવ્યું હતું કે જ્યારે વિકલ્પ છૂટી જાય છે, હું બદ્ધ છું કે અબદ્ધ છું કે શુદ્ધ છું, ત્યારે 'अमृतं विन्दन्ति' 'કર્તા-કર્મ'માં છેલ્લે આવ્યું હતું. આહાહા..! શુભ-અશુભભાવનો આશ્રય છૂટે છે તો અંતર આનંદસ્વરૂપ ભગવાનનો આશ્રય લે છે. એ અતીન્દ્રિય આનંદમાં લીન, અતીન્દ્રિય આનંદના અનુભવમાં અતીન્દ્રિય આનંદનું ભોજન કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ? છે? **'સર્વોત્કૃષ્ટ અતીન્દ્રિય સુખને આસ્વાદે છે.'** દેખો! 'विन्दन्ति' આસ્વાદે છે. આહાહા..! જે કંઈ પુણ્યની ક્રિયામાં રાગનો આસ્વાદ હતો.. આહાહા..! એ સ્વાદ છૂટીને અતીન્દ્રિય આનંદના સ્વાદમાં લીન છે. આહાહા..! આવો માર્ગ. આવો માર્ગ સત્ય છે. આહાહા..! લોકોને નિશ્ચય, નિશ્ચય લાગે. બાપુ! સત્ય જ આ છે. આહાહા..! ઈ કહ્યું ને?

**'સર્વોત્કૃષ્ટ..'** 'परमम् अमृतं.. परमम् अमृतं' **'સર્વોત્કૃષ્ટ અતીન્દ્રિય સુખને આસ્વાદે છે.'** આહાહા..! સમ્યગ્દર્શનમાં પણ આનંદનો સ્વાદ શુભાશુભ પરિણામથી રહિત થાય છે. તો અહીંયાં તો મુનિની વાત છે. પંચમહાવ્રતના વિકલ્પ એ રાગ દુઃખ (છે). એનાથી ખસીને જ્ઞાનાનંદસ્વભાવમાં સર્વોત્કૃષ્ટ અતીન્દ્રિય સુખમાં લીન રહે છે, આહાહા..! તેને આસ્વાદે છે. 'શાંતિભાઈ'! આવો માર્ગ દેખો! કોને મુનિ કહેવા, કોને સમકિતી કહેવો! આહાહા..!

**'ભાવાર્થ આમ છે કે-શુભ-અશુભ ક્રિયામાં મગ્ન થતાં જીવ વિકલ્પી છે.'** દેખો! આહા..! એ તો વિકલ્પી-રાગી પ્રાણી છે. આહાહા..! શુભ-અશુભ ક્રિયામાં (રહે છે) એ તો વિકલ્પી પ્રાણી, દુઃખી છે. આહાહા..! વિકલ્પ દુઃખ છે. એમાં આવ્યું ને? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' તો એમાં શું થયું? પંચમહાવ્રતના પરિણામ એ દુઃખ છે. આત્મજ્ઞાન બિન લેશ સુખ ન પાયો. આહાહા..! ભગવાનઆત્માનો અંતર આશ્રય લઈને જે અનુભવ થાય એમાં સુખ છે. પંચમહાવ્રતના પરિણામ તો દુઃખરૂપ છે, વિકલ્પની જાળ છે એ તો. આહાહા..! **'શુભ-અશુભ ક્રિયામાં મગ્ન થતાં જીવ વિકલ્પી છે. તેથી દુઃખી છે;...'** આહાહા..! કહો, શેઠ! આ તમારા પૈસાની તૃષ્ણામાં તો દુઃખ છે પણ પંચમહાવ્રતના વિકલ્પમાં દુઃખી છે, એમ કહે છે. આહાહા..! રાગ છે ને. દયા, દાન, વ્રત, તપ, ભગવાનનું સ્મરણ, પંચપરમેષ્ઠીની ભક્તિ એ વિકલ્પની જાળ છે. આવી વાત લોકોને આકરી પડે. ભાઈ! માર્ગ તો આ છે. તારો માર્ગ... હજી આગળ કહેશે. આહાહા..! ગજબ વાત છે. સંતોની કથની 'શાંતિ પમાડે તેને સંત કહીએ, એના દાસાનુદાસ થઈને રહીએ'.

ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ, આનંદનું ધામ.. આહાહા..! એમાં અતીન્દ્રિય સુખનો સ્વાદ લેવો એનું નામ આત્મધર્મ, આત્મજ્ઞાન, આત્મદર્શન, આત્મસ્થિરતા કહે છે. આવી

વાત. શ્રાવકના છ કર્તવ્ય છે ને હંમેશના? સ્વાધ્યાય, પૂજા, ગુરુસેવા એ રાગ છે, એમ કહે છે. એ વિકલ્પની જાળ છે. સમજાય છે કાંઈ? આહાહા..! ભગવાન અંદર નિર્વિકલ્પ વીતરાગની મૂર્તિ પ્રભુ ચિદાનંદ આત્મા અનાદિઅનંત વીતરાગસ્વરૂપે બિરાજમાન ભગવાન (છે). એનો આસ્વાદ લેવો, એનાથી રાગનો સ્વાદ છૂટી જાય છે. આહાહા..! અહીંયાં તો કહે છે, કે શુભભાવ (મોક્ષનો માર્ગ છે). અરે..! પ્રભુ! તું ભગવાન છે ને! તારામાં-તારા ઘરમાં તો અતીન્દ્રિય આનંદ ઠસોઠસ ભર્યો છે ને! આહાહા..!

કહે છે કે, '**જીવ વિકલ્પી છે, તેથી દુઃખી છે.**' પંચમહાવ્રત, પાંચ સમિતિ, ગુપ્તિ વ્યવહાર, એને લોકો અત્યારે સરાગ ચારિત્ર કહે છે. ક્યાં સરાગ હતા? વીતરાગ વિના? સમજાય છે કાંઈ? અને એ સરાગ ચારિત્રથી વીતરાગ ચારિત્ર થવાય છે, એમ કાલે આવ્યું છે. એ દુઃખની દશાથી આનંદની દશા પ્રગટ થશે. એમ નથી. છોડીને થશે. આહાહા..! '**ક્રિયાસંસ્કાર છૂટીને...**' શું કહ્યું? જુઓ! એ દયા, દાન, વ્રત, તપના વિકલ્પના સંસ્કાર છૂટીને '**શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં જીવ નિર્વિકલ્પ છે.**' સમજાય છે? કેટલી સ્પષ્ટ વસ્તુ છે! હવે એમાંથી ગડબડ કરે છે. અરેરે..! ભગવાન! તારી ચીજમાં પરનું આલંબન બિલકુલ નથી. તારી ચીજમાં જવામાં પરનું, શુભરાગનું બિલકુલ આલંબન નથી. તો એનાથી નિશ્ચય ચારિત્ર થશે, એમ ત્રણકાળમાં નથી. આહાહા..! (વસ્તુ) '**જીવ નિર્વિકલ્પ છે, તેથી સુખી છે.**' છે? જીવ તો ભગવાન નિર્વિકલ્પ વીતરાગસ્વરૂપ છે. એના આશ્રયે સુખી છે. આહાહા..!

મુમુક્ષુ :- ક્રિયાસંસ્કાર એટલે?

ઉત્તર :- ક્રિયાસંસ્કાર એ રાગ. દયા ને દાન ને વ્રત ને પૂજા ને ભક્તિ ને નામ સ્મરણની ક્રિયાના સંસ્કાર એ રાગના સંસ્કાર છે. વીતરાગ ન થાય ત્યાં સુધી ધર્મીને એ આવે છે, પણ છે વિકલ્પ અને રાગ. સમજાય છે કાંઈ? આહાહા..! આવો માર્ગ. ૧૦૫ થયો.

---

(શિખરિણી)

यदेतद् ज्ञानात्मा ध्रुवमचलमाभाति भवनं
शिवस्यायं हेतुः स्वयमपि यतस्तच्छिव इति।
अतोऽन्यद्बन्धस्य स्वयमपि यतो बन्ध इति तत्
ततो ज्ञानात्मत्वं भवनमनुभूतिर्हि विहितम्।।६-१०५।।

ખંડાન્વય સહિત અર્થ :- 'यत् एतत् ज्ञानात्मा भवनम् ध्रुवम् अचलम् आभाति अयं शिवस्य हेतुः' ( यत् एतत् ) જે કોઈ ( ज्ञानात्मा ) ચેતનાલક્ષણ એવી ( भवनम् ) સત્ત્વસ્વરૂપ વસ્તુ ( ध्रुवम् अचलम् ) નિશ્ચયથી સ્થિર થઈને ( आभाति ) પ્રત્યક્ષપણે સ્વરૂપની આસ્વાદક કહી છે ( अयं ) એ જ ( शिवस्य हेतुः ) મોક્ષનો માર્ગ છે. શા કારણથી? 'यतः स्वयम् अपि तत् शिवः इति' ( यतः ) કારણ કે ( स्वयम् अपि ) પોતે પણ ( तत् शिवः इति ) મોક્ષરૂપ છે. ભાવાર્થ આમ છે-જીવનું સ્વરૂપ સદા કર્મથી મુક્ત છે; તેને

અનુભવતાં મોક્ષ થાય છે એમ ઘટે છે, વિરુદ્ધ તો નથી. 'अतः अन्यत् बन्धस्य हेतुः' ( अतः ) શુદ્ધસ્વરૂપનો અનુભવ મોક્ષમાર્ગ છે, એ વિના ( अन्यत् ) જે કાંઈ છે શુભક્રિયારૂપ, અશુભ ક્રિયારૂપ અનેક પ્રકાર ( बन्धस्य हेतुः ) તે બધો બંધનો માર્ગ છે; 'यतः स्वयम् अपि बन्धः इति' ( यतः ) કારણ કે ( स्वयम् अपि ) પોતે પણ ( बन्धः इति ) બધોય બંધરૂપ છે. 'ततः तत् ज्ञानात्मा स्वं भवनम् विहितं हि अनुभूतिः' ( ततः ) તે કારણથી ( तत् ) પૂર્વોક્ત ( ज्ञानात्मा ) ચેતનાલક્ષણ એવું છે ( स्वं भवनम् ) પોતાના જીવનું સત્ત્વ તે ( विहितम् ) મોક્ષમાર્ગ છે, ( हि ) નિશ્ચયથી ( अनुभूतिः ) પ્રત્યક્ષપણે આસ્વાદ કરવામાં આવતું થકું. ૬-૧૦૫.

## કળશ-૧૦૫ ઉપર પ્રવચન

૧૦૫. यदेतद् ज्ञानात्मा ध्रुववमचलमाभाति भवनं
शिवस्यायं हेतुः स्वयमपि यतस्तच्छिव इति।
अतोऽन्यद्बन्धस्य स्वयमपि यतो बन्ध इति तत्
ततो ज्ञानात्मत्वं भवनमनुभूतिर्हि विहितम्।।६-१०५।।

આહાહા..! ભગવાને તો અનુભવનો ઉપદેશ આપ્યો છે. મહાવ્રત ને રાગ ને એને કરવો એમ ઉપદેશ કર્યો જ નથી, એમ કહે છે. આહાહા..! 'यत् एतत् ज्ञानात्मा भवनम् ध्रुवम् अचलम् आभाति अयं शिवस्य हेतुः' એમાં જરી ગંભીર ચીજ છે, જુઓ! 'જે કોઈ **ચેતનાલક્ષણ**...' એવો ભગવાન. 'भवनम्' '**સત્ત્વસ્વરૂપ વસ્તુ**...' ચેતનાલક્ષણ સત્ત્વસ્વરૂપ વસ્તુ. એ પોતાનું ભવન છે-એ પોતાનું ઘર છે. આહાહા..! પુણ્ય-પાપ પોતાનું ઘર નહિ. '**ચેતનાલક્ષણ એવી**...' 'भवनम्' અહીંયાં વસ્તુ સત્ત્વરૂપ વસ્તુ કીધી અથવા સત્ત્વસ્વરૂપનું પરિણમન. પણ એ 'भवनम्' નામ એ ચેતનાલક્ષણ ભવન છે. જેનું ચેતનાસ્વરૂપ એનું ઘર-સ્થાન છે. રાગાદિ બાહ્ય સ્થાન વ્યભિચાર છે. આહાહા..! સમજાય છે કાંઈ?

જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ એ તારું ઘર છે-ગૃહ છે, ભવન છે, એ તારો મહેલ છે. આહાહા..! 'શાંતિભાઈ'! આ ઘર તો ધૂળના. ચાલીસ-ચાલીસ લાખના મકાન, આ શેઠને છ-છ લાખના. 'ગોવા'માં ચાલીસ-ચાલીસ લાખના. 'પોપટભાઈ' નથી, નહિ? ગયા. ધૂળમાંય એ તારા ભવન નથી, બાપા! એ તો નહિ પણ રાગ પણ તારું ભવન નહિ. દયા, દાન, વ્રતના સંસ્કાર એ પણ તારું ઘર નહિ. એ તારું ઘર નહિ. આહાહા..! આ કહે છે ને કે આ અમારી ઘરવાળી! અમારા ઘરેથી છે આ. એમ હાથ બતાવે. આ અમારા ઘરેથી છે. ન્યાં ઘર ક્યાં આવ્યું? આહાહા..! અરે..! ભગવાન! બાઈ કહે, આ અમારા ઘરવાળા છે. એમ કહે. મીઠી ભાષાથી કહે તો અમારા પતિદેવ છે. એવું સાંભળ્યું છે, આપણે ક્યાં ન્યાં... પતિદેવ કહે. પતિદેવ છે મારા. પછી કહે, મારી પત્ની છે, અર્ધાંગના છે. અરે..! ભગવાન! તારું અડધું અંગ ન્યાં ક્યાં આવ્યું? રાગમાં પણ તારું અર્ધાંગના ન આવ્યું, તો સ્વરૂપ સિવાય

છે ક્યાં? આહાહા..!

સંસ્કૃત ટીકામાં એ અર્થ કર્યો છે. 'भवनम्' ગૃહ-સ્થાન. આત્માનું ભવન સ્થાન અંદર સ્વરૂપ છે. આહાહા..! એ.. 'પોપટભાઈ'! આહાહા..! કહે છે, તારું ભવન શું? પેલામાં નથી આવતું? 'મોક્ષમહેલ કી પહેલી સીઢી' પંડિતજી! 'છ ઢાળા'માં. મોક્ષમહેલ કી પહેલી સીઢી સમ્યગ્દર્શન. નિજ ભગવાન આનંદ, જ્ઞાનસ્વરૂપ પ્રભુ, એ પોતાનું ભવન છે. એ ભવનમાં રહેવું એ ધર્મની પહેલી સીઢી છે. આહાહા..! અહીં તો બાહ્યની ક્રિયા લાભ કરે ત્યાં બસ આમ રાજી રાજી (થઈ જાય). આહાહા..!

અહીં તો કહે છે, 'જે કોઈ...' જ્ઞાનસ્વરૂપ. 'ज्ञानात्मा' શબ્દ પડ્યો છે ને? જ્ઞાનસ્વરૂપ એટલે 'ચેતનાલક્ષણ...' જ્ઞાનસ્વભાવ એવું નિજ ઘર, નિજ વસ્તુ. છે ને? સત્ત્વસ્વરૂપ વસ્તુ કીધી. નિજઘર, નિજધામ, નિજસ્થાન. આહાહા..!

ઈ આવે છે ને? રહેનારનું સ્થાન છે. 'નિર્જરા અધિકાર'માં આવે છે. જેને અંતરમાં રહેવું હોય એ રહેનારનું સ્થાન ભગવાનઆત્મા છે. આહાહા..! આવી વાત સાંભળતા, આ વળી નવું હશે, એમ કહે છે. આહાહા..! નવું નથી, બાપુ! એ તો કાલે આવ્યું હતું ને? અનાદિ પરંપરા આવો ઉપદેશ છે. કાલે આવ્યું હતું. ૧૦૩. આહા..! અનાદિઅનંત તીર્થંકરો અનંત તીર્થંકરો થયા, વર્તમાન છે અને ભવિષ્યમાં અનંત થશે, અનંત કેવળી થયા, છે, થશે, અનંત મુનિ થયા, છે, થશે. બધાનો આ ઉપદેશ છે. પ્રભુ! તારા ઘરમાં તું જા. પરઘરમાં વ્યભિચારી થઈને તું ન રહે. આહાહા..! શુભભાવમાં જાવું, પ્રભુ! એ તારો વ્યભિચાર છે. કેમકે એ સંયોગીભાવ છે, સ્વભાવભાવ નહિ. આહા..! આવું આકરું પડે. સમજાય છે કાંઈ? શાસ્ત્રની ભક્તિ ને પૂજા એ શુભભાવ રાગ સંસાર છે, વિકલ્પ છે, દુઃખ છે. એ તારું ઘર નહિ. આહાહા..! ગજબ છે! સમજાય છે કાંઈ?

ભગવાન! તું તો આનંદસ્વરૂપ છો ને! ચેતના, ચેતન, ચેતનાસ્વભાવથી ભરેલો છો ને! જ્ઞાનસ્વરૂપ એટલે એ. ચેતન, ચેતનાસ્વભાવથી ભરપૂર ભરેલો છો ને! ભગવાન! તારું ઘર તો ઈ છે ને! આહાહા..! અરે..! આવી વાત! ન્યાં 'શ્રીમદ્'માં એમ કહેતા હતા, વાત તમારી નિશ્ચય, પણ એનું સાધન? અરે..! ભગવાન! એમ કે, આ ભક્તિ કરવી ને (ઈ સાધન). બાપુ! એ તો વિકલ્પની જાળ, પ્રભુ! તને ખબર નથી. આહાહા..! તારી ચીજ તો વીતરાગી નિર્વિકલ્પ પદાર્થ છે. એ નિર્વિકલ્પ પદાર્થમાં 'भवनम्' નિર્વિકલ્પપણે થવું, નિર્વિકલ્પપણે રહેવું, નિર્વિકલ્પ ઘરમાં સ્થાન નાખવું. આહાહા..! નિર્વિકલ્પ ચીજમાં-વસ્તુમાં વસવું. શું કહેવાય? વાસ્તુ. વસ્તુમાં વાસ્તુ કરવું. વાસ્તુ કહે છે ને? વાસ્તુ નથી કહેતા? મકાન બનાવે એને. વાસ્તુ લે છે. મોટા મોટા માણસને બોલાવે ને પછી લાપસી બનાવે ને પત્તરવેલિયાના ભજીયા (બનાવે). આહાહા..! વાસ્તુ લીધું પાપમાં. અહીં તો પુણ્યના પરિણામમાં વાસ્તુ એ પણ વ્યભિચાર છે. ભગવાન! તારી ચીજ નહિ, તારું ઘર નહિ, તારો સ્વભાવ નહિ. આહાહા..! આહાહા..!

'ज्ञानात्मा भवनम्' જ્ઞાનસ્વરૂપે થવું, રહેવું, પરિણમવું. અને જ્ઞાનસ્વરૂપ એટલે ત્રિકાળી

જ્ઞાનસ્વરૂપ. એ ત્રિકાળી. જ્ઞાનસ્વભાવી ભગવાનઆત્મા... આહાહા..! એમાં રહેવું. એ ભવન થયું-એ પરિણમન થયું. રાગમાં રહેવું એ વિકારનું પરિણમન થયું. અને જ્ઞાનાનંદ સ્વભાવમાં રહેવું એ નિર્વિકારી પરિણમન થયું. એ ઘરનું ઘર થયું. આહાહા..! સમજાય છે કાંઈ? બે શબ્દ છે. 'भवनम्' પહેલી લીટીમાં છે અને ચોથી લીટીમાં 'भवनम्' છે. ચોથી પંક્તિ છે ને? 'भवनमनुभूतिर्हि विहितम्' આહાહા..! કોઈ દિ' સાંભળ્યું નથી. 'શાંતિભાઈ'! લોકોએ બિચારા લોકોને મારી નાખ્યા. આહાહા..! 'શ્રીમદ્' કહે છે, લોકો પાપમાં (રચ્યાપચ્યા) આખો દિ' સ્ત્રી, કુટુંબ, પરિવાર, ભોગ, ખાવું, પીવું, ઊંઘ, નિંદ્રા. એકાદ કલાક મળે તો જાય સાંભળવા. કુગુરુ એનો કલાક લૂંટી લે. એને પુણ્યને ધર્મ મનાવીને એની જિંદગી લૂંટી લે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

આ પુણ્ય-પાપનો અધિકાર છે. શુભ-અશુભભાવ બેય વિકલ્પ છે, બેય દુઃખ છે. ક્રિયાના સંસ્કાર છે, એ આત્માના સંસ્કાર નહિ. આહાહા..! એ આત્માની ક્રિયા નહિ. એ નિર્વિકલ્પ વસ્તુ નહિ. આહાહા..! આવી વસ્તુ છે, બાપુ! મહા અલૌકિક વાત છે, ભાઈ! તું તો ભગવાન છો ને, નાથ! તારી લક્ષ્મીમાં તો આનંદ અને જ્ઞાન પડ્યા છે ને! એ તારી લક્ષ્મીમાં ભવન-વાસ કરવો. આહાહા..! એ વાસ્તુ કરવું, વાસ કરવો એ ધર્મ છે. ધર્મી આત્મા, એનો ધર્મ ચેતના ને આનંદ, એમાં વાસ કરવો એ પર્યાયધર્મ છે. આહાહા..! શું કહ્યું એ?

ધર્મી એવું દ્રવ્ય, એમાં જ્ઞાન ને આનંદ એનો સ્વભાવ, એમાં વસવું એ પર્યાયધર્મ છે. આહાહા..! ગજબ વાત છે! લોકોને તો એમ (થાય છે કે) એ.. સોનગઢવાળાએ આમ કર્યું. પ્રભુ! સાંભળ ને, નાથ! સોનગઢ એટલે સોનગઢ સોનગઢ રહ્યું. સોનાને કાટ ન હોય, પ્રભુ! સોનાને કાટ લાગે? કાટને શું કહે છે? કાટને શું કહે છે? જંગ.. જંગ. સોનાને લાગે નહિ. ભગવાન આનંદસ્વરૂપ, એમાં રાગનો કાટ નથી, પ્રભુ! આહાહા..! એ લોઢે કાટ હોય. સોને ન હોય. આહાહા..! જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા.. ભાષા તો દેખો!

'ज्ञानात्मा भवनम् ध्रुवम् अचलम्' આહાહા..! ગજબ છે! પ્રભુ! તું કેવો છો? જ્ઞાનસ્વરૂપ છો ને. પુણ્ય-પાપના ભાવ એ કંઈ જ્ઞાનસ્વરૂપ નથી, એ તો વિકૃત સ્વરૂપ, સંયોગી વિકૃતભાવ છે. આહાહા..! વ્યભિચાર ભાવ છે. એ તારું રહેવાનું રહેઠાણ સ્થાન નહિ. આહાહા..! પ્રભુ! તારું રહેવાનું રહેઠાણ સ્થાન તો જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા છે. આહાહા..! આ બધી બહારની ધમાલ. ચમક.. ચમક. મસાણના હાડકાની બધી બહારની ચમકું છે. શરીર રૂપાળા ધૂળ છે. સાંભળ તો. અંદર પાપના પરિણામ એ દુઃખ અને પુણ્યના પરિણામ દુઃખ છે. એ ચમક તારી ક્યાં છે? તારો ચૈતન્યનો ચમત્કારિક ચમત્કાર, ચમક આનંદની લહેર એ તારી ચમક છે. આહાહા..! અરે..! ક્યાં.. હજી વસ્તુની ખબર પણ ન મળે. આહાહા..!

'ज्ञानात्मा भवनम्' '**સત્ત્વસ્વરૂપ વસ્તુ...**' એ સત્ત્વસ્વરૂપ. જ્ઞાન સત્ત્વ, જ્ઞાન સત્ત્વસ્વરૂપ વસ્તુ. 'ध्रुवम् अचलम्' '**નિશ્ચયથી સ્થિર થઈને..**' 'आभाति' '**પ્રત્યક્ષપણે સ્વરૂપની આસ્વાદક કહી છે...**' આહાહા..! નિશ્ચયથી અંતરમાં એકાગ્ર થઈ '**પ્રત્યક્ષપણે સ્વરૂપની આસ્વાદક કહી છે...**' આહાહા..! એ આનંદનો સ્વાદ બીજો લે છે અને તને

(ખબર નથી પડતી) એમ નથી, પ્રત્યક્ષ આસ્વાદક કહી છે. આહાહા..! ભગવાને ત્રિલોકનાથ જિનેન્દ્રદેવે જ્ઞાનસ્વરૂપમાં 'आभाति' એકાગ્ર થઈ તને આનંદના સ્વાદનો આસ્વાદ કહ્યો છે. એ આનંદનો આસ્વાદ લેનાર તને કહ્યો છે. આસ્વાદક છે ને? આસ્વાદક. અતીન્દ્રિય આનંદનો સ્વાદ લેનાર તને કહ્યો છે. રાગનો સ્વાદ લેનારો આત્મા એમ કહ્યું નથી. આહાહા..! આહા..! અરે..! આવી વાતું હવે.

એ રાગના સંસ્કાર, ક્રિયાકાંડના સંસ્કારથી પાર પ્રભુ બિરાજે છે અંદર. આહાહા..! નિર્વિકલ્પપણે બિરાજે છે, વીતરાગી આનંદમાં બિરાજે છે. એ તરફનું ભવન નામ અંદર જાવું, એ મહેલમાં અંદર જાવું. આહાહા...! એ સાફ મહેલ છે, આનંદના સ્વરૂપથી સાફ મહેલ છે. નિર્મળાનંદ મહેલ છે. આહાહા..! એનો આસ્વાદક કહ્યો છે. ધર્મીને તો એનો આસ્વાદ કરનાર કહ્યો છે. રાગનો આસ્વાદ કરનાર ધર્મીને ભગવાને કહ્યો નથી. અરેરે..! કહો, 'કાંતિભાઈ'! આવું ક્યાં, પૈસા-બૈસાનું આમાં ક્યાં ક્યાંય આવ્યું? પૈસામાં દાનના ભાવ હોય તો એ શુભભાવ છે. એ પણ વ્યભિચાર છે, એમ કહે છે. અરર..ર..! ક્રિયાસંસ્કાર. આહાહા..!

અહીંયાં તો પ્રભુ એમ કહે છે કે એ જ્ઞાનસત્ત્વસ્વરૂપ વસ્તુ છે. સત્ વસ્તુ. જેમાં આનંદ ને જ્ઞાન ને શાંતિ ને સ્વચ્છતાને પ્રભુતાનો કસ પડ્યો છે. એ વસ્તુમાં નિશ્ચયથી સ્થિર થઈ. એમાં રહેવાથી પ્રત્યક્ષરૂપે સ્વરૂપનો આસ્વાદક, આસ્વાદક-આસ્વાદ કરનાર કહ્યો છે. આહાહા..! રાગને કરનારો આત્મા એમ અહીં કહ્યું જ નથી. 'મીઠાભાઈ' આવી વાતું એટલે લોકોને લાગે. શું થાય? ભાઈ! 'અનુભવ રત્ન ચિંતામણિ અનુભવ હૈ રસ કૂપ, અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.' એ અહીં નિર્વિકલ્પ આસ્વાદ કરનાર જ્ઞાનીને કહ્યો છે. આહાહા..! એક એક પંક્તિ અને એક એક લીટી.. આહાહા..!

ગંભીર સ્વભાવથી ભરેલો છે. પ્રભુ! તારી ગંભીરતાનો અંદર પાર નથી તો તને બતાવનારી વાણીમાં પણ ગંભીરતા છે. 'શ્રીમદ્' કહે છે ને? 'વચનામૃત વીતરાગના, વચનામૃત વીતરાગના પરમશાંતરસ મૂળ, ઔષધ જે ભવરોગના પણ કાયરને પ્રતિકૂળ, રે ગુણવંતા જ્ઞાની અમૃત વરસ્યા રે પંચમ કાળમાં.' આહાહા..! નાથ ! તેં તો પંચમકાળમાં અમૃત વરસાવ્યા! એ આ અમૃત, હોં! આહાહા..! જ્ઞાનામૃત. આહા..! વચનામૃત વીતરાગના. ભાષા શું કરી? વચનામૃત. વચનામૃત વીતરાગના પરમશાંતરસ મૂળ, જેમાંથી શાંતિ પ્રગટ થાય એવા વીતરાગી વચન છે. રાગ તો અશાંતિ છે. રાગના સંસ્કાર દુઃખ છે. આહાહા..!

અરે..! લોકોને એકાંત લાગે છે. હા, એ સમ્યક્ એકાંત છે. સમજાય છે કાંઈ? એમાં રાગના સંસ્કારનો અભાવ છે, એ અનેકાંત છે. આહાહા..! 'શ્રીમદ્' પણ કહે છે, અનેકાંત માર્ગ પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ સિવાય અન્ય હેતુએ ઉપકારી નથી. આહાહા..! અનેકાંત પણ નિજપદની એકાંતે પ્રાપ્તિ સિવાય અનેકાંત પણ બીજી રીતે હિતકારી નથી. આહાહા..! નિજ સમ્યક્ એકાંતમાં આનંદમાં આવવું.. આહાહા..! અરે..! ભાવની હા તો પાડ, પ્રભુ! હા પાડતાં તારી હાલત થઈ જશે. સમજાય છે કાંઈ? હાની લત પાડતાં પાડતાં હાલત થઈ જશે. આહાહા..!

**'નિશ્ચયથી સ્થિર થઈને પ્રત્યક્ષપણે સ્વરૂપની આસ્વાદક...'** પ્રત્યક્ષપણે સ્વરૂપનો આસ્વાદક કહ્યો છે. આસ્વાદક. પ્રત્યક્ષપણે સ્વરૂપનો આસ્વાદ કરનાર કહ્યું છે. આહાહા..! એમ કે કાંઈ કરે છે કે નહિ? પુણ્ય-પાપના ભાવ છૂટ્યા તો કાંઈ કરે છે કે નહિ? કે, આસ્વાદક કહ્યો છે. એ આનંદનો આસ્વાદ કરનાર કહ્યો છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! એક પંક્તિમાં કેટલું ભર્યું છે! આહાહા..! દિગંબર સંતોની વાણી તો જુઓ!

મુમુક્ષુ :- બ્રહ્માંડના ભાવ ભર્યા છે.

ઉત્તર :- બ્રહ્માંડના ભાવ ભર્યા છે. સમયસાર ગ્રંથાધિરાજ તારામાં બ્રહ્માંડના ભાવ ભર્યા છે. આહાહા..!

**'એ જ મોક્ષનો માર્ગ છે.'** સ્વરૂપમાં એકાગ્રતા થવી અને આનંદનો આસ્વાદ લેવો એ એક જ મોક્ષનો માર્ગ છે. આહાહા..! હવે લોકો રાડ પાડે છે, એ બધું (ખરું) પણ સાધન શું? એ જ સાધન છે. સાધન નામનો-કરણ નામનો આત્મામાં ગુણ પડ્યો છે. કરણશક્તિ આપણે આવી ગઈ. શક્તિ.. શક્તિ. કરણશક્તિ પડી છે. એમાં કરણ નામનો ગુણ પડ્યો છે એ જ કરણ-સાધન છે. આહાહા..! એકાંત થઈ જાય છે, એકાંત થઈ જાય છે એમ રાડ પાડે છે. ભગવાન! સમ્યક્ એકાંત થઈ જાય છે એમ કહે.

અરેરે..! જુઓને આ સ્થિતિ! શરીરમાં રોગ થાય, પક્ષઘાત થાય. પચ્ચીસ-પચ્ચીસ વર્ષની ઉંમરે, ત્રીસ-ત્રીસ વર્ષની ઉંમરે પક્ષઘાત થઈ જાય. આહાહા..! ચાલી શકે નહિ, બોલી શકે નહિ. નિરાધાર. એકવાર પક્ષઘાત કર ને! રાગના પક્ષઘાતનો ઘાત કરી નાખ ને. રાગના પક્ષનો ઘાત કરી નાખ. એક અંગ-પર ખોટું પડી જશે, તારું સ્વ અંગ રહેશે. આહાહા..! સમજાય છે કાંઈ? આહા..!

શિવ-**'મોક્ષનો માર્ગ છે.'** **'शिवस्य हेतुः'** છે ને? શિવ નામ મોક્ષ. પરમાનંદરૂપી મોક્ષ એનો હેતુ આ. પ્રત્યક્ષરૂપે સ્વરૂપનું આસ્વાદન કરનારને કહ્યો છે. આહાહા..! હજી વસ્તુની ખબર ન મળે. સાચું જ્ઞાન પણ ન મળે અને એ રખડવાના રસ્તે.. આહાહા..! ભવાબ્ધિ મોટો દરિયો-સમુદ્ર છે. ભ્રમણામાં રાગના સંસ્કારથી ધર્મ થશે પછી સુખનું સાધન મળશે, એમ કહે છે. અત્યારે પુણ્ય થાય, અનુકૂળ સાધન મળે.. એ પહેલા આવી ગયું છે. ઈ મળે પછી ત્યાં ધર્મ પામશે. અરે..! ધૂળેય નહિ થાય, સાંભળને. આહાહા.. ! ધર્મ તો તારી ચીજમાં ભરેલો સ્વભાવ છે, એનો આસ્વાદ કરનાર (એ ધર્મ છે). આહાહા..! એમ કેમ લીધું? રાગનો આસ્વાદ તો તને અનાદિનો છે. એ કોઈ ચીજ નથી. તારી વસ્તુનું સત્ત્વ નથી, તારી વસ્તુનો એ સ્વભાવ નથી. આહાહા..! તારી ચીજ જ્ઞાનાનંદ સ્વરૂપ ભગવાન, એ તરફનો આસ્વાદ કરનારને શિવનો-મોક્ષનો હેતુ કહ્યો છે. આવો માર્ગ છે, બાપુ! વાદવિવાદે પાર ન પડે. શાસ્ત્રમાં વ્યવહારના લખાણ ઘણા આવે. પણ બાપુ! એનું ફળ સંસાર છે. જિનાજ્ઞામાં પણ જે નિમિત્તરૂપ વ્યવહાર કહ્યો એનું ફળ સંસાર છે, શિવહેતુ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..!

**'શા કારણથી?'** **'મોક્ષનો માર્ગ છે. શા કારણથી?'** નિજ સ્વભાવનો અનુભવ કરવો-સ્વાદ લેવો એ મોક્ષનું કારણ. એ શા કારણથી? **'यतः स्वयम् अपि तत् शिवः इति'** ભાષા

દેખો! 'કારણ કે **પોતે પણ મોક્ષરૂપ છે.'** ઈ સ્વભાવનું વેદન મોક્ષસ્વરૂપ છે. મોક્ષસ્વરૂપ દ્રવ્ય છે અને એનું વેદન પણ મોક્ષસ્વરૂપ છે. આહાહા..! આવી વાત છે. 'મફાભાઈ' આ બધા શેઠિયાએ આમ ને આમ વર્ષ ગાળ્યા બધા. .. નિવૃત્તિ લીધી થોડી. નહિ? શેઠ! એ તો અનાદિ બધા જીવે એવું કર્યું છે. અને બહારની વાત પ્રિય લાગે. પ્રવૃત્તિ અને એમાં ધર્મ. આહાહા..! અરે..! ભગવાન! તારો સ્વભાવ છે એમાં પ્રવૃત્તિ કર ને! રાગથી નિવૃત્તિ કર ને! આહાહા..! રાગથી નિવૃત્તિ અને સ્વરૂપમાં પ્રવૃત્તિ. આહાહા..!

'**મોક્ષરૂપ છે. શા કારણથી?**' કેમ? જ્ઞાનસ્વભાવનો આસ્વાદ લેવો એ મોક્ષના હેતુનું કારણ શું? કેમકે એ પોતે મોક્ષસ્વરૂપ છે. રાગના બંધનથી રહિત આસ્વાદ એ મોક્ષસ્વરૂપ છે. મોક્ષસ્વરૂપ છે તે મોક્ષનું કારણ થશે. બંધસ્વરૂપ હોય એ મોક્ષનું કારણ કઈ રીતે થાય? આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! તકરાર કરે, વાંધા ઉઠાવે. 'स्वयम् अपि तत् शिवः इति' '**પોતે પણ મોક્ષરૂપ છે.**' કોણ? ભગવાનઆત્મા મુક્ત અબદ્ધ સ્વરૂપ છે તો અબદ્ધસ્વરૂપના આશ્રયે જે પરિણામ થાય એ મોક્ષનું કારણ છે. આહાહા..! કેમકે મોક્ષસ્વરૂપ છે એનો આશ્રય લીધો છે, સ્વાદ લીધો છે. આહાહા..! ભગવાન ત્રિકાળી અબદ્ધસ્વરૂપ મોક્ષસ્વરૂપ છે. તેથી તેનો આસ્વાદ મુક્તિનું કારણ છે. સમજાય છે કાંઈ? અને એ આસ્વાદ પોતે મોક્ષસ્વરૂપ છે. અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ મોક્ષસ્વરૂપ કહ્યું ને? 'અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ' રસકૂપ-આનંદનો કૂપ-.. શું કહેવાય આ? શીશો.. શીશો.. આ કાચનો. કૂપ.. કૂપ. 'અનુભવ હૈ રસકૂપ, અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.' લ્યો, મોક્ષનો માર્ગ કહીને એને મોક્ષસ્વરૂપ કહ્યું. છે? અરે..! એના ઘરમાં શું ચીજ છે અને ઘરમાં વસવાથી શું થાય છે? ઘરમાં વાસ્તુ લેવાથી આનંદ થાય છે, કહે છે. પરઘરમાં વાસ્તુ લેવાથી તો તને પ્રભુ! દુઃખ થશે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**ભાવાર્થ આમ છે-જીવનું સ્વરૂપ સદા કર્મથી મુક્ત છે;...**' દેખો! જીવનું સ્વરૂપ જ્ઞાયક સ્વરૂપ સદાય કર્મથી અને રાગથી મુક્ત છે. '**તેને અનુભવતાં મોક્ષ થાય છે...**' મોક્ષસ્વરૂપ છે તેને અનુભવતાં મોક્ષ થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? વાત આવી ગઈ, બહુ સારી આવી છે. 'પુણ્ય-પાપ અધિકાર'. બહુ ગડબડ ચાલે છે. પ્રભુ! તારે તારી ગડબડી કાઢી નાખવાની છે. એની શ્રદ્ધામાં તને હજી ઠેકાણા નહિ. સત્ય શ્રદ્ધાના પક્ષમાં પણ નહિ, સત્ય શ્રદ્ધાના સંસ્કાર પણ નહિ. આહાહા..! અરેરે..! ભાઈ! મુક્તસ્વરૂપ ભગવાનનો અનુભવ તે મોક્ષનું કારણ છે. આહાહા..! ભાવાર્થ-'**તેને અનુભવતાં મોક્ષ થાય છે એમ ઘટે છે,...**' એવું ઘટે છે. '**વિરૂદ્ધ તો નથી.**' આહાહા..! એ જ છે.

'अतः अन्यत् बन्धस्य हेतुः' '**શુદ્ધસ્વરૂપનો અનુભવ મોક્ષમાર્ગ છે. એ વિના જે કાંઈ છે શુભ ક્રિયારૂપ, અશુભક્રિયારૂપ...**' આહાહા..! શુભરાગરૂપ કે અશુભરાગરૂપ, '**તે બધો બંધનો માર્ગ છે.**' બંધનો માર્ગ કહીને એ બંધ છે માટે બંધનો માર્ગ છે એમ કહેશે. શું કહે છે? જુઓ! '**તે બધો બંધનો માર્ગ છે.**' 'यतः स्वयम् अपि बन्धः इति' '**કારણ કે પોતે પણ બધોય બંધરૂપ છે.**' રાગ એ બંધસ્વરૂપ જ છે, એ અબંધસ્વરૂપ નહિ. આહાહા..! સમજાય

છે કાંઈ? જેમ આત્મા મોક્ષસ્વરૂપ છે તો તેના આશ્રયે મોક્ષમાર્ગ ઉત્પન્ન થાય છે તો એ બરાબર છે. હવે રાગ ને દયા, દાન, વ્રતાદિ બંધસ્વરૂપ છે. આહાહા..! માટે બંધનું કારણ છે. જેમ આ મોક્ષસ્વરૂપ છે તો મોક્ષનું કારણ છે, આ બંધસ્વરૂપ છે તો બંધનું કારણ છે. આહાહા..! '.. લાલજી'! આવી વાત છે. તકરાર કરે. ભગવાન! આવું છે. આહાહા..!

અનંત રત્નાકર ભગવાનઆત્મા, એમાં અશુભભાવનો તો અભાવ છે. એ તો નિર્વિકલ્પ વસ્તુ છે. આહાહા..! નિર્વિકલ્પ વસ્તુના આશ્રયે નિર્વિકલ્પતા પ્રગટ થાય છે. રાગ તો બંધસ્વરૂપ છે તો એના આશ્રયે બંધનું કારણ ઉત્પન્ન થાય છે, રાગ ઉત્પન્ન થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? ગાંડા-પાગલ કહે. કેટલાક હો. 'છોટાભાઈ'! પાગલ કહે. આ એક માંડી છે. અરે..! ભગવાન! સાંભળ તો ખરો. 'પરમાત્મપ્રકાશ'માં કહ્યું છે, એવા ધર્માત્માને દુનિયા પાગલ કહે. અને ધર્માત્મા દુનિયાને પાગલ માને. 'પરમાત્મપ્રકાશ'માં (છે). આહાહા..! કહો, બાપુ! કહો. સમજાય છે કાંઈ?

બે વાત સિદ્ધ કરી. આત્મસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન છે એનું વેદન કરવું એ મોક્ષનો માર્ગ કેમ? કે વસ્તુ મોક્ષસ્વરૂપ છે. વસ્તુ મોક્ષસ્વરૂપ છે એનું વેદન મોક્ષનું કારણ છે. અને રાગ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો રાગ બંધસ્વરૂપ છે, બંધસ્વરૂપ છે. આહાહા..! છે? આહાહા..! '**તે બધો બંધનો માર્ગ છે;...**' કેમ? '**કારણ કે પોતે પણ બધોય બંધરૂપ છે.**' પોતે પણ રાગ જે દયા, દાનનો ભાવ છે એ બંધસ્વરૂપ જ છે. ભગવાન મોક્ષસ્વરૂપ છે તો રાગ બંધસ્વરૂપ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાત. કેટલાકે તો પહેલી વાર સાંભળી હશે. એવી વાત છે, પ્રભુ! આહાહા..! '**કારણ કે પોતે પણ બધોય બંધરૂપ છે.**' આહાહા..! તેથી...

'ततः तत् ज्ञानात्मा स्वं भवनम् विहितं हि अनुभूतिः' '**તે કારણથી પૂર્વોક્ત ચેતનાલક્ષણ એવું છે...**' પહેલા કહ્યું હતું ને? 'ज्ञानात्मा भवनम्' એ ચેતનાલક્ષણ 'स्वं भवनम्', 'स्वं भवनम्' '**પોતાના જીવનું સત્ત્વ તે..**' 'स्वं भवनम्' પોતાના જીવનું સત્ત્વ. આહાહા..! પોતાના જીવનું સત્ત્વ-અનુભૂતિ. આનંદનો સ્વાદ એ પોતાના જીવનું સત્ત્વ. આહાહા..! '**મોક્ષમાર્ગ છે, નિશ્ચયથી પ્રત્યક્ષપણે આસ્વાદ કરવામાં આવતું થકું.**' મોક્ષમાર્ગ 'विहितं' સર્વજ્ઞ જિનેન્દ્રદેવોએ.. આહાહા..! રાગરહિત ભગવાનઆત્માનું વેદન કરવું એ મોક્ષમાર્ગ છે, એમ પરમાત્માએ ફરમાવ્યું છે. છે? 'विहितं'. પહેલા 'विहितं' આવ્યું હતું. 'शिवहेतुः विहितं'. ૧૦૩. 'ज्ञानमेव विहितं शिवहेतुः' ૧૦૩. છેલ્લું પદ. અહીંયાં આ કહ્યું. આહા..! અહીં 'ज्ञानात्मा विहितं'. આહાહા..! ભગવાન જ્ઞાનસ્વરૂપનો અનુભવ કરવો એ વિધિ કહી છે. અનુભૂતિ મોક્ષનો માર્ગ કહ્યો છે. આહાહા..! બીજો કોઈ મોક્ષમાર્ગ નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા સુદ ૯, બુધવાર, તા.૨૧-૯-૧૯૭૭
## કળશ - ૧૦૬, પ્રવચન - ૧૦૧

આજે દસલક્ષણી પર્વનો પાંચમો દિવસ છે. દસલક્ષણી પર્વનું મૂળ તો દસ ધર્મ છે. ચારિત્રવંતને દસ પ્રકારનો ધર્મ હોય છે. સમ્યગ્દર્શન થાય, આત્મા આનંદસ્વરૂપનો અનુભવ થાય અને આનંદના સ્વાદમાં જેની લીનતા હોય તેને અહીંયાં ચારિત્રવંત કહે છે, તેને મુનિ કહે છે. આહાહા..! એ મુનિને દસ પ્રકારના ધર્મ હોય છે. એ મુનિની પ્રધાનતાથી કથન છે. આજે પાંચમો ઉત્તમસત્ય ધર્મ. આજે પાંચમો દિવસ છે ને? તો સત્ય બોલવું એ કાંઈ ધર્મ નથી. સત્ય ભાષા એ તો જડની છે. અને સત્ય બોલવામાં જે વિકલ્પ ઊઠે છે એ શુભ પુણ્યરૂપ રાગ છે. આહા..!

સત્ય ધર્મ તો એને કહીએ કે જે આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સત્યસ્વરૂપ, દ્રવ્ય સ્વભાવ સત્ય ચૈતન્ય જ્ઞાનાનંદ સત્‌સ્વરૂપ, એનું વીતરાગ નિર્મળ પરિણતિપણે પરિણમવું એનું નામ સત્ય ધર્મ છે. આહાહા..! સમજાય છે કાંઈ? સત્ય બોલવું એ તો જડ ભાષા છે, એ કોઈ ધર્મ નથી. તેમ પંચ મહાવ્રતમાં સત્ય બોલાય છે એ પણ રાગ છે. આહાહા..! પંચ મહાવ્રતમાં સત્ય વ્રત આવે છે એ તો રાગ છે. આ ઝીણી વાત, ભાઈ! સત્ય ધર્મ રાગથી રહિત પોતાનું જિનસ્વરૂપ વીતરાગ સ્વરૂપ સત્ય છે, એના આશ્રયે વીતરાગતારૂપે પરિણમવું, સત્ય સ્વભાવપણે પરિણમવું (એ સત્ય ધર્મ છે). આવી વાત છે. માર્ગ પ્રભુનો, વીતરાગનો પંથ કોઈ અલૌકિક છે, ભાઈ! અત્યારે તો આ સત્ય બોલવું એ ધર્મ (એમ કહે છે). સત્ય બોલવું એ તો રાગ છે. પંચ મહાવ્રતમાં સત્ય બોલવું એ તો શુભરાગ છે, પુણ્ય છે, એ ધર્મ નહિ. વાણી બોલવી એ તો જડની ક્રિયા છે, આત્માની નહિ. આહાહા..!

जिणवयणमेव भासदि तं पालेदुं असक्कमाणो वि।
ववहारेण वि अलिंय ण वददि जो सच्चावाई सो।।३९८।।

**અર્થ :-** **'જે મુનિ જિનસૂત્ર અનુકૂળ જ વચન કહે,...'** પોતાની કલ્પનાથી કહે નહિ. **'વળી તેમાં જે આચારાદિ કહ્યાં છે તે પાલન કરવામાં પોતે અસમર્થ હોય તોપણ (જૂઠું ન બોલે) અન્ય પ્રકારથી ન કહે...'** આમ પણ ચાલે, આવું પણ ચારિત્ર હોય, પોતા માટે ચોકો કરીને બનાવેલું ભોજન લેવું એ પણ માર્ગ છે, એમ ન કહે. સમજાય છે કાંઈ? ચોકો કરી એને માટે બનાવેલો આહાર લે છે અને આહાર દેનાર બોલે છે, આહાર શુદ્ધ. એ.. શેઠ! તમે પણ આવું ખોટું બોલ્યા. પહેલાં કર્યું હતું. મોટા શેઠ છે તો ત્યાં સાધુ આવે. આહાર બનાવે. મોસંબી, કેરીનો રસ, ઊનું પાણી. અને કહે કે આહાર શુદ્ધ છે. એ શેઠ!

મુમુક્ષુ :- પાંચ વાર તો જમતા હોય.

ઉત્તર :- આ પક્ષીને રાત્રે તો કંઈ મળતું જ નથી. પાણીનું બિંદુ પણ (મળતું નથી). પંખી હોય ને? પાણીનું એક બિંદુ મળતું નથી. એથી શું? દિવસમાં જ ખાય છે તોપણ પાપી

છે. આહાહા..! ઝીણી વાત છે, ભગવાન! આ તો જન્મ-મરણ રહિત કેમ થવાય, એ વીતરાગનો માર્ગ છે.

સત્ય જિનવચન પ્રમાણે બોલે. એને માટે આહાર આદિ બન્યા હોય અને લે તો કહે, અત્યારે આ કાળે આવું પણ હોય. એમ જૂઠું ન બોલે. કેમ, 'જિનેશ્વરદાસજી'! આહાર શુદ્ધ, વચન શુદ્ધ, મન શુદ્ધ બોલે છે કે નહિ? એ તો જૂઠું છે. એના માટે પાણી બનાવ્યું, મોસંબી લાવ્યા અને આહાર શુદ્ધ ક્યાંથી થયો?

અહીંયાં તો જિનવચન અનુસાર કહે. બિલકુલ વીતરાગમાર્ગથી ઓછું, વધું કે વિપરીત કહે નહિ. આહાહા..! અને અંતરમાં વીતરાગતાની પરિણતિ જાગી હો, એ વીતરાગી પરિણતિને અહીંયાં સત્ય ધર્મ કહેવામાં આવે છે. આહાહા..! '**પાલન કરવામાં પોતે અસમર્થ હોય તોપણ અન્ય પ્રકારથી ન કહે, વ્યવહારથી પણ...**' આહાર આદિ કે પૂજા, પ્રભાવનામાં પણ વ્યવહારથી પણ જૂઠું ન બોલે. પૂજા, પ્રભાવનાનો ભાવ છે એ રાગ છે, એ ધર્મ નહિ, એ પુણ્ય છે. આહાહા..! વ્યવહારથી પણ જૂઠું ન બોલે. સમજાય છે કાંઈ? '**તે મુનિ સત્યવાદી છે અને તે જ ઉત્તમ સત્યધર્મ હોય છે.**' એમાં વિશેષ લખ્યું છે.

ભાવાર્થ :- '**જૈનસિદ્ધાંતમાં આચારાદિકનું જેવું સ્વરૂપ કહ્યું હોય તેવું જ કહે પણ એમ નહિ કે પોતાથી ન પાલન કરી શકાય એટલે તેને અન્ય પ્રકારથી કહે, જેમ છે તેમ ન કહે, પોતાનું માનભંગ થાય તેથી જેમ તેમ કહે.**' ગમે તે હો, અપમાન થાઓ. બાપુ! આહાહા..! પ્રભુનો માર્ગ તો ચારિત્ર વીતરાગતાની પરિણતિ એ ચારિત્ર છે, એમાં આહાર-પાણી નિર્દોષ લેવા, એને માટે બનાવેલા ન લેવા, એ પણ વિકલ્પ શુભરાગ છે. આહાહા..! સમજાય છે કાંઈ? અને એને માટે બનાવેલું લેવું એ તો પાપરાગ છે. એ તો વ્યવહાર પણ અશુદ્ધ છે. નિશ્ચય સમ્યગ્દર્શન તો છે નહિ. એને હોય તો તો આવો સદોષ આહાર લે નહિ. સમજાય છે કાંઈ? આવી અહીંયાં સત્યધર્મી વ્યાખ્યા છે. લો! થોડું લીધું.

---

(અનુષ્ટુપ)

वृत्तं ज्ञानस्वभावेन ज्ञानस्य भवनं सदा।
एकद्रव्यस्वभावत्वान्मोक्षहेतुस्तदेव तत्।।७-१०६।।

ખંડાન્વય સહિત અર્થ :- 'ज्ञानस्वभावेन वृत्तं तत् तत् मोक्षहेतुः एव' ( ज्ञान ) શુદ્ધ વસ્તુમાત્ર, તેની ( स्वभावेन ) સ્વરૂપનિષ્પત્તિ, તેનાથી જે ( वृत्तं ) સ્વરૂપાચરણચારિત્ર ( तत् तत् मोक्षहेतुः ) તે જ, તે જ મોક્ષમાર્ગ છે; ( एव ) આ વાતમાં સંદેહ નથી. ભાવાર્થ આમ છે-કોઈ જાણશે કે સ્વરૂપાચરણચારિત્ર એવું કહેવાય છે કે આત્માના શુદ્ધ સ્વરૂપને વિચારે અથવા ચિંતવે અથવા એકાગ્રપણે મગ્ન થઈને અનુભવે. પણ એવું તો નથી, એમ કરતાં બંધ થાય છે, કેમકે એવું તો સ્વરૂપચારણચારિત્ર નથી. તો સ્વરૂપાચરણચારિત્ર કેવું છે? જેમ પાનું (સુવર્ણપત્ર) તપાવવાથી સુવર્ણમાંની કાલિમાં જાય છે, સુવર્ણ શુદ્ધ થાય છે, તેમ

જીવદ્રવ્યને અનાદિથી અશુદ્ધચેતનારૂપ રાગાદિ પરિણમન હતું તે જાય છે, શુદ્ધસ્વરૂપમાત્ર શુદ્ધચેતનારૂપે જીવદ્રવ્ય પરિણમે છે, તેનું નામ સ્વરૂપાચરણચારિત્ર કહેવાય છે; આવો મોક્ષમાર્ગ છે. કાંઈક વિશેષ-તે શુદ્ધ પરિણમન જ્યાં સુધીમાં સર્વોત્કૃષ્ટ થાય છે ત્યાં સુધીના શુદ્ધપણાના અનંતભેદ છે. તે ભેદો જાતિભેદની અપેક્ષાએ તો નથી; ઘણી શુદ્ધતા, તેનાથી ઘણી, તેનાથી ઘણી એવા થોડાપણા-ઘણાપણારૂપ ભેદ છે. ભાવાર્થ આમ છે કે જેટલી શુદ્ધતા હોય છે તેટલીજ મોક્ષનું કારણ છે. જ્યારે સર્વથા શુદ્ધતા થાય છે ત્યારે સકળકર્મક્ષયલક્ષણ મોક્ષપદની પ્રાપ્તિ થાય છે. શા કારણથી? 'सदा ज्ञानस्य भवनं एकद्रव्यस्वभावत्वात्' ( सदा ) ત્રણે કાળે ( ज्ञानस्य भवनं ) આવું છે જે શુદ્ધચેતનાપરિણમનરૂપ સ્વરૂપાચરણચારિત્ર તે આત્મદ્રવ્યનું નિજ સ્વરૂપ છે, શુભાશુભ ક્રિયાની માફક ઉપાધિરૂપ નથી, તેથી ( एकद्रव्यस्वभावात्वात् ) એક જીવદ્રવ્યસ્વરૂપ છે. ભાવાર્થ આમ છે કે જો ગુણ-ગુણીરૂપ ભેદ કરીએ તો આવો ભેદ થાય છે કે જીવનો શુદ્ધપણું ગુણ; જો વસ્તુમાત્ર અનુભવ કરીએ તો આવો ભેદ પણ મટે છે, કેમકે શુદ્ધપણું તથા જીવદ્રવ્ય વસ્તુએ તો એક સત્તા છે. આવું શુદ્ધપણું મોક્ષકારણ છે, એના વિના જે કાંઈ ક્રિયારૂપ છે તે બધું બંધનું કારણ છે. ૭-૧૦૬.

## કળશ-૧૦૬ ઉપર પ્રવચન

હવે આજે ૧૦૬. ૧૦૬ કળશ છે. પુણ્ય-પાપનો અધિકાર ચાલે છે, એમાં ૧૦૬ કળશ.

(અનુષ્ટુપ)

वृत्तं ज्ञानस्वभावेन ज्ञानस्य भवनं सदा।
एकद्रव्यस्वभावत्वान्मोक्षहेतुस्तदेव तत्।।७-१०६।।

આહાહા..! સંતો ગજબ કરે છે ને! દિગંબર સંતો 'અમૃતચંદ્રાચાર્ય' આહાહા..! શું શ્લોક છે! 'ज्ञानस्वभावेन वृत्तं तत् तत् मोक्षहेतुः एव' 'ज्ञान' '**શુદ્ધ વસ્તુમાત્ર...**' પ્રભુ. ચૈતન્ય શુદ્ધ પુણ્ય-પાપના ભાવથી રહિત. એવી શુદ્ધ વસ્તુ જે આત્મા છે, પવિત્ર ભગવાન વીતરાગસ્વરૂપ, '**તેની સ્વરૂપનિષ્પત્તિ...**' છે? શુદ્ધ વસ્તુ છે, પવિત્ર છે, પુણ્ય-પાપથી રહિત છે એવી વસ્તુની નિષ્પત્તિ (અર્થાત્) પરિણતિમાં એ વસ્તુની પ્રાપ્તિ. આહાહા..! પર્યાયમાં વસ્તુ શુદ્ધ વીતરાગસ્વરૂપી જ ભગવાનઆત્મા તો છે. પુણ્ય-પાપના ભાવ તો નવ તત્ત્વમાં આત્મતત્ત્વથી ભિન્ન છે. નવ છે ને? દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ એ તો પુણ્યતત્ત્વમાં જાય છે, એ આત્મતત્ત્વમાં નહિ. આહાહા..! હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ, વાસના એ પાપમાં જાય છે. એ આ પુણ્યમાં પણ નથી આવતા. આત્મામાં તો નહિ જ.

આવા પુણ્ય-પાપના ભાવથી રહિત શુદ્ધ વસ્તુ ચૈતન્યઘન આનંદદળ છે, એની સ્વરૂપનિષ્પત્તિ-પર્યાયમાં એની પ્રાપ્તિ થવી. શુદ્ધ સ્વભાવની પર્યાયમાં પ્રાપ્તિ થવી એનું નામ ધર્મ છે. આહાહા..! સમજાય છે કાંઈ? છે? '**સ્વરૂપનિષ્પત્તિ, તેનાથી જે...**' 'वृत्तं' 'वृत्तं' છે

ને? 'સ્વરૂપાચરણચારિત્ર...' આહાહા..! પુણ્ય-પાપના વિકલ્પથી, રાગથી રહિત શુદ્ધ ચૈતન્ય જ્ઞાયક પ્રભુ, એના સ્વરૂપનું આચરણ. આવા આનંદકંદમાં આચરણ કરવું, અંદરમાં રમવું, આનંદસ્વરૂપમાં રમવું એને સ્વરૂપાચરણ ચારિત્ર કહે છે. ચોથે ગુણસ્થાનથી હોય છે. આહાહા..! અરે..! ભગવાન! બાપુ! તારા વીતરાગમાર્ગ.. આહાહા..!

અહીં તો શુદ્ધ વસ્તુ-પવિત્ર વસ્તુ ભગવાનઆત્મા જ્ઞાયકભાવથી આનંદથી ભરેલી એવી શુદ્ધ વસ્તુસ્વરૂપની નિષ્પત્તિ, પર્યાયમાં સ્વરૂપ નિષ્પત્તિ. સ્વરૂપ જે શુદ્ધ છે તેની પર્યાયમાં પ્રાપ્તિ. આહાહા..! વીતરાગી નિર્વિકલ્પ આનંદની પર્યાયમાં પ્રાપ્તિ થવી એનું નામ ભગવાનના પંથમાં ધર્મ કહેવામાં આવ્યો છે. સમજાય છે કાંઈ? આહાહા..! '**તેનાથી જે સ્વરૂપાચરણચારિત્ર...**' 'तत् तत् मोक्षहेतुः' ભાષા દેખો! '**તે જ, તે જ મોક્ષમાર્ગ છે;...**' તે જ તે જ મોક્ષમાર્ગ બે વખત લીધું છે. તે જ, તે જ. જે શુદ્ધ સ્વરૂપ પરમાત્માનું પૂર્ણ આનંદકંદ છે, તેની પર્યાયમાં વીતરાગ દશાની પ્રાપ્તિ થવી તે જ, તે જ મોક્ષમાર્ગ છે. આહાહા..! મૂળ પાઠ છે. એ દયા ને દાન ને વ્રત ને તપ ને અપવાસ ને પૂજા ને ભક્તિના વિકલ્પ ધર્મ નહિ. આહાહા..! એ તો પુણ્યભાવ છે. પુણ્યભાવ એ બંધનું કારણ છે. આહાહા..! માર્ગ બહુ સૂક્ષ્મ, બાપુ! પ્રભુ! તારો વીતરાગનો માર્ગ.. આહાહા..! અને એ વીતરાગ સિવાય બીજે ક્યાંય છે નહિ. સમજાય છે કાંઈ?

'तत् तत्' 'તે જ, તે જ...' એ ગુજરાતી ભાષા. હિન્દીમાં '**વહી, વહી મોક્ષમાર્ગ...**' આહાહા..! પુણ્ય-પાપનો અધિકાર છે ને. એ પુણ્ય-પાપના વિકલ્પથી રહિત શુદ્ધ પવિત્ર સ્વરૂપની પર્યાયમાં પ્રાપ્તિ થવી તે જ, તે જ મોક્ષનો માર્ગ છે. આ 'અમૃતચંદ્રાચાર્ય' પોકાર કરે છે. સંત દિગંબર મુનિ. આહાહા..! સર્વજ્ઞ પરમેશ્વરનો કહેલો માર્ગ જગત પાસે પ્રસિદ્ધ કરે છે. આહાહા..! '**તે જ, તે જ મોક્ષમાર્ગ છે, આ વાતમાં સંદેહ નથી.**' અંદર ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યઘન, એ પવિત્રની પર્યાયમાં શુદ્ધ ચૈતન્યઘનની પ્રાપ્તિ થવી, વીતરાગી દશા થવી, એ એક જ, તે જ, તે જ, વહી-વહી મોક્ષમાર્ગ છે. એમ નિઃસંદેહપણે જાણવું. સમજાય છે કાંઈ? આહાહા..! બહુ માર્ગ.. વીતરાગનો માર્ગ અત્યારે લોકોએ વીંખી નાખ્યો. આહાહા..! અન્યમતને જૈનમત ઠરાવ્યો. રાગથી ધર્મ થાય, એ તો અન્યમત છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવથી ધર્મ થાય એ તો અન્યમત-રાગમત છે. એ તો રાગીનો અજ્ઞાનીનો ધર્મ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

જેમાં સ્વરૂપાચરણચારિત્ર.. સ્વરૂપ-શુદ્ધ જ્ઞાનઘન સ્વરૂપ- એમાં ચારિત્ર એ સ્વરૂપમાં રમણતા. પુણ્ય-પાપના પરિણામની રમણતા એ તો બંધનું કારણ છે. સમજાય છે કાંઈ? અહીંયાં તો સ્વરૂપમાં રમણતા-ચારિત્ર તે જ મોક્ષમાર્ગ છે. એમાં સંદેહ નથી.

'**ભાવાર્થ આમ છે-કોઈ જાણશે કે સ્વરૂપાચરણચારિત્ર એવું કહેવાય છે કે આત્માના શુદ્ધ સ્વરૂપને વિચારે...**' શું કહે છે? શાંતિથી સાંભળો! ભગવાન જ્ઞાયક શુદ્ધ સ્વરૂપ છે એમ વિચારે. વિચાર છે એ તો વિકલ્પ છે. આહાહા..! સમજાય છે કાંઈ? '**શુદ્ધ સ્વરૂપને વિચારે અથવા ચિંતવે...**' હું શુદ્ધ ચૈતન્ય છું, વીતરાગ સ્વરૂપ છું એમ ચિંતવે એ પણ વિકલ્પ અને

રાગ છે. આહાહા..! આવી વાતું બહુ.. સંતોએ તો પ્રસિદ્ધ (કરી). સર્વજ્ઞના માર્ગને સંતોએ આડતિયા થઈને માર્ગની પ્રસિદ્ધિ કરી છે. માર્ગ તો આ છે, નાથ! દુનિયા તને બીજી રીતે મનાવે ને માને (એ તો) રખડી મરશે. સમજાય છે કાંઈ?

અહીં તો શુદ્ધ સ્વરૂપનો વિચાર. શુદ્ધ સ્વરૂપ જે ચૈતન્યમૂર્તિ વીતરાગ પરમાનંદની મૂર્તિ પ્રભુ, એનો વિચાર. આહાહા..! વિચાર (એટલે) અહીંયાં વિકલ્પ લેવો છે. સમજાય છે કાંઈ? અહીંયાં વિચારમાં એનો વિકલ્પ લેવો છે. **'અથવા ચિંતવે...'** શુદ્ધ સ્વરૂપ પરમાનંદ પ્રભુ છે એનું ચિંતવન કરે, એ પણ વિકલ્પ છે, એ પણ રાગ છે. આહાહા..! **'એકાગ્રપણે મગ્ન થઈને અનુભવે.'** એ એકાગ્ર (એટલે) રાગ.. રાગ. **'પણ એવું તો નથી,...'** ઝીણી વાત છે, પ્રભુ! હું શુદ્ધ ચૈતન્ય જ્ઞાયક આનંદકંદ પ્રભુ (છું), એવો વિકલ્પ ઊઠાવી વિચાર કરે, તેનું ચિંતવન કરે અને એમાં એકાગ્ર થઈને ધ્યાનમાં-રાગમાં એકાગ્ર થાય. સમજાય છે કાંઈ? રાગ-અશુભરાગ તો નહિ, શુભરાગમાં એકાગ્ર થાય એ શુદ્ધ સ્વરૂપનું આચરણ નહિ.

મુમુક્ષુ :- અહીંયાં રાગના અનુભવની વાત છે?

ઉત્તર :- રાગના અનુભવની વાત છે. રાગની એકાગ્રતા. એકાગ્ર-આમ લક્ષમાં લઈને વિકલ્પ ઉઠે છે એમાં એકાગ્ર થાય છે. રાગમાં એકાગ્રતા. આહાહા..!

અહીંયાં તો ત્રણ બોલ લીધા. શુદ્ધ સ્વરૂપ આત્માના શુદ્ધ સ્વરૂપને વિચારે, ચિંતવે, એકાગ્ર-મગ્ન થઈને અનુભવે રાગને. **'પણ એવું તો નથી, એમ કરતાં બંધ થાય છે,...'** આહાહા..! આ તમારા ધંધા કરવામાં તો પાપબંધ થાય છે. આહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કરવાના ભાવ પણ બંધનું કારણ છે. આહાહા..! પ્રભુ! વીતરાગ માર્ગ પ્રભુ જુદો છે, નાથ!

અહીંયાં તો કહે છે, શુદ્ધ સ્વરૂપ જ્ઞાયકપિંડ પ્રભુ, એના વિચારમાં-વિકલ્પમાં રોકાઈ જાય, ચિંતવન વિકલ્પથી કરે, એમાં-રાગમાં એકાગ્ર થઈ જાય, મૂળ તો રાગમાં (એકાગ્ર થાય છે), અંતરમાં એકાગ્ર ક્યાં છે? અશુભરાગ છોડીને અંદર શુભરાગમાં એકાગ્ર (થાય છે). એ બધું સ્વરૂપાચરણ નહિ, એ ધર્મ નહિ. આહાહા..! છે? આ તો હજારો વર્ષ પહેલા 'અમૃતચંદ્રાચાર્ય' થયા છે. બે હજાર વર્ષ પહેલાં ભગવાન 'કુંદકુંદાચાર્ય' દિગંબર સંત (થયા છે). અને એમનો અભિપ્રાય તો અનંતકાળથી ચાલ્યો આવે છે. એ તો કાલે આવ્યું હતું ને? અનાદિ. અનાદિ પરંપરા આવો ઉપદેશ છે. ત્રીજા શ્લોકમાં છેલ્લો શબ્દ. અનાદિ સંતો મહામુનિઓ વીતરાગી, દિગંબર મુનિઓ અનાદિ કાળથી આવો ઉપદેશ કરતા આવ્યા છે. આહાહા..! સમજાય છે કાંઈ? 'શાંતિભાઈ'! અત્યાર સુધી શું તમે બધા ભાષણ મોટા કર્યા ને. ભાષણ કરતા હતા ને? રાગથી ધર્મ. આહાહા...! એ વાત નહોતી ને.

અહીં તો પ્રભુ ત્રણલોકના નાથ વીતરાગ જિનેન્દ્રદેવ જે ફરમાવે છે એ સંતો એ રીતે ફરમાવે છે. દિગંબર સંતો. પ્રભુ! તું શુદ્ધ ચૈતન્યમૂર્તિ જિન છો ને! 'જિન સો હી હૈ આત્મા ઔર અન્ય સો હી હૈ કર્મ, યહી વચન સે સમજ લે જિન પ્રવચન કા મર્મ.' 'જિન સો હી હૈ આત્મા' અન્ય વિકલ્પ આદિ છે એ તો કર્મ, પર છે. 'યહી વચન સે સમજ લે જિન પ્રવચન કા મર્મ.' ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞદેવની વાણી, એનો મર્મ આ છે. આહાહા..! કે વીતરાગ

સ્વરૂપે બિરાજમાન તારી ચીજ અંદર છે. વીતરાગતા પર્યાયમાં આવે છે એ ક્યાંથી આવે છે? વીતરાગ સ્વરૂપ છે એમાંથી આવે છે. સમજાય છે કાંઈ? અહીંયાં કહે છે કે વીતરાગસ્વરૂપ, એનું વિકલ્પથી ચિંતવન કરવું.. આહાહા..! અહીં મનની અંદર આવ્યું, એમ કહે છે. મનથી ચિંતવન કરવું, એના વિચારમાં રોકાવું-રાગ, એમાં એકાગ્ર થઈ અનુભવ માને છે એ અનુભવ નથી. એ સમ્યગ્દર્શન નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? આવો માર્ગ. અત્યારે તો લોકોને કઠણ (લાગે છે). હા..હો, હા..હો, વ્રત કરો ને અપવાસ કરો ને પૂજા, ભક્તિ કરો ને મંદિર બનાવો ને બે-પાંચ લાખ ખર્ચીને ગજરથ કાઢો, ધર્મ છે. ધૂળમાંય ધર્મ નથી, સાંભળને! સમજાય છે કાંઈ?

અહીં તો શુદ્ધ સ્વરૂપનું ચિંતવન કરે એ પણ ધર્મ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? ચિંતવનમાં અહીંયા વિકલ્પ લેવો. વૃત્તિ ઊઠે છે ને? હું શુદ્ધ છું, આવો છું, આવો છું. એવો વિકલ્પ છે એ પણ મોક્ષનો માર્ગ નહિ. **'એમ કરતાં બંધ થાય છે...'** આહાહા..! પ્રભુ! તારું સ્વરૂપ તો જ્ઞાતા-દૃષ્ટા છે ને નાથ! આહાહા..! જ્ઞાતા-દૃષ્ટા જ્ઞાયક સ્વભાવ, જાણવું-દેખવું, આનંદ એ તારો સ્વભાવ છે. આહાહા..! એ વિકલ્પમાં આવવું એ તને બંધનું કારણ છે. આહાહા..! પંચમહાવ્રત ને પાંચ સમિતિ, ગુપ્તિ વ્યવહાર એ તો બંધનું કારણ છે જ. સમજાય છે કાંઈ? 'છ ઢાળા'માં આવ્યું ને? કહ્યું હતું ને? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો'. મુનિવ્રત લીધા, પંચમહાવ્રત ધારણ કર્યા, હજારો રાણીઓને છોડી દીધી, જાવજીવ શરીરથી બ્રહ્મચર્ય પાળ્યું, પંચમહાવ્રત લીધાં તોપણ ધર્મ નહિ, એ દુઃખી છે, કહે છે. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' એ 'છ ઢાળા'માં છે. 'પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એ પંચમહાવ્રતના પરિણામ દુઃખ છે. ગજબ છે! આહાહા..! 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એ પંચમહાવ્રતના, પાંચ સમિતિ, ગુપ્તિના ભાવ એ બધા દુઃખ છે, રાગ છે, આસ્રવ છે, બંધનું કારણ છે. આરે..! શું થાય? જગતને લૂંટી નાખ્યું છે. ઊંધી પ્રરૂપણા કરી પોતે લૂંટાયો અને દુનિયાને લૂંટે છે. આહાહા..! સમજાય છે કાંઈ? બંધના કારણને ધર્મનું કારણ કહે છે.

કહે છે કે એ તો બંધનું કારણ છે. **'કેમ કે એવું તો સ્વરૂપાચરણચારિત્ર નથી.'** એ સ્વરૂપનું આચરણ નહિ. એ તો રાગનું આચરણ છે. આહાહા..! 'રાજમલજી'ની ટીકા છે. આમાંથી 'સમયસાર નાટક' બનાવ્યું છે. 'બનારસીદાસે' જે 'સમયસાર નાટક' બનાવ્યું એ આમાંથી બનાવ્યું છે. 'રાજમલજી'ની ટીકામાંથી. સમજાય છે કાંઈ? 'ટોડરમલે' 'મોક્ષમાર્ગ પ્રકાશક' બનાવ્યું એ તો સ્વતંત્ર પોતાથી બનાવ્યું. શાસ્ત્રનું રહસ્ય સમજીને બનાવ્યું છે અને 'સમયસાર નાટક' તો આ પુસ્તકમાંથી બનાવ્યું છે. 'કળશટીકા' અત્યારે તો હિન્દી થયું છે, પહેલા ઢુંઢારી ભાષામાં હતું. ઢુંઢારી ભાષામાં હતું. એ પુસ્તક અમારી પાસે છે. 'શીતલપ્રસાદે' ઢુંઢારી ભાષામાં (કર્યું). ભાષા જરીક કઠણ હતી. આ તો ચાલતી હિન્દીમાં બનાવ્યું છે. 'ફૂલચંદજી'. આહાહા..! કહે છે, **'એવું તો નથી, એમ કરતાં બંધ થાય છે. કેમ કે એવું તો સ્વરૂપાચરણચારિત્ર નથી. તો સ્વરૂપાચરણચારિત્ર કેવું છે?'** આહા..!

'**જેમ પાનું (સુવર્ણપત્ર)...**' સોનાનું પાનું '**તપાવવાથી સુવર્ણમાંની કાલિમા જાય છે,...**' સુવર્ણમાંથી કાલિમા જાય છે. સોનું. સોનાના પાનાને અગ્નિમાં તપાવવાથી કાલિમા જાય છે. '**સુવર્ણ શુદ્ધ થાય છે, તેમ જીવદ્રવ્યને અનાદિથી અશુદ્ધચેતનારૂપ રાગાદિ પરિણમન હતું...**' આહાહા..! ભગવાન શુદ્ધ ચૈતન્યદ્રવ્ય અનાદિથી પુણ્ય-પાપના અશુદ્ધચેતનારૂપ રાગાદિ કર્મચેતના હતી. '**અશુદ્ધચેતનારૂપ રાગાદિ પરિણમન...**' શુભાશુભ પરિણમન એ અશુદ્ધચેતનાનું રાગાદિ પરિણમન છે. આહાહા..! શાસ્ત્ર વાંચતા નથી, સ્વાધ્યાય કરતાં નથી અને પોતાનો આગ્રહ છોડતા નથી. એટલે પછી આ વાત એવી લાગે છે, એ.. એ તો નિશ્ચયાભાસ છે, વ્યવહારને માનતા નથી. અરે..! સાંભળ તો ખરો, પ્રભુ! વ્યવહાર રાગ છે તેનાથી ધર્મ થતો નથી એમ માનીએ છીએ. સમજાય છે કાંઈ? વ્યવહાર હોય છે. ધર્મીને પણ વ્યવહાર આવે છે. સમ્યક્ અનુભવ થયા પછી શુભભાવ આવે છે પણ એને બંધનું કારણ જાણે છે. આહાહા..! સમજાય છે કાંઈ? તારા જન્મ-મરણ રહિતના મારગડા જુદા, નાથ! આહા..!

અરે..! અનંતકાળથી ચોર્યાસી લાખ યોનિમાં અનંત અનંત અવતાર કર્યા. આહાહા..! પોતાની (તરફ) તેં જોયું નથી, ભાઈ! એ નરકની પીડા.. ભાઈ! એ ક્ષણની પીડા સાંભળી ન જાય એવી નરકની વેદના. પ્રભુ! તું ત્યાં અનંતવાર મિથ્યાત્વને લઈને જન્મ્યો. આહાહા..! એ મિથ્યાત્વ એટલે પુણ્યથી ધર્મ થાય છે અને રાગાદિની ક્રિયાકાંડથી ધર્મ થાય છે એ મિથ્યાત્વ. એ કારણથી અનંત વાર જન્મ-મરણ કર્યા. આહાહા..!

અહીંયાં કહે છે.. આહાહા..! '**શુદ્ધસ્વરૂપ માત્ર શુદ્ધચેતનારૂપે જીવદ્રવ્ય પરિણમે છે,...**' અશુદ્ધચેતનારૂપ રાગાદિ પરિણમન હતું. પુણ્યના પરિણામ એ અશુદ્ધચેતના રાગાદિનું પરિણમન છે. આહાહા..! એ તો અનાદિથી છે. દયા, દાન, વ્રત, ભક્તિ તો અનંતવાર કર્યા. દ્રવ્યલિંગી દિગંબર સાધુ થઈને નવમી ગ્રૈવેયક સ્વર્ગમાં ગયો. સમ્યગ્દર્શન વિના, આત્મજ્ઞાન વિના પંચ મહાવ્રતાદિ ક્રિયા કરી, શુક્લલેશ્યા ધારણ કરી... શુક્લલેશ્યા, હોં! શુક્લધ્યાન બીજી વસ્તુ છે, સ્વર્ગમાં નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો. એ '**અશુદ્ધચેતનારૂપ રાગાદિ પરિણમન હતું તે જાય છે, શુદ્ધસ્વરૂપ માત્ર શુદ્ધચેતનારૂપે જીવદ્રવ્ય પરિણમે છે,...**' આહાહા..! જેમ સુવર્ણને અગ્નિમાં નાખવાથી કાલિમા નાશ પામે છે, એમ ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યના ધ્યાનમાં રાગાદિ કાલિમાનો નાશ થાય છે. આવો માર્ગ છે, ભાઈ! આહાહા..!

વીતરાગ જિનેન્દ્રદેવ પરમેશ્વર આમ ફરમાવે છે. ભગવાન તો મહાવિદેહમાં બિરાજે છે. 'સીમંધર' ભગવાન કેવળજ્ઞાની ત્રિલોકનાથ. એમની પાસે 'કુંદકુંદાચાર્ય' ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા. બે હજાર વર્ષ થયા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા. ભગવાનનો તો આ સંદેશ છે. આહાહા..! સમજાય છે કાંઈ? પછી હજાર વર્ષ પછી 'અમૃતચંદ્રાચાર્યદેવે' આ ટીકા બનાવી. આહાહા..!

મુમુક્ષુ :- ત્યારપછી હજાર વર્ષે આપે ઉદ્ઘાટન કર્યું.

ઉત્તર :- એ તો ભગવાનનો માર્ગ છે એવો કહીએ છીએ, ભાઈ! આહાહા..! માર્ગ એવો છે, આહાહા..!

શુદ્ધ ચૈતન્યવસ્તુ, એમાં પર્યાયમાં અશુદ્ધતાનું પરિણમન અનાદિનું છે. અશુદ્ધ શબ્દે પુણ્ય અને પાપ બેય અશુદ્ધ. જ્યારે આ આત્મા આનંદકંદ પ્રભુ જ્ઞાયકસ્વરૂપનું અંતરમાં ધ્યાન કરે છે, દ્રવ્યસ્વભાવમાં જ્યાં એકાગ્ર થાય છે, ત્યારે એને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટ થાય છે, એ ઉત્પાદ થાય છે અને કાલિમા-અશુદ્ધતાનો વ્યય થાય છે. આહાહા..!

ફરીને, ધ્રુવ સ્વરૂપનું ધ્યાન કરતાં, ભગવાન ધ્રુવ. ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્. 'તત્ત્વાર્થ સૂત્ર'. ઉત્પાદ-વ્યય-ધ્રુવ. ઉત્પાદ-વ્યય એ પર્યાય છે, ધ્રુવ એ દ્રવ્યસ્વભાવ ત્રિકાળ છે. તો ઉત્પાદ-વ્યયની પર્યાયને ભિન્ન રાખી જેણે ધ્રુવનું ધ્યાન કર્યું.. આહાહા..! એ અંદરમાં ધ્રુવના ધ્યાનમાં શુદ્ધતાની ઉત્પત્તિ થઈ અને અશુદ્ધચેતનાનો વ્યય થયો. એ ઉત્પાદ-વ્યય-ધ્રુવ. આહાહા..! બહુ માર્ગ.. બાપુ! અત્યારે તો લોકોએ બહારમાં એટલી પ્રવૃત્તિમાં ધર્મ મનાવ્યો છે અને જિંદગી ચાલી જાય છે. આવો મનુષ્યભવ.. આહાહા..! અનંત કાળે મળવો મુશ્કેલ છે. એમાં વીતરાગના ભાવની, ભવના અભાવની વાત ન જાણી, ન માની, ન જાણી એ મનુષ્યપણું વ્યર્થ છે. ચાહે તો દ્રવ્યલિંગી સાધુ અઠ્યાવીસ મૂળગુણ પાળતો હોય પણ આત્મજ્ઞાન વિના બધું વ્યર્થ છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- બધું વ્યર્થ?

ઉત્તર :- ના, વ્યર્થ નહિ, રખડવામાં સફળ. સંસાર કહ્યો છે. રાગને સંસાર કહ્યો છે. તો પંચમહાવ્રત, પાંચ સમિતિ, ગુપ્તિ પણ સંસાર છે. અરર..ર..! ગજબ વાત, નાથ! સાંભળ્યું જાય નહિ.

ભાઈ! તને તારા સ્વભાવની ખબર નથી, બાપુ! ભગવાન! તું અતીન્દ્રિય આનંદ અને નિર્વિકલ્પ સ્વભાવથી ભરેલો છો. એ તરફની એકાગ્રતાથી શુદ્ધિની-ધર્મની ઉત્પત્તિ થાય છે અને અશુદ્ધ એવા અધર્મનો વિનાશ થાય છે. સમજાય છે કાંઈ? આકરું કામ બહુ, બાપા! આ તો બહારમાં હો..હા, હો..હા. મંદિર બનાવ્યા ને રથયાત્રા કાઢી ને ગજરથ કાઢ્યા ને ધર્મ થઈ ગયો. ધૂળમાંય ધર્મ નથી. સાંભળને! ભાઈ! બાપુ! તેં અનંતવાર એમ ને એમ જિંદગી ગુમાવી. આહાહા..! છે?

જીવદ્રવ્ય '**શુદ્ધસ્વરૂપ માત્ર શુદ્ધચેતનારૂપે જીવદ્રવ્ય પરિણમે છે, તેનું નામ સ્વરૂપાચરણચારિત્ર કહેવાય છે; આવો મોક્ષમાર્ગ છે.**' આહાહા..! હજી વિશેષ કહેશે. '**કાંઈક વિશેષ-તે શુદ્ધ પરિણમન જ્યાં સુધીમાં સર્વોત્કૃષ્ટ થાય છે...**' હવે શું કહે છે? કે પોતાનું શુદ્ધ સ્વરૂપ ભગવાન.. 'દ્રવ્યસંગ્રહ'માં આવ્યું છે. ૪૭ ગાથા-ચાર અને સાત. 'દ્રવ્યસંગ્રહ' આવ્યું ને? કાલે-પરમ દિવસે હિન્દી થઈ ગયું. એમાં આવ્યું છે. ૪૭-ચાર ને સાત ગાથા. '**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा**' ભગવાન 'નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી' એમ ફરમાવે છે કે '**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा**' નિશ્ચય મોક્ષમાર્ગ ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. અર્થાત્ શુદ્ધ ચૈતન્યનું ધ્યાન જ્યાં લગાવ્યું ત્યારે જે નિશ્ચય વીતરાગી પરિણતિ ઉત્પન્ન થઈ તે નિશ્ચય મોક્ષમાર્ગ છે અને બાકી જે રાગ રહ્યો એને ઉપચારથી આરોપથી વ્યવહાર મોક્ષમાર્ગનો આરોપ આપ્યો. સમજાય છે કાંઈ?

'દ્રવ્ય સંગ્રહ' છે. પાઠશાળામાં ભણાવે પણ અર્થના ઠેકાણા ન મળે. 'છ ઢાળા' પાઠશાળામાં ભણાવે છે. તો 'છ ઢાળા'માં તો એમ કહ્યું, 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' અને પછી પણ એમ કહ્યું, 'લાખ વાતની વાત...' 'છ ઢાળા'માં આવે છે, 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ્વ ફંદ નિજ આતમ ઉર ધ્યાવો.' આહાહા..! 'છ ઢાળા' છે, 'છ ઢાળા'. શેઠ! વાંચી છે? અમારા 'નવનીતભાઈ'ને 'છ ઢાળા' મોઢે હતી. 'નવનીતભાઈ'ને 'છ ઢાળા' આખી મોઢે-કંઠસ્થ, બહુ ફેરવતા હતા. 'છ ઢાળા'નો બહુ પ્રેમ હતો. એમણે તો આ વ્યાખ્યાન છપાવીને મફત આપ્યા છે ને. 'છ ઢાળા'ના વ્યાખ્યાન. ચાલ્યા ગયા.

અહીં કહે છે, શુદ્ધસ્વરૂપ ચૈતન્ય... 'લાખ વાત વાત...છોડી જગત દ્વંદ્વ ફંદ..' આહાહા..! એ વિકલ્પનું દ્વંદ્વ નામ દ્વૈતપણું છે એ પણ છોડી દે. આહાહા...! એક અંતર ભગવાનઆત્માને ધ્યેય બનાવ. તારી ધ્યાનની પર્યાયમાં દ્રવ્યસ્વભાવને ધ્યેય બનાવીને. આહાહા..! 'નિજ આતમ ઉર ધ્યાવો' એ આત્માનું ધ્યાન કરવું એ મોક્ષનો માર્ગ છે. આહાહા..! ભારે આકરું. આમાં કાંઈ બીજું સાધન હશે કે નહિ? આ જ સાધન છે. આહાહા..! એ વ્યવહાર સાધન ને નિશ્ચય સાધ્ય. (તો) રાગ સાધન? રાગથી વીતરાગતા ઉત્પન્ન થાય છે? આહાહા..!

મુમુક્ષુ :- રાગના અભાવથી (થાય).

ઉત્તર :- અભાવથી (થાય).

મુમુક્ષુ :- ધ્યાન તો બહુ કર્યું.

ઉત્તર :- દરકાર કરી નથી. 'સાદડી'માં. 'સુજાનમલજી'! આહાહા..! જેમ સ્ત્રીને દેખીને કેવો પ્રેમ આવે છે! આ મારી અર્ધાંગના છે, આ મારી ધૂળ છે. એમ આત્મા પ્રત્યે પ્રેમ આવવો જોઈએ. આહાહા..! એ શુભ ને અશુભરાગનો પ્રેમ છોડીને, ત્રણલોકનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ આત્મા અંદર બિરાજે છે. આહાહા..! એ તરફ ઢળવું. અને ત્યાં સુધી કહે છે, નિજ સ્વરૂપ પ્રત્યે ઢળતો નથી અને શુભ-અશુભરાગ, શુભરાગમાં જેને પ્રેમ છે, એને આત્મા પ્રત્યે દ્વેષ છે. ઝીણી વાત છે, પ્રભુ! એ તો શ્વેતાંબરમાં એક 'આનંદઘનજી' થયા છે. એણે થોડી વાત કરી છે, બાકી એમાં તો કંઈ સત્ય છે નહિ. એ તો નવો (સંપ્રદાય) નીકળ્યો હતો ને. દિગંબરમાંથી બે હજાર વર્ષ પહેલાં નીકળ્યો હતો. સમજ્યા? તોપણ 'આનંદઘનજી'એ થોડી આવી વાત કરી છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીંયાં કહે છે, સ્વરૂપાચરણ. સ્વરૂપાચરણ અર્થાત્ રાગ-દયા, દાનનું આચરણ એ સ્વરૂપાચરણ નહિ. એ તો ઉપાધિનું આચરણ છે. આરે..! પ્રભુ! ભારે માર્ગ, ભાઈ! અરે..! આહાહા..! અનંતકાળથી ચોર્યાસીના અવતારમાં રખડી મર્યો છે. એણે શુભભાવ પણ અનંતવાર કર્યા. કહ્યું હતું ને? નરકના ભવ જે અનંત કર્યા, એનાથી અસંખ્યગુણા અનંત તો સ્વર્ગના કર્યા, અત્યાર સુધીમાં. ભગવાનના, પરમાત્મા જિનેન્દ્રદેવના જ્ઞાનમાં આવ્યું છે, કે જે નરકના અનંત ભવ કર્યા, મનુષ્યના કર્યા એના કરતાં અસંખ્યગુણા અનંતા નરકના કર્યા, અને અસંખ્યગુણા અનંતથી અસંખ્યગુણા અનંતા સ્વર્ગના કર્યા. તો સ્વર્ગમાં કોઈ પાપ કરીને

જાય છે? આહાહા..! આવા દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા તો અનંતવાર કર્યા છે. આહાહા..! એનાથી સ્વર્ગમાં જાય છે અને સ્વર્ગમાંથી નીકળી પછી પશુ અને નરકમાં ચાલ્યો જાય. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં કહે છે, શુદ્ધ પરિણામ ચારિત્ર થયું. દ્રવ્યસ્વભાવના આશ્રયે સ્વરૂપમાં આચરણ નામ લીનતા પ્રગટ થઈ, હવે કહે છે કે, શુદ્ધ પણ અનેક પ્રકારનું છે. પહેલા થોડું શુદ્ધ છે, પછી વિશેષ શુદ્ધ છે, પછી વિશુદ્ધ છે. સ્વરૂપમાં રમણતા વધતાં.. વધતાં.. વધતાં.. શુદ્ધતા ઘણી વધી જાય છે. સમજાય છે કાંઈ? એ કહે છે, '**શુદ્ધ પરિણમન જ્યાં સુધીમાં સર્વોત્કૃષ્ટ થાય છે ત્યાં સુધીના શુદ્ધપણાના અનંત ભેદ છે.**' આહાહા..! અંતર ભગવાનનું અવલંબન લઈને શુદ્ધ પવિત્ર દશા પ્રગટ થઈ, એમાં પણ વિશેષ આશ્રય કરતાં વિશેષ પવિત્રતા, વિશેષ આશ્રય કરતાં વિશેષ પવિત્રતા પ્રગટે છે. એમ પવિત્રતાના તો અનંત ભેદ છે. આહાહા..! સમજાય છે કાંઈ? '**અનંત ભેદ છે. તે ભેદો જાતિભેદની અપેક્ષાએ તો નથી;...**' શું કહે છે? શુદ્ધ વસ્તુસ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા પ્રગટ થઈ અને પછી વિશેષ આશ્રય કરતાં વિશેષ શુદ્ધતા ઉત્પન્ન થઈ, એ શુદ્ધતાની જાતિભેદ નથી, જાતિ તો એક જ છે. પુણ્ય ને પાપના ભાવ તો જાતિભેદ છે. આહાહા..! ભારે આવી વાતું.

ભગવાનઆત્મા આનંદસ્વરૂપ પ્રભુ, એની એકાગ્રતામાં શરૂઆતમાં સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાન-દર્શન ને સ્વરૂપાચરણ સ્થિરતાના અંશ પ્રગટ થયા, એ મોક્ષમાર્ગ પર્યાય છે. પછી એ દ્રવ્યનો વિશેષ આશ્રય લીધો તો શુદ્ધતા ઘણી પ્રગટ થઈ, એમ વિશેષ આશ્રય લેતાં વિશેષ શુદ્ધતા પ્રગટી, વિશેષ આશ્રય લેતાં શુદ્ધતા પ્રગટ થઈ, એમ શુદ્ધતાના અનંત ભેદ છે. ધર્મની પવિત્રતાના પરિણામમાં અનંત પ્રકાર છે, પણ એ કોઈ જાતિભેદ નથી. જાતિ તો શુદ્ધ.. શુદ્ધ.. શુદ્ધ.. શુદ્ધ.. જાતિ છે. ઠેઠ (સુધી). ટીકા કરી છે ને! આમાંથી 'બનારસીદાસે' 'સમયસાર નાટક' (બનાવ્યું). આહાહા..! અરેરે..! એ 'બનારસીદાસ' અને 'ટોડરમલજી' માટે એમ કહે, એ તો અધ્યાત્મની ભાંગ પીને નાચ્યા છે. અરરર..! પ્રભુ.. પ્રભુ! શું કરે છે તું આ? અધ્યાત્મની ભાંગ કહેવી? નાથ! 'ફલટન'માં એ ચાલ્યું હતું. 'લલિતપુર' અને 'ફલટન'. 'ટોડરમલ' અને 'બનારસીદાસ' અધ્યાત્મની ભાંગ પીને નાચતા હતા. એની દૃષ્ટિ સાથે મેળ ન પડ્યો એટલે (એમ કહે છે), અધ્યાત્મની ભાંગ પીધી છે. અરે..! ભગવાન! આવું ન શોભે, પ્રભુ! આવા ધર્માત્મા જ્ઞાનીને ભાંગ પીને નાચ્યા છે, એમ ન કહેવાય. ભાઈ! આહાહા..! સમજાય છે કાંઈ? એ તો અધ્યાત્મના લગન કરનારા હતા. આહાહા..! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં તો કેટલો પ્રકાશ કર્યો છે! 'મોક્ષમાર્ગ પ્રકાશક'. આહાહા..! આચાર્ય સંતો જેવું કામ કર્યું છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'. બધી વાત શાસ્ત્રના આધારે, હોં! બધી વાત. શુભરાગ હો, એ બંધનું કારણ છે. શ્રદ્ધામાં બંધનું કારણ સમજો. જો શુભરાગથી ધર્મ માનશો તો મિથ્યાશ્રદ્ધા છે. મિથ્યાત્વનું પોષણ છે. મિથ્યાત્વ એ સંસાર છે અને મિથ્યાત્વ એ અધર્મ-મહા મોટો અધર્મ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં તો સ્પષ્ટ વાત છે, ભાઈ! ગુપ્ત કાંઈ નથી. આહાહા..! દુનિયાને રુચે, ન રુચે. એને માટે સંતો જવાબદાર નથી કે આ દુનિયાને રુચશે કે નહિ? સમાજ સમતોલ રહેશે કે નહિ?

આવી વાતમાં ગડબડ ન થઈ જાય કે અરે..! આ તો વ્યવહારનો તો નાશ કરે છે. લાભ દેખાડતા નથી અને નુકસાન કરનાર છે એમ કહે છે. માનો, બાપુ! વસ્તુ તો આ છે. વ્યવહાર નુકસાનકારક છે. રાગાદિ ક્રિયા. જિનેશ્વરદેવે કહેલો વ્યવહાર પણ સંસાર છે. એ અગિયારમી ગાથામાં આવી ગયું. સમજાય છે કાંઈ? જ્ઞાન કરાવ્યું, વ્યવહાર હોય છે. મુનિ સાચા સંત ભાવલિંગી આત્મજ્ઞાની, એને પણ પંચમહાવ્રતના વિકલ્પ આવે છે, પણ છે દુઃખરૂપ, છે બંધનું કારણ, છે સંસાર. જેટલો વિકલ્પ છે એ સંસાર છે. નિર્વિકલ્પ સ્વરૂપને આશ્રયે જેટલી પરિણતિ તે મોક્ષનો માર્ગ અથવા તે મોક્ષ. આહાહા..!

ઘણી શુદ્ધતા, એનાથી અધિક, એનાથી અધિક એવા ભેદ છે, પણ જાતિભેદ નથી. આહાહા..! જાતિભેદ નથી. ચોથે ગુણસ્થાને સમ્યગ્દષ્ટિને શુદ્ધતા પ્રગટ થાય છે. તેનાથી (અધિક) પાંચમે ગુણસ્થાને શુદ્ધતા છે. આ તો સાચા શ્રાવક, હોં! વાડાના શ્રાવક એ શ્રાવક છે જ નહિ. હજી એને સમ્યગ્દર્શનની પણ ખબર નથી. આ તો માર્ગ.. પ્રભુ! મારગડા ત્રિલોકનાથ પરમાત્મા સર્વજ્ઞદેવનો આ તો પ્રવાહ છે.

ભગવાન મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે. પાંચસો ધનુષનો દેહ છે. આહાહા..! કરોડ પૂર્વનું પ્રભુનું આયુષ્ય છે. 'મુનિસુવ્રત' ભગવાનના વખતમાં દીક્ષા લીધી છે. તરત કેવળ પામ્યા છે. અત્યારે કેવળજ્ઞાની પરમાત્મા છે. આગામી ચોવીશીના તેરમા તીર્થંકર થશે ત્યારે મોક્ષમાં જશે. ત્યાં સુધી કરોડો અબજો વર્ષ બિરાજશે. વર્તમાન સમવસરણમાં ધર્મોપદેશ થાય છે અને બિરાજે છે. મનુષ્યક્ષેત્રમાં, હોં ! સિદ્ધમાં નહિ. 'મહાવીર' આદિ ભગવાન તો ણમો સિદ્ધાણંમાં ગયા. આ તો ણમો અરિહંતાણમમાં છે. ચાર કર્મ ક્ષય કર્યા, ચાર કર્મ બાકી રહ્યા. આઠ કર્મનો નાશ થઈ જાય તો સિદ્ધ થઈ જાય. ચાર કર્મનો નાશ કરી કેવળજ્ઞાની પરમાત્મા બિરાજે છે તો ચાર કર્મ બાકી છે માટે અરિહંત છે. અરિહંતને વાણી આદિ હોય છે, સિદ્ધને વાણી નથી હોતી. આહાહા..! એ ભગવાનની વાણીમાં આ આવ્યું. આહાહા..!

ભાઈ! તારી વસ્તુ છે ને, નાથ! શુદ્ધ સ્વરૂપનો ભંડાર તારો આત્મા છે. એ શુદ્ધ સ્વરૂપની એકાગ્રતા કરવાથી શુદ્ધતા ઉત્પન્ન થાય છે. વિશેષ એકાગ્રતાથી વિશેષ શુદ્ધતા ઉત્પન્ન થાય છે. એ શુદ્ધતાના ભેદ ભલે થોડા ઘણા હો, પણ જાતિભેદ નથી. આહાહા..! ચોથે ગુણસ્થાને સ્વરૂપાચરણ ચારિત્રની દશા, તેનાથી પાંચમે ગુણસ્થાને સાચા સંત શ્રાવક સમકિતદષ્ટિ સહિતની વાત છે, હોં! એનું સ્વરૂપાચરણ ચારિત્ર વિશેષ નિર્મળ છે. છઠ્ઠે વિશેષ, સાતમે વિશેષ, એમ કરતાં કરતાં કેવળજ્ઞાનમાં પૂર્ણ સ્વરૂપાચરણ થઈ ગયું. આહાહા..! સમજાય છે કાંઈ?

**'જેટલી શુદ્ધતા હોય છે તેટલી જ મોક્ષનું કારણ છે.'** જોયું! **'જ્યારે સર્વથા શુદ્ધતા થાય છે ત્યારે સકળકર્મક્ષયલક્ષણ મોક્ષપદની પ્રાપ્તિ થાય છે.'** આહાહા..! શું કહ્યું? વસ્તુ જે શુદ્ધ ચૈતન્યઘન પરમાત્મા આત્મા છે, પરમાત્મસ્વરૂપ જ આત્મા છે, તો એમાંથી પરમાત્મા પર્યાયમાં એનલાર્જ થાય છે. આહાહા..! એ પરમાત્મસ્વરૂપનું ધ્યાન કરતાં જેટલી શુદ્ધતા ઉત્પન્ન થઈ એ શુદ્ધતા થોડીઘણી એ બધો મોક્ષનો માર્ગ છે અને પૂર્ણ શુદ્ધતા થઈ એ મોક્ષ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- સ્થિરતા અંદર..

ઉત્તર :- સ્થિરતા, અંદર શુદ્ધમાં લીનતા. અશુદ્ધતા ઘટતી જાય છે, શુદ્ધતા વધતી જાય છે. અશુદ્ધતાથી ધર્મ થાય છે એ દૃષ્ટિ તો છૂટી ગઈ. શુદ્ધતાથી ધર્મ થાય છે એ દૃષ્ટિ થઈ, પણ હજી અશુદ્ધતા બાકી રહી. જો અશુદ્ધતા ન હોય તો કેવળજ્ઞાન થઈ જાય. આહાહા..! તો જેટલી જેટલી શુદ્ધ સ્વરૂપમાં લીનતા થાય છે તેટલી તેટલી અશુદ્ધતાનો નાશ થાય છે. પૂર્ણ શુદ્ધતા ઉત્પન્ન થાય ત્યારે આઠેય કર્મનો નાશ થઈ જાય છે. આહાહા..! આ વાત છે. અરે..! એની શ્રદ્ધા તો કરે. એના જ્ઞાનમાં આની જમવટ તો કરે. આહાહા..! ભલે વિકલ્પ સહિત પહેલા કરે. આહાહા..! માર્ગ તો આ છે એવો નિર્ણય તો કર, નાથ! આહાહા..! અરે..! કોઈ રક્ષક નથી, ભાઈ! રક્ષક અને શરણ તો તારો આત્મા છે, પ્રભુ! આહાહા..! એ શરીરમાં મરણની વેદના-પીડા ને.. આહાહા..! કોણ શરણ ત્યાં? પ્રભુ! એ પુણ્ય પરિણામ શરણ છે? એ પુણ્ય પરિણામ તો ગયા અને કર્મમાં પરમાણુ બંધાઈ ગયા. એ તો રહ્યા નહિ. નવા પુણ્ય કર તો એ પણ રાગ છે. ભગવાન.. ભગવાન.. ણમો અરિહંતાણં.. ણમો અરિહંતાણં.. કરે પણ એ તો વિકલ્પ-રાગ છે. આહાહા..! ભગવાનઆત્મા રાગના વિકલ્પથી રહિત પ્રભુ, એ શુદ્ધતાનો જેટલો આશ્રય લીધો એટલી શુદ્ધતા પ્રગટ થઈ એ મોક્ષનો માર્ગ. પૂર્ણ શુદ્ધતા પ્રગટ થઈ જાય એ મોક્ષ. આહાહા..!

**'શા કારણથી?' 'सदा ज्ञानस्य भवने एकद्रव्यस्वभावात्वात्'** આહાહા..! ગજબ વાત કરે છે! શું કહે છે? **'सदा ज्ञानस्य भवने एकद्रव्यस्वभावात्वात्' 'ત્રણે કાળે...' 'सदा'** નામ ત્રણે કાળે. **'ज्ञानस्य भवने' 'આવું છે જે શુદ્ધચેતનાપરિણમનરૂપ...' 'ज्ञानस्य भवने'** એટલે આત્મા શુદ્ધ ચૈતન્ય. એનું ચેતનાપરિણમનરૂપ. **'સ્વરૂપાચરણચારિત્ર તે આત્મદ્રવ્યનું નિજ સ્વરૂપ છે,..' 'एकद्रव्यस्वभावात्वात्'** એમ શબ્દ પડ્યો છે ને? **'एकद्रव्यस्वभावात्वात्'** શું કહે છે ઈ? તેથી એકદ્રવ્યસ્વભાવ-એક જીવદ્રવ્યસ્વભાવ છે. દ્રવ્યસ્વરૂપ છે. આહાહા..! **'શુભાશુભ ક્રિયાની માફક ઉપાધિરૂપ નથી,...' 'ત્રણે કાળે આવું છે જે શુદ્ધચેતનાપરિણમનરૂપ સ્વરૂપાચરણચારિત્ર તે આત્મદ્રવ્યનું નિજ સ્વરૂપ છે,...'** આહાહા..! સ્વરૂપ વીતરાગ છે અને એમાં વીતરાગતા સ્વરૂપની પર્યાય પ્રગટ થઈ. એ શુદ્ધચેતનારૂપ સ્વરૂપાચરણચારિત્ર છે. **'તે આત્મદ્રવ્યનું નિજ સ્વરૂપ છે,...'** એ તો નિજ સ્વરૂપનું પરિણમન છે. સમજાય છે કાંઈ?

**'શુદ્ધચેતનાપરિણમનરૂપ સ્વરૂપાચરણચારિત્ર તે આત્મદ્રવ્યનું નિજ સ્વરૂપ છે, શુભાશુભ ક્રિયાની માફક ઉપાધિરૂપ નથી,...'** આહાહા..! એ દયા, દાન, વ્રત, ભક્તિના શુભ પરિણામ એ ઉપાધિ છે. અરરર..! હવે એને અત્યારે ધર્મ મનાવ્યો. અને લોકો પ્રરૂપણા પણ એ કરે. અરે..! ભગવાન! એમાં વીતરાગમાર્ગનો ધ્વંસ થાય છે. આહાહા..! માર્ગ પ્રભુ! આવા છે, ભાઈ! બહુ જ ગાથા સ્પષ્ટ! શું કહ્યું? એ આત્મદ્રવ્યનું નિજ સ્વરૂપ શુભાશુભ ક્રિયાની માફક ઉપાધિ નથી. એ પંચમહાવ્રતના વિકલ્પ આદિ તો શુભભાવ ઉપાધિ છે, એ જીવનું સ્વરૂપ નહિ. આહાહા..! છે કે નહિ? આ સોનગઢનું છે? આહા..! અનાદિ સંતો દિગંબર મહામુનિઓ વીતરાગી સંતો આમ કહેતા આવ્યા છે. સર્વજ્ઞ ત્રિલોકનાથ પણ આમ કહેતા

હતા, ઈ લઈ આવ્યા. ભગવાનનો સંદેશ લઈને 'કુંદકુંદાચાર્ય' (આવ્યા). ત્યાં આઠ દિવસ ત્યાં રહ્યા. સંવત-૪૯, બે હજાર વર્ષ પહેલાં. આવ્યા (અને કહ્યું) ભગવાન આમ કહે છે, ભાઈ! આહાહા..! જિનેન્દ્રદેવ એમ ફરમાવે છે કે જેટલા શુભાશુભ ભાવ છે એ ઉપાધિ છે અને ત્રિકાળી શુદ્ધ સ્વભાવને આશ્રયે ઉત્પન્ન થયેલી શુદ્ધતા નિરૂપાધિ છે. સમજાય છે કાંઈ? આહાહા..! એના જ્ઞાનમાં, શ્રદ્ધામાં હજી સત્ય નથી તો આચરણ ક્યાંથી આવ્યું? સમજાય છે કાંઈ? 'શાંતિભાઈ'! ઝવેરાત-ફવેરાતમાં તો... આહાહા..! 'કાંતિભાઈ' છે ને? આવ્યા છે ને? 'લાઠી'વાળા ચાલ્યા ગયા? ગયા. અહીં બેઠા હતા. ઠીક! આહા..! શું કહે છે? શુદ્ધ ચૈતન્ય વસ્તુ, એમાં નિર્મળ આચરણ એ સ્વરૂપાચરણચારિત્ર એ એક '**एकद्रव्यस्वभावात्वात्**'. એક જીવદ્રવ્યનો સ્વભાવ હોવાથી. આહાહા..!

'**એક જીવદ્રવ્યસ્વરૂપ છે...**' આહાહા..! એક દ્રવ્યસ્વભાવની આ વ્યાખ્યા થઈ. અને પુણ્ય-પાપ એક દ્રવ્ય નહિ, એ તો પરદ્રવ્યનો સંયોગીભાવ ઉપાધિ છે. આહાહા..! પંચમહાવ્રત, પાંચ સમિતિ, ગુપ્તિ, ભગવાનની પૂજા, ભક્તિ (કરવી) ને મંદિર બનાવવામાં લાખો-કરોડો રૂપિયા ખર્ચવા, એ બધો ભાવ રાગની મંદતાનો શુભભાવ ઉપાધિ છે. 'બેંગલોર'માં કહ્યું હતું. બાર લાખનું આપણું દિગંબર મંદિર બનાવ્યું છે. 'બેંગલોર' બાર લાખનું મંદિર. બેય શ્વેતાંબર. એક શ્વેતાંબર હતા એણે આઠ લાખ આપ્યા અને ચાર લાખ એક સ્થાનકવાસીએ આપ્યા. બાર લાખનું દિગંબર મંદિર. પણ જોવા લાયક છે. 'બેંગલોર' અમે ગયા હતા ને. એને કહ્યું, જુઓ! તમે બાર લાખ ખર્ચ્યા અને આઠ લાખ આપ્યા તો તમને ધર્મ થઈ ગયો (એમ નથી). રાગની મંદતા હોય તો પુણ્ય છે, ઉપાધિ છે. આહાહા..! 'ભભુતમલ' અહીંયાં આવ્યા હતા ને? એની પાસે બે કરોડ રૂપિયા છે, આઠ લાખ ખર્ચ્યા. અને 'જુગરાજજી' સ્થાનકવાસી છે. 'મુંબઈ'માં મહાવીર માર્કેટ છે. એક કરોડ છે, એણે ચાર લાખ આપ્યા હતા. ભાઈ! એ વાત હોય છે, પણ એના પરિણામનો ભાવ તો શુભ છે અને બહારની ક્રિયા તો આત્મા કરી શકતો નથી. આહાહા..! વિશેષ ભાવાર્થ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ભાદરવા સુદ ૧૦, ગુરુવાર, તા.૨૨-૯-૧૯૭૭
## કળશ - ૧૦૬ થી ૧૦૮, પ્રવચન - ૧૦૨

દસ લક્ષણી પર્વનો આજ છઠ્ઠો દિવસ છે. ઉત્તમસંયમ. ઉત્તમસંયમ કેમ કહ્યું? કે પહેલાં પોતાના આનંદના અનુભવરૂપી સમ્યગ્દર્શન હોવું જોઈએ, પછી સંયમ અને ચારિત્ર આવે છે. જેને સમ્યગ્દર્શન.. એ બપોરે આવ્યું ને? દ્રવ્ય સ્વભાવ આત્માનો આનંદ, એ આનંદનું વેદન અનુભવમાં ન આવ્યું તો સમ્યગ્દર્શન નથી. આહાહા..! અને સમ્યગ્દર્શન વિના ચારિત્ર નિશ્ચય અને વ્યવહાર એક્કેય હોતાં નથી. તેથી ઉત્તમસંયમ શબ્દ વાપર્યો છે. દરેકમાં ઉત્તમક્ષમા

આદિ. હેતુ તો આત્માના આનંદના સ્વાદનો ).

જેને સમ્યગ્દર્શનમાં આત્માના આનંદનો સ્વાદ આવ્યો છે, એને ચારિત્ર નામ સ્વરૂપના આનંદમાં રમણતા હોય છે. અતીન્દ્રિય આનંદમાં મશગુલ આનંદ (સહિત) પ્રચુર સ્વસંવેદન આવે છે, એને ચારિત્ર કહે છે. એ ચારિત્રવંતને વ્યવહારના વિકલ્પ પણ કેવા હોય છે અને નિશ્ચયમાં દર્શન અને ચારિત્રની સાથે કેવો વ્યવહાર હોય એ વાત કરે છે.

**जो जीवरक्खणपरो गमणागमणादिसव्वकज्जेसु।**
**तण छेदं पि ण इच्छदि संजमधम्मो हवे तस्सो।।३९९।।**

મુનિરાજ પોતાના આનંદસ્વરૂપમાં મશગુલ રહી શકે નહિ ત્યારે ઈર્યા ને એષણા ભાષામાં આવે છે, તો એને માટે બનાવેલો આહાર પણ લે નહિ વ્યવહારમાં, નિશ્ચયમાં તો આહાર લેવો એ છે નહિ. ધ્યાનમાં આનંદમાં મસ્ત રહેવું એ નિશ્ચયચારિત્ર છે. સમજાય છે કાંઈ? '**तण छेदं पि ण इच्छदि**' એક તૃણના બે ટુકડા પણ ન કરે. એવા યત્નથી જેની ક્રિયા છે. આહાહા..! યતિ નામ સ્વરૂપની યત્ના કરે છે એમાં બાહ્યની યત્નાનો વિકલ્પ હોય છે તો કોઈપણ પ્રાણીનું અહિત થાય એવો ભાવ ન કરે. સમજાય છે કાંઈ? અને '**गमणागमणादिसव्वकज्जेसु**' ગમન, અગમન આદિ કાર્યમાં. કાર્ય એ. આહા..! પ્રમાદનો ભાવ છોડીને '**तण छेदं पि ण इच्छदि संजमधम्मो हवे तस्सो**'. તેને સંયમ હોય છે. આહાહા..!

ભાવાર્થમાં છે. '**ઇન્દ્રિય અને મનનું વશ કરવું...**' ઇન્દ્રિયને વશ કરવાની વ્યાખ્યા સૂક્ષ્મ છે. 'સમયસાર' ૩૧ ગાથામાં (એમ કહ્યું). '**जे इंदिये जिणित्ता**' જે કોઈ આત્મા દ્રવ્યેન્દ્રિય-આ જડ, ભાવેન્દ્રિય એક એક વિષયનો જાણનારો ક્ષયોપશમ ભાવ અને બાહ્ય ભગવાનની વાણી, સ્ત્રી, કુટુંબ, પરિવાર કે ભગવાનનું શરીર એ બધું ઇન્દ્રિય છે. ઇન્દ્રિયનો વિષય તે ઇન્દ્રિય છે, એમ લીધું છે. આહાહા..! કાલે કહ્યું હતું ને કોઈએ? '**जे इंदिये जिणित्ता**' તમે કહ્યું હતું? '**जे इंदिये जिणित्ता**' આ બધું ક્યાં આવ્યું? ઇન્દ્રિય જીતવી. અરે..! બાપુ! ઇન્દ્રિયને જીતવીનો અર્થ શું? જેમ આ પાંચ ઇન્દ્રિય જડ છે, એનું પણ લક્ષ છોડવું અને ભાવઇન્દ્રિય જે એક એક ઇન્દ્રિયના વિષયને જાણે છે તેને પણ છોડવા. આહાહા..! અને ભગવાન ને સ્ત્રી, કુટુંબ-પરિવાર અને ભગવાનની વાણીનું પણ લક્ષ છોડવું. આવી વાત છે. ૩૧મી ગાથામાં છે. એ અત્યારે વાત જ ચાલતી નથી. અત્યારે તો બહારના ક્રિયાકાંડ, સમ્યગ્દર્શન વિના. તે પણ ક્રિયા કેટલી સાધારણ, સ્થૂળ. આહાહા..! એમાં સંવર અને નિર્જરા છે એમ માની લે. અરે..!

અહીંયાં તો કહે છે, પોતામાં મનને ઇન્દ્રિયનું દમન (કરવું). ઇન્દ્રિયમાં તો ભગવાનની વાણી અને ભગવાન પોતે ઇન્દ્રિઓને આવે છે. અનીન્દ્રિય એવો જે ભગવાનઆત્મા, અનીન્દ્રિય એવા આત્મામાં રહેવું એને ઇન્દ્રિયોને જીતી એમ કહેવામાં આવે છે. 'શાંતિભાઈ'! આહાહા..! આવી વાત છે. 'સમયસાર' ૩૧ મી ગાથામાં છે. લોકો કહે, ઇન્દ્રિયને જીતી. શું ઇન્દ્રિય.. ઇન્દ્રિય.. (જીતી કરે છે). એ જડ અને ભાવઇન્દ્રિય અને એનો વિષય, એ તરફનું લક્ષ છોડીને અનીન્દ્રિય ભગવાનમાં આવવું એને ઇન્દ્રિયને જીતી એમ કહેવાય છે. એ આ

ઇન્દ્રિય, મનનો સંયમ. સમજાય છે કાંઈ?

**'તથા છ કાયના જીવોની રક્ષા કરવી.'** અથવા છ કાયના જીવોને નહિ મારવાનો ભાવ. રક્ષા કરી શકતો નથી. રક્ષા તો શબ્દ છે. **'મુનિને આહાર વિહારાદિ કરવામાં ગમન-આગમનાદિ કામ કરવું પડે છે પણ તે કાર્યો કરતાં એવા પરિણામ રહ્યા કરે કે 'તૃણમાત્રનો પણ છેદ ન કરું...'** આહાહા..! ઝીણી વાત, ભાઈ! **'મારા નિમિત્તે કોઈનું અહિત ન થાઓ, એવા યત્નરૂપ પ્રવર્તે છે, જીવદયામાં જ તત્પર રહે છે.'** એ ઉત્તમસંયમ.

આપણે વર્તમાન ૧૦૬ કળશ, એનો ભાવાર્થ. છેલ્લી પાંચ લીટી છે. આહાહા..! **'જો ગુણ-ગુણીરૂપ ભેદ કરીએ તો આવો ભેદ થાય છે...'** શું કહે છે? એક જીવદ્રવ્ય સ્વરૂપ.. કહ્યું હતું ને? **'આત્મદ્રવ્યનું નિજ સ્વરૂપ છે, શુભાશુભ ક્રિયાની માફક ઉપાધિરૂપ નથી, તેથી...'** **'एकद्रव्यस्वभावात्वात्'** હવે કહે છે કે, શુદ્ધપણું પવિત્ર શુદ્ધ દ્રવ્ય અને શુદ્ધપણું-પુણ્ય-પાપના વિકલ્પથી રહિત આત્મદ્રવ્યના સ્વભાવની પરિણતિ શુદ્ધ થઈ એ પરિણતિને ગુણ કહો, ભગવાનને-આત્માને ગુણી કહો. એવા ગુણી-ગુણના ભેદ કરીએ તો એવા ભેદ થાય છે. શુદ્ધતા અને જીવ એવા બે ભેદ કરીએ તો ભેદ થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? બહુ ઝીણું, બાપુ! આહા..! ચોર્યાસીના અવતારમાં રખડી મરે છે. મુનિવ્રત પણ અનંત વાર ધારણ કર્યા, ક્રિયાકાંડના. એવી ક્રિયા તો અત્યારે છે નહિ. નવમી ગ્રૈવેયકે ગયો, પંચમહાવ્રત (પાળ્યા), હજારો રાણીને છોડી, નગ્ન દિગંબર (થઈ) અઠ્યાવીસ મૂળગુણ પાળે. તે કેવા ચોખ્ખા? એને માટે ચોકા કરીને (આહાર બનાવ્યો હોય તો) પ્રાણ જાય તોપણ લે નહિ. ઉદ્દેશિક આહારનો તો અગિયારમી પડિમામાં ત્યાગ છે. 'જિનેશ્વરદાસજી'! એને માટે બનાવ્યું હોય એનો ત્યાગ તો અગિયારમી પડિમામાં છે, તો મુનિની તો શું વાત કરવી!

અહીંયાં તો કહે છે, એ પુણ્ય-પાપના વિકલ્પથી રહિત આત્મદ્રવ્યના સ્વભાવની પરિણતિ શુદ્ધ થઈ એ ગુણ છે અને આત્મા ગુણી છે, એવા ભેદ જાણવામાં પડે છે. આહાહા..! **'જીવનું શુદ્ધપણું ગુણ...'** દેખો! **'જો વસ્તુમાત્ર અનુભવ કરીએ તો આવો ભેદ પણ મટે છે.'** આહાહા..! અંતરમાં અનુભવમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રમાં જ્યારે રહે છે તો ગુણ ને શુદ્ધ ને જીવ, એવા ભેદ પણ એમાં રહેતા નથી. આહાહા..! ચૈતન્ય શુદ્ધ પવિત્ર વસ્તુ છે, એવો ભેદ પણ અનુભવમાં રહેતો નથી, કહે છે. 'શાંતિભાઈ'! આવી વાતું છે. આહાહા..! અરે..! એણે સત્યનું શરણ કદી લીધું નહિ.

એ ક્રિયાકાંડ દયા, દાન, વ્રત, ભક્તિ આદિ વ્યવહાર ક્રિયા સ્વરૂપની ઘાતક છે. એ આગળ આવશે. ૧૦૮ કળશમાં આવશે. વ્યવહાર ક્રિયાકાંડ તો દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે. ૧૦૮માં આવશે. આહાહા..! સમ્યગ્દર્શન સહિત આત્માના અનુભવની સ્થિરતા સહિત જો કોઈ પંચમહાવ્રતના વિકલ્પ આવે છે.. ૧૦૮ કળશ, એની ત્રીજી પંક્તિ, ત્રીજી પંક્તિ. છે? **'અહીં કોઈ જાણશે કે શુભ-અશુભ ક્રિયારૂપ જે આચરણરૂપ ચારિત્ર છે તે કરવાયોગ્ય નથી તેમ વર્જવાયોગ્ય નથી.'** એમ નથી. **'ઉત્તર આમ છે કે-વર્જવાયોગ્ય છે.'** એ પંચમહાવ્રત આદિની ક્રિયાકાંડ, દયા, દાન, વ્રતના જે વિકલ્પ ઉઠે છે એ તો છોડવા લાયક છે. **'વર્જવાયોગ્ય છે. કારણ કે વ્યવહારચારિત્ર હોતું થકું દુષ્ટ છે...'** આહાહા..! ભગવાન

આનંદસ્વરૂપથી અતીન્દ્રિય આનંદના વેદનથી ભિન્ન વિકલ્પ જે ચારિત્ર વ્યવહાર, એ તો પુણ્યબંધનું કારણ છે, '**દુષ્ટ છે, અનિષ્ટ છે,...**' આહાહા..! અરે..! લોકો એમાં જ માની બેઠા છે કે આ અમે ધર્મ કરીએ છીએ. પડિમા પાળીએ છીએ. સાત પડિમા ને દસ પડિમા. અરે..! ભાઈ! એ પડિમાનો વિકલ્પ તો સમ્યગ્દર્શન વિના નુકસાનકારક છે, પણ સમ્યગ્દર્શન સહિત પણ જે પંચમહાવ્રતના વિકલ્પ છે, એ આત્માના સ્વરૂપનો ઘાતક છે. 'શાંતિભાઈ'! છે? આ કોઈ દિ' વાંચ્યું પણ નહિ હોય. ઘરમાં પુસ્તક પડ્યું હશે કે નહિ? છે ને? હોય તો ખરું. અમારા બેન છે તો રાખે ને. તમારે ક્યાં.. આહાહા..!

અહીંયાં તો પરમાત્મા કહે છે, સમ્યગ્દર્શન જ્યાં અનુભવ નથી, આનંદનો સ્વાદ જ્યાં નથી ત્યાં તો ક્રિયાકાંડ નિશ્ચય અને વ્યવહાર એક્કેય હોતો નથી. એ માને કે અમે આ પડિમા ને મહાવ્રત લઈએ છીએ. એ એને છે જ નહિ. અહીંયાં તો આત્માના આનંદના સ્વભાવ.. એક જીવદ્રવ્ય લીધું ને? જીવદ્રવ્યનો સ્વભાવ. એ દયા, દાનની ક્રિયા જીવદ્રવ્યનો સ્વભાવ નહિ, એ તો પુદ્ગલકર્મનો સ્વભાવ. આહાહા..! 'મફાભાઈ'! ક્યાં આ બધું સાંભળ્યું હતું ન્યાં? ઈ શેઠિયા હતા ત્યાં. અમારે 'ભાવનગર'ના શેઠ છે, શેઠ. હવે આ ફેરી આવી ગયા છે. પર્યુષણ જ અહીં કર્યા. ભાવનગરના શેઠ છે. બાપુ! માર્ગ.. પ્રભુ! આહાહા..!

અહીંયાં તો પરમાત્મા એમ કહે છે, સંતો કહે છે એ પરમાત્મા કહે છે, પરમાત્મા કહે છે એ સંતો કહે છે કે... ભાવાર્થ આવ્યો ને? ગુણ-ગુણીનો ભેદ કરવો એ નહિ. '**જીવનો શુદ્ધપણું ગુણ...**' એ નહિ. આહા..! ક્રિયા તો નહિ, વ્યવહારની (ક્રિયા) તો એમાં છે નહિ, આહાહા..! પણ ગુણ-ગુણીનો ભેદ પણ '**વસ્તુમાત્ર અનુભવ કરીએ તો આવો ભેદ પણ મટે છે...**' આહાહા..! આકરો માર્ગ, ભાઈ! જિનેન્દ્ર પ્રભુ.. આહાહા..! '**કેમ કે શુદ્ધપણું તથા જીવદ્રવ્ય વસ્તુએ તો એક સત્તા છે.**' વસ્તુ શુદ્ધ છે, પવિત્ર છે. પણ એ તો એક જ છે. પવિત્ર અને આત્મા બેય એક જ ચીજ છે. પવિત્રની સત્તા ભિન્ન અને આત્માની સત્તા ભિન્ન એવું કાંઈ નથી. આહાહા..! '**આવું શુદ્ધપણું મોક્ષકારણ છે.**' આવું શુદ્ધપણું મોક્ષનું કારણ છે. '**એના વિના જે કાંઈ ક્રિયારૂપ...**' એ વિના કોઈપણ વિકલ્પ મહાવ્રતના, પડિમાના, દયા, દાનના, વ્રત, ભક્તિના, ભગવાનની પૂજાના વિકલ્પ એ કરતુતિ બંધનું કારણ છે. છે? આહાહા! ૧૦૬ (કળશ પૂરો થયો).

(અનુષ્ટુપ)

वृत्तं कर्मस्वभावेन ज्ञानस्य भवनं न हि।
द्रव्यान्तरस्वभावत्वान्मोक्षहेतुर्न कर्म तत्।।८-१०७।।

ખંડાન્વય સહિત અર્થ :- 'कर्मस्वभावेन वृत्तं ज्ञानस्य भवनं न हि' ( कर्मस्वभावेन ) જેટલું શુભ ક્રિયારૂપ અથવા અશુભ ક્રિયારૂપ આચરણલક્ષણ ચારિત્ર, તેના સ્વભાવે અર્થાત્ તે-રૂપ જે ( वृत्तं ) ચારિત્ર તે ( ज्ञानस्य ) શુદ્ધ ચૈતન્યવસ્તુનું ( भवनं ) શુદ્ધસ્વરૂપપરિણમન ( न हि ) હોતું નથી એવો નિશ્ચય છે. ભાવાર્થ આમ છે કે-જેટલું શુભ-અશુભ ક્રિયારૂપ

આચરણ અથવા બાહ્યરૂપ વક્તવ્ય અથવા સૂક્ષ્મ અંતરંગરૂપ ચિંતવન, અભિલાષ, સ્મરણ ઈત્યાદિ છે તે સમસ્ત અશુદ્ધત્વરૂપ પરિણમન છે, શુદ્ધ પરિણમન નથી; તેથી બંધનું કારણ છે, મોક્ષનું કારણ નથી. તેથી જેમ કામળાનો સિંહ-'કહેવાનો સિંહ' છે તેમ આચરણરૂપ (ક્રિયારૂપ) ચારિત્ર 'કહેવાનું ચારિત્ર' છે, પરંતુ ચારિત્ર નથી, નિઃસંદેહપણે એમ જાણો. 'तत् कर्म मोक्षहेतुः न' ( तत् ) તે કારણથી ( कर्म ) બાહ્ય-અભ્યંતરરૂપ સૂક્ષ્મસ્થૂલરૂપ જેટલું આચરણ (ચારિત્ર) છે તે ( मोक्षहेतुः न ) કર્મક્ષપણનું કારણ નથી, બંધનું કારણ છે. શા કારણથી? ' द्रव्यान्तरस्वभावत्वात्' ( द्रव्यान्तर ) આત્મદ્રવ્યથી ભિન્ન પુદ્ગલદ્રવ્ય તેના ( स्वभावत्वात् ) સ્વભાવરૂપ હોવાથી અર્થાત્ આ બધું પુદ્ગલદ્રવ્યના ઉદયનું કાર્ય છે, જીવનું સ્વરૂપ નથી, તેથી. ભાવાર્થ આમ છે કે-શુભ-અશુભ ક્રિયા, સૂક્ષ્મ-સ્થૂલ અંતર્જલ્પ-બહિર્જલ્પરૂપ જેટલું વિકલ્પરૂપ આચરણ છે તે બધું કર્મના ઉદયરૂપ પરિણમન છે, જીવનું શુદ્ધ પરિણમન નથી; તેથી બધુંય આચરણ મોક્ષનું કારણ નથી, બંધનું કારણ છે. ૮-૧૦૭.

## કળશ-૧૦૭ ઉપર પ્રવચન

वृत्तं कर्मस्वभावेन ज्ञानस्य१भवनं न हि।
द्रव्यान्तरस्वभावत्वान्मोक्षहेतुर्न कर्म तत्।।८-१०७।।

**ખંડાન્વય સહિત અર્થ :-** 'कर्मस्वभावेन वृत्तं ज्ञानस्य भवनं न हि' '**જેટલું શુભ ક્રિયારૂપ અથવા અશુભ ક્રિયારૂપ આચરણલક્ષણ...**' જેટલી શુભયોગની ક્રિયા પંચમહાવ્રત, સમિતિ, ગુપ્તિ આદિ એ શુભ ક્રિયા કે અશુભ ક્રિયા. '**તે-રૂપ જે ચારિત્ર તે શુદ્ધ ચૈતન્યવસ્તુનું શુદ્ધસ્વરૂપપરિણમન હોતું નથી...**' આહાહા..! એવી દયા, દાન, વ્રત (પાળે), અરે..! સંથારા કરે બે-બે મહિનાના. સમજાય છે કાંઈ? પણ આત્મજ્ઞાનના ભાન વિના, અરે..! આત્મજ્ઞાનના ભાન સહિત હોય તોપણ.. આહાહા..! એ ચારિત્ર '**શુદ્ધસ્વરૂપપરિણમન હોતું નથી...**' એનાથી આત્માની પવિત્રતા પ્રગટ નથી થતી. આહાહા..! 'શાંતિભાઈ' 'શાંતિભાઈ' આવ્યા છે. 'રતલામ'થી આવ્યા છે. આહાહા..! આવો ભગવાન અકષાય શુદ્ધ સ્વરૂપે બિરાજમાન (છે), એવો સ્વભાવ શુદ્ધ પરિણમન સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનું એ શુભક્રિયાકાંડથી નથી થતું. સમજાય છે કાંઈ? આહાહા..! અત્યારે તો એ પ્રરૂપણા ચાલે છે. વ્યવહાર કરો, કરતાં કરતાં નિશ્ચય થશે. વિકાર કરો, રાગ કરો, રાગ કરતાં કરતાં વીતરાગતા થઈ જશે. લસણ ખાવાથી કસ્તૂરીનો ઓડકાર આવશે. નહિ? લસણ.. લસણ. ખાય છે ને. એમ આ વ્યવહાર ક્રિયાકાંડ... જોકે એવી વ્યવહાર ક્રિયાકાંડ કરીને નવમી ગ્રૈવેયકે સાધુ દિગંબર મિથ્યાદૃષ્ટિ ગયો, એવી ક્રિયા તો અત્યારે છે જ નહિ. આહાહા..!

અહીંયાં તો કહે છે, જેટલી શુભ ક્રિયા રાગાદિની છે, તેનાથી શુદ્ધસ્વરૂપ પરિણમન થતું નથી. એનાથી આત્મદ્રવ્યનું પરિણમન, ધર્મરૂપી પરિણમન આવી અશુદ્ધ ક્રિયાથી થતું નથી. આહાહા..! અરેરે..! હજી મૂળ વાતની ખબર ન મળે અને મોટા પંચમહાવ્રત લીધા ને બાર

વ્રત લીધા ને સાત ને દસ ને અગિયાર પડિમાઓ લીધી. શું થાય? પ્રભુ! અહીંયાં તો એમ કહે છે, પ્રભુ! તારી પવિત્રતાથી ભરેલો ભગવાન છે ને! એ પવિત્રતાનું પરિણમન આ અપવિત્ર ક્રિયાકાંડથી કદી થતું નથી. 'શાંતિભાઈ'! આહાહા..! છે? **'હોતું નથી એવો નિશ્ચય છે.'** છે? 'જિનેશ્વરદાસજી'! આવો નિશ્ચય છે. આહાહા..! વ્રત ને નિયમ ને તપ ને અપવાસ ને એ લાખ, કરોડ ક્રિયા તારી કર ને, એનાથી શુદ્ધતા-આત્મધર્મ થતો નથી. સમજાય છે કાંઈ? લોકોને આ આકરું લાગે છે. પછી સોનગઢને નામે ખતવી નાખે. એ તો નિશ્ચય, નિશ્ચય, નિશ્ચય.. વ્યવહારથી કંઈ થતું નથી, વ્યવહારને તો ઊડાડી દે છે. આ કોણ ઊડાડે છે? આ અહીંનું છે? ભાઈ! તને ખબર નથી. પ્રભુ! તારી પવિત્રતાથી ભરેલો ભગવાન, પવિત્રતાનો સાગર આત્મા છે. એ પવિત્રતાની પરિણતિ પ્રગટ થવી, એ ક્રિયાકાંડથી ત્રણકાળમાં થતી નથી. સમજાય છે કાંઈ? આહાહા..! **'એવો નિશ્ચય છે.'**

**'ભાવાર્થ આમ છે કે-જેટલું શુભ-અશુભ ક્રિયારૂપ આચરણ...'** શુભ-અશુભ પરિણતિ આચરણ **'અથવા બાહ્યરૂપ વક્તવ્ય...'** બાહ્ય વક્તવ્ય. બાહ્ય વક્તા.. વક્તા. બોલવું. વક્તા થયો. એમાં શું થયું? એ તો વિકલ્પ રાગ વાણી છે. અને વાણીમાં કહેવાનો વિકલ્પ છે એ તો રાગ છે. આહાહા..! સમજાય છે કાંઈ? 'સમાધિ શતક'માં તો ત્યાં સુધી કહ્યું છે... 'પૂજ્યપાદસ્વામી'. અરે..! ઉપદેશનો વિકલ્પ ઊઠે છે એ પાગલ છે. ચારિત્રદોષ છે ને. ઝીણી વાત, ભાઈ! રાગ ચારિત્રદોષનો પાગલ, હોં! સમ્યગ્દર્શનનો પાગલ નહિ. અને 'તત્ત્વાર્થ સૂત્ર'માં પહેલા અધ્યાયમાં છેલ્લું સૂત્ર છે ઈ મિથ્યાદર્શનનું પાગલપણું. તત્ત્વને અતત્ત્વ સમજે. 'ઉમાસ્વામી' 'તત્ત્વાર્થસૂત્ર'. એ મિથ્યાદર્શનનું પાગલપણું. પહેલા અધ્યાયનું છેલ્લું (સૂત્ર). અને આ છે ચારિત્રદોષનું પાગલપણું. આહાહા..!

ભગવાન નિર્વિકલ્પ વીતરાગમૂર્તિ પ્રભુ, એમાં આ વિકલ્પ ઉઠાવવો એ દોષ છે અને એ ક્રિયાકાંડથી પોતાની પરિણતિ શુદ્ધ થાય એમ ત્રણકાળમાં નથી. આહાહા..! સમજાય છે કાંઈ? અને શુદ્ધતાના ભાન વિના જન્મ-મરણ કદી મટતા નથી. એ ક્રિયાકાંડ તો આખો સંસાર છે. વ્રત ને નિયમ ને તપ ને અપવાસ ને એ બધો સંસાર છે, રાગ છે. આહાહા..! આવી વાત સાંભળતા કઠણ પડે. શું થાય? ત્રણલોકના નાથ જિનેન્દ્રએ કહેલો માર્ગ તો આ છે. એને ક્રિયાકાંડના રાગના રસ્તે ધર્મ ચડાવી દીધો. આહાહા..!

અહીં કહે છે. **'બાહ્યરૂપ વક્તવ્ય અથવા સૂક્ષ્મ અંતરંગરૂપ...'** સૂક્ષ્મ અંતરંગરૂપ **'ચિંતવન...'** આહાહા..! **'અભિલાષ, સ્મરણ ઈત્યાદિ છે તે સમસ્ત અશુદ્ધત્વરૂપ પરિણમન છે,...'** એ અશુદ્ધરૂપ પરિણમન છે. આહાહા..! શુભ-અશુભ આચરણ, બાહ્યરૂપ વક્તવ્ય, સૂક્ષ્મ અંતરંગ વિકલ્પ, ચિંતવન, અભિલાષ. આહાહા..! સ્મરણ-પરમાત્મા આદિનું સ્મરણ **'ઈત્યાદિ છે તે સમસ્ત અશુદ્ધત્વરૂપ પરિણમન છે,...'** એ તો અશુદ્ધરૂપ પરિણમન છે. આહાહા..! **'શુદ્ધ પરિણમન નથી;...'** એ ધર્મ પરિણમન નહિ. આહાહા..! આવી વાત. આમાંથી 'સમયસાર નાટક' બનાવ્યું છે. 'રાજમલજી'ની ટીકામાંથી બનાવ્યું છે. **'તેથી બંધનું કારણ છે.'** કોણ? શુભ-અશુભ ક્રિયા, બાહ્ય વક્તવ્ય, સૂક્ષ્મ અંતરંગ ચિંતવન, અભિલાષ, સ્મરણ એ બંધનું કારણ છે, એ કોઈ ધર્મ નથી. આહાહા..! **'મોક્ષનું કારણ નથી.'** અંતરંગ

સૂક્ષ્મ વક્તવ્ય, બાહ્ય આચરણ શુભરાગ, મહાવ્રતાદિ એ બધું મોક્ષનું કારણ નથી. આહાહા..!

**'તેથી જેમ કામળાનો સિંહ 'કામળાનો સિંહ' છે...'** શું કહેવાય આ? કંબલ.. કંબલ. બનુસમાં હોય છે ને? બનુસ. છાપેલો. બનુસમાં સિંહ છપાયો છે. બનુસ હોય છે ને? સિંહ છાપ્યો છે. એ કંઈ સિંહ નથી. આહાહા..! કામળી.. કામળીમાં.. આપણે શું કહેવાય છે આ? બનુસ. બનુસ નહિ? કામળા પણ આપણે બનુસ કહે છે. મખમલનું બને છે. એમાં સિંહની છાપ હોય. છાપેલા સિંહ. એ કામળાનો સિંહ નહિ. એમ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ ધર્મ નહિ. 'સેઠી'! શેઠ! આમ ને આમ જિંદગી ગાળી, કોઈ દિ' સમજ્યા વિના, એમ કહે છે. ઈ કહે છે કે, સંભળાવનાર ન મળ્યા, એમ કહે છે. આહાહા..! આવો માર્ગ વીતરાગનો (છે), પ્રભુ! **'કામળાનો સિંહે 'કામળાનો સિંહ' છે...'**

**'તેમ આચરણરૂપ (ક્રિયારૂપ) ચારિત્ર...'** આહાહા..! પંચમહાવ્રત, બાર વ્રત, એ ક્રિયા રાગ **'કહેવાતું ચારિત્ર' છે, પરંતુ ચારિત્ર નથી,...'** આહાહા..! આવું સ્પષ્ટ કથન, એને વાંચે નહિ, વિચારે નહિ, માને નહિ. એમ ને એમ આંધળે દોડે ચાલ્યા જાય. આહા..! સમજાય છે કાંઈ? અરે..! ભાઈ! તરણ ઉપાય, જન્મ-મરણથી તરવાનો ઉપાય તો શુદ્ધ સ્વરૂપ છે. આ અશુદ્ધ આચરણ એ તરવાનો ઉપાય છે જ નહિ. આહાહા..! તો કહે છે કે, વ્યવહારથી તો છે ને? પણ વ્યવહારથી ઈ કહ્યું ને? કામળાનો સિંહ કહેવાય છે એમ વ્યવહારથી કહેવાય છે. આત્માનું શરણ એને નથી. આહાહા..! **'ચારિત્ર નથી, નિઃસંદેહપણે એમ જાણો.'** નિઃસંદેહ- સંદેહ નહિ કરવો કે કંઈક.. કંઈક.. કંઈક વ્યવહાર ક્રિયાકાંડ કરતાં કરતાં કાંઈક થશે. શુભજોગથી કાંઈક તો લાભ થશે કે નહિ? સંદેહ ન કરવો. આહા..! નિઃસંદેહપણે નિર્ણય કરવો. સમજાય છે કાંઈ? આ સરાગ સંયમ-ક્રિયાકાંડ એ નિશ્ચયચારિત્રનું કારણ છે. એવી પ્રરૂપણા અત્યારે ચાલે છે. આહા..! સમજાય છે કાંઈ? માર્ગ પ્રભુ! એમ નથી. એ રાગની ક્રિયાનું ચિતરામણ નામનો સિંહ છે-નામનું ચારિત્ર છે, વસ્તુ નથી. આહાહા..!

'તત્ कर्म मोक्षहेतुः न' **'તે કારણથી બાહ્ય-અભ્યંતરરૂપ સૂક્ષ્મસ્થૂલરૂપ જેટલું આચરણ...'** દેખો! બાહ્ય આચરણ, અભ્યંતર વિકલ્પનું આચરણ. આહાહા..! બાહ્યમાં નગ્ન આચરણ, અભ્યંતરમાં વિકલ્પનું આચરણ. આહાહા..! એ **'સૂક્ષ્મ-સ્થૂલરૂપ જેટલું આચરણ (ચારિત્ર) છે તે કર્મક્ષપણનું કારણ નથી,...'** એ મોક્ષહેતુ નહિ. અરે..! પ્રભુ! ભારે આકરું કામ. એક જ કળશમાં આટલું ભર્યું છે, લ્યો! વાંચે નહિ ને (વાંચે તો) પોતાની દૃષ્ટિ રાખીને વાંચે. ભગવાન તારું દ્રવ્ય જે ભગવાન પરમાત્મસ્વરૂપ, સચ્ચિદાનંદ આનંદનો નાથ ભગવાન, એના આશ્રય વિના ધર્મ ત્રણકાળમાં થતો નથી. આહાહા..! સ્વદ્રવ્ય આશ્રય 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.' આહા..! અરે..! એની શ્રદ્ધા તો કર, એનો વિશ્વાસ તો લાવ કે માર્ગ તો આ છે. આહાહા..! **'કર્મક્ષપણનું કારણ નથી, બંધનું કારણ છે.'**

**'શા કારણથી?'** આ તો કેટલું મૂક્યું છે! 'द्रव्यान्तरस्वभावत्वात्' આત્મદ્રવ્યથી અંતર એટલે **'ભિન્ન પુદ્ગલદ્રવ્ય તેના સ્વભાવરૂપ હોવાથી...'** આહાહા..! ગજબ વાત છે! એ વ્રત ને નિયમ ને સ્મરણ ને ભગવાનની ભક્તિ, પૂજા આદિ.. આહાહા..! રાડ નાખે ને માણસ. એ આત્મદ્રવ્યથી.. 'द्रव्यान्तर' છે ને? 'द्रव्यान्तर' આત્મદ્રવ્યથી અનેરું દ્રવ્ય. ભગવાનઆત્મા

આનંદકંદ પ્રભુ, એનાથી અનેરા પુણ્ય, દયા, દાનના વિકલ્પો અનેરા પુદ્ગલના પરિણામ છે એ તો. આહાહા..! આકરું કામ. **'આત્મદ્રવ્યથી ભિન્ન...'** અંતરનો અર્થ ભિન્ન કર્યો. 'द्रव्यान्तर' છે ને? 'द्रव्यान्तर'. દ્રવ્યથી અનેરું. 'પુદ્ગલદ્રવ્ય તેના...' **'स्वभावत्वात्' 'સ્વભાવરૂપ હોવાથી અર્થાત્ આ બધું પુદ્ગલદ્રવ્યના ઉદયનું કાર્ય છે.'** એ તો બધું પુદ્ગલના ઉદયરૂપ કાર્ય, આત્માનું કાર્ય નહિ. આહાહા..! એ તો જન્મ-મરણનું કારણ છે. ચોર્યાસીના અવતારનું કારણ છે એ ભાવ. આહાહા..! પુદ્ગલદ્રવ્યનો સ્વભાવ. ગજબ છે ને! જીવનું સ્વરૂપ નહિ. આહાહા..! એ વિકલ્પની જાળ જે ઉઠે છે, બાર વ્રત ને પંચમહાવ્રત, એ વિકલ્પની જાળ તો બધી પુદ્ગલદ્રવ્ય છે. આહાહા..! આત્મદ્રવ્ય નહિ. ભગવાન સ્વભાવ આત્માનો પવિત્ર એ નહિ. એ તો અપવિત્ર પુદ્ગલ સ્વભાવ છે. આહાહા..!

**'ભાવાર્થ આમ છે કે-શુભ-અશુભ ક્રિયા...'** શુભ-અશુભ પરિણામ. **'સૂક્ષ્મ-સ્થૂલ અંતર્જલ્પ-બહિર્જલ્પરૂપ...'** અંતર વિકલ્પ અને બાહ્ય બોલ. બેય. **'જેટલું વિકલ્પરૂપ આચરણ છે** આહાહા..! **તે બધું કર્મના ઉદયરૂપ પરિણમન છે,..'**

મુમુક્ષુ :- અંતર્જલ્પ એટલે.. ?

ઉત્તર :- અંદર વિકલ્પ. ખ્યાલ છે, હું આવો છું, આવો છું, એમ. હું શુદ્ધ છું, એવો વિકલ્પ ઉઠે છે એ અંતર્જલ્પ. બાહ્યજલ્પ (એટલે) બોલવું. અંતર્જલ્પ આ. હું આવો છું, આવો છું. એ વિકલ્પ છે, રાગ છે. આહાહા..! અંતર્જલ્પ સૂક્ષ્મ-સ્થૂલ **'બહિર્જલ્પરૂપ જેટલું વિકલ્પરૂપ આચરણ છે તે બધું કર્મના ઉદયરૂપ પરિણમન છે,...'** કહો, આમાં તો ક્યાંય.. (બીજું કહેવાપણું નથી). સાફ તત્ત્વ ઉભું કર્યું છે.

મુમુક્ષુ :- અંતર્જલ્પ સૂક્ષ્મ-સ્થૂલ..

ઉત્તર :- સૂક્ષ્મ અંદર વિકલ્પ. અંતર્જલ્પ પણ વિકલ્પ. એ વિકલ્પ છે અંદર. હું આવો છું એમ અંતર્જલ્પ બોલવું. એ બોલવું નામ વિકલ્પ. બહાર બોલવું એ બાહ્ય જલ્પ છે, અંતર વિકલ્પ એ અંતર્જલ્પ ભાષા છે. આહાહા..! હું શુદ્ધ છું, હું ચૈતન્ય છું, હું પરમાનંદ છું એવો જે અંતર્જલ્પ નામ વિકલ્પ છે, એ બધું બંધનું કારણ છે.

મુમુક્ષુ :- સૂક્ષ્મ કેમ કહ્યું?

ઉત્તર :- સૂક્ષ્મ ઈ, અંદર વિકલ્પ કહો ઈ. બાહ્યમાં બોલવું એ સ્થૂળ છે. સૂક્ષ્મ, સ્થૂળ બેય.

મુમુક્ષુ :- ચિંતવન..

ઉત્તર :- ચિંતવન આદિ સૂક્ષ્મ અંતર્જલ્પ કહેવાય છે અને બાહ્ય બોલવું આદિ એ સ્થૂળ કહેવાય છે. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- હું શુદ્ધ છું, બુદ્ધ છું એમ બોલવું એ..?

ઉત્તર :- હા. હું શુદ્ધ છું, અબદ્ધ છું એવો અંતર્જલ્પ. એ અંદર બોલ્યો. એ રાગ છે. આહાહા..! વાણીથી બોલવું એ તો જડની ભાષા. એ બાહ્ય સ્થૂળ અને આ અભ્યંતર સૂક્ષ્મ વિકલ્પ, એ બેય બંધના કારણ છે. આવો માર્ગ વીતરાગનો. અરે..! સાંભળવા મળે નહિ. વિચારે ક્યારે? ક્યારે શ્રદ્ધા કરે? ને ક્યારે પરિણમન કરે? આહાહા..! દુર્લભ વસ્તુ થઈ પડી.

એક તો સંસારના કામ આડે નવરો થતો નથી. ફુરસદ નથી. એમાં ફુરસદ મળે તો આવી ક્રિયાકાંડમાં ધર્મ મનાવનારા એને મળી જાય. આહાહા..! લૂંટાય જાય, જિંદગી આખી લૂંટાય જાય.

અહીંયાં કહે છે, એ '**જીવનું શુદ્ધ પરિણમન નથી,..**' એ તો પહેલાં આવ્યું હતું ને? (કળશ-૧૦૬). '**આત્માના શુદ્ધ સ્વરૂપને વિચારે અથવા ચિંતવે અથવા એકાગ્રપણે મગ્ન થઈને અનુભવે. પણ એવું તો નથી.**' એ ધર્મ નહિ, એ માર્ગ નહિ. આહાહા..! ગજબ વાત, ભાઈ! ૧૦૬ માં આવ્યું ને? '**એમ કરતાં બંધ થાય છે. કેમ કે એવું તો સ્વરૂપાચરણચારિત્ર નથી.**' આહાહા..! ભગવાન આનંદનો નાથ પ્રભુ, એ જ્ઞાનમાં રમણતા, જ્ઞાનમાં નિર્વિકલ્પ રમણતા એ ચારિત્ર છે. રાગાદિની ક્રિયા એ તો બંધનું કારણ છે. આહાહા..! '**તેથી બધુંય આચરણ મોક્ષનું કારણ નથી, બંધનું કારણ છે.**' લો, આહાહા..! પર્યુષણના દિવસમાં આ આવ્યું.

---

(અનુષ્ટુપ)

मोक्षहेतुतिरोधानाद्बन्धत्वात्स्वयमेव च।
मोक्षहेतुतिरोधायिभावत्वात्तन्निषिध्यते।।९-१०८।।

ખંડાન્વય સહિત અર્થ :- અહીં કોઈ જાણશે કે શુભ-અશુભ ક્રિયારૂપ જે આચરણરૂપ ચારિત્ર છે તે કરવાયોગ્ય નથી તેમ વર્જવાયોગ્ય પણ નથી. ઉત્તર આમ છે કે-વર્જવાયોગ્ય છે, કારણ કે વ્યવહારચારિત્ર હોતું થકું દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે; તેથી વિષય-કષાયની માફક ક્રિયારૂપ ચારિત્ર નિષિદ્ધ છે એમ કહે છે-'तत् निषिध्यते' ( तत् ) શુભ-અશુભરૂપ કરતૂત (કૃત્ય) ( निषिध्यते ) નિષેધ્ય અર્થાત્ ત્યજનીય છે. કેવું હોવાથી નિષિદ્ધ છે? 'मोक्षहेतुतिरोधानात्' ( मोक्ष ) નિષ્કર્મ-અવસ્થા, તેનું ( हेतु ) કારણ છે જીવનું શુદ્ધરૂપ પરિણમન, તેનું ( तिरोधानात् ) ઘાતક છે, તેથી કરતૂત નિષિદ્ધ છે. વળી કેવું હોવાથી? 'स्वयम् एव बन्धत्वात्' પોતે પણ બંધરૂપ છે. ભાવાર્થ આમ છે કે-જેટલું શુભ-અશુભ આચરણ છે તે બધું કર્મના ઉદયથી અશુદ્ધરૂપ છે, તેથી ત્યાજ્ય છે, ઉપાદેય નથી. વળી કેવું હોવાથી? 'मोक्षहेतुतिरोधायिभावत्वात्' ( मोक्ष ) સકળકર્મક્ષયલક્ષણ પરમાત્મપદ, તેનો ( हेतु ) હેતુ અર્થાત્ જીવનો ગુણ જે શુદ્ધચેતનારૂપ પરિણમન, તેનું ( तिरोधायि ) ઘાતનશીલ છે ( भावत्वात् ) સહજ લક્ષણ જેનું-એવું છે, તેથી કર્મ નિષિદ્ધ છે. ભાવાર્થ આમ છે કે જેમ પાણી સ્વરૂપથી નિર્મળ છે, કાદવના સંયોગથી મેલું થાય છે-પાણીના શુદ્ધપણાનો ઘાત થાય છે, તેમ જીવદ્રવ્ય સ્વભાવથી સ્વચ્છરૂપ છે-કેવળજ્ઞાન-દર્શન-સુખ-વીર્યરૂપ છે, તે સ્વચ્છપણું વિભાવરૂપ અશુદ્ધચેતનાલક્ષણ મિથ્યાત્વ-વિષય-કષાયરૂપ પરિણામથી મટ્યું છે; અશુદ્ધ પરિણામનો એવો જ સ્વભાવ છે કે શુદ્ધપણાને મટાડે; તેથી સમસ્ત કર્મ નિષિદ્ધ છે. ભાવાર્થ આમ છે કે-કોઈ જીવ ક્રિયારૂપ યતિપણું પામે છે, તે

યતિપણામાં મગ્ન થાય છે કે-'અમે મોક્ષમાર્ગ પામ્યા, જે કાંઈ કરવાનું હતું તે કર્યું;' તેથી તે જીવોને સમજાવે છે કે યતિપણાનો ભરોસો છોડીને શુદ્ધ ચૈતન્યસ્વરૂપને અનુભવો. ૯-૧૦૮.

## કળશ-૧૦૮ ઉપર પ્રવચન

मोक्षहेतुतिरोधानाद्बन्धत्वात्स्वयमेव च।
मोक्षहेतुतिरोधायिभावत्वात्तन्निषिध्यते।।९-१०८।।

**ખંડાન્વય સહિત અર્થ :-** **'અહીં કોઈ જાણશે કે શુભ-અશુભ ક્રિયારૂપ જે આચરણરૂપ ચારિત્ર છે...'** દયા, દાન, વ્રત પરિણામ આદિના આચરણરૂપ વ્યવહાર છે તે કરવા યોગ્ય નથી **'તેમ વર્જવાયોગ્ય પણ નથી.'** કોઈ એમ કહે કે કરવા લાયક નથી પણ વર્જવા લાયક તો નથી ને. **'વર્જવાયોગ્ય પણ નથી.'** એમ કોઈ અજ્ઞાની કહે. આહાહા..!

**'ઉત્તર આમ છે કે-વર્જવાયોગ્ય છે,...'** આહાહા..! નિષેધ કરવા લાયક છે. વ્રત આદિના, નિયમ, અપવાસ આદિના વિકલ્પો નિષેધ કરવા લાયક છે. આહાહા..! **'કારણ કે વ્યવહારચારિત્ર હોતું થકું દુષ્ટ છે.'** 'પંચાધ્યાયી'માં નાખ્યું છે. કળશ, શ્લોક છે કે શુભઉપયોગ દુષ્ટ પુરુષની પેઠે દુષ્ટ છે. ૫૬૮. બતાવ્યું હતું. 'પંચાધ્યાયી'માં ૫૬૮ ગાથા છે. બીજો ભાગ, હોં! 'પંચાધ્યાયી'નો બીજો ભાગ. 'મખ્ખનલાલજી'એ અર્થ કર્યો છે પણ હવે ઈ કહે છે કે શુભઉપયોગ એ મોક્ષનો માર્ગ. અરે..! પ્રભુ! અત્યાર સુધી પકડ્યું છે એટલે ફેરવવું મુશ્કેલ પડે. દુષ્ટ છે. દુષ્ટ પુરુષની પેઠે. દૃષ્ટાંત આપ્યો છે. 'પંચાધ્યાયી' છે? ૫૬૮ ગાથા છે. શુભક્રિયા દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ દુષ્ટ પુરુષની પેઠે દુષ્ટ છે. આહાહા..! દુષ્ટ પુરુષમાં કંઈ ભલાપણું હોતું જ નથી. એમ શુભભાવમાં કંઈ ભલાપણું નથી. આવું આકરું પડે. આહાહા..! 'મીઠાલાલભાઈ'!

મુમુક્ષુ :- અશુભથી કાંઈ લાભ નથી તેમ તો માને છે.

ઉત્તર :- બિલકુલ લાભ નથી. મિથ્યાત્વ છે. શુભથી લાભ માનવો એ મિથ્યા દૃષ્ટિ છે. મિથ્યાત્વનો લાભ છે. સંસારમાં પરિભ્રમણનો લાભ છે. એ તો કહ્યું ને? 'પ્રવચનસાર'માં કહ્યું નહિ? ૭૭ ગાથા. પુણ્ય અને પાપમાં બેમાં તફાવત માને એ ઘોર સંસારમાં રખડશે. ભાવ, હોં! પુણ્ય, આ તમારા પૈસા મળે એ પુણ્યબંધન કહીએ નહિ. શુભાશુભભાવ. સમજાય છે કાંઈ? શુભભાવ-પુણ્ય અને અશુભ-પાપ, બેમાં ફેર માને કે એક ઠીક છે અને બીજો અઠીક છે, એ ઘોર સંસારમાં રખડશે. 'પ્રવચનસાર'. છે? 'પરમાત્મપ્રકાશ'માં છે. **'ण हि मण्णदि जो एवं णत्थि विसेसो त्ति पुण्णपावाणं'** પુણ્ય-પાપમાં કાંઈ વિશેષ નથી. બેય એકસરખા બંધના કારણ છે. એમ ન માને (તે) **'हिंडंदि घोरमपारं संसारं'** ઘોર નરક ને નિગોદના સંસારમાં ચાલ્યો જશે. આવું કામ આકરું બહુ, બાપુ! કઠણ છે પણ અશક્ય નથી. આહાહા..! સમજાય છે કાંઈ? **'हिंडंदि घोरमपारं संसारं मोहसंछण्णो'**. એ મિથ્યાત્વથી ઢંકાયેલો છે. પુણ્ય ઠીક છે, શુભક્રિયા ઠીક છે, અશુભ અઠીક છે (એમ માનનાર) મિથ્યાત્વથી ઢંકાયેલો છે. આહાહા..!

અને ઘોર સંસારમાં ચાર ગતિમાં નરક ને નિગોદમાં જશે. 'પોપટભાઈ'!

અહીં તો ચોખ્ખું છે, ભાઈ! માણસ નથી કહેતા? છાશ લેવા જાય ને દોણી સંતાડે? એમ નથી કહેતા? એવી વાત છે. અમારા મામી હતા ને, ઈ ભેંસ રાખતા. સંસારના મામી ગૃહસ્થ હતા. ભેંસ રાખે તો છાશ લેવા જઈએ. હંમેશા જઈએ તો બે શેર, ચાર શેર લેવાની હોય. પણ કોઈ મહેમાન આવ્યા હોય તો કઢી કરવી હોય તો દસ શેર (લેવી પડે). મામી! આ મહેમાન છે. આ બોઘડું છે, ભરી દેવું પડશે. છાશ લેવા જાય ને દોણી સંતાડે એમ નથી કહેતા? આહાહા..! એમ માર્ગ વીતરાગનો છે ત્યાં સંતાડવો શી રીતે? આહાહા..! ના, ના. કંઈક શુભ કરતાં કરતાં એને કાંઈક કાંઈક ધર્મનો લાભ થશે. અરે..! માણસને આકરું પડે, હોં! આહા..! તેથી તો આ કહે, નહિ, આ અમારા દિગંબર નહિ. અરે..! પ્રભુ! આહાહા..! ઓલાએ ભાઈ! હમણાં લેખ લખ્યો છે. 'સમંતભદ્ર'. કમિટીનો લેખ આવ્યો છે. એ લોકો દિગંબરી છે, દિગંબર છે. એને બહાર ન કાઢવા. કમિટી આ શું કરે છે? સોનગઢની કમિટીને સહકાર ન આપવો, આ શું કરો છો? હમણાં આવ્યું છે. છે ને તમારું? 'રતનચંદજી' કાઢે છે ને? 'જૈન પથ પ્રદર્શક'. એમાં આવ્યું છે. અરે..! પ્રભુ! તને ન બેસે માટે તું એમ કાઢે. બાપુ! માર્ગ તો આ છે.

કોઈ શરણ નથી, હોં! મૃત્યુ વખતે તારા પુણ્ય કર્યા હશે તો એનાથી પરમાણુ બંધાઈ ગયા. એમાં શરણ શું આવ્યું? કોઈ દયા, દાન, વ્રત, ભક્તિના શુભભાવ કર્યા હોય. અત્યારે તો શુભભાવ નવા કર તો થાય. હતા એનું તો પુણ્ય બંધાઈ ગયું. પરમાણુ જડ.

મુમુક્ષુ :- શુદ્ધિની પ્રાપ્તિ જ્યાં સુધી થઈ નથી ત્યાં સુધી તો શુભ કરવાને?

ઉત્તર :- એનાથી શુદ્ધતા ત્રણકાળમાં નથી. રહો, અશુભથી બચવા શુભ આવો, પણ એ ધર્મ છે અને ધર્મનું કારણ છે (એમ નથી). શુભ છોડીને અશુભ કરવું, એમ અહીંયાં વાત નથી. પણ શુભભાવ પણ બંધનું કારણ છે. એના સ્વરૂપની વાત ચાલે છે. અહીં તો બેય સરખા કહ્યા. બેમાં એક ઠીક અને બીજો અઠીક માને તો ઘોર સંસારમાં (રખડશે). 'કુંદકુંદાચાર્ય'નો પોકાર છે. 'પ્રવચનસાર'-દિવ્યધ્વનિનો સાર. ત્રિલોકનાથ પરમાત્મા 'સીમંધર' ભગવાન બિરાજે છે. સમવસરણમાં પ્રભુ બિરાજે છે. ત્યાં ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા. આહાહા..! ત્યાંથી આવીને આ કર્યું. ભગવાનનો સંદેશ તો આ છે. પુણ્ય ક્રિયાકાંડ ઠીક છે અને પાપ અઠીક છે એમ બેમાં ભેદ પાડે એ ઘોર સંસારમાં મિથ્યાત્વને કારણે રખડશે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

અહીં કહે છે, કોઈ શિષ્ય એમ કહે કે, '**કરવાયોગ્ય નથી તેમ વર્જવાયોગ્ય પણ નથી. ઉત્તર આમ છે કે** (છોડવા યોગ્ય છે)-**વર્જવાયોગ્ય છે,...**' સમકિતી વ્યવહારને ત્યાજ્ય-હેય માને છે. આવે છે, સમકિતીને પણ, મુનિ સાચા સંત ભાવલિંગી આત્માનુભવી હોય એને પણ પંચમહાવ્રતના વિકલ્પ આવે છે, પણ એને હેય માને છે. એને હેય જાણે છે. હેય તરીકે જ્ઞેય છે. અને ભગવાન ત્રિકાળી ઉપાદેય તરીકે જ્ઞેય છે. આહાહા..! આ ઉપાદેય તરીકે જ્ઞેય છે. આદરવા લાયક તરીકે જાણવા લાયક છે, આ હેય તરીકે જાણવા લાયક છે. આહાહા..!

અરે..! ભરતમાં ભગવાનના વિરહ પડ્યા. તીર્થંકરો કેવળીઓના ટોળા મહાવિદેહમાં તો

વિચરે છે. લાખો કેવળીઓ, હોં! આહાહા..! અહીંયાં કેવળજ્ઞાની તીર્થંકરના વિરહ પડ્યા. સમવસરણ (સ્તુતિમાં) આવે છે ને? રે.. રે.. આવે છે ને કંઈ? 'રે રે સીમંધરનાથના વિરહા પડ્યા આ ભરતમાં'. સમવસરણ સ્તુતિમાં આવે છે.

મુમુક્ષુ :- 'હિંમતભાઈ'એ બનાવી.

ઉત્તર :- હા, 'હિંમતભાઈ'એ બનાવી. 'રે રે સીમંધરનાથના વિરહા પડ્યા આ ભરતમાં'. અરે..! પ્રભુ! તારા વિરહ પડ્યા અને તારા વિરહે આ જગતમાં લોકો કંઈક કંઈક ધર્મ માનીને બેઠા. સમજાય છે કાંઈ?

એ '**વર્જવાયોગ્ય છે, કારણ કે વ્યવહારચારિત્ર હોતું થકું દુષ્ટ છે,...**' આહાહા..! અરે..! પ્રભુ! આ સમાજ સમતોલ રહેશે કે નહિ, તમને દરકાર પણ નથી? આહા..! ભાઈએ લખ્યું છે, 'જગનમોહનલાલજી', 'જૈનતત્ત્વ મિમાંસા'માં. 'ફૂલચંદજી'નું 'જૈનતત્ત્વ મિમાંસા' છે ને? એમાં પ્રસ્તાવનામાં લખ્યું છે, પંડિતોનું એ કામ છે કે સત્યનું ઉદ્‌ઘાટન કરવું. સમાજનું સમતોલપણું રહેશે કે નહિ, માનશે કે નહિ, એ વિચાર એણે ન કરવો. સમજાય છે કાંઈ? સત્ય જેવું છે તેનું ઉદ્‌ઘાટન કરવું-જાહેર કરવું. સમાજમાં માનશે કે નહિ માને, એ દરકાર ન કરવી. આહાહા..! સમજાય છે કાંઈ? '**દુષ્ટ છે, અનિષ્ટ છે,...**' એ અનિષ્ટ છે. શુભભાવ, શુભજોગ વ્રતાદિના પરિણામ અનિષ્ટ છે. આહાહા..! ઈષ્ટ તો આત્માનો શુદ્ધ સ્વભાવ એ ઈષ્ટ છે. એ વિકાર, વિભાવ તો અનિષ્ટ છે. આહાહા..! '**ઘાતક છે;...**' સ્વરૂપ શુદ્ધ ચૈતન્યનો એ શુભભાવ, વ્રત, નિયમના વિકલ્પ એ ઘાતક છે. છે? આહાહા..! દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે, વર્જન કરવા લાયક છે. આહાહા..!

ભાઈ! તારો નાથ આનંદનો સાગર છે ને! પ્રભુ! એ આનંદના સાગરમાં ડુબકી માર ને! એ રાગને છોડ ને. એ રાગ બંધનું કારણ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ અશુદ્ધતાનો નાશ કરવો હોય તો સ્નાન કર. એ શુદ્ધ ચૈતન્યના અનુભવમાં જા. આહાહા..! ત્યાં અશુદ્ધતાનો નાશ થાય છે. અશુદ્ધતાથી અશુદ્ધતાનો નાશ નથી થતો. સમજાય છે કાંઈ? કહો, 'રાજમલજી' અહીંયાં ચોખ્ખું કરે છે. '**તેથી વિષય-કષાયની માફક...**' દેખો! જેમ વિષય-કષાય છોડવા લાયક છે (તેમ) '**ક્રિયારૂપ ચારિત્ર નિષિદ્ધ છે...**' આવા વ્યવહાર ક્રિયાકાંડના જે વિકલ્પ છે તેનો નિષેધ છે. આહાહા..! હજી શ્રદ્ધાના ઠેકાણા ન મળે. એને સમ્યગ્દર્શન ક્યાંથી થાય? અને એને ચારિત્ર તો ક્યાં આવ્યું? બાપુ!

ઓહો..! ધન્ય અવતાર! જેણે આનંદમાં રમણતા (કરી)! આહાહા..! ચરવું. ચારિત્ર એટલે ચરવું. લીલું ઘાસ પશુ ચરે છે. ગાય, ભેંસ લીલું ઘાસ ચરે. લીલાને શું કહે છે. હરા.. હરા. લીલું ઘાસ ચરે છે ને? એમ ચારિત્ર એટલે? પોતાના અતીન્દ્રિય આનંદને ચરવો, રમવું, ભોજન કરવું. આહાહા..! એનું નામ ભગવાન સત્યચારિત્ર કહે છે. સમજાય છે કાંઈ? વ્યવહાર ચારિત્ર તો રાગ, દુઃખરૂપ છે. આહાહા..! એ તો દુષ્ટ છે, વર્જન કરવા લાયક છે, અનિષ્ટ છે અને ઘાતક છે. આહાહા..! આકરું લાગે, ભાઈ! તારા ઘરની ચીજની તને કિંમત નહિ અને પરઘરની ચીજમાં કિંમતમાં વ્યભિચારી થઈ ગયો, પ્રભુ! એ પુદ્‌ગલની જાતના પરિણામ છે, એ તારા નહિ. આહાહા..! એનાથી લાભ માનવો એ વ્યભિચારી મિથ્યાદષ્ટિ તું

થયો, પ્રભુ! આહાહા..! સમજાય છે કાંઈ?

**'વિષય-કષાયની માફક ક્રિયારૂપ ચારિત્ર નિષિદ્ધ છે એમ કહે છે...'** આહાહા..! 'तत् निषिध्यते' **'શુભ-અશુભરૂપ કરતૂત (કૃત્ય) નિષેધ્ય અર્થાત્ ત્યજનીય છે.'** ચાહે તો શુભ હો અને ચાહે તો અશુભ હો, બેય પરિણામ-વિકલ્પ રાગ તે તર્જની-છોડવા લાયક છે. અને જે શુભભાવ ઉપાદેય માને છે એણે ભગવાન આનંદના નાથને હેય માન્યો. શુભરાગને જેણે આદરણીય માન્યો તેણે ચૈતન્ય ભગવાનને હેય માન્યો. આહાહા..! એ 'પરમાત્મપ્રકાશ'માં છે. અને જેણે આત્મા આનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્યને ઉપાદેય માન્યું, તે રાગને હેય માને છે. સમજાય છે કાંઈ? આવો માર્ગ. આહાહા..! 'વચનામૃત વીતરાગનાં પરમ શાંતરસ મૂળ, ઔષધ જે ભવરોગના પણ કાયરને પ્રતિકૂળ.' આહાહા..! એને આ લાગે કે આ તો એકાંત છે. આ તો વ્યવહારથી લાભ થાય એ માનતા જ નથી. અરે..! પ્રભુ! સાંભળને. આહાહા..!

'तत्' 'શુભ-અશુભરૂપ કરતૂત (કૃત્ય)...' 'निषिध्यते' 'કેવું હોવાથી **નિષિદ્ધ છે?'** **'मोक्षहेतुतिरोधानात्'** મોક્ષ નામ **'નિષ્કર્મ અવસ્થા, તેનું કારણ છે જીવનું શુદ્ધરૂપ પરિણમન, તેનું ઘાતક છે,...'** જુઓ! પાઠમાં આવ્યું. એ કરતૂત શા માટે નિષિદ્ધ છે? એ ઘાતક છે. માટે ક્રિયાકાંડનો વિકલ્પ છે એ નિષિદ્ધ છે. હવે આ દાનના ભાવ થાય એ પણ રાગ છે એમ કહે છે. હો, હોય. અશુભથી બચવા માટે. પણ છે તો નિષિદ્ધ. એનાથી કોઈ ધર્મ થશે કે લાખ, બે લાખ, પાંચ લાખ દીધા તો એમાંથી કંઈક ધર્મની દશા થશે, એમ ત્રણકાળમાં નથી. સમજાય છે કાંઈ? એ શુભભાવ ઘાતક છે તેથી કરતુતી નિષિદ્ધ છે. કેવી હોવાથી ઘાતક છે? એ વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ભાદરવા સુદ ૧૧, શુક્રવાર, તા.૨૩-૯-૧૯૭૭
## કળશ - ૧૦૮-૧૦૯, પ્રવચન - ૧૦૩

દસ લક્ષણી પર્વનો આજે સાતમો દિવસ છે ને. તપ ધર્મ, તપ. તપ કોને કહીએ? ઈ કહે છે.

इहपरलोयसुहाणं णिरवेक्खो जो करेदि समभावो।
विविहं कायकिलेसं तवधम्मो णिम्मलो तस्स।।४००।।

આત્મામાં સમ્યગ્દર્શન થયા પછી, સ્વરૂપમાં ચારિત્રની રમણતા થયા પછી ચારિત્રમાં ઘણો ઉદ્યમ કરવો એનું નામ તપ છે. આહાહા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન વિના ચારિત્ર હોતું નથી અને ચારિત્ર વિના ઉત્કૃષ્ટ તપ હોતું નથી. ઝીણી વાત છે. એ કહે છે, જુઓ!

**અર્થ :- 'જે મુનિ આલોક-પરલોકના સુખની અપેક્ષારહિત...'** હોતો થકો. આલોક અનેપરલોક-સ્વર્ગના સુખની પણ જ્યાં ઈચ્છા નથી. આહા..! 'સુખ-દુઃખ,...' અનુકૂળતા-પ્રતિકૂળતામાં જેને અંદર સમ્યગ્દર્શન સહિત ચારિત્રની દશામાં સમભાવ વર્તે છે એને તપ કહે

છે. આહાહા..! **'સુખ-દુખ, શત્રુ-મિત્ર, તૃણ-કંચન,...'** તણખલું હો કે કંચન હો, **'નિંદા-પ્રશંસાદિમાં રાગ-દ્વેષરહિત સમભાવી થઈ...'** ચારિત્ર તો છે. દસલક્ષણી મુનિધર્મની વાત છે ને! દસલક્ષણી પર્વ ચારિત્રની આરાધનાના દિવસો છે. કેમકે ચારિત્ર એ સાક્ષાત્ મોક્ષનું કારણ છે. પણ એ ચારિત્રમાં તપ કોને કહે છે? કે આત્મા આનંદનો અનુભવ થયો, વીતરાગી સ્વભાવ ચૈતન્યનો દૃષ્ટિમાં, જ્ઞાનની પર્યાયમાં આવ્યો પછી સ્વરૂપમાં જે આનંદ આવ્યો એમાં લીન થવું, એનું નામ ચારિત્ર છે. અને ચારિત્રમાં પણ પછી ઉદ્યમ-વિશેષ પુરુષાર્થ કરવો એનું નામ તપ છે. આહાહા..! આટલી શરતું. સમજાય છે કાંઈ? અપવાસ કરે એ કંઈ તપ નથી.

ઉપ-વાસ. ઉપ નામ ભગવાન આનંદસ્વરૂપ, એની ઉપ નામ સમીપ રાગથી રહિત થઈને સ્વભાવની સમીપ વસવું અને એમાં ઉગ્ર પુરુષાર્થથી ઇચ્છાનું ઉત્પન્ન ન થવું અને અતીન્દ્રિય આનંદનો પ્રતપન (થવું તે તપ છે). જેમ સુવર્ણને ગેરુ લગાવતાં ઓપે છે એમ ચારિત્રમાં ઉગ્ર પુરુષાર્થથી આત્મા અતીન્દ્રિય આનંદથી શોભે છે, તપે છે એનું નામ તપ છે. આવી વ્યાખ્યા. **'तवधम्मो णिम्मलो तस्स'** છે? **'અનેક પ્રકારનો કાયક્લેશ કરે છે...'** પણ સમભાવ વીતરાગભાવ છે. **'તે મુનિને નિર્મલ અથવા ઉત્તમ તપધર્મ હોય છે.'**

**ભાવાર્થ :- 'ચારિત્ર અર્થે જે ઉદ્યમ અને ઉપયોગ કરે તેને તપ કહ્યું છે...'** વ્યાખ્યા જુઓ! ચારિત્રના અર્થે. ચારિત્રના અર્થે એટલે? સ્વરૂપ આત્માના આનંદનું ભાન તો છે, પણ એ ઉપરાંત ચરવું-આનંદમાં રમવું, એવા ચારિત્રના અર્થે. ચારિત્રની દશામાં **'ઉદ્યમ અને ઉપયોગ કરે...'** આહાહા..! **'તેને તપ કહ્યું છે.'**

મુમુક્ષુ :- સ્વરૂપ વિશ્રામ નિસ્તરણ ચૈતન્ય..

ઉત્તર :- પ્રતપન. ભગવાન આનંદની શોભાથી અતિ ઓપિત, અતીન્દ્રિય આનંદથી અતિ ઓપિત થઈ જાય અને ઇચ્છાનો નાશ થઈ જાય અને ચારિત્ર સહિત શુદ્ધતાની વૃદ્ધિ થઈ જાય એને તપ કહે છે. છે?

**'ચારિત્ર અર્થે જે ઉદ્યમ અને ઉપયોગ કરે તેને તપ કહ્યું છે. ત્યાં તે કાયક્લેશ સહિત જ હોય છે, તેથી આત્મામાં વિભાવપરિણતિના સંસ્કાર થાય છે તેને મટાડવાનો ઉદ્યમ કરે છે...'** આહાહા..! વિભાવ-વિકૃત અવસ્થા, ચાહે તો શુભ કે અશુભ હો, એ વિભાવ પરિણતિના સંસ્કારને મટાડવા માટે. આહાહા..! ઉદ્યમ કરે છે. **'પોતાના શુદ્ધ સ્વરૂપ ઉપયોગને ચારિત્રમાં થંભાવે છે...'** દેખો ભાષા! અર્થ પણ (કર્યા છે ને)! ભગવાનઆત્મા અશુદ્ધ પુણ્ય-પાપના પરિણામથી રહિત પોતાના અનુભવમાં **'શુદ્ધ સ્વરૂપ ઉપયોગને ચારિત્રમાં થંભાવે છે...'** ચારિત્રમાં શુદ્ધઉપયોગને રોકે છે. આહાહા..! આ વાત. 'પોપટભાઈ'! તમે તો ક્યાં, 'બલુભાઈ' એ કર્યું હતું ને? વર્ષીતપ કર્યા હતા. ઘરે બૈરાએ કોઈ દિ' કર્યા નહિ હોય.

મુમુક્ષુ :- કરવાની તૈયારી હતી.

ઉત્તર :- તૈયારી હતી? આહા..! ભાષા તો જુઓ!

**'શુદ્ધ સ્વરૂપ...'** પોતાનું શુદ્ધ પવિત્ર સ્વરૂપ એમાં ઉપયોગને ચારિત્રમાં રોકે છે. આહાહા..! પોતાની ચારિત્રદશામાં શુદ્ધ ઉપયોગને રોકે છે તેનું નામ તપ છે. આહાહા..! આવી વ્યાખ્યા. આ તો બહારથી અપવાસ કર્યા ને.. આ શ્વેતાંબરમાં વર્ષીતપ કરે છે. એક

દિવસ ખાવું ને એક દિવસ અપવાસ. માને કે તપ છે. તપ-બપ ક્યાં છે? એ તો લાંઘણું છે. આહાહા..! **'તે ઘણા જોરથી થંભે છે; એ જોર કરવું એ જ તપ છે.'** આહાહા..! સ્વરૂપની ચારિત્રદશામાં ઘણા પ્રયત્નથી શુદ્ધઉપયોગને રોકે છે એ તપ છે. આહાહા..! કોઈ દિ' સાંભળ્યું ન હોય કે આ તપ કોને કહેવું? સમજાય છે કાંઈ? પછી બાર પ્રકારના તપના ભેદ છે એ તો વ્યવહાર છે. આ વસ્તુનું નામ તપ છે. એને તપધર્મ કહેવામાં આવે છે. બહુ વ્યાખ્યા..

શુદ્ધઉપયોગને ચારિત્રમાં રોકવો. આહાહા..! જેને સમ્યગ્દર્શન અને ચારિત્ર છે એણે શુદ્ધઉપયોગને રોકવો. એટલે ઇચ્છા ઉત્પન્ન ન થઈને શુદ્ધઉપયોગ ચારિત્રમાં રોકવો, ઘણા બળપૂર્વક રોકવો એનું નામ જૈનધર્મમાં ઉત્તમતપ કહે છે. ઉત્તમતપ છે ને? તો સમ્યગ્દર્શન સહિત, ચારિત્ર સહિત ઘણા ઉદ્યમથી પોતાના શુદ્ધોપયોગને અંદર રોકવો એ તપ છે. આહાહા..! આવી વ્યાખ્યા અર્થકારે પોતે કરી. મૂળ પાઠમાં છે, હોં!

૧૦૮, ૧૦૮ કળશ. એનો ભાવાર્થ. ૧૦૮ કળશ છે? **'ભાવાર્થ આમ છે કે-જેટલું શુભ-અશુભ આચરણ છે...'** જેટલું શુભ અને અશુભ પરિણામનું આચરણ છે.. આહાહા..! **'તે બધું કર્મના ઉદયથી અશુદ્ધરૂપ છે,...'** એ કર્મના નિમિત્તના સંગે ઉત્પન્ન થયેલા દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધના ભાવ એ બધા અશુદ્ધ છે. **'અશુદ્ધરૂપ છે, તેથી ત્યાજ્ય છે,...'** આહાહા..! **'ઉપાદેય નથી,...'** જેટલા શુભ કે અશુભ વિકલ્પ ઉત્પન્ન થાય છે, એ બધા ત્યાજ્ય છે. કારણ કે કર્મના સંગે ઉત્પન્ન થયેલો વિભાવ છે, એ નિજ સ્વભાવ ધર્મ નહિ. આહાહા..!

**'વળી કેવું હોવાથી?' 'मोक्षहेतुतिरोधायिभावत्वात्' 'સકળકર્મક્ષયલક્ષણ પરમાત્મપદ,...'** મોક્ષની વ્યાખ્યા કરી. મોક્ષ એટલે શું? સકળકર્મક્ષયલક્ષણ પરમાત્મપદ એ મોક્ષ. સકળ કર્મક્ષય લક્ષણ એવું પરમાત્મપદ. એનું નામ મોક્ષ છે. આહા..! **'તેનો હેતુ અર્થાત્ જીવનો ગુણ જે શુદ્ધચેતનારૂપ પરિણમન...'** અંતર્મુખ થઈ શુદ્ધચેતનાનું પરિણમન પર્યાયમાં થવું, **'તેનું ઘાતનશીલ છે...'** એવું છે. આહાહા..! એ શુભ-અશુભભાવ અંતર્મુખ શુદ્ધ ચૈતન્યના પરિણમનના ઘાતક છે. આહા..! આવી વ્યાખ્યા. અશુદ્ધચેતનારૂપ પરિણમન, એ શુદ્ધચેતનારૂપ પરિણમનનું ઘાતનશીલ છે. જેનો ઘાત કરવો સ્વભાવ છે. આહાહા..! એ શુભજોગ શુદ્ધ પરિણતિનો ઘાત કરવો એ એનો સ્વભાવ છે. એને ઠેકાણે અહીં કહે છે કે શુભજોગ એ મોક્ષનો માર્ગ. અરે..! પ્રભુ! ક્યાં લઈ ગયો? ભાઈ! સમજાય છે કાંઈ?

ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ ભગવાન, એની પરિણતિ જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની શુદ્ધ પરિણતિ-પર્યાય, એનો ઘાત કરવાનો શુભભાવનો સ્વભાવ છે. નિર્મળ પરિણતિને ઘાત કરવાનો શુભભાવનો સ્વભાવ છે. મદદ કરવાનો સ્વભાવ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? હજી દર્શનના ઠેકાણા નહિ ત્યાં એને ચારિત્ર ને તપ આવ્યા ક્યાંથી? ઓહો..! ભગવાનઆત્મા શુદ્ધ સ્વરૂપનો પિંડ છે, વીતરાગસ્વરૂપ છે. એના વીતરાગ સ્વરૂપની સ્વરૂપ સન્મુખ જે પરિણતિ વીતરાગ દશા થાય, તેનો ઘાત કરવાનો શુભભાવનો સ્વભાવ છે, ઘાતકશીલ છે. આહાહા..! જે શુદ્ધ સ્વભાવનો, મોક્ષનો માર્ગ જે શુદ્ધ પરિણતિ એમાં શુભભાવ ઘાતક સ્વભાવવાળો છે, એને મદદ સ્વભાવવાળો કહેવો (એ વિપરીતતા છે).

આહાહા..! બહુ ફેર પડ્યો, ભાઈ! અરે..! એણે અનંતકાળમાં પોતાની નિજ ચીજ અતીન્દ્રિય આનંદસ્વરૂપ (છે), એની ઉપર નજર ન કરી. અને એ ક્રિયા-પુણ્ય, દયા, દાન, વ્રતાદિ ઉપર નજર રાખી જન્મ અફળ ગયો. સમજાય છે કાંઈ? પાપ ઉપર નજર કરતાં તો નિષ્ફળ છે (પણ પુણ્ય ઉપર નજર કરતાં પણ નિષ્ફળ ગયો). શુભભાવ-પુણ્યભાવ એ ઉપર નજર (છે). એ પર્યાયબુદ્ધિ કહેવું છે. પર્યાયબુદ્ધિ છે તો ત્યાં નજર છે. સમજાય છે કાંઈ? આહાહા..! એને દ્રવ્યબુદ્ધિ ન થઈ.

મારી ચીજ તો પરમપવિત્ર આનંદધામ (છે). જે ક્ષેત્રમાંથી તો આનંદનો પાક થાય છે. અતીન્દ્રિય આનંદનો પાક (થાય) એ મારી જમીન-ભૂમિ છે. આહાહા..! મારા અસંખ્ય પ્રદેશમાં અનંત ગુણની ભૂમિ... આહાહા..! મારો સ્વદેશ (છે). આ સ્વદેશ (સમજીને) મરી જાય એ એનો સ્વદેશ નથી. એ તો પરદેશ છે. અમારો સ્વદેશ. 'મુંબઈ'માં બોલે છે ને? શું કાંઈક ઈ? હમચી નગરી. હમચી નગરી બોલે એ મરાઠી લોકો. ધૂળમાંય નગરી નથી. બાપુ! નગરી-નગર. ન-ગર. જેમાં રાગ-દ્વેષના મેલનું ઘર નથી એવી નગરી તો આત્મા છે. ન-ગર, ગર. જેમાં પુણ્ય ને પાપ ને કર્મના મેલથી રહિત એવો આત્મા, એને અહીંયાં આત્મનગર કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? આહાહા..! અરેરે..! ક્યાં ક્યાં દુનિયા માનીને રોકાઈ જાય છે. પ્રભુનો પત્તો મેળવતો નથી. એને પ્રભુ ચૈતન્યનો પત્તો લાગતો નથી. આહાહા..!

અત્યારે તો સાંભળીએ છીએ. જુવાન અવસ્થા, એને આ પીડા થાય છે ને આ થાય છે. જુઓને! આ કાલે સાંભળ્યું. ઈ શું કહેવાય? એપેન્ડીક્સ. કહે છે. પૂછડીની વ્યાધિ. બહુ પીડા, આહાહા..! કાલે 'કપૂરભાઈ'ની દીકરી ને દીકરા જોડલે આવ્યા છે ને? એના મોટાને ઈ થયું છે. ઓપરેશન કરેલું પણ પાછી પીડા ઉપડી. ડોક્ટર કહે, હમણાં ઓપરેશન કરો નહિતર છોકરો ખલાસ થઈ જશે. રાતના બાર વાગે. આહાહા..! આ 'વીરચંદભાઈ'ના દીકરાનો દીકરો. 'વીરચંદભાઈ' 'લાઠી'. અને આ 'કપૂરભાઈ'ના દીકરાની દીકરી. બેય જોડલે જન્મ્યા છે. પહેલા ઓપરેશન કરાવ્યું હશે. વ્યાધિ બહુ હોય. અમારે 'જીવરાજજી'ને વ્યાધિ થઈ હતી. (સંવત) ૧૯૯૦ની સાલમાં. એપેન્ડીક્સ. ઓપરેશન તો કરાવ્યું પણ ફરીને એટલો દુઃખાવો ઉપડ્યો. કાલે ખબર પડી. વ્હોરાવવામાં નહોતા. પીડા.. પીડા.. પીડા. દાક્તર કહે, બાર વાગ્યા છે અત્યારે ઓપરેશન કરો. નહિતર છોકરો છૂટી જશે. એ ઓપરેશન કર્યું. આહા..! આ શરીર-આ માટી. આહાહા..! એ માટીનો માટી જાણનાર જુદો છે.

એ જાણનારમાં અતીન્દ્રિય આનંદ ભર્યો છે. આહાહા..! એ અતીન્દ્રિય આનંદના પરિણમનને.. આહાહા..! શુભભાવ **'तिरोधायि'** **'ઘાતનશીલ છે સહજ લક્ષણ જેનું-...'** આહાહા..! શું કહે છે? ભગવાનઆત્મા..

મુમુક્ષુ :- ઘાતનશીલ..

ઉત્તર :- ઘાતનશીલ સહજ સ્વભાવ એનો છે. શુભભાવનો ઘાતનશીલ સહજ સ્વભાવ (છે). આહાહા..! એને ધર્મ માનવો અથવા એ કરતાં કરતાં ધર્મ થશે. અરે..! પ્રભુ! તેં ઘણી ભૂલ કરી છે. ભગવાનને તું ભૂલી ગયો. તારો ભગવાન પવિત્ર આનંદનો નાથ, એ ભગવાનને ભૂલી ગયો. આહાહા..! એ શુભભાવમાં ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય છે, એની પરિણતિમાં

પર્યાયમાં એ શુભભાવ ઘાતનશીલ-નાશ કરવાનો સહજ સ્વભાવ જેનો છે. આહાહા..! કહો, 'પોપટભાઈ'! તો હવે પાપભાવનું તો શું કહેવું? આખો દિ' રળવું ને કમાવું. શું કહે છે?

મુમુક્ષુ :- પાપભાવને ઓછો કરવો.

ઉત્તર :- આખો દિ' ચાલે છે તે પાપ નહિ? ધંધો.. આહાહા..! અને પાપનો અભાવ કરીને પણ જ્યાં પુણ્યભાવ છે.. આહાહા..! એ પણ ચૈતન્ય ભગવાન પવિત્ર આનંદનો નાથ પ્રભુ, આહાહા..! એની પરિણતિ નામ નિર્મળ દશા, એનો શુભભાવ ઘાતકશીલ સહજસ્વભાવ છે. ઘાત કરવાનો સહજ સ્વભાવ છે, એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- કર્મનો અભાવ...

ઉત્તર :- શુભભાવ ઈ કર્મ. એ શુભભાવ કર્મ છે. બંધન થયું એ કર્મ જડ છે. આ કેમ પાછળથી આવે છે? પહેલું ચાલ્યું જાય એનું શું? સમજાણું કાંઈ? આહા..! શું કહે છે?

**'સકળકર્મક્ષયલક્ષણ પરમાત્મપદ, તેનો હેતુ અર્થાત્ જીવનો ગુણ જે શુદ્ધચેતનારૂપ પરિણમન.'** આહાહા..! શું કહે છે? સકળકર્મક્ષયલક્ષણ એવો જે મોક્ષ-પરમાત્મપદ. એનો હેતુ, શુદ્ધ સ્વભાવ પોતાનો પરમાત્મા, એનું પરિણમન તે મોક્ષનો હેતુ. મોક્ષનું કારણ. એ કારણને શુભભાવનો ઘાતનશીલ સહજ સ્વભાવ છે. આહાહા..! અરે..! પ્રભુ! **'तिरोधायि' 'ઘાતનશીલ છે...' 'भावत्वात्'** એવો એનો ભાવ. દેખો! શુભભાવનો ભાવ મોક્ષ જે પરમાત્મપદ, એનો હેતુ જે શુદ્ધાત્મ પરિણમન, એ પરિણમનમાં શુભભાવ ઘાતનશીલ સહજ સ્વભાવ છે. આહાહા..! આટલી વાત સ્પષ્ટ છે, છતાં ગડબડ કરે. દીવા જેવી વાત છે, બાપુ! સમજાય છે કાંઈ? આહાહા..! **'તેથી કર્મ નિષિદ્ધ છે.'** એ શુભાશુભ પરિણામ એ વિકાર છે અને એનું બંધન છે, બેય નિષિદ્ધ છે. આહાહા..!

**'ભાવાર્થ આમ છે કે જેમ પાણી સ્વરૂપથી નિર્મળ છે,..'** હવે જુઓ! દૃષ્ટાંત કહીને સિદ્ધાંત ઉતારે છે. જેમ પાણી-જળ **'સ્વરૂપથી નિર્મળ છે, કાદવના સંયોગથી મેલું થાય છે...'** કાદવના સંયોગથી પાણી મેલું થાય છે. **'પાણીના શુદ્ધપણાનો ઘાત થાય છે,...'** પાણીના નિર્મળપણાનો કાદવથી ઘાત થાય છે. નિર્મળપણાનો ઘાત થાય છે. આહાહા..! દૃષ્ટાંત છે, હોં! સિદ્ધાંત પછી ઉતારશે. આહાહા..! **'પાણીના શુદ્ધપણાનો ઘાત છે,...'**

**'તેમ જીવદ્રવ્ય...'** ભગવાનઆત્મા ચૈતન્યરત્નાકર પ્રભુ, એવું જીવદ્રવ્ય. સર્વ, હોં! **'સ્વભાવથી સ્વચ્છરૂપ છે...'** આહાહા..! સ્વચ્છત્વ શક્તિ એમાં છે ને! ૪૭ શક્તિમાં આવી ગઈ છે. ૧૧ મી સ્વચ્છત્વશક્તિ. ૪૭ શક્તિમાં ૧૧ મી આવી ગઈ. સર્વજ્ઞત્વ, સ્વચ્છત્વ, પ્રકાશત્વ. પ્રકાશત્વ-સ્વસંવેદનમયી ૧૨મી. આહાહા..! ભગવાનઆત્મા, એમાં સ્વચ્છત્વ નામનો ગુણ છે તો આખો આત્મા સ્વચ્છત્વ છે. અનંત ગુણથી સ્વચ્છત્વથી ભરેલો પ્રભુ છે. આહાહા..!

એવું સ્વચ્છત્વ **'કેવળજ્ઞાન-દર્શન-વીર્યરૂપ છે,...'** આહાહા..! આત્મ ભગવાન તો કેવળજ્ઞાન.. કેવળ એટલે ઓલી કેવળજ્ઞાન પર્યાય નહિ, એક જ્ઞાન, એકરૂપ જ્ઞાન, એકરૂપ દર્શન, એકરૂપ સુખ. આહાહા..! અને વીર્ય. એક જ્ઞાન, એક દર્શન, એક સુખ, એક વીર્યરૂપ એવો આત્મા છે. આવી સ્વચ્છતાના સ્વભાવથી ભરેલો પ્રભુ છે. આહાહા..! સમજાય છે

કાંઈ? નિજ નિધાન તો કેવળજ્ઞાન, દર્શન, આનંદ ને વીર્યથી ભરેલું છે. પરિમિત નહિ. કેવળજ્ઞાન, દર્શન, સુખ પરિમિત નહિ.અપરિમિત. આહાહા..!

એવું **'કેવળજ્ઞાન-દર્શન-સુખ-વીર્યરૂપ છે, તે સ્વચ્છપણું...'** એ સ્વચ્છપણું. આહાહા..! **'વિભાવરૂપ અશુદ્ધચેતનાલક્ષણ મિથ્યાત્વ...'** પુણ્યપરિણામ મારા, એ મિથ્યાત્વ. આહાહા..! **'વિષય-કષાયરૂપ પરિણામથી મટ્યું છે;...'** આહાહા..! ભગવાન તો શુદ્ધ સ્વચ્છ કેવળજ્ઞાન, દર્શન, આનંદ અને વીર્યથી ભરેલો શુદ્ધ છે. એની સ્વચ્છતા મિથ્યાત્વ ને વિષય-કષાયના પરિણામથી અશુદ્ધ થઈ ગઈ છે. પર્યાય અશુદ્ધ થઈ ગઈ છે. આહા..! છે? **'અશુદ્ધ પરિણામનો એવો જ સ્વભાવ છે...'** આહાહા..! કેવી ટીકા કરી છે! આહાહા..!

'રાજમલજી' ગૃહસ્થાશ્રમી હતા, હોં! આત્મા ક્યાં (ગૃહસ્થ છે). ખરેખર તો ગૃહસ્થ એને કહીએ.. કહ્યું હતું. આહાહા..! 'અધ્યાત્મ પંચ સંગ્રહ'માં 'પરમાત્મ પુરાણ'માં આવે છે. ગૃહસ્થ એને કહીએ, ગૃહ નામ નિજ ઘર-અનંત જ્ઞાન, દર્શન, આનંદ એમાં સ્થ રહે છે, એને ગૃહસ્થ કહીએ. ગૃહ-સ્થ. નિજ ઘરમાં સ્થ-ટકે છે તેનું નામ ગૃહસ્થ કહીએ. એ.. 'મફાભાઈ'! આ તમે બધા ગૃહસ્થ કહેવાય, પૈસાવાળા, ઈ અહીંયાં ના પાડે છે. આ શેઠિયાઓ રહ્યા. 'મફાભાઈ', 'ભગવાનભાઈ', 'પોપટભાઈ'. આ પણ શેઠિયા કહેવાય છે ને. આહાહા..! શ્રેષ્ઠ તો એને કહીએ, શેઠ કે પોતાનું જે કેવળજ્ઞાન, દર્શન, આનંદ શુદ્ધ સ્વરૂપનો સ્વામી થાય તેને શેઠ કહીએ, બાકી બધા હેઠ.

એ વાત એક વાર 'ચુડા'માં બની હતી. 'ચુડા' છે ને? 'ચુડા'માં. 'ચુડા'માં એક 'જેઠમલજી' સ્થાનકવાસી સાધુ હતા ને? 'જેઠમલજી' હતા. 'મૂળી' પાસે ગામ છે. 'ખાટડી'ના હતા, 'ખાટડી'ના. ખબર છે. અમે 'ખાટડી' ગયા છીએ ને. એ 'જેઠમલજી' સ્થાનકવાસી હતા. ગાડાવાળા ને બળદવાળાને ભાર વધારે હોય એને બધું કઢાવે. છેવટે મરવા પડ્યા ત્યારે મને કહ્યું કે, મને દર્શન દેવા આવો. ત્યાં હતો. ક્યાં હતો? 'મોરબી'. એ 'જેઠમલજી' રજપૂત હતા, પછી સાધુ (થયા), પણ ઠેકાણા વિનાનો. એમાં 'ચુડા' આવ્યા. 'ચુડા.. ચુડા'. અંદર પેઠા ને કહ્યું, ઊભા થાઓ. એનું માન બહુ નહોતું એટલે 'ચુડા'માં જરી ઊભા ન થાય. કહે, ઊભા થાઓ. એટલે પછી એક 'રાયચંદ દોશી' હતા. વિસાશ્રીમાળી. બહુ કડક માણસ હતા. વૃદ્ધ (હતા). 'રાયચંદ દોશી'. જેઠી બેસ ને હેઠી. બહુ કડક હતા. એય..! 'રાયચંદ દોશી' હતા. આપણે 'નારણભાઈ' નહોતા? 'નારણભાઈ'ના સાસરાના બાપ. આપણા 'નારણભાઈ'. અમારી પાસે દીક્ષા લીધી હતી. એમના સાસરાના બાપ. એ બહુ કડક હતા. અમારી ઉપર બહુ પ્રેમ. થાંભલા પાસે બેસે. વૃદ્ધ અવસ્થા, વૃદ્ધ. ઘણી વૃદ્ધ અવસ્થા. વ્યાખ્યાન સાંભળે. બહુ પ્રેમ, ઘણો પ્રેમ. અમારા ઉપર તો બહુ પ્રેમ એને. અને 'શ્રીમદ્' ઉપર પણ એને પ્રેમ.

કોઈ માણસ એમ કહેવા લાગ્યું કે, 'શ્રીમદ્' એટલે કાંઈ નહિ. આમ છે. (આ) કહે, બોલીશ નહિ. પોતે સ્થાનકવાસી. 'શ્રીમદ્ રાજચંદ્ર'નો વૈરાગ્ય મેં દેખ્યો છે, ઈ ક્યાંય છે નહિ, મેં જોયો છે. 'લીંબડી'માં આવ્યા હતા. વૈરાગ્ય, ઉદાસ હતા. 'શ્રીમદ્ રાજચંદ્ર'. નહિતર એ તો માને નહિ. મૂર્તિને ન માને. પણ 'શ્રીમદ્ રાજચંદ્ર'ના વૈરાગ્યને દેખી એ એમ બોલ્યા કે

એનો (વૈરાગ્ય) મેં દેખ્યો છે. પર પદાર્થથી ઉદાસ.. ઉદાસ.. ઉદાસ.. ઉદાસ. એવા 'શ્રીમદ્'નો તું વિરોધ ન કર. 'પોપટભાઈ'! ત્યાં પેલા 'જેઠમલજી' (કહે), ઉભા થાઓ. તો કહ્યું, બેસ ને હેઠી. જેઠી બેસ ને હેઠી. તને કોણ અહીં મોટપ આપે છે. આદર-બાદર નહિ. એમ અહીંયાં શેઠ તો એને કહીએ. આહાહા..! જેઠ એટલે શેઠ. આત્મા અનંત જ્ઞાન, દર્શન, આનંદના સ્વામીનો અનુભવ કરે તે શ્રેષ્ઠ છે, બાકી બધા હેઠ છે. આહાહા..! આવું સ્વરૂપ છે. આહાહા..!

અહીં કહે છે, '**તે સ્વચ્છપણું વિભાવરૂપ અશુદ્ધચેતનાલક્ષણ મિથ્યાત્વ-વિષય-કષાયરૂપ પરિણામથી મટ્યું છે;...**' આહાહા..! પર્યાયમાં મટ્યું છે, હોં! પાછી વળી ભાષા એમ આવી ગઈ, '**જીવદ્રવ્ય સ્વભાવથી સ્વચ્છરૂપ છે-કેવળજ્ઞાન-દર્શન-સુખ-વીર્યરૂપ છે, તે સ્વચ્છપણું વિભાવરૂપઅશુદ્ધચેતનાલક્ષણ મિથ્યાત્વ-વિષય-કષાયરૂપ પરિણામથી (વર્તમાનમાં) મટ્યું છે;...**' મટ્યું છે એનો અર્થ ત્રિકાળી મટી ગયું છે એમ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! ત્રિકાળ તો શુદ્ધ, શુદ્ધ છે પણ શુદ્ધનો જ્યાં સ્વીકાર નથી અને એકલા અશુદ્ધ પરિણામનો જ્યાં સ્વીકાર છે, ત્યાં શુદ્ધપણાનો નાશ થઈ ગયો છે. પર્યાયમાં નાશ થયો છે. સમજાય છે કાંઈ? આહાહા..! આવો માર્ગ. આ બહારની ચમક ને દમક. બહારના દેખાવમાં મુંઝાઈ ગયો. આહાહા..!

ભગવાન ચૈતન્યચમત્કાર અતીન્દ્રિય આનંદનો સાગર જ્યાં.. આહાહા..! એ સ્વચ્છસ્વરૂપ પ્રભુ, એને આ પુણ્યનો ભાવ... 'भावत्वात्' છે ને? આવી ગયું ને? જુઓ! 'भावत्वात्' એમ શબ્દ છે. '**ઘાતનશીલ છે...**' એવું 'भावत्वात्' 'तिरोधायिभावत्वात्' માથે આવી ગયું છે, 'तिरोधायिभावत्वात्'. આહાહા..! ભગવાન શુદ્ધ ચૈતન્યપ્રભુ, એમાં અશુભભાવની તો વાત શું કરવી, એ અશુભભાવ સ્વરૂપનો ઘાત કરે છે. આહાહા..! વીસ કલાક આખો દિ' ધંધા-પાણી. આહાહા..! કમાવું ને લેવું ને દેવું ને આ ને આ. આહાહા..! પ્રભુ! તારી શક્તિ તો શુદ્ધ છે. એનું પરિણમન તો નિર્મળ થવું જોઈએ. એ નિર્મળને છોડી અશુભભાવ, તારી શુદ્ધ સ્વભાવની પરિણતિનો ઘાતનશીલ ભાવ હોવાથી, એ ઘાતવાના સ્વભાવરૂપી ભાવ છે. આહાહા..!

જેમ કોઈ છરો વાગે. છરો, છરો હોય ને? છરો કહે છે ને? છૂરી. અને જેમ શરીરમાં ઘા વાગે. લોહી (નીકળે). એમ કહે છે, પ્રભુ! તારી શક્તિ આનંદનો નાથ પ્રભુ, એના ઉપર શુભ-અશુભભાવ ઘાત કરે છે. સમજાય છે કાંઈ? આહાહા..! જુઓ! 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર સંત. વીતરાગતાનું વર્ણન કરતાં.. આહાહા..! પ્રભુ! તું વીતરાગસ્વરૂપ છો ને! એ વીતરાગ સ્વરૂપના શુભ ને અશુભ પરિણામ ઘાતનશીલ ભાવ છે ને. છે ને? સહજ લક્ષણ એનું છે. શુભાશુભ ભાવનું સહજ લક્ષણ એ છે. આહાહા..! શાંતિનો સાગર ભગવાન, એ શાંતિનો ઘાત કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! કળશ તે જુઓ, કળશ! અમૃતથી ભર્યો છે કળશ! આહાહા..! ભાઈ! અને એમાં પાછો રાજી થાય.

એકવાર કહ્યું હતું. નહિ? એકવાર કહ્યું હતું. 'ખસ' (ગામ) છે. અમારા 'જીવણલાલજી' 'ખસ'ના હતા. 'બોટાદ' પાસે. એમાં ગરાશિયો હતો એ બહાર ગયો. ગરાશિયા સમજ્યા?

ગરાસદાર. બહાર ગયો તો કોઈ વેરી-વિરોધી ગરાશિયો હતો. બેય મહા વિરોધી. એને મારી મારીને લોહી જામ (થઈ ગયું). લોહી.. લોહી સમજ્યા? ખૂન. આખા શરીરમાં. હવે ગામમાં ચારે કોર માર ઠરાવવા ગયા. જોડા પહેરેલા. જોડા લોહી લોહીથી ભરાઈ ગયા. ગામમાં પેઠો. ગરાસિયો હજી ગામમાં પેસતો હતો. ચારે કોર ઘા વાગેલા. લોહી.. લોહી. જોડામાં લોહી ભરાઈ ગયેલું. આમ ચાલતા ચાલતા પસર પસર કરતું લોહી બહાર નીકળે. કારણ લોહી આખા (શરીરમાંથી નીકળે). ગરાસિયા ખરા ને. એમ ને એમ ઘરે પહોંચી ગયો. પછી મરી ગયો. લોહી.. લોહી.. એટલું લોહી કે ચાલતા ચાલતા આખા શરીરનું લોહી જોડામાં ઊતરી જાય અને એ ચાલે એટલે શેડ ઊડે. જોડામાંથી લોહીની શેડ બહાર નીકળે. આહાહા..! ગરાસિયો એટલે જરી બળથી ઘરે પોગી ગયો.

એમ અહીં કહે છે, તું એકવાર સાંભળ તો ખરો. આહાહા..! તું અનંત આનંદનો ગરાસિયો. તારા ઘરમાં ગરાસ પડ્યો છે-મહા આનંદ, જ્ઞાન આદિ. એનું સ્વામીત્વ છોડી આ પુણ્ય-પાપના (પરિણામ) તારી શક્તિનો ઘાત કરે છે. આહાહા..! જુઓ! આ દિગંબર સંતોની શૈલી! આહા..! ભાઈ! તને આત્માની શાંતિ એ શુભ ને અશુભભાવથી ઘાતનશીલ સહજ એનો સ્વભાવ છે. એ શુભ-અશુભભાવનો સહજ સ્વભાવ એવો છે. આહાહા..! ભગવાનનો સહજ સ્વભાવ આનંદ ને જ્ઞાન, દર્શન આદિ છે. ત્યારે શુભાશુભ ભાવનો સહજ ઘાતનશીલ સહજ સ્વભાવ છે. આહાહા..! ભાઈ! તને એમાં હોંશ કેમ આવે છે? આહાહા..! સમજાય છે કાંઈ? જે ઘાતનશીલ ભાવ છે એમાં તને રસ કેમ આવે છે? છોડ એકવાર, કહે છે. આહાહા..! આ તો અગમ્ય ગમ્યની વાતું છે. આહાહા..!

'**સ્વચ્છપણું વિભાવરૂપ અશુદ્ધચેતનાલક્ષણ મિથ્યાત્વ-વિષય-કષાયરૂપ પરિણામથી...**' લક્ષણ છે ને? એની પર્યાયની વાત છે. એને 'મિથ્યાત્વ-વિષય-કષાયરૂપ પરિણામથી મટ્યું છે;...' આહાહા..! એ પુણ્યના ભાવ મારા, મારો ધર્મ એવો મિથ્યાત્વભાવ, એ શુદ્ધ પરિણમનનો ઘાત કરનારો (છે, એનાથી) શુદ્ધપણું મટ્યું છે. સમજાય છે કાંઈ? આહાહા..!

આજે (ઉત્તમ) તપનો દિવસ છે. '**અશુદ્ધપણાનો એવો જ સ્વભાવ છે...**' એ શુભ-અશુભભાવનો એવો જ સ્વભાવ છે '**કે શુદ્ધપણાને મટાડે;...**' આહાહા..! '**તેથી સમસ્ત કર્મ નિષિદ્ધ છે.**' શુભ ને અશુભભાવ, કોઈપણ ભાવ, અસંખ્ય પ્રકારના શુભ અને અસંખ્ય અશુભ, બધા નિષિદ્ધ છે. સમજાય છે કાંઈ? ત્યાં ટીકામાં છે ને? ભાઈ! વ્રત, શીલ, તપ શબ્દ પડ્યા છે. 'પુણ્ય-પાપ અધિકાર'. એ વ્રત, તપ, નિયમ, શીલ એને કર્મ કહ્યું છે. એ કર્મ એટલે કાર્ય. સમજાય છે કાંઈ? સમયસાર ટીકામાં છે. આ 'પુણ્ય-પાપ અધિકાર'માં. એ શુભ-અશુભ કાર્ય-રાગ. કાર્ય એટલે કર્મ.

કર્મના પ્રકાર એકવાર નહોતા પાડ્યા? આપણે કર્મશક્તિનો ખુલાસો કરતા હતા ને? કર્મશક્તિ. કર્મ તો ચાર પ્રકારના કર્મ શબ્દ છે. એક-જડ કર્મની પર્યાયને કર્મ કહે છે અને શરીર આદિ પર છે અને એના પરિણામને પણ કર્મ કહે છે. કાર્ય એટલે કર્મ પર્યાય. અને રાગને પણ કર્મ કહે છે. અને નિર્મળ પરિણતિને પણ કર્મ કહે છે અને ત્રિકાળી શક્તિને પણ કર્મ કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..! શાસ્ત્રના અર્થ કરવામાં પણ બહુ ગડબડ થઈ ગઈ છે.

આહાહા..! કર્મ શક્તિ છે. કહ્યું હતું ને? આત્મામાં એક ગુણ છે. કાર્ય નિર્મળ થાય, એવી કાર્ય નામની શક્તિ, કર્મશક્તિ છે. આહાહા..! એ કર્મશક્તિથી ભરેલો પ્રભુ, એનું કાર્ય તો નિર્મળ પરિણતિ થવી જોઈએ. એ નિર્મળ પરિણતિ જેનું લક્ષણ છે સ્વરૂપનું, એને શુભભાવ ઘાતનશીલ સહજ સ્વભાવ ઘાત કરે છે અને શુદ્ધ પરિણતિ મટાડે છે. આહાહા...!

મુમુક્ષુ :- અહીંયાં ભાવકર્મ લેવા?

ઉત્તર :- ભાવ. વ્રત એ ભાવકર્મ છે. છે ને આમાં? એમાં છે. ૧૫૩ ગાથા. 'સમયસાર' ૧૫૩ ગાથા.

वदणियमाणि धरंता सीलाणि तहा तवं च कुव्वंता।
परमट्ठबाहिरा जे णिव्वाणं ते ण विंदंति।।१५३।।

ટીકામાં અર્થ કર્યો છે. '**અજ્ઞાનીઓને અંતરંગમાં વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભ કર્મોનો સદ્ભાવ...**' એને જ શુભ કર્મ કહ્યાં છે. સમજાય છે કાંઈ? આવી ગયું. ગુજરાતી છે ને (એટલે) તરત યાદ આવે. આ હિન્દી છે ને. જ્ઞાન જ મોક્ષનો હેતુ છે. આ પણ છે ને? આપણે આ ચાલે છે એના પહેલા આવી ગયું છે. આ ૧૦૮ ચાલે છે અને આ ૧૫૩માં ટીકા છે, ટીકા. આહાહા..! '**વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભ કર્મો...**' એ રાગ શુભ કર્મ છે. આહાહા..! '**સદ્ભાવ (હયાતી) હોવા છતાં મોક્ષનો અભાવ છે.**' એ પરિણામમાં મોક્ષનો અભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? ૧૫૩. આ તો હિન્દી છે ને. પર્યુષણમાં તો ગુજરાતી ચાલે, પણ આ 'જિનેશ્વરદાસ' ને બધા દૂરથી આવ્યા છે એટલે હિન્દી ચાલે છે. શું કહે છે?

'**મિથ્યાત્વ-વિષય-કષાયરૂપ પરિણામથી...**' શુદ્ધ પરિણામની પરિણતિ જે લક્ષણ છે એ મટ્યું છે. લક્ષણ કહેતાં ન્યાં પરિણતિ આવી. '**અશુદ્ધ પરિણામનો એવો જ સ્વભાવ છે કે શુદ્ધપણાને મટાડે. તેથી સમસ્ત કર્મ નિષિદ્ધ છે.**' આહાહા..! આવું છે. '**ભાવાર્થ આમ છે કે-કોઈ જીવ ક્રિયારૂપ યતિપણું પામે છે,...**' પંચમહાવ્રત ને પાંચ સમિતિ, ગુપ્તિ ને વ્યવહાર ક્રિયાકાંડ યતિપણું પામે છે. '**તે યતિપણામાં મગ્ન થાય છે...**' એ પંચમહાવ્રત ને સમિતિ, ગુપ્તિ ને વિકલ્પ શુભરાગમાં મગ્ન થાય છે. આહાહા..! આવો ખુલાસો છે. '**અમે મોક્ષમાર્ગ પામ્યા**' અમે પંચમહાવ્રત ધારીએ છીએ, પંચમહાવ્રત પાળીએ છીએ, અઠ્યાવીસ મૂળગુણ (પાળીએ છીએ), નિર્દોષ આહાર લઈએ છીએ, પાંચ સમિતિ-વ્યવહાર પાળીએ છીએ, ત્રણ ગુપ્તિ અશુભથી રહિત (ધારીએ છીએ). ત્યાં ગુપ્તિ (એટલે) અશુભથી રહિત શુભ. આવું અમે કરીએ છીએ, નગ્ન છીએ. અરેરે..! આવી વ્યાખ્યા. '**અમે મોક્ષમાર્ગ પામ્યા**' અમે મોક્ષમાર્ગી છીએ. પંચમહાવ્રત પાળીએ છીએ, પાંચ સમિતિ, ગુપ્તિ, નિર્દોષ આહાર (લઈએ છીએ), સ્ત્રી, કુટુંબનો ત્યાગ કર્યો છે, અમારે ગૃહસ્થાશ્રમ છે નહિ. આહાહા..! '**જે કાંઈ કરવાનું હતું તે કર્યું.**' સ્ત્રી, કુટુંબ છોડ્યા, દુકાન-ધંધા છોડ્યા, પાપ પરિણામ છોડ્યા, શુભભાવ કર્યા. આહાહા..!

'**તેથી તે જીવોને સમજાવે છે...**' '**તેથી તે જીવોને સમજાવે છે કે યતિપણાનો ભરોસો છોડીને...**' એ પંચમહાવ્રત ને સમિતિ, ગુપ્તિ ને એ યતિપણું નથી. શુદ્ધ સ્વરૂપની યત્ના કરવી

એ યતિ છે. શુભજોગની યત્ના એ યતિ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? માર્ગ બાપા જુદો, ભાઈ! અરે..! દુઃખી થઈ.. આહાહા..! '**યતિપણાનો ભરોસો છોડી શુદ્ધ ચૈતન્યસ્વરૂપને અનુભવો.**' આહાહા..! આ છે. ભગવાન! એ પંચમહાવ્રત ને સમિતિ, ગુપ્તિ ને પાંચ સમિતિ વ્યવહાર ને જોઈને ચાલવું.. આ તો જોઈને ચાલવામાં ક્યાં ઠેકાણા છે. એને માટે બનાવેલો આહાર ન લેવો એ બધો શુભભાવ. એ યતિપણું માને છે. છોડ! આહાહા..! '**શુદ્ધ ચૈતન્યસ્વરૂપને અનુભવો.**' છોડીને કરવું શું? ભગવાન શુદ્ધ ચૈતન્ય છે ને! પવિત્રતાનો પિંડ પ્રભુ તારો આત્મા છે ને, નાથ! આહાહા..! એને અનુસરીને અનુભવ કર ને! તો તારું કલ્યાણ થશે. બાકી કલ્યાણ-ફલ્યાણ છે નહિ. આહાહા..! યતિપણાને ભરોસે મગ્ન થઈને પડ્યો છે, કહે છે. એને છોડ અને સ્વરૂપનો અનુભવ કર તો મોક્ષનો માર્ગ છે. આવી વાત છે. આકરી પડે. આ લખાણ કોનું છે? સોનગઢનું છે આ? સોનગઢે આમ કર્યું ને વ્યવહારનો નાશ કરે છે. બાપુ! વ્યવહારનો નાશ કરવો એ જ સ્વરૂપનો અનુભવ. એને છોડીને સ્વરૂપ અનુભવ કરવો એ મોક્ષનો માર્ગ છે. આ તો મૂળ વાત છે. આહાહા..! શ્રદ્ધાના પણ ઠેકાણા ન મળે. આ વ્રત ને તપ ને કરો તો તમારું કલ્યાણ થશે, અપવાસાદિ કરવાથી નિર્જરા થશે. સામાયિક, પોષા કરવાથી સંવર થશે. અરે..! સામાયિક, પોષા છે ક્યાં? આહાહા..! સમજાય છે કાંઈ?

'**યતિપણાનો ભરોસો...**' વિશ્વાસ છોડી દે. એ પંચમહાવ્રતની ક્રિયા આદિ મોક્ષનો માર્ગ છે, એ ભરોસો છોડી દે. '**શુદ્ધ ચૈતન્યસ્વરૂપને અનુભવો.**' આહાહા..! ૧૦૮ કળશ (પૂરો) થયો.

---

(શાર્દૂલવિક્રીડિત)

संन्यस्तव्यमिदं समस्तमपि तत्कर्मैव मोक्षार्थिना
संन्यस्ते सति तत्र का किल कथा पुण्यस्य पापस्य वा।
सम्यक्त्वादिनिजस्वभावभवनान्मोक्षस्य हेतुर्भवन्
नैष्कर्म्यप्रतिबद्धमुद्धतरसं ज्ञानं स्वयं धावति।।१०-१०९।।

**ખંડાન્વય સહિત અર્થ :** 'मोक्षार्थिना तत् इदं समस्तम् अपि कर्म संन्यस्तव्यम्' ( मोक्षार्थिना ) સકળકર્મક્ષયલક્ષણ મોક્ષ-અતીન્દ્રિય પદ, તેમાં જે અનંત સુખ તેને ઉપાદેય અનુભવે છે એવો છે જે કોઈ જીવ તેણે ( तत् इदं ) તે જ કર્મ જે પહેલાં જ કહ્યું હતું, ( समस्तम् अपि ) જેટલું-શુભક્રિયારૂપ-અશુભક્રિયારૂપ, અંતર્જલ્પરૂપ-બહિર્જલ્પરૂપ ઈત્યાદિ કરતૂતરૂપ ( कर्म ) ક્રિયા અથવા જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલનો પિંડ, અશુદ્ધ રાગાદિરૂપ જીવના પરિણામ-એવું કર્મ તે ( संन्यस्तव्यम् ) જીવસ્વરૂપનું ઘાતક છે એમ જાણીને આમૂલાગ્ર (સમગ્ર) ત્યાજ્ય છે. ' तत्र संन्यस्ते सति' તે સઘળાય કર્મનો ત્યાગ થતાં 'पुण्यस्य वा पापस्य वा का कथा' પુણ્યનો કે પાપનો શો ભેદ રહ્યો? ભાવાર્થ આમ છે કે-સમસ્ત કર્મજાતિ હેય

છે, પુણ્ય-પાપના વિવરણની શી વાત રહી? 'किल' આ વાત નિશ્ચયથી જાણો, પુણ્યકર્મ ભલું એવી ભ્રાન્તિ ન કરો. 'ज्ञानं मोक्षस्य हेतुः भवन् स्वयं धावति' ( ज्ञानं ) જ્ઞાન અર્થાત્ આત્માનું શુદ્ધચેતનારૂપ પરિણમન ( मोक्षस्य ) મોક્ષનું અર્થાત્ સકળ-કર્મક્ષયલક્ષણ એવી અવસ્થાનું ( हेतुः भवन् ) કારણ થતું થકું ( स्वयं धावति ) સ્વયં દોડે છે એવું સહજ છે. ભાવાર્થ આમ છે કે-જેમ સૂર્યનો પ્રકાશ થતાં સહજ જ અંધકાર મટે છે, તેમ જીવ શુદ્ધચેતનારૂપ પરિણમતાં સહજ જ સમસ્ત વિકલ્પો મટે છે, જ્ઞાનાવરણાદિ કર્મ અકર્મરૂપ પરિણમે છે, રાગાદિ અશુદ્ધ પરિણામ મટે છે. કેવું છે જ્ઞાન? 'नैष्कर्म्यप्रतिबद्धम्' નિર્વિકલ્પસ્વરૂપ છે. વળી કેવું છે? 'उद्धतरसं' પ્રગટપણે ચૈતન્યસ્વરૂપ છે. શાથી મોક્ષનું કારણ થાય છે? 'सम्यक्त्वादिनिजस्वभावभवनात्' ( सम्यक्त्व ) જીવના ગુણ સમ્યગ્દર્શન, ( आदि ) સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એવા છે જે ( निजस्वभाव ) જીવના ક્ષાયિક ગુણ તેમના ( भवनात् ) પ્રગટપણાને લીધે. ભાવાર્થ આમ છે-કોઈ આશંકા કરશે કે મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે મળીને છે, અહીં જ્ઞાનમાત્ર મોક્ષમાર્ગ કહ્યો તે કઈ રીતે કહ્યો? તેનું સમાધાન આમ છે કે શુદ્ધસ્વરૂપ જ્ઞાનમાં સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર સહજ જ ગર્ભિત છે, તેથી દોષ તો કાંઈ નથી, ગુણ છે. ૧૦-૧૦૯.

## કળશ-૧૦૯ ઉપર પ્રવચન

૧૦૯ કળશ.

संन्यस्तव्यमिदं समस्तमपि तत्कर्मैव मोक्षार्थिना
संन्यस्ते सति तत्र का किल कथा पुण्यस्य पापस्य वा।
सम्यक्त्वादिनिजस्वभावभवनान्मोक्षस्य हेतुर्भवन्
नैष्कर्म्यप्रतिबद्धमुद्धतरसं ज्ञानं स्वयं धावति।।१०-१०९।।

ખંડાન્વય સહિત અર્થ : 'मोक्षार्थिना तत् इदं समस्तम् अपि कर्म संन्यस्तव्यम्' **'સકળકર્મક્ષયલક્ષણ મોક્ષ-અતીન્દ્રિય પદ, તેમાં જે અનંત સુખ તેને ઉપાદેય અનુભવે છે...'** આહાહા..! મોક્ષમાં અતીન્દ્રિય આનંદ છે એવા અનંત સુખને વર્તમાનમાં સમ્યગ્દૃષ્ટિ ઉપાદેય અનુભવે છે. આહાહા..! રાગને હેય અનુભવે છે અને આનંદનો નાથ ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ મોક્ષમાં સુખ છે, એ સુખને વર્તમાન ઉપાદેય અનુભવે છે. આહાહા..! એનો અર્થ એ થયો કે સમ્યગ્દર્શનમાં જે આનંદ આવ્યો એમાં અનંત મોક્ષસુખને ઉપાદેય જાણ્યું. સમજાય છે કાંઈ? આહાહા.. શુભ-અશુભભાવથી રહિત શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિમાં જે આનંદનો અનુભવ થયો એ આંશિક આનંદ છે, સમ્યગ્દૃષ્ટિ અનંત આનંદ એવો જે મોક્ષ, તેને એ ઉપાદેય માને છે. સમજાય છે કાંઈ? આહાહા..! આવો માર્ગ. 'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય' મુનિઓએ તો બધું સ્પષ્ટ કર્યું છે અને માર્ગ સહેલો કર્યો છે. તારી ચીજ તારી પાસે છે અને તને પ્રાપ્ત ન થાય! આહા..! તારી નજરું ત્યાં નથી. શુભ-અશુભ ભાવ જ્ઞાનીને પણ થાય છે, પણ ત્યાં

નજર નથી. સમજાય છે કાંઈ?

એ અનંત આનંદરૂપી મોક્ષદશા, એને સમ્યગ્દષ્ટિ અનંત આનંદના અનુભવમાં ઉપાદેય માને છે. **'સુખ તેને ઉપાદેય અનુભવે છે...'** ભાષા દેખો! આહાહા..! પાઠ તો એવો છે કે મોક્ષ અતીન્દ્રિય પદ, એમાં જે અનંત સુખ, મોક્ષમાં જે અનંત સુખ એને ઉપાદેય અનુભવે છે. વર્તમાનમાં તો છે નહિ, પણ આનંદસ્વરૂપ ભગવાન તરફ ઢળવાથી જે અનુભવ થાય છે, પુણ્ય-પાપના ભાવનું લક્ષ છોડીને તો અનંત સુખને જ ઉપાદેય માને છે. પોતાના આનંદની પર્યાયમાં અનંતસુખ ભગવાનને ઉપાદેય માન્યો તો પ્રગટ અનંત સુખને પણ ઉપાદેય માને છે. આહાહા..! એ રાગની વ્રતાદિની ક્રિયા હોય છે પણ એને ઉપાદેય માનતા નથી. આહાહા..! કઠણ પડે, કઠણ પડે. અભ્યાસ નહિ અને અંતરમાં એટલો રસ.. રસ, રુચિ નહિ. (બહારના) રસ ચડી ગયા છે. પુણ્ય પરિણામના રસ ચડી ગયા છે, રસ. જેમાં રસ ચડ્યો હોય ત્યાં એકાકાર થાય છે. આહાહા..!

કહે છે, આહાહા..! **'એવો છે જે કોઈ જીવ...'** 'तत् इदं' **'તે જ કર્મ જે પહેલાં જ કહ્યું હતું...'** કર્મ, જોયું! **'જેટલું-શુભક્રિયારૂપ-અશુભક્રિયારૂપ, અંતર્જલ્પરૂપ-બહિર્જલ્પરૂપ ઈત્યાદિ કરતૂતરૂપ...'** એ દેહની ક્રિયા લે છે. શુભક્રિયા-અશુભક્રિયારૂપ એ બે. અશુદ્ધ રાગાદિ પછી લેશે. જડની બહારની ક્રિયા લેશે. **'અંતર્જલ્પરૂપ-બહિર્જલ્પરૂપ...'** અંતરમાં વિકલ્પ અને બહારની (ક્રિયા) આદિ. **'ઈત્યાદિ કરતૂતરૂપ ક્રિયા...'** એક વાત. એ શરીરાદિની (ક્રિયા). **'અથવા જ્ઞાનાવરણાદિ પુદ્ગલનો પિંડ,...'** જડ કર્મ. બે વાત. **'અશુદ્ધ રાગાદિરૂપ જીવના પરિણામ...'** એ ત્રીજી વાત. એમાં આ અહીંયાં લીધું. ત્રણેને (લીધાં).

શરીરની ક્રિયા થાય છે... અહીંયાં અંતર્જલ્પ, બહિર્જલ્પને બહારમાં નાખ્યા છે. અને આઠ કર્મ, **'અશુદ્ધ રાગાદિરૂપ જીવના પરિણામ...'** આહાહા..! **'એવું કર્મ...'** દેખો! **'તે જીવસ્વરૂપનું ઘાતક છે...'** ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ! એનો શુભ-અશુભભાવ ઘાતક છે. **'એમ જાણીને આમૂલાગ્ર (સમગ્ર) ત્યાજ્ય છે...'** આહાહા..! આમૂલાગ્ર ત્યાજ્ય-મૂળમાંથી બધું ત્યાજ્ય છે. બધા મૂળના અંશ છોડી દે. મૂળમાંથી છોડવા લાયક છે. આહાહા..! સમજાય છે કાંઈ? પછી શું થાય છે એ વાત વિશેષ કરશે...(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ભાદરવા સુદ ૧૨, બુધવાર, તા.૨૪-૯-૧૯૭૭
## કળશ - ૧૦૯, પ્રવચન - ૧૦૪

દસ લક્ષણી પર્વનો આઠમો દિવસ છે. ત્યાગ, ત્યાગ ધર્મ. ત્યાગધર્મની વ્યાખ્યા શું?

जो चयदि मिट्ठभोज्जं उवयरणं रायदोससंजणयं।
वसदिं ममत्तहेदुं चायगुणो सो हवे तस्स।।૪૦૧।।

મુખ્ય તો મુનિની વ્યાખ્યા છે ને! મુનિને તો સંસાર, દેહ, ભોગના મોહનો તો ત્યાગ

છે. અંતરમાં મિથ્યાત્વ, અવ્રતનો ત્યાગ છે. સમ્યગ્દર્શન અને અનુભવની સ્થિરતાનું ગ્રહણ છે. ચારિત્ર સ્વરૂપ આનંદમાં રમણતા, એ તો છે પણ જેની સાથે કામ પડે છે એવું '**ઈષ્ટ ભોજન છોડે,...**' ભોજન લેવાની ઈચ્છા થાય છે તો એમાં ઈષ્ટ ભોજનનો.. આહાહા..! રાગ છોડવો એ ત્યાગ છે. સમ્યગ્દષ્ટિનો ત્યાગ એ છે મિથ્યાત્વભાવ અને અનંતાનુબંધીનો ત્યાગ અને સમ્યગ્દર્શન અને સ્વરૂપાચરણનું ગ્રહણ. સમજાય છે કાંઈ? ત્યાં ત્યાગધર્મ એટલો છે.

પંચમ ગુણસ્થાનમાં મિથ્યાત્વ અને અવ્રતનો એક અંશ ત્યાગ છે. સ્વરૂપમાં આનંદની એકાગ્રતા ચોથા કરતાં વિશેષ છે તો એમાં અવ્રતનો ત્યાગ અંશે આવ્યો. અંતરના વ્રતની વાત છે, હોં! બહાર નહિ. આહાહા..! છઠ્ઠે ગુણસ્થાને અવ્રતનો સર્વથા ત્યાગ અને વિરતી ભાવ છે, વિરક્ત છે. રાગથી તો વિરક્ત સમ્યગ્દર્શન થયું ત્યારથી છે. પણ અસ્થિરતાથી વિરક્ત છે. આહાહા..! એ મિષ્ટ ભોજનને તો છોડે છે.

'**रायदोससंजणयं**' જે ઉપકરણમાં, પુસ્તક, પીંછી અને કમંડલુ-ત્રણ ઉપકરણ છે. એમાં પણ '**રાગ-દ્વેષને ઉપજાવવાવાળા ઉપકરણોનો ત્યાગ કરે...**' આહાહા..! જેમાં રાગ ઉત્પન્ન થાય એવા ઉપકરણો છોડે. અંતર અનુભવ અને આનંદનો ભાવ તો છે જ. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનું પરિણમન તો છે જ, પણ હજી સંજ્વલનનો રાગ તો રહ્યો છે, તો એમાં પણ તીવ્ર રાગ થાય એવા ઉપકરણો છોડી દે. '**તથા મમત્વના કારણરૂપ વસતિકાનો ત્યાગ કરે...**' આ ત્રણ સાથે કામ પડે છે. ભોજન, ઉપકરણ, વસ્તી. મુનિને ત્રણ સાથે (કામ પડે છે). ત્રણમાં રાગ છોડી દે. એ વાત કરવી છે. સમજાય છે કાંઈ? સ્ત્રી, કુટુંબ, પરિવાર તો છે નહિ. એનો રાગ પણ નથી. આહાહા..!

અંતરમાં અતીન્દ્રિય આનંદની દશામાં વિચરનાર સંતો, એને આ ત્રણ પ્રકાર-ભોજન, ઉપકરણ અને વસ્તી, એ પ્રકારનું મમત્વ છોડી દે. એને ત્યાગી કહેવામાં આવે છે. આહાહા..! એને ત્યાગધર્મ કહેવામાં આવે છે. બહાર વસ્તુ સ્ત્રી, કુટુંબ, પરિવાર છોડ્યા માટે ત્યાગી છે, એમ નથી. કેમકે બાહ્ય વસ્તુનો તો આદાન-ઉપાદાનશૂન્ય છે. ગ્રહણ કરવું, છોડવું એનાથી તો આત્મા શૂન્ય છે. પરનું ગ્રહણ કરવું અને છોડવું એ તો છે જ નહિ. આહા..! રાગનું ગ્રહણ કરવું અને રાગને છોડવો એ જે વ્યવહાર છે, તો મુનિને રાગ તો તીવ્ર થતો જ નથી. છઠ્ઠે-સાતમે ઝુલે છે. આહાહા..! ક્ષણિકમાં છઠ્ઠે અને ક્ષણમાં સપ્તમ આનંદના અનુભવમાં, અભેદમાં અનુભવ થઈ જાય છે. તો એને તીવ્ર રાગ તો છે નહિ. પણ આ ભોજન, આદિ સામગ્રી ઉપકરણ કે વસ્તી સબંધી રાગ હોય એ છોડી દે. તેને ત્યાગધર્મ કહેવામાં આવે છે. બાહ્યનો ત્યાગ કર્યો એ ત્યાગધર્મ નહિ. અંદરમાં બાહ્યનો ત્યાગ તો છે જ. શું કહ્યું?

મુમુક્ષુ :- બધા માને છે.

ઉત્તર :- એ બધા માને છે, પછી તમારા જેવા શેઠિયા પણ માને છે. શેઠ!

ત્યાગ તો એ છે, જેમાં આનંદસ્વરૂપનું ગ્રહણ અને રાગનો ત્યાગ, એમ છે ને? આહાહા..! વીતરાગસ્વરૂપ આત્મા, એનું ગ્રહણ-અનુભવ અને રાગનો ત્યાગ કહેવો એ પણ એક ઉપચારથી કથન છે. પરના ત્યાગની વાત તો છે જ નહિ. 'સમયસાર' ૩૪ ગાથામાં

આવે છે કે, રાગનો ત્યાગ કરવો એમ કહેવું એ પરમાર્થે આત્મામાં છે જ નહિ. કેમકે રાગને ગ્રહણ જ કર્યો નથી તો છોડવો શું? આહાહા..! ઝીણી વાત, ભાઈ! માર્ગ આકરો.

આ તો આત્માના હિતની વાત છે, ભાઈ! અરે..! જન્મ-મરણ કરી કરીને, અરે..! અનંત અનંત અવતાર એકલો જન્મ-મરણ કરી દુઃખી છે. કોઈ એના જન્મ-મરણમાં સહાયક નથી. એકલો નિગોદ આદિમાં અનંત ભવ કરે છે. આહાહા..! આ મનુષ્યપણું તો માંડ અનંત કાળે મળ્યું, બાકી નિગોદની અવસ્થા (ભોગવી છે). શાસ્ત્ર તો એમ કહે છે, જેમ સ્ત્રીનું પિયર છે, પિયર, એમાં મોટી થાય છે ને? એમ પહેલા તો નિગોદના ઘરમાં જ રહે છે. આહાહા..! એમાં અનંતે કાળે માંડ કોઈ બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય આદિ થાય અને એમાં મનુષ્યપણું મળે અને એમાં આર્યક્ષેત્ર ને ઉત્તમ કુળ.. આહાહા..! એ તો દુર્લભ ચીજ છે, પણ એમાં પણ સમ્યગ્દર્શન અનંત કાળે નથી પામ્યો એ દુર્લભ છે. આહાહા..!

એ સમ્યગ્દર્શનમાં સ્વરૂપનું ગ્રહણ અને અનંતાનુબંધી રાગનો ત્યાગ, એને અહીંયાં સમકિતીનો ત્યાગધર્મ કહેવામાં આવે છે. મુનિને તો અંદર આનંદની લહેર હોય છે. આહાહા...! અતીન્દ્રિય આનંદ, જેમ સમુદ્રમાં કાંઠે ભરતી આવે છે, એમ મુનિને તો પર્યાયમાં અનંત આનંદની ભરતી આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? જેને પાંચમી ગાથામાં પ્રચુર સ્વસંવેદન કહ્યું છે. 'સમયસાર' પાંચમી ગાથા. મુનિ કહે છે કે અમારે તો પ્રચુર સ્વસંવેદન છે. અમારો વૈભવ.. કહો, 'પોપટભાઈ'! આ તમારા પૈસા ને છોકરાનો વૈભવ... નહિ? આહાહા..! અમારો વૈભવ.. 'કુંદકુંદાચાર્ય' મુનિરાજ કહે છે, સ્વસંવેદન પ્રચુર એ અમારો વૈભવ છે. અતીન્દ્રિય આનંદનું પ્રચુર વેદન થવું એ અમારો વૈભવ છે. આહાહા..! અને એ વૈભવની પ્રાપ્તિથી હું 'સમયસાર' કહીશ. પાંચમી ગાથા. આહા..! ગજબ વાત! આકરી પડે લોકોને. આહાહા..!

કાલે તો તાર આવ્યો છે. શેઠ! રાત્રે કહ્યું હતું ને? 'ગંગવાલ', 'કલકત્તા'થી. આ પુસ્તક છે એ હિન્દી નહિ છપાવવું, હિન્દીવાળાને ભેટ ન આપવા, નહિતર તોફાન થશે, ગડબડ થશે. અરર..ર..! આ..! ભેટ ન આપવું અને બહાર ન પાડવું. પહેલું પ્રકાશકીય નિવેદન છે ને? એને ફાડી નાખવું. એમ લખ્યું છે. સમાજ.. સમાજ.. મોટો. આ વાત.. પ્રભુ! આ તો જેને અંતર આત્માની લગની લાગી હોય..! આહાહા..! મારી ચીજ શું છે? મારામાં શું નથી? મારી ચીજમાં શું છે? અને મારી ચીજમાં શું નથી? મારી ચીજમાં તો જ્ઞાન ને આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા ભરી છે અને પુણ્ય-પાપના વિકલ્પનો તો મારામાં અભાવ છે. સમજાય છે કાંઈ? એવી દૃષ્ટિપૂર્વક અનુભવમાં લીન થવું એનું નામ અહીંયાં ત્યાગધર્મ કહેવામાં આવે છે.

## કળશ-૧૦૯ ઉપર પ્રવચન

હવે ચાલતો વિષય. ૧૦૯ કળશ. અહીંયાં આવ્યું છે. **'રાગાદિરૂપ જીવના પરિણામ-એવું કર્મ તે જીવસ્વરૂપનું ઘાતક છે એમ જાણીને આમૂલાગ્ર (સમગ્ર) ત્યાજ્ય છે...'** પહેલી

લીટી છે, પહેલી લીટી. પહેલી પંક્તિ છે. આહાહા..! હિન્દીમાં પહેલી પંક્તિ આ બાજુ છે. ગુજરાતી (૯૫ પાનું). હિન્દીમાં ૯૧ પાને પહેલી પંક્તિ છે. અશુદ્ધ પુણ્ય અને પાપના ભાવ એ જીવસ્વરૂપના ઘાતક છે. આહાહા..! એ કારણે, **'એમ જાણીને આમૂલાગ્ર (સમગ્ર) ત્યાજ્ય છે.'** આમૂલાગ્ર ત્યાજ્ય. આહાહા...! મૂળમાંથી છોડી દેવું. આહાહા..! નિજ ભગવાન આનંદમાં લીન થઈને રાગની ઉત્પત્તિ ન થવી, એને રાગનો આમૂલ ત્યાગ એમ કહેવામાં આવે છે. આહાહા..! રાગનો ત્યાગ કરું એમ પણ નહિ, એમાં તો દૃષ્ટિ રાગ ઉપર જાય છે. સમજાય છે કાંઈ? દયા, દાન, વ્રતાદિના વિકલ્પ છે એનો ત્યાગ કરું એમાં તો દૃષ્ટિ ત્યાં જાય છે. એમ નહિ. પણ એ તરફની અસ્થિરતા છોડી સ્વરૂપમાં સ્થિરતા થાય છે ત્યારે રાગની ઉત્પત્તિ થતી નથી, એ આમૂલાગ્ર રાગનો ત્યાગ કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

એક એક તત્ત્વ એવી ચીજ છે. અપૂર્વ વાત છે. એક ભાવ પણ યથાર્થ સમજે તો બધા ભાવ યથાર્થ સમજાય, એમ 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં છે. એક ભાવ પણ યથાર્થ-જેમ છે તેમ જો સમજે તો બધા ભાવ એને સમજાય જાય. એક ભાવ પણ યથાર્થ સમજાય નહિ તો બધા ભાવ વિપરીત ભાવ છે.

અહીંયાં કહે છે, **'तत्र संन्यस्ते सति' 'તે સઘળાય કર્મનો ત્યાગ થતાં...'** જ્યાં શુભ અને અશુભનો સર્વથા ત્યાગ થતાં **'पुण्यस्य वा पापस्य वा का कथा' 'પુણ્યનો કે પાપનો શો ભેદ રહ્યો?'** કે પાપ ત્યાજ્ય અને પુણ્ય સારું, એમ ત્યાં ક્યાં રહ્યું? આહાહા..! જ્ઞાનસ્વભાવ ભગવાનઆત્મા, એમાં લીન થવાથી પુણ્ય-પાપના ભાવ ત્યાજ્ય છે, મૂળમાંથી ત્યાજ્ય છે, તો કહે છે કે જ્યાં મૂળમાંથી ત્યાજ્ય ત્યાં પુણ્ય-પાપના બે ભેદની કથા ક્યાં? કે પાપ છોડવું અને પુણ્ય રાખવું. એ વાત છે નહિ. આહાહા..! આવો માર્ગ. **'तत्र संन्यस्ते सति'** બેમાં ભેદ શો? છે?

**'ભાવાર્થ આમ છે કે-સમસ્ત કર્મજાતિ હેય છે,...'** પુણ્યના અસંખ્ય પ્રકાર, પાપના અસંખ્ય પ્રકાર-વિકલ્પના, આહાહા..! **'સમસ્ત કર્મજાતિ હેય છે,...'** એ તો કર્મજાતિ છે. આહાહા..! એ આત્મજાત નહિ. સમજાય છે કાંઈ? **'પુણ્ય-પાપના વિવરણની શી વાત રહી?'** તો પછી પુણ્ય-પાપમાં ભેદ છે એવું ક્યાં રહ્યું? બેય કર્મજાત હેય છે. આહાહા..! આ આકરું પડે છે માણસને. એમ કે દિગંબર સંપ્રદાય પ્રમાણે વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા કરે એ દિગંબરી. કાલે પત્ર આવ્યો છે, કાલે એક આવ્યો છે. અને શ્વેતાંબર સંપ્રદાય પ્રમાણે વ્રત, નિયમ કરે એ શ્વેતાંબરી. એમાં આગળ વાત શું કરવી? આહાહા..!

અહીં તો કહે છે, દિગંબર સંપ્રદાય પ્રમાણે વ્રત, નિયમ એને કહે છે કે જેને અંદર સમ્યગ્દર્શન થયું હોય, રાગનો ત્યાગ થયો હોય, રાગની ઉપાદેયતા છૂટી ગઈ હોય, ભગવાન આનંદના નાથનું ઉપાદેયપણું અંદર પ્રગટ થયું હોય,.. આહાહા..! સમજાય છે કાંઈ? એ અંદરમાં સ્થિરતા કરે છે એનું નામ દિગંબર ધર્મ છે. એ વ્રત ને તપની ક્રિયા શુભરાગ એ તો અહીંયાં કહે છે, એ તો મૂળમાંથી છોડવા લાયક છે. એમાં પાપ છોડવા લાયક છે અને પુણ્ય ઠીક છે, એવો ભેદ રહ્યો ક્યાં? બેમાં એક ઠીક અને બીજો અઠીક, રહ્યું ક્યાં? એ તો બતાવ્યું

હતું ને?

'પ્રવચનસાર' ૭૭ ગાથા. જે કોઈ પુણ્ય અને પાપમાં વિશેષ માને છે-તફાવત માને છે, પુણ્ય ઠીક અને પાપ અઠીક, એ ઘોર સંસારમાં હિંડંતિ. આહાહા..! આવી વાત છે. શુભ અને અશુભભાવ, પુણ્ય અને પાપ, બેમાં વિશેષ માને છે કે આ પુણ્ય-પાપમાં ફેર છે, એ વિશેષ માનનાર, બેને સરખા નહિ માનનારા ઘોર સંસારમાં હિંડંતી. એવો પાઠ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

દાનનો ભાવ શુભભાવ અને કંજૂસનો ભાવ અશુભભાવ. અહીંયાં તો બેય ભાવનો ત્યાગ બતાવવો છે. સમજાય છે કાંઈ? દાનનો અધિકાર ચાલે ત્યારે એ વાત આવે છે... સમજાય છે કાંઈ? 'પદ્મનંદી પંચવિંશતી' ભાઈ! તને પૂર્વના પુણ્યના કારણે પાંચ, પચાસ લાખ કે બે-ચાર કરોડ મળ્યા તો જેમ કાગડો, માણસે ભોજનને ખાધા પછી ઉકડિયા.. ઉકડિયા... શું કહે છે? ખુરજન. માણસ ભોજન જમ્યા પછી ઉકડિયા નાખી દે છે. એમાં કાગડો એકલો નથી ખાતો, કાગડો એકલો નથી ખાતો. કાંઉ.. કાંઉ કરી પાંચ-પચ્ચીસ કાગડાને બોલાવીને ખાય છે. 'પદ્મનંદિ પંચવિંશતી'માં (આવે છે).

એમ તને આ ઉકડિયાનું ફળ-પાંચ-પચાસ લાખ, કરોડ-બે કરોડ, પાંચ કરોડ મળ્યું છે. એ પૂર્વના શુભભાવ જે આત્માની શાંતિ દાઝી હતી, એ ઉકડિયાનું ફળ છે, જે તને બે-પાંચ કરોડ મળ્યા છે. આચાર્ય તો ત્યાં કહે છે, કાગડો એકલો ન ખાય. એમ તારા ઉકડિયાનું-પુણ્યનું ફળ મળ્યું, જો એકલો ખાઈશ તો કાગડામાંથી જઈશ. જ્યારે જે અધિકાર હોય ત્યારે તે ચાલે. છે તો એ પુણ્યનો અધિકાર. સમજાય છે કાંઈ? શુભભાવનો. પાપ કરતાં શુભભાવની વાત કરવી હોય તો એમ બતાવે કે પૂર્વના પુણ્યને કારણે એ ઉકડિયા હતા, બંધન હતું. એનાથી તને આ થોડી ધૂળ મળી છે. એમાં તું એકલો કુટુંબ અને કબીલા માટે ખાઈશ તો તું કાગડામાંથી જઈશ, યાદ રાખ! 'પદ્મનંદિ પંચવિંશતિ' દાન અધિકારમાં. બધું વાંચ્યું છે. આહાહા..! ત્યાં આગળ એ રાગની મંદતા કરવા અને તીવ્રતા છોડવા બતાવ્યું છે. અહીંયાં તો પુણ્ય અને પાપ બે ધર્મ નથી એમ બતાવવું છે. સમજાય છે કાંઈ? આહાહા..!

**'પુણ્યનો કે પાપનો શો ભેદ રહ્યો? આ વાત નિશ્ચયથી જાણો.'** આવી વાત નિશ્ચયથી જાણો (કે) શુભ અને અશુભભાવ બેયમાં કાંઈ ફેર નથી. બેય રાગ, બેય મેલ, બેય દુઃખ, બેય વિભાવ (છે). આહાહા..! જેણે ધર્મદૃષ્ટિ કરવી હોય તેણે તો બેય બંધનું કારણ છે એમ હેય જાણીને સ્વરૂપની દૃષ્ટિ અને સ્વરૂપની રમણતા કરવી. આહા..! આ વાત છે. સમજાય છે કાંઈ?

**'પુણ્ય-પાપના વિવરણની શી વાત રહી?' 'પુણ્યકર્મ ભલું એવી ભ્રાન્તિ ન કરો.'** છે? **'આ વાત નિશ્ચયથી જાણો. પુણ્યકર્મ ભલું એવી ભ્રાન્તિ ન કરો.'** આહાહા..! શુભભાવ ઠીક છે, એવી ભ્રાન્તિ, ભ્રમ (ન કરો). ભગવાન આનંદસ્વરૂપ, એનાથી વિરૂદ્ધનો શુભભાવ ઠીક છે એવી ભ્રાન્તિ ન કરો. સમજાય છે કાંઈ?

'ज्ञानं मोक्षस्य हेतुः भवन् स्वयं धावति' આહાહા..! **'આત્માનું શુદ્ધચેતનારૂપ પરિણમન...'** એનો ત્યાગ બતાવ્યો તો હવે કરવું શું? આહાહા..! **'આત્માનું શુદ્ધ...' 'જ્ઞાન'**

શબ્દ લીધો ને? '**આત્માનું શુદ્ધચેતનારૂપ પરિણમન...**' શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ત્રિકાળ છે એનું વર્તમાનમાં શુદ્ધ ચૈતન્યનું પરિણમન (થવું), જેમાં રાગના અંશનો અભાવ (છે) અને નિર્મળતાનો સદ્‌ભાવ (છે). આહાહા..! છે? '**શુદ્ધચેતનારૂપ પરિણમન મોક્ષનું અર્થાત્ સકળ-કર્મક્ષયલક્ષણ એવી અવસ્થાનું કારણ...**' મોક્ષનું કારણ તો આ છે. શુદ્ધ ચૈતન્યસ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રનું પરિણમન (થવું) એ મોક્ષનું કારણ છે. સમજાય છે કાંઈ? પુણ્ય-પાપ બેય બંધનું કારણ, સંસારકારણ છે. આહાહા..! કહ્યું? '**શુદ્ધચેતનારૂપ પરિણમન મોક્ષનું અર્થાત્ સકળ-કર્મક્ષયલક્ષણ એવી અવસ્થાનું કારણ...**' છે. કારણ છે.

'**સ્વયં દોડે છે એવું સહજ છે.**' આહાહા..! કહે છે કે રાગ વિના પોતાની જે વસ્તુ છે એમાં દૃષ્ટિ કરી સ્થિરતા કરે છે તો શુદ્ધ પરિણતિ દોડે છે. આવ્યું? નિર્મળ પરિણતિ એક પછી એક નિર્મળ પરિણતિ ઉત્પન્ન થાય છે. એ મોક્ષનું કારણ છે. ભાષા જોઈ? '**સ્વયં દોડે છે...**' છે? '**स्वयं धावति**', '**स्वयं धावति**' '**સ્વયં દોડે છે...**' આહાહા..! શુદ્ધ ચૈતન્યસ્વભાવ ત્રિકાળી પરમ પવિત્ર પ્રભુ, એના અવલંબને જે શુદ્ધ ચૈતન્ય પરિણતિ-પર્યાય ઉત્પન્ન થાય છે એ મોક્ષનું કારણ છે અને સ્વયં દોડે છે. સમજાય છે કાંઈ? આ સ્વયં દોડે છે એમ કેમ કહ્યું? કે પુણ્યના ભાવની સહાયતા વિના શુદ્ધ પરિણતિ સ્વયં દોડે છે. બે શબ્દ પડ્યા છે. '**स्वयं धावति**'. આ તો ગંભીર શબ્દ છે. સ્વયં નામ સ્વયં. એ શુદ્ધ પરિણતિ પરની સહાયતા વિના, વ્યવહાર રત્નત્રયની સહાયતા વિના પોતાની શુદ્ધ પરિણતિ સ્વયં દોડે છે-'**धावति**' છે. આહાહા..! સમજાય છે કાંઈ? સ્વયં શબ્દ કહીને (એમ કહેવું છે કે) જ્યાં વ્યવહારની અપેક્ષા નથી, એમ કહે છે. વ્યવહાર રત્નત્રયનો જે શુભરાગ છે એની અપેક્ષા જ્યાં નથી, શુદ્ધ ચૈતન્યસ્વભાવ સ્વયં પોતાથી પોતાની પરિણતિમાં દોડે છે નામ શીઘ્ર કામ કરે છે. આહાહા..! આ વાત!

શુદ્ધ સ્વરૂપ જે નિજ પરમાત્મસ્વરૂપ, એનો આશ્રય લેવાથી પુણ્યના પરિણામનું અવલંબન અને આશ્રયની સહાયતા વિના.. આહાહા..! વ્યવહાર રત્નત્રયની અપેક્ષા અને આશ્રય લીધા વિના, પોતાનો સ્વયં શુદ્ધ સ્વભાવ, પોતાથી નિર્મળ પરિણતિ દોડે છે. એનો અર્થ કે એ પરિણામ નિર્મળ કરતાં કરતાં દોડતાં અલ્પકાળમાં સ્વયં પૂર્ણ થઈ જશે અને કેવળજ્ઞાન થઈ જશે. આહાહા..! શીઘ્ર શુદ્ધ પરિણતિ દોડતી દોડતી કેવળજ્ઞાન લઈ લેશે. આહાહા..! અહીં મોક્ષનું કારણ કહેવું છે. સ્વયં દોડે છે એ કારણ છે, તો એ દોડતાં દોડતાં એને જાવું છે ક્યાં? પૂર્ણ કેવળજ્ઞાન પ્રાપ્ત કરવા ત્યાં જાવું છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવો ઉપદેશ એટલે માણસને... નહિતર તો પુસ્તક તો બહુ સારું આવ્યું છે, પણ હવે એવું નીકળ્યું. હિન્દી છપાશે, જેને જરૂર હશે એ લેશે. બાકી પુસ્તક તો બહુ સરસ! પણ અરે..! જગતને વાડાબંધી. પોતાની દૃષ્ટિથી બંધાયેલા હોય એને આ વાત રુચે નહિ. આહાહા..! આ શું કહે છે?

એમાં પણ કેટલાક 'જિનેશ્વરદાસ'ના ગામના 'રતનચંદજી' કહે છે, એમાં સુધારો કરવો, એમ કહેતા હતા. આ 'કળશટીકા'માં સુધારો કરવો. પછી અટકી ગયા ને બહાર આવ્યું

હતું. આહાહા..! અરે..! પ્રભુ! તું કેટલો સુધારો કરીશ? એમ કે બહુ નિશ્ચયની વાતને ઊડાવી દીધી હોય અને વ્યવહારને સુધારી દેવો. શું સુધારી દેવું? પ્રભુ! તું સુધરી જા ને. આહાહા..! તારી દૃષ્ટિમાંથી પુણ્ય-પાપના ભેદ છે એ કાઢી દે ને! તું સુધરી જઈશ. તારામાંથી પુણ્ય ઠીક અને પાપ અઠીક એવો ભેદ કાઢી નાખ. એ અર્થ ફેરવીશ તો નહિ નીકળે. છાપામાં આવ્યું હતું. સુધારો કરી નાખવો ને 'કળશટીકા'માં પણ આમ છે ને તેમ છે. આહાહા..! પછી કાંઈ કહ્યું નહિ. અહીંથી ચાર હજાર છપાવાના છે, હિન્દી અહીંયાં છપાશે પણ જેને લેવા હોય એ લેશે, સામેથી નહિ આપવા. બસ એટલું! આવી અમૃત ચીજ છે એ સામેથી નહિ આપવી, લેવી હશે એ લેશે. એવો નિર્ણય રાત્રે લીધો. 'રામજીભાઈ'એ કહ્યું. આહા..! કેવી ચીજ હતી!

કહે છે, આહાહા..! **'ભાવાર્થ આમ છે કે-જેમ સૂર્યનો પ્રકાશ થતાં સહજ જ અંધકાર મટે છે...'** આહાહા..! સહજ જ અંધકાર મટે છે. અંધકાર મટાડવો નથી પડતો. આહાહા..! જ્યાં પ્રકાશ થયો ત્યાં અંધકાર ઉત્પન્ન થતો જ નથી ત્યાં નાશ કરવો રહ્યો ક્યાં? એમ કહે છે. આહાહા..! **'તેમ જીવ શુદ્ધચેતનારૂપ પરિણમતાં...'** ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપની અભિમુખ થઈ શુદ્ધ ચૈતન્યનું પરિણમન થતાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની શુદ્ધ પરિણતિ થતાં. શુદ્ધ પરિણતિ એટલે આ. આહાહા..! **'પરિણમતાં સહજ જ સમસ્ત વિકલ્પો મટે છે.'** દેખો! જેમ પ્રકાશ સૂર્યનો પ્રકાશ થતાં સહજ જ અંધકાર મટે છે એમ શુદ્ધ ચેતનારૂપ પરિણમતાં સહજ જ સમસ્ત વિકલ્પ. સમસ્તમાં શુભભાવનો વિકલ્પ પણ મટી જાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવો માર્ગ છે એને હવે રુચે નહિ.

અમે માનીએ છીએ કે આ વ્રત ને તપ ને આ કરીએ છીએ. સમ્યગ્દર્શન વિના, હોં! એનાથી ધર્મ થાય છે. એનાથી વિરૂદ્ધ કહો તો, નહિ. અરે..! ભગવાન! શું થયું? આહા..! શરણભૂત વસ્તુનો અનાદર અને અશરણભૂતનો આદર! એ શુભભાવ આદિ તો અશરણભૂત છે, શરણ નહિ. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ભગવાનનું શરણ લેવું તો શુદ્ધ ચૈતન્ય પરિણતિ એ શરણ છે. વીતરાગી પરિણતિ એ શરણ છે. આહાહા..! સમજાય છે કાંઈ? અરેરે..! આવું મનુષ્યપણું મળ્યું અને તિર્યંચને મનુષ્યપણું ન મળ્યું તો મનુષ્યપણું મળ્યું પણ જો આ સત્ય સમજણ અને સમ્યગ્દર્શન ન કર્યું તો આ મનુષ્યપણું મળ્યું, ન મળ્યું બધું બરાબર છે. આહાહા..! પશુને મળ્યું નહિ અને તને મળ્યું, પણ કામ ન કર્યું. આહાહા..!

અંદરમાં શુદ્ધ ચૈતન્ય ભગવાન, એની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એવું શુદ્ધ ચૈતન્ય પરિણમન થતાં સહજ સમસ્ત વિકલ્પ મટે છે. સૂર્યના પ્રકાશમાં અંધકારની ઉત્પત્તિ નહિ, એમ શુદ્ધ ચૈતન્યના પરિણમનમાં વિકલ્પની ઉત્પત્તિ નથી. આહાહા..! આવો માર્ગ. અંતર્મુખ થવાનો માર્ગ છે આ તો. બહિર્મુખની જેટલી વૃત્તિઓ, વિકલ્પ છે એ બધું બંધનું કારણ છે. સમજાય છે કાંઈ? ત્યારે કહે, પણ આ તો બહુ નિશ્ચયની વાત છે, એનું કોઈ સાધન? ઈ જ સાધન છે. સ્વરૂપની શુદ્ધ પરિણતિ એ જ મોક્ષનું સાધન છે. આહાહા..! પ્રજ્ઞાછીણી કહ્યું ને? આહા..!

**'સમસ્ત વિકલ્પો મટે છે.'** કઈ રીતે? શુદ્ધ સ્વરૂપ જે દ્રવ્ય સ્વભાવ, એના અવલંબનથી વિકલ્પ રહિત નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિ છે ત્યાં સમસ્ત વિકલ્પો મટે છે. સૂર્યના પ્રકાશમાં

અંધકાર નથી રહેતો, એમ શુદ્ધ પરિણમનમાં વિકલ્પનો અંધકાર નથી રહેતો. આહાહા..! આવી વાત આકરી પડે માણસને. બાપુ! અનંતકાળથી રખડે છે, ભાઈ! ક્યાંય સુખ નથી, ભાઈ! એ સુખનો સાગર તો ભગવાન છે ને, ભાઈ! આહાહા..! એ સુખનો સાગર ભગવાન, ત્યાં આગળ જા ને, ભાઈ! આહાહા..! સમજાય છે કાંઈ? પુણ્ય-પાપના ભાવ તો દુઃખનો દરિયો છે. આહાહા..! વિકલ્પની જાળ, આકુળતાનું કારણ અને એ તો આકુળતારૂપ છે. ભગવાન આનંદનું કારણ અને આનંદરૂપ છે. આવી વાત છે. આહાહા..!

અહીં તો બહારથી અહીંથી મળશે, અહીંથી મળશે. સ્ત્રીમાંથી સુખ મળશે, પૈસામાંથી સુખ મળશે, આબરૂમાંથી સુખ મળશે, વેપાર-ધંધા ખૂબ જામી જાય તો સુખ મળશે. મૂઢ છે માળો. મારી નાખ્યો જીવને તેં. ચૈતન્યસાગર આનંદથી અંદર ડોલે છે. આહાહા..! અતીન્દ્રિય આનંદનો સાગર પરમાત્મા ત્યાં નજરું કર્યા વિના તને સુખ નહિ મળે. પુણ્ય-પાપમાં તો સુખ નહિ અને પુણ્ય-પાપના ફળ બહારથી અનુકૂળ-પ્રતિકૂળ મળે એમાં પણ સુખ નથી. આહાહા..! ગધેડા ઉપર ચંદનનો ભાર. ગધેડાને ચંદનની સુગંધ નહિ. આહાહા..! એમ ભગવાનઆત્મા ઉપર વિકલ્પના મોટા ભાર. આહાહા..! એને આત્માની સુગંધ નહિ. સમજાય છે કાંઈ?

'કેવું છે જ્ઞાન?' **'મટે છે, જ્ઞાનાવરણાદિ કર્મ અકર્મરૂપ પરિણમે છે,...'** દેખો ભાષા! ભાઈએ લખ્યું છે. 'જૈન તત્ત્વ મિમાંસા' 'જૈન તત્ત્વ મિમાંસા'માં 'ફૂલચંદજી'એ લખ્યું છે કે ચાર કર્મ નાશ થવાથી કેવળજ્ઞાન થાય એમ તું કહે છે, તો એમ છે નહિ. ચાર કર્મના નાશથી તો અકર્મ પર્યાય થાય છે. કર્મની પર્યાય જે થાય છે એ વ્યય થઈને અકર્મરૂપ પર્યાય થાય છે. 'જૈન તત્ત્વ મિમાંસા'માં લખ્યું છે. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીંયાં તો મોક્ષની કેવળજ્ઞાનની પર્યાય તો અંદર દ્રવ્યના આશ્રયે ઉત્પન્ન થાય છે. આહાહા..! પૂર્વનો મોક્ષનો માર્ગ છે એનાથી પણ કેવળજ્ઞાન પર્યાય ઉત્પન્ન થતી નથી. એ પણ વ્યવહાર કથન છે. આહાહા..! દ્રવ્યમાં એ કેવળજ્ઞાનની-સર્વજ્ઞની શક્તિ પડી છે એ શક્તિનું વર્તમાનમાં વ્યક્તતા, વર્તમાનમાં સીધું વ્યક્ત પરિણમન થાય એ સર્વજ્ઞપણું અને મોક્ષ છે. આહાહા..! એ મોક્ષ-કેવળજ્ઞાન ચાર કર્મનો નાશ થયો માટે ઉત્પન્ન થયું એમ નથી. તેમ પૂર્વની મોક્ષમાર્ગની પર્યાય હતી એ ગઈ અને કેવળજ્ઞાન થયું એમ પણ નથી. ગઈ એમાંથી થવાનું ક્યાંથી આવ્યું? અંદરમાં ભગવાન પૂર્ણાનંદનો નાથ સર્વજ્ઞસ્વભાવી વસ્તુ, એમાંથી પરિણમન થઈને સર્વજ્ઞપણું થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? વસ્તુની સ્થિતિ તો આવી મર્યાદામાં રહી છે. સમજાય છે કાંઈ?

કાલે કહ્યું હતું ને? જિનશાસનને ઓળંગતો નથી. ધર્મી જૈનશાસનને ઓળંગતો નથી. નિજ સ્વરૂપને ઓળંગતો નથી, રાગમાં જતો નથી. આહાહા..! રાગ થાય છે, પણ એનો જાણનાર રહે છે. રાગ મારો છે એમ ધર્મી માનતો નથી. આહાહા..! અહીં તો એ રાગની ક્રિયાને મોક્ષનો માર્ગ તો ઠીક, નહિતર એકાંત છે. ભગવાન! તારી વસ્તુમાં...

'અનુભવપ્રકાશ'માં ઈ કહ્યું છે, કે તારી શુદ્ધતા તો મોટી પણ તારી અશુદ્ધતા પણ મોટી. તીર્થંકરો જેવાને તેં સાંભળ્યા પણ તેં અશુદ્ધતા છોડી નહિ. શુદ્ધતા તો મોટી છે, મહા

ભગવાન પરમાનંદમૂર્તિ પ્રભુ છે, પણ તારી અશુદ્ધતા પણ મોટી કે તીર્થંકર જેવા સમવસરણમાં મળ્યા, સાંભળ્યા પણ તેં અશુદ્ધતા છોડી નહિ. આહાહા..! 'અનુભવપ્રકાશ'માં છે. 'દીપચંદજી'.

અહીંયાં કહે છે, ભગવાન! તું એકવાર તારા નાથને સંભાળ ને! એ રાગ તારી ચીજ નહિ, પ્રભુ! તારા દ્રવ્યમાં-ગુણમાં એ વસ્તુ જ નથી. પર્યાયમાં ઉત્પન્ન થઈ એ તો નિમિત્તાધીન વિકૃત અવસ્થા છે. તો વસ્તુ સ્વભાવનો.. સ્વભાવનો સાગર છે ને આત્મા. એ સ્વભાવનું પરિણમન પર્યાયમાં થવાથી અશુદ્ધ પરિણામ મટે છે. આહાહા..! અને જ્ઞાનાવરણી અકર્મરૂપ પરિણમે છે. રાગાદિ અશુદ્ધ પરિણામ મટે છે. છે ને?

'**કેવું છે જ્ઞાન?**' સ્વરૂપ ભગવાન આનંદકંદ પ્રભુ કેવો છે? '**नैष्कर्म्यप्रतिबद्धम्**' '**નિર્વિકલ્પસ્વરૂપ છે.**' એ '**नैष्कर्म्यप्रतिबद्धम्**' છે. '**નિર્વિકલ્પસ્વરૂપ છે.**' ભગવાન તો નિર્વિકલ્પ રાગ વિનાનું નિર્વિકલ્પસ્વરૂપ છે. એ દયા, દાનના વિકલ્પથી રહિત તારી ચીજ નિર્વિકલ્પ સ્વરૂપ છે. આહાહા..! એ ચીજમાં વિકલ્પનો તો અવકાશ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? '**नैष्कर्म्यप्रतिबद्धम्**' '**नैष्कर्म्यप्रतिबद्धम्**' નિષ્કર્મ સાથે પ્રતિબદ્ધ છે. એટલે નિર્વિકલ્પ સ્વરૂપ છે. આહાહા..! ભગવાન! તારી ચીજમાં વિકલ્પમાત્ર તો નથી, નિર્વિકલ્પથી પ્રતિબદ્ધ તારી વસ્તુ છે. તારું સ્વરૂપ નિર્વિકલ્પ છે. પ્રતિબદ્ધનો અર્થ ઈ કર્યો. આહાહા..! હજી શ્રદ્ધામાં પણ વાત બેસે નહિ, એ ક્યાંથી અનુભવ કરે? આહાહા..! ઝઘડા.. ઝઘડા.. ઝઘડા.

'**વળી કેવું છે?**' '**उद्धतरसं**' '**પ્રગટપણે ચૈતન્યસ્વરૂપ છે.**' '**उद्धतरसं**' જેનો ચૈતન્યરસ છે. આહાહા..! જ્ઞાનસ્વરૂપ ઉદ્ધત (છે). કોઈને ગણતું નથી, રાગને ગણતું નથી. માણસ નથી કહેતા? આ ઉદ્ધત છે, કોઈને ગણતો નથી. એમ જ્ઞાનરસ કોઈને-રાગાદિને ગણતો નથી. સમજાય છે કાંઈ? આહાહા..! થોડી પણ સત્ય વાત હોવી જોઈએ. મોટી મોટી વાતું કરે અને સત્યતા હાથ ન આવે, એ કાંઈ ચીજ છે? આહાહા..!

કહે છે કે, ભગવાન નિષ્કર્મ પ્રતિબદ્ધ છે-આત્મા. નિર્વિકલ્પ સ્વરૂપ છે અને ઉદ્ધત જેનો રસ છે. આહાહા..! ઉદ્ધતરસનો અર્થ શું કર્યો? '**પ્રગટપણે ચૈતન્યસ્વરૂપ છે.**' આહાહા..! ઉદ્ધત ચૈતન્યરસ છે. એ ચૈતન્યરસ અદ્‌ભુતરસ રાગને, વ્યવહારને કોઈને ગણતો નથી. તારી મને સહાયતા નથી, તારી મને સહાયતા નથી. મારી સહાયતા સ્વયંસિદ્ધ છે. આહાહા..! આવી વાત. '**શાથી મોક્ષનું કારણ થાય છે?**' ચૈતન્ય નિર્વિકલ્પ સ્વરૂપ, ઉદ્ધતરસ એટલે પ્રગટ ચૈતન્યસ્વરૂપ '**શાથી મોક્ષનું કારણ થાય છે?**' આહાહા..! સ્વરૂપ તો ત્રિકાળ ચૈતન્ય પ્રગટ છે, એમ કહે છે. વસ્તુ તો પ્રગટ ચૈતન્યસ્વરૂપ અખંડાનંદ પ્રભુ (છે). જ્ઞાન ને આનંદના રસથી ભરેલો પ્રભુ આત્મા છે.

'**શાથી મોક્ષનું કારણ થાય છે?** '**सम्यक्त्वादिनिजस्वभावभवनात्**' પેલો વિકલ્પ એ નિજ સ્વભાવ નહિ. '**सम्यक्त्वादिनिजस्वभावभवनात्**' '**જીવના ગુણ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એવા છે...**' આહાહા..! '**જે જીવના ક્ષાયિક ગુણ તેમના પ્રગટપણાને લીધે...**'

આહાહા..! ઠેઠ લેવું છે. ક્ષાયિક સમ્યગ્દર્શન થાય છે અને ક્ષાયિક કેવળજ્ઞાન પણ એ શુદ્ધ પરિણતિને કારણે થાય છે. આહાહા..! જીવનો ક્ષાયિક ગુણ નિજસ્વભાવ. તેના પ્રગટપણાને લીધે. 'भवनात्' 'भवनात्' પરિણમનમાં પ્રગટપણાને લીધે. આહાહા..!

'**ભાવાર્થ આમ છે-કોઈ આંશકા કરશે કે મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે મળીને છે.**' શું કહે છે? મોક્ષમાર્ગ તો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણે મળીને છે અને આપ તો જ્ઞાન, જ્ઞાન જ કરો છો. સમજાય છે કાંઈ? જ્ઞાન મોક્ષમાર્ગ, જ્ઞાન મોક્ષમાર્ગ. શુદ્ધ ચૈતન્યનું પરિણમન મોક્ષમાર્ગ, શુદ્ધ ચૈતન્યનું પરિણમન મોક્ષમાર્ગ (કહો છો) અને મોક્ષમાર્ગ તો દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણે છે, અને આપ તો એકલું જ્ઞાન જ્ઞાન કરો છો. સમજાય છે કાંઈ? માથે ઈ કહ્યું હતું ને? જ્ઞાનં. આવ્યું હતું ને ઈ? (મોક્ષમાર્ગ તો ત્રણે મળીને) મોક્ષનું કારણ કહ્યું છે અને આપ તો જ્ઞાન, જ્ઞાન (કરો છો). સાંભળ તો ખરો, પ્રભુ!

'કોઈ આશંકા કરશે કે **મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે મળીને છે. અહીં જ્ઞાનમાત્ર મોક્ષમાર્ગ કહ્યો તે કઈ રીતે કહ્યો?**' એકલું જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન મોક્ષનો માર્ગ. ભગવાને તો દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણેને કહ્યો છે. આપે એકલા જ્ઞાનને કેમ કહ્યો? '**તેનું સમાધાન આમ છે કે શુદ્ધસ્વરૂપ જ્ઞાનમાં સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર સહજ જ ગર્ભિત છે,..**' આહાહા..! શુદ્ધસ્વરૂપ જ્ઞાન (અર્થાત્) પરિણમન, હોં! ત્રિકાળી શુદ્ધ સ્વરૂપ છે એમાં શુદ્ધ પરિણમન. જ્ઞાનનું શુદ્ધ વર્તમાન પરિણમન. એમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર ગર્ભિત છે. એમાં '**સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર સહજ જ ગર્ભિત છે,...**' આહાહા..! ઈ શું કહ્યું? આપ તો એમ કહેતા આવ્યા છો, બે-ત્રણ ઠેકાણે આવ્યું, હોં! સમજ્યા? ૮મા પાને પણ છે, ૩૩ મા પાને પણ છે, ૯૧માં આવ્યું. બે ઠેકાણે આવ્યું છે, પહેલાં આવી ગયું છે.

એમ કે આત્મા જ્ઞાનસ્વરૂપ.. જ્ઞાનસ્વરૂપ.. જ્ઞાનસ્વરૂપ (છે) અને જ્ઞાનસ્વરૂપ પરિણમન થવું એવો મોક્ષમાર્ગ (છે). તો આપે તો એકલા જ્ઞાનને મોક્ષમાર્ગ કહ્યો. ભગવાને તો દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણેને મોક્ષમાર્ગ કહ્યો. સાંભળ તો ખરો, પ્રભુ! '**શુદ્ધસ્વરૂપ જ્ઞાનમાં...**' વર્તમાન પરિણમન પુણ્ય-પાપ, દયા, દાનના વિકલ્પથી રહિત શુદ્ધ સ્વરૂપ જ્ઞાનના પરિણમનમાં '**સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર સહજ જ ગર્ભિત છે,...**' સમજાય છે કાંઈ? આહાહા..! જ્ઞાનસ્વરૂપ પૂર્ણ પ્રભુ, એનું વર્તમાનમાં જ્ઞાનમય પરિણમન થવું એ મોક્ષનું કારણ કહ્યું. તો જ્ઞાનના પરિણમનમાં દર્શન અને ચારિત્ર ગર્ભિત છે. એ જ્ઞાનના પરિણમનમાં પ્રતીતિ, લીનતા ત્રણે એમાં છે. આરે..! આવી વાતું, લ્યો. સહજ છે. આહાહા..!

'**સહજ જ ગર્ભિત છે.**' સહજ જ ગર્ભિત છે. ભગવાન ચૈતન્ય શુદ્ધ વસ્તુ, એનું શુદ્ધ પરિણમન સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનું પરિણમન, એને અમે જ્ઞાનનું પરિણમન કહ્યું અને મોક્ષનું કારણ કહ્યું તો એ જ્ઞાનના પરિણમનમાં સમ્યગ્દર્શન, ચારિત્ર અંદર ગર્ભિત છે જ. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

જ્ઞાન છે એ અસાધારણ સ્વભાવ છે, અસાધારણ ગુણ છે. તેથી જ્ઞાનમાત્ર આત્મા કહ્યો. પણ એકલું જ્ઞાન.. એ તો બપોરે ચાલે છે કે એકલું જ્ઞાનમાત્ર કહ્યું માટે જ્ઞાનમાત્ર જ છે એમ નથી. અનંત ગુણની પર્યાય એમાં જ્ઞાનની પરિણતિમાં ઉછળે છે. આહાહા..! આવો

ઉપદેશ એટલે લોકોને... અને પર્યુંષણના દિવસો હોય, અપવાસ કરો, આ કરો, આ કરો. હોય ઈ, રાગની મંદતા હો તો ભલે હો, પણ એ ધર્મ છે (એમ નથી). અશુભથી બચવા શુભભાવ હો, પણ એ તપસ્યા છે એમ નથી.

એ તો કાલે આવ્યું ને? તપસ્યા તો એને કહીએ.. કાલે આવ્યું હતું, કે સમ્યક્ અનુભવ દર્શન, જ્ઞાન પૂર્વક ચારિત્ર જે છે એ ચારિત્રમાં ઉગ્ર ઉદ્યમ કરવો એ તપ છે. ચારિત્રમાં ઉદ્યમ ઉગ્ર કરવો એ તપ છે. પણ હજી સમ્યગ્દર્શન અને ચારિત્ર નથી ત્યાં તપ ક્યાંથી આવ્યું? આહાહા..! કાલે તપનું આવ્યું હતું. આહાહા..! આવી વ્યાખ્યા તો... 'માંગીલાલજી'! ક્યાંય સાંભળવા મળે નહિ. નહિ? તપ.. તપ. તપયન્તે ઈત તપઃ. આહાહા..! ભગવાનઆત્મા નિજ શુદ્ધ સ્વરૂપનો અનુભવ, એમાં પ્રતીતિ અને એમાં લીનતા. એ લીનતામાં ઉગ્ર પુરુષાર્થ, એને તપ કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

એક આર્જિકા એમ કહેતી હતી, ચર્ચા. છે ને આપણે અહીંયાં? 'વેજલકા'ના. 'ચંદુભાઈ' છે અત્યારે અહીં? નથી. 'વેજલકા'ના 'ચંદુભાઈ' છે. છે? ગયા હશે. ઈ ત્યાં 'વડોદરા'માં ચર્ચા થઈ હતી. 'લીલાવતી' આર્જિકા સાથે. 'ચંદુભાઈ'એ કીધું, ધર્મ તો વીતરાગ એ બીજી વસ્તુ છે. તો કહે, તમે ગમે તે કહો, પણ અપવાસ એ તપ છે અને તપ છે એ નિર્જરા છે અને નિર્જરા તે ધર્મ છે. અમે તો એ માનીએ, બીજું ન માનીએ. 'લીલાવતી' (કરીને છે). આહા..! તપસ્યા, પણ કઈ? બાપુ! છોકરાઓ અત્યારે તો હજારો તૈયાર થઈ ગયા છે. હજારો. સેંકડો તો વ્યાખ્યાનવાળા થઈ ગયા છે, હજારો તો ચર્ચાવાળા થઈ ગયા છે. ૪૩ વર્ષ થયા ને.

'વેજલકા'ના છે, એક 'ચંદુભાઈ' છે. 'રાણપુર' પાસે ગામ છે. 'વડોદરા' રહે. એ એની પાસે ગયા હશે. એ કહે, તમે ભલે બધું કહો પણ અપવાસ એ તપ છે અને તપ તે નિર્જરા છે અને એ ધર્મ છે. અરે..! ભાઈ! એ તપ તો બધો વિકલ્પ છે. જો રાગની મંદતા હોય તો. માન માટે, આબરૂ માટે અને જગતમાં પ્રશંસા માટે કરતા હોય તો પાપ છે. સમજાય છે કાંઈ? એ ન માને. કારણ કે બાર પ્રકારના તપ ચાલ્યા છે ને? તો બાર પ્રકારના તપમાં તો અનશન, ઉણોદરી, વૃત્તિપરિસંખ્યાન, વિનય, વૈયાવચ્ચ, સજ્ઝાય, ધ્યાન અને કાયોત્સર્ગ (આદિ બધું આવે). પણ એ બધા વિકલ્પની વાતું છે, ભાઈ! આહાહા..! તપમાં તો ણમો અરિહંતાણંને પણ તપમાં ગણવામાં આવ્યું છે. લ્યો, સજ્ઝાયમાં. એનો અર્થ શું? એ વિકલ્પ છે એનાથી ભિન્ન ભગવાનઆત્માનો સ્વ-અધ્યાય. સ્વાધ્યાય-સ્વનો અનુભવ કરવો એ સ્વાધ્યાય છે. એ તપ છે.

આમ તો શાસ્ત્ર સ્વાધ્યાય અનંતવાર કર્યો. અગિયાર અંગ ભણ્યો. નવ પૂર્વની લબ્ધિ પ્રગટી, એમાં શું થયું? આહાહા..! એ કોઈ ચીજ નથી. અગિયાર અંગના એક એક અંગમાં અઢાર હજાર પદ અને એક પદમાં એકાવન કરોડ ઝાઝેરા શ્લોક. એવા અગિયાર અંગ કંઠસ્થ કર્યા. હવે અહીં તો ક્યાં તારા કરોડ-ફરોડ પણ છે. એકાવન કરોડ ઝાઝેરા શ્લોક તો એક પદમાં, એવા અઢાર હજાર પદ આચારાંગ, છત્રીસ હજાર પદ સૂયગડાંગ, બોંતેર હજાર પદ ઠાણાંગ. ડબલ. એવા અગિયાર અંગ કંઠસ્થ કર્યા, એમાં શું થયું? પત્થરમાં શાસ્ત્રની કોતરણી

કરી તો પત્થર હળવો થઈ જશે? શાસ્ત્ર એમાં લખ્યા હોય અને પાણીમાં નાખે તો તરશે? શાસ્ત્ર લખ્યા છે ને? એમ મનમાં શાસ્ત્ર લખ્યા છે-કોતરણી (કરી છે). સમજાય છે કાંઈ? આહાહા..! શાસ્ત્રમાં આ દાખલો છે, હોં? શાસ્ત્રમાં બધા દાખલા છે, બધું પડ્યું છે. આહાહા..!

આ ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ સ્વભાવ જેનો, એ જ્ઞાનસ્વભાવનો આશ્રય કરીને જ્ઞાન પ્રગટ થયું એને જ્ઞાન કહે છે અને એ જ્ઞાન મોક્ષનું કારણ છે. એ જ્ઞાનમાં સહજ દર્શન અને ચારિત્ર ગર્ભિત છે. આહાહા..! અરે..! વીતરાગદેવ સર્વજ્ઞ પરમાત્મા, એનું શાસન અને માર્ગ તો આ છે. સમજાય છે કાંઈ? કહ્યું ને પંદરમી ગાથામાં? જે કોઈ પોતાના આત્માને.. આહાહા..! અબદ્ધસ્પૃષ્ટ દેખે, સામાન્ય દેખે, રાગ-દ્વેષના જ્વલન દુઃખથી ભિન્ન જુએ.. આહાહા..! નિશ્ચયથી જુએ એણે સર્વ જૈનશાસન જોયું. પંદરમી ગાથા. '**जो पस्सदि अप्पाणं**.' આત્માને, આત્માને '**पस्सदि**' જોયો છે. શાસ્ત્ર ભણ્યા અને બણ્યા એની વાત અહીંયાં નથી. ભગવાનઆત્મા મુક્તસ્વરૂપ (છે એને) અબદ્ધ કહ્યું છે. રાગથી બદ્ધ નથી. સ્વભાવથી મુક્ત છે. અબદ્ધસ્પૃષ્ટ જોયો એણે સર્વ જિનશાસન જોયું. આહાહા..! રાગથી ભિન્ન જોયો એણે જૈનશાસન જોયું. રાગ સહિત આત્મા છે અને એનાથી કલ્યાણ (થશે), એ જૈનશાસન છે જ નહિ. સમજાય છે કાંઈ? લ્યો, ગર્ભિત છે.

'**તેથી દોષ તો કાંઈ નથી, ગુણ છે.**' જ્ઞાનને જ મોક્ષનો માર્ગ કહ્યો તો એમાં ગર્ભિતપણે દર્શન, ચારિત્ર આવે છે. એમાં કોઈ દોષ નથી, પરંતુ ગુણ છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ભાદરવા સુદ ૧૩, રવિવાર, તા.૨૫-૯-૧૯૭૭
## કળશ - ૧૧૦, પ્રવચન - ૧૦૫

દસલક્ષણી પર્વ, એમાં આજે નવમો દિવસ છે ને. આકિંચન. આહાહા..! કોઈ મારું નથી. રાગ અને રજકણ પણ મારી વસ્તુ નથી. અહીંયાં મુનિની મુખ્યતાથી વાત કરે છે.

**तिविहेण जो विवज्जदि चेयणमियरं च सव्वहा संगं।**
**लोयववहारविरदो णिग्गंथत्तं हवे तस्स।।४०२।।**

મુનિ તો સમ્યગ્દષ્ટિ અંતર અનુભવી હોય છે. એ ઉપરાંત સ્વરૂપમાં ચારિત્રની રમણતા પ્રગટ થઈ છે. એને આકિંચન ધર્મ કેવો હોય છે, એની વાત કરે છે. આહા..!

**અર્થ** :- '**જે મુનિ...**' લોકવ્યવહારથી વિરક્ત (છે). લૌકિક વ્યવહારથી એ વિરક્ત છે. આહાહા..! અરે..! અંદરમાં જે ક્રિયાકાંડના વિકલ્પ છે એનાથી પણ મુનિ તો વિરક્ત છે. આહાહા..! અંદર ઝીણી વાત બહુ. સમજાય છે કાંઈ? '**चेयणमियरं च सव्वहा संग**' ચેતન તથા અચેતન જે સર્વ પરિગ્રહ છે તેનું મમત્વ છોડે છે. ચેતનમાં પોતાના શિષ્ય અને સંઘ, અચેતનમાં દેહ, વસ્તી આદિ ઉપકરણ, એનું પણ એમને મમત્વ નથી. મારી ચીજ તો

આનંદસ્વરૂપ હું ભગવાન પૂર્ણાનંદ છું. એમાં એ ચીજનો સંબંધ ત્રિકાળમાં નથી. આહાહા..! એમ અંતરમાં '**મન-વચન-કાય-કૃત-કારિત-અનુમોદનાપૂર્વક સર્વ ચેતન-અચેતન પરિગ્રહનો સર્વથા ત્યાગ કરે છે...**' આહાહા..! મનથી, વચનથી, કાયાથી, કૃત-કારિત અને અનુમોદન. '**ત્યાગ કરે છે-તે મુનિને નિર્ગ્રંથપણું હોય છે.**' લ્યો. આહા..!

ભાવાર્થ :- '**મુનિ અન્ય પરિગ્રહ તો છોડે જ છે,...**' એમને વસ્ત્ર-પાત્ર તો હોતા જ નથી. ભાવલિંગી સંત, જેને અંતર પ્રચુર આનંદનું સ્વસંવેદન પ્રગટ થયું છે. આહાહા..! એ ભાવલિંગનું લક્ષણ છે. અંતરમાં આનંદ.. આનંદ.. આનંદ.. પ્રચુર અધિક આનંદનું વેદન જેને અંતરમાં પ્રગટ થયું છે, એ ભાવલિંગનું લક્ષણ છે. અને દ્રવ્યલિંગમાં નગ્નપણું તથા પંચ મહાવ્રતાદિ વિકલ્પ હોય છે, પણ તેનાથી અંતર દૃષ્ટિમાં તો વિરક્ત છે. આહાહા..! આવું મુનિપણું આવ્યા વિના કદી મુક્તિ થતી નથી. મુક્તિનું કારણ સીધું ચારિત્ર છે. એકલા સમ્યગ્દર્શન, જ્ઞાનથી મુક્તિ થશે એમ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન, જ્ઞાન સ્વરૂપનો આશ્રય હોવા છતાં સ્વરૂપમાં લીનતા, નિર્ગ્રંથ દશા પ્રગટ ન થાય તો મોક્ષનું કારણ નથી. આહાહા..!

એ કારણે કહે છે, '**મુનિપણામાં યોગ્ય એવા ચેતન તો શિષ્ય-સંઘ તથા અચેતન પુસ્તક-પીંછી-કમંડલ આદિ ધર્મોપકરણ અને આહાર-વસતિકા-દેહ એમનાથી સર્વથા મમત્વ** ત્યાગ કરે. એવો વિચાર કરે કે '**હું તો એક આત્મા જ છું-...**' હું તો આત્મા જ છું, એનો અર્થ-હું તો જ્ઞાતા-દૃષ્ટા નિર્વિકલ્પ આનંદકંદ એ હું આત્મા છું. આહાહા..! '**અન્ય મારું કંઈ પણ નથી-હું આકિંચન છું. એવું નિર્મમત્વ થાય તેને (ઉત્તમ) આકિંચન ધર્મ હોય છે.**' આહાહા..! મુનિધર્મ તો અલૌકિક છે.

---

(શાર્દૂલવિક્રીડિત)

यावत्पाकमुपैति कर्मविरतिर्ज्ञानस्य सम्यङ् न सा
कर्मज्ञानसमुच्चयोऽपि विहितस्तावन्न काचित्क्षतिः।
किंत्वत्रापि समुल्लसत्यवशतो यत्कर्म बन्धाय तन्
मोक्षाय स्थितमेकमेव परमं ज्ञानं विमुक्तं स्वतः।।११-११०।।

ખંડાન્વય સહિત અર્થ :- અહીં કોઈ ભ્રાન્તિ કરશે કે મિથ્યાદષ્ટિનું યતિપણું ક્રિયારૂપ છે, તે બંધનું કારણ છે, સમ્યગ્દષ્ટિનું છે જે યતિપણું શુભ ક્રિયારૂપ, તે મોક્ષનું કારણ છે; કારણ કે અનુભવજ્ઞાન તથા દયા-વ્રત-તપ-સંયમરૂપ ક્રિયા બંને મળીને જ્ઞાનાવરણાદિ કર્મનો ક્ષય કરે છે. આવી પ્રતીતિ કેટલાક અજ્ઞાની જીવો કરે છે. ત્યાં સમાધાન આમ છે કે-જેટલી શુભ-અશુભ ક્રિયા, બહિર્જલ્પરૂપ વિકલ્પ અથવા અંતર્જલ્પરૂપ અથવા દ્રવ્યોના વિચારરૂપ અથવા શુદ્ધસ્વરૂપનો વિચાર ઇત્યાદિ સમસ્ત, કર્મબંધનું કારણ છે. આવી ક્રિયાનો આવો જ સ્વભાવ છે, સમ્યગ્દષ્ટિ-મિથ્યાદષ્ટિનો એવો ભેદ તો કાંઈ નથી. એવા કરતૂતથી (કૃત્યથી) એવો બંધ છે. શુદ્ધ સ્વરૂપ પરિણમન માત્રથી મોક્ષ છે. જોકે એક જ કાળમાં સમ્યગ્દષ્ટિ જીવને શુદ્ધ

જ્ઞાન પણ છે, ક્રિયારૂપ પરિણામ પણ છે, તોપણ ક્રિયારૂપ છે જે પરિણામ તેનાથી એકલો બંધ થાય છે, કર્મનો ક્ષય એક અંશમાત્ર પણ થતો નથી. આવું વસ્તુનું સ્વરૂપ છે, સહારો કોનો? તે જ કાળે શુદ્ધસ્વરૂપ-અનુભવજ્ઞાન પણ છે, તે જ કાળે જ્ઞાનથી કર્મક્ષય થાય છે, એક અંશમાત્ર પણ બંધ થતો નથી. વસ્તુનું એવું જ સ્વરૂપ છે. આવું જેમ છે તેમ કહે છે- 'तावत्कर्मज्ञानसमुच्चयः अपि विहितः' ( तावत् ) ત્યાં સુધી ( कर्म ) ક્રિયારૂપ પરિણામ અને ( ज्ञान ) આત્મદ્રવ્યનું શુદ્ધત્વરૂપ પરિણમન, તેમનું ( समुच्चयः ) એક જીવમાં એક જ કાળે અસ્તિત્વપણું છે, ( अपि विहितः ) એવું પણ છે; પરંતુ એક વિશેષ ' काचित् क्षतिः न' ( काचित् ) કોઈપણ ( क्षतिः ) હાનિ ( न ) નથી. ભાવાર્થ આમ છે કે-એક જીવમાં એક જ કાળે જ્ઞાન-ક્રિયા બંને કઈ રીતે હોય છે? સમાધાન આમ છે કેવિરુદ્ધ તો કાંઈ નથી. કેટલાક કાળ સુધી બંને હોય છે, એવો જ વસ્તુનો પરિણામ છે; પરંતુ વિરોધી જેવા લાગે છે, છતાં પણ પોતપોતાના સ્વરૂપે છે, વિરોધ તો કરતાં નથી. એટલા કાળ સુધી જેમ છે તેમ કહે છે 'यावत् ज्ञानस्य सा कर्मविरतिः सम्यक् पाकं न उपैति' ( यावत् ) જેટલો કાળ ( ज्ञानस्य ) આત્માના મિથ્યાત્વરૂપ વિભાવ પરિણામ મટ્યા છે, આત્મદ્રવ્ય શુદ્ધ થયું છે, તેને ( सा ) પૂર્વોક્ત ( कर्म ) ક્રિયાનો ( विरतिः ) ત્યાગ ( सम्यक् पाकं न उपैति ) બરાબર પરિપક્વતાને પામતો નથી અર્થાત્ ક્રિયાનો મૂળથી વિનાશ થયો નથી. ભાવાર્થ આમ છે કે-જ્યાં સુધી અશુદ્ધ પરિણમન છે ત્યાં સુધી જીવનું વિભાવપરિણમન છે. તે વિભાવપરિણમનનું અંતરંગ નિમિત્ત છે, બહિરંગ નિમિત્ત છે. વિવરણ-અંતરંગ નિમિત્ત જીવની વિભાવરૂપ પરિણમનશક્તિ, બહિરંગ નિમિત્ત છે મોહનીયકર્મરૂપ પરિણમેલો પુદ્‌ગલપિંડનો ઉદય. તે મોહનીયકર્મ બે પ્રકારનું છે : એક મિથ્યાત્વરૂપ છે, બીજું ચારિત્રમોહરૂપ છે. જીવનો વિભાવપરિણામ પણ બે પ્રકારનો છે : જીવનો એક સમ્યક્ત્વગુણ છે તે જ વિભાવરૂપ થઈને મિથ્યાત્વરૂપ પરિણમે છે, તેના પ્રતિ બહિરંગ નિમિત્ત છે મિથ્યાત્વરૂપ પરિણમેલો પુદ્‌ગલપિંડનો ઉદય; જીવનો એક ચારિત્રગુણ છે તે જ વિભાવરૂપ પરિણમતો થકો વિષયકષાયલક્ષણ ચારિત્રમોહરૂપ પરિણમે છે, તેના પ્રતિ બહિરંગ નિમિત્ત છે ચારિત્રમોહરૂપ પરિણમેલો પુદ્‌ગલપિંડનો ઉદય. વિશેષ આમ છે કે-ઉપશમનો, ક્ષપણનો ક્રમ આવો છે : પહેલાં મિથ્યાત્વકર્મનો ઉપશમ થાય છે અથવા ક્ષપણ થાય છે; તેના પછી ચારિત્રમોહકર્મનો ઉપશમ થાય છે અથવા ક્ષપણ થાય છે. તેથી સમાધાન આમ છે-કોઈ આસન્નભવ્ય જીવને કાળલબ્ધિ પ્રાપ્ત થવાથી મિથ્યાત્વરૂપ પુદ્‌ગલપિંડ-કર્મ ઉપશમે છે અથવા ક્ષપણ થાય છે. આમ થતાં જીવ સમ્યક્ત્વગુણરૂપ પરિણમે છે, તે પરિણમન શુદ્ધતારૂપ છે. તે જ જીવ જ્યાં સુધીમાં ક્ષપકશ્રેણિ પર ચડશે ત્યાં સુધી ચારિત્રમોહકર્મનો ઉદય છે, તે ઉદય હોતાં જીવ પણ વિષયકષાયરૂપ પરિણમે છે, તે પરિણમન રાગરૂપ છે, અશુદ્ધરૂપ છે. તેથી કોઈ કાળમાં જીવને શુદ્ધપણું-અશુદ્ધપણું એક જ સમયે ઘટે છે, વિરુદ્ધ નથી. 'किन्तु' કોઈ વિશેષ છે, તે વિશેષ જેમ છે તેમ કહે છે 'अत्र अपि' એક જ જીવને એક જ કાળે શુદ્ધપણું-અશુદ્ધપણું જોકે હોય છે તોપણ પોતપોતાનું કાર્ય કરે છે. 'यत् कर्म अवशतः बन्धाय

समुल्लसति' ( यत् ) જેટલી (कर्म ) દ્રવ્યરૂપ-ભાવરૂપ-અંતર્જલ્પ-બહિર્જલ્પ-સૂક્ષ્મ-સ્થૂળરૂપ ક્રિયા, ( अवशतः ) સમ્યગ્દષ્ટિ પુરુષ સર્વથા ક્રિયાથી વિરક્ત હોવા છતાં ચારિત્રમોહના ઉદયે બલાત્કારે થાય છે તે (बन्धाय समुल्लसति ) જેટલી ક્રિયા છે તેટલી-જ્ઞાનાવરણાદિ કર્મબંધ કરે છે, સંવર-નિર્જરા અંશમાત્ર પણ કરતી નથી. ' तत् एकम् ज्ञानं मोक्षाय स्थितम्' ( तत् ) પૂર્વોક્ત ( एकम् ज्ञानं ) એક જ્ઞાન અર્થાત્ એક શુદ્ધ ચૈતન્યપ્રકાશ (मोक्षाय स्थितम् ) જ્ઞાનાવરણાદિ કર્મક્ષયનું નિમિત્ત છે. ભાવાર્થ આમ છે કે-એક જીવમાં શુદ્ધપણું-અશુદ્ધપણું એક જ કાળે હોય છે, પરંતુ જેટલા અંશે શુદ્ધપણું છે તેટલા અંશે કર્મક્ષપણ છે, જેટલા અંશે અશુદ્ધપણું છે તેટલા અંશે કર્મબંધ થાય છે. એક જ કાળે બંને કાર્ય થાય છે. ' एव' આમ જ છે, સંદેહ કરવો નહિ. કેવું છે શુદ્ધ જ્ઞાન? ' परमं' સર્વોત્કૃષ્ટ છે-પૂજ્ય છે. વળી કેવું છે? 'स्वतः विमुक्तं' ત્રણે કાળ સમસ્ત પરદ્રવ્યોથી ભિન્ન છે. ૧૧-૧૧૦.

## કળશ-૧૧૦ ઉપર પ્રવચન

હવે આપણે અહીંયાં કળશ. ૧૧૦ કળશ બહુ સારો આવ્યો છે. બે પાનામાં અર્થ છે. શ્લોક એક (અર્થ) બે પાના. આહાહા..! ૧૧૦.

(શાર્દૂલવિક્રીડિત)

यावत्पाकमुपैति कर्मविरतिर्ज्ञानस्य सम्यङ् न सा<br>
कर्मज्ञानसमुच्चयोऽपि विहितस्तावन्न काचित्क्षतिः।<br>
किंत्वत्रापि समुल्लसत्यवशतो यत्कर्म बन्धाय तन्<br>
मोक्षाय स्थितमेकमेव परमं ज्ञानं विमुक्तं स्वतः।।११-११०।।

**ખંડાન્વય સહિત અર્થ :-** **'અહીં કોઈ ભ્રાંતિ કરશે કે મિથ્યાદષ્ટિનું યતિપણું ક્રિયારૂપ છે, તે બંધનું કારણ છે,...'** શું કહે છે? કોઈ એવી ભ્રમણા-ભ્રાંતિ કરશે કે મિથ્યાદષ્ટિનું મુનિપણું ને પંચમહાવ્રત આદિ ક્રિયા છે એ એને બંધનું કારણ માને છે. સમ્યગ્દષ્ટિનું જે યતિપણું છે, પંચમહાવ્રતાદિ ક્રિયા, એ મોક્ષનું કારણ છે. એ શુભક્રિયા મોક્ષનું કારણ છે. આહાહા..! એમ કોઈ અજ્ઞાની માને છે. મિથ્યાદષ્ટિનું યતિપણું પંચમહાવ્રત, સમિતિ, ગુપ્તિ વ્યવહાર તેને તો બંધનું કારણ છે, પણ સમ્યગ્દષ્ટિની જે વ્યવહાર ક્રિયા પંચમહાવ્રત આદિ મોક્ષનું કારણ છે, એમ કોઈ મૂઢ મિથ્યાદષ્ટિ માને છે. આહાહા..!

**'કારણ કે...'** ઈ બતાવે છે. **'અનુભવ-જ્ઞાન...'** આત્માના આનંદનું અનુભવ-જ્ઞાન એ પણ મોક્ષનું કારણ **'તથા દયા-વ્રત-તપ-સંયમરૂપ ક્રિયા બંને મળીને જ્ઞાનાવરણાદિ કર્મનો ક્ષય કરે છે.'** 'શાંતિભાઈ'! અજ્ઞાની એમ માને છે કે સમ્યગ્દષ્ટિનું સમ્યગ્દર્શનપણું નિર્વિકલ્પ જે આનંદનું વેદન, એની સાથે દયા, દાન, વ્રત, તપ આદિની ક્રિયા બે થઈને એને મોક્ષનો માર્ગ છે (એનાથી) મોક્ષ થશે. એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? **'એવી પ્રતીતિ કેટલાક અજ્ઞાની જીવો કરે છે.'** સમ્યગ્દર્શન થયા પછી ભલે પંચમહાવ્રત આદિ ક્રિયા હો તો

એને એ પણ મોક્ષનું કારણ છે, એવી અજ્ઞાની ભ્રાંતિ કરે છે એ જૂઠ છે. આહાહા..!

'**ત્યાં સમાધાન આમ છે કે-જેટલી શુભ-અશુભ ક્રિયા,...**' ચાહે તો અશુભભાવ હો કે શુભ-દયા, દાન, વ્રત (હો), આવ્યું ને? દયા, વ્રત, તપ, સંયમ એ શુભક્રિયા અને અશુભક્રિયા હિંસા, જૂઠ આદિ '**બહિર્જલ્પરૂપ વિકલ્પ...**' બોલવું આદિ બાહ્ય જલ્પ. '**અંતર્જલ્પરૂપ વિકલ્પ...**' અંતરમાં વિકલ્પ ઉઠાવવો. વૃત્તિ-રાગ. '**દ્રવ્યોના વિચારરૂપ...**' આહાહા..! છ દ્રવ્યોનો વિચાર એ પણ વિકલ્પ છે. આવી વાત છે. '**અથવા શુદ્ધસ્વરૂપનો વિચાર...**' શુદ્ધ સ્વરૂપ હું છું, એવો વિકલ્પ ઉઠાવવો. વિચાર શબ્દે અહીંયાં વિકલ્પ લેવો. '**ઈત્યાદિ સમસ્ત, કર્મબંધનું કારણ છે.**' એ તો બધા કર્મબંધનું કારણ છે. આહાહા..! '**આવી ક્રિયાનો આવો જ સ્વભાવ છે.**' સમ્યગ્દષ્ટિનો હો કે મિથ્યાદષ્ટિનો હો, પણ જેટલા અંતર્જલ્પ, બહિર્જલ્પ વિકલ્પ ઊઠે છે એ તો બંધનું જ કારણ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

એક બાજુ એમ કહ્યું કે સમ્યગ્દષ્ટિનો ભોગ નિર્જરાનો હેતુ છે. એક બાજુ અહીંયાં કહ્યું કે સમ્યગ્દષ્ટિનો શુભભાવ પણ બંધનું કારણ છે. સમજાય છે કાંઈ? એમ કેમ કહ્યું? નિર્જરા અધિકારમાં આવે છે. સમ્યગ્દષ્ટિનો ભોગ નિર્જરાનો હેતુ છે. એનો અર્થ-ભોગનો ભાવ તો બંધનું જ કારણ છે, પણ દૃષ્ટિના સ્વભાવમાં જ્યાં નિર્મળતા પ્રગટ થઈ તો દૃષ્ટિની પ્રધાનતાથી એનું કથન એમ આવ્યું કે ભોગનો રાગ આવ્યો, એ દૃષ્ટિની મુખ્યતાથી એની નિર્જરા થઈ જશે. એ અપેક્ષાએ કહ્યું. સમજાય છે કાંઈ? અહીંયાં તો કહ્યું કે ભોગ તો ઠીક, એ તો બંધનું જ કારણ છે, સમ્યગ્દષ્ટિનો, કહો! એક બાજુ (કહે) સમ્યગ્દષ્ટિનો ભોગ નિર્જરાનો હેતુ, એક બાજુ (કહે), સમ્યગ્દષ્ટિનો પંચમહાવ્રત, સમિતિ, ગુપ્તિ, વ્રત, તપનો ભાવ એ પણ બંધનું કારણ (છે). સમજાય છે કાંઈ? આહાહા..! કઈ અપેક્ષાએ વાત છે? ભોગ જો નિર્જરાનું કારણ હોય તો ભોગ છોડીને મુનિપણું લેવાની ભાવના જ નહિ થાય. એ તો દૃષ્ટિના જોરમાં શુદ્ધ ચૈતન્ય આનંદનો નાથ ભગવાન હું છું, એવી અંતર સમ્યગ્દષ્ટિના જોરમાં નબળાઈથી રાગ આવ્યો તો સ્વભાવની દૃષ્ટિમાં બંધ થતો નથી, એવી વાત કહી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- મિથ્યાત્વનો બંધ નથી.

ઉત્તર :- મિથ્યાત્વનો બંધ થતો નથી એમ નહિ, ભોગનો પણ બંધ થતો નથી. ત્યાં તો એમ કહ્યું છે. ઝીણી વાત. જરી સૂક્ષ્મ વાત છે. સમ્યગ્દર્શન ચૈતન્ય પરમાનંદની મૂર્તિ પ્રભુ.. આહાહા..! એવું સમ્યગ્દષ્ટિને નિર્વિકલ્પ આનંદનું વેદન છે તો ત્યાં ભોગના પરિણામ આવ્યા પણ એમાં સુખબુદ્ધિ નથી. સુખબુદ્ધિ નથી, હિતબુદ્ધિ નથી, ઝેરબુદ્ધિ છે. કાળા નાગને જોતાં જેમ ડર લાગે, એમ શુભભાવનો અંદર બોઝો, ડર લાગે છે. એ અપેક્ષાએ, દૃષ્ટિના જોરની અપેક્ષાએ ભોગને નિર્જરા કહ્યું.

અહીંયાં તો કહે છે કે ભોગ તો પાપબંધનું કારણ છે જ, પણ સમ્યગ્દષ્ટિના વ્રત, તપ, નિયમના વિકલ્પ છે એ પણ બંધનું કારણ છે. અરે..! આવા કથન. સમજાય છે કાંઈ? છે? '**ઈત્યાદિ સમસ્ત બંધનું કારણ છે. આવી ક્રિયાનો આવો જ સ્વભાવ છે.**' આહાહા..! સમ્યગ્દર્શન આત્માનો અનુભવ, આત્માના આનંદનો સ્વાદ હોય તોપણ જેટલી એને

શુભક્રિયા છે, વ્રતનો, તપનો, અપવાસનો વિકલ્પ છે એ બંધનું કારણ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'સમ્યગ્દષ્ટિ-મિથ્યાદષ્ટિનો એવો ભેદ તો કાંઈ નથી;...'** છે? મિથ્યાદષ્ટિના વ્રત આદિ બંધનું કારણ અને સમ્યગ્દષ્ટિના વ્રતાદિ બંધનું કારણ નહિ, એવો ભેદ તો છે નહિ. આહાહા..! સૂક્ષ્મ વિષય છે. ભોગ નિર્જરાનો હેતુ છે એમ જાણીને સ્વચ્છંદ થઈ જાય એ તો મિથ્યાદષ્ટિ છે. એ તો દષ્ટિના જોરની અપેક્ષાએ ભોગમાં અલ્પ રસ અને અલ્પ સ્થિતિ પડે છે તેની ગણતરી નહિ કરી, ભોગને નિર્જરાનો હેતુ છે એમ કહ્યું. બાકી ભોગ જો નિર્જરાનું કારણ હોય તો તો પછી, આ શુભ પણ બંધનું કારણ છે તો વળી અશુભ નિર્જરાનું કારણ ક્યાંથી આવ્યું? સમજાય છે કાંઈ? આહાહા..! અરેરે..! એનો માર્ગ તો દેખો! પરમાત્મા પોતે સ્વરૂપ છે અને એના અવલંબનથી જેટલી સમ્યગ્દર્શન આદિ શુદ્ધતા પ્રગટ થઈ એ મોક્ષનું કારણ છે. અને જેટલી મહાવ્રત, પંચમહાવ્રત આદિના વિકલ્પ ઉઠે છે એ સમ્યગ્દષ્ટિને, ક્ષાયિક સમકિતી હો, તોપણ એ બંધનું કારણ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'સમ્યગ્દષ્ટિનો-મિથ્યાદષ્ટિનો એવો ભેદ તો કાંઈ નથી;...'** કંઈ ભેદ નથી. આહાહા..! **'જોકે એક જ કાળમાં સમ્યગ્દષ્ટિ જીવને શુદ્ધ જ્ઞાન પણ છે,...'** શું કહે છે? આહાહા..! સમ્યગ્દષ્ટિ જીવને આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે, એમ અંતરમાં અનુભવ વીતરાગી જ્ઞાન પણ હોય છે અને **'ક્રિયારૂપ પરિણામ પણ છે,...'** છે? પંચમહાવ્રત આદિ વિકલ્પ, બાર વ્રત, ભક્તિ આદિના પરિણામ પણ છે. આહાહા..! સ્વ ચૈતન્યમૂર્તિ ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એને સમ્યગ્દર્શનમાં ભાન થઈ ગયું, વેદન થયું તો એ વેદન પણ છે અને સાથે પંચમહાવ્રત કે બારવ્રત કે ભક્તિ, પૂજાના ભાવ આવે છે, એ બંધનું કારણ છે. એક સમયમાં એક મોક્ષનું કારણ છે, બીજું બંધનું કારણ છે. આહાહા..! સમય તો એક જ છે. આહાહા..! હવે અહીંયાં તો અત્યારે પંચમહાવ્રત આદિ સમ્યગ્દર્શન વિના મોક્ષનું કારણ છે, ક્રમે ક્રમે મોક્ષ થશે, એમ કહે છે. પ્રભુ! ભાઈ! એમાં આત્માનું નુકસાન છે, ભાઈ! આહાહા..! આવો બચાવ કરીશ તો પ્રભુ! તને હિત નહિ થાય. આહાહા..!

અહીંયાં તો સમ્યગ્દષ્ટિની પ્રરૂપણા પણ વ્રત ને નિયમથી બંધ થાય છે, એવી પ્રરૂપણા અહીંયાં તો કરે છે. અહીં તો વ્રત ને તપ કરવાથી ધર્મ થાય છે, એવી પ્રરૂપણા એ તો મિથ્યા પ્રરૂપણા છે. અહીંયાં તો જ્ઞાનસ્વરૂપનું વેદન પણ છે અને રાગની ક્રિયા પણ છે. એક સમયમાં બે ધારા-જ્ઞાનધારા અને રાગધારા એટલે કર્મધારા હો, પણ એક ધારા મોક્ષનું કારણ છે, એક ધારા બંધનું કારણ છે. આહા..!

**'તોપણ ક્રિયારૂપ છે જે પરિણામ તેનાથી એકલો બંધ થાય છે,...'** સમ્યગ્દષ્ટિને અનુભવીને, આનંદના સ્વાદિને.. આહાહા..! જેટલા દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, શાસ્ત્રવાંચન, શ્રવણ આદિનો શુભભાવ (થાય છે) એ બંધનું કારણ છે. આવી વાત છે. **'એકલો બંધ થાય છે,...'** જોયું! એમાં આંશિક પણ નિર્જરા અને સંવર નથી. સમજાય છે કાંઈ? આવો માર્ગ (છે), ભાઈ! આહાહા..! **'તેનાથી એકલો બંધ થાય છે,...'** સમ્યગ્દષ્ટિના ભોગની વાત તો શું કરવી, એ તો અશુભભાવ છે, એ તો બંધનું જ કારણ છે. સમજાય છે

કાંઈ? પણ આ પંચમહાવ્રત, દયા, દાન, પૂજા, ભક્તિ એવા જે ભાવ આવે છે એ એકલા બંધનું કારણ છે. અંશે પણ એમાં સંવર, નિર્જરા નથી. આહાહા..! સ્વદ્રવ્યના આશ્રયે જેટલી નિર્મળતા પ્રગટ થઈ તેટલો મોક્ષમાર્ગ છે અને જેટલો પરદ્રવ્યના આશ્રયે ક્રિયાનો ભાવ ઉત્પન્ન થયો એ બંધનું કારણ છે. આવો માર્ગ છે, બાપુ! આહાહા..!

મુમુક્ષુ :- અવલંબન કોનું લેવું?

ઉત્તર :- અવલંબન લેવું આત્માનું. પરનું અવલંબન લેવા જશે તો રાગ જ થશે. રાગ થશે તો બંધ જ થશે. અહીં તો આ છે, શેઠ! આ તો વીતરાગમાર્ગ છે, ભાઈ! આહાહા..! ચૈતન્ય સહજાનંદ પ્રભુ, એનો જેટલો આશ્રય લીધો-અવલંબન લીધું તેટલી તો નિર્મળ સમ્યગ્દર્શન, જ્ઞાનની પરિણતિ થાય છે. એ તો ખાસ મોક્ષનું કારણ છે અને એમાં નબળાઈથી પરદ્રવ્યના અવલંબનમાં લક્ષ જાય છે તો જે શુભરાગ થાય છે તે એકલું બંધનું કારણ છે. આહાહા..!

મુમુક્ષુ :- સમ્યગ્દષ્ટિને તો બંધ થતો નથી...

ઉત્તર :- એ કીધું ને પહેલું. કઈ અપેક્ષાથી? એ તો સમ્યગ્દષ્ટિને બંધ થતો નથી તો સમ્યગ્દર્શનના જોરથી, બંધ રાગ આવે છે તો અલ્પ સ્થિતિ, રસ બંધ પડે છે એને નહિ ગણીને આમ કહેવામાં આવ્યું છે. પણ વાસ્તવિક રીતે જેટલો જેટલો શુભભાવ છે તેનો બંધ છે, છે ને છે જ. આવો માર્ગ છે, ભાઈ! આમાં કોઈ બચાવ કરે તો ચાલે નહિ. આહાહા..! સમ્યગ્દષ્ટિને અશુભભાવ પણ આવે છે. વિષય, કમાવું, રળવું આદિનો (ભાવ આવે છે). એ તો બંધનું જ કારણ છે. પાપબંધનું જ કારણ છે. પણ આ વ્રત, નિયમ, દયા આદિનો ભાવ આવે છે એ માત્ર બંધનું કારણ છે. આહાહા...! ભાઈ! તારા આત્મામાં બંધ થાય છે. આહાહા..! અબંધ પરિણામ પૂર્ણ પ્રગટ ન થાય ત્યાં સુધી બંધનો ભાવ આવે છે તો માત્ર બંધ જ કરે છે. સમજાય છે કાંઈ? આહાહા..! ચોર્યાસી લાખના અવતાર, ભવાબ્ધિ ભવરૂપી મોટો દરિયો, એમાં રઝળતા રખડતા કદી આત્મા શુદ્ધ ચિદાનંદ પ્રભુ છે એનું શરણ લીધું નહિ. અને શરણ લીધું હોય છતાં જેટલી નબળાઈથી શુભ ક્રિયાકાંડનો ભાવ આવે છે.. આહાહા..! એ પણ ભવનું કારણ છે, બંધનું કારણ છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભાષા શું લીધી છે?

'**ક્રિયારૂપ જે પરિણામ તેનાથી એકલો બંધ થાય છે,...**' જેટલી પંચમહાવ્રત, સમિતિ, ગુપ્તિનો વ્યવહાર, નિર્દોષ આહાર લેવો એ બધા જે વિકલ્પ છે એ માત્ર બંધનું જ કારણ છે. આહાહા..! '**કર્મનો ક્ષય એક અંશમાત્ર પણ થતો નથી.**' એ શુભક્રિયામાં સમકિતીને પણ અંશમાત્ર પણ મોક્ષનું કારણ નથી. આહાહા..! મિથ્યાદષ્ટિને તો મોક્ષનું કારણ છે જ નહિ, એને તો સમ્યક્ પણ ઉત્પન્ન થયું નથી. આહાહા..! '**કર્મનો ક્ષય એક અંશમાત્ર પણ થતો નથી.**' એકલો બંધ થાય છે અને ક્ષય અંશમાત્ર પણ નથી. આહાહા..! ત્યારે શુભભાવમાં શુદ્ધનો અંશ કહ્યો છે ને? એ તો અંદર અંશ સિદ્ધ કરવો છે. એકલા જ્ઞાનથી જ્ઞાન નિર્મળ થાય છે તો શુદ્ધતા વિના માત્ર અશુદ્ધતાથી ચારિત્ર નિર્મળ થતું નથી, એ બતાવવા શુદ્ધ કહ્યું. પણ ગ્રંથિ(ભેદ એટલે કે) સમ્યગ્દર્શન (વિના)-રાગની એકતાબુદ્ધિનો નાશ થયા વિના એ

શુદ્ધનો અંશ કામ કરતો નથી. આહા..! આવુ ક્યાં નિરાંતે... ધંધા-પાણી આખો દિ' પાપના, એમાં આવી વાત સાંભળવા મળે નહિ. ભાઈ!

અહીં તો કહે છે, પ્રભુ! તને તારું શરણ મળ્યું હોય.. આહાહા..! આત્મા અંદર સુધાનંદ ચિદાનંદ પ્રભુ, એની દૃષ્ટિ થઈ હોય અને આનંદનું અંશે વેદન થયું હોય, એટલો ભાવ મોક્ષનું કારણ છે. જેટલા પંચમહાવ્રત, સમિતિ, ગુપ્તિ, વ્યવહાર પૂજા, ભક્તિ, દાન, દયાના ભાવ ઉત્પન્ન થાય છે તે માત્ર બંધનું કારણ છે. એ બંધના કારણમાં એક અંશ ધર્મનું કારણ નહિ અને ધર્મના કારણમાં બંધનો એક અંશ નહિ. આહાહા..! અરેરે..! શ્લોક બહુ સરસ આવ્યો છે. આહાહા..! આખા બે પાનાં ભર્યા છે. આહાહા..!

'**આવું વસ્તુનું સ્વરૂપ છે, સહારો કોનો?**' ભગવાનઆત્મા.. આહાહા..! નિજ શુદ્ધ સ્વરૂપનો આશ્રય લેવાથી જેટલી નિર્મળતા પ્રગટ થઈ તેટલું મોક્ષનું કારણ અને જેટલા પંચમહાવ્રત, દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિના ભાવ થયા એ બંધનું કારણ. વસ્તુનું સ્વરૂપ આવું છે. 'સહારો કોનો?' એમાં મદદ કોની? આહાહા..! વસ્તુ સ્વરૂપ આવું છે. ભગવાને કહ્યું તો વસ્તુ સ્વરૂપ છે એવું કહ્યું છે. ભગવાને કંઈ કર્યું નથી. આહાહા..! એવું છે, વસ્તુનું સ્વરૂપ એવું છે. આહાહા..! જ્યાં આત્માનું જ્ઞાન અને ભાન નથી તો પુણ્યની ક્રિયાથી, વ્રતાદિથી ધર્મ માને છે, એ તો મિથ્યાદૃષ્ટિ છે. એ મિથ્યાદૃષ્ટિના પણ વ્રતાદિના પરિણામ બંધનું કારણ છે, એમ સમ્યગ્દૃષ્ટિના પણ વ્રતાદિના પરિણામ બંધનું કારણ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો દસલક્ષણી પર્વ ધર્મ છે. ધર્મની આરાધનાના દિવસો છે. આહાહા..!

ભગવાન! પૂર્ણાનંદ સ્વરૂપ પ્રભુ તું છો ને! આહાહા..! એ તરફ નજર કરવાથી તને શાંતિ મળશે અને એ શાંતિ જેટલી મળી.. 'શાંતિભાઈ'! આ શાંતિ, તેટલું તને મોક્ષનું કારણ થશે. અને જેટલું બાહ્ય ઉપર લક્ષ જશે, ચાહે તો દેવ-ગુરુ અને શાસ્ત્ર, પંચપરમેષ્ઠી ઉપર લક્ષ જશે તો રાગ થશે અને એકલું બંધનું કારણ છે. શેઠ! અંદર ઠરી જાઓ, એમ કહે છે. આત્મામાં ઠરો, આત્મામાં ઠરો, પ્રભુ! તારા નિજઘરમાં આવી જા. એ શુભભાવ પણ હજી પરઘરનું આચરણ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

પ્રભુ! તારા દુઃખ તેં એટલા સહ્યાં કે એ દુઃખને જોનારને રૂદન આવ્યા છે. એટલા દુઃખ સહન કર્યા છે. પણ ભૂલી ગયો, ભૂલી ગયો. આહાહા..! સમજાય છે કાંઈ? નરક અને નિગોદના દુઃખ.. આત્માના આનંદના સ્વભાવને ભૂલીને એ પુણ્ય-પાપના ભાવમાં ધર્મ માનીને મિથ્યાત્વનું સેવન કર્યું, એ મિથ્યાત્વના ફળમાં નરક અને નિગોદ મળ્યા. આહાહા..! એ દુઃખની ધારા કેવી વેદી હશે, એ વિચાર કરવાથી.. આહાહા..!

ત્યાં કહે છે, કોઢ... 'વાદિરાજ'. 'વાદિરાજ' કહે છે, ભાવલિંગી મુનિ છે. શરીરમાં કોઢ થયો. તો શ્રાવકે એક રાજાને કહ્યું. રાજા કહે, તારા સાધુને તો કોઢ છે. કોઢ રોગ. શ્રાવકે કહ્યું, ના, ના. મહારાજ! કોઢ નથી. મહારાજ પાસે આવ્યા. મહારાજ! મેં આમ કહ્યું છે. શાંતિ રાખો. પ્રભુ! આહા..! પછી ભક્તિનું સ્તવન કરતાં કરતાં.. પ્રભુ! જે માતાના ખોળામાં તમે જાઓ છો તો એ નગરના સોનાના ગઢ અને રતનના કાંગરા હોય છે. પ્રભુ! મારા હૃદયમાં

આપ આવો અને આ કોઢ રહે, એ કેમ બને? એ તો એક... પ્રભુ! મારા હૃદયમાં પરમાત્માનું સ્થાપન કર્યું છે. આહા..! માતાના ઉદરમાં આવે છે તો ઈન્દ્રો સેવા કરે છે અને નગર સોનાના ગઢ અને રતનના કાંગરા બનાવે છે, પ્રભુ! મારા હૃદયમાં આપ વસો અને શરીરમાં આવું રહે, એ આપ કઈ રીતે જોઈ શકો છો? એક ભક્તિ છે. કુદરતી પુણ્યનો યોગ હતો તો (મટી ગયો). નહિતર તો એ ન મટે. મારે તો બીજું કહેવું હતું.

એ 'વાદિરાજ' એમ કહેતા હતા, મહારાજ! નાથ! હું ભવના દુઃખને યાદ કરું છું તો મારી અંદર ઘા વાગે છે. આયુધના જેમ ઘા વાગે, પ્રભુ! મને ગયા કાળના દુઃખ જ્યાં યાદ આવે છે, છે તો મુનિ, પણ મેં ભૂતકાળમાં નરક અને નિગોદના દુઃખ સહન કર્યા. યાદ આવે છે તો આયુધના ઘા વાગે એવું મને થાય છે. આહાહા..! આને તો કાંઈ દરકાર જ નથી. કેટલા દુઃખ સહન કર્યા. થોડી અહીં જ્યાં અનુકૂળતા મળી, પાંચ-પચ્ચીસ લાખ, બે-પાંચ કરોડ મળ્યા ને શરીર ઠીક હોય તો જાણે.. આહાહા..! સુખી (છીએ). ધૂળમાંય સુખી નથી. દુઃખના ડુંગરામાં માથા ફોડ્યા છે. આહાહા..!

અહીંયાં કહે છે, પ્રભુ! મને દુઃખ યાદ આવતાં તો મને આયુધના ઘા વાગે છે. મારો નાથ, અતીન્દ્રિય આનંદના સાગરથી છલોછલ ભર્યો છે, એને ભૂલીને મેં આ દુઃખ સહ્યા. આહાહા..! પ્રભુ! તારી ભક્તિ હું કરું છું. શરીરમાંથી કોઢ ચાલ્યો ગયો. એ તો પુણ્યને કારણે ગયો, હોં! ભક્તિ લાખ કરે તો ન જાય. પણ મેળ ખાવાનો હતો. પાછો થોડો રાખ્યો. થોડો રાખ્યો. કેમકે પેલો રાજા જૂઠો ન પડી જાય. રાજા કહેતો હતો એ વાત તો સાચી હતી. કોઢ તો હતો. પણ ભગવાનની ભક્તિ સમ્યગ્દર્શનમાં ભક્તિ ઉપાડી, ઉપાડતા ઉપાડતા રોગ ખલાસ થઈ ગયો. થોડોક નમૂનો રાખ્યો, કેમકે રાજા જૂઠો નહોતો. કોઢ તો હતો. પણ એ વર્તમાન દુઃખ પણ જ્ઞાનીને તો નથી. આહાહા..! એ તો પર ચીજ છે, શરીરની અવસ્થા છે. એને તો જ્ઞાની જ્ઞેય તરીકે જાણે છે. મને કોઢ થયો છે, એમ જ્ઞાની માનતા નથી. આ ધૂળ... રોગી શરીરમાં રોગ છે, એ મારામાં નહિ. હું તો નિરોગ અને નિરાકુળ આનંદકંદ પ્રભુ છું. આહાહા..! શરીરમાં રોગ હો તો હો, એ મારા જ્ઞાનનું જ્ઞેય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીંયાં કહે છે, આહાહા..! '**વસ્તુનું એવું જ સ્વરૂપ છે. આવું જેમ છે તેમ કહે છે...**' આહાહા..! '**તે જ કાળે જ્ઞાનથી કર્મક્ષય થાય છે, એક અંશમાત્ર પણ બંધ થતો નથી.**' ક્યા સમયે? જે સમયે વ્રતાદિ, ભક્તિ આદિના પરિણામ છે તે સમયે બંધ છે. તે જ સમયે જેટલું આત્માના આશ્રયે જ્ઞાન થયું તેટલા અંશે અબંધ છે. આહાહા..! બેય એક સમયે છે.

મિથ્યાદૃષ્ટિને એકલા બંધના પરિણામ છે, કેવળીને એકલા અબંધ પરિણામ છે, સાધકને બંધ અને અબંધ બે પરિણામ છે. સર્વજ્ઞ પરમાત્માને એકલા અબંધ પરિણામ, મોક્ષ પરિણામ, કેવળ પરિણામ છે. આહાહા..! મિથ્યાદૃષ્ટિને એકલા બંધના જ પરિણામ છે. છે? સાધકને બે છે. બસ, ઈ વાત કરે છે. આહાહા..! અરે..! મારા દોષની ખામી, પ્રભુ! મારા આનંદમાં ખામી છે. હું દોષમાં આવી જાઉં છું. શુભભાવમાં, હોં! શુભભાવ એ દોષ. આહાહા..! સમજાય છે કાંઈ? એ મારો અપરાધ છે, મારો ગુનો છે. આહાહા..! જ્ઞાન તરીકે જ્ઞેય છે, સમકિત તરીકે ત્યાં નિર્જરા કહ્યું, ચારિત્રની અપેક્ષાએ બંધનું કારણ કહ્યું. આહાહા..!

શું કહ્યું ઈ? નિજ સ્વરૂપનું જ્ઞાન થયું એ અપેક્ષાથી રાગને જ્ઞેય કહ્યું, જ્ઞાનમાં જ્ઞેય કહ્યું. સમ્યગ્દર્શનની અપેક્ષાએ રાગને નિર્જરાનું કારણ કહ્યું, પણ ચારિત્રની અપેક્ષાએ રાગને ઝેર કહ્યું. સમજાય છે કાંઈ? એ બંધનું કારણ છે. મારા ચારિત્રમાં એટલી ખામી છે. આહાહા..!

**'વસ્તુનું એવું જ સ્વરૂપ છે. આવું જેમ છે તેમ કહે છે...'** '**तावत्कर्मज्ञानसमुच्चयः अपि विहितः**' **'ત્યાં સુધી ક્રિયારૂપ પરિણામ અને આત્મદ્રવ્યનું શુદ્ધત્વ પરિણમન,...'** જ્યાં સુધી ક્રિયારૂપ પરિણામ-વ્રતાદિના, પૂજા, ભક્તિ આદિના અને **'આત્મદ્રવ્યનું શુદ્ધત્વ પરિણમન...'** ભગવાનઆત્મા શુદ્ધ સ્વરૂપનું શુદ્ધત્વરૂપ પર્યાયમાં પરિણમન. **'તેમનું એક જીવમાં એક જ કાળે અસ્તિત્વપણું છે,...'** એક જીવમાં એક જ કાળમાં અસ્તિપણું છે. દેખો! વિકલ્પની અશુદ્ધતા છે. આહાહા..! બીજે ઠેકાણે એમ કહ્યું હોય તો ત્યાં એમ પકડે કે સમ્યગ્દષ્ટિને એકલા શુદ્ધ પરિણામ જ છે, અશુદ્ધ પરિણામ છે જ નહિ. એવું પહેલાં આવે છે. ઈ તો કઈ અપેક્ષાએ? એકલા શુદ્ધ પરિણામને ગણ્યા. કેમકે દ્રવ્ય અને ગુણ શુદ્ધ છે તો અનુભવ થયો તો શુદ્ધ પરિણમન એટલું ગણવામાં આવ્યું. અશુદ્ધ પરિણામ કોઈ દ્રવ્ય, ગુણનું પરિણમન નથી. એ અપેક્ષાએ અશુદ્ધ પરિણમન નથી, એમ કહેવામાં આવ્યું. આહાહા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દષ્ટિને દુઃખ છે જ નહિ. કઈ અપેક્ષાએ? ભાઈ! પોતાના આનંદસ્વરૂપની મુખ્યતાથી દુઃખના પરિણામ છે તેને ગૌણ કરીને, તેના અલ્પ સ્થિતિ, બંધ ગણીને તેને નથી એમ કહેવામાં આવ્યું. પણ જ્યાં ચારિત્રની અપેક્ષાએ સાથે વર્ણન ચાલે... આહાહા..! (ત્યાં એમ કહે), એ બંધનું કારણ છે. આહાહા..!

'લાગી લગન હમારી, જિનરાજ સુજસ સુણ્યો મેં.' પ્રભુ! તેં મારો જસ ગાયો, હું આનંદ શુદ્ધ ચૈતન્યઘન છું. 'લાગી લગન હમારી, જિનરાજ સુજસ સુણ્યો મેં, કાહૂ કે કહે, કબહુ ન છૂટે લોકલાજ સબ ડારી, જૈસે અમલી અમલ કરત સમય લાગ રહી જો ખુમારી.' અફીણ પીવાવાળો જ્યારે અમલમાં ચઢે છે, એમ જ્ઞાની પોતે પોતાના જ્ઞાનમાં ચડે છે તો મસ્તી લાગી ગઈ, એમ કહે છે. આહાહા..! જ્ઞાનમાં અને આનંદમાં મસ્ત જ્ઞાની! આહાહા..! સમજાય છે કાંઈ? તો મને દુઃખ છે જ નહિ, એમ કહે છે. આહાહા..! ઈ અપેક્ષાએ.

અહીંયાં તો ચારિત્રના વર્ણનની મુખ્યતાથી વર્ણન છે. આહાહા..! પુણ્ય-પાપનો અધિકાર છે ને? જ્યાં સુધી અંદરમાં ચારિત્રની પૂર્ણતા નથી, ત્યાં સુધી એવા બંધના પરિણામ (હોય છે). ક્ષાયિક સમકિતી.. આહાહા..! અરે..! તીર્થંકરનો આત્મા જ્યાં સુધી છદ્મસ્થ મુનિ છે, એમને પણ જેટલું સ્વદ્રવ્યના આશ્રયે પરિણમન ઉત્પન્ન થયું તે મોક્ષનું કારણ છે. અને છદ્મસ્થ (દશામાં) એને પંચમહાવ્રતાદિના વિકલ્પ ઉઠે છે એ બંધનું કારણ છે. આહાહા..! કેવળજ્ઞાની થયા પહેલાની વાત છે. છદ્મસ્થ મુનિ હોય ત્યારે. ભીક્ષા માટે, આહાર માટે જાય છે ને. આહાર છે, નિહાર નથી. તીર્થંકર ત્રિલોકનાથનું પરમઔદારિક શરીર છે. જન્મથી. તો ભીક્ષા માટે જાય છે, આહાર લ્યે છે, એવો વિકલ્પ છે. નિહાર નથી. જંગલ જાવું ન પડે. પેશાબ નહિ, જંગલ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? એવું એમનું પરમ ઔદારિક શરીર છે. પણ એમને પણ છદ્મસ્થ દશામાં મુનિપણાનો જે રાગ આવે છે એ વિકલ્પ એમને પણ બંધનું કારણ છે. આહાહા..!

અહીંયાં તો કહે, પંચમહાવ્રત ને તપ કરવું ને આ કરવું એ મોક્ષનું કારણ છે. અરે..! ભગવાન! તારી મિથ્યા દૃષ્ટિ છે. એમાં તારા વ્રતાદિ તો એકલું ઝેર, બંધનું કારણ છે. પણ સમ્યગ્દૃષ્ટિના રાગાદિ પણ બંધનું કારણ છે. અને તારે હજી દૃષ્ટિ મિથ્યા છે. તું માને છે આ વ્રત, તપ કરવાથી મોક્ષ થશે. તો રાગની ક્રિયા કરવાથી મોક્ષ થશે તો દૃષ્ટિ મિથ્યાત્વ છે. આહાહા..! ત્યારે એ ખબર કેમ પડે કે એ મિથ્યાદૃષ્ટિ છે? પણ પ્રરૂપણા ખોટી કરે છે કે આ દયા, દાન, વ્રત કરતાં કરતાં કલ્યાણ થશે. એ પ્રરૂપણા જ જૂઠી છે. સમજાય છે કાંઈ? ઉપદેશ જ જૂઠો છે. આહાહા..! એને જે વ્રત, તપ છે એ તો મિથ્યાદૃષ્ટિને બંધનું કારણ છે જ. આહાહા..! જેના-સમ્યગ્દૃષ્ટિના ઉપદેશમાં એમ આવ્યું કે જેટલા વ્રતાદિના વિકલ્પ છે એ બંધનું કારણ છે. ભગવાન! આહાહા..! એ મોક્ષનું એક અંશ પણ કારણ નથી. કહો, આ શેઠિયાઓ દાન-બાન આપે એટલે એને દાનવીર ઠરાવી દે. પછી થઈ જાય દાનવીર મોટા. એ.. શેઠ!

અરે..! દાનવીર તો કોને કહે, પ્રભુ! તને ખબર નથી. આહાહા..! પોતાનો નિર્મળાનંદ આનંદનું જેણે પોતાની પર્યાયમાં દાન લીધું અને દીધું એ દાનવીર છે. આજે શેઠ ઉપર ઉતાર્યું. આ બેય ભાઈ બેઠા છે. 'બુંદેલખંડ'ના બાદશાહ કહેવાય છે. પણ આમ નરમ માણસ છે. આહાહા..!

અહીં તો કહે છે, રાગના સ્વામી થવું એ પણ મિથ્યાદૃષ્ટિ છે. વ્રત, તપના વિકલ્પ ઉઠે છે તેના સ્વામી થવું એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! છતાં સમ્યગ્દૃષ્ટિને રાગનું સ્વામીત્વ નથી. છતાં રાગ આવ્યા વિના રહેતો નથી. સ્વામીપણું નથી. આહાહા..! હેયબુદ્ધિએ વ્રતના, પૂજાના, ભક્તિના ભાવ જ્ઞાનીને આવે છે. છતાં એ હેયબુદ્ધિએ બંધનું કારણ છે. એમાં જરીએ આત્માનો અંશ લાભદાયક છે, એમ નથી. આહાહા..! હવે આ જાતનો ઉપદેશ જ વિપરીત થઈ ગયો છે. હજી સમાજને ધમાધમ કરવી છે. આહાહા..!

'तावत्कर्मज्ञानसमुच्चयः अपि विहितः' **'ત્યાં સુધી કર્મરૂપ પરિણામ અને આત્મદ્રવ્યનું શુદ્ધત્વરૂપ પરિણમન, તેમનું એક જીવમાં એક જ કાળે અસ્તિત્વપણું છે, એવું પણ છે;...'** 'अपि विहितः' 'विहितः' છે ને? **'એવું પણ છે; પરંતુ એક વિશેષ...'** 'काचित् क्षतिः न' **'કોઈ પણ હાનિ નથી.'** કઈ અપેક્ષાએ હાનિ નથી? કે નિર્મળ પર્યાય અને રાગની પર્યાય પણ છે. તો એ નિર્મળ પર્યાયને નુકસાન નથી કરતી. વિશેષ પ્રગટ નહિ થવામાં નુકસાન કરે છે, પણ વર્તમાન નિર્મળ પર્યાય છે અને મલિન પર્યાય છે, બેય એકસાથે છે. સમજાય છે કાંઈ? આહાહા..! જેમ મિથ્યાદૃષ્ટિપણું અને સમ્યગ્દૃષ્ટિપણું વિરૂદ્ધ છે, એવો આમાં વિરોધ નથી. શું કહ્યું ઈ? જેમ રાગ મારો છે એવી મિથ્યાદૃષ્ટિ અને રાગ મારો નથી એવી સમ્યગ્દૃષ્ટિ, બેય એક સમયમાં ન રહી શકે. મિથ્યાદૃષ્ટિપણું અને સમ્યગ્દૃષ્ટિપણું એક સમયમાં સાથે ન રહી શકે. પણ આ એક સમયમાં રહી શકે છે. ન્યાય સમજાય છે? આહાહા..!

મુમુક્ષુ :- આ તફાવત..

ઉત્તર :- આ તફાવત છે. પેલામાં અને આમાં આ તફાવત છે. જ્યારે દૃષ્ટિ મિથ્યાત્વ છે, એ જ સમયે સમ્યગ્દર્શન છે એમ ત્રણકાળમાં હોતું નથી. પણ જે સમયે નિર્મળ પરિણતિ

છે તે સમયે મલિન પરિણતિ છે, એમાં વિરોધ નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

વીતરાગમાર્ગ તો દેખો! ઓહો..! કણે કણના.. 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં ત્રણ ગાથા આવે છે. જેટલા અંશે રાગ તેટલા અંશે બંધ, જેટલા અંશે સમ્યગ્દર્શન તેટલા અંશે અબંધ. ત્રણ ગાથા આવે છે. 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'. આહાહા..! ત્રણ ગાથા છે. જેટલા અંશે સમ્યગ્દર્શન, જ્ઞાન છે તેટલું અબંધનું કારણ છે. અને જેટલા અંશે ત્યાં રાગ છે તે બંધનું કારણ છે. આહાહા..! હવે આમાં એકાંત તાણે કે સમ્યગ્દષ્ટિને બિલકુલ બંધ જ નથી અને વ્રત, તપ કરવાવાળાને મોક્ષનું કારણ છે, એ બધું વિરૂદ્ધ છે. સમજાય છે કાંઈ?

**'काचित् क्षतिः न' 'કોઈપણ હાનિ નથી. ભાવાર્થ આમ છે કે-એક જીવમાં એક જ કાળે જ્ઞાન-ક્રિયા બંને કઈ રીતે હોય છે?'** એક જ કાળમાં સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને એક જ કાળે રાગ, એ કઈ રીતે હોય? એમ પૂછે છે. આહા..! **'સમાધાન આમ છે કે-વિરુદ્ધ તો કાંઈ નથી.'** કઈ અપેક્ષાએ? **'કેટલાક કાળ સુધી બંને હોય છે,...'** સમ્યગ્દર્શન, જ્ઞાન, આનંદનો સ્વાદ પણ છે અને રાગનું દુઃખ પણ સાથે છે. આહાહા..! સમજાય છે કાંઈ? જ્યાં સુધી પૂર્ણ આનંદ પ્રગટ નથી થયો તો ધર્મીને પણ જેટલો આનંદ આવ્યો તેટલો તો પવિત્ર છે અને જેટલો રાગ આવે છે તેટલું દુઃખ છે. એક સમયમાં બે હોવામાં વિરોધ નથી. જેમ... કહ્યું ને? સમ્યગ્જ્ઞાન અને મિથ્યાજ્ઞાનને સાથે રહેવામાં વિરોધ છે. મિથ્યાદષ્ટિ અને સમ્યગ્દષ્ટિને સાથે રહેવામાં વિરોધ છે. એમ સમ્યગ્જ્ઞાન અને રાગને એકસાથે રહેવામાં વિરોધ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! વિરોધ તો નથી. **'વિરુદ્ધ તો કાંઈ નથી.'** જોયું!

**'કેટલાક કાળ સુધી બંને હોય છે, એવો જ વસ્તુનો પરિણામ છે;...'** ભાઈ! આહા..! **'પરંતુ વિરોધી જેવાં લાગે છે...'** વિકાર છે એ પરલક્ષી છે, ધર્મ એ સ્વલક્ષી છે. એટલે બેના લક્ષમાં ફેર છે એટલે વિરૂદ્ધ જેવું લાગે. સમજાય છે કાંઈ? **'વિરોધી જેવાં લાગે છે, છતાં પણ પોતપોતાના સ્વરૂપે છે,...'** આહાહા..! પોતાનું આત્મદ્રવ્ય શુદ્ધ ચૈતન્ય ભગવાન, એનો આશ્રય લઈને જેટલો એકાગ્ર થયો એટલું તો નિર્મળ (પરિણમન) છે અને એ સમયે જેટલા પરલક્ષી ભાવ (છે), પરાવલંબી દેવ, ગુરુ, શાસ્ત્ર આદિના અવલંબને ભાવ થાય એ બધો વિકાર છે, બંધનું કારણ છે. વિરોધી જેવાં લાગે છે પણ એકસાથે રહી શકે છે.

મુમુક્ષુ :- આના પ્રચારની જરૂર છે.

ઉત્તર :- પ્રચારની જરૂર છે, એમ કહીને અમારા 'સાગર'માં આવો એમ કહે છે. સરોવરે પાણી પીવા જાય, સરોવર કંઈ ઘરે ઘરે ન જાય. આહાહા...! આવો માર્ગ છે. આહાહા..!

**'પોતપોતાનાં સ્વરૂપે છે,...'** શું કહે છે? **'વિરોધી જેવાં લાગે છે, છતાં પોતપોતાના સ્વરૂપે છે,...'** વસ્તુ ભગવાન પૂર્ણાનંદના નાથના આશ્રયે જે નિર્મળ પરિણતિ થઈ એ પોતાના સ્વરૂપમાં છે અને પરના આશ્રયે જે પૂજા, દાન, ભક્તિ, વ્રત, તપના વિકલ્પ આવે એ પોતાના સ્વરૂપે છે. કોઈ એકબીજા સ્વરૂપે થઈને એક થઈ જાય છે એમ નથી. આહાહા..! **'વિરોધ તો કરતાં નથી.'** ઈ શું કહે છે? કે શુભભાવ આવે છે માટે શુદ્ધભાવનો નાશ થઈ જાય છે, એમ નથી. જેટલો શુદ્ધભાવ ઉત્પન્ન થયો તો શુભભાવ આવ્યો તો શુદ્ધભાવ ઉત્પન્ન થયો

છે તેનો નાશ કરે છે એમ તો વિરોધ નથી. આહાહા..! આહાહા..! આવી વાત ઝીણી હવે. માર્ગ એવો છે, ભાઈ!

પોતાનો દ્રવ્ય સ્વભાવ, એના અવલંબને જે પરિણતિ નિર્મળ થઈ એ પોતાના સ્વરૂપે રહે છે અને જેટલી નબળાઈ છે અને પરદ્રવ્યના અવલંબને દેવ, ગુરુ, શાસ્ત્રની ભક્તિનો ભાવ, વ્રતનો ભાવ, તપનો ભાવ, દયા, દાનનો ભાવ આવે, એ પોતાના સ્વરૂપે વિકાર છે. વિકાર વિકાર સ્વરૂપે છે, અવિકાર અવિકાર સ્વરૂપે છે. સમજાય છે કાંઈ? એક સમયમાં બેય હોઈ શકે છે. આહાહા..! '**વિરોધ તો કરતાં નથી.**'

'**એટલા કાળ સુધી જેમ છે તેમ કહે છે...**' '**यावत् ज्ञानस्य सा कर्मविरतिः सम्यक् पाकं न उपैति**' આહાહા..! '**જેટલો કાળ આત્માના મિથ્યાત્વરૂપ વિભાવ પરિણામ મટ્યા છે,...**' આત્માના મિથ્યાત્વરૂપ વિભાવ પરિણામ મટ્યા છે, '**આત્મદ્રવ્ય શુદ્ધ થયું છે,...**' પરિણતિ શુદ્ધ તો થઈ છે. '**પૂર્વોક્ત ક્રિયાનો ત્યાગ બરાબર પરિપક્વતાને પામતો નથી...**' આહાહા..! જ્યાં સુધી એ શુભરાગની ક્રિયાનો ત્યાગ પરિપૂર્ણ ન થાય ત્યાં સુધી હોઈ શકે છે. પુણ્યના પરિણામ કર્મની વિરતી, એનાથી જ્યાં સુધી પૂર્ણ નિવૃત્તિ ન થાય ત્યાં સુધી શુભરાગનો ભાવ આવે છે અને હોય છે. આહાહા..! સમજાય છે કાંઈ? શું કહ્યું?

'**આત્મદ્રવ્ય શુદ્ધ થયું છે, તેને પૂર્વોક્ત ક્રિયાનો...**' શુભભાવ, એનો '**ત્યાગ...**' '**सम्यक् पाकं न उपैति**' '**બરાબર પરિપક્વતાને પામતો નથી...**' જ્યાં સુધી રાગનો પૂર્ણ ત્યાગ નથી ત્યાં સુધી રાગ આવે છે, એમાં કોઈ વિરોધ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? જ્યાં સુધી રાગનો ત્યાગ પરિપૂર્ણ નથી ત્યાં સુધી રાગ અને નિર્મળતાને એકસાથે રહેવામાં કોઈ વિરોધ નથી. આહાહા..! અહીંયાં તો સમ્યગ્દષ્ટિના વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા એ બંધનું કારણ (કહે છે). અહીં તો હજી સમ્યગ્દષ્ટિના ઠેકાણા ન મળે. સમ્યગ્દર્શન કેમ થાય એની પ્રરૂપણા ઊંધી. આ વ્રત કરો ને અપવાસ કરો ને ત્યાગ કરો ને ક્રિયાકાંડ મહાવ્રત પાળો તો તમને ધર્મ થશે. દૃષ્ટિ જ મિથ્યાત્વ છે. આહાહા..! સમજાય છે કાંઈ? અરે..! અનાદિ કાળથી પોતાનું બગાડ્યું છે. સ્વચ્છંદ કરીને બગાડ્યું છે અને માને છે કે મને લાભ થશે. સમજાય છે કાંઈ?

એક માણસ હતો. સિંહનું નાનું બચ્ચુ હતું. તો માણસે સિંહના બચ્ચાને ખોળામાં લઈ લીધું. પેટમાં લઈ લીધું. ચોર, ચોર હતો. સિંહનું બચ્ચુ નાનું હતું. સિંહના ધણીને એમ થયું, અરે..! સિંહનું બચ્ચુ ક્યાં? અહીં તો છે નહિ. પેલા માણસે લઈને પેટમાં છુપાવી દીધું. સિંહનું નાનું બચ્ચુ. હવે એની ફરિયાદ ચાલી. આ અહીંયાં બેઠું હતું ને ગયુ ક્યાં સિંહનું બચ્ચુ? તો કોર્ટમાં લઈ ગયા. કોર્ટમાં ઊભો રાખ્યો. ઊભો રાખ્યો તો સિંહનું બચ્ચુ અંદરથી પેટ ખાવા લાગ્યું. પડી ગયો, ફડાક દઈને. સિંહનું બચ્ચુ સંતાડ્યું હતું એણે પેટ ખાધું. એમ પુણ્ય-પાપની ક્રિયા મારી, એ મિથ્યાત્વનો સિંહ રાખ્યો છે, એ તને ખાઈ જાય છે. આ બન્યું છે, હોં! આ બનાવ બન્યો છે. કોર્ટમાં લઈ ગયા હતા. કારણ કે આ નાનું બચ્ચુ હમણાં હતું. હવે ઈ એણે પેટમાં સંતાડ્યું એ એને કેમ શંકા પડે? નાનું ગલુડિયા જેવું. ગલુડિયું સમજ્યા? કુત્તિ કા બચ્ચા. આટલું નાનું. એ તો અંદરથી પેટ ખાવા માંડ્યું. હવે એને સંતાડીને કબુલ

કરવું પડ્યું. ન દે એટલે. કોર્ટમાં પડી ગયો, ભડાક દઈને. આહાહા..! એમ જેણે મિથ્યાત્વભાવને ગ્રહણ કર્યો છે, પુણ્ય-પાપ મારી ચીજ છે, પુણ્યથી મને લાભ છે, એ મિથ્યાત્વ-સિંહનું બચ્ચું છે, તારા આત્માની શાંતિને ખાઈ જશે. સમજાય છે કાંઈ? આહાહા..!

સમ્યક્ રાગની નિવૃત્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી એને રાગ આવે છે એ બંધનું કારણ છે. એમાં વિરોધ નથી. વિશેષ કહેશે.. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા સુદ ૧૪, સોમવાર, તા.૨૬-૯-૧૯૭૭
## કળશ - ૧૧૦, પ્રવચન - ૧૦૬

દસલક્ષણી પર્વનો છેલ્લો બ્રહ્મચર્યનો દિવસ છે.

**जो परिहरेदि संगं महिलाणं णेव पस्सदे रूवं।**
**कामकहादिणियत्तो णवहा बंभं हवे तस्स।।४०३।।**

નિશ્ચયથી તો યથાર્થ બ્રહ્મચર્ય એને કહે છે, બ્રહ્મ નામ આત્મા આનંદસ્વરૂપ (છે), એ આનંદમાં ચરવું-રમવું એનું નામ બ્રહ્મચર્ય છે. શરીરથી બ્રહ્મચર્ય પાળવું એ તો એક શુભભાવ છે. ધર્મભાવ તો એને કહે છે, બ્રહ્મ નામ આત્મા આનંદસ્વરૂપ. ચર્ય-એ આનંદમાં-અતીન્દ્રિય આનંદમાં રમવું. આહાહા..! એનું નામ યથાર્થ દસમો ધર્મ બ્રહ્મચર્ય કહેવામાં આવે છે. એ લીધું છે.

**અર્થ :-** '**જે મુનિ...**' મુનિની પ્રધાનતાથી કથન છે ને. '**સ્ત્રીઓની સંગતિ ન કરે...**' બ્રહ્મચારી સંતોને સ્ત્રીનો પરિચય ન હોય. આહાહા..! સ્ત્રીઓના સંગનો જેને ત્યાગ છે. '**તેમના રૂપને ન નીરખે,...**' પોતાના આનંદસ્વરૂપની સંગતિ કરે છે, એ સ્ત્રીનો સંગ કેમ કરે? પોતાના આનંદસ્વરૂપનું રૂપ નિહાળે છે.. આહાહા..! એ સ્ત્રીનું રૂપ શા માટે જુએ? આહાહા..! સમજાય છે કાંઈ? '**કામની કથા તથા 'આદિ' શબ્દથી તેના સ્મરણાદિથી રહિત હોય...**' વિષયની કથાથી રહિત અને પૂર્વે કોઈ વિષય લીધો હોય એના સ્મરણથી રહિત (હોય). આહાહા..! એને યાદ ન કરવું. છે? '**એ પ્રમાણે નવ પ્રકારે બ્રહ્મચર્ય મન-વચન-કાયા, કૃત-કારિત-અનુમોદના એમ નવ પ્રકારથી...**' '**णवहा**' પાઠમાં એમ છે. '**णवहा**' બ્રહ્મચર્ય પાળે છે '**તે મુનિને ઉત્તમ બ્રહ્મચર્ય ધર્મ હોય છે.**' આહાહા..!

**ભાવાર્થ :-** '**અહીં એમ જાણવું કે બ્રહ્મ નામ આત્મા છે...**' એમાં ભાવાર્થ છે. 'સ્વામી કાર્તિકેય'. '**તેમાં લીન થાય તે બ્રહ્મચર્ય છે.**' આહાહા..! પરદ્રવ્યની લીનતામાં સ્ત્રી મુખ્ય છે. એમાં લીન થવું એ અબ્રહ્મ અને અજ્ઞાન છે. સમજાય છે કાંઈ? એ કહ્યું. '**પરદ્રવ્યમાં આત્મા લીન થાય તેમાં સ્ત્રીમાં લીન થવું પ્રધાન છે.**' તો એનો તો એને ત્યાગ નવ નવ કોટિએ હોવો જોઈએ. આહાહા..! બ્રહ્મચારી કોને કહે!

'પદ્મનંદી પંચવિંશતિ'માં ૨૬મો અધિકાર છે. નામ પચ્ચીસ પાડ્યું છે, પણ ૨૬

અધિકાર છે. ૨૬મા અધિકારમાં બ્રહ્મચર્યનું વર્ણન છે. ઘણું બ્રહ્મચર્ય! એ તો મુનિ છે ને! આહાહા..! તો બ્રહ્મચર્યનું વર્ણન એવા કડક શબ્દમાં કર્યું. પ્રભુ! તારા આનંદના નાથને ભૂલીને તું રાગ સાથે એકત્વબુદ્ધિ (કરે છે) એ મૈથૂન છે. આહાહા..! ભગવાન અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ, એમાં લીન થવું એ બ્રહ્મચર્ય છે. પછી આચાર્ય 'પદ્મનંદિ' જરી બોલ્યા, હે યુવાનો! આહાહા..! હે યુવાનો! મારી બ્રહ્મચર્યની વ્યાખ્યા સાંભળીને તમને કદાચિત્ ન રુચે તો માફ કરજો. એમ કહ્યું છે. 'જિનેશ્વરદાસજી'! આહાહા..! મુનિરાજ 'પદ્મનંદિ' મહા ભાવલિંગી સંત! આહાહા..! અતીન્દ્રિય આનંદમાં-બ્રહ્મમાં ઝુલનારા! આહાહા..! એ બ્રહ્મચર્યની વ્યાખ્યા કરતાં ૨૬મો અધિકાર લીધો. બહુ સ્પષ્ટ અધિકાર કર્યો. કર્યા પછી બોલ્યા, પ્રભુ! હે યુવાનો! તમારું શરીર ફાટફાટ હો અને તમને મારી આ બ્રહ્મચર્યની વાત ન રુચે તો પ્રભુ! માફ કરજે, અમે તો મુનિ છીએ. આહાહા..! 'શાંતિભાઈ'! આહાહા..! ગજબ છે ને!

મુનિરાજ ભાવલિંગી પંચપરમેષ્ઠીમાં ભળ્યા છે. એ કહે છે કે, બ્રહ્મ નામ ભગવાનઆત્મા, એમાં લીન થવું, એમાં લપેટ થઈ જવું, આનંદમાં ગુપ્ત અંદર ચાલ્યા જવું, એવી બ્રહ્મચર્યની વ્યાખ્યા સાંભળીને હે યુવાનો! તમને કદાચિત્ ન રુચે, યુવાન અવસ્થા ૨૦-૨૦-૨૫ વર્ષની, સાંઢડા જેવા શરીર હોય, બે-બે લાડવા, ત્રણ-ત્રણ લાડવા ચડાવતા હોય, આહા..! અને પાંચ-પચ્ચીસ લાખની મૂડી હોય ને સ્ત્રી રૂપાળી હોય, હવે એને આ વાત કહેતાં, પ્રભુ! તને ન રુચે તો હું તો મુનિ છું ને, મારી પાસેથી કઈ આશા રાખશો? સમજાય છે કાંઈ? તમને ન રુચે તો અમને મુનિ જાણીને ક્ષમા કરજો. આહાહા..! મારી પાસે શું આશા રાખશો? પ્રભુ! હું તો મુનિ બ્રહ્મચારી આનંદમાં લીન થનારો, એની પાસે તમે અમારી કઈ વાત પસંદ કરશો? અમે તો આ કહીશું. આહાહા..! સમજાય છે કાંઈ?

એ કહ્યું, આત્મા બ્રહ્મ, એમાં લીન થવું તે બ્રહ્મચર્ય છે. આહાહા..! ભાવાર્થમાં છે, હોં! સ્વદ્રવ્યમાં લીન થવું એ બ્રહ્મચર્ય છે અને પરદ્રવ્યમાં લીન થવું એ વ્યભિચાર છે. આહાહા..! શુભરાગમાં પણ લીન થવું વ્યભિચાર છે. 'પદ્મનંદિ' શાસ્ત્રમાં તો ત્યાં સુધી કહ્યું છે ને, પ્રભુ ! જો તારી બુદ્ધિ શાસ્ત્રમાં જશે તો વ્યભિચારિણી થશે. આહાહા..! 'શાંતિભાઈ'! શું કહ્યું? બુદ્ધિ તારી (ત્યાં જશે) તો એ શાસ્ત્ર પરદ્રવ્ય છે. આહાહા..! અહીં પરદ્રવ્ય કીધું ને? **'પરદ્રવ્યમાં આત્મા લીન થાય તેમાં સ્ત્રીમાં લીન થવું પ્રધાન છે,...'** પણ શાસ્ત્ર તરફ જો તારી બુદ્ધિ જશે... આહાહા..!

એકવાર કહ્યું હતું, 'ઝાંઝરીજી' તમારા પેલા પંડિત-'સત્યેન્દ્ર', 'સત્યેન્દ્ર' અહીં આવ્યા હતા તો આ બતાવ્યું હતું. કીધું, શાસ્ત્રમાં તો આમ છે. શાસ્ત્રમાં બુદ્ધિ જાય છે તો વ્યભિચારિણી છે, એમ 'પદ્મનંદિ પંચવિંશતિ'માં કહ્યું છે. કારણ કે શાસ્ત્ર પરદ્રવ્ય છે. આહાહા..! આવી વાત છે, બાપુ! ભગવાન ત્રણલોકનો નાથ આનંદનો સાગર, એમાંથી ખસીને રાગમાં અને પરમાં જાવું.. આહાહા..! પરમાત્માના પોકાર છે કે એ વ્યભિચાર છે. એ આ બ્રહ્મચર્ય અધિકારનો આ છેલ્લો અધિકાર. આજે દસમો દિવસ છે ને. આહાહા..! દસમો દિવસ-ચૌદસ. મોટો દિવસ છે. તો મોટામાં આ બ્રહ્મચર્ય (મોટું છે).

## કળશ-૧૧૦ ઉપર પ્રવચન

ચાલતો અધિકાર. ચાલતો અહીં આવ્યો ને? નીચે છે. **'कर्मविरतिः सम्यक् पाकं न उपैति'** ઈ છે. નીચેથી છે. નીચેથી સાતમી લીટી. નીચે, નીચે છે. ઉપર નહિ નીચે છે. સાત પંક્તિ. છે? શું કહે છે? આહાહા..! **'यावत् ज्ञानस्य सा कर्मविरतिः सम्यक् पाकं न उपैति'** આહાહા..! સમ્યગ્દષ્ટિને પણ આત્માના આનંદનો સ્વાદ આવ્યો, આનંદનું ભાન થયું. આહાહા..! એને પણ ક્રિયાનો કર્મ નામ રાગ... આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો રાગ, એને કર્મ કહ્યું. રાગને અહીંયાં કર્મ કહ્યું. રાગરૂપ ક્રિયાને કાર્ય કહીને કર્મ કહ્યું. જ્યાં સુધી કર્મથી સમ્યક્ પ્રકારે વિરતિ ન થાય...

**'આત્માના મિથ્યાત્વરૂપ વિભાવપરિણામ મટ્યા છે,...'** આહાહા..! આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ, એની દૃષ્ટિ અનુભૂતિ થઈને મિથ્યાત્વ તો જ્ઞાનીને મટ્યું છે. આહાહા..! સમજાય છે કાંઈ? છે? **'આત્મદ્રવ્ય શુદ્ધ થયું છે,...'** દૃષ્ટિમાં આત્મદ્રવ્યની શુદ્ધતા થઈ છે. આહાહા..! દ્રવ્ય શુદ્ધ છે એવી પર્યાયમાં પણ શુદ્ધતા તો થઈ છે. સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાનમાં શુદ્ધતાની શક્તિ છે, એમાં શુદ્ધતાની વ્યક્તિ પ્રગટ થઈ છે. આહાહા..! ભગવાન ભંડારમાં જે શુદ્ધતાની શક્તિ પડી છે એ સમ્યગ્દષ્ટિને શક્તિમાંથી વ્યક્તતા પ્રગટ થઈ છે. સમજાય છે કાંઈ? આહાહા..! આ વાત..! છે?

**'આત્મદ્રવ્ય શુદ્ધ થયું છે, તેને પૂર્વોક્ત ક્રિયા...'** આહાહા..! હજી પૂર્વોક્ત ક્રિયા નામ રાગની ક્રિયા હજી બાકી રહી છે. વ્રત ને તપ ને ભક્તિ ને પૂજાના વિકલ્પ આવે છે. આહાહા..! એ **'ક્રિયાનો ત્યાગ...'** છે ને? **'कर्मविरतिः' 'कर्मविरतिः'**. એ શુભરાગરૂપી ક્રિયા, એની વિરતી પૂરી નથી થઈ. સમકિતીને હજી રાગની વિરતી પૂર્ણ નથી થઈ. રાગથી ખસીને પોતાની દૃષ્ટિનું ભાન થયું. આનંદસ્વરૂપનું, જ્ઞાતા-દૃષ્ટાનું પરિણમન થયું, પણ જે ક્રિયાકાંડનો રાગ છે તેની હજી પૂર્ણ નિવૃત્તિ નથી થઈ. આહાહા..! સમજાય છે કાંઈ? એ રાગ **'ક્રિયાનો ત્યાગ...'** એટલે તેની પૂર્ણ નિવૃત્તિ **'सम्यक् पाकं न उपैति'** સમ્યક્ પ્રકારે તે પ્રાપ્ત થઈ નથી. રાગનો અભાવ કરવો એનો હજી એટલો અભાવ થયો નથી. આહાહા..! મિથ્યાત્વનો અભાવ થયો. સમજાય છે કાંઈ?

આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ ઉપર આરૂઢ થઈને જે અનુભૂતિ-અનુભવદૃષ્ટિ-સમ્યક્ આદિ થયા એમાં મિથ્યાત્વનો તો નાશ થયો અને આત્મદ્રવ્ય શુદ્ધ શક્તિપણે હતું એ પર્યાયમાં થોડી શુદ્ધતા પ્રગટ થઈ પણ હજી રાગની નિવૃત્તિ પૂર્ણ નથી થઈ. આહાહા..! સમ્યગ્દષ્ટિને પણ-જ્ઞાનીને પણ જ્યાં સુધી એ રાગની ક્રિયા છે ત્યાં સુધી એનો બંધ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એને મિથ્યાત્વનો બંધ નથી પણ ચારિત્રમોહનો બંધ પડશે. આહાહા..! જેટલું લક્ષ રાગમાં, ક્રિયાકાંડમાં જાય છે, જ્ઞાનીને પણ રાગ તો આવે છે ને, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામસ્મરણ એ બધો રાગ છે. એ રાગરૂપી કર્મ, કર્મ નામ કાર્ય, એની સમકિતીને પૂર્ણ નિવૃત્તિ થઈ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

'**બરાબર પરિપક્વતાને પામતો નથી...**' ભાષા દેખો! આહાહા..! ખરેખર તો ભગવાનઆત્મા નિજ શુદ્ધ સ્વરૂપના અનુભવમાં મિથ્યાત્વનો ત્યાગ કર્યો પણ શુદ્ધ સ્વરૂપમાં જે સ્થિરતા થવી જોઈએ તે નથી અને રાગાદિની ક્રિયામાં પરિણામ જાય છે તો સમ્યક્ પ્રકારે એની નિવૃત્તિ પાક થવો જોઈએ તે નિવૃત્તિ નથી. આહાહા..! સંસારની વાત તો ક્યાં રહી ગઈ પણ હજી દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ સમકિતીને આવે છે, એનો સમ્યક્ પ્રકાર, સમ્યક્નો અર્થ બરાબર કર્યો. '**सम्यक् पाकं न उपैति**' '**બરાબર પરિપક્વતાને પામતો નથી...**' આહાહા..! '**અર્થાત્ ક્રિયાનો મૂળથી વિનાશ થયો નથી.**' આહાહા..! હજી સમ્યગ્દૃષ્ટિને-આત્મજ્ઞાનીને મિથ્યાત્વનો નાશ થયો હોવા છતાં રાગની ક્રિયાનો પૂર્ણ પાક અભાવ થયો નથી. આહાહા..! ત્યાં સુધી વીતરાગતા પૂર્ણ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? છે?

'**ક્રિયાનો મૂળથી વિનાશ થયો નથી.**' આહાહા..! એ રાગના ભાવરૂપી ક્રિયાનો મૂળમાંથી હજી વિનાશ નથી થયો. આહાહા..! અહીંયાં લોકો તો એમ કહે છે, ક્રિયાકાંડ કરતાં કરતાં સમકિત, જ્ઞાન આદિ થશે. આહાહા..! પ્રભુ! માર્ગ જુદો છે, નાથ! તારું સ્વરૂપ અંદર છે ને. આહા..! એ રાગથી તો નિવૃત્તિ સ્વરૂપ છે. રાગમાં પ્રવૃત્ત સ્વરૂપ એ તારું સ્વરૂપ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? એ રાગનો, ક્રિયાકાંડના રાગનો પરિપક્વ નામ પૂર્ણતાનો ત્યાગ. પૂર્ણપણે સમકિતીને ત્યાગ થયો નથી. ત્યાં સુધી એ રાગનું બંધન થાય છે. ચાહે તો એ રાગ શુભ ક્રિયાકાંડનો હોય, શુભયોગ, સમકિતીને પણ એનું બંધન છે. આહાહા..!

મુમુક્ષુ :- છોડી દેવાથી બધું થઈ જશે?

ઉત્તર :- એ છોડી દેવાથી સ્થિરતા થઈ જશે. એ છોડીને અશુભમાં જવાનો પ્રશ્ન નથી. એ છૂટી જવાથી સ્વરૂપમાં સ્થિરતા થઈ જશે. શેઠ! અહીંયાં તો એનું સ્વરૂપ શું છે એટલું બતાવવું છે. આવે છે, પણ એનું ફળ શું? એનું ફળ તો બંધન છે. આહાહા..! આવો માર્ગ છે પ્રભુનો. વીતરાગ ભાખે છે. સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ સમવસરણમાં પરમાત્માની વાણીમાં આ આવ્યું છે. આહાહા..! ઈન્દ્રો જીલતા હતા.

એક ભવતારી ઈન્દ્ર અને ઈન્દ્રાણી પણ સમવસરણમાં 'સીમંધર' ભગવાન પાસે સાંભળવા આવે છે. શું કહ્યું? સુધર્મ દેવલોક છે. બત્રીસ લાખ વિમાન છે. એક એક વિમાનમાં અસંખ્ય દેવ છે. કોઈ વિમાનમાં થોડા થોડા છે. એનો સ્વામી શક્રેન્દ્ર છે. સિદ્ધાંતમાં એનો લેખ છે કે એ એક ભવતારી છે. આહાહા..! ક્રોડો અપ્સરાઓ, અસંખ્ય દેવોનો સાહેબો કહેવાય. અંદરમાં એમ માને છે કે બહારમાં કોઈ મારી ચીજ નથી. પણ એને પણ રાગ આવે છે, ભગવાનને શ્રવણ કરવા વ્યાખ્યાનમાં આવે છે. એક ભવતારી છે. એને પણ ખબર છે કે મારે એક જ ભવ છે. હું છેલ્લે મનુષ્ય થઈને મોક્ષ જવાનો છું. આહાહા..! એની પત્ની મુખ્ય ઈન્દ્રાણી છે એ પણ એક ભવતારી છે. એ ઊપજી ત્યારે મિથ્યાદૃષ્ટિ હતી. કેમકે સ્રીપણે ઉપજવું તો મિથ્યાદૃષ્ટિ સ્રીપણે ઊપજે. સમજાય છે કાંઈ? આહા..! માયાના રોપ રોપ્યા હોય એ સ્રી થાય. સ્રી દેવી થઈ ત્યારે તો મિથ્યાદૃષ્ટિ હતી, પણ ઈન્દ્રની સાથે ભગવાનના સમવસરણમાં, જન્મ કલ્યાણક, ગર્ભ કલ્યાણક આદિમાં જતી હતી એમાં એને આત્મજ્ઞાન થઈ ગયું, સમ્યગ્દર્શન થઈ ગયું. એ પણ સિદ્ધાંતમાં-પરમાગમમાં લેખ છે કે એ પણ એક

ભવતારી છે. એક ભવ કરીને મોક્ષમાં જશે. આહાહા..!

મારે તો બીજું કહેવું છે, આવા એક ભવતારી મોક્ષમાં જનાર, અવધિજ્ઞાની, મતિ-શ્રુત જ્ઞાની, સમકિતી એ જ્યારે ભગવાનની વાણી સાંભળે છે તો સાંભળવામાં ભગવાને આમ કહ્યું. પ્રભુ! તને જ્યાં સુધી રાગની પૂર્ણ નિવૃત્તિ ન થાય ત્યાં સુધી તને રાગથી બંધ થાય છે. આહાહા..! તેથી તને અવતાર છે. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીંયાં પાંડવ જુઓ! પાંચ પાંડવો. આ 'શેત્રુંજય'. ધ્યાનમાં અંદર આનંદમાં મસ્ત હતા. દુર્યોધનના ભાણેજે આવીને લોઢાના (દાગીના) પહેરાવ્યા. લોઢાના ધગધગતા મુગટ, કડા (પહેરાવ્યા). ધર્મરાજા, ભીમ અને અર્જુન પોતાના સ્વરૂપમાં લીન થઈ કેવળજ્ઞાન પામી મોક્ષમાં ગયા. 'શેત્રુંજય'માં માથે બિરાજે છે. જાત્રા કરવાનો હેતુ એ છે કે જ્યાંથી મોક્ષ પધાર્યા છે ત્યાં નીચે ઉપર બિરાજે છે. તો યાદ આવે છે કે ઓહો..! ભગવાન અહીંયાં ઉપર બિરાજે છે. અહીંથી મોક્ષ ગયા તો ઉપર ત્યાં બિરાજે છે. એ સ્મરણ માટે શુભભાવ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

ત્રણ તો મોક્ષમાં ગયા. બે મુનિઓને જરી એક વિકલ્પ આવ્યો, હોં! આહાહા..! આ કર્મની નિવૃત્તિ નથી (એની વાત છે). હજી રાગની નિવૃત્તિ (બાકી છે). એવો વિકલ્પ આવ્યો, અરે..! ત્રણ મુનિઓને શું થતું હશે? કારણ કે એક તો સહોદર છે-એક ઉદરે જન્મેલા છે અને સાધર્મી છે તથા વડીલ છે. ત્રણે મોટા છે-સહદેવ, નિકુલથી. એટલો વિકલ્પ અંદર આવી ગયો. અરે..! મુનિઓને કેમ હશે? એવો એક શુભ વિકલ્પ આવ્યો, હોં!

મુમુક્ષુ :- પોતાનો ન આવ્યો, બીજાનો આવ્યો.

ઉત્તર :- પોતાનો ન આવ્યો. પોતાને તો છે, પણ એટલા અંદર સ્થિર ન રહ્યા ને. એમનું શું થશે? એટલું. કેવળજ્ઞાન અટકી ગયું. કેવળજ્ઞાન ન થયું. વિકલ્પ આવ્યો એમાં કેવળજ્ઞાન રોકાઈ ગયું. સર્વાર્થસિદ્ધમાં ચાલ્યા ગયા. ૩૩ સાગર કેવળજ્ઞાન દૂર થઈ ગયું. આ તો ક્રિયા-રાગ, એનાથી નિવૃત્તિ નથી. સમકિતીને પણ, મુનિને પણ રાગની નિવૃત્તિ જ્યાં પૂર્ણ નથી તો એને એટલો બંધ થઈ જાય છે. આહાહા..! માર્ગ તો દેખો પ્રભુનો! આહાહા..! પ્રભુ શબ્દે તું પરમાત્મા વીતરાગસ્વરૂપ. તારો માર્ગ વીતરાગભાવનો છે. આહાહા..! એટલો રાગ આવ્યો-બંધુનો, મુનિપણાનો, સાધર્મીનો. કોઈ સંસારીનો નહિ. (એમાં) ૩૩ સાગરનું આયુષ્ય બંધાઈ ગયું. સર્વાર્થસિદ્ધનું આયુષ્ય બંધાઈ ગયું. આહાહા..! એક સાગરમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ. એક પલ્યના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ. એટલું કેવળજ્ઞાન દૂર થઈ ગયું.

મુમુક્ષુ :- આટલા રાગમાં આટલી શિક્ષા.

ઉત્તર :- એ રાગનું એટલું ફળ છે. એ બતાવવું છે. સમજાય છે કાંઈ? આહાહા..! ત્રણ તો મોક્ષ પધાર્યા, બે સર્વાર્થસિદ્ધમાં ગયા. ૩૩ સાગર રહેશે. મનુષ્ય થશે ત્યારે પણ એકદમ તો કેવળજ્ઞાન થતું નથી. આઠ વર્ષ પહેલા તો (થતું નથી). આહાહા..! એટલા રાગમાં બંધન થયું, નિવૃત્તિ ન થઈ તો રાગમાં પ્રવૃત્તિ થઈ ગઈ. આહાહા..! બે ભવ થઈ ગયા.

મુમુક્ષુ :- રાગનું ફળ.

ઉત્તર :- રાગનું ફળ. બે ભવ (વધી ગયા). આ શુભરાગ, આ શુભરાગ. તમારા તમાકુના ને બીડીના નહિ. શેઠિયાને યાદ કરાવ્યું. મુનિ છઠ્ઠે ગુણસ્થાને ઝુલવાવાળા, સહોદર, સાધર્મી, વડીલ. એટલું થોડું લક્ષ ગયું. બે ભવ વધી ગયા. સ્વર્ગ અને મનુષ્ય. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં એ કહે છે, '**બરાબર પરિપક્વતાને પામતો નથી અર્થાત્ ક્રિયાનો મૂળથી વિનાશ થયો નથી.**' એ રાગનો ભાવ રહી ગયો. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! આવી વાત વીતરાગ સિવાય ક્યાં છે? વીતરાગ એમ કહે, પ્રભુ! તને આત્મજ્ઞાન થયું હોવા છતાં મારા સ્મરણમાં તને રાગ આવશે એ ક્રિયા રાગ બંધનું કારણ છે. આહાહા..! પ્રભુ! તને રાગથી તો ભવ થશે. અરે..! ભવ થવો તો કલંક છે. ભગવાનસ્વરૂપ ભવરહિત, એમાં ભવનો ભાવ અને ભવ તો કલંક છે. 'યોગીન્દ્રદેવ' કહે છે, ભવ લેવો એ કલંક છે. ભગવાન આનંદની મૂર્તિ નાથ.. આહાહા..! એને આ ભવ કલંક છે.

અહીં કહે છે કે જ્યાં સુધી જ્ઞાનીને પણ.. આહાહા..! રાગની ક્રિયાનો પૂર્ણ પરિપક્વ ત્યાગ નથી ત્યાં સુધી એને બંધ છે. આહાહા..! તો અશુભરાગનું તો શું કહેવું? આહાહા..! અને આ પણ પરની દયા પાળવાનો ભાવ નહોતો. ફક્ત મુનિ ધ્યાનમાં હતા. પોતે ધ્યાનમાં હતા, એમાં વૃત્તિ જરી ખસી ગઈ. આહાહા..! તો કહે છે, '**જ્યાં સુધી અશુદ્ધ પરિણમન છે ત્યાં સુધી જીવનું વિભાવપરિણમન છે.**' એ રાગ એ અશુદ્ધ પરિણમન છે. સમકિતીને અને મુનિને પણ. ભાવલિંગી સંત જે, આહાહા..! ત્રણ કષાયના અભાવરૂપ વીતરાગતા તો પ્રગટી છે. વીતરાગના ઝુલે ઝુલે છે પણ પૂર્ણ વીતરાગતા નથી તેથી રાગનો વિકલ્પ આવ્યો તો એ અશુદ્ધ પરિણમન છે. આહાહા..! સમજાય છે કાંઈ? અરે..! સંસાર માટેનો રાગ એ તો સમકિતીને કાળો નાગ દેખાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો અંતરની વાતું છે, પ્રભુ! ભગવાનનો પોકાર છે, જ્યાં સુધી રાગની ક્રિયાથી પૂર્ણ નિવૃત્તિ ન થાય ત્યાં સુધી બંધનમાં અવતાર લેવા પડશે. સમજાય છે કાંઈ?

'શ્રીમદ્' પણ કહે છે, 'શ્રીમદ્ રાજચંદ્ર'. 'અશેષ કર્મનો ભોગ છે ભોગવવો અવશેષ રે,' અરેરે..! હજી કંઈક રાગ બાકી દેખાય છે. અશેષ કર્મનો ભોગ-રાગનો ભોગ હજી અંદર દેખાય છે. 'અશેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે.. તેથી દેહ એક ધારીને, જાશું સ્વરૂપ સ્વદેશ રે..' અરે..! રાગ દેખાય છે તેથી ભવ ધારણ કરવો પડશે અને એક ભવ ધારણ કરી અમે અમારા સ્વરૂપ સ્વદેશમાં ચાલ્યા જશું. 'હમ પરદેસી પંખી સાધુ, આ રે દેશ કે નાહિ રે,' રાગના દેશના અમે નહિ. આહાહા..! 'હમ પરદેસી પંખી સાધુ, આ રે દેશ કે નાહિ રે.. નિજ સ્વરૂપનું સ્મરણ કરી જાશું સ્વરૂપ સ્વદેશ રે' રાગના દેશમાં અમે આવીએ છીએ. કર્મની વિરતી પૂર્ણ ન થઈ પણ પછી અમે આ રાગનો ત્યાગ કરીને એકાદ ભવમાં મોક્ષ જશું. સમજાય છે કાંઈ?

જેણે ભવનો છેદ કરી દીધો છે.. આહાહા..! એને પણ એ રાગભાવમાં ભવ દેખાય છે કે અરેરે..! હજી ભવ કરવો પડશે. એકાદ દેહ (ધારણ કરવો પડશે). એ દેહ ક્યો? એ મનુષ્યની વાત છે. સ્વર્ગ તો વચ્ચે ધર્મશાળા (છે). હજી એકાદ દેહ મનુષ્યનો ધારણ કરી

મોક્ષમાં જશે. એ આ રાગને કારણે ભવ ધારણ કરવો પડઈ. આહાહા..!

અહીંયાં તો પરમાત્મા એમ કહે છે, '**જ્યાં સુધી અશુદ્ધ પરિણમન છે ત્યાં સુધી જીવનું વિભાવપરિણમન છે.**' ત્યાં સુધી વિકારનું પરિણમન સમકિતી મુનિને પણ છે. આહાહા..! ભાઈએ કહ્યું ને? ત્રીજા શ્લોકમાં. 'અમૃતચંદ્રાચાર્ય'. અરે..! અમારે અનાદિની હજી અશુદ્ધતા '**कल्माषितायाः**' (બાકી છે). આહાહા..! મુનિ છે, ભાવલિંગી સંત છે. ત્રણ કષાયનો અભાવ (થયો છે). વીતરાગતાના ઝુલે ઝુલે છે. પણ કહે છે કે અમને અનાદિનો કલુષિત રાગ આવે છે. આહાહા..! એ શુભરાગ. આહાહા..! અરે..! ક્યાં દુનિયાને પડી છે અંદર. આહાહા...! હું ક્યાં જઈશ? ક્યાં રહીશ? આહા..!

અહીંયાં તો કહે છે, આહા..! આમાંથી એકાદ રાગ બાકી રહી જાય તોપણ ભવભ્રમણ છે. આહાહા..! સમજાય છે કાંઈ? તો કહે છે, '**જીવનું વિભાવપરિણમન છે.**' એ વિકાર છે. આહાહા..! મિથ્યાત્વ છે એની તો વાત શું કરવી? પણ મિથ્યાત્વ ગયા પછી પણ જેટલું રાગનું પરિણમન છે તેટલો વિભાવ છે. આહાહા...! મારા નાથને છોડીને હું રાગમાં આવી જાઉં છું. બોજો છે, બોજો. આહાહા..! '**તે વિભાવપરિણમનનું અંતરંગ નિમિત્ત છે,...**' ઈ શું કહે છે? કે જ્ઞાનીને પણ જે રાગ-વિભાવ આવે છે, એ કોઈ એકલા કર્મને કારણે આવે છે એમ નહિ. કર્મથી વિભાવ થયો એમ નથી, એમ કહે છે. '**અંતરંગ નિમિત્ત છે, બહિરંગ નિમિત્ત છે.**' બે વાત છે.

'**વિવરણ-અંતરંગ નિમિત્ત જીવની વિભાવરૂપ પરિણમનશક્તિ,...**' આહાહા..! મારામાં જે રાગ આવે છે એ મારી વિભાવ પરિણમનની શક્તિનું કાર્ય છે. આહાહા..! એમ સમકિતી જાણે છે. એમ અહીંયાં મુનિરાજ કહે છે. આહાહા..! છે નીચે? '**અંતરંગ નિમિત્ત જીવની વિભાવરૂપ પરિણમનશક્તિ...**' ઈ શું કહે છે? આત્મામાં વિભાવ નામનો એક ગુણ-શક્તિ છે. જેમ જ્ઞાનશક્તિ, આનંદશક્તિ છે એમ વિભાવ નામની પોતાની શક્તિ છે. તો વિભાવશક્તિ એટલે વિભાવરૂપે પરિણમવું એમ નહિ. પણ વિભાવશક્તિ ચાર દ્રવ્યમાં નથી અને જીવ ને પુદ્ગલમાં છે તેથી વિભાવને વિશેષ શક્તિ કહેવામાં આવી. પણ એ વિભાવશક્તિ... '**જીવની વિભાવરૂપ પરિણમનશક્તિ...**' એ પોતાની પર્યાયમાં વિભાવરૂપે થવાની લાયકાત છે. વિભાવશક્તિના પરિણમનમાં રાગ થવાની, મારા કારણે રાગ થવાની લાયકાત મારામાં છે.

મુમુક્ષુ :- વિભાવશક્તિ..

ઉત્તર :- વિભાવશક્તિ તો ત્રિકાળી છે. વર્તમાન પરિણમનમાં મારી રાગની યોગ્યતાના પરિણમનમાં મારી લાયકાત છે. વિભાવશક્તિ છે. શક્તિ વિભાવરૂપ પરિણમન નથી કરતી. અહીં તો એ કહ્યું ને?

'**અંતરંગ નિમિત્ત છે,...**' પરિણમનમાં રાગના પરિણમનમાં વિભાવિક શક્તિ નિમિત્ત છે. એટલે મૂળ કારણ તો એ છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..! ભઈ! અમારે રાગ થયો તો કર્મને લઈને થયો, એમ નથી. અત્યારે આ બહુ મોટી ઝંઝટ છે કે વિકાર થાય છે એ કર્મને કારણે થાય છે. બસ. સમજાય છે કાંઈ? આહાહા..! અહીં એ સિદ્ધ કરે છે કે સમકિતીને પણ આત્મજ્ઞાનમાં આત્માના ભાનપૂર્વકમાં જે રાગ થાય છે એ વિભાવિક શક્તિની

પોતાની ઊલટી પરિણમન દશા છે. વિભાવિક શક્તિનું પરિણમન વિકાર થવો એમ નથી. કેમકે વિભાવિક શક્તિ તો સિદ્ધમાં પણ છે. શું કહ્યું? સિદ્ધમાં પણ વિભાવિક શક્તિ છે. (ત્યાં) એનું સ્વભાવ પરિણમન છે. આ વિભાવિક શક્તિ છે માટે વિભાવરૂપે પરિણમે છે એમ નથી. વિભાવશક્તિ નિમિત્તને આધીન થાય છે તો વિભાવરૂપ પરિણમે છે. કર્મથી વિભાવરૂપ પરિણમે છે, તેનો નિષેધ કરવા આ ખુલાસો કર્યો છે.

લખાણમાં આવે છે કે જ્ઞાનીને પણ એવા કર્મ.. આહાહા..! સમજાય છે કાંઈ? એમ કે, કર્મ બળવત્તર છે એટલે જ્ઞાનીને પણ રાગ થઈ જાય. એમ અર્થમાં આવે છે. 'જયચંદ્રજી' પંડિતમાં. એ તો એક નિમિત્તનું કથન બતાવ્યું. બાકી વિકારનું વિભાવરૂપ પરિણમન છે એ પોતાને કારણે પોતાની યોગ્યતાથી થયું છે. સમજાય છે કાંઈ? આહાહા..!

'પ્રવચનસાર'માં ૪૭ નય લીધી છે. એમાં ઈશ્વરનય લીધી છે, ઈશ્વરનય. એનો અર્થ એ કર્યો છે કે, જેમ ધાવમાતાને.. ધાવમાતાની પાસે બાળક ધવડાવે છે, પરાધીન (થઈને). એમ આત્મા પરાધીન પોતાથી પરાધીન થઈને રાગ કરે છે. ઈશ્વરનય. કર્મ પરાધીન કરાવે છે એમ નથી. વાતે વાતે ફેર. એના નિર્ણયના ઠેકાણા ક્યાં છે? આહાહા..! સત્યનું સ્વરૂપ શું છે? અને પરમાત્મા શું કહે છે? આહાહા..! શું કહે છે?

વિભાવિકશક્તિ છે પણ મારામાં મારી લાયકાતથી નિમિત્તને આધીન થઈ મારો વિકાર થવો એ મારી સ્વતંત્ર દશા છે. એ વિકાર કર્મ કરાવે છે (એમ નથી). સમકિતીને પણ વિકાર (થાય છે). આહાહા..! સમજાય છે કાંઈ? ભઈ! ચારિત્રમોહનો ઉદય છે ત્યાં સુધી વિકાર થાય છે. એમ નથી એમ કહે છે. અંતરંગ નિમિત્ત તો વિભાવિક પરિણમન છે, પોતાની યોગ્યતા છે, એમ કહે છે. 'શાંતિભાઈ'! આહાહા..! એક એક બોલમાં શું પૃથકપણું અહીં તો બતાવે છે. આહાહા..!

ધર્મીજીવને, જ્ઞાનીને અને સંતોને જે રાગ આવે છે એમાં વિભાવિક પરિણમન શક્તિની યોગ્યતાથી થાય છે. કર્મથી નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? એ ભક્તિમાં પણ આવે છે ને? ત્યાં એ દિવસે કહ્યું હતું. 'કર્મ બિચારે કૌન? ભૂલ મેરી અધિકાઈ.' 'ચંદ્રપ્રભુ' ભગવાનની સ્તુતિમાં આવે છે. વીસ વર્ષ પહેલા ત્યાં 'ઈસરી'માં કહ્યું હતું, 'કર્મ બિચારે કૌન? ભૂલ મેરી અધિકાઈ,' તો ત્યાં પંડિત ને ઈ બધા લોકો એમ કહેતા હતા કે આવી ગોતી ગોતીને વાત કાઢે છે. પણ કર્મથી થાય છે એ વાત તો કહેતા નથી. એમ કહેતા હતા, ખબર છે. અને એક વાત એ વખતે એવી કરી હતી, વીસ વર્ષ પહેલા, જો જિનાજ્ઞા માને તો કર્મથી રાગ થાય એવી અનીતિ સંભવે નહિ. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે. સમજાય છે કાંઈ? જિનાજ્ઞા માને તો કર્મથી વિકાર થાય છે એવી અનીતિ સંભવે નહિ. એ તારી અનીતિ છે. અનીતિ. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં પાછળ છે. એ લોકો ખાનગીમાં ઊડાડી દેતા હતા. સામું બોલી શકે નહિ. આ તો ગોતી ગોતીની વિકારની સ્વતંત્રતા સિદ્ધ કરે છે. આ શું કહે છે? જુઓને!

ધર્મીને વિકાર થાય છે. આહા..! અંતરંગ નિમિત્ત એટલે અંતરંગ કારણ. અંતરંગ કારણ '**જીવની વિભાવરૂપ પરિણમનશક્તિ...**' એ અંતરંગ કારણ છે. વિભાવરૂપ. આહાહા..! આત્મજ્ઞાન થયું, રાગનું સ્વામીત્વ છૂટી ગયું તો પણ જે રાગ રહે છે એ પોતાની યોગ્યતાથી

જ્ઞાનીને રાગ થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? અને 'બહિરંગ નિમિત્ત છે મોહનીયકર્મરૂપ પરિણમેલો પુદ્‌ગલપિંડનો ઉદય...' એ કર્મ તો બહિરંગ નિમિત્ત છે. કર્મ તો બહિરંગ નિમિત્ત છે, વિકાર પોતાનું અંતરંગ નિમિત્ત છે. આહાહા..! સમજાય છે કાંઈ? શું કરીએ? અમારે કર્મનું એવું જોર છે. ખોટુ બોલે છે તું. સમજાય છે કાંઈ? તારો વિકાર કરવામાં તારી સ્વતંત્ર યોગ્યતા છે. વિકારનો કર્તા સ્વતંત્રપણે થાય છે. કર્મ કરાવે છે એ વાત ત્રણકાળમાં નથી. એમાં મોટી વિચિત્રતા છે. આહાહા..! ત્રણે સંપ્રદાયમાં ગોટા છે. નહિ, કર્મથી થાય છે, કર્મથી થાય છે.

અહીં કહે છે કે અંતરંગ કારણ તો પોતાનું જ છે. સમકિતીને પણ રાગ આવે છે.. આહાહા..! એ બળભદ્ર, શ્રીકૃષ્ણને લઈને છ માસ સુધી મડદું ઉપાડ્યું. આહાહા..! રામચંદ્રજીએ લક્ષ્મણને છ મહિના સુધી લીધા. એ રાગ હતો. એ રાગ પોતાનો દોષ હતો. પોતાને કારણે રાગ હતો, કર્મને કારણે નહિ. સમજાય છે કાંઈ? અંદર ભાન હતું કે આ રાગ મારી ચીજ નહિ. મારી નબળાઈથી મારામાં ઉત્પન્ન થાય છે. એમાં પણ એમ લગાવે છે કે છ મહિના સુધી ઉપાડ્યું, પછી કર્મનો ઉદય બંધ થઈ ગયો તો છોડી દીધું. એમ નથી. છ મહિના સુધી રાગ પોતાના અપરાધને કારણે રહ્યો છે. આહાહા..! 'શાંતિભાઈ'! બધું સાંભળ્યું નથી? આવું બધું સાંભળ્યું છે કે નહિ? આહાહા..! એ ખુલાસો કરે છે.

'**અંતરંગ** (કારણ છે) **નિમિત્ત જીવની વિભાવરૂપ પરિણમનશક્તિ, બહિરંગ** (કારણ છે) **નિમિત્ત છે મોહનીયકર્મરૂપ પરિણમેલો પુદ્‌ગલપિંડનો ઉદય. તે મોહનીયકર્મ બે પ્રકારનું છે : એક મિથ્યાત્વરૂપ છે, બીજું ચારિત્રમોહરૂપ છે. જીવનો વિભાવપરિણામ પણ બે પ્રકારનો છે** :' કર્મ બે પ્રકારના છે-દર્શનમોહ અને ચારિત્રમોહ અને '**જીવનો વિભાવપરિણામ પણ બે પ્રકારનો છે : જીવનો એક સમ્યક્‌ત્વ ગુણ છે તે જ વિભાવરૂપ થઈને મિથ્યાત્વરૂપ પરિણમે છે,...**' આહાહા..! આત્મામાં શ્રદ્ધા નામનો અનાદિનો ગુણ છે. એની સમ્યક્ પરિણતિ થવી જોઈએ તેને છોડીને મિથ્યાત્વરૂપ પરિણમે છે. અજ્ઞાની પોતાને કારણે મિથ્યાત્વરૂપ પરિણમે છે, કર્મને કારણે નહિ. આહાહા..! છે?

'**તેના પ્રતિ બહિરંગ નિમિત્ત છે મિથ્યાત્વરૂપ પરિણમેલો પુદ્‌ગલપિંડનો ઉદય;...**' દર્શનમોહ બાહ્ય નિમિત્ત છે. દર્શનમોહનું તો બાહ્ય નિમિત્ત છે. મિથ્યાત્વનું તો પોતાનું અંતરંગ કારણ છે. આહાહા..! આ તો કહે કે અમારે દર્શનમોહનીય કર્મનું જોર છે તો મિથ્યાત્વ થાય છે, શું કરીએ? કર્મનો ઉદય આવે એટલે જોડાવું જ પડે છે. કર્મનો ઉદય આવે એટલે એ નિમિત્ત બનીને જ આવે છે તો અમારે વિકાર કરવો જ પડે છે. બધું ખોટું છે.

મુમુક્ષુ :- કોઈવાર કર્મ બળિયો, કોઈવાર જીવ બળિયો.

ઉત્તર :- વિકાર બળિયો ઈ. કોઈવાર વિકાર બળિયો ને કોઈવાર જીવ સ્વભાવ બળિયો. એમ. આહાહા..! સમજાય છે કાંઈ? એ શબ્દ આવે છે. 'કાર્તિકિયાનુપ્રેક્ષા'ની ટીકામાં આવે છે. ... કમ્મો બળિયો. ત્યાં નાખે, જુઓ! કર્મ બળિયો. પણ કર્મ બળિયાનો અર્થ શું? કર્મના નિમિત્ત ઉપર જોર આપે છે તો કર્મ બળિયો એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? અરે..! એક્કેય વાતના ઠેકાણા ન મળે અને ધર્મ કરીએ, ધર્મ કરીએ. ક્યાં ધર્મ હતો?

ભાઈ! આહાહા..!

ધર્મનો એક સમય સંસારના અભાવનું કારણ છે. આહાહા..! મિથ્યાત્વ પરિણામ પણ પોતાના ઊલટા પરિણામથી અજ્ઞાની કરે છે. કર્મને કારણે નહિ. કર્મ તો બહિરંગ નિમિત્ત છે. આહાહા..! એ પણ ત્યાં ચર્ચા ચાલી હતી ને? એમ કે જ્ઞાનાવરણીય કર્મોને કારણે જ્ઞાનમાં વધઘટ થાય છે. 'કાનજીસ્વામી' કહે છે કે, જ્ઞાનાવરણીયથી નહિ. જ્ઞાનની હિનાધિકતા પોતાથી થાય છે. વીસ વર્ષ પહેલા એ રેકોર્ડિંગ થઈ ગયું છે. રેકોર્ડિંગ થયું છે ને? કેમ મહારાજ! આ ઠીક છે? 'કાનજીસ્વામી' એમ કહે છે કે જ્ઞાનની હિનાધિકતા પોતાથી થાય છે. જ્ઞાનાવરણીય કંઈ કરતું નથી. નહિ, અગિયાર અંગધારી કહે તોપણ એ ખોટું છે. જ્ઞાનાવરણીયને કારણે જ્ઞાનને હિનાધિકતા થાય છે. એ પ્રથા હતી. એ પ્રથા આખા હિન્દુસ્તાનમાં હતી. બધા પંડિતો ને ત્યાગીઓ ને બધામાં એ પ્રથા હતી. એથી લોકોને જરી..

અહીં તો કહે છે, આહા..! જ્ઞાનમાં હિણી દશા થવી એ પોતાને કારણે છે. એ પોતાનું અંતરંગ કારણ છે. અને જ્ઞાનાવરણીય તો નિમિત્ત બાહ્ય કારણ છે. સમજાય છે કાંઈ? આહાહા..! અમારે કર્મનું જોર છે. શું કરીએ? વેપાર છોડી શકતા નથી. અરે..! જૂઠા! જૂઠો.. જૂઠો. એક જૂઠો હતો. એક જૂઠા નામનો માણસ હતો. વીસાશ્રીમાળી. 'પાળિયાદ'માં. પછી એના બાપના બાપ, એના બાપના બાપ જૂઠા હતા. એના દાદા. તો ઓલી રાખી.. શું કહેવાય? પ્રતિમા. પ્રતિમા નહિ ઉર્ધન, ઉર્ધન. એક જૂઠો નામનો માણસ હતો. પોષા કરતા, પ્રતિક્રમણ કરતા. 'પાળિયાદ' ચોમાસું હતુ. તો એના બાપના બાપ જૂઠા હતા. એ ભુવા હતા, ભુવા. ભુવા ધુણતા. ધુણતા ધુણતા.. (મેં) કીધું, આ સામાયિક, પોષા કરનારા તમે આ જૂઠા (કરો છો). તો કહે, મહારાજ! હું તો ત્યાં બોલું છું કે હું જૂઠો છું. પણ તું જૂઠો છો એટલે આ જૂઠો છે એ તું છો, એમ ત્યાં ચાલે છે. આ વાત થઈ ગયેલી, હોં!

મુમુક્ષુ :- કાંઈ સમજાણું નહિ.

ઉત્તર :- લો. આ તો સાધારણ ભાષામાં (કહ્યું). એના બાપના બાપ આદિ ઉર્ધન. ઉર્ધન નથી સમજતા? તમારે હિન્દીમાં શું કહે છે? પિતાના પિતા. બાબા. એનું રાખે છે ને? લાકડી ને.. એ જૂઠાના હતા. ભુવો હતો તે ધુણતો હતો. ધુણતા હતા તો મેં એકવાર કહ્યું, અરે..! પણ તમે આ સામાયિક કરો છો. ના, ના. મહારાજ! હું તો ત્યાં ધુણતો, જૂઠો છું એમ કહું છું. પણ તમે જૂઠા છો, જૂઠો તો તારા પિતાજી છે એમ લોકો માને છે. હું જૂઠો છું. પણ... આહાહા..!

એમ અહીંયાં કહે છે, મિથ્યાત્વરૂપ પરિણમ્યો એ પોતાનું કારણ છે. છે? '**તે જ વિભાવરૂપ થઈને મિથ્યાત્વરૂપ પરિણમે છે,...**' તે પોતાનું કારણ છે. '**તેના પ્રતિ** બહિરંગ **નિમિત્ત છે મિથ્યાત્વરૂપ પરિણમેલો પુદ્ગલપિંડનો ઉદય;...**' છે. એ તો નિમિત્ત છે. નિમિત્ત કંઈ કરાવતું નથી. એ વાત હમણાં બહાર આવી ગઈ. 'કૈલાસચંદજી' એ પાડી છે. પહેલા બેય ગુપ્ત હતી, 'વર્ણીજી'ના વખતમાં. ક્રમબદ્ધ નહોતા માનતા અને નિમિત્તથી કંઈક થાય છે એમ માનતા હતા. આ ફેરી 'કૈલાસચંદજી'એ ખુલાસો કર્યો છે, ક્રમબદ્ધ છે અને નિમિત્ત છે પણ નિમિત્ત પરને કરતું નથી. પરમાં કંઈ કરતું નથી એનું નામ નિમિત્ત છે. અહીંયાં કહે છે, જીવ

મિથ્યાત્વરૂપ પરિણમે છે ત્યારે દર્શનમોહનું બહિરંગ નિમિત્ત છે. પણ નિમિત્ત કંઈ કરતું નથી, મિથ્યાત્વ કરાવતું નથી. આહાહા..! મોટી ઝંઝટ અત્યારે ચાલે છે. આહાહા..! એક તો એમ કહેતો હતો કે, કર્મ તો નિમિત્ત થઈને આવે જ છે. એટલે મિથ્યાત્વ અને વિકાર કરવો જ પડે. અને નોકર્મ છે એ તો તમે કરો તો નિમિત્ત કહેવાય, નહિતર નિમિત્ત ન કહેવાય. બધું મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? 'મીઠાલાલજી'! આહાહા..!

અહીં ઈ કહે છે, 'રાજમલજી' પોતે ખુલાસો કરે છે. વિભાવરૂપ પરિણમ્યું મિથ્યાત્વ અને એના નિમિત્તરૂપે દર્શનમોહનીય કર્મ છે. **'જીવનો એક ચારિત્રગુણ છે...'** હવે બીજો લીધો. **'વિભાવરૂપ પરિણમતો થકો વિષયકષાયલક્ષણ ચારિત્રમોહરૂપ પરિણમે છે,...'** વિષયકષાયના પરિણામરૂપ પરિણમે છે એ પોતાને કારણે પરિણમે છે. અંતરંગ કારણ પોતાનું છે. સમજાય છે કાંઈ? આહાહા..! **'તેના પ્રતિ બહિરંગ નિમિત્ત છે ચારિત્રમોહરૂપ પરિણમેલો પુદ્‌ગલપિંડનો ઉદય.'** એ તો બાહ્ય નિમિત્ત છે. બાહ્ય નિમિત્ત છે, આ અંતરંગ કારણ છે. આહાહા..! એના પણ નિર્ણય કરવાના ક્યાં ઠેકાણા છે. સમકિત તો ક્યાંય રહી ગયું, પણ હજી આ કર્મને લઈને વિકાર થાય ને એને લઈને આ થાય (એમ માને). આહાહા..! આ ઈન્દ્રિય છે તો અહીં જ્ઞાન થાય છે. આ ઈન્દ્રિય છે તો જ્ઞાન થાય છે, એ વાત ખોટી છે. જ્ઞાન તો પોતાની પર્યાયથી થાય છે. ઈન્દ્રિય તો નિમિત્ત છે. નિમિત્ત શું કંઈ કરાવે છે અંદર? સમજાય છે કાંઈ? આહાહા..!

**'વિશેષ આમ છે કે-ઉપશમનો, ક્ષપણનો ક્રમ આવો છે : પહેલાં મિથ્યાત્વકર્મનો ઉપશમ થાય છે....'** દેખો! પહેલા તો મિથ્યાત્વભાવનો નાશ થાય છે ત્યારે મિથ્યાત્વ કર્મનો ઉપશમ થાય છે અથવા ક્ષપણ થાય છે. મિથ્યાત્વનો નાશ થાય છે ત્યારે દર્શનમોહનો નાશ થાય છે. **'તેના પછી ચારિત્રમોહકર્મનો ઉપશમ થાય છે...'** પહેલા મિથ્યાત્વનો નાશ થાય પછી ચારિત્રોહનો ઉપશમ થાય અથવા ચારિત્રમોહનો નાશ થાય. પહેલા આ ન થાય, મિથ્યાત્વનો નાશ ન હોય અને ચારિત્રમોહનો નાશ થઈ જાય (એમ બનતું નથી). આહાહા..!

મુમુક્ષુ :- ત્યાગ ને તપ તે ચારિત્ર નથી? મહારાજ!

ઉત્તર :- એ ચારિત્ર ક્યાં હતા? અચારિત્ર છે. અહીં તો રાગનો ત્યાગ અને મિથ્યાત્વનો ત્યાગ એ ત્યાગ છે. એ તો સિદ્ધ કરે છે. જેટલો સમકિતીને, ક્ષાયિક સમકિતી 'શ્રેણિક' રાજા તીર્થંકર ગોત્ર બાંધ્યું છે. ચારિત્રમોહનો રાગ એમને હતો, પોતાને કારણે. ચારિત્રમોહ કર્મ તો નિમિત્ત છે. અને નરકમાં ગયા ત્યાં પણ રાગ છે એ પોતાને કારણે છે. સમજાય છે કાંઈ? ક્ષાયિક સમકિતી. આગામી તીર્થંકર થશે. 'શ્રેણિક' રાજા પહેલા તીર્થંકર થશે. આહાહા..! એ રાગનો પુણ્યબંધ થયો તેના ફળમાં તીર્થંકર થશે. જે ભાવે બંધ થયો એ ભાવ રાગ છે. ષોડશકારણ ભાવના એ રાગ છે, એ કોઈ ધર્મ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? રાગથી બંધ છે. આગામી કાળમાં.. આહાહા..! રાગને કારણે પુણ્યબંધ થઈ ગયો. તીર્થંકરપણું (બંધાઈ ગયું). જ્યારે અહીંયાં માતાની કૂખે આવશે ત્યારે તો ઈન્દ્રો આવીને માતાની કૂખ સાફ કરશે. એ પુણ્યને કારણે. સમજાય છે કાંઈ? અને જન્મ લેશે. નરકમાંથી આવીને જન્મ લેશે. પણ પુણ્ય પ્રકૃતિ બંધાણી છે, તીર્થંકર પ્રકૃતિ, તો ઈન્દ્ર પણ આવીને નમસ્કાર કરે છે.

નમો રત્ન કૂખ ધારિણી. માતા! આવા તીર્થંકરના આત્માને કૂંખમાં રાખ્યા તો માતા! તને મારા પહેલા નમસ્કાર! આહાહા..! રત્નકૂખ ધારિણી-જેના કૂખમાં રતન રહ્યું. આહા..! માતા! 'માતા જતન કરીને રાખજો એને' ઈન્દ્રો કહે છે, 'માતા જતન કરીને રાખજો એને, તમ પુત્ર અમ આધાર રે...' આહાહા..! 'માતા, જનેતા જતન કરીને રાખજો' પછી તો દેવ રાખે છે. ઈન્દ્ર દેવ પણ રાખે છે. માતાને કહ્યું, આ તો મહા મણિરતન. તીર્થંકરના આત્માએ જન્મ લીધો. આહાહા..! માતા! જતન કરીને રાખજે. તમ પુત્ર અમ આધાર રે. ઈન્દ્રો એકાવતારી એમ કહે છે. એ બધા પુણ્યના નિમિત્તના કારણે ફળ છે બધા. સમજાય છે કાંઈ? એ પુણ્યનું કારણ એવો વિકાર પણ પોતાથી થયો છે, કર્મને કારણે થયો છે એમ નથી. કર્મ નિમિત્ત છે. નિમિત્તનો અર્થ એક ચીજ છે. પણ એનાથી થાય છે એમ કદી થતું નથી. તેથી 'રાજમલજી'ને ખુલાસો કરવો પડ્યો. સમજાય છે કાંઈ? ચારિત્રમોહનો.. આહાહા..! વિશેષ કહેશે.. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા વદ ૧, બુધવાર, તા.૨૮-૯-૧૯૭૭
## કળશ - ૧૧૦, પ્રવચન - ૧૦૭

૧૧૦ કળશ ચાલે છે. 'કળશટીકા' છે ને? હિન્દી ચાલે છે, હિન્દી. અહીંયાં સુધી આવ્યું છે. '**તેથી કોઈ કાળમાં જીવને શુદ્ધપણું-અશુદ્ધપણું એક જ સમયે ઘટે છે.**' ત્યાં લેવું. શું કહે છે? કે આત્મા.. વચમાં છે. તેથી.. છે ને? '**તેથી કોઈ કાળમાં જીવને શુદ્ધપણું-અશુદ્ધપણું એક જ સમયે ઘટે છે, વિરુદ્ધ નથી.**' શું કહે છે? આત્મા પોતાનું શુદ્ધ સ્વરૂપ ચૈતન્યનો અનુભવ, દૃષ્ટિ થવા છતાં જેટલો અશુદ્ધ ભાવ રહે છે, એ વિરૂદ્ધ નથી. વિરૂદ્ધ નથી, એનો અર્થ? જેમ મિથ્યાદર્શન અને સમ્યગ્દર્શન વિરૂદ્ધ છે, એમ શુદ્ધપણું અને અશુદ્ધપણાને (સાથે રહેવામાં) વિરૂદ્ધતા નથી. શું કહ્યું?

નિજ સ્વભાવ ચૈતન્ય... પહેલાં તો કાલની વાત રહી ગઈ. રાત્રીની 'જિનેશ્વરદાસ' મોડા આવ્યા ને. 'ચંદુભાઈ'! કાલે રાત્રે 'વચનામૃત'માંથી એક શબ્દ કાઢ્યો હતો. ૮૪ પાને છે. '**દ્રવ્ય તેને કહેવાય કે જેના કાર્ય માટે બીજાં સાધનોની રાહ જોવી ન પડે.**' (વચનામૃત-૨૫૧). આહાહા..! શું કહે છે? બેનના વચનામૃતમાં ૮૪ પાને બોલ છે. દ્રવ્ય એને કહીએ કે જેના કાર્ય માટે અન્ય સાધનની રાહ જોવી પડે એવું નથી. આહાહા..! શું કહે છે એમાં?

આ શુદ્ધપણું પ્રગટ થયું ને? તો દ્રવ્ય જ્યારે આત્મા શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય છે એમ જ્યારે અનુભવમાં સમ્યગ્દર્શનમાં આવ્યું.. આહાહા..! તો એ શુદ્ધ દ્રવ્ય જે છે એના કાર્ય માટે નિર્મળ પરિણતિ વીતરાગ દશા, મોક્ષમાર્ગની પરિણતિ માટે, સ્વદ્રવ્યના કાર્ય માટે અન્ય સાધનની રાહ જોવી પડે એમ છે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? એનો અર્થ ચાલે છે. જ્યારે દ્રવ્ય સ્વભાવ ભગવાન પૂર્ણાનંદ અનંત રત્નાકર દરિયો પરમાત્મા આત્મા અંદર છે,

અનંતગુણનું ગોદામ એવું દ્રવ્ય જે છે, એની જ્યારે દૃષ્ટિ થઈ ત્યારે દ્રવ્ય છે એમ કહેવાયું. દ્રવ્ય તો છે, પણ છે કોને? સમજાય છે કાંઈ? આહાહા..! જેને દૃષ્ટિમાં દ્રવ્યસ્વભાવનો અનુભવ થયો એને દ્રવ્ય છે અને એને દ્રવ્ય છે એ એને કહીએ કે જેના કાર્ય માટે વીતરાગતા માટે, ચારિત્ર માટે, કેવળજ્ઞાન માટે, દ્રવ્યના કાર્ય માટે પર સાધનની અપેક્ષાની રાહ જોવી પડે એમ છે નહિ. આહાહા..! એમાં એમ કહ્યું કે, વ્યવહારની અપેક્ષા લેવી પડે એવી એ વસ્તુ નથી, એમ કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..! ભાષા સાદી છે પણ અંદર મર્મ ઘણો છે. આ તો જરી બે-ત્રણ બોલ, એક બોલ રાત્રે કહ્યો હતો.

વચનામૃતમાં બહુ સાદી ભાષા અને અંદર મર્મ ઘણો ઊંચો છે અને એકસાથે બ્રહ્મચારી દીકરીઓએ લખી લીધું છે, એ પણ ધન્યને પાત્ર છે. કારણ કે આવું કાંઈ એ પોતે તો કાંઈ લખે નહિ ને કરે નહિ. પણ જ્યારે કાંઈ સાર સાર (વાત આવી હશે) એ લઈ લીધું. આહાહા..!

અહીંયાં કહે છે કે, ભગવાનઆત્મા દ્રવ્ય જે છે અનંત ગુણનો સાગર, અનંત શક્તિઓનો સંગ્રહાલય, અનંત શક્તિના સંગ્રહનું સ્થાન એ છે. એ દ્રવ્ય એવું ન હોય, કે દ્રવ્ય એને કહીએ કે જેના કાર્ય માટે... આહાહા..! સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, કેવળજ્ઞાન આદિ કાર્ય માટે અનેરા સાધનની રાહ જોવી પડે એવું દ્રવ્ય નથી. આહાહા..! 'હિંમતભાઈ'! રાત્રે કહ્યું હતું, ભાઈ નહોતા. અને આ બધાને યાદ છે કે આમાં કાંઈક છે. વચનામૃત હવે થઈ રહ્યાં છે, વચનામૃત નથી. છ હજાર છપાશે ત્યારે ગુજરાતી છપાશે. આ ત્રણ ટુકડા અત્યારે લક્ષમાં છે. એક આ. આહા..!

વસ્તુ ભગવાનઆત્મા પરમાત્મસ્વરૂપ તે દ્રવ્ય અને એ દ્રવ્યની જેને પ્રતીતિ થઈ કે આ દ્રવ્ય પરમાત્મસ્વરૂપ છે, એવી પ્રતીતિકારને પોતાના ચારિત્ર કે આનંદ કે કેવળજ્ઞાનના કાર્ય માટે દ્રવ્ય દૃષ્ટિમાં કબ્જે થયું.. આહાહા..! તો પર સાધનની ત્યાં અપેક્ષા નથી. 'શાંતિભાઈ'! સમજાય છે કાંઈ? એ પર્યાયમાં કાર્ય થવું, પર્યાય કહો કે કાર્ય કહો, કે જે દ્રવ્ય છે, એને દ્રવ્ય કહીએ કે જેના કાર્ય માટે એટલે કે નિર્મળ પર્યાય માટે અન્ય સાધનની રાહ જોવી પડે એવું એ દ્રવ્ય છે જ નહિ. આહાહા..! 'પ્રવીણભાઈ'! વાંચી ગયા કે નહિ? આ આવ્યું છે કે નહિ? ૮૪ પાને. સમજાય છે કાંઈ? એ દ્રવ્યની આ વ્યાખ્યા ચાલે છે.

એવો જે ભગવાનઆત્મા એક સમયમાં પૂર્ણાનંદનો નાથ, એ દ્રવ્ય છે એમ જેની પ્રતીતિમાં આવ્યું એને માટે વાત છે. સમજાય છે કાંઈ? દ્રવ્ય છે એની જેને પ્રતીતિ નથી તો એને રાગની અને પર્યાયની પ્રતીતિ છે, એને માટે આ સવાલ નથી. સમજાય છે કાંઈ? પણ જેને, આ દ્રવ્ય પૂર્ણાનંદ પરમાત્મસ્વરૂપ છે, એવી જેને દ્રવ્યની પ્રતીતિ થઈ, એના નિર્મળ કાર્યને માટે બીજા સાધનની રાહ જોવી પડે.. જોવી પડેને શું કહે છે? દેખની પડે, એમ છે નહિ. આહાહા..! એમાં તો વ્યવહારની અપેક્ષા ઉડાવી દીધી અને દ્રવ્યના કાર્ય માટે દ્રવ્ય જ બસ છે. સમજાય છે કાંઈ? આહાહા..! છે તો દોઢ લીટી. દોઢ લીટી સમજ્યા? પંક્તિ, દોઢ પંક્તિ. આમાં છે, ૮૪ પાને છે. ભાષા આવી છે, જુઓ! દોઢ પંક્તિ છે. લાવ્યા છો?

'દ્રવ્ય તેને કહેવાય...' આ ગુજરાતી ભાષા. દ્રવ્ય ઉસે કહતે હૈં, એ તમારી હિન્દી

ભાષા. 'કે **જેના કાર્ય માટે...**' અર્થાત્ જેની પર્યાય માટે. મોડા મોડા આવે ને વાત વઈ ગઈ હોય. અહીં આવે તો મોડા આવે, પાંચ-દસ મિનિટ મોડા આવે. આ ભાઈ પણ રાત્રે મોડા આવે, આ પણ મોડા આવે. વ્યાખ્યાનમાં સાથે આવે. વાત ઘણી બીજી વઈ ગઈ. ફક્ત રાતની એકલી નહિ. આ તો બાપુ! માર્ગ.. આવા મનુષ્યપણાના એના ક્ષણ જાય છે. આહાહા..!

અહીં કહે છે, દ્રવ્ય-પદાર્થ આત્મા, દ્રવ્ય એટલે આત્મા. બાહ્યથી કહીએ તો લક્ષ્મી એને કહીએ કે લક્ષ્મીના વેપાર કરવા માટે, લક્ષ્મીના કાર્ય માટે બીજી લક્ષ્મીની જરૂર પડે નહિ. સમજાય છે કાંઈ? એમ ભગવાનઆત્મા દ્રવ્ય એને કહીએ.. આહાહા...! પૂર્ણાનંદનો નાથ પ્રભુ! શુદ્ધ ચૈતન્યઘન, એ પદાર્થ-દ્રવ્ય એને કહીએ કે એના સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને કેવળજ્ઞાનના કાર્યને માટે '**બીજાં સાધનોની રાહ જોવી ન પડે.**' સાધન, ભગવાન પોતે જ સાધન છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન થયું એમાં દ્રવ્યની પ્રતીતિ થઈ તો દ્રવ્ય છે, એવું કાર્ય થયું. એ કાર્યમાં એવી પ્રતીતિ થઈ કે આ દ્રવ્ય છે એમાં કાર્ય જે ચારિત્ર કે આનંદ, કેવળજ્ઞાન આદિનું કાર્ય લેવાનું છે એમાં પરદ્રવ્યની રાહની જરૂર નથી. સમજાય છે કાંઈ? આહાહા..! એ સ્વયં દ્રવ્ય જ પરિપૂર્ણ ભગવાનઆત્મા છે. સમજાય છે કાંઈ? આહાહા..!

પહેલા એક ફેરી બીજો શબ્દ કહ્યો હતો. ૧૦૦ મે પાને કે એમ કાંઈક છે. ૧૦૦ પાનું ને? કો'ક, કો'કે હજી વાંચ્યું છે, બાકી બધાનું બાકી છે. '**જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય?**' (વચનામૃત-૩૦૬). શું કહે છે? જુઓ! અગિયારમી ગાથામાં 'જ્ઞાયકભાવ' જે શબ્દ છે ઈ આ છે. આ ગુજરાતી સાદી (ભાષા છે). જ્ઞાયકભાવ ધ્રુવભાવ જાગતી ચીજ, એ ઊભો છે એટલે ટકતું તત્ત્વ છે. જાગતું-જાગૃતસ્વરૂપી ટકતું તત્ત્વ છે. ઊભો છે એટલે ટકતું. જાગતો જીવ. આહાહા..! ઘણી સાદી ભાષા. ચાર ચોપડીના ભણેલા હોય તોપણ સમજે એવું આ છે. સમજાય છે કાંઈ? વસ્તુ તો શાસ્ત્રભાષાએ તો બહુ... પણ આ તો સાદી તદ્દન સાદી ભાષામાં (છે).

'**જાગતો જીવ...**' અર્થાત્ જ્ઞાયકભાવરૂપ જીવ ઊભો છે ને. ઊભો છે ને. ધ્રુવ છે ને. આહાહા..! સમજાય છે કાંઈ? જ્ઞાયકભાવ જાગતો જીવ છે ને. ઊભો છે ને, પડ્યો છે ને, અનાદિઅનંત પડ્યો છે. એ જીવ ક્યાં જાય? એ જાગતી ચીજ જાય ક્યાં? જાગતી ચીજ ધ્રુવ છે એ જાય ક્યાં? એ પર્યાયમાં આવી જાય? રાગમાં આવી જાય? બહાર આવી જાય? આહાહા..! સમજાય છે કાંઈ? જાગતો જીવ છે ને! ટકતું તત્ત્વ છે ને. અગિયારમી ગાથાનું સાધારણ ગુજરાતી છે. જ્ઞાયકભાવ છે એ ક્યાં જાય? સમજાય છે કાંઈ? '**જરૂર પ્રાપ્ત થાય જ.**' છે એ ચીજની પ્રાપ્તિ થાય, થાય ને થાય જ. સમજાય છે કાંઈ? એ ચીજ છે કે નહિ? આહાહા..!

ત્રીજો એક બોલ યાદ આવ્યો હતો. છલ્લો છે. છે એમાં? અગ્નિને ઉધઈ છે ઈ આવ્યું, લ્યો. ઈ આવ્યું. પણ મારે તો બીજું કાઢવું છે. '**જેમ કંચનને કાટ લાગતો નથી, અગ્નિને ઉધઈ લાગતી નથી.**' ૧૩૭ પાનું. છે? (વચનામૃત-૩૮૦). સોનાને કાટ લાગતો નથી એમ નહિ, કક્કા લગાડ્યા. કંચનને કાટ લાગતો નથી. લાગતો નથી, એને શું કહે છે? કંચનને કાંઈ

લાગતી નથી એટલે શું? લગતા નહિ. અહીં કંચનને કાટ લાગતો નથી, એમ ભાષા છે. **'અગ્નિને ઉધઈ લાગતી નથી.'** ઉધઈ હોય ને? આહાહા..! **'તેમ જ્ઞાયકસ્વભાવમાં આવરણ, ઊણપ કે અશુદ્ધિ આવતી નથી.'** ભગવાન જ્ઞાયકમૂર્તિ પ્રભુ! એમાં આવરણ નથી, ઊણપ નથી (એટલે) ઓછપ (નથી), અશુદ્ધ નથી. કમી નહિ. આહાહા..! એવો ભગવાન (છે).

**'અગ્નિને ઉધઈ લાગતી નથી, તેમ જ્ઞાયકસ્વભાવમાં આવરણ, ઊણપ કે અશુદ્ધિ...'** ભાષા કેવી છે? અગ્નિને ઉ, કંચનને કાટ. જ્ઞાયકભાવમાં આવરણ. ઉ અને અ. બધા અ, આ. આવરણ, ઊણપ કે અશુદ્ધિ હોતી નથી. આહાહા..! એને જો, એને જાણ, એને અનુભવ. તારું કલ્યાણ થશે. સમજાય છે કાંઈ? એક બીજો શબ્દ ક્યાંક છે ખરો. કેટલામાં છે? લ્યો, ઈ આવ્યું. પાનું-૯૩. છે? (વચનામૃત-૨૮૬).

**'બહારનાં બધાં કાર્યમાં સીમા-મર્યાદા હોય...'** છે? ક્યાં? શું કહ્યું ઈ? શુભ-અશુભ ભાવ કે વિકારી ભાવને મર્યાદા છે. અમર્યાદિત એ ચીજ નથી. આત્મામાં શુભ-અશુભભાવ કે મિથ્યાત્વભાવ છે એની હદ છે, મર્યાદા છે. મર્યાદા-સીમા છે. સીમ. **'અમર્યાદિત તો અનંત જ્ઞાન અને આનંદ છે.'** ભગવાન અંદર આત્મા અમર્યાદિત અનંત જ્ઞાન અને આનંદ (સ્વરૂપ છે). આહાહા..! તો મર્યાદિત ચીજ છે એનાથી પાછો હઠી શકે છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? શું કહે છે? જુઓ!

**'ત્યાં સીમા-મર્યાદા નથી. અંદરમાં-સ્વભાવમાં મર્યાદા હોય નહિ. જીવને અનાદિ કાળથી જે બાહ્ય વૃત્તિ છે તેની જો મર્યાદા ન હોય તો તો જીવ કદી પાછો જ ન વળે.'** શું કહ્યું? રાગાદિ, મિથ્યાત્વાદિની સીમા છે-મર્યાદા છે. એક સમયની અને સાધારણ (છે). જેથી આત્મા એ તરફથી ખસીને અમર્યાદિત ચીજમાં આવી શકે છે. સમજાય છે કાંઈ? આહાહા..! સમજાણું? મર્યાદા ન હોય કે હદ ન હોય તો જીવ કદી પાછો જ ન વળે. બેહદ પર્યાય હોય તો પાછો વળે ક્યાંથી? આહાહા..! મિથ્યાત્વ અને રાગ-દ્વેષની વિકૃત અવસ્થાની મર્યાદા છે. આહાહા..! એની હદ છે. એનો કાળ અને એના ભાવની હદ છે. કાળ એક સમય અને હદ મર્યાદા એની ટૂંકી છે. આહાહા..! અલ્પકાળ રહે એવો વિકાર છે. ભગવાનઆત્મા ત્રિકાળ છે અને જેનો સ્વભાવ અમર્યાદિત છે. સમજાય છે કાંઈ? 'પોપટભાઈ' આપ્યું છે કે નહિ? વાંચ્યું? ઠીક. આ તો રાત્રે એક બોલ ઉતાર્યો હતો ને. આહાહા..! અત્યારે તો હવે થઈ રહ્યા છે, હોં! હવે તો છ હજાર છપાય ત્યારે. ૩૧૦૦ ખલાસ થઈ ગયા છે. થોડા ઘણાં અહીં અમને આપ્યા છે, એમાંથી આપશે. કોઈક લઈ જાય વેંચાણમાં. ઓફિસમાંથી મળશે. થોડા હશે એ અહીંથી આપશે.

મુમુક્ષુ :- ૨૦૦ આવ્યા છે.

ઉત્તર :- ૨૦૦ આવ્યા છે? ઠીક! ઓહો..! ઠીક. ઓફીસમાંથી વેચાતા મળશે. બાકી તો છ હજાર ગુજરાતી છપાય ત્યારે. બીજા દસ હજાર હિન્દી છપાય છે. સોળ હજાર છાપવાનું 'રામજીભાઈ'એ નક્કી કર્યું છે. આહાહા..!

એક જ વાક્ય બસ છે. અરે..! પ્રભુ! તું પદાર્થ છો કે નહિ? વસ્તુ છે કે નહિ? તો વસ્તુના કાર્ય માટે તારી વસ્તુના કાર્ય માટે પરની જરૂર પડે? 'પ્રવીણભાઈ'! આહાહા..!

પૂર્ણાનંદનો નાથ પ્રભુ બિરાજે છે, આ વાત બીજે ક્યાંય છે નહિ. જૈન સિવાય અને તે પણ દિગંબર સિવાય. આહાહા..! સમજાય છે કાંઈ? સનાતન જૈનદર્શન એ દિગંબર દર્શન છે. એમાં પણ અત્યારે તો ખબર નથી. વાડા બાંધીને બેઠા છે. અહીંયાં તો ભગવાનઆત્મા અમર્યાદિત શક્તિનો ભંડાર પ્રભુ વસ્તુ છે. આહાહા..! એ વસ્તુના કાર્યને-પર્યાય માટે દ્રવ્યની જરૂર છે. તો દ્રવ્ય તો દૃષ્ટિમાં આવ્યું, એમ કહે છે. એના કાર્ય માટે તો દ્રવ્યની જરૂર છે, તો દ્રવ્ય તો દૃષ્ટિમાં આવ્યું. હવે એના કાર્ય માટે બીજા કારણની જરૂર છે, એમ છે નહિ. આહાહા..! આ લોકો રાડેરાડ પાડે છે, વ્યવહારથી નિશ્ચય થાય, વ્યવહારથી નિશ્ચય થાય. અરે..! સાંભળને પ્રભુ! તને ખબર નથી, બાપુ! વિકારથી નિર્વિકારી થાય? નિર્વિકારી વીતરાગસ્વરૂપ ભગવાનઆત્મા છે. છે એનું કાર્ય તો એના વીતરાગભાવને કારણે વીતરાગતા થાય. બહુ વાત તો છે સત્ ને સહજ, પણ એવી વિકૃત કરી નાખી છે ને. આહાહા..! 'કનુભાઈ'! આહાહા..!

એ પદાર્થ પ્રભુ જ્ઞાયકભાવનું ભાન થયું તો શુદ્ધતા થઈ. એ શુદ્ધતાના કાર્ય માટે પરની કોઈ અપેક્ષા છે નહિ. કેમકે શુદ્ધતાના કાર્ય માટે શુદ્ધ દ્રવ્ય કારણ છે. એ શુદ્ધતાના કાર્ય માટે પરના કારણની અપેક્ષા છે નહિ. આહાહા..! 'ચેતનજી'! આવી વાત છે. આહાહા..! પ્રભુ ! તું કોણ છો? ક્યાં છો? કેટલો છો? અપરિમિત અનંત જ્ઞાન, દર્શન, ચારિત્રની એક એક શક્તિ અપરિમિતથી ભરેલી છે. આહાહા..! એક એક શક્તિ ગુણનું ગોદામ. એક એક શક્તિમાં પણ અનંત સામર્થ્ય છે.

એક એક શક્તિ પ્રભુતાના ગુણથી ભરેલી છે. એક એક શક્તિ પ્રભુતાના ગુણથી ભરેલી છે. પ્રભુત્વ નામનો ગુણ છે પણ પ્રભુત્વ નામનો ગુણ અનંતગુણના સ્વરૂપમાં છે. પ્રભુત્વ ગુણ એમાં નથી, પણ પ્રભુત્વનું જે સ્વરૂપ છે એ એક એક શક્તિમાં અંદર પ્રભુત્વનું સ્વરૂપ પડ્યું છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! એવી અનંત શક્તિઓ સંખ્યાએ છે. એક એક શક્તિમાં અનંતુ પ્રભુત્વનું સ્વરૂપ પડ્યું છે. એવું અનંત શક્તિનો પિંડ પ્રભુ દ્રવ્ય (છે). આહાહા..! એ દ્રવ્યની હયાતીનો જેને સ્વીકાર થયો, એ સ્વીકારને માટે બીજાની અપેક્ષાની જરૂર નથી. આહાહા..! સમજાય છે કાંઈ? કે દ્રવ્યનો ત્યારે સ્વીકાર થાય કે જ્યારે રાગની કંઈક મંદતા હોય કે આ હોય. સમજાય છે કાંઈ? કે દેવ-ગુરુ-શાસ્ત્રની અંદર સહાયતા-મદદ હોય (એમ નથી). દ્રવ્ય-વસ્તુ જ એવી છે. 'ચંદુભાઈ'! આવી વાત છે. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- સાહેબ! આપ તો કહો છો કે પર્યાયને દ્રવ્યની જરૂર નથી.

ઉત્તર :- ઈ પછી. ઈ પછી. અહીં તો અત્યારે કાર્ય લેવું છે ને. દ્રવ્યમાંથી કાર્ય કરવું છે એમાં પરની અપેક્ષા નથી, એટલું સિદ્ધ કરવું છે. બાકી તો કાર્ય જે છે એને દ્રવ્યની પણ અપેક્ષા નથી. એ વળી પછી. સમજાય છે કાંઈ? એ પછી.

અહીં તો દ્રવ્ય જે છે, પૂર્ણાનંદનો નાથ પ્રભુ, શુદ્ધ ચૈતન્યઘન અનંત રત્નાકર પ્રભુ, એ દ્રવ્ય છે. એ છેનો સ્વીકાર તો પર્યાયમાં આવે છે. દ્રવ્યનો સ્વીકાર દ્રવ્યમાં થતો નથી. આહાહા..! આવો માર્ગ પ્રભુનો (છે). એ પર્યાયમાં જ્યારે દ્રવ્ય છે, એમ (સ્વીકાર થયો)...

છે તો છે. એ તો કહ્યું હતું ને? એ તો પ્રશ્ન (થયો હતો). તમારા 'ત્રિભુવનદાસ', 'ત્રિભુવનભાઈ'. કારણપરમાત્મા છે ને? કારણપરમાત્મા છે તો કારણનું કાર્ય તો આવવું જોઈએ. આપ તો કહો છો, કારણપરમાત્મા છે, અનાદિનો કારણપરમાત્મા છે. કારણપરમાત્મા કહો કે દ્રવ્યસ્વભાવ કહો કે ત્રિકાળી જ્ઞાયકભાવ કહો. ત્રિકાળી ધ્રુવ જીવ કહો, કારણજીવ કહો. આહા..! એ કારણજીવ છે તો કાર્ય તો આવવું જોઈએ. એમ પ્રશ્ન હતો.

એને જવાબ દીધો કે, સાંભળ! ભાઈ! કારણઆત્મા છે, કારણપરમાત્મા છે. છે કોને? જેની પ્રતીતિમાં આવ્યો એને. જેને પ્રતીતિમાં આવ્યો નથી એને છે એમ ક્યાંથી આવ્યું? આહાહા.. સમજાય છે કાંઈ? માર્ગ બહુ જુદો, બાપા! જગતથી કોઈ જુદી જાત છે. એથી લોકો જરી રાડેરાડ પાડે છે. એ.. સોનગઢનું એકાંત છે, વ્યવહારનો લોપ કરે છે. વાત એની સાચી છે. આહાહા..!

જેને દ્રવ્યના સ્વભાવનું લક્ષ અને આશ્રય થયો એને પરના લક્ષથી કાર્ય થાય એ વાત રહેતી નથી, એમાં છે જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? અને એ ચીજ તો અનંત શક્તિઓના સંગ્રહસ્વરૂપ ભગવાન (છે). એ ઉત્પાદ-વ્યય અનિત્ય છે. અનિત્યમાં નિત્યની પ્રતીતિ થાય છે. નિત્યની પ્રતીતિ નિત્યમાં થતી નથી. આ છે, મહાપ્રભુ કારણપરમાત્મા છે, એવી પ્રતીતિ થઈ એને કારણપરમાત્મા છે. તો એને કાર્ય-સમ્યગ્દર્શન થયા વિના રહે નહિ. આહાહા..! અને કારણપરમાત્મા જેની દૃષ્ટિમાં આવ્યો એને ચારિત્ર અને કેવળજ્ઞાન થયા વિના રહે જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

એ દ્રવ્ય અનંત શક્તિઓનો મહા ભંડાર (છે). આહા..! એ ભંડારમાં રાગની એકતાનું તાળું તોડી નાખ્યું. રાગ અને ત્રિકાળી સ્વભાવ એક છે એ મિથ્યાત્વનું તાળુ હતું. આહાહા..! એ રાગની એકતા તૂટી અને વિભક્ત થયો. વિભક્ત કહ્યું ને? એકત્વ વિભક્ત. રાગથી વિભક્ત થયો અને પોતાના સ્વભાવમાં એકત્વ થયું. આહાહા..! સમજાય છે કાંઈ? બસ. વીતરાગતા શરૂ થઈ ગઈ. અને વીતરાગતા પૂર્ણ થવામાં કારણ એ દ્રવ્ય જ છે. પરની અપેક્ષા છે નહિ કે મનુષ્યપણું હોય ને વજ્રનારાચ સંઘયણ હોય. સમજાય છે કાંઈ? આહાહા..! કે શાસ્ત્રનું જ્ઞાન ઘણું હોય, ધારણા બહુ હોય.. આહાહા..! અને દેવ, ગુરુની શ્રદ્ધા હો અને પંચમહાવ્રત આદિના પરિણામ હોય તો તેને કારણે આ લાભ થશે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- કાળલબ્ધિ આવે ત્યારે સમજાય.

ઉત્તર :- એ તો વારંવાર કહે છે. કાળલબ્ધિ કહેવી કોને પણ? એ તો ઘણી વાર કહ્યું છે. કાળલબ્ધિનું જ્ઞાન કોને થાય છે? કાળલબ્ધિની ધારણા કરવી છે? એ તો મિથ્યાદૃષ્ટિ છે, મૂઢ છે. કાળલબ્ધિનું જ્ઞાન કોને થાય છે? કે જેણે પુરુષાર્થથી દ્રવ્યનો આશ્રય લીધો અને પર્યાયમાં જ્ઞાનાનંદ આદિ દશા થઈ ત્યારે કાળલબ્ધિનું જ્ઞાન થયું. સમજાય છે કાંઈ?

એ તો અમારો પ્રશ્ન (સંવત) ૧૯૭૨ની સાલથી છે. ૭૨.. ૭૨. ૬૧ વર્ષ થયા. સમજાય છે કાંઈ? આહાહા..! પર્યાયમાં સર્વજ્ઞપણાની પ્રતીત થાય, જ્યારે પ્રતીત થાય ત્યારે પોતાના જ્ઞાનની અંદર ઘુસી જાય છે. ત્રિકાળી સર્વજ્ઞસ્વભાવી જ ભગવાનઆત્મા છે. આહાહા..! સર્વજ્ઞપ્રભુને એક કોર રાખો. ભગવાનઆત્મા સર્વજ્ઞ.. સર્વજ્ઞસ્વભાવી વસ્તુ છે.

પ્રભુ પોતે સર્વજ્ઞસ્વરૂપી જ છે. આહાહા..! એ અલ્પજ્ઞાની નહિ, વિપરીત જ્ઞાની નહિ. આહાહા..!

સર્વજ્ઞસ્વભાવી ચૈતન્યસૂર્ય સર્વજ્ઞસ્વભાવ. એવી જેને પ્રતીતિ થઈ ત્યારે સર્વજ્ઞસ્વભાવ છે એમ એની પ્રતીતિમાં આવ્યું. પ્રતીતિ થયા વિના સર્વજ્ઞસ્વભાવી આત્મા છે એમ ક્યાંથી આવ્યું? એને માટે તો નથી, અંધારુ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! એ સર્વજ્ઞ પરમાત્મા છે, એ વાત એક કોર રાખો. આ તો પ્રભુ પોતે આત્મા સર્વજ્ઞ છે. જાગતો સ્વભાવ અથવા સર્વજ્ઞ સ્વભાવ, જ્ઞ સ્વભાવ. જ્ઞ સાથે સર્વ લગાવી દો તો સર્વજ્ઞ સ્વભાવ. એ સર્વજ્ઞસ્વરૂપી જ પ્રભુ આત્મા અનાદિથી છે. આહાહા..! સમજાય છે કાંઈ? 'શાંતિભાઈ'! ઝીણી વાત છે થોડી, ભઈ! આહાહા..! વીતરાગમાર્ગ બહુ અલૌકિક છે, ભાઈ! આહાહા..!

જિનેશ્વરદેવ પરમાત્મા તો એમ કહે, સર્વ જીવો સર્વ કાળે સર્વ ક્ષેત્રે, સર્વ પરિપૂર્ણ ભાવથી ભરેલા પ્રભુ છે. સર્વ જીવ, હોં! અભવી જીવ પણ પૂર્ણ ભાવથી ભરેલા પડ્યા છે. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદથી ભરેલા પડેલા અભવી જીવો છે. વસ્તુએ. પર્યાયમાં ન હોય એ બીજી વાત છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો જેને પોતાનું કાર્ય કરવું હોય એને માટે વાત છે, ભાઈ! સમજાય છે કાંઈ?

કહે છે, એ સર્વજ્ઞસ્વરૂપી વસ્તુની સ્થિતિની પ્રતીતિ થઈ તો એના કાર્યમાં-પ્રતીતિના કાર્યમાં પણ દ્રવ્ય સિવાય કોઈ પર કારણ ન આવ્યું. પછી ચારિત્રની પર્યાયમાં કાર્ય પ્રગટ થાય એમાં પણ દ્રવ્યના આશ્રય સિવાય બીજા કોઈનો આશ્રય નથી. આહાહા..! પછી કેવળજ્ઞાનની પર્યાય પ્રગટી તો કેવળજ્ઞાનમાં કોઈ વજ્રનારાચ સંઘયણ હોય, મનુષ્યપણું હોય ને પર્યાપ્તિપણું હોય ને આમ હોય ને તેમ હોય તો એને કેવળજ્ઞાન થાય, એમ છે નહિ. આહાહા..!

એક પંડિત આવ્યા હતા. ઘણા વર્ષ પહેલા સ્વાધ્યાય મંદિરમાં (આવેલા). દેખો! કેવળજ્ઞાનમાં મનુષ્યપણું, વજ્રનારાચ સંઘયણ જોઈએ. અરે..! સાંભળ તો ખરો, પ્રભુ! એ તો નિમિત્ત હોય પણ નિમિત્તથી એમાં કંઈ થાય છે એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? બહુ ઝીણું, બાપુ! અરે..! તરવાનો ઉપાય, તરવાના ઉપાયથી ભરેલો ભંડાર ભગવાન છે. આહાહા..!

મુમુક્ષુ :- પરાધીન દૃષ્ટિ.

ઉત્તર :- દૃષ્ટિ જ ઊંધી. આહાહા..! જ્યાં છે ત્યાં ગોતતો નથી, જેમાં નથી ત્યાં ગોતે છે. આહાહા..! રાગમાં સર્વજ્ઞસ્વભાવી ભગવાન પડ્યો છે? એક સમયની પર્યાયમાં ભગવાન સર્વજ્ઞસ્વભાવી રહ્યો છે? આહાહા..!

આવું સર્વજ્ઞસ્વભાવી દ્રવ્યસ્વરૂપ, એની જેને સ્વસન્મુખ થઈને પ્રતીતિ, અનુભવ થયો એ કાર્યને માટે પણ કોઈ પરની અપેક્ષા ન રહી. આહાહા..! કે હવે ચારિત્ર માટે પણ.. 'બંધ અધિકાર'માં તો એમ આવે છે, કે દર્શન, જ્ઞાન કારણ છે અને ચારિત્ર કાર્ય છે. દર્શન, જ્ઞાન નથી માટે ચારિત્રકાર્ય નથી, એમ ત્યાં (કહ્યું છે). એ તો અપેક્ષિત વાત કરી છે. સમજાય છે કાંઈ? બાકી તો ચારિત્રગુણનું કારણ જે છે એ તો ચારિત્રશક્તિ છે અને શક્તિવાન આત્મા એ ચારિત્રનું કારણ છે. સમજાય છે કાંઈ? એ તો પૂર્વે સમ્યગ્દર્શન, જ્ઞાન થયા હોય તો ચારિત્ર

હોય, એટલું સિદ્ધ કરવું છે. પણ સમ્યગ્દર્શનની પર્યાયને કારણે ચારિત્રની પર્યાય પ્રગટ થાય છે એમ નથી. એ ચારિત્રનું કાર્ય સમ્યગ્દર્શનને કારણે થાય છે, એમ નથી. આહાહા..! એ ચારિત્રનું કાર્ય દ્રવ્યસ્વભાવની જ્યાં પ્રતીતિ થઈ, એ કાર્ય દ્રવ્યને કારણે થાય છે. સમજાય છે કાંઈ? 'શાંતિભાઈ'! જૈનનો આવો માર્ગ છે. આહાહા..! લ્યો, આટલું ચાલ્યું.

હવે અહીંયાં, 'એક જીવમાં શુદ્ધપણું-અશુદ્ધપણું એક જ કાળે હોય છે,...' શું કહે છે? કે જેટલો દ્રવ્યનો આશ્રય લીધો એટલું શુદ્ધપણું પ્રગટ થયું અને પૂર્ણ આશ્રય નથી તો પરના લક્ષે જે પુણ્ય-પાપના ભાવ ઉત્પન્ન થાય છે એ અશુદ્ધપણું છે. તો મોક્ષમાર્ગ પણ હોય અને અશુદ્ધતા પણ હોય, બેય એક સમયમાં રહી શકે છે. આહાહા..! ભગવાનઆત્માનો પૂર્ણ આશ્રય નથી ત્યાં આગળ પરનો આશ્રય અંદરમાં લક્ષમાં આવ્યા વિના રહેતો નથી. આહાહા..! સ્વનો આશ્રય લીધો... અરે..! આવી ભાષા અને આ વાત.

ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એ દૃષ્ટિમાં આવ્યો અર્થાત્ જ્ઞાનની એક સમયની પર્યાયમાં પૂર્ણનું જ્ઞાન થયું, પૂર્ણ વસ્તુ ન આવી, પર્યાયમાં પૂર્ણ વસ્તુ ન આવી. સમજાય છે કાંઈ? એ તો 'સમયસાર' ૧૭-૧૮ ગાથામાં આવ્યું ને? કે જ્ઞાનની પર્યાય અજ્ઞાનીની પણ છે. આહાહા..! ગજબ વાત કરે છે ને! અજ્ઞાનીની જ્ઞાનની પર્યાયમાં સ્વપરપ્રકાશકપણું છે. તો એ પર્યાયમાં દ્રવ્ય પણ જણાય છે. આહાહા..! અજ્ઞાનીની પર્યાય, જ્ઞાનનો જે ક્ષયોપશમભાવનો અંશ છે, એનો સ્વભાવ સ્વપરપ્રકાશક હોવાથી પર્યાયમાં સ્વદ્રવ્યનું જ જ્ઞાન થાય છે. આહાહા..! આવું છે. છતાં એની દૃષ્ટિ એ બાજુ નથી. પર્યાયમાં આખું દ્રવ્ય જ્ઞાનમાં આવે છે. અનાદિ, હોં! અજ્ઞાનીને પણ. આહાહા..! એનો વર્તમાન જે જ્ઞાનના ક્ષયોપશમના વિકાસનો અંશ છે એ પર તરફ ઢળેલો છે છતાં એ પર્યાયમાં સ્વદ્રવ્યનું જ્ઞાન થાય જ છે. પણ એની દૃષ્ટિ ત્યાં નથી, અંતરમાં નથી, આમ દૃષ્ટિ છે. એટલે જ્ઞાનમાં જણાવા છતાં જણાતો નથી. અજ્ઞાનીને એવું ભાસે છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! સમજાય છે કાંઈ?

જ્ઞાન ભલે અલ્પ હો, પણ એ અલ્પ જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય કેટલું છે! 'સ્વપરપ્રકાશક શક્તિ હમારી, તાતે વચનભેદ ભ્રમ ભારી, જ્ઞેયશક્તિ દ્વિવિધા પ્રકાશી, નિજરૂપા પરરૂપા ભાસી. 'સ્વપરપ્રકાશક શક્તિ હમારી' પર્યાયમાં સ્વ ને પરને પ્રકાશનારી અમારી શક્તિ છે. આહાહા..! સ્વ-પરમાં બે જ્ઞેય આવ્યા. સ્વજ્ઞેય સ્વમાં, પરમાં પરજ્ઞેય. તો પહેલાં સ્વજ્ઞેય જ પર્યાયમાં જણાય છે. આહાહા..! આવી વાત આકરી પડે. માણસને અભ્યાસ નહિ.

એક સમયની પર્યાય દ્રવ્યનું પણ જ્ઞાન કરે છે અને છ દ્રવ્યનું પણ જ્ઞાન કરે છે. સમજાય છે? એક સમયની પર્યાય ભલે અલ્પ હોય, ભલે શ્રુતજ્ઞાનની પર્યાય અલ્પ હોય, આહાહા..! છતાં સ્વદ્રવ્યનું પણ જ્ઞાન છે. સ્વદ્રવ્ય (પર્યાયમાં) આવ્યું નહિ. છ દ્રવ્યનું જ્ઞાન છે (પણ) છ દ્રવ્ય (પર્યાયમાં) ન આવ્યા. એક જ સમયમાં છ દ્રવ્ય અને સ્વદ્રવ્ય, સ્વદ્રવ્ય અને છ દ્રવ્ય, એક સમયની પર્યાયમાં-જ્ઞાનગુણની એક પર્યાયમાં એટલી તાકાત છે. આહાહા..! સમજાય છે કાંઈ? પણ એ પ્રતીતિનો આશ્રય દ્રવ્ય જોઈએ એ આશ્રય કરતો નથી. આહાહા..! એમાં ભાસે છે છતાં ભાસનારી ચીજ ઉપર લક્ષ કરતો નથી. આહાહા..! આવી વાત છે.

અહીંયાં કહે છે, શુદ્ધપણું અને અશુદ્ધપણું.. જેટલો સ્વભાવ ભગવાનઆત્મા, વસ્તુની પ્રતીતિ દ્રવ્યને આશ્રયે થઈ, સમ્યગ્જ્ઞાન થયું અને શુદ્ધતા પણ થોડી થઈ, એ સમયમાં બીજી અશુદ્ધતા પણ છે. બે આવ્યા ને? '**જીવને એક જ કાળે શુદ્ધપણું-અશુદ્ધપણું એક જ સમયે ઘટે છે, વિરૂદ્ધ નથી.**' એ વિરૂદ્ધ નથી. જેમ મિથ્યાદર્શન અને સમ્યગ્દર્શનને રહેવામાં વિરોધ છે. એમ શુદ્ધપણું અને અશુદ્ધપણું સાથે રહેવામાં વિરોધ નથી. ભલે એ અશુદ્ધણું શુદ્ધતાથી વિરૂદ્ધ છે પણ રહેવામાં વિરોધ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

'**કોઈ વિશેષ છે, તે વિશેષ જેમ છે તેમ કહે છે-એક જ જીવને એક જ કાળે શુદ્ધપણું-અશુદ્ધપણું જોકે હોય છે તોપણ પોતપોતાનું કાર્ય કરે છે.**' ભાષા દેખો! શુદ્ધ સંવર-નિર્જરાનું કાર્ય કરે છે અને અશુદ્ધતા બંધનું કાર્ય કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દષ્ટિને પણ, હોં! કોઈ એમ કહે છે ને કે, સમ્યગ્દષ્ટિનો.. શાસ્ત્રમાં તો એમ આવ્યું છે કે, જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે. અહીં કહે છે કે, જેટલી સમકિતીને પણ અશુદ્ધતા છે એ બંધનું કારણ છે. બિલકુલ બંધનું કારણ છે. અને જેટલી શુદ્ધતા છે એ બિલકુલ શુદ્ધ સંવર, નિર્જરાનું કારણ છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભારે માર્ગ, ભાઈ! આહાહા..! અરેરે..! માર્ગનો આશ્રય લીધો નહિ. અનંતકાળથી ચોર્યાસીના અવતારમાં રખડી મરે છે. બહારમાં કોઈ માની લે કે આ જાણપણાવાળો છે ને ડાહ્યો છે ને વખાણ દુનિયામાં થયા. એમાં એના આત્મામાં શું થયું? આહાહા..! ત્યાં ફસાઈ ગયો પાછો. આહાહા..!

અહીંયાં કહે છે, '**પોતપોતાનું કાર્ય કરે છે.**' '**यत् कर्म अवशतः बन्धाय समुल्लसति**' આહા..! '**જેટલી દ્રવ્યરૂપ-ભાવરૂપ (ક્રિયા) અંતર્જલ્પ-બહિર્જલ્પ-**' (ભાવ) વિકલ્પ. '**સૂક્ષ્મ-સ્થૂળરૂપ ક્રિયા...**' રાગ. '**સમ્યગ્દષ્ટિ પુરુષ સર્વથા ક્રિયાથી વિરક્ત...**' છે. એ ક્રિયાથી દૃષ્ટિમાં વિરક્ત છે. એ ક્રિયા મારી છે એમ સમ્યગ્દષ્ટિ માનતા નથી. આહાહા..! જેટલું અશુદ્ધપણું છે તેનાથી તો સમકિતી વિરક્ત છે. પણ વિરક્ત હોવા છતાં અશુદ્ધપણું છે. દૃષ્ટિની અપેક્ષાએ, આશ્રયની અપેક્ષાએ એનાથી વિરક્ત છે, પણ નબળાઈની અપેક્ષાએ અશુદ્ધતા છે એ પોતાને કારણે છે, કોઈ કર્મને કારણે છે એમ નથી. આહાહા..! શું કહે છે?

મુમુક્ષુ :- અશુદ્ધતા છે માટે તો વિરક્તપણું થયું.

ઉત્તર :- છે માટે નહિ. વિરક્તપણું દૃષ્ટિથી પામ્યા. એ વાત ખોટી છે. અશુદ્ધપણું છે માટે વિરક્ત છે એમ નહિ. અંદરથી દ્રવ્યનો આશ્રય છે માટે વિરક્ત છે. બહુ ઝીણી વાતું, બાપુ! આકરું કામ છે. આહા..! સમજાય છે કાંઈ? વિરક્ત છે એનો અર્થ-અશુદ્ધપણું છે માટે વિરક્ત છે એમ નહિ. અશુદ્ધપણું છે પણ સ્વદ્રવ્યનો આશ્રય છે માટે વિરક્તપણું છે. આહાહા..! આવો માર્ગ ઝીણો પડે, લ્યો! શેઠ! આ નક્કી કરવા માટે કોઈ દિ' નિવૃત્તિ જ લીધી નહિ. એમ ને એમ બીડી ને તમાકુ ને..

મુમુક્ષુ :- નિવૃત્તિ લઈને આવ્યા છે ને.

ઉત્તર :- લ્યો, તમારો પક્ષ કરે છે. એ આવે, મોડા મોડા આવે. નાના શેઠ પહેલા આવે. અરેરે..! આ કામ, બાપુ! આહાહા..!

'**સમ્યગ્દષ્ટિ પુરુષ સર્વથા ક્રિયાથી વિરક્ત હોવા છતાં ચારિત્રમોહના ઉદયે બલાત્કારે થાય**

છે...' દેખો! આહાહા..! 'તે **જેટલી ક્રિયા છે તેટલી-જ્ઞાનાવરણાદિ કર્મબંધ કરે છે,...'** આહાહા..! એનું સ્વામીપણું નથી. સમ્યગ્દષ્ટિને અશુદ્ધપણાનું સ્વામીત્વ નથી. આહાહા..! છતાં પર્યાયમાં અશુદ્ધપણું છે તેનો બંધ છે. આહાહા..! એક કોર જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ (કહે), એક કોર જ્ઞાનીનો અશુદ્ધતાનો અંશ છે એ બંધનું કારણ (કહે). શુભક્રિયા, હોં! દયા, દાન, વ્રતના વિકલ્પ ઉઠે છે એ બંધનું કારણ છે. આહાહા..! સ્વામીત્વ છૂટી ગયું. આહાહા..! વિરક્તનો અર્થ એમાં રક્ત નથી. એનાથી હજી કાંઈ વિરક્તિ થઈ નથી. સર્વથા વિરક્તિ હોય તો તો મુનિપણું (હોય), અશુદ્ધપણું હોય નહિ. આહાહા..!

જેટલી શુભક્રિયા-દયા, દાન, વ્રત, ભક્તિ.. આહાહા..! '**જ્ઞાનાવરણાદિ કર્મબંધ કરે છે, સંવર-નિર્જરા અંશમાત્ર પણ કરતી નથી.**' આ બધા વર્તમાનમાં ગોટા છે. સમ્યગ્દષ્ટિનો શુભજોગ પણ સર્વથા બંધનું કારણ નથી, એમ કહે છે. કથંચિત્ એને શુદ્ધતાનું પણ કારણ છે, એમ કહે છે. આહાહા..! મોટો ફેર. મૂળ ચીજમાં આખો ફેર. વ્રત ને તપ તો ક્યાંય રહી ગયા. '**સંવર-નિર્જરા અંશમાત્ર પણ કરતી નથી.**' સમ્યગ્દષ્ટિને જેટલા વ્રત, ભક્તિ, પૂજા, દાન, દયાનો વિકલ્પ ઊઠે છે એમાં બિલકુલ સંવર, નિર્જરા નથી. એકલા બંધનું કારણ છે. આહાહા..!

એક બાજુ કહેવું કે શુભજોગમાં શુદ્ધતાનો અંશ છે. 'ચંદુભાઈ'! આવે છે ને? એ બીજી ચીજ છે. એ તો એક જ્ઞાનની પર્યાયના અંશનો વિકાસ છે એ વિકાસ નિર્મળ છે. એ નિર્મળ છે તો એમ કરતાં કરતાં પૂર્ણ નિર્મળ થાય છે. એમ અહીંયાં ચારિત્રગુણની અશુદ્ધતા હોય એ વધતાં વધતાં શુદ્ધતા થાય છે એમ નથી. એ બતાવવા શુભજોગમાં એક અંશ ચારિત્રનો અંશ નિર્મળ છે, એ નિર્મળ.. નિર્મળ.. નિર્મળ વધીને યથાખ્યાત ચારિત્ર થશે. પણ ક્યારે એનો શુદ્ધતાનો અંશ કામ કરશે? ગ્રંથિભેદ કરશે ત્યારે. આહાહા..! એ ન્યાં પણ કેટલાક નાખે છે, જુઓ! આમાં શુદ્ધનો અંશ છે. અરે..! પણ કોને માટે? સાંભળ તો ખરો. આહાહા..! એ તો એક ગુણની પર્યાયની પૂર્ણતા, બીજા ગુણને કારણે પૂર્ણતા થતી નથી એ સિદ્ધ કરવું છે. સમજાય છે કાંઈ? સમ્યગ્જ્ઞાનની નિર્મળ પર્યાય અંશ પૂર્ણ થાય છે તો નિર્મળ પૂર્ણ, પૂર્ણ (થાય છે) તો તેને કારણે ચારિત્રગુણની નિર્મળ પર્યાય પૂર્ણ થાય છે એમ નહિ. ત્યાં એક અંશ-ચારિત્રનો નિર્મળ એક અંશ છે, એ વધીને આગળ પૂર્ણ યથાખ્યાત ચારિત્ર થશે, એટલું સિદ્ધ કરવું છે. આહાહા..! છે ને ઈ? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં પાછળ છે. 'અધ્યાત્મ સંદેશ'માં એના વ્યાખ્યાન આવી ગયા છે.

અહીં કહે છે, '**સમ્યગ્દષ્ટિ પુરુષ સર્વથા ક્રિયાથી વિરક્ત હોવા છતાં ચારિત્રમોહના ઉદયે બલાત્કારે થાય છે...**' ભાષા એમ છે. બળાત્કાર નામ રુચિ નથી. આહાહા..! પણ એવો આકુળતાનો શુભભાવ આવે છે. બળાત્કારનો અર્થ એવો નથી કે ચારિત્રમોહનો ઉદય છે તો ત્યાં અશુદ્ધતા થાય છે. એમ નહિ. અહીં બળાત્કારનો અર્થ કે રુચિ નથી. છતાં નબળાઈને કારણે અશુદ્ધતા થાય છે. સમજાય છે કાંઈ? '**જેટલી ક્રિયા છે તેટલી-જ્ઞાનાવરણાદિ કર્મબંધ કરે છે, સંવર-નિર્જરા અંશમાત્ર પણ કરતી નથી.**'

'**तत् एकम् ज्ञानं मोक्षाय स्थितम्**' '**પૂર્વોક્ત એક જ્ઞાન અર્થાત્ એક શુદ્ધ ચૈતન્યપ્રકાશ...**'

આહાહા..! શુદ્ધ ભગવાનઆત્મા, એનો નિર્મળ પ્રકાશ જે પર્યાયમાં થયો. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે નિર્મળ પર્યાય થઈ એ જ્ઞાનપર્યાય છે. એ **'એક શુદ્ધ ચૈતન્યપ્રકાશ...'** એ ચૈતન્યપ્રકાશ છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ ચૈતન્યનો પ્રકાશ છે. **'જ્ઞાનાવરણાદિ કર્મક્ષયનું નિમિત્ત છે.'** એ તો કર્મક્ષયનું નિમિત્ત છે. કર્મ ક્ષય નથી કરતો. કર્મનો ક્ષય તો કર્મથી થાય છે. આહા..! સમજાય છે કાંઈ? એમાં નિમિત્ત છે. આહાહા..! નિમિત્તનો અર્થ કર્મક્ષય આત્મા કરતો નથી. કર્મક્ષય તો કર્મની પર્યાય બદલાઈને અકર્મરૂપ થાય, એ તેનો સ્વભાવ છે. આ તો એનું નિમિત્ત છે. સમજાય છે કાંઈ?

**'ભાવાર્થ આમ છે કે-એક જીવમાં શુદ્ધપણું-અશુદ્ધપણું એક જ કાળે હોય છે, પરંતુ જેટલા અંશે શુદ્ધપણું છે તેટલા અંશે કર્મ-ક્ષપણ છે,...'** આહાહા..! **'જેટલા અંશે અશુદ્ધપણું છે તેટલા અંશે કર્મબંધ થાય છે. એક જ કાળે બંને કાર્ય થાય છે. આમ જ છે, સંદેહ કરવો નહિ.'** આહાહા..! સમજાય છે કાંઈ? બધા કહેતા હતા, પછી 'દીપચંદજી શેઠિયા' પણ એમાં આવી ગયા હતા ને? સમકિતીને દુઃખ હોતું નથી, કષાય થતો નથી. કઈ અપેક્ષાએ વાત છે?

અહીં તો કહે છે, મુનિને પણ જેટલા અંશે મહાવ્રતાદિના વિકલ્પ છે તેટલા અંશે દુઃખ છે, દુઃખનું વેદન છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ તો આનંદની મુખ્યતાથી કહો ત્યારે દુઃખ નથી એમ કહેવામાં આવે છે. પણ જ્ઞાનની પર્યાયથી જાણવામાં આવે છે એ કહો તો જેટલા અંશે આત્માના આશ્રયે સુખ ઉત્પન્ન થયું એ સુખ છે. જેટલા અંશે પરના આશ્રયે અશુદ્ધતા ઉત્પન્ન થાય એ દુઃખ છે. એક સમયમાં સુખ અને દુઃખ બેયનું વેદન છે. સમજાય છે કાંઈ? આહાહા..! 'દીપચંદજી'ને ઈ થયું હતું ને? 'શેઠિયા'ને. છોકરાઓ જરી અનુકૂળ પડી ગયા છે. પણ પગ ભારે થઈ ગયો છે. આવવું મુશ્કેલ પડી જાય છે હવે. કારણ કે ભૂલ થઈ ગઈ ને હવે છૂટવું શી રીતે? પાંચ-છ વર્ષથી આવ્યા નથી. 'જ્ઞાનચંદજી' ગયા હતા. મીઠો માણસ છે. 'જ્ઞાનચંદજી' છે ને? 'સહરાનપુર' ગયા હતા. કેવું કહેવાય? 'સરદારશહેર' ત્યાં ગયા હતા, વાંચન કર્યું હતું. અહીં આવ્યા હતા. 'સમ્મેદશીખર' ત્યાં એ લોકો આવ્યા હતા. માણસને પકડ થઈ જાય પછી મુશ્કેલી પડે. આહાહા..! આખી જિંદગી પલટી નાખવી.. અરરર...! માન આખું તોડી નાખવું આકરું ભારે પડે. ભાઈ! મૂકને હવે માન. મરી ગયો માનમાં. આહાહા..!

જ્ઞાનીને પણ.. ભાઈ! આહાહા..! જેટલી અશુદ્ધતા છે એટલું દુઃખ છે, એટલું બંધનું કારણ છે. આહાહા..! ન્યાં જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ (કહ્યો), અહીં (કહે), જેટલી અશુદ્ધતા તેટલું બંધનું કારણ. કઈ અપેક્ષાએ કહ્યું? એ તો દૃષ્ટિનું જોર દેવા (કહ્યું). સ્વભાવ ઉપર દૃષ્ટિનું જોર છે, એકલો આશ્રય ભગવાનનો છે તે કારણે ભોગના પરિણામ આવે છે તેનું સ્વામીપણું નથી અને એની બંધ સ્થિતિ અલ્પ રસ છે. તેથી બંધ નથી એમ કહ્યું. પણ સર્વથા બંધ નથી એમ નથી. સમજાય છે કાંઈ?

**'સંદેહ કરવો નહિ. કેવું છે શુદ્ધ જ્ઞાન? સર્વોત્કૃષ્ટ છે-પૂજ્ય છે.'** આહાહા..! વર્તમાન શુદ્ધ પરિણતિ પૂજ્ય છે, સર્વોત્કૃષ્ટ છે. રાગથી ભિન્ન અધિક છે. આહાહા..! આત્માના

આશ્રયે જેટલી શુદ્ધતા પ્રગટ થઈ એ પૂજ્ય છે. **'વળી કેવું છે?'** 'स्वतः विमुक्तं' **'ત્રણે કાળે સમસ્ત પરદ્રવ્યોથી ભિન્ન છે.'** શુદ્ધ પરિણતિ તો પરદ્રવ્ય અને રાગથી તો ભિન્ન જ છે. આહાહા..! તેને કારણે મોક્ષ થાય છે અને રાગથી બંધ થાય છે. (વિશેષ કહેશે..)

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

(શાર્દૂલવિક્રીડિત)

मग्नाः कर्मनयावलम्बनपरा ज्ञानं न जानन्ति यन्
मग्ना ज्ञाननयैषिणोऽपि यदतिस्वच्छन्दमन्दोद्यमाः।
विश्वस्योपरि ते तरन्ति सततं ज्ञानं भवन्तः स्वयं
ये कुर्वन्ति न कर्म जातु न वशं यान्ति प्रमादस्य च।।१२-१११।।

ખંડાન્વય સહિત અર્થ :- 'कर्मनयावलम्बनपराः मग्नाः' ( कर्म) અનેક પ્રકારની ક્રિયા, એવો છે ( नय ) પક્ષપાત, તેનું ( अवलम्बन ) ક્રિયામોક્ષમાર્ગ છે એમ જાણીને ક્રિયાનું-પ્રતિપાલન, તેમાં ( पराः ) તત્પર છે જે કોઈ અજ્ઞાની જીવો તે પણ ( मग्नाः ) પાણીના પૂરમાં ડૂબેલા છે. ભાવાર્થ આમ છે કે સંસારમાં ભટકશે, મોક્ષના અધિકારી નથી. શા કારણથી ડૂબેલા છે? 'यत् ज्ञानं न जानन्ति' ( यत् ) કારણ કે ( ज्ञानं ) શુદ્ધ ચૈતન્યવસ્તુનો ( न जानन्ति ) પ્રત્યક્ષપણે આસ્વાદ કરવાને સમર્થ નથી, ક્રિયામાત્ર મોક્ષમાર્ગ એમ જાણીને ક્રિયા કરવાને તત્પર છે. 'ज्ञाननयैषिणः अपि मग्नाः' ( ज्ञान ) શુદ્ધ ચૈતન્યપ્રકાશ, તેનો ( नय ) પક્ષપાત, તેના ( एषिणः ) અભિલાષી છે, [ભાવાર્થ આમ છે કે-શુદ્ધ સ્વરૂપનો અનુભવ તો નથી, પરંતુ પક્ષમાત્ર બોલે છે;] ( अपि ) એવા જીવો પણ ( मग्नाः ) સંસારમાં ડૂબેલા જ છે. શા કારણથી ડૂબેલા જ છે? 'यत् अतिस्वच्छन्दमन्दोद्यमाः' ( यत् ) કારણ કે ( अतिस्वच्छन्द ) ઘણું જ સ્વેચ્છાચારપણું છે એવા છે, ( मन्दोद्यमाः ) શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો વિચારમાત્ર પણ કરતા નથી. એવા છે જે કોઈ તેમને મિથ્યાદૃષ્ટિ જાણવા. અહીં કોઈ આશંકા કરે છે કે શુદ્ધસ્વરૂપનો અનુભવ મોક્ષમાર્ગ એવી પ્રતીતિ કરતાં મિથ્યાદૃષ્ટિપણું કેમ હોય છે? સમાધાન આમ છે-વસ્તુનું સ્વરૂપ એવું છે કે જે કાળે શુદ્ધ સ્વરૂપનો અનુભવ થાય છે તે કાળે અશુદ્ધતારૂપ છે જેટલી ભાવ-દ્રવ્યરૂપ ક્રિયા તેટલી સહજ જ મટે છે. મિથ્યાદૃષ્ટિ જીવ એવું માને છે કે જેટલી ક્રિયા છે તે જેવી છે તેવી જ રહે છે, શુદ્ધસ્વરૂપ-અનુભવ મોક્ષમાર્ગ છે; પરંતુ વસ્તુનું સ્વરૂપ એવું તો નથી. તેથી જે એવું માને છે તે જીવ મિથ્યાદૃષ્ટિ છે, વચનમાત્રથી કહે છે કે શુદ્ધસ્વરૂપ-અનુભવ મોક્ષમાર્ગ છે; એવું કહેવાથી કાર્યસિદ્ધિ તો કાંઈ નથી. 'ते विश्वस्य उपरि तरन्ति' ( ते ) એવા જે કોઈ જીવો સમ્યગ્દૃષ્ટિ છે તેઓ, ( विश्वस्य उपरि ) કહ્યા છે જે બે જાતિના જીવ તે બંને ઉપર થઈને, ( तरन्ति ) સકળ કર્મોનો ક્ષય કરી મોક્ષપદને પ્રાપ્ત થાય છે. કેવા છે તે? 'ये सततं स्वयं ज्ञानं

भवन्तः कर्म न कुर्वन्ति, प्रमादस्य वशं जातु न यान्ति' ( ये ) જે કોઈ નિકટ સંસારી સમ્યગ્દૃષ્ટિ જીવો ( सततं ) નિરંતર ( स्वयं ज्ञानं ) શુદ્ધજ્ઞાનરૂપ ( भवन्तः ) પરિણમે છે, ( कर्म न कुर्वन्ति ) અનેક પ્રકારની ક્રિયાને મોક્ષમાર્ગ જાણી કરતા નથી; [ ભાવાર્થ આમ છે કે જેમ કર્મના ઉદયે શરીર વિદ્યમાન છે છતાં હેયરૂપ જાણે છે, તેમ અનેક પ્રકારની ક્રિયા વિદ્યમાન છે છતાં હેયરૂપ જાણે છે;] ( प्रमादस्य वशं जातु न यान्ति ) 'ક્રિયા તો કાંઈ નથી'– એમ જાણી વિષયી–અસંયમી પણ કદાચિત્ થતા નથી, કેમ કે અસંયમનું કારણ તીવ્ર સંક્લેશપરિણામ છે, તે સંક્લેશ તો મૂળથી જ ગયો છે. એવા જે સમ્યગ્દૃષ્ટિ જીવો, તે જીવો તત્કાળમાત્ર મોક્ષપદને પામે છે. ૧૨–૧૧૧.

---

## ભાદરવા વદ ૨, ગુરુવાર, તા.૨૯-૯-૧૯૭૭
## કળશ - ૧૧૧-૧૧૨, પ્રવચન - ૧૦૮

'કળશ ટીકા' ૧૧૧ કળશ.

मग्नाः कर्मनयावलम्बनपरा ज्ञानं न जानन्ति यन्
मग्ना ज्ञाननयैषिणोऽपि यदतिस्वच्छन्दमन्दोद्यमाः।
विश्वस्योपरि ते तरन्ति सततं ज्ञानं भवन्तः स्वयं
ये कुर्वन्ति न कर्म जातु न वशं यान्ति प्रमादस्य च।।१२-१११।।

'कर्मनयावलम्बनपराः मग्नाः' **'અનેક પ્રકારની ક્રિયા...'** વ્રત ને નિયમ ને ક્રિયાકાંડ, ભક્તિ ને પૂજાના ભાવ. એવી ક્રિયા. **'એવો છે પક્ષપાત,...'** એ ક્રિયાથી અમને મુક્તિ મળશે. ક્રિયા કરતાં કરતાં કલ્યાણ થશે, એવો અજ્ઞાની મિથ્યાદૃષ્ટિનો પક્ષ છે. સમજાય છે કાંઈ? **'પક્ષપાત, તેનું ક્રિયા મોક્ષમાર્ગ છે એમ જાણીને ક્રિયાનું-પ્રતિપાલન, તેમાં તત્પર છે...'** આહાહા..! બરાબર વ્રત, તપ, ભક્તિ, પૂજામાં સાવધાન રહે છે, એ ક્રિયાનયે મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! કેમકે આત્મા એ કાંઈ રાગસ્વરૂપ નથી. ભગવાન તો જ્ઞાનસ્વરૂપ છે. એ જ્ઞાનસ્વરૂપમાં ખરેખર આ જણાય છે. એ બધી વસ્તુને જાણે છે ને? એ તો જ્ઞાનની સત્તામાં જણાય છે. એ રાગ છે એનું પણ જ્ઞાન, જ્ઞાનની સત્તામાં રાગનું જ્ઞાન થાય છે. સમજાય છે કાંઈ? ચૈતન્યસત્તા, એમાં આ.. આ.. આ.. એમ જે જણાય છે એ જાણનાર જાણે છે. એ ક્રિયામાં, રાગમાં આત્મા આવતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

ચૈતન્યમૂર્તિ ભગવાનઆત્મા, એની ચૈતન્યસત્તા સ્થળમાં ચૈતન્યસત્તાના સ્થળમાં આ બધું જણાય છે, એ જાણનાર જાણે છે. એવા આત્માના ભાન વિના એ ક્રિયાનો રાગ છે એ પણ જ્ઞાનમાં જણાય છે. જ્ઞાનની સત્તાના સ્થળમાં રાગ છે એ જણાય છે. એ રાગ ભિન્ન જ્ઞેય તરીકે જણાય છે. અને ખરેખર તો એ રાગનું જ્ઞાન એ જ્ઞાનનું જ્ઞાન છે. સમજાય છે કાંઈ? આહાહા..! એને એમ ન જાણતાં ફક્ત ક્રિયાકાંડ જે વ્રત ને નિયમ ને ભક્તિ ને પૂજા, એના

પક્ષપાતી તેમાં મગ્ન છે. એ ક્રિયાના પ્રતિપાલનમાં તત્પર છે. '**पराः**' એમાં એ તત્પર છે. આહાહા..! ભગવાન જ્ઞાનસ્વરૂપી ચૈતન્ય, જેના સ્થળમાં જ્ઞાન ભર્યું છે, આનંદ ભર્યો છે, એ રાગની ક્રિયાનું પણ જ્ઞાન અહીં છે. એને ન જાણતાં રાગની ક્રિયામાં ધર્મ માનીને મિથ્યાદષ્ટિ પરમાં તત્પર છે. આહાહા..! આવી વાત છે.

'**જે કોઈ અજ્ઞાની જીવો તે પણ પાણીના પૂરમાં ડૂબેલા છે.**' ધારને હિન્દીમાં શું કહે છે? પાણી? પાણીની ધાર? પ્રવાહ. '**પાણીના પૂરમાં ડૂબેલા છે.**' આહાહા..! આમાં ધારમાં ડૂબેલા છે, એમ છે. ગુજરાતીમાં શું કર્યું છે? (પાણીના પૂરમાં ડૂબેલા છે). બરાબર છે, બરાબર. ધાર એટલે પાણીના પૂરમાં ડૂબી જાય છે. ધારમાં મગ્ન. ક્રિયાકાંડમાં મગ્ન છે એ જ્ઞાન તે સંસારમાં ડૂબેલા પડ્યા છે, એમ કહે છે. એ ક્રિયાનો રાગ છે એ જ સંસાર છે, એમ કહેવું છે. એ સંસારમાં ડૂબ્યા છે, એનો અર્થ ઈ. જેટલી ક્રિયાકાંડ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો શુભભાવ છે એ સંસાર છે. એ સંસારમાં ડૂબ્યા છે, એમ કહેવું છે. સમજાય છે કાંઈ? આહાહા..!

અશુભભાવવાળા એ જેમ સંસારમાં ડૂબ્યા છે, એમ શુભભાવ એ સંસાર છે. આહાહા..! એ પણ સંસારમાં ડૂબ્યા છે, એમ કહેવું છે. સંસારથી તરવાનો ઉપાય શું છે તે જાણતા નથી. આહાહા..! આવી વાત છે. અત્યારે આખો વાંધો આ ઉઠાવે છે. ક્રિયાકાંડ છે એ નિશ્ચયનું કારણ છે, એમ કહે છે. અહીં તો કહે છે, એ વ્યવહાર છે એ સંસારમાં ડૂબવાવાળો છે. કેમકે એ રાગ પોતે સંસાર છે. ભગવાનઆત્મા મુક્તસ્વરૂપ છે, જ્ઞાનસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે. એનાથી ભિન્ન ચીજ રાગ છે. તો જ્યારે આ મુક્તસ્વરૂપ છે તો રાગ સંસારસ્વરૂપ છે. સમજાય છે કાંઈ? એવી આ ઝીણી વાત છે. 'પુણ્ય-પાપ અધિકાર'ના છેલ્લા કળશો છે ને. આહાહા..!

'**ભાવાર્થ આમ છે કે સંસારમાં ભટકશે,...**' એ ક્રિયાકાંડી ધર્મ માનનારો અને એમાં મગ્ન છે એ મોક્ષથી દૂર છે. '**મોક્ષના અધિકારી નથી.**' આહાહા..! વ્રત પાળે, જાવજીવ બ્રહ્મચર્ય પાળે, સત્ય બોલે, ચોરી ન કરે, પરિગ્રહ ન રાખે, કપડાનો ટુકડો પણ ન રાખે. સમજાય છે કાંઈ? એવી જેની રાગમંદતાની શુભની ક્રિયા, એ શુભ (કરનારા) પોતે સંસારમાં ડૂબ્યા છે. આહાહા..! સંસારની પાર અંદર મુક્તસ્વરૂપ ભગવાનઆત્મા છે. જેમાં એ રાગ છે, એમાં આ રાગ છે, એમ રાગ જાણે છે? સંસાર રાગ છે એ રાગ નથી જાણતો. આહા..! જેની સત્તા-સ્થળમાં રાગનું પણ જ્ઞાન પોતાનું જ્ઞાન છે તેને જાણે છે. આહાહા..! ઘણે ઠેકાણે એકલા રાગમાં મગ્ન થઈને પડ્યા છે. આહાહા..! એ સંસારના પ્રવાહમાં ડૂબ્યા છે.

'**શા કારણ ડૂબેલા છે?**' '**यत् ज्ञानं न जानन्ति**' '**કારણ કે શુદ્ધ ચૈતન્યવસ્તુ...**' ભગવાન શુદ્ધ ચૈતન્યવસ્તુ રાગથી ભિન્ન છે. આહા..! જ્ઞાનનો અર્થ કર્યો. જ્ઞાનનો અર્થ ઈ-શુદ્ધ ચૈતન્યવસ્તુ. આહાહા..! શુદ્ધ ચૈતન્યવસ્તુને જાણતા નથી અને એકલા ક્રિયાકાંડમાં મશગુલ છે, એમ કહે છે. આવા લેખ તો આમાં ચોખ્ખા પડ્યા છે. '**શુદ્ધ ચૈતન્યવસ્તુનો પ્રત્યક્ષપણે આસ્વાદ કરવાને સમર્થ નથી.**' આહાહા..! એ રાગની ક્રિયામાં મગ્ન અને તે રાગની ક્રિયામાં તત્પર છે, એ શુદ્ધ ચૈતન્યવસ્તુનો આસ્વાદ લેવામાં અસમર્થ છે. એ રાગનો આસ્વાદ લે છે.

આહાહા..! એ સંસારનો આસ્વાદ લે છે, એમ કહે છે. આહાહા..!

'**પ્રત્યક્ષપણે આસ્વાદ...**' જ્ઞાનની વ્યાખ્યા શુદ્ધ ચૈતન્યવસ્તુ (કરી). 'न जानन्ति'નો અર્થ '**પ્રત્યક્ષપણે આસ્વાદ કરવાને સમર્થ નથી.**' ભાષા દેખો! એકલું 'न जानन्ति' એમ નહિ. એ 'न जानन्ति'નો અર્થ અને જ્ઞાનનો અર્થ. જ્ઞાન એટલે શુદ્ધ ચૈતન્ય પદાર્થ વસ્તુ. 'न जानन्ति'નો અર્થ-નિજ આનંદસ્વરૂપનો સ્વાદ લેવામાં અસમર્થ છે. આવી વાત છે. હમણાં કોઈક કહેતું હતું, આ 'વડોદરા'માં કોઈક છાપામાં આવ્યું છે. એક ૪૫ વર્ષનો સિંધી.. સિંધી છે. બહુ મોટું.. શું કહેવાય? ઈજનેર. ઈજનેર ને? મોટો ઈજનેર હતો. વિદાય કરવા માટે બધાએ ભાષણ દીધું ને ખૂબ વિદાયગિરી માટે માન (આપ્યું). એ પોતે ઊભો થયો. એક શબ્દ જ્યાં બોલ્યો, હાર્ટ ફેઈલ. ૪૫ વર્ષનો સિંધી. આમાં આવ્યું છે, કહે છે. 'મુંબઈ સમાચાર'માં. આ છોકરાઓ કહેતા હતા. આપણે ક્યાં વાંચવા જઈએ. આહાહા..!

મુમુક્ષુ :- .. સમાચાર બધા આવી જાય.

ઉત્તર :- અહીં આવી જાય. છોકરાઓ સવારમાં કહેતા હતા કે આવો એક છોકરો ૨૫ વર્ષનો. ૪૫ વર્ષની ઉંમર, સિંધીને માન આપ્યું, મોટો ઈજનેર. ત્યાંથી વિદાય કરીને ક્યાંક જાતો હશે. એ મરણની વિદાય થઈ ગઈ. આહાહા..! પાકી વિદાય થઈ ગઈ. આહાહા..! અરે..! પ્રભુ! અંદર ચૈતન્યનો નાથ છે. એની તો ખબરું ન મળે અને બહારની ક્રિયાકાંડમાં મશગુલ. આહાહા..! એ તો ત્યાં બધી અશુભ ક્રિયા હતી. માન ને સન્માનમાં રાજી રાજી થાય. આહાહા..! એ તો અશુભ પાપના પરિણામમાં મગ્ન. એ તો ઊંડા સંસારમાં ડૂબેલા છે. શેઠને અભિનંદન આપ્યું, શેઠે ના પાડી.

મુમુક્ષુ :- બહારમાં ..

ઉત્તર :- બહારમાં ઝેર છે. બહારમાં ક્યાં છે? આહાહા..! એક અહીં બેનમાં છે. ૧૪૯ પાને. (વચનામૃત-૪૦૧) '**જ્ઞાનીનું પરિણમન વિભાવથી પાછું વળી સ્વરૂપ તરફ ઢળી રહ્યું છે.**' આહા..! અજ્ઞાની શુભાશુભ રાગમાં ઢળી રહ્યો છે. ધર્મીનું પરિણમન વિભાવથી પાછું વળી.. એ પણ કાલે કહ્યું હતું, વિભાવ સીમાવાળી ચીજ છે, મર્યાદિત છે. ભાઈ! તેથી પાછું વળી શકાય છે. આહાહા..! '**જ્ઞાની નિજ સ્વરૂપમાં પરિપૂર્ણપણે ઠરી જવા તલસે છે.**' અંદરમાં ઠરી જવા તલસે છે. આહાહા..! પુસ્તક શેઠે રાખ્યું લાગે છે. અહીંયાં હમણાં ૐ કર્યો હતો. ૧૪૯ છે ને?

'**આ વિભાવભાવ અમારો દેશ નથી...**' એ પુણ્યની ક્રિયાકાંડમાં બહાર આવવું એ પણ આત્માનો દેશ નહિ. આહાહા..! '**પરદેશમાં અમે ક્યાં આવી ચડ્યા?**' આહાહા..! 'શાંતિભાઈ'! આ તો હજી તો.. અરરર...! 'સાગર' છોડીને પરદેશમાં ગયા. આત્મસાગર. શેઠ! આત્મા ગુણનો સાગર, એને છોડીને પરદેશમાં ગયો. આ તમારા 'સાગર'નું આવ્યું. '**અમે ક્યાં આવી ચડ્યા? અમને અહીં ગોઠતું નથી.**' આહાહા..! એ રાગમાં ગોઠતું નથી, પ્રભુ! રાગ તો દુઃખરૂપ છે. આહાહા..! '**અહીં અમારું કોઈ નથી.**' એ રાગમાં, બાહ્ય ક્રિયાકાંડમાં આત્મા-અમારું કોઈ નથી. આહાહા..!

'**જ્યાં જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર, આનંદ, વીર્યાદિરૂપ અનંત ગુણરૂપ અમારો પરિવાર વસે છે...**' લ્યો, આ પરિવાર, શેઠ! તમારા બધા પરિવાર-'ભગવાનદાસ' મોટા ભાઈ ને ફલાણાં, ઈ પરિવાર અહીં નહિ, કહે છે. આહાહા..! '**જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર, આનંદ, વીર્યાદિરૂપ અનંત ગુણરૂપ અમારો પરિવાર વસે છે તે અમારો સ્વદેશ છે.**' છે? આહા..! '**અમે હવે તે સ્વરૂપસ્વદેશ તરફ જઈ રહ્યા છીએ.**' આહાહા..! '**અમે હવે તે સ્વરૂપસ્વદેશ તરફ જઈ રહ્યા છીએ. અમારે ત્વરાથી અમારા મૂળ વતનમાં જઈને...**' અમારે ત્વરાથી અમારું મૂળ વતન. વતન એટલે દેશ. વતન સમજ્યા? દેશ ઘર. અમારા મૂળ ઘરમાં '**જઈને નિરાંતે વસવું છે જ્યાં બધાં અમારાં છે.**' આહાહા..! આનંદ, જ્ઞાન આદિ અમારા છે ત્યાં વસવું છે. રાગ એ અમારો નથી. આહાહા..! એ ૧૪૯ પાને છે.

મુમુક્ષુ :- ક્યાં રહે છે આ જીવ?

ઉત્તર :- પરદેશમાં મફતનો રખડે છે. રાગમાં રહે એ પરદેશમાં રખડે છે. આહાહા..! પોતાનો ભગવાન, અનંત ગુણનો સાગર ભગવાન, એ દેશમાં વસતો નથી અને અહીં વસીને માને કે અમે સુખી છીએ. આહાહા..! શું કહે છે?

મુમુક્ષુ :- આ આત્મા ક્યાં વસે છે?

ઉત્તર :- આ કીધું ને. આહાહા..! 'શ્રીમદ્'માં નથી આવતું? 'હમ પરદેસી પંખી સાધુ, આ રે દેશના નાહિ રે. હમ પરદેસી પંખી સાધુ...' રાગાદિ દેશના અમે નહિ. આહાહા...! તો વળી કાઠિયાવાડ ને સાગર ને સોનગઢ ને રાજકોટ (તો ક્યાંય રહી ગયા). આહાહા..! સ્વદેશ-ચિદાનંદ ભગવાનઆત્મા આહાહા..! (છે), જેમાં વસતાં આનંદ આવે અને પોતાનો પરિવાર ત્યાં મળે. આહાહા..!

અહીંયાં એ કહે છે, ક્રિયાનયવાળા તો પરદેશમાં રખડતા ભમી રહ્યા છે. આહાહા..! એક વાત. '**ક્રિયામાત્ર મોક્ષમાર્ગ જાણીને ક્રિયા કરવાને તત્પર છે.**' આહાહા..! વ્રત ને નિયમ ને સંયમ ને તપ ને પ્રાયશ્ચિત ને બહારની ક્રિયાકાંડ. આહાહા..! આકરું કામ પડે છે માણસને. '**ક્રિયામાત્ર મોક્ષમાર્ગ એમ જાણીને ક્રિયા કરવાને તત્પર છે.**' એક વાત ઈ. હવે બીજી વાત.

'**ज्ञाननयैषिणः अपि मग्नाः**' '**શુદ્ધ ચૈતન્યપ્રકાશ, તેનો પક્ષપાત,...**' ફક્ત વાતમાં લે છે કે હું શુદ્ધ ચૈતન્ય છું ને શુદ્ધ છું. એમ ભાષામાં છે, પણ અંદરમાં સન્મુખ જવું એ નથી. એકલી જ્ઞાનની વાતું કરનારા. આહાહા..! સમજાય છે કાંઈ? '**ज्ञाननयैषिणः**' જ્ઞાનના પક્ષપાતી. અનુભવ નથી, દૃષ્ટિ નથી, વેદન નથી. ફક્ત જ્ઞાન..જ્ઞાન..જ્ઞાન કરે. સ્વચ્છંદી થઈ અને વિષય કષાયને સેવે એ '**ज्ञाननयैषिणः**' પણ ડૂબેલા છે. આહાહા..!

જુઓને! નાની નાની ઉંમરના ચાલ્યા જાય છે. ક્ષણમાં ક્યારે દેહ છૂટશે એની એને ખબર નથી. એ સ્થિતિમાં માણસ ઉભો હશે. લોકોએ વખાણ કર્યા હશે. ઈજનેર મોટો. એને ખબર હશે કે હમણાં દેહ છૂટી જશે? આહાહા..! જાઓ! મનુષ્યપણું હારી ગયા. આહાહા..! ક્યારે હવે મનુષ્યપણું મળે? ભાઈ! બાપા!

અહીં કહે છે, ક્રિયાનયમાં ડૂબેલા છે એ સંસારની ધારમાં, (પાણીમાં) ઝાળમાં ડૂબ્યા

છે. અને એકલી જ્ઞાનની વાતું કરીને જ્ઞાનની રુચિ અને અનુભવ ન મળે.. આહાહા..! સમજાય છે કાંઈ? અને '**ज्ञाननयैषिणः**' કીધું ને? શુદ્ધ ચૈતન્યમાત્રનો પક્ષપાત. નયનો અર્થ એમ કર્યો. '**તેના અભિલાષી છે, (ભાવાર્થ આમ છે કે-શુદ્ધ સ્વરૂપનો અનુભવ તો નથી...)**' આહાહા..! '**(પરંતુ પક્ષમાત્ર બોલે છે),...**' આહા..! '**એવા જીવો પણ...**' '**मग्नाः**' '**સંસારમાં ડૂબેલા જ છે.**' આહાહા..!

'**શા કારણથી ડૂબેલા છે?** '**यत् अतिस्वच्छन्दमन्दोद्यमाः**' '**કારણ કે ઘણું જ સ્વેચ્છાચારપણું છે...**' સ્વેચ્છાચારી. માન ને સન્માનને લેવા માટે સ્વેચ્છાચારી (થયા છે). આહાહા..! જ્ઞાનની વાતું કરીને દુનિયા પાસેથી, અમે જ્ઞાની છીએ, એમ માન લેવાનો સ્વેચ્છાચારી જીવ છે. સમજાણું કાંઈ? '**ઘણું જે સ્વેચ્છાચારપણું છે એવા છે,...**' સ્વ ઈચ્છા પ્રમાણે વર્તે, બસ. ખાવું-પીવું, લહેર કરવી. આહાહા..! અમે જ્ઞાનસ્વરૂપ છીએ, અમારે શું છે? અમને બંધન નથી. મરી જઈશ, ભાઈ! આ કાંઈ પોપાબાઈના રાજ નથી. આહાહા..! જ્ઞાનમાત્રનું નામ લઈ અને સ્વેચ્છાચારીપણે વર્તે અને અમે જ્ઞાની છીએ એમ નામ ધરાવે. આહાહા..! એ ડૂબેલા છે. આહા..! બહુ સારો કળશ છે. આહાહા..!

'**શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો વિચારમાત્ર પણ કરતા નથી.**' આહા..! ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય, એ તરફના વલણનો વિચાર પણ નથી અને બહારના વલણમાં સ્વેચ્છાચારીપણે વર્તે છે. મોઢા આગળમાં અમને બીજા માન કેમ આપે? અમે જ્ઞાની છીએ, અમે બહુ ભણ્યા છીએ. આહાહા..! અને સ્વેચ્છાચારી માનમાં પોષાય છે, એ મરે છે, કહે છે. 'શ્રીમદ્'માં આવે છે ને?

કોઈ ક્રિયાજડ થઈ રહ્યા શુષ્ક જ્ઞાનમાં કોઈ,
માને માર્ગ મોક્ષનો કરૂણા ઊપજે જોઈ.

'કોઈ ક્રિયાજડ થઈ રહ્યા..' શુભ પરિણામની ક્રિયામાં જડ જેવા થયા. આહાહા..! 'શુષ્ક જ્ઞાન..' જ્ઞાનની લુખ્ખી વાતું કરે. અંતરમાં રુચિ નહિ, પરિણમન નહિ, જ્ઞાનના આનંદનો સ્વાદ નહિ અને તે તરફના વલણની દશા નહિ. આહાહા.. ! અને માનને માટે બધી જ્ઞાનની (વાતો કરે), આહાહા..! એ પણ ધારમાં ડૂબ્યા છે. પાણીના પ્રવાહમાં ડૂબ્યા છે. આહાહા..! આવો માર્ગ છે, ભાઈ!

મંદ ઉદ્યમની વ્યાખ્યા કરી. પહેલી અતિ સ્વચ્છંદની વ્યાખ્યા (કરી). અતિ સ્વચ્છંદી સ્વેચ્છાચારી. જેમ પોતાને રુચે તેવું કામ કરે. આહાહા..! અતિ સ્વચ્છંદ અને મંદ ઉદ્યમ. સ્વરૂપ તરફનો જે પુરુષાર્થ જોઈએ, આનંદ તરફનું વલણ મૂકી દઈને અતિ સ્વચ્છંદી થઈ રહ્યા છે. '**એવા છે જે કોઈ તેમને મિથ્યાદૃષ્ટિ જાણવા.**' એ પણ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! જ્ઞાની નામ ધરાવી અને વિષય સેવવા, કષાય સેવવા, માન સેવવા.. આહાહા..! એ પણ સંસારના પ્રવાહમાં ડૂબ્યા છે. પ્રવાહમાં ડૂબ્યા એટલે હવે એને એક પછી એક ભવ થઈ. આહાહા..!

'**અહીં કોઈ આશંકા કરે છે...**' આશંકા, હોં! શંકા નહિ. આપ શું કહો છે એ હું સમજી શકતો નથી. તમારું જૂઠું છે એમ નહિ. આશંકા છે. '**શુદ્ધ સ્વરૂપનો અનુભવ મોક્ષમાર્ગ એવી**

**પ્રતીતિ કરતાં મિથ્યાદષ્ટિપણું કેમ હોય છે?'** શુદ્ધ સ્વરૂપનો અનુભવ મોક્ષમાર્ગ એવી પ્રતીતિ કરતાં મિથ્યાદષ્ટિપણું કેમ હોય છે? આશંકા (છે).

સમાધાન. **'વસ્તુનું સ્વરૂપ એવું છે...'** જુઓ! ન્યાય આપશે. **'વસ્તુનું સ્વરૂપ એવું છે કે જે કાળે શુદ્ધ સ્વરૂપનો અનુભવ થાય છે તે કાળે...'** અશુદ્ધતા નથી. **'અશુદ્ધતારૂપ છે જેટલી દ્રવ્ય-ભાવરૂપ ક્રિયા તેટલી સહજ જ મટે છે.'** આહાહા..! અશુદ્ધપણાની ક્રિયા-માન, સન્માન, ખાવા-પીવા આદિનો ભાવ... આહાહા..! એ સ્વરૂપના અનુભવમાં એ ક્રિયા મટી જાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? તે કાળે અશુદ્ધપણું રહેતું જ નથી. ભાવ અને દ્રવ્ય ક્રિયા, બેય હોં! આહાહા..! પરિણામ વિકલ્પ અને જડની ક્રિયા બેય અટકી જાય છે. આહાહા..! **'તેટલી સહજ જ મટે છે.'** સહજ જ મટે છે.

**'મિથ્યાદષ્ટિ જીવ એવું માને છે કે જેટલી ક્રિયા છે તે જેવી છે તેવી જ રહે છે,...'** અશુદ્ધપણું તો જેટલું છે તે ભલે રહો. અમે તો જ્ઞાનસ્વરૂપી છીએ, એમ અજ્ઞાની માને છે. આહાહા..! સમજાય છે કાંઈ? **'જેટલી ક્રિયા છે તે જેવી છે તેવી જ રહે છે, શુદ્ધસ્વરૂપ-અનુભવ મોક્ષમાર્ગ છે;...'** અમારે તો શુદ્ધનો અનુભવ તે મોક્ષમાર્ગ છે, અશુભ ભલે જેટલું છે તેટલું રહે. પણ એમ રહી શકે જ નહિ. શુદ્ધ સ્વરૂપના અનુભવમાં અશુદ્ધતાનો ભાવ રહી શકે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? આવો માર્ગ.

**'પરંતુ વસ્તુનું સ્વરૂપ એવું તો નથી. તેથી જ એવું માને છે તે જીવ મિથ્યાદષ્ટિ છે, વચનમાત્રથી કહે છે કે શુદ્ધસ્વરૂપ-અનુભવ મોક્ષમાર્ગ છે;...'** વચનમાત્રથી કહે કે શુદ્ધ સ્વરૂપ અનુભવ (મોક્ષમાર્ગ છે). જ્ઞાયકભાવ, આત્મા જ્ઞાયક છે, આત્મા જ્ઞાયક છે, આત્મા જ્ઞાયક છે. પણ જ્ઞાયક છે તે શું? જ્ઞાયક તરફનો ઝુકાવ નહિ, વેદન નહિ ને જ્ઞાયક.. જ્ઞાયક કરે છે, જ્ઞાયક તને આવ્યો ક્યાંથી? સમજાય છે કાંઈ? **'વચનમાત્રથી કહે છે કે શુદ્ધસ્વરૂપ-અનુભવ મોક્ષમાર્ગ છે; એવું કહેવાથી કાર્યસિદ્ધિ તો કાંઈ નથી.'** આહાહા..! શુદ્ધસ્વરૂપ અનુભવ-એમ બોલે પણ શુદ્ધસ્વરૂપના અનુભવ તરફનો ઝુકાવ તો નથી. આહાહા..! અને પરમાં સ્વચ્છંદી તરીકે પુણ્ય-પાપના પરિણામમાં મગ્ન રહે છે અને માને છે કે અમારો મોક્ષ થશે. આહાહા..! સમજાય છે કાંઈ?

શાસ્ત્રમાં જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ કહ્યો છે. માટે અમારે ભોગ હોય. અરે..! મરી જઈશ, સાંભળને! એ તો કઈ અપેક્ષાએ કહ્યું છે? આહા..! શુદ્ધ ચૈતન્યસ્વરૂપના દષ્ટિના જોરથી જેને રાગની એક સમયની પર્યાયની ગણતરી નથી અને એનો બંધ પણ અલ્પ સ્થિતિ, રસવાળો છે. એમ ગણીને ભોગ નિર્જરાનો હેતુ કહ્યો છે. ભોગ નિર્જરાનો હેતુ છે? તો ભોગ છોડીને ચારિત્ર લે કેમ? આહાહા..! સમજાય છે કાંઈ? શાસ્ત્રને પકડીને પોતાનો સ્વચ્છંદ પોષે. એમ ન ચાલે, ભાઈ! આ તો વીતરાગમાર્ગ છે, ભાઈ! આહા..! વચનમાત્રથી કહે છે. **'એવું કહેવાથી કાર્યસિદ્ધિ તો કાંઈ નથી.'** આહાહા..! એ બે વાત આવી. ક્રિયાનય અને જ્ઞાનનયના પક્ષવાળા. બેય ડૂબનારા છે. આહાહા..!

હવે ત્રીજો સમ્યગ્જ્ઞાની. 'ते विश्वस्य उपरि तरन्ति' **'એવા જે કોઈ જીવો સમ્યગ્દષ્ટિ છે તેઓ, કહ્યા છે જે બે જાતિના જીવ તે બંને ઉપર થઈને,...'** આહાહા..! સમજાય છે કાંઈ?

રાગને પણ ધર્મ માને નહિ અને જ્ઞાનમાં સ્વેચ્છાચારીપણે રહે નહિ. આહાહા..! 'ते विश्वस्य उपरि तरन्ति' '**બે જાતિના જીવ તે બંને ઉપર થઈને,...**' આહા..! એટલે તેનાથી રહિત. '**સકળ કર્મોનો ક્ષય કરી મોક્ષપદને પ્રાપ્ત થયા છે.**' આહાહા..! 'કેવા છે તે?' 'ये सततं स्वयं ज्ञानं भवन्तः कर्म न कुर्वन्ति, प्रमादस्य वशं जातु न यान्ति' બેય વાત લીધી, જુઓ! આહાહા..! '**જે કોઈ નિકટ સંસારી સમ્યગ્દૃષ્ટિ જીવો...**' આહાહા..! '**નિરંતર (સ્વયં) શુદ્ધજ્ઞાનરૂપ પરિણમે છે,...**' આહાહા..! સમ્યગ્દૃષ્ટિ જીવ 'सततं' નિરંતર 'स्वयं ज्ञानं'. સ્વયંનો અર્થ-વ્યવહારના રાગની અપેક્ષા વિના. 'स्वयं ज्ञानं भवन्तः' આહાહા..! શુદ્ધ સ્વરૂપ પરિણમે છે. 'भवन्तः'નો અર્થ કર્યો. જ્ઞાનનો અર્થ શુદ્ધ સ્વરૂપ. જ્ઞાન શુદ્ધસ્વરૂપ.

'कर्म न कुर्वन्ति' '**અનેક પ્રકારની ક્રિયાને મોક્ષમાર્ગ જાણી કરતા નથી;...**' અનેક પ્રકારની ક્રિયાને મોક્ષમાર્ગ જાણીને કરતા નથી. રાગ આવે છે, પણ મોક્ષમાર્ગ જાણીને એ કરતા નથી. આહાહા..! '**ભાવાર્થ આમ છે કે જેમ કર્મના ઉદયે શરીર વિદ્યમાન છે...**' દેખો! શરીર વિદ્યમાન છે એનો શી રીતે જ્ઞાની નિષેધ કરી શકે? શરીર છે, હો, મારામાં નથી. વિદ્યમાન છે તો છે, હેયબુદ્ધિ છે. આહાહા..! '**છતાં હેયરૂપ જાણે છે. તેમ અનેક પ્રકારની ક્રિયા વિદ્યમાન છે...**' આહાહા..! ધર્મીને પણ એવા શુભભાવ આવે છે. સમજાય છે કાંઈ? જેમ શરીર વિદ્યમાન છે એ હેય છે, એમ શુભની ક્રિયા આવે છે, વિદ્યમાન છે પણ હેય છે. આહાહા..! આવી વાત છે.

'**અનેક પ્રકારની ક્રિયા વિદ્યમાન છે...**' હો. ભક્તિ, પૂજા, દાન, દયાના વિકલ્પ આવે છે, હો. જેમ શરીર વિદ્યમાન છે છતાં એ હેય છે. એમ અનેક પ્રકારની ક્રિયા વિદ્યમાન છે છતાં હેય છે. આહાહા..! સમજાય છે કાંઈ? માર્ગ બહુ (ઝીણો). જ્ઞાનક્રિયાભ્યામ મોક્ષ, આ. અંતરની જ્ઞાનદશા અને એમાં અશુદ્ધતાનો અભાવ એ જ્ઞાનક્રિયાભ્યામ મોક્ષ છે. એકલી રાગની ક્રિયાથી મોક્ષ નથી. એકલા જ્ઞાનના જાણપણાથી મોક્ષ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

જ્ઞાનાનંદ પ્રભુ સચ્ચિદાનંદ આત્મા જે સત્ શાશ્વત જ્ઞાનસ્વરૂપ, ત્રિકાળ રહેનારો છે તો ત્રિકાળી દૃષ્ટિ કરે તો વર્તમાન દૃષ્ટિ કરે એમાં ત્રિકાળી આવી જાય છે. વસ્તુ છે ને ત્રિકાળી? તો ત્રિકાળી લાંબી દૃષ્ટિ કરે તો એ ત્રિકાળી દૃષ્ટિમાં એમ છે? આહાહા..! એ તો વર્તમાનમાં જ ધ્રુવ છે તેના ઉપર દૃષ્ટિ કરતાં ત્રિકાળીતત્ત્વ દૃષ્ટિમાં આવી ગયું. સમજાય છે કાંઈ? ત્રણ કાળમાં ટકતું તત્ત્વ છે માટે ત્રિકાળી લાંબી દૃષ્ટિ કરે તો ત્રિકાળીને પકડી શકે, એમ છે? આહાહા..!

ભગવાન પૂર્ણાનંદનો નાથ તો એક સમયમાં વર્તમાન છે. એને અનુભવતાં, પકડતાં.. આહા..! અશુદ્ધ ક્રિયાનો ત્યાં ભાવ હો, પણ હેય છે. સમજાય છે કાંઈ? આહાહા..! '**તેમ અનેક પ્રકારની...**' તેમ એટલે? શરીરની જેમ. '**જેમ કર્મના ઉદયે શરીર વિદ્યમાન છે છતાં હેયરૂપ જાણે છે, તેમ...**' તેમ. આહાહા..! શરીર છે એનું કરવું શું? એ તો જડ છે, હો. આહાહા..! જુઓને! દૃષ્ટાંત આપીને સિદ્ધ (કરે છે). જેમ શરીર છે એ હેય છે, એમ

પર્યાયમાં અનેક પ્રકારનો શુભરાગ આદિ થાય છે, છતાં હેય છે. એમાં મીઠાશ નથી. આહાહા..! એ તો દુઃખનો સ્વાદ છે, હેય છે. આહાહા..! સમજાય છે કાંઈ? '**વિદ્યમાન છે છતાં હેયરૂપ જાણે છે.**' દેખો! રાગ આવે છે પણ હેયરૂપ જાણે છે. આહાહા..! પોતાનો આનંદસ્વરૂપ પ્રભુ એ એક જ ઉપાદેય છે. બાકી શુભક્રિયા માત્ર આવે છે, હોય તો છે, જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી. પણ ધર્મી એને હેય માને છે. અજ્ઞાની એને ઉપાદેય માને છે તો આત્માને હેય માને છે. આહાહા..! અત્યારે આ વાતને ગડબડી બહુ થઈ ગઈ. કોઈ કંઈ માને, કોઈ કંઈ માને, કોઈ કંઈ માને. આહાહા..!

ગુજરી ગયા એ તો બિચારા. 'ભીંડ'ના એક હતા ને? 'નંદલાલ' બ્રહ્મચારી હતા. 'ભીંડ.. ભીંડ'. સાત પડિમા હતી. અહીં આવ્યા હતા. 'સમયસાર'ની વાતું કરે. રાત્રે એકવાર પાણી પીતા હતા. સાત પડિમા નામ ધરાવે. આ તો નથી એટલે, હોં! નહિતર હોય એને ન કહેવાય. ઓરડી છે ને એ બાજુ? એ ઓરડીમાં રાતે (પાણી પીતા હતા). સાત પડિમા નામ ધરાવે અને 'સમયસાર' વાંચે. માણસ એટલા બધા ભેગા નથી થતા, એમ કહેતા હતા. અમે વાંચીએ તો ત્રણ-ચાર જણ ભેગા થાય. અને તમે વાંચો છો તો આટલા બધા માણસ 'સમયસાર'ને (સાંભળે છે?) એ રાત્રે પાણીનો જરી ખખડાટ કરતા હતા. કુંજામાં પાણી હોય ને, કુંજામાં. એ વળી અમારે 'શાંતિભાઈ' સાથે હતા ને? 'શાંતિભાઈ વનમાળી'. એને ખબર પડી તો કહ્યું, ખખડાવશો નહિ. જોઈ લીધું કે આ પાણી પીવે છે. અરે..! રાત્રે પાણી! સાત પડિમા નામ ધારે. એ બધા શુષ્ક વાતું કરનારા.

રાત્રિ આહાર-ભોજનનો ખરેખર તો મારા હિસાબે તો નામધારી જૈનને રાત્રિભોજન હોઈ શકે નહિ. કારણ કે એમાં જીવાત, ફૂદા-ફૂદી કઢીમાં, ખીચડીમાં, દૂધમાં જીણી જીવાંત પડે. સમજાય છે કાંઈ? પડિમાધારી નામ ધરાવી અને રાત્રે પાણી પીવું.. અરરર.. ! નામ ધરાવે પાછા જ્ઞાની, 'સમયસાર'ના જાણનાર. પાછા ભજન એવા બનાવે. ગુજરી ગયા બિચારા. (સંવત) ૧૯૯૯ની સાલમાં આઠ દિ' રહ્યા હતા. તે દિ' 'શાંતિલાલે' જોઈ લીધું કે આ તો પાણી પીવે છે. કુંજો ઉઘાડ્યો તો ખખડાટ થાય ને. મહારાજ સૂતા છે તો ખખડાટ કરશો નહિ, એમ કરીને (કહ્યું). અત્યારે શું કરો છો? એમ કંઈ ન બોલ્યા. પણ ખખડાટ કરશો નહિ. આહાહા..! માણસે જ્ઞાનને નામે પાછા સ્વચ્છંદ સેવવા, રાત્રે આહાર-પાણી કરવા, અનેક પ્રકારની વિષયવાસનાઓ સેવવી અને માનો કે અમે જ્ઞાની છીએ. એમ હોય? માર્ગ એ ન હોય. સમજાય છે કાંઈ?

'સમ્યગ્જ્ઞાન દીપિકા'ને? એમાંથી એ લોકોએ તકરાર લીધી છે ને? 'ધર્મદાસજી ક્ષુલ્લક' આ સોનગઢવાળાએ છપાવ્યું છે, જુઓ! પરસ્ત્રી પરપુરુષને ભોગવે તોપણ પાપ નથી, એમ કહે છે આ. અરે..! પ્રભુ! શું કહે છે તું આ? એ તો ક્ષુલ્લકનું લખેલું છે, અમારું સોનગઢનું નથી. છતાં 'ક્ષુલ્લક'નો કહેવાનો આશય બીજો છે. આહાહા..! એ આશય ન લેતાં સ્વચ્છંદે એમની વાતું લે. અરેરેરે..! એ અહીંને માથે નાખ્યું. સોનગઢવાળાએ છપાવ્યું માટે સોનગઢવાળા વ્યભિચારમાં પાપ માનતા નથી. અરરર..! અહીં તો ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ એ પણ પાપ છે. શુભભાવ છે એ નિશ્ચયથી તો પાપ છે. આહાહા..! અરેરે..!

સ્વસ્ત્રીનો ભોગ પાપ, એને ઠેકાણે પરપુરુષ ને પરસ્ત્રીની વાત શું કરવી? એ તો અનીતિના પાપમાં (જાય છે). સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- લૌકિક નીતિ..

ઉત્તર :- લૌકિક નીતિ નથી. અરે..! બાપુ! ભાઈ! આહાહા..!

અહીંયાં કહે છે, '**ક્રિયા વિદ્યમાન છે છતાં હેયરૂપ જાણે છે;...**' 'प्रमादस्य वशं जातु न यान्ति' '**ક્રિયા તો કાંઈ નથી-એમ જાણી...**' દેખો! શુભભાવ શું છે, એમ જાણીને '**વિષયી-અસંયમી પણ કદાચિત્ થતા નથી.**' પાછા વિષય લઈને અસંયમી પણ નથી થતા. વિષય સેવો ગમે તે. કારણ કે પુણ્યના પરિણામ હોય તોપણ ઈ છે અને પાપના પરિણામ હોય તોપણ ઈ છે. એમ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! શાસ્ત્રમાં એમ આવે છે ને? કે પુણ્ય અને પાપમાં વિશેષતા જાણે એ ઘોર સંસારમાં રખડે છે. તો પછી પુણ્ય હો કે પાપ હો. એમ નહિ. આહાહા..! એ તો કઈ અપેક્ષાએ કહ્યું? આહાહા..! વ્યવહારથી શુભમાં, પાપથી અશુભભાવથી બચે છે. એ તો બંધની અપેક્ષાએ બેય સરખા છે. પણ એમ માનીને પછી શુભ છોડીને અશુભ સેવવા (એમ નથી). મરી જઈશ તું, ભાઈ! જ્ઞાનને નામે. આહાહા..!

અહીં તો બેય વાત લીધી છે. ક્રિયાનયવાળા અને એકલા જ્ઞાનના પક્ષવાળા. આહાહા..! અને ત્રીજો આ. ત્રણ.. ત્રણ. '**विश्वस्य उपरि तरन्ति**'. રાગની ક્રિયાનું સ્વામીપણું નથી રહેતું. રાગને હેય માને છે અને સ્વરૂપનો ઉદ્યમ-પ્રયત્ન છે. આહાહા..! તેમ સ્વચ્છંદી થઈને અશુભ સેવે, એમ તો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? '**અસંયમી કદાચિત્ થતા નથી,...**' વિષયી સેવવાવાળા (થતા નથી). '**કેમકે અસંયમનું કારણ તીવ્ર સંક્લેશપરિણામ છે,...**' લ્યો. વિષય કષાયના પરિણામ, અસંયમના પરિણામ તીવ્ર સંક્લેશ પરિણામ છે. '**તે સંક્લેશ તો મૂળથી જ ગયો છે.**' મૂળમાંથી અશુભ તો ગયું જ છે. એમ કહે છે. મુનિની મુખ્ય વાત છે.

'**એવા જે સમ્યગ્દષ્ટિ જીવો, તે જીવો તત્કાળમાત્ર મોક્ષપદને પામે છે.**' આહાહા..! નિજ સ્વરૂપનો આશ્રય લઈ આનંદનો સ્વાદ લે છે અને રાગનો ભાવ થવા છતાં તેને હેય જાણે છે. અને સ્વચ્છંદીપણું કરતા નથી. એ તત્કાળ અલ્પકાળમાં કેવળજ્ઞાન લઈને મોક્ષ પામશે. આહાહા..! સમજાય છે કાંઈ? '**મૂળથી જ ગયો છે.એવા જે સમ્યગ્દષ્ટિ જીવો,...**' વિશેષ મુનિપણાનું (કહે છે). ચોથે ગુણસ્થાને સંક્લેશ પરિણામ અશુભ થાય છે, પણ હેય માને છે. દુઃખરૂપ માને છે. વિષય સેવવામાં મજા છે એ માન્યતા મિથ્યાદષ્ટિની છે. આહાહા..! આસક્તિનો ભાવ સમકિતીને પણ આવે છે પણ એ માને છે કે આ દુઃખરૂપ છે. કાળો નાગ દેખે એમ અશુભ પરિણામને કાળો નાગ દેખે છે. આહાહા..! અજ્ઞાની અશુભ પરિણામમાં મજા માને છે. વિષયભોગ, આબરૂ, કીર્તિ, માન-સન્માનમાં મીઠાશ. મીઠાશ.. મીઠાશ (લાગે છે). આહાહા..! જ્ઞાનીને એ શુભપરિણામનો તો ત્યાગ છે, અશુભ પરિણામ પણ એને સ્વચ્છંદે કરવાનો ત્યાગ છે. સમજાય છે કાંઈ? આહાહા..! ૧૧૧ (કળશ પૂરો) થયો. હવે પુણ્ય-પાપનો છેલ્લો શ્લોક છે.

(મંદાક્રાંતા)

भेदोन्मादं भ्रमरसभरान्नायत्पीतमोहं
मूलोन्मूलं सकलमपि तत्कर्म कृत्वा बलेन।
हेलोन्मीलत्परमकलया सार्धमारब्धकेलि
ज्ञानज्योतिः कवलिततमः प्रोज्जजृम्भे भरेण।।१३-११२।।

ખંડાન્વય સહિત અર્થ :- 'ज्ञानज्योतिः भरेण प्रोज्जजृम्भे' ( ज्ञानज्योतिः ) શુદ્ધસ્વરૂપનો પ્રકાશ ( भरेण ) પોતાના સંપૂર્ણ સામર્થ્ય વડે ( प्रोज्जजृम्भे ) પ્રગટ થયો. કેવો છે? 'हेलोन्मीलत्परमकलया सार्धम् आरब्धकेलि' ( हेला ) સહજરૂપથી ( उन्मीलत् ) પ્રગટ થતા ( परमकलया ) નિરંતરપણે અતીન્દ્રિય સુખપ્રવાહની ( सार्धम् ) સાથે ( आरब्धकेलि ) પ્રાપ્ત કર્યું છે પરિણમન જેણે, એવો છે. વળી કેવો છે? 'कवलिततमः' ( कवलित ) દૂર કર્યો છે ( तमः ) મિથ્યાત્વ-અંધકાર જેણે, એવો છે. આવો કઈ રીતે થયો છે તે કહે છે-'तत्कर्म सकलम् अपि बलेन मूलोन्मूलं कृत्वा' ( तत् ) કહી છે અનેક પ્રકારની ( कर्म ) ભાવરૂપ અથવા દ્રવ્યરૂપ ક્રિયા-( सकलम् अपि ) પાપરૂપ અથવા પુણ્યરૂપ તેને ( बलेन ) બળજોરીથી ( मूलोन्मूलं कृत्वा ) ઉખેડી નાખીને અર્થાત્ 'જેટલી ક્રિયા છે તે બધી મોક્ષમાર્ગ નથી' એમ જાણી સમસ્ત ક્રિયામાં મમત્વનો ત્યાગ કરીને. શુદ્ધ જ્ઞાન મોક્ષમાર્ગ છે એવો સિદ્ધાન્ત સિદ્ધ થયો. કેવું છે કર્મ અર્થાત્ ક્રિયા? 'भेदोन्मादं' ( भेद ) શુભ ક્રિયા મોક્ષમાર્ગ છે એવા પક્ષપાતરૂપ ભેદ (અન્તર) તેનાથી ( उन्मादं ) થયું છે ઘેલાપણું જેમાં, એવું છે. વળી કેવું છે? ' पीतमोहं' ( पीत ) ગળ્યું (પીધું) છે ( मोहं ) વિપરીતપણું જેણે, એવું છે. કોઈ ધતૂરો પીને ઘેલો થાય છે એના જેવો તે છે જે પુણ્યકર્મને ભલું માને છે. વળી કેવું છે? 'भ्रमरसभरात् नाट्यत्' ( भ्रम ) ભ્રાન્તિ, તેનો ( रस ) અમલ, તેનું ( भर ) અત્યંત ચડવું, તેનાથી ( नाट्यत् ) નાચે છે. ભાવાર્થ આમ છે-જેમ કોઈ ધતૂરો પીને સૂધ જવાથી નાચે છે, તેમ મિથ્યાત્વકર્મના ઉદયે શુદ્ધસ્વરૂપના અનુભવથી ભ્રષ્ટ છે. શુભ કર્મના ઉદયે જે દેવ આદિ પદવી, તેમાં રંજિત થાય છે કે હું દેવ, મારે આવી વિભૂતિ, તે તો પુણ્યકર્મના ઉદયથી; આવું માનીને વારંવાર રંજિત થાય છે. ૧૩-૧૧૨.

## કળશ-૧૧૨ ઉપર પ્રવચન

(મંદાક્રાંતા)

भेदोन्मादं भ्रमरसभरान्नायत्पीतमोहं
मूलोन्मूलं सकलमपि तत्कर्म कृत्वा बलेन।
हेलोन्मीलत्परमकलया सार्धमारब्धकेलि
ज्ञानज्योतिः कवलिततमः प्रोज्जजृम्भे भरेण।।१३-११२।।

આમાં શું કર્યું છે? છેલ્લો છે ને? એટલે સમ્યગ્દર્શન આદિ અંશ, જે 'સર્વ ગુણાંશ સમકિત' છે ને? એટલે બધા જે વ્યક્ત સમ્યગ્દર્શનમાં અનંતગુણનો અંશ આવ્યો છે, એની સાથે કેવળજ્ઞાન સાથે ક્રીડા કરે છે. એમાં શબ્દ નાખ્યો છે. દર્શનાદિ અંશ છે ને? અંશ. સર્વ ગુણાંશ તે સમકિત. એટલે જ્ઞાનાદિ એકદેશ વ્યક્ત થયા છે એનાથી કેવળજ્ઞાન સાથે ક્રીડા કરે છે. એવો શબ્દ એમાંથી નીકળે છે. સંસ્કૃત છે. શું કહ્યું ઈ?

આત્મામાં જ્યારે સમ્યગ્દર્શન થાય છે ત્યારે અનંતગુણનો એક અંશ વ્યક્તપણે વેદનમાં આવે છે. જેટલા ગુણ સંખ્યાએ છે.. સમજાય છે કાંઈ? મારે તો એકદેશ અને સર્વગુણાંશ તે સમકિત સાથે (મેળવવું છે). સંસ્કૃત ટીકામાં છે. આ કળશની સંસ્કૃત ટીકામાં છે. શું કહે છે? કે અંતરમાં જ્યારે આત્મા સમ્યગ્દર્શનને પ્રાપ્ત થયો તો એ જ સમયે જેટલી સંખ્યામાં ગુણ છે, તેનો એક અંશ-સર્વ ગુણોનો એક અંશ વ્યક્ત અનુભવમાં આવે છે. સર્વ ગુણનો એક અંશ વ્યક્ત-પ્રગટ છે. અને ધર્મી એ સર્વ ગુણ જે વ્યક્ત છે, એ કળાને કારણે કેવળજ્ઞાનની કળા પ્રગટ કરવામાં એનો ઉદ્યમ છે. સમજાય છે કાંઈ? શુભરાગથી થાય એ પ્રશ્ન તો છૂટી ગયો. આહાહા..!

નિજ સ્વભાવ.. આહાહા..! જેટલી સંખ્યામાં ગુણ છે તેટલી સંખ્યામાં એ ગુણની વ્યક્તતાનો એક અંશ સમ્યગ્દર્શનમાં પ્રગટ થાય છે. 'શ્રીમદ્દે' એમ કહ્યું, સર્વ ગુણાંશ તે સમકિત. 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં એ લીધું, જ્ઞાનાદિ એકદેશ ચોથે ગુણસ્થાને હોય. કેવળજ્ઞાનમાં જ્ઞાનાદિ સંપૂર્ણ દેશ હોય. અહીં શું કહેવું છે? અહીં, કેલી કરે છે, એમ લીધું છે ને? 'परमकलया'. કેવળજ્ઞાન સાથે ઈ ક્રીડા કરે છે. અર્થાત્ આહા..! ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યનો અનુભવ દૃષ્ટિમાં થયો તો જેટલી સંખ્યાએ ગુણ છે તે અંશે વ્યક્ત થઈ ગયા. એ અંશ કળા જે છે તે પૂર્ણ કળા સાથે ક્રીડા કરે છે. પૂર્ણ કળાને પ્રાપ્ત કરવાના પ્રયત્નમાં છે. સમજાય છે કાંઈ? એ વાંચ્યું હતું એમાં એક ફેરી તે દિ' લખ્યું હતું. આ હમણાં નથી લખ્યું. તે દિ' વાંચ્યું ત્યારે લખ્યું હતું. પણ આજે તો બરાબર આ આવ્યું. આ દર્શનાદિ અંશ આમાં કહે છે. આહાહા..!

**ખંડાન્વય સહિત અર્થ :-** 'ज्ञानज्योतिः भरेण प्रोज्जजृम्भे' '**શુદ્ધસ્વરૂપનો પ્રકાશ...**' 'ज्ञानज्योतिः'નો અર્થ. ભગવાન શુદ્ધ સ્વરૂપી જ્ઞાનપ્રકાશ. 'भरेण' '**પોતાના સંપૂર્ણ સામર્થ્ય વડે...**' આહાહા..! '**પ્રગટ થયો. કેવો છે?**' 'हेलोन्मीलत्परमकलया सार्थम् आरब्धकेलि' આહાહા..! 'हेला' '**સહજરૂપથી...**' 'उन्मीलत्' '**પ્રગટ થતા...**' 'परमकलया' '**નિરંતરપણે અતીન્દ્રિય સુખપ્રવાહની સાથે પ્રાપ્ત કર્યું છે પરિણમન જેણે, એવો છે.**' આહાહા..! સમ્યગ્દૃષ્ટિ જીવ 'परमकलया' કેવળજ્ઞાન, અનંત આનંદ આદિ જે કળા, એની સાથે જેણે રમત માંડી છે. પોતાના સ્વરૂપનો એક અંશ પ્રગટ થયો, એનાથી કેવળજ્ઞાન સાથે રમત માંડી છે. આહાહા..! રાગની સાથે રમત છૂટી ગઈ, એમ કહે છે. આહાહા..!

જેમ બીજ છે તો પૂનમ થશે જ. એમ એક અંશ પ્રગટ થયો એનાથી સર્વાંશ પ્રગટ થશે જ. આહાહા..! એ વ્યવહારને કારણે નહિ. અંદર નિર્મળ પરિણતિને કારણે નિર્મળ પરિણતિ પૂર્ણ થશે, એમ કહે છે. સમજાય છે કાંઈ? વિશેષ કહેશે.. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા વદ ૩, શુક્રવાર, તા.૩૦-૯-૧૯૭૭
## કળશ - ૧૧૨-૧૧૩, પ્રવચન - ૧૦૯

'કળશટીકા' ૧૧૨ કળશ છે ને? પુણ્ય-પાપનો આ છેલ્લો અધિકાર છે.

**ખંડાન્વય સહિત અર્થ :-** 'ज्ञानज्योतिः भरेण प्रोज्जजृम्भे' 'ज्ञानज्योतिः' શુદ્ધસ્વરૂપ ભગવાનઆત્મા, શુદ્ધસ્વરૂપનો પ્રકાશ આત્મા. 'भरेण' **'પોતાના સંપૂર્ણ સામર્થ્ય વડે...'** પૂર્ણતા બતાવવી છે ને હવે. પોતાનું સંપૂર્ણ સામર્થ્ય-આત્મબળ-વીર્ય, એના સામર્થ્ય દ્વારા **'પ્રગટ થયો.'** આહા..! પોતાના સામર્થ્ય દ્વારા પ્રગટ થયો. કોઈની સહાય ને કોઈની મદદ નથી. આહાહા..! ભગવાનઆત્મા ચૈતન્યરસકંદ, એ પોતાના પુરુષાર્થ દ્વારા પરિપૂર્ણ પર્યાયમાં પ્રગટ થયો.

'કેવો છે?' 'हेलोन्मीलत्परमकलया सार्थम् आरब्धकेलि' **'સહજરૂપથી...'** લીલામાત્રથી. આહાહા..! કોઈ એના પરમાત્મપદ પ્રાપ્ત થવામાં આત્માના પ્રકાશમાં કોઈ હઠ નથી, બળાત્કાર નથી, કોઈ પરનું જોર નથી. આહાહા..! લીલામાત્ર અર્થાત્ ભગવાન શુદ્ધ ચૈતન્યપ્રકાશનો અનુભવ એ લીલામાત્ર અનુભવ છે. આહાહા..! પુણ્ય-પાપના ભાવ તો ઝેરીલો સ્વાદ છે, એને તો છોડી દીધા. આહાહા..! પોતાના ચૈતન્યપ્રકાશના સામર્થ્ય વડે લીલામાત્રમાં પ્રગટ થયો, એમ કહે છે. આનંદની કેલી કરતાં કરતાં કેવળજ્ઞાન થઈ ગયું, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? પુણ્ય-પાપનો છેલ્લો અધિકાર છે ને, છેલ્લો કળશ.

'हेला' **'સહજરૂપથી...'** આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા, પોતાના આશ્રયથી લીલામાત્રમાં સહજભાવથી પૂર્ણ દશાને પ્રાપ્ત થાય છે. આહાહા..! 'કેવો છે? **સહજરૂપથી પ્રગટ થતા...'** એમ. આહાહા..! કોઈ રાગની ક્રિયાની સહાયતાથી પ્રગટ થયો, એમ નથી. પોતાના ચૈતન્યપ્રકાશનું પૂર પોતાના સામર્થ્યથી લીલા કરતા કરતા-આનંદનો અનુભવ કરતા કરતા. આહાહા..!

મુમુક્ષુ :- ... ગુરુ અનુભવ કરાવે.

ઉત્તર :- કોણ કરાવે? શાસ્ત્ર દિશા દેખાડી અળગા રહે. શું કહ્યું? શાસ્ત્ર કે ગુરુ દિશા દેખાડી અળગા રહે. એ કંઈ અંદર પ્રવેશ કરે નહિ. દિશા દેખાડી અળગા રહે. આ દિશા છે, ત્યાં જવું. બસ. આહાહા..! છેલ્લો શ્લોક.. આ શ્લોક તો એકલા આનંદના અમૃતના કળશ છે.

શુભ-અશુભભાવ એ ઝેરીલો સ્વાદ છે. વિષકુંભ છે. એની સહાયતા વિના ભગવાન પોતાના શાંતરસના સ્વાદથી પુણ્ય-પાપ વિનાના આનંદના શાંતરસના અદ્ભુત સ્વાદથી પ્રગટ થયો. આહા..! 'परमकलया' **'નિરંતરપણે અતીન્દ્રિય સુખપ્રવાહની સાથે...'** કેવળજ્ઞાનની સાથે ક્રીડા માંડી છે. આહાહા..! અંતર આત્માનો-જ્ઞાનનો અનુભવ થયો, એ જ્ઞાનના અનુભવમાં પુણ્ય-પાપનો અભાવ છે. એવી જ્ઞાનકળા સાથે કેવળજ્ઞાનની સાથે ક્રીડા શરૂ કરી. કેવળજ્ઞાન અલ્પકાળમાં આવો. આહાહા..! એકવાર કહ્યું હતું ને? સમ્યગ્જ્ઞાન થયું. પુણ્ય-

પાપથી રહિત આત્મા (અનુભવાયો) તો એ મતિજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે. આવો, આવો, આવો. આહાહા..! અલ્પકાળમાં કેવળજ્ઞાનની સાથે ક્રીડા કરતા કરતા કેવળજ્ઞાનને બોલાવે છે. અરે..! આ તે કંઈ વાત છે, ભાઈ! અને એમ કહે છે કે, ત્યાં એના સાધનમાં પુણ્યની ક્રિયા તો કાંઈ ગંધ પણ નથી. પોતાના આનંદની સ્વભાવની કળામાં એકાગ્ર થઈને કેવળજ્ઞાન સાથે કળા કરે છે-ક્રીડા કરે છે. આહાહા..!

**'નિરંતરપણે અતીન્દ્રિય સુખપ્રવાહની સાથે પ્રાપ્ત કર્યું છે પરિણમન જેણે,...'** આહાહા..! આવ્યું ને? 'સમયસાર નાટક'માં આવ્યું હતું. 'સદ્ગુરુ કહે સહજ કા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' અરે..! સહજનો ધંધો છે, સહજનો સોદો છે. આહાહા..! સહજાનંદ પ્રભુ પોતાના આનંદના રસની ક્રીડા કરતા કરતા એટલે ચારિત્રદશા લેવી છે. ચારિત્ર એ જ આનંદની દશા છે. ચારિત્ર કોઈ દુઃખદાયક છે કે આ પરિષહ સહન કરવા પડે છે, એવું નથી. આહાહા..! ભગવાનઆત્માના આનંદમાં લીન, આનંદની લહેર કરતાં કરતાં લીલામાત્રમાં કેવળજ્ઞાનને પ્રગટ કરે છે. આહાહા..! એ 'परमकलया'.

**'વળી કેવો છે?' 'कवलिततमः' 'દૂર કર્યો છે મિથ્યાત્વ-અંધકાર જેણે,...'** આહાહા..! રાગની એકતાબુદ્ધિનો નાશ થયો, અલ્પજ્ઞ પર્યાયની સાથે એકતાનો પણ નાશ થયો. આહાહા..! સમજાય છે કાંઈ? **'कवलिततमः' 'દૂર કર્યો છે મિથ્યાત્વ-અંધકાર જેણે, એવો છે. આવો કઈ રીતે થયો છે તે કહે છે...' 'तत्कर्म सकलम् अपि बलेन मूलोन्मूलं कृत्वा' 'કહી છે અનેક પ્રકારની ભાવરૂપ તથા દ્રવ્યરૂપ ક્રિયા...'** આહાહા..! જડની ક્રિયા અને અંદર ભાવરૂપ વિકલ્પની ક્રિયા. એ **'પાપરૂપ અથવા પુણ્યરૂપ...'** ભાવ. આહાહા..! **'બળજોરીથી...' 'मूलोन्मूलं'** પોતાની બળજોરીથી **'मूलोन्मूलं कृत्वा' 'જેટલી ક્રિયા છે તે બધી મોક્ષમાર્ગ નથી.'** આહાહા..! ક્રિયા કર્યા વિના ચાલે નહિ, એમ માને. એ ક્રિયા તો રાગ છે. આહાહા..! એ સમસ્ત ક્રિયાની રાગને 'मूलोन्मूलं' મૂળમાંથી 'उन्मूलं' ઉખાડી નાખી છે. આહાહા..! સમજાય છે કાંઈ? કોઈ ક્રિયાનો અંશ એને મદદ કરે, એ તો મૂળમાંથી 'उन्मूलं' કરી નાખી છે. 'उन्मूलं' મૂળિયા ઉખાડી નાખ્યા છે. આહાહા..! આવો માર્ગ ઝીણો બહુ, બાપુ! પોતાના પુરુષાર્થથી એ થાય છે, હોં! કાળલબ્ધિ આવે તો થાય. કાળલબ્ધિ પુરુષાર્થથી આવે છે, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- હમણાં સહજરૂપે આવ્યું ને.

ઉત્તર :- સહજ કીધું ને. લીલામાત્ર. સહજ એટલે લીલા. લહેર કરતા કરતા, આનંદની લહેર કરતા કરતા કેવળજ્ઞાન પામશે. મૂળ તો 'हेला' છે. 'हेला' નામ લહેર, લીલામાત્ર છે. સહજરૂપ સ્વભાવિક દશા. રાગ વિનાની દશા. પોતાના શ્રદ્ધા, જ્ઞાન, શાંતિની દશા, તેનાથી પ્રગટ થયો. આહાહા..! 'तत्कर्म सकलम् अपि बलेन मूलोन्मूलं कृत्वा' આહાહા..! **'અનેક પ્રકારની...'** 'कर्म' દેખો! 'कर्म' શબ્દે ભાવરૂપ અને દ્રવ્યરૂપ ક્રિયા. 'कर्म' શબ્દનો અર્થ કર્યો. કર્મ એટલે કોઈ પેલા જડકર્મ લે એમ નહિ. શરીરની ક્રિયા પણ આમ ચાલે છે અને ભાવ ક્રિયા રાગ. એ બધી દ્રવ્ય અને ભાવ ક્રિયાને **'મૂળમાંથી બળજોરીથી ઉખેડી નાખીને...'**

આહાહા..! એ મોક્ષમાર્ગ નહિ, બધું મોક્ષમાર્ગ નહિ. આહાહા..!

દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો ભાવ એ મોક્ષમાર્ગ નહિ. આહાહા..! આવી વાત. ત્યારે લોકો કહે છે કે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાને મિથ્યાત્વ કહે છે. મિથ્યાત્વ નહિ, એ રાગ છે. રાગથી ધર્મ માને તો મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને માનવા, જાણવા એ શુભભાવ છે, મિથ્યાત્વ નથી. એ શુભભાવ ધર્મનું કારણ છે અને ધર્મ છે એમ માને તો મિથ્યાત્વ છે. 'મખ્ખનલાલજી' મોટી તકરાર કરે છે. ખાણિયા ચર્ચામાં એ ચર્ચા ચાલી છે. આહા..! જેટલી ક્રિયા-દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, વાંચન, શ્રવણ, મનન, ચિંતવન.. આહાહા..! એ બધી ક્રિયાને મૂળમાંથી ઉખાડી નાખી છે. ભગવાનનું મૂળ પકડ્યું, અખંડાનંદ ચૈતન્ય જ્ઞાયકજ્યોતને પરિણતિમાં લીધો. આહાહા..! પંચમ પારિણામિકભાવ પરિણતિમાં લીધો. આહાહા..! એનાથી પંચમગતિની પ્રાપ્તિ થાય છે. આહાહા..! અરે..!

**'મોક્ષમાર્ગ નથી, એવું જાણી સમસ્ત ક્રિયામાં મમત્વનો ત્યાગ કરીને,...'** ચાહે તો ભગવાનના સ્મરણનો રાગ હો, એ રાગની ક્રિયા. આહાહા..! જાપ કરવો. ણમો અરિહંતાણં.. ણમો અરિહંતાણં.. ણમો અરિહંતાણં.. એ સમસ્ત વિકલ્પના મમત્વનો ત્યાગ-એ મારી ચીજ નહિ, મારામાં નહિ, મને લાભદાયક નથી. આહાહા..! **'ક્રિયામાં મમત્વનો ત્યાગ કરીને, શુદ્ધ જ્ઞાન મોક્ષમાર્ગ છે...'** આહાહા..! ભગવાન, શુદ્ધ જ્ઞાન મોક્ષમાર્ગ છે. ઈ શું? શુદ્ધ જ્ઞાન તો ત્રિકાળ છે એ નહિ. આ તો શુદ્ધ જ્ઞાનની પરિણતિ છે તે મોક્ષમાર્ગ છે. શુદ્ધ જ્ઞાન જે ત્રિકાળ છે એ તો દ્રવ્ય છે. એ નહિ. પણ ત્રિકાળી જ્ઞાયકની પરિણતિ જે શુદ્ધ છે, અહીં તો પુણ્ય-પાપની ક્રિયાથી રહિત નિર્મળ પરિણતિ લેવી છે ને? આહાહા..! સમજાય છે કાંઈ?

**'શુદ્ધ જ્ઞાન મોક્ષમાર્ગ છે...'** શુદ્ધ જ્ઞાનનો અર્થ ત્રિકાળી શુદ્ધ પ્રકાશસ્વરૂપ એ તો દ્રવ્ય છે, એ કંઈ મોક્ષમાર્ગ નથી. એના આશ્રયે જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની નિર્મળ પરિણતિ પ્રગટ થઈ એ શુદ્ધ જ્ઞાન. શુદ્ધ જ્ઞાન કેમ કહ્યું? કેમકે જે રાગની ક્રિયા હતી તે અશુદ્ધ હતી. એની સાથે આ શુદ્ધ જ્ઞાનની પરિણતિ તે મોક્ષનો માર્ગ છે. આહાહા..! સમજાય છે કાંઈ? **'એવો સિદ્ધાંત સિદ્ધ થયો.'** ભગવાન ચૈતન્યસ્વભાવી પ્રભુ, એ ચૈતન્ય સ્વભાવનું શુદ્ધ પરિણમન થયું એ મોક્ષમાર્ગ છે, એવો સિદ્ધાંત સિદ્ધ થયો. વચ્ચે ક્રિયાકાંડનો ભાવ મોક્ષમાર્ગ છે એનો નિષેધ થયો. આહાહા..! ત્યારે હવે પહેલા ઈ સાધન તો હોય કે નહિ? એમ કહે છે. ભાઈ! જે સાધન બાધક છે એ સાધન ક્યાંથી આવ્યું? આહાહા..! શુદ્ધ ચૈતન્યપ્રકાશનું પૂર, નૂર આત્મા, એનો આશ્રય લઈને જે શુદ્ધ પરિણતિ થઈ. પરનો આશ્રય લઈને જે શુભ દયા, દાનના ભાવ હતા એનો અભાવ કર્યો. આહાહા..! આવો માર્ગ એટલે માણસને (એકાંત લાગે). અહીંયાં તો એમ કહ્યું, **'શુદ્ધ જ્ઞાન મોક્ષમાર્ગ છે એવો સિદ્ધાંત સિદ્ધ થયો.'** એ નિર્ણય યથાર્થ સિદ્ધ થયો. વ્યવહાર રત્નત્રયની ક્રિયા મોક્ષનો માર્ગ છે એનો નિષેધ થયો. આહાહા..!

**'કેવું છે કર્મ અર્થાત્ ક્રિયા?'** ભાષા કર્મ શબ્દ વાપર્યો છે. જોયું! ક્રિયાને. **'भेदोन्मादं'** આહાહા..! ભેદનું ઘેલાપણું. **'શુભક્રિયા મોક્ષમાર્ગ છે એવા પક્ષપાતરૂપ ભેદ...'** (પાડવો). આહાહા..! **'શુભક્રિયા મોક્ષમાર્ગ છે એવા પક્ષપાતરૂપ ભેદ (અંતર) તેનાથી થયું છે**

**ઘેલાપણું...**' ગાંડપણ. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, તપસ્યા, અપવાસ આદિ પણ મોક્ષમાર્ગ છે એમ માનનારનું ગાંડપણ છે, કહે છે. સમજાય છે કાંઈ? '**શુભક્રિયા મોક્ષમાર્ગ છે એવા પક્ષપાતરૂપ ભેદ (અંતર) તેનાથી થયું છે ઘેલાપણું એવું છે...**' આહાહા..! '**વળી કેવું છે?**' '**पीतमोह**' આહાહા..! જેણે મોહ પીધો છે-પુણ્યની ક્રિયાથી ધર્મ-મોક્ષ માને એણે મિથ્યાત્વ પીધું છે. '**पीतमोह**' '**ગળ્યું છે વિપરીતપણું જેણે,..**' આહાહા..! શુભક્રિયાથી મોક્ષમાર્ગ છે એવું મિથ્યાત્વ જેણે પીધું છે. આહાહા..! આટલું તો સ્પષ્ટ કરે છે અને આ બધી રાડ પાડે છે. આહાહા..! જેણે મોહ પીધો, મોહનો દારૂ પીધો. આહાહા..! જુઓ! કહે છે ને? 'ટોડરમલ' અને 'બનારસીદાસ' અધ્યાત્મ ભાંગ પીને નાચ્યા છે. અહીં કહે છે કે, અજ્ઞાની મિથ્યાત્વનો મોહ પીને નાચ્યા છે. સમજાય છે કાંઈ? છે કે નહિ અંદર? દૃષ્ટાંત આપે છે.

'કોઈ ધતૂરો પીને ઘેલો થાય છે...' પાગલ થાય છે '**એના જેવો છે જે પુણ્યકર્મને ભલું માને છે.**' આહાહા..! આટલું તો સ્પષ્ટ છે. પેલો પોકાર કરે છે, શુભજોગ તે મોક્ષનો માર્ગ. અરે..! પ્રભુ! શું કરે છે? ભાઈ! ધતૂરો પીધો છે. પેલા ભાંગ પીને નાચ્યા, આ ધતૂરો પીને નાચ્યા. આહાહા..! 'ટોડરમલ' અને 'બનારસીદાસ' સમ્યગ્જ્ઞાન પી ને નાચ્યા છે. શુભભાવથી મોક્ષમાર્ગ છે માનનારા મિથ્યાત્વ પીને નાચ્યા છે. જુઓ! આવે છે, જુઓ! '**भ्रमरसभरात् नाटयात्**' જોયું! '**भ्रमरसभरात् नाटयात्**' '**भ्रम**' નામ '**ભ્રાંતિ..**' વિપરીત ભાવ. એનો '**અમલ...**' ચડી ગયો. વિપરીત ભાવ મિથ્યાત્વનો અમલ ચડી ગયો-પાવર ચડી ગયો. આહાહા..! શુભક્રિયાથી ધર્મ અને મોક્ષમાર્ગ (એમ માનનારે) મોહનો પ્યાલો પીધો છે, કહે છે. આહાહા..!

'**પુણ્યકર્મને ભલું માને છે.**' આહાહા..! એવો ભ્રમ, અજ્ઞાની, એનો અમલ. મિથ્યાત્વનો અમલ ચડી ગયો છે. આહાહા..! '**તેનું અત્યંત ચડવું.**' '**भरात्**' છે ને? '**भ्रमरसभरात्**' અને '**नाटयात्**' '**તેનું અત્યંત ચડવું.**' મિથ્યાત્વનો પાવર એકદમ ચડી ગયો. આહાહા..! મિથ્યાત્વ મોહનું ગાંડપણ ચડી ગયું. આહાહા..! એ કારણે '**नाटयात्**' '**નાચે છે.**' આહાહા..! શુભક્રિયા ધર્મની છે એવું મિથ્યાત્વ પીને નાચે છે. સમજાય છે કાંઈ? આકરું કામ છે, ભાઈ! આહાહા..! અટકવાના સાધન અનેક, છૂટવાનું સાધન એક. ભગવાન પૂર્ણાનંદનો નાથ, એનો આશ્રય લેવો એ છૂટવાનું સાધન છે. આ બધા બંધનના સાધન તો અનેક છે. આહાહા..! સમજાય છે કાંઈ? '**नाटयात्**' શબ્દ વાપર્યો છે, હોં! નાચ્યા છે. ઈ કહે છે કે, અધ્યાત્મની ભાંગ પીને નાચ્યા છે. આ કહે છે કે પુણ્યથી ધર્મ માનનારા મિથ્યાત્વ પીને નાચ્યા છે. આહાહા..!

અરે..! ભાઈ! 'ટોડરમલ' અને 'બનારસીદાસ' કોણ છે એની તને ખબર નથી. જેને હાથીના (પગ નીચે) કચરાવ્યા. આહાહા..! તોપણ બીજું કાંઈ બોલ્યા નહિ. બ્રાહ્મણોએ શિવની મૂર્તિ ગુંજામાં નાખી દીધી. રાજાને ભડકાવ્યા કે જુઓ! આવી રીતે વિરોધ કરે છે. જાઓ! એને મારી નાખો. હાથી ગયો, હાથી. હાથી આમ એના ઉપર પગ મૂકતા સંકોચાય છે, સંકોચાય છે. અરે..! હાથી! રાજા જ્યારે આમ કહે છે ત્યારે તું શું કરવા સંકોચાય છે?

'ટોડરમલ' કહે છે, આહાહા..! મૂક, મૂક, પગ મૂક. આહાહા..! હાથી પગ મૂકે છે ત્યાં તો પછી દેહ છૂટી જાય છે. આહાહા..! એવી સ્થિતિમાં પણ જેણે પોતાની સત્યની દૃઢતા છોડી નથી. આહાહા..! નાની ઉંમર. ઉંમર તો બીજે ઠેકાણે કાંઈક વિશેષ લખી છે. બીજે ઠેકાણે ૨૮ અને બીજે ઠેકાણે થોડી ઝાઝી લખી છે. પણ એટલી ઉંમર એ સાંઈઠની અંદરની ઉંમર એ કંઈ (વધારે મોટી ન કહેવાય). તે વખતે પાછી. ૨૦૦ વર્ષ પહેલાં. આહાહા..! હાથી આવે છે. અરે..! કોઈ જૈન નહિ? જૈનના શ્રાવકો બધા ક્યાં ગયા? ભાઈ! હોય તોપણ શું કરે ત્યાં? આહાહા..! જે બનવા કાળ બને છે. આહાહા..! ધર્માત્માને આ સ્થિતિ ઊભી થાય છે! આહાહા..! સમજાણું કાંઈ? શરીર તો છૂટું છે, એ છૂટું પડશે. છૂટું છે એ પડશે, એમાં મારે શું? આહાહા..!

'શ્રીમદ્'માં આવે છે ને? 'એકાકી વિચરતો વળી સ્મશાનમાં, વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો' આહાહા..! સિંહ આવીને મૃત્યુ કરે, એવી ભાષા છે ને? ભાષા ભૂલી ગયા. શું ભાષા છે? 'અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા, જાણે પામ્યા મિત્રનો જોગ.' ('પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો')મિત્ર. આહાહા..! શરીર મારે જોતું નથી ને એને જોઈએ છે તો એ મારો મિત્ર છે. આહાહા..!

**'અત્યંત ચડવું.'** 'भरात्' શબ્દે પાવર ચડી ગયો મિથ્યાત્વનો. ઓહોહો..! અમલ. આવે છે ને? 'જિનરાજ સુજસ સુણ્યો મેં, કાહૂ કે કહે અબ કબહૂ ન છૂટે પ્યારે, જૈસે અમલી અમલ કરત સમય લાગ રહી જુ ખુમારી, જિનરાજ સુજસ સુણ્યો મેં..' પ્રભુ! વીતરાગી સ્વભાવનું મને ભાન થયું એ સુજસ મેં સાંભળ્યો. 'કાહૂ કે કહે અબ કબહૂ ન છૂટે પ્યારે...' આહાહા..! 'લોકલાજ સબ ડારી' લોકલાજ-લોકો કેમ કહેશે? દુનિયા જાણે. 'કાહૂ કે કહે અબ કબહૂ ન છૂટે, લોકલાજ સબ ડારી, જૈસે અમલી અમલ કરત સમય..' અફીણનો અમલ પીવે. આહાહા..!

એકવાર અમે ત્યાં બેઠા હતા. 'વરસડા'? વરસડા નહિ. 'ગોંડલ' અને 'રાજકોટ' વચ્ચે ગામ, નહિ? ભાઈ! 'રીબડા.. રીબડા'. 'રીબડા'માં ઘણા વર્ષ પહેલાંની વાત છે. (સંવત) ૧૯૭૭ની વાત છે. 'રીબડા'માં ઉતર્યા હતા. સ્કુલમાં પછી ઉતર્યા હતા. પહેલા જ્યારે અમે ઉતર્યા હતા ત્યારે ઠાકરદ્વારમાં ઉતર્યા હતા. (સંવત) ૧૯૭૧ની વાત છે. ઠાકરદ્વારમાં. પછી તમે જ્યારે હતા ત્યારે આપણે નિશાળમાં (ઉતર્યા હતા). ઠાકરદ્વારમાં ઉતર્યા હતા એનો બાવો હતો. ઠાકરદ્વારનો બાવો. એ તો બિચારો પ્રેમથી (બોલ્યો), ઓહો..! મહારાજ અમારે ન્યાં (પધાર્યા). અમે ઠાકરદ્વારમાં બહાર ઉતર્યા. પણ એને જ્યારે અફીણ પીવાનું હતું, પીતો હતો ત્યારે કહે, ચડ્યો, ચડ્યો, ચડ્યો અફીણ એમ કહે તો ચડે. અને ઉતરી ગયો એમ કહે તો પીધું હોય એ ઉતરી જાય. આહાહા..!

અહીં તો કહે છે કે, મિથ્યાત્વના પાવર ચડ્યા એ ચડ્યા અજ્ઞાનીને. શુભભાવમાં ધર્મ માનવાની વાત, પ્યાલો ચડી ગયો છે એને. આહાહા..! **'અત્યંત ચડવું,...'** (થયું) છે, પાછુ જોયું! મિથ્યાત્વ **'ભ્રાન્તિ, તેનો અમલ, તેનું અત્યંત ચડવું,...'** ભ્રમનો અર્થ ઈ છે. ભ્રમ થયો એટલે મિથ્યાત્વ ચડ્યું. આહાહા..! **'તેનાથી નાચે છે,...'** આહાહા..! અરે..! પ્રભુ! આવો

માર્ગ છે ને. પ્રભુ! તું એ સ્વરૂપે છો ને. આહાહા..! એનું સ્વરૂપ જ શુદ્ધ ચૈતન્યઘન છે ને. એક સમયની વિકૃત દશા, એની રુચિ છોડીને પરમાત્મસ્વરૂપની દૃષ્ટિ થઈ (તો) મિથ્યાત્વના પાવરનો નાશ થઈ ગયો. આહાહા..! અને એક સમયની ભુલ ને એ શુભભાવ પણ ભુલ છે. ત્રિકાળ સ્વભાવની સાથે એને મેળવવું (એ ભ્રાંતિ છે). આહાહા..! ક્યાં ત્રિકાળી સ્વભાવ શુદ્ધ ચૈતન્ય અનહદ. આહાહા..!

વિભાવની સીમા છે. એમ નથી કહ્યું? બેને કહ્યું છે. કાલે કહ્યું હતું, વિકાર છે એમાં સીમા છે, એની હદ છે. બહુ સાદી ભાષા. ગુજરાતી સાદી. સાધારણ બાળકને સમજાય એવી. વિભાવને સીમા છે, વિકૃત છે તેને હદ છે, એને મર્યાદા છે. ભગવાનના સ્વભાવમાં મર્યાદા નથી, બેહદ છે. સમજાય છે કાંઈ? આહાહા..! હદવાળી ચીજ મર્યાદિત ચીજ તો એનાથી પાછો હટી શકે છે. અમર્યાદિત નથી. મર્યાદિતથી તો હટી શકે છે. આહાહા..! અને પોતાનો સ્વભાવ તો અમર્યાદિત છે. આહાહા..! જ્યાં અનુભવમાં આવ્યો, હવે ત્યાંથી હટી શકે નહિ. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીં તો કહે છે, જે પુણ્યની ક્રિયાને ધર્મ મનાવે, મોક્ષમાર્ગ મનાવે.. આહાહા..! એને મિથ્યાત્વનો અમલ ચડી ગયો છે, પાવર ચડી ગયો છે, ઝેરનો પાવર ચડી ગયો છે. આહાહા..! આ દાન આપો ને પાંચ-દસ લાખના દાન ખર્ચો, મંદિર કરો, જાઓ તમારું કલ્યાણ થઈ જશે. (એ) મિથ્યાત્વનો પાવર ચડી ગયો છે. કહ્યું હતું ને? 'નાનાલાલભાઈ'નું. (સંવત) ૨૦૦૬ની સાલમાં. મંદિર બનાવ્યું મોટું. 'રાજકોટ'માં મોટું મંદિર (બનાવ્યું). માથે સોનાના કળશ (ચડાવ્યા). પેલા ભાઈ હતા. કેવા ઈ? 'ઈન્દોર'વાળા. પંડિતનું નામ? 'મુન્નાલાલજી'. 'મુન્નાલાલજી' આવ્યા હતા. એ શેઠને કહે.. મકાન મોટું ને માણસો કેટલા બહારથી આવેલા. દિગંબરો ને આપણા જૈનો ને સ્થાનકવાસી. મોટી સભા. ૨૦૦૬ની સાલ, હોં! ૨૭ વર્ષ થયા. 'મુન્નાલાલે' કહ્યું, શેઠ! આ મંદિર ને માથે સોનાના કળશ, તમારો મોક્ષ થઈ જશે. શેઠ કહે છે, પણ અમે એમ માનતા નથી, ભાઈ! 'નાનાલાલભાઈ'. 'નાનાલાલ કાળીદાસ' એમ કહે અને એ પણ પંડિતને! પંડિતે એમ કહ્યું. આ કહે, અમે એમ માનતા નથી, અમારા મહારાજ એમ કહેતા નથી. એ તો શુભભાવ છે. ભલે દસ લાખ ને વીસ લાખના (બનાવ્યા હોય).

આ બાર લાખનું મંદિર બનાવ્યું ને! 'બેંગલોર' બાર લાખનું મંદિર. 'ભભૂતમલે' આઠ લાખ આપ્યા અને ચાર લાખ ભાઈ 'જુગરાજજી'એ આપ્યા. એક સ્થાનકવાસી અને એક દેરાવાસી. બેયએ દિગંબર મંદિર બાર લાખનું (બનાવ્યું). તે દિ' તો હજી પ્રતિષ્ઠા હતી એટલે કાચું કામ હતું. અત્યારે થઈ ગયું. હવે અત્યારે એવું કહે છે, લોકો આમ જોવા આવે છે. પણ વાત તે દિ' એને કહ્યું, તારા આઠ લાખ ખર્ચ્યા માટે તને ધર્મ થશે (એમ બિલકુલ નથી). જોકે એણે તો આઠ લાખ ખર્ચ્યા તો ચાલીસ લાખ આવ્યા. કુદરતે. બે કરોડનું સ્ટીલ પડેલું અને સોળ દિ' અમે રહ્યા ત્યાં એમ ને એમ રોકાઈ ગયા. વેચાણું નહિ ને પછી ભાવ વધી ગયા. આઠ લાખ ખર્ચ્યા ને ચાલીસ લાખ આવ્યા. પાછા લોકો એમ કહે, ઓહોહો..! મહારાજની લાકડી ફરી. એમ લોકો વાતું કરે. કાંઈ ધૂળેય નથી, સાંભળને! એ તો પૂર્વના

પુણ્યનો જોગ હોય તો દેખાય. એમાં આત્માને શું? એ જે પુણ્યના ભાવ કર્યા હતા એ પુણ્ય ઝેર છે. આહાહા..! લ્યો, 'પોપટભાઈ'ને બે કરોડ રૂપિયાનું ઝેર ફળ્યું, એમ કહે છે. આહાહા..! વાત તો એમ જ છે. અમૃતનો સાગર જ્યાં ઉછળે ત્યાં એ ઝેરની કિંમત શું છે? આહાહા..!

અમૃતના સ્વભાવથી, અપરિમિત સ્વભાવથી ભરેલો પ્રભુ! એનો જ્યાં દૃષ્ટિ અને અનુભવ થયો.. આહાહા..! એની આગળ એ પુણ્ય ને પુણ્યના ફળની કિંમત શું છે? અજ્ઞાનીઓ એવા મોહને પીને નાચી રહ્યા છે. એ શુભક્રિયા મોક્ષનું કારણ છે. આહા..! આવી વાત. સમજાય છે કાંઈ?

'**ધતૂરો પીને સુધ જવાથી નાચે છે,...**' સુધ બુધ કંઈ રહી નહિ. ધતુરો પીધો એટલે નાચે છે. '**તેમ મિથ્યાત્વકર્મના ઉદયે શુદ્ધસ્વરૂપના અનુભવથી ભ્રષ્ટ છે...**' આહાહા..! એ પુણ્યને ધર્મ માનનારા, મોક્ષ માનનારા મિથ્યાત્વથી ઘેરાઈ ગયા છે. આહાહા..! '**મિથ્યાત્વકર્મના ઉદયે શુદ્ધસ્વરૂપના અનુભવથી ભ્રષ્ટ છે...**' રાગમાં રોકાઈ ગયા છે, સ્વરૂપથી ભ્રષ્ટ (થયા છે). આહાહા..! રાગની પાછળ આખો શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ છે, એનાથી તો ભ્રષ્ટ થયો છે. રાગમાં મોક્ષ માનનારા શુદ્ધ સ્વરૂપ ભગવાન આનંદનો નાથ બિરાજે છે એનો અનાદર કર્યો. રાગનો આદર કર્યો તો અનુભવથી ભ્રષ્ટ થયા. આહાહા..!

'**શુભ કર્મના ઉદયે જે દેવ આદિ પદવી,...**' દેખો! હવે આ ફળ લીધું, 'પોપટભાઈ'! આ ઝેરનું ફળ લીધું. '**શુભ કર્મના ઉદયે જે દેવ...**' આદિ એટલે શેઠ, રાજા. પાંચ-પાંચ કરોડની મહિનાની ઉપજ. અત્યારે ઓલો રાજા છે ને? એક કલાકની દોઢ કરોડની ઊપજ. 'ઈરાન'. એક કલાકની દોઢ કરોડની ઊપજ અત્યારે છે. દેશ નાનો છે. પણ પેટ્રોલ બહુ નીકળ્યું. પેટ્રોલના કૂવાના કૂવા આખા દેશમાં. દેશ બહુ નાનો. પણ પેટ્રોલના કૂવા નીકળ્યા કે એક કલાકમાં દોઢ કરોડ! એક દિવસનો અર્ધ અબજ. પેદાશ, હોં! મૂડી નહિ. આહાહા..! એ કહે, અમે પૈસાવાળા, અમે દેવ છીએ ને પૈસાવાળા છીએ. '**આદિ પદવી...**' આહાહા..! રાજા. '**તેમાં રંજિત થાય છે...**' પુણ્યના પ્રેમીઓ એના ફળમાં રંજિત થાય છે, એમ કહે છે. આહાહા..! પુણ્ય-શુભભાવના રસીલા પ્રેમી, એના ફળ તરીકે પદવી મળે એમાં રંજાયમાન થઈ ગયા. કેમકે જેના કારણમાં જેનો રસ ચડી ગયો છે, એનો કાર્યમાં રંગ ચડી ગયો છે. આહાહા..! અમે દેવ છીએ, અમે વાણિયા શેઠિયા છીએ, અમે પૈસાવાળા છીએ, અમારું કુટુંબ મોટું ખાનદાન, એમાં કરોડોપતિઓની કન્યાઓ સામી દેવા આવે એવું અમારું (ખાનદાન છે). શું છે પણ હવે એમાં? આહાહા..!

'**જે દેવ આદિ પદવી...**' એટલે રાજા, શેઠિયા વગેરે. બે-પાંચ લાખનો પગાર આવે એવા મોટા થાય ને. '**તેમાં રંજિત થાય છે કે હું દેવ, મારે આવી વિભૂતિ,...**' આહાહા..! અબજોપતિ માણસ, અબજોપતિ. પાંચ-પાંચ કરોડની ઊપજ, દસ-દસ કરોડની ઊપજ. આ મારી વિભૂતિ. મરી ગયો પણ. માળા. આહાહા..! એ વિભૂતિ જડ છે, તારી ક્યાંથી થઈ ગઈ? આહાહા..! શુભભાવમાં પ્રેમીલા જીવો, એના ફળમાં રંજાયમાન થઈ જશે. આહાહા..! સમજાય છે કાંઈ? '**હું દેવ, મારે આવી વિભૂતિ તે તો પુણ્યકર્મના ઉદયથી;...**' આહા..! મારા

પુણ્ય એટલા. એના કારણે આ બધી જુઓને સામગ્રી! એકને હુકમ કરું ત્યાં એકવીસ માણસ તૈયાર થાય છે. સાહેબ! શું જોઈએ છે? મોઢું શું માંગે છે? એટલે શું ખાવું છે, એમ. મોઢું માંગે એટલે આપને શું ખાવાની મરજી છે? શ્રીખંડ-પુરી, શેરો-પુરી. મોટા રાજાઓને એવું હોય. મોટો રાજા હોય ને? એના છાપેલા કાગળો હોય. એમાં શ્રીખંડ, પુરી, ફલાણું.. ફલાણું, દાળ-ભાત બધા નામ લખ્યા હોય. એ એને આપે. સાહેબ! આમાંથી તમારે શું ખાવું છે? ઈ ન્યાં ચિહ્ન કરે. એ બનાવે. રાજાને એટલું બધું પૂછાય નહિ. એના બધા નામ લખ્યા હોય. શ્રીખંડ, પુરી, શેરો, મેસૂબ, ફલાણું, ઢીકણું, દાળ, મોસંબીરસ બધાના નામ એની પાસે મૂકે. સાહેબ! આપ કરો. ત્યાં બે-ચાર-પાંચ ચિહ્ન કરી દે. આહાહા..! મોટા રાજાઓનું એમ છે. ઓલાને જાણે એમ છે.. આહાહા..! કેટલો મારો વૈભવ! આમ છે, રાજામાં આમ છે. મોટા રાજાઓને વખત ન હોય. એને કાગળિયું આપે. આજના દિવસ માટે શું? મહેમાન આવ્યા છે, બીજા રાજાઓ (આવ્યા છે). તો આપણે શું રસોઈમાં (બનાવવું છે)? ચોપાનિયામાં બધા નામ લખેલા હોય. પાણી, રસ, મોસંબી, જાંબુ, કેરી, ફલાણું, ઢીકણું... બધા નામ લખ્યા હોય. એમાંથી પસંદ પડે ઈ કરી દે. રાજી રાજી થઈ જાય. એય...! મરી ગયો છે, સાંભળને! આહાહા..!

મુમુક્ષુ :- પૈસા છે તો એનો ઉપયોગ કરે છે.

ઉત્તર :- પૈસા ક્યાં એના બાપના હતા. પૈસા તો જડ છે. જડ એના છે નહિ, એનો ઉપયોગ કેવી રીતે કરી શકે? આહાહા..!

'**તે તો પુણ્યકર્મના ઉદયથી; આવું માનીને વારંવાર રંજિત થાય છે.**' આહાહા..! બાદશાહી હમણાં તો. છોકરાઓ કહ્યાગરા, રળાઉ દુકાન, મુનીમ બુદ્ધિવાળા. થોડા પગારે પણ કામ મોટું કરનારા. પાંચ હજારનો પગાર આપીએ પણ બે-પાંચ-દસ લાખ રળી આપે છે. એ મારા પુણ્યનું ફળ છે. 'પોપટભાઈ'!

મુમુક્ષુ :- 'પોપટભાઈ'ને 'મુંબઈ'માં લહેર છે.

ઉત્તર :- કાંઈ ધૂળમાંય લહેર નથી. ઈ તો કહે છે. આહાહા..! ન્યાં શેઠને એના ગામમાં લહેર છે. બેય શેઠિયાઓ મોટા. બંગલા-બંગલા.. ગામમાં નામ પડે ત્યાં મોઢા આગળ શેઠને બોલાવો. અન્યમતિ હોય તોપણ બાવા પાસે બોલાવે. શેઠ સાથે હોય તો આબરૂ થાય. અને આ (પાછા) જ્યાં ત્યાં જાય, ભટકે. શંકરનું હોય, બાવાનું હોય તોપણ. એવું સાંભળ્યું છે, હોં! નહિ? શેઠ! પેલા કહે, સાહેબ! પધારો. મહારાજ આવ્યા છે. જરી સામૈયામાં આપ ઊભા રહેજો. આ તો એક વાત. આહાહા..! એ બધા પુણ્યના ફળ છે, બાપા! થોથાં છે, એમાં કાંઈ છે નહિ. આહાહા..! આનંદનો નાથ અંદર બિરાજે છે એમાંથી આનંદના ઝરણા ઝરે, ત્યાં જા ને! આ તને દુઃખના ઝરણા ઝરે છે, ભાઈ! આહાહા..! લ્યો, એ પુણ્ય-પાપ અધિકાર પૂરો થયો. છેલ્લો કળશ હતો ને?

# – ૫ –
# આસ્રવ અધિકાર

(દ્રુતવિલંબિત)

अथ महामदनिर्भरमन्थरं
समररङ्गपरागतमास्रवम्।
अयमुदारगभीरमहोदयो
जयति दुर्जयबोधधनुर्धरः।।१-११३।।

ખંડાન્વય સહિત અર્થ :- 'अथ अयम् दुर्जयबोधधनुर्धरः आस्रवम् जयति' ( अथ ) અહીંથી માંડીને ( अयम् दुर्जय ) આ અખંડિત પ્રતાપવાળો ( बोध ) શુદ્ધસ્વરૂપ-અનુભવરૂપ છે ( धनुर्धरः ) મહા યોદ્ધો તે, ( आस्रवम् ) અશુદ્ધ રાગાદિ પરિણામલક્ષણ આસ્રવને ( जयति ) મટાડે છે. ભાવાર્થ આમ છે કે અહીંથી શરૂ કરીને આસ્રવનું સ્વરૂપ કહે છે. કેવો છે જ્ઞાનયોદ્ધો? 'उदार-गभीर-महोदयः' ( उदार ) શાશ્વત એવું છે ( गभीर ) અનંત શક્તિએ વિરાજમાન ( महोदयः ) સ્વરૂપ જેનું, એવો છે. કેવો છે આસ્રવ? 'महामदनिर्भरमन्थरं' ( महामद ) સમસ્ત સંસારી જીવરાશિ આસ્રવને આધીન છે, તેથી થયો છે ગર્વ-અભિમાન, તે વડે ( निर्भर ) મગ્ન થયો છે ( मन्थरं ) મતવાલાની માફક, એવો છે. 'समररङ्गपरागतम्' ( समर ) સંગ્રામ એવી છે ( रङ्ग ) ભૂમિ, તેમાં ( परागतम् ) સન્મુખ આવ્યો છે. ભાવાર્થ આમ છે કે-જેમ પ્રકાશને અને અંધકારને પરસ્પર વિરોધ છે તેમ શુદ્ધ જ્ઞાનને અને આસ્રવને પરસ્પર વિરોધ છે. ૧-૧૧૩.

## કળશ-૧૧૩ ઉપર પ્રવચન

આસ્રવ અધિકાર, પાંચમો આસ્રવ અધિકાર.

अथ महामदनिर्भरमन्थरं
समररङ्गपरागतमास्रवम्।
अयमुदारगभीरमहोदयो
जयति दुर्जयबोधधनुर्धरः।।१-११३।।

ખંડાન્વય સહિત અર્થ :- 'अथ' 'અહીંથી માંડીને...' એમ. પહેલા 'अथ'માં માંગલિક શબ્દ વાપર્યો છે, નહિ? 'वंदित्तु सव्वसिद्धे'. 'वंदित्तु'માં પહેલો 'अथ' શબ્દ સંસ્કૃતમાં છે. માંગલિકની હવે શરૂઆત કરી, સાધકસ્વભાવની શરૂઆત કરીએ છીએ. એનું વર્ણન કરીએ

છીએ. આહાહા..! સાધકપણું અનાદિનું નથી ને. નવું શરૂ થાય છે ને. એટલે '**अथ**' હવે માંગલિક કરવાનું સાધકપણું અમે પ્રગટ કરીએ છીએ. આહાહા..!

'**અહીંથી માંડીને...**' '**अयम् दुर्जय**' '**આ અખંડિત પ્રતાપવાળો શુદ્ધસ્વરૂપ-અનુભવરૂપ...**' આહાહા..! એ શુભભાવ તો ખંડિત છે. ભગવાનઆત્મા ચૈતન્યસ્વરૂપ એકરૂપ અખંડરૂપ.. આહાહા..! એની પર્યાયમાં અખંડિત પ્રતાપ છે. હવે આ પર્યાયની વાત છે, હોં! સંવરની. '**આ અખંડિત પ્રતાપવાળો શુદ્ધસ્વરૂપ-અનુભવ...**' આહાહા..! પવિત્રનો પિંડ પ્રભુ, એનો અનુભવ. અનુ-સ્વભાવ શુદ્ધને અનુસરીને ભવવું, થવું, હોવું. એવો શુદ્ધસ્વરૂપનો અનુભવ, તેનો અખંડ પ્રતાપ છે. આહાહા..! જેના પ્રતાપને કોઈ ખંડી શકે નહિ. આહાહા..!

એ તો આપણે આવ્યું છે ને? પ્રભુત્વશક્તિ નહિ? આત્મામાં એક પ્રભુત્વ નામની શક્તિ છે. જેનો અખંડ પ્રતાપ સ્વતંત્રતાથી શોભાયમાન છે. આહાહા..! ભગવાનઆત્માના પ્રભુત્વગુણથી ભરેલો પ્રભુ, અને એવું એક પ્રભુત્વ નહિ, પણ અનંતી શક્તિમાં પ્રભુત્વથી ભરેલો છે. તો એ અનંત શક્તિમાં પ્રભુત્વનું રૂપ છે. અને પ્રભુત્વશક્તિ બધામાં અખંડ પ્રતાપથી શોભિત, સ્વતંત્રતાથી શોભિત છે. આહાહા..! જેમાં કોઈ વ્યવહાર, રાગનો આશ્રય પણ છે નહિ. આહાહા..! જેને શરીર સંઘયણ મજબુત હોય તો આ કામ થાય, મનુષ્યપણું મળે તો આ થાય, એ પણ જેમાં નથી, કહે છે. આહાહા..! જેનો પ્રતાપ અખંડ છે. આહાહા..! એમાં તો એક શક્તિનું અખંડપણું કહ્યું છે અને એ અખંડ શક્તિનો પ્રતાપ સ્વતંત્રતાથી શોભાયમાન કહ્યો છે. તો ભગવાનઆત્મા, અનંતગુણનું રૂપ જેનું (છે), એ એક એક ગુણમાં અખંડ પ્રતાપથી સ્વતંત્ર શોભાયમાન શક્તિ પડી છે. એના આશ્રયમાં અનુભવ થાય. આહાહા..! એ અનુભવનો અખંડ પ્રતાપ છે, કહે છે. આહાહા..! સંવર લેવો છે ને. શુભભાવ ને શુભભાવના આશ્રયથી રહિત શુદ્ધસ્વરૂપનો અનુભવ એટલે સંવર. આહાહા..! એ સંવર.

જેનો અખંડ પ્રતાપ એવો '**શુદ્ધસ્વરૂપ-અનુભવ...**' કેવો છે? '**धनुर्धरः**' '**મહા યોદ્ધો...**' આહાહા..! જે આસ્રવને તો વાત વાતમાં તોડી નાખે એવો મહાયોદ્ધો છે, કહે છે. આહાહા..! આ તો વર્તમાન શૂરવીરતા બતાવવી છે ને! શાંતરસમાં અદ્ભુતરસનો વીરરસ બતાવે છે. છે તો અંદર શાંતરસ. શુદ્ધ અનુભવ એ શાંતરસ છે, આનંદરસ છે. એમાં વીરરસની વ્યાખ્યા કરીને એને વર્ણવે છે. વીરતા, શાંતરસમાં વીરતા આવી પડી છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..! માંગલિક કરે છે. આસ્રવ અધિકારની શરૂઆત કરતાં માંગલિક કરે છે.

'**આ અખંડિત પ્રતાપવાળો શુદ્ધસ્વરૂપ-અનુભવરૂપ છે મહા યોદ્ધો...**' '**धनुर्धरः**' 'અર્જૂન'નું બાણ જેમ ફરે નહિ.. આહાહા..! 'રામ'નું બાણ ફરે નહિ, એમ અનુભવની દશા ફરે નહિ, કહે છે. આહાહા..! એવો '**અશુદ્ધ રાગાદિ પરિણામલક્ષણ આસ્રવને...**' મહા યોદ્ધો શું કરે છે? આહાહા..! શુદ્ધ સ્વરૂપનો અનુભવ, પુણ્ય ને પાપના ભાવથી રહિત, એવો જે અનુભવ-મહાયોદ્ધો, એ '**અશુદ્ધ રાગાદિ પરિણામલક્ષણ આસ્રવ...**' એમાં પુણ્ય ને પાપ

બેય આવ્યા. અશુદ્ધ છે ને? અશુદ્ધ રાગાદિ, દ્વેષાદિ પરિણામલક્ષણ આસ્રવ. '**અશુદ્ધ રાગાદિ પરિણામલક્ષણ આસ્રવ...**' આહાહા..! તેને '**મટાડે છે.**' '**जयति**'. જય કરે છે, પોતાની ધજા ચડાવે છે. પોતાનો વિજયધ્વજ ફરકે છે. સ્વરૂપના અનુભવરૂપી સંવરદશાનો વિજયધ્વજ ફરકે છે. આહાહા..! અશુદ્ધ રાગાદિને મટાડે છે. '**जयति**' જય કરે છે એટલે પછી મટાડે છે, એવી ભાષા કરી.

'**ભાવાર્થ આમ છે કે અહીંથી શરૂ કરીને આસ્રવનું સ્વરૂપ કહે છે. કેવો છે જ્ઞાનયોદ્ધો?**' હવે જ્ઞાનયોદ્ધો (કેવો છે?) આહાહા..! '**उदार**' છે. '**गंभीर**'. '**उदार**' નામ '**શાશ્વત...**' છે. આહાહા..! એ યોદ્ધો શાશ્વત છે. શાશ્વતને આશ્રયે પ્રગટ્યો માટે શાશ્વત છે. એ દશા પ્રગટી ઈ પ્રગટી. પૂર્ણ કેવળજ્ઞાન લીધે છૂટકો છે. આહાહા..! '**શાશ્વત એવું છે...**' '**गंभीर**' '**અનંત શક્તિએ બિરાજમાન...**' છે. આહાહા...! વસ્તુ તો શાશ્વત અનંત શક્તિએ બિરાજમાન છે જ, પણ જે સંવર યોદ્ધો છે એ પણ મર્યાદારહિત (છે). આહાહા..! શું કહ્યું? 'ધવલ'માં નથી આવ્યું? 'અષ્ટપાહુડ'માં ચારિત્ર (કહ્યું છે). 'અષ્ટપાહુડ'માં ચારિત્ર. અક્ષય અમેય. 'અષ્ટપાહુડ'માં. આહાહા..!

જેની અંતર દશા સ્વભાવનો આશ્રય થઈને ચારિત્ર દશા થઈ કે સમ્યગ્દર્શન, જ્ઞાન થયું, એ દશા અક્ષય અને અમેય છે. એ દશા, હોં! આહાહા..! ક્ષય ન થાય અને અમેય નામ મર્યાદા નહિ. આહાહા..! ચારિત્ર અધિકારમાં પહેલી ગાથા છે. 'અષ્ટપાહુડ'. અક્ષય, અમેય. ઈ અક્ષય અમેય પર્યાયને કહે છે. વસ્તુ તો અક્ષય અમેય છે એ તો છે. આહાહા..! પણ જેનું સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્રનું પરિણમન થયું એ પરિણમન અક્ષય ને અમેય છે. આહાહા..! અરે..! ભગવાન! પણ તમે તો કહો છો ને કે કોઈ તો ચારિત્ર પામીને પડી જાય છે. અરે..! પડી જવાની વાત અહીં નથી. દિ વાળવાની વાત શાહુકારમાં તું ક્યાંથી લાવ્યો? આ તો અંદરમાં.. આહાહા..! શુદ્ધ ચૈતન્યની પરિણતિ અક્ષય અને અમેય જ છે, અમેય છે. આહાહા..! વસ્તુ તો અક્ષય અને અમેય છે, પણ એની પરિણતિમાં અક્ષય અને અમેયપણું આવી ગયું છે, કહે છે. આહાહા..! એવો મહાયોદ્ધો-શુદ્ધ જ્ઞાન સંવરરૂપી યોદ્ધો.

'**અનંત શક્તિએ બિરાજમાન...**' '**महोदयः**' '**સ્વરૂપ જેનું,...**' મહા ઉદય જેનું સ્વરૂપ છે, એમ કહે છે. મહા ઉદય, મહા પ્રગટ થયો. આહાહા..! '**महोदयः**' આહાહા..! અહીં કાંઈક વપરાય છે ને? મહોદય, મહોદય માણસમાં ક્યાંક વપરાય છે. ફલાણા મહોદય. એવો શબ્દ છે. અહીંયાં કહે છે, '**महोदयः**' જેનું સ્વરૂપ. મહા ઉદય. રાગનો ઉદય હતો તેનો નાશ થઈને મહા ઉદય (થયો). શુદ્ધ ચૈતન્ય સ્વરૂપની દૃષ્ટિ ને જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ એ મહાઉદય થયો. આહાહા.ત.! એ ઉદયનું અસ્તપણું હવે થશે નહિ. વિશેષ કહેશે..

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા વદ ૪, શનિવાર, તા.૧-૧૦-૧૯૭૭
## કળશ - ૧૧૩-૧૧૪, પ્રવચન - ૧૧૦

'કળશટીકા', 'આસ્રવ અધિકાર'. આસ્રવને જીતનાર જ્ઞાનસ્વરૂપ કેવું છે, એ વાત ચાલી. શેઠ મોડા આવે છે, ગમે તે કારણ હોય. દરરોજ પાંચ-દસ મિનિટ મોડા હોય. શરૂઆતની ખરી વાત રહી જાય. જ્ઞાન જોદ્ધા ધનુર્ધર કહ્યું હતું ને? આહાહા..! નિજ સ્વરૂપનું જ્ઞાન રાગરહિત, મિથ્યાત્વ, રાગ, અજ્ઞાન બધાથી રહિત એવી જે ચીજ-વસ્તુ છે, એનું જ્ઞાન કરવાથી રાગનું જીતવું થાય છે. એ જ્ઞાન મહાજોદ્ધા છે. આહાહા..! અને એ ધનુર્ધર છે. 'અર્જૂન' બાણાવળી જેમ એક પછી એક બાણ મારતો હતો, એમ એક પછી એક સંવરની આસ્રવ રોધનની પર્યાય-આત્મા આનંદસ્વરૂપ તરફના વલણવાળી, ઝુકાવવાળી દશા એક પછી એક નિર્મળ ધારા દ્વારા રાગ આસ્રવને જીતે છે. આહાહા..!

શાંતરસનું વર્ણન છે એમાં વીરરસ નાખ્યો છે. છે તો શાંતરસનું વર્ણન. આહાહા..! શુભ-અશુભભાવ.. પુણ્ય-પાપનો અધિકાર પૂરો થઈ ગયો. તો પુણ્ય-પાપ બેય અશાંત છે. એનાથી રહિત પોતાનો ચૈતન્યસ્વભાવનો આશ્રય લઈને જે સંવરની દશા ઉત્પન્ન થઈ, એને જ્ઞાનજોદ્ધા કહેવાય છે. અને ધનુર્ધર-જ્ઞાનરૂપી ધનુષ ધારી રાખ્યું છે. આહાહા..! સમજાય છે કાંઈ? તે ઉદાર અને ગંભીર છે. શાશ્વત છે, અનંત શક્તિથી બિરાજમાન છે. ત્યાં સુધી આવ્યું છે. એ મૂળ ચીજ પહેલી આવી. હવે, એ જ્ઞાનયોદ્ધો, જે આસ્રવને જીતે છે એ આસ્રવ કેવો છે? આહાહા..! સમજાય છે કાંઈ? પહેલી મૂળ રકમ આ આવી.

હવે કહે છે કે એ જ્ઞાનયોદ્ધો નિજ સ્વભાવના આશ્રયે ઉત્પન્ન થયેલી અનુભૂતિ અને જ્ઞાનની દશા-એ મહાયોદ્ધા આસ્રવને જીતે છે. આહાહા..! છે તો શાંતરસનું વર્ણન પણ એમાં વીરરસ નાખી યોદ્ધો જીતે છે એવો વીરરસ નાખ્યો. આહાહા..! **'અનંત શક્તિએ બિરાજમાન...'** એવો **'महोदयः'** જેનું પ્રગટ થવું મહા છે, એમ કહે છે. આહા..! રાગ, શુભાશુભ ભાવ આસ્રવ, તેનાથી રહિત નિજ સ્વરૂપના બોધથી જે નિર્મળ સમ્યગ્દર્શન, જ્ઞાન આદિની દશા પ્રગટ થઈ તે મહોદય છે-મહા ઉદય છે. મહા પ્રગટ થઈ. સમજાય છે કાંઈ? એ કોને જીતે છે? કેવો છે આસ્રવ? હવે આસ્રવની વાત ચાલી.

**'महामदनिर्भरमन्थरं'** **'સમસ્ત સંસારી જીવરાશિ આસ્રવને આધીન છે,...'** મહામદ. આહાહા..! બધા સંસારીજીવ રાગને આધીન છે. આસ્રવને આધીન છે. ચાહે તો અશુભભાવ હો કે ચાહે તો શુભ હો. આખો સંસાર આસ્રવને આધીન છે. **'તેથી થયો છે ગર્વ-અભિમાન,...'** આહાહા..! મહામદ આવ્યું ને? **'महामदनिर्भर'**. આહાહા..! આસ્રવને ગર્વ થયો છે કે હું મદોન્મત્ત (છું). દિગંબર જૈન સાધુ હોય એને પણ મેં આસ્રવને વશ કરીને પાડ્યા છે. દિગંબર મુનિ દ્રવ્યલિંગી અનંતવાર થયો, પણ આસ્રવને આધીન થઈ. એ આસ્રવને આધીન હતો. એમ આધીન થવાની આસ્રવને ગર્વ થયો કે મેં આવા મહંતને નીચે

પાડ્યા છે. આહાહા..! દિગંબર જૈન સાધુ નવમી ગ્રૈવેયક ગયો, હજારો રાણી છોડી, કોઈ તો બાળબ્રહ્મચારી (હતા). એવા જીવ રાગને આધીન (હતા). એ રાગને આધીન-મારે આધીન એ થઈ ગયા છે. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાન જ્ઞાનાનંદ સ્વરૂપ, એના તરફનો તો મેં આશ્રય લેવા દીધો જ નહિ. એવો હું આસ્રવ છું. અશુભથી છૂટી શુભમાં આવ્યો અને શુભમાં લપેટાઈ ગયો. આહાહા..! આસ્રવને આધીન થઈ ગયો. આહાહા..! હું વ્રત કરું છું ને તપસ્યા કરું છું ને પૂજા, ભક્તિ કરું છું. આસ્રવ કહે છે કે મેં તો મોટા માંધાતાને દબાવી દીધા છે. આહાહા..! એવા આસ્રવને ગર્વ-અભિમાન થયું છે. મહામદ છે ને? મહામદ. મહામદ-મોટો ગર્વ થયો છે એને. આહાહા..! સાધારણ પ્રાણી તો ઠીક પણ મોટા મોટા બાદશાહ સંસાર છોડે, બાદશાહી છોડે પણ મેં એને પણ રાગને આધીન કરી દીધા છે. શુભથી ધર્મ થશે, એવી માન્યતા એનામાં પણ મૂકી દીધી. સમજાય છે કાંઈ? આહાહા..!

શ્રોતા :- એને પણ છટકવા ન દીધા.

ઉત્તર :- એને પણ છટકવા ન દીધા. આહાહા..!

મહામદ થયો છે, **'તે વડે મગ્ન થયો છે...'** પાછો. આસ્રવ મદમાં મગ્ન થયો છે. આહાહા..! શાસ્ત્રના ભણતરવાળા, અગિયાર અંગના ભણતરવાળાને મેં પાડી દીધા છે. એ પણ પરજ્ઞાન, પરનું ધારણાજ્ઞાન એ આસ્રવનું કારણ છે. એને મેં વશ કરી નાખ્યા. આહાહા..! સમજાય છે કાંઈ? એ કંઈ જ્ઞાન નહોતું. પણ એ પરાવલંબી ધારણાજ્ઞાનમાં મેં એને વશ કરી નાખ્યા, એમ રાગ કહે છે. ત્યાંથી છૂટીને જ્ઞાનમાં જવાની એની શક્તિ રહી નહીં. આહાહા..! સમજાય છે કાંઈ? 'महामदनिर्भर' આહાહા..!

શ્રોતા :- રાગની તાકાત..

ઉત્તર :- એ રાગની ઊંધાઈની તાકાત. ઊંધાઈની. રાગ તો એણે કર્યો છે ને? એની અજ્ઞાનની તાકાત છે. તાકાત તો પોતે તાબે થયો છે. અહીં તો શાંતરસમાં વીરરસનું વર્ણન છે ને.

શ્રોતા :- પોતાની નબળાઈથી.

ઉત્તર :- નબળાઈ નહિ, વિપરીત દશા. નબળાઈ નહિ, ઊલટી દશાવાળી પરિણતિમાં આસ્રવ કહે છે, મેં એને તાબે કરી દીધો છે. આહાહા..! મેં શુભભાવ કર્યા, મેં દયા પાળી, મેં વ્રત પાળ્યા, મેં અપવાસ કર્યા, મેં વર્ષીતપ કર્યા... શ્વેતાંબરમાં ચાલે છે ને? એક દિવસ ખાવું ને એક દિવસ અપવાસ. એવી એવી ક્રિયાકાંડમાં રાગને વશ મેં કર્યા છે.

શ્રોતા :- રાગ પોતે ..

ઉત્તર :- રાગને વશ થયો છે પણ રાગ કહે છે, મેં વશ કર્યા છે. વશ તો પોતે થયો છે. પણ વશનું જ્ઞાન થયું ને? રાગ મારો છે, એમ વશ તો આત્મા થયો, પણ એ આસ્રવનું અભિમાન થયું ને? મેં એને તાબે કર્યા. એ તો શુદ્ધ તત્ત્વ ચિદાનંદ ભગવાન છે. પણ એનું ભાન નહિ રાખી, મેં એને રાગને તાબે કરી નાખ્યો. એ તો રાગ પોતે તાબે થયો છે, તો તાબે કર્યો એમ કહેવાય. આહાહા..! રાગને આધીન થયો એમ કહેવામાં આવે છે. આહા..! આ જાણપણાની આવડતમાં પણ ત્યાં ને ત્યાં રોકાઈ ગયો. આહાહા..! મારી ચીજ એનાથી

ભિન્ન છે, એમ મેં કરવા ન દીધું, એમ આસ્રવ કહે છે. અજ્ઞાનભાવને તાબે થઈને. આહાહા..! એના જ્ઞાનસ્વભાવનો મેં પત્તો લેવા ન દીધો. દોષ તો પોતાના આત્માનો છે પણ આત્માનો દોષ આસ્રવના દોષ તરીકે બતાવે છે. આહા..!

**'મગ્ન થયો છે મતવાલાની માફક, એવો છે.'** ભાષા જોઈ! મતવાલો-ઘેલો-જેમ ગાંડો પાગલ હોય. એમ એને પાગલ કરી દીધો છે. આહાહા..! આટલા વિશેષણ આપ્યા. મહામદ, નિર્ભર, મંથર. આહાહા..! પુણ્યના, દયા, દાનના બાહ્ય વિકલ્પો કે શાસ્ત્રનું ધારણા જ્ઞાન.. આહાહા..! કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ.. આહાહા..! એ બધામાં મેં નિર્ભર નિમગ્ન કરી દીધા. નિજ સ્વરૂપમાં મગ્ન થવાનું હતું, તો આ કહે છે, એને મેં મારામાં મગ્ન કરી દીધા. એવો મંથર. છે ને? મતવાલા. આહાહા..! કોઈનું માને નહિ. સત્ય વાત કહે કે આ આસ્રવ છે, દુઃખદાયક છે. નહિ, નહિ. આહાહા..! મતવાલા-મતનું અભિમાન થઈ ગયું. આહાહા..! આચાર્યે.. 'અમૃતચંદ્રાચાર્ય' વર્ણન તો શાંતરસનું (કરે) છે. એમાં વીરરસનું વર્ણન કરીને વીરરસનું અદ્‌ભુતરસનું વર્ણન કરે છે.

મહાયોદ્ધો આસ્રવને જીતી લે છે, એમ કહે છે. એવો આસ્રવ છે એને પણ જ્ઞાનયોદ્ધો.. આહાહા..! ભગવાન આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપને આધીન થયો, એ જ્ઞાનયોદ્ધો પ્રગટ થયો. એ જ્ઞાનયોદ્ધાએ આવા આસ્રવને જીતી લીધો. ગર્વમાં અભિમાની હતો એનો પણ નાશ કરી નાખ્યો, એમ કહે છે. આહાહા..!

શ્રોતા :- ભાવાસ્રવ, દ્રવ્યાસ્રવ ..

ઉત્તર :- બેય, બેય. અહીંયાં તો ભાવાસ્રવની વાત મુખ્ય છે. દ્રવ્યાસ્રવ તો એને કારણે નાશ થાય છે. પણ આ તો બેય સાથે લેવા છે. આગળ આવશે.

'समररङ्गपरागतम्' **'સંગ્રામ એવી છે ભૂમિ,...'** આહાહા..! ભગવાનઆત્મા પોતાના જ્ઞાનસ્વભાવનો આશ્રય લીધો તો જ્ઞાનયોદ્ધા, શ્રદ્ધા-જ્ઞાનની પરિણતિ પ્રગટ થઈ એ મહાયોદ્ધાની સામે આસ્રવ મહા સંગ્રામમાં આવીને ઊભો રહ્યો. આહાહા..! સમજાય છે કાંઈ? એમ વાત લીધી ને. સમરંગ **'સંગ્રામ એવી છે ભૂમિ, તેમાં સન્મુખ આવ્યો છે.'** કોણ? આસ્રવ. જ્ઞાનયોદ્ધાની સામે સંગ્રામમાં આસ્રવ સામે આવ્યો. આહાહા..! **'જેમ પ્રકાશને અને અંધકારને પરસ્પર વિરોધ છે...'** જેમ પ્રકાશ અને અંધકારનો પરસ્પર વિરોધ છે, **'તેમ શુદ્ધ જ્ઞાનને અને આસ્રવને પરસ્પર વિરોધ છે.'** આહાહા..! શું કહે છે? આસ્રવરૂપી અંધકાર હતો, પણ જ્ઞાનરૂપી પ્રકાશ જ્યાં થયો ત્યાં અંધકારનો નાશ થઈ ગયો. આહાહા..! જ્યાં પ્રભુઆત્મા ચૈતન્યસ્વરૂપ જાગતી જ્યોત ઝળહળ.. આહાહા..! એ જ્ઞાનનું જ્યાં વેદન થયું તો એ જ્ઞાનવેદને આસ્રવને ઉત્પન્ન થવા ન દીધો એનો અર્થ જીત્યો. આહા..! સમજાય છે કાંઈ?

**'શુદ્ધ જ્ઞાનને અને આસ્રવને પરસ્પર વિરોધ છે.'** શું કહે છે? કે જ્યારે શુદ્ધ ચૈતન્ય જ્ઞાન, જ્યાં સમ્યક્‌જ્ઞાન અંતરનું જ્ઞાન, જ્ઞાનનો સ્પર્શ કરીને જ્ઞાન, જ્ઞાન થયું, જ્ઞાનસ્વરૂપી ભગવાનને સ્પર્શ કરીને જ્ઞાન થયું એ જ્ઞાનપ્રકાશ થયો, ત્યાં આસ્રવરૂપી અંધકાર રહેતો નથી. પહેલાં જીત્યો એમ કહ્યું, પણ ત્યાં અંધકાર રહેતો જ નથી. એ જીત્યો. આહાહા..! સમજાય

છે કાંઈ? 'અમૃતચંદ્રાચાર્યે' માંગલિક કર્યું. આસ્રવ અધિકાર શરૂ કરતાં માંગલિક કર્યું. આહા..!

હું બે-બે મહિનાના અપવાસ કરવાવાળો, બે-બે મહિનાના સંથારો કરવાવાળો, એ બધી રાગની ક્રિયાનું અભિમાન થઈ ગયું. આહાહા..! આ કહે છે, હું જ્ઞાની છું. ખાય-પીવે છે અને લહેર કરે છે ને કહે છે કે હું જ્ઞાની છું. એમ આસ્રવે મશ્કરી કરી. સમજાય છે કાંઈ? જ્ઞાનયોદ્ધાએ એનો નાશ કરી નાખ્યો. જ્ઞાની આત્મા ઘરમાં હો કે જંગલમાં હો, એ તો રાગથી ભિન્ન જ છે. ચાહે તો જંગલમાં હો, અરે..! હજારો રાણી, છન્નું હજાર રાણીઓના વૃંદમાં હો, ધર્મી તો રાગથી ભિન્ન જ છે. આહાહા..! ધર્મી તો રાગથી વિરક્ત છે અને જ્ઞાનસ્વભાવમાં રક્ત છે. આહાહા..! આ વાત ક્યાં બેસે? સમજાય છે કાંઈ? એ શુદ્ધ જ્ઞાન અને આસ્રવને પરસ્પર વિરોધ છે. આહાહા..! જ્યાં રાગની એકતાબુદ્ધિમાં રાગનો ગર્વ થયો, ત્યાં જ્ઞાનની એકતાબુદ્ધિએ એનો નાશ કરી નાખ્યો. સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! આહાહા..! પરસન્મુખ હતો તો આસ્રવ હતો અને પરસન્મુખ તો અજ્ઞાનીને મેં અનાદિથી કરી નાખ્યો છે, એમ કહે છે. જે સ્વસન્મુખ થયો એણે આ રાગનો ગર્વ નાશ કરી નાખ્યો, ઉત્પન્ન થવા જ ન દીધો. પ્રકાશ પાસે અંધકાર ઉત્પન્ન થતો નથી. સમજાય છે કાંઈ? આહાહા..! એ પહેલું માંગલિક કર્યું.

જ્ઞાનસ્વભાવી બાદશાહ ભગવાનઆત્મા પોતામાં જ્યાં લીન થયો.. આહાહા..! ત્યાં પ્રકાશના ભાવમાં રાગ તો અંધકાર છે. અશુચિ છે, જડ છે, દુઃખરૂપ છે, અજીવ છે. આહાહા..! જીવના ચૈતન્યસ્વભાવનું જ્યાં ભાન થયું ત્યાં એ અજીવની ઉત્પત્તિ થવાનો નાશ થયો. આહાહા..! માંગલિક કર્યું. આવો માર્ગ છે.

---

(શાલિની)

भावो रागद्वेषमोहैर्विना यो
जीवस्य स्याद् ज्ञाननिर्वृत्त एव।
रुन्धन् सर्वान् द्रव्यकर्मास्रवौधान्
एषोऽभावः सर्वभावास्रवाणाम्।।२-११४।।

ખંડાન્વય સહિત અર્થ :- 'जीवस्य यः भावः ज्ञाननिर्वृत्तः एव स्यात' ( जीवस्य ) કાળલબ્ધિ પ્રાપ્ત થવાથી પ્રગટ થયો છે સમ્યક્ત્વગુણ જેનો એવો છે જે કોઈ જીવ, તેનો ( यः भावः ) જે કોઈ ભાવ અર્થાત્ સમ્યક્ત્વપૂર્વક શુદ્ધસ્વરૂપ-અનુભવરૂપ પરિણામ, [આ પરિણામ કેવો હોય છે?] ( ज्ञाननिर्वृत्तः एव स्यात् ) શુદ્ધ જ્ઞાનચેતનામાત્ર છે, તે કારણથી 'एष' એવો છે જે શુદ્ધ ચેતનામાત્ર પરિણામ તે, 'सर्वभावास्रवाणाम् अभावः' ( सर्व ) અસંખ્યાત લોકમાત્ર જેટલા ( भाव ) અશુદ્ધ ચેતનારૂપ રાગ-દ્વેષ-મોહ આદિ જીવના વિભાવપરિણામ હોય છે-જે ( आस्रवाणाम् ) જ્ઞાનાવરણાદિ પુદ્ગલકર્મના આગમનનું નિમિત્તમાત્ર છે-તેમનો ( अभावः ) મૂલોન્મૂલ વિનાશ છે. ભાવાર્થ આમ છે કે-જે કાળે શુદ્ધ

ચૈતન્યવસ્તુની પ્રાપ્તિ થાય છે તે કાળે મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ જીવના વિભાવપરિણામ મટે છે, તેથી એક જ કાળ છે, સમયનું અન્તર નથી. કેવો છે શુદ્ધ ભાવ? 'राग-द्वेष-मोहैः विना' રાગાદિ પરિણામ રહિત છે, શુદ્ધ ચેતનામાત્ર ભાવ છે. વળી કેવો છે? 'द्रव्यकर्मास्रवौधान् सर्वान् रुन्धन्' ( द्रव्यकर्म ) જ્ઞાનાવરણાદિ કર્મપર્યાયરૂપ પરિણમ્યો છે પુદ્ગલપિંડ, તેનો ( आस्रव ) થાય છે ધારાપ્રવાહરૂપ પ્રતિસમયે આત્મપ્રદેશોની સાથે એકક્ષેત્રાવગાહ, તેના ( ओधान् ) સમૂહને, [ભાવાર્થ આમ છે કે જ્ઞાનાવરણાદિરૂપ કર્મવર્ગણા પરિણમે છે, તેના ભેદ અસંખ્યાત લોકમાત્ર છે;] ( सर्वान् ) જેટલાં ધારારૂપ આવે છે કર્મ તે બધાંને ( रुन्धन् ) રોકતો થકો. ભાવાર્થ આમ છે કે-કોઈ એમ માનશે કે જીવનો શુદ્ધભાવ થતો થકો રાગાદિ અશુદ્ધ પરિણામનો નાશ કરે છે, આસ્રવ જેવો થાય છે તેવો જ થાય છે; પરંતુ એવું તો નથી. જેવું કહે છે તેવું છે-જીવ શુદ્ધ ભાવરૂપ પરિણમતાં અવશ્ય જ અશુદ્ધ ભાવ મટે છે, અશુદ્ધ ભાવ મટતાં અવશ્ય જ દ્રવ્યકર્મરૂપ આસ્રવ મટે છે; તેથી શુદ્ધ ભાવ ઉપાદેય છે, અન્ય સમસ્ત વિકલ્પ હેય છે. ૨-૧૧૪.

## કળશ-૧૧૪ ઉપર પ્રવચન

(શાલિની)

भावो रागद्वेषमोहैर्विना यो
जीवस्य स्याद् ज्ञाननिर्वृत्त एव।
रुन्धन् सर्वान् द्रव्यकर्मास्रवौधान्
एषोऽभावः सर्वभावास्रवाणाम्।।२-११४।।

**ખંડાન્વય સહિત અર્થ :-** આવ્યું, જુઓ! દ્રવ્ય અને ભાવ, બેય. જીવને '**કાળલબ્ધિ પ્રાપ્ત થવાથી પ્રગટ થયો છે સમ્યક્ત્વગુણ જેનો...**' આહાહા..! નિજ સ્વભાવ સન્મુખની દૃષ્ટિ કરી (તો) કાળલબ્ધિ પ્રાપ્ત થઈ ગઈ. ત્યારે કાળલબ્ધિ. પુરુષાર્થથી કાળલબ્ધિ પ્રાપ્ત થઈ છે. આહાહા..! '**કાળલબ્ધિ પ્રાપ્ત થવાથી પ્રગટ થયો છે સમ્યક્ત્વગુણ જેનો એવો છે જે કોઈ જીવ,** આહાહા..! **તેનો જે કોઈ ભાવ અર્થાત્ સમ્યક્ત્વપૂર્વક શુદ્ધસ્વરૂપ-અનુભવરૂપ પરિણામ,...**' આહાહા..! શુદ્ધ સમ્યગ્દર્શન જ્યાં થયું ત્યાં જ્ઞાનનું શુદ્ધ પરિણમન થયું. અશુદ્ધ પરિણમન આસ્રવ હતો એ છૂટી ગયો. આહાહા..! અહીં તો સમ્યગ્દર્શનમાં જ આસ્રવ નથી એમ સિદ્ધ કરવું છે. મિથ્યાત્વ એ જ મુખ્ય આસ્રવ છે. આહાહા..! મિથ્યાત્વ એ જ મુખ્ય સંસાર છે, મિથ્યાત્વ એ જ સંસારનું મૂળિયું છે. એ જ્યાં ગયું... આહાહા..!

'**સમ્યક્ત્વપૂર્વક શુદ્ધસ્વરૂપ-અનુભવરૂપ પરિણામ,...**' થયા. આહાહા..! શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, એ પોતાના પવિત્ર પરિણામ, પવિત્ર ભગવાન, એની સન્મુખ થઈને પવિત્ર પરિણામ થયા.. આહા..! 'ज्ञाननिर्वृत्तः एव स्यात्' એ તો '**શુદ્ધ જ્ઞાનચેતનામાત્ર છે,...**' જુઓ! જ્ઞાનથી નીપજ્યા છે, એમ કહે છે. એ પરિણામ વસ્તુથી નીપજ્યા છે. સમ્યગ્દર્શન-

જ્ઞાન શુદ્ધ પરિણામ, આત્માથી-વસ્તુથી ઉપજ્યા છે. આહાહા..! આવા ટૂંકા શબ્દો અને ગંભીરતા ઘણી, ભાઈ! આહાહા..!

'ज्ञाननिर्वृत्तः एव स्यात्' શબ્દ ટૂંકો કરી નાખ્યો છે. કહેવું છે એમ કે, એ તો જ્ઞાનથી ઉપજ્યું છે તે. એમ. સ્વભાવના ભાનથી ઊપજ્યા છે તે ભાવ. એમ. આહાહા..! ચૈતન્યના નૂરના-તેજના ભાવથી ઊપજ્યા છે ભાવ. સમ્યગ્જ્ઞાન, દર્શન આદિ એ પરિણામ 'ज्ञाननिर्वृत्तः' છે. '**તે કારણથી...**' 'एष' '**એવો છે જે શુદ્ધચેતનામાત્ર પરિણામ...**' એવા જે શુદ્ધચેતનામાત્ર પરિણામ. સમ્યગ્દર્શન, જ્ઞાન આદિ એ શુદ્ધચેતનારૂપી પરિણામ. એ જ્ઞાનચેતનારૂપી પરિણામ. રાગ થાય એ કર્મચેતનારૂપી પરિણામ હતા. આહા..! આ જ્ઞાનચેતનારૂપી (પરિણામ). જ્ઞાનચેતના-પોતામાં જ્ઞાનની ચેતના પ્રગટ થઈ. આહાહા..! નિજ સ્વરૂપ જ્ઞાન છે એનું જ્ઞાન કર્યું એ જ્ઞાનચેતના પ્રગટ થઈ. સમજાય છે કાંઈ? શાસ્ત્ર ભણતર આદિએ જ્ઞાનચેતના નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? એવી વાત છે, બાપુ! બહુ આકરું કામ છે.

જ્ઞાનસ્વરૂપી ભગવાન ચૈતન્યરસકંદ, એની સન્મુખ થવાથી જે પર્યાય પ્રગટ થઈ જ્ઞાનચેતના પ્રગટ થઈ, શુદ્ધચેતના પ્રગટ થઈ. આહાહા..! '**તે,...**' 'सर्वभावास्रवाणाम् अभावः' એ શુદ્ધ ચેતનામાત્ર પરિણામ, ભાવાસ્રવનો અભાવ. સર્વ, હોં! આહાહા..! અસંખ્યાત લોક પ્રમાણે જેટલા અશુદ્ધ ચેતનારૂપ રાગ-દ્વેષ મોહાદિ જીવના વિભાવ પરિણામ થાય છે.. આહાહા..! અહીં તો સમ્યગ્દર્શન થયું અને મિથ્યાત્વનો નાશ થયો. બસ, એટલી વાત કરે છે. ત્યાં સર્વ આસ્રવ રોકાઈ ગયા. મૂળ તો મિથ્યાત્વ એ જ આસ્રવ છે, એમ કહે છે. આહાહા..!

'सर्वभावास्रवाणाम् अभावः' પહેલાં એ લીધું, જુઓ! '**અસંખ્યાત લોકમાત્ર જેટલા અશુદ્ધ ચેતનારૂપ...**' દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, મોહ, મિથ્યાત્વ આદિ જીવના વિભાવ પરિણામ થાય છે, '**જે...**' 'आस्रवाणाम' '**જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલકર્મના આગમનનું નિમિત્તમાત્ર છે...**' નવા કર્મને એ મિથ્યાત્વ આદિ ભાવ નિમિત્તમાત્ર છે. નવા કર્મ તો પોતાના ઉપાદાનથી થાય છે. તો આ વિકાર પરિણામ એને નિમિત્તમાત્ર છે. આહાહા..! '**તેમનો મૂલોન્મૂલ વિનાશ છે.**' આહાહા..! કોનો? ભાવાસ્રવનો. મૂલોન્મૂલ-મૂળમાંથી ઉન્મૂલં. મૂળમાં ઉન્મૂલં કરી નાખ્યા. આહાહા..! ઘણું જોર છે. મિથ્યાત્વના પરિણામને તો સમ્યગ્દર્શન થયું ત્યાં મૂળમાંથી ઉન્મૂલ કરી નાખ્યા, કહે છે. મૂળમાંથી ઉન્મૂલ કરી નાશ કરી નાખ્યા, જેનો અંશ પણ રહ્યો નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? મૂલોન્મૂલ. કોનો? જે ભાવથી આઠ કર્મ આવનારા હતા, તે ભાવનો અભાવ. 'अभावः'ની આટલી વ્યાખ્યા કરી. બિલકુલ અભાવ કરી નાખ્યો. એમ શબ્દ છે ને મૂળ? સર્વ શબ્દ હતો ને? 'सर्वभावास्रवाणाम् अभावः' એમ આવ્યું ને? 'सर्वभावास्रवाणाम् अभावः'. સમ્યગ્દર્શન થયું તો સર્વ આસ્રવનો અભાવ થઈ ગયો એમ અહીં કહે છે. આહાહા..!

મિથ્યાત્વ ને અવ્રત જે પ્રધાનપણે પાપ હતું, એ જ સંસાર છે. આહાહા..! આત્મા

આનંદ સચ્ચિદાનંદ પ્રભુ, એની સન્મુખ થઈને સમ્યગ્દર્શનના પરિણામ થયા, એણે સર્વ ભાવાસ્રવ, સર્વ ભાવાસ્રવને મૂલોન્મૂલ કરી નાખ્યા-મૂળમાંથી નાશ કરી નાખ્યો. આહાહા..! બસ, સમ્યગ્દર્શન થયું ત્યાં બધા આસ્રવનો નાશ (થઈ ગયો)? મિથ્યાત્વ એ જ મુખ્ય સંસાર છે ને, એ અપેક્ષાથી વાત છે. આહાહા..! મિથ્યાશ્રદ્ધા-મિથ્યાદષ્ટિપણું એ જ મુખ્ય આખો સંસાર છે. મિથ્યાત્વ એ જ આસ્રવ છે. પછીના આસ્રવને તો અહીંયાં થોથા ગણ્યા છે, સાધારણ છે. આહા..! અહીં તો એમ કહ્યું કે જેને સમ્યગ્દર્શનપરિણામ થયા તેને સર્વ આસ્રવનો નિરોધ થઈ ગયો. તો મિથ્યાત્વ સંબંધી જે આસ્રવ હતો એને આસ્રવ ગણવામાં આવ્યો છે. સમજાય છે કાંઈ? તો એ સર્વ આસ્રવનો નિરોધ થઈ ગયો. આહાહા..!

મૂલોન્મૂલ. '**अभावः**'ની આટલી વ્યાખ્યા કરી. આહા..! '**सर्वभावास्रवाणाम् अभावः**'. સર્વ '**અસંખ્યાત લોકમાત્ર જેટલા અશુદ્ધ ચેતનારૂપ...**' પરિણામ. એ '**आस्रवाणाम**' નવા કર્મનું નિમિત્ત. એનો અભાવ કર્યો. આહાહા..! મુખ્યતા તો મિથ્યાત્વ-રાગની એકતા અને પર્યાયબુદ્ધિ એ જ મિથ્યાત્વ, એ જ સંસાર છે. અને આખા સંસારની જડ, નિગોદમાં જવાનું (મૂળિયું) એ વસ્તુ છે. આહાહા..!

કહે છે કે, જ્યાં શુદ્ધ ચૈતન્યપરિણામ સ્વભાવના અવલંબને ઉત્પન્ન થયા-સમ્યગ્દર્શન પરિણામ.. આહાહા..! એણે સર્વ આસ્રવનો મૂળમાંથી નાશ કરી નાખ્યો. આમ કોઈ કહે કે આ તો તમારું એકાંત છે, એમ કહે, લ્યો. મિથ્યાત્વ ગયું તો ખલાસ થઈ ગયું? સંસાર ગયો? હવે આસ્રવ છે જ નહિ? સાંભળ તો ખરો. કઈ અપેક્ષાએ વાત કરી છે? આચાર્ય પોતે પોકાર કરે છે. આચાર્ય પોતે કહે છે ને? આહાહા..! '**सर्वान् द्रव्यकर्मास्रवौधान् एषोऽभावः**' લ્યો. આહાહા..! જે કરવાલાયક હતું એ કરી લીધું. સ્વભાવનો અનુભવ દષ્ટિ થઈ.. આહાહા..! તો એને સર્વ આસ્રવ રોકાઈ ગયા. મિથ્યાત્વ સંબંધી આસ્રવને જ અહીં આસ્રવ ગણવામાં આવ્યો છે. સમજાય છે કાંઈ? આહાહા..! જેનું મૂળ નીકળી ગયું પછી એના પાંદડા કે ડાળી કેટલો કાળ લીલા રહે? પંદર દિ', મહિનામાં સૂકાઈ જશે. એની અહીં ગણતરી કરી જ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

'**सर्वभावास्रवाणाम् अभावः**', '**सर्वभावास्रवाणाम् अभावः**' બસ, સમ્યગ્દર્શન થયું ત્યાં સર્વ ભાવાસ્રવનો અભાવ થઈ ગયો? આ શું કહે છે? ઓલામાં લીધું છે. મિથ્યાત્વ તે જ આસ્રવ છે, એમ લીધું છે, હોં! મિથ્યાત્વ એ જ આસ્રવ છે, મૂળમાં લીધું છે.

મુમુક્ષુ :- જયચંદજી છાબળાએ લીધું છે.

ઉત્તર :- હા, આ એક જ વાત. આહાહા..!

સર્વની વ્યાખ્યા કરી-અસંખ્યાત લોકમાત્રના પરિણામ. આહાહા..! ભાવ એટલે અશુદ્ધ ચેતનારૂપ. '**आस्रवाणाम**' એટલે નવા કર્મને નિમિત્તરૂપી આસ્રવો. નવા કર્મને આવવાનું નિમિત્ત તે આસ્રવો, તેનો અભાવ. આહાહા..! નવા આસ્રવનો જ્યાં અભાવ (થયો) તો જૂના કર્મ જે છે તેનો તો અભાવ થયો જ, જડ કર્મનો તો અભાવ થયો જ. કારણ કે એનું નિમિત્ત આ હતું. એનો અભાવ થયો તો આનો પણ થયો જ. જ્ઞાનીને કર્મબંધન થતું જ નથી, એમ

કહે છે. કર્મબંધનનું કારણ ભાવઆસ્રવ મિથ્યાત્વનો નાશ થયો.. આહાહા..! તો જે આસ્રવ જ્ઞાનાવરણીનું નિમિત્ત હતું, તેનો નાશ કર્યો તો બંધન પણ નથી. જ્ઞાનાવરણીનું બંધન પણ એને નથી, એમ કહે છે. આહાહા..! જુઓ! સમ્યગ્દર્શનનું માહાત્મ્ય! અને સમ્યગ્દર્શન જેને આશ્રયે તેનું માહાત્મ્ય! આહાહા..! એની તો કાંઈ દરકાર નહિ, પછી આ વ્રત કરો ને અપવાસ કરો.. એમ કરતાં કરતાં તમને નિશ્ચય થઈ જશે. ઘણી વાત (વિપરીત), ફેરફાર બહુ, ભાઈ! આચાર્યનો આસ્રવનો પહેલો પોકાર આ છે. આહાહા..! '**सर्वान् द्रव्यकर्मास्रवौधान्**' દ્રવ્યકર્મના આસ્રવનું જે કારણ હતું, એ '**सर्वान् अभावः**' '**सर्वभावास्रवाणाम् अभावः**'.

'**ભાવાર્થ :- જે કાળે શુદ્ધ ચૈતન્યવસ્તુની પ્રાપ્તિ થાય છે...**' આહાહા..! જે કાળે એટલે કાળલબ્ધિનો અર્થ જે કાળે. '**શુદ્ધ ચૈતન્યવસ્તુની પ્રાપ્તિ થાય છે તે કાળે મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ જીવના વિભાવપરિણામ મટે છે.**' મિથ્યાત્વ ને રાગ-દ્વેષરૂપ જીવના વિભાવ પરિણામ મટે છે. મિથ્યાત્વ સંબંધી સાથે ઈ. આમ કોઈ કહે કે, જ્યાં સમ્યગ્દર્શન થયું ત્યાં મિથ્યાત્વનો નાશ થયો પણ રાગ-દ્વેષનો (નાશ થઈ ગયો)? એ મિથ્યાત્વ સંબંધી જે રાગ-દ્વેષ હતા તેનો નાશ થયો. અનંતાનુબંધી. મિથ્યાત્વ અને રાગ-દ્વેષ. એટલે મિથ્યાત્વ-દર્શનમોહ અથવા વિપરીત માન્યતા અને રાગ-દ્વેષ એ અનંતાનુબંધીના પરિણામ. બસ, અહીં તો એટલી વાત લેવી છે. આહાહા..! જેને આત્મા ભગવાન પરમાનંદની કિંમત થઈ, એનું માહાત્મ્ય અંદર આવીને સમ્યગ્દર્શન થયું, એને નવા કર્મનું કારણ ભાવાસ્રવ તેનો સર્વથા પ્રકારે રોધ થઈ જાય છે. મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો સર્વથા પ્રકારે નાશ થઈ જાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

આ સમ્યગ્દર્શનનું માહાત્મ્ય કિંમત અને મિથ્યાત્વની હિનતા, નીચતા અહીંયાં બતાવી. મિથ્યાત્વ જેવું નીચ કર્મ નહિ અને સમ્યગ્દર્શન જેવો ઊંચો ધર્મ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? માર્ગ બહુ ઝીણો, બાપુ! '**તેથી એક જ કાળ છે, સમયનું અંતર નથી.**' શું કહે છે? પોતાના શુદ્ધ સ્વરૂપની જ્યાં પ્રતીતિ, સમ્યક્ અનુભૂતિ થઈ, તે જ સમયે મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો નાશ થયો, સમય એક જ છે. પ્રકાશના કાળમાં જ અંધકારનો નાશ છે. અંધકારના નાશનો કાળ જુદો અને પ્રકાશનો કાળ જુદો, એમ નથી. આહાહા..! પછી થોડા અવ્રત, પ્રમાદ આદિ રહ્યા એ તો તોડી નાખશે. એનો નાશ થઈ જશે. એ અપેક્ષાથી અહીંયાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો નાશ થયો તો સર્વ આસ્રવનો નાશ થઈ ગયો, જાવ. આહાહા..! એની કિંમત નથી ને બહારના વ્રત ને તપ ને અપવાસ ને... આહાહા..! એ ક્રિયાકાંડની મહત્તા અને માહાત્મ્ય. એ મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? '**તેથી એક જ કાળ, સમયનું અંતર નથી.**'

'**કેવો છે શુદ્ધ ભાવ?**' '**राग-द्वेष-मोहैः विना**' '**રાગાદિ પરિણામ રહિત છે,...**' આહાહા..! મિથ્યાત્વ સંબંધી અનંતાનુબંધીના રાગ-દ્વેષ, એ જ મુખ્ય સંસાર છે. એ '**રાગાદિ પરિણામ રહિત છે,...**' આહાહા..! આત્માની પ્રતીતિ, સમ્યક્ અનુભૂતિ થઈ.. આહાહા...! તે જ કાળે એ રાગાદિ પરિણામ રહિત છે. આહાહા..! '**શુદ્ધ ચેતનામાત્ર ભાવ છે.**' એકલો

પવિત્ર ભગવાન જ્ઞાન, આનંદસ્વરૂપ ભાવ છે, બસ. આહાહા..! કારણ કે આત્મા પવિત્ર શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે, એના આશ્રયથી-અવલંબનથી શુદ્ધ ચેતનામાત્ર પરિણામ છે. એમાં રાગાદિના પરિણામ બિલકુલ છે નહિ. આહાહા..!

આમાં કોઈ એકાંત કરવા જાય.. પેલા કહે, લ્યો, બસ! થઈ ગયું? મિથ્યાત્વ ગયું ત્યારે બધું ગયું એમ કોઈ એકાંત માની લે. એ તો કઈ અપેક્ષાથી કથન છે? સંસારનું મૂળ મિથ્યાત્વ છે અને મિથ્યાત્વની સાથે એના સંબંધી રાગ-દ્વેષનો નાશ થયો, એને અહીંયાં સંસારનો નાશ કહેવામાં આવ્યો છે. બાકી પછી અવ્રત, પ્રમાદ, કષાયનો રાગ છે. અને એ છે પણ ખરેખર તો સમ્યગ્દર્શન, ચૈતન્યપરિણામ જ્યાં થયા, ત્યાં તો મિથ્યાત્વ, રાગ-દ્વેષ ગયા, પણ અવ્રતનો અંશ પણ ગયો, પ્રમાદનો અંશ ગયો, કષાયનો અંશ ગયો અને કંપનનો યોગ (અંશે)પણ ગયો. આહાહા..! સમજાય છે કાંઈ? સ્વરૂપની પ્રતીતિ અને અનુભવ જ્યાં થયો, તો કહે છે કે, એ વખતે તો જોગ, કંપન છે ને, એનો એક અંશ નાશ થઈ ગયો. આહાહા..! એ અપેક્ષાએ સર્વ આસ્રવનો નાશ કહેવામાં આવ્યો છે. આવી વાતું છે. એ પાછળ આવે છે ને?

આસ્રવ અધિકારમાં આવે છે. મિથ્યાત્વ જતાં અવ્રતનો અંશ પણ જાય છે, પ્રમાદ, કષાય અને યોગનો અંશ પણ જાય છે. કેમ? કે સમ્યગ્દર્શન એટલે સર્વ ગુણાંશ તે સમકિત. તો સર્વ ગુણાંશ તે સમકિતનો અર્થ શું? કે આત્મામાં જેટલા ગુણ છે, અજોગ છે, ચારિત્ર છે, સ્થિર છે, વીતરાગતા આદિ છે એ બધા ગુણોનો એક સમયમાં બધા ગુણોનો નિર્મળ અંશ વ્યક્ત પ્રગટ થાય છે. આહાહા..! નિશ્ચયથી તો એ ચાર જે પ્રતિજીવી ગુણ અઘાતિના છે એનો પણ એક અંશ તો સાથે પ્રગટ થાય છે. આવી વાતું છે. આહાહા..! એ અપેક્ષાએ સમ્યક્ શુદ્ધ ચૈતન્યનો અનુભવ થયો ત્યાં સર્વ આસ્રવનો, નવા કર્મનું કારણ સર્વ આસ્રવ તે બધા રોકાઈ ગયા. આહાહા..! ગંભીર વાત છે, ગંભીર વાત.

ગંભીરનો અર્થ કર્યો હતો ને? અનંત શક્તિએ બિરાજમાન કર્યો હતો. ઊંડપ.. ઊંડપ. માથે કર્યો હતો પહેલો. ગંભીર અલબ્ધ મધ્ય. એનું મધ્યપણું પ્રાપ્ત ન થાય. સંસ્કૃતમાં એમ છે. ગંભીરનો અર્થ સંસ્કૃતમાં એમ છે અલબ્ધ મધ્ય. જેના મૂળ મધ્ય પ્રાપ્ત ન થાય એટલું ગંભીર. આહાહા..! ભગવાન સ્વભાવ ગંભીર. આહાહા..! સમજાય છે કાંઈ! એનું પરિણમન થયું એ ગંભીર, એમ કહે છે. આ કહે છે ને? પરિણમનની વાત છે ને? યોદ્ધાની. અનંત શક્તિએ બિરાજમાન ગંભીર છે. આહાહા..! અલબ્ધ મધ્ય. અથવા એ જે સમ્યગ્દર્શનના પરિણામ થયા, અલબ્ધ મધ્ય-એનું મધ્યપણું પ્રાપ્ત ન થાય એવી ગંભીર વસ્તુ છે. આહાહા..! મૂળ વાતનું અહીંયાં વર્ણન છે.

'શુદ્ધ ચેતનામાત્ર ભાવ છે. વળી કેવો છે?' '**द्रव्यकर्मास्रवौधान् सर्वान् रुन्धन्**'. '**જ્ઞાનાવરણાદિ કર્મપર્યાયરૂપ પરિણમ્યો છે પુદ્ગલપિંડ,...**' જડ '**તેનો થાય છે ધારાપ્રવાહરૂપ પ્રતિસમયે આત્મપ્રદેશોની સાથે એકક્ષેત્રાવગાહ, તેના સમૂહને,...**' ધારાપ્રવાહરૂપે સમય સમય આત્મપ્રદેશોની સાથે એકક્ષેત્રાવગાહ પિંડ છે. '**ભાવાર્થ આમ છે કે જ્ઞાનાવરણાદિરૂપ કર્મવર્ગણા પરિણમે છે, તેના ભેદ અસંખ્યાત લોકમાત્ર છે. જેટલાં ધારારૂપ આવે છે કર્મને તે બધાને**

**રોકતો થકો.'** બધાને રોકે છે. ભાવાસ્રવ રોકાયો તો દ્રવ્યાસ્રવ પણ રોકાઈ જાય છે, એમ કહે છે. આહાહા..! ભાવાસ્રવ પણ સર્વથા રોકાઈ ગયો અને કર્મ સર્વથા રોકાઈ ગયા. આમ તો દસમા ગુણસ્થાને છ કર્મ બંધાય છે. અહીં તો સમ્યગ્દર્શન થયું ત્યાં જડ કર્મ પણ બધા રોકાઈ ગયા. મિથ્યાત્વ અને અનંતાનુબંધીને કારણે જે કર્મ આવતા હતા એ કર્મ રોકાઈ ગયું. મૂળ તો ઈ હતું. આહાહા..! ભારે કામ, બાપુ! આ તો ઉપલકથી દેખે એક બે શબ્દ ક્યાંકથી પકડી લે તો આ કાંઈ સમજાય એવું નથી. આહાહા..! ગંભીર ચીજ છે. આહા..!

**'તેના ભેદ અસંખ્યાત લોકમાત્ર છે, જેટલાં ધારારૂપ આવે છે કર્મ તે બધાંને-રોકતો થકો. ભાવાર્થ આમ છે કે-કોઈ એમ માનશે કે જીવનો શુદ્ધ ભાવ થતો થકો રાગાદિ અશુદ્ધ પરિણામનો નાશ કરે છે, આસ્રવ જેવો થાય છે તેવો જ થાય છે;...'** નવા કર્મ તો આવવાના છે એટલા આવશે જ, એમ કોઈ અજ્ઞાની કહે. શું કહે છે? અશુદ્ધ પરિણામ મટ્યા છે પણ કર્મ જે આવવાના છે એ તો એટલા આવશે જ. તારી વાત ખોટી છે, સાંભળ! આહાહા..! **'કોઈ એમ માનશે કે જીવનો શુદ્ધ ભાવ થતો થકો રાગાદિ અશુદ્ધ પરિણામનો નાશ કરે છે,...'** એ સર્વથા, હોં! **'આસ્રવ જેવો થાય છે તેવો જ થાય છે;...'** કર્મનું આવરણ તો જેવું આવવાનું હોય તેવું જ આવે છે.

**'પરંતુ એવું તો નથી.'** કર્મ પણ આવે છે એ એકદમ રોકાઈ જાય છે, એમ કહે છે. આહાહા..! જુઓ! સમ્યગ્દર્શનનું માહાત્મ્ય! જુઓ! એ સ્વભાવનો અનુભવ થયો એનું માહાત્મ્ય! બાકી બધું થોથા છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! શું કહ્યું? આત્માના શુદ્ધ ચેતનાપરિણામ સમ્યગ્દર્શનના થયા તો અશુદ્ધચેતના-અશુદ્ધ ભાવ તો રોકાઈ ગયા. પણ કર્મ તો જેવા આવવાના છે એ આવશે જ, એમ અજ્ઞાની કહે છે. તો એને કહે છે કે, તારી વાત ખોટી છે. કર્મ પણ રોકાઈ ગયા અને આસ્રવ પણ રોકાઈ ગયો, બેય રોકાઈ ગયા. આહાહા..!

**'જીવ શુદ્ધ ભાવરૂપ પરિણમતાં અવશ્ય જ અશુદ્ધ ભાવ મટે છે,...'** આહાહા..! જીવનું શુદ્ધ ભાવરૂપ પરિણમન થતાં. શુદ્ધ સ્વરૂપ તો છે જ, પણ શુદ્ધ સ્વભાવ પરિણમતા-પર્યાયમાં શુદ્ધ ભાવ પરિણમતા. એમ. આહાહા..! હવે જુઓ અહીંયાં આમ કહ્યું અને કાલે એવું આવ્યું હતું કે અશુદ્ધતાનો સ્વાદ આવે છે. આવ્યું હતું? જ્ઞાનીને આનંદનો પણ સ્વાદ છે અને અશુદ્ધતાનો પણ સ્વાદ છે. એ જ્ઞાનની પૂર્ણ દશા બતાવવા ત્યાં વાત કરી હતી. અહીંયાં તો મિથ્યાત્વનો નાશ થયો ત્યાં સમકિત પ્રગટ થયું તો ભાવાસ્રવ રોકાઈ ગયો તો કર્મ પણ રોકાઈ ગયા, એમ કહેવામાં આવ્યું છે. આાહાહા..! ત્યાં એમ લીધું છે, મુનિને પણ જેટલી અશુદ્ધતા છે, એ અશુદ્ધતાનો સ્વાદ છે. અહીં કહ્યું કે જ્યાં સમ્યગ્દર્શન થયું ત્યાં અશુદ્ધ ભાવ છે જ નહિ. જે કર્મ આવવાના હતા તે આવતા નથી. આહાહા..! કઈ અપેક્ષાથી કહેવું છે? અહીંયાં પકડે, જુઓ! અહીંયાં આ કહ્યું છે. એને જરીયે અશુદ્ધતા નથી. અશુદ્ધતા નથી તો દુઃખ પણ નથી. તો કર્મ પણ એને બિલકુલ આવતા નથી, એમ કહ્યું છે ને? કઈ અપેક્ષાથી! ભાઈ! સમજ, ભાઈ!

મુમુક્ષુ :- શેઠિયાજી અહીં રોકાઈ ગયા.

ઉત્તર :- એ તો ઘણે ઠેકાણે. હોય બિચારા. કહે છે, પાછળથી અહીં આવવાનો ભાવ થયો હતો. એમ સાંભળ્યું છે, એવું સાંભળ્યું છે. પાછળથી અહીં આવવું, ત્યાં મારું સમાધાન થશે. એમ કાંઈક સાંભળ્યું હતું. નહિ? એના છોકરા ત્યાં આવ્યા હતા ને? એવું સાંભળ્યું છે. હોય ઈ ખરું. આહાહા..! આવી વાત છે. એમ જ પકડી લે..

'સોગાની'એ એમ કહ્યું, જ્ઞાનીને પણ જેટલો રાગ છે એટલું દુઃખનું વેદન છે. આહા..! અસ્થિરતાનો રાગ આવ્યો છે એ પણ દુઃખ છે. જ્ઞાનીને પણ દુઃખનું વેદન છે. અહીં ના પાડી. જ્ઞાનીને અશુદ્ધ ભાવ નથી અને કર્મ નથી. એ તો કઈ અપેક્ષાથી? મિથ્યાત્વ સંબંધીના રાગ-દ્વેષ અને મિથ્યાત્વ એ ભાવ નથી. અસ્થિરતાના ભાવ છે એને અહીંયાં ગૌણ કરીને નથી એમ કહેવામાં આવ્યું છે. આહાહા..! સમજાય છે કાંઈ? 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ' આહાહા..! જે અપેક્ષાએ જ્યાં કહ્યું હોય એ અપેક્ષાએ સમજવું જોઈએ ને. એકાંત પકડી લે કે જોયું! જ્ઞાનીને-સમકિતીને પછી કર્મબંધન પણ નથી અશુદ્ધ પરિણામ પણ બિલકુલ નથી. 'મીઠાલાલજી'! બાપુ! ભાઈ! અહીંયાં તો મિથ્યાત્વ અને અનંતાનુબંધી (ગયા તેની વાત છે). રાગ-દ્વેષમાં અનંતાનુબંધીનો અને મિથ્યાત્વમાં વિપરીત માન્યતાના આસ્રવનો અભાવ છે. તો એટલા કર્મનો પણ અભાવ છે. મૂળ ચીજ તો એ હતી. એ રોકાઈ ગઈ. પછી થોડો (આસ્રવ) છે એને ગૌણ કરીને અહીંયાં ગૌણ કરીને નકાર કર્યો છે. બિલકુલ અશુદ્ધતા છે જ નહિ અને સમકિતીને કર્મ બિલકુલ આવતા જ નથી, એમ નથી. આહાહા..!

મુનિને છઠ્ઠા ગુણસ્થાને જેટલા પંચમહાવ્રતના પરિણામ ઉત્પન્ન થાય છે એ અશુદ્ધ છે. અહીં તો કહે છે, અશુદ્ધ પરિણામ રોકાઈ ગયા. સમકિત થયું ત્યાં અશુદ્ધ પરિણામ રોકાઈ ગયા. ત્યાં છઠ્ઠે ગુણસ્થાને પંચમહાવ્રતના પરિણામ અશુદ્ધ છે અને આઠ કર્મનું બંધન છે. છઠ્ઠે પણ આયુષ્ય સહિત બંધાય તો આઠ બંધાય. આયુષ્ય ન બંધાય તો સાત તો બંધાય છે. દસમે ગુણસ્થાને છ કર્મ બંધાય છે. અહીં કહે છે, કર્મ બિલકુલ બંધાતા નથી. કઈ અપેક્ષાથી વાત છે? 'શાંતિભાઈ'! આહાહા..!

આસ્રવ અધિકારમાં મિથ્યાત્વની પ્રધાનતાનો ભાવ બતાવી સમ્યક્‌ની પ્રધાનતામાં આસ્રવ અને બંધ નથી એમ કહેવામાં આવ્યું છે. કેમ કે સમ્યગ્દર્શનમાં આખો આત્મા અનુભવમાં આવ્યો. આખો આત્મા અનંત આનંદ, પવિત્રતાનો નાથ પરમાત્મા અનુભવમાં આવ્યો તો એમાં આસ્રવ-ફાસ્રવ નથી એમ કહ્યું. અહીંયાં અસ્થિરતાની વાત ગૌણ કરી બતાવ્યું છે. એક જ પકડી લે કે અહીંયાં આ લખ્યું છે. કાલે આવ્યું હતું, જ્ઞાનીને અશુદ્ધતાનો સ્વાદ આવે છે. આવ્યું હતું ને? અશુદ્ધ છે તો સ્વાદ આવે છે કે એના વિના આવે છે? ચારિત્રનો દોષ અંશ પણ છે. ત્યાં સુધી આસ્રવ છે અને ત્યાં સુધી નવા કર્મ પણ આવે છે. તેને અહીંયાં મિથ્યાત્વનો, અનંતાનુબંધીને મુખ્ય લઈને એને ગૌણ કરીને વાત કરી છે. પણ એકાંત તાણે કે સમકિતીને કાંઈ છે જ નહિ... સમજાય છે કાંઈ? આહાહા..! જૈનદર્શન ગંભીર બહુ. આ શ્લોકમાં તો સમકિતીને આસ્રવ અને નવું આવરણ બિલકુલ છે જ નહિ (એમ કહ્યું છે). એ મિથ્યાત્વ અને અનંતાનુબંધીનું મૂળ કારણ છે એ બતાવવું છે. છે?

**'અવશ્ય જ અશુદ્ધ ભાવ મટે છે.'** જુઓ! **'જીવ શુદ્ધ ભાવરૂપ પરિણમતાં અવશ્ય જ**

**અશુદ્ધ ભાવ મટે છે. અશુદ્ધ ભાવ મટતાં અવશ્ય જ દ્રવ્યકર્મરૂપ આસ્રવ મટે છે;...'** આહાહા..! '**તેથી શુદ્ધ ભાવ ઉપાદેય છે,...**' જુઓ! પરિણતિ છે એ ઉપાદેય છે એમ લીધું. ઉપાદેય તો દ્રવ્ય ત્રિકાળી છે પણ શુદ્ધ પરિણતિ પ્રગટ થઈ તે ઉપાદેય છે અને '**અન્ય સમસ્ત વિકલ્પ હેય છે.**' આ બતાવવું છે. સમજાય છે કાંઈ? શુદ્ધ સ્વરૂપ પરમાનંદમૂર્તિ ભગવાન (એનું) શુદ્ધરૂપે પરિણમન થયું એ પરિણમન ઉપાદેય છે. પ્રગટ કરવા લાયક છે તો ઉપાદેય કહેવામાં આવ્યું અને રાગ હેય છે તેથી રાગ નથી, બંધન નથી એમ કહેવામાં આવ્યું. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**નોંધ :- ૧૯૭૭-૭૮ની સાલમાં આ પ્રવચન ઉપલબ્ધ નહિ હોવાથી ૧૯૬૭ની સાલનું પ્રવચન લેવામાં આવેલ છે.**

(ઉપજાતિ)

भावास्रवाभावमयं प्रपन्नो
द्रव्यास्रवेभ्यः स्वत एव भिन्नः।
ज्ञानी सदा ज्ञानमयैकभावो
निरास्रवो ज्ञायक एक एव।।३-११५।।

**ખંડાન્વય સહિત અર્થ :-** 'अयं ज्ञानी निरास्रवः एव' ( अयं ) દ્રવ્યરૂપ વિદ્યમાન છે તે ( ज्ञानी ) જ્ઞાની અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ જીવ ( निरास्रवः एव ) આસ્રવથી રહિત છે. ભાવાર્થ આમ છે કે-સમ્યગ્દૃષ્ટિ જીવને નોંધ કરી (સમજપૂર્વક) વિચારતાં આસ્રવ ઘટતો નથી. કેવો છે જ્ઞાની? 'एक' રાગાદિ અશુદ્ધ પરિણામથી રહિત છે, શુદ્ધસ્વરૂપ પરિણમ્યો છે. વળી કેવો છે? ' ज्ञायकः' સ્વદ્રવ્યસ્વરૂપ-પરદ્રવ્યસ્વરૂપ સમસ્ત જ્ઞેય વસ્તુઓને જાણવાને સમર્થ છે. ભાવાર્થ આમ છે કે જ્ઞાયકમાત્ર છે, રાગાદિ અશુદ્ધરૂપ નથી. વળી કેવો છે? 'सदा ज्ञानमयैकभावः' ( सदा ) સર્વકાળ ધારાપ્રવાહરૂપે ( ज्ञानमय ) ચેતનરૂપ એવો છે ( एकभावः ) એકપરિણામ જેનો, એવો છે. ભાવાર્થ આમ છે કે-જેટલા વિકલ્પો છે તે બધા મિથ્યા; જ્ઞાનમાત્ર વસ્તુનું સ્વરૂપ હતું તે અવિનશ્વર રહ્યું. નિરાસ્રવપણું સમ્યગ્દૃષ્ટિ જીવને જે રીતે ઘટે છે તે કહે છે- 'भावास्रवाभावं प्रपन्नः' ( भावास्रव ) મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ ચેતનાપરિણામ, તેનો ( अभावं ) વિનાશ, તેને ( प्रपन्नः ) પ્રાપ્ત થયો છે. ભાવાર્થ આમ છે કે - અનંતકાળથી જીવ મિથ્યાદૃષ્ટિ હોતો થકો મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ પરિણમતો હતો, તેનું નામ આસ્રવ છે. કાળલબ્ધિ પામતાં તે જ જીવ સમ્યક્ત્વપર્યાયરૂપ પરિણમ્યો, શુદ્ધતારૂપ પરિણમ્યો, અશુદ્ધ પરિણામ મટ્યા, તેથી ભાવાસ્રવથી તો આ પ્રકારે રહિત થયો. ' द्रव्यास्रवेभ्यः स्वतः एव भिन्नः' ( द्रव्यास्रवेभ्यः ) જ્ઞાનાવરણાદિ કર્મપર્યાયરૂપ જીવના પ્રદેશોમાં બેઠા છે પુદ્ગલપિંડ, તેમનાથી ( स्वतः ) સ્વભાવથી ( भिन्नः एव ) સર્વકાળ નિરાળો જ છે. ભાવાર્થ આમ છે કે-

આસ્રવ બે પ્રકારનો છે. વિવરણ-એક દ્રવ્યાસ્રવ છે, એક ભાવાસ્રવ છે. દ્રવ્યાસ્રવ એટલે કર્મરૂપ બેઠા છે આત્માના પ્રદેશોમાં પુદ્‌ગલપિંડ તે; આવા દ્રવ્યાસ્રવથી જીવ સ્વભાવથી જ રહિત છે. જોકે જીવના પ્રદેશો અને કર્મ-પુદ્‌ગલપિંડના પ્રદેશો એક જ ક્ષેત્રે રહે છે તોપણ પરસ્પર એકદ્રવ્યરૂપ થતા નથી, પોતપોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ રહે છે; તેથી પુદ્‌ગલપિંડથી જીવ ભિન્ન છે. ભાવાસ્રવ એટલે મોહ-રાગ-દ્વેષરૂપ વિભાવ અશુદ્ધચેતનપરિણામ; આવા પરિણામ જોકે જીવને મિથ્યાદષ્ટિ-અવસ્થામાં વિદ્યમાન જ હતા તોપણ સમ્યક્ત્વરૂપ પરિણમતાં અશુદ્ધ પરિણામ મટ્યા; તેથી સમ્યગ્દષ્ટિ જીવ ભાવાસ્રવથી રહિત છે. આથી એવો અર્થ નીપજ્યો કે સમ્યગ્દષ્ટિ જીવ નિરાસ્રવ છે. ૩-૧૧૫.

વળી સમ્યગ્દષ્ટિ જીવ જે રીતે નિરાસ્રવ છે તે કહે છે

## માગશર વદ ૪, બુધવાર, તા.૨૦-૧૨-૧૯૬૭
## કળશ - ૧૧૫, પ્રવચન - ૧૦૦

(ઉપજાતિ)

भावास्रवाभावमयं प्रपन्नो<br>
द्रव्यास्रवेभ्यः स्वत एव भिन्नः।<br>
ज्ञानी सदा ज्ञानमयैकभावो<br>
निरास्रवो ज्ञायक एक एव।।३-११५।।

**ખંડાન્વય સહિત અર્થ :-** 'अयं ज्ञानी निरास्रवः एव' 'अयं' શબ્દ ત્યાં મુક્યો છે, પછી નથી આવતો એટલે કીધું ન્યાં એણે જ્ઞાની ઉપર નાખ્યો છે ને. અન્વયાર્થ બરાબર ઠીક કર્યો. 'अयं ज्ञानी निरास्रवः एव' એટલે કે ધર્મીજીવ ચૈતન્યદ્રવ્ય સ્વરૂપ અખંડ પૂર્ણ શુદ્ધ પવિત્ર છે એવી દૃષ્ટિ થઈ છે તેથી જ્ઞાની તે દ્રવ્યરૂપ છે. '**દ્રવ્યરૂપ વિદ્યમાન..**' વસ્તુ છે, તે દૃષ્ટિ થઈ છે. સમજાણું કાંઈ? 'अयं ज्ञानी निरास्रवः एव' દ્રવ્યરૂપ વિદ્યમાન છે તે જ્ઞાની. એમ. વસ્તુ જે છે-પદાર્થ ચૈતન્યદ્રવ્યરૂપ વસ્તુ શુદ્ધ ધ્રુવ એકરૂપ ત્રિકાળ, એની જેને દૃષ્ટિ થઈ છે તો જ્ઞાની દ્રવ્યરૂપ જ છે. એમ. ધર્મીને પર્યાયરૂપ દૃષ્ટિ નથી. કહો, સમજાણું કાંઈ?

'अयं ज्ञानी निरास्रवः एव' એમ પહેલેથી ઉપાડ્યું ને? આ દ્રવ્યરૂપ પદાર્થ વિદ્યમાન છે તે જ્ઞાની દ્રવ્યરૂપ જ વિદ્યમાન છે. વસ્તુ તેની હયાતી પૂર્ણ છે તે જ જ્ઞાની. તે જ્ઞાનીની દૃષ્ટિમાં દ્રવ્યસ્વભાવ છે તે જ જ્ઞાની, એમ કહે છે. પૂર્ણ શુદ્ધ ધ્રુવ ચૈતન્ય પદાર્થ, એ દ્રવ્ય છે તે જ વિદ્યમાન છે. એવી જે દૃષ્ટિ છે એવો જે જ્ઞાની. એમ. જ્ઞાની જ દ્રવ્યરૂપ છે એમ અહીં કહે છે. '**સમ્યગ્દષ્ટિ જીવ આસ્રવથી રહિત છે.**' દ્રવ્યરૂપ વિદ્યમાન છે એવું જે ભાન અને એ જ્ઞાની દ્રવ્યરૂપ જ છે તેથી એને આસ્રવ હોતો નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? પર્યાયદૃષ્ટિમાં-અવસ્થા દૃષ્ટિમાં અવસ્થાના અંશમાં પ્રતીતવાળો જે મિથ્યાદષ્ટિ છે તેને જ

મિથ્યાત્વનો આસ્રવ છે અને એને અહીંયાં આસ્રવ ગણવામાં આવ્યો છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા એક સમયમાં પૂર્ણ શુદ્ધ દ્રવ્ય સ્વરૂપ છે. એવી જ્યાં દૃષ્ટિ નથી અને પર્યાયદૃષ્ટિ છે, અંશ ઉપર રાગ ને પુણ્ય આદિ કે ઉઘાડ વિકાસના અંશ ઉપર દૃષ્ટિ છે એ મિથ્યાદૃષ્ટિ છે-પર્યાયદૃષ્ટિ છે. એથી તે મિથ્યાદૃષ્ટિ જ આસ્રવવાળો છે. એને જ આસ્રવ છે અને એને જ આસ્રવને કારણે બંધન થાય છે. સમજાણું કાંઈ?

'**દ્રવ્યરૂપ વિદ્યમાન છે તે જ્ઞાની અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ જીવ...**' વસ્તુ ધ્રુવ ચૈતન્ય છે એ જ્યાં દૃષ્ટિમાં આવી છે એટલે પોતે જ્ઞાની દ્રવ્યરૂપ જ વિદ્યમાન છે. સમજાણું કાંઈ? તેથી '**આસ્રવથી રહિત છે.**' તેથી એને મિથ્યાત્વનો આસ્રવ છે તેનાથી રહિત છે. તે જ આસ્રવ અહીંયાં ગણવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? '**ભાવાર્થ આમ છે કે સમ્યગ્દૃષ્ટિ જીવને નોંધ કરી...**' નોંધ આવ્યું હતું ને પહેલું? કેવળજ્ઞાનમાં નોંધ છે. ત્યાં ત્રીજે પાને આવ્યું હતું. કેવળજ્ઞાનમાં નોંધ છે કે આ જીવ કેટલે કાળે મોક્ષ જાશે. એમ આવ્યું હતું, ભાઈ! નોંધ છે એટલે જ્ઞાન છે. જુઓ! અહીં નોંધ છે ને? '**(સમજપૂર્વક) વિચારતાં...**' એમ. સમ્યગ્દૃષ્ટિ જીવને સમજણપૂર્વક-યથાર્થ જ્ઞાનપૂર્વક જોતાં, '**વિચારતાં આસ્રવ ઘટતો નથી.**' કહો, સમજાણું કાંઈ? વસ્તુ છે એ શુદ્ધ ચૈતન્યઘન છે. દ્રવ્યરૂપ વસ્તુ. અને એ જ વસ્તુપણાની દૃષ્ટિ થઈ એટલે અભેદ વસ્તુ પોતે છે એ જ સમ્યગ્દૃષ્ટિ છે, એમ કહે છે. વસ્તુ છે એ જ સમ્યગ્દૃષ્ટિ છે. જેને પર્યાયદૃષ્ટિ છે એ મિથ્યાદૃષ્ટિ છે. એને લઈને એને આસ્રવ છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા દ્રવ્ય વસ્તુ ત્રિકાળ શુદ્ધ સત્ત્વ મહા ચૈતન્યપ્રભુ, એવું જે દ્રવ્ય તે જ સમકિતીને તો વિદ્યમાન છે. અથવા સમકિતી દ્રવ્યરૂપ જ છે. એમ. સમજાણું કાંઈ? ભારે વાત. તેથી '**સમ્યગ્દૃષ્ટિ જીવ આસ્રવથી રહિત છે.**' સમ્યગ્દૃષ્ટિ જીવને સમજણથી વિચારતાં '**આસ્રવ ઘટતો (લાગુ પડતો) નથી.**' કેમકે વસ્તુદૃષ્ટિ છે અને વસ્તુ પોતે છે. વસ્તુની દૃષ્ટિ થઈ છે એટલે વસ્તુ પોતે જ સમ્યગ્દૃષ્ટિ છે. વસ્તુસ્વરૂપ પોતે થયો તો વસ્તુ પોતે દ્રવ્ય વિદ્યમાન સમકિતદૃષ્ટિમાં છે. એથી વસ્તુની દૃષ્ટિમાં અને વસ્તુમાં આસ્રવ ઘટતો નથી. કહો, સમજાણું કાંઈ? જુઓ! દ્રવ્યનો મહિમા જ્યાં દૃષ્ટિમાં આવ્યો અને અનુભવ થયો, કહે છે કે સમકિતી તો દ્રવ્યદૃષ્ટિવંત જ છે. ચાહે ચોથે હોય, પાંચમે હોય કે છઠ્ઠે હોય. સમજાણું? '**(સમજપૂર્વક) વિચારતાં આસ્રવ ઘટતો (લાગુ પડતો) નથી.**'

'**કેવો છે જ્ઞાની?**' '**एकः**' '**રાગાદિ અશુદ્ધ પરિણામથી રહિત છે,...**' એ તો નાસ્તિથી વાત કરી. એકનો અર્થ તો શુદ્ધ સ્વરૂપ વર્ણવ્યો છે ઈ છે. શું કીધું? ધર્મીજીવની દૃષ્ટિ દ્રવ્ય ઉપર-વસ્તુ ઉપર છે. એટલે પોતે વસ્તુ છે ઈ. એથી ઈ એક છે. એક છે એટલે? શુદ્ધ સ્વરૂપ પરિણમ્યો છે. એમ. રાગાદિ અશુદ્ધ પરિણામથી રહિત એટલે અનેકપણે પરિણમ્યો નથી. એમ. એ તો નાસ્તિથી વાત કરી. સમજાય છે કાંઈ? વસ્તુ જ્ઞાનાનંદ સ્વરૂપ ચૈતન્યબિંબ એકલું સત્ત્વ તત્ત્વ છે, એવી દૃષ્ટિ હોતાં એ દ્રવ્યરૂપ છે એ એકરૂપ છે. એ એકરૂપ છે. પર્યાયદૃષ્ટિમાં-અંશદૃષ્ટિમાં પુણ્ય-પાપ આદિ અનેકપણે અનેક દૃષ્ટિ છે. એ અનેક છે. સમજાય છે કાંઈ?

'एकः' **'રાગાદિ અશુદ્ધ પરિણામથી રહિત છે,...'** રાગાદિ એટલે? વિકલ્પ જે છે એનાથી સમ્યગ્દષ્ટિ રહિત છે. કહો, આ વ્યવહાર વિકલ્પ છે ને, એનાથી ધર્મી-સમકિતદષ્ટિ રહિત છે, એમ કહે છે. એ વ્યવહાર જેટલા કહેવાય ને, શાસ્ત્રમાં વ્યવહાર કહ્યા હોય એ બધા વિકલ્પો (અનેકરૂપ) છે એનાથી સમ્યગ્દષ્ટિ એકરૂપ છે, વિકલ્પ તો અનેકરૂપ છે. સમજાણું કાંઈ? 'अयं ज्ञानी निरास्रवः एव एकः' એમ. એની સાથે મેળવ્યું. 'अयं ज्ञानी निरास्रवः एव एकः'. શ્લોકો એવા ને ટીકા કરનાર પણ એવા નીકળ્યા છે ને! કેવું નાખ્યું છે!

'एकः' એટલે શુદ્ધ સ્વરૂપ. એમ. અશુદ્ધ છે એમાં તો અનેક ભિન્ન-ભિન્નતા છે. આ તો શુદ્ધ ભગવાન દ્રવ્યસ્વભાવ છે એવી દષ્ટિને લઈને દ્રવ્યરૂપ હોવાથી તેનું પરિણમન શુદ્ધરૂપ એક જ છે, શુદ્ધરૂપ એક જ છે. શુદ્ધના અંશો વધે એ અપેક્ષા અહીંયાં નથી લેવી. અહીં શુદ્ધરૂપ એક છે. અશુદ્ધના અનેક પ્રકાર તે મિથ્યાદષ્ટિને હોય છે, સમ્યગ્દષ્ટિને હોતા નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! **'શુદ્ધસ્વરૂપ પરિણમ્યો છે.'** ઓલું દ્રવ્ય લીધું હતું. જ્ઞાની દ્રવ્યરૂપ વિદ્યમાન છે, ત્યારે અહીં એકની વ્યાખ્યા કરી. એ શુદ્ધરૂપે પરિણમ્યો છે. શુદ્ધ દ્રવ્યરૂપ છે, વસ્તુરૂપ છે તેથી શુદ્ધરૂપ વસ્તુ શુદ્ધ છે તેથી શુદ્ધરૂપ પર્યાય થઈ છે. પર્યાયમાં-અવસ્થામાં સમ્યગ્દષ્ટિને શુદ્ધરૂપ દશા થઈ છે. સમ્યગ્દષ્ટિને અશુદ્ધ પર્યાય છે જ નહિ. કહો, સમજાણું આમાં?

**'શુદ્ધસ્વરૂપ પરિણમ્યો છે.'** ધર્મીની દષ્ટિ દ્રવ્ય વસ્તુ હોવાથી, દષ્ટિમાં દ્રવ્ય છે અને દ્રવ્યરૂપ થઈ ગયો છે માટે એનું પરિણમન એકરૂપ છે. શુદ્ધ સ્વભાવનું જ વીતરાગી પરિણમન તે એક જ પરિણમન છે. એ શુદ્ધસ્વરૂપનો અર્થ જ વીતરાગી પરિણમન છે. સમજાણું કાંઈ? **'વળી કેવો છે?'** 'ज्ञायकः'. જુઓ! છે ને? ચોથી લીટીમાં છેલ્લે છે. 'ज्ञायक एक'. એક જ્ઞાયક એમ લીધું. એક જ્ઞાયક, એક જ્ઞાયક. જ્ઞાયક એટલે **'સ્વદ્રવ્યસ્વરૂપ-પરદ્રવ્યસ્વરૂપ સમસ્ત જ્ઞેય વસ્તુઓને જાણવાને સમર્થ છે.'** આ જુઓ, બે નાખ્યું. ધર્મી.. જુઓ! અહીં નાખ્યું. શું કીધું? એક શુદ્ધ સ્વરૂપ પરિણમન છે એવો જે જ્ઞાયક એકરૂપ જ્ઞાયક છે. તેથી એ સ્વસ્વરૂપ છે તેને જાણે છે અને પુણ્ય-પાપનો વિકલ્પ આદિ પરદ્રવ્યસ્વરૂપ છે. એને જાણવાનો, એનું જાણવું એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

ચોથું પદ આવ્યું હતું ને છઠ્ઠી ગાથામાં? **'णादो जो सो दु सो चेव'** જ્ઞાયક પહેલું લીધું હતું ને? શુદ્ધ તે જ્ઞાયક છે. જે જ્ઞાયક શુદ્ધ છે તે પરિણમે છે તો જ્ઞાયકરૂપે જ પરિણમે છે. એકરૂપ. જાણનાર તે જાણનાર જ છે. રાગાદિને જાણનાર પણ જાણનાર તે જાણનારરૂપે દ્રવ્ય છે. રાગરૂપ નથી. એમ અહીંયાં કીધું, જ્ઞાયક વસ્તુસ્વરૂપ ચૈતન્યદ્રવ્ય એવી જે દષ્ટિ એટલે દ્રવ્યસ્વરૂપ એવો જે આત્મા આસ્રવરહિત છે. તે એક જ્ઞાયક છે. એકરૂપ શુદ્ધ સ્વરૂપનું પરિણમન સ્વપરને જાણવું એવું એકરૂપ છે. પોતે પોતાને જાણે છે અને રાગ વિકલ્પ જે વ્યવહાર આદિ કહેવાય એ બધો પરદ્રવ્ય છે. સ્વદ્રવ્યમાં નથી, સ્વગુણમાં નથી અને એની પર્યાયમાં એ નથી. વ્યવહાર જેટલો કહેવાય, દયા, દાન વિકલ્પ પણ એ દ્રવ્યની પર્યાયમાં નથી. સમ્યગ્દષ્ટિનું દ્રવ્ય શુદ્ધરૂપે પરિણમ્યું છે. માટે એની પર્યાયમાં નથી, એમ અહીં કહે છે.

સમજાણું કાંઈ? ભારે વાતું આકરી. જગતને ક્યાં... 'ભગવાનજીભાઈ'! આવો ભગવાન છે, કહે છે.

મુમુક્ષુ :- ભગવાન બધું જાણે.

ઉત્તર :- બધું જાણે? જાણે.

જાણવું જ્ઞેય જ્ઞાયક છે. એક જ્ઞાયક છે. એમ. એક એટલે શુદ્ધરૂપે પરિણમન છે એ જ્ઞાયકરૂપ છે, એમ કહે છે. એ સ્વને જાણે અને રાગાદિ છે એને જાણે છે. રાગ એનો નથી, રાગ એમાં નથી. રાગ પર છે એને અહીં જ્ઞાયક થઈને સ્વને જાણતાં પર છે એમ જાણે છે. સ્વદ્રવ્ય પરદ્રવ્યને જાણવાનું એનું કાર્ય છે, એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? પહેલો એક શબ્દ હતો ઈ છેલ્લી લીટીનો હતો. નહિ? છેલ્લી લીટીનો. હવે આવશે ત્રીજી લીટીનો. હવે આવશે ત્રીજીનો એક. બે (વખત) એક (આવે) છે ને? એક પદમાં બે શબ્દ છે. પહેલો જે આવ્યો એ છેલ્લો આવ્યો. '**निरास्रवो ज्ञायक एक**' એમ.

ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યવસ્તુ તે જ્ઞાયક છે. જ્ઞાયક છે એટલે જાણનાર છે. સ્વ અને પરને જાણવાનું એ જ એનું કાર્ય છે. 'ભીખાભાઈ'! સમજાણું કાંઈ? એક. '**વળી કેવો છે? સ્વદ્રવ્યસ્વરૂપ-પરદ્રવ્યસ્વરૂપ સમસ્ત જ્ઞેય...**' અહીં તો બે જ વાત લીધી. સ્વદ્રવ્યસ્વરૂપ એનું જે દ્રવ્યરૂપ છે એનું પરિણમન શુદ્ધરૂપ છે એ સ્વદ્રવ્યસ્વરૂપ છે અને એ સિવાય રાગાદિ બધું પરદ્રવ્યસ્વરૂપ છે. એકરૂપ પરિણમતો સ્વને-પરને જાણે છે. રાગનો વિકલ્પ એનું કર્તવ્ય નથી પણ એનામાં નથી. વ્યવહારનું કર્તવ્ય તો સમકિતીને નથી, પણ સમકિતીને વ્યવહાર નથી. સમકિતીમાં વ્યવહાર નથી, એમ અહીં કહે છે. કહો, 'નેમિદાસભાઈ'! ભારે વાતું આ તો.

વસ્તુ છે ને? અહીં તો વસ્તુ સિદ્ધ કરવી છે ને. ભગવાનઆત્મા મહા ચૈતન્યપ્રભુ, મહા ચૈતન્ય.. શું એવું ગીતામાં એ લોકો કહે છે? ચૈતન્ય મહાપ્રભુ એવું આવે છે. એવું આવે છે, કો'ક થઈ ગયો છે. ચૈતન્ય મહાપ્રભુ. ચેતન મહાપ્રભુ આ. બીજા ચૈતન્ય મહાપ્રભુ કોણ? સમજાણું કાંઈ? મહાપ્રભુ અનંત અનંત પ્રભુગુણ છે ને એનો? પ્રભુ એટલે સામર્થ્ય, મહા સામર્થ્ય જેનું. એક એક ગુણનું અનંત સામર્થ્ય તો આખા દ્રવ્યનું મહા સામર્થ્ય છે. એવો મહાપ્રભુ એવો જે દૃષ્ટિમાં આવ્યો એ પોતે દ્રવ્યરૂપ જ થઈ ગયો. ધર્મી દ્રવ્યરૂપ છે. ધર્મી પર્યાયરૂપ, રાગરૂપ છે નહિ. પછી પર્યાય એટલે રાગાદિ નહિ પણ દ્રવ્યરૂપ થતાં દ્રવ્યનું પરિણમન જે થયું એ એકરૂપ પરિણમન છે, એમ કહે છે. કારણ કે દ્રવ્ય સ્વભાવ શુદ્ધ છે એને આશ્રયે પરિણમન થાય તો એકરૂપ જ થાય છે. નિમિત્તને આશ્રયે થાય તો તો વિવિધ પ્રકારનું થાય. નિમિત્તને આધીન સમકિતી છે નહિ. કહો, સમજાણું કાંઈ? છે ને પુસ્તક સામે? ઝીણી વાતું છે, ભઈ, આ તો આત્માની. એણે કોઈ દિ' કરી નથી. શું છે, કેમ છે એવું જાણવાનો પ્રયત્ન કર્યો નથી.

ભગવાનઆત્મા ચૈતન્યપ્રભુ જ્ઞાયક એક. બસ, એ તો એક સ્વને-પરને, સમસ્ત જ્ઞેયોને જાણવાને સમર્થ છે. કહો, સમજાણું? ભાવ આમ છે, જ્ઞાયકમાત્ર છે. રાગાદિ અશુદ્ધરૂપ નથી. જુઓ! એ તો શુદ્ધ સ્વરૂપ કીધું હતું ને? '**રાગાદિ અશુદ્ધ પરિણામથી રહિત છે, શુદ્ધસ્વરૂપ પરિણમ્યો છે.**' 'एकः' માં એમ કહ્યું હતું. એ અહીં પાછું સરખું લીધું. એ તો

જ્ઞાયકમાત્ર છે. જાણનાર, જાણનાર.. સ્વ-પરને જાણવું, સ્વ-પરનું જાણવું. સ્વ-પરનું જાણવું એ પોતામાં પોતાનું પોતામાં રહીને છે. સમજાણું? **'રાગાદિ અશુદ્ધરૂપ નથી.'** ધર્મીને અશુદ્ધતા નથી. કેમકે દ્રવ્યરૂપ છે એટલે અશુદ્ધતા ત્યાં છે જ નહિ. વ્યવહાર છે જ નહિ એમ કહે છે. લોકો રાડ નાખે કે અરર..ર..! 'નિરપેક્ષા નયા' મિથ્યા. અરે..! સાંભળને! નિશ્ચયની અપેક્ષાએ તો પરની અપેક્ષા છે નહિ. પછી એક વ્યવહાર છે. ભિન્ન છે, ભિન્ન છે. એવો ભિન્ન રાગાદિ છે એ સ્વદ્રવ્યમાં નથી. એના પરિણમનમાં નથી. દ્રવ્યમાં નથી, પરિણમનમાં નથી. ભિન્ન છે. છે તો જાણે છે. ભિન્ન છે એ જાણે છે. કહો, સમજાણું કાંઈ?

**'રાગાદિ અશુદ્ધરૂપ નથી.'** આહાહા..! ભગવાન ચૈતન્ય મહા જ્ઞાનરૂપી મોટો પર્વત. લ્યો, એમ આવે છે ને? 'સમયસાર'. મોટો ડુંગર ઉપાડ્યો અને ભવ્યોને અર્પ્યો. ભવ્યોને અર્પણ કર્યો. છેલ્લે 'કુંદકુંદાચાર્યે' સમયસારરૂપી મોટો પર્વત ઉપાડ્યો. એ તો પર્યાય, આ તો દ્રવ્ય મોટું. ભવ્ય જીવને અર્પ્યો કે જો ભાઈ! આ છો તું. આહાહા..! ભગવાનઆત્મા મહા અનંત ગુણરાશી એકરૂપ પ્રભુ, એવી જે વસ્તુ, એનું જે શુદ્ધ પરિણમન, તેમાં અશુદ્ધ પરિણમન નથી. સમ્યગ્દષ્ટિ શુદ્ધ દ્રવ્યદષ્ટિ છે તેથી એનું શુદ્ધ પરિણમન છે. એની પર્યાયદષ્ટિ નથી એટલે અશુદ્ધ પરિણમન એને નથી. આહાહા..! પેલા (કહે), ચોથે, પાંચમે, છઠ્ઠે વ્યવહાર પહેલો, પછી નિશ્ચય. અરે..! ભગવાન! શું કરે છે આ તું? વસ્તુની તને ખબર જ નથી. વસ્તુ કેવી છે, વસ્તુમાં શું છે, વસ્તુદષ્ટિ થતાં શું થાય છે અને શું નથી એમાં, (એની તને ખબર નથી). સમજાણું કાંઈ? આ તો કહે, વ્યવહાર પહેલો, નિશ્ચય આઠમે. ઈ વ્યવહાર શુભઉપયોગનો. શુભક્રિયા શુભઉપયોગ. અહીં તો કહે છે, શુભઉપયોગ જ્ઞાનીને છે જ નહિ, એમ અહીં કહે છે. સાંભળને! કહો, સમજાણું આમાં?

જેના ફળ સાદિઅનંત કેવળજ્ઞાન અને આનંદ. સમજાય છે? એવું જે સમ્યગ્દર્શન, એનું જે ધ્યેય દ્રવ્ય, એ દ્રવ્યમાં દૃષ્ટિ થતાં ધર્મીને અશુદ્ધતા છે જ નહિ. ખરેખર ધર્મીને સંસાર નથી એમ કહે છે, લ્યો. એય..! આહાહા..! ભારે વાત, ભાઈ! આ બધું બહાર દેખાય છે ને! બાહ્ય તો આખી દુનિયા પડી છે, તે શું છે? સમજાણું કાંઈ? એય..! 'હીરાભાઈ'! ક્યાં આવી? એનામાં પર્યાય ક્યાં આવી? દૃષ્ટિમાં પર્યાય (નથી એમ) અહીં ના પાડે છે, જુઓને! પહેલું દ્રવ્ય લીધું, પછી દ્રવ્ય જ દૃષ્ટિમાં છે. વસ્તુ જ પોતે સમ્યગ્દષ્ટિ દ્રવ્યસ્વરૂપ જ છે. કહો, સમજાણું આમાં? એમાં તકરાર પાછી. માણસને શાસ્ત્ર ભણ્યો એમાં તકરાર. અટકવાના સાધન કેટલા માણસોને. છૂટવાનું સાધન એક. ધ્રુવ દ્રવ્ય સ્વરૂપનો અનુભવ થવો તે. કહો, સમજાણું આમાં?

આ તો વીતરાગ શાંતરસનું કથન છે, ભાઈ! ભગવાનઆત્મા શાંતરસથી ભરેલો છે. એ શાંતરસનો કંદ તે દ્રવ્ય છે. એકલો વીતરાગરસ અકષાયસ્વભાવ, એ સ્વભાવસ્વરૂપ તે દ્રવ્ય છે. અને તેવું જ દ્રવ્ય સમકિતીને વિદ્યમાન છે, કહે છે. એનામાં બીજું વિદ્યમાન છે નહિ. તેથી તેનું શુદ્ધ શાંતરસનું જ પરિણમન છે, એમ કહે છે. એટલે કે અકષાયનું જ પરિણમન છે, એમ કહે છે. એને કષાયનું પરિણમન, વ્યવહાર વિકલ્પનું પરિણમન છે જ નહિ. હા, એને અને આને જાણવાનું પરિણમન એના જ્ઞાયકભાવમાં છે. આહાહા..! કહો, સમજાણું

આમાં? ઝીણું પડે એવું છે ને? કાનાતળાવ! છે પુસ્તક? રાખ્યું છે? પુસ્તક રાખ્યું છે ને? ઝીણી વસ્તુ આવી છે આત્માની. એ વિના ક્યાંય સુખ થાય એવું નથી. બધા હેરાન થઈને દુઃખી પડ્યા છે બિચારા, એમ કહે છે. આહાહા..! ક્યાં ગયા? 'મલૂકચંદભાઈ'! એ બધા દુઃખી થયા, કહે છે.

મુમુક્ષુ :- સત્ય છે.

ઉત્તર :- સત્ય છે, જોયા! એમ છે. જુઓ! આ કૃષિકાર છે, લ્યો! 'કાનાતળાવ'ના. કણબી છે. તમે તો વાણિયા આમાં કેટલા વર્ષથી છો. ત્યાં ગયા હતા તે દિ' હજારો માણસ, હોં! બહુ માણસ. ઘણા લોકોને પ્રેમ. 'કુંડલા' પાસે છે. કહો, સમજાણું આમાં? પરમસત્ય જ આ છે. અને આ સત્ય એણે નિર્ણય કરીને અનુભવમાં લેવું પડશે, સુખી થવું હોય તો. નહિ તો દુઃખી થઈ રહ્યો છે. કહો, 'ભીખાભાઈ'! આહાહા..! હવે એમાં 'હીરોભાઈ' નહિ આવે, કહે છે.

મુમુક્ષુ :- વાત તો સાચી છે, ભગવાન!

ઉત્તર :- એના પ્રત્યેનો વિકલ્પ છે ને, કહે છે, એ દ્રવ્યમાં નહિ આવે. દ્રવ્યમાં તો દ્રવ્યનું પરિણમન વળશે તે આવશે. રાગનું પરિણમન એ દ્રવ્યનું કે દિ' પરિણમન છે? એમ કહે છે.

ભગવાન આખો ડુંગર ફાટ્યો. સમજાય છે? ચૈતન્ય ભગવાન જ્ઞાનરસનો કંદ, શું કહેવાય છે તમારે આ? લાવા.. લાવા. ડુંગરામાંથી લાવા નીકળે છે ને? લાવા નથી નીકળતા? આ શાંતરસના લાવાનો ડુંગર છે. પેલા લાવા અગ્નિ જેવા નીકળે ને. આ પત્થરમાં નીકળે છે ને ક્યાંક? પરદેશમાં જ્વાળામુખી (થાય છે). આ તો શાંતરસનો મુખી. એકલો અકષાય સ્વભાવ. સ્વભાવ તે સ્વભાવ છે. સ્વભાવને એના માપ ને હદની પરિમિતતા શું? અપરિમિત સ્વભાવ. એવું દ્રવ્ય. સમ્યગ્દૃષ્ટિને એ દ્રવ્યરૂપ છે. એનું પરિણમન શુદ્ધ છે, એને અશુદ્ધ નથી. સમજાણું?

'વળી કેવો છે?' '**सदा ज्ञानमयैकभावः**' સમજાણું? '**સર્વ કાળ ધારાપ્રવાહરૂપે...**' જુઓ! અહીં તો સર્વ કાળ. કોઈ વખતે પણ તેને રાગ પરિણામ છે અને વ્યવહાર એનામાં છે, એમ નથી. સદા કાળ, એમ કહે છે. આહાહા..! દ્રવ્ય જેમ સદા કાળ વસ્તુ છે, એમ સદા કાળ એનું પરિણમન જે નિર્મળ છે એ સદા કાળ, સમજાણું? '**સર્વ કાળ ધારાપ્રવાહરૂપે ચેતનરૂપ એવો છે એકપરિણામ...**' '**સર્વ કાળ ધારાપ્રવાહરૂપે ચેતનરૂપ એવો છે એકપરિણામ જેનો, એવો છે.**' આહાહા..! કહે છે, સમ્યગ્દૃષ્ટિને તો સદા એકરૂપ ધારાપ્રવાહ જ્ઞાનપરિણામ જ છે, એમ કહે છે. ધારાપ્રવાહ. વસ્તુ દ્રવ્ય જે કાયમ ધ્રુવ છે તો એનું પરિણમન જ્ઞાયકમય એક જ્ઞાનમયના પરિણામ જ ધારાવાહી એક જ છે. એમાં રાગના પરિણામ ને કોઈ વખતે જ્ઞાનપરિણામ ને કોઈ વખતે રાગપરિણામ, એવું કાંઈ છે નહિ. આહાહા..! ભારે વાત, ભાઈ!

સત્યનું સ્વરૂપ છે એ લોકોને બિચારાને ખ્યાલમાં આવતું નથી. મહાવસ્તુ પ્રભુ મોટો! ઓહોહો..! કાલે મહાસત્ત્વ કહ્યું હતું ને? ભાઈ! મહાસત્ત્વ કહ્યું છે, હોં! 'અષ્ટપાહુડ'માં છે. મહાસત્ત્વ, ચેતનનું મહાસત્ત્વ. સમજાણું? આ સત્ સત્ત્વવાળો છે, એમ માણસ નથી કહેતા?

આ સત્ત્વવાળો છે, કસવાળો છે. એવો આત્મા ચેતનનો મહાસત્ત્વવાળો છે. ચેતનના મહાસત્ત્વવાળો છે. એવા એવા અનંતગુણનું ધ્રુવ એવો મહા સત્ત્વવાળો એ આત્મા છે. આ પૈસાવાળાને પહેલા નહોતા કહેતા? શું કાંઈક ભાષા કરતા? કસવાળો. કસવાળો કહેતા. નહોતા કહેતા? ગામડામાં દસ-પંદર હજારની મૂડી હોય તો કસવાળો કહેતા. પહેલા તો બહુ કહેતા ને. ભાઈ કસવાળા છે. કસ એટલે સમજાય છે? આ ધારાવાહી આવી ને? માલ તો ઠીક, પણ ખરેખર તો કસ એને કહે છે, ઓલું પાણી નીકળે છે, કસ, એને લોકો કસ કહે છે. પાણી હેઠે ચાલતું હોય ને? ઉપરથી ખબર પડે કે અહીં કસ છે. આમાં પાણી છે ધોરિયો. એ લોકો તપાસ કરે. કસ જોવે. ઈ કસ. ઈ જોવે કે આ ઠેકાણે પાણીનો ધોરો ચાલતો લાગે છે. જમીન ઉપરથી નક્કી કરી લ્યે. આમાં અહીં કસ છે. ધારાવાહી પ્રવાહ. અહીં ધારાવાહી આવ્યું ને એટલે જરી.. સમજાણું? બહુ હોશિયાર માણસ હોય ને? કણબી ને .. ધારા .. યુરોપિયન આદિ પણ બહુ ઊંડે ઊંડે પાણીનો પ્રવાહ ક્યાં જાય છે, આમ કાન રાખીને ઈ પ્રવાહને પકડે. એક માઈલ છેટે પાણીનો પ્રવાહ ધોધમાર જાય છે. સમજાણું કાંઈ?

એમ આ ભગવાનઆત્મા સદા કાળ '**ધારાપ્રવાહરૂપે ચેતનરૂપ એવો છે એકપરિણામ જેનો...**' સમજાય છે? આહાહા..! કસ કહેતા, કસ. કહેતા ને, અમે કહેતા. અમે સાંભળ્યું છે, ઘણું બધું સાંભળ્યું છે. રસ્તામાં જઈએ ને, જૂના માણસ કહે, આમાં કસ છે. એટલે શું પણ? તમે કસ કહો છો. આ તો ધૂળ છે. હેઠે પાણીનો ધોર ચાલ્યો જતો લાગે છે. પાણીનો પ્રવાહ હેઠે જાતો લાગે છે. નીચે હાથ, બે હાથ, ચાર હાથ છેટે પ્રવાહ જાય છે. એમ આત્માનો પ્રવાહ વિકલ્પની પાછળ ચૈતન્ય ભગવાનનો પ્રવાહ-ચૈતન્યપ્રવાહ વહે છે, કહે છે. એકલા ચૈતન્યના પ્રવાહના પરિણામ તે આત્મા છે. સમજાણું કાંઈ? ભારે પણ.

આચાર્યોએ પણ જંગલમાં રહીને કેવી રીતે કરુણાના ધોધ વહેવરાવ્યા છે ને! અરે..! ભગવાન! તું આવો છો ને, પ્રભુ! તું આવો છો ને! તારી પાસે ક્યાં ખોટ છે કે ક્યાંક પરમાંથી કે રાગમાંથી તારે લેવું છે. અહીં છે ને મોટો ભગવાન મોટો! ઈ જ્યાં દૃષ્ટિમાં લીધો તો એનું પરિણમન ધારાવાહી ચેતન જ પરિણમન છે, એમ કહે છે. જાણવું.. જાણવું.. જાણવું.. જાણવું.. જાણવું.. જાણવું.. એ પ્રવાહ વહે છે, બસ. બીજો પ્રવાહ છે નહિ. આહાહા..! કહો, સમજાણું આમાં?

'सदा ज्ञानमयैकभावः' 'सदा' જ્ઞાનમય, જ્ઞાનમય એટલી ભાષા લીધી ને? પેલો રાગ નહિ, એમ કહેવું છે. રાગ જે છે ને? વિકલ્પ નહિ, જ્ઞાનમય. એમ. 'ચેતનરૂપ એવો છે...' 'एकभावः' '**એક પરિણામ જેનો એવો છે. ભાવાર્થ આમ છે કે-જેટલા વિકલ્પો છે તે બધા મિથ્યા;..**' છે. નથી. મિથ્યાનો અર્થ કે એમાં નથી. કહો, સમજાણું આમાં? આવી વાત લોકોને સાંભળવા મળતી નથી કે આ શું છે? એમ ને એમ બહારથી ગાડા હાંકે જ રાખે છે. ભક્તિ કરીએ ને પૂજા કરીએ ને આ ક્રિયા કરીએ ને વ્રત કરીએ ને પછી આવી જશે. ધૂળેય નહિ આવે ત્યાં, સાંભળને! જાત્રા કરી આવીએ. વિકલ્પ છે, ત્યાં ક્યાં એમાં હતો ભગવાન. 'ભગવાનજીભાઈ'! લુખ્ખું બહુ લાગે, લુખ્ખું. રાગના ભાવ વિનાનું લુખ્ખું, વીતરાગભાવનું

ચીકણું. વીતરાગભાવના રસવાળું છે. એકલો વીતરાગભાવ, વીતરાગભાવ.

કહે છે કે, જેને એક પરિણામ-ચેતન પરિણામ-જાણવું.. જાણવું.. જાણવું.. જાણવું વહે છે. એમાં જેટલા વિકલ્પો ઊઠે એ બધા મિથ્યા છે. મિથ્યા એટલે કે એના પર્યાયમાં નથી. આ અસ્તિ છે અને આ નથી, મૂળ તો એમ કહે છે. શું કીધું? વસ્તુ ભગવાનઆત્મા ચૈતન્યપ્રભુ, આખો વસ્તુ સ્વભાવ, એવી જ્યાં દૃષ્ટિ થઈ દ્રવ્યરૂપ થતાં, એ જ્ઞાયકમય થતાં, અશુદ્ધ પરિણામ રહિત થતાં, શુદ્ધ પરિણામ સહિત થતાં, એકરૂપ જ્ઞાનપ્રવાહ વહે છે. તેમાં વિકલ્પો મિથ્યા છે, એમાં વિકલ્પો છે નહિ. એને ઘરે ભલે ત્યાં રહ્યાં, અહીં નથી. કહો, સમજાણું કાંઈ?

'**જ્ઞાનમાત્ર વસ્તુનું સ્વરૂપ હતું તે અવિનશ્વર રહ્યું.**' પેલું નાશવાન હતું એ છૂટી ગયું. અવિનશ્વર ભગવાનઆત્મા ચૈતન્યપ્રભુ, એની દૃષ્ટિ થતાં અવિનશ્વરપણું રહી ગયું. એ પર્યાય પણ અવિનાશીની અવિનાશપણે જ્ઞાનરૂપ રહી ગઈ, રાગરૂપ રહી નહિ. કહો, સમજાણું આમાં? આવી ધર્મકથા કેવી? ધર્મકથામાં તો (એમ આવે), આમ કરવું, અપવાસ કરવો, આ કરવું, આ કરવું. 'ન્યાલભાઈ'! કેટલા વર્ષથી 'ન્યાલભાઈ' રસ નહોતા ખાતા. એ રસ તો આમાંથી ઊડી ગયો. રસ ઊડી ગયો. ભગવાનઆત્માના રસ આડે રસ ખાતો નહોતો ને છોડ્યો, એ પણ એમાં નથી, એમ અહીં તો કહે છે. 'ભગવાનજીભાઈ'! એ.. 'ભગવાનજીભાઈ ! જુઓ આ! આહાહા..!

ભાઈ! તું એકવાર નજર તો કર. જે નિધાન છે તેમાં નજર કર તો એ નિધાન એવું છે કે જેવું નિધાનમાં પડ્યું છે એવું પરિણમન થશે. સમજાય છે? એમાં પછી વિકલ્પોની નાસ્તિ છે, એમાં છે નહિ. ખરેખર વસ્તુ અને વસ્તુના પરિણમનમાં વિકલ્પો દ્રવ્યમાં નહોતા, દ્રવ્યમાં નહોતા તો પર્યાયમાં પણ નથી, એમ કહે છે.

દ્રવ્યરૂપ થયું એટલે દ્રવ્યમાં નથી એટલે પર્યાયમાં પણ નથી. કેવી શૈલી! ગજબ છે ને! રાડ નાખે. સમ્યગ્દૃષ્ટિ નિરાસ્રવ, લ્યો. લડાઈ કરવા બેઠો છે ને? સાંભળને હવે. અહીં ચેતનના સ્વ-પરના જાણવાના પરિણામ રોકે છે. લડાઈ વખતે પણ એમ છે ને ભોગ વખતે પણ એમ છે ને ધ્યાન વખતે પણ એમ છે, એમ કહે છે. સદા કીધું ને? સમજાણું કાંઈ? આહાહા..! જેની ખાણમાંથી જ્ઞાન પ્રવહે છે, વહે છે એવો ભગવાનઆત્મા જ્યાં દૃષ્ટિમાં આવ્યો, ધર્મી તો જ્ઞાનના પરિણામમાં પરિણમે તે જ એનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? એ રાગ ને વિકલ્પ એ તો પરમાં ગયા. એને સ્વપરના જ્ઞાયકના એકરૂપ પરિણમનમાં તેનું જાણવું રહી ગયું. એકરૂપ પરિણમનમાં સ્વ-પરનું એકરૂપ પાછું. સ્વપરનું (એટલે) આ સ્વનું અને આ પરનું, એવા બે ભાગ ત્યાં નથી. એકરૂપ સ્વપરનું જ્ઞાન, તેનો પ્રવાહ પર એકલો રહી ગયો. બસ. સમજાણું કાંઈ? '**જ્ઞાનમાત્ર વસ્તુનું સ્વરૂપ હતું તે અવિનશ્વર રહ્યું.**'

'**નિરાસ્રવપણું સમ્યગ્દૃષ્ટિ જીવને જે રીતે ઘટે છે તે કહે છે-**' હવે નિરાસ્રવપણું કહ્યું ને પહેલેથી કે આસ્રવ નથી. આસ્રવથી રહિત છે એમ પહેલું કહ્યું હતું. 'अयं ज्ञानी' સમ્યગ્દૃષ્ટિ 'निरास्रवः' આસ્રવ રહિત છે એમ પહેલી બે લીટીમાં કહ્યું હતું. હવે કેમ નથી એનો હવે ખુલાસો કરે છે. એ 'ભીખાભાઈ' કહે કે આ ઘરે સમજાય એવું નથી. અહીં હોય તો સમજાય

એવું છે. એમ કહેતા હતા. એનું ટાણું આવે તો ઈ કહે કે નહિ? 'હીરાભાઈ'! ટાણું આવે ત્યારે ઈ બરાબર મૂકે છે. આહાહા..!

એ ભગવાન તો પોતાથી જણાય એવો છે, એમ અહીં તો કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! પોતાથી જાણે જાણનારો પણ આ રાગને પણ જાણનારો પોતાથી જાણનારો છે. સમજ્યા ને? જ્ઞાનનું સ્વરૂપ પોતે પરિણમતાં રાગને અને આને જાણવું એવો પરિણમનનો સ્વભાવ જ એનો સ્વતંત્ર છે. આ વસ્તુ છે ધર્મીની. બાકી કોઈ ચીજ એની છે નહિ. રાગ નથી એના વળી બાયડી, છોકરા ને રાજ ને પાટ ક્યાં અંદર ગરી ગયા છે? આઠ કર્મ એને છે ને ચાર ટળ્યા છે ને ચાર બાકી છે. કાંઈ નથી લે ને. આરે.. આરે..! ભારે વાત, ભાઈ! એ વળી કહે, ચાર ટળ્યા ને ચાર બાકી. એ તો પછી પર્યાયમાં સમજાવવા (કહ્યું). વસ્તુ-ધર્મીને કર્મ જ નથી ને. અશુદ્ધ પરિણમન જ નથી ત્યાં વળી કર્મ ક્યાંથી આવ્યા? કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! એ કહે, મુનિને આહારક શરીર હોય, દેવને વૈક્રિયક શરીર હોય, આને ઔદારિક અને તૈજસ, કાર્મણ હોય. શીખવે એમાં એ શીખવે. સિદ્ધાંત પ્રવેશિકામાંથી. આવે છે કે નહિ? આવી વ્યંજનપર્યાય હોય, આવી અર્થપર્યાય હોય. આવે છે? 'વજુભાઈ'! 'જૈન સિદ્ધાંત પ્રવેશિકા'માં આવે છે.

અહીં કહે છે કે, ધર્મીને શરીર ન હોય, ધર્મીને વિકલ્પ ન હોય. સમજાય છે? રાગ ન હોય. ન હોય એને વ્યવહારવાળા કહે કે આ છે. ઈ વ્યવહારનયનો વિષય થઈ ગયો. નથી એને કહેવું. એકલો ભગવાનઆત્મા ચૈતન્યબિંબ શુદ્ધ ચિદાનંદમૂર્તિ (છે). એ પોતે નિરાસ્રવ છે. એને આસ્રવ છે જ નહિ. '**જે રીતે ઘટે છે તે કહે છે**-' 'भावास्रवाभावं प्रपन्नः' લ્યો, પહેલો શબ્દ છે ને ઈ? 'भावास्रवाभावं प्रपन्नः' 'अयं' ગયું પેલામાં. 'अयं' પેલામાં-'ज्ञानी निरास्रवः' ગયું. 'भावास्रवाभावं' 'अभावं' 'अभावं प्रपन्नः' લ્યો. 'भावास्रवाभावं प्रपन्नः' કેમકે '**મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ ચેતનાપરિણામ,...**' મિથ્યા એટલે ભ્રાંતિ કે હું એક અંશમાં છું, પુણ્યમાં છું, પુણ્યથી ઠીક છે, પાપમાં મજા છે એવો જે મિથ્યાત્વભાવ અને એની સાથેનો રહેલો રાગ-દ્વેષ ભાવ, એ અશુદ્ધ ચેતનાપરિણામ છે. એ તો ચેતનાના અશુદ્ધ પર્યાય છે, અશુદ્ધ. તેનો વિનાશ છે. ધર્મીને તે અશુદ્ધ પરિણામનો અભાવ છે અને શુદ્ધ પરિણામની વિદ્યમાનતા છે. કેમકે શુદ્ધ વસ્તુ વિદ્યમાન છે તેથી તેને શુદ્ધ પરિણામ જ વિદ્યમાન છે. અશુદ્ધ પરિણામ છે નહિ. સમજાણું કાંઈ?

ભાવાસ્રવ એટલે મિથ્યાત્વ, રાગ-દ્વેષ અશુદ્ધ ચેતનાપરિણામનો વિનાશ છે. કહો, સમ્યગ્દષ્ટિને ભાવાસ્રવનો નાશ છે, એમ કહે છે. ભાવાસ્રવની હયાતી જ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? એ.. સમકિતીને આસ્રવ નથી. દસમા ગુણસ્થાન સુધી આસ્રવ છે. હવે, સાંભળને, ભાઈ! કઈ અપેક્ષા કહી છે? એ તો જાણવાની અપેક્ષાએ બાકી થોડું છે તો કહે છે. અહીં તો વસ્તુ અને વસ્તુની દૃષ્ટિમાં અને એની પરિણતિમાં છે નહિ. એમ વસ્તુ પહેલી આ નક્કી કર્યા વિના પછી જ્ઞાન સાચું ક્યાંથી થશે? દસમા સુધી છે ને બધું છે. કહો, સમજાણું આમાં? કેવળીને હજી અશુદ્ધ પરિણમન છે, કર્તા-કર્મના કેટલાક ગુણોનું.. હજી ઉદયભાવ

છે, અસિદ્ધ ભાવ છે, કેવળીને પણ હજી અસિદ્ધ ભાવ છે. અહીં કહે છે કે સમકિતીને અશુદ્ધ ભાવ છે નહિ. ભારે વાતું, ભાઈ! એ તો પર્યાય, પર્યાયની વ્યાખ્યા જ્યારે કરવી હોય ત્યારે જણાવે કે આવું છે. એવું જ્ઞાન કરાવવા. અહીં તો એકલી વસ્તુ છે એમાં તો અશુદધ પરિણમન જ નથી ને. વળી ઉદયભાવ ને અસિદ્ધભાવ જ નથી ને, એમ અહીં તો કહે છે. આહાહા..! વસ્તુ છે ને? વસ્તુમાં ક્યાં છે ઈ? વસ્તુ છે એવી વસ્તુનું પરિણમન છે. પરિણમનમાં ક્યાં છે ઈ? કહો, સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા મહા ચૈતન્યપ્રભુ અનંત અનંત અનંત ગુણની ખાણરૂપ વસ્તુ, એવી એકરૂપ વસ્તુ વિદ્યમાન દ્રવ્ય, હયાતીવાળો પદાર્થ (છે). આવશે ને આમાં? જીવંત. આમાં જ આવશે ને? એક ફેરી નહોતું કહ્યું? જીવંત. આસ્રવ (અધિકારમાં) ક્યાંક શ્લોકમાં હશે ને? વિદ્યમાન જીવંત. જુઓ! 'सर्वस्याम् एव जीवन्त्यां' આ વિદ્યમાન છે. પેલું ભગવાનનું જીવન યાદ આવ્યું હતું ને? 'जीवन्त्यां' **'તેટલી જ છે, વિદ્યમાન છે.' 'ઘણા કાળ પર્યંત જીવના પ્રદેશોમાં રહેવું તે-જેટલી હોત, જેવી હોત, તેટલી જ વિદ્યમાન છે, તેવી જ છે નિશ્ચયથી; તોપણ સમ્યગ્દષ્ટિ જીવ સર્વથા સર્વ કાળ આસ્રવથી રહિત છે...'** 'जीवन्त्यां' છે ને? ૧૧૭. વિદ્યમાન. ૧૧૭ શ્લોક. ઈ 'जीवन्त्यां' નો અર્થ ૧૦૭ પાને કર્યો છે. ત્રીજી લીટી. 'जीवन्त्यां'. **'પુદ્ગલપિંડરૂપ અનેક પ્રકારનું મોહનીયકર્મ, તેની સંતતિ-સ્થિતિબંધરૂપ ઘણા કાળ પર્યંત જીવના પ્રદેશોમાં રહેવું તે-જેટલી હોત, જેવી હોત, તેટલી જ છે,...'** તોપણ આત્મા નિરાસ્રવ છે, એમ ત્યાં કહેવું છે. ત્યાં વિદ્યમાન હોય તોપણ નિરાસ્રવ છે. આ વિદ્યમાન આવ્યો એટલે ઓલું વિદ્યમાન હોય તોપણ નિરાસ્રવ છે.

આ ભગવાનનું યાદ નહોતું આવ્યું? કેમ એય..! 'વજુભાઈ'! ક્યું? આ જીવતા ભગવાન. જીવંતસ્વામી. ઈ. 'બયાના'માં. લખ્યું છે ને? ભગવાન જીવંતસ્વામી. મહાવિદેહમાં ધર્મકર્તા જીવંતવસ્વામી 'સીમંધર' ભગવાન. સમજાણું? એમ આ જીવંતસ્વામી. પેલા .. આ જીવંતસ્વામી. વિદ્યમાન આવ્યું પહેલું. વિદ્યમાન વસ્તુ ત્રિકાળ. વિદ્યમાન ભગવાન એમ કહે છે ને? વિદ્યમાન તીર્થંકર એમ કહે છે ને? જીવતા તીર્થંકર, વિદ્યમાન તીર્થંકર. એમ આ વિદ્યમાન ભગવાનઆત્મા વસ્તુ, એનું ભાન થતાં જે દૃષ્ટિ થઈ ત્યાં અશુદ્ધ પરિણમન છે જ નહિ. ઉદયભાવનો અભાવ છે. આહાહા..! પારિણામિકભાવ એ ત્રિકાળ અને ક્ષયોપશમ, ક્ષાયિક આદિ પર્યાય. બસ. નિર્મળ પરિણમન. પેલું છે જ નહિ. સમજાણું કાંઈ?

કહે છે, 'भावास्रवाभावं प्रपन्नः', 'भावास्रवाभावं प्रपन्नः'. લ્યો. ઓહોહો..! અસ્તિપણે આમ પરિણમન છે એમ પહેલું કહ્યું. હવે નાસ્તિપણે આમ છે, એમ કહે છે. વાહ! દિગંબર મુનિઓની સ્થિતિનું વર્ણન અલૌકિક! કેવળીના ધર્મને થાંભલારૂપ રાખ્યા છે. ઓહોહો..! ઈ પદ્ધતિના વાચ્યને બતાવે છે એ કોઈ અલૌકિક છે! ભગવાનઆત્મા પોતાના વિદ્યમાન પ્રભુને પહોંચ્યો, વિદ્યમાન વસ્તુમાં શુદ્ધ પરિણમન છે, અસ્તિપણે છે. ધારાપ્રવાહીરૂપ જ્ઞાયક સ્વ-પરને જાણનારું આમ રહી ગયું છે, એમ કહે છે. હવે આ નથી એમ હવે કહે છે. આમ છે, આ નથી. સમજાણું કાંઈ? અર્થમાં ભલે કહેતા આવ્યા હતા, પણ પાઠમાંથી અહીં આવે છે.

કહે છે કે '**भावास्रवाभावं प्रपन्नः**' '**प्रपन्नः**' એ '**મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ ચેતનાપરિણામ, તેનો વિનાશ, તેને પ્રાપ્ત થયો છે.**' એનો અભાવ પ્રાપ્ત થયો છે. જ્ઞાનની પરિણતિનો એકરૂપ ભાવ પ્રાપ્ત થયો છે અને આનો અભાવ પ્રાપ્ત થયો છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા ચૈતન્યડુંગર, એનો જ્યાં પ્રવાહ આવ્યો તો ચૈતન્યપરિણામ જ્ઞાયક સ્વ-પર દ્રવ્યને જાણવાનો પ્રવાહ રહ્યો, બસ. ભાઈ! અને આ ભાવાસ્રવ છે તેના અભાવને પ્રાપ્ત થયા છે. એ નાસ્તિરૂપે વાત છે. સમજાણું કાંઈ? ઈ ધ્યાન રાખે તો ધીમે ધીમે સમજાય, હોં! ન સમજાય એમ નહિ. 'જાદવજીભાઈ' જેવા કહે છે, હવે થોડું થોડું સમજાય છે. સમજાય, સમજાય, ન સમજાય એમ નહિ. આ તો એના ઘરની (વાત છે). સમજેલાની વાતું સમજાવે એને છે કે તું સમજી શકે એવો તો છો. આવો તું છો એની વાત કરે છે. સમજાણું?

'**પ્રાપ્ત થયો છે. ભાવાર્થ આમ છે કે-અનંત કાળથી જીવ મિથ્યાદૃષ્ટિ હોતો થકો...**' જોયું! '**મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ પરિણમતો હતો, તેનું નામ આસ્રવ છે.**' જ્યાં સુધી ભગવાનઆત્મા પોતાના શુદ્ધ સ્વરૂપને ન જાણતાં એકલો પુણ્ય-પાપ ને વિકલ્પ ને અંશબુદ્ધિમાં પડ્યો હતો, મિથ્યાત્વ ને રાગ-દ્વેષ (રૂપે) પરિણમતો હતો ત્યાં સુધી તેને આસ્રવ હતો, ત્યાં સુધી તેને અશુદ્ધપણું જ હતું, એમ કહે છે. ત્યાં સુધી તેને અશુદ્ધપણું જ હતું. ભાન થતાં તેને શુદ્ધપણું જ છે, અશુદ્ધપણું છે નહિ. એમ કહે છે. આહાહા..! '**ભાવાર્થ આમ છે કે-**' અર્થ કર્યા વળી પાછો ભાવાર્થ (કહે છે).

'**અનંત કાળથી જીવ મિથ્યાદૃષ્ટિ હોતો થકો...**' મિથ્યાદૃષ્ટિ હોતો થકો. એમ. પોતે થઈને. કર્મે મિથ્યાદૃષ્ટિ કરાવ્યો છે એમ છે નહિ. પોતે જ પોતાના સ્વરૂપની દૃષ્ટિથી વિપરીત પુણ્ય ને પાપ, વિકલ્પ ને અંશમાં માહાત્મ્ય માનતો, અંશના વિકાસના અંશમાં, ઉઘાડના અંશમાં ને રાગ-દ્વેષના અંશમાં માહાત્મ્ય કરીને મિથ્યાદૃષ્ટિપણે રાગ-દ્વેષ કરતો ત્યાં સુધી તેને એકલું અશુદ્ધપણું જ હતું, એને જ આસ્રવ હતો. સમજાય છે કાંઈ? '**તેનું નામ આસ્રવ છે.**' તેનું નામ આસ્રવ છે. એટલે કે જ્યાં સુધી મિથ્યાદૃષ્ટિ હોતો થકો મિથ્યાત્વ અને રાગ-દ્વેષપણે પરિણમતો હતો તેનું નામ આસ્રવ છે. વાહ!

'**કાળલબ્ધિ પામતાં તે જ જીવ સમ્યક્ત્વપર્યાયરૂપ પરિણમ્યો, શુદ્ધતારૂપ પરિણમ્યો, અશુદ્ધ પરિણામ મટ્યા,...**' સમજાણું કાંઈ? દાદુ કહે દુંદ ફાટી, સવળી ચાલી ચાલી હેર. ભટકવું તો મટી ગયું ને વસ્તુ જડી ઘેર. અન્યમતી એક દાદુ થયો છે ને? દાદુ ભગત, દાદુ ભગત કહે છે. દાદુનો ચેલો થયો છે. દાદુ કહે દુંદ ફાટી. દુંદ સમજાય છે? ભેખ મોટો દુંદ. એય..! તમારો .. પૂછતો હતો. લ્યો. દુણાઈ ગયાનો અર્થ શું છે? એ વળી યાદ આવ્યું. દુંદમાંથી દુણાઈ.. પરમ દિ' હતું, દુણાણુ એટલે શું હશે? દૂધ દુણાણું, ખીચડી દુણાણી. એમાં શું તમારો સંસ્કૃતનો શબ્દ છે? કેમ આપણે કહે છે કે નહિ? હમણાં દૂધ દુણાઈ ગયું, ખીચડી દુણાઈ ગઈ. એમ કહે છે. દૂધપાક દુણાઈ ગયો. નથી કહેતા? દુણાઈ ગયો એટલે શું કીધું ભાઈ આમાં? દુણાઈ ગયાનો અર્થ સમજ્યા વિના દુણાઈ ગયું, દુણાઈ ગયું દીધે રાખે છે, શું છે આ? પછી 'ન્યાલભાઈ' કહે, દોણી હોય ને? દોણી, એમાંથી.. પણ અમારે સંસ્કૃતવાળાને પૂછવું પડે. આમ અધ્ધરથી દીધે રાખે, દુણાઈ ગયું, દુણાઈ ગયું. દુણું થઈ ગયું

હશે? પેલું વધારે થઈ ગયું? એટલે દુણાઈ ગયું હશે? દુ એટલે? ભાઈએ પ્રશ્ન કાઢ્યો હતો દુ એટલે શું? એમ આ આત્મા મિથ્યાત્વભાવમાં દુણાઈ ગયો. એમ આવે છે ને? એવું કાંઈક છે. કાઢજો, નક્કી કરજો શબ્દનો અર્થ. કે એ રૂઢિગત શબ્દ છે? રૂઢિગત પણ હોય, એવું કાંઈ નહિ. ધર્માસ્તિકાયને જેમ નામ છે ને? ધર્માસ્તિકાય છે? રૂઢિગત શબ્દ છે. ધર્માસ્તિકાય દ્રવ્ય છે ને ભગવાને કહેલું? એનો કોઈ શબ્દાર્થ કરવા જાય તો નીકળે એવું નથી. એમ કોઈ હોય. એનું કાંઈ નહિ. આવે છે, હોં! 'અષ્ટપાહુડ'માં. ગંધ. ગંધ બેસી ગઈ. એવું આવે છે. 'અષ્ટપાહુડ'માં ભાવપાહુડમાં. ગંધ. 'કુંદકુંદાચાર્ય'નો મૂળ પાઠ (છે). મિથ્યાત્વની ગંધ પેઠી છે, વાસના પેઠી છે. ભગવાનઆત્માની ગંધ પેસતા સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન, ભાન થતાં પરમાત્માની ગંધ પેસી ગઈ. એ પરમાત્માની ગંધ પેઠી. વાસના પરમાત્માની થઈ ગઈ. એ પરમાત્મા થઈ જવાનો. આહાહા..! સમજાણું? અને આ પુણ્ય ને પાપ ને વિકલ્પની ગંધ બેઠી છે ને મિથ્યાત્વમાં? એને એકલો આસ્રવ છે, કહે છે. બીજું છે નહિ. આત્મા નથી, સંવર નથી, નિર્જરા નથી ને મોક્ષ પણ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ?

'**તે જ જીવ સમ્યક્ત્વપર્યાયરૂપ પરિણમ્યો...**' જુઓ! સમકિતપર્યાયરૂપ પરિણમ્યો, એમ છે. પેલા કહે, સમકિત ગુણ છે. તમે વિચારીને પર્યાય, પર્યાય નાખો. આવો એક ક્ષુલ્લક (કહેતો) હતો. અરે.. ભાઈ! અનેક જાતના માણસો. વિવિધતા છે ને. એમાં એકતા તો ન જ હોય. સમકિતરૂપ પર્યાયે પરિણમ્યો છે એમ અહીં તો કીધું છે. પેલા કહે, સમકિત ગુણ છે. સિદ્ધમાં પણ આઠ ગુણ છે. તમે પર્યાય પર્યાય શું કરો છો? દીધે રાખો છો આત્મધર્મ. ઠીક ભાઈ! અહીં તો કહે છે, સિદ્ધ પોતે પર્યાય છે. સાંભળને! એ પર્યાયનયનો વિષય સિદ્ધ છે. સંસારી ને સિદ્ધ તો બે પર્યાય છે. દ્રવ્ય તો દ્રવ્યરૂપ ધ્રુવ છે એકરૂપ છે. એમાં પર્યાય ક્યાંથી આવી? સિદ્ધપર્યાય એમાં ક્યાં છે અને દ્રવ્યમાં આ પર્યાય ક્યાં છે? પર્યાય તો ઉપર ઉપર આઘી ધ્રુવથી ભિન્ન તરે છે. સમજાણું કાંઈ? વાહ! સ્વાધ્યાય તો જુઓ આ સ્વાધ્યાય! બહાર નીકળે એમાં આ કાંઈ આવું ચાલે?

કહે છે કે સમકિત-'**સમ્યક્ત્વપર્યાયરૂપ પરિણમ્યો,...**' ભગવાનઆત્મા પોતાના વસ્તુસ્વભાવની પર્યાયમાં પ્રાપ્તિ થઈ, પરિણમ્યો. '**શુદ્ધતારૂપ પરિણમ્યો,...**' એમ કહે છે. (સમ્યક્ત્વરૂપ પરિણમ્યો) એટલે શુદ્ધતારૂપ પરિણમ્યો. પેલો મિથ્યાત્વરૂપ પરિણમ્યો હતો એ અશુદ્ધતા આસ્રવ હતો. સમકિતરૂપ પરિણમ્યો એટલે શુદ્ધતારૂપ પરિણમ્યો. '**અશુદ્ધ પરિણામ મટ્યા, તેથી ભાવાસ્રવથી તો આ પ્રકારે રહિત થયો.**' તેથી ભાવાસ્રવથી તો આ પ્રકારે. કીધું ને? અશુદ્ધરૂપ પરિણમ્યો નહિ, શુદ્ધરૂપ પરિણમ્યો માટે અશુદ્ધ પરિણમન રહ્યું નહિ. સમજાણું કાંઈ? મીઠી અમૃત જેવી વાત છે. આહા..! ઈ કાને પડતાં પેલો વિકલ્પ થાય ઈ જુદી જાતનો છે સાંભળવાનો. વાત તો ઈ છે, બાપા! આહાહા..! સમજાણું કાંઈ?!

ભગવાનઆત્મા અમૃતનો કુંડ મોટો! જુઓને! આ રોગ મટાડવા પાણીમાં ન્હાવા જાય છે ને? ધરામાં. રાજગૃહી નથી? રાજગૃહી છે ને? જોયું હતું. અમે છેટે ઊભા હતા. લોકો પાણીમાં નહાતા હતા. અંદર રાજગૃહીના નવા કુંડમાં. બહુ ખસ હોય ને.. (તો મટી જાય). (અહીં) એમ કહે છે કે મિથ્યાત્વના ગુમડા લાગ્યા હોય એણે ચૈતન્યના પ્રવાહમાં અંદર

નહાવું. તારો કુંડ મોટો છે. કોઈ દિ' પાર જ ન આવે. હવે થઈ રહ્યું એમ છે જ નહિ. થઈ શું રહે? દ્રવ્ય છે એમાં થઈ શું રહે? એવો જેમાં આનંદનો, શાંતિનો પ્રવાહ છે. એને શુદ્ધતારૂપ પરિણમન થયું, (હવે) અશુદ્ધ પરિણમન નથી.

'**તેથી ભાવાસ્રવથી તો આ પ્રકારે રહિત થયો.**' કોણ? સમકિતી જીવ. '**द्रव्यास्रवेभ्यः स्वतः एव भिन्नः**' પેલું તો ત્યાં શુદ્ધ (રૂપે) પરિણમ્યો માટે અશુદ્ધતા ટળી એમ કીધું. અને આ દ્રવ્યાસ્રવ તો સહજ ભિન્ન જ છે. એને વળી ટાળવું-ફાળવું, રહિતપણું છે નહિ. એ તો રહિત જ છે, એમ કહે છે. પહેલી જે વાત હતી, જ્યાં સુધી મિથ્યાત્વ અને રાગ-દ્વેષનું પરિણમન હતું એ અશુદ્ધ હતું, એ આસ્રવ હતો, બસ. સ્વભાવની દૃષ્ટિ થતાં શુદ્ધ પરિણમન થયું ત્યાં આસ્રવ નથી. એટલે આ રીતે એને આસ્રવ-ભાવાસ્રવ નથી. આ રીતે. અને દ્રવ્યાસ્રવ? તો દ્રવ્યાસ્રવ તો રહિત છે. એ તો ધૂળ છે, એ તો રજકણો જુદાં પડ્યા છે. અહીં તો શુદ્ધપણે પરિણમ્યો માટે અશુદ્ધપણું નથી, ભાવાસ્રવ નથી અને દ્રવ્યાસ્રવ તો ત્યાં છે જ નહિ. કારણ કે રજકણો કર્મના પડ્યા છે એ તો ભિન્નપણે છે, આત્મામાં છે નહિ. એક સમયની અવસ્થાપણે આસ્રવ હતો, એ દ્રવ્યદૃષ્ટિ થતાં, શુદ્ધ પરિણમન થતાં તે અશુદ્ધ પરિણમન રહ્યું નહિ. પર્યાયમાં હતું એ રહ્યું નહિ. આ તો પર્યાયમાં પણ નથી. કોણ? દ્રવ્યાસ્રવ.

'**જ્ઞાનાવરણાદિ કર્મપર્યાયરૂપ જીવના પ્રદેશોમાં બેઠા છે...**' લ્યો. ભગવાન જ્યાં અસંખ્ય પ્રદેશી પ્રભુ છે ત્યાં પેલા કર્મ બેઠા છે. અંદર આઠ કર્મના રજકણો બેઠા છે અંદર આ છે ને એવા રજકણ. '**પુદ્ગલપિંડ, તેમનાથી સ્વભાવથી સર્વ કાળ નિરાળો જ છે.**' તેનાથી સ્વભાવથી, સ્વભાવથી. એનું પરિણમન બદલ્યું માટે નહિ. પરિણમન બદલ્યું તો અશુદ્ધ રહ્યું નહિ. આ તો સ્વભાવથી ભિન્ન જ છે. '**સર્વ કાળ નિરાળો છે.**' એ રીતે જ્ઞાની ભાવાસ્રવ અને દ્રવ્યાસ્રવથી રહિત છે. ભાવાર્થ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા વદ ૬, સોમવાર, તા.૩-૧૦-૧૯૭૭
## કળશ - ૧૧૫-૧૧૬, પ્રવચન - ૧૧૨

'કળશટીકા'. ૧૧૫. જ્યાં સુધી શુભ-અશુભભાવમાં લીન થઈને રોકાયેલ છે ત્યાં સુધી સંસારમાં પરિભ્રમણમાં રખડવાનો છે. આહાહા..! જ્યારે સમ્યક્રૂપી પર્યાયે પરિણમે છે (અર્થાત્) શુદ્ધતારૂપે પરિણમે છે. એમ. પુણ્ય-પાપરૂપે થવું એ તો અશુદ્ધ છે. શુભ-અશુભભાવને અહીં આસ્રવ કહ્યા છે ને. ચાહે તો હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, કામ, ક્રોધ આદિના પરિણામ હો. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ હો, બેય ભાવ આસ્રવ-નવા આવરણનું કારણ છે. એ આસ્રવને રોકવા માટે જે ચૈતન્યસ્વરૂપ ભગવાન પૂર્ણ પવિત્ર, એ અંતર્મુખ દૃષ્ટિ કરે છે ત્યારે શુદ્ધ પરિણમન થાય છે. એ શુદ્ધ પરિણમન (થયું) એ સમ્યગ્દર્શનની દશા (છે). આહાહા..! આવી વાત છે. હજી શુદ્ધ શું ને પરિણમન

શું, એની ખબર ન હોય.

ચૈતન્ય વસ્તુ એ શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ અનાકુળ શાંતિ અને આનંદનો રસકંદ પ્રભુ છે. છે કહો કે હૈ કહો. એમાં દૃષ્ટિ દઈને બહારથી સર્વથા સમેટીને અંતરમાં દૃષ્ટિ દઈને જ્યારે શુદ્ધ પરિણમન થાય છે ત્યારે એને સમ્યગ્દર્શન થયું અને ત્યારે શુદ્ધતાનું પરિણમન થયું, ત્યારે સંવર, નિર્જરા દશા થઈ. આહાહા..! **'અશુદ્ધ પરિણામ મટ્યા...'** પુણ્ય અને પાપના ભાવ, શુભ-અશુભભાવ, એ શુદ્ધ સ્વભાવના આશ્રયે પરિણમતાં અશુદ્ધ પુણ્ય-પાપના ભાવ મટી ગયા. આહાહા..! એ સંબંધી-મિથ્યાત્વ સંબંધી અને રાગ-દ્વેષ આદિ મિથ્યાત્વ સાથેના, એ સંબંધી અશુદ્ધ પરિણામ મટી ગયા. એની મુખ્યતાથી અહીંયા વાત કરી છે.

**'તેથી ભાવાસ્રવથી તો આ પ્રકારે રહિત થયો.'** આહાહા..! એ પ્રકારે તો ભાવાસ્રવ જે પુણ્ય-પાપ અને મિથ્યાત્વના ભાવ (હતા), એનાથી તો રહિત થયો. આ સંવર, નિર્જરા. આ બહારમાં કહે ને, પાંચે આસ્રવ સેવવાના પચ્ચખાણ .. બેસે તો સંવર થઈ ગયો. એ પ્રકારે **'અશુદ્ધ પરિણામ મટ્યા, તેથી ભાવાસ્રવથી તો આ પ્રકારે રહિત થયો.' 'તેથી ભાવાસ્રવથી તો આ પ્રકારે રહિત થયો.'** જેટલા મિથ્યાત્વભાવ અને મિથ્યાત્વ સંબંધી રાગ-દ્વેષ ભાવ હતા, એટલા અશુદ્ધ પરિણામ મટ્યા અને ભગવાન પરમાનંદ સ્વરૂપની પ્રતીત અનુભવદૃષ્ટિ થઈ તો એટલી સંવર અને નિર્જરા ઉત્પન્ન થઈ. આહાહા..! આને સંવર, નિર્જરા કહીએ.

હવે, **'द्रव्यास्रवेभ्यः स्वतः एव भिन्नः'** ભાવાસ્રવ તો ભિન્ન થઈ ગયા, હવે દ્રવ્ય પરમાણુ જે કર્મના જે જડ રજકણ પડ્યા છે તેમનાથી તો સ્વ ભિન્ન જ છે. કારણ કે એ રજકણ જડ પદાર્થ ભિન્ન છે, આત્મા ભિન્ન છે. આહાહા..! **'द्रव्यास्रवेभ्यः स्वतः एव भिन्नः' 'જ્ઞાનાવરણાદિ કર્મપર્યાય...'** આહાહા..! અનંત ગુણરત્નાકરનો સાગર પ્રભુ છે. આહા..! એ પોતાના આનંદને ભૂલીને પુણ્ય પરિણામ-દયા, દાન શુભભાવમાં ઠીક છે (એમ માને છે, તે) ભિખારી છે. ભિખારી ભિખ માગે છે. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કોણ પૈસા એના હતા તે આપે? આહાહા..! ઓલી વાત નહોતી થઈ એટલે પછી આજે મેં પૂછ્યું હતું. વીસ તોલા સોનું પેલા સોનીનું ગયું ને? વીસ તોલા બાર હજારનું થાય, કહે છે. ૬૦૦ રૂપિયાનું તોલા એમ કોઈક કહેતું હતું. સવારે પૂછ્યું, આપણને કાંઈ ખબર નહોતી. છોકરાઓને પૂછ્યું, આ તોલાના કેટલા રૂપિયા? કારણ કે અમારા વખતમાં ચોવીસ રૂપિયાનો તોલો હતો. ચોવીસ રૂપિયાનો તોલો, બાર રૂપિયાનું ગદિયાણું. ત્યારે કોઈકે કીધું, ૬૦૦ રૂપિયા તોલો. વીસ તોલા હતું. બાર હજાર રૂપિયા થાય. સોનીના છોકરાને બિચારાને કોઈક લઈ ગયું હતું. ઝેર પીવડાવી દીધું. 'વીરજીભાઈ' ઉપર પત્ર આવ્યો છે. એક તો મરી ગયો. ઉજ્જેન.. ઉજ્જેન. અને એકને કહે છે, ઈસ્પિતાલમાં લઈ ગયા છે. આહાહા..! વીસ તોલા સોનું કોઈ લઈ ગયા. સોનીના છોકરા હતા. એના પિતાજી નહિ હોય, બહાર ગયેલા. એમાં આ બે જણા હતા અને કોઈ લઈ ગયું. હાય..હાય..! પિતાજી આવશે, શું કરશે? ઝેર પી લીધું. ઝેર તો હોય ને. સોનીની જોડે સોનું સાફ કરવામાં હોય. ઝેર. એક તો ત્યાં ને ત્યાં મરી ગયો. બેય, બેય છોકરાઓએ ઝેર પીધું. આહાહા..!

અરે..! આ તો મિથ્યાત્વના ઝેર પીવે છે. ઈ લેને. આહાહા..! ક્ષણે ક્ષણે પુણ્ય અને પાપના ભાવ જે શુભ-અશુભ થાય એ મારા છે, એ ઝેર પીવે છે, એ મિથ્યાત્વનું ઝેર પીવે છે. આહાહા..! ચૈતન્યના જીવનને જોખમમાં નાખ્યું. આહાહા..! જેમ શરીર ઉપર છરાના ઘા પડે અને લોહી.. ખૂન.. ખૂન (નીકળે). (એમ) ત્રણલોકનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ આનંદકંદ છે, એને પુણ્ય અને પાપના ભાવ મારા છે, એમ મિથ્યાત્વના ચૈતન્ય ઉપર ઘા પડે છે. આહાહા..! ભાઈ! તને ખબર નથી. તારા જીવમાં જીવન કેવું છે એની તને ખબર નથી. આહાહા..!

અહીં પરમાત્મા જિનેન્દ્રદેવ જિનેશ્વરદેવ ત્રિલોકનાથ પરમાત્મા જિનવર ફરમાવે છે, પ્રભુ! પ્રભુ તરીકે જ બોલાવે છે. આહાહા..! તું પ્રભુ છો ને, નાથ! અંદર અનંત આનંદનો નાથ. તારી પ્રભુતા ઉપર તારી દૃષ્ટિ ગઈ તો રાગ અને પુણ્ય ને પાપની દૃષ્ટિ ગઈ. અહીં ગઈ તો અહીંથી ગઈ. આહાહા..! એને સમ્યગ્દર્શનની દશા કહેવાય છે. આહાહા..! ધર્મની પહેલી શરૂઆત. એ પુણ્ય અને પાપના બે ભાવ આસ્રવ, દુઃખરૂપ, એની રુચિ છોડી, ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ, અનાકુળ જ્ઞાન અને આનંદનો રસકંદ (છે), એવી અંતર દૃષ્ટિ થઈને શુદ્ધ પરિણમન થયું, એનું નામ સમ્યગ્દર્શન-ધર્મની પહેલી સીઢી (કહેવાય છે). એમાં ભાવાસ્રવનો અભાવ છે. સમજાય છે કાંઈ? ભાવ આ-મિથ્યાત્વ. પુણ્ય મારા, એ માન્યતા હતી એ માન્યતા નાશ થઈ ગઈ. આહાહા..! અરે..! આવો માર્ગ લોકોને હાથ લાગતો નથી. સાંભળવા મળતો નથી. જૈનને નામે અત્યારે તો બધું અજૈનપણું ચાલ્યું છે. આ વ્રત કરો ને અપવાસ કરો ને ભક્તિ કરો ને જાત્રા કરો ને પૂજા કરો, એ તો બધી રાગની ક્રિયા છે. આહાહા..! અને રાગ મારો માન્યો અને મને લાભદાયક છે, મહા મિથ્યાત્વનું પાપ છે, મોટું પાપ મિથ્યાત્વનું. લોકોને સાંભળવા મળ્યું નથી. આહાહા..!

ભગવાન અહીંયાં કહે છે, એકવાર સાંભળ તો ખરો. તારી ઋદ્ધિ, સિદ્ધિ, સંપદા તારામાં પરિપૂર્ણ પડી છે, નાથ! તારે બહાર ડોકિયા કરવાની જરૂર નથી. અંતર ઋદ્ધિ છે ત્યાં ડોકિયું કર ને, નજર કર ને. જે નજરના નિધાન તને નજરમાં જણાશે. આહાહા..! ત્યારે તેનું શુદ્ધ પરિણમન થશે. ત્યારે તેને અશુદ્ધ પરિણામ મિથ્યાત્વનો નાશ થશે. આહાહા..! એ ભાવાસ્રવનો નાશ તો આ રીતે કહ્યો. એની પર્યાયમાં હતો ઈ. શુદ્ધ પરિણમન થયું તો પર્યાયમાં હતો એનો નાશ થયો. અને આ કર્મના પરમાણુ જે છે, જ્ઞાનાવરણાદિ ભગવાને આઠ કર્મ જે કહ્યા એ જડ છે, માટી છે, પુદ્ગલ છે, અજીવ છે, રૂપી છે, મૂર્ત છે. એ તારા આત્મપ્રદેશ ઉપર પડ્યા છે પણ તદ્દન નિરાળા છે. આહાહા..! અરૂપી ભગવાનના પ્રદેશ-ક્ષેત્રમાં પરમાણુ કર્મ, આઠ કર્મ જે જડ છે, માટી-ધૂળ છે, એ એક પ્રદેશમાં રહ્યા છે પણ વસ્તુ નિરાળી છે. ભગવાનઆત્માના પ્રદેશથી એ પરમાણુ તદ્દન ત્રણે કાળ નિરાળા છે. આહાહા..!

એ '**જીવના પ્રદેશોમાં બેઠા છે પુદ્ગલપિંડ.**' છે. એ '**સ્વભાવથી...**' એ સ્વભાવથી નિરાળા છે. આહાહા..! '**સર્વ કાળ નિરાળો જ છે. ભાવાર્થ આમ છે કે-આસ્રવ બે પ્રકારનો છે.**' એક-પુણ્ય-પાપનો ભાવાસ્રવ. એક-કર્મ રજકણ આવે એ આસ્રવ-દ્રવ્યાસ્રવ. '**વિવરણ-એક દ્રવ્યાસ્રવ છે, એક ભાવાસ્રવ છે. દ્રવ્યાસ્રવ એટલે કર્મરૂપ બેઠા છે આત્માના**

**પ્રદેશોમાં પુદ્‌ગલપિંડ તે; આવા દ્રવ્યાસ્રવથી જીવ સ્વભાવથી જ રહિત છે.'** આહાહા..! અરે..! ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર, એનો માર્ગ કોઈ અલૌકિક છે. પણ વર્તમાનમાં તો ગડબડી બહુ થઈ ગઈ. મૂળ માર્ગ મૂકીને બીજે રસ્તે ચડાવી દીધા.

અહીં કહે છે, કર્મના રજકણો.. હવે એ એમ કહે છે, લ્યો. કર્મ અમને રખડાવે છે. પણ એ કર્મ ભિન્ન ચીજ છે એ તને કેમ રખડાવે? સમજાય છે કાંઈ? સર્વ કાળે કર્મના પુદ્ગલો તારા પ્રદેશમાં હોવા છતાં સર્વ કાળ નિરાળા છે. નિરાળી ચીજ તને નુકસાન કરે? તને કર્મ હેરાન કરે? આ જૈનમાં લાકડું મોટું. જૈન નામ ધરાવે. બસ, કર્મને લઈને હેરાન, કર્મને લઈને હેરાન. અહીં તો કહે છે, કર્મ સર્વ કાળ નિરાળા પડ્યા છે ને. આહાહા..! નુકસાન તું તારા સ્વરૂપના ભાન વિના તું તને નુકસાન કરે છે. 'અપને કો આપ ભૂલકર હૈરાન હો ગયા.' કર્મને કારણે નહિ. જુઓને! કેટલા શબ્દો લીધા છે.

**'સ્વભાવથી સર્વ કાળ નિરાળો જ છે.'** એનો સ્વભાવ જ છે કે એ ભિન્ન છે. ભિન્ન ચીજ તારી પર્યાયમાં છે એમ કહેવું એ વ્યવહાર છે. એ એના ક્ષેત્રમાં છે. આહાહા..! ભારે વાતું, ભાઈ! **'જોકે જીવના પ્રદેશો અને કર્મપુદ્‌ગલપિંડના પ્રદેશો એક જ ક્ષેત્રે રહે છે...'** ક્ષેત્ર એક છે. **'તોપણ પરસ્પર એકદ્રવ્યરૂપ થતા નથી.'** પુદ્‌ગલ પરમાણુ જીવરૂપે થતા નથી અને જીવદ્રવ્ય એ પુદ્‌ગલરૂપે થતો નથી. આહાહા..! પુદ્‌ગલ દ્રવ્ય એ અજીવદ્રવ્ય છે, ભગવાનઆત્મા એ તો જીવદ્રવ્ય છે. તો જીવદ્રવ્ય કોઈ અજીવદ્રવ્યરૂપ થઈ જાય અને અજીવદ્રવ્ય જીવદ્રવ્યરૂપ થઈ જાય, એમ ત્રણકાળમાં બનતું નથી. આહાહા..! સમજાય છે કાંઈ? **'તોપણ પરસ્પર એકદ્રવ્યરૂપ થતા નથી. પોતપોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ રહે છે.;...'** જુઓ! શું કહ્યું? પુદ્‌ગલ જે જડ આઠ કર્મ, એ રજકણ તે દ્રવ્ય. અને એના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ તે ગુણ અને એની કર્મરૂપી પર્યાય તે અવસ્થા. એ દ્રવ્ય, ગુણ અને પર્યાય એનામાં એને લઈને છે. તારે લઈને એમાં નથી. આહાહા..! ક્યાં નવરાશ મળે? ધંધા આડે નવરા ન મળે. એય..! 'હસમુખભાઈ'! માંડ માંડ શું કરવા અહીં છોકરાઓને બોલાવ્યા હશે કે આવો અહીંયાં ઝટ હવે.

મુમુક્ષુ :- ઈ તો અહીં જ રહે છે.

ઉત્તર :- અહીં તો અમુક મુદત માટે. રહેવા માટે આહાહા..! અરર..! પ્રભુ! ત્યાં ક્યાં છો? ક્યાં છો? અરે..! કર્મના પરમાણુ પણ તારી ચીજમાં નથી અને કર્મના પરમાણુમાં તારી ચીજ નથી. આહાહા..! તો કર્મ તને હેરાન કરે, પરચીજ હેરાન કરે (એ) બિલકુલ ભ્રમ છે. આહાહા..!

મુમુક્ષુ :- અશાતાવેદનીયનો ઉદય હોય ત્યારે..

ઉત્તર :- અશાતાવેદનીયનો ઉદય હોય તો એમાં શું? શરીરના પરમાણુ... અશાતાવેદનીયને લઈને શરીરમાં રોગ થયો નથી. શરીરના પરમાણુ એ રૂપે પોતાના ઉપાદાનથી પરિણમ્યા છે. અશાતાવેદનીય નિમિત્ત છે. એ રોગની પર્યાય જડની પર્યાય છે. જડની પર્યાય આત્માના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી ભિન્ન છે. શરીરમાં રોગ આવ્યો, એનું ક્ષેત્ર, દ્રવ્ય, કાળ, ભાવ ભિન્ન છે. સર્વ કાળ ભિન્ન છે. આત્માના પ્રદેશ ઉપર રહેલા કર્મ પરમાણુ પણ સર્વ કાળ ભિન્ન છે. આ તો માટી સ્થૂળ છે, જડ છે. આહાહા..! એ રોગની

દશા પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી એની દશા પરકાળમાં જાય છે. પરક્ષેત્ર અને પરદ્રવ્યમાં જાય છે. આહાહા..! ભગવાનઆત્મા તો રોગને અડતો પણ નથી. અજ્ઞાની પણ રોગને અડતો નથી. પરદ્રવ્યને કેવી રીતે અડે? આહાહા..! ફક્ત પર ઉપર લક્ષ કરી, મને રોગ થયો, હું દુઃખી થયો, એવી કલ્પના કરી એ રોગ છે. આહાહા..!

'**પોતપોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ રહે છે.**' શું કહે છે? પરમાણુ જે પુદ્‌ગલ જડ કર્મ, એ દ્રવ્ય, એની રંગ, ગંધ, સ્પર્શ આદિ શક્તિ અને પર્યાય કર્મરૂપી અવસ્થા. એ તો પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયમાં છે. આત્મામાં એ દ્રવ્ય, ગુણ, પર્યાયમાં નથી. જડના દ્રવ્ય, ગુણ, પર્યાય આત્મામાં નથી. આહાહા..! '**તેથી પુદ્‌ગલપિંડથી જીવ ભિન્ન છે.**' તદ્દન જુદો છે. આહાહા..! એ પુદ્‌ગલપિંડ અજીવતત્ત્વ કર્મ, ભગવાનઆત્મા અરૂપી જીવતત્ત્વ. બે તો તદ્દન ભિન્ન છે. આહાહા..! ક્યારે? ત્રણે કાળે. એણે માન્યું છે કે આ કર્મ મને હેરાન (કરે છે). એ તો એની માન્યતા ભ્રમ છે. સમજાય છે કાંઈ? આહાહા..! '**પોતપોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ રહે છે. તેથી પુદ્‌ગલપિંડથી જીવ ભિન્ન છે.**'

'**ભાવાસ્રવ એટલે મોહ-રાગ-દ્વેષરૂપ વિભાવ અશુદ્ધ ચેતનપરિણામ; આવા પરિણામ જોકે...**' શું કહે છે? જે મિથ્યાત્વભાવ પુણ્ય-પાપના ભાવ ભાવાસ્રવ કહેતાં મોહ, રાગ-દ્વેષ. મિથ્યાત્વ અને રાગ-દ્વેષ. એ '**વિભાવ અશુદ્ધ ચેતનપરિણામ; આવા પરિણામ જોકે જીવને મિથ્યાદષ્ટિ અવસ્થામાં વિદ્યમાન જ હતા...**' કર્મ તો પોતામાં વિદ્યમાન છે જ નહિ. પણ વિપરીત માન્યતા હતી કે પુણ્ય મારું છે ને પાપ મેં કર્યું ને પાપ મારી ચીજ છે, એવો જો મિથ્યાત્વભાવ, એ મિથ્યાત્વ અને રાગ-દ્વેષભાવ આત્માની પર્યાયમાં છે. એની પર્યાયમાં છે- એની અવસ્થામાં છે. આહાહા..! '**જીવને મિથ્યાદષ્ટિ અવસ્થામાં વિદ્યમાન જ હતા...**' આહાહા..! જ્યાં સ્વરૂપની દૃષ્ટિનું ભાન નથી, સમ્યગ્દર્શનનો જ્યાં ખ્યાલ નથી કે સમ્યગ્દર્શન શું ચીજ છે. આહાહા..! આ તો લોકો (માને કે) દેવ-ગુરુ-શાસ્ત્રને માનીએ એ સમ્યગ્દર્શન. એમ કરીને બિચારા મૂઢમાં અનાદિ કાળ પરિભ્રમણમાં રખડે છે. આહાહા..! એ મિથ્યાત્વભાવ જીવની પર્યાયમાં વિદ્યમાન છે. પરમાણુ જેમ પર્યાયમાં વિદ્યમાન નથી, એમ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..!

'**તોપણ સમ્યક્ત્વરૂપ પરિણમતાં...**' છે ને? '**વિદ્યમાન જ હતા, તોપણ સમ્યક્ત્વરૂપ પરિણમતાં...**' ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય ભગવાનઆત્મા ઉપર દૃષ્ટિ કરતાં, સમ્યક્ત્વરૂપ પરિણમન કરે છે તો '**અશુદ્ધ પરિણામ મટ્યા;...**' એની પર્યાયમાં વિદ્યમાન હતા, એ શુદ્ધ પરિણમનને કારણે મટી ગયા. આહાહા..! '**તેથી સમ્યગ્દષ્ટિ જીવ ભાવાસ્રવથી રહિત છે.**' આ કારણે ધર્મીજીવ શુદ્ધ ચૈતન્ય ભગવાનઆત્મા અનંતગુણની ખાણ, ભંડાર, અનંતા કેવળજ્ઞાનની પર્યાયોનો ભંડાર ભગવાન છે. અરે..! એવા ભંડારને જ્યાં ખોલ્યો.. આહાહા..! રાગ અને સ્વભાવની એકતાબુદ્ધિથી તાળા માર્યા હતા. આહાહા..! એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રાનો ભાવ શુભરાગ અને રાગ ને આત્મા એક માન્યા હતા ત્યાં સુધી મિથ્યાત્વના તાળા બંધ હતા. ખજાના ખુલવાનું બંધ હતું. એ જ્યાં સમ્યગ્દર્શન થયું, રાગની એકતા તૂટીને સ્વભાવની એકતા થઈ તો ખજાનાના તાળા ખુલી ગયા. આહાહા..! સમજાય

છે કાંઈ? આવી વાતું છે. જગતથી તો નિરાળી.

તમારા 'મુંબઈ'માં ક્યાંય સાંભળવા મળે એવું નથી. 'મુંબઈ' તો મોટી મોહનગરી છે. બે-બે માળની તો.. શું તમારે કહેવાય? બસ. બે-બે માળની. ઓહોહો..! અહીંથી આમ જાય ને અહીંથી આમ જાય. પાંચ ગાઉ છેટે જાવું હોય તો ગામમાં ને ગામમાં પાંચ ગાઉ છેટે જાય. આમથી આમ. ખીચોખીચ ભરાણી હોય. મોહનગરી. બસ નથી આવતી, બસ? મુંબઈમાં બે માળની બસ (છે). એક માળ અને બે માળ. અમે તો ઘણી વાર ગયા છીએ. હેરાન.. હેરાન. એમાં દરરોજ બે-ચાર જણા તો આખા 'મુંબઈ'માં મરી જ જાય. પાંચ-સાત હશે. એક ફેરી અમે નીકળ્યા હતા. એક કચરાઈ ગયો હતો. અમે ઊભા રહ્યા, જોયું હતું. કચરાઈ ગયો. અને બંધ રાખવી પડી. પોલીસો એકઠા થઈ ગયા. આહાહા..!

અહીં તો કહે છે, મિથ્યાત્વમાં જે તારો કચ્ચરઘાણ થતો હતો, સમ્યગ્દર્શનમાં એ કચ્ચરઘાણનો નાશ થઈ ગયો. સમજાય છે કાંઈ? આહાહા..! ભાષા થોડી, ભાવ ઘણા. બાપુ! આ તો વીતરાગમાર્ગ છે. જિનવરદેવ સર્વજ્ઞ ત્રિલોકનાથ જેને એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જણાય છે. આહાહા..! ભગવાન 'મહાવીર' આદિ અનંત તીર્થંકરો ગયા. એ તો સિદ્ધ થઈ ગયા. અત્યારે અરિહંત નથી. એ તો ણમો સિદ્ધાણંમાં ગયા. ભગવાન મહાવિદેહમાં બિરાજે છે. 'સીમંધર' પરમાત્મા (આદિ) વીસ તીર્થંકર એ ણમો અરિહંતાણંમાં છે. હજી ણમો સિદ્ધાણંમાં જવાને વાર છે. ણમો અરિહંતાણં, એની દિવ્યધ્વનિ નીકળે છે. આ ૐ ધ્વનિ આવી. આહાહા..! સમજાય છે કાંઈ? ભગવાનની ૐ ધ્વનિ. 'બનારસીદાસજી'માં આવે છે ને? 'મુખ ૐ કાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે, મુખ ૐ ધ્વનિ સુણી...' ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા 'સીમંધર' પ્રભુ બિરાજે છે. એના મુખમાંથી ૐ ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે. સંતો દિગંબર મુનિઓ બેઠા હોય. આહાહા..! એ 'રચી આગમ ઉપદેશ ભવિક જીવ સંશય નિવારે.' એમાંથી આગમની રચના કરે. 'ભવિક જીવ સંશય નિવારે.' આહાહા..! સમજાય છે કાંઈ? એ આ વાણી છે. આહાહા..!

હજી તો બાયડી, છોકરા ને મકાન ને ઘર પર માનવા એમાં પરસેવા ઉતરે. આ અમારા છે ને. અર્ધાંગના છે. આ મારી સ્ત્રી અર્ધાંગના છે. અર્ધું અંગ એનું અને અર્ધુ મારું. બે થઈને એક (છીએ). મૂર્ખ છે, સાંભળને! ક્યાંથી અર્ધાંગના થઈ ગઈ તારી? અહીં તો આત્માના પ્રદેશ ઉપર રહેલા પરમાણુ, કર્મરૂપી પિંડ એ પણ તદ્દન ત્રિકાળ નિરાળા છે. સમજાય છે કાંઈ?

'**તેથી સમ્યગ્દૃષ્ટિ જીવ ભાવાસ્રવથી રહિત છે. આથી એવો અર્થ નીપજ્યો કે સમ્યગ્દૃષ્ટિ જીવ નિરાસ્રવ છે.**' આ અપેક્ષાએ. સમ્યગ્દૃષ્ટિ થયો તો આસ્રવ રહિત થઈ ગયો. કેમકે મિથ્યાત્વ સંબંધી આસ્રવ ન રહ્યા, કર્મ તો ભિન્ન જ છે. એટલે એનાથી રહિત થયો. રહિત તો હતો અને રહિત થયો અને આ તો સહિત હતો એનાથી રહિત થયો. મિથ્યાત્વના પરિણામ પર્યાયમાં સહિત હતા, એનાથી રહિત થયો. આહાહા..! અરે..! આવી વાતું. આમાં સમજવું શું? એ સમજવું કે ચૈતન્યસ્વરૂપ છે દ્રવ્યસ્વભાવ. એનો આશ્રય લે, એનું અવલંબન લે અને પુણ્ય-પાપના આશ્રય-અવલંબન છોડી દે. તો તને સમ્યગ્દર્શન થશે. ત્યારે ભાવાસ્રવ રોકાઈ જશે. સમજાય છે કાંઈ? દ્રવ્યાસ્રવ તો ભિન્ન જ છે.

(શાર્દૂલવિક્રીડિત)

सन्नयस्यन्निजबुद्धिपूर्वमनिशं रागं समग्रं स्वयं
वारंवारमबुद्धिपूर्वमपि तं जेतुं स्वशक्तिं स्पृशन्।
उच्छिन्दन् परवृत्तिमेव सकलां ज्ञानस्य पूर्णो भवन्
आत्मा नित्यनिरास्रवो भवति हि ज्ञानी यदा स्यात्तदा।।४-११६।।

ખંડાન્વય સહિત અર્થ :- 'आत्मा यदा ज्ञानी स्यात् तदा नित्यनिरास्रवः भवति' ( आत्मा ) જીવદ્રવ્ય ( यदा ) જે કાળે, ( ज्ञानी स्यात् ) અનન્તકાળથી વિભાવ-મિથ્યાત્વભાવરૂપ પરિણમ્યું હતું પરંતુ નિકટ સામગ્રી પામીને સહજ જ વિભાવપરિણામ છૂટી જાય છે, સ્વભાવ-સમ્યક્ત્વરૂપ પરિણમે છે, (એવો કોઈ જીવ હોય છે,) ( तदा ) તે કાળથી માંડીને સમસ્ત આગામી કાળમાં ( नित्यनिरास्रवः ) સર્વથા સર્વકાળ સમ્યગ્દૃષ્ટિ જીવ નિરાસ્રવ અર્થાત્ આસ્રવથી રહિત ( भवति ) હોય છે. ભાવાર્થ આમ છે-કોઈ સંદેહ કરશે કે સમ્યગ્દૃષ્ટિ આસ્રવ સહિત છે કે આસ્રવ રહિત છે? સમાધાન આમ છે કે આસ્રવથી રહિત છે. શું કરતો થકો નિરાસ્રવ છે? 'निजबुद्धिपूर्वं रागं समग्रं अनिशं स्वयं सन्न्यस्यन्' ( निज ) પોતાના ( बुद्धि ) મનનું ( पूर्वं ) આલંબન કરીને થાય છે જેટલા મોહ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ પરિણામ, એવા જે ( रागं ) પરદ્રવ્ય સાથે રંજિત પરિણામ-જે ( समग्रं ) અસંખ્યાત લોકમાત્ર ભેદરૂપ છે-તેને ( अनिश ) સમ્યક્ત્વની ઉત્પત્તિના કાળથી માંડીને આગામી સર્વ કાળમાં ( स्वयं ) સહજ જ ( सन्न्यस्यन् ) છોડતો થકો. ભાવાર્થ આમ છે કે-નાના પ્રકારનાં કર્મોના ઉદયે નાના પ્રકારની સંસાર-શરીર-ભોગસામગ્રી હોય છે. એ સમસ્ત સામગ્રીને ભોગવતો થકો 'હું દેવ છું, હું મનુષ્ય છું, હું સુખી છું, હું દુઃખી છું,' ઈત્યાદિરૂપ રંજિત થતો નથી; જાણે છે કે-'હું ચેતનામાત્ર શુદ્ધસ્વરૂપ છું; આ સમસ્ત, કર્મની રચના છે.' આમ અનુભવતાં મનના વ્યાપારરૂપ રાગ મટે છે. 'अबुद्धिपूर्वम् अपि तं जेतुं वारंवारम् स्वशक्तिम स्पृशन्' ( अबुद्धिपूर्वम् ) મનના આલંબન વિના મોહકર્મના ઉદયરૂપ નિમિત્તકારણથી પરિણમ્યા છે અશુદ્ધતારૂપ જીવના પ્રદેશ, ( तं अपि ) તેને પણ ( जेतुं ) જીતવાને માટે ( वारंवारम् ) અખંડિતધારાપ્રવાહરૂપે ( स्वशक्ति ) શુદ્ધ ચૈતન્યવસ્તુને ( स्पृशन् ) સ્વાનુભવપ્રત્યક્ષપણે આસ્વાદતો થકો. ભાવાર્થ આમ છે-મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ છે જીવના જે અશુદ્ધચેતનારૂપ વિભાવપરિણામ તે બે પ્રકારના છે : એક પરિણામ બુદ્ધિપૂર્વક છે, એક પરિણામ અબુદ્ધિપૂર્વક છે. વિવરણ-બુદ્ધિપૂર્વક કહેતાં, જે બધા પરિણામ મન દ્વારા પ્રવર્તે, બાહ્ય વિષયના આધારે પ્રવર્તે, પ્રવર્તતા થકા તે જીવ પોતે પણ જાણે કે 'મારા પરિણામ આ રૂપે છે,' તથા અન્ય જીવ પણ અનુમાન કરીને જાણે કે આ જીવના આવા પરિણામ છે;-આવા પરિણામ બુદ્ધિપૂર્વક કહેવાય છે. ત્યાં આવા પરિણામને સમ્યગ્દૃષ્ટિ જીવ મટાડી શકે છે, કેમકે આવા પરિણામ જીવની જાણમાં છે; શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં જીવના સહારાના પણ છે;

તેથી સમ્યગ્દષ્ટિ જીવ પહેલાં જ આવા પરિણામ મટાડે છે. અબુદ્ધિપૂર્વક પરિણામ કહેતાં, પાંચ ઈંદ્રિય અને મનના વ્યાપાર વિના જ મોહકર્મના ઉદયનું નિમિત્ત પામીને મોહ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ વિભાવપરિણામરૂપ પોતે સ્વયં જીવદ્રવ્ય અસંખ્યાત પ્રદેશે પરિણમે છે, આવું પરિણમન જીવની જાણમાં નથી અને જીવના સહારાનું પણ નથી, તેથી જે તે પ્રકારે મટાડી શકાતું નથી. માટે આવા પરિણામ મટાડવા અર્થે નિરંતરપણે શુદ્ધસ્વરૂપને અનુભવે છે, શુદ્ધસ્વરૂપનો અનુભવ કરતાં સહજ મટશે. બીજો ઉપાય તો કોઈ નથી, તેથી એક શુદ્ધસ્વરૂપનો અનુભવ ઉપાય છે. વળી શું કરતો થકો નિરાસ્રવ હોય છે? 'एव परवृत्तिम् सकलां उच्छिन्दन्' ( एव ) અવશ્ય જ ( पर ) જેટલી જ્ઞેયવસ્તુ છે તેમાં ( वृत्तिम् ) રંજકપણારૂપ પરિણામક્રિયા, ( सकलां ) જેટલી છે શુભરૂપ અથવા અશુભરૂપ, તેને ( उच्छिन्दन् ) મૂળથી જ ઉખાડતો થકો સમ્યગ્દષ્ટિ નિરાસ્રવ હોય છે. ભાવાર્થ આમ છે-જ્ઞેય-જ્ઞાયકનો સંબંધ બે પ્રકારે છે : એક તો જાણપણામાત્ર છે, રાગદ્વેષરૂપ નથી. જેમ કે-કેવળી સકળ જ્ઞેયવસ્તુને દેખે-જાણે છે, પરંતુ કોઈ પણ વસ્તુમાં રાગ-દ્વેષ કરતા નથી. તેનું નામ શુદ્ધ જ્ઞાનચેતના કહેવાય છે. સમ્યગ્દષ્ટિ જીવને શુદ્ધ જ્ઞાનચેતનારૂપ જાણપણું છે, તેથી મોક્ષનું કારણ છે, બંધનું કારણ નથી. બીજું જાણપણું એવું છે કે કેટલીક વિષયરૂપ વસ્તુનું જાણપણું પણ છે અને મોહકર્મના ઉદયનું નિમિત્ત પામીને ઈષ્ટમાં રાગ કરે છે, ભોગની અભિલાષા કરે છે તથા અનિષ્ટમાં દ્વેષ કરે છે, અરુચિ કરે છે; ત્યાં આવા રાગ-દ્વેષ સાથે મળેલું છે જે જ્ઞાન તેનું નામ અશુદ્ધ ચેતનાલક્ષણ કર્મચેતના-કર્મફળચેતનારૂપ કહેવાય છે, તેથી બંધનું કારણ છે. આવું પરિણમન સમ્યગ્દષ્ટિને નથી, કેમકે મિથ્યાત્વરૂપ પરિણામ ગયા હોવાથી આવું પરિણમન હોતું નથી. આવા અશુદ્ધજ્ઞાનચેતનારૂપ પરિણામ મિથ્યાદષ્ટિને હોય છે. વળી કેવો હોતો થકો નિરાસ્રવ હોય છે? 'ज्ञानस्य पूर्णः भवन्' પૂર્ણ જ્ઞાનરૂપ હોતો થકો. ભાવાર્થ આમ છે-જ્ઞાનનું ખંડિતપણું એ કે તે રાગ-દ્વેષ સાથે મળેલું છે. રાગ-દ્વેષ ગયા હોવાથી જ્ઞાનનું પૂર્ણપણું કહેવાય છે. આવો હોતો થકો સમ્યગ્દષ્ટિ જીવ નિરાસ્રવ હોય છે. ૪-૧૧૬.

## કળશ-૧૧૬ ઉપર પ્રવચન

'વળી સમ્યગ્દષ્ટિ જીવ જે રીતે નિરાસ્રવ છે તે કહે છે :-' ઓલી જઘન્યની પછીની ગાથા છે. જઘન્ય જ્ઞાન, દર્શન, ચારિત્રપણે પરિણમે છે ત્યાં સુધી જ્ઞાનીને પણ એ ભાવને કારણે બંધ છે. આહાહા..! પહેલા બંધરહિત બતાવ્યું, અહીંયાં તો બંધસહિત બતાવે છે. બુદ્ધિપૂર્વક અને અબુદ્ધિપૂર્વક બેય બતાવશે. સમજાય છે કાંઈ? પહેલા તો મિથ્યાત્વ શ્રદ્ધાનો નાશ કર્યો એ બતાવ્યું, એ આસ્રવ નથી. પણ મિથ્યાત્વ ગયું તો સર્વથા આસ્રવરહિત થયો એમ નથી. જ્યાં સુધી આત્મામાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર.. ચારિત્ર એટલે સ્વરૂપની રમણતા. આ ચારિત્ર એટલે ખોખા લુગડાં પહેરીને બહાર નીકળી ગયો અને ચારિત્ર છે, એ ચારિત્ર-ફારિત્ર નથી. હજી સમ્યગ્દર્શનની ખબર ન મળે એને ચારિત્ર ક્યાંથી આવ્યા? સમજાય

છે કાંઈ?

અંતરમાં આત્મા આનંદનો નાથ પ્રભુ પૂર્ણાનંદની જ્યાં શુદ્ધ પરિણમન દશા સમ્યક્‌ની થઈ પછી આનંદમાં લીન થવું, આનંદમાં લીન થવું, પ્રચુર વેદન કરવું એનું નામ ચારિત્ર છે. અરે..! આવી વાતું બધી. ફેરફાર.. ફેરફાર. જગતથી ફેરફાર વીતરાગની વાણી છે, બાપુ! અરે..! એને વીતરાગની વાણી મળી નથી, હોં! જે ઇન્દ્ર સાંભળતા. એકાવતારી ઇન્દ્રો વાણી સાંભળતા, એ વાણી કેવી હોય? બાપુ! આહાહા..!

એ વીતરાગ એમ કહે છે કે સમ્યગ્દૃષ્ટિ થયો, આત્માનું ભાન અનુભવ (થયો) ત્યારથી એને મિથ્યાત્વ અને મિથ્યાત્વ સંબંધીના રાગ-દ્વેષના આસ્રવનો અભાવ થઈ ગયો. એ અપેક્ષાએ એને નિરાસ્રવી કહ્યો હતો. હવે ફરીને કહે છે, હજી એને આસ્રવ છે. એ તો મિથ્યાત્વ અને અનંતાનુબંધીના રાગ-દ્વેષના આસ્રવનો અભાવ કીધો. બીજો આસ્રવ છે. એ કહે છે.

(શાર્દૂલવિક્રીડિત)

सन्नयस्यन्निजबुद्धिपूर्वमनिशं रागं समग्रं स्वयं
वारंवारमबुद्धिपूर्वमपि तं जेतुं स्वशक्तिं स्पृशन्।
उच्छिन्दन् परवृत्तिमेव सकलां ज्ञानस्य पूर्णो भवन्
आत्मा नित्यनिरास्रवो भवति हि ज्ञानी यदा स्यात्तदा।।४-११६।।

જુઓ! વાત પાછી ફેરવી. પેલા એકાંત તાણે છે ને કે સમકિતી નિરાસ્રવ છે. હવે એને આસ્રવ નથી. કઈ અપેક્ષા છે? ભાઈ! એના અધિકારમાં મૂક્યું, આ અધિકારમાં પાછું.

**ખંડાન્વય સહિત અર્થ :-** 'आत्मा यदा ज्ञानी स्यात् तदा नित्यनिरास्रवः भवति' 'आत्मा' (ભગવાન) '**જીવદ્રવ્ય...**' વસ્તુ. જીવપદાર્થ અનાદિઅનંત નિત્યાનંદ પ્રભુ '**જે કાળે, અનંતકાળથી વિભાવ-મિથ્યાત્વરૂપ પરિણમ્યું હતું પરંતુ નિકટ સામગ્રી પામીને...**' પોતાની યોગ્યતા પામીને. નિકટ સામગ્રીમાં અંદર પર્યાય પણ નિકટ સામગ્રી છે ને? '**નિકટ સામગ્રી પામીને સહજ જ વિભાવપરિણામ છૂટી જાય છે,...**' આહાહા..! અને '**સ્વભાવ-સમ્યક્ત્વરૂપ પરિણમે છે, (એવો કોઈ જીવ હોય છે), તે કાળથી માંડીને સમસ્ત આગમી કાળમાં સર્વથા સર્વ કાળ સમ્યગ્દૃષ્ટિ જીવ નિરાસ્રવ અર્થાત્ આસ્રવથી રહિત હોય છે.**' ત્યારથી સર્વ કાળ તે નિરાસ્રવ છે. આહાહા..! સર્વથા સર્વ કાળ, જોયું? નિત્ય નિરાસ્રવ એમ કહ્યું ને? '**સર્વથા સર્વ કાળ સમ્યગ્દૃષ્ટિ જીવ નિરાસ્રવ અર્થાત્ આસ્રવથી રહિત હોય છે.**'

'**કોઈ સંદેહ કરશે કે સમ્યગ્દૃષ્ટિ આસ્રવ સહિત છે કે આસ્રવ રહિત છે? સમાધાન આમ છે કે સમ્યગ્દૃષ્ટિ આસ્રવથી રહિત છે. શું કરતો થકો નિરાસ્રવ છે?**' 'भवति निजबुद्धिपूर्वं रागं समग्रं अनिशं स्वयं सन्न्यस्यन्' 'भवति निजबुद्धिपूर्वं रागं समग्रं अनिशं स्वयं सन्न्यस्यन्' (પોતાના મનને) '**આલંબન કરીને થાય છે જેટલા મોહ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ પરિણામ, એવા જે પરદ્રવ્ય સાથે રંજિત પરિણામ જે અસંખ્યાત લોકમાત્ર ભેદરૂપ છે-તેને સમ્યક્ત્વની ઉત્પત્તિના કાળથી માંડીને આગામી સર્વ કાળમાં સહજ જ છોડતો થકો.**' મિથ્યાત્વ આદિ તો

બધું છૂટી ગયું પણ હજી બીજા બાકી છે. સમજાય છે કાંઈ? રુચિપૂર્વક જે રાગ હતો એ છૂટી ગયો. પણ હજી બીજા અસ્થિરતાના પરિણામ સમ્યગ્દષ્ટિને પણ છે. અબુદ્ધિપૂર્વક છે, રુચિપૂર્વક નહિ.

**'ભાવાર્થ આમ છે કે નાના પ્રકારનાં કર્મોના ઉદયે નાના પ્રકારની સંસાર-શરીર-ભોગ-સામગ્રી હોય છે. એ સમસ્ત સામગ્રીને ભોગવતો થકો 'હું દેવ છું, હું મનુષ્ય છું, હું સુખી છું, હું દુઃખી છું,' ઈત્યાદિરૂપ રંજિત થતો નથી;...'** હવે સમ્યગ્દષ્ટિ પરમાં રંજાયમાન થતો નથી. હું દેવ છું, હું પૈસાવાળો છું, હું પત્નીનો પતિ છું-ધણી છું, નરેન્દ્ર છું, એ બુદ્ધિ સમકિતીને છૂટી ગઈ. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! **'જાણે છે કે-'હું ચેતનામાત્ર શુદ્ધસ્વરૂપ છું;...'** સમ્યગ્દષ્ટિ થયો તો ચૈતન્યવસ્તુ ભગવાનઆત્મા ચેતનની ચેતનાસ્વરૂપ હું છું. આહાહા..! એ પુણ્ય-પાપ આદિ મારી ચીજ નહિ. એ તો સમ્યગ્દષ્ટિને સમ્યગ્દર્શન થયું ત્યારથી ભાન થઈ ગયું. એ પરમાં રંજાયમાન થતો નથી. હું દેવ છું-પુણ્યનું ફળ. હું મનુષ્ય છું, હું પૈસાથી સુખી છું, કુટુંબ-કબીલાથી સુખી છું, એમ અજ્ઞાની મિથ્યાત્વી માને છે, સમકિતી માનતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

**'ઈત્યાદિરૂપ રંજિત થતો નથી;...'** હું દુઃખી છું, અરે..! નિર્ધન છું. આહા..! હમણાં એક આવ્યો હતો ને? સાંભળ્યું નહિ? 'પોપટભાઈ'એ નહિ સાંભળ્યું હોય. એક તીર્થંકર થઈને અહીં આવ્યો હતો. અહીં. સાંભળ્યું ને? પહેલા એક કાગળ આવ્યો હતો. મહિના પહેલા કાગળ આવ્યો હતો કે હું કેવળી થયો છું, તીર્થંકર છું, મારા ચાર કર્મ નાશ થયા છે. અને હું અહીંયાં આવું છું. હું ત્યાં આવું તો મને બધા સાધન આપજો. અહીં આવ્યા હતા. તમને ખબર નથી? શેઠ! તમે નહિ હો. એક મહિનો પહેલા 'પાલીતાણા' રહ્યો અને અહીંયાં પત્ર આવ્યો કે હું તીર્થંકર છું અને મારી સાથે શલાકાપુરુષ જે હોવા જોઈએ એ બધા ઉત્પન્ન થઈ ગયા છે. હું કેવળી છું, તીર્થંકરની શરૂઆત થઈ ગઈ છે. હું ત્યાં આવું તો મારી માટે સગવડતા કરજો. પછી અહીં મારી પાસે આવ્યો. ત્યાં બેઠા, 'રામજીભાઈ' ને બધા હતા. મારે ચાર કર્મનો નાશ થયો છે. કેવળી છું, સાચી વાત કહું છું, હોં! એમ બોલે. કેમકે ભગવાનને ચાર કર્મનો નાશ થયો હતો પણ ચાર કર્મ.. શેઠે નથી સાંભળ્યું. શેઠ! નથી સાંભળ્યું? અહીં આવ્યો હતો. તીર્થંકર થઈને આવ્યો હતો. કપડા-બપડા પહેર્યા હતા. ગરીબ માણસ હતો. ગરીબ માણસ. કપડા સાધારણ. ગરીબ માણસ હતો. ક્યા ગામનો હતો? 'મંદસૌર'? 'પ્રતાપગઢ'? 'પ્રતાપગઢ'નો હતો. કંઈ મગજમાં ઠેકાણા ન મળે બિચારાને.

અહીં કહ્યું, હું કેવળી છું, ચાર કર્મ નાશ થયા છે. ચાર કર્મ બાકી છે. ભગવાનને ચાર કર્મ બાકી છે તો પૈસા નહોતા. મારી પાસે ચાર કર્મ બાકી છે માટે પૈસા નથી. 'પોપટભાઈ'! બાકી અમારા જેવા માટે આશ્રમ રાખો, રોટલા મળે. અરે..! ભાઈ! શું થયું તને? બાપુ! આ શું? અમારા જેવાનો આશ્રમ રાખો. ભાઈ! આ શું થયું? મેં કીધું, આ તો મિથ્યાદષ્ટિ છે, ભાઈ! તોપણ સાંભળે. પાછો દાંત કાઢે. પાછો ઊભો થઈને પગે લાગ્યો બરાબર. મેં કીધું, આ તો મિથ્યાદષ્ટિ છે. બાપુ! આ તું શું કહે છે? તીર્થંકર અને કેવળી કોને કહેવા, બાપુ! હજી તો સાધુ કોને કહેવા એની ખબરું ન મળે. સમકિતી કોને કહેવા એની ખબરું ન મળે અને થઈ

ગયા તીર્થંકર ને કેવળી? આમ તો મગજ એવું પણ પાવર ચડી ગયેલો. ગાંડો નહોતો, હોં! ગાંડો નહિ પણ મગજ એવું. પછી કહે, અહીં તો અમારી કિંમત થતી નથી. હવે 'અગાસ' જાઉં. ત્યાં 'શ્રીમદ્'ના માનનારા ભક્તો છે ને ત્યાં કિંમત થાશે. એ કાંઈ એવા ગાંડા નથી ત્યાં બધા. અરે..! આવા પણ જીવ છે અત્યારે. આટલું બહાર આવ્યું છે.. આહાહા..! અને તે દિગંબર હતો પાછો. એમ નહિ કે શ્વેતાંબર. દિગંબર હતો. અરે..! બાપુ! મિથ્યાદૃષ્ટિ છો, ભાઈ! આવું .. ક્યાંથી.. પાછો ઊભો થઈને પગે લાગ્યો. અરે..! બાપુ! હજી સમ્યગ્દર્શન કોને કહેવું? ભાઈ! હજી એની ખબરું ન મળે અને સાધુ થઈ ગયા ને કેવળી, તીર્થંકર થઈ ગયા? આહાહા..!

અહીં વાત કહે છે, **'હું ચેતનામાત્ર શુદ્ધસ્વરૂપ છું; આ સમસ્ત, કર્મની રચના છે.'** એમ જાણે. આ બહારનું છે એ કર્મની રચના છે, મારી નહિ. એમ સમ્યગ્દૃષ્ટિ જાણે છે. સમજ્યા? આહા..! પછી અબુદ્ધિપૂર્વકની વ્યાખ્યા છે એ વિશેષ કહેવાશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ભાદરવા વદ ૭, મંગળવાર, તા.૪-૧૦-૧૯૭૭
## કળશ - ૧૧૬, પ્રવચન - ૧૧૩

૨૭૬ કળશ ચાલે છે.

મુમુક્ષુ :- ૧૧૬, સાહેબ! સવારનો છે.

ઉત્તર :- સવારનો છે. એ બરાબર છે. કેટલામું આવ્યું? આખું ફરીને લઈએ. ભાવાર્થ છે ને? ભાવાર્થ. ભાવાર્થ ફરીને. છે વચમાં? ભાવાર્થ.

**'ભાવાર્થ આમ છે-મિથ્યાત્વ...'** અર્થાત્ પુણ્યના, પાપના ભાવમાં ધર્મ છે અને હું પરનું કરી શકું છું, પરથી મારામાં કાંઈક થાય છે, એવો મિથ્યાત્વભાવ. એ સ્વરૂપથી વિપરીત ભાવ (છે). ભાવાર્થ આવ્યો નથી? ભાવાર્થ છે ને? **'મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ છે જીવના જે અશુદ્ધચેતનારૂપ વિભાવપરિણામ...'** શું કહે છે? સૂક્ષ્મ વાત છે, ભાઈ! અનંતકાળથી... આત્મામાં જે મિથ્યાત્વભાવ થાય છે એ શું છે? મિથ્યાત્વ, જે અઢાર પાપમાં મોટું પાપ. આ આત્મા પરનું કંઈ કરી શકે છે અને પરનું ભલું-બૂરું કરી શકે છે એવી માન્યતા એ મિથ્યાત્વ છે, મહાપાપ છે. અને પોતામાં જે પાપના પરિણામ થાય છે-હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, એમાં સુખબુદ્ધિ રહે, એ મિથ્યાત્વ છે. અને પોતામાં દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજાનો શુભભાવ થાય છે એમાં પણ સુખબુદ્ધિ, ધર્મબુદ્ધિ રહે એ મિથ્યાત્વ છે. આહાહા..!

વીતરાગ જૈન પરમેશ્વર ત્રિલોકનાથ એમ કહે છે કે તારી ચીજ અંદર શુદ્ધ ચેતનાસ્વરૂપ છે. એ સિવાય બીજી ચીજને પોતાની માનવી અને પોતામાં શુભભાવ જે દયા, દાન, વ્રત, તપના ભાવ છે (એને ધર્મ માનવો, તે મિથ્યાત્વ છે). લોકોને કઠણ પડે. વ્રતને લોકો ધર્મ માને, વ્રતને સંવર માને ને તપને નિર્જરા માને. અરે..! એ જુદી ચીજ છે, પ્રભુ! વ્રત છે, એ તો પંચમહાવ્રતના, બાર વ્રતના વિકલ્પ હો, એ તો શુભરાગ છે, ચૈતન્યસ્વરૂપ નહિ.

આહાહા..! અને અપવાસ આદિ કરવાના ભાવ છે એ પણ વિકલ્પ, રાગ છે. એ શુભરાગમાં ધર્મ માનવો એ મિથ્યાત્વભાવ છે. આહાહા..! કહે છે, આ કરીએ છીએ એમાં તમે ધર્મ તો કહેતા નથી, એમ કહે છે. શેઠ!

અહીં તો કહે છે, પ્રભુ! અનંતકાળ ગયો, ભાઈ! ચોર્યાસીના અવતારમાં જૈનનો સાધુ પણ અનંતવાર થયો. દિગંબર સાધુ, હોં! પાછો. પણ અંદરમાં એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવને ધર્મ છે એમ માન્યું છે અને શરીરની જે ક્રિયા થાય છે એ મારાથી થાય છે, એવી માન્યતા હતી. એ માન્યતાને કારણે મિથ્યાત્વનું સેવન હતું. આહાહા..! ગજબ વાત! બાપુ! એ મિથ્યાત્વ અને મિથ્યાત્વ સાથે રહેલા રાગ-દ્વેષ. છે? રાગ અને દ્વેષ. અનુકૂળ ચીજ માની પ્રેમ થવો અને પ્રતિકૂળ ચીજને જોઈને દ્વેષ થવો, એ રાગ અને દ્વેષ છે. આહાહા..!

એ '**જીવના જે અશુદ્ધચેતનારૂપ વિભાવપરિણામ...**' જીવના અશુદ્ધચેતનારૂપ (પરિણામ છે), એ ધર્મ નહિ. આહાહા..! મૂળ વાત કઠણ બહુ. અનંતકાળથી એણે (કર્યું નથી). અશુદ્ધચેતનારૂપ.. છે? '**વિભાવપરિણામ...**' એ તો વિકારી પરિણામ છે. આહાહા..! '**તે બે પ્રકારના છે : એક પરિણામ બુદ્ધિપૂર્વક છે, એક પરિણામ અબુદ્ધિપૂર્વક છે. વિવરણ-બુદ્ધિપૂર્વક કહેતાં, જે બધા પરિણામ મન દ્વારા પ્રવર્તે,...**' આહાહા..! મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષભાવ બુદ્ધિપૂર્વક અર્થાત્ '**જે બધા પરિણામ મન દ્વારા પ્રવર્તે,...**' છે. આહાહા..! ચૈતન્ય દ્વારા નહિ. ચૈતન્ય તો આનંદકંદ પ્રભુ (છે). આત્મા તો શુદ્ધ ચૈતન્ય છે. મન દ્વારા જે મિથ્યાત્વભાવ.. આહાહા..! અને રાગ ને દ્વેષના ભાવ, મન દ્વારા પ્રવર્તે છે, બાહ્ય વિષયના આધારે પ્રવર્તે છે, એનું લક્ષ બહાર છે. મિથ્યાત્વનું લક્ષ કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર આદિ અથવા મિથ્યાત્વનું લક્ષ પરદ્રવ્ય, તેને પોતાના માનવા એ મિથ્યાત્વનો વિષય પર છે. આહાહા..! ઝીણી વાત બહુ, બાપુ! વીતરાગમાર્ગ...

'**બાહ્ય વિષયના આધારે પ્રવર્તે...**' છે. અર્થાત્ નિમિત્તના લક્ષે મિથ્યાત્વ અને રાગ-દ્વેષ પ્રવર્તે છે એ બુદ્ધિપૂર્વક છે. છે? '**પ્રવર્તતા થકા તે જીવ પોતે પણ જાણે કે...**' એને ખ્યાલમાં આવે છે કે આ વિકાર છે, એમ. એને ખબર નથી, પણ ખ્યાલમાં એમ આવે છે કે આ વિકાર છે અથવા સ્વભાવથી વિરૂદ્ધ ભાવ છે. એ '**જાણે કે 'મારા પરિણામ આ રૂપે છે...**' એમ જાણે છે. '**તથા અન્ય જીવ પણ અનુમાન કરીને જાણે...**' છે કે આને આ રાગ અને મિથ્યાત્વ-દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા વિપરીત છે અને વ્રત ને તપની ક્રિયાથી ધર્મ માને છે તો એ મિથ્યાત્વ છે. બીજા દ્વારા અનુમાનથી પણ જાણી શકે છે. આહાહા..! આવી વાતું હવે. કહો, 'પોપટભાઈ'!

'**આ જીવના આવા પરિણામ છે-આવા પરિણામ બુદ્ધિપૂર્વક કહેવાય છે.**' એને બુદ્ધિપૂર્વક (કહેવાય). મન દ્વારા પ્રવર્તે છે અને જે મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો વિષય નિમિત્ત પર છે અને પોતાને પણ ખ્યાલ આવે છે અને બીજા દ્વારા પણ ખ્યાલ આવે છે કે આ જીવને મિથ્યાત્વ છે અને આ રાગ-દ્વેષ છે. એનું નામ બુદ્ધિપૂર્વક કહેવામાં આવે છે. '**ત્યાં આવા પરિણામને સમ્યગ્દૃષ્ટિ જીવ મટાડી શકે છે.**' આહાહા..! ધર્મીજીવ પોતાનો શુદ્ધ ચૈતન્યસ્વભાવ ભગવાનઆત્મા પૂર્ણાનંદ અને અનંત ચૈતન્યરત્નાકરથી ભરેલો

ભગવાનઆત્મા (છે), એવી સમ્યગ્દષ્ટિની દષ્ટિ હોવાથી, જ્ઞાયકભાવ પરિપૂર્ણ પરમાત્મ સ્વરૂપમાં આવી સમ્યગ્દષ્ટિનો દષ્ટિનો વિષય ધ્રુવ અને જ્ઞાયક હોવાથી '**સમ્યગ્દષ્ટિ જીવ મટાડી શકે છે.**' ખ્યાલમાં આવનારા મિથ્યાત્વ, રાગ, દ્વેષ હતા એ તો સમ્યગ્દષ્ટિ છોડી દે છે. 'શાંતિભાઈ'! ભારે આકરું કામ. હજી તો સમ્યગ્દષ્ટિ એટલે ચોથું ગુણસ્થાન. શ્રાવકનું પાંચમું ગુણસ્થાન તો હજી ક્યાંક રહ્યું. એ કોને કહેવું એ તો પછી. અને મુનિની છઠ્ઠા ગુણસ્થાનની દશા એ તો બાપુ! કંઈ અલૌકિક વાતું છે.

અહીંયાં તો ચોથે ગુણસ્થાને સમ્યગ્દષ્ટિ જીવ અવિરતી (છે), એ પણ આવા મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામ બુદ્ધિપૂર્વકના જણાય છે એને છોડી દે છે. સમજાય છે કાંઈ? આહાહા..! '**કેમકે આવા પરિણામ જીવની જાણમાં છે.**' આહાહા..! જ્ઞાનીને ખ્યાલમાં આવે છે. આહાહા..! લોકો કહે છે ને, અત્યારે સમ્યગ્દર્શન છે એ તો કેવળીગમ્ય છે. મિથ્યાત્વની એને ખબર ન પડે પણ એ પુણ્યથી ધર્મ માને છે, એ પાપબુદ્ધિમાં સુખ માને છે એ પ્રત્યક્ષ મિથ્યાત્વ છે. આહાહા..! આવી વાતું સાંભળવા મળે નહિ ત્યાં શું કરે? 'હસમુખભાઈ'! આમ ને આમ મજૂરીમાં કાઢે. પૈસા રળ્યા ને આ કર્યા ને આ કર્યા. મજૂરી હશે કે શું છે?

મુમુક્ષુ :- મોટો મજૂર.

ઉત્તર :- લ્યો, બાપા તો એમ કહે છે. છે તો મોટા મજૂર. આહાહા..!

રાગ ને દ્વેષની મોટી મજૂરી કરે છે. પરનું કાંઈ નહિ, હોં! એ સંચાનું કે પૈસાનું કાંઈ કરી શકતો નથી. કરે તો ત્યાં રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપના ભાવ. પુણ્ય તો ત્યાં ક્યાં છે?

મુમુક્ષુ :- પણ તે વિના પૈસા આવે કેવી રીતે?

ઉત્તર :- ધૂળમાંય આવતા નથી. એ તો પુણ્યને લઈને (આવે). બુદ્ધિના બારદાન પાસે કરોડો રૂપિયા દેખાય છે. નથી ખબર પડતી? બુદ્ધિના બારદાન સમજ્યા? ખાલી કોથળા. એવા અબજોપતિ જોયા છે.

મુમુક્ષુ :- સોમાંથી એક જણ બુદ્ધિનો બારદાન, પણ નવ્વાણુ તો બુદ્ધિવાળા હોય છે.

ઉત્તર :- બુદ્ધિવાળા-બુદ્ધિના ખાં હોય એને મહિને બે હજાર પેદા કરવા પરસેવા ઊતરે છે એવા પણ જોયા છે. નથી જોયા? એય..! આ તો ઘણા જોયા, બાપુ! અહીં તો ૮૮ વર્ષ થયા. અહીં તો ૧૭ વર્ષની ઉંમરથી તો આ બધો પરિચય છે. ૭૦-૭૧ વર્ષથી આ આખી દુનિયાની બધી રીત, દુકાનનું ભાન અને શાસ્ત્રનું વાંચન ૭૧ વર્ષથી છે. આહાહા..! અમારે 'કુંવરજીભાઈ' હતા નહિ? સાધારણ બુદ્ધિ હતી, લ્યો. મારા ભાઈ જ હતા. ફઈના દીકરા ભાગીદાર. બે-બે લાખ પેદા કરતા હતા. એમાં શું છે? ન્યાં બુદ્ધિનું કામ છે? એ તો પૂર્વના પુણ્યના પરમાણુ પડ્યા હોય એનો પાક આવે તો આ બહારની ધૂળ દેખાય. એમાં પુરુષાર્થ ને એના ડહાપણની ક્યાં જરૂર છે? આહાહા..!

અહીં કહે છે કે, એ મિથ્યાત્વભાવ-હું પૈસા પેદા કરી શકું છું, પૈસા મેળવી શકું છું, પૈસા વાપરી શકું છું, એ જડ છે. એ મિથ્યાત્વભાવ છે. આહાહા..! ઝીણી વાત, પ્રભુ! એ મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષભાવ જ્ઞાનીના ખ્યાલમાં જ્ઞાનમાં હું શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ છું, હું તો જ્ઞાયક ચૈતન્યરસ આનંદકંદ છું, એવી દષ્ટિમાં તે આવા પરિણામને બુદ્ધિપૂર્વક થતા હોય

એને છોડી દે છે. આહાહા..! સમજાય છે કાંઈ? કહો, 'શાંતિભાઈ'! બુદ્ધિને લઈને પૈસા ભેગા થાય? શું કહે છે?

મુમુક્ષુ :- કામ તો પૈસાથી જ થાય છે.

ઉત્તર :- ધૂળેય થાતું નથી પૈસાથી.

મુમુક્ષુ :- આ ૨૬ લાખનું મકાન..

ઉત્તર :- ઈ એને લઈને થયું છે, પૈસાથી થયું છે? ભગવાન કહે છે, આ પરમાણુ જગતનું તત્ત્વ છે. અજીવતત્ત્વ છે. એ પરમાણુ અનંત છે. એ અનંત પરમાણુની પર્યાય એને કાળે ત્યાં થાય છે, પૈસાને લઈને નહિ. લોકોને ક્યાં ચીજની ખબર છે.

મુમુક્ષુ :- એનું નિમિત્ત તો પૈસા છે ને, ઉપાદાન..

ઉત્તર :- પણ નિમિત્ત શું? નિમિત્ત કરતું નથી એનો અર્થ નિમિત્ત કહેવાય. આકરી વાતું, બાપા! એક આંગળીને હલાવવી એ પણ આત્મા કરી શકતો નથી. કેમકે આ તો જડ માટી ધૂળ છે. પરદ્રવ્ય જડ અજીવ છે. એ અજીવને આમ કરી શકું, એ માન્યતા મિથ્યાદૃષ્ટિ અજ્ઞાનીની છે, એને જૈનધર્મની ખબર નથી. આહાહા..!

મુમુક્ષુ :- જેણે આ વાત સાંભળી નથી..

ઉત્તર :- સાંભળી નથી તો અજ્ઞાનનો બચાવ હોય? પોસ્ટમેન હોય ને? એના કાગળ.. શું કહેવાય તમારા? રસીદ તમારી. મનીઓર્ડર હોય ને એ માસ્તરને ઊભા રહેવું પડે. પેલી કોથળીને સીલ મારે ને? ત્યારે ઊભા રહેવું પડે. ન ઊભા રહે ને ગોટો હોય તો કેદમાં નાખે. મને ખબર નહોતી. ખબર નહોતી એ અજ્ઞાન બચાવ છે? પાંચ-પાંચ હજારની રસીદ અંદર હતી અને એમાંથી આ બધી ઉપડી ગઈ છે. તમે ત્યાં હાજર નહોતા? કે નોકરે કામ કર્યું. પોસ્ટ માસ્તરને એમ છે. અજ્ઞાન એ બચાવ છે? તમને ખબર નહોતી એ તારો બચાવ છે? શેઠ! માર્ગ તો આ છે, ભાઈ!

અહીં પરમાત્મા ત્રિલોકનાથ જિનેશ્વરદેવની આજ્ઞા હુકમ છે કે જે સમ્યગ્દૃષ્ટિ છે.. આહાહા..! જેણે પુણ્ય અને પાપના ભાવથી ધર્મ નથી એમ જાણ્યું છે, મારો આત્મા ચૈતન્યમૂર્તિ ભગવાન આનંદસ્વરૂપ (છે એમ જાણ્યું છે). એ બપોરે આવ્યું હતું. આપણે એ જ લીધું હતું. શુદ્ધ આત્માની આત્મામાં. આહાહા..! એ ભગવાન ચૈતન્ય શુદ્ધ (છે). પણ એ શુદ્ધ શું છે એ સાંભળ્યું નથી. એક પર્યાય જે અવસ્થા છે, આ પર્યાય, એમાં જેટલા મિથ્યાત્વ ને રાગ-દ્વેષ પરિણામ દેખાય છે એ મલિન છે. એ સિવાય આખી ચીજ છે એ નિર્મળ છે. સમજાય છે કાંઈ?

જેમ સ્ફટિક છે, સ્ફટિક, એ સ્ફટિકમાં લાલ પીળા ફૂલ હોય તો એમાં લાલ, પીળી ઝાંય એમાં દેખાય. પણ એ સ્ફટિકની ચીજ નથી. સ્ફટિક તો સફેદ-ધોળું છે. એમ ભગવાનઆત્મા ચૈતન્ય સ્ફટિક જેવો નિર્મળાનંદ પ્રભુ છે. એમાં જે આ પુણ્ય ને પાપ, મિથ્યાત્વભાવ (છે), દર્શનમોહ કર્મ જડ છે, એ મિથ્યાત્વ આદિ કરે છે એ એની ઝાંય છે. પણ એ ઝાંય પર્યાયમાં છે, વસ્તુમાં નહિ. વસ્તુ તો નિર્મળાનંદ પ્રભુ અનાદિઅનંત છે. કોને ખબર શું આ વસ્તુ?

મુમુક્ષુ :- કાંઈ કરવાનું રહ્યું નહિ.

ઉત્તર :- કરવાનું રહ્યું ઈ જ. નિર્મળાનંદને જાણવો, અનુભવવો એ કરવાનું છે. શું કરવાનું હતું? કૂદવું છે કાંઈ બહાર? શેઠ! આહાહા..! એ બપોરે આવશે. એ બપોરનો અધિકાર, બપોરનો અધિકાર. નહિ? આત્માની આત્માનું છે ને? આહાહા..!

અહીંયાં તો કહે છે કે જેને આ આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સત્ સત્ સત્-છે, ચિદ્-જ્ઞાન અને આનંદ. જ્ઞાન અને આનંદનું હોવાપણું એ ભગવાનઆત્મા છે. આહાહા..! અરે..! કોઈ દિ' ખબરે ન મળે. જેમાં અનંત આનંદની ખાણ પડી છે. અતીન્દ્રિય આનંદનો દરિયો પ્રભુ છે. આહાહા..! એ અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાનનો સાગર ભગવાન, એનો જેને અનુભવ અને દૃષ્ટિ થઈ, આહાહા..! એ સમ્યગ્દૃષ્ટિ બુદ્ધિપૂર્વકના મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામને થવા દેતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આહા..! એ વાત ચાલે છે.

'**આવા પરિણામને સમ્યગ્દૃષ્ટિ જીવ મટાડી શકે છે. કેમ કે આવા પરિણામ જીવની જાણમાં છે; શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં જીવના સહારાના પણ છે;...**' જીવના સહારાના પણ છે. '**શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતાં જીવના સહારાના પણ છે;...**' આહાહા..! શુદ્ધ સ્વરૂપનો અનુભવ... સમ્યગ્દર્શનમાં ભગવાન ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ અનાદિઅનંત પવિત્ર પિંડ છે. એનો પર્યાયમાં અનુભવ થાય એ જીવનું કાર્ય છે. આહાહા..! જીવનો સહારો છે. એમાં કોઈ દયા, દાન ને વ્રતના પરિણામનો સહારો એ સમ્યગ્દર્શનમાં છે નહિ. આહાહા..! અરે..! આવો માર્ગ. 'શાંતિભાઈ'! જૈનમાં જન્મ્યા, પચાસ-પચાસ, સાંઈઠ-સાંઈઠ, સીત્તેર વર્ષ જાય તોપણ સાંભળ્યું ન હોય. અરે..! પ્રભુ! વીતરાગ ત્રિલોકનાથ પરમેશ્વરની તો આ વાણી છે. આહાહા..!

પ્રભુ! તું પવિત્ર આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ છે ને. સચ્ચિદાનંદ અન્યમતિ કહે એમ નહિ, હોં! આ તો પરમેશ્વરે આત્માને (આમ જોયો છે). 'પ્રભુ તમ જાણગ રીતિ, સૌ જગ દેખતા...' હે નાથ! સર્વજ્ઞ પરમેશ્વરને ભક્ત કહે છે, 'પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા હો લાલ, નિજ સત્તાએ શુદ્ધ અમને પેખતા હો લાલ..' અમે નિજ સત્તા શુદ્ધ આનંદકંદ ચૈતન્યઘન પુણ્ય-પાપના વિકલ્પ રહિત ચીજ છું એને તમે આત્મા કહો છે અને એને તમે આત્મા દેખો છો. આહાહા..! વાત તો ઘણી મીઠી છે પણ પરિચય નહિ. આહાહા..! અનાદિથી ઊંધે રસ્તે ચડાવી દીધા છે. એને અંતરમાં માર્ગની ખબર નથી. આહાહા..!

'**શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં જીવના સહારાના પણ છે;...**' શું કહે છે? એ જીવની સહાયતાથી શુદ્ધ પરિણામ મળે છે. આહાહા..! એ કોઈ દયા, દાન, વ્રતના પરિણામથી સમ્યગ્દર્શનના પરિણામ થાય છે એમ નથી. આહાહા..! સમ્યગ્દર્શનના પરિણામ પોતાના શુદ્ધ ચૈતન્ય ભગવાનના સહારા નામ આશ્રયથી થાય છે. આહાહા..! શું ભાષા! બાપુ! મારગડા બહુ જુદા, ભાઈ! '**તેથી સમ્યગ્દૃષ્ટિ જીવ પહેલાં જ આવા પરિણામ મટાડે છે.**' જુઓ! આહાહા..! ધર્મની પહેલી સીઢી-પહેલું પગથિયું આ સમ્યગ્દર્શન. સમ્યગ્દર્શનમાં જીવ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદનો અનુભવ થતાં સમ્યગ્દૃષ્ટિને પહેલેથી મિથ્યાત્વ અને રાગ-દ્વેષ જે છે એનો નાશ કરી નાખે છે. સમજાય છે કાંઈ? આવી વાતું હવે. એમાં શું કહે છે એ પકડાવું કઠણ. ઓલું તો સહેલુંસટ હતું. દયા પાળવી, વ્રત કરવા, અપવાસ કરી નાખવા, છઠ છઠના પારણા કરવા, કંદમૂળ ન ખાવા, પ્રત્યેકની વનસ્પતિની મર્યાદા કરવી. આવું સહેલુંસટ

હતું અજ્ઞાન. ધૂળમાંય નથી, બધું સાંભળને. આહાહા..! ભાઈ! તને ખબર નથી, પ્રભુ! એ બધા વિકલ્પ ને રાગની ક્રિયાઓ છે. આહાહા..!

ભગવાનઆત્મા, જેમ સ્ફટિક.. આવે છે ને? 'જેમ નિર્મળતા રે સ્ફટિક તણી, તેમ જ જીવ સ્વભાવ રે.. જેમ નિર્મળતા રે સ્ફટિક તણી..' સ્ફટિક પત્થર એક ફેરી જોયો છે. ક્યાં? 'જામનગર'. અહીં આપણે સ્ફટિક (છે). આ તો પહેલો ત્યાં જોયો હતો-'જામનગર'. છ લાખનું સોલેરિયમ છે ને? ત્યાં છ લાખનો એક મોટો સંચો છે. મોટો સંચો. આ તો તે દિ' ની વાત છે. (સંવત) ૧૯૯૧ની વાત છે. ત્યાં મોટા ડોક્ટર હતા ને? કેવા ડોક્ટર? ભાઈ! 'પ્રાણજીવન' ડૉક્ટર, 'પ્રાણજીવન' ડૉક્ટર હતા. અઢી હજારનો પગાર હતો. તે દિ' વ્યાખ્યાનમાં આવતા. ૧૯૯૧માં વ્યાખ્યાન વાંચતા ને. ન્યાં 'રાજકોટ'. 'જામનગર' આવતા. એક ફેરી ન્યાં જોવા ગયા હતા. એની પાસે આવડું મોટું સ્ફટિક હતું. એ બતાવ્યું હતું. આવું સ્ફટિક ધોળું. એ સ્ફટિક તદ્દન સ્વચ્છ અને નિર્મળ હોય છે. એમાં ડંખ દેખાય. લાલ, પીળા ફૂલ મૂકો તો. એ એનું સ્વરૂપ નથી.

એમ ભગવાનઆત્મા ચૈતન્ય સ્ફટિક રત્ન, 'જેમ નિર્મળતા રે સ્ફટિક તણી, તેમ જીવ સ્વભાવ, શ્રી જિનવરે રે ધર્મ પ્રકાશિયો, શ્રી જિનવરે રે ધર્મ પ્રકાશિયો, પ્રબળ કષાય અભાવ રે..' એ પુણ્ય અને પાપના ભાવ કષાય છે તેના અભાવસ્વરૂપને ભગવાને ધર્મ કહ્યો છે. આહાહા..! કહો, 'હસમુખભાઈ'! આહાહા..!

અહીંયાં કહે છે, '**સમ્યગ્દૃષ્ટિ જીવ પહેલાં જ આવા પરિણામ મટાડે છે...**' ક્યા? જે ખ્યાલમાં આવે છે કે આ મિથ્યાત્વ અને રાગ-દ્વેષ એ તો પહેલેથી છોડી દે છે. આહાહા..! કેમકે આત્મા ચૈતન્ય ભગવાન પવિત્રતાનો પિંડ છે. એમાં-આત્મામાં તો એક એક શક્તિ, જ્ઞાન, દર્શન, આનંદ એવી અનંત શક્તિ છે અને એક એક શક્તિમાં અનંત સામર્થ્ય છે. અરેરે..! ભગવાન આ આત્મા અંદર એ શરીર વિનાનો પુણ્ય-પાપના રાગ વિનાની જે ચીજ અંદર છે, એ ચીજમાં તો અનંતી શક્તિ છે. શક્તિ નામ ગુણ. અનંત ગુણ. જેમ જ્ઞાન, દર્શન, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ, કર્તા, કર્મ, જીવત્વ શક્તિ આદિ. ૪૭ તો બતાવી છે, એવી અનંત શક્તિ છે. એક એક શક્તિમાં અનંત સામર્થ્ય છે અને એક એક શક્તિની અનંતી પર્યાય છે. આહાહા..! આવો અંદર ભગવાન બિરાજે છે એની ખબરું ન મળે અને ધર્મ કરશું. ક્યાં ધર્મ કરીશ? ધર્મી જે ધર્મ, ગુણનો ધરનારો પરમાત્મા પોતે, એની તો ખબરું ન મળે અને ધર્મ થાય ક્યાંથી? આહાહા..!

અહીંયાં કહે છે કે સમ્યગ્દૃષ્ટિ જીવ એ શુદ્ધ અનંત ગુણનો પિંડ પ્રભુ, એની દૃષ્ટિ કરે છે, એનો આશ્રય કરે છે, જીવના સહારાના એ સમ્યગ્દર્શન આદિ ભાવ છે. જેટલા બુદ્ધિમાં ખ્યાલમાં આવે છે એટલા વિકારના પરિણામ તો છોડી દે છે. સમજાય છે કાંઈ? હવે આવ્યું અબુદ્ધિપૂર્વક. '**અબુદ્ધિપૂર્વક પરિણામ કહેતાં, પાંચ ઈન્દ્રિય અને મનના વ્યાપાર વિના જ...**' ઈન્દ્રિય અને મનનો સહારો જેમાં નથી. '**મોહકર્મના ઉદયનું નિમિત્ત પામીને મોહ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ વિભાવપરિણામરૂપ પોતે સ્વયં જીવદ્રવ્ય...**' આહાહા..! ઝીણી વાતું ભાઈ! જેમ એ સ્ફટિકમાં કાળા, રાતાં ફૂલ અથવા કોઈ કપડાં મૂકો તો એની ઝાંય દેખાય. એમ

ભગવાનઆત્મા તો શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે, પણ અંદર કર્મ જડ છે, આઠ કર્મ જ્ઞાનાવરણીય આદિ માટી ધૂળ (છે), જેવી આ ધૂળ છે, આ સ્થૂળ છે અને કર્મના રજકણો ઝીણા છે. રૂપી, મૂર્ત, જડ અજીવ છે. એના નિમિત્તના સંબંધમાં, એના લક્ષે અહીંયાં જેટલો રાગ અને દ્વેષ થાય, મોહ ભેગો લીધો (અર્થાત્) પર તરફની સાવધાની.

**'મોહકર્મના ઉદયનું નિમિત્ત પામીને...'** નિમિત્ત, હોં! **'મોહ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ વિભાવપરિણામરૂપ પોતે સ્વયં જીવદ્રવ્ય...'** સ્વયં જીવદ્રવ્ય પોતાથી **'અસંખ્યાત પ્રદેશે પરિણમે છે,...'** આહાહા..! એ વળી શું કહ્યું? જીવમાં અસંખ્ય પ્રદેશ છે. જેમ સાંકળી છે ને, સાંકળી? હજાર મકોડાની. આ સોનાની. સોનાની સાંકડી હજાર મકોડાની સાંકળી. સાંકળી એ આત્મા. એમ અસંખ્ય પ્રદેશનો આત્મા. એ મકોડા હજાર છે, અહીં અસંખ્ય પ્રદેશ છે. એક પરમાણુ ઝીણો પોઈન્ટ છે તે જેટલી જગ્યા રોકે તેને પ્રદેશ કહીએ. ભગવાને આત્માને અસંખ્ય પ્રદેશી કહ્યો છે. એ અસંખ્ય પ્રદેશી (એટલે) મકોડા. આત્મા (એટલે) સાંકળી. મકોડામાં જેમ સોનું પડ્યું હોય છે, એમ એક એક પ્રદેશમાં અનંતગુણ પડ્યા હોય છે. આવી વાત છે.

સર્વજ્ઞ પરમેશ્વરે.. 'શ્રીમદ્'માં પણ આવે છે, 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ, બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ.' ભગવાનઆત્મા શુદ્ધ-પવિત્ર, બુદ્ધ-જ્ઞાનનો કંદ, ચૈતન્યઘન એટલે અસંખ્ય પ્રદેશી. શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન. સ્વયં જ્યોતિ-પોતાથી ચૈતન્યજ્યોતિ છે. એનો કોઈ કર્તા-ફર્તા, ઈશ્વર-ફીશ્વર છે નહિ. સ્વયં જ્યોતિ સુખધામ. અતીન્દ્રિય આનંદનું ધામ-સ્થળ છે. અતીન્દ્રિય આનંદનું ધામ-સ્થળ છે. ત્યાં એમાંથી તો અતીન્દ્રિય આનંદ પાકે છે. આહાહા..!

અહીં કહે છે કે એવો જે આત્મા શુદ્ધ પરિણામ શુદ્ધ સ્વરૂપ, એના અસંખ્ય પ્રદેશોમાં મોહ, રાગ અને દ્વેષ આદિથી અથવા પરમાં સાવધાનીથી પરિણમે છે તો **'આવું પરિણમન જીવની જાણમાં નથી...'** ખ્યાલમાં ન આવે. ઉપયોગ સ્થૂળ છે ને. જ્ઞાનીને પણ જેટલા ખ્યાલમાં આવે છે એટલા વિકારને તો છોડી દે છે. પણ ખ્યાલમાં ન આવે એવા પરિણામ છે એ જાણમાં નથી. ખ્યાલમાં નથી આવતા. ઘણું સૂક્ષ્મ પરિણમન અંદર (હોય છે). આહાહા..! **'અને જીવના સહારાનું પણ નથી.'** એટલે ત્યાં જીવની મદદ નથી. વિકાર તો કર્મના નિમિત્તે ઉત્પન્ન થયેલો ભાવ છે. આહાહા..! ધર્મની જે સમ્યગ્દર્શન, જ્ઞાનની પર્યાય-અવસ્થા, એનો સહારો જીવનો છે, એને જીવનો આશ્રય છે. અને પુણ્ય-પાપના ભાવ પછી જે અબુદ્ધિપૂર્વક છે એનો સહારો જીવનો નથી. એનો સહારો નિમિત્તના આશ્રયથી એ વિકાર ઉત્પન્ન થાય. થાય છે પોતાથી પણ એનું લક્ષ કર્મ ઉપર જાય છે. આહાહા..! આવું છે. 'શાંતિભાઈ'! 'શાંતિભાઈ' કહેતા હતા કે આ જીંદગી વઈ ગઈ. ન્યાં સ્થાનકવાસીમાં તો બધા મોટા મોટા ભાષણ કરતા હતા. શું કહ્યું?

મુમુક્ષુ :- ગુરુનો ઉપદેશ મળે તો..

ઉત્તર :- પાત્ર હોય તો મળ્યા વિના રહે નહિ. કહ્યું નહિ? ભગવાન બિરાજે છે, ત્યાં કેમ જન્મ ન લીધો? પરમાત્મા બિરાજે છે, સાક્ષાત્ કેવળી મહાવિદેહમાં પરમાત્મા પાંચસો ધનુષનો દેહ, ક્રોડ પૂર્વનું આયુષ્ય (છે), ક્રોડ પૂર્વ. એક પૂર્વમાં સીત્તેર લાખ ને છપ્પન હજાર

ક્રોડ વર્ષ જાય. એ એક પૂર્વ. એવા ક્રોડ પૂર્વના આયુષ્યથી ભગવાન બિરાજે છે. મહાવિદેહક્ષેત્રમાં અત્યારે જીવંત છે. મહાવિદેહક્ષેત્ર. સિદ્ધમાં નહિ, હોં! સમજાય છે કાંઈ? ત્યાં કેમ ન જન્મ્યો? શ્રવણ કરવાની યોગ્યતા હોત તો ત્યાં જન્મ થાત. આહાહા..!

અહીંયાં તો કહે છે કે આત્મામાં જેટલા બુદ્ધિપૂર્વક ખ્યાલમાં વિકાર આવે છે એટલો તો ધર્મીજીવ પોતાના શુદ્ધ સ્વભાવનો અનુભવ કરીને તેને તો છોડી દે છે. ચૈતન્ય ભગવાનઆત્મા આનંદસ્વરૂપ જ્ઞાનસ્વરૂપ, નિર્મળ પ્રભુના શ્રદ્ધા-જ્ઞાનની પરિણતિથી એ મિથ્યાત્વ આદિ જણાય છે તેને તો છોડી દે છે. પણ જે અબુદ્ધિપૂર્વક હજી સૂક્ષ્મ (રાગ) રહે છે એ જણાતા નથી. સમજાય છે કાંઈ? તો કહે છે, '**જીવના સહારાનું પણ નથી, તેથી જે તે પ્રકારે મટાડી શકાતું નથી.**' ખ્યાલમાં આવતો નથી તેથી મટાડી શકાતો નથી.

'**માટે આવા પરિણામ મટાડવા અર્થે નિરંતરપણે શુદ્ધસ્વરૂપને અનુભવે છે,...**' આહાહા..! શું કહે છે? જે ખ્યાલમાં આવનારા વિકારને તો ધર્મીજીવ છોડી દે છે. કેમકે સમ્યગ્દષ્ટિને આત્મા આનંદસ્વરૂપનો અનુભવ છે, ભાન છે. પણ અબુદ્ધિપૂર્વક જાણકારી બહાર રહ્યા તેને મટાડવાનો બીજો ઉપાય તો છે નહિ. ખ્યાલમાં નથી. તો એને મટાડવાનો ઉપાય શું? '**શુદ્ધસ્વરૂપનો અનુભવ...**' નિજ ચૈતન્યશક્તિનું જેટલું ભાન થયું તેનો વિશેષ અનુભવ કરવાથી જે અબુદ્ધિપૂર્વકના રાગાદિ છે તેનો પણ નાશ થાય છે. આહાહા..! આવી વાતું હવે. બુદ્ધિપૂર્વક ને અબુદ્ધિપૂર્વક ને... પ્રભુ! મારગડા જુદા, ભાઈ! વીતરાગના શાસ્ત્રો કોઈ જુદી જાતના છે. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- બુદ્ધિપૂર્વક હો કે અબુદ્ધિપૂર્વક હો સ્વરૂપના અનુભવથી મટાડી શકે છે.

ઉત્તર :- મટાડી શકે છે. બુદ્ધિપૂર્વકનો તો સીધો મટાડી શકે છે, અબુદ્ધિપૂર્વકનો મટાડવા શુદ્ધ અનુભવ કરવાથી મટી જાય છે. ખ્યાલમાં તો આવતો નથી. પણ અંદર શુદ્ધ ચૈતન્યમૂર્તિ તરફ ઝુકવાથી એ અબુદ્ધિપૂર્વકનો છે તેનો નાશ થાય છે. વાત તો ભાષા તો સાદી છે, ભાવ તો છે ઈ છે, ભાઈ! આ તો ત્રણલોકના નાથ વીતરાગ જિનેશ્વરની વાણી, બાપુ! એ કંઈ સાધારણ માણસને હાલીતુલીને બેસે એવું નથી, કઠણ છે. આહાહા..!

'**નિરંતરપણે શુદ્ધસ્વરૂપને અનુભવે છે,...**' આહાહા..! ધર્મીજીવ તો નિરંતર જે સુખનો સ્વાદ આવ્યો છે, અતીન્દ્રિય આનંદનો સમ્યગ્દષ્ટિને (સ્વાદ આવ્યો છે) તો એ આનંદને કાયમ નિરંતર અનુભવે છે. આહાહા..! જ્ઞાનધારા, આનંદધારામાં કાયમ અનુભવે છે. જાણકારી બહાર અંદર જે રાગાદિ રહી ગયા એ છૂટી જાય છે. આહાહા..! આવે છે ને? '**શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરતાં સહજ મટશે.**' અંતર આનંદનો નાથ પરમાત્મા પોતે સચ્ચિદાનંદ સ્વરૂપ, સર્વજ્ઞ પરમેશ્વરે જે આત્મા કહ્યો ઈ, હોં! અજ્ઞાની લોકો આત્મા આત્મા (કરીને) ઘણી વાતું કરે છે, એ આત્મા નહિ. પરમેશ્વર વીતરાગ કેવળજ્ઞાની એણે જે આત્મા કહ્યો એ અનંત આત્માઓ જગતમાં છે. અનંત આત્મા છે. પ્રત્યેક આત્મા નિર્મળાનંદ સચ્ચિદાનંદ પ્રભુ છે. સત્ સત્-છે, જ્ઞાન અને આનંદનો કંદ છે. આહાહા..!

મુમુક્ષુ :- ચોથા ગુણસ્થાનથી..

ઉત્તર :- ચોથા ગુણસ્થાનમાં પણ અનુભવ આગળ વધતા વધતા રાગનો નાશ કરશે.

પછી વધતા વધતા. ચોથા ગુણસ્થાને બધાનો નાશ નથી થતો. પણ અનુભવ કરવાથી એ ક્રમે ક્રમે નાશ પામે છે. આ તરફ ઢળ્યો છે ને. આહાહા..! એમનો પ્રશ્ન એમ છે કે ચોથે ગુણસ્થાને અબુદ્ધિપૂર્વકના બધા રાગ-દ્વેષનો નાશ થાય છે? એમ કહે છે. બધાનો ન થાય. જેટલો આ બાજુ અનુભવ કરે છે એટલો નાશ થાય છે.

મુમુક્ષુ :- આ ક્રમ જ્યાં સુધી કષાય રહે ત્યાં સુધી..

ઉત્તર :- ત્યાં સુધી અનુભવમાં આ બાજુ ઢળે છે. આહાહા..!

મુમુક્ષુ :- સાધકદશા અહીંથી શરૂ થઈ.

ઉત્તર :- શરૂ થઈ. સમ્યગ્દષ્ટિ સાધકને ધર્મની શરૂઆત ત્યાંથી થાય છે. એ વિના અજ્ઞાનીને ધર્મ નથી. આહાહા..!

એ તો અનુભવ કરતાં, શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરતાં સહજ જ મટશે. અબુદ્ધિપૂર્વકનો રાગ છે એ તો સહજ મટશે. આને નાશ કરું એવું ખ્યાલમાં નથી. આ બાજુમાં અનુભવ કરવાથી સહજ મટશે. આહાહા..! '**બીજો ઉપાય તો કોઈ નથી,...**' આહાહા..! શું કહે છે, એ સમજવું કઠણ. '**તેથી એક શુદ્ધસ્વરૂપનો અનુભવ ઉપાય છે.**' ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ સિદ્ધ સ્વરૂપ. આત્મા સિદ્ધસ્વરૂપી જ અંદર છે. ' સિદ્ધ સમાન સદા પદ મેરો.' આહાહા..! સમ્યગ્દષ્ટિ જીવ નિજ સ્વરૂપને સિદ્ધ સમાન ત્રિકાળ જાણે છે. એક શુદ્ધસ્વરૂપનો અનુભવ-એને અનુસરીને થવું, નિર્મળ પરિણતિ થવી એ એક જ અબુદ્ધિપૂર્વકના રાગનો નાશ કરવાનો ઉપાય છે. 'શાંતિભાઈ'! આ ખ્યાલમાં આવે છે કે નહિ? ભાષા તો સાદી છે. ભાષા બહુ કઠણ નથી. ભાવ તો જે છે ઈ છે. આહાહા..! અરેરે..! ચોર્યાસીમાં રખડતો રઝળતો, એને ભગવાનની વાણી મળી નહિ. આહાહા..! વાણી મળી તો શું સ્વરૂપ કહે છે ઈ સમજ્યો નહિ. મળ્યા, ન મળ્યા જેવું કર્યું એણે. અનંતવાર ભગવાન પાસે જન્મ્યો છે. મહાવિદેહક્ષેત્રમાં આ આત્મા અનંતવાર જન્મ્યો છે. અઢી દ્વિપ છે, મનુષ્યક્ષેત્ર અઢી દ્વિપ-૪૫ લાખ યોજન છે. એક કણ પણ અનંત ભવ કર્યા વિના રહ્યો નથી. ૪૫ લાખ યોજનમાં.. મનુષ્યક્ષેત્ર ૪૫ લાખ યોજન (છે). એમાં પછી મનુષ્ય નથી. પછી અસંખ્ય દ્વિપ સમુદ્રમાં એકલા તિર્યંચ પશુ જ છે. આહાહા..! ૪૫ લાખ યોજનમાં એક કણ બાકી નથી કે જેમાં અનંતા ભવ ન કર્યા હોય. તો મહાવિદેહક્ષેત્રમાં પણ અનંતા ભવ કર્યા છે. અને ત્યાં તો સાક્ષાત્ તીર્થંકરો ત્રિકાળ બિરાજમાન જ હોય છે. વીસ જાય તો બીજા વીસ થાય. બીજા વીસ (થાય). ત્યાં તો તીર્થંકરો અનાદિથી મહાવિદેહમાં તો બિરાજમાન જ છે. એની પાસે સમવસરણમાં પણ ગયો. આહાહા..! પણ ધોયેલ મૂળા જેવો રહ્યો. શું કહે છે અને શું સમજવું છે ઈ કાંઈ દરકાર કરી નહિ. ભગવાનને સમવસરણમાં સાંભળ્યા. એની આરતી ઉતારી. હીરાના થાળ મણિ રત્નના દીવા અને કલ્પવૃક્ષના ફૂલ, એનાથી ભગવાનની આરતી ઉતારી, એમાં શું થયું? એ તો શુભભાવ રાગ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીં તો શુદ્ધ સ્વરૂપનો અનુભવ એક જ ઉપાય છે, મોક્ષમાર્ગ. અંતર ભગવાનઆત્મા પૂર્ણ શુદ્ધ સ્વરૂપ, એનો અનુભવ કરવો, એનું વેદન કરવું સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામ પ્રગટ કરીને વેદન કરવું એ એક જ ઉપાય છે. આહાહા..! આ બધી અંતરની વાતું.

બહારમાં કાંઈ ન મળે. એક શુદ્ધ સ્વરૂપનો અનુભવ ઉપાય છે. '**વળી શું કરતો થકો નિરાસ્રવ હોય છે?**' વિશેષ કહે છે. સમ્યગ્દૃષ્ટિ જીવ-ધર્મીજીવ, જેને આત્મા પૂર્ણાનંદ સ્વરૂપનો અનુભવ થયો છે. પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન નિર્વિકલ્પ ચૈતન્યપ્રભુ.. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ ચોથે ગુણસ્થાને ભલે ગૃહસ્થાશ્રમમાં હો, 'ભરત' ચક્રવર્તી હતા. 'ઋષભદેવ' ભગવાનના પુત્ર. છ ખંડ, છન્નું હજાર સ્ત્રી, છન્નું કરોડ ગામ, છન્નું કરોડ પાયદળ. અંદરમાં ભાન હતું કે આ ચીજ મારી નહિ. એ સ્ત્રીઓ મારી નહિ, રાગ થાય એ મારો નહિ. મારી ચીજ તો આનંદકંદ છે. આવું ગૃહસ્થાશ્રમમાં પણ ભાન હોય છે.

અહીંયાં કહે છે, '**એક શુદ્ધસ્વરૂપનો અનુભવ ઉપાય છે. વળી શું કરતો થકો નિરાસ્રવ** હોય છે?' 'एव परवृत्तिम् सकलां उच्छन्दन्' '**અવશ્ય જ જેટલી જ્ઞેયવસ્તુ છે તેમાં રંજકપણારૂપ...**' પોતા સિવાય જેટલી જાણવાયોગ્ય વસ્તુ છે એમાં રંજિતપણું, રાગ એ બધાને છોડી દે છે. સમજાય છે કાંઈ? માટે નિરાસ્રવ થાય છે. આસ્રવરહિત.

મુમુક્ષુ :- છૂટી જ જાય...

ઉત્તર :- છૂટી જાય છે. નિરાસ્રવ ત્યારે કહેવાય છે, એમ કહે છે. પહેલાં તો કહી દીધું, ચોથા ગુણસ્થાને નિરાસ્રવ છે. પહેલા એમ કહ્યું હતું. હવે અહીં તો એમ કહે છે, નિરાસ્રવ તો જ્યારે સર્વથા પરજ્ઞેયમાં જેટલું રંજિતપણું, રાગ છે એ બધાને છોડશે ત્યારે નિરાસ્રવ થશે. સમજાય છે કાંઈ? પહેલા તો એમ કહ્યું હતું, સમ્યગ્દૃષ્ટિ તો નિરાસ્રવ જ છે. પણ એ મિથ્યાત્વ સાથેના રાગ-દ્વેષની અપેક્ષાએ નિરાસ્રવ કહ્યું હતું. અહીંયા તો હવે સર્વથા નિરાસ્રવ (ક્યારે થાય તેની વાત કરે છે). આહાહા..! અંદર સમ્યગ્દર્શન થયું છે, આત્મભાન થયું છે, રાગ મારી ચીજ નથી એવું ભાન છે છતાં રાગ થાય છે તો એ રાગનો કણ પણ સ્વરૂપની દૃષ્ટિ અનુભવ કરતાં કરતાં એનો નાશ થઈ જશે. ત્યારે એ નિરાસ્રવ થશે. ત્યારે આસ્રવ રહિત થશે. આહાહા..! છે ને?

'**શું કરતો થકો નિરાસ્રવ હોય છે?**' 'एव परवृत्तिम् सकलां उच्छन्दन्'. 'एव' નામ નિશ્ચયથી. એમ. 'एव' '**અવશ્ય જ જેટલી જ્ઞેયવસ્તુ છે...**' આહાહા..! સ્ત્રી, કુટુંબ, પરિવાર, પૈસા ધૂળ તો પર છે પણ દેવ, ગુરુ અને શાસ્ત્ર પણ પરચીજ છે. ત્રણલોકનો નાથ એમ કહે છે કે, અમારા પ્રત્યેના લક્ષથી તને જે રાગ થશે, આહાહા..! એ રાગનો પણ અનુભવ દ્વારા નાશ કર. બીજો કોઈ ઉપાય નથી. પરજ્ઞેય રંજિત આવ્યું હતું ને? પરને જાણતાં રાગ થતો હતો. તો દેવ, ગુરુ ને શાસ્ત્રને જાણતાં પણ રાગ થતો હતો. આહાહા..! એ પરજ્ઞેય છે. સ્વજ્ઞેય તો અહીં અંદર છે. એમાં રાગ થતો હતો તે પણ શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરતાં કરતાં રાગનો નાશ થશે. ત્યારે એ આસ્રવરહિત થશે. આસ્રવ સમજ્યા? પુણ્ય-પાપના ભાવ આસ્રવ. આસ્રવથી નવા કર્મ આવે છે. જેમ વહાણ હોય ને? વહાણ. એમાં છિદ્ર હોય ને? છિદ્ર. તો પાણી અંદર આવે. એમ આત્મામાં જેટલા પુણ્ય અને પાપના ભાવ થાય એ છિદ્ર છે. એ કારણે નવા કર્મ આવે છે. માટે એને આસ્રવ કહેવામાં આવે છે. આહાહા..! અરે..! એકેય તત્ત્વની ખબર ન મળે અને જિંદગી એમ ને એમ જાય. આહાહા..!

પરમાત્મા તો એમ ફરમાવે છે, મેં પહેલાં કહ્યું હતું કે સમ્યગ્દૃષ્ટિ નિરાસ્રવ છે. એ તો મિથ્યાત્વ સંબંધી રાગ-દ્વેષ અને મિથ્યાત્વના અભાવની અપેક્ષાએ કહ્યું હતું. પણ સર્વથા નિરાસ્રવ તો ત્યારે થશે કે પરજ્ઞેયમાં જેટલી આસક્તિનો, આસક્તિનો, પોતાપણું માનવાનો નહિ, પરજ્ઞેયમાં આસક્તિ સમકિતીને પણ થાય છે ને? પણ એ આસક્તિના રંજક પરિણામ છે, એ સ્વરૂપનો અનુભવ કરતાં કરતાં એનો નાશ કરશે. આહાહા..! આવી વાતું હવે. ઘરેથી બાયડી આવી ન હોય અને (પૂછે કે) તમે શું સાંભળી આવ્યા? કોણ જાણે, આમ ને તેમ ને એવી વાતું કરતા હતા. ભગવાન આમ કહે છે. આત્મા નિર્મળ છે. કોણ જાણે શું હશે? એય..! છે ને, બાપુ! આખી દુનિયાની બધી ખબર છે. દુનિયાની બધી નાડ અમે બહુ જોઈ છે. લાખો માણસોનો પરિચય છે. દસ-દસ હજાર માઈલ તો ત્રણ વાર હિન્દુસ્તાનમાં ફર્યા છીએ. આખા હિન્દુસ્તાનમાં. દસ-દસ હજાર માઈલ, હોં! મોટર દ્વારા. તીર્થ (યાત્રાઓ કરી). ઘણું જોયું, ઘણું જોયું. બાપુ! મારગડા જુદા, ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- આટલો પ્રવાસ કર્યો તો કેટલા...

ઉત્તર :- હવે શરીર કામ કરવું જોઈએ ને. ૮૮ વર્ષ થયા. ૮૮ વર્ષ કોને કહે? આંકડો ૮૮ સાંભળે. શરીર કોમળ દેખાય એટલે (લાગે નહિ). ૮૮ વર્ષનો (બીજો હોય તો) ખાટલે પડ્યો હોય. આહાહા..! બહુ લાંબું ક્યાં.. કાલે માંગણી આવી છે. મધ્ય પ્રદેશમાં જયંતિ કરો. શેઠ ઉપર લખ્યું છે. પરમ આદરણીય જૈનરત્ન ભગવાનદાસ શોભાલાલ. એવું નામ આવ્યું છે. .. તમારા બેયના નામ હતા. પરમ આદરણીય જૈનરત્ન. શેઠની પ્રસિદ્ધિ મોટી છે ને. ભગવાનદાસ શોભાલાલને અમારી પ્રાર્થના છે કે મહારાજની જયંતિ મધ્યપ્રદેશમાં ઉજવવાનું નક્કી કરો. ૮૯ બેસશે ને આ? વૈશાખ સુદ બીજ. એની માંગણી છે. પહેલી તો ઘાટકોપરની માંગણી છે. પોર (ગયા વર્ષે) ઘાટકોપર જવાનું હતું ને. પગમાં મચક થઈ ગઈ હતી. પગ મરડાઈ ગયો હતો. ચાલી શકાતું નહોતું.

મુમુક્ષુ :- એકવાર તો મધ્યપ્રદેશની મંજૂરી આપો.

ઉત્તર :- ક્યાંય હવે બહાર જવાનું નથી. એક આ મદ્રાસ છે. પાંચ લાખનું મંદિર થયું છે ને. એ લોકોની પોરની માંગણી છે. જવાય તો. અને આ 'મુંબઈ' ની માંગણી છે. થાય એ ખરું. થવા કાળે થશે.

અહીં કહે છે.. આહાહા..! શું કહ્યું? **'एव परवृत्तिम् सकलां उच्छन्दन्'** **'જેટલી જ્ઞેયવસ્તુ છે તેમાં રંજકપણારૂપ...'** જોયું? જ્ઞેયવસ્તુમાં આસક્તિ. સમ્યગ્દૃષ્ટિને મિથ્યાત્વ તો છે નહિ. એ તો નાશ કરીને અનુભવ કર્યો છે. હવે રંજકપણું જેટલું છે, એવી **'પરિણામક્રિયા, જેટલી છે શુભરૂપ અથવા અશુભરૂપ...'** જુઓ! હિંસા, જૂઠું, ચોરી, વિષયના આસક્તિના પરિણામ હો કે દયા, દાન, વ્રત, ભક્તિ, તપના પરિણામ હો, બેય ક્રિયા રાગ છે. આહાહા..! છે? **'શુભરૂપ અથવા અશુભરૂપ,...'** બેય ક્રિયા. આહાહા..! આકરું કામ. અહીંયાં તો એકલી શુભની ક્રિયામાં ધર્મ માનીને, અમને ધર્મ થયો, ધર્મ કરીએ છીએ. વ્રત કર્યા એટલે સંવર થયો અને તપ કર્યું એટલે નિર્જરા થઈ. આહાહા..! અરે..! પ્રભુ! તને ખબર નથી, ભાઈ! પછી આનાથી મોક્ષ થઈ જશે. ઓલા ભાઈ નહોતા કહેતા? ત્યાં છે ને, સર્વોદય, 'મુંબઈ'.

'કાંતિભાઈ' લીંબડીવાળા. કરોડપતિ. કાંતિભાઈ સર્વોદય છે ને? મોટું શું કહેવાય? ઈસ્પિતાલ. સર્વોદય હોસ્પિટલ. ત્યાં વ્યાખ્યાન આપતા ને ઘણીવાર તો. આ ફેરી વિનંતી કરવા આવ્યા હતા. પણ ત્યાં મુંબઈ આવ્યા હતા. 'કાંતિભાઈ'ને ત્યાં અમે રહ્યા હતા. લાઠીવાળાને ત્યાં. ત્યાં આવ્યા હતા. મહારાજ! કારણ કે એને બુદ્ધિ જાડી, પૈસા કરોડો રૂપિયા, દીકરો એકેય ન મળે. એક દીકરી હતી એને પરણાવીને ત્રીસેક લાખ આપ્યા. હજી સીત્તેર લાખ રૂપિયા છે અને ઉંમર થઈ ગઈ મોટી. ૫૫ ઉપર થયા. મહારાજ! આપની વાત તો ચાર હજાર ભવ પછી સમજાશે. અરે..! ચાર હજાર ભવ ક્યાં કરશો? બાપુ! આહા..! આવા માણસને કાંઈ દરકાર આત્માની ન મળે. અરે..ભાઈ! આ ભવમાં નહિ કર, પછી બીજા ભવમાં ક્યાં જઈશ તને ખબર નથી. ચાર હજાર ભવ પછી તમારી વાત સમજાશે, કહે. લ્યો, ઠીક. 'કાંતિભાઈ' છે, 'લીંબડી'ના છે. મોટા છે. દશાશ્રીમાળી કરોડપતિ. બધા આવે ખરા, સાંભળે ખરા.

મુમુક્ષુ :- એક દિવસમાં ચાર હજાર ભવ થઈ શકે છે.

ઉત્તર :- ચાર હજાર ભવ પછી તમારી વાત સમજાશે, એમ કહેતા હતા. અરે..! ભાઈ! ભવની ખબર ક્યાં છે? બાપા! ક્યાં જઈશ? એ નિગોદનું ઘર મોટું છે, પ્રભુ! તને ખબર નથી. બટાટા, શક્કરકંદ, ડુંગળી, લસણ. એક કટકીમાં અનંતા જીવ છે. એક કટકીમાં અસંખ્ય શરીર અને એક શરીરમાં અનંતા જીવ. ભાઈ! તને ખબર નથી. પરમાત્મા ત્રિલોકનાથ.. લસણની એક આટલી રાઈ જેટલી કટકી, એમાં અસંખ્ય તો ઔદારિક શરીર છે. એક શરીરમાં અનંતા જીવ છે. આહાહા..! ભગવાને કહેલ છે. હવે ન્યાં જો ગયો તો મનુષ્ય થવું મુશ્કેલ છે. બાપુ! આહાહા..! સમજાણું કાંઈ? અને જેને રુચિ થઈ એને વાયદા હોય? એનો અર્થ રુચિ નથી. જેને જેની રુચિ, જેની જરૂરિયાત જાણી તેનો પુરુષાર્થ કર્યા વિના રહે જ નહિ. એય..! આહાહા..! ઓળખો છો ને 'કાંતિભાઈ'ને? 'મુંબઈ' નહિ? આપણે વ્યાખ્યાન ત્યાં આપીએ છીએ ને. મોટો હોલ છે ને? દેવદર્શન. શ્વેતાંબરનો હોલ કર્યો છે મોટો. શ્વેતાંબર સાધુ મળી ગયો હતો. એણે પૈસા ખર્ચાવ્યા હતા. લાખો. પ્રતિમાઓ બધી સ્થાપી, મોટી. ચારેકોર. હોલ મોટો. દસ-દસ હજાર માણસ. વ્યાખ્યાનમાં દસ-દસ હજાર માણસ. બધું આવે ત્યાં. સ્થાનકવાસી લોકો આવે, શ્વેતાંબર આવે. પ્રેમ તો અમારા ઉપર લોકોને છે ને. દસ-દસ હજાર માણસ સભામાં-વ્યાખ્યાનમાં. પણ તત્ત્વને સમજવાની દરકાર જીવોને બહુ થોડી. આહા..!

અહીં કહે છે, આત્માને જે રાગ શુભ-અશુભભાવ થાય, '**તેને મૂળથી જ ઉખાડતો થકો સમ્યગ્દષ્ટિ નિરાસ્રવ હોય છે.**' ત્યારે નિરાસ્રવ થાય છે. આહાહા..! જોયું! પહેલા મિથ્યાત્વ સંબંધી રાગ-દ્વેષના અભાવને નિરાસ્રવ કહ્યું હતું. પાછી આ વાત લીધી. ન્યાં પકડી રાખે (તો એકાંત થઈ જાય). જેટલા અંશે અબુદ્ધિપૂર્વકનો રાગ છે, સમ્યગ્દષ્ટિને, અરે..! મુનિને પણ છઠ્ઠે-સાતમે બિરાજે છે, નગ્ન દિગંબર સંત જંગલમાં રહે છે, એ મુનિપણામાં અંદર આત્માના આનંદના ઝુલે ઝુલતા હોય, એને પણ હજી રાગનો ભાગ (છે), હજી પંચમહાવ્રત આદિનો વિકલ્પ છે. એનો નાશ કરવામાં અનુભવ કરતાં કરતાં નાશ થશે, બીજો કોઈ ઉપાય નથી. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા વદ ૯, ગુરુવાર, તા.૬-૧૦-૧૯૭૭
## કળશ - ૧૧૬, પ્રવચન - ૧૧૪

'કળશટીકા'. ૧૧૬ કળશમાં ભાવાર્થ આવ્યો. **'ભાવાર્થ આમ છે...'** ઉપરથી થોડું લઈએ. **'એક શુદ્ધસ્વરૂપનો અનુભવ ઉપાય છે.'** ત્યાંથી. આત્માનો ચૈતન્યસ્વભાવ ત્રિકાળ ધ્રુવ આનંદ, એનો અનુભવ એ એક સંસારના નાશનો ઉપાય છે. છે ને? **'એક શુદ્ધ સ્વરૂપનો અનુભવ...'** જેટલી ક્રિયાકાંડ દયા, દાન, વ્રત, ભક્તિ આદિ છે એનું ફળ તો સંસાર છે. મોક્ષનો ઉપાય તો એક શુદ્ધ ચૈતન્ય જ્ઞાનસ્વભાવી અતીન્દ્રિય આનંદસ્વરૂપ એવી જે ધ્રુવ ચીજ, એનો પર્યાયમાં અનુભવ (થવો). પર્યાય નામ તે સન્મુખની દશા, એ અનુભવ એ એક જ મોક્ષનો ઉપાય છે. સમજાય છે કાંઈ? કેમકે આત્માનું સ્વરૂપ મુક્ત સ્વરૂપ છે. આત્મપદાર્થ એ મુક્તસ્વરૂપ છે. અબદ્ધસ્પૃષ્ટ કહો, મુક્ત સ્વરૂપ કહો (એકાર્થ છે). મુક્ત સ્વરૂપ છે એનો ઉપાય, પર્યાયમાં મુક્તિનો ઉપાય એ મુક્તસ્વરૂપનો અનુભવ એ ઉપાય છે.

**'વળી શું કરતો થકો નિરાસ્રવ હોય છે?'** આસ્રવ એટલે બંધનો કારણરૂપ ભાવ-શુભ-અશુભભાવ, એ બંધનું કારણ છે. એનાથી રહિત નિરાસ્રવ કઈ રીતે થાય છે? **'एव परवृत्तिम् सकलां उच्छन्दन्' 'અવશ્ય જ...'** 'एव' એટલે જરૂર નિશ્ચય. **'જેટલી જ્ઞેયવસ્તુ છે તેમાં રંજકપણારૂપ પરિણામ...'** પોતા સિવાય જેટલી પરવસ્તુ જ્ઞેય છે તેમાં રાગનું રંજકપણું એ બંધનું કારણ છે. આહાહા..! એવી **'પરિણામક્રિયા, જેટલી છે શુભરૂપ અથવા અશુભરૂપ...'** આહાહા..! ચાહે તો શુભક્રિયા, શુભરાગ હો કે અશુભ હો, **'તેને મૂળથી જ ઉખાડતો થકો...'** મૂળથી નાશ કરતો થકો **'સમ્યગ્દૃષ્ટિ નિરાસ્રવ હોય છે.'** કેમકે.. બહુ સૂક્ષ્મ વાત. ચૈતન્ય સ્વભાવ સૂક્ષ્મ અનંત આનંદ પ્રભુ (છે), એ અતીન્દ્રિય આનંદનો અનુભવ કરવાથી જેટલી શુભ-અશુભ ક્રિયા છે તેનો નાશ થાય છે. શુભક્રિયાથી અનુભવ થાય છે એમ તો છે જ નહિ. પણ અનુભવથી શુભ-અશુભક્રિયાનો નાશ થાય છે. આહાહા..! શુભક્રિયાથી આત્માની અનુભવદશા સમ્યગ્દૃષ્ટિની ઉત્પત્તિ થતી નથી. હવે તો કાંઈ એમના કોઈ છોકરાઓ છે નહિ. એટલે હવે ગુજરાતી કરી નાખ્યું. કોઈ છોકરા છે નહિ, કોઈ છોકરાઓ આવતા નથી. પાછળ હશે, એક-બે હશે. આજ તો હિન્દી કરો. હવે પછી ગુજરાતી. ઘણા વખતથી હિન્દી ચાલે છે. આજે તો હિન્દી કરીએ.

**'જેટલી છે શુભરૂપ અથવા અશુભરૂપ...'** આહાહા..! બહુ ઝીણી વાત, બાપુ! શુભભાવ ગુણી ભગવાનઆત્મા અને એના આનંદ આદિ ગુણ, એ ગુણ-ગુણીના ભેદથી જે વિકલ્પ, રાગ ઉત્પન્ન થાય છે, એ પણ શુભક્રિયા છે. આહાહા..! એનો પણ જેમાં (અભાવ છે). પોતાનો આત્મા શુદ્ધ સ્વરૂપ પૂર્ણ આનંદ વીતરાગમૂર્તિ આત્મા છે. એમાં અંતરમાં લપેટ થઈ જવું. આનંદકંદમાં લપેટ નામ લીન થઈ જવું. આહાહા..! એ શુભાશુભ ક્રિયા મટાડવાનો ઉપાય છે. આવી વાત છે.

મુમુક્ષુ :- બધાય કામમાં એક જ ઉપાય..

ઉત્તર :- ઉપાય તો એક જ છે. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ'. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ચતુર્થ ગુણસ્થાનમાં ...

ઉત્તર :- નહિ, નહિ. અહીં સમ્યગ્દર્શન અને અનુભવની પ્રધાનતાથી આસ્રવ રોકાઈ ગયો એમ કહેવામાં આવે છે. થોડો આસ્રવ છે તો ખરો. એ છૂટી જવાનો છે એ અપેક્ષાથી કહ્યું છે. છે નહિ, એમ નહિ. છે તો હજી દસમા ગુણસ્થાન સુધી રાગ છે. એક એકાંત તાણી જાય કે એને બિલકુલ આસ્રવ જ નથી, એ અપેક્ષા નથી. અહીં તો સમ્યગ્દર્શન.. આત્મા આનંદનો નાથ પ્રભુ શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે, એવો અનુભવ અંતરમાં સ્વસન્મુખ થઈને થયો (તો) આખું નિધાન પ્રાપ્ત થયું. અનંત આનંદની ખાણ, અનંત જ્ઞાનનું નિધાન, અનંત શાંતિ, શાંતિ.. શાંતિ.. શાંતિનો સાગર. આહાહા..! બહુ બાપુ! એ આત્માનો અનુભવ સમ્યગ્દર્શન થયું તો તેનાથી શુભ-અશુભક્રિયા, ભાવ થાય છે એનો એનાથી નાશ કરે છે. સમજાય છે કાંઈ? બાકી રહે છે એનો આસ્રવ, બંધ છે પણ એની સ્થિતિ, રસ અલ્પ છે તેથી ગણવામાં આવ્યો નથી. પણ એકાંત તાણી જાય કે સમ્યગ્દષ્ટિને બિલકુલ આસ્રવ અને બંધ છે જ નહિ, એમ નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- સાધક દશાનો પ્રારંભ થયો.

ઉત્તર :- સાધકની શરૂઆતમાં આનંદનો.. આહાહા..! અતીન્દ્રિય આનંદનું જ્યાં સમ્યગ્દર્શનમાં વેદન થયું તો અતીન્દ્રિય આનંદ આગળ રાગની ગણતરી શું? રાગ છે પણ એનો આદર નથી. એ કર્મધારામાં જાય છે. પોતાની જ્ઞાનધારામાં એ નથી. બહુ ઝીણી વાત, બાપુ! જન્મ-મરણ કરી કરીને લોકોના થોથા નીકળી ગયા છે. દુઃખી પ્રાણી દુઃખી છે. એની દૃષ્ટિમાં જ્યાં સુધી પુણ્ય અને પાપના ભાવ છે ત્યાં સુધી મહાપાપી દુઃખી છે. સમજાય છે કાંઈ? આહાહા..!

ભગવાન અંદર આનંદનો નાથ પ્રભુ પરમાત્મસ્વરૂપ (બિરાજે છે). 'अप्पा सो परमअप्पा' આવે છે ને? શેઠ! 'તારણસ્વામી'માં બહુ આવે છે. આત્મા એ પરમાત્મા જ છે અંદર. એ કેમ બેસે? 'अप्पा' આત્મા એ અંદર પરમાત્મા જ છે. પરમાત્મા છે તો પર્યાયમાં પરમાત્મા શક્તિમાંથી વ્યક્તિ થશે. આાહાહા..! એવો ભગવાનઆત્મા અપરિમિત જ્ઞાન, દર્શન, આનંદનું ઘર-નિધાન, અનંત અનંત ગુણનું ગોદામ.. આહાહા..! એની સન્મુખ થઈને જ્યાં અનુભવ થયો.. આહાહા..! અને નિમિત્ત, રાગ અને પર્યાયની પણ વિમુખતા થઈ, મુખ વાળી લીધું.. આહાહા..! નિમિત્ત ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્ર હો કે સ્ત્રી, કુટુંબ હો, એ બધા નિમિત્તથી મુખ વાળી લીધું. આહાહા..! ઝીણી વાત, બાપુ! અને પુણ્ય અને પાપના ભાવ જે છે એનાથી પણ લક્ષ છોડી દીધું. અને પર્યાય જે એક સમયની છે તેનાથી પણ વિમુખ થઈ ગયો. આહાહા..! સમકિતી લીધા છે. ચોથા ગુણસ્થાનની વાત ચાલે છે. સમજાય છે કાંઈ? હજી તો ગૃહસ્થાશ્રમમાં સમ્યગ્દષ્ટિ કેવા હોય એની વાત ચાલે છે. આહાહા..! શું થાય? વર્તમાનમાં માર્ગનો એવો વિરોધ થઈ ગયો. સત્ય વાતને પણ ખોટી ઠરાવવી અને ખોટી વાતને સત્ય ઠરાવવી છે. ભગવાન.. ભગવાન. ચોર્યાસીના અવતાર, ભાઈ! તારા દુઃખ..

એ ચાહે તો દિગંબર મુનિ સંત હો, બહારથી, પણ અંદરમાં દયા, દાન, વ્રત ને મહાવ્રતના વિકલ્પ છે એના ઉપર જેની દૃષ્ટિ છે એ પાપી, મિથ્યાદૃષ્ટિ છે. આ વાત આકરી પડે જગતને, શું થાય? સમજાય છે કાંઈ? અને જેની દૃષ્ટિ અંદરથી રાગ અને પુણ્ય ઉપરથી ખસીને પૂર્ણાનંદનો નાથ પ્રભુ અનંત ગુણરત્નથી ભરેલો રત્નના રાશિ. કહો, ક્યાં ગયા, 'શાંતિભાઈ'? આ તમારા રત્ન તો કેટલા હશે? થોડાઘણા હોય ન્યાં. આ તો રત્નની રાશિ. અનંત રત્નની રાશિ અંદર પડી છે. આહાહા..!

અરૂપી આનંદ આદિ અનંત રત્નનો ગંજ પ્રભુ આત્મા, એ તરફનો અનુભવ કરે છે તો એને શુભ-અશુભભાવનો નાશ થાય છે. **'उच्छन्दन्' 'उच्छन्दन्'** આવ્યું ને? **'सकलां उच्छन्दन्' 'મૂળથી જ ઉખાડતો થકો સમ્યગ્દૃષ્ટિ નિરાસ્રવ હોય છે.'** આહાહા..! ત્યાં સુધી તો પરમદિવસે આવ્યું હતું. **'ભાવાર્થ આમ છે...'** ભાઈ! આ તો મારગડા જુદા, નાથ! એ સંસારના ભાવમાં ગુંચાઈને પડ્યો છે. ત્યાંથી છૂટીને કદાચિત્ ધર્મને નામે વ્રત ને તપ ને ભક્તિમાં ગુંચાઈ ગયો છે. આહાહા..! એને ન્યાંથી ખસીને ભગવાન સન્મુખ જવું એ મહા પુરુષાર્થ છે. એ પુરુષાર્થની ગતિ શું, પરિણામ શું, એનો એણે ખ્યાલ કર્યો નથી.

અહીં કહે છે, **'જ્ઞેય-જ્ઞાયકનો સંબંધ બે પ્રકારે છે...'** પહેલા ત્યાં આવ્યું હતું ને? કે જ્ઞેયનું રંજિતપણું. હવે છે, જ્ઞેયના બે પ્રકાર, જ્ઞેય-જ્ઞાયકના બે પ્રકાર. **'એક તો જાણપણામાત્ર...'** જાણપણામાત્ર-જ્ઞેયને જાણવામાત્ર સંબંધ, બસ. અને **'રાગદ્વેષરૂપ નથી.'** શું કહે છે? કે એક જ્ઞેય એવું છે કે જાણવામાત્ર છે. ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્ર હો, ચાહે તો સ્ત્રી, કુટુંબ, પરિવાર, લક્ષ્મી, આબરૂ હો, સમ્યગ્દૃષ્ટિને જ્ઞાનમાં એ જાણવામાત્ર છે. મારા છે એ દૃષ્ટિ તો ધર્મીની છૂટી ગઈ છે. આહાહા..! જ્ઞાનમાત્ર જ્ઞાનચેતના. આત્મા જે જ્ઞાનસ્વરૂપ છે એની જ્ઞાનચેતના પર્યાયમાં પ્રગટ થઈ તો જેટલા જ્ઞેય છે એ જ્ઞાનમાં જાણવાલાયક રહ્યા. મારા માનવાલાયક પણ નહિ અને જ્ઞેય જોઈ રાગ કરવો કે દ્વેષ કરવો, એ રહ્યું નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! **'જાણપણામાત્ર છે, રાગદ્વેષરૂપ નથી.'**

**'જેમ..'** દૃષ્ટાંત આપે છે. **'કેવળી સકળ જ્ઞેયવસ્તુને દેખે-જાણે છે,...'** સર્વજ્ઞ ભગવાન કેવળજ્ઞાની પરમાત્મા સકળ જ્ઞેયને-ત્રણકાળ ત્રણલોકને દેખે-જાણે છે. **'પરંતુ કોઈ પણ વસ્તુમાં રાગ-દ્વેષ કરતા નથી.'** આહાહા..! **'તેનું નામ શુદ્ધ જ્ઞાનચેતના કહેવાય છે.'** તેનું નામ શુદ્ધ જ્ઞાનચેતના. જાણવું.. જાણવું.. જાણવું.. જાણવું.. જાણવું.. રહી ગયું. એ શુદ્ધ જ્ઞાનચેતના. આહાહા..! ભાષા બીજી જાતની. માર્ગ અત્યારે બહુ ફેરફાર થઈ ગયો. આહાહા..! હવે એ સમકિતમાં ઉતારશે. **'તેનું નામ શુદ્ધ જ્ઞાનચેતના કહેવાય છે.'** શું? જગતના પોતા સિવાય જેટલા દ્રવ્ય-ગુણ-પર્યાય છે તે બધાને જ્ઞાન જાણે છે. તેને જ્ઞાનચેતના કહેવાય છે, તેને ધર્મચેતના કહેવાય છે. આહાહા..!

**'સમ્યગ્દૃષ્ટિ જીવને શુદ્ધ જ્ઞાનચેતનારૂપ જાણપણું છે.'** આહાહા..! એ જ્ઞાનચેતના લીધી છે. રાગ-દ્વેષ થાય છે પણ એને જાણે છે એમ અહીંયાં લીધું છે. વ્યવહારે જાણેલો પ્રયોજનવાન છે એ અહીંયાં લીધું છે. આહાહા..! એમાં એકાંત તાણીને કહે કે સમકિતીને એકલી જ્ઞાનચેતના જ છે અને વ્યવહારના રાગાદિ છે જ નહિ, એમ છે નહિ. આત્મા

ચિદાનંદસ્વરૂપ ભગવાનઆત્મા, એ જ્ઞાનચેતના દ્વારા જ્ઞેયને જાણે. ચાહે તો અરિહંત હો, દેવ હો, ગુરુ હો, શાસ્ત્ર હો. આહાહા..! ભગવાનઆત્માનો ચેતનાસ્વભાવ. આત્મા સચ્ચિદાનંદ પ્રભુ.. આહાહા..! એ જ્ઞાનરત્નથી ભરેલો, અતીન્દ્રિય આનંદથી ભરેલો પ્રભુઆત્મા, એનું જ્યાં સમ્યગ્દષ્ટિને ભાન-અનુભવ થયો તો પરજ્ઞેયને એ જાણનાર રહી ગયો. પરજ્ઞેયમાં કોઈ જ્ઞેય મારા છે, એ દૃષ્ટિ તો છૂટી ગઈ. આહાહા..! સમજાય છે કાંઈ?

ચાહે તો ગૃહસ્થાશ્રમમાં સમકિતી હો, આઠ વર્ષની બાલિકા હો,.. આહાહા..! પોતાના શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિથી અનુભવ થયો તો કહે છે કે એની પાસે તો જ્ઞાનચેતના છે. આહાહા..! પતિ છે, પુત્ર આદિ છે એ બધા જ્ઞેયને એ જાણે છે. આહાહા..! ગજબ વાત છે, ભાઈ! સમજાય છે કાંઈ? ચાહે તો પતિ હો, ચાહે તો પતિથી પુત્ર થાઓ, પેટમાં ગર્ભ હો, આહાહા..! પણ ધર્મીજીવ જે જ્ઞાનચેતના, આત્માનું ભાન થયું છે તો એ જ્ઞાનચેતનામાં પરજ્ઞેયને પોતાના નથી માનતો, જ્ઞેયને જાણે છે કે આ છે એટલું. આહાહા..! આવો માર્ગ.

પોતાના ભાવમાં રહીને ધર્મી જ્ઞાનચેતનામાં રહીને પરજ્ઞેયને જાણે છે. આહાહા..! એ અપેક્ષા અહીં લીધી છે. કોઈ ચીજને પોતાની માનતા નથી એ અપેક્ષા લીધી છે. સમજાય છે કાંઈ? આહાહા..! રાગ થાય છે, દ્વેષ થાય છે, રાગ થાય છે પણ એ જ્ઞાનમાં જ્ઞેય તરીકે જણાયો છે, બસ. આહાહા..! સમજાય છે કાંઈ? જ્ઞાનનો સ્વભાવ ભગવાનઆત્મા સ્વપરપ્રકાશક સ્વભાવ જ્યાં પ્રગટ થયો તો પરને પોતે જાણનાર રહ્યો, પણ પરને પોતાના માનવામાં રહ્યો નહિ. આહાહા..! આવી વાત. સમજાય છે કાંઈ? છે?

**'સમ્યગ્દષ્ટિ જીવને શુદ્ધ જ્ઞાનચેતનારૂપ જાણપણું છે.'** આહાહા..! હવે આમાં તકરાર કરે કે જુઓ! એને જ્ઞાનચેતના જ છે, એને રાગ અને દુઃખ છે જ નહિ. એ કઈ અપેક્ષા છે? બાપુ! સમજાય છે કાંઈ? અહીંયાં તો એ દુઃખ છે પણ એને પરજ્ઞેય તરીકે જાણે છે. એ અપેક્ષા અહીંયાં લેવી છે. સમજાય છે કાંઈ? અને એમ જ કહે કે, જ્ઞાનીને દુઃખનું વેદન છે જ નહિ, એ મિથ્યાત્વ એકાંત દૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? અહીંયાં તો ચેતના જ્ઞાનસ્વરૂપ પ્રભુ પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ ચૈતન્યનો જ્યાં સ્વસન્મુખ થઈને અનુભવ થયો તો ત્યાં જ્ઞાનચેતના, જ્ઞાનપણું, જાણપણું સ્વપરપ્રકાશકપણું પ્રગટ થયું. તો એ રાગાદિ છે એને પરજ્ઞેય તરીકે જાણે છે. આહાહા..! આવો માર્ગ.

**'તેથી મોક્ષનું કારણ છે.'** સમ્યગ્દષ્ટિને જે રાગ આવે છે કે પરચીજ છે એને જાણે છે. પોતામાં રહીને પરપ્રકાશક સ્વભાવ પોતાનો છે તેથી પોતાને અને પરને જાણે છે. એ જાણનારી પર્યાય છે તે મોક્ષમાર્ગ છે. આહાહા..! એ ધર્મ છે. આહાહા..! સમજાય છે કાંઈ? શુદ્ધ જ્ઞાનચેતના મોક્ષનું કારણ છે. **'બંધનું કારણ નથી.'** એ જ્ઞાનધારા જે થઈ એ બંધનું કારણ નથી. બંધનું કારણ છે તેનું તો અહીંયાં જ્ઞાન કરે છે. એટલું અહીં લેવું છે. આહાહા..! અરે..!

એણે ભગવાનને ભૂલીને ભૂલો કરી છે. એ ભૂલને અહીં કર્મચેતના અને કર્મફળચેતના કહે છે. વિકારીમાં એકાકાર અને વિકારી ફળના વેદનમાં એકાકાર. આહાહા..! એ મિથ્યાદૃષ્ટિ અનાદિથી શુભ-અશુભભાવનો કર્તા અને શુભ-અશુભભાવના ફળનો વેદક (છે). આહાહા..! સમજાય છે કાંઈ? જ્યારથી ધર્મી થયો.. આહાહા..! પોતાનો ચૈતન્ય ધર્મ જે આનંદ અને

જ્ઞાનસ્વભાવ, એની પર્યાયમાં જ્યારે ધર્મપરિણતિ થઈ.. આહાહા..! દ્રવ્ય-ગુણમાં તો અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત પ્રભુતા પડી છે. પણ પર્યાયમાં પ્રભુતાની પરિણતિ જ્યાં સમ્યગ્દૃષ્ટિની થઈ.. આહાહા..! ત્યારે એ જ્ઞાનચેતના-બસ, જાણનાર રહી ગયો. જેમ કેવળી જાણે છે, એમ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનચેતનાથી જાણે છે. આહાહા..!

**'મોક્ષનું કારણ છે. બંધનું કારણ નથી. બીજું જાણપણું એવું છે કે...'** પહેલું જાણપણું આ કહ્યું. શું? કે જ્ઞેયને જાણવું એ જ્ઞાનચેતના રહી, બસ. અને બીજા જ્ઞેયને જાણીને એ મારા છે અને રાગ-દ્વેષ કરે છે એ બીજી કર્મચેતના. છે? **'બીજું જાણપણું એવું છે કે કેટલીક વિષયરૂપ વસ્તુનું જાણપણું પણ છે...'** આહાહા..! પોતાના જ્ઞાનમાં તેના વિષયરૂપ બીજી ચીજનું જાણપણું પણ છે **'મોહકર્મના ઉદયનું નિમિત્ત પામીને ઇષ્ટમાં રાગ કરે છે,...'** આહાહા..! જ્ઞાનીને ઇષ્ટમાં રાગ અને અનિષ્ટમાં દ્વેષ નથી. કારણ કે બધી ચીજ જ્ઞેય છે. જ્ઞેયમાં બે ભાગ નથી પાડતા કે આ ઇષ્ટ છે અને અનિષ્ટ છે. અજ્ઞાની જ્ઞેયમાં બે ભાગ પાડે છે. સમજાય છે કાંઈ? અજ્ઞાની અનાદિથી જાણવાલાયક જ્ઞેય છે અને જ્ઞાનચેતના જાણનાર છે, એવું નહિ કરતાં જ્ઞેયરૂપ બે ચીજ છે એમાં બે ભાગ પાડે છે કે આ ઇષ્ટ છે, આ અનિષ્ટ છે. આહાહા..! ઇષ્ટ માનીને રાગ કરે છે, અનિષ્ટ માનીને દ્વેષ કરે છે. સમજાય છે કાંઈ? ધ્યાન રાખે તો પકડાય એવું છે. અરે..! આ ભાષા તો સાદી છે. ભાવ તો બહુ ઊંચા છે. આહાહા..! મહેમાન ગયા લાગે છે.

મુમુક્ષુ :- બે દિવસ માટે ભાવનગર ગયા છે.

ઉત્તર :- ભાવનગર? 'રમણિકભાઈ'ને ત્યાં? ઠીક. આહાહા..!

**'ઇષ્ટમાં રાગ કરે છે,...'** આહાહા..! **'ભોગની અભિલાષા કરે છે...'** ઇષ્ટ વસ્તુ જાણીને રાગ કરે છે. આહાહા..! જાણતો તો છે નહિ. રાગ કરે છે અને **'ભોગની અભિલાષા કરે છે...'** રાગ ને ભોગની અભિલાષા કરે છે. આહાહા..! પરચીજ તો કંઈ ભોગવાતી નથી. પણ પરચીજના લક્ષે ઉત્પન્ન થયેલો જે રાગ, એ રાગને ભોગવવાની અભિલાષા કરે છે. આહાહા..! ભારે માર્ગ, બાપુ! **'તથા અનિષ્ટમાં દ્વેષ કરે છે.'** અજ્ઞાની જીવ મોહકર્મના નિમિત્તથી પોતામાં ઉત્પન્ન થયેલો મિથ્યાત્વભાવ, એ તો નિમિત્ત છે, મિથ્યાત્વ તો પોતાથી થયું છે. એના વિષયરૂપ વસ્તુનું જાણપણું પણ છે અને મોહનો રાગ પણ છે, અને ભોગની અભિલાષા પણ છે. આહાહા..! અનિષ્ટમાં દ્વેષ કરે છે. બાપુ! વીતરાગમાર્ગ બહુ શાંત છે. આહાહા..!

**'અરુચિ કરે છે;...'** વીંછીનો ડંખ, સર્પનું કરડવું, નિંદા સાંભળવી, એ છે તો જ્ઞેય પણ મિથ્યાત્વને કારણે એમાં અરુચિ કરે છે. જ્ઞેય તો આ જ્ઞાનમાં લોકાલોક જ્ઞેય છે. એમાં જ્ઞેયમાં કોઈ બે ભાગ નથી કે આ ઠીક છે અને આ અઠીક છે. આહાહા..! પણ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિને કારણે ઇષ્ટને પ્રેમ કરીને અને અનિષ્ટ પ્રત્યે દ્વેષ કરીને બે ભાગ પાડી નાખે છે. આહાહા..! પાણીનું પૂર ચાલતું હોય. વચ્ચે પુલ આવે તો પાણીના બે ભાગ પડી જાય. આહા..! બે ભાગ પડી જાય. એમ ભગવાનઆત્મા જ્ઞાનરૂપી પ્રવાહરૂપ આત્મા, સર્વ જીવ તો જ્ઞેયમાત્ર છે એમ નહિ જાણીને, ઠીક છે અને અઠીક છે એવા જ્ઞેયમાં ભાગ પાડે છે, એમાં આત્મા ભંગ

થઈ જાય છે-મિથ્યાત્વ થઈ જાય છે. આહાહા..! શું કહે છે?

મુમુક્ષુ :- ભાવથી થાય છે.

ઉત્તર :- અહીંયાં ભાવની વાત છે ને. પરની સાથે શું સંબંધ છે? આ તો માટી જડ (છે). ભાવમાં ઈષ્ટ-અનિષ્ટપણું માને છે એ મિથ્યાત્વભાવ છે. આહાહા..!

મુમુક્ષુ :- રુચિ કરે એ સારો માનવો ને?

ઉત્તર :- ઈ તો જ્ઞેય છે ત્યાં સારા-નરસાનો પ્રશ્ન ક્યાં છે? જ્ઞાનમાં જ્ઞેય છે. વીંછીનો કરડ અને સ્ત્રીનો ભોગ કે લાડવો ખાવાની ક્રિયા, એ તો જ્ઞાનમાં જ્ઞેય છે. એમાં ઠીક છે, અઠીક છે આવ્યું ક્યાંથી? આહાહા..! પણ એમાં ભેદ પાડે છે કે આ વિષયમાં મજા છે અને વીંછીના કરડમાં મજા નથી, અજ્ઞાની રાગ-દ્વેષમાં એવા બે ભાગ પાડી નાખે છે. આહાહા..! આકરી વાત, ભાઈ! આહાહા..! સમજાય છે કાંઈ? એવી વાત છે.

**'આવા રાગ-દ્વેષ સાથે મળેલું છે જે જ્ઞાન...'** જુઓ! પહેલા જ્ઞાન એવું કહ્યું હતું કે પોતાના જ્ઞાનમાં જ્યાં યથાર્થ જ્ઞાન, ભાન થયું તો બધી જ્ઞેય વસ્તુ જાણવાલાયક રહી ગઈ. કોઈ ચીજ ઠીક છે કે અઠીક છે એવું રહ્યું નહિ. એ રહ્યું નહિ તો રાગ-દ્વેષ પણ રહ્યા નહિ. આહાહા..! એ અપેક્ષાથી વાત છે. અને અહીંયાં જ્યાં આત્મામાં પરજ્ઞેયને જાણવાનું તો રહ્યું પણ જાણવા ઉપરાંત આ ઈષ્ટ છે, રાગમાં મજા છે એમ માનીને રાગનો કર્તા થાય છે અને રાગને ભોગવવાની અભિલાષા કરતો ભોક્તા છે. રાગનો જ્ઞાતા-દ્રષ્ટા ધર્મી છે, આ રાગનો કર્તા અને ભોક્તા થાય છે. આહાહા..! આવી વાતું હવે. પછી માણસને લાગે, આવો ધર્મ? આ પકડાય નહિ, સમજાય નહિ, એવો ઝીણો ધર્મ? બાપુ! ધર્મ તો એ છે. પકડાય એવો છે, સમજાય એવો છે, ભાઈ! આહાહા..! જાણનાર ભગવાન કોને ન જાણે? ન જાણી શકે એવો પ્રશ્ન જ ત્યાં ક્યાં છે? આહાહા..! જાણનાર કોને ન જાણે? અગ્નિની ઉષ્ણતા કોને ન બાળે? એમ ભગવાનઆત્માનું જ્ઞાન કોને ન જાણે? બધાને જાણે. પણ ઈષ્ટ-અનિષ્ટ કરે નહિ. આહાહા..!

અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ સ્વરૂપનું ભાન નથી એ જ્ઞેયને જાણે તો છે પણ જાણવાના કાળે ઈષ્ટ-અનિષ્ટથી રાગ-દ્વેષ કરે છે અને રાગ કરીને રાગને ભોગવવાની અભિલાષા કરે છે. આહાહા..! આ શરીરને ભોગવું, આ લાડવા ને દાળ, ભાતને ભોગવું, એમ ભોગવવાની અભિલાષા અજ્ઞાની કરે છે. પરને ભોગવતો નથી, ભોગવે તો છે પોતાના વિકારને. સમજાય છે કાંઈ? આહાહા..! ગજબ વાત! એક એક કળશમાં વાત ઘણી ભરી દે છે, ઘણી ભરી દે છે.

**'રાગ-દ્વેષ સાથે મળેલું છે જે જ્ઞાન તેનું નામ અશુદ્ધ ચેતનાલક્ષણ...'** એનું નામ અશુદ્ધચેતના. પહેલા જ્ઞાનચેતના કહ્યું હતું. બધા જ્ઞેયને જાણે એ જ્ઞાનચેતના. એમાં જ્ઞેયમાં ઈષ્ટ-અનિષ્ટ ભાગ નથી પાડતો. ઈષ્ટ-અનિષ્ટ ભાગ નથી પાડતો તો રાગ-દ્વેષ નથી કરતો. આહાહા..! આ અશુદ્ધચેતના. **'કર્મચેતના-કર્મફળચેતનારૂપ કહેવાય છે,...'** લ્યો. આહાહા..! પોતાનું જ્ઞાનસ્વરૂપ છે તો એ જાણે તો છે. જાણવા ઉપરાંત, આ ઈષ્ટ છે, આ અનિષ્ટ છે એવા રાગ-દ્વેષ કરે છે. આહાહા..! એનું નામ કર્મચેતના અને ભોગવવાનું નામ કર્મફળચેતના (કહે છે). એ વિકારને કરે છે અને વિકારને ભોગવે છે એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! એને

જૈનની ખબર નથી કે જૈનપણું શું છે. આહાહા..! સમજાય છે કાંઈ?

એ કર્મચેતના અને કર્મફળચેતનારૂપ કહેવાય છે, '**તેથી બંધનું કારણ છે.**' એ બેય બંધનું કારણ છે. બંધનું કારણ એટલે કે મિથ્યાત્વ અને દર્શનમોહનું બંધનું કારણ છે. સમજાય છે કાંઈ? આહાહા..! '**આવું પરિણમન સમ્યગ્દષ્ટિને નથી.**' છે? આ જ્ઞેય અનંત જ્ઞેયોમાં આ ઠીક છે કે અઠીક છે એવું જ્ઞાની સમકિતીને થતું નથી. આહાહા..! ચાહે તો સાક્ષાત્ તીર્થંકર હો તોપણ મને ઈષ્ટ છે અને ઠીક છે, એમ જ્ઞાનીને થતું નથી. આહાહા..! બહુ મોટી વાત! ભક્તિનો પ્રેમનો રાગ આવે છે, પણ રાગનો જાણનાર રહે છે. સમજાય છે કાંઈ? આહાહા..! અજ્ઞાની રાગનો કર્તા થાય છે અને રાગનો ભોક્તા થાય છે. આહાહા..! ઝેરના પ્યાલા પીવે છે, સમકિતી આનંદના પ્યાલા પીવે છે. જ્ઞાનચેતના. કેટલાક તો એમ કહે, આ તો બધી નિશ્ચયની વાતું છે. પણ નિશ્ચય એટલે સત્ય. આહાહા..! વ્યવહારની વાતું આરોપિત હો, પણ એને જાણવું એ આત્માનો સ્વભાવ છે.

મુમુક્ષુ :- અજ્ઞાનીને વ્યવહાર હોય ક્યાંથી?

ઉત્તર :- આ તો માણસ માને છે ને. વ્યવહાર વ્રત કર્યા ને તપ કર્યા ને..

અહીંયા તો કહે છે, '**આવું પરિણમન સમ્યગ્દષ્ટિને નથી.**' કેવું? કે આ ઈષ્ટ છે એમ માનીને રાગ અને અનિષ્ટ માનીને દ્વેષ, એવી અશુદ્ધ પરિણતિ ધર્મીને હોતી નથી. આહાહા..! અસ્થિરતાનો ભાવ છે એનો પણ જાણનાર-દેખનાર રહે છે, એમ કહે છે. એમ અહીંયાં સિદ્ધ કરવું છે. સમજાય છે કાંઈ? આસક્તિનો ભાવ થાય છે. ઈષ્ટ-અનિષ્ટપણાની માન્યતાનો ભાવ નથી. પણ સમકિતીને આસક્તિનો ભાવ છે. પણ ઈ આસક્તિનો પણ જાણનાર છે, એમ અહીં સિદ્ધ કરવું છે. આસક્તિનો કર્તા અને ભોક્તા નથી. આહાહા..! આવી વાત. આમાં ક્યાં 'મુંબઈ'માં સંભળાય એવું છે. આખો દિ' પાપની પીંજણ.

મુમુક્ષુ :- પૈસા.

ઉત્તર :- ધૂળમાં પૈસા તો પુણ્ય હોય તો મળે, ન્યાં ક્યાં એના ડહાપણથી મળે છે. ઘણા મોટા હોંશિયાર વેપાર-ધંધો કરનારા હોય અને સટ્ટામાં ખોટ જાય. ભિખારા થઈ જાય, લ્યો. આહાહા..!

મુમુક્ષુ :- .. હોવો જોઈએ ને.

ઉત્તર :- બધે ઈ લાગુ પડે. પાપનો ઉદય આવે તો બધું પલટી જાય તો ખબરેય ન પડે. ક્યાં ગયું આ? શેઠાઈ જાય, પૈસા જાય, આબરૂ જાય, બધું જાય એકસાથે. એવા દાખલા ઘણા જોયા છે ને. અમારે ન્યાં 'ઉમરાળા'માં નગરશેઠ હતા. નગરશેઠ. આમ પુણ્ય ઓછા તો નગરશેઠ, સ્થાનકવાસીના શેઠ, ગામના શેઠ. તેલ બે શેર લેવા જાવું હોય તો રૂપિયો ન મળે. આવી સ્થિતિ હતી. ખાનદાન, હોં! માણસ ખાનદાન. ખાનદાન માણસ બહુ. ઘાંચી પાસે તેલ લેવા જાય. બે શેર તેલ આપજો. ઘાંચી સમજે કે આદમી પાસે પૈસા નથી. એ કહે, મોટાભાઈ આપશે એટલે આપશું, હોં! પણ ઈ તો સમજે. લઈ જાઓ, લઈ જાઓ. એવી સ્થિતિ હતી. અત્યારે છોકરાઓને ઠીક છે. છોકરાઓ 'મુંબઈ'માં છે. એ તો પહેલી સ્થિતિ એવી ઠીક હતી. મોટા નગરશેઠ. વચમાં આવી સ્થિતિ થઈ ગઈ. પછી વળી ફેરફાર (થઈ ગયો).

અમારે ઓલો કહેતો હતો, 'જયપુર'નો.. શું કહેવાય તમારે મોટરનો? ડ્રાઈવર. ઈ કહેતો હતો કે ચડતી-પડતી. છાયા.. છાયા. છાયા આવે. ચડતી-પડતી છાયા છે, બાપુ! છાયો આવે ને તડકો થઈ જાય, તડકો હોય ને છાયો થઈ જાય. એ ત્યાં 'જયપુર'માં કહેતો હતો, હોં! 'મહેન્દ્રભાઈ'નો હતો. 'મહેન્દ્રભાઈ સેઠી'નો ડ્રાઈવર હતો. એને કેમ થયું? અમે એના દિવાનના ઓલામાં ઉતરેલા. પહેલાવહેલા જ્યારે (ગયા ત્યારે). બજારમાં દિવાનનું ઓલું હતું ત્યાં ઉતરેલા. એમાં નીચે ઉતરીને વ્યાખ્યાન કરવા જાવું. ત્યાં એક ૭૫-૮૦ વર્ષનો માણસ નીકળ્યો. જીર્ણ કપડાં, માથે ટાલ. એ.. મા-બાપ પૈસો આપજો. મારી એના ઉપર નજર ગઈ. ડ્રાઈવરને કીધું, આ માણસ કોઈ ગરીબ નથી, ગમે તેમ હો. એનું મોઢું, ટાલ છે ને આ કોઈ બીજો માણસ છે. કહે, સાહેબ! એ ઝવેરીનો દીકરો હતો. 'વાંકાનેર'ના ઝવેરી. શું નામ કીધું? 'માવજી ત્રિકમ'. એની ઝવેરીની બજારમાં દુકાન હતી. એના લગ્ન વખતે મોટી ધામધૂમ કરેલી. 'મહેન્દ્રભાઈ' કહેતા હતા, જોડે બેઠા હતા. 'મહેન્દ્રભાઈ' કહે, અમે પણ એને પૈસાની મદદ કરેલી. અત્યારે હવે ગરીબ ભિખારો તદ્દન. જીર્ણ કપડાં, ૭૫-૮૦ વર્ષની ઉંમર, માગે. આહાહા..! બાપુ! પુણ્ય ફરે ત્યારે શું થાય, ઈ કાંઈ રાખ્યા રહે એવું નથી.

મુમુક્ષુ :- વેપારમાં ભૂલ થઈ.

ઉત્તર :- એ તો પુણ્યને લઈને બધું થાય અંદર. આહાહા..! અમારે 'જેઠાલાલ સંઘવી' કહેતા ને. પેલા હતા, કેવા કહેવાય ઈ? ભાટિયા.. ભાટિયા. ભાટિયા મોટા ગૃહસ્થો. છોકરાના લગ્નમાં એની નાતમાં બેડા વેંચ્યા. બેડા સમજો છો? આ ત્રાંબાના. પાણી (ભરવાના). હાંડો અને ઘડો, બે. બેડા આખી નાતને (આપ્યા). એ છોકરાની વહુને સીમંતનો પ્રસંગ આવ્યો ત્યારે, 'જેઠાલાલ' કહે, એ છોકરો મારી પાસે માંગવા આવ્યો. બાપુ! મારી પાસે કાંઈ નથી. આ વહુને ઈસ્પિતાલમાં મૂકવા છે, કાંઈક ખર્ચ આપો. આહાહા..! બાપુ! ક્યારે ફરે એની (ખબર છે)? ઈ કાંઈ રાખ્યા રહે એવું છે? આહાહા..! ચડતી-પડતી છાયા છે. આહાહા..!

અહીં તો પ્રભુ એમ કહે છે કે આનંદનો નાથ જ્યાં જાગે છે, આહાહા..! ત્યારે તો એને રાગાદિ હોય છતાં તે જ્ઞેય તરીકે જાણે છે. એનો કર્તા અને ભોક્તા થતો નથી. આહાહા..! અને દ્રવ્યલિંગી સાધુ થઈને પણ, હજારો રાણીઓ છોડવા છતાં, એ રાગની ક્રિયાનો કર્તા હું અને હું ભોક્તા, એમ માને છે એ મિથ્યાદષ્ટિ છે. આહાહા..! આવો મોટો ફેર. એ દૃષ્ટિએ સૃષ્ટિ છે. સમ્યગ્દષ્ટિની દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે તો એની સૃષ્ટિ જ્ઞાતા-દૃષ્ટાની ઉત્પન્ન થાય છે. આહાહા..! અજ્ઞાનીની દૃષ્ટિ પુણ્ય અને પાપના વિકાર ઉપર છે તો ત્યાં મિથ્યાત્વ આદિ વિકારની ઉત્પત્તિ થાય છે. આહાહા..! બહારમાં બાદશાહી દેખાય, અંદરમાં ભિખારો હોય. આહાહા..! આવી ચીજ છે.

એ કહે છે, '**અશુદ્ધ ચેતનાલક્ષણ કર્મચેતના-કર્મફળચેતના કહેવાય છે, તેથી બંધનું કારણ છે. આવું પરિણમન સમ્યગ્દષ્ટિને નથી.**' અહીંયાં તો એકદમ રાગનો જાણનાર રહ્યો છે, એ સિદ્ધ કરવું છે. પણ કોઈ એમ કહે કે, રાગ બિલકુલ નથી. એમ નથી. અહીં તો જ્ઞાનચેતનામાં રાગ છે એને જાણે છે એ સિદ્ધ કરવું છે. એની જ્ઞાનચેતનામાં રાગનો અભાવ છે અને જ્ઞાનચેતનાનો રાગમાં અભાવ છે. એટલું અહીંયાં સિદ્ધ કરવું છે. એમાં કોઈ એકાંત

લઈ જાય કે સમ્યગ્દૃષ્ટિ થયો તો એને બિલકુલ રાગનો આસ્રવ છે જ નહિ. એકાંત વાત છે. સમજાય છે કાંઈ? આવી વાત છે. શાસ્ત્રના શાસ્ત્ર ભર્યા છે. દસમા ગુણસ્થાન સુધી રાગઆસ્રવ છે અને છ કર્મ આવે છે. દસમે ગુણસ્થાને. અહીં ચોથે તો બિલકુલ રાગ છે જ નહિ? છે પણ અહીં જ્ઞાનચેતનામાં જાણવાલાયક છે એમ ગણીને એમાં નથી એમ કહેવું છે. આહાહા..! એ સંસાર વધે એવો ભાવ નથી. આહાહા..! અને સમ્યગ્દૃષ્ટિને પણ અશુભભાવ આવે છે પણ એ તો જ્ઞાનમાં જ્ઞેય તરીકે જાણે છે. અને એને ભવિષ્યના ભવનો પણ બંધ પડે છે પણ અશુભભાવને કાળે ભવનો બંધ પડતો નથી. પોતાના શુદ્ધ સ્વભાવની દૃષ્ટિના જોરથી, અશુભભાવ આવે છે તો તે કાળે ભવિષ્યનો બંધ પડતો નથી. જ્યારે શુભ આવશે ત્યારે ભવિષ્યનો બંધ પડશે. કેમકે સમ્યગ્દૃષ્ટિને તો વૈમાનિક (દેવલોકમાં) જવાનું છે, મનુષ્ય અને તિર્યંચ હોય તો. દેવ હોય તો મનુષ્યમાં આવે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

ધર્મીને પણ અશુભભાવ આવે છે. છતાં એ કાળે એનો કર્તા-ભોક્તા તો નથી, પણ એ કાળે ભવિષ્યનો ભવ નહિ બંધાય. જ્યારે શુભભાવ આવશે ત્યારે ભવિષ્યનો બંધ પડશે. આટલું તો જોર છે. સમજાય છે કાંઈ? કારણકે હજી ભવ તો છે. જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી ભવ તો છે. આહાહા..! તો એ ભવનો બંધ ક્યારે પડશે? જ્યારે શુભભાવ આવશે ત્યારે વૈમાનિકનો બંધ પડશે. આહા..! અશુભભાવ હોય ત્યારે બીજો બંધ પડશે, આયુષ્યનો બંધ નહિ પડે. જ્ઞાનીને રાગ આવે છે એનો બંધ પડે છે. પણ અહીં તો રાગ અને બંધ બેયને જ્ઞેયમાં નાખીને જ્ઞાતા છે એમ બતાવવું છે. આહાહા..! આવી વાતું લાંબી કેટલી!

મુમુક્ષુ :- અભિપ્રાયમાંથી નીકળી ગયું.

ઉત્તર :- અભિપ્રાયમાંથી નીકળી ગયું. આહાહા..! કહ્યું ને? અશુભભાવ આવ્યો તોપણ કર્તા-ભોક્તા નથી. અને તેથી અશુભભાવ વખતે દેવનું આયુષ્ય નહિ બંધાય. સમકિતીને તો સ્વર્ગમાં જ જવાનું છે. બીજે ક્યાંય જાય નહિ. આયુષ્ય પહેલાં બંધાઈ ગયું હોય અને નરકમાં જવું પડે એ બીજી વાત છે. આહાહા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન આત્માનું ભાન થયું ત્યાં શુભભાવ આવે છે. તે વખતે વૈમાનિકનું આયુષ્ય બંધાઈ જશે. આહાહા..! સમજાય છે કાંઈ? કોઈ 'શ્રીમદ્ રાજચંદ્ર' માટે કહે છે ને? કે એ તો સીધા મહાવિદેહમાં ગયા છે. ત્યાં આઠ વર્ષે કેવળ પામ્યા છે. ખોટી વાત છે. મનુષ્ય મરીને મનુષ્ય થાય તો મિથ્યાદૃષ્ટિ હોય એ થાય છે. પણ એ ખબરેય ન મળે. એ તો સ્વર્ગમાં ગયા છે. વૈમાનિક દેવમાં ગયા છે. સમજાય છે કાંઈ? આહાહા..! ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષ જશે. પણ અહીંયાં મનુષ્ય છે તો સીધા (મહાવિદેહમાં ન જાય). ભક્તોને પણ ભાન ન મળે એટલે એટલા બધા એના વખાણ કરી નાખે. ફલાણો એમ કહેતો હતો, પેલો નહોતો એક હતો ને? ક્ષુલ્લક. 'ભોપાલ' નહોતો મળ્યો? કોણ? 'ભદ્રમુનિ'? 'ભદ્રમુનિ' તે દિ' મળ્યા હતા. 'ભોપાલ'માં હતા ને મૌન હતા. પછી એણે કાઢ્યું છે ને ક્યાંક? 'સુરત'ની પાસે. 'દેવલાલી' નહિ, 'હંપી'. હંપી. હંપી. એક હંપીમાં છે. ત્યાં ઈ કહે છે કે, 'શ્રીમદ્' તો મહાવિદેહમાં ગયા છે. મહાવિદેહમાં ત્યાં કેવળીપણે વિચરે છે. લોકો ભક્તો જાણે કે આહા..! ભારે વાત કરી આણે! પણ આખુ સિદ્ધાંત વિરૂદ્ધ થઈ જાય છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિને મનુષ્યમાં આયુષ્યનો બંધ પડે છે પણ

વૈમાનિકનો બંધ પડે છે. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષમાં ન જાય, નરકમાં ન જાય, તિર્યંચમાં ન જાય, મનુષ્ય મરીને મનુષ્ય ન થાય. આહાહા..! પણ અહીંયાં એ બંધ અને બંધનો ભાવ જ્ઞાનમાં જ્ઞેય તરીકે ગણવામાં આવ્યા છે. અને અજ્ઞાનીને મારા છે એમ માને છે. આહાહા..! અને રાગ ને દ્વેષ કરે છે અને એને એ ભોગવે છે. આહાહા..!

**'આવું પરિણમન હોતું નથી. આવા અશુદ્ધ જ્ઞાનચેતનારૂપ પરિણામ મિથ્યાદૃષ્ટિને હોય છે.'** જુઓ! આહાહા..! એ શુભ-અશુભભાવ મારા છે અને મારું કર્તવ્ય છે અને મારે કરવાલાયક છે અને ભોગવવા લાયક છે, એવો ભાવ મિથ્યાદૃષ્ટિને હોય છે. આહાહા..! શરીર, વાણી, મન, ધંધાનો કર્તા તો અજ્ઞાનભાવે પણ આત્મા નથી. આહાહા..! અજ્ઞાનભાવે શુભ-અશુભ રાગનો કર્તા અને રાગનો ભોક્તા અજ્ઞાનભાવે થાય છે. આવી વાતું (છે), ભાઈ! અરે..! રખડતો રઝળતો માંડ મનુષ્યપણું મળ્યું, એમાં જિનવરનો સંપ્રદાય મળ્યો પણ જિનવરે કહ્યો એ ધર્મ ન સમજે.. આહાહા..! તો એની એ દશા છે અનંત કાળ. આહાહા..!

**'વળી કેવો હોતો થકો નિરાસ્રવ હોય છે?'** ધર્મી. 'ज्ञानस्य पूर्णः भवन्' **'પૂર્ણ જ્ઞાનરૂપ હોતો થકો.'** જુઓ! એ જ્ઞાનસ્વરૂપમાં જ્ઞાતા-દૃષ્ટા થઈને, જ્ઞાતા-દૃષ્ટા, જ્ઞાતા-દૃષ્ટાનો અનુભવ પરિણમન કરતો કરતો કરતો પૂર્ણ જ્ઞાન થઈ જશે. સમજાય છે કાંઈ? આહાહા..! **'ભાવાર્થ આમ છે-જ્ઞાનનું ખંડિતપણું એ કે તે રાગ-દ્વેષ સાથે મળેલું છે.'** જ્ઞાનમાં ખંડ ખંડ થાય છે એ તો રાગ-દ્વેષને કારણે. **'રાગ-દ્વેષ સાથે મળેલું છે.'** છે ને? **'રાગ-દ્વેષ ગયા હોવાથી જ્ઞાનનું પૂર્ણપણું કહેવાય છે.'** પછી તો એ જ્ઞાન અહીંયાં પૂર્ણ પ્રગટ થયું પણ રાગ-દ્વેષનો નાશ થયા પછી પૂર્ણ જ્ઞાન જ પ્રગટ થઈ જશે. આહાહા..! પૂર્ણ જ્ઞાન છે તો એ રાગને કારણે ખંડ ખંડ છે. પણ છતાં જ્ઞાનીને રાગનું જ્ઞાન છે તો ખંડ નથી, એમ કહે છે. જ્ઞાનમાં ખંડ ન પડ્યા. અને એ જ્ઞાનના અખંડપણાનો અનુભવ કરતા કરતા કરતા પૂર્ણ જ્ઞાન થઈ જશે. આહાહા..! કેવળજ્ઞાન થઈ જશે. **'જ્ઞાનનું પૂર્ણપણું કહેવાય છે. આવો હોતો થકો સમ્યગ્દૃષ્ટિ જીવ નિરાસ્રવ હોય છે.'** આ કારણે ત્યાં પૂર્ણ નિરાસ્રવ થઈ જશે. સમજાય છે કાંઈ? 'આસ્રવ અધિકાર' છે ને. તો બિલકુલ આસ્રવ રહિત તો જ્યાં પૂર્ણ જ્ઞાનદશા પૂર્ણ થશે ત્યારે નિરાસ્રવ થઈ જશે. ત્યાં સુધી આસ્રવ છે તો આસ્રવનો જ્ઞાતા છે, જાણનાર છે, કરનાર ને ભોગવનાર નથી. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)